ॐ

મહર્ષિ શ્રી હરિભદ્રાચાર્યજી પ્રણીત

શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

સવિવેચન

योगः कल्पतरुः श्रेष्ठः, योगश्चिंतामणिः परः ।

શ્રી હરિભદ્રસૂરિ

卐

ભાગ - ૨

: વિવેચન કર્તા :

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા

: પ્રકાશક :

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી વાસુપૂજ્યસ્વામી મંદિર માર્ગ, સી.ડી. બરફીવાલા માર્ગ,

જુહૂ લેન, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮.

મૂલ્ય : રૂપિયા ૨૫૦

પ્રકાશક :
હિતેશ ચીમનલાલ દોશી
મુકેશ ભાયચંદ મહેતા
હસમુખ ઉગરચંદ ગઢેચા
માનદ્ મંત્રીશ્રીઓ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
શ્રી વાસુપૂજ્યસ્વામી મંદિર માર્ગ, સી.ડી. બરફીવાલા માર્ગ,
જુહૂ લેન, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮. Email: **headoffice@smjv.org**

પ્રાપ્તિ સ્થાનો :

(૧) **શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
શ્રી વાસુપૂજ્યસ્વામી મંદિર માર્ગ, સી.ડી. બરફીવાલા માર્ગ,
જુહૂ લેન, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮.
ફોન નં. ૦૨૨-૨૬૭૧૮૬૪૧ Email: **headoffice@smjv.org**

(૨) **શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
હીલ ડ્રાઈવ, તળાજા રોડ,
ભાવનગર-૩૬૪ ૦૦૨.
ફોન નં. ૦૨૭૮-૨૫૬૩૯૬૯, Email: **bhavnagar@smjv.org**

પહેલી આવૃત્તિ :
ઈ.સં. ૧૯૫૦ – વિ.સં. ૨૦૦૬
વીર નિર્વાણ સંવત : ૨૪૭૫

દ્વિતીય આવૃત્તિ :
ઈ.સં. ૧૯૭૮ – વિ.સં. ૨૦૩૪
વીર નિર્વાણ સંવત : ૨૫૦૩

તૃતીય આવૃત્તિ : ભાગ - ૨
ઈ.સં. ૨૦૧૮ – વિ.સં. ૨૦૭૪
વીર નિર્વાણ સંવત : ૨૫૪૩

કિંમત : ૨૫૦/-

નકલ : ૫૦૦

મુદ્રક : વિનાયક પ્રિન્ટર્સ
વિજ્ઞાપન ભવન, તાર ઑફિસ સામે,
ભદ્ર, અમદાવાદ-૩૮૦ ૦૦૧. (મો.) ૯૯૭૯૨૦૬૦૬૦

વિદ્યાતીર્થ વિદ્યાલય – શ્રી મહાવીર જૈન વિદ્યાલય

પંજાબ કેસરી આચાર્યશ્રી પ.પૂ. વિજય વલ્લભસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને આશિષ સહ આજથી ૧૦૨ વર્ષ પૂર્વે વિ.સ. ૧૯૭૦, ફાગણ સુદી પાંચમને સોમવાર, તા. ૦૨/૦૩/૧૯૧૪ના શુભ દિવસે ''**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**''ની મંગલ સ્થાપના કરવામાં આવી. પૂ. ગુરુદેવે જોયું કે ગુજરાતના નાના ગામો અને શહેરોમાં યોગ્ય શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ત ન હતી. ઉચ્ચ અભ્યાસની તીવ્ર ધગશવાળા ઉચ્ચ ગુણાંક સાથે પાસ થનારા વિદ્યાર્થીઓ મુંબઈ ઉચ્ચ અભ્યાસ માટે આવતા. એ લક્ષમાં લઈને આપણા સમાજના યુવાધનના ઉચ્ચ અભ્યાસની સગવડતા ઉભી કરવાના ધ્યેય સાથે પૂ. ગુરુદેવે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનાની પ્રેરણા આપી.

પૂ. ગુરુદેવના મનમાં ઉચ્ચ અભ્યાસ માત્ર બૌધિક વિકાસ માટે જ નહી પરંતુ વિદ્યાપિપાસુના સર્વગ્રાહી વિકાસનું કારણ બને તેજ વિચારોથી પૂ. ગુરુદેવે ઉચ્ચ વ્યવાહરિક અભ્યાસ સાથે ધાર્મિક સંસ્કારના સિંચનના અભ્યાસને સંલગ્ન કર્યા.

સંસ્થાની સ્થાપના સમયે ત્રણ મૂળભૂત મુદ્દાઓ વિચારવામાં આવ્યા હતા. રાત્રિભોજન નિષેધ, અભક્ષ્યનો ત્યાગ અને જિનપૂજા સાથે ધાર્મિક અભ્યાસ વિગેરે ધ્યાનમાં રાખીને પંદર વિદ્યાર્થીઓ સાથે "શ્રી મહાવીર જૈન વિદ્યાલય" ૧૯૧૫માં ભાડાના મકાનમાં શરૂ કરવામાં આવ્યું. જે આજે વટવૃક્ષરૂપી ગુજરાત-મહારાષ્ટ્ર તેમજ રાજસ્થાનનાં મુખ્ય શહેરોમાં ૧૨ શાખાઓ, ૧૬૦૦ વિદ્યાર્થીઓ / વિદ્યાર્થિનીઓથી અધિક અભ્યાસ કરી શકે તેવી અદ્યત્તન સુવિધાઓ સાથેના વિદ્યાર્થીગૃહો / કન્યા છાત્રાલયો કાર્યરત છે.

શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા વિદ્યાલયે શ્રી મહાવીર જૈન વિદ્યાલય એજ્યુકેશન ફાઉન્ડેશન નામનું નવું ટ્રસ્ટ રચી વડોદરા મુકામે એમ.બી.એ. કોલેજ શરૂ કરેલ છે.

આપણા સમાજના યુવાધન ઉચ્ચ પ્રોફેશનલ શિક્ષણથી આર્થિક કારણોસર વંચિત ન રહે તે માટે વગર વ્યાજની લોન સહાય યોજના ચાલુ છે. આ યોજના હેઠળ વિદ્યાલય દ્વારા ભારત અને પરદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજની લોન આપવામાં આવે છે.

જૈન સાહિત્ય અને પ્રકાશનને ઉત્તેજન :-

(૧) સંસ્થા દ્વારા જૈન ધર્મના પુસ્તકોના પ્રકાશનને ઉત્તેજન મળે તે માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય જિનાગમ ટ્રસ્ટની રચના કરવામાં આવી છે અને આ ટ્રસ્ટ દ્વારા આગમના ગ્રંથો તૈયાર કરવામાં આવે છે. તેમજ અન્ય પુસ્તકોનું પ્રકાશન પણ સંસ્થા દ્વારા પ્રગટ કરવામાં આવે છે.

સાદી અને સરળ ભાષામાં વિવેચનાત્મક અને સંશોધનાત્મક સાહિત્યની વિપુલ સામગ્રી પ્રકટ કરવાની સમયદર્શી આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ અને સંસ્થાના અનેકમુખ ઉત્કર્ષના પૂરસ્કર્તા સ્વ. શેઠશ્રી મોતીચંદભાઈ કાપડિયાની ભાવના હતી અને આ માટે સ્વ. શેઠશ્રી મોતીચંદભાઈ કાપડિયાએ ગ્રંથમાળાના સંપાદન કાર્યની શરૂઆત કરી અને આજદિન સુધીમાં ૯ પુસ્તકો તથા શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ (સંગ્રાહક અને સંપાદક) ગ્રંથમાળાના જૈન ગુજ્જર કવિઓ ભાગ ૧ થી ૧૦ અને અન્ય સાત પુસ્તકો તથા મુનિશ્રી નંદિઘોષ વિજયજી પ્રકાશિત બે પુસ્તકો પ્રકાશિત થયેલ છે.

(૨) જૈન સાહિત્યનો પ્રસાર, પ્રચાર અને ઉત્તેજન મળે તે માટે આજ દિન સુધીમાં ૨૩ જૈન સાહિત્ય સમારોહનું જુદા જુદા સ્થળે આયોજન કરવામાં આવેલ છે.

વિદ્યાલયની શાખાઓ :

ક્રમ	સ્થાપના વર્ષ	વિદ્યાલય શાખા અને ફોન નં.	ઈ-મેઈલ આઈ.ડી
૧	૧૯૨૫	૧૫ વિદ્યાર્થીઓ સાથે સને ૧૯૧૫માં શરૂ થયેલા શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલિયા ટેન્ક પર સંસ્થાના મકાનમાં ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટનીના શુભ હસ્તે તા. ૩૧/૧૦/૧૯૨૫ "શ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ"	At present under redevelopment
૨	૧૯૪૬	**શ્રી ભોળાભાઈ જેસીંગભાઈ વિદ્યાર્થીગૃહ,** પાલડી બસ સ્ટેન્ડ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. ટેલિફોનઃ (૦૭૯) ૨૬૫૭૯૯૫૩, ૨૬૫૮૪૩૫૨.	ahmedabad@smjv.org
૩	૧૯૪૭	**શ્રી મહાવીર જૈન વિદ્યાલય / શ્રી ભારત જૈન વિદ્યાલય** આગરકર રોડ, બી.એમ.સી. કોલેજની બાજુમાં, પૂના-૪૧૧૦૦૪. ટેલિફોનઃ (૦૨૦) ૨૫૬૫૧૨૨૬.	pune@smjv.org
૪	૧૯૫૪	**શ્રી લહેરચંદ ઉત્તમચંદ વિદ્યાર્થીગૃહ,** આર.વી. દેસાઈ રોડ, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪. ટેલિફોનઃ (૦૨૬૫) ૨૪૩૨૪૬૮.	vadodara@smjv.org
૫	૧૯૬૪	**શ્રી લહેરચંદ ઉત્તમચંદ વિદ્યાર્થીગૃહ,** પંચાયત કાર્યાલય નજીક, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. ટેલિફોનઃ (૦૨૬૯૨) ૨૩૦૨૧૧.	vidyanagar@smjv.org
૬	૧૯૭૦	**શ્રી મણીલાલ દુર્લભજી વિદ્યાર્થીગૃહ,** હીલ ડ્રાઈવ, તળાજા રોડ, ભાવનગર-૩૬૪૦૦૨. ટેલિફોનઃ (૦૨૭૮) ૨૫૬૩૯૬૯.	bhavnagar@smjv.org
૭	૧૯૭૨	**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી વિદ્યાર્થીગૃહ** જુહુ લેન, વાસુપૂજ્યસ્વામી મંદિર માર્ગ, અંધેરી(વે.), મુંબઈ-૪૦૦૦૫૮. ટેલિફોનઃ (૦૨૨) ૨૬૭૧૮૬૪૧, ૨૬૨૪૧૪૫૭.	andheri@smjv.org

ક્રમ	સ્થાપના વર્ષ	વિદ્યાલય શાખા અને ફોન નં.	ઈ-મેઈલ આઈ.ડી
૮	૧૯૯૪	**શ્રીમતી શારદાબેન ઉત્તમલાલ મહેતા કન્યા છાત્રાલય** શ્રી નિકેતન, દશા પોરવાડ સોસાયટી, આયંબિલ ભવન પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ટેલિફોનઃ (૦૭૯) ૨૬૬૫૧૬૨૭.	ahmedabad@smjv.org
૯	૨૦૦૧	**ડો. ચાવન્તરાજ પુનમચંદજી અને શ્રીમતી સંપૂર્ણા જૈન વિદ્યાર્થીગૃહ** ચિત્રકૂટ નગર, ભુવાણા, પ્રતાપનગર બાયપાસ, ઉદયપુર-૩૧૩૦૦૧, (રાજસ્થાન). ટેલિફોનઃ (૦૨૯૪) ૨૪૪૦૩૭૭.	udaipur@smjv.org
૧૦	૨૦૦૪	**શ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ –** સેન્ડહર્સ્ટ રોડ શાખા C/o. શ્રી કચ્છી વિશા ઓશવાલ જૈન મહાજન વાડી, ૪થા માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચ બંદર, મુંબઈ-૪૦૦૦૦૯. ટેલિફોનઃ (૦૨૨) ૨૩૭૭૮૧૨૪	sandhurst@smjv.org
૧૧	૨૦૦૫	**શ્રીમતી નલિનીબેન પ્રવીણચંદ્ર જમનાદાસ ચાંગાણી કન્યા છાત્રાલય** પો.બો. નં. ૨૫, પંચાયત કાર્યાલય નજીક, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. ટેલિફોનઃ (૦૨૬૯૨) ૨૩૨૪૫૫	vidyanagarkc@smjv.org
૧૨	૨૦૦૬	**સૌ. શોભાબેન રસિકલાલ ધારીવાલ કન્યા છાત્રાલય** આગરકર રોડ, બી.એમ.સી. કોલેજની બાજુમાં, પૂના-૪૧૧૦૦૪. ટેલિફોનઃ (૦૨૦) ૨૫૬૬૧૮૯૫.	punekc@smjv.org
૧૩	૨૦૦૯	**શ્રી મહાવીર જૈન વિદ્યાલય એજ્યુકેશન ફાઉન્ડેશન શ્રી સી. કે. શાહ વિજાપુરવાળા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ,** આર.વી. દેસાઈ રોડ, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪. ટેલિફોનઃ (૦૨૬૫) ૨૪૧૮૩૨૮/૨૯, ૦૮૦૦૦૬૩૧૫૧૭/૧૮/૧૯	cksvim@gmail.com Website : www.cksvim.edu.in
૧૪	૨૦૧૭	**શ્રીમતી ચન્દ્રાબેન પ્રવિણભાઈ મહેતા, હીરાબા કન્યા છાત્રાલય** આર.વી. દેસાઈ રોડ, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪. ટેલિફોનઃ (૦૨૬૫) ૨૪૧૪૨૯૯	vadodara@smjv.org

ઉદ્દેશો અને અમલીકરણ તેમજ એકવીસમી સદી તરફ પ્રયાણ :–

શરૂઆતમાં જે મૂળભૂત નિયમો ઘડવામાં આવ્યા હતા તે અનુસાર આજ રીતે આજે દશ દાયકાથી સંસ્થા મક્કમપણે એકવીસમી સદી તરફ આગળ વધી રહી છે. જેમાં નીચેના મૂળભૂત નિયમો અમલમાં છે.

(૧) દરેક શાખામાં વિદ્યાર્થીઓ નિયમિત જિનપૂજા કરી શકે તે માટે મુંબઈ, અંધેરી, વડોદરા, વલ્લભ વિદ્યાનગર, ઉદેપુર, ભાવનગર તેમજ પૂના મુકામે શિખરબંધી દેરાસરજી બનાવેલ છે. જ્યારે સેન્ડહર્સ્ટ રોડ શાખામાં ઘર દેરાસર છે. અમદાવાદ તથા વડોદરા મુકામે વિદ્યાર્થીગૃહનું નવનિર્માણની શરૂઆત થયેલ છે. આ બંને જગ્યાએ નૂતન જિનાલય નિર્માણાધીન છે.

(૨) ધાર્મિક અભ્યાસક્રમ માટે દરેક શાખામાં ધાર્મિક શિક્ષકો દ્વારા ધાર્મિક અભ્યાસના વર્ગો ચલાવવામાં આવે છે. નિયમિત ધાર્મિક પરિક્ષાઓ લેવામાં આવે છે અને પ્રોત્સાહનરૂપે વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવે છે.

(૩) વિદ્યાર્થીઓને ધાર્મિક પ્રવાસ, ડેવલપમેન્ટ શિબીરો, ઉગ્ર તપશ્ચર્યાઓને પ્રોત્સાહન માટે સુવિધાઓ આપવામાં આવે છે.

(૪) વિદ્યાર્થીઓના વ્યકિતગત અને વ્યકિતત્વના વિકાસ માટે સ્પર્ધાઓ, રમત–ગમત તેમજ વ્યાયામના સાધનો ઉપલબ્ધ હોય છે અને સેમીનારો ગોઠવવવામાં આવે છે.

(૫) શાખાના વિદ્યાર્થીઓ દ્વારા ''આંતર શાખા હરિફાઈ યોજવામાં આવે છે. અને પ્રોત્સાહન રૂપે ઈનામો આપવામાં આવે છે.

(૬) વિદ્યાર્થીઓને ''જનરલ નોલેજ માટે શાખાઓમાં ન્યુઝ પેપર્સ, મેગેઝીન–રેફરન્સ બુકસ સારા પુસ્તકો તેમજ લાઈબ્રેરીઓ સ્થાપવામાં આવી છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ૧૦૨ વર્ષ દરમ્યાન, સમાજના અંદાજે ૨૦૦૦૦ વિદ્યાર્થીઓને વિદ્યાના અમૃતનું પાન કરાવી કાર્યદક્ષ અને સ્વાશ્રયી બનાવ્યા અને તેમના જીવનને સેવાભાવના, ધાર્મિકતા તેમજ સંસ્કારિતાથી સુવાસિત બનાવ્યા.

ઉછરતી પેઢીને વિદ્યાનું અને પ્રેરણાનું પાન કરાવીને સમાજને સમૃદ્ધ, શકિતશાળી અને સંસ્કારી બનાવનારી વિદ્યાલયની આ મહાપરબ અત્યારે પણ અવિરતપણે ચાલી રહી છે.

સમાજના કલ્યાણબંધુ મહાનુભાવો અને પૂણ્યમાર્ગના પ્રવાસીઓ ! ઉદાર આર્થિક સહકારરૂપી આપની ભાવનાનાં નીર આ મહાપરબમાં નિરંતર ઉમેરતા રહેશો ! આપની ઉદારતા આપને ધન્ય બનાવશે અને સમાજને સમૃદ્ધ બનાવશે. આવો બેવડો લાભ લેવાનું રખે કોઈ ચુકતા !

જ્ઞાન પ્રસાર દ્વારા સમજણને વિસ્તારવાનો જે પુરૂષાર્થ કરે તે જગતનો મોટો ઉપકારી. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આવા પુરૂષાર્થ દ્વારા સમાજને સમૃદ્ધ, શકિતશાળી અને સુખી બનાવવાનું વિનમ્ર જીવન વ્રત સ્વીકાર્યુ છે એ વ્રત પાલનમાં સહાયક થશે તે કૃતકૃત્ય થવાની સાથે સમાજ કલ્યાણના સહભાગી બનશે.

સૌને સથવારે આપણે તન, મન અને ધનથી વિદ્યાલયની સેવામાં અહર્નિશ ઉભા રહીએ અને યુગપુરૂષના આશિષસહ, ભવ્ય ભૂતકાળના સહારે સુંદર વર્તમાનની કેડી પર કદમ મિલાવી ઉત્કૃષ્ટ ભવિષ્યનું સ્વપ્ન સિધ્ધ કરીએ એજ અભ્યર્થના...

પ્રકાશકીય નિવેદન

જિન શાસન અનુસાર જીવનું મુખ્ય લક્ષ્ય પરમાનંદસ્વરૂપ મોક્ષ પામવાનું છે. આ પદ પામવા મુમુક્ષુઓએ યોગ અને અધ્યાત્મની સાધનાના માર્ગે વિકાસ સાધવાનો છે.

જ્ઞાન સંપાદનની સાધના વિરલ ગ્રંથોના અધ્યયન અને યોગથી જ થાય છે. આ માટે આચાર્ય પ્રવરોએ અનુગ્રહ કરી સ્વાધ્યાય માટે અનેક ગ્રંથો આપ્યા છે. પૂ. આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી રચિત યોગદષ્ટિસમુચ્ચય એ સૌમાં શિરમોર સમાન છે.

આત્માના ક્રમિક વિકાસની કેડી આ ગ્રંથ દ્વારા મુમુક્ષુઓના લાભાર્થે ચીંધવામાં આવી છે.

સાધકવર્ગ આ ગ્રંથના મર્મને પામે એ માટે વર્ષો અગાઉ માનનીય સ્વ. ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતાએ સુંદર વિવેચન કર્યું હતું. આને શેઠશ્રી મનઃસુખભાઈ તારાચંદ મહેતાએ સ્વ. શ્રીમતી લીલાવતીબહેનના સ્મરણાર્થે ગ્રંથ સ્વરૂપે વર્ષ ૧૯૫૦માં (પ્રથમ આવૃત્તિ) પ્રકાશિત કર્યું.

વિવેચક સ્વ. ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતાના પરિવારમાં હાલ કોઈ નથી. પ્રકાશક સ્વ. શેઠશ્રી મનઃસુખભાઈ તારાચંદ મહેતાના પરિવારમાં તેમના સુપુત્રી કોકિલાબહેન વિ. પારેખ તથા શ્રીમતી અરૂણાબહેને શ્રી યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથની ધાર્મિક દષ્ટિએ મહત્તા જાણી, શ્રી મહાવીર જૈન વિદ્યાલયને એને ફરીથી પ્રકાશિત કરવાની ઉદાર ભાવના સાથે સંમતિ આપેલ છે. જેની અમો ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

આ નવસંપાદન પૂ. કનકચંદ્ર શાહની પ્રેરણાથી શ્રી જૈન ધર્મ પેઢી, શ્રી શ્રીમાળી પોળ જૈન સંઘ, ભરૂચની ઉદાર સહાયનું શુભ પરિણામ છે. આ ઉમદા કાર્ય માટે શ્રી સંઘના અમે અત્યંત આભારી છીએ.

શ્રી ગીતાર્થ ગંગાના અનેક ગ્રંથોના વિવેચનકર્તા પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર મોતાજીનો આભાર માનીએ છીએ કે એમણે એમના પ્રકાશિત ગ્રંથમાંથી ''ભેદ પ્રભેદ વૃક્ષ'' કોષ્ટક આ પ્રકાશનમાં છાપવાની અનુમતિ આપી છે.

પુનઃમુદ્રણ કાર્ય અતિ સુંદર રીતે કરનાર શ્રી નૌતમભાઈ રતિલાલ શાહના અને પ્રુફ રીડીંગનું વિકટ કાર્ય પણ એટલી જ સુંદર રીતે કરવા માટે શ્રી શ્રેણીકભાઈ કીર્તિભાઈ શાહના ઋણિ છીએ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ જૈન સમાજ અને શૈક્ષણિક સંસ્થાઓમાં આગવું સ્થાન ધરાવે છે. જિનશાસનની પ્રભાવનાના કાર્ય રૂપે જિનાગમો તેમજ જૈન તત્ત્વજ્ઞાનને લગતાં અનેક પુસ્તકોનું પ્રકાશન દ્વારા શ્રી મહાવીર જૈન વિદ્યાલય જ્ઞાન પ્રસારનું કાર્ય કરે છે.

શ્રી યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રકાશન કરતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. ધર્માનુરાગી અભ્યાસુ ભાઈ-બહેનોના જીવનમાં આ ગ્રંથ કલ્યાણનું કારણ બને, આધ્યાત્મિક મુમુક્ષુઓનો વિકાસ થાય અને આંતરપ્રકૃત્તિ વિકસાવી સૌ સમતા પ્રાપ્ત કરે એવી શ્રધ્ધા સહ...

લિ. ભવદીય

હિતેશ ચીમનલાલ દોશી

મુકેશ ભાયચંદ મહેતા

હસમુખ ઉગરચંદ ગઢેચા

માનદ્ મંત્રીશ્રીઓ

સ્થળ : મુંબઈ.
તા. ૨૯/૦૩/૨૦૧૮
શ્રી મહાવીરસ્વામી જન્મકલ્યાણક દિન

વિવેચનકારનું મંગલાચરણ

યોગદૃષ્ટિ કળશકાવ્ય

માલિની

જિનવદન હિમાદ્રિ ઉદ્‌ભવ સ્થાન જેનું,
ગણધર-હર શીર્ષે ઊર્ધ્વ ઉત્થાન જેનું;
સુરસ સલિલ પૂર્ણા સેવ્ય સુરો નરોને,
ભગવતા શ્રુતગંગા રક્ષજો તે અમોને ! ૧
પ્રશમરસ ઝરંતી આત્મભ્રાંતિ હરંતી,
જગત હિત કરંતી પથ્ય સૌને ઠરંતી;
ભવજલતરણી જે શ્રેષ્ઠ નૌકા સમાણી,
શિવસુખ જનની તે વંદું જૈનેન્દ્ર વાણી ૨

અનુષ્ટુપ્

અનંતા સંતમાં એક, વિલસંતતી સંતતા;
સુધાસિંધુ સમી તેને, **મનોનંદન** વંદના. ૩

ઉપજાતિ

ઊંચા ચિદાકાશ વિષે ઉડંતા,
હે હંસ ! સ્હેજાત્મ સ્વરૂપવંતા;
આત્મા વિવેચી પરને વમો છો,
મુમુક્ષુના માનસમાં રમો છો. ૪
સ્વામી તમે શુદ્ધ સ્વચેતનાના,
રામી તમે આતમ ભાવનાના;
ભોગી તમે આત્મતણા ગુણોના,
યોગી તમે આત્મ અનુભવોના. ૫
હૃદે સ્મરી સદ્‌ગુરુરાજ એવા,
શ્રીમદ્‌ હરિભદ્રસૂરીંદ્ર દેવા;
સદ્‌વૃત્તિ તેની અનુવર્તવાને,
ઈચ્છી વિવેચું કંઈ એહ સ્થાને. ૬
સત્શાસ્ત્ર વિવેચનકારિણી આ,
ટીકા કરું **સુમનનંદની** આ,
ને યોગદૃષ્ટિ કળશો કરૂં છું,
યોગામૃતે સંભૃત તે ધરું છું. ૬અ

અનુક્રમણિકા

શ્લોક નં.	વિષય	પાના નં.
૮૬	અવેદ્યસંવેદ્યપદ જિતાયું છે તેના લિંગો	૩૨૩
૮૭	કુતર્કનું સ્વરૂપ	૩૨૫
૮૮-૮૯	અવેદ્યસંવેદ્યપદને જીતવાનો ઉપાય	૩૨૯
૯૦	કુતર્કની અસારતા	૩૩૩
૯૧-૯૨	કુતર્કનું સ્વરૂપ	૩૩૪
૯૩-૯૪	કુતર્કમાં પ્રવર્તતા અનુચિત વિકલ્પો	૩૩૯
૯૫-૯૭	દૃષ્ટાન્તમાત્રના આલંબનથી કુતર્કની પ્રવૃત્તિ	૩૪૧
૯૮	શુષ્ક તર્કથી અતીન્દ્રિય અર્થની અપ્રાપ્તિ	૩૪૫
૯૯	આગમથી અતીન્દ્રિય અર્થની પ્રાપ્તિ	૩૪૮
૧૦૦-૧૦૧	અતીન્દ્રિય અર્થની પ્રાપ્તિનો ઉપાય : આગમ, અનુમાન અને યોગનો અભ્યાસ	૩૪૯
૧૦૨-૧૦૩	સર્વજ્ઞના વિષયમાં પરમાર્થથી સર્વજ્ઞના ભિન્ન અભિપ્રાયનો અભાવ અને મોહથી સર્વજ્ઞના ભેદનું આશ્રયણ	૩૫૩
૧૦૪	સામાન્યથી સર્વ દર્શનકારો એક સર્વજ્ઞના ઉપાસક	૩૫૬
૧૦૫	વિશેષથી છદ્મસ્થને સર્વજ્ઞનો અનિર્ણય	૩૫૭
૧૦૬	સામાન્યથી સર્વજ્ઞના ઉપાસકનું સ્વરૂપ	૩૫૮
૧૦૭-૧૦૮	સર્વ દર્શનકારો દુરાસન્ન ભેદથી એક સર્વજ્ઞના ઉપાસક	૩૬૦
૧૦૯	બુદ્ધ-કપિલાદિ નામભેદ હોવા છતાં સર્વજ્ઞમાં ભેદનો અભાવ	૩૬૨
૧૧૦	દેવવિષયક ચિત્રભક્તિ અને અચિત્રભક્તિનું સ્વરૂપ	૩૬૫
૧૧૧-૧૧૨	ચિત્રભક્તિ અને અચિત્રભક્તિ કરનારા જીવોના ભેદ અને સ્વરૂપ	૩૬૬
૧૧૩-૧૧૪	સંસારી દેવોમાં ચિત્રભક્તિ થવાનું કારણ	૩૬૮
૧૧૫	ઈષ્ટાપૂર્ત કર્મોમાં લોકોના જુદા-જુદા પ્રકારના અધ્યવસાય	૩૭૧
૧૧૬-૧૧૭	ઈષ્ટકર્મ અને પૂર્તકર્મનું સ્વરૂપ	૩૭૨
૧૧૮	સમાન પણ અનુષ્ઠાનમાં અધ્યવસાયના ભેદથી ફળભેદ અને ફળપ્રાપ્તિ પ્રત્યે અધ્યવસાયની પ્રધાનતા	૩૭૫
૧૧૯	અનુષ્ઠાનમાં અધ્યવસાયનો ભેદ થવાનુ કારણ	૩૭૬
૧૨૦	સમાન પણ અનુષ્ઠાનમાં બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહથી ફળભેદ	૩૭૮
૧૨૧-૧૨૨	બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહનું સ્વરૂપ અને ભેદમાં દૃષ્ટાંત	૩૭૮
૧૨૩	સદનુષ્ઠાનનું લક્ષણ	૩૮૧
૧૨૪	બુદ્ધિપૂર્વકના કરાયેલા ધર્માનુષ્ઠાનથી સંસારફળની પ્રાપ્તિ	૩૮૫
૧૨૫	જ્ઞાનપૂર્વકના કરાયેલા ધર્માનુષ્ઠાનથી મોક્ષફળની પ્રાપ્તિ	૩૮૬
૧૨૬	અસંમોહપૂર્વક કરાયેલા ધર્માનુષ્ઠાનથી શીઘ્ર મોક્ષફળની પ્રાપ્તિ	૩૮૯
૧૨૭	અસંમોહપૂર્વક ધર્માનુષ્ઠાન કરનારા જીવોનું સ્વરૂપ	૩૯૨
૧૨૮	ભવથી અતીત માર્ગમાં જનારા સર્વ દર્શનકારોનો એક શમપરાયણ માર્ગ	૩૯૪

શ્લોક નં.	વિષય	પાના નં.
૧૨૯ થી ૧૩૧	પરતત્ત્વનું સ્વરૂપ, એને કહેનારા ભિન્ન-ભિન્ન દર્શનોનાં નામો અને એના લક્ષણ	૩૯૮
૧૩૨-૧૩૩	સર્વ દર્શનકારોના ઉપાસ્ય એક સર્વજ્ઞ - તેના સ્વીકારના કારણો	૪૦૫
૧૩૪-૧૩૫	કપિલ અને સુગત સર્વજ્ઞ હોવા છતાં દેશનાભેદનું કારણ	૪૦૮
૧૩૬-૧૩૭	તીર્થંકરની એક દેશનાથી શ્રોતાના ભેદથી બોધનો ભેદ	૪૧૪
૧૩૮	નયભેદથી કપિલ-સુગત આદિ ઋષિઓની દેશનાનો ભેદ	૪૧૮
૧૩૯	અન્ય દર્શનકારોના દેશનાભેદના પરમાર્થને જાણ્યા વગર તેના નિરાકરણમાં દોષપ્રાપ્તિની યુક્તિ	૪૨૧
૧૪૦-૧૪૨	કોઈપણ દર્શનકારના કથનના અભિપ્રાયને જાણ્ય વગર તેના નિરાકરણમાં દોષપ્રાપ્તિના કારણો	૪૨૪
૧૪૩	અતીન્દ્રિય પદાર્થ વિષયમાં છદ્મસ્થના વિવાદમાં અનર્થકારિતા	૪૨૯
૧૪૪	અનુમાનથી અતીન્દ્રિય અર્થની અપ્રાપ્તિ	૪૩૦
૧૪૫	અનુમાનથી અતીન્દ્રિય અર્થની અપ્રાપ્તિમાં ભર્તુહરીની દલીલ	૪૩૧
૧૪૬	હેતુવાદથી અતીન્દ્રિય અર્થની અપ્રાપ્તિના કારણો	૪૩૨
૧૪૭-૧૪૮	મુમુક્ષુ માટે શુષ્ક તર્ક ત્યાજ્ય અને એના સ્વીકારના કારણો	૪૩૩
૧૪૯-૧૫૨	ધર્મના વિષયમાં શુષ્ક તર્કને છોડીને બુદ્ધિમાનોએ કરવા યોગ્ય ઉચિત પ્રવૃત્તિઓ	૪૩૭
૧૫૩	દીપ્રા દૃષ્ટિનો ઉપસંહાર	૪૪૨
શ્લોક ૧૫૪ થી ૧૬૧ સુધી સ્થિરા દૃષ્ટિનું નિરૂપણ		
૧૫૪	સ્થિરા દૃષ્ટિનું સ્વરૂપ	૪૫૩
૧૫૫-૧૫૭	ગ્રન્થિભેદથી દેખાતું ભવનું અને મોક્ષનું સ્વરૂપ	૪૬૧
૧૫૮	સમ્યગ્દૃષ્ટિ જીવનો વિવેકપૂર્વકનો પ્રત્યાહાર	૪૮૭
૧૫૯-૧૬૧	સમ્યગ્દૃષ્ટિ જીવોનું ઉત્તમ શ્રુતપ્રધાન આલોચનનું સ્વરૂપ	૪૯૫
શ્લોક ૧૬૨ થી ૧૬૯ સુધી કાન્તાદૃષ્ટિનું નિરૂપણ		
૧૬૨-૧૬૩	કાન્તાદૃષ્ટિનું સ્વરૂપ	૫૧૩
૧૬૪	આક્ષેપક જ્ઞાનના કારણે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓને ભોગો પણ ભવના અહેતુ	૫૨૬
૧૬૫-૧૬૬	ભોગકાળમાં પણ કાન્તાદૃષ્ટિવાળા યોગીઓની અસંગ પ્રવૃત્તિનું સ્વરૂપ	૫૩૧
૧૬૭-૧૬૮	ભોગમાં પરમાર્થ બુદ્ધિવાળા જીવોને ધર્મની પ્રવૃત્તિથી પણ મોક્ષમાર્ગની અપ્રાપ્તિ	૫૩૮
૧૬૯	કાન્તાદૃષ્ટિવાળા યોગીઓની મીમાંસાથી સદા હિતની પ્રાપ્તિ	૫૪૬
શ્લોક ૧૭૦ થી ૧૭૭ સુધી પ્રભાદૃષ્ટિનું સ્વરૂપ		
૧૭૦	પ્રભાદૃષ્ટિનું સ્વરૂપ	૫૫૫
૧૭૧	તત્ત્વપ્રતિપત્તિ	૫૬૮

શ્લોક નં.	વિષય	પાના નં.
૧૭૨	સુખ-દુઃખનું તાત્ત્વિક લક્ષણ	૫૭૩
૧૭૩-૧૭૪	પુણ્યના સુખની અનિત્યતા અને ધ્યાનના સુખની નિત્યતા	૫૭૫
૧૭૫	અસંગ અનુષ્ઠાનમાં સત્ પ્રવૃત્તિપદ	૫૭૯
૧૭૬	અસંગ અનુષ્ઠાનોના જુદા-જુદા દર્શનકારોના નામો	૫૮૪
૧૭૭	ઉપસંહાર	૫૮૬
	શ્લોક ૧૭૮ થી ૧૮૬ સુધી પરાદષ્ટિનું નિરૂપણ	
૧૭૮	પરાદષ્ટિનું સ્વરૂપ	૫૯૦
૧૭૯	પરાદષ્ટિમાં રહેલા યોગીઓના નિરાચારપદનું સ્વરૂપ	૫૯૫
૧૮૦	અન્ય દષ્ટિવાળા અને પરાદષ્ટિવાળા યોગીઓના ભિક્ષાટનાદિમાં આચારભેદ	૫૯૯
૧૮૧-૧૮૨	અસંગભાવથી ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ	૬૦૩
૧૮૩-૧૮૪	દષ્ટાન્તથી જીવનું, જીવના જ્ઞાનનું અને કર્મના આવરણનું સ્વરૂપ	૬૦૭
૧૮૫-૧૮૬	કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી યોગનિરોધ દ્વારા ભવક્ષય	૬૧૩
૧૮૭	મુક્તાત્માનું સ્વરૂપ	૬૨૮
૧૮૮	ભવરૂપ મહાવ્યાધિનું સ્વરૂપ	૬૩૧
૧૮૯	નિરુપચરિત ભવ વ્યાધિના સ્વીકારના કારણો	૬૩૮
૧૯૦-૧૯૧	ભવ વ્યાધિથી મુક્તને મુક્તરૂપે સ્વીકારની યુક્તિ	૬૪૨
૧૯૨-૧૯૭	ક્ષણિકવાદમાં મોક્ષના અસંભવના કારણો	૬૪૬
૧૯૮-૨૦૩	એકાન્ત નિત્યપક્ષમાં મોક્ષની અસંગતિના કારણો	૬૫૪
૨૦૪-૨૦૬	વ્યાધિ મુક્તતાના કારણો	૬૬૪
૨૦૭-૨૦૮	ગ્રન્થ રચનાનું પ્રયોજન	૬૭૧
૨૦૯	આ ગ્રન્થના અધિકારીનું સ્વરૂપ	૬૮૧
૨૧૦	કુલયોગી અને ગોત્રયોગીનું સ્વરૂપ	૬૮૪
૨૧૧	કુલયોગીનું વિશેષ લક્ષણ	૬૯૨
૨૧૨	પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ	૭૦૩
૨૧૩	આદ્ય અવંચકયોગી આ ગ્રન્થના અધિકારી	૭૦૮
૨૧૪	અહિંસાદિ પાંચ યમોનું સ્વરૂપ	૭૧૧
૨૧૫-૨૧૮	ઈચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ, સિદ્ધિયમનું સ્વરૂપ	૭૧૭
૨૧૯-૨૨૧	યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચકયોગનું સ્વરૂપ	૭૩૨
૨૨૨	આ ગ્રન્થથી કુલાદિ યોગીઓને થતા ઉપકારનું સ્વરૂપ	૭૪૩
૨૨૩-૨૨૪	તત્ત્વનો પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયા એ વચ્ચેનું અંતર	૭૪૫
૨૨૫	યોગ્ય જીવોની ગ્રન્થશ્રવણમાં સ્વાભાવિક પ્રવૃત્તિ	૭૪૯
૨૨૬-૨૨૭	અયોગ્ય જીવને પ્રસ્તુત ગ્રન્થ ન આપવાના કારણો	૭૫૦
૨૨૮	યોગ્ય જીવને વિધિપૂર્વક પ્રસ્તુત ગ્રન્થ આપવાની વિધિ	૭૫૬

योगः कल्पतरुः श्रेष्ठः, योगश्चिंतामणिः परः ।
योगः प्रधानं धर्माणां, योगः सिद्धेः स्वयंग्रहः ॥

- શ્રી હરિભદ્રસૂરિજીકૃત યોગબિન્દુ

अहो ! अनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः ।
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥

- શ્રી શુભચંદ્રાચાર્યજીકૃત જ્ઞાનાર્ણવ

યોગ કલ્પતરુ શ્રેષ્ઠ છે, ચિન્તામણિ પર યોગ;
યોગ પ્રધાન જ ધર્મમાં, સિદ્ધિ સ્વયંવર યોગ
અહો ! અનંતવીર્ય આ, આત્મા વિશ્વ પ્રકાશતો;
ધ્યાનશક્તિ પ્રભાવે જે, ત્રલોક્યને ચળાવતો.

વિષમ કુતર્કગ્રહ નિન્દા અધિકાર

એટલા માટે **જયલિંગો** (જયના ચિહ્નો) કહે છે—

जीयमाने च नियमादेतस्मिंस्तत्त्वतो नृणाम् ।
निवर्तते स्वतोऽत्यन्तं कुतर्कविषमग्रहः ॥८६॥

એહ જીતાતાં નિયમથી, તત્ત્વથી નરનો સાવ;
સ્વયં નિવર્ત્તે ગ્રહ સમો, વિષમ કુતર્ક ભાવ. ૮૬.

અર્થ:—અને આ અવેદ્યસંવેદ્યપદનો જય કરાતાં નિયમથી મનુષ્યોનો કુતર્ક વિષમ ગ્રહ તત્ત્વથી અત્યંતપણે આપોઆપ નિવૃત્ત થાય છે-ટળે છે.

વિવેચન

"તે જીતે સહેજે ટળેજી, વિષમ કુતર્ક પ્રકાર;
દૂર નિકટ હાથી હણેજી, કરે એ બઠર વિચાર....મનમોહન૦"—**શ્રી. યો. દ. સ. ૪-૧૧**

અને આ **અવેદ્યસંવેદ્યપદ** કે જે મહામિથ્યાત્વનું કારણ છે, અને પશુપણા આદિ શબ્દથી વાચ્ય-ઓળખાવા યોગ્ય છે, તે જ્યારે જીતાતું જાય છે ત્યારે પરમાર્થથી પુરુષનો વિષમ **કુતર્કરૂપ ગ્રહ** પોતાની મેળેજ ચોક્કસ નિવર્તી જાય છે. ઉપરમાં અત્યંત વિસ્તારથી **અવેદ્યસંવેદ્ય**પદનું વર્ણન કર્યું, તે ઉપરથી સ્પષ્ટ છે કે **મહામિથ્યાત્વનું કારણ** જો કોઈ હોય, તો તે અવેદ્યસંવેદ્યપદ જ છે. તેના પ્રભાવથી જ જીવ અનાત્મજ્ઞ હોય છે, અનાત્મામાં આત્મબુદ્ધિ ધરે છે, સ્વ-પરનો એકત્વ અધ્યાસ કરે છે, દેહને જ આત્મા માની આત્માનું ભાન ભૂલી જાય છે, સત્‌ને અસત્ અને અસત્ સત્ ચિંતવે છે. ઇત્યાદિ પ્રકારે ગાઢ મિથ્યાપણાનું-અસત્‌પણાનું કારણ આ અવેદ્યસંવેદ્ય પદ છે. અને આવા અબૂઝપણાને લીધે જ એને **પશુપણું**, ગમારપણું, અબૂઝપણું, મૂઢપણું ઇત્યાદિ નામ છાજે છે. કારણ કે 'પશુ જેવા અબૂઝનું જ્ઞાન બાહ્ય પદાર્થોથી સર્વથા પીવાઇ જાય છે ને નિજ પ્રવ્યક્તિ અર્થાત્ સ્વસ્વરૂપનું પ્રગટપણું છોડી દીધાથી ખાલી થતું જાય છે. આમ પર રૂપમાં જ

મહામિથ્યાત્વ નિબંધન

वृत्तिः-जीयमाने च नियमादेतस्मिन्—અને આ અવેદ્યસંવેદ્ય પદ નિયમથી જીતાતાં; એટલે કે આ મહામિથ્યાત્વના નિબંધનરૂપ, પશુત્વ આદિ શબ્દથી વાચ્ય એવું અવેદ્ય પદ જીતાતી વેળાએ, तत्त्वतः-તત્ત્વથી, પરમાર્થથી, नृणां-નરોનો, પુરુષોનો, निवर्तते स्वतः-સ્વતઃ નિવર્તે છે, આત્માથી જ, પોતાની મેળે જ, પરના ઉપદેશ વિના નિવર્તે છે, ટળી જાય છે.-નિમિત્તના અભાવે નૈમિત્તિકના અભાવને લીધે. अत्यंतं-અત્યંતપણે, સમ્યગ્‌જ્ઞાનયોગને લીધે, આગમ પ્રામાણ્યના જાણપણા થકી. कुतर्कविषमग्रहः-કુતર્કરૂપ વિષમ ગ્રહ,-દૃષ્ટ એવા અપાય હેતુપણાથકી. (અપાય હેતુપણું પ્રગટ દીઠામાં આવતું હોવાથી.) ગ્રહ જેવો ગ્રહ (ગ્રહ=સૂર્ય ચંદ્રાદિ, અથવા ભૂત-પિશાચ, અથવા મગર.)

વિશ્રાંત થયેલું પશુનું જ્ઞાન ચોતરફથી સીદાય છે. પણ જે તત્-તે છે, તે તત્ અહીં સ્વરૂપથી છે, એવું સ્યાદ્વાદીનું જ્ઞાન તો અત્યંત-ઉન્મગ્ન ઉપર તરી આવતા ઘન સ્વભાવ-ભરથી પૂર્ણ થઇ સમુન્મજ્જન પામે છે, ઉલ્લસી આવી-ઉપર તરતું રહે છે.'×

આવું અબૂઝ-ગમાર પશુપણા જેવું મિથ્યાત્વકારણ અવેદ્યસંવેદ્યપદ જેમ જેમ જીતાય છે, તેમ તેમ તે મિથ્યાત્વને આધીન-તે મિથ્યાત્વથી જ ઉદ્ભવતા એવા **વિષમ કુતર્કરૂપ ગ્રહો** પોતાની મેળે જ નિવર્તી જાય છે, દૂર થાય છે; કારણ કે નિમિત્તનો અભાવ થાય એટલે નૈમિત્તિકનો અભાવ થાય જ એવો નિયમ છે. કુતર્કોનું જન્મસ્થાન મિથ્યાત્વ છે. એટલે જેવું મિથ્યાત્વ દૂર થાય, કે તેની સાથોસાથ જ કુતર્ક પણ ચાલ્યો જાય છે, કારણ કે મૂળ કારણ નિર્મૂલ થતાં ઉત્તર કારણ નિર્મૂલ નિરાધાર થાય છે. મુખ્ય આધાર સ્થંભ તૂટી પડતાં જેમ મકાન જમીનદોસ્ત થાય છે, તેમ મિથ્યાત્વનો આધાર તૂટી પડતાં કુતર્કની ઇમારત એકદમ તૂટી પડે છે. કુતર્કના હવાઇ કિલ્લા (Castles in the air) ઝપાટાબંધ ઊડી જાય છે. જેમ રાજા જીતાઇ જતાં આખી સેના જીતાઇ જાય છે, તેમ મિથ્યાત્વનો જય થતાં તેના પરિવારરૂપ કુતર્ક-સેના પણ જીતાઇ જાય છે. અને આમ આ કુતર્ક નષ્ટ થાય છે તે આપોઆપ જ, પોતાની મેળે જ; એમાં પછી બીજાના ઉપદેશની પણ જરૂર રહેતી નથી.

મિથ્યાત્વજયે કુતર્કગ્રહ-નિવૃત્તિ

કુતર્ક એટલે કુત્સિત તર્ક, અસત્-ખોટા તર્ક, જે સ્વરૂપથી પોતે જ દુષ્ટ છે, ખોટા છે, અસત્ છે, મિથ્યા છે તે **કુતર્ક**. આ કુતર્કનો ગ્રહ એટલે કુટિલ આવેશરૂપ પકડ, અભિનિવેશ **'વિષમ'** કહ્યો તે યથાર્થ છે. કારણ કે તે ખરેખર વસમો છે. જીવને હેરાન હેરાન કરી મૂકે છે; વળી તે કુતર્કનું કોઇ જાતનું ઠેકાણું નથી, ઢંગધડો નથી, આમ પણ કૂદે ને તેમ પણ કૂદે, વાણીઆની પાઘડી જેમ ગમે તેમ ફેરવાય ! ખોટાનું સાચું ને સાચાનું ખોટું કરવું એ એનું કામ છે. ઇત્યાદિ પ્રકારે કુતર્કનું વિષમપણું પ્રગટ છે.

આવા કુતર્કને વિષમ 'ગ્રહ' ની ઉપમા અનેક પ્રકારે ઘટે છે:—(૧) ગ્રહ એટલે સૂર્ય, ચંદ્ર, રાહુ આદિ ગ્રહ. તેમાં દુષ્ટ ગ્રહ-**અનિષ્ટ** ગ્રહ જેમ મનુષ્યને પીડાકારી વસમો થઇ પડે છે, નડે છે, તેમ કુતર્કરૂપ દુષ્ટ ગ્રહ મનુષ્યને હેરાન હેરાન કરી નાંખી વસમો પીડાકારી થઇ પડે છે, કનડે છે. અથવા રાહુ જેવો પાપગ્રહ જેમ ચંદ્રને ગ્રસી તેને ઉત્તાપકારી થાય છે, તેમ આ કુતર્કરૂપી વિષમ પાપગ્રહ આત્મારૂપ ચંદ્રને ગ્રસી લઇ તેને અત્યંત

વિષમ 'ગ્રહ' જેવો કુતર્ક

+ "बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभव—
द्विश्रांतं पररूप एव परितो ज्ञानं पशोः सीदति ।
यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन—
र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति ॥"—શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત **સમયસારકલશ.**

તાપ પમાડે છે. આમ તે ભારે 'વસમો' ગ્રહ છે. (૨) અથવા 'ગ્રહ' એટલે ભૂત-પિશાચ-ઝોડ. જેમ કોઇને વસમું ભૂત, પિશાચ કે ઝોડ વળગ્યું હોય, તે તેનો કેડો ન મૂકે, તેને ગ્રહી રાખે, પકડી-જકડી રાખે, અને તેને હેરાનપરેશાન કરી નાંખે; તેમ આ કુતર્કરૂપ ભૂત, પિશાચ કે ઝોડ જીવને જો વળગ્યું હોય, તો તે તેનો કેડો મૂકતું નથી, તેને ગ્રહી-પકડી-જકડી રાખે છે, કાઢવું મુશ્કેલ થઇ પડી તેને ખૂબ કનડે છે. જેના મનમાં કુતર્કરૂપ ભૂત (Obsession, Delusion) ભરાઈ ગયું હોય, તેને તે કાઢવું ભારી વસમું થઇ પડે છે, એ બલાને કાઢવી ભારી વિકટ થઇ પડે છે! આમ પણ કુતર્ક 'વિષમ ગ્રહ' છે. (૩) અથવા 'ગ્રહ' એટલે **મગર.** મગર જો કોઇને ગ્રહે, પકડે, તો તેની પકડમાંથી છૂટવું બહુ મુશ્કેલ-વસમું છે, તેમ કુતર્કરૂપ ગ્રહના-મગરના પંજામાં જે સપડાયો, તેની દાઢમાં જે ભીડાયો, તેને પણ તેના સકંજામાંથી છૂટવું ભારી વસમું થઇ પડે છે. આ રીતે પણ કુતર્ક ખરેખર! વિષમ ગ્રહ છે.-આમ દુષ્ટ ગ્રહ, ભૂત, કે મગર-એમ ગ્રહના કોઇ પણ અર્થમાં કુતર્કને 'ગ્રહ' નામ આપ્યું તે યથાર્થ છે, અને તે પણ **'વિષમ'** ગ્રહ છે. વસમો-શમાવવો વિકટ, સમ કરવો-સીધો પાંસરો કરવો દુર્ઘટ એવો છે.

આવો જીવને ગ્રહી રાખનારો, પકડી-જકડી રાખનારો **કુતર્કરૂપ** પાપગ્રહ, અથવા ભૂત, અથવા મગરમચ્છ, અવેદ્યસંવેદ્યપદનો× જય થતાં, આપોઆપ પોતાની પકડ મૂકી દે છે. જેમ ગ્રહશાંતિના પાઠથી પાપગ્રહનો ઉપદ્રવ વિરામ પામે છે, જેમ ભુવાના મંત્ર-પાઠથી ભૂતનો આવેશ-ઝોડ ઉતરી જાય છે, જેમ મર્મસ્થળમાં પ્રહાર આદિથી મગરની પકડ છૂટી જાય છે; તેમ **અવેદ્યસંવેદ્યપદ**ના **જય**રૂપ ગ્રહશાંતિથી, મંત્રપાઠથી, શસ્ત્ર-પ્રહારથી કુતર્કરૂપ વિષમ ગ્રહ (યથાસંભવ ત્રણે અર્થમાં) પોતાનો ગ્રહ-પકડ આપોઆપ છોડી દે છે

★

આ કુતર્ક કેવો વિશિષ્ટ છે? તે માટે કહે છે—

बोधरोगः शमापायः श्रद्धाभङ्गोऽभिमानकृत् ।
कुतर्कश्चेतसो व्यक्तं भावशत्रुरनेकधा ॥८७॥

वृत्तिः—**बोधरोगः**—બોધને રોગરૂપ,-તે યથાવસ્થિતના ઉપઘાત ભાવને લીધે, **शमापायः**—શમને અપાયરૂપ-હાનિ કરનાર,-અસદ્ અભિનિવેશના જનકપણા થકી. **श्रद्धाभङ्गः**—શ્રદ્ધાભંગરૂપ,-આગમ અર્થની અપ્રતિપત્તિને લીધે, **अभिमानकृत्**—અભિમાન કરનાર,-મિથ્યાભિમાનના જનકપણાથી. એમ

× "जीयमानेऽत्र राज्ञीव चमूचरपरिच्छदः ।
निवर्तते स्वतः शीघ्रं कुतर्कविषमग्रहः ॥"—**શ્રી યશો** કૃત દ્વા. દ્વા.

"નૃપતિ જીતતાં જીતિએ દળ પુર ને અધિકાર."—શ્રી મોક્ષમાળા.

બોધરોગ શમહાણ ને, શ્રદ્ધાભંગ મદકાર;
કુતર્ક ભાવરિપુ ચિત્તનો, પ્રગટ અનેક પ્રકાર. ૮૭

અર્થ:—બોધને રોગરૂપ, શમને અપાયરૂપ, શ્રદ્ધાને ભંગરૂપ, અને અભિમાન કરનારો એવો કુતર્ક વ્યક્તપણે ચિત્તનો અનેક પ્રકારે ભાવશત્રુ છે.

વિવેચન

આ વિષમ કુતર્ક ગ્રહ જે કહ્યો, તે કેવો અનિષ્ટ ને દુષ્ટ છે, તેનું વિશેષ સ્વરૂપ અહીં કહ્યું છે. આ કુતર્ક (૧) બોધ પ્રત્યે રોગ જેવો છે, (૨) શમને અપાયરૂપ–હાનિરૂપ છે, (૩) શ્રદ્ધાનો ભંગ કરનારો છે, (૪) અને અભિમાનને ઉપજાવનારો છે. આમ તે અનેક પ્રકારે ચિત્તનો **ભાવશત્રુ**–પરમાર્થરિપુ છે.

ચિત્તનો ભાવશત્રુ કુતર્ક

૧. બોધરોગ—આ કુતર્ક ગ્રહ બોધ પ્રત્યે–સમ્યગ્ જ્ઞાન પ્રત્યે રોગરૂપ છે, કારણ કે યથાવસ્થિત બોધનો–સાચી સમજણનો તે ઉપઘાત કરે છે. રોગ જેમ શરીરને હાનિ પહોંચાડે છે, નિર્બલ કરે છે, તેમ કુતર્ક પણ યથાર્થ બોધને નુકશાન પહોંચાડી નબળો બનાવે છે. જેમ રોગથી શરીરની શક્તિ ક્ષીણ થાય છે, અંગોપાંગ ઢીલા પડી જાય છે, ને શરીર કૃશ થઈ જાય છે, તેમ કુતર્કથી મનની ચિંતનશક્તિ કુંઠિત થવાથી બોધની શક્તિ ક્ષીણ થાય છે, બોધ શિથિલ–ઢીલો–પોચો બને છે, ને કૃશ થાય છે–દૂબળો પડી જાય છે. આમ કુતર્કથી બોધ 'માંદો' પડે છે.

કુગ્રહવંત બોધ અપાત્ર

એટલે માંદો માણસ જેમ ભારી ખોરાક પચાવી શકતો નથી–જીરવી શકતો નથી, તેમ કુતર્કગ્રહરૂપ રોગ જેને લાગુ પડ્યો છે એવો કુતર્કી જીવ ઉત્તમ શ્રુતજ્ઞાનરૂપ પરમાન્ન પચાવી શકતો નથી–જીરવી શકતો નથી, ઊલટું તેનાથી તો તેને અપચો-અજીર્ણ થાય છે! એટલા માટે જ્ઞાની સત્પુરુષો કહે છે કે–'જેનો અસદ્ગ્રહ નાશ પામ્યો નથી, એવાને શ્રુતજ્ઞાન આપવું વખાણવા લાયક નથી,–જેમ ખોડખાંપણવાળાને મોટી રાજ્યલક્ષ્મી આપવી યોગ્ય નથી તેમ. કાચા ઘડામાં રાખેલું પાણી જેમ પોતાનો અને ઘડાનો નાશ કરે છે, તેમ અસદ્ગ્રહવંતને આપવામાં આવેલું શ્રુત તે બન્નેનો નાશ કરે છે. અસદ્ગ્રહથી ગ્રસાયેલને જે વિમૂઢ હિતોપદેશ આપવા જાય છે, તે મહાઉપકારી (!) કૂતરીના શરીર પર કસ્તૂરીનો લેપ કરે છે! કષ્ટથી પ્રાપ્ત થયેલ આગમ અર્થ જે અસદ્ગ્રહથી દૂષિતને

कुतर्कः કુતર્ક,–આગમનિરપેક્ષ એવો એમ અર્થ છે. તે શું? તો કે–**चेतसः**–ચિત્તનો, અંતઃકરણનો, **व्यक्तं**–વ્યક્તપણે, –**भावशत्रुः**–ભાવશત્રુ, પરમાર્થરિપુ, **अनेकधा**–અનેક પ્રકારે,–આર્યના અપવાદ આદિ કારણવડે કરીને.

આપે છે, તે સેંકડો યત્નથી મેળવેલું બીજ ઊખર ભૂમિમાં વાવતાં ખેદ પામે છે! કારણ કે અસદ્ગ્રહવાન્ ગુરુ પાસેથી શાસ્ત્રો સાંભળે છે, પણ તેમની આજ્ઞા કદી પાળતો નથી, અને તે અસારગ્રાહી ચાલણીની જેમ પોતાનું વિવેચકપણું માને છે!' જેમ ચાલણી અસાર એવા કાંકરા પકડી રાખે છે, તેમ આ અસદ્ગ્રહવાન્ કાંકરા જેવા અસાર દોષ પકડી રાખે છે! ને ઉલટું તેનું અભિમાન રાખે છે કે હું કેવો વિવેચક છું! 'આમ તેની ચતુરાઇ પણ દંભને માટે હોય છે, શાસ્ત્રજ્ઞાન પણ પાપને માટે હોય છે, પ્રતિભા-સંપન્નપણું પણ પ્રતારણા માટે—છેતરપીંડીને માટે હોય છે, ધીરપણું પણ ગર્વને માટે હોય છે! અહો! અસદ્ગ્રહવંતના ગુણોની વિપરીત સૃષ્ટિ હોય છે!' એટલા માટે જ અસદ્ગ્રહવંત રોગી બોધરૂપ દૂધપાક પચાવવાને યોગ્ય નથી. *

૨. શમાપાય—કુતર્ક શમને એટલે આત્મશાંતિને અપાયરૂપ-હાનિરૂપ થાય છે, ખલેલ પહોંચાડે છે, કારણ કે તે અસત્ અભિનિવેશ-કદાગ્રહ જન્માવે છે, ખોટા ખોટા મનના તરંગો કે તુરંગો ઉપજાવે છે, તેથી તે ચિત્તની શાંતિને ડોળી નાંખે છે, ખળભળાવી મૂકે છે, ને જીવને વિભ્રમ દશામાં પાડી નાંખે છે, હાવરો–બ્હાવરો બનાવી દે છે. 'શમરૂપ સુંદર ને શીતલ બાગને આ કુતર્કરૂપ આગની જ્વાલા બાળી નાંખે છે, ને ઉજ્જડ વેરાન કરી મૂકે છે. આવા અસદ્ગ્રહરૂપ+ અગ્નિથી જેનું અંતર્ બળી ગયું છે, ત્યાં તત્ત્વનિશ્ચયરૂપ વેલી ક્યાંથી ઊગે? તો પછી પ્રશાંતિ–પુષ્પો અને હિતોપદેશ–ફલો તો બીજે જ શોધી લેવા! આ અસદ્ગ્રહથી જેની મતિ છવાઈ ગઈ છે એવો મનુષ્ય કુતર્કરૂપ દાતરડાવડે તત્ત્વ-વલ્લીને કાપી નાંખે છે, રસથી દોષવૃક્ષને સિંચે છે, ને શમરૂપ સ્વાદિષ્ટ ફલને નીચે ફેંકી દે છે!'

૩. શ્રદ્ધાભંગ—કુતર્ક શ્રદ્ધાનો ભંગ કરે છે, કારણ કે તેથી આગમ અર્થની અપ્રતિપત્તિ–અસ્વીકાર થાય છે, સત્શાસ્ત્રની આસ્થામાં ભંગાણ પડે છે, આસ્થા ત્રૂટે છે. કુતર્કરૂપ શલ્ય હોય છે, ત્યાં લગી હૃદયમાં શ્રદ્ધા ચોંટતી નથી. જેમ પત્થરવાળી ભૂમિમાં પાણી પ્રવેશતું નથી ને અંકુરો ફૂટતો નથી, તેમ અસદ્ગ્રહરૂપ પત્થરમય ચિત્તમાં સદ્-

---

* "असद्ग्रहो यस्य गतो न नाशं, न दीयमानं श्रुतमस्य शस्यम् ।
न नाम वैकल्यकलंकितस्य, प्रौढा प्रदातुं घटते नृपश्रीः ॥
आमे घटे वारि धृतं यथा सद्विनाशयेत् स्वं च घटं च सद्यः ।
असद्ग्रहग्रस्तमतेस्तथैव, श्रुतात्प्रदत्तादुभयोर्विनाशः ॥" ઇત્યાદિ.

(વિશેષ આધાર માટે જુઓ) —શ્રી યશો૦ કૃત. શ્રી અધ્યાત્મસાર.

\+ "असद्ग्रहाग्निज्वलितं यदंतः, क्व तत्र तत्त्वव्यवसायवल्लिः ।
प्रशांतिपुष्पाणि हितोपदेशफलानि चान्यत्र गवेषयन्तु ॥
कुतर्कदात्रेण लुनाति तत्त्ववल्लीं रसात्सिंचति दोषवृक्षम् ।
क्षिपत्यधः स्वादुफलं शमाख्यमसद्ग्रहछन्नमतिर्मनुष्यः ॥"—શ્રી અધ્યાત્મસાર.

ભાવ રસનો પ્રવેશ થતો નથી, ને વિશુદ્ધ બોધરૂપ અંકુરો ઉગતો નથી, એમાં સિદ્ધાંત વાણીનો શો અપરાધ વારુ? વ્રત આચરે, તપ પણ તપે, અને પ્રયત્નથી પિંડશુદ્ધિ કરે, તો પણ નિહ્નવોને ફળ નથી મળતું, તે અસદ્ગ્રહનો જ અપરાધ છે, કારણ કે તેઓને શ્રદ્ધા નથી.' થાળીમાં લાડવા પીરસ્યા હોય, પણ કોઇ ગળું દબાવે તો કેમ ખાઇ શકાય? તેમ 'સ્વબુદ્ધિરૂપ થાળી છે, તેમાં સદ્ગુરુરૂપ પીરસનારે કોઇ બોધરૂપ મોદક પીરસ્યા છે, પણ અસદ્ગ્રહરૂપ કોઇ એવો દુષ્ટ ગળચી દબાવનાર છે કે તે ગળે ઉતરવા દેતો જ નથી!' એટલે કે શ્રદ્ધા ઉપજવા દેતો જ નથી. *

૪. અભિમાનકાર—કુતર્ક અભિમાન કરનાર છે, મિથ્યાભિમાન ઉપજાવે છે. તે આગમથી નિરપેક્ષ એવો હોય છે. કુતર્ક કરનારને પોતાની કુતર્કશક્તિનું અભિમાન ઉપજે છે કે હું કેવો બડો હોશિયાર છું, કેવો ડાહ્યો (દોઢ) છું, આગમમાં કહેલી વાતને પણ હું મ્હારા તર્કબળથી કેવી ખોટી પાડું છું! ઇત્યાદિ પ્રકારે તે ખોટો ફાંકો રાખી આગમ-શાસ્ત્રની પણ પરવા કરતો નથી! પણ આ બધું તેનું મિથ્યા-ખોટું અભિમાન છે. કારણ કે× 'કાંઇક ભણીને ને કાંઇક સાંભળીને અસદ્ગ્રહથી જે પંડિતમાની-પોતાને પંડિત માને છે, તે ભલે વાણીનું મુખ ચુંબે, પણ તેનું લીલારહસ્ય તે અવગાહતો નથી.'

આમ આ **વિષમ કુતર્ક**-ગ્રહ બોધને રોગ ઉપજાવનારો, આત્મશાંતિમાં ખલેલ પહોંચાડનારો, શ્રદ્ધાને ભાંગનારો, અને મિથ્યાભિમાનને જન્માવનારો હોય છે. અન્યત્ર પણ કહ્યું છે કેઃ—

"शमारामानलज्वाला हिमानी ज्ञानपङ्कजे ।
श्रद्धाशल्यं स्मयोल्लासः कुतर्कः सुनयार्गला ॥" **શ્રી યશોવિજયજીકૃત, દ્વા. દ્વા. ૨૩**

અર્થાત્—કુતર્ક શમરૂપ બગીચા પ્રત્યે અગ્નિજ્વાલા છે, જ્ઞાનરૂપ કમળને કરમાવવામાં હિમ જેવો છે, શ્રદ્ધાને શૂળરૂપ છે, ગર્વના ઉલ્લાસરૂપ છે, ને સુનય પ્રત્યે આગળીઆરૂપ છે.

અને આમ છે એટલા માટે જ આ કુતર્ક ચિત્તનો-અંતઃકરણનો અનેક પ્રકારે

---

* "असद्ग्रहग्रावमये हि चित्ते, न क्वापि सद्भावरसप्रवेशः ।
इहांकुरश्चित्तविशुद्धबोधः, सिद्धांतवाचां बत कोऽपराधः ॥
स्थालं स्वबुद्धिः सुगुरोश्च दातुरुपस्थिता काचन मोदकाली ।
असद्ग्रहः कोऽपि गलेग्रहीता, तथापि भोक्तुं न ददाति दुष्टः ॥"—**શ્રી અધ્યાત્મસાર.**

× "अधीत्य किंचिच्च निशम्य किंचिदसद्ग्रहात्पंडितमानिनो ये ।
मुखं मुखं चुंबितमस्तु वाचो लीलारहस्यं तु न तैर्जगाहे ॥"—**શ્રી અધ્યાત્મસાર.**

ભાવશત્રુ છે, પરમાર્થરિપુ છે. બાહ્ય શત્રુ જેમ ભૂંડું કરે છે, અહિત કરે છે, તેમ આ ભાવશત્રુ જીવનું અકલ્યાણ કરવામાં કાંઇ બાકી રાખતો નથી, કારણ કે એના કારણે આર્ય પરમપૂજ્ય એવા સત્પુરુષ–સદાગમ આદિનો અનાદર થાય છે, આશાતના–અવિનય–અપવાદ વગેરે નીપજે છે, અને તેથી જીવનું ભારી અકલ્યાણ થાય છે. શત્રુ જેમ સર્વનાશ કરવામાં સદા તત્પર હોય છે, તેમ જીવનો આ ભાવશત્રુરૂપ કુતર્ક સદાય ચિત્તશક્તિનો હ્રાસ કરતો રહી, સર્વનાશ કરવા સદાય તત્પર રહ્યા કરે છે. એટલે જે કુતર્ક કરે છે, તે **પોતે** પોતાના દુશ્મનનું કામ કરે છે! પોતે પોતાનો વૈરી બને છે!

કુતર્ક ચિત્તનો પ્રગટ ભાવશત્રુ

★

અને કારણ કે એમ છે, તેથી શું ? તે માટે કહે છે—

कुतर्केऽभिनिवेशस्तन्न युक्तो मुक्तिवादिनाम् ।
युक्तः पुनः श्रुते शीले समाधौ च महात्मनाम् ॥ ८८ ॥

કુતર્કે અભિનિવેશ ના, મુક્તિવાદીને યુક્ત;
પણ શ્રુત શીલ સમાધિમાં, મહાત્માને એ યુક્ત. ૮૮

અર્થ:—તેથી કરીને મુક્તિવાદીઓને–મુમુક્ષુઓને કુતર્કમાં અભિનિવેશ કરવો યુક્ત નથી; પણ શ્રુતમાં, શીલમાં અને સમાધિમાં અભિનિવેશ કરવો એ મહાત્માઓને યુક્ત છે.

વિવેચન

આવા જે ઉપરમાં કહ્યા તે લક્ષણવાળા કુતર્કમાં અભિનિવેશ કરવો તે મુક્તિવાદીઓને–સંન્યાસીઓને–મુમુક્ષુઓને કોઇ પણ રીતે યુક્ત નથી, કારણ કે યુક્તિમાં મતિને ન જોડવી× અને મતિમાં યુક્તિને પરાણે જોડવી એ અસદ્ગ્રહરૂપ અભિ-

---

वृत्तिः–**कुतर्के**—ઉક્ત લક્ષણવાળા કુતર્કમાં, **अभिनिवेशः**–અભિનિવેશ, તેવા પ્રકારે તેના ગ્રહરૂપ. શું ? તો કે–**न युक्तः**–યુક્ત નથી. કોને ? તો કે–**मुक्तिवादीनाम्**–મુક્તિવાદીઓને, સંન્યાસીઓને. **युक्तः पुनः**–પણ યુક્ત છે, **श्रुते**–શ્રુતમાં, આગમમાં, **शीले**–શીલમાં, પરદ્રોહથી વિરતિ લક્ષણવાળા શીલમાં, **समाधौ च**–અને સમાધિમાં, ધ્યાનના ફલભૂત સમાધિમાં, **महात्मनाम्**–મહાત્માઓને, મુક્તિવાદીઓને અભિનિવેશ યુક્ત છે.

× "नियोजयत्येव मतिं न युक्तौ युक्तिं मतौ यः प्रसभं नियुंक्ते ।
असद्ग्रहादेव न कस्य हास्योऽजले घटारोपणमादधानः ॥"—શ્રી અધ્યાત્મસાર.
"आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशं ॥"—શ્રી હરિભદ્રાચાર્યજી
"मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनःकपिः ॥"—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્.

મુમુક્ષુને કુતર્ક અયુક્ત

નિવેશનું લક્ષણ છે, અને તે પાણી ન હોય ત્યાં ઘડો નાંખવા જેવું હાસ્યાસ્પદ છે! 'મધ્યસ્થ પુરુષનું મનરૂપી વાછડું યુક્તિરૂપી ગાયની પાછળ દોડે છે–યુક્તિને અનુસરે છે, પણ તુચ્છ આગ્રહીનું મનરૂપી વાંદરું તે યુક્તિરૂપી ગાયને પુંછડાથી ખેંચે છે!'—યુક્તિની ખેંચતાણ કરે છે! આવો તુચ્છ આગ્રહરૂપ અભિનિવેશ મુમુક્ષુ જીવે કરવા યોગ્ય નથી, કારણ કે મુમુક્ષુ તો માત્ર મોક્ષનો જ અભિલાષી હોય છે, આત્માર્થ સિવાય બીજી કોઈ ઇચ્છા કે મનરોગ તેને હોતો નથી.

'કામ એક આત્માર્થનું, બીજો નહિં મનરોગ.' **શ્રીમદ્ રાજચંદ્રજી**

અને આ કુતર્કનો અભિનિવેશ તો મોક્ષનો પ્રતિપક્ષી ને આત્માર્થનો વિરોધી છે–બાધક છે, કારણ કે મુમુક્ષુ જીવ સદ્બોધને ઇચ્છે છે, ને કુતર્ક તો બોધને રોગરૂપ થઈ પડી તેનો હ્રાસ અથવા ધ્વંસ કરે છે. મુમુક્ષુ શમને–આત્મશાંતિને

કુતર્ક મુક્તિવિરોધી

संतिमग्गने ઝંખે છે, ને કુતર્ક તો શમને અપાયરૂપ હોઈ હાનિ પહોંચાડે છે. મુમુક્ષુ જીવ શ્રદ્ધાને સન્માર્ગનું પ્રથમ પગથીયું માની તેમાં સ્થિર થવાનો પ્રયત્ન કરે છે, ને કુતર્ક તો શ્રદ્ધા ભંગ કરાવી તેને ડગમગાવી મૂકે છે. મુમુક્ષુ તો 'आणाए धम्मो आणाए तवो' 'આજ્ઞાએ ધર્મ ને આજ્ઞાએ તપ' એમ જાણી અત્યંત નમ્રપણે સદા આજ્ઞાપ્રધાન રહેવા મથે છે; ને કુતર્ક તો સ્વચ્છંદપ્રધાન હોઈ જીવને મિથ્યાભિમાન ઉપજાવે છે. આમ કુતર્ક અનેક પ્રકારે જીવનો ભાવશત્રુ છે. એટલે મુમુક્ષુપણાને ને કુતર્કને કયારેય પણ કોઈ પણ પ્રકારની કંઈ પણ મળતી પાણ આવતી નથી, બન્નેમાં આકાશ-પાતાલનું અંતર છે, પ્રકાશ–અંધકાર જેવો પ્રગટ ભેદ છે, એ બન્નેનો કોઈ કાળે મેળ ખાય એમ નથી.

માટે સાચો મુમુક્ષુ હોય તે પોતાના ઇષ્ટ પ્રયોજનમાં વિઘ્નકર્ત્તા એવા કુતર્કને કેમ ગ્રહણ કરે વારુ? અને ગ્રહણ ન કરે–દૂરથી પણ ન સ્પર્શે, તો પછી તેમાં અભિનિવેશ–આગ્રહરૂપ પકડ તો કેમ જ કરે? ખરેખર! સાચો મોક્ષાભિલાષી હોય, તે તો કુતર્કરૂપ અસદ્ગ્રહને આત્મચંદ્ર પ્રત્યે રાહુરૂપ જાણતો હોઈ, તે કુતર્ક-ગ્રહણને ગ્રહવા ઇચ્છે જ નહિં; કુતર્કગ્રહને ભૂત પિશાચરૂપ બલાનો વળગાડ જાણતો હોઈ, તે બલાને વળગવા ઇચ્છે જ નહિં; કુતર્કગ્રહને ગ્રાહરૂપ–મગરરૂપ જાણતો હોઈ, તેનાથી ગ્રહાવા–તેના સકંજામાં આવવા ઇચ્છે જ નહિં. તે તો તે કુતર્કબલાથી સદા દૂર જ ભાગે, કદી પણ તેમાં અભિનિવેશ કરે જ નહિં. અને એમ જ કરવું મુમુક્ષુને યુક્ત છે, કારણ કે યોગમાર્ગના જ્ઞાતાપુરુષોએ ભાવિકાળના યોગીજનોના હિત અર્થે મોહાંધકાર પ્રત્યે આ લાલબત્તીરૂપ વચન કહ્યું છે કે–'તેવા તેવા પ્રકારે વાદો × અને પ્રતિવાદો કરતાં તત્ત્વનો અંત પમાતો

× "वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद्गतौ ॥" શ્રી હરિભદ્રાચાર્યજીકૃત શ્રી યોગબિંદુ.

નથી,-ઘાણીના બેલની જેમ.' આંખે પાટા બાંધેલો ઘાણીનો બેલ આખો વખત ભમ્યા કરે, પણ કેટલું ચાલ્યો તેનું તેને ભાન નથી હોતું; તેમ પોતપોતાના પક્ષના અભિનિવેશથી અંધ થયેલા વાદીઓ વિચિત્ર પ્રકારે વાદ વદે છે, છતાં બોલાઇ રહેલા તત્ત્વને તો તેઓ પામતા નથી!

"તર્ક વિચારે રે વાદપરંપરા રે, પાર ન પ્હોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.
....પંથડો નિહાળું રે બીજા જિનતણો."—**શ્રી આનંદઘનજી**

શીલાદિમાં અભિનિવેશ યુક્ત

એટલા માટે મુમુક્ષુ જીવે કુતર્કમાં બીલકુલ અભિનિવેશ કરવો યોગ્ય નથી. પણ આ મહાત્મા મુમુક્ષુઓને જો ક્યાંય પણ અભિનિવેશ કરવો યોગ્ય હોય, તો તે શ્રુતમાં-સદાગમમાં કરવો યોગ્ય છે, પરદ્રોહથી વિરતિ લક્ષણવાળા શીલમાં-શુદ્ધ ચારિત્રમાં કરવો યોગ્ય છે, અને ધ્યાનના ફલરૂપ સમાધિમાં કરવો યોગ્ય છે. કારણ કે **શ્રુત, શીલ ને સમાધિ** જ એવા શુભ સ્થાનક છે, કે જ્યાં અભિનિવેશ કરવો એટલે કે અંતઃપ્રવેશ કરવો, દઢ આગ્રહ ધરવો, દઢતાથી વળગી રહેવું, મજબૂત પકડ કરવી,-એ આત્માર્થી મુમુક્ષુને હિતાવહ હોઇ યુક્ત છે, પરમ પ્રશસ્ત છે. જો કે આગ્રહરૂપ-કદાગ્રહરૂપ, મતાગ્રહરૂપ અભિનિવેશ તો સર્વથા અનિષ્ટ હોઇ સર્વત્ર વર્જ્ય જ-ત્યાગવા યોગ્ય જ છે; તો પણ અત્રે જે શ્રુત આદિમાં અભિનિવેશ કહ્યો, તે કદાગ્રહના અર્થમાં નથી, પણ સદાગ્રહરૂપ-સત્યાગ્રહરૂપ પ્રશસ્ત અર્થમાં છે; અત્રે અભિનિવેશ એટલે **અત્યંત અંતઃપ્રવેશ** એમ અર્થ ઘટે છે. આમ શ્રુતમાં અભિનિવેશ કરવો એટલે શ્રુતને દઢ ભક્તિથી આરાધવું, શ્રુત સાગરમાં ઊંડો પ્રવેશ કરી તેના અર્થનું અવગાહન કરવું. શીલમાં અભિનિવેશ કરવો એટલે શીલને-શુદ્ધ ચારિત્રને દઢપણે, ચુસ્તપણે, મક્કમપણે વળગી રહેવું, ચીટકી રહેવું, શીલને અખંડ અભંગપણે સેવવું. સમાધિમાં અભિનિવેશ કરવો એટલે દઢતાથી સમાધિમાં પ્રવેશી અક્ષોભ રહેવું, 'ઘોર× પરીષહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહિં તે સ્થિરતાનો અંત જો,'-એવી અખંડ આત્મસમાધિ પ્રાપ્ત કરવી.

આમ પ્રશસ્ત અર્થમાં-શ્રુત, શીલ ને સમાધિની દઢ આરાધનાના સમર્થ અર્થમાં, શ્રુત-શીલ-સમાધિ પ્રત્યે અભિનિવેશ કરવો તે મુમુક્ષુને સર્વથા યોગ્ય છે; કારણ કે તે શ્રુત-શીલ-સમાધિ મુમુક્ષુ જોગીજનના મોક્ષરૂપ ઇષ્ટ પ્રયોજનની સિદ્ધિના ઉત્તમ સાધન છે, માટે તેની દઢ લગનીરૂપ આરાધના કરવી, રઢ લગાડીને તેની પાછળ મંડી પડવું, તેમાં અભિનિવેશ-અત્યંત તન્મયતારૂપ પ્રવેશ કરવો તે મુમુક્ષુને અત્યંત યોગ્ય છે.

★

× જુઓ **શ્રીમદ્ રાજચંદ્રજીકૃત અપૂર્વ અવસરવાળું** અત્યંત સુપ્રસિદ્ધ અમર કાવ્ય.

बीजं चास्य परं सिद्धमवन्ध्यं सर्वयोगिनाम् ।
परार्थकरणं येन परिशुद्धमतोऽत्र च ॥ ८९ ॥

આનું બીજ સહુ યોગિને, સિદ્ધ અવંધ્ય પ્રધાન;
પરોપકાર પરિશુદ્ધ જે, એથી એહ આ સ્થાન. ૮૯

અર્થઃ—અને આ શ્રુત આદિનું બીજ, પરમ એવું સર્વ યોગીઓને સિદ્ધ અવંધ્ય-અચૂક ફલ દેનારું પરિશુદ્ધ પરાર્થકરણ (પરોપકાર) છે; એટલા માટે અત્રે પણ અભિનિવેશ કરવો યુક્ત છે.

વિવેચન

"પ્રભુ ભજો, નીતિ સજો, પરઠો પરોપકાર."—શ્રીમદ્ **રાજચંદ્રજી**

શુદ્ધ પરોપકારમાં અભિનિવેશ યુક્ત

અને આ ઉપરમાં જે અભિનિવેશ કરવા યોગ્ય-લગની લગાડવા યોગ્ય, એવા શ્રુત, શીલ ને સમાધિ કહ્યા, તેનું પણ સર્વ યોગીઓને સિદ્ધ થયેલું-પ્રતિષ્ઠિત થયેલું પરમ કારણ શું છે? તે અહીં પ્રગટ કર્યું છેઃ-એ શ્રુતાદિનું પણ પરમ બીજરૂપ પ્રધાન કારણ પરાર્થકરણ છે, એટલે કે પર પ્રયોજનના નિષ્પાદનરૂપ **પરોપકાર** છે. એમ કુલયોગી વગેરે સર્વ યોગીઓએ સંમત કરેલું છે, પ્રતિષ્ઠિત કરેલું છે. અને આ પરોપકારરૂપ બીજ શ્રુતાદિની પ્રાપ્તિરૂપ અમોઘ-અચૂક ફલ આપનારું છે. આ પરોપકાર કાર્યમાં અન્ય કોઇનો ઉપઘાત ન થવો જોઈએ, બીજા કોઇને બાધા ન ઉપજવી જોઇએ, એવું તે સર્વથા **પરિશુદ્ધ** હોવું જોઇએ. આવા પરિશુદ્ધ પરોપકારમાં અભિનિવેશ કરવો, લગની લગાડવી, તે મુમુક્ષુ મહાત્માઓને યુક્ત છે, કારણ કે આ પરોપકાર શ્રુતાદિ કારણનું પણ કારણ છે. એટલા માટે મુમુક્ષુએ પરોપકારી થવું, પરોપકાર કાર્યના વ્યસની થવું, એમ સત્પુરુષોનો ઉપદેશ છે. **શ્રી વ્યાસજીએ** ભાગવતમાં કહ્યું છે કે—'**परोपकारः पुण्याय पापाय परपीडनम् ।**'

એટલે મોક્ષાભિલાષી મુમુક્ષુ જીવે પોતાના તન, મન, ધન ને વચનની સમસ્ત શક્તિ

વૃત્તિઃ-**बीजं चास्य**—અને આનું-શ્રુતાદિનું બીજ, **परं सिद्धं**-પરમ સિદ્ધ, પ્રધાન પ્રતિષ્ઠિત, **अवन्ध्यं**-અવંધ્ય, નિયત ફલદાયી, ચોક્કસ ફલ આપનારૂં, **सर्वयोगिनाम्**-સર્વયોગીઓને, કુલયોગી પ્રમુખ સર્વ યોગીઓને. તે શું? તે માટે કહ્યું-**परार्थकरणं**-પરાર્થકરણ, પરપ્રયોજનનું નિષ્પાદન, (પરોપકાર) **येन**-જેથી, જે કારણથી, **परिशुद्धं**-પરિશુદ્ધ, અન્યના અનુપઘાતથી, બીજાનો ઉપઘાત નહિં કરવા થકી, **अतो**-આથી, આ કારણ થકી, **अत्र च**-અત્રે પણ, આ પરાર્થકરણમાં (પરોપકારમાં) પણ અભિનિવેશ યુક્ત છે.

અન્ય જીવોના ઉપકારને અર્થે ખર્ચવી એજ ઉચિત છે. પોતાના શરીરને તે પોતાનાથી બને તેટલી પર સેવા કાર્યમાં અર્પણ કરે, પોતાના મનને તે પરહિત-ચિંતાના કાર્યમાં વ્યાપૃત કરે, પોતાના વચનને તે પરનું ભલું થાય એવા સત્ પ્રયોજનમાં પ્રયુક્ત કરે, પોતાના ધનને તે દીન-દુઃખીના દુઃખદલનમાં વિનિયોજિત કરે, અને જનકલ્યાણના ઉત્કર્ષરૂપ સેવા-કાર્યમાં પોતાનો બનતો ફાળો આપે, કારણ કે સંતજનોની વિભૂતિઓ પરોપકારાર્થ હોય છે. 'परोपकाराय सतां विभूतयः ।' અને આવું જે પરોપકાર કૃત્ય છે તે '**પરિશુદ્ધ**' અર્થાત્ સર્વથા શુદ્ધ હોવું જોઇએ. એટલે આમાં બીજા જીવનો ઉપઘાત ન થાય, એકના ભોગે બીજાનો ઉપકાર ન થાય, એ ખાસ જોવું જોઇએ. કોઇ પણ જીવને કંઇપણ દુઃખ-કિલામણા ઉપજાવ્યા વિના જે કરવામાં આવે તે જ પરિશુદ્ધ પરોપકાર છે. તેમજ આ પરોપકાર કૃત્યમાં આ લોક-પરલોક સંબંધી કંઇ પણ ફલ અપેક્ષા ન જ હોવી જોઇએ, પરોપકાર કૃત્ય સર્વથા **નિષ્કામ** જ હોવું જોઇએ, અને તો જ તે 'પરિશુદ્ધ' ગણાય.

તન,મન,ધનથી પરોપકાર

★

કુતર્કની અસારતા જ બતાવવા માટે કહે છે—

अविद्यासंगताः प्रायो विकल्पाः सर्व एव यत् ।
तद्योजनात्मकश्चैष कुतर्कः किमनेन तत् ॥९०॥

અવિદ્યાસંગત પ્રાય તો, હોય વિકલ્પ તમામ;
તસ યોજકજ કુતર્ક આ, તેથી એનું શું કામ? ૯૦

અર્થ:—ઘણું કરીને સર્વેય વિકલ્પો અવિદ્યાસંયુક્ત હોય છે, અને તે વિકલ્પના યોજનરૂપ આ કુતર્ક છે. તેથી કરીને આ કુતર્કથી શું?

વિવેચન

"જહાં કલપના જલપના, તહાં માનો દુઃખ છાંઇ;
મિટે કલપના જલપના, તબ વસ્તુ તિન પાઇ."—**શ્રીમદ્ રાજચંદ્રજી**

સર્વેય **વિકલ્પો**-શબ્દવિકલ્પો ને અર્થવિકલ્પો પ્રાયે કરીને **અવિદ્યાસંગત** હોય

वृत्तिः-**अविद्यासंगताः**—અવિદ્યાસંગત, જ્ઞાનાવરણીય આદિથી સંપૃક્ત-સંયુક્ત, **प्रायो**-પ્રાયે, બાહુલ્યથી, **विकल्पाः सर्व एव**-વિકલ્પો સર્વેય,-શબ્દવિકલ્પો, અને અર્થવિકલ્પો, **यत्**-કારણ કે, **तद्योजनात्मकश्च**-અને તેનો યોજનાત્મક, તે વિકલ્પનો યોજનાત્મક, **एषः**-આ,-ગોમય-પાયસ આદિ વિકલ્પ કરવાવડે કરીને, **कुतर्कः**-કુતર્ક-ઉક્ત-લક્ષણવાળો છે. **किमनेन तत्**-તેથી કરીને એનાથી શું? એનું શું કામ છે? કંઇ નહિં, એમ અર્થ છે.

છે, એટલે કે જ્ઞાનાવરણીય આદિથી સંપૃક્ત-સંયુક્ત હોય છે. જ્યાં જ્યાં વિકલ્પ છે ત્યાં ત્યાં તેની સાથે અવિદ્યા અવશ્ય જાય જ છે, ને ત્યાં ત્યાં અવશ્ય જ્ઞાનાવરણીય આદિનો ઉદય હોય જ છે. અને તે **અવિદ્યાસંગત વિકલ્પોનો યોજક**-યોજનારો-ગોઠવનારો આ **કુતર્ક** છે. આ છાણ છે તે દૂધ કેમ નહિં? આ દૂધ છે તે છાણ કેમ નહિં? ઇત્યાદિ પ્રકારના અસમંજસ વિકલ્પનો ઉત્પાદક કુતર્ક જ છે. અવિદ્યારૂપ× શિલ્પી-કડીઓ વિકલ્પરૂપ કલ્પનાની શિલા ઘડે છે! અને કુતર્ક તે કલ્પનાની શિલાની યોજના કરે છે, ગોઠવે છે, એક બીજા સાથે સલાડે છે! એટલે મૂળ શિલ્પકાર જ ખોટો! તેનું શિલ્પ-ઘડતર પણ કલ્પનારૂપ, બધુંય હવામાં! હવાઇ કિલ્લા જેવું! Castles in the air! ને તે હવાઇ કિલ્લાની શિલાને સલાડનારો પાછો કુતર્ક! એટલે પછી બધુંય ચણતર ખોટામાં ખોટું કલ્પિત ને હવાઇ જ હોય ને! અને તે બાંધવા જાય તેના પણ ભાંગીને ભુક્કા જ થાય કે બીજું કાંઇ?

વિકલ્પનો યોજક કુતર્ક

"મૂરખ જીવ ધરે ચિત્તમેં કહા, જલ્પ વિકલ્પ સદા દુઃખદાયી;
ધ્યાવહુ બ્રહ્મ સદા અતિ ઉજ્જવલ, દૂર તજો સબ સોજ પરાઇ."

શ્રી દેવચંદ્રજીકૃત દ્રવ્યપ્રકાશ

તો પછી આવા અવિદ્યાપ્રેરિત વિકલ્પને ગોઠવનારા **કુતર્કનું શું કામ છે? શું પ્રયોજન છે?** કંઇ જ નહિં. વિકલ્પનું મૂળ અવિદ્યા છે ને તેને પોષનારો કુતર્ક છે, તો પછી આવા દુષ્ટ અનિષ્ટ અનર્થકારક ને હળાહળ ખોટા કુતર્કને કયો વિબુધ ભજે વારુ? અવિદ્યાજન્ય વિકલ્પથી જ આ સંસારની ઉત્પત્તિ થાય છે, તો પછી સંસારનો અંત ઇચ્છનારો મુમુક્ષુ વિકલ્પનો આશ્રય કેમ કરે? સમસ્ત તત્ત્વજ્ઞાનના ઉત્તમ નિષ્કર્ષરૂપ-નિચોડરૂપ અત્યંત સમર્થ અનુભવવચન તાત્ત્વિકશેખર **શ્રીમદ્ રાજચંદ્રજીએ** ઉચ્ચાર્યા છે કે-

"ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિં વાર."

★

તેમજ—

जातिप्रायश्च सर्वोऽयं प्रतीतिफलबाधितः ।
हस्ती व्यापादयत्युक्तौ प्राप्ताप्राप्तविकल्पवत् ॥ ९१ ॥

વૃત્તિઃ—जातिप्रायश्च-અને જાતિપ્રાય, દૂષણાભાસપ્રધાન, **सर्वोऽयं**-આ સર્વ કુતર્ક, **प्रतीतिफलबाधितः**-પ્રતીતિ-ફલથી બાધિત છે એટલા માટે. એ જ કહે છે-**हस्ती व्यापादयत्युक्तौ**-હાથી મારી નાંખશે એવું વચન મ્હાવતે કહ્યે,-કોની જેમ? તે માટે કહ્યું-प्राप्ताप्राप्तविकल्पवत्-પ્રાપ્ત-અપ્રાપ્તના વિકલ્પની જેમ.

× "विकल्पकल्पनाशिल्पं प्रायोऽविद्याविनिर्मितम् ।
तद्योजनामयश्चात्र कुतर्कः किमनेन तत् ॥"—દ્વા. દ્વા.

પ્રતીતિ-ફલ બાધિત આ, જાતિપ્રાય સહુ જલ્પ;
જયમ 'હાથી હણશે' કહ્યે, પ્રાપ્ત-અપ્રાપ્ત વિકલ્પ. ૯૧.

અર્થ:—અને પ્રતીતિફલથી બાધિત એવો આ સર્વ કુતર્ક જાતિપ્રાય છે-દૂષણાભાસ-પ્રધાન છે. 'હાથી મારી નાંખશે' એવું કહ્યે, હાથી પામેલાને-પાસે રહેલાને હણશે ? કે નહિં પામેલાને-દૂર રહેલાને હણશે ?-એવા વિકલ્પની જેમ.

વિવેચન

અને જે આ સર્વ **કુતર્ક** છે તે સર્વ **જાતિપ્રાય** છે, **દૂષણાભાસપ્રધાન** છે. જ્યાં હોય ત્યાં **દૂષણાભાસ** શોધી કાઢવું એ એનું કામ છે! દૂષણ નહિં-પણ દૂષણ જેવો આભાસ આપતું, દૂષણ જેવું દેખાતું કંઇ પણ છિદ્ર શોધી કાઢવું એ કુતર્કનું કામ છે! 'દૂધમાંથી પોરા કાઢવા' જેવું છલ નિર્દોષ નિરવદ્ય વસ્તુમાં પણ શોધી કાઢવું એ ખલ કુતર્કનું કુશલપણું છે!

"वाद्युक्ते साधने प्रोक्तदोषाणामुद्‌भावनम् ।
दूषणं निरवद्ये तु दूषणाभासनामकम् ॥" **શ્રી સિદ્ધસેનદિવાકરકૃત ન્યાયાવતાર**

કુતર્ક પ્રતીતિ-ફલ બાધિત

આવો આ કુતર્ક પ્રતીતિથી અને ફલથી બાધિત છે, એટલે કે ગમે તેવા કુતર્કથી પણ પ્રતીતિ ઉપજતી નથી, અને તે માન્યામાં આવતો નથી, સર્વદા સંશયાત્મકતા જ રહે છે. ને 'संशयात्मा विनश्यति' સંશયી જીવ વિનાશ પામે છે. તેમજ તેથી કાંઇ ફલ પ્રયોજન સિદ્ધ થતું નથી. ખાલી નકામી માથા-ફોડ થાય છે. એ માટે અત્રે **રમૂજી દષ્ટાંત** રજૂ કર્યું છે કે-હાથી મારી નાંખશે એમ મહાવતે કહ્યે, હાથી પાસે રહેલાને હણે ? કે દૂર રહેલાને હણે ? એવો વિકલ્પ જેમ કોઇ બઠર-જડ કરે, તેની જેમ અત્રે સમજવાનું છે. 'દૂર નિકટ હાથી હણેજી, જયમ એ બઠર વિચાર.' આ દષ્ટાંતનો સાર આ પ્રમાણે:-

---

કોઇ નૈયાયિક છાત્ર (વિદ્યાર્થી) ક્યાંકથી આવ્યો. અવશ-નિરંકુશ થઇ ગયેલા ગાંડા હાથી પર ચઢેલા કોઇએ બૂમ મારી 'અરે! અરે! જલ્દી દૂર ખસી જા! (નહિં તો) હાથી મારી નાંખશે.' એટલે તેવા પ્રકારે જેને ન્યાયશાસ્ત્ર પરિણત ન્હોતું-જે ભણ્યો પણ ગણ્યો ન્હોતો એવા તેણે કહ્યું-'રે રે! બઠર! આમ યુક્તિબાહ્ય કેમ પ્રલપે છે? કારણ કે, શું આ પ્રાપ્તને હણે છે? કે અપ્રાપ્તને? આદ્ય પક્ષમાં ત્હારી જ વ્યાપત્તિનો (મરણનો) પ્રસંગ છે,-પ્રાપ્તિભાવને લીધે. એમ જ્યાં તે કહે છે, ત્યાં તો તેને હાથીએ ગ્રહ્યો-પકડ્યો. તેને માંડ માંડ મ્હાવતે મૂકાવ્યો.

જાતિપ્રાયતા તો સર્વત્ર ભિન્ન અર્થ ગ્રહણ સ્વભાવવાળા સંવેદનના વેદનમાં હોય છે;-તદ્‌ગત (તેમાં પ્રાપ્ત થતા) આકારરૂપ વિકલ્પનના એવંપ્રાયપણાને લીધે, એમ અન્યત્ર ચર્ચવામાં આવ્યું છે.

કોઇ એક નૈયાયિક–ન્યાયશાસ્ત્રનો વિદ્યાર્થી ક્યાંકથી આવી ચઢ્યો. ત્યાં રસ્તામાં નિરંકુશ ગાંડા થયેલા હાથી પર ચઢેલા મહાવતે બૂમ મારી–અરે અરે ! જલ્દી દૂર હઠી જા ! દૂર હઠી જા ! નહિં તો હાથી મારી નાંખશે. એટલે ભણ્યો પણ ગણ્યો નહિં એવો તે વેદીઓ દોઢચતુર દોઢડહાપણ કરી, પોતે ભણેલા ન્યાયશાસ્ત્રની પદ્ધતિએ ન્યાયનો પ્રયોગ કરવા લાગ્યો કે–રે રે મૂર્ખ ! આમ તું યુક્તિબાહ્ય–યુક્તિ વગરનું શું બકે છે ? કારણ કે આ હાથી શું પામેલાને–પાસે આવેલાને હણે ? કે નહિં પામેલાને હણે ? પામેલાને હણે એમ કહે તો તને જ હણે,–એમ જ્યાં તે હજુ પોતાનું સંભાષણ આગળ ચલાવે છે, ત્યાં તો હાથી પાસે આવી પહોંચ્યો, ને તેને પકડ્યો. પછી મહાવતે તેને માંડમાડ છોડાવ્યો. તેમ તેવા પ્રકારે વિકલ્પ કરનારો એવો તે તે દર્શનમાં સ્થિત જીવ પણ કુતર્ક–હસ્તીથી ગ્રહાયેલો હોય છે, તે સદ્ગુરુ–મહાવતથી જ મૂકાવાય છે. આના જેવું બીજું રમૂજી દષ્ટાંત–घृताधारे पात्रं किंवा पात्राधारे घृतम् । ઘીના આધારે પાત્ર છે ? કે પાત્રના આધારે ઘી છે ? એ પ્રયોગસિદ્ધ કરવા માટે વેદીઆ પંડિતે પાત્ર ઊંધું વાળ્યું એટલે ઘી ઢોળાઇ ગયું !

આમ સર્વત્ર જૂદો જ અર્થ ગ્રહણ કરવાના સ્વભાવવાળું સંવેદન જ્યાં જ્યાં હોય છે, ત્યાં ત્યાં **જાતિપ્રાયતા** હોય છે. એટલે કે કહેવાના આશયથી–મતલબથી જૂદો જ અવળો જ આશય ગ્રહણ કરવો, 'ઓડનું ચોડ વેતરવુ' તે જાતિપ્રાયતા છે, **દૂષણાભાસપ્રધાનતા** છે. અને તે સંબંધી વિકલ્પ કરવો તે પણ તદ્રૂપ હોવાથી તેવા પ્રકારનો જાતિપ્રાય–દૂષણાભાસપ્રધાન હોય છે. 'जातयो दूषणाभासाः पक्षादिर्दूष्यते न यैः ।' તાત્પર્ય કે જે વાત કહેવા માગતા હોય, તેનાથી ઊલટો જ–ઊંધો જ અર્થ પકડવો અને તેવો વિકલ્પ કરવો તે જાતિ અથવા દૂષણાભાસ કહેવાય છે. અંગ્રેજી કહેવત પ્રમાણે Chalk ને બદલે Cheese સમજવી, તેની જેમ.

"હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર;
આળસુઆ ગુરુ શિષ્યનોજી, એ તો વચન પ્રકાર....મન."—**શ્રી યો. દ. સજઝાય. ૪–૧૨**

★

તેમજ વળી—

स्वभावोत्तरपर्यन्त एषोऽसावपि तत्त्वतः ।
नार्वाग्दग्गोचरो न्यायादन्यथान्येन कल्पितः ॥ ९२ ॥

વૃત્તિ:–स्वभावोत्तरपर्यन्त एषः–આ કુતર્ક પર્યંતે સ્વભાવ ઉત્તરવાળો હોય છે, છેવટે 'સ્વભાવ' એ જ કુતર્કનો ઉત્તર હોય છે. અને અત્રે 'वस्तुस्वभावैरुत्तरं वाच्यं' વસ્તુસ્વભાવો વડે કરીને ઉત્તર કહેવા યોગ્ય છે, એ વચન ઉપરથી. આમ અગ્નિ દહે છે, પાણી ભીંજવે છે. એવો એઓનો સ્વભાવ છે. असावपि–આ સ્વભાવ પણ, तत्त्वतः–તત્ત્વથી, પરમાર્થથી, –नार्वाग्दग्गोचरः– અર્વાગ્દગ્ગોચર નથી, છદ્મસ્થનો વિષય નથી; न्यायात्–ન્યાયથકી, પરપ્રસિદ્ધ એવા ન્યાયથી. કેવા પ્રકારનો હોઇને ?

સ્વભાવ આવી ઉભો રહે, છેવટનો જ જવાબ;
કુતર્ક એવો હોય એ, એવી એહની છાપ.
એ સ્વભાવ પણ તત્ત્વથી, છદ્મસ્થગોચર નો'ય;
કારણ ન્યાયથી અન્યથા, અન્યથી કલ્પિત હોય. ૯૨.

અર્થ :—સ્વભાવ જ જ્યાં છેવટનો જવાબ છે એવો આ કુતર્ક છે; **અને** આ સ્વભાવ પણ તત્ત્વથી અર્વાગ્દૃષ્ટિવાળાને–છદ્મસ્થને ગોચર હોતો નથી, કારણ કે ન્યાયથી એ બીજાથી બીજા પ્રકારે કલ્પવામાં આવે છે.

વિવેચન

આ જે કુતર્ક કહ્યો, તેનું વિશેષ સ્વરૂપ અહીં કહ્યું છેઃ—આ કુતર્ક એવો હોય છે કે તેમાં **છેવટનો જવાબ 'સ્વભાવ'** હોય છે. જ્યારે બીજી કોઇ પણ દલીલ કે યુક્તિ ન ચાલે, ત્યારે છેલ્લે એમ કહેવાય કે આ તો આ વસ્તુનો સ્વભાવ છે. કહ્યું છે કે–**'वस्तुस्वभावैरुत्तरं वाच्यं'** 'વસ્તુસ્વભાવથી ઉત્તર કહેવો.' આમ અગ્નિ બાળે છે–દઝાડે છે, પાણી ભીંજાવે છે, કારણ કે એવો એનો સ્વભાવ છે.

અને તે સ્વભાવ **પણ** તત્ત્વથી–પરમાર્થથી અર્વાગ્દૃષ્ટિને એટલે કે **છદ્મસ્થને** ગોચર નથી. અમુક વસ્તુનો સ્વભાવ શો છે? તે તત્ત્વથી જાણવું એ છદ્મસ્થનો એટલે કે જ્ઞાનાવરણવંતનો વિષય નથી. જેને સંપૂર્ણ છદ્મ–જ્ઞાનાવરણ ટળ્યું નથી, તે

છદ્મસ્થની

તે જાણી શકવાને સમર્થ નથી. શાથી? પર દર્શનીઓને પ્રસિદ્ધ એવા **અન્યથા કલ્પના** ન્યાયથી. કેવા પ્રકારે? તો કે–અન્ય વાદીથી તે અન્યથા–બીજા જ પ્રકારે કલ્પવામાં આવે છે. કોઇ અમુક પ્રકારે વસ્તુસ્વભાવની કલ્પના કરે, તો

તે માટે કહ્યું–**अन्यथा**–અન્યથા, પ્રકારાન્તરથી, જૂદા જ પ્રકારે, **अन्येन**–અન્યથી, બીજા વાદીથી, **कल्पितः**–કલ્પિત હોઇ, કલ્પવામાં આવેલો હોઇ. દાખલા તરીકે–**'वस्तुस्वभावैरुत्तरं वाच्यं'** વસ્તુ સ્વભાવો પરથી ઉત્તર કહેવો, એમ સર્વત્ર જ તથાપ્રકારે તેની તેની સિદ્ધિમાં કહી શકાય છે. કેવા પ્રકારે?–જેનાવડે તેનો અર્થક્રિયા કરવાનો સ્વભાવ છે, તેના વડે તે અર્થક્રિયા કરે છે,-નહિં કે ક્ષણિકતાથી. કારણ કે તેનો (અર્થક્રિયાનો) સર્વ ભાવોમાં જ સ્વીકાર છે તેટલા માટે. કારણ કે ગમે ત્યાંથી તેના અર્થક્રિયાભાવના પ્રસંગથી તેના કારણનો અવિશેષ હોય છે,–તફાવત હોતો નથી, તેથી.

આમ અગ્નિ, જલની સંનિધિમાં (નિકટ હાજરીમાં) ભીંજવે છે,-તથાપ્રકારના સ્વભાવપણાને લીધે. તથા જલ અગ્નિની સંનિધિમાં દહે છે,–તથાપ્રકારના સ્વભાવપણાને લીધે જ,–સ્વભાવના વૈચિત્ર્યથી–વિચિત્રપણાને લીધે. તેમાં પણ લોકબાધા શિવાય વળી બીજો સ્વભાવ હોય છે, દૃષ્ટાંતમાત્રનું સર્વત્ર સુલભપણું હોય છે. તેથી એમ કુતર્ક અસમંજસકારી (અયુક્ત) છે. એમ ઐદંપર્ય છે, આ કહેવાનું તાત્પર્ય છે.

વળી બીજો વાદી પ્રકારાંતરથી—જુદા જ પ્રકારથી તેની કલ્પના કરે છે. આમ જેનું જ્ઞાનાવરણ ટળ્યું નથી એવા છદ્મસ્થોનું જ્ઞાન કલ્પનારૂપ (Imaginary) હોવાથી, છદ્મસ્થોની ચિત્રવિચિત્ર કલ્પનાનો મેળ ખાતો નથી ! ને 'मुंडे मुंडे मतिर्भिन्ना' 'મગજે મગજે જુદી મતિ' જેવું થાય છે ! એક કલ્પના કરશે ઉત્તરની, તો બીજો કરશે દક્ષિણની ! Diametrically Opposite ! છદ્મસ્થને પ્રત્યક્ષ જ્ઞાન તો છે નહિં, એટલે તેને બધો આધાર વિકલ્પરૂપ કલ્પના ઉપર રાખવો પડે છે, અને કલ્પિત જ્ઞાનથી અનેક કલ્પિત કલ્પનાતરંગો ઊઠયા કરે છે; કારણ કે 'વસ્તુસ્વભાવો ઉપરથી ઉત્તર કહેવો,' એ સૂત્ર પ્રમાણે સર્વત્ર જ તેવા પ્રકારે તેની સિદ્ધિ કહી શકાય છે. તે આ પ્રકારે—જેના વડે કરીને તેનો અર્થક્રિયા કરવાનો સ્વભાવ છે, તેના વડે તે **અર્થક્રિયા** કરે છે,—નહિં કે ક્ષણિકતાથી. અને કોઈ પણ અર્થક્રિયા તેવા પ્રકારના તે વસ્તુના સ્વભાવથી થાય છે. આ અર્થક્રિયાનો સર્વ ભાવોમાં જ સ્વીકાર કરાય છે, અને ગમે ત્યાંથી તેવી અર્થક્રિયાનો પ્રસંગ ઉભો કરી શકાય છે, કારણ કે તેના કારણમાં કોઇ તફાવત નથી.

આમ કોઈ કહેશે કે અગ્નિ, પાણીની નિકટ હાજરીમાં, ભીંજાવે છે; કારણ કે તેનો તેવા પ્રકારનો સ્વભાવ છે ! તથા પાણી, અગ્નિની નિકટ હાજરીમાં, બાળે છે—દઝાડે છે, કારણ કે તેનો તેવા પ્રકારનો સ્વભાવ છે ! અથવા તો સ્વભાવનું વિચિત્રપણું હોવાથી, લોકબાધા ન ઉપજે એવા બીજા પ્રકારના પણ **તથાસ્વભાવપણાની વિચિત્ર કલ્પના** કરી શકાય છે ! કારણ કે તેવા તેવા સ્વભાવને પુષ્ટ કરે એવા દૃષ્ટાંત માત્રનું સર્વત્ર સુલભપણું હોય છે ! ગમે ત્યાંથી તેવું અનુકૂળ દૃષ્ટાંત મેળવવું સ્હેલું છે !

દૃષ્ટાંતનો તોટો નથી

આવા પ્રકારે કુતર્ક કરનાર પોતાના મંતવ્યની—પોતાની કલ્પનાની સિદ્ધિ માટે હંમેશાં વસ્તુસ્વભાવનો આશ્રય લે છે, અને આ વસ્તુસ્વભાવ છે એમ છેવટનો જવાબ આપી સામા માણસને નિરુત્તર કરવાનો—મુખ બંધ કરવાનો પ્રયાસ કરે છે ! અને येन केन प्रकारेण—ગમે તે પ્રકારથી કયાંયથી પણ તેને પોતાની કલ્પનાને અનુકૂળ એવો સ્વભાવ મળી પણ આવે છે ! કારણ કે સ્વભાવનું વિચિત્રપણું હોય છે, અને તેને બંધબેસતું દૃષ્ટાંત મેળવવું પણ બધેય સુલભ હોય છે ! તે મેળવતાં ઝાઝી તકલીફ પડતી નથી ! દાખલા તરીકે—અગ્નિ તો મૂળ ઉષ્ણસ્વભાવી હોઇ દઝાડનાર છે એમ સર્વ કોઇ જાણે છે, છતાં કુતર્ક કરનારો એમ સાબિત કરવાનો પ્રયાસ કરશે કે જુઓ ! અગ્નિનો સ્વભાવ પાણીની હાજરીમાં ભીંજાવવાનો છે, કારણ કે ઉન્હું પાણી ભીંજાવે પણ છે ! તેમજ પાણીનો મૂળ સ્વભાવ, શીતલ હોઇ ભીંજાવવાનો છે, છતાં કુતર્ક કરનાર એવી દલીલ કરશે કે—પાણીનો સ્વભાવ, અગ્નિની હાજરીમાં દઝાડવાનો છે, કારણ કે ઉન્હું પાણી દઝાડે છે ! એ પ્રત્યક્ષ અનુભવ છે. કારણ કે તે તેનો સ્વભાવ છે. આ રીતે વસ્તુસ્વભાવના ઓઠા હેઠળ કુતર્ક કરનાર મારી મચડીને પોતાને મનફાવતો અર્થ બંધ બેસાડે છે ! આમ દૃષ્ટાંતનો તોટો નથી ને

કુતર્કનો આરો નથી! માટે આવો **કુતર્ક** સર્વથા **અસમંજસ**, અયોગ્ય, અનુચિત છે, ઢંગધડા વિનાનો–ઠામઠેકાણા વિનાનો છે, એમ તાત્પર્ય છે. અને એટલા માટે જ આત્માર્થી મુમુક્ષુ જોગીજને તેનો સર્વથા દૂરથી પરિત્યાગ કરવો યોગ્ય છે.

★

આ જ અર્થને વિશેષથી કહી દેખાડવા કહે છે—

अतोऽग्निः क्लेदयत्यम्बुसन्निधौ दहतीति च ।
अम्ब्वग्निसन्निधौ तत्स्वाभाव्यादित्युदिते तयोः ॥ ९३ ॥

એથી જલ સન્નિધાનમાં, અનલ ભીંજવે વાહ!
સન્નિધાનમાં અનલના, જલ ઉપજાવે દાહ;
એમ તેહ બન્ને તણા, તથા સ્વભાવે થાય;
એમ કોઇ વાદિ થકી, જ્યારે કથન કરાય; ૯૩.

અર્થ :—એટલા માટે પાણીની હાજરીમાં અગ્નિ ભીંજવે છે, ને અગ્નિની હાજરીમાં પાણી દઝાડે છે,–એમ તે બન્નેના તેવા સ્વભાવપણાને લીધે થાય છે, એવું કોઈથી જ્યારે કથવામાં આવે ત્યારે—

વિવેચન

ઉપરમાં કહેલી વાતને વિશેષથી કહી દેખાડે છેઃ–પ્રસ્તુત વસ્તુસ્વભાવ અર્વાગ્દૃષ્ટિ–છદ્મસ્થને ગોચર નથી, **છદ્મસ્થ** તે સ્વભાવને યથાર્થ જાણી શકતો નથી. એટલા માટે જ અગ્નિ, પાણીની સંનિધિમાં–નિકટ હાજરીમાં, ભીંજવે છે; અથવા પાણી, અગ્નિની સંનિધિમાં–નિકટ હાજરીમાં દઝાડે છે; કારણ કે અગ્નિનો ને પાણીનો તેવો તેવો **સ્વભાવ** છે,–એમ કોઈ વાદી જ્યારે દલીલ કરે છે. ત્યારે શું? તેનું અનુસંધાન નીચેના શ્લોકમાં કહ્યું છે.

અગ્નિનો અસલ સ્વભાવ ઉષ્ણ છે, અને તેથી દઝાય છે એમ આબાલવૃદ્ધ સર્વ કોઇ જાણે છે, છતાં કુતર્ક કરનારો કહેશે કે–અગ્નિનો સ્વભાવ ભીંજવવાનો છે, કારણ કે અગ્નિ પાણીની હાજરીમાં ભીંજવે છે, ઉષ્ણ જલ ભીંજવે છે, એ પ્રત્યક્ષ દેખાય છે.

वृत्तिः—કારણ કે અધિકૃત–પ્રસ્તુત સ્વભાવ અર્વાગ્દૃગ્ગોચર–છદ્મસ્થની દૃષ્ટિને ગોચર નથી, **अतो**–એથી કરીને, એ કારણથી, **अग्निः क्लेदयति**–અગ્નિ ભીંજવે છે; પ્રત્યક્ષ વિરોધના પરિહાર અર્થે કહ્યું કે–**अम्बुसन्निधौ**–જલની સંનિધિમાં, નિકટ હાજરીમાં. **दहति वाम्बु**–અથવા પાણી દઝાડે છે. પ્રતીતિબાધા નથી એટલા માટે કહ્યું કે–**अग्निसंनिधौ**–અગ્નિની સંનિધિમાં (અગ્નિની નિકટ હાજરીમાં) આ એમ કેમ છે? તે માટે કહ્યું–**तत्स्वाभाव्यात्तयोः**–તે બન્નેના તે સ્વાભાવપણાને લીધે. અગ્નિનો ને પાણીનો તેવો સ્વભાવ છે તેથી કરીને, **उदिते**–પરવાદીથી કહેવામાં આવ્યો,–એમ એમ જ્યારે કોઇ પરવાદી કહે છે ત્યારે—

તેમજ જલ મૂળ શીતલ સ્વભાવી છે, અને તેથી ભીંજાવાય છે, છતાં કુતર્ક કરનાર એમ સાબિત કરવા પ્રયત્ન કરશે કે-પાણીનો સ્વભાવ દઝાડવાનો છે, કારણ કે પાણી અગ્નિની હાજરીમાં દઝાડે છે, ઉષ્ણ જલ દઝાડે છે, એ પ્રત્યક્ષ અનુભવ છે. આમ વસ્તુસ્વભાવના ઓઠા નીચે કુતર્ક કરનાર પોતાને મનફાવતો અર્થ એક જ વાતમાંથી ઉતારી શકે છે !

★

શું ? તે કહે છે—

कोशपानादृते ज्ञानोपायो नास्त्यत्र युक्तितः।
विप्रकृष्टोऽप्ययस्कान्तः स्वार्थकृद्दृश्यते यतः ॥ ९४ ॥

કોશપાન વિના બીજો, હોય ન જ્ઞાન ઉપાય;
એવું પણ યુક્તિ થકી, અત્રે સ્થાપિત થાય!
કારણ દૂર રહ્યો છતાં, લોહચુંબ પાષાણ;
સ્વાર્થ કાર્ય કરતો સદા, દેખાયે આ ઠાણ. ૯૪

અર્થ:—અત્રે યુક્તિથી કોશપાન સિવાય જ્ઞાન ઉપાય છે નહિ; કારણ કે વિપ્રકૃષ્ટ (દૂર રહેલો) લોહચુંબક પણ સ્વાર્થ કરનારો (પોતાનું કાર્ય કરનારો) દેખાય છે.

વિવેચન

ત્યારે કોઈ વળી એમ કહેશે કે **કોશપાન** (શબ્દકોષ પી જવો-ગોખી જવો તે) સિવાય જ્ઞાનનો બીજો ઉપાય નથી ! એમ અત્રે સ્વભાવના પ્રસંગમાં શુષ્ક તર્કની યુક્તિથી સ્થાપિત થઈ શકશે. જો સ્વભાવની જ વાત કર્યા કરશો, તો કોઈ વળી એ જ સ્વભાવની યુક્તિ આગળ ધરીને ઉપર પ્રમાણે દલીલ કરશે. તેમાં વળી કોઈ વિપ્રકર્ષનો (Far-fetched argument) એટલે દૂરપણાનો-છેટાપણાનો વાંધો લેશે, તો તે પણ આ **લોહચુંબક દૃષ્ટાંતથી** દૂર કરી શકાશે:-દૂર રહેલો અયસ્કાંત-લોહચુંબક પત્થર પણ સ્વાર્થ સાધે છે, અર્થાત્ લોઢાનું આકર્ષણ વગેરે પોતાનું કાર્ય કરવાનો સ્વભાવ ધરાવતો દેખાય છે.

વૃત્તિઃ-**कोशपानादृते**—કોશપાન સિવાય, **ज्ञानोपायो नास्त्यत्र**-જ્ઞાનઉપાય અત્રે-સ્વભાવ વ્યતિકરમાં (પ્રસંગમાં) છે નહિં, **युक्तितः**-યુક્તિથી, શુષ્ક તર્કયુક્તથી, કોઈ બીજું દૃષ્ટાંત પણ આ અર્થનું સમર્થક એવું વિદ્યમાન છે જ, એટલા માટે કહ્યું-**विप्रकृष्टोऽप्यस्कान्तः**-વિપ્રકૃષ્ટ-દૂર રહેલો એવો અયસ્કાંત-લોહાકર્ષક પત્થરવિશેષ, **स्वार्थकृत्**-સ્વાર્થ કરનારો, લોહાકર્ષણ આદિ સ્વકાર્ય કરણરૂપ સ્વભાવવાળો, **दृश्यते यतः**-કારણ કે દેખાય છે.

લોહ પરત્વે તે જ વિપ્રકૃષ્ટ જ-દૂર રહેલો જ એવો સંનિકૃષ્ટ લોહને જ, નહિં કે તામ્રાદિને, આકર્ષે જ છે, નહિં કે કાપે છે. તેથી આમ આની જેમ અગ્નિ આદિનું તથાસ્વભાવ કલ્પન કોનાથી બાધિત થાય ? કોઈથી નહિં, એમ ભાવવા યોગ્ય છે.

કારણ કે તે દૂર રહ્યો રહ્યો જ લોઢાને ખેંચે છે, નજીક હોય તો નહિં; સંનિકૃષ્ટ–નિકટ લોઢાને જ ખેંચે છે, તાંબા વગેરેને નહિં; લોઢાને ખેંચે જ છે, કાપતો નથી. કારણ કે લોહચુંબકનો તેવો જ સ્વભાવ છે.

તેથી આમ આની પેઠે અગ્નિ વગેરેના **તથાસ્વભાવનું કલ્પન** કોનાથી બાધી શકાય વારુ? કોઇથી નહિં, એમ ભાવવા યોગ્ય છે. ગમે તેવો સ્વભાવ કુયુક્તિથી ને દષ્ટાંતબલથી સ્થાપિત કરી શકાય એમ છે, માટે એવા **કુતર્કના ચુંથણા** કરવામાં કાંઇ સાર નથી, કંઇ માલ નથી. તત્ત્વગવેષક મુમુક્ષુએ તો આ દુષ્ટ કુતર્કને નવ ગજના નમસ્કાર જ કરવા યોગ્ય છે. !

★

ઉપસંહાર કરતાં કહે છે—

दृष्टान्तमात्रं सर्वत्र यदेवं सुलभं क्षितौ ।
एतत्प्रधानस्तत्केन स्वनीत्यापोद्यते ह्ययम् ॥ ९५ ॥

એમ દષ્ટાંતમાત્ર અહીં, સર્વત્ર સુલભ જોય;
તત્પ્રધાન આ કોણથી, સ્વનીતિથી બાધિત હોય? ૯૫

અર્થ:—આમ પૃથ્વીમાં સર્વત્ર દષ્ટાંતમાત્ર સુલભ છે. તેટલા માટે એ દષ્ટાંતપ્રધાન એવો આ કુતર્ક કોનાથી પોતાની નીતિ વડે કરીને બાધિત થઇ શકે વારુ?

વિવેચન

આમ ઉપરમાં જે કહ્યું તે પ્રમાણે આ પૃથ્વીમાં સવિશેષપણે સર્વ કોઈ સ્થળે સર્વત્ર **દષ્ટાંતમાત્ર સુલભ છે**; કોઈ પણ સાધ્ય વસ્તુ વિષે, લોક–પ્રતીતિથી બાધિત એવું, દષ્ટાંત મેળવવું સ્હેલું છે. પોતાના સાધ્યને અનુકૂળ–બંધબેસ્તું એવું દષ્ટાંત મળી આવવું મુશ્કેલ નથી. પછી ભલેને તે લોકને પ્રતીત ન થાય એવું, માન્યામાં ન આવી શકે એવું હોય ! ગમે તેમ મારી મચરડીને, તાણી ખેંચીને, પોતાની માન્યતાની ડાબલી બંધ બેસાડવા ખાતર ઊભું કરેલું હોય ! માટે આવું દષ્ટાંત જ્યાં પ્રધાન છે, આવા દષ્ટાંત પર જ જેનો બધો મદાર છે, આવા દષ્ટાંતના પોલા થાંભલા પર જ જેની હવાઇ ઇમારત અદ્ધર ઉભી છે, એવા આ કુતર્કને કોણ પોતાની નીતિથી વારી શકે? કોણ બાધિત કરી શકે વારુ? કોઇ નહિં.

દષ્ટાંતપ્રધાન કુતર્ક

વૃત્તિઃ—**दृष्टांतमात्रं**—દષ્ટાંતમાત્ર, સાધ્ય વસ્તુમાં, લોક–પ્રતીતિથી બાધિત એવું, **सर्वत्र**–સર્વત્ર અવિશેષથી **यदेवम्**–કારણ કે એમ, ઉક્ત નીતિથી, **सुलभं**–સુલભ, **क्षितौ**–પૃથ્વીમાં છે. **एतत्प्रधानो**ऽयं–એ દષ્ટાંતપ્રધાન આ કુતર્ક, **केनापोद्यते**–કોનાથી દૂર કરાય–બાધિત થાય? કોઇનાથી સ્વનીતિના વિરોધને લીધે, એમ અર્થ છે.

કદાચ કોઇ એમ કહેશે કે કલ્પનાગૌરવ આદિથી આ કુતર્કને બાધા પ્હોંચે છે. જેમકે અગ્નિસંનિધિમાં પાણીનો દાહ સ્વભાવ કલ્પવો તેમાં કલ્પનાગૌરવ (Monstrous imagination) છે, ઘણી ભારી કલ્પના છે, તે ગળે ઉતરે એમ નથી; માટે તે બાધક છે. એમ કોઇ કહેશે તો તેનો ઉત્તર એ છે કે યુક્તિથી સિદ્ધ સ્વભાવના બાધનમાં કલ્પનાગૌરવાદિક સમર્થ નથી, કારણ કે હજારો કલ્પનાઓથી પણ સ્વભાવનું અન્યથા કલ્પવું શકય નથી. એટલા માટે જ કલ્પનાલાઘવથી-નાનીસૂની કલ્પનાથી પણ સ્વભાવાંતર કલ્પવો શકય નથી, એમ સમજી લેવું. ગૌરવ છતાં અપ્રામાણિક હોય તો તેનું દુર્ગ્રહપણું છે; અને પ્રામાણિક હોય તો ગૌરવાદિ થકી પણ અદોષપણું છે. તાત્પર્ય કે કલ્પનાગૌરવ હોય કે કલ્પનાલાઘવ હોય, તેથી કાંઇ કુતર્કને બાધા પ્હોંચતી નથી; માટે આવો આ દૃષ્ટાંત-પ્રધાન× કુતર્ક સર્વથા પરિત્યાગ કરવા યોગ્ય જ છે એમ નિશ્ચિત થયું.

કલ્પના-ગૌરવાદિ બાધક નથી

★

અહીં જ દૃષ્ટાંત કહે છે—

द्विचन्द्रस्वप्नविज्ञाननिदर्शनबलोत्थितः।
निरालम्बनतां सर्वज्ञानानां साधयन्यथा ॥९६॥

દ્વિચંદ્ર સ્વપ્નવિજ્ઞાનના, ઉદાહરણ બલ દાવ;
જયમ સહુ જ્ઞાનની સાધતો, નિરાલંબતા સાવ. ૯૬

અર્થ:—જેમ બે ચંદ્રના અને સ્વપ્નવિજ્ઞાનના ઉદાહરણ બલથી ઊઠતો એવો આ કુતર્ક, સર્વ જ્ઞાનોની નિરાલંબનતા સાધતો સતો, કોનાથી બાધિત થાય વારુ ?

વિવેચન

ઉપરમાં કુતર્કની દૃષ્ટાંતપ્રધાનતા કહી, ને આવા દૃષ્ટાંતપ્રધાન કુતર્કને કોણ બાધિત કરી શકે એમ કહ્યું. તે સ્પષ્ટ બતાવવા માટે અહીં **દૃષ્ટાંત** રજૂ કર્યું છે:- ચંદ્ર એક છે, છતાં ત્રાંસી આંખે બે દેખાય છે સ્વપ્ન મિથ્યા છે-ખોટું છે, છતાં તેનું વિજ્ઞાન-જાણપણું થાય છે. આમ બે ચંદ્રનું જ્ઞાન, તેમ જ સ્વપ્નવિજ્ઞાન વાસ્તવિક રીતે મિથ્યા છે, ખોટા

વૃત્તિઃ-**द्विचन्द्रस्वप्नविज्ञाननिदर्शनबलोत्थितः**—બે ચંદ્રના અને સ્વપ્નવિજ્ઞાનના નિદર્શનના-ઉદાહરણના બલથી-સામર્થ્યથી ઊઠેલો-ઉપજેલો એવો કુતર્ક, **निरालम्बनताम्**-નિરાલંબનતા, આલંબનશૂન્યતા, **सर्वज्ञानानाम्**-સર્વ જ્ઞાનોની, મૃગતૃષ્ણા આદિ ગોચર સર્વ જ્ઞાનોની, -અવિશેષથી, સામાન્યે કરીને, **साधयन्यथा**-સાધતો સતો જેમ, -આવો કુતર્ક કોનાથી બાધી શકાય વારુ ?

× "दृष्टान्तमात्रसौलभ्यात्तदयं केन बाध्यताम्।
स्वभावबाधने नालं कल्पनागौरवादिकम् ॥" द्वा द्वा. २३-१०

છે, આલંબન વિનાના, આધાર વિનાના, નિર્મૂળ છે. આ દૃષ્ટાંતના સામર્થ્યથી, આ દૃષ્ટાંત આગળ ધરીને કોઇ એમ કુતર્ક કરે કે જેમ આ જ્ઞાન નિરાલંબન હોઇ મિથ્યા–ખોટા છે, તેમ મૃગતૃષ્ણાદિ ગોચર બીજા બધા જ્ઞાન નિરાલંબન હોઇ મિથ્યા–ખોટા છે. ઝાંઝવાના જલ નિરાલંબન છે, વાસ્તવિક છે નહિં, પણ મિથ્યા આભાસરૂપ દેખાય છે, તેમ સર્વ જ્ઞાનો નિરાલંબન હોઇ મિથ્યા છે. આમ કુતર્ક કરી દૃષ્ટાંતના બલે કરીને સર્વ જ્ઞાનોનું નિરાલંબન-પણું, નિરાધારપણું, નિર્મૂળપણું કોઇ સાબિત કરવા જાય, તો તેને કોણ બાધિત કરી શકે વારુ ? કોઇ નહિં. કુતર્ક કોઇ રીતે બાધિત કરવો શક્ય નથી, એનું આ ઉદાહરણ માત્ર રજૂ કર્યું; માટે આવા ઉંધા રવાડે ચડાવી દેનાર, ઉન્માર્ગે લઇ જનાર, ઉત્પથે દોરી જનાર કુતર્કનો કયો વિવેકી પુરુષ આશ્રય કરે ?

★

અને એમ તત્ત્વસિદ્ધિ નથી એટલા માટે કહે છે—

सर्वं सर्वत्र चाप्नोति यदस्मादसमञ्जसम् ।
प्रतीतिबाधितं लोके तदनेन न किंचन ॥ ९७ ॥

એથી અસમંજસ બધું, પ્રાપ્ત થાય સર્વત્ર;
પ્રતીતિ બાધિત લોકમાં, એથી કાંઈ ન અત્ર. ૯૭

અર્થ :—કારણ કે આ કુતર્કથકી સર્વ સર્વત્ર પ્રાપ્ત થાય છે, કે જે અસમંજસ (અયથાર્થ) અને લોકમાં પ્રતીતિથી બાધિત એવું હોય છે. તેટલા માટે આ કુતર્કથી કાંઇ નથી, એનું કાંઇ પ્રયોજન નથી.

વિવેચન

અને આમ કુતર્ક કરવા થકી કોઇ પ્રકારે તત્ત્વસિદ્ધિ થતી નથી, કારણ કે આ કુતર્કથી તો સર્વ સર્વત્ર પ્રાપ્ત થાય છે, ગમે ત્યાં ગમે તે કાંઇ સાધ્ય થઇ શકે છે. કોઇ એક અમુક દૃષ્ટાંતના બલથી અમુક વાત સિદ્ધ કરી, કુતર્કથી તે દૃષ્ટાંત સર્વત્ર લાગુ પાડવામાં આવે છે ! એક લાકડીએ બધાયને હાંકવામાં આવે છે ! આ અતિપ્રસંગરૂપ હોઇ અસમંજસ છે, અયથાર્થ છે, અયોગ્ય છે. વળી આ કુતર્ક તો લોકમાં પણ પ્રતીતિથી બાધિત

દુષ્ટ કુતર્કથી સર્યું

વૃત્તિઃ—**सर्वं**–સર્વ, નિરવશેષ સાધ્ય એમ પ્રક્રમ છે, **सर्वत्र च**–સર્વત્ર વળી, સર્વત્ર જ વસ્તુમાં **प्राप्नोति**–પ્રાપ્ત થાય છે, **यद्यस्मात्**–જે આ કુતર્કથકી, **असमंजसम्**–અસમંજસ, (અયથાર્થ),–અતિપ્રસંગને લીધે. **प्रतीतिबाधितं लोके**–લોકમાં પ્રતીતિથી બાધિત થતું એવું,–તેવા પ્રકારના દૃષ્ટાંતમાત્ર સારવંતપણાથી, **तदनेन न किंचन**–તેથી આથી–આ કુતર્કથી કાંઇ નથી, (એનું કાંઇ કામ નથી.)

થાય છે, એટલે કે લોકમાં પણ તે માટે પ્રતીતિ ઉપજતી નથી, ખાત્રી થતી નથી. કુતર્કથી સિદ્ધ કરાતી વાત લોકોને પણ માન્યામાં આવતી નથી. કારણ કે તેમાં માત્ર દૃષ્ટાંત સિવાય બીજો કાંઈ સાર હોતો નથી આમ સર્વથા આવા નિઃસાર તુચ્છ કુતર્કથી કાંઈ નથી; એમાં કાંઈ માલ નથી. એટલે આવા અસમંજસકારી લોકપ્રતીતિથી બાધિત કુતર્કથી સર્યું !

"तत्कुतर्केण पर्याप्तमसमञ्जसकारिणा ।
अतीन्द्रियार्थसिद्धयर्थं नावकाशोऽस्य कुत्रचित् ॥ द्वा. द्वा. २३-१२.

માટે જે સત્યતત્ત્વનો જિજ્ઞાસુ છે એવા તત્ત્વગવેષક આત્માર્થીએ તો કયારેય પણ, કોઈ પણ પ્રકારના કંઈ પણ કુતર્કને બીલકુલ કોઠું આપવા યોગ્ય નથી જ, એમ **તાત્પર્ય** છે. આ અંગે પ્રત્યેક મુમુક્ષુએ પરમ આત્માનુભવી **શ્રીમદ્ રાજચંદ્રજીના** આ **ટંકોત્કીર્ણ** વચન હૃદયમાં સદા કોતરી રાખવા યોગ્ય છે—

"છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ."—**શ્રી આત્મસિદ્ધિ.**

કુતર્ક નિંદાનો સારાંશ

અને આ વચનનો જાણે પ્રતિધ્વનિ કરતા **હોય**–પડઘો પાડતા હોય, એમ ભગવાન્ શાસ્ત્રકાર મહર્ષિ **હરિભદ્રસૂરિજીએ** આ કુતર્કરૂપ વિષમ ગ્રહના ત્યાગ પર આટલો બધો ભાર મૂકયો છે, સર્વ પ્રકારના આગ્રહ–અભિનિવેશનો અત્યંત નિષેધ કર્યો છે. કારણ કે આ કુતર્ક વિષમ ગ્રહની ખૂબ નિંદા કરતાં, તેઓશ્રીએ સ્પષ્ટ દર્શાવ્યું કે–આ કુતર્ક, (૧) બોધ પ્રત્યે રોગરૂપ છે, (૨) શમને–આત્મશાંતિને અપાયરૂપ છે, (૩) શ્રદ્ધાનો ભંગ કરનાર છે, (૪) મિથ્યા અભિમાન ઉપજાવનાર છે, અને (૫) આમ તે ચિત્તનો અનેક પ્રકારે ભાવશત્રુ–પરમાર્થરિપુ છે, માટે તેમાં અભિનિવેશ કરવો મુમુક્ષુને યોગ્ય નથી. (૬) સર્વ વિકલ્પો અવિદ્યાસંગત છે, અને તેની યોજના–ગોઠવણી કરનાર આ કુતર્ક છે, માટે તેથી શું કામ છે ? (૭) આ સર્વ કુતર્ક જાતિપ્રાય એટલે દૂષણાભાસપ્રધાન છે, પ્રતીતિથી અને ફલથી બાધિત છે. દૂર રહેલાને હાથી હણે ? કે નિકટ રહેલાને ? તેના જેવા વેદિયાવેડાની જેમ. (૮) વળી આ કુતર્કમાં છેવટનો જવાબ 'સ્વભાવ' છે. અને આ સ્વભાવ તો તત્ત્વથી છદ્મસ્થોને ગોચર નથી, કારણ કે અન્યથી તે અન્ય પ્રકારે કલ્પવામાં આવે છે. જેમકે અગ્નિ ભીંજવે છે, પાણી બાળે છે, ઇત્યાદિ. (૯) આમ સર્વત્ર લોકપ્રતીતિથી બાધિત એવું દૃષ્ટાંત સુલભ છે, તો પછી આવા દૃષ્ટાંતપ્રધાન કુતર્કને કોણ વારી શકે ? જેમકે–બે ચંદ્ર ને સ્વપ્નવિજ્ઞાનના ઉદાહરણના બલ ઉપરથી ઊઠતો કુતર્ક સર્વ જ્ઞાનોનું નિરાલંબનપણું સાધે છે ! (૧૦) આમ લોકપ્રતીતિથી બાધિત એવું સર્વ કાંઈ પણ અસમંજસ કુતર્કથી સર્વત્ર પ્રાપ્ત થાય છે. કુતર્કથી ગમે તેવું અગડંબગડં ગમે ત્યાં સાબીત થઈ શકે છે ! તો પછી આવા અનિષ્ટ દુષ્ટ કુતર્કનું શું પ્રયોજન છે ?

માટે આવા કુતર્કગ્રહનો-કદાગ્રહનો **તૃણની જેમ ત્યાગ કરવો** એ જ ઉદારબુદ્ધિ મુમુક્ષુજનને ઉચિત છે, અને એમ જે કરે છે, 'તેને પતિવ્રતા કુલીન સ્ત્રીની જેમ ગુણાનુરક્ત યશલક્ષ્મી+ કદી છોડતી નથી.' અને આવો નિંદ્ય આ દુષ્ટ, અનિષ્ટ, અસત્ એવો **કુતર્ક વિષમ ગ્રહ,** અત્રે આ દૃષ્ટિમાં **અવેદ્યસંવેદ્યપદનો** જય થતાં આપોઆપ ટળે છે.

। इति कुतर्कविषमग्रहनिन्दाधिकारः ।

અતીંદ્રિય અર્થસિદ્ધિઉપાય

અને અહીં આ એમ છે, એટલા માટે કહે છે—

अतीन्द्रियार्थसिद्धयर्थं यथालोचितकारिणाम् ।
प्रयासः शुष्कतर्कस्य न चासौ गोचरः क्वचित् ॥ ९८ ॥

સિદ્ધયર્થ અતીન્દ્રિયાર્થની, પ્રેક્ષાવંત પ્રયાસ;
ને તે ગોચર ક્યાંય ના, શુષ્ક તર્કને ખાસ. ૯૮

અર્થ:—જોઈ વિચારીને વર્તનારા પ્રેક્ષાવંત જનોનો પ્રયાસ અતીન્દ્રિય અર્થની સિદ્ધિને અર્થે હોય છે; અને તે અતીન્દ્રિય અર્થ તો કવચિત્ પણ શુષ્ક તર્કનો ગોચર (વિષય) હોતો નથી.

વિવેચન

જે પ્રેક્ષાવંત વિચારવાન જીવો છે, તે **વિવેકીઓનો પ્રયાસ અતીન્દ્રિય અર્થની સિદ્ધિ અર્થે** હોય છે. ધર્મ, આત્મા આદિ અતીન્દ્રિય અર્થ છે, એટલે કે ઇંદ્રિયને અગોચર છે, ઇંદ્રિયજ્ઞાનવડે જાણી શકતા નથી. ત્યાં ગો-ચર નથી, અર્થાત્ ગો એટલે ઇંદ્રિય, તેનો ચર-સંચાર નથી, ગતિ-પ્રસર નથી. આવા અતીન્દ્રિય, ઇંદ્રિયજ્ઞાનથી પર એવા ધર્મ-આત્મા આદિ અર્થનું સ્વરૂપ વાસ્તવિક રીતે કેવું છે ? તે જાણવા માટે, સમજવા માટે ને સિદ્ધ કરવા માટે વિચારવંત વિવેકી પુરુષો સતત પ્રયત્નશીલ રહે છે,

---

वृत्तिः—**अतीन्द्रियार्थसिद्धयर्थं**—અતીન્દ્રિય અર્થની સિદ્ધિને અર્થે, ધર્મ આદિની સિદ્ધિ અર્થે એમ અર્થ છે, **यथालोचितकारिणाम्**—યથાલોચિતકારીઓનો. પ્રેક્ષાવંતોનો, **प्रयासः**—પ્રયાસ, પ્રવૃત્તિ-ઉત્કર્ષ હોય છે. **शुष्कतर्कस्य**—અધિકૃત શુષ્ક તર્કનો, **न चासौ**—અને નથી હોતો તે અતીન્દ્રિય અર્થ, **गोचरः**—ગોચર, વિષય, **क्वचित्**—કવચિત્, ક્યાંય પણ.

+ "इदं विदंस्तत्त्वमुदारबुद्धिरसद्ग्रहं यस्तृणवज्जहाति ।
जहाति नैनं कुलजेव योषिद् गुणानुरक्ता दयितं यशःश्रीः ॥"—શ્રી અધ્યાત્મસાર.

મથે છે. અને એમ કરતાં તેઓને આત્મા-ધર્મ આદિ પદાર્થના અતીન્દ્રિયપણાની વિશેષ પ્રતીતિ થાય છે. તે આ પ્રકારે :-

ઇંદ્રિયોનો ઇંદ્ર આત્મા

'ઇંદ્રિય' એટલે ઇંદ્ર સંબંધિની. ઇંદ્ર એટલે આત્મા જેનો સ્વામી છે તે **ઇંદ્રિય.** અથવા જે પોતપોતાના નિયત ક્ષેત્રમાં અહમિન્દ્રની જેમ સર્વસત્તાધીશ થઇને વર્તે છે તે ઇંદ્રિય. તેના ક્ષેત્રમાં બીજાનું કંઇ ચાલતું નથી ને બીજાના ક્ષેત્રમાં તેનું કંઇ ચાલતું નથી. પોતપોતાની ક્ષેત્રમર્યાદાની બહાર કોઇ ઇંદ્રિયની સત્તા ચાલતી નથી. જેમકે-આંખ દેખવાનું જ કામ કરી શકે છે, કાન સાંભળવાનું જ કામ કરી શકે છે. આંખથી સંભળાતું નથી, કે કાનથી દેખાતું નથી. આમ પ્રત્યેક ઇંદ્રિયની સત્તા નાના ઠાકરડાની પેઠે પોતાના નાનકડા સ્વક્ષેત્ર પૂરતી જ મર્યાદિત છે. આવી સર્વ ઇંદ્રિયોની સત્તાથી જે પર છે, તે ઇંદ્રિયોનો પણ જે ઇંદ્ર-અધિષ્ઠાતા સ્વામી છે, તે **'આત્મા'** નામથી ઓળખાતી વસ્તુ છે.

'નથી દૃષ્ટિમાં આવતો'

અત્રે કોઇ એમ શંકા કરે કે-આત્મા જેવી કોઇ વસ્તુ જ નથી કારણ કે તે દૃષ્ટિમાં આવતો નથી-નજરે ચડતો નથી, તેનું કોઇપણ રૂપ જણાતું નથી, તેમજ તેનો બીજો કોઇ પણ અનુભવ થતો નથી. માટે જીવનું સ્વરૂપ છે જ નહિં. અથવા દેહ જ આત્મા છે, અથવા ઇંદ્રિય-પ્રાણ એ આત્મા છે, આત્મા જૂદો માનવો એ મિથ્યા છે, કારણ તેનું જૂદું એંધાણ નથી. વળી જો તે આત્મા હોય તો તે કેમ જણાતો નથી? જો તે હોય તો ઘટ-પટ વગેરેની જેમ જણાવો જોઇએ, માટે આત્મા જેવો કોઇ પદાર્થ નથી. અને તો પછી મોક્ષનો ઉપાય પણ મિથ્યા છે-ફોગટ છે.

"નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહિં, તેથી ન જીવસ્વરૂપ.
અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જૂદો માનવો, નહિં જૂદું એંધાણ
વળી જો આત્મા હોય તો, જણાય તે નહિં કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ.
માટે છે નહિં આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકાતણો, સમજાવો સદુપાય."

શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ.

આમ કોઇ દેહાત્મવાદી કે જડવાદી દલીલ કરે તે કેટલી બધી પોકળ છે, એ ઉપર કહેલા ઇંદ્રિયના સ્વરૂપ પરથી સ્હેજે સમજી શકાય છે. કારણ કે જે **દ્રષ્ટિનો પણ દ્રષ્ટા**

'જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો'

છે, જે રૂપને જાણનારો છે, તેને દૃષ્ટિ કેમ દેખી શકશે વારુ? સર્વ ઇંદ્રિયોથી પર એવો **અબાધ્ય અનુભવ** જે બાકી રહે છે, તે જ જીવનું સ્વરૂપ છે. પ્રત્યેક ઇંદ્રિયને તો પોતપોતાના વિષય પૂરતું જ જ્ઞાન હોય છે, પણ આત્માને તો પાંચે ઇંદ્રિયના વિષયનું ભાન હોય છે. દેહ તે આત્માને જાણતો નથી, ઇંદ્રિય કે પ્રાણ તેને જાણતા નથી, પણ ખુદ આત્માની સત્તા વડે કરીને જ તે દેહ ઇંદ્રિય ને પ્રાણ પોતપોતાના નિયત કાર્યમાં પ્રવર્ત્તે છે. આત્મા એ બધા યંત્રનો ચલાવનારો **યંત્રવાહક** છે. આમ સર્વ અવસ્થામાં જે સદાય ન્યારો–જૂદો જ જણાય છે, જૂદો જ તરી આવે છે, જે **પ્રગટરૂપ ચૈતન્યમય** છે, તે આત્મા છે; અને એ જ એનું સદાય એંધાણ છે–ઓળખવાની નીશાની છે. બાકી દેહાધ્યાસને લીધે આત્મા દેહ સમાન ભાસે છે, પણ તે બન્ને પ્રગટ લક્ષણ ઉપરથી ભિન્ન છે,–'**જેમ અસિ ને મ્યાન**' ભિન્ન છે–જૂદા છે તેમ.

"જે દૃષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.
છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પંચ ઇંદ્રિના વિષયનું, પણ આત્માને ભાન.
દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિય પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્ત્તે જાણ.
સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય.
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન."

(જુઓ) **શ્રીમદ્ રાજચંદ્રજીકૃત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર.**

આમ આત્માદિ અર્થનું અતીન્દ્રિયપણું સાબિત થાય છે. અને તે **અતીન્દ્રિય પદાર્થ** તો કવચિત્ પણ પ્રસ્તુત **શુષ્ક તર્કનો વિષય નથી** હોતો. સુક્કા, નીરસ, વિતંડાવાદ જેવા કોરાધાકોડ તર્કથી કદી પણ અતીન્દ્રિય અર્થની સિદ્ધિ થતી નથી. માટે એવા અપ્રયોજનભૂત, ઇષ્ટ સિદ્ધિને નહિં સાધનારા, અને ઉલટા આત્માર્થને હાનિરૂપ–બાધારૂપ થઇ વ્યામોહ ઉપજાવનારા શુષ્ક તર્કને કયો વિચારવંત આત્માર્થી પુરુષ સેવે? આદરે? કોઇ વિચારવાન વિવેકી જીવ તો તેને દૂરથી પણ સ્પર્શે જ નહિં.

★

गोचरस्त्वागमस्यैव ततस्तदुपलब्धितः ।
चन्द्रसूर्योपरागादिसंवाद्यागमदर्शनात् ॥ ९९ ॥

પણ અતીન્દ્રિય અર્થ તે, આગમ ગોચર હોય;
તેહ થકી તે અર્થની, ઉપલબ્ધિ અહિં જોય;
ચંદ્ર-સૂર્ય ગ્રહણાદિને, મળતું આવે જેહ;
એવા આગમદર્શને, હોય નહિં સંદેહ. ૯૯

અર્થ:—પરંતુ તે અતીન્દ્રિય અર્થ આગમને જ ગોચર હોય છે,-તેના થકી તે અતીન્દ્રિય અર્થની ઉપલબ્ધિ (જાણપણું) થાય છે તેટલા માટે. કારણ કે ચંદ્ર-સૂર્યના ગ્રહણ વગેરેને સંવાદી-મળતા આવતા આગમનું દર્શન થાય છે.

વિવેચન

ઉક્ત અતીન્દ્રિય અર્થ જો કોઈને પણ ગોચર હોય તો તે આગમને જ છે. કારણ કે અતીન્દ્રિય એટલે કે ઇંદ્રિયોને અગમ્ય એવા વિષયનું જાણપણું **આગમ**થી થાય છે. જેમકે

અતીન્દ્રિય અર્થ આગમગોચર

આગમ દ્વારા એમ જાણવામાં આવે છે કે અમુક દિવસે, અમુક વખતે ચંદ્રગ્રહણ થશે, સૂર્યગ્રહણ થશે, ઇત્યાદિ. અને તે જ આગમવાણી પ્રમાણે તેને મળતા આવતા જ સમયે ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણ (Eclipse) આદિ પ્રત્યક્ષ દેખાય છે. આમ આગમકથનનો પ્રત્યક્ષ સાથે સંવાદ આવે છે, મેળ ખાય છે. એટલે આ સ્થૂલ દૃષ્ટાંત ઉપરથી અતીન્દ્રિય અર્થની વાત એ આગમનો વિષય છે, એમ સિદ્ધ થાય છે. જો કે આ ચંદ્રગ્રહણાદિ લૌકિક અર્થ છે, એમ ભાવવા યોગ્ય છે; છતાં અતીન્દ્રિય હોઇ દૃષ્ટાંતરૂપે અત્રે રજૂ કરેલ છે.

જે જે વિષયમાં નિષ્ણાત હોય તે વિષયમાં તેનું વચન જ પ્રમાણભૂત ગણાય, તે સામાન્ય નિયમ પ્રમાણે અતીન્દ્રિય વિષયમાં અતીન્દ્રિય જ્ઞાની એવા **આપ્ત** પુરુષ પ્રમાણભૂત હોઇ, તેનું જ વચન પ્રમાણ છે. અને **આપ્ત પુરુષનું વચન** તેનું નામ જ **'આગમ'** છે. તેની પ્રત્યક્ષ પ્રતીતિ આપે એવું ગ્રહણનું દૃષ્ટાંત અત્ર આપ્યું છે. પણ આ તો લૌકિક પદાર્થ છે. પણ અલૌકિક એવા અતીન્દ્રિય આત્મપદાર્થના સંબંધમાં પણ આ આપ્ત જ પ્રમાણભૂત છે. કારણ કે તે યોગીશ્વરે આત્મસ્વરૂપનું સાક્ષાત્ દર્શન કરી તેની પ્રાપ્તિ કરી

વૃત્તિ:-**गोचरस्तु**-પણ ગોચર તો, **आगमस्यैव**-આગમને જ, અતીન્દ્રિય અર્થ તો આગમને જ ગોચર હોય છે. શ્યાથી? તે માટે કહ્યું-**ततस्तदुपलब्धितः**-તેના થકી-આગમ થકી તે અતીન્દ્રિય અર્થની ઉપલબ્ધિને લીધે. એ જ કહે છે-**चन्द्रसूर्योपरागादिसंवाद्यागमदर्शनात्**-ચંદ્ર-સૂર્યના ઉપરાગ (ગ્રહણ) આદિને સંવાદી-બરાબર મળતા આવતા એવા આગમના દર્શન ઉપરથી. આ લૌકિક અર્થ છે એમ ભાવવું.

છે, અને તથારૂપ અનુભવ કરી પોતે સહજ આત્મસ્વરૂપ એવા સાક્ષાત્ 'પ્રભુ' બન્યા છે. અને જેવું આત્મસ્વરૂપ તેમણે દીઠું તેવું યથાર્થપણે તેમણે કહી દેખાડયું છે. એટલે આવા આ આત્મદ્રષ્ટા નિર્દોષ આત્માનુભવી પ્રાપ્ત પુરુષ આ બાબતમાં પ્રમાણભૂત છે, પ્રકૃષ્ટ આપ્ત છે, પરમ વિશ્વાસ કરવા યોગ્ય છે. લોકવ્યવહારમાં પણ જેમ કોઇ સાચા પ્રમાણિક મનુષ્યનો લોકો વગર વિચાર્યે પણ વિશ્વાસ રાખે, તેમ પરમાર્થમાં પણ આ સાચા પ્રમાણિક સત્પુરુષ વગર વિચાર્યે પણ વિશ્વાસ રાખવા યોગ્ય છે, 'તહત્તિ' કરવા યોગ્ય છે. પરમ તત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** ભાખ્યું છે કે—

"તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું."—**મોક્ષમાળા પાઠ ૬૭**

અને **આપ્ત** પણ તે જ કે જેના દોષ* ને આવરણ ટળ્યા હોય. જેના રાગ-દ્વેષ-મોહાદિ દોષ અને જ્ઞાન-દર્શન આવરણ ટળ્યા છે, તે જ પુરુષ 'આપ્ત' હોવા યોગ્ય છે.

'આપ્ત કોણ ?'

કારણ કે જ્ઞાનને આવરણ હોય તો અપૂર્ણ જ્ઞાનને લીધે તેનું વચન અસત્ય પણ હોય, ને તેના પર વિશ્વાસ મૂકી શકાય નહિં. અને રાગ-દ્વેષ-મોહાદિ હોય તો તેથી પણ અસત્ય વદવાનો પ્રસંગ આવે, એટલે પણ વિશ્વાસ રાખી શકાય નહિં. પણ નિરાવરણ જ્ઞાન હોય અને રાગદ્વેષરહિતપણું-નિર્દોષપણું હોય, તો જ તેનું વચન સંપૂર્ણ સત્ય હોઇ વિશ્વાસપાત્ર હોય-આપ્ત હોય. એટલે જે કોઇ સર્વજ્ઞ વીતરાગ હોય તે જ આપ્ત છે, ને તેનું વચન જ આપ્ત છે, અર્થાત્ પરમ પ્રમાણભૂત હોઇ પરમ વિશ્વાસપાત્ર છે. અને આવું જે આપ્તવચન તે જ આગમ અથવા વિશ્વાસપાત્ર એવું શાસ્ત્ર છે.

★

ઉપસંહાર કરતાં કહે છે—

**एतत्प्रधानः सच्छ्राद्धः शीलवान् योगतत्परः ।
जानात्यतीन्द्रियानर्थांस्तथा चाह महामतिः ॥ १०० ॥**

વૃત્તિઃ-एतत्प्रधानः-આ આગમપ્રધાન, सच्छ्राद्धः-સત્શ્રાદ્ધ, સત્શ્રદ્ધાવંત પ્રાજ્ઞ, शीलवान्-શીલવાન્, પરદ્રોહથી વિરતિમાન્, योगतत्परः-યોગતત્પર. સદા તેમાં અભિયુક્ત-તત્પર, એવા પ્રકારનો હોઇ, जानात्यतीन्द्रियानर्थान्-અતીન્દ્રિય અર્થોને, ધર્માદિને જાણે છે, तथा चाह महामतिः-અને તેવા પ્રકારે મહામતિએ-પતંજલિએ કહ્યું છેઃ—

* "दोषावरणयोर्हानिर्निःशेषास्त्यतिशायनात् ।
क्वचिद्यथा स्वहेतुभ्यो बहिरन्तर्मलक्षयः ॥"—**શ્રી સમંતભદ્રાચાર્યજીકૃત આપ્તમીમાંસા.**

શ્રુતપ્રધાન સત્શ્રાદ્ધ ને, યોગપર શીલવાન;
અર્થ અતીન્દ્રિય જાણતો;-કહે મહામતિમાન:- ૧૦૦

અર્થ:—આ આગમપ્રધાન, સત્શ્રાદ્ધ (સત્શ્રદ્ધાવંત), શીલવાન્ એવો યોગતત્પર પુરુષ, અતીન્દ્રિય અર્થોને જાણે છે. અને તેવા પ્રકારે મહામતિએ (પતંજલિએ) કહ્યું છે:—

વિવેચન

આ આગમપ્રધાન એટલે કે આગમ જેને મન પ્રધાન-મુખ્ય છે, એવો સત્શ્રાદ્ધ શીલવાન્ ને યોગતત્પર થઇ અતીન્દ્રિય અર્થોને જાણે છે. અને તેવા પ્રકારે મહામતિ **પતંજલિએ** પણ કહ્યું છે. ઉપરમાં અતીન્દ્રિય વિષયમાં પ્રમાણભૂત એવું જે આગમ અર્થાત્ આપ્તવચન કહ્યું, તે જેને મન પ્રધાન છે, મુખ્ય છે, સર્વોપરિ છે, એવો પુરુષ સત્શ્રાદ્ધ અથવા સત્શ્રદ્ધાવંત કહેવાય છે. એવો સત્શ્રાદ્ધ શીલવાન્ થાય છે એટલે કે પરદ્રોહથી વિરામ પામે છે, અને યોગસાધનામાં તત્પર રહી ધર્મ-આત્મા આદિ અતીન્દ્રિય અર્થોને જાણે છે.

અતીંદ્રિય અર્થો કોણ જાણે ?

આગલા શ્લોકમાં અતીન્દ્રિય વિષયની બાબતમાં ગ્રહણના દૃષ્ટાંત ઉપરથી આગમનું-આપ્ત વચનનું પ્રમાણભૂતપણું બતાવ્યું. આવું આગમવચન જેને મન પ્રધાન છે, તે આજ્ઞાપ્રધાન પુરુષ **સત્ શ્રાદ્ધ** કહેવાય છે. કારણ કે તે સત્ વચન પ્રત્યે સત્ શ્રદ્ધા-દૃઢ વિશ્વાસ-સ્થિર આસ્થા ધરાવે છે, અને સર્વત્ર સત્પુરુષના વચનને આગળ કરી પ્રવર્ત્તવાની ઉત્કટ ઇચ્છા ધરાવે છે. આમ આત્મકલ્યાણના ઇચ્છનાર મુમુક્ષુએ સૌથી પ્રથમ '**આજ્ઞાપ્રધાન**' થવું જોઇએ, કારણ કે 'આજ્ઞાથી ધર્મ અને આજ્ઞાથી તપ'-એમ શાસ્ત્રવચન છે. સત્પુરુષની આજ્ઞા વિનાની આ જીવની દાન-તપ-શીલ આદિ ક્રિયા પણ જીવને બાધક થઇ ઉલટી ભવઉપાધિ કરે છે, માટે અત્રે શાસ્ત્રકાર મહર્ષિએ આજ્ઞાપ્રધાનપણા ગુણને સૌથી પ્રથમ મૂક્યો છે. આવો આજ્ઞાપ્રધાન હોય તે જ 'સત્ શ્રાદ્ધ'-સત્ શ્રદ્ધાળુ થઇ શકે છે.

આજ્ઞાપ્રધાન સત્શ્રાદ્ધ

"પ્રભુ આણા ભકતે લીન, તિણે દેવચંદ્ર પદ કીન."
"આણા રંગે ચિત્ત ધરીજે, દેવચંદ્ર પદ શીઘ્ર વરીજે."—**શ્રી દેવચંદ્રજી.**

આવો જે સત્શ્રાદ્ધ હોય છે તે પછી યથાશક્તિ આગમની આજ્ઞા પ્રમાણે ચાલવા તત્પર બને છે. અને આગમની મુખ્ય આજ્ઞા તો '**શીલ**' સેવવાની છે. '**શીલ**' એટલે આત્મસ્વભાવ; પરભાવ-વિભાવ પ્રત્યે ગમન કરવાથી-વ્યભિચાર કરવાથી તે શીલનો ભંગ થાય છે, માટે પરભાવ-વિભાવ પ્રત્યે વ્યભિચારથી શીલ ભંગ ન કરતાં, આત્મસ્વભાવમાં રહી 'શીલ' પાળવું એવી મુખ્ય શાસ્ત્ર આજ્ઞા છે. અને તેવા શીલના પાલન માટે અહિંસા-સત્ય આદિ પંચ શીલ પરમ

શીલસેવન

ઉપકારી છે, માટે તેનું પાલન કરવું એવી શાસ્ત્રઆજ્ઞા છે. આ આજ્ઞાને અનુસરીને સત્શ્રાદ્ધ મુમુક્ષુ પુરુષ યથાશક્તિ અહિંસા-સત્યાદિ શીલના પાલનમાં તત્પર બને છે, અને જેમ બને તેમ પરભાવ-વિભાવનો ત્યાગ કરી આત્મસ્વભાવમાં રહેવા પ્રયત્નશીલ બને છે. આમ તે **'શીલવાન'** હોય છે.

અને આમ જે સત્શ્રાદ્ધ શીલવાન્-સંયમી હોય છે, તે પછી યોગનો અધિકારી બની **યોગતત્પર** હોય છે, આત્મસ્વભાવ સાથે યુંજનરૂપ યોગને સાધવા પ્રવર્ત્તે છે. અને તેમ યોગતત્પર થતાં તેને દિવ્ય યોગીજ્ઞાનની પ્રાપ્તિથી **અતીન્દ્રિય અર્થોનું જ્ઞાન** થાય છે, સાક્ષાત્કાર થાય છે.

★

શું ? તો કે—

आगमेनानुमानेन योगाभ्यासरसेन च ।
त्रिधा प्रकल्पयन्प्रज्ञां लभते तत्त्वमुत्तमम् ॥ १०१ ॥

આગમથી અનુમાનથી, યોગાભ્યાસ રસે ય;
પ્રજ્ઞા ત્રિવિધે યોજતાં, ઉત્તમ તત્ત્વ લહે ય. ૧૦૧.

અર્થ:—આગમથી, અનુમાનથી અને યોગાભ્યાસના રસથી,-એમ ત્રણ પ્રકારે પ્રજ્ઞાને પ્રકલ્પતાં-પ્રયોજતાં ઉત્તમ તત્ત્વને પામે છે.

વિવેચન

મુનિ **પતંજલિ** કહે છે કે-'ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ ત્રણ પ્રકારે પ્રજ્ઞાને પ્રયોજતાં થાય છેઃ (૧) આગમથી, (૨) અનુમાનથી, અને (૩) યોગાભ્યાસના રસથી.' પ્રજ્ઞાને-

ઉત્તમ તત્ત્વ પ્રાપ્તિ ત્રણ પ્રકારે

બુદ્ધિને **આગમ**માં યોજવાથી, આપ્ત પુરુષના વચનમાં જોડવાથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. **અનુમાન** એટલે લિંગ ઉપરથી લિંગીનું જ્ઞાન, તેમાં પણ પ્રજ્ઞાને પ્રયોજતાં ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. અને **યોગાભ્યાસ** એટલે વિહિત અનુષ્ઠાનના અભ્યાસરસમાં પણ પ્રજ્ઞાને પ્રયોજિત કરતાં ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આમ ત્રણ પ્રકારે આગમથી, અનુમાનથી અને યોગાભ્યાસરસથી,-એ ઉક્ત **અનુક્રમે જ** પ્રજ્ઞાને પ્રયોજતાં

વૃત્તિઃ—**आगमेन**-આગમથી, આપ્તવચનરૂપ લક્ષણવાળા આગમથી, **अनुमानेन**-અનુમાનથી, લિંગ ઉપરથી લિંગીના જ્ઞાનરૂપ અનુમાનથી, **योगाभ्यासरसेन च**-અને યોગાભ્યાસના રસથી, વિહિત અનુષ્ઠાનરૂપ યોગાભ્યાસના રસથી, **त्रिधा प्रकल्पयन्प्रज्ञां**-ત્રણ પ્રકારે પ્રજ્ઞાને પ્રકલ્પતો,-ઉક્ત ક્રમે જ, કારણ કે અન્યથા તો પ્રવૃત્તિની અસિદ્ધિ છે, તેથી કરીને. તો શું ? તો કે-**लभते तत्त्वमुत्तमम्**-ઉત્તમ તત્ત્વ પામે છે,-પાપ-સંમોહની નિવૃત્તિને લીધે, શ્રુતાદિ ભેદે કરીને.

ઉત્તમ તત્ત્વને પામે છે, એટલે કે પાપ-સંમોહની નિવૃત્તિ થકી શ્રુતાદિના ભેદે કરીને ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. બીજી રીતે પ્રવૃત્તિ કરતાં તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

૧. અત્રે તત્ત્વપ્રાપ્તિનો સૌથી પ્રથમ ઉપાય **આગમ** છે, કારણ કે આગમ એ તત્ત્વનું સાક્ષાત્ દર્શન જેણે કર્યું છે એવા આત્માનુભવી સત્પુરુષનું વચન છે. તેવા પરમ પ્રજ્ઞાવંત તત્ત્વદ્રષ્ટાના વચનામૃતમાં બુદ્ધિને યોજવાથી અર્થાત્ સત્પુરુષના વચનની બુદ્ધિપૂર્વક–સમજણપૂર્વક આરાધનાથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ જરૂર થાય.

૨. તત્ત્વપ્રાપ્તિનો બીજો ઉપાય **અનુમાન** અર્થાત્ સન્ન્યાયસંપન્ન યુક્તિવાદ છે. આ યુક્તિવાદમાં પ્રજ્ઞાનો પ્રયોગ કરવાથી અર્થાત્ **સન્મતિયુક્ત તર્ક** કરવાથી તત્ત્વની વિશેષ પરીક્ષા થાય છે, વિશેષ ચકાસણી થાય છે, અને યુક્તિની કસોટીમાંથી પાર ઉતરતાં તત્ત્વની અત્યંત દૃઢતા થાય છે, **સન્મતિતર્ક**નું યથાયોગ્ય સમાધાન થતાં તત્ત્વવિનિશ્ચય થાય છે. પણ આ યુક્તિવાદ સન્ન્યાયસંપન્ન હોવો જોઇએ. જેમ ન્યાયમૂર્ત્તિ નિષ્પક્ષપાતપણે–નિરાગ્રહપણે–મધ્યસ્થતાથી સત્ય ન્યાય તોલે, તેમ સન્મતિ પરીક્ષકે નિષ્પક્ષપાતપણે, નિરાગ્રહપણે, મધ્યસ્થતાથી તત્ત્વનો તોલ કરી, સન્ન્યાયસંપન્ન યુક્તિયુક્ત પક્ષનો જ મુક્ત કંઠે સ્વીકાર કરવો જોઇએ,–જેમ આ **યોગદૃષ્ટિસમુચ્ચય** શાસ્ત્રના કર્ત્તા મહર્ષિ **હરિભદ્રસૂરિજી**એ કહી દેખાડ્યું છે ને કરી દેખાડ્યું છે તેમ; અથવા **મોક્ષમાળા** નામક મહાદર્શનપ્રભાવક ગ્રંથમાં **શ્રીમદ્ રાજચંદ્રજી**એ પ્રદર્શિત કર્યું છે તેમ.

> "पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
> युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥" —**શ્રી હરિભદ્રાચાર્યજી.**

તેમજ આ યુક્તિવાદ આગમથી વિરુદ્ધ ન હોવો જોઇએ, પણ અવિરુદ્ધ હોવો જોઇએ, આગમને અનુકૂળ હોવો જોઇએ. કારણ આગમ એ સાક્ષાત્ તત્ત્વદૃષ્ટા પુરુષનું વચન હોઇ, તેનું સ્થાન યુક્તિ કરતાં ઘણું ઉંચું છે. એટલે આગમોક્ત તત્ત્વનું સુયુક્તિથી પ્રતિષ્ઠાપન કરવામાં બાધ નથી, પણ ઉત્થાપન કરવામાં જરૂર બાધ છે. અને એટલા માટે જ અત્રે આગમનું સ્થાન પ્રથમ મૂક્યું છે.

૩. તથા તત્ત્વપ્રાપ્તિનો ત્રીજો ઉપાય **યોગાભ્યાસ રસ** છે. સત્શાસ્ત્રમાં જે યોગ–અનુષ્ઠાન વિહિત છે, તેના રસપૂર્વક અભ્યાસથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રમાં જે યોગસાધન અર્થાત્ ધર્મવ્યાપાર વિધાન બતાવ્યા છે, તેના પુનઃ પુનઃ આસેવનરૂપ અભ્યાસમાં રસ લઇ મતિ જોડવાથી આત્માની પરિણતિ વિશુદ્ધ થાય છે, અને પ્રજ્ઞા નિર્મલ બને છે, તેથી તત્ત્વના ચમત્કારો તેમાં ભાસ્યમાન થાય છે. અત્રે '**રસ**' શબ્દથી યોગાભ્યાસમાં એકરસતારૂપ–તન્મયતારૂપ ભાવ સૂચવ્યો છે. આ યોગાભ્યાસનું સ્થાન અત્રે

ત્રીજું મૂકયું છે, તેનું કારણ આ યોગાભ્યાસ શાસ્ત્રઆજ્ઞા પ્રમાણે તેમાં બતાવેલ વિધિ અનુસાર હોવો જોઈએ; તેમજ આગમને અનુકૂળ યુક્તિથી યુક્ત એવો હોવો જોઈએ, સ્વછંદ પ્રમાણે ન હોવો જોઈએ.

આમ તત્ત્વપ્રાપ્તિમાં આ ત્રણ ઉપાયનું ઉક્ત **અનુક્રમે** પૂર્વાપર પ્રધાનપણું છેઃ પ્રથમ સ્થાન આગમનું, પછી અનુમાનનું, અને પછી યોગાભ્યાસરસનું છે, કારણ કે આગળ આગળનું સ્થાન હોય તો જ પાછલું શોભે છે. માટે મુમુક્ષુ આગમવચનને દૃઢ શ્રદ્ધાથી માન્ય કરી, યુક્તિથી તેની ચકાસણી કરી બુદ્ધિપૂર્વક બરાબર સમજીને, તદનુસાર જો રસપૂર્વક યોગાભ્યાસ કરે તો તેને અવશ્ય ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય, એમ **તાત્પર્ય** છે. **પહેલાં શ્રદ્ધા**, પછી **બુદ્ધિ**, અને પછી **રસપૂર્વક પ્રવૃત્તિ**,–આ અનુક્રમે ત્રણે મળે, તો તત્ત્વકાર્યની સિદ્ધિ સાંપડે.

। इति अतींद्रियार्थसिद्धयुपायाधिकारः ।

卐

સર્વજ્ઞ તત્ત્વ અભેદઃ સર્વજ્ઞવાદી અભેદ અધિકાર*

આ જ અર્થ કહે છે—

न तत्त्वतो भिन्नमताः सर्वज्ञा बहवो यतः ।
मोहस्तदधिमुक्तीनां तद्भेदाश्रयणं ततः ॥ १०२ ॥

સર્વજ્ઞો બહુ તત્ત્વથી, નથી ભિન્ન મતવાસ;
ભેદ માનવો મોહ છે, અતિભક્તોનો તાસ. ૧૦૨

અર્થઃ—કારણ કે ઘણા સર્વજ્ઞો તત્ત્વથી ભિન્ન મતવાળા નથી; તેથી કરીને તેના ભેદનો આશ્રય કરવો તે તેના અતિભક્તોનો–દાસોનો મોહ છે.

વૃત્તિઃ— **न तत्त्वतः**–ન તત્ત્વથી, પરમાર્થથી, **भिन्नमताः**–ભિન્ન મતવાળા, ભિન્ન અભિપ્રાયવાળા, **सर्वज्ञा बहवो यतः**–કારણ કે બહુ સર્વજ્ઞો, **मोहस्तदधिमुक्तीनां**–મોહ છે તેના અતિભક્તોનો, સર્વાતિશય શ્રાદ્ધનો, **तद्भेदाश्रयणं**–તેના ભેદનો આશ્રય કરવો તે, સર્વજ્ઞના ભેદનું અંગીકરણ, **ततः**–તેથી કરીને.

---

*આ દીપ્રાદૃષ્ટિનું વર્ણન અનેક હૃદયંગમ શાસ્ત્રીય ચર્ચાવાળું ઘણું લાંબું હોઈ, વિષયની વિશદતા અને વાંચકની સુગમતા અર્થે અત્રે આ મુખ્ય અધિકારો અને તેના અંતરાધિકારોના વિભાગની યોજના મેં પ્રયોજી છે.

—ભગવાનદાસ.

વિવેચન

"નહિં સર્વજ્ઞો જૂજૂઆજી, તેહના વળી દાસ."—**યો. દ. સજ્ઝા. ૪-૧૪.**

ઉપરમાં આગમની અથવા શાસ્ત્રની પ્રધાનતા અને તેની શ્રદ્ધા પર ખાસ ભાર મૂકયો, તો પછી કયા શાસ્ત્રની શ્રદ્ધા કરવી ? કારણુ કે શાસ્ત્રોનું પણુ ભિન્નપણું છે, એમ સ્વાભાવિક પ્રશ્ન ઉઠવાનો સંભવ છે. તેનો અત્ર ઉત્તર આપ્યો છે કે તત્ત્વથી ધર્મવાદની અપેક્ષાએ જોઈએ તો શાસ્ત્રનો ભેદ પણુ નથી, કારણુ કે તેના **શાસ્તાઓમાં ભેદ નથી.** પણુ સ્થૂલબુદ્ધિ જનોને તેના ભેદનું અભિમાન થાય છે, તે તો તે તે નયની અપેક્ષાએ દેશનાભેદને લીધે જ છે. આમ તે તે ધર્મ-શાસ્ત્રના પ્રણેતા જે અનેક સર્વજ્ઞો છે, તે તત્ત્વથી-પરમાર્થથી વિચારતાં કાંઈ ભિન્ન મતવાળા, ભિન્ન અભિપ્રાયવાળા નથી; તેઓમાં કોઇ પણુ જાતનો મતભેદ કિંવા અભિપ્રાયભેદ નથી. તેટલા માટે તે તે સર્વજ્ઞોને ભજનારા જે સર્વજ્ઞ-ભક્તો છે, શ્રદ્ધાળુ શ્રાદ્ધજનો છે, તે સર્વમાં કોઇ પણુ પ્રકારના મતભેદનો અવકાશ રહેતો નથી. છતાં પણુ તે તે સર્વજ્ઞના કોઇ અતિભકતો-અતિશ્રદ્ધાળુઓ જો તે સર્વજ્ઞોમાં ભેદની કલ્પના કરે, ભિન્નતા-જૂદાઈ માને, તો તે કેવલ તે **અતિભક્તોનો મોહ** જ-અજ્ઞાન જ છે, એમ કહેવું પડશે. કારણુ કે તેઓ ભક્તિના અતિરેકમાં ને શ્રદ્ધાની અંધતામાં ધર્મઝનૂનના આવેશથી વિવેક ભૂલી જઇ તેવા પ્રકારે મિથ્યા કલ્પના કરે છે. પણુ વાસ્તવિક રીતે જોઈએ તો **અનંત સર્વજ્ઞો પણુ એક અભિન્ન સ્વરૂપ છે.** માટે તેમાં ભિન્નતા* કલ્પવી તે માત્ર મોહનો વિલાસ છે, કેવલ ભ્રાંતિ જ છે. માટે જો આરાધ્ય-ઉપાસ્ય એવા સર્વજ્ઞમાં ભેદ નથી, તો પછી આરાધક એવા સર્વજ્ઞભક્તોમાં પણુ કોઇ ભેદ હોવો ઘટતો નથી.

સર્વજ્ઞ ભેદ કલ્પના અતિ ભકતોનો મોહ

પોતાના આરાધ્ય-પૂજ્ય પુરુષને સર્વજ્ઞ ને સર્વોત્કૃષ્ટ માનવાનો માનવસ્વભાવ છે, **માનવસુલભ નબળાઈ** છે. એટલે પોતે માનેલા સર્વજ્ઞનું સ્થાન બીજા બધાથી ચઢીયાતું છે એમ સાબિત કરવા ઇચ્છતો તે તેનું ભિન્નપણું કલ્પવાને સહેજે લલચાય છે, અને પોતાના ઈષ્ટ દેવ પ્રત્યેના દૃષ્ટિરાગથી અંધ થઇ તથાપ્રકારે ભિન્ન કલ્પનાનો આગ્રહ કરે છે. આ દૃષ્ટિરાગમાંથી શ્રદ્ધા-ભક્તિના અતિરેકને લીધે વધારે પડતા ઉત્સાહી અતિભક્તોને આંધળું ધાર્મિક ઝનૂન પ્રગટે છે; અને તેથી ધર્મને નામે નાના પ્રકારના ઝઘડા ઉત્પન્ન થાય છે. આમ આ ભેદકલ્પના અનિષ્ટપરંપરાનું મૂલ થઇ પડે છે.

"અભિનંદન જિન દરિશણ તરસિયે, દરિશણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઇ પૂછિયે, સૌ થાપે અહમેવ." —**શ્રી આનંદઘનજી.**

★

*"तत्त्वतः शास्त्रभेदश्च न शास्तृणामभेदतः ।
मोहस्तदधिमुक्तीनां तद्भेदाश्रयणं ततः ॥"—**શ્રી યશોવિજયજીકૃત દ્વા. દ્વા. ૨૩-૧૪**

કેવી રીતે ? તે માટે કહે છે—

सर्वज्ञो नाम यः कश्चित्पारमार्थिक एव हि ।
स एक एव सर्वत्र व्यक्तिभेदेऽपि तत्त्वतः ॥ १०३ ॥

સર્વજ્ઞ નામે જેહ કો, પારમાર્થિક જ અત્ર;
વ્યક્તિ ભેદે પણ તત્ત્વથી, તે એકજ સર્વત્ર. ૧૦૩

અર્થ:—'સર્વજ્ઞ' નામનો જે કોઇ પારમાર્થિક જ એવો છે, તે વ્યક્તિભેદ છતાં, તત્ત્વથી સર્વત્ર એક જ છે.

વિવેચન

ઉપરમાં કહ્યું કે સર્વજ્ઞોમાં ભેદ **નથી**, તે કેવી રીતે ? તેનું અહીં સ્પષ્ટીકરણ કર્યું છે:—'**સર્વજ્ઞ**' નામથી ઓળખાતો જે કોઇ પણ **પારમાર્થિક** જ, સાચેસાચો, નિરુપચરિત સર્વજ્ઞ હોય, તે વ્યક્તિભેદ છતાં તત્ત્વથી સર્વત્ર **એક જ છે.**

વ્યક્તિભેદ છતાં સર્વજ્ઞ અભેદ

તે સાચા પારમાર્થિક સર્વજ્ઞને ભલે પછી અર્હત્, જિન, બુદ્ધ, શિવ, શંકર વગેરે ગમે તે નામ આપવામાં આવ્યું હોય, છતાં તત્ત્વથી સર્વજ્ઞપણાએ કરીને તે સર્વત્ર એક જ છે. તે **ઋષભ** જિન આદિ વ્યક્તિભેદની અપેક્ષાએ ભલે ભિન્ન ભિન્ન હોય, તોપણ પારમાર્થિક સર્વજ્ઞપણારૂપ એક સામાન્ય લક્ષણથી જોઇએ તો તે તત્ત્વથી જાતિની અપેક્ષાએ સર્વ સ્થળે એક જ છે, તેમાં ભેદનો અવકાશ છેજ નહિં.

"मुक्तो बुद्धोऽर्हन्वापि यदैश्वर्येण समन्वितः ।
तदीश्वरः स एव स्यात्संज्ञाभेदोऽत्र केवलम् ॥" —**શ્રી હરિભદ્રસૂરિજીકૃત શ્રી યોગબિન્દુ.**

"શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન....લલના,
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિસરૂપ અસમાન....લલના. શ્રી સુપાસજિન વંદીએ."

—**શ્રી આનંદઘનજી.**

નામ ગમે તે હોય કે વ્યક્તિ ગમે તે હોય, પણ **સાચું પરમાર્થસત્ સર્વજ્ઞપણું** હોય, તો **અનંત સર્વજ્ઞો** પણ **એક સ્વરૂપ** છે. આમ અનંત કેવલજ્ઞાનીના પણ

વૃત્તિ—**सर्वज्ञो नाम यः कश्चिन्**– સર્વજ્ઞ નામે જે કોઇ અર્હત્ આદિ **पारमार्थिक एव हि**—પારમાર્થિક જ છે, નિરુપચરિતજ છે, **स एक एव सर्वत्र**–તે સર્વત્ર એકજ છે,–સર્વજ્ઞપણા થકી, **व्यक्तिभेदेऽपि तत्त्वतः**–વ્યક્તિભેદ છતાં,–તત્ત્વથી. **ઋષભાદિરૂપ** વ્યક્તિભેદ છતાં

કેવલજ્ઞાનસ્વરૂપમાં ભેદ નથી, કારણકે કેવલજ્ઞાની સર્વજ્ઞ સર્વ કાંઇ જાણે છે. તેના અસંખ્ય પ્રદેશાત્મક આત્મક્ષેત્રમાં અનંત પર્યાયનું સ્થાન છે, અને તેની અશેષ-સંપૂર્ણ જ્ઞાયક શક્તિ પૂર્ણ કલાએ પ્રગટી છે, તેથી તે સર્વ કાંઇ વિશેષ જાણે છે, સર્વ પ્રમેય-પ્રમાણ તેનું કેવલજ્ઞાન હોય છે.

"ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ, અનંત પર્યાય નિવેશ;
જાણગ શક્તિ અશેષ, તેહથી જાણેરે કાંઇ સકલ વિશેષ રે....
જિણંદા તોરા નામથી મન ભીનો.
સર્વ પ્રમેય પ્રમાણ, જસ કેવલનાણુ પહાણ;
તિણે કેવલનાણી અભિહાણ, જસ ધ્યાવે રે કાંઇ મુનિવર ઝાણ રે....જિણંદા."

—શ્રી દેવચંદ્રજી.

★

प्रतिपत्तिस्ततस्तस्य सामान्येनैव यावतां ।
ते सर्वेऽपि तमापन्ना इति न्यायगतिः परा ॥ १०४ ॥

તેથી પ્રતિપત્તિ તેહની, જેહની સામાન્યે જ;
તે સર્વ આશ્રિત તેહને, પરા ન્યાયગતિ એજ. ૧૦૪.

અર્થ:—તેથી કરીને તે મુખ્ય સર્વજ્ઞની જેટલાઓને સામાન્યથીજ પ્રતિપતિ (માન્યતા) છે, તે સર્વેય તેને આશ્રિત છે, એમ પરા ન્યાયગતિ છે.

વિવેચન

આમ વ્યક્તિભેદ છતાં સર્વજ્ઞ એક જ છે, તેથી કરીને આ સર્વજ્ઞનો **સામાન્યથી** જ જેટલાઓ સ્વીકાર કરતા હોય, તે સર્વ તે સર્વજ્ઞને જ આપન્ન છે, આશ્રિત છે, એવી ન્યાયની પરા ગતિ છે. કારણ કે જેમ મનુષ્ય લક્ષણ જેના જેનામાં હોય, તેનો તેનો સામાન્યથી જ 'મનુષ્ય' તરીકે સ્વીકાર કરવો એ ન્યાયની પદ્ધતિ છે; તેમ સર્વજ્ઞનું લક્ષણ જેના જેનામાં હોય, તેનો તેનો સામાન્યથી 'સર્વજ્ઞ' તરીકે સ્વીકાર કરવો એ ન્યાયની રીતિ છે. અને આમ જેટલા જેટલા ભિન્ન ભિન્ન મતવાદીઓ-દાર્શનિકો સામાન્યપણાથી જ તે સર્વજ્ઞનો સ્વીકાર કરતા હોય, માન્યતા ધરાવતા હોય, તે સર્વેય મુખ્યજ-પારમાર્થિક જ એવા તે

મુખ્ય સર્વજ્ઞના ભક્ત અભેદ

વૃત્તિઃ—प्रतिपत्तिः ततः- તેથી કરીને પ્રતિપત્તિ, तस्य-તેની, સર્વજ્ઞની, सामान्येनैव સામાન્યથી જ, यावतां-જેટલાઓની, જેટલા તંત્રાન્તરીયોની (અન્ય અન્ય દર્શનીઓની) પણ, ते सर्वेऽपि-તે સર્વેય, तमापन्नाः-તે મુખ્ય સર્વજ્ઞને જ આપન્ન-આશ્રિત છે, इति न्यायगतिः परा- એવી પરા ન્યાયગતિ છે,-તે શિવાય તેની પ્રતિપત્તિની અસિદ્ધિ છે માટે.

એક સર્વજ્ઞને જ માન્ય કરે છે, માને છે, એમ ન્યાયથી સાબિત થાય છે. માટે સર્વજ્ઞને માનનારા જૂદા જૂદા દર્શનવાદીઓ પણ સર્વ કોઇ એક સ્વરૂપ જ છે, અભેદ સ્વરૂપ જ છે. આમ સર્વજ્ઞને ભજનારા ભક્તોમાં પણ ભેદ હોવો સંભવતો જ નથી.

★

विशेषस्तु पुनस्तस्य कात्स्न्र्येनासर्वदर्शिभिः ।
सर्वैर्न ज्ञायते तेन तमापन्नो न कश्चन ॥ १०५ ॥

અસર્વદર્શી સર્વને, વિશેષ પણ તેનો ય;
પૂર્ણ જણાય ન-તે થકી, તેને પ્રાપ્ત ન કોય. ૧૦૫

અર્થ:—અને તે સર્વજ્ઞનો વિશેષ-ભેદ તો સંપૂર્ણપણે સર્વ અસર્વદર્શીઓને જાણવામાં આવતો નથી; તેથી કરીને તે સર્વજ્ઞને પ્રાપ્ત થયેલો એવો કોઇ (અસર્વદર્શી) છે નહિ.

વિવેચન

ઉપરમાં સામાન્યથી સર્વજ્ઞનું એકપણું કહ્યું. હવે કોઇ કહેશે કે વિશેષથી તેમાં ભેદ હશે. તેનો ઉત્તર અત્રે કહે છે:—તે સર્વજ્ઞનો વિશેષ-ભેદ તો અસર્વદર્શી એવા સર્વ પ્રમાતૃઓના જાણવામાં સંપૂર્ણપણે આવી શકતો નથી. કારણ કે તે પોતે અસર્વદર્શી અસર્વજ્ઞ હોવાથી, તેનું સર્વ દર્શન તેઓને થતું નથી, એટલે તે સર્વજ્ઞના વિશેષનું-ભેદનું જ્ઞાન તેઓને કેમ થઇ શકે? અને સામાન્ય એવું દર્શન થતું હોય તોપણ વિશેષ એવા તેના જ્ઞાનમાં તેઓની ગતિ હોતી નથી. આમ સર્વજ્ઞનું સ્વરૂપ ચિંતવનારા સર્વ અસર્વદર્શીઓને તેના સંપૂર્ણ વિશેષ સ્વરૂપનું ભાન થવું સંભવતું નથી. કારણ કે સંપૂર્ણને સંપૂર્ણનો ખ્યાલ આવી શકે, પણ અપૂર્ણને સંપૂર્ણનો ખ્યાલ કેમ આવી શકે?

અસર્વદર્શી વિશેષ સંપૂર્ણ કેમ જાણે?

એટલે તે તે દર્શન પ્રમાણે આ સર્વજ્ઞ સંબંધી જે **ભેદ કલ્પના** કરવામાં આવે છે, તે પણ **નિરર્થક** છે. જેમકે-શૈવ લોકો તેને અનાદિશુદ્ધ ને સર્વગત કહે છે; જૈનો સાદિ ને અસર્વગત કહે છે; **બૌદ્ધો** પ્રતિક્ષણ ભંગુર કહે છે, ઇત્યાદિ જે ભેદ કલ્પાય છે તે નકામો છે. કારણ કે-(૧) તેના વિશેષનું પરિજ્ઞાન એટલે કે સર્વથા સર્વ પ્રકારે જ્ઞાન છદ્મસ્થને થઇ શકતું નથી. (૨) યુક્તિઓના જાતિવાદને લીધે પ્રાયે વિરોધ હોય છે,

---

वृत्तिः—**विशेषस्तु**-વિશેષ તો, ભેદ તો **पुनः**-વળી, **तस्य**-તે સર્વજ્ઞનો, **कात्स्न्र्येन**-કાત્સ્ન્ર્યથી, સંપૂર્ણપણે. **असर्वदर्शिभिः**-અસર્વદર્શી પ્રમાતૃઓથી. **सर्वैः**-સર્વથી, **न ज्ञायते**-નથી જાણવામાં આવતો,-તેના અદર્શનને લીધે; દર્શન સતે પણ તેના જ્ઞાનની અગતિને લીધે, દર્શન હોય તો પણ તેના જ્ઞાન પ્રત્યે ગતિ હોતી નથી તેથી કરીને, **तेन**-તે કારણથી, **तं**-તે સર્વજ્ઞને, **आपन्नः**-પ્રતિપન્ન, પ્રાપ્ત થયેલો, **न कश्चन**-કોઇ અસર્વદર્શી નથી.

એટલે અનુમાનરૂપ યુક્તિઓના પરસ્પર વિરુદ્ધપણાથી એક બીજાનું ખંડન કરે છે. સાંખ્ય ને શૈવ બૌદ્ધનું ખંડન કરે છે, તો બૌદ્ધ સાંખ્ય ને શૈવનું પ્રતિખંડન કરે છે. આમ ખંડનમંડન પરંપરા ચાલ્યા કરે છે, ને આ પ્રશ્નનો નિવેડો કોઇ રીતે આવતો નથી, અને ઘાણીનો બેલ જ્યાંનો ત્યાં પડયો રહે છે! (૩) અને ભાવથી ફલનો અભેદ છે. એટલે કે પરમાર્થથી ફળમાં ભેદ પડતો નથી.× કારણ કે સર્વજ્ઞનું વિશેષ સ્વરૂપ ગમે તે હો, પણ તે ગુણપ્રકર્ષરૂપ સર્વજ્ઞની આરાધનાનું સાધ્ય ફળ તો એક જ છે, અને તે ક્લેશક્ષયરૂપ મોક્ષફલ છે. એટલે તે સર્વજ્ઞ ભગવાન્ પ્રત્યેના બહુમાનનું જ ફલદાયકપણું હોવાથી જે **કોઇ પણ તે સર્વજ્ઞની સાચા ભાવથી ભક્તિ કરશે તેને જ તે ફળ મળશે,** માટે તે સર્વજ્ઞના વિશેષ સ્વરૂપ સંબંધી મિથ્યા વાદવિવાદ શો? નકામો ઝગડો શો?

આમ વિશેષથી તે સર્વજ્ઞને પ્રતિપન્ન થયેલો-પામેલો એવો કોઇ પણ અસર્વદર્શી છે નહિં, તો પછી સર્વજ્ઞમાં ભેદ છે એમ કોણ દેખી-જાણી શકે વારુ? માટે તેની એકતા જે સિદ્ધ છે તે માન્ય કરી, વિશેષની વાત હાલી જતી કરવી, એ જ સર્વ અસર્વદર્શી છદ્મસ્થોને સાંપ્રત ને શ્રેયસ્કર છે, અને પરમાર્થથી આત્માર્થી મુમુક્ષુ જોગીજનને તેમજ કરવું ઉચિત છે.

★

तस्मात्सामान्यतोऽप्येनमभ्युपैति य एव हि ।
निर्व्याजं तुल्य एवासौ तेनांशेनैव धीमताम् ॥ १०६ ॥

(તેથી) સામાન્યથી પણ એહને, માને અદંભ જેહ;
તે અંશે જ ધીમંતને, તુલ્ય જ હોયે તેહ. ૧૦૬

અર્થ:—તેટલા માટે સામાન્યથી પણ આ સર્વજ્ઞને જે નિર્વ્યાજપણે-સાચેસાચી રીતે માન્ય કરે છે, તે તેટલા અંશે કરીને જ મતિમંતોને મન તુલ્ય જ-સરખો જ છે.

વિવેચન

તેટલા માટે સામાન્યથી પણ આ સર્વજ્ઞને જે કોઇપણ માને છે, સ્વીકારે છે, તે તે

વૃત્તિ:—तस्मात्सामान्यतोऽप्येनम्—તેથી કરીને સામાન્યથી પણ આ સર્વજ્ઞને, अभ्युपैति य एव हि—જે કોઇ અસર્વદર્શી માન્ય કરે છે, निर्व्याजम्-નિર્વ્યાજપણે (સાચેસાચી રીતે), ઔચિત્ય યોગથી તેણે કહેલના પાલનમાં તત્પર થઇને, तुल्य एवासौ-તે તુલ્યજ છે. तेनांशेन-તે સર્વજ્ઞપ્રતિપત્તિ લક્ષણ અંશથી, धीमताम्-ધીમંતોને, અનુપહત બુદ્ધિવંતોને, એમ અર્થ છે.

×"अनादिशुद्ध इत्यादिर्यश्च भेदोऽस्य कल्प्यते ।
तत्तत्तन्त्रानुसारेण मन्ये सोऽपि निरर्थकः ॥
विशेषस्यापरिज्ञानाद्युक्तीनां जातिवादतः ।
प्रायो विरोधतश्चैव फलाभेदाच्च भावतः ॥"—શ્રી હરિભદ્રસૂરિજીકૃત શ્રી યોગબિન્દુ.

માન્યતા પૂરતા અંશથી ધીમંતોને મન સરખા જ છે. એટલે કે નિર્વ્યાજપણે, નિર્દંભપણે, નિષ્કપટપણે, સાચેસાચી રીતે તે સર્વજ્ઞની આજ્ઞાના પાલનમાં યથોચિતપણે તત્પર થઇ, તેને જે કોઇ માન્ય કરે છે, તે **સર્વજ્ઞ માન્યતારૂપ સામાન્ય અંશે** કરીને બુદ્ધિમાન્ પ્રાજ્ઞજનોને **મન તુલ્ય જ** છે, સમાન જ છે,–પછી તે ભલે ગમે તે મતનો, સંપ્રદાયનો કે દર્શનનો અનુયાયી હોય. અત્રે સર્વજ્ઞને માનવું, એટલે નિષ્કપટ, નિર્દંભપણે તેની ભાખેલી **આજ્ઞાનું પાલન** કરવામાં તત્પર રહેવું, એમ અર્થ સ્પષ્ટ કર્યો છે. કારણ કે મુખેથી માન્યપણું કહીએ, પણ આજ્ઞા આરાધન ન કરીએ, તો તે માન્યપણાની મશ્કરી વા વિંડબના કરવા બરાબર છે! એ તો 'ચાકર તેરા, કહ્યા નહિં કરૂં !'–એના જેવો ઘાટ થયો! માટે અહિંસા, સત્ય આદિના પાલન સંબંધી એની આજ્ઞાના પાલનમાં સદા ઉદ્યુક્ત રહેવું, એજ એ સર્વજ્ઞ ભગવાનની આરાધનાનો શ્રેષ્ઠ ઉપાય છે. અને તેવા પ્રકારે **શ્રી હરિભદ્રસૂરિજીએ અષ્ટકમાં** કહ્યું છે +

"સારી વિધિ સેવા સારંતાં, આણ ન કાંઇ ભાંજે;
હુકમ હાજર ખીજમતિ કરતાં, સહેજે નાથ નિવાજે.
સેવા સારજ્યો રે જિનની મન સાચે "—**શ્રી દેવચંદ્રજી.**

સર્વજ્ઞ ભક્તોનો અભેદ

તાત્પર્ય કે–જે કોઇપણ સર્વજ્ઞ તત્ત્વને, સ્વીકારી, નિર્દંભપણે–નિષ્કપટપણે, સાચા ભાવથી તેની આજ્ઞાના આરાધનમાં તત્પર હોય છે, તે સર્વ તેટલી માન્યતા પૂરતા સમાન અંશથી× તુલ્ય જ છે, સમાન જ છે. ચાહે તો જૈન હોય કે અજૈન હોય, બૌદ્ધ હોય કે બ્રાહ્મણ હોય, શૈવ હોય કે વૈષ્ણવ હોય, સાંખ્ય હોય કે નૈયાયિક હોય, વેદાંતી હોય કે સિદ્ધાંતી હોય, ઇસ્લામી હોય કે ઇસાઇ હોય, ગમે તે મત સંપ્રદાયનો અનુસર્ત્તા હોય, પણ જો તે સર્વજ્ઞને (omniscient) માનતો હોય તો તે એકરૂપ–અભેદરૂપ જ છે. આમ સર્વને સામાન્ય એવી **સર્વજ્ઞ માન્યતા જગતના સમસ્ત સંપ્રદાયોનું એક અનુપમ મિલનસ્થાન છે,** માટે એક અભેદસ્વરૂપ સર્વજ્ઞને માનનારા સેવક ભક્તજનોમાં કોઇ પણ ભેદ ઘટતો નથી, એમ સિદ્ધ થયું.

*

આ જ અર્થ નિદર્શનગર્ભપણે કહે છે—

+ "यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि ।
यथाशक्ति विधानेन नियमात्स फलप्रदः ॥"

× "सर्वज्ञप्रतिपत्त्यंशमाश्रित्यामलया धिया ।
निर्व्याजं तुल्यता भाव्या सर्वतंत्रेषु योगिनाम् ॥ द्वा.द्वा. २३-१७

यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः ।
दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ॥ १०७ ॥

જેમ એક રાજા તણા, આશ્રિત હોય ઘણાય;
દૂર-નિકટ ભેદેય તે, તસ સેવક સઘળાય. ૧૦૭

અર્થ:—જેમ કોઇ એક રાજાના ઘણાય આશ્રિતો હોય, પણ દૂર-નિકટ આદિનો ભેદ છતાં, તેઓ સર્વેય તેના ભૃત્યો-સેવકો છે;

વિવેચન

ઉપરમાં સુયુક્તિથી જે **સર્વજ્ઞભક્તોનું અભેદપણું** ઘટાવ્યું, તેનું અહીં લોકપ્રસિદ્ધ **દૃષ્ટાંતવડે** સમર્થન કર્યું છે:-જેમ કોઇ એક અમુક રાજા હોય, અને તેના આશ્રિત એવા સેવા કરનારા અનેક પુરુષો હોય તે આશ્રિતમાં કોઇ રાજાની નિકટનો સેવક હોય, કોઇ દૂરનો હોય, કોઇ પ્રધાન હોય, તો કોઇ મંત્રી હોય; કોઇ સરદાર હોય તો કોઇ સીપાઇ હોય; કોઇ કારકુન હોય, તો કોઇ પટાવાળો હોય. ઇત્યાદિ પ્રકારે તે તે પુરુષની નિમણુક પ્રમાણે દરજ્જાનો ભેદ હોય છે. પણ રાજાના આશ્રિત એવા તે બધાય પુરુષો તે એક જ રાજાના ભૃત્યો તો છે જ, સેવકો તો છે જ. તેઓના ભૃત્યપણામાં-સેવકપણામાં કાંઇ ભેદ પડતો નથી. કોઇનો હોદ્દો ઊંચો તો કોઇનો નીચો, પણ તે બધાયની ગણત્રી ભૃત્યવર્ગમાં જ-દાસવર્ગમાં જ થાય છે. તે સર્વ એક વર્ગ તરીકે રાજસેવક (Government Servant) કહેવાય છે.

★

દૃષ્ટાંતિક યોજન કહે છે—

सर्वज्ञतत्त्वाभेदेन तथा सर्वज्ञवादिनः ।
सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ॥ १०८ ॥

વૃત્તિ:—**यथैवैकस्य नृपतेः**-જેમ કોઇ એક વિવક્ષિત રાજાના, **बहवोऽपि समाश्रिताः**-ઘણાય સમાશ્રિત પુરુષો, **दूरासन्नादिभेदेऽपि**-દૂર-આસન્ન આદિ ભેદ હોતાં છતાં, તેવા પ્રકારે નિયોગ ભેદ (નીમણુંકનો ભેદ) કરવામાં આવ્યે પણ, **तद्भृत्याः**-તે વિવક્ષિત રાજાના ભૃત્યો-સેવકો, **सर्व एव ते**-તે સમાશ્રિત સર્વેય હોય છે.

વૃત્તિ:-**सर्वज्ञतत्त्वाभेदेन**-યથોક્ત નીતિથી હેતુભૂત એવા સર્વજ્ઞતત્ત્વના અભેદથી, **तथा**-તેવા પ્રકારે, રાજાના સમાશ્રિત બહુ પુરુષોની જેમ, **सर्वज्ञवादिनः सर्वे**-સર્વે સર્વજ્ઞવાદીઓ, જિન આદિ મતભેદ અવલંબીઓ, **तत्तत्त्वगाः**-તે સર્વજ્ઞતત્ત્વગામી, **ज्ञेयाः**-જાણવા, **भिन्नाचारस्थिता अपि**-ભિન્ન આચારમાં સ્થિત છતાં, તેવા પ્રકારના અધિકારભેદથી.

સર્વજ્ઞતત્ત્વ અભેદથી, સર્વજ્ઞવાદી બધાય;
સર્વજ્ઞતત્ત્વગ જાણવા, ભિન્નાચાર છતાંય. ૧૦૮

અર્થ:—તેમ સર્વજ્ઞ તત્ત્વના **અભેદથી**, સર્વજ્ઞવાદીઓ સર્વે, ભિન્ન આચારમાં સ્થિત છતાં, તે સર્વજ્ઞ તત્ત્વગામી જાણવા.

વિવેચન

ઉપરમાં કહી તે નીતિ પ્રમાણે, એટલે કે ઉક્ત દૃષ્ટાંત અનુસાર એક રાજાના આશ્રયે રહેલા ઘણા પુરુષોની જેમ, સર્વેય સર્વજ્ઞવાદીઓ તે સર્વજ્ઞતત્ત્વ પ્રત્યે જનારા—ગમન કરનારા છે; કારણકે સર્વજ્ઞ તત્ત્વનો ઉપરમાં કહ્યા પ્રમાણે અભેદ છે.

તેમ સર્વ સર્વજ્ઞવાદી અભેદ

પછી ભલે તે સર્વજ્ઞવાદીઓ તેવા તેવા પ્રકારના **અધિકારભેદે ભિન્ન ભિન્ન આચારમાં** સ્થિત હોય. તાત્પર્ય કે—જેમ એક રાજાના આશ્રિત એવા ઘણા પુરુષો હોય, તેઓ પોતપોતાની યોગ્યતા અનુસાર નાના મોટા ભિન્ન ભિન્ન અધિકાર ધરાવતા હોય, ઊંચા નીચા હોદ્દા સંભાળતા હોય, પણ તે એક જ રાજાના આશ્રિત રાજસેવક ગણાય છે, તેઓના દાસભાવમાં ભેદ પડતો નથી; તેમ ભગવાન્ સર્વજ્ઞદેવનો આશ્રય કરનારા, સર્વજ્ઞને માનનારા—ભજનારા જૈન કે જૈનેતર બધાય સર્વજ્ઞવાદીઓ તે એક સર્વજ્ઞતત્ત્વ પ્રત્યે ગમન કરનારા હોઇ, સર્વજ્ઞના આશ્રિત સેવક ભક્ત છે. પછી તે સર્વજ્ઞ તત્ત્વનો સ્વીકાર કરનારો ભલે જૈન હોય કે બૌદ્ધ હોય, શૈવ હોય કે વૈષ્ણવ હોય, પારસી હોય કે ખ્રીસ્તી હોય, અને ભલે તે પોતપોતાની યોગ્યતા પ્રમાણે અધિકારભેદથી ભિન્ન ભિન્ન આચારમાં વર્ત્તતો હોય, ઉંચી દશાવાળો હોય કે નીચી દશાવાળો હોય, ઉત્તમ કોટિનો હોય કે અધમ કોટિનો હોય, ગમે તેમ હોય, પણ તે સર્વેય **એક જ** આરાધ્ય સર્વજ્ઞને ભજનારા આરાધકો—ભક્તો છે, સર્વજ્ઞસેવકો જ છે એના દાસભાવમાં કોઇ જાતનો ભેદ નથી, તે બધાય સર્વજ્ઞ ભગવાન—દાસ છે.

આ સર્વજ્ઞના સાચા સેવક ભક્ત પણ કોણ કહેવાય ? તે ઉપર સ્પષ્ટ કર્યું છે, તે અહીં નૃપસેવકના દૃષ્ટાંતથી વિશેષ દૃઢ કર્યું છે. સામાન્ય લોકવ્યવહારમાં પણ રાજસેવક હોય તેણે રાજાની આજ્ઞા ઊઠાવવામાં સદા તત્પર રહેવું જોઇએ, એવી

સેવક ભક્ત આજ્ઞા પાલક

રીતિ છે, તો પછી આ તો લોકોત્તર દેવ **સર્વજ્ઞ મહારાજની** આજ્ઞાના પાલનમાં સાચા સેવકને કેટલા તત્પર રહેવું જોઇએ, તે સહેજે સમજી શકાય એમ છે. અને તેની સેવાભક્તિ કરતાં સાચા સેવક ભક્તજને સેવાફળની આશા પણ ન રાખવી જોઇએ, ને તો જ તે સાચી ભક્તિ કહી શકાય; નહિં તો તેની જો આશા રાખવામાં આવે તો તે ભક્તિ નહિં, પણ ભાડુતી કામ જેવું થયું !

"સેવા સારજ્યો રે જિનની મન સાચે, પણ મત માગો ભાઇ !
મહિનતનો ફળ માગી લેતાં, દાસભાવ સવિ જાઇ....સેવા૦
ભક્તિ નહિં તે તો ભાડાયત, જે સેવા ફળ જાચે;
દાસ તિકે જે ઘન ભરિ નિરખી, કેકીની પરે નાચે....સેવા૦"—**શ્રી દેવચંદ્રજી.**

અને આ સર્વજ્ઞ દેવના આવા જે સાચા સેવક ભક્તજનો હોય, તેઓ સમાનધર્મી હોવાથી, સર્વેય **સાધર્મિક** છે. એટલે તેઓને એક બીજા પ્રત્યે પરમ **વાત્સલ્ય** હોવું જોઇએ, પરમ પ્રેમ સ્ફુરવો જોઇએ, **વિશ્વબંધુત્વની** (Universal Brotherhood) ભાવના દઢપણે વિકસવી જોઇએ, એમ આ ઉપરથી સહેજે ફલિત થાય છે. અને આમ છે તો પછી એકબીજા પ્રત્યે કોઇ પણ પ્રકારના દ્વેષને, મત્સરને કે અસહિષ્ણુતાને ઉદ્‌ભવવાનું સ્થાન પણ કયાં રહે છે?

★

ઉપસંહાર કરતાં કહે છે—

न भेद एव तत्त्वेन सर्वज्ञानां महात्मनाम् ।
तथा नामादिभेदेऽपि भाव्यमेतन्महात्मभिः ॥ १०९ ॥

મહાત્મા સર્વજ્ઞો તણો, તત્ત્વથી ભેદ જ નો'ય;
નામાદિ ભેદેય આ, ભાવ્ય સુજ્ઞને હોય. ૧૦૯

અર્થ:—મહાત્મા સર્વજ્ઞોનો તત્ત્વથી ભેદ જ નથી,—તેવા પ્રકારે નામ વગેરેનો ભેદ છતાં પણ,—આ મહાત્માઓએ ભાવવું યોગ્ય છે.

વિવેચન

"રામ કહો રહેમાન કહો કોઉ,
કાન કહો મહાદેવરી."—**શ્રી આનંદઘનજી.**

"ઇશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન!"

ઉપરમાં જે સર્વજ્ઞ સંબંધી વિવરણ કર્યું, તેનો ઉપસંહાર કરતાં મહાનુભાવ મહાત્મા શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે તત્ત્વથી—પરમાર્થથી જોઇએ તો મહાત્મા સર્વજ્ઞોમાં એટલે કે ખરેખરા **ભાવ સર્વજ્ઞોમાં ભેદ જ નથી.** ભલે તેવા તેવા પ્રકારે ઇષ્ટ—અનિષ્ટ

વૃત્તિઃ—न भेद एव—ભેદ જ નથી, तत्त्वेन—તત્ત્વથી, પરમાર્થથી, **सर्वज्ञानां महात्मनाम्**—સર્વજ્ઞ મહાત્માઓનો, **ભાવ સર્વજ્ઞોનો** એમ અર્થ છે, तथा—તેવા પ્રકારે, **नामादिभेदेऽपि**—ઇષ્ટ—અનિષ્ટ નામ આદિનો ભેદ છતાં, भाव्यमेतन्महात्मभिः—આ મહાત્માઓએ ભાવવું યોગ્ય છે,—શ્રુત—મેધા—અસંમોહસાર પ્રજ્ઞાવડે કરીને.

નામ વગેરેનો ભેદ હોય, તોપણ **તત્ત્વથી** તો તેમાં કંઇ પણ ભેદનો અભાવ છે. આમ મહાત્મા જનોએ શ્રુતથી, મેધાથી ને અસંમોહથી સાર-પ્રધાન એવી પ્રજ્ઞાવડે ભાવવા યોગ્ય છે.

કારણકે પરમાર્થ દૃષ્ટિથી વિચારતાં, સાચા ખરેખરા ભાવ-સર્વજ્ઞોમાં કોઇપણ જાતનો ભેદ સંભવતો નથી, એમ બુધજનોને સ્પષ્ટ જણાય છે. 'સર્વ જાણે તે સર્વજ્ઞ' એમ તેની વ્યાખ્યા પરથી આ યુક્તિસિદ્ધપણે પ્રતીત થાય છે. ભલે પછી

નામભેદ ભલે હો

એ સર્વજ્ઞને મત-સંપ્રદાય આદિના ભેદે કરીને પોતપોતાના ઇષ્ટ એવા ભિન્ન ભિન્ન નામ આપવામાં આવતા હોય, ભિન્ન ભિન્નપણે તેનું સ્વરૂપ વર્ણવવામાં આવતું હોય, ભિન્ન ભિન્નપણે તેનો મહિમા ગવાતો હોય, ભિન્ન ભિન્નપણે તેનું ચરિત્ર સંકીર્ત્તન કરાતું હોય, પણ તેના **સર્વજ્ઞપણારૂપ** લક્ષણમાં ભેદ પડતો નથી. કોઇ તેને જિન કહે કે શિવ કહે, કોઇ બુદ્ધ કહે કે અર્હત્ કહે, કોઈ વિષ્ણુ કહે કે બ્રહ્મા કહે, કોઇ ઈશ્વર કહે કે ખુદા કહે, કોઇ રામ કહે કે રહેમાન કહે, કોઇ પરમાત્મા કહે કે સર્વશક્તિમાન્ 'ગૉડ' (God Almighty) કહે, ઇત્યાદિ ગમે તે ઇષ્ટ દેવના નામે તેને સર્વ કોઇ ભજતા હોય, પણ તેમાં **નામભેદથી અર્થભેદ નથી.** જેમ ગંગાનદીને કોઇ સુરનદી કહે, કોઇ ભાગીરથી કહે, કોઈ ત્રિપથગા કહે, કોઈ મંદાકિની કહે, પણ ગંગા નદી તો એક જ છે, તેમાં ફેર પડતો નથી; તેમ એકસ્વરૂપ સર્વજ્ઞના અપેક્ષાભેદે ભલે જૂદા જૂદા નામ આપવામાં આવે, પણ તેના તાત્ત્વિક સ્વરૂપની એકતામાં ફેર પડતો નથી. **સર્વજ્ઞતત્ત્વ** તો પરમાર્થથી એક ને અભિન્ન જ છે, એવું બુધજનોએ મેધાથી, શ્રુતથી ને અસંમોહથી પાવન એવી પ્રજ્ઞાવડે ભાવન કરવા યોગ્ય છે, પુનઃ પુનઃ ચિંતન કરવા યોગ્ય છે.

અને આવા આ એક સ્વરૂપ સર્વજ્ઞને જે વિવિધ નામ આપવામાં આવ્યા છે, તે પણ તેના વિવિધ ગુણના વાચક છે, અને જૂદી જૂદી અપેક્ષાએ તેના અપૂર્વ અચિંત્ય

ગુણનિષ્પન્ન નામની અવિરુદ્ધતા

મહિમાને વર્ણવતા હોઇ સાર્થક છે. જેમકે-તે '**અર્હત્**' એટલે પૂજાર્હ-પૂજાને યોગ્ય, જગત્પૂજ્ય, વિશ્વવંદ્ય છે. કર્મશત્રુનો નાશ કરવાથી તે '**જિન**'-વીતરાગ છે. અધિદેવપણાથી તે '**મહાદેવ**' છે. સુખાવહપણાથી એટલે કે ત્રણે ભુવનના શંકરપણાથી તે '**શંકર**' છે. બ્રહ્મજ્ઞપણાથી-આત્મજ્ઞપણાથી તે '**બ્રહ્મા**' છે. દુઃખ હરવાથી તે '**હરિ**' છે. વિબુધોથી તેનો બુદ્ધિ-બોધ અર્ચાય છે, માટે તે '**બુદ્ધ**' છે. શિવમાર્ગની વિધિનું વિધાન કરવાથી તે '**વિધાતા**' છે. આવા હોવાથી તે વ્યક્તપણે પ્રગટ '**પુરુષોત્તમ**' છે. ઇત્યાદિ અનેક નામ ધરાવતાં છતાં તે સ્વલક્ષણથી અનેક નથી, કારણકે અનંત ગુણાત્મક એક આત્મદ્રવ્ય પ્રસિદ્ધ છે. એટલે વિવિધ ગુણ અપેક્ષાએ વિવિધ નામ પરસ્પર વિરુદ્ધ નથી, પણ એક જ અર્થના-સ્વરૂપના દ્યોતક હોઇ, એકબીજાના પૂરક-પોષક છે, અને એક જ તત્ત્વસ્વરૂપની પુષ્ટિ કરે છે.

"શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન....લલના૦
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિસરૂપ અસમાન....લલના૦શ્રી સુપાસ૦ "ઇત્યાદિ.

"એમ અનેક અભિધા× ધરે રે, અનુભવગમ્ય વિચાર....લલના૦
જે જાણે તેહને કરે રે, આનંદઘન અવતાર રે લલના. શ્રી સુપાસ૦"
શ્રી આનંદઘનજી.

આમ સર્વજ્ઞ પરમાત્માના અનેક અભિધાન છે, અને તેનો વિચાર અનુભવગમ્ય છે. જે તેને પરમાર્થથી જાણે છે, તેનું યથાર્થ સ્વરૂપ ઓળખે છે, તેને તે '**આનંદઘન અવતાર**' કરે છે, તદ્રૂપ સર્વજ્ઞપદની પ્રાપ્તિ કરાવે છે. અને આ એક ઈષ્ટ પરમાર્થ હેતુની સિદ્ધિને અર્થે, આ સર્વજ્ઞ ભગવાનને ગમે તે નામે ભજવામાં આવે, તેમાં વિરોધ શો ? જો પરમાર્થ એક છે, તો શબ્દભેદનો ઝઘડો શો ?

"શબ્દભેદ ઝઘડો કિશ્યોજી, જો પરમારથ એક;
કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફરે નહિં છેક.
મનમોહન૦" **યો૦ સજ્ઝાય. ૪-૨૧.**

અને આવા આ સર્વજ્ઞને ભજનારા ભક્ત જોગીજનો તે પ્રભુથી દૂર* હોય કે નિકટ હોય, તોપણ તે સર્વેય તે સર્વજ્ઞના સેવક–ઉપાસક જ છે. પછી ભલે તે ઉપાસકો પોત-

---

×"अर्हन्निति जगत्पूज्यो जिनः कर्मारिशातनात् ।
महादेवोधिदेवत्वाच्छङ्करोऽपि सुखावहात् ॥
विष्णुर्ज्ञानेन सर्वार्थविस्तृतत्वात् कथंचन ।
ब्रह्म ब्रह्मज्ञरूपत्वाद्धरिर्दुःखापनोदनात् ॥
इत्याद्यनेकनामापि नानेकोऽस्ति स्वलक्षणात् ।
यतोऽनन्तगुणात्मैकद्रव्यं स्यात् सिद्धसाधनात् ॥"
—શ્રી અમૃતચંદ્રાચાર્યજી (?) પ્રણીત પંચાધ્યાયી.

"बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात् । त्वं शङ्करोऽसि भुवनत्रयशङ्करत्वात् ।
धातासि धीर शिवमार्गविधेर्विधानात् । व्यक्तं त्वमेव भगवन्पुरुषोत्तमोऽसि ॥"
—શ્રી ભક્તામરસ્તોત્ર.

"निर्मलः शाश्वतो शुद्धः निर्विकल्पो निरामयः । निःशरीरो निरातंको सिद्धः सूक्ष्मो निरंजनः ॥
महादेवो महावीरो महामोहविनाशकः । महाभावो महादर्शः महामुक्तिप्रदायकः ॥"
શ્રી ભદ્રબાહુસ્વામીકૃત જિનલઘુસહસ્રનામ.

*"दूरासन्नादिभेदोऽपि तद्भृत्यत्वं निहन्ति न । एको नामादिभेदेन भिन्नाचारेष्वपि प्रभुः ॥"
શ્રી યશોવિજયજીકૃત દ્વા. દ્વા. ૨૩-૧૮.

પોતાના અધિકારભેદથી ભિન્ન ભિન્ન આચાર પાળતા હોય, નાના પ્રકારના અનુષ્ઠાન આદરતા હોય, પોતાની ઉંચી નીચી આત્મદશા અનુસાર વિવિધ રીતે તે પ્રભુને ભજતા હોય, પણ તે **ઉપાસ્ય**-આરાધ્ય પ્રભુ જો **એક** જ છે તો તેના **ઉપાસકો**—આરાધકો પણ **એક** રૂપ જ છે.

卐

ચિત્ર અચિત્ર દેવભક્તિ વિભાગ

શાસ્ત્રગર્ભ જ (શાસ્ત્રમાં કહેલ) બીજી ઉપપત્તિ-યુક્તિ કહે છેઃ—

चित्राचित्रविभागेन यच्च देवेषु वर्णिता ।
भक्तिः सद्योगशास्त्रेषु ततोऽप्येवमिदं स्थितम् ॥ ११० ॥

ચિત્ર અચિત્ર વિભાગથી, ભક્તિ દેવની જેહ;
સદ્‌યોગ શાસ્ત્રે વર્ણવી, તેથી પણ સ્થિત એહ. ૧૧૦.

અર્થ:—અને દેવો પ્રત્યેની ભક્તિ, ચિત્ર અને **અચિત્ર** એ બે વિભાગથી સદ્‌યોગ-શાસ્ત્રોમાં વર્ણવવામાં આવી છે,-તે ઉપરથી પણ આ (જે કહ્યું તે) એમ જ સ્થિત છે.

વિવેચન

ઉપરમાં જે કહ્યું કે સર્વજ્ઞનું એકપણું છે, તેનું સમર્થન કરવા માટે શાસ્ત્રોક્ત બીજી યુક્તિ અહીં કહી છેઃ—અધ્યાત્મ વિષયનું ચિંતન કરનારા સદ્‌યોગશાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યું છે કે-લોકપાલ, મુક્ત વગેરે દેવોની ભક્તિના બે સ્પષ્ટ વિભાગ પડે છેઃ-(૧) **ચિત્ર** એટલે ભિન્ન, જૂદા જૂદા પ્રકારની, (૨) **અચિત્ર** એટલે અભિન્ન અથવા જૂદા જૂદા પ્રકારની નહિં તે. આ સત્‌શાસ્ત્રની પુષ્ટિ ઉપરથી પણ, પ્રસ્તુત સર્વજ્ઞ ને તેના ભકતોની એકતા છે, તે એમ જ સ્થિત છે, એમ જ સંસિદ્ધ થાય છે.

"નહિં સર્વજ્ઞો જુજુઆજી, તેહના વળી દાસ;
ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ....મન૦" —**યો. સજ્ઝાય ૪-૧૪**

★

આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છેઃ—

वृत्तिः— **चित्राचित्रविभागेन**-ચિત્ર-અચિત્ર વિભાગથી,-જેનું લક્ષણ કહેવામાં આવશે, **यच्च**-અને જે, **देवेषु वर्णिता**-દેવો પ્રત્યે, લોકપાલ-મુક્ત આદિ દેવો પ્રત્યે વર્ણવવામાં આવી છે, **भक्तिः**-ભક્તિ, **सद्योगशास्त्रेषु**-સદ્‌યોગશાસ્ત્રોમાં, સર્વ અધ્યાત્મચિંતા શાસ્ત્રોમાં, **ततोऽपि**-તે કારણ થકી પણ, **एवमिदं स्थितम्**-આ પ્રસ્તુત એમ સ્થિત છે.

संसारिषु हि देवेषु भक्तिस्तत्कायगामिनाम् ।
तदतीते पुनस्तत्त्वे तदतीतार्थयायिनाम् ॥ १११ ॥

સંસારી દેવો પ્રતિ, ભક્તિ નિશ્ચયે જોય;
તે સંસારી દેવના, કાયગામિની હોય.
સંસારાતીત તત્ત્વમાં, ભક્તિ પરંતુ સોય;
સંસારાતીત અર્થમાં, ગમનકારીની હોય. ૧૧૧

અર્થ:—કારણકે સંસારી દેવો પ્રત્યે, તે કાયમાં જનારાઓની ભક્તિ હોય છે; પણ તે સંસારથી અતીત–પર એવા તત્ત્વ પ્રત્યે, સંસારાતીત અર્થ પ્રત્યે જનારાઓની ભક્તિ હોય છે.

વિવેચન

કોની કોની ભક્તિ કેવા કેવા દેવ પ્રત્યે હોય છે, તેનો સ્પષ્ટ વિભાગ અત્રે કર્યો છે: (૧) લોકપાલ વગેરે જે સંસારી દેવો છે, તેના પ્રત્યેની ભક્તિ તે સંસારી દેવની કાયમાં જનારાઓને હોય છે; તે તે સંસારી દેવની ગતિમાં જે ગમન કરનારા છે–જવાવાળા છે, તેવાઓ તે સંસારી દેવોના ભક્ત–સેવક હોય છે; તેઓ જ તેને ભજે છે.* (૨) પરંતુ તે સંસારથી અતીત–પર તત્ત્વ પ્રત્યેની ભક્તિ તો સંસારાતીત અર્થ પ્રત્યે જનારાઓને હોય છે. સંસારથી અતીત–પર એવા યોગમાર્ગે જે ગમન કરનારા છે, એવા યોગીજનોની ભક્તિ તો સંસારથી અતીત, સંસારનો પાર પામેલા, એવા પર તત્ત્વમાં જ હોય છે. આમ **સંસારી દેવોના ભક્ત**, સંસારગામી **સંસારી** જીવ હોય છે; અને **મુક્ત સર્વજ્ઞ દેવના ભક્ત** મુક્તિગામી **મુમુક્ષુ** જોગીજનો હોય છે. કારણકે 'यादृशी भावना तादृशी सिद्धिः' **જેવી ભાવના તેવી સિદ્ધિ**, અથવા यथा मतिः तथा गतिः **જેવી મતિ**

મુક્તના ભક્ત મુમુક્ષુ

વૃત્તિ:—**संसारिषु हि देवेषु**–કારણકે સંસારી દેવોમાં, લોકપાલ આદિ દેવો પ્રત્યે, **भक्तिः**–ભક્તિ, સેવા, **तत्कायगामिनाम्**–તે કાયગામીઓની, એટલે કે તે સંસારી દેવની કાયમાં જનારાઓની, (હોય છે), **तदतीते पुनः**–પણ તેથી અતીત, સંસારથી અતીત–પર, **तत्त्वे** તત્ત્વમાં, તત્ત્વ પ્રત્યે, **तदतीतार्थयायिनां**–તેનાથી અતીત અર્થગામીઓની, તેનાથી અતીત-પર અર્થ પ્રત્યે જનારાઓની, એટલે કે સંસારાતીત માર્ગે જનારા યોગીઓની ભક્તિ હોય છે.

* "बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥
कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥"—ગીતા.

તેવી ગતિ. જે જેને ભજે તે તેવો થાય. સંસારીને ભજે તે સંસારી થાય; મુક્તને ભજે તે મુક્ત થાય. આ પરિણામી આત્મા જેવા જેવા ભાવે પરિણમવા ઇચ્છે, તેવા તેવા ભાવે તે પરિણમી શકે છે. ઇયલ ભમરીનું ધ્યાન ધરતાં, પોતે ભમરી બને છે.

"જિનસ્વરૂપ થઇ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે....ષડ્દર્શન"—**શ્રી આનંદઘનજી.**

★

આ બેનો વિશેષ કહે છે—

चित्रा चाद्येषु तद्रागतदन्यद्वेषसङ्गता ।
अचित्रा चरमे त्वेषा शमसाराखिलैव हि ॥ ११२ ॥

તસ રાગ પર દ્વેષથી, ભક્તિ આદ્યમાં ચિત્ર;
શમસાર એ ચરમમાં, હોય સમસ્ત અચિત્ર. ૧૧૨

અર્થ:—અને તેમાં પહેલા-તે સંસારી દેવો પ્રત્યેની ભક્તિ, તેના પ્રત્યેના રાગથી ને તેનાથી અન્ય પ્રત્યેના દ્વેષથી સંગત હોઇ, ચિત્ર (ભિન્ન) હોય છે. અને છેલ્લા-તે સંસારાતીત તત્ત્વ પ્રત્યેની જે ભક્તિ તે બધીય **શમસાર** (શમપ્રધાન) હોઇ, અચિત્ર (અભિન્ન) હોય છે.

વિવેચન

ઉપરમાં જે બે પ્રકારના દેવના ભક્તના બે વિભાગ પાડયા, **તેની ભક્તિમાં પણ તેવા** બે ભેદ પડે છે, તે અહીં બતાવ્યું છે:-તેમાં પ્રથમ જે **લોકપાલ** વિગેરે સાંસારિક દેવો છે, તેઓ પ્રત્યેની ભક્તિ **ચિત્ર** એટલે નાના પ્રકારની હોય છે; અને **મોહગર્ભપણાને** લીધે તે પોતાના ઇષ્ટ દેવ પ્રત્યે રાગવાળી ને અનિષ્ટ દેવ પ્રત્યે દ્વેષવાળી હોય છે. જેમકે કોઇ હનુમાનનો, કે શંકરનો, કે વિષ્ણુનો, કે સૂર્યનો, કે વરુણનો, કે અન્યનો ભક્ત હોય, તે તેવા પ્રકારના મોહભાવને લીધે પોતાના ઇષ્ટ દેવ પ્રત્યે રાગ રાખી, ઇતર પ્રત્યે દ્વેષ રાખે છે. આમ તે ભક્તિ જૂદા જૂદા દેવને અપેક્ષીને જૂદા જૂદા પ્રકારની ને રાગ-દ્વેષવાળી હોય છે. એમાં સહિષ્ણુતાનો પ્રાયઃ અભાવ હોય છે, અને હું માનું છું તે જ દેવ સાચા ને બાકી બીજા બધા ખોટા, એવી માન્યતા મુખ્યપણે હોય છે.

સંસારી દેવની ભક્તિ ચિત્ર

વૃત્તિ:—**चित्रा च**-અને ચિત્ર, નાના પ્રકારની, **आद्येषु**-આદ્યોમાં, સાંસારિક દેવો પ્રત્યે, **तद्रागतदन्यद्वेषसङ्गता**-પોતાના અભીષ્ટ દેવતાના રાગથી અને અનભીષ્ટના દ્વેષથી સંયુક્ત એવી હોય છે,-મોહગર્ભપણાને લીધે. **अचित्रा**-અચિત્ર, એકાકાર, એક પ્રકારની, **चरमे तु**-પણ ચરમમાં એટલે કે તદતીત-સંસારાતીત તત્ત્વમાં, **एषा**-આ ભક્તિ; અને તે, **शमसारा**-શમસાર-શમપ્રધાન, **अखिलैव हि** અખિલ જ હોય છે,-તેવા પ્રકારના સંમોહના અભાવને લીધે.

અને બીજું જે સંસારાતીત-સંસારથી પર એવું મુક્ત તત્ત્વ કહ્યું, તેના પ્રત્યેની જે ભક્તિ તે તો **અચિત્ર** એટલે કે એકાકાર જ હોય છે, એક જ પ્રકારની હોય છે; કારણ કે તે પરતત્ત્વનું એકપણું-અભેદપણું ઉપરમાં સિદ્ધ કરાઈ ચૂકયું છે. અને આ એકસ્વરૂપ પરતત્ત્વની ભક્તિ **શમસાર**-શમપ્રધાન હોય છે. તેમાં એક પ્રત્યે રાગ ને બીજા પ્રત્યે દ્વેષ, એમ હોતું નથી; પણ સર્વત્ર રાગદ્વેષરહિત એવો સમભાવ હોય છે, અને અખંડ શાંતરસનો પ્રવાહ વહે છે, એટલે દ્વેષ-અસહિષ્ણુતા આદિ દુષ્ટ ભાવોના ઉદ્ભવનો અસંભવ છે, કારણ કે સંમોહનો અત્ર અભાવ હોય છે. આમ અનેક એવા સંસારી દેવોની ભક્તિ વિચિત્ર અને એક એવા સંસારાતીત પર તત્ત્વની ભક્તિ અચિત્ર હોય છે.

મુક્ત તત્ત્વની ભક્તિ અચિત્ર

"દેવ સંસારી અનેક છે જી, તેહની ભક્તિ વિચિત્ર;
એક રાગ પર દ્વેષથીજી, એક મુક્તિની અચિત્ર....મન૦"—યો. દ. સજ્ઝાય. ૪-૧૫

★

અત્રે જ હેતુ કહે છે—

संसारिणां हि देवानां यस्माच्चित्राण्यनेकधा ।
स्थित्यैश्वर्यप्रभावाद्यैः स्थानानि प्रतिशासनम् ॥ ११३ ॥

સ્થાન સંસારિ દેવના, ચિત્ર અનેક પ્રકાર;
સ્થિતિ ઐશ્વર્યાદિકથી, પ્રતિશાસને ધાર. ૧૧૩

અર્થ:—કારણ કે સંસારી દેવોના સ્થાનો સ્થિતિ-ઐશ્વર્ય-પ્રભાવ વગેરે વડે કરીને, પ્રત્યેક શાસનમાં, અનેક પ્રકારે ચિત્ર (જૂદા જૂદા) હોય છે.

વિવેચન

સંસારી દેવો ચિત્ર-જાતજાતના અને તેની ભક્તિ પણ ચિત્ર હોય છે એમ કહ્યું, તેનું કારણ આ પ્રમાણે:-ઊર્ધ્વ, મધ્ય ને અધોલોકરૂપ આ ત્રિવિધ બ્રહ્માંડમાં જે સંસારી દેવો છે, તેઓના સ્થાનો પ્રત્યેક શાસનમાં અનેક પ્રકારે ચિત્ર એટલે નાના પ્રકારના-જાત જાતના કહ્યા છે. કારણ કે તેઓની સ્થિતિ, ઐશ્વર્ય, પ્રભાવ, સહજ રૂપ વગેરેથી તેઓના વિમાન આદિ સ્થાનોમાં જાત જાતનો તફાવત-ભેદ હોય છે. જેમકે (૧) હિંદુ ધર્મમાં બ્રહ્મા, વિષ્ણુ,

સંસારી દેવોના ચિત્ર સ્થાન

વૃત્તિઃ-**संसारिणां हि देवानां**-કારણ કે સંસારી દેવોના-લોકપાલ આદિના, **यस्माच्चित्राणि**-કારણ કે ચિત્ર-અનેક આકારવાળા, **अनेकधा**-અનેક પ્રકારે,-કોના વડે ? કયા ? તે માટે કહ્યું-**स्थित्यैश्वर्यप्रभावाद्यैः**-સ્થિતિ, ઐશ્વર્ય, પ્રભાવ આદિ વડે કરીને, આદિ શબ્દથી સહજ રૂપ આદિનું ગ્રહણ છે, **स्थानानि**-સ્થાનો, વિમાન આદિ, **प्रतिशासनं**-પ્રતિશાસને, પ્રત્યેક શાસનમાં,-બ્રહ્માણ્ડના ત્રૈવિધ્યના અનુભેદથી.

મહેશ, ઇંદ્ર, સૂર્ય, ચંદ્ર, પવન, અગ્નિ, વરુણ વગેરે દેવો ગણાય છે. તેઓના સ્વાભાવિક સ્વરૂપ, સ્થિતિ, ઐશ્વર્ય, પ્રભાવ, સામર્થ્ય વગેરેમાં તેવો તેવો યથોક્ત વર્ણન પ્રમાણે ભેદ હોય છે. (૨) જૈન ધર્મમાં ચાર પ્રકારના સંસારી દેવનિકાય કહ્યા છે: ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી ને વૈમાનિક. તેઓના વળી અનેક પ્રતિભેદ વિસ્તારથી વર્ણવ્યા છે. તેમાં કોઇની સ્થિતિ ઓછી હોય છે, કોઇની વધારે હોય છે. કોઇનું ઐશ્વર્ય અધિક હોય છે, કોઇનું ન્યૂન હોય છે. કોઇનો પ્રભાવ મંદ હોય છે, કોઇનો ઉગ્ર-તેજસ્વી હોય છે. કોઇનું સહજ રૂપ આકર્ષક હોય છે, કોઇનું અનાકર્ષક હોય છે આમ રૂપ, રસ, ગંધ, વર્ણના વિભિન્ન ભેદે કરીને તરતમતાના અનેક પ્રકાર હોય છે. (૩) બૌદ્ધ ધર્મમાં, ખ્રિસ્તી ધર્મમાં, અને બીજા ધર્મોમાં પણ પોતપોતાની માન્યતા અનુસાર સંસારી દેવોનું વર્ણન કર્યું છે. આમ પ્રત્યેક શાસનની અપેક્ષાએ સંસારી દેવોના સ્થાનો-વિમાન આદિ પણ ચિત્ર પ્રકારના હોય છે.

★

કારણ કે એમ છે—

तस्मात्तत्साधनोपायो नियमाच्चित्र एव हि ।
न भिन्ननगराणां स्यादेकं वर्त्म कदाचन ॥ ११४ ॥

(તેથી) સાધન ઉપાય તેહનો, નિયમથી ચિત્ર જ હોય;
કદી ભિન્ન નગરો તણો, મારગ એક જ નો'ય. ૧૧૪

અર્થ:—તેથી કરીને તે દેવોના સ્થાનોની સાધનાનો ઉપાય, નિયમથી જ, ચિત્ર-જૂદા જૂદા પ્રકારનો હોય છે; કારણકે ભિન્ન નગરોનો માર્ગ કદી પણ એક હોય નહિં.

વિવેચન

અને આમ તે તે સંસારી દેવોના સ્થાનો ભિન્ન ભિન્ન છે, જૂદા જૂદા છે, એટલા માટે તે તે દેવસ્થાનોની સાધનાનો જે ઉપાય છે, તે પણ નિયમથી ચિત્ર હોય છે, ભિન્ન-જૂદા જૂદા પ્રકારનો હોય છે. આ માટે અત્રે લોકમાં જાણીતું દૃષ્ટાંત આપ્યું છે કે જૂદા જૂદા નગરો પ્રત્યે જવાનો માર્ગ કદી પણ એક હોય નહિં. મુંબઇ, કલકત્તા, મદ્રાસ, દિલ્હી વગેરે જૂદી જૂદી દિશામાં આવેલા શહેરો ભણી જવું હોય, તો તેનો રસ્તો પણ જૂદી જૂદી દિશામાં જતો હોય, એક ન હોય. નહિં તો તે તે નગરોનું ભિન્નપણું ઘટે

વૃત્તિઃ—तस्मात्—તે કારણ થકી, तत्साधनोपायः-તેના સાધનનો ઉપાય, તે સંસારી દેવોના સ્થાનના સાધનનો ઉપાય. नियमाच्चित्र एव हि-નિયમથી ચિત્ર જ હોય છે. આ જ વસ્તુ લોકપ્રસિદ્ધ ઉદાહરણ દ્વારા કહે છે-न भिन्ननगराणां स्याद्-ભિન્ન નગરોનો ન હોય, एकं वर्त्म कदाचन-એક માર્ગ કદી પણ,-તેવા પ્રકારે તેના ભેદની અનુપપત્તિને લીધે.

નહિં. આમ સાદી સમજથી ભિન્ન નગરોના માર્ગ પણ ભિન્ન છે, તેમ ભિન્ન સંસારી દેવસ્થાનોના સાધનોપાય પણ ભિન્ન છે. એટલે ચિત્ર દેવોની ભક્તિ ચિત્ર પ્રકારની છે એમ સાબિત થયું.

આકૃતિ ૧૧



ચિત્રાચિત્ર ભક્તિનું કોષ્ટક : ૮.

	ચિત્ર ભક્તિ	અચિત્ર ભક્તિ
દેવ	લોકપાલાદિ સંસારી દેવ	મુક્ત પરમાત્મા
ભક્ત	સંસારી દેવ કામગામી, ભવાભિનંદી સંસારાસક્ત	સંસારાતીત અર્થગામી, ભવભોગ-વિરક્ત મુમુક્ષુ
લક્ષણ	મોહગર્ભપણાને લીધે ઇષ્ટદેવમાં રાગ, અનિષ્ટમાં દ્વેષ	અસંમોહભાવને લીધે શમસારપણું–સમભાવ
ચિત્રાચિત્રતા કારણ	(૧) સંસારિ દેવના ચિત્રસ્થાનના સાધન ઉપાય ચિત્ર (૨) ચિત્રઆશયથી ચિત્રફલભેદ	સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા આદિ નામભેદ છતાં નિર્વાણતત્ત્વનું–પરંપદનું અભેદપણું
ફલ	સંસાર	મોક્ષ

[। इति चित्राचित्रदेवभक्त्यंतराधिकारः ।]

ઇષ્ટાપૂર્ત કર્મો અને આશયભેદે ફલભેદ.

તથા—

इष्टापूर्तानि कर्माणि लोके चित्राभिसंधितः ।
नानाफलानि सर्वाणि द्रष्टव्यानि विचक्षणैः ॥ ११५ ॥

લોકે ચિત્ર અભિસંધિથી, કર્મો ઇષ્ટાપૂર્ત;
વિચક્ષણે સહુ દેખવા, નાના ફલથી યુક્ત. ૧૧૫

અર્થ:—જે ઇષ્ટાપૂર્ત કર્મો છે, તે સર્વેય લોકમાં ચિત્ર (જૂદા જૂદા) અભિસંધિને લીધે-અભિપ્રાયને લીધે, નાના પ્રકારના ફલવાળા છે, એમ વિચક્ષણોએ દેખવા યોગ્ય છે.

વિવેચન

ઉપરમાં તે તે દેવોના સ્થાનનું ચિત્રપણું અને તેના સાધનોપાયનું પણ ચિત્રપણું કહ્યું, તેનું વળી પ્રકારાંતરથી સમર્થન કરવા માટે અહીં બીજી યુક્તિ રજૂ કરી છેઃ—ઇષ્ટાપૂર્ત વગેરે કર્મો જે લોકમાં કરવામાં આવે છે, તેમાં પણ જૂદા જૂદા પ્રાણીઓનો જૂદો જૂદો અભિસંધિ-અભિપ્રાય હોય છે, આશયવિશેષ હોય છે. અને તેથી તે સર્વના ફલ પણ જૂદા જૂદા હોય છે, એમ વિચક્ષણ પુરુષોએ-ડાહ્યા વિદ્વજ્જનોએ જાણવું યોગ્ય છે. જેનું સ્વરૂપ નીચે કહેવામાં આવશે એવા ઇષ્ટાપૂર્ત વગેરે કર્મો કરવામાં જેવો જેવો અભિપ્રાયભેદ હોય છે, તેવો તેવો તેનો ફલભેદ પણ પ્રાપ્ત થાય છે, એ વાત બુધજનોને સાવ સ્પષ્ટ ભાસે છે. જેવી મતલબ-ઇરાદો (Intention) તેવું ફલ, 'જેવી ભાવના તેવી સિદ્ધિ'.

અભિપ્રાયભેદે ફલભેદ

✱

ઇષ્ટાપૂર્તનું સ્વરૂપ કહે છે—

ऋत्विग्भिर्मंत्रसंस्कारैर्ब्राह्मणानां समक्षतः ।
अन्तर्वेद्यां हि यद्दत्तमिष्टं तदभिधीयते ॥ ११६ ॥

વૃત્તિઃ—इष्टापूर्तानि कर्माणि-ઇષ્ટાપૂર્ત કર્મો,-જેનું લક્ષણ કહેવામાં આવશે, તે ઇષ્ટાપૂર્ત કર્મો, लोके-લોકમાં, પ્રાણિગણમાં, चित्राभिसंधितः-ચિત્ર અભિસંધિથી-અભિપ્રાયરૂપ કારણથી. શું ? તો કે-नानाफलानि-નાના પ્રકારના ફલવાળા, ચિત્ર ફલવાળા છે એમ, सर्वाणि-સર્વે, द्रष्टव्यानि-દેખવા યોગ્ય છે,-હેતુભેદને લીધે. કોનાથી ? તે માટે કહ્યું-विचक्षणैः-વિચક્ષણોથી, વિદ્વાનોથી.

વૃત્તિઃ—ऋत्विग्भिः-યજ્ઞમાં અધિકૃત એવા ઋત્વિગોથી, मंत्रसंस्कारैः-કરણભૂત એવા મંત્ર-સંસ્કારો વડે કરીને, ब्राह्मणानां समक्षतः-બ્રાહ્મણોની સમક્ષમાં, તેનાથી અન્યને, अन्तर्वेद्यां-વેદીની અંદર, हि-સ્પષ્ટપણે, નિશ્ચયે, यद्दत्तं-જે હિરણ્ય (સુવર્ણ) આદિ દેવામાં આવે છે, इष्टं तदभिधीयते તે 'ઇષ્ટ' કહેવાય છે,-વિશેષ લક્ષણના યોગને લીધે.

બ્રાહ્મણ સમક્ષ ઋત્વિગે, કરી મંત્ર સંસ્કાર;
વેદીમાંહિ દેવાય જે, ઇષ્ટ તેહ અવધાર. ૧૧૬

અર્થ:—ઋત્વિગો દ્વારા, મંત્ર સંસ્કારો વડે કરીને, બ્રાહ્મણોની સમક્ષમાં, વેદીની અંદર, જે આપી દેવામાં આવે, તે 'ઇષ્ટ' કહેવાય છે.

વિવેચન

ઇષ્ટાપૂર્તમાં '**ઇષ્ટ**' એટલે શું? તેનું સ્વરૂપ અહીં કહ્યું છેઃ—યજ્ઞમાં જે અધિકૃત –અધિકારી બ્રાહ્મણો હોય, તે 'ઋત્વિગો' કહેવાય છે. એવા ઋત્વિગો દ્વારા, બીજા બ્રાહ્મણોની હાજરીમાં, વેદીની અંદર મંત્રસંસ્કારો વડે વિધિપૂર્વક જે સુવર્ણ વગેરેનું દાન આપવામાં આવે, તે '**ઇષ્ટ**' કહેવાય છે. કારણ કે તેમાં 'ઇષ્ટ' શબ્દનો અર્થ બરાબર ઘટે છે. 'હું અમુક દાન દેવા ઇચ્છું છું' એવા ઇષ્ટ સંકલ્પપૂર્વક યજ્ઞમાં દાન દેવાનો વિધિ હોવાથી, તેને 'ઇષ્ટ' નામ આપવામાં આવ્યું છે. આમાં મહાજનની સમક્ષ ઇષ્ટ દાનની ગંભીર પ્રતિજ્ઞા લેવામાં આવે છે, માટે આ 'ઇષ્ટ' છે.

યજ્ઞની ભાવના: બ્રહ્મયજ્ઞ

અત્રે બાહ્ય યજ્ઞમાં જે વિધિ પ્રચલિત છે તેને અનુસરીને કહ્યું છે. **યજ્ઞ** શબ્દ 'યજ્' ધાતુ પરથી નીકળ્યો છે. એનો મૂળ અર્થ 'યજ્' એટલે યજવું–પૂજવું, એ ઉપરથી યજ્ઞ એટલે ઇષ્ટ દેવનું યજન, પૂજન કરવું તે છે; અને તે પૂજનમાં અર્પણ કરવાની–હોમી દેવાની ભાવના હોય છે, એટલે હોમી દેવું, અર્પણ કરવું એવો બીજો અર્થ પણ થાય છે. અર્થાત્ **સ્વાર્પણ બુદ્ધિથી** દાનાદિ સદનુષ્ઠાન કરવું તે યજ્ઞ. પોતાપણાની–મમત્વની બુદ્ધિ હોમી દઈ, આત્માર્પણ ભાવથી કેવળ નિઃસ્વાર્થપણે–નિષ્કામપણે જે કંઇ આત્મભોગ (Self-sacrifice) આપવામાં આવે, જે કાંઇ ઇષ્ટ સંકલ્પિત દાનાદિ દેવામાં આવે, તે યજ્ઞ ને તે જ ઇષ્ટ;– નહિં કે અન્ય પશુ આદિનો ભોગ આપવામાં આવે તે યજ્ઞ, તે તો યજ્ઞની વિકૃતિ ને વિડંબના છે. પોતાનો ને પોતાની વસ્તુનો ભોગ–બલિદાન આપવાની વાત જ અત્ર મુખ્ય છે. **મમત્વ વિસર્જનરૂપ–આત્માર્પણ ભાવરૂપ** સાચો સ્વાર્થત્યાગ એજ યજ્ઞની પાછળની પ્રશસ્ત ભાવના છે. વર્ત્તમાનમાં પણ અપેક્ષાએ કંઈક ઉપમારૂપ તુલના કરીએ તો શિષ્ટ જનોની (બ્રાહ્મણો) સભા સમક્ષ, દાતા સદ્‌ગૃહસ્થો (ઋત્વિગો), વ્યાસપીઠ (વેદી) પરથી, ગંભીર પ્રતિજ્ઞાવિધિરૂપ જાહેરાતથી (મંત્રસંસ્કારોથી) જે પોતાના ઇષ્ટ દાનનો સંકલ્પ જાહેર કરે છે (announcement), તે સમસ્ત વિધિ પણ એક પ્રકારે ઉક્ત યજ્ઞવિધિને કંઇક અંશે મળતો આવે છે, તે જાણે તેની ન્હાનકડી આવૃત્તિ સમો લાગે છે! અસ્તુ! આ તો બાહ્ય યજ્ઞની વાત થઇ. બાકી ખરો **પારમાર્થિક યજ્ઞ** તો આંતરિક છે,

અધ્યાત્મ યજ્ઞ છે, **બ્રહ્મ**×**યજ્ઞ** છે, અને તે જ પ્રશસ્ત હોઇ સર્વ સત્પુરુષોને સંમત છે.

મહાત્મા **જ્ઞાનેશ્વર** મહારાજ કહે છે કે—

"હે પાર્થ ! એવી રીતે કોઇ પોતાના સર્વ દોષોનું ક્ષાલન કરી નાંખે છે; કોઇ હૃદયરૂપી અરણીમાં વિચારરૂપ મંથન કરીને, અને તેને ધૈર્યરૂપ ભારથી દાબીને, તથા શાંતિરૂપ દોરીથી હચમચાવીને ગુરુવાક્યરૂપ મંત્રવડે મંથન કરે છે. એવી રીતે સર્વ વૃત્તિઓનું ઐક્ય કરીને મંથન કરવાથી ત્યાં તત્કાળ કાર્યસિદ્ધિ થાય છે. તે કાર્યસિદ્ધિ એ કે, ત્યાં તરત જ્ઞાનરૂપ અગ્નિ પ્રજ્વલિત થાય છે. અર્થાત્ પ્રથમ ઋદ્ધિસિદ્ધિના મોહરૂપ ઉત્પન્ન થયેલા ધૂમાડાનો લોપ થતાં અગ્નિની સૂક્ષ્મ ચિનગારી ઉત્પન્ન થાય છે. એ પછી યમ-નિયમના યોગે સહજ તૈયાર થયેલા મનરૂપ કોયલાની સહાયતાથી તે અગ્નિને સળગાવવામાં આવે છે. એની સહાયથી મોટી જ્વાળા ઉત્પન્ન થાય છે. ત્યારપછી વાસનારૂપ સમિધોને અનેક પ્રકારના મોહરૂપ ઘૃતનું લેપન કરીને તેમને બાળી નાંખવામાં આવે છે. ત્યારપછી જીવરૂપ દીક્ષિત, પ્રદીપ્ત કરેલા જ્ઞાનરૂપ અગ્નિમાં ઇંદ્રિય-કર્મોની આહુતિ આપી દે છે. અંતે પ્રાણકર્મના 'સ્રુવા' નામક યજ્ઞપાત્રની સહાયથી અગ્નિમાં પૂર્ણ આહુતિ કર્યા પછી ઐક્યબોધરૂપ અવભૃથ સ્નાનનો લાભ પ્રાપ્ત થાય છે; અને સંયમાગ્નિમાં ઇંદ્રિય આદિક હોમદ્રવ્યોનું હવન કરી દીધા પછી બાકી રહેલા આત્મસુખનો પુરોડાશ તરીકે સ્વીકાર કરવામાં આવે છે."

"પ્રથમ વૈરાગ્યરૂપ ઇંધનની પૂર્ણતાથી ઇંદ્રિયરૂપ અગ્નિને પ્રજ્વલિત કરીને તેમાં વિષયરૂપ દ્રવ્યની આહુતિ આપવામાં આવે છે; ત્યાર પછી વજ્રાસનરૂપ ભૂમિકાને શુદ્ધ કરીને તેની ઉપર મૂળબંધ મુદ્રાનો ઓટલો બાંધવામાં આવે છે, અને તેની ઉપર શરીરરૂપ મંડપ ઉભો કરાય છે. તે સ્થાને ઇંદ્રિયનિગ્રહરૂપ અગ્નિના કુંડમાં ઇંદ્રિયરૂપ હોમદ્રવ્યો અર્પીને યોગમંત્રવડે હવન કરાય છે. એ પછી મન અને પ્રાણના નિગ્રહરૂપ હોમદ્રવ્યોની તૈયારીથી ધૂમાડા વિના જ નિર્દોષ જ્ઞાનાગ્નિને સંતુષ્ટ કરવામાં આવે છે. એવી રીતે એ આહુતિઓને જ્ઞાનમાં અર્પણ કરીને, પછી તે જ્ઞાન પોતે બ્રહ્મમાં લય પામે છે, અર્થાત્

× "ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् । ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥
सर्वाणींद्रियकर्माणि प्राणकर्माणि चापरे । आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥
श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप । सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥"—ગીતા.

અર્થાત્—(૧) જે બ્રહ્મને અર્પણ કરવામાં આવે છે, તે બ્રહ્મરૂપ હવિ (હોમ દ્રવ્ય), બ્રહ્મ અગ્નિમાં, બ્રહ્મથી હોમવામાં આવે છે; અને બ્રહ્મ કર્મ સમાધિથી તેને બ્રહ્મ પ્રત્યે જ જવાનું છે,—બ્રહ્મને જ પામવાનું છે. (૨) બીજાઓને વળી સર્વ ઇંદ્રિયકર્મો અને પ્રાણકર્મોને જ્ઞાનથી પ્રદીપ્ત થયેલા આત્મસંયમરૂપ યોગ-અગ્નિમાં હોમી દે છે. (૩) હે પરંતપ ! દ્રવ્યમય યજ્ઞ કરતાં **જ્ઞાનયજ્ઞ** શ્રેયસ્કર છે. હે પાર્થ ! સઘળુંય સર્વ કર્મ જ્ઞાનમાં પરિસમાપ્ત થાય છે.

એમ થતાં તે કેવલ એકલું બ્રહ્મ અને બ્રહ્મ જ અવશિષ્ટ રહે છે. એને જ અધિયજ્ઞ એટલે બ્રહ્મ માનવામાં આવે છે. ''—**જ્ઞાનેશ્વરી ગીતા.**

શ્રી **ઉત્તરાધ્યયનસૂત્ર**ના ૧૨ મા અધ્યયનમાં પણ સંક્ષેપથી આવો જ **શ્રી જ્ઞાનેશ્વરજીને** મળતો ભાવ બતાવ્યો છેઃ-બ્રાહ્મણો જન્મથી ચંડાલ એવા **હરિકેશિબલ** મુનિને પૂછે છે*—'હે મુનિ ! તમારી જ્યોતિ (અગ્નિ) શું છે? તમારૂં જ્યોતિસ્થાન–અગ્નિસ્થાન શું છે? તમારી સ્રુવા (કડછી) કઇ છે? તમારા ઇંધન (છાણાં–લાકડાં) કયા છે? તમારા સમિધો કયા છે? કયા હોમથી તમે જ્યોતિને હોમો છો? મુનિ જવાબ આપે છે–'તપ મારી જ્યોતિ (અગ્નિ) છે, જીવ મ્હારૂં જ્યોતિસ્થાન છે, યોગો મ્હારી સ્રુવા (કડછી) છે, શરીર મ્હારૂં ઇંધન (છાણાં–લાકડાં) છે. કર્મ મ્હારા સમિધ છે, સંજમ જોગ શાંતિ છે, ઋષિ સંબંધી એવો પ્રશસ્ત હોમ હું હોમું છું.' મહર્ષિ **હરિભદ્રાચાર્યજી** પણ 'અગ્નિકારિકા' અષ્ટકમાં વદે છે કે–'કર્મઇન્ધનનો આશ્રય કરીને જેમાં સદ્ભાવનાની આહુતિ આપવામાં આવે છે, એવી દૃઢ અગ્નિકારિકા ધર્મધ્યાનરૂપ અગ્નિવડે દીક્ષિતે કરવી.'

આધ્યાત્મિક-ભાવયજ્ઞ

"**कर्मेन्धनं समाश्रित्य दृढा सद्भावनाहुतिः।**
धर्मध्याग्निना कार्या दीक्षितेनाग्निकारिका॥"

આમ સાચો પ્રશસ્ત યજ્ઞ તો **ભાવયજ્ઞ** જ છે, અધ્યાત્મ યજ્ઞ જ છે, બ્રહ્મયજ્ઞ જ છે. બાકી જે બાહ્ય યજ્ઞ–ઇષ્ટ છે, તે તો સકામને હોય છે, તે મોક્ષના અંગરૂપ નથી. અકામ મુમુક્ષુને તો ઉપરમાં કહેલી ×અગ્નિકારિકા જ ન્યાય્ય છે, એને તો એવી જ '**ધૂણી**' સદાય ધખાવવી ઘટે છે.

★

તથા—

वापीकूपतडागानि देवतायतनानि च।
अन्नप्रदानमेतत्तु पूर्तं तत्त्वविदो विदुः॥ ११७॥

વૃત્તિઃ—**वापीकूपतडागानि**–વાવ, કૂવા, તળાવો લોકપ્રસિદ્ધજ છે, **देवतायतनानि च**–અને દેવતાયતનો, વસતિકા આદિ. તથા **अन्नप्रदानं** અન્નદાન (લૌકિકજ) છે. અને આવા પ્રકારનું તે શું ? તે માટે કહ્યું કે–**पूर्तं तत्त्वविदो विदुः**–'પૂર્ત' પરિભાષાથી તત્ત્વવિદો જાણે છે.

* "के ते जोइ किं व ते जोइठाणं? का ते सुआ किं व ते कारिसंगं?
एहा य ते कयरा संति भिक्खू! कयरेण होमेण हुणासि जोइं?"
મુનિ ઉત્તર આપે છે—
"तवो जोई जीवो जोइठाणं, जोगा सुआ सरीरं कारिसंगं।
कम्मे एहा संजमजोग संती, होमं हुणामि इसिणं पसत्थं॥"

× "ईष्टापूर्तं न मोक्षाङ्गं सकामस्योपवर्णितम्।
अकामस्य पुनर्योक्ता सैव न्याय्याग्निकारिका॥"—**શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટકજી.**

વાવ તળાવ કૂવા અને, દેવસ્થાન અન્નદાન;
એહ સર્વને પૂર્ત્ત તો, જાણે તત્ત્વ સુજાણ. ૧૧૭

અર્થ:—વાવ, કૂવા, તળાવ અને દેવતાયતનો—દેવમંદિરો, તથા અન્નપ્રદાન—આને તત્ત્વવિદો 'પૂર્ત્ત' કહે છે.

વિવેચન

વાવો કરાવવી, કૂવા ખોદાવવા, તળાવ બંધાવવા, દેવમંદિરો ચણાવવા, અન્નદાન આપવું, એ બધા **પૂર્ત્તકર્મ** છે,—એમ પૂર્ત્તની પરિભાષા ઉપરથી તત્ત્વવેત્તાઓ જાણે છે. (૧) વાવ વગેરે જલાશય કરાવવા, એ સાર્વજનિક લોકકલ્યાણના કોઈ અપેક્ષાએ ઉપયોગી સુકૃત્યો છે. કોઈ પણ તરસ્યો ત્યાં આવીને પોતાની તરસ બુઝાવે ને પોતાની આંતરડી ઠરતાં જલાશય કરાવનારને અંતરના આશીર્વાદ આપે, તેથી કોઈ રીતે કંઈ પુણ્યબંધ સંભવે છે. જો કે તેમાં હિંસા આદિ દોષ પણ છે, તથાપિ જલ વિના જીવન ટકતું નથી, એટલે તેની જ્યાં ખોટ હોય ત્યાં તે પૂરી પાડવી, તે લોકોપયોગી 'પૂર્ત્ત કર્મ' છે. (૨) તેમજ ભૂખ્યાને અન્નદાન દેવું, તે માટે જ્યાં જરૂર હોય ત્યાં દાનશાલાઓ કરાવવી, સદાવ્રતો ખોલવા,—ઈત્યાદિ સુકૃત પણ જનસેવાના પ્રકારો છે. અન્ન વિના જીવી શકાતું નથી, તેથી દીન—દુઃખી—દરિદ્રીને પેટનો ખાડો પૂરવા માટે અન્નપ્રદાનનો પ્રબંધ કરવો તે પુણ્ય એવું 'પૂર્ત્ત' કર્મ છે. દુષ્કાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વગેરે ભયંકર પ્રસંગોમાં જનતાની રાહત માટે યથાશક્તિ રાહતકેન્દ્રો ખોલી અન્નની ત્રૃટિની 'પૂર્ત્તિ' કરવી તે પણ પૂર્ત્ત કર્મનો પ્રકાર છે. (૩) તે જ પ્રકારે ઉપલક્ષણથી ઔષધદાન દેવું, રોગીઓની સારામાં સારી માવજત માટે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ઇસ્પિતાલો બંધાવવી, ઔષધાલયો—દવાખાનાં ખોલવાં, અનાથાલયો—અપંગાલયો ખોલવાં, તે પણ પૂર્ત્ત કર્મના પ્રકાર છે. આમ જનતાના **ઇહલૌકિક કલ્યાણ** માટેના સાધનોની જ્યાં ઊણપ હોય, ત્યાં તેની પૂર્ત્તિ કરવી તે 'પૂર્ત્ત' કર્મ છે. (૪) તેમજ લોકના **પારલૌકિક કલ્યાણ** માટેના સાધનોની પણ જ્યાં જ્યાં ઊણપ હોય, ત્યાં ત્યાં તેની પૂર્ત્તિ કરવી, તે પૂરા પાડવા, તે પણ પૂર્ત્ત કર્મ. જેમકે—દેવમંદિરો કરાવવા, ધર્મશાળાઓ કરાવવી, સ્વાધ્યાયગૃહો—પૌષધાલયો—ઉપાશ્રયો કરાવવા વગેરે.

★

આન્તરહેતુને અધિકૃત કરી (મુખ્ય કરીને) કહે છે—

अभिसंधेः फलं भिन्नमनुष्ठाने समेऽपि हि ।
परमोतः स एवेह वारीव कृषिकर्मणि ॥११८॥

વૃત્તિ:—**अभिसंधेः**—તથાપ્રકારના આશયરૂપ લક્ષણવાળા અભિસંધિ થકી—અભિપ્રાય થકી. શું ? તો કે—**फलं भिन्नं**—ફલ ભિન્ન છે. સંસારી દેવના સ્થાનાદિરૂપ ફળ ભિન્ન છે, **अनुष्ठाने समेऽपि हि**—ઇષ્ટ આદિ અનુષ્ઠાન સમ (સરખું) છતાં, **परमः**—પરમ, પ્રધાન, **अतः**—આ કારણથી, **स एव**—તે જ, અભિસંધિ જ, **इह**—અહીં, ફલસિદ્ધિમાં, કોની જેમ ? તે માટે કહ્યું કે—**वारीव कृषिकर्मणि**—કૃષિકર્મમાં—ખેતીમાં જલની જેમ. એમ લોકરૂઢિથી પરમ દૃષ્ટાંત છે.

ફલ ભિન્ન અભિસંધિથી, સમ અનુષ્ઠાન છતાંય;
એથી તે જ પરમ અહીં, જલ જેમ કૃષિમાંય. ૧૧૮.

અર્થ:—અનુષ્ઠાન સમાન છતાં, અભિસંધિને (આશયને) લીધે ફળ ભિન્ન હોય છે. તેથી કરીને તે અભિસંધિ જ અહીં ફલસિદ્ધિમાં પરમ (કારણ) છે,–જેમ કૃષિકર્મમાં જલ છે તેમ.

વિવેચન

ઉપરમાં જે ઇષ્ટાપૂર્ત્તનું સ્વરૂપ કહ્યું, તે અનુષ્ઠાન સમાન–એકસરખું હોવા છતાં, અભિસંધિ પ્રમાણે **આશય અનુસાર** તેનું **ફલ ભિન્ન** હોય છે, જૂદું જૂદું હોય છે.

અભિસંધિ પ્રમાણે ફલભેદ

દાખલા તરીકે–કોઇ પાંચ મનુષ્ય એકસરખી યજ્ઞ–દાનાદિ ક્રિયા કરે, અથવા વાવ–કૂવા વગેરે કરાવે, પણ તે પ્રત્યેકનો જેવો જેવો આશય–વિશેષ હોય છે, જેવો જેવો અંતર્ પરિણામ હોય છે, તેવો તેવો ફલમાં પણ ભેદ પડે છે. આમ અભિસંધિ–આશયવિશેષ પ્રમાણે ફલભેદ હોય છે, એટલા માટે આ અભિસંધિ જ અહીં ફલસિદ્ધિ બાબતમાં પરમ છે, પ્રધાન છે, મુખ્ય છે. અત્રે લોકરૂઢિથી પ્રસિદ્ધ **દૃષ્ટાંત** આપ્યું છે કે–જેમ કૃષિકર્મમાં, ખેતીવાડીમાં પાણી જ મુખ્ય કારણ છે, તેમ પ્રસ્તુતમાં પણ સમજવું. યોગ્ય જમીન હોય, સારા બીજ વાવ્યા હોય, સારી પેઠે ખેડવામાં આવેલ હોય, પણ પાણી જ ન હોય, તો એ બધા ફોગટ છે; પાણીનો જોગ હોય તો જ એ બધા સફળ છે. તે જ પ્રકારે યજ્ઞ–દાનાદિ સમાન અનુષ્ઠાનમાં–ક્રિયામાં પણ સર્વત્ર અભિસંધિનું–**આશયનું પ્રધાનપણું** છે.

★

અભિસંધિના–આશયના ભેદના કારણો કહે છે—

रागादिभिरयं चेह भिद्यतेऽनेकधा नृणाम् ।
नानाफलोपभोक्तृणां तथा बुद्ध्यादिभेदतः ॥ ११९ ॥

ચિત્ર ફલભોગી લોકનો, રાગાદિથી આ એમ;
બહુ પ્રકારે ભિન્ન અહિં, બુદ્ધ્યાદિ ભેદે તેમ. ૧૧૯.

અર્થ:—અને રાગ આદિ વડે કરીને આ અભિસંધિ (આશય) નાના પ્રકારના ફલના ઉપભોક્તા નરોને તથાપ્રકારે બુદ્ધિ આદિના ભેદથી ભિન્ન હોય છે.

વૃત્તિઃ—**रागादिभिः**–રાગાદિ દોષોથી, **अयं च**–આ અભિસંધિ વળી, **इह**–આ લોકમાં, **भिद्यतेऽनेकधा नृणाम्**–મનુષ્યોનો–અનેક પ્રકારે ભેદ પામે છે,–તેના મૃદુ, મધ્ય, અધિમાત્ર ભેદે કરીને. કેવા વિશિષ્ટ મનુષ્યોનો ? તે માટે કહ્યું–**नानाफलोपभोक्तृणां**–નાના પ્રકારના ફલના ઉપભોક્તા એવા મનુષ્યોનો, **तथा बुद्ध्यादिभेदतः**–તેવા પ્રકારે બુદ્ધિ આદિના ભેદથી (કહેવામાં આવનારા) અભિસંધિ ભેદ પામે છે.

વિવેચન

અને આ આશયમાં પણ ભેદ પડે છે, તેનું કારણ શું ? તેનો અહીં ખુલાસો કર્યો છે કે-રાગાદિ પ્રમાણે તેવો ભેદ પડે છે. જેવા જેવા રાગ, દ્વેષ, મોહ આદિ પરિણામ હોય છે, તેવો તેવો આશયવિશેષ-અભિસંધિ નીપજે છે. એટલે કોઇના રાગાદિ પરિણામ **મંદ**-મોળા હોય, કોઈના **મધ્યમ** પ્રકારના હોય, કોઇના વધારે પડતી માત્રાવાળા-**અધિમાત્ર** તીવ્ર હોય. આમ એક સરખી ક્રિયા કરવામાં પણ રાગાદિની તરતમતા પ્રમાણે આશયના ભેદ પડે છે; અને આશય પ્રમાણે ફળમાં પણ ભેદ પડે છે, જેવો આશય તેવું ફળ મળે છે.

રાગાદિથી આશયભેદ

દાખલા તરીકે—કોઈ ત્રણ ગૃહસ્થો છે, ને તે દરેક એકસરખી રકમનું ધર્માદા દાન કરે છે, અથવા ધર્મસ્થાનક કે હોસ્પીટલ બંધાવે છે; પણ તેમાંનો એક કીર્ત્તિનો લાલસુ છે, નામનો ભૂખ્યો છે, ને લોકો મ્હારી વાહવાહ કરશે, મ્હારા નામની તખ્તી ચોડશે, મ્હારું પૂતળું બેસાડશે, એમ સમજીને દાનાદિ કરે છે. બીજો કંઇક કીર્ત્તિલોભી છે, પણ સાથે સાથે સેવાભાવનાથી પ્રેરાઇને તેમ કરે છે. ત્રીજો એકાંત પરોપકાર અર્થે કેવળ પરમાર્થપ્રેમથી પ્રેરિત થઇને તે જ કાર્ય કરે છે. આમ એક જ કાર્યમાં ત્રણેના રાગાદિ પરિણામ જૂદા છે, તેથી આશય જૂદા છે, અને તેથી ફળ પણ જૂદા છે. પહેલાને કીર્ત્તિ તો મળે છે, પણ ફળ તેથી આગળ વધતું નથી; બીજાને કીર્ત્તિ સાથે કંઇ વિશેષ પુણ્ય ફળ પણ મળે છે; ત્રીજાને પરમ પુણ્યરાશિનો સંચય થાય છે, અને જારની પાછળ સાંઠા તો હોય જ, તેમ આનુષંગિક કીર્ત્તિ આદિ પણ મળે છે, પણ તેની તેવા મહાનુભાવ શુદ્ધ સેવાભાવીને પરવા પણ હોતી નથી.

તેમજ **બુદ્ધિ વગેરેના ભેદથી આશયમાં ભેદ પડે છે.** જેવો જેવો જેનો બોધ હોય છે, તેવો તેવો તેનો આશય હોય છે તે બુદ્ધિ આદિ ભેદનું સ્વરૂપ નીચે કહ્યું છે.

આકૃતિ ૧૨



[। इति इष्टापूर्तान्तर्गत आशयभेदे फलभेदान्तराधिकारः ।]

卐

બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહ કર્મ અધિકાર.

આ જ કહે છે—

बुद्धिर्ज्ञानमसंमोहस्त्रिविधो बोध इष्यते ।
तद्भेदात्सर्वकर्माणि भिद्यन्ते सर्वदेहिनाम् ॥ १२० ॥

બુદ્ધિ જ્ઞાન અસંમોહ એ, બોધ ત્રિવિધ કથાય;
સર્વ દેહિના કર્મ સહુ, તસ ભેદે ભેદાય. ૧૨૦.

અર્થ:—બુદ્ધિ, જ્ઞાન ને અસંમોહ, એમ ત્રણ પ્રકારનો બોધ કહ્યો છે; અને તેના ભેદથકી સર્વ પ્રાણીઓના સર્વ કર્મો ભેદ પામે છે.

વિવેચન

શાસ્ત્રમાં **બોધ ત્રણ પ્રકારનો** કહ્યો છે:— (૧) **બુદ્ધિરૂપ** બોધ, (૨) **જ્ઞાનરૂપ** બોધ, (૩) **અસંમોહરૂપ** બોધ. આ ત્રણેનું લક્ષણ હવે પછી કહેવામાં આવશે. આ બુદ્ધિ આદિરૂપ બોધના ભેદને લીધે સર્વ દેહધારી પ્રાણીઓના ઈષ્ટ આદિ સર્વ કર્મોમાં પણ ભેદ પડે છે. જેવો જેવો જેનો બોધ, જેવી જેવી જેની સમજણ, તેવો તેવો તેના કર્મમાં ભેદ હોય છે; કારણ કે હેતુભેદ હોય તો ફલભેદ પણ હોય, એ ન્યાયની રીતિ છે. કારણ જૂદું, તો કાર્ય પણ જુદું હોય જ, એ ન્યાય પ્રસિદ્ધ છે. આમ એક જ કર્મમાં, બોધની તરતમતા પ્રમાણે, કર્મની તરતમતાનો ભેદ પડે છે.

★

તેમાં—

इन्द्रियार्थाश्रया बुद्धिर्ज्ञानं त्वागमपूर्वकम् ।
सदनुष्ठानवच्चैतदसंमोहोऽभिधीयते ॥ १२१ ॥

બુદ્ધિ ઇંદ્રિયાર્થાશ્રયી, આગમપૂર્વક જ્ઞાન;
સદનુષ્ઠાનવત્ જ્ઞાનનું, અસંમોહ અભિધાન. ૧૨૧

वृत्तिः—**बुद्धिः**-બુદ્ધિ, જેનું લક્ષણ કહેવામાં આવશે, **ज्ञानम्**-જ્ઞાન પણ એમ જ, **असंमोहः**-અસંમોહ પણ એમ, **त्रिविधो बोधः**-ત્રણ પ્રકારનો બોધ, **इष्यते**-શાસ્ત્રોમાં કહ્યો છે, **तद्भेदात्**-તે બુદ્ધિ આદિના ભેદ ઉપરથી, **सर्वकर्माणि**-ઇષ્ટ આદિ સર્વ કર્મો, **भिद्यन्ते**-ભેદ પામે છે, **सर्वदेहिनाम्**-સર્વ દેહધારીઓના, પ્રાણીઓના,-તેના હેતુભેદ થકી ફલભેદ હોય છે એટલા માટે.

वृत्तिः—**इंद्रियार्थाश्रया बुद्धिः**-ઇંદ્રિય અર્થનો આશ્રય કરે તે બુદ્ધિ છે,-તીર્થયાત્રાજીનું દર્શન થતાં જેમ ત્યાં જવાની બુદ્ધિ થાય તેમ; **ज्ञानं त्वागमपूर्वकम्**-અને જ્ઞાન આગમપૂર્વક હોય છે,-તીર્થયાત્રાની વિધિના વિજ્ઞાનની જેમ; **सदनुष्ठानवच्चैतत्**-અને સદનુષ્ઠાનવાળું આ જ્ઞાન, શું? તો કે-**असंमोहोऽभिधीयते**-અસંમોહ કહેવાય છે, બોધરાજ છે.

અર્થ:-ઇંદ્રિય અર્થનો આશ્રય કરે તે 'બુદ્ધિ' છે, આગમપૂર્વક (શ્રુતપૂર્વક) હોય તે 'જ્ઞાન' છે, અને સદનુષ્ઠાનવાળું આ જ્ઞાન તે 'અસંમોહ' કહેવાય છે.

વિવેચન

તેમાં (૧) **જે બુદ્ધિ** છે તે ઇંદ્રિય અર્થનો આશ્રય કરનારી છે. ઇંદ્રિયદ્વારા જણાતો પદાર્થ તે બુદ્ધિનો વિષય છે ઇંદ્રિય થકી જે જાણપણું થાય છે, તે બુદ્ધિરૂપ બોધ છે. જેમકે-કોઇ તીર્થયાત્રાળુને દેખીને તીર્થગમનની બુદ્ધિ ઉપજે, તે બુદ્ધિજન્ય બોધ છે. આમાં તીર્થના સ્વરૂપની ગતાગમ નથી, માત્ર અન્યને તીર્થે જતો દેખી, ત્યાં તીર્થે જઇએ તો કેવું સારું ? એવી પોતાને બુદ્ધિ ઉપજે છે. (૨) **જ્ઞાન** જે છે તે આગમપૂર્વક છે. શાસ્ત્ર અથવા શ્રુતદ્વારા જે બોધ ઉપજે છે, જે જાણપણું થાય છે, જે સમજણ આવે છે, તે જ્ઞાનરૂપ બોધ છે. જેમકે-તીર્થયાત્રાની વિધિનું વિજ્ઞાન આગમ દ્વારા થાય છે. તીર્થ એટલે શું ? તીર્થ સ્વરૂપ શું ? તીર્થયાત્રા કેમ કરવી ? એ વગેરે વિધિ બાબત શાસ્ત્રથકી જણાય છે. ભવસાગરથી તારે તે **તીર્થ**. તેના વળી દ્રવ્યતીર્થ, ક્ષેત્રતીર્થ, કાળતીર્થ ને ભાવતીર્થ એવા ભેદ છે. તે પ્રત્યે કેવા વિનય, વિવેક, ભક્તિ, આદર, બહુમાન આદિ દાખવવા જોઇએ, એ બધી વિધિ શાસ્ત્ર વિસ્તારથી બતાવે છે. (૩) અને સદનુષ્ઠાનવાળું આ જે જ્ઞાન તે **અસંમોહ** અથવા 'બોધરાજ' કહેવાય છે. આગમદ્વારા જે જાણ્યું-સમજાયું તે જ્ઞાન થયું. તદનુસાર તે જ્ઞાનસહિતપણે તથારૂપ સત્ પ્રવૃત્તિ-આચરણ કરવું તે, બોધમાં શિરોમણિ, બોધરાજ, એવો અસંમોહરૂપ બોધ છે. આમ બુદ્ધિમાં ઇંદ્રિયદ્વારા જાણપણું છે, જ્ઞાનમાં શાસ્ત્રથકી જાણપણું છે, અને અસંમોહમાં જ્ઞાન સહિત સદ્આચરણપણું છે. અને તેથી કરીને તેના ફલમાં પણ ભેદપણું છે.

"ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી, જ્ઞાન તે આગમ હેત;
અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તિણે ફલભેદ સંકેત મન૦"—**શ્રી યો. દ. સ. ૪-૧૬.**

★

એમ એઓનું લક્ષણ વ્યવસ્થિત સતે, લોકસિદ્ધ **ઉદાહરણ** કહે છે—

रत्नोपलम्भतज्ज्ञानतत्प्रायादि यथाक्रमम् ।
इहोदाहरणं साधु ज्ञेयं बुद्ध्यादिसिद्धये ॥ १२२ ॥

વૃત્તિઃ-**रत्नोपलम्भः**-રત્નનું સામાન્યથી જાણપણુ તે ઇંદ્રિય અર્થના આશ્રયવાળી **બુદ્ધિ છે**, **तज्ज्ञानं**- આગમપૂર્વક તે રત્નનું તે જ્ઞાન રત્નજ્ઞાન છે. **तत्प्राप्त्यादि**-તેની પ્રાપ્તિ આદિ તે અસંમોહ છે-એના બોધગર્ભપણાને લીધે, **यथाक्रमम्**-આમ યથાક્રમે, ઉક્ત અનુક્રમે, **इह**-અહીં, બુદ્ધિ વિષયમાં, **उदाहरणं**-ઉદાહરણ, **साधु**-સાધુ છે, (સમ્યક્ છે),-ઇષ્ટ અર્થના સાધકપણાને લીધે. એટલા માટે જ કહ્યું-**ज्ञेयं बुद्ध्यादिसिद्धये**-બુદ્ધિ, જ્ઞાન, ને અસંમોહની સિદ્ધિ અર્થે જાણવું.

રત્ન તણો ઉપલંભ ને, તેહ તણું વળી જ્ઞાન;
પ્રાપ્તિ આદિ પણ એહના, જેમ હોય આ સ્થાન;
એહ ક્રમ અનુસારથી, ઉદાહરણ અહીં જાણ;
બુદ્ધિ આદિની સિદ્ધિને, કાજે સાધુ પ્રમાણ. ૧૨૨

અર્થ:—રત્નની જાણ (ખબર) થવી, તેનું જ્ઞાન થવું, અને તેની પ્રાપ્તિ વગેરે થવી,—એમ અનુક્રમે અહીં બુદ્ધિ વગેરેની સિદ્ધિ અર્થે સાધુ (સમ્યક્-સાધક) ઉદાહરણ જાણવું.

વિવેચન

રત્નનો ઉપલંભ એટલે કે આંખથી દેખીને આ રત્ન છે એવી સામાન્યથી ખબર પડવી, તે ઇંદ્રિય અર્થનો આશ્રય કરતી **બુદ્ધિ** છે. તેનું જ્ઞાન એટલે કે આગમપૂર્વક તે રત્નનું જાણપણું થવું તે **જ્ઞાન** છે. અને તે રત્નની પ્રાપ્તિ આદિ તે બોધગર્ભપણાને લીધે **અસંમોહ** છે. આમ અનુક્રમે અહીં બુદ્ધિ આદિ પરત્વે સાધુ-સમ્યક્ ઉદાહરણ છે; કારણ કે તે અભિપ્રેત-ઇષ્ટ અર્થનું બરાબર સાધક છે, એટલા માટે જ બુદ્ધિ, જ્ઞાન, અસંમોહનું બરાબર સચોટ સ્વરૂપ સમજવા માટે અત્રે આ લૌકિક **રત્નનું દૃષ્ટાંત** રજુ કર્યું છે: (૧) જેમ કોઇ એક રત્ન હોય, તેને દેખી સામાન્યથી ચક્ષુઇંદ્રિયના વિષયથી 'આ રત્ન છે' એવું જે જાણપણું, તે **બુદ્ધિરૂપ** બોધ છે. (૨) અને રત્નના લક્ષણ દર્શાવનારા પ્રતિપાદક શાસ્ત્ર દ્વારા, તેના આધારે, તે રત્ન સંબંધી લક્ષણનું વિશેષ જાણપણું, તે **જ્ઞાનરૂપ** બોધ છે. (૩) અને તે રત્નનું નિશ્ચિત સ્વરૂપ જાણી, તેને તથાસ્વરૂપે ઓળખી, તે રત્નની પ્રાપ્તિ વગેરે થવી, તે **અસંમોહરૂપ** બોધ છે. અસંમોહમાં તથારૂપ જ્ઞાન તો અંતર્ભૂત હોય જ છે, કારણપણે તથારૂપ યથાર્થ જ્ઞાન ન હોય તો અસંમોહ કેમ ઉપજે? ઓળખ્યા વિના, સ્વરૂપ સમજ્યા વિના ગ્રહણ કેમ કરે? એટલે સમ્યક્પણે ઓળખી, સાક્ષાત્ પ્રાપ્તિ આદિ જ્યાં હોય, ત્યાં સંમોહ ક્યાંથી હોય? અસંમોહ જ હોય.

★

સદનુષ્ઠાનનું લક્ષણ કહે છે—

आदरः करणे प्रीतिरविघ्नः संपदागमः ।
जिज्ञासा तज्ज्ञसेवा च सदनुष्ठानलक्षणम् ॥ १२३ ॥

वृत्तिः—**आदरः**-આદર, યત્નાતિશય (અતિશય યત્ન), **करणे**-ઇષ્ટ આદિ કરણમાં-ક્રિયામાં, **प्रीतिः**-પ્રીતિ, અભિષ્વંગરૂપ પ્રીતિ (પ્રેમ, ગાઢ સ્નેહ), **अविघ्नः**-અવિઘ્ન,-તેના કરણમાં જ, તે ઇષ્ટ આદિ કરવામાં અવિઘ્ન-અદૃષ્ટના સામર્થ્યને લીધે, **संपदागमः**-સંપદ્ આગમ, સંપત્તિની પ્રાપ્તિ,-તેથી કરીને જ શુભભાવરૂપ પુણ્યસિદ્ધિને લીધે, **जिज्ञासा**-જિજ્ઞાસા, જાણવાની ઇચ્છા, ઇષ્ટ આદિ વિષયની જ જિજ્ઞાસા, **तज्ज्ञसेवा च**-અને તજ્જ્ઞની-તેના જાણકાર જ્ઞાતા પુરુષની સેવા, ઇષ્ટ ઉચિત સેવા, **च**-શબ્દ ઉપરથી અનુગ્રહનું ગ્રહણ છે, **सदनुष्ठानलक्षणम्**- આ સદનુષ્ઠાનનું લક્ષણ છે. કારણ કે એનું અનુબંધસારપણું છે (અનુબંધપ્રધાનપણું છે, પરંપરાએ એનો ઉત્તરોત્તર શુભ અનુબંધ થયા કરે છે).

આદર પ્રીતિ અવિઘ્ન ને, સંપદ પ્રાપ્તિ તેમ;
જિજ્ઞાસા તજ્જ્ઞ સેવના, સત્ કૃતિ લક્ષણ એમ. ૧૨૩

અર્થઃ—ક્રિયાને વિષે આદર, પ્રીતિ, અવિઘ્ન, સંપત્તિની પ્રાપ્તિ, જિજ્ઞાસા અને તજ્જ્ઞની–તેના જ્ઞાતા પુરુષની સેવના,–આ સત્ અનુષ્ઠાનનું (ક્રિયાનું) લક્ષણ છે.

વિવેચન

ઉપરમાં જે સદનુષ્ઠાન કહ્યું, તેનું લક્ષણ અહીં બતાવ્યું છે: (૧) ક્રિયામાં આદર, (૨) પ્રીતિ, (૩) અવિઘ્ન, (૪) સંપત્તિ પ્રાપ્તિ, (૫) જિજ્ઞાસા, (૬) તજ્જ્ઞસેવા, (૭) તેનો અનુગ્રહ.

સદનુષ્ઠાનનું લક્ષણ

૧. ક્રિયા આદર—ઇષ્ટ આદિ કરવામાં આદર **એટલે કે યત્નાતિશય** હોય; જે ઇષ્ટ વગેરે ક્રિયા કરવામાં આવે તે બહુમાનપૂર્વક, અત્યંત આદરથી, અતિશય યત્નથી કરવામાં આવે, તે સદનુષ્ઠાનનું લક્ષણ છે. ક્રિયામાં વેઠ નહિં કાઢતાં ખૂબ જાળવીને, ઉપયોગ–જાગ્રતિપૂર્વક ક્રિયા કરવી, તે સદનુષ્ઠાન સૂચવે છે. દાખલા તરીકે ભક્તિ કાર્યમાં—

"સુવિધિ જિનેશ્વર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઉલ્લટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે....સુવિધિ૦
દ્રવ્ય ભાવ શુચિ અંગ ધરીને, હરખે દેહરે જઇએ રે;
દહ તિગ પણ અહિગમ સાચવતાં, ઇકમના ધુરિ થઇએ રે....સુવિધિ૦" **શ્રી આનંદઘનજી**

૨. પ્રીતિ—તે ક્રિયા–અનુષ્ઠાન પ્રત્યે પ્રીતિ, અંતરંગ પ્રેમ, અભિષ્વંગ–સ્નેહરૂપ પ્રીતિ હોવી તે સદનુષ્ઠાનનું લક્ષણ છે. કોઇ પણ ક્રિયામાં અંતરની પ્રીતિ–પ્રેમ–ઉમળકો જ્યાંલગી ન હોય, ત્યાંલગી તે ક્રિયા નીરસ, ફીક્કી, ને લૂખી લાગે છે, વેઠ કાઢવારૂપ થઇ પડે છે. જ્યારે તેના પ્રત્યે અંતરનો પ્રેમ–ઉલ્લાસ પ્રગટે છે, ત્યારે તે જ ક્રિયા અત્યંત સરસ, આહ્લાદક ને રોમાંચક નિવડે છે, ત્યારે આત્મા તેમાં તન્મય થઇ એકરસ બને છે. દાખલા તરીકે–પ્રભુભક્તિ કરવામાં આવે, તેમાં પ્રીતિની પ્રથમ આવશ્યકતા છે. પ્રભુ પ્રત્યે પર પ્રેમ પ્રવાહ પ્રગટે, અનન્ય પ્રીતિ જાગે, ત્યારે જ પ્રભુ ભક્તિની ઓર મઝાહ–લીજ્જત અનુભવાય છે, ત્યારે જ જીવ પ્રભુભક્તિમાં તન્મય થઇ એકરસપણું–એકતાનપણું અનુભવે છે.

"અજિત જિણંદ શું પ્રીતડી, મને ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે....અજિત૦

કોકિલ કલ કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઊંછા તરુવર નવિ ગમે, ગિરુઆ શું હોયે ગુણનો પ્યાર કે....અજિત૦
કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદ શું પ્રીત કે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે....અજિત૦
તિમ પ્રભુ શું મુજ મન રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે;
શ્રી નયવિજય વિબુધ તણો, વાચક જસ હો નિત નિત ગુણ ગાય કે....અજિત૦"
શ્રી યશોવિજયજી

"સ્વામી સ્વયંપ્રભને જાઉં ભામણે, હરખે વાર હજાર;
વસ્તુ ધર્મ પૂરણ જસુ નીપનો, ભાવ કૃપા કિરતાર.—સ્વામી૦"—શ્રી દેવચંદ્રજી

૩. **અવિઘ્ન**–ક્રિયામાં અવિઘ્ન–નિર્વિઘ્નપણું એ સદનુષ્ઠાનનું લક્ષણ છે. આ નિર્વિઘ્નપણું અદૃષ્ટ એવા પૂર્વોપાર્જિત શુભ કર્મના સામર્થ્યથી ઉપજે છે. નિર્વિઘ્ને સદનુષ્ઠાન થાય તે પૂર્વ પુણ્યનો પસાય છે. જેમકે–પ્રભુભક્તિથી સર્વ વિઘ્ન દૂર નાસે છે.

"શ્રી **નમિ** જિનની સેવા કરતાં, અલિય વિઘન સવિ દૂર નાસે જી;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર પાસે જી."—શ્રી યશોવિજયજી

૪. **સંપદાગમ**—સંપદ્‌નું આવવું, સંપત્તિની પ્રાપ્તિ થવી એ પણ સદનુષ્ઠાનનું લક્ષણ છે. સંપત્તિ પણ શુભભાવથી ઉપાર્જેલા પુણ્યકર્મથી આવી મળે છે. કોઇ ક્રિયા ફલ વિનાની હોતી નથી, તેમ સત્‌ક્રિયા પણ સત્‌ફલ વિનાની હોતી નથી. એટલે સત્‌ક્રિયાના ફલ પરિણામે દ્રવ્ય–ભાવ સંપત્તિની પ્રાપ્તિ થાય એમાં કાંઇ નવાઇ નથી. **દ્રવ્યસંપત્તિ** એટલે અર્થ–વૈભવ વગેરે લૌકિક સંપત્તિ, અને **ભાવસંપત્તિ** એટલે વિદ્યા–વિનય–વિવેક–વૈરાગ્ય–વિજ્ઞાન વગેરે સદ્‌ગુણોની આધ્યાત્મિક સંપત્તિ. આવી સંપત્તિની પ્રાપ્તિ દેખાય, તો આ સદનુષ્ઠાનનું ફલ છે એમ સમજવું. દાખલા તરીકે–પ્રભુભક્તિ અંગે કવિવર **યશોવિજયજી** કહે છે—

"ચંદ્ર કિરણ ઉજ્વલ યશ ઉલસે, સૂરજ તુલ્ય પ્રતાપી દીપે જી;
જે પ્રભુભક્તિ કરે નિત વિનયે, તે અરિયણ બહુ પ્રતાપી ઝીપે જી. શ્રી નમિ૦
મંગલ માલા લચ્છી વિશાલા, બાલા બહુલે પ્રેમ રંગે જી;
શ્રી નયવિજય વિબુધ પયસેવક, કહે લહીએ સુખ પ્રેમ અંગે જી. શ્રી નમિ૦"

૫. **જિજ્ઞાસા**—તે તે ક્રિયા સંબંધી જાણવાની તીવ્ર ઇચ્છા, ઉત્કંઠા, ઉત્સુકતા થવી, ભક્તિ આદિ સદનુષ્ઠાનનું યથાર્થ સ્વરૂપ સમજવાની તાલાવેલી લાગવી, તમન્ના ઉપજવી, તે સદનુષ્ઠાનનું લક્ષણ છે.

૬. **તજ્જ્ઞ સેવા**—તજ્જ્ઞ એટલે તેના જ્ઞાતા પુરુષની–જાણકારની સેવા તે પણ સદનુષ્ઠાનનું લક્ષણ છે. જે સાચો જિજ્ઞાસુ-તત્ત્વપિપાસુ હોય છે, જેને તત્ત્વ જાણવાની તરસ લાગી છે, ને તે તરસ બુઝાવવાને જે ઇચ્છે છે, તે તેના જાણકાર જ્ઞાતા પુરુષને શોધે છે, ને નિખાલસપણે નિર્માનીપણે તેની પાસેથી પોતાની જિજ્ઞાસા સંતોષવા ઇચ્છે છે, એટલે તે તજ્જ્ઞોની સેવા-ઉપાસના કરે છે, તેમના ચરણકમલ પ્રત્યે 'ઉપનિષદ્' (સમીપ-પાસે બેસવું તે) કરે છે, જેથી તેને 'ઉપનિષદ્'-રહસ્યભૂત જ્ઞાન પ્રાપ્ત થાય છે, માટે જ્ઞાની સત્પુરુષની સેવા-પર્યુપાસના કરવી તે સદનુષ્ઠાનનું સૂચક લક્ષણ છે.

"સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઇ નિજ પક્ષ;
પામે તે પરમાર્થને, નિજ પદનો લે લક્ષ."—**શ્રીમદ્ રાજચંદ્રજી**

૭. **તજ્જ્ઞ અનુગ્રહ**—તેના જ્ઞાતા પુરુષનો અનુગ્રહ-કૃપાપ્રસાદ પણ સદનુષ્ઠાનનું લક્ષણ છે. તજ્જ્ઞની સેવા કરતાં, તે પ્રસન્ન થાય છે, અને તેથી તેનો અનુગ્રહ ઉપજે છે. જો કે જ્ઞાની પુરુષ તેવી સેવાના બીલકુલ અભિલાષી હોતા જ નથી, પણ જિજ્ઞાસુને તેથી આત્મલાભ થાય છે, તેથી તેવી યથોચિત સેવા કરવી એ તેના પોતાના જ હિતની વાત છે. એટલે જ્ઞાનીની સેવાથી જિજ્ઞાસા સંતોષાવારૂપ અનુગ્રહ હોય છે, અને આમ જ્ઞાનીની કૃપાદૃષ્ટિની વૃષ્ટિથી જીવના સર્વ અર્થની સિદ્ધિ થાય છે. આમ સદનુષ્ઠાનનું લક્ષણ છે.

"આદર કિરિયા રતિ ઘણી જી, વિઘન ટળે મિલે લચ્છી;
જિજ્ઞાસા બુધ સેવના જી, શુભ કૃતિ ચિહ્ન પ્રત્યચ્છી." મન૦—**યો. દ. સ. ૪-૧૭**

આને '**સદનુષ્ઠાન**' કહેવાનું કારણ એ કે તેનું **અનુબંધસારપણું** છે, અનુબંધ-પ્રધાનપણું છે. તેથી ઉત્તરોત્તર શુભ અનુબંધપરંપરા થયા કરે છે, અને ઉત્તરોત્તર પુણ્યાનુબંધ પુણ્યની માત્રા વધતી જાય છે.

અત્રે સદનુષ્ઠાનનું સ્વરૂપ સમજવા માટે અનુષ્ઠાનના પ્રકાર સમજવા યોગ્ય છે, કારણ કે એક જ અનુષ્ઠાનમાં કર્ત્તાના ભેદથી ભેદ પડે છે,-જેમ રોગી અને નીરોગી ભોક્તાના ભેદથી ભોજનાદિ બાબતમાં ભેદ પડે છે તેમ; રોગીને અમુક ભોજન વગેરે રોગવૃદ્ધિનો હેતુ થાય છે, અને નીરોગીને તે જ ભોજનાદિ બલોપચયનું-પુષ્ટિનું કારણ થાય છે તેમ. આમ આ અનુષ્ઠાન સામાન્યથી પાંચ પ્રકારનું કહ્યું છે:—(૧) વિષ, (૨) ગર, (૩) અનનુષ્ઠાન, (૪) તદ્ધેતુ, (૫) અમૃત.-ગુરુ આદિના પૂજાનુષ્ઠાનમાં અપેક્ષાદિ વિધાનથી આમ ભેદ પડે છે.

પાંચ પ્રકારનું અનુષ્ઠાન

તેમાં (૧) આ લોકમાં લબ્ધિ-કીર્ત્તિ આદિની અપેક્ષાથી જે કરવામાં આવે છે તે **વિષ** અનુષ્ઠાન છે. કારણ કે આ સચ્ચિત્તને મારી નાખે છે અને મહત્ એવા અનુષ્ઠાનનું અલ્પ સ્પૃહણથી લઘુત્વ સંપાદન કરે છે. તેથી આ ખરેખર વિષ છે. (૨) દિવ્ય ભોગના અભિલાષથી જે કરવામાં આવે છે તે '**ગર**' અનુષ્ઠાન છે. કારણ ઉપરમાં કહી તે જ નીતિથી

આ કાલાંતરે નિપાતન કરે છે, હણી નાંખે છે, ભવાન્તરમાં અનર્થ સંપાદન કરે છે, અને આમ ગરની જેમ ધીરે ધીરે મારે છે, તેથી આ ખરેખર 'ગર' અનુષ્ઠાન× છે. (૩) અનાભોગવંતનું–બેખબરનું જે સંમૂર્ચ્છનજ તુલ્ય પ્રવૃત્તિથી અનુષ્ઠાન* છે, તે **અનનુષ્ઠાન છે**, કર્યું ન કર્યા બરાબર છે. કારણ કે આનું મન અત્યંત મુગ્ધ છે, એટલા માટે આ આવું કહ્યું છે. (૪) સદનુષ્ઠાન પ્રત્યેના રાગથી–બહુમાનથી જે કરવામાં આવે છે, તે સદનુષ્ઠાન ભાવનો શ્રેય હેતુ હોવાથી **'તદ્ધેતુ'** અનુષ્ઠાન છે, કારણ કે આમાં શુભ ભાવાંશનો યોગ છે. (૫) આ જિનોક્ત છે એમ જાણી કરવામાં આવતું એવું **ભાવસાર** જે અત્યંત **સંવેગગર્ભ** અનુષ્ઠાન છે, તેને મુનિપુંગવો **'અમૃત'** અનુષ્ઠાન કહે છે.

"जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः ।
संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ॥" —શ્રી યોગબિંદુ

"જિનગુણ અમૃતપાનથી રે....મન૦ અમૃત ક્રિયાને પસાય. રે ભવિ૦
અમૃત ક્રિયા અનુષ્ઠાનથી રે....મન૦ આતમ અમૃત થાય રે ભવિ૦"—**શ્રી દેવચંદ્રજી**

આમ આ પાંચ પ્રકારના અનુષ્ઠાનમાંથી પ્રથમના ત્રણ તો અપ્રશસ્ત છે,–અસત્ છે, હેય છે; ચોથું કંઈક અંશે પ્રશસ્ત–સત્ છે; અને છેલ્લું અમૃત અનુષ્ઠાન તો પરમ પ્રશસ્ત છે, પરમ સત્ છે, એટલે તે જ મુખ્યપણે સદનુષ્ઠાન છે, એ જ મુમુક્ષુને પરમ આદેય છે, અને એ જ અત્ર વિવક્ષિત છે.

★

તેમાં—

**बुद्धिपूर्वाणि कर्माणि सर्वाण्येवेह देहिनाम् ।
संसारफलदान्येव विपाकविरसत्वतः ॥ १२४ ॥**

વૃત્તિઃ–**बुद्धिपूर्वाणि कर्माणि सर्वाण्येव**–સામાન્યથી સર્વેય બુદ્ધિપૂર્વક કર્મો, **इह**–અહીં લોકમાં, **देहिनाम्**–દેહધારીઓના, પ્રાણીઓના. શું? તો કે–**संसारफलदान्येव**–સંસારફલદાયક જ છે, કારણ કે તેઓનું શાસ્ત્રપૂર્વકપણું નથી, (એટલે કે શાસ્ત્રને પ્રથમ આગળ કરી તે કરવામાં આવતા નથી). અને તેમજ કહે છે–**विपाकविरसत्वतः**–તેઓનું નિયોગથી જ–નિયમથી જ વિપાકવિરસપણું છે તેથી કરીને, વિપાકમાં–પરિણામે તેઓનું વિરસપણું છે તેટલા માટે.

× "विषं लब्ध्याद्यपेक्षातः इदं सच्चित्तमारणात् ।
महतोऽल्पार्थनाज्ज्ञेयं लघुत्वापादनात्तथा ॥
दिव्यभोगाभिलाषेण गरमाहुर्मनीषिणः ।
एतद्विहितनीत्यैव कालान्तरनिपातनात् ॥"—શ્રી યોગબિંદુ

* "अनाभोगवतश्चैतदननुष्ठानमुच्यते । संप्रमुग्धं मनोऽस्येति ततश्चैतद्यथोदितम् ॥
एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः । सदनुष्ठानभावस्य शुभभावांशयोगतः ॥"
—શ્રી યોગબિંદુ

બુદ્ધિપૂર્વક કર્મ સહુ, દેહધારીના આંહિ;
વિપાક વિરસપણા થકી, સંસારફલદાયિ. ૧૨૪.

અર્થ :—અહીં પ્રાણીઓના જે બુદ્ધિપૂર્વક કર્મો છે તે સર્વેય, વિપાક વિરસપણાને લીધે, સંસારફલ જ દેનારા છે.

વિવેચન

આ લોકમાં દેહધારી પ્રાણીઓના સામાન્યથી સર્વેય **બુદ્ધિપૂર્વક કર્મો** વિપાકવિરસપણાએ કરીને સંસારફલ જ આપનારા હોય છે.

અત્ર સામાન્યથી જોઇએ તો પ્રાણીઓ સર્વેય કર્મો બુદ્ધિપૂર્વક એટલે કે ઇંદ્રિયજન્ય બોધ દ્વારા કરે છે; આંખથી, કાનથી, નાકથી, જીભથી કે ત્વચાથી જે કાંઇ જાણવામાં આવે છે, તેનાથી પ્રેરાઇને તેઓ સમસ્ત પ્રવૃત્તિ કરે છે. દાખલા તરીકે–આંખથી કોઇ પદાર્થ દેખવામાં આવ્યો, જાણવામાં આવ્યો, તે પદાર્થ ઇષ્ટ લાગતાં તે ગ્રહણ કરવાનું મન થાય છે, અનિષ્ટ લાગતાં ત્યજવાનું મન થાય છે અને પછી તેવા પ્રકારે પ્રવૃત્તિ થાય છે. આંખનો સંદેશો મગજને પહોંચ્યો, મગજે બુદ્ધિને પહોંચાડચો, અને બુદ્ધિએ પગને હુકમ કર્યો કે 'આ લેવા તું જા', તથા હાથને આદેશ દીધો કે 'આ તું લે'. આ બધી સૂક્ષ્મ પ્રક્રિયા આંખના પલકારામાં બની જાય છે. વળી તે ઇષ્ટાનિષ્ટ પદાર્થ સંબંધી સ્મૃતિસંસ્કાર–ધારણા પણ રહી જાય છે. જેથી આગામી કાળે તેની ગ્રહણ–ત્યાગરૂપ પ્રવૃત્તિનો નિર્ણય થાય છે. તે જ પ્રકારે કાન વગેરે બીજી ઇંદ્રિયો દ્વારા ઉપજતા બુદ્ધિરૂપ બોધથી તે તે પ્રકારનું ઇષ્ટ–અનિષ્ટપણું જણાય છે, અને પછી મનથી તેનું મનન થતાં તેના ગ્રહણ–ત્યાગ કરાય છે, તથા ભાવિકાળે પણ તેના રહી ગયેલા સ્મૃતિસંસ્કારની વાસનાથી તથાપ્રકારે પ્રવૃત્તિ થાય છે. આમ ઇંદ્રિયજન્ય બોધથી પ્રાણીઓના સામાન્યપણે સર્વ કર્મોની ઘટમાળ ચાલ્યા કરે છે. ખાવું, પીવું, દેખવું, સાંભળવું, સુંઘવું, ચાખવું, સ્પર્શવું, લેવું, મૂકવું એ વગેરે વિષયભોગ પ્રવૃત્તિ, વગર શિખવ્યે પણ, પ્રાણીઓ કર્યા કરે છે. એમાં કાંઇ નવી નવાઇ નથી.

ઇંદ્રિયપ્રવૃત્તિ અને સ્મૃતિ-સંસ્કાર

અને આ વિષયભોગ પ્રવૃત્તિરૂપ જે બુદ્ધિજન્ય કર્મો છે, તેનું **વિપાક વિરસપણું** છે, વિપાકે–પરિણામે તે અવશ્ય વિરસ નીવડે છે. જે વિષયો પ્રથમ સરસ લાગે છે, તે જ પરિણામે વિરસ-રસહીન–લૂખા લાગે છે. જે વિષયો પ્રારંભમાં મીઠા ને આકર્ષક ભાસે છે, તે જ પ્રાંતે તેનો મોહ ઉતરી જતાં કડવા ને અનાકર્ષક જણાય છે. જે પુદ્‌ગલોના રૂપ–રસ–ગંધ–સ્પર્શ પ્રથમ સરસ ને મનોજ્ઞ હતા, તે જ પુદ્‌ગલના સ્વભાવ પ્રમાણે વિપરિણામ પામતાં–

વિષયનું વિપાક વિરસપણું

વિરસ થઇ જતાં અમનોજ્ઞ—અકારા લાગે છે. કારણ કે પૂરાવું ને ગળવું જ્યાં નિરંતર થયા કરે છે તે **પુદ્ગલ** છે, અને સડવાનો—વિધ્વંસ પામવાનો તેનો સ્વભાવ છે. આવા પુદ્ગલરૂપ વિષયો ભોગવતાં તો પ્રારંભે મીઠાં લાગે છે, પણ પરિણામે માઠા દુર્ગતિકારણ થાય છે, એટલે તેનું વિપાક વિરસપણું છે. કિંપાકફલ—ઈંદ્રવારણાના ફળ દેખાવે સુંદર જણાય છે, પણ ખાધા પછી શીઘ્ર પ્રાણહારી થાય છે, તેમ આ વિષયો ભોગવતાં સરસ લાગે છે, પણ પરિણામે વિરસ થઇ પડે છે. જ્ઞાનીઓએ આ 'ભોગોને ભુજંગના ભોગ જેવા—સાપની ફણા જેવા કહ્યા છે, તે શીઘ્ર પ્રાણ હરે છે, ને તે ભોગવતાં દેવોને પણ સંસારમાં રખડવું પડે છે.' આમ આ વિષયસેવનરૂપ બુદ્ધિપૂર્વક કર્મોનું વિપાકવિરસપણું છે.

"हृषीकार्थसमुत्पन्ने प्रतिक्षणविनश्वरे । सुखे कृत्वा रतिं मूढ विनष्टं भुवनत्रयम् ।
भोगा भुजङ्गभोगाभाः सद्यः प्राणापहारिणः । सेव्यमाना प्रजायन्ते संसारे त्रिदशैरपि ।।"

શ્રી શુભચંદ્રાચાર્યજીકૃત શ્રી જ્ઞાનાર્ણવ.

અને આવા આ વિપાકવિરસ બુદ્ધિપૂર્વક કર્મો **સંસારફલ** જ આપે છે, કારણ કે તે કર્મો શાસ્ત્રપૂર્વક નથી, શાસ્ત્રને—આપ્તવચનને આગળ કરી તે કરવામાં આવતા નથી, શાસ્ત્રાજ્ઞાને અનુસરી કરાતા નથી, એટલે તેનું ફલ—પરિણામ એકાંત ભવભ્રમણરૂપ સંસાર જ છે.

"સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિ ગુણ આતમરામી રે."—**શ્રી આનંદઘનજી.**

★

ज्ञानपूर्वाणि तान्येव मुक्त्यङ्गं कुलयोगिनाम् ।
श्रुतशक्तिसमावेशादनुबन्धफलत्वतः ॥ १२५ ॥

મુક્તિ અંગ કુલયોગિને, જ્ઞાનપૂર્વ તે કર્મ;
શ્રુતશક્તિ સમાવેશથી અનુબંધે શિવ શર્મ. ૧૨૫.

અર્થ:—જ્ઞાનપૂર્વક એવા તે જ કર્મો કુલયોગીઓને મુક્તિના અંગરૂપ હોય છે; કારણ કે એમાં શ્રુતશક્તિના સમાવેશને લીધે અનુબંધફલપણું હોય છે.

वृत्तिः—**ज्ञानपूर्वाणि**-જ્ઞાનપૂર્વક, યથોક્ત જ્ઞાન—નિબંધનવાળા, (ઉપર કહ્યા પ્રમાણે જ્ઞાનરૂપ કારણવાળા). **तान्येव**—તે જ કર્મો. શું ? તો કે—**मुक्त्यङ्गं**-મુક્તિનું અંગ હોય છે, **कुलयोगिनाम्**—કુલયોગીઓને,—જેનું લક્ષણ કહેવામાં આવશે. કુલયોગીઓનું ગ્રહણ, અન્યને અસંભવ જણાવવા માટે છે. શા કારણથી ? તો કે—**श्रुतशक्तिसमावेशात्**-શ્રુત શક્તિના સમાવેશરૂપ હેતુથી. આ (શ્રુતશક્તિ) અમૃત શક્તિ જેવી છે. એના અભાવે મુખ્ય એવું કુલયોગીપણું હોતું નથી. એટલા માટે જ કહ્યું કે—**अनुबन्धफलत्वतः**—અનુબંધફલપણા થકી,—મુક્તિ અંગની સિદ્ધિમાં તાત્ત્વિક અનુબંધના એવંભૂતપણાને લીધે. (મુક્તિના અંગરૂપ થાય તે જ તાત્ત્વિક અનુબંધનું સ્વરૂપ છે એટલા માટે).

વિવેચન

જે જ્ઞાનપૂર્વક કર્મો છે, તે મુક્તિ અંગરૂપ છે, અને તે કુલયોગીઓને જ હોય છે; કારણ કે શ્રુતશક્તિના સમાવેશથી તેઓને અનુબંધફલપણું હોય છે.

જ્ઞાનપૂર્વક કર્મો એટલે આગમપૂર્વક જે કર્મો કરવામાં આવે છે, શાસ્ત્ર આજ્ઞાને આગળ કરી–અનુસરી જે કર્મો કરવામાં આવે છે, તે મુક્તિના અંગરૂપ છે, મોક્ષના કારણરૂપ થઇ પડે છે. કારણ કે **આપ્ત** અર્થાત્ પ્રમાણભૂત પુરુષની આજ્ઞાને અનુસરવું તે મોક્ષનો પ્રધાન હેતુ છે, મોક્ષનો ધોરી રસ્તો–રાજમાર્ગ છે. એટલે તથારૂપ આપ્ત પુરુષથી પ્રણીત શાસ્ત્ર–આજ્ઞાને પ્રમાણ માની, શિરસાવંદ્ય ગણી, માથે ચઢાવી, જે કોઇ સત્કર્મ કરે છે, તે મોક્ષમાર્ગ સાધે છે.

"તુમ આણા હો આરાધન શુદ્ધ કે, સાધું હું સાધકપણો."
"આણા રંગે ચિત્ત ધરીજે, દેવચંદ્ર પદ શીઘ્ર વરીજે."—**શ્રી દેવચંદ્રજી**

આમ જેમાં આપ્ત આજ્ઞાનું અનુસરણ મુખ્ય છે એવા આ મુક્તિઅંગરૂપ જ્ઞાનપૂર્વક કર્મો **કુલયોગીઓને** જ હોય છે,–બીજાને નહિં. આ કુલયોગીનું લક્ષણ આગળ ઉપર કહેવામાં આવશે. આ કુલયોગીઓને જ આ જ્ઞાનપૂર્વક કર્મોનો સંભવ કહ્યો, તેનું કારણ એ છે કે તેથી હેઠલી અવસ્થામાં બુદ્ધિપૂર્વક કર્મો હોય છે, ને ઉપલી અવસ્થામાં અસંમોહરૂપ કર્મો હોય છે. એટલે કુલયોગી સિવાય અન્યને આ જ્ઞાનપૂર્વક કર્મોનો અસંભવ કહ્યો. અને કુલયોગીઓને આનો સંભવ કહ્યો, તેનું કારણ પણ તેઓને શ્રુતશક્તિનો સમાવેશ હોય છે, અને તેથી કરીને અનુબંધફલપણું હોય છે, તે છે. આ **શ્રુતશક્તિ** અમૃતશક્તિ જેવી છે. એ ન હોય તો મુખ્ય એવું કુલયોગીપણું હોતું **નથી.** અમૃત જેમ મરેલાને કે મૂર્ચ્છિતને જીવાડે છે, સજીવન કરે છે, અમર કરે છે, તેમ **અમૃત સમી** આ **શ્રુતશક્તિ** પણ મહામોહથી મૃતપ્રાય અથવા મૂર્ચ્છિત બનેલા જીવને જીવાડે છે, સજીવન કરે છે, પરમાર્થમય ભાવ–જીવન બક્ષે છે, અને ક્ષણ ક્ષણ ભયંકર ભાવ–મરણમાંથી ઉગારી અમૃતત્વ આપે છે. આ સંજીવની જેવી પરમ અમૃતસ્વરૂપ શ્રુતશક્તિના સમાવેશથી અર્થાત્ સમ્યક્ અંતઃપ્રવેશથી, દૃઢ ભાવરંગથી **મુખ્ય** એવું **કુલયોગીપણું** પ્રાપ્ત થાય છે.

અમૃત સતી શ્રુતશક્તિ

"જિનવર વચન અમૃત અનુસરિયે, તત્ત્વરમણ આદરિયે રે;
દ્રવ્ય ભાવ આશ્રવ પરહરિયે, **દેવચંદ્ર** પદ વરિયે રે....પ્રભુ અંતરજામી." **શ્રી દેવચંદ્રજી**

"વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ."—**શ્રીમદ્ રાજચંદ્રજી**

અને આવી આ અમૃત સમાણી શ્રુતશક્તિના મહાપ્રભાવથી **અનુબંધ ફલ** પ્રાપ્ત થાય છે, એટલે કે ઉત્તરોત્તર અધિકાધિક શુભ ફલપરંપરા સાંપડે છે; એક શુભ ફલ બીજા વધારે શુભ ફલનું કારણ થાય છે, એમ ને એમ શુભ ફલની સંકલના અત્રૂટપણે–અખંડપણે ચાલ્યા કરે છે, યાવત્ પરમ મોક્ષફળ પ્રાપ્ત થાય છે. આમ શ્રુતશક્તિના પ્રભાવે કુલયોગીઓને તાત્ત્વિક અનુબંધ થયા કરે છે, તેથી જ આ જ્ઞાનપૂર્વક કર્મો તેઓને મુક્તિઅંગરૂપ થઈ પડે છે.

ત્રિવિધ અનુષ્ઠાન અને તેનું ફલ

આમ કુલયોગીઓનું અનુષ્ઠાન અનુબંધ ફલવાળું હોય છે, કારણ કે તે **અનુબંધ-શુદ્ધ** હોય છે. આ બરાબર સમજવા માટે ત્રણ પ્રકારના અનુષ્ઠાનનું સ્વરૂપ સમજવા યોગ્ય છે. અનુષ્ઠાન ત્રણ પ્રકારનું કહ્યું છેઃ (૧) **વિષયશુદ્ધ**, (૨) **સ્વરૂપશુદ્ધ**, (૩) **અનુબંધશુદ્ધ**. આ ત્રણ અનુષ્ઠાનનું ઉત્તરોત્તર પ્રધાનપણું છે. (૧) તેમાં મુક્તિને અર્થે–મને મુક્તિ મળશે એમ મુગ્ધપણે–ભોળા ભાવે માનીને જે ભૃગુપાત આદિ પણ કરવામાં આવે છે, તે **વિષયશુદ્ધ** અનુષ્ઠાન છે. અને તે મુક્તિના લેશ ઉપાદેયભાવથી શુભ કહ્યું છે, પણ અત્યંત સાવદ્યરૂપપણાને (પાપરૂપપણાને) લીધે તે સ્વરૂપથી શુદ્ધ નથી. (૨) **સ્વરૂપ-શુદ્ધ** અનુષ્ઠાન તો લોકદૃષ્ટિથી વ્યવસ્થિત એવા યમાદિ જ છે, અર્થાત્ તાત્ત્વિક સ્વરૂપ સમજ્યા વિના જે અહિંસા–સત્ય વગેરે યમ આદિ લૌકિક રીતે–સ્થૂલ લોકરૂઢિ પ્રમાણે કરવામાં આવે છે, તે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન છે. પણ તે યથાશાસ્ત્ર નથી, શાસ્ત્ર અનુસાર નથી, કારણ કે સમ્યગ્ જ્ઞાન–શ્રદ્ધાન આદિનો અભાવ છે. આ અનુષ્ઠાન સ્વરૂપથી તો શુદ્ધ છે, પણ વિધિથી શુદ્ધ નથી. (૩) જે **અનુબંધશુદ્ધ** અનુષ્ઠાન છે તે આ યમાદિ જ છે, પણ તે **તત્ત્વસંવેદનથી** અનુગત હોય છે, સમ્યક્ તત્ત્વપરિજ્ઞાનથી યુક્ત હોય છે, તત્ત્વની બરાબર સમજણવાળું હોય છે; તથા **પ્રશાંત**–નિષ્કષાય વૃત્તિવડે કરીને તે સર્વત્ર અત્યંતપણે **ઉત્સુકતા રહિત** હોય છે. આ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન સ્વરૂપથી અને વિધિથી પણ શુદ્ધ હોય છે.

> " तृतीयमप्यदः किन्तु तत्त्वसंवेदनानुगम् ।
> प्रशांतवृत्त्या सर्वत्र दृढमौत्सुक्यवर्जितम् ॥ " —શ્રી યોગબિંદુ

આ ત્રણેનું ફળ અનુક્રમે આ પ્રમાણે છેઃ– (૧) **વિષયશુદ્ધ** અનુષ્ઠાનથી દોષવિગમ થતો નથી, અર્થાત્ મોક્ષલાભને બાધક એવો દોષ દૂર થતો નથી. કારણ કે તમસ્‌નું–અજ્ઞાન અંધકારનું બાહુલ્ય–પ્રબલપણું છે, તેથી જ આવી આત્મઘાતરૂપ કુમતિ સૂઝે છે. (૨) **સ્વરૂપશુદ્ધ** અનુષ્ઠાનથી દોષ દૂર તો થાય છે, પણ એકાંત અનુબંધથી દૂર થતો નથી. ભસ્મ કરાયેલા દેડકાના ચૂર્ણનો જો નાશ કરવામાં આવ્યો હોય તો તેમાંથી દેડકાની ઉત્પત્તિ ન થાય, પણ અત્રે તો તેની જેમ દોષનો સાનુબંધ નાશ થતો નથી કે જેથી બીજા ભાવિ

દોષ ન ઉપજે. દોષ દૂર તો થાય છે, પણ તે દૂર થવાની પરંપરા ચાલુ રહેતી નથી. એક દોષ દૂર થાય ત્યાં બીજા ઉભા જ છે. 'આંધળો વણે ને પાડો ચાવે' એના જેવી પરિસ્થિતિ થાય છે! કારણ કે તેમાં ગુરુલાઘવ–ચિંતાદિ નિયમથી હોતા નથી; અર્થાત્ ગુણ–દોષના ગુરુ–લઘુભાવના પ્રમાણનું ભાન અત્ર હોતું નથી. એટલે આર્યજનો એને બાહ્ય–અપ્રધાન માને છે, કારણ કે તે અંદરખાનેથી મેલું છે, મલિન છે, અને દુષ્ટ રાજાના પુરને સુંદર કિલ્લાના યત્ન જેવું તે છે. કિલ્લાથી બહારના આક્રમણ સામે રક્ષણ મળે છે, પણ અંદરખાનેથી રાજા જ પોતે પ્રજાને લૂંટીને પીડે છે! ત્યાંની પ્રજાની આબાદી કેમ થાય? તેમ આ સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનમાં બાહ્ય દોષનો અભાવ છતાં, અંદરખાનેથી આ કુરાજા જેવા તત્ત્વજ્ઞાનરહિત પુરુષના અજ્ઞાન દોષને લીધે ગુણવૃદ્ધિ થતી નથી. (૩) ત્રીજાથી દોષવિગમ× થાય છે, દોષ દૂર થાય છે, અને નિયમથી તે **સાનુબંધ** હોય છે, અર્થાત્ દોષ દૂર થવાની પરંપરા ચાલ્યા કરે છે, એક પછી એક દોષ દૂર થવાનું અનુસંધાન ચાલુ રહે છે. આ દોષ-વિગમને ઘરની આદ્ય ભૂમિકાના આરંભ સાથે સરખાવવામાં આવ્યો છે. ઘરનો પાયો મજબૂત હોય, તો તેના ઉપર માળના માળ ઉપરાઉપરિ ચણી શકાય છે, તેમ આ અનુષ્ઠાનમાં ઉત્તરોત્તર દોષ દૂર થવાનો અનુબંધ થયા જ કરે છે. આવું આ અનુષ્ઠાન ગુરુલાઘવ ચિંતાથી યુક્ત હોઇ, ગુણદોષના પ્રમાણના બરાબર ભાનવાળું હોઈ, તેવું અનુબંધવાળું ઉદાર ફલ આપે છે. એથી કરીને અત્રે સર્વેય પ્રવૃત્તિ સદૈવ મહોદયવાળી હોય છે. આવું આ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન કુલયોગીઓને હોવાથી તેઓને **સાનુબંધ ફલ પ્રાપ્તિ** હોય છે.

★

असंमोहसमुत्थानि त्वेकान्तपरिशुद्धितः ।
निर्वाणफलदान्याशु भवातीतार्थयायिनाम् ॥ १२६ ॥
એકાંતે પરિશુદ્ધિથી, અસંમોહરૂપ કર્મ;
ભવાતીત અર્થગામિને, શીઘ્ર દીએ શિવશર્મ. ૧૨૬.

વૃત્તિ:—**असंमोहसमुत्थानि**—અસંમોહથી ઉદ્‌ભવેલા, યથોક્ત અસંમોહરૂપ નિબંધન–કારણ-વાળા, તે જ કર્મો **तु**—તો, વળી, **एकान्तपरिशुद्धितः**—એકાંત પરિશુદ્ધિરૂપ કારણથી,—પરિપાક વશે કરીને; શું? તો કે–**निर्वाणफदान्याशु**—શીઘ્ર નિર્વાણ ફલ દેનારા છે. કોને? તે માટે કહ્યું–**भवातीतार्थयायिनाम्**—સંસારાતીત અર્થ પ્રત્યે ગમન કરનારાઓને, એટલે સમ્યક્ પરતત્ત્વવેદીઓને—પર તત્ત્વ જાણનારાઓને એમ અર્થ છે.

* "तृतीयाद्दोषविगमः सानुबंधो नियोगतः । गृहाद्यभूमिकापाततुल्यः कैश्चिदुदाहृतः ॥
एतद्ध्युदग्रफलदं गुरुलाघर्वाचतया । अतः प्रवृत्तिः सर्वैव सदैव हि महोदया " ॥
—(આધાર માટે જુઓ) યોગબિંદુ

અર્થ:— અને અસંમોહથી ઉપજતા એવા તે જ કર્મો, એકાંત પરિશુદ્ધિને લીધે, સંસારાતીત-પર અર્થ પ્રત્યે ગમન કરનારાઓને (પરતત્ત્વવેદીઓને) શીઘ્ર નિર્વાણ ફલ દેનારા હોય છે.

વિવેચન

અસંમોહથી ઉપજેલા એવા કર્મો, એકાંત પરિશુદ્ધિને લીધે, ભવાતીત-સંસારાતીત અર્થગામીઓને શીઘ્ર નિર્વાણ ફલ આપનારા એવા હોય છે.

ઉપરમાં કહ્યા પ્રમાણે સદ્અનુષ્ઠાન સહિત જે જ્ઞાન તે **અસંમોહ** કહેવાય છે. એવા અસંમોહથી એટલે કે સદ્અનુષ્ઠાનયુક્ત જ્ઞાનથી જે કર્મો કરવામાં આવે છે, તે શીઘ્ર નિર્વાણફલ આપે છે; એમાં કાળક્ષેપ કે વિલંબ થતો નથી, કારણ **અસંમોહ કર્મ** કે અત્રે **એકાંત પરિશુદ્ધિ** હોય છે, પરિપાકવશે કરીને સર્વથા શુદ્ધિ **શીઘ્ર મોક્ષદાયી** હોય છે જેમ સુવર્ણને અગ્નિથી તપાવતાં તપાવતાં મેલરૂપ અશુદ્ધિ દૂર થતી જાય છે ને છેવટે પરિપાક થતાં શુદ્ધ સુવર્ણ ઉત્તીર્ણ થાય છે. તેમ અત્રે પણ યોગાનલથી તપાવતાં તપાવતાં આત્માની કર્મમલરૂપ અશુદ્ધિ દૂર થતી જાય છે, અને છેવટે શુદ્ધિનો પરિપાક થતાં શુદ્ધ આત્મારૂપ સુવર્ણ જ નિષ્પન્ન થાય છે. અને આમ જ્યારે આત્માની એકાંત પરિશુદ્ધિ થઈ, એટલે પછી મોક્ષફલને આવતાં વાર શી? આત્મા શુદ્ધોપયોગવંત થયો એટલે મોક્ષ હથેળીમાં જ છે, કારણ કે 'જે× **શુદ્ધોપયોગવંત** છે તેના આવરણ-અંતરાય ને મોહરજ દૂર થઈ જતાં, તે સ્વયમેવ પ્રગટ આત્મારૂપ-સ્વયંભૂ થઈ, જ્ઞેયમાત્રના પારને પામે છે, અર્થાત્ કેવલજ્ઞાન પામે છે.' તે આ પ્રકારે:-'જે ચૈતન્યપરિણામરૂપ લક્ષણવાળા ઉપયોગવડે કરીને યથાશક્તિ વિશુદ્ધ થઈને વર્તે છે, તેની વિશિષ્ટ વિશુદ્ધિ શક્તિ પદે પદે ઉદ્ભેદ પામતી જાય છે-ખૂલતી જાય છે. એટલે તેની અનાદિની બંધાયેલી અતિ દૃઢ મોહગ્રંથિ ઉદ્ગ્રંથિત થાય છે-ઉકેલાઈ જાય છે, અને તે અત્યંત નિર્વિકાર ચૈતન્યરૂપ થાય છે. એટલે પછી તેના સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ ને અંતરાય સર્વથા દૂર થાય છે. અને આમ નિષ્પ્રતિઘ-અપ્રતિહત આત્મશક્તિ ઉલ્લસિત થતાં, સ્વયમેવ **પ્રગટ આત્મારૂપ** થઈ જ્ઞેયમાત્રના અંતને પામે છે,*' કેવલજ્ઞાન પામે છે. આમ ઉપયોગની એકાંત પરિશુદ્ધિ થકી યાવત્ મોક્ષ પ્રાપ્ત થાય છે.

× "उवओगविसुद्धो जो विगदावरणंतरायमोहरओ ।
भूदो सयमेवादा जादि परं णेयभूदाणं ॥" શ્રી કુંદકુંદાચાર્યજીકૃત પ્રવચનસાર.

* "यो हि नाम चैतन्यपरिणामलक्षणेनोपयोगेन यथाशक्ति विशुद्धो भूत्वा वर्तते स खलु प्रतिपदमुद्भिद्यमानविशिष्टविशुद्धिशक्तिरुद्ग्रन्थितासंसारबद्धदृढतरमोहग्रन्थितयात्यन्तनिर्विकारचैतन्यो निरस्तसमस्तज्ञानदर्शनावरणान्तरायो निःप्रघतिविजृम्भितात्मशक्तिश्च स्वयमेव भूतो ज्ञेयत्वमापन्नानामन्तमवाप्नोति ।"
--શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત પ્રવચનસારવૃત્તિ.

આવા શીઘ્ર મોક્ષફલ આપનારા અસંમોહ કર્મો કોને હોય છે? તે માટે અત્ર કહ્યું કે-'**ભવાતીત અર્થગામીઓને**,' એટલે સંસારથી અતીત-પર એવા અર્થ પ્રત્યે ગમન કરનારાઓને, સમ્યક્ પર તત્ત્વને જાણનારા પર તત્ત્વવેદીઓને આ અસંમોહ કર્મો હોય છે એમ તાત્પર્ય છે. જેને આ પર તત્ત્વની ગમ-સમજણ પડે છે, તેઓ જ આ પર તત્ત્વ પ્રત્યે ગમન કરનારા હોય છે.

આમ અનુક્રમે બુદ્ધિક્રિયાનું ફલ સંસાર છે, જ્ઞાનક્રિયાનું ફલ મુક્તિના અંગરૂપ છે-પરંપરાએ મુક્તિ છે, અને અસંમોહ ક્રિયાનું ફલ શીઘ્ર અવિલંબપણે મોક્ષ છે, અનંતર મુક્તિ છે.

"બુદ્ધિક્રિયા ભવફલ દીએજી, જ્ઞાનક્રિયા શિવઅંગ;
અસંમોહ કિરિયા દીએજી, શીઘ્ર મુગતિફલ ચંગ. મન૦"—**શ્રી યો. દ. સ. ૪-૧૮**

ત્રિવિધ બોધનો સાર સંક્ષેપ

આશયના-અભિપ્રાયના ભેદે કરીને ફલમાં ભેદ પડે છે. અને આશયનો ભેદ રાગાદિની તરતમતાથી, તેમજ બુદ્ધિ-જ્ઞાન-અસંમોહરૂપ બોધના કારણભેદથી પડે છે. બોધ ત્રણ પ્રકારનો હોય છે-બુદ્ધિરૂપ, જ્ઞાનરૂપ અને અસંમોહરૂપ. આ બોધના ભેદથી સર્વ જીવોના સર્વ કર્મોના પ્રકારમાં ભેદ પડે છે. (૧) ઇંદ્રિયના આલંબને ઉપજતો બોધ તે '**બુદ્ધિ**' કહેવાય છે (૨) શ્રુતના-શાસ્ત્રના આધારે ઉપજતો બોધ તે '**જ્ઞાન**' કહેવાય છે. (૩) અને સદનુષ્ઠાનયુક્ત જ્ઞાન તે '**અસંમોહ**' રૂપ બોધ કહેવાય છે; તે બોધ જ સર્વોત્કૃષ્ટ હોઈ '**બોધરાજ**' કહેવાય છે. જેમકે-યાત્રાળુને દેખી તીર્થે જવાની બુદ્ધિ થાય, તે બુદ્ધિ છે; તીર્થયાત્રાની વિધિનું વિજ્ઞાન, તે જ્ઞાન છે; અને તીર્થયાત્રાની વિધિના વિજ્ઞાન પ્રમાણે તીર્થગમન-તીર્થફરસણ તે અસંમોહ છે. 'આ રત્ન છે' એવું રત્નનું સામાન્ય જાણપણું તે બુદ્ધિનું ઉદાહરણ છે; આગમ આધારે આ રત્નનું આ સ્વરૂપ છે એમ જાણવું તે જ્ઞાનનું ઉદાહરણ છે; અને તે જ્ઞાનગર્ભિતપણે જ્ઞાનથી તે રત્નનું સ્વરૂપ ઓળખી તે રત્નની પ્રાપ્તિ આદિ થવી તે અસંમોહનું સમ્યક્ સાધક ઉદાહરણ છે. ક્રિયામાં આદર, પ્રીતિ, અવિઘ્ન, સંપત્તિપ્રાપ્તિ, જિજ્ઞાસા, અને તજ્જ્ઞસેવા તજ્જ્ઞ અનુગ્રહ,—એ સદનુષ્ઠાનના લક્ષણ છે.

તેમાં (૧) પ્રાણીઓના સામાન્યપણે સર્વેય બુદ્ધિપૂર્વક કર્મો- ઇંદ્રિયજન્ય બોધવાળા કર્મો તે વિપાકવિરસ હોઇ તેનું ફલ પરિણામ સંસાર છે. (૨) કુલયોગીઓના સર્વ કર્મો જ્ઞાનપૂર્વક એટલે કે શ્રુત-શાસ્ત્રને અનુસરનારા હોય છે, અને શાસ્ત્રનું સામર્થ્ય અમૃત જેવું છે, તેથી ઉત્તરોત્તર ઉત્તમ ફલપરંપરા સાંપડે છે. માટે શાસ્ત્રાનુગામી એવા કુલયોગીઓના કર્મ મુક્તિના અંગરૂપ છે, પરંપરાએ મુક્તિના કારણરૂપ થઇ પડે છે. (૩) અને સંસારાતીત-

સંસારથી પર એવા પર તત્ત્વ પ્રત્યે ગમન કરનારા પરમાર્થવેત્તાઓના જે કર્મો છે તે અસંમોહજન્ય હોય છે. એટલે એકાંતે-નિર્ભેળપણે પરિશુદ્ધિવાળા હોઈ, તેઓનું ફલ શીઘ્ર-અવિલંબે મુક્તિ છે, અનંતર મુક્તિ છે.

ત્રિવિધ બોધનું કોષ્ટક : ૯

	બુદ્ધિ	જ્ઞાન	અસંમોહ
લક્ષણ	ઇંદ્રિય આશ્રયી	આગમપૂર્વક	સદનુષ્ઠાન યુક્ત જ્ઞાન. { ક્રિયા આદર, પ્રીતિ, અવિઘ્ન, સંપત્તિ પ્રાપ્તિ, જિજ્ઞાસા, તજ્જ્ઞ સેવા, તજ્જ્ઞ અનુગ્રહ
ઉદાહરણ	રત્નનું સામાન્ય જાણપણું	આગમથી રત્નનું જ્ઞાન	રત્નની પ્રાપ્તિ આદિ
પાત્ર	સામાન્યથી સર્વ પ્રાણી.	કુલયોગીઓ	ભવાતીત અર્થગામી.
વિશિષ્ટ પરિણામ	વિપાકવિરસપણું	અમૃતસમી શ્રુતશક્તિથી સાનુબંધ ફલપણું	એકાંત પરિશુદ્ધિ.
ફલ	સંસાર	મુક્તિ અંગ-પરંપરાએ મોક્ષ	શીઘ્ર મુક્તિ-અનંતર મોક્ષ.

[। इति बुद्धिज्ञानासंमोहकर्मान्तराधिकारः ।]

卐

પરંતત્ત્વગામીનો એક જ શમપરાયણ માર્ગ

એઓનું જ (ભવાતીત અર્થગામીનું) લક્ષણ કહે છે—

प्राकृतेष्विह भावेषु येषां चेतो निरुत्सुकम् ।
भवभोगविरक्तास्ते भवातीतार्थयायिनः ॥ १२७ ॥

વૃત્તિઃ—**प्राकृतेष्विह भावेषु**—અહીં પ્રાકૃતભાવો પ્રત્યે, બુદ્ધિમાં જેનું પર્યવસાન છે એવા શબ્દાદિ ભાવોમાં, (આ શબ્દાદિ ભાવો છેવટે બુદ્ધિમાં સમાય છે,-બુદ્ધિજન્ય ભાવો છે તેમાં), **येषां चेतो निरुत्सुकम्**—જેઓનું ચિત્ત નિરુત્સુક છે,-નિઃસંગતાના સમાવેશને લીધે, **भवभोगविरक्तास्ते**—ભવભોગથી વિરક્ત એવા તેઓ, સંસારના ભોગથી વિરક્ત એવા સ્વરૂપવાળા (એવંભૂત) તે જીવો મુક્ત જેવા, **भवातीतार्थयायिनः**- ' ભવાતીતઅર્થગામી ' કહેવાય છે,-ભવમાં ચિત્તના અસંસ્પર્શને લીધે. (સંસારમાં તેઓનું ચિત્ત સ્પર્શાતું નથી-લેપાતું નથી, તેથી કરીને).

પ્રાકૃત ભાવોમાં અહીં, નિરુત્સુક જસ ચિત્ત;
ભવાતીત અર્થગામિ તે, ભવભોગમાં વિરક્ત. ૧૨૭

અર્થ:—અહીં પ્રાકૃત ભાવો પ્રત્યે જેઓનું ચિત્ત નિરુત્સુક (ઉત્સુકતા રહિત) હોય છે, તે ભવભોગથી વિરક્ત થયેલાઓ, ભવાતીત અર્થગામી છે.

વિવેચન

ઉપરમાં **ભવાતીત અર્થગામી** એવા મહામુમુક્ષુ કહ્યા, તે કોણ ને કેવા હોય? તેનું લક્ષણ અહીં સ્પષ્ટ કહ્યું છે. અહીં શબ્દાદિ વિષયોરૂપ પ્રાકૃત ભાવોમાં જેઓનું ચિત્ત ઉત્સુકતા રહિત હોય છે, તે સાંસારિક ભોગથી વિરક્ત જનો ભવાતીતઅર્થગામી છે.

પ્રાકૃત ભાવો એટલે બુદ્ધિમાં જેનું પર્યવસાન છે એવા શબ્દાદિ ભાવો. પ્રાકૃત એટલે પ્રકૃતિનો વિકાર, પુદ્ગલનો વિકાર. શબ્દાદિ વિષયો પ્રાકૃત ભાવ છે અર્થાત્ જડ પ્રકૃતિના વિકારરૂપ છે, પુદ્ગલના વિકારરૂપ છે; અને તે બુદ્ધિમાં પર્યવસાન પામે છે, છેવટે બુદ્ધિમાં સમાય છે, અર્થાત્ બુદ્ધિગમ્ય ભાવો છે. આવા આ શબ્દાદિ વિષયોરૂપ પ્રાકૃત ભાવોમાં જેઓનું ચિત્ત અનાસક્તપણાને લીધે ઉત્સુકતા વિનાનું હોય છે, તે ભવભોગથી વિરક્ત થયેલા જનો **'ભવાતીત અર્થગામી'** કહેવાય છે. શબ્દાદિ વિષયોમાં તેઓ રાચતા નથી, આસક્ત થતા નથી, વિષયોમાંથી તેઓનું ચિત્ત ઊઠી ગયું છે, સાંસારિક ભોગ તેઓને દીઠા ગમતા નથી; એટલે **ભવભોગથી વિરક્ત**—સાચો અંતરંગ વૈરાગ્ય પામેલા આ જીવો ખરેખરા 'ભવાતીતઅર્થગામી' છે. કારણ કે તે મહાનુભાવ મહાત્માઓનું ચિત્ત ભવમાં—સંસારમાં સ્પર્શાતું નથી, લેપાતું નથી, અસ્પૃષ્ટ રહે છે, **જળ—કમળવત્ અલિપ્ત** રહે છે. વિવિધ સ્વપ્ન-ઇંદ્રજાલ જેવી પુદ્ગલરચના તેઓને કારમી—અકારી લાગે છે, અને **જગત્‌ની એઠરૂપ** તે પુદ્ગલ વિષયનું સેવન કરવું તે તેવા પરમ વૈરાગ્યવંત સાચા **સંવેગરંગી** મહાત્માઓને **આંખ પાસે રેતી ઉપડાવવા જેવું** અત્યંત, અસહ્ય લાગે છે. દાખલા તરીકે—**પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ** પોતાના સ્વાનુભવોદ્ગાર કાઢયા છે કે—

મુમુક્ષુ ભવભોગ વિરક્ત

"જોકે અમારૂં ચિત્ત નેત્ર જેવું છે; નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવોરૂપ અન્ય ચિત્ત છે. અમને વર્ત્તે છે એવું જે ચિત્ત તે નેત્રરૂપ છે. તેને વિષે વાણીનું ઉઠવું, સમજાવવું, આ કરવું અથવા આ ન કરવું, એવી વિચારણા કરવી તે માંડમાંડ બને છે × × × કારણકે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવારૂપ થાય છે."

—શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૩૧૩ (૩૮૫)

આવા પરમ ઉત્કૃષ્ટ વૈરાગ્યવંત સંવેગરંગી સાચા પરિણત-ભાવિતાત્માઓ બુદ્ધિફળરૂપ શબ્દાદિ વિષયોમાં-પ્રાકૃત ભાવોમાં કેમ રાચે ? આ **પ્રાકૃત** ભાવોમાં તો સામાન્ય પ્રાકૃત જનો જ રાચે, પુદ્ગલાનંદી ભવાભિનંદી જીવો જ આસક્ત થાય; પણ સાચા અંતરંગ વૈરાગ્યવાન મુમુક્ષુ જીવો કદી પણ ઉત્કંઠા ધરાવે નહિં, આસક્ત થાય નહિં. આવા વૈરાગ્યવાસિત આત્મા, સાચા 'વૈરાગીઓ' જ સંસારથી પર એવા અર્થ-તત્ત્વ પ્રત્યે ગમન કરનારા છે, પર તત્ત્વને જાણનારા ને પામનારા હોય છે. કારણકે સંસારમાં રહ્યા છતાં, તે મહાનુભાવ મહાત્માઓનું ચિત્ત સંસારી ભાવોને-વાસનાને લેશમાત્ર સ્પર્શતું નથી. તેથી તેઓ **મુક્ત જેવા** છે, દેહ છતાં નિર્વાણ પામેલા છે, જીવન્મુક્ત છે.

"મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાની દશા, બાકી બીજી ભ્રાંત.
સકલ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન,
તે કહિયે જ્ઞાનિદશા, બાકી વાચાજ્ઞાન."

—શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત **શ્રી આત્મસિદ્ધિ**

★

एक एव तु मार्गोऽपि तेषां शमपरायणः ।
अवस्थाभेदभेदेऽपि जलधौ तीरमार्गवत् ॥ १२८ ॥

એક જ હોયે તેહનો, પ્રશમપરાયણ માર્ગ;
અવસ્થાભેદ છતાં યથા, સાગરમાં તીરમાર્ગ, ૧૨૮.

અર્થ:—અને તેઓનો શમપરાયણ માર્ગ પણ, અવસ્થાભેદનો ભેદ છતાં, એક જ છે, સમુદ્રમાં તીરમાર્ગની-કાંઠાના માર્ગની જેમ.

વિવેચન

અને એવા તે ભવાતીતઅર્થગામીઓનો એટલે કે પરમતત્ત્વવેદીઓનો માર્ગ પણ, અવસ્થાભેદનો ભેદ છતાં, એક જ છે,-સાગરમાં તીરમાર્ગની-કાંઠાના માર્ગની પેઠે. ઉપરમાં જેનું સ્પષ્ટ લક્ષણ કહ્યું, એવા સાચા ભવવિરક્ત વૈરાગ્યવાસિત સંવેગી

वृत्तिः—**एक एव तु मार्गोऽपि**-અને માર્ગ પણ એક જ, ચિત્તવિશુદ્ધિરૂપ લક્ષણવાળો માર્ગ પણ એક જ છે, **तेषां**-તેઓનો, એટલે કે, ભવાતીતઅર્થગામીઓનો, **शमपरायणः**-શમપરાયણ, શમનિષ્ઠ, **अवस्थाभेदभेदेऽपि**-અવસ્થાભેદનો ભેદ છતાં,-ગુણસ્થાનકના ભેદની અપેક્ષાએ, (તેમની દશાનો ભેદ છતાં), **जलधौ तीरमार्गवत्**-સમુદ્રની બાબતમાં તીરમાર્ગની જેમ, એ દૃષ્ટાંત છે. અને અહીં તે સમુદ્રથી દૂર-નિકટપણા આદિના ભેદથી અવસ્થાભેદ હોય છે. (સમુદ્રના કાંઠાના માર્ગ તે તીરમાર્ગ છે. તેમાં કોઇ દૂર હોય, કોઇ નિકટ હોય, એમ ભેદ છતાં તે બધાય 'તીરમાર્ગ' જ છે.)

મુમુક્ષુનો માર્ગ એક જ મુમુક્ષુ આત્માઓ ભવાતીત અર્થગામી અથવા પરતત્ત્વવેદી કહેવાય છે. અને તેઓનો **ચિત્તવિશુદ્ધિરૂપ** લક્ષણવાળો **માર્ગ** પણ **એક જ** છે, કોઈપણ પ્રકારે ચિત્તવિશુદ્ધિ કરી, આત્માને શુદ્ધ કરવો, એ જ માર્ગ છે. અને તે એક જ છે, તેમાં કોઈ પણ ભેદ નથી. **શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે—

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ."—**શ્રી આત્મસિદ્ધિ.**

મોક્ષનો એક જ શમપરાયણ માર્ગ–શાંતિમાર્ગ

અને આ માર્ગ **શમપરાયણ** છે–શમનિષ્ઠ છે: (૧) **શમ** એટલે નિષ્કષાય આત્મ-પરિણતિ, રાગદ્વેષ રહિતપણું, સમભાવ. 'મોહ–ક્ષોભરહિત જે આત્માનો પરિણામ તે સમ× કહેવાય છે.' આ માર્ગમાં શમની પ્રાપ્તિ કરવી, શમપરાયણ થવું, એ જ એક નિષ્ઠા છે–છેવટની નિતાંત સ્થિતિ છે, એ જ અંતિમ સાધ્ય છે. (૨) અથવા **શમ** એટલે સામ્ય; યથાવસ્થિત આત્મગુણને પામવું–જેમ છે તેમ આત્મગુણની સમાન થવું તે સામ્ય છે. જે સામ્ય છે તે ધર્મ છે, અને '**वत्थुसहावो धम्मो**' એ લક્ષણ પ્રમાણે વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આ ધર્મ છે તે ચારિત્ર છે, અને ચારિત્ર એટલે '**स्वरूपे चरणं चारित्रं**' એ લક્ષણ પ્રમાણે સ્વરૂપમાં ચરવું, આત્મસ્વરૂપમાં વર્ત્તવું, તે ચારિત્ર છે. આમ ચારિત્ર ધર્મ, સામ્ય, સમ, શમ એ શબ્દો સમાનાર્થવાચક છે. તાત્પર્ય કે સામ્યમાં અર્થાત્ સહજ આત્મસ્વરૂપમાં સ્થિતિ પ્રાપ્ત કરવા તત્પર થવું એ જ શમનિષ્ઠ માર્ગ છે. (૩) અથવા **શમ** એટલે શાંતિ. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ આદિની શાંતિ થવી તે શમ છે. પરભાવથી વિરામ પામી આત્મભાવમાં આવવું તેનું નામ શાંતિ છે,

શાંતિમાર્ગ અને તે જ શમનિષ્ઠ માર્ગ અથવા **શાંતિ માર્ગ** છે. આ શાંતિમાર્ગનું અત્યંત હૃદયંગમ સ્વરૂપ મહાજ્ઞાની યોગીશ્વર શ્રીમાન્ **આનંદઘનજીએ** શ્રી **શાંતિનાથજીના** સ્તવનમાં સંક્ષેપમાં પ્રદર્શિત કર્યું છે. તેમાં શ્રી **આનંદઘનજી** ભગવાન્‌ને સાક્ષાત્ હાજરાહજૂર દેખતા હોય એમ તેમની સાથે ગોષ્ઠિ-વાર્ત્તાલાપ કરતાં પૂછે છે—

"શાંતિજિન ! એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન રાય રે;
શાંતિ સ્વરૂપ કિમ જાણીએ ? કહો કિમ મન પરખાય રે ?....શાંતિ૦"

× "**चारित्तं खलु धम्मो धम्मो जो सो समोत्ति णिद्दिट्ठो ।
मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो ॥**"

—**શ્રી કુંદકુંદાચાર્યજીપ્રણીત શ્રી પ્રવચનસાર.**

ત્યારે ભગવાન્ તેનો જવાબ આપે છે કે–જેને આવા પ્રશ્નનો અવકાશ છે એવા હે **આનંદઘન**! ત્હારા આત્માને ધન્ય છે! તું મનમાં ધીરજ ધરીને સાંભળ! હું તને શાંતિસ્વરૂપ જેમ પ્રતિભાસ્યું છે તેમ કહું છું:

"ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે....શાંતિ૦"

૧. અવિશુદ્ધ ને સુવિશુદ્ધ જે જે ભાવો ભગવાન્ જિનવરે–પરમ વીતરાગદેવે કહ્યા છે, તે તેમજ અવિતથ્ય અર્થાત્ અત્યંત સાચા જાણીને સદ્દહે, શ્રદ્ધે, દૃઢ આત્મપ્રતીતિથી માન્ય કરે, તે શાંતિપદની પ્રથમ સેવા છે, શાંતિમાર્ગનું પ્રથમ પદ–પગથિયું છે.

૨. અને આગમના પરમાર્થ રહસ્યને ધારણ કરનારા, સમ્યક્ત્વવંત અર્થાત્ આત્મજ્ઞાની, સારભૂત એવી સંવર ક્રિયા કરનારા, જ્ઞાનીઓના સનાતન મોક્ષમાર્ગના સંપ્રદાયને અનુસરનારા, સદાય અવંચક, સર્વથા ઋજુ–સરલ, અને શુદ્ધ આત્માનુભવના આધારરૂપ, એવા સદ્ગુરુનું જે સેવન તે શાંતિપદની સેવાનું પરમ અવલંબન છે. તેમજ અન્ય પણ શુદ્ધ આલંબન આદરવા ને બીજી બધી જંજાલ છોડી દેવી, તથા સર્વ તામસી વૃત્તિઓ પરિહરી સુંદર સાત્ત્વિકી વૃત્તિઓ ભજવી,–એ શાંતિ સ્વરૂપને પામવાનો માર્ગ છે.

"ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે....શાંતિ૦
આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે....શાંતિ૦
શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી શાલ રે....શાંતિ૦"

૩. તેમજ–જેમાં ફલનો વિસંવાદ છે નહિં, અચૂકપણે જે ઇષ્ટ મોક્ષફલ આપે જ છે; જેમાં શબ્દ છે તે બરાબર અર્થ સાથે સંબંધ–સુમેળ ધરાવે છે, અર્થાત્ શબ્દનયે ખરેખરા પરમાર્થ અર્થમાં તે તે સત્ સાધન સેવાય છે–પ્રયોજાય છે; અને જેમાં સકલ નયવાદ વ્યાપી રહે છે, અર્થાત્ સર્વ નય જેમાં અવિરોધી–અવિસંવાદીપણે એક પરમાર્થ સાધકપણે પ્રવર્તે છે; એવા શિવસાધનની–સમ્યગ્દર્શનાદિ મોક્ષસાધનની સંધિ કરવી, એવા સમ્યક્ મોક્ષસાધન જોડવા–પ્રયોજવા, તે શિવસ્વરૂપ–મોક્ષસ્વરૂપ પરમ શાંતિમાર્ગનો શ્રેષ્ઠ ઉપાય છે.

"ફલ વિસંવાદ જેહમાં નહિં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે....શાંતિ૦"

૪. આત્મપદાર્થને વિરોધ ન આવે એવો વિધિ–પ્રતિષેધ કરી, મહાજને ગ્રહેલો એવો આત્માનો ગ્રહણવિધિ આદરવો,–એ આગમમાં કહેલો શાંતિમાર્ગનો બોધ–ઉપદેશ છે.

૫. દુષ્ટ જનની સંગતિ છોડી દઈ, સુગુરુના સંતાનની સંગત કરવી, અને મુક્તિના હેતુરૂપ યોગ–સમાધિમય ચિત્તભાવને ભજવું, એ શાંતિનો સન્માર્ગ છે.

"વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે....શાંતિ૦
દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
યોગ સમાધિ ચિત્ત ભાવ જે, ભજે મુગતિનિદાન રે....શાંતિ૦"

૬. માન–અપમાનને સમાન જાણે, વંદક–નિંદકને સમ ગણે, કનક–પાષાણુને સરખા માને, સર્વ જગતજંતુને સમ ગણે, તૃણ–મણિને તુલ્ય જાણે, મુક્તિ–સંસારને સમ ગણે,– આ ભવસાગર તરવા માટે નૌકા સમાન શાંતિમાર્ગ છે.

"માન-અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોય તું જાણ રે....શાંતિ૦
સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુને ભવજલનિધિ નાવ રે....શાંતિ૦"

૭. તેમજ–આપણો આત્મભાવ જે શુદ્ધ ચેતનાધાર છે, તે જ નિજ પરિકર (પરિવાર) બીજા બધા સાથસંયોગ કરતાં સાર છે, માટે તે શુદ્ધ આત્મભાવમાં આવી તેમાં શમાઈ જવું, એ જ શાંતિસ્વરૂપ પામવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

"આપણો આતમ ભાવ જે, શુદ્ધ ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એ નિજ પરિકર સાર રે....શાંતિ૦"

ઇત્યાદિ પ્રકારે આ શમપરાયણ માર્ગનું–શાંતિ માર્ગનું સ્વરૂપ શાસ્ત્રમાં વર્ણવ્યું છે.

"ક્રોધાદિક કષાયોનું શમાઈ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા અનાદિ કાળની વૃત્તિઓ શમાઈ જવી તે શમ."

શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૧૨૨ (૧૩૫)

મોક્ષનો શાંતિમાર્ગ એક જ

સર્વ મુમુક્ષુઓ તે જ **એક શાંતિમાર્ગ**ને પામવાને ઇચ્છે છે, **એટલે** તે સર્વનો માર્ગ એક જ છે. જેમ સાગરકાંઠાના સર્વ માર્ગ '**તીરમાર્ગ**' છે, માટે તે એક જ સ્વરૂપ છે, તેમ આ સર્વ મુમુક્ષુઓના માર્ગ પણ 'ભવ–તીરમાર્ગ'–મોક્ષમાર્ગ છે, માટે તે એક જ છે. પછી ભલે અવસ્થાભેદના ભેદને લીધે કોઈ તે માર્ગની નિકટ હોય ને કોઈ દૂર હોય. જેમ સાગરમાં કોઈ તીરમાર્ગ કાંઠાની નિકટ હોય, ને કોઈ દૂર હોય, પણ તે 'તીરમાર્ગ' જ છે;

તેમ કોઇ મુમુક્ષુ ભવસમુદ્રના તીરની-ભવપારની-મોક્ષની અત્યંત નિકટ હોય, ને કોઈ દૂર હોય, પણ તે સર્વનો માર્ગ તો એક જ 'મોક્ષમાર્ગ' છે. આમ ગુણસ્થાનકની અપેક્ષાએ દશાવિશેષ પ્રમાણે ભલે તેઓમાં દૂર-નિકટપણાનો ભેદ હોય, તો પણ મોક્ષમાર્ગનો તો અભેદ જ છે. અર્થાત્ તે સર્વ **એક અખંડ અભેદ પરમ અમૃતરસસાગરસ્વરૂપ મોક્ષમાર્ગ**ના ભક્તો-આરાધકો-ઉપાસકો છે, સાધર્મિક બંધુઓ છે.

"મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમ શાંતિને ભૂતકાળે પામ્યા, તે તે સઘળા એક જ માર્ગથી પામ્યા છે, વર્ત્તમાન કાળે પણ તેથી જ પામે છે; ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ઉન્મત્તતા નથી, ભેદાભેદ નથી, માન્યામાન્ય નથી. તે સરળ માર્ગ છે, તે સમાધિ માર્ગ છે, તથા તે સ્થિર માર્ગ છે. અને સ્વાભાવિક શાંતિસ્વરૂપ છે. સર્વ કાળે તે માર્ગનું હોવાપણું છે. એ માર્ગના મર્મને પામ્યા વિના કોઇ ભૂતકાળે મોક્ષ પામ્યા નથી, વર્ત્તમાનકાળે પામતા નથી, અને ભવિષ્યકાળે પામશે નહીં.

"શ્રી જિને સહસ્રગમે ક્રિયાઓ અને સહસ્રગમે ઉપદેશો એ એક જ માર્ગ આપવા માટે કહ્યાં છે. અને તે માર્ગને અર્થે તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો સફળ છે, અને એ માર્ગને ભૂલી જઇ તે ક્રિયાઓ અને તે ઉપદેશો ગ્રહણ થાય તો તે સૌ નિષ્ફળ છે.

"શ્રી મહાવીર જે વાટેથી તર્યા તે વાટેથી શ્રી કૃષ્ણ તરશે. જે વાટેથી શ્રી કૃષ્ણ તરશે તે વાટેથી શ્રી મહાવીર તર્યા છે. એ વાટ ગમે ત્યાં બેઠાં, ગમે તે કાળે, ગમે તે શ્રેણીમાં, ગમે તે યોગમાં જ્યારે પામશે, ત્યારે તે પવિત્ર, શાશ્વત, સત્પદના અનંત અતીંદ્રિય સુખનો અનુભવ થશે. તે વાટ સર્વ સ્થળે સંભવિત છે." ઇત્યાદિ.

—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૩૨ (૫૪)

★

પર તત્ત્વના કથનની ઇચ્છાથી કહે છે—

संसारातीततत्त्वं तु परं निर्वाणसंज्ञितम् ।
तद्धचेकमेव नियमाच्छब्दभेदेऽपि तत्त्वतः ॥ १२९ ॥

ભવાતીત પર તત્ત્વ તો, નિર્વાણ કહેવાય;
તત્ત્વથી એક જ તેહ છે, શબ્દે ભેદ છતાંય. ૧૨૯

વૃત્તિઃ—संसारातीततत्त्वं तु-અને સંસારાતીત તત્ત્વ તો, શું ? તો કે-**परं**-પર, પ્રધાન, **निर्वाणसंज्ञितम्**-નિર્વાણ નામનું છે, નિર્વાણ સંજ્ઞા એની ઉપજી છે એટલા માટે. **तद्धचेकमेव**-તે નિશ્ચયે એક જ સામાન્યથી છે, **नियमात्**-નિયમથી, નિયમે કરીને, **शब्दभेदेऽपि**-શબ્દભેદ (જેનું લક્ષણ કહેવામાં આવે છે.) છતાં, **तत्त्वतः**-તત્ત્વથી, પરમાર્થથી.

અર્થ:—અને સંસારાતીત તત્ત્વ તો 'નિર્વાણ' સંજ્ઞાથી ઓળખાતું એવું પર તત્ત્વ છે; અને તે તો શબ્દભેદ છતાં તત્ત્વથી નિયમે કરીને એક જ છે.

વિવેચન

ઉપરમાં જે સંસારાતીત-સંસારથી પર એવું પર તત્ત્વ કહ્યું, તે શું? તેનું અહીં સ્પષ્ટીકરણ કર્યું છે:-તે પર તત્ત્વ '**નિર્વાણ**' એવી સંજ્ઞાથી ઓળખાય છે. અને તે તો સામાન્યથી નિયમે કરીને **એક જ** છે. નીચે કહેવામાં આવે છે એવો શબ્દભેદ છતાં તત્ત્વથી-પરમાર્થથી તે નિર્વાણ તત્ત્વ એક જ છે. ગમે તે નામે ઓળખવામાં આવે, પણ પરમ એવા તે નિર્વાણ તત્ત્વમાં કોઇ ભેદ **છે જ નહિં**. તે તત્ત્વથી પર કોઇ છે નહિં ને સર્વથી પર તે છે, તેટલા માટે તે '**પરં તત્ત્વ**' છે. કર્મરૂપ તેલ ખૂટી જવાથી સંસારરૂપ દીવો ત્યાં બૂઝાઇ જાય છે-નિર્વાણ પામે છે, તેટલા માટે તે તત્ત્વને '**નિર્વાણ**' નામ ઘટે છે.

★

એ જ કહે છે—

सदाशिवः परं ब्रह्म सिद्धात्मा तथातेति च ।
शब्दैस्तदुच्यतेऽन्वर्थादेकमेवैवमादिभिः ॥ १३० ॥

સદાશિવ પર બ્રહ્મ ને, સિદ્ધાત્મ તથાતા ય;
આદિ શબ્દે અન્વર્થથી, એક જ તેહ કથાય. ૧૩૦

અર્થ:—સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા, તથાતા, ઇત્યાદિ શબ્દોથી તે ઓળખાય છે; તે અન્વર્થથી (શબ્દના બરાબર અર્થ પ્રમાણે) એક જ છે.

વૃત્તિ:-**सदाशिवः**—સદાશિવ, એટલે સર્વકાળ શિવ, કદી પણ અશિવ નહિં તે,—ત્રિકાલ પરિશુદ્ધિ થકી સર્વ અશિવના અભાવને લીધે, **परं**—પરમ, પ્રધાન, **ब्रह्म**—બ્રહ્મ,—તથાપ્રકારે બૃહત્ત્વ અને બૃંહકત્વવડે કરીને સદ્‌ભાવનું અવલંબનપણું હોવાથી, **सिद्धात्मा**—સિદ્ધ આત્મા, કૃતકૃત્ય આત્મા, નિષ્ઠિતાર્થ એમ અર્થ છે, **तथातेति च**—અને તથાતા, આકાલ એટલે સર્વકાલ તથાભાવથી, સદાકાલ તેવા પ્રકારનો ભાવ હોવાને લીધે, 'તથાતા' કહેવાય છે. કહ્યું છે કે—

" उपादाननिमित्ताभ्यामधिकारित्वता ध्रुवा । सर्वकालं तथाभावात्तथातेत्यभिधीयते ॥
विसंयोगात्मिका चेयं त्रिदुःखपरिवर्जिता । भूतकोटिः परात्यन्तं भूतार्थफलदेति च ॥

અર્થાત્—ઉપાદાન ને નિમિત્તથી તેની અધિકારિત્વતા ધ્રુવ છે, અને સર્વકાલ તથાભાવને લીધે તે 'તથાતા' એમ કહેવાય છે અને આ અધિકારિત્વતા—તથાતા વિસંયોગસ્વરૂપ ને ત્રણ પ્રકારના દુઃખથી પરિવર્જિત-સર્વથા રહિત એવી છે; તે પરા ભૂતકોટિ છે, અને અત્યંત ભૂતાર્થ ફલ દેનારી છે. ઇત્યાદિ **शब्दै**:-શબ્દોથી, **तत्**-તે નિર્વાણ, **उच्यते**-કહેવાય છે, ઓળખાય છે, **अन्वर्थात्**-અન્વર્થથી, અર્થને અનુસરતા, શબ્દના યથાર્થ અર્થ પ્રમાણે, ઉક્ત નીતિથી, **एकमेव**—તે એક જ હોઇ, **एवमादिभिः**- એ આદિ શબ્દોથી.

વિવેચન

" શબ્દ ભેદ ઝઘડો કિશ્યોજી, જો પરમારથ એક;
કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફિરે નહિં છેક....મનમોહન૦ "–શ્રીયો. દ. સ. ૪–૨૧

તે પરમ 'નિર્વાણ' નામના તત્ત્વને જે જૂદે જૂદે નામે ઓળખવામાં આવે છે, તેનો પરમાર્થ જોતાં કાંઇ અર્થભેદ નથી. તે ભિન્ન ભિન્ન નામોમાંથી કેટલાક અત્ર બતાવ્યા છે : (૧) સદાશિવ, (૨) પરંબ્રહ્મ, (૩) સિદ્ધાત્મા (૪) તથાતા. પરમાર્થથી તે નામોનું એકપણું આ પ્રકારે—

સદાશિવ—કોઇ તેને 'સદાશિવ' કહે છે. આ 'સદાશિવ' એટલે સદાય શિવ, સર્વકાળ શિવ, કદી પણ અશિવ નહિં તે. ત્રણે કાળને વિષે સર્વથા પરિશુદ્ધિ વડે કરીને સર્વ અશિવના–અકલ્યાણના અભાવને લીધે આને 'સદાશિવ' નામ બરાબર ઘટે છે. કારણ કે શુદ્ધ **સહજાત્મસ્વરૂપ** હોવાથી, આ '**નિર્વાણ**' સદા શિવસ્વરૂપ–કલ્યાણસ્વરૂપ–મંગલસ્વરૂપ છે, સર્વ કલ્યાણનું–મંગલનું ધામ છે, શંકર સ્વરૂપ અર્થાત્ શમ–આત્મ-સુખકર સ્વરૂપ છે.

" શિવશંકર જગદીશ્વરૂ રે, ચિદાનંદ ભગવાન....લલના૦ "—**શ્રી આનંદઘનજી**

પરંબ્રહ્મ—વળી એ 'પરંબ્રહ્મ' નામથી ઓળખાય છે. પરં એટલે પરમ, પ્રધાન. અને તથા પ્રકારે બૃહત્ત્વ–બૃંહકત્વથી સદ્ભાવ અવલંબનપણાને લીધે તે 'બ્રહ્મ' છે. બૃહત્ત્વ એટલે જગત્માં અન્ય કોઇ પણ વસ્તુ કરતાં જેનું બૃહત્પણું–મહત્પણું છે તે બ્રહ્મ. અથવા બૃંહકત્વ એટલે આત્મગુણનું અત્યંત વૃદ્ધિંગતપણું–અત્યંત પુષ્ટપણું જ્યાં વર્ત્તે છે તે બ્રહ્મ. આવા બૃહત્ત્વ–બૃંહકત્ત્વ વડે કરીને જ્યાં આત્મસ્વરૂપના સદ્ભાવનું અવલંબન છે, અર્થાત્ જ્યાં શુદ્ધ સહજાત્મસ્વરૂપનું વિદ્યમાનપણું વર્તે છે, જે **સહજાત્મસ્વરૂપ** છે, તે '**પરં બ્રહ્મ**' છે.

"બ્રહ્મ શબ્દ बृह्–वृद्धौ (વધવું, to grow) એ ઉપરથી થયો છે, એમ મનાય છે. અને એ રીતે જોતાં વિશ્વની વૃદ્ધિનો, વિશ્વના વિકાસનો જેથી ખુલાસો થઇ શકે છે, રહસ્ય સમજાય છે, એ આન્તર તત્ત્વનું નામ 'બ્રહ્મ' છે. × × × પણ બ્રહ્મ શબ્દની એક બીજી વ્યુત્પત્તિ–જે પૂર્વના જેટલી જ પ્રાચીન છે–તે વિચારતાં નિર્વિશેષ સ્વરૂપ પણ ફલિત થઇ શકે છે. અતિ પ્રાચીન સમયથી–ઋક્ સંહિતાના સમયથી–बृहत् શબ્દ વિશાળ, મ્હોટું, અનવચ્છિન્ન એ અર્થમાં વપરાય છે, અને એ શબ્દ ब्रह्म શબ્દનો સહોદર છે, તેથી ब्रह्म એટલે અનવચ્છિન્ન વસ્તુતત્ત્વ એમ અર્થ પણ નીકળે છે."

—પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

સિદ્ધાત્મા—તેને સિદ્ધાત્મા નામ પણ આપવામાં આવ્યું છે. જેનો આત્મા સિદ્ધ છે, જેણે શુદ્ધ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી છે તે સિદ્ધાત્મા. જેનો આત્મા કૃતકૃત્ય છે, જેને કાંઇ કર્ત્તવ્ય અવશેષ રહ્યું નથી તે સિદ્ધાત્મા. જે નિષ્ઠિતાર્થ છે અર્થાત્ જેના સર્વ અર્થની નિષ્ઠા–છેવટની હદ પ્રાપ્ત થઇ છે, એટલે કે જેના સર્વ અર્થ–પ્રયોજન સિદ્ધ થયા છે, તે સિદ્ધાત્મા. આમ જેણે શુદ્ધ આત્મ સ્વરૂપ સિદ્ધ કર્યું છે, નિષ્પન્ન કર્યું છે, એવા **સહજાત્મસ્વરૂપ** સ્વામી **શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ** તે સિદ્ધાત્મા છે.

"येनात्माबुध्यतात्मैव परत्वेनैव चापरम् ।
अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ॥"

—શ્રી પૂજ્યપાદસ્વામીજીકૃત સમાધિશતક.

"સકળ પ્રદેશે હો કર્મ અભાવતા, પૂર્ણાનંદ સ્વરૂપ;
આતમગુણની હો જે સંપૂર્ણતા, સિદ્ધ સ્વભાવ અનૂપ.
....સ્વામી સ્વયંપ્રભને જાઉં ભામણે.
અચળ અબાધિત હો જે નિઃસંગતા, પરમાતમ ચિદ્રુપ;
આતમભોગી હો રમતા નિજ પદે, સિદ્ધ રમણ એ રૂપ ...સ્વામી૦ —શ્રી દેવચંદ્રજી.

તથાતા—વળી કોઇ તેને 'તથાતા' નામથી ઓળખે છે. આકાલ એટલે કે સર્વકાલ તથાભાવ વડે કરીને તે તથાતા કહેવાય છે; સદાકાળ તથાપ્રકારનો ભાવ હોવાને લીધે તે 'તથાતા' છે. જેનું શુદ્ધ **સહજાત્મસ્વરૂપ** જેમ છે તેમ શાશ્વત વર્ત્તે છે, તે તથાતા છે. તે માટે કહ્યું છે કે—

ઉપાદાન ને નિમિત્તથી તેની અધિકારિત્વતા ધ્રુવ છે–નિશ્ચલ છે. ઉપાદાન અને નિમિત્ત બન્ને તેના હાથમાં છે, તેને આધીન છે. ઉપાદાન આત્મા છે અને તેને પ્રગટ કરનાર નિમિત્ત પણ શુદ્ધ આત્મા જ છે. એટલે તેનું સ્વરૂપનું અધિકારીપણું, સ્વામીપણું, ઇશ્વરપણું, સત્તાધીશપણું ધ્રુવ છે, અચલ છે, કદી ન ફરે એવું છે. શુદ્ધ **સહજાત્મસ્વરૂપનું** ઉપાદાન પણ તે જ છે, ને નિમિત્ત પણ તે જ છે.

આ '**તથાતા**' વિસંયોગાત્મિકા છે, અને ત્રણ પ્રકારના દુઃખથી પરિવર્જિત છે. સર્વ અન્ય ભાવનો જ્યાં વિસંયોગ છે, અર્થાત્ સમસ્ત પર ભાવનો જ્યાં વિયોગ થયો છે, વિશ્લેષ થયો છે, પરમાણુ માત્ર પણ કર્મનો જ્યાં સ્પર્શ રહ્યો નથી, કેવલ શુદ્ધ આત્મા જ જ્યાં વર્તે છે, એવી આ તથાતા વિસંયોગાત્મિકા છે–વિસંયોગસ્વરૂપ છે. અને એટલા માટેજ શારીરિક, માનસિક ને વાચિક દુઃખથી, અથવા આધિ–વ્યાધિ–ઉપાધિરૂપ ત્રિવિધ

તાપથી, અથવા આધ્યાત્મિક, આધિદૈવિક ને આધિભૌતિક એ ત્રિવિધ દુઃખથી તે પરિ-વર્જિત છે, સર્વથા રહિત છે.

"સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું,
શુદ્ધ આત્મિક આનંદપદ સંગ્રહ્યું....
ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઇએ." — શ્રી દેવચંદ્રજી.

વળી આ તથાતા પરા ભૂતકોટિ છે, અને અત્યંતપણે ભૂતાર્થ ફલ દેનારી છે. પ્રાણી-ઓની–ભૂતોની પરમ કોટિરૂપ–ઉચ્ચતમ વર્ગરૂપ જે છે તે પરા ભૂતકોટિ છે, અર્થાત્ જે પરમાત્મસ્વરૂપ છે, શુદ્ધ **સહજાત્મસ્વરૂપ** છે, ઉત્કૃષ્ટ કોટિના આત્મા છે, તે તથાતા છે.

"જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વરજિત સકલ ઉપાધિ;
અતીંદ્રિય ગુણગણમણિ આગરુ, ઇમ પરમાતમ સાધ.
સુજ્ઞાની! સુમતિ ચરણકજ આતમ અરપણા."—**શ્રી આનંદઘનજી**

અને તે ભૂતાર્થ ફલ–પરમાર્થ ફલ આપનાર છે; અર્થાત્ ખરેખરૂં સત્ય ફલ, મોક્ષરૂપ પરમાર્થસત્ ફલ આપે છે. તથાતાની અર્થાત્ શુદ્ધ **સહજાત્મસ્વરૂપ** પરમ પ્રભુજીની–પરમાત્માની સેવા–ભક્તિ તથાતારૂપ નિર્વાણ ફલ અવશ્ય આપનારી છે. આમ તથાતાનું સ્વરૂપ અન્યત્ર કહ્યું છે, તે શ્લોક શ્રી **હરિભદ્રસૂરિજી**એ સ્વોપજ્ઞ વૃત્તિમાં ટાંકેલ છે, તેનો ભાવાર્થ અત્ર કંઇક વિચાર્યો છે.

ઇત્યાદિ શબ્દોથી તે નિર્વાણને અન્વર્થથી એટલે કે શબ્દને બરાબર અનુસરતા અર્થ પ્રમાણે તે તે નામ આપેલ છે. એ આદિ શબ્દોથી ઓળખાતું તે નિર્વાણ તત્ત્વ

નિર્વાણતત્ત્વ એક જ

એક જ છે, નામભેદ માત્ર છે, અર્થભેદ નથી. કારણ કે શુદ્ધ **સહજાત્મ-સ્વરૂપ** એવું તે નિર્વાણ, આપણે જોયું તેમ, સદા શિવસ્વરૂપ હોવાથી સદાશિવ છે, પરમ આત્મસ્વરૂપ હોવાથી પરંબ્રહ્મ છે, શુદ્ધ આત્મ-સિદ્ધિના નિષ્પન્નપણાથી સિદ્ધાત્મા છે, સહજાત્મસ્વરૂપપણે શાશ્વત સ્થિતિથી તથાતા છે. ઇત્યાદિ અર્થને અનુસરતા અન્ય અન્ય નામોથી પણ તેનું અભેદ સ્વરૂપ જ પ્રગટ થાય છે, વ્યક્ત થાય છે; તેનો પરમાર્થ જે સમજે, તે **આનંદઘન અવતારને** પામે છે.

"એમ અનેક અભિધા ધરે રે, અનુભવગમ્ય વિચાર....લલના૦
જે જાણે તેહને કરે રે, આનંદઘન અવતાર....લલના૦"—શ્રી આનંદઘનજી.

★

તે કેવું છે? તે કહે છે—

तल्लक्षणाविसंवादान्निराबाधमनामयम् ।
निष्क्रियं च परं तत्त्वं यतो जन्माद्ययोगतः ॥ १३१ ॥

લક્ષણ અવિસંવાદથી, નિરાબાધ નીરોગ;
ને નિષ્ક્રિય પર તત્ત્વ તે, જન્માદિને અયોગ. ૧૩૧

અર્થ:—તે નિર્વાણના લક્ષણના અવિસંવાદને લીધે, તે પરમ તત્ત્વ નિરાબાધ, નિરામય અને નિષ્ક્રિય એવું છે; કારણ કે જન્મ આદિનો અયોગ છે.

વિવેચન

"અવ્યાબાધ અગાધ, આતમસુખ સંગ્રહો હો લાલ."—**શ્રી દેવચંદ્રજી.**

ઉપરમાં જે નિર્વાણ તત્ત્વ કહ્યું, અને તેના વાચક જે વિવિધ નામ કહ્યા, તેના લક્ષણમાં અવિસંવાદ છે, સંવાદ-મળતાપણું છે, તેમાં વિસંવાદ-બસુરાપણું નથી, તેથી કરીને તે એકસ્વરૂપ છે. કારણ કે-'**નિર્વાણ**' એટલે શું? (૧)

નિર્વાણ સ્વરૂપ

નિર્વાણ એટલે બૂઝાઈ જવું, શાંત થઈ જવું, નિવૃત્તિ પામવી તે. જેમ તેલ હોય ત્યાંસુધી દીવો બળે છે, તેલ ખૂટી જાય એટલે તે તરત બૂઝાઈ જાય છે-નિર્વાણ પામે છે; તેમ જ્યાંસુધી કર્મરૂપ તેલ હોય ત્યાંસુધી સંસારનો દીવો બળ્યા કરે છે, પણ જેવું કર્મરૂપ તેલ ખૂટયું કે તરત તે સંસાર-દીપક બૂઝાઈ જાય છે, હોલવાઈ જાય છે, નિર્વાણ પામે છે. આમ જ્યાં સંસાર-દીપક બૂઝાઈ જાય છે-નિર્વાણ પામે છે, તે પદ નિર્વાણપદ છે. (૨) અથવા નિર્વાણ એટલે શાંતિ, શાંત થઈ જવું તે. જ્યાં સર્વ સંસારભાવ શાંત થઈ જાય છે, સર્વ પરભાવ-વિભાવ વિરામ પામે છે, તે નિર્વાણ છે. આત્મા જ્યાં સ્વ સ્વભાવમાં વિશ્રાંત થાય છે, નિસ્તરંગ સમુદ્રની જેમ પરમ શાંત થઈ સ્વ **સહજાત્મસ્વરૂપ**માં શમાઈ જાય છે, તે પરમ શાંતિસ્વરૂપ એવું પદ તે નિર્વાણ છે. (૩) અથવા જ્યાં સર્વ વૃત્તિઓનો સંક્ષય થયો છે, અર્થાત્ સર્વ સંસાર-વૃત્તિઓ જ્યાં નિવૃત્ત થઈ છે, નિવૃત્તિ પામી ગઈ છે, અને કેવલ શુદ્ધ આત્મસ્વભાવમાં જ વર્ત્તનારૂપ વૃત્તિ જ્યાં વર્ત્તે છે, અર્થાત્ **શુદ્ધ આત્મપદ**રૂપ સ્વયંભૂરમણ સમુદ્રમાં નિરંતર રમણતા છે,-તે નિવૃત્તિપદ અથવા નિર્વાણ છે. અને ઉપરમાં જે **સદાશિવ** વગેરે શબ્દનો પરમાર્થ દર્શાવવામાં આવ્યો, તે તત્ત્વથી વિચારતાં, જેવો નિર્વાણનો અર્થ છે, તેવોજ તે તે શબ્દનો

वृत्तिः—तल्लक्षणाविसंवादात्—તેના-નિર્વાણના લક્ષણના અવિસંવાદને લીધે. એ જ કહે છે-निराबाधं-નિરાબાધ, 'निर्गतं आबाधाभ्यः'—આબાધાઓમાંથી નિર્ગત-બ્હાર નીકળી ગયેલ. (લેશ પણ બાધા જ્યાં નથી એવું), अनामयं-અનામય, જ્યાં દ્રવ્ય-ભાવ રોગ અવિદ્યમાન છે એવું, निष्क्रियं च-અને નિષ્ક્રિય છે, નિબંધનના-કારણના અભાવે કર્ત્તવ્યના અભાવથકી નિષ્ક્રિય છે. परं तत्त्वं-એવંભૂત તે પરં તત્ત્વ, यतो-જે કારણ થકી, जन्माद्ययोगतः-જન્મ, જરા, મરણના અયોગ થકી.

અર્થ છે, માટે નિર્વાણના લક્ષણમાં અને સદાશિવ આદિના લક્ષણમાં વિસંવાદ નથી, અવિસંવાદરૂપ એકતા છે. અર્થાત્ નિર્વાણ, સદાશિવ આદિ એકસ્વરૂપ છે, **એક જ છે,** એમ અત્યંત પ્રસિદ્ધ થયું.

અને આમ એક એવું આ નિર્વાણતત્ત્વ કેવું છે ? તો કે નિરાબાધ, નિરામય અને નિષ્ક્રિય એવું તે પરમ તત્ત્વ છે. તે આ પ્રકારે-(૧) **નિરાબાધ**—સર્વ આબાધાઓમાંથી તે બ્હાર નીકળી ગયેલું છે; આબાધા અર્થાત્ લેશમાત્ર બાધાથી પણ તે રહિત છે, **અવ્યાબાધ સ્વરૂપ** છે. અને આવું અવ્યાબાધ સ્વરૂપ તે પદ હોવાથી, ત્યાં એકાંતિક, આત્યંતિક, સહજ, સ્વાધીન એવું અનુપમ અવ્યાબાધ આત્મસુખ નિરંતર અનુભવાય છે. (૨) **નિરામય**—આમય એટલે કોઇપણ જાતના દ્રવ્ય-ભાવરોગનો ત્યાં અભાવ છે. દેહનો અભાવ છે, એટલે શરીર સંબંધી કોઇપણ દ્રવ્ય રોગનો ત્યાં સંભવ જ નથી. અને આત્માની અત્યંત પરિશુદ્ધિ વર્ત્તે છે, એટલે રાગ-દ્વેષ-મોહ આદિ ભાવરોગનો પણ બીલકુલ અભાવ છે. આમ દ્રવ્યથી ને ભાવથી આ પદ નિરામય, નીરોગી છે, અને અત્રે આત્માનું પરમ ભાવ આરોગ્ય, **સ્વરૂપસ્થિતિરૂપ પરમ સ્વાસ્થ્ય** વર્તે છે. (૩) **નિષ્ક્રિય** છે. નિબંધનનો-કારણનો અભાવ છે, એટલે કાર્યનો અભાવ છે. અત્રે સર્વ કર્મનો નિઃશેષ નાશ થઇ ગયો હોવાથી કર્મરૂપ પ્રેરક કારણ નથી, એટલે કાંઇ કર્ત્તવ્ય પણ રહ્યું નથી. કારણ હોય તો કાર્ય હોય, કારણ ન હોય તો કાર્ય પણ ન હોય, એ સનાતન સામાન્ય નિયમ છે. આમ તે નિષ્ક્રિય છે.

"એકાંતિક આત્યંતિકો સહજ અકૃત સ્વાધીન હો જિનજી!
નિરુપચરિત નિર્દ્વંદ્વ સુખ, અન્ય અહેતુક પીન હો જિનજી!

"શુદ્ધ પરિણામતા, વીર્ય કર્ત્તા થઇ, પરમ અક્રિયતા અમૃત પીધો."—**શ્રી દેવચંદ્રજી**

"દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ."—**શ્રીમદ્ રાજચંદ્રજીકૃત આત્મસિદ્ધિ.**

આવું નિરાબાધ, નિરામય, ને નિષ્ક્રિય એવું તે પરમ તત્ત્વ છે, કારણ કે જન્મ જરા-મરણનો ત્યાં અયોગ છે, સર્વથા અભાવ છે. એટલે સર્વ દુઃખોનો ત્યાં આત્યંતિક અભાવ છે, કારણ કે **'જન્મ-જરા ને મૃત્યુ'** એ જ **'મુખ્ય દુઃખના હેતુ'** છે. અને **'કારણ તેના બે કહ્યા,' 'રાગ દ્વેષ અણહેતુ.'** પણ અત્રે તો મુખ્ય દુઃખહેતુ આ જન્માદિ નથી, અને તેના કારણ રાગદ્વેષનો પણ સર્વથા અભાવ છે. એટલે જ આ નિર્વાણરૂપ પરમ પદમાં કોઇ પણ પ્રકારની બાધાનો, રોગનો અને સંસરણરૂપ ક્રિયાનો-સંસારનો સર્વથા અસંભવ જ છે.

★

ઐદંપર્ય (તાત્પર્ય) કહે છે—

ज्ञाते निर्वाणतत्त्वेऽस्मिन्नसंमोहेन तत्त्वतः ।
प्रेक्षावतां न तद्भक्तौ विवाद उपपद्यते ॥ १३२ ॥

અસંમોહથી તત્ત્વથી, જાણ્યે તત્ત્વ આ ઉક્ત;
તસ ભક્તિમાં વિવાદ ના, બુદ્ધિવંતને યુક્ત. ૧૩૨

અર્થ:— આ નિર્વાણ તત્ત્વ અસંમોહે કરીને તત્ત્વથી જાણવામાં આવ્યે, પ્રેક્ષાવંતોને (બુદ્ધિવંતોને-વિચારવંતોને) તેની ભક્તિ બાબતમાં વિવાદ ઘટતો નથી.

વિવેચન

આવું જે નિરાબાધ, નિરામય અને નિષ્ક્રિય એવું પરમ **નિર્વાણતત્ત્વ** ઉપરમાં વર્ણવ્યું, તેનું સ્વરૂપ **અસંમોહ બોધવડે તત્ત્વથી-પરમાર્થથી** જાણવામાં આવ્યે, સમ્યક્ પરિચ્છેદ કરવામાં આવ્યે, વિચારવાન જીવોને તેની ભક્તિના વિષયમાં વિવાદ ઘટતો નથી, કારણ કે તત્ત્વજ્ઞાનમાં ભેદનો અભાવ છે. નહિં તો જો વિવાદ કરવામાં આવે તો પ્રેક્ષાવંતપણાને-વિચારવંતપણાને વિરોધ આવે. જે સુજ્ઞ વિચારક જનો છે, તે તો નિરંતર તત્ત્વ ભણી જ દૃષ્ટિ રાખે છે. તત્ત્વ જો અભેદ હોય તો પછી તેની ભક્તિ-આરાધના વિધિમાં ગમે તેટલો ભેદ હોય, તો પણ તેની તેઓ બીલકુલ પરવા કરતા નથી. **સાધ્ય** જો એક છે, તો તેના **સાધક સાધન** ગમે તે હોય, તેના પ્રત્યે તેઓ દુર્લક્ષ્ય કરે છે, અર્થાત્ ઈષ્ટ સાધ્યરૂપ મધ્યબિંદુ પ્રત્યે જ દોરી જતા વિવિધ સાધનમાર્ગો પ્રત્યે તેઓ કટાક્ષદૃષ્ટિએ જોતા નથી. દાખલા તરીકે-નાગપુર જવું હોય, તો જૂદી જૂદી દિશામાં આવેલા મુંબઈ, દિલ્હી, મદ્રાસ વગેરે શહેરોથી ભિન્ન ભિન્ન માર્ગે ત્યાં પહોંચી શકાય, પણ ઇષ્ટ મધ્યબિંદુ એક જ છે તેમ ભિન્ન ભિન્ન દર્શન સંપ્રદાયવાળાઓ નિર્વાણ તત્ત્વને માન્ય કરી ભલે તેને ભિન્ન ભિન્ન પ્રકારે આરાધતા હોય, પણ તેઓનું ઇષ્ટ લક્ષ્ય સ્થાન જો એક જ છે, તો પછી તેની ભક્તિ બાબતમાં કોઈ વિવાદનો અવકાશ રહેતો નથી. એટલે તત્ત્વગ્રાહી દૃષ્ટિવાળા સુજ્ઞજનો તે તે સાધનધર્મના મિથ્યા ઝઘડામાં પડતા નથી. કારણ કે સાચા તત્ત્વજ્ઞાનીઓ કે જેઓને નિર્વાણ તત્ત્વનું પૂરેપૂરૂં ભાન છે, તેઓ તો કદી પરસ્પર ઝઘડે જ નહિં; એટલું જ નહિં, પણ પોતાના પરમ આરાધ્ય એવા તે ઇષ્ટ નિર્વાણ પદને જે અન્ય કોઈ ભક્તિથી આરાધતા હોય, તે સર્વને પોતાના **સાધર્મિક** જ માને, સ્વધર્મબંધુ જ ગણે. પણ નિર્વાણતત્ત્વનું જેને ભાન નથી, એવા અજ્ઞાનીઓ પોતે તેથી અત્યંત દૂર છતાં, તે

તત્ત્વદૃષ્ટિને વિવાદ ન ઘટે

વૃત્તિ:—**ज्ञाते**-પરિચ્છિન્ન થયે, **निर्वाणतत्त्वेऽस्मिन्**-આ એવંભૂત નિર્વાણ તત્ત્વ, **असंमोहेन**-અસંમોહરૂપ બોધથી, **तत्त्वतः**-પરમાર્થથી. શું ? તો કે-**प्रेक्षावतां**-પ્રેક્ષાવંતોને-બુદ્ધિમંતોને, **न तद्भक्तौ**-નથી તેની ભક્તિમાં, નિર્વાણ તત્ત્વની સેવા બાબતમાં, શું ? તો કે **विवाद उपपद्यते**-વિવાદ ઘટતો-તત્ત્વજ્ઞાનમાં ભેદના અભાવને લીધે,-નહિં તો પ્રેક્ષાવંતપણાને વિરોધ આવે, એટલા માટે.

નિર્વાણ તત્ત્વની આરાધના બાબત પરસ્પર ઝઘડે છે, એ મહાઆશ્ચર્ય છે! એમાં તત્ત્વજ્ઞાનની શૂન્યતાનો જ દોષ છે. મહાસમર્થ તત્ત્વજ્ઞાની **શ્રીમદ્ રાજચંદ્રજીએ** મહાદર્શન-પ્રભાવક **શ્રી મોક્ષમાળા** ગ્રંથમાં અત્યંત મનનીય એવું પરમ સત્ય જ ભાખ્યું છે કે—

"**મહાવીર** ભગવંતના શાસનમાં બહુ મતમતાંતર પડી ગયા છે, તેનું મુખ્ય આ એક કારણ પણ છે કે તત્ત્વજ્ઞાન ભણીથી ઉપાસક વર્ગનું લક્ષ ગયું. માત્ર ક્રિયાભાવ પર રાચતા રહ્યા; જેનું પરિણામ દૃષ્ટિગોચર છે. વર્ત્તમાન શોધમાં આવેલી પૃથ્વીની વસતિ લગભગ દોઢ અબજની ગણાઈ છે; તેમાં સર્વ ગચ્છની મળીને જૈન પ્રજા માત્ર વીશ લાખ છે. એ પ્રજા તે શ્રમણોપાસક છે. એમાંથી હું ધારું છું કે નવતત્ત્વને પઠનરૂપે બે હજાર પુરુષો પણ માંડ જાણતા હશે; મનન અને વિચારપૂર્વક તો આંગળીને ટેરવે ગણી શકીએ તેટલા પુરુષો પણ નહીં હશે. જ્યારે આવી પતિત સ્થિતિ તત્ત્વજ્ઞાન સંબંધી થઈ ગઈ છે, ત્યારે જ મતમતાંતર વધી પડ્યાં છે. એક લૌકિક કથન છે કે 'સો શાણે એક મત,' તેમ અનેક તત્ત્વવિચારક પુરુષોના મતમાં ભિન્નતા બહુધા આવતી નથી, માટે તત્ત્વાવબોધ પરમ આવશ્યક છે."—**શ્રી મોક્ષમાળા.**

ઉપરમાં જે વિવર્યું, તે ઉપરથી આટલું **તાત્પર્ય** ફલિત થાય છે કે-તે **નિર્વાણતત્ત્વને** સમ્યક્પણે જાણનારા વિવેકી વિવાદ કરે નહિ, અને વિવાદ કરે તે વિવેકી નહિં. સુજ્ઞેષુ કિં બહુના?

। इति परंतत्त्वाभेदमार्गान्तराधिकारः ।

卐

सर्वज्ञपूर्वकं चैतन्नियमादेव यत्स्थितम् ।
आसन्नोऽयमृजुर्मार्गस्तद्भेदस्तत्कथं भवेत् ॥ १३३ ॥

સર્વજ્ઞપૂર્વક આ વળી, નિયમથી જ છે સ્થિત;
નિકટ આ ઋજુ માર્ગ તો, તેનો ભેદ શી રીત? ૧૩૩

અર્થ:— અને કારણ કે આ નિર્વાણ તત્ત્વ સર્વજ્ઞપૂર્વક નિયમથી જ સ્થિત છે. અને નિર્વાણને સમીપ એવો આ સર્વજ્ઞરૂપ માર્ગ ઋજુ-સરલ છે, તો પછી તેનો ભેદ કેમ હોય?

वृत्तिः—**सर्वज्ञपूर्वकं चैतद्**-અને સર્વજ્ઞપૂર્વક આ-નિર્વાણ નામનું અધિકૃત તત્ત્વ, **नियमादेव यत् स्थितम्**-કારણ કે નિયમથી જ સ્થિત છે,-અસર્વજ્ઞને નિર્વાણની અનુપપત્તિને લીધે **आसन्नोऽयम्**-નિર્વાણને આસન્ન-સમીપનો, આ સર્વજ્ઞ લક્ષણવાળો, **ऋजुर्मार्गः**-ઋજુ-અવક્ર માર્ગ-પંથ, **तद्भेदः**-સર્વજ્ઞ ભેદ,-મતભેદરૂપ લક્ષણવાળો, **तत्** તેથી, **कथं भवेत्**-કેમ હોય? ન જ હોય.

વિવેચન

"ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

સર્વજ્ઞપૂર્વક નિર્વાણ

અને આ પ્રસ્તુત **નિર્વાણ તત્ત્વ** નિયમથી જ **સર્વજ્ઞપૂર્વક** હોય, એમ સ્થિતિ છે, કારણ કે અર્વજ્ઞને કદી નિર્વાણ ઘટે જ નહિં, અર્થાત્ સર્વજ્ઞ થયા વિના નિર્વાણ પામે જ નહિં એવો નિયમ છે. એટલે સર્વજ્ઞપણું એ નિર્વાણ પૂર્વની અવિનાભાવી આવશ્યક સ્થિતિ છે, સર્વજ્ઞ થયા પછી જ નિર્વાણ પામે, એ નિયમમાં ત્રણે કાળમાં ફેરફાર થાય એમ નથી, એવો નિશ્ચલ નિશ્ચય-સિદ્ધાંત સ્થિત છે. આમ આ સર્વજ્ઞપણું નિર્વાણને અત્યંત નિકટની સ્થિતિરૂપ માર્ગ છે, અને તે **માર્ગ ઋજુ** છે, સરલ-સીધો છે, વક્ર-વાંકાચૂકો નથી, એટલે તે **એકરૂપ જ** છે. આવા અભેદરૂપ સર્વજ્ઞ માર્ગમાં મતભેદરૂપ સર્વજ્ઞભેદ કેમ હોય વારુ ? ન જ હોય, ન જ હોય. અને સર્વજ્ઞમાં ભેદ જો નથી જ, તો પછી તેના આરાધક ભક્તોમાં કેમ ભેદ હોઈ શકે ? ન જ હોય, ન જ હોય, એ આ ઉપરથી વિશેષ કરીને પૂરવાર થયું, સંસિદ્ધ થયું.

તો સર્વજ્ઞ-ભક્તમાં ભેદ કેમ ?

તાત્પર્ય કે સર્વજ્ઞ થયા પછી જ નિર્વાણપદની પ્રાપ્તિ થાય, એમ નિયમથી સિદ્ધ છે. એટલે નિર્વાણને નિકટમાં નિકટ જો કોઈ હોય તો તે સર્વજ્ઞ છે, અને મોક્ષનો નિકટમાં નિકટ જો કોઈ માર્ગ હોય તો તે સર્વજ્ઞદશા છે, આ માર્ગ ઋજુ-સરલ છે, સીધો છે, વાંકોચૂકો નથી; અને જે સીધો સરલ માર્ગ હોય તે **એક જ** હોય; કારણ કે કોઈ અમુક સ્થળે જવાનો સીધો-સીધી લીટીએ જતો (Straight-line) માર્ગ એક જ હોય, વાંકાચૂકા-આડા અવળા માર્ગ અનેક હોય, એ પ્રત્યક્ષસિદ્ધ છે; તેમ મોક્ષ પ્રત્યે સીધો લઈ જતો આ **સર્વજ્ઞતારૂપ ઋજુ માર્ગ એક જ** છે. આવા નિર્વાણને નિકટમાં નિકટના સરલ સર્વજ્ઞમાર્ગને ભજવું, તે નિર્વાણનો નિકટતમ માર્ગ છે, અને તેમાં કોઈ પણ ભેદ નથી. તો પછી તેને ભજનારા સાચા આરાધક ભક્ત જનોમાં કેમ ભેદ હોઈ શકે વારુ ?

"આગળ જ્ઞાની થઈ ગયા, વર્ત્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિં કોય." —**શ્રીમદ્ રાજચંદ્રજીકૃત શ્રી આત્મસિદ્ધિ.**

★

સર્વજ્ઞ અને સર્વજ્ઞભક્તોની એકતા-સારાંશ.

સર્વજ્ઞ અને સર્વજ્ઞભક્તોની એકતા બાબત અત્રે જે યુક્તિઓ-દલીલો બતાવી, તેનો સાર આ પ્રમાણે-(૧) પારમાર્થિક સર્વજ્ઞ વ્યક્તિભેદ છતાં સામાન્યથી સર્વત્ર

તત્ત્વથી એક છે; અને તેનો વિશેષ સંપૂર્ણપણે અસર્વદર્શીને ગમ્ય નથી. એટલે સામાન્યથી તે સર્વજ્ઞને નિર્દંભપણે યથાશકિત તેના આજ્ઞાપાલનપૂર્વક જે કોઇ માનતા હોય તે સર્વ તુલ્ય જ છે, અર્થાત્ સર્વજ્ઞભક્તો એક જ છે.—જેમ એક રાજાના અનેક સેવકો તેના એક ભૃત્યવર્ગમાં જ ગણાય છે. તેમ. (૨) દેવોની ભક્તિ ચિત્ર-અચિત્ર બે પ્રકારની છે. તેમાં સંસારી દેવ પ્રત્યેની ભક્તિ ચિત્ર, અને સંસારાતીત અર્થ-પર તત્ત્વ-મુક્ત દેવની ભક્તિ અચિત્ર છે. એટલે તે એક મુક્ત તત્ત્વ પ્રત્યે ગમન ઇચ્છનારા મુમુક્ષુ જોગીજનોનો માર્ગ એક જ છે. (૩) તે મુમુક્ષુઓનો માર્ગ એક જ-શમપરાયણ એવો છે, અને તે સાગરમાં કાંઠાના માર્ગની પેઠે અવસ્થાભેદનો ભેદ છતાં એક જ છે. (૪) નિર્વાણ નામનું પરં તત્ત્વ નામભેદ છતાં એકજ છે. સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા, તથાતા આદિ યથાર્થ નામોથી ઓળખાતું તે નિર્વાણ તત્ત્વ સ્વરૂપથી એક જ છે. આવું નિર્વાણ તત્ત્વ નિરાબાધ, નિરામય, નિષ્ક્રિય ને જન્મમરણાદિ રહિત એવું એકસ્વરૂપ છે. આ નિર્વાણતત્ત્વને જાણનારા ને માનનારા મુમુક્ષુ યોગીઓ વિવાદ કેમ કરે? (૫) આ નિર્વાણતત્ત્વને સર્વજ્ઞપૂર્વક છે. સર્વજ્ઞત્વ જ એને પામવાનો ઋજુ અને નિકટ એવો એક જ માર્ગ છે, તેના વિના તેની પ્રાપ્તિ નથી થતી. આમ **એકસ્વરૂપ નિર્વાણનો સર્વજ્ઞત્વરૂપ માર્ગ પણ એક જ છે,** તો પછી સર્વજ્ઞમાં ભેદ કેમ હોય? અને તેમાં ભેદ ન હોય તો તે સર્વજ્ઞના સાચા ભક્ત એવા મુમુક્ષુ જોગીજનોમાં પણ ભેદ કેમ હોય?

। इति सर्वज्ञतत्त्वाभेदप्रतिष्ठापको महाधिकारः ।

卐

ભિન્ન સર્વજ્ઞદેશના અભેદ અધિકાર

દેશનાભેદ કેમ છે? એમ આશંકીને કહે છે—

चित्रा तु देशनैतेषां स्याद्विनेयानुगुण्यतः ।
यस्मादेते महात्मानो भवव्याधिभिषग्वराः ॥ १३४ ॥

વૃત્તિઃ—चित्रा तु-વળી ચિત્ર, નાના પ્રકારની, **देशना-દેશના,** 'આત્મા નિત્ય છે,' અને 'અનિત્ય છે,' ઇત્યાદિરૂપે एतेषां-એઓની,-**કપિલ, સુગત** આદિ સર્વજ્ઞોની, स्याद्-હોય, विनेयानुगुण्यतः-તથાપ્રકારના વિનેયોના-શિષ્યોના આનુગુણ્યથી-અનુકૂળપણાને લીધે. કાલાન્તર અપાયથી ભીરુ એવા શિષ્યને આશ્રીને પર્યાયને ઉપસર્જન-ગૌણ કરતી એવી **દ્રવ્યપ્રધાન નિત્ય દેશના;** અને ભોગઆસ્થાવંતને આશ્રીને દ્રવ્યને ઉપસર્જન કરતી એવી **પર્યાયપ્રધાન અનિત્ય દેશના.** અને તેઓ અન્વય-વ્યતિરેકવાળી વસ્તુના જાણનારા ન હોય એમ નથી, કારણ કે તો તો સર્વજ્ઞપણાની અનુપપત્તિ હોય, (સર્વજ્ઞપણું ઘટે નહિં). એવા પ્રકારે દેશના તો તથાપ્રકારે ગુણદર્શનથી અદુષ્ટ જ છે-નિર્દોષ જ છે. તે માટે કહ્યું-यस्मादेते महात्मानः-કારણ કે આ મહાત્માઓ, સર્વજ્ઞો. શું? તો કે-भवव्याधिभिषग्वराः-ભવવ્યાધિના ભિષગ્વરો છે. સંસારવ્યાધિના વૈદ્યોમાં પ્રધાન છે.

ચિત્ર દેશના એહની, શિષ્ય આનુગુણ્ય કાજ;
કારણ એહ મહાત્મ તો, ભવવ્યાધિ વૈદ્યરાજ. ૧૩૪

અર્થ:—પરંતુ એઓની ચિત્ર-જૂદા જૂદા પ્રકારની દેશના તો શિષ્યોના **આનુગુણ્યથી**-અનુકૂળપણાથી હોય; કારણ કે આ મહાત્માઓ ભવવ્યાધિના ભિષગ્વરો છે.

વિવેચન

"જે ગાયો તે સઘળે એક, સકલ દર્શને એજ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી, સ્યાદ્‌વાદ સમજણ પણ ખરી."—**શ્રીમદ્ રાજચંદ્રજી**

ત્યારે હવે પ્રશ્ન ઊઠે છે કે જો ઉપરમાં પ્રતિપાદન કર્યું તેમ સર્વજ્ઞોનો અભેદ છે, તો પછી એઓની દેશના ચિત્ર-વિચિત્ર કેમ છે? જૂદા જૂદા પ્રકારની કેમ છે? તેનો અહીં જવાબ આપ્યો છે કે આ **કપિલ, બુદ્ધ** આદિ સર્વજ્ઞોની દેશના તથા-પ્રકારના શિષ્યોના આનુગુણ્યથકી-અનુકૂળપણાથકી ચિત્ર એટલે કે જૂદા જૂદા પ્રકારની હોવી સંભવે છે; કારણ કે આ મહાત્માઓ ભવવ્યાધિના ભિષગ્વરો છે, સંસાર રોગના વૈદ્યરાજો છે.

'જે ગાયો તે સઘળે એક'

કપિલ, સુગત-બુદ્ધ આદિને તે તે દર્શનવાદીઓ સર્વજ્ઞ માને છે, પણ તેઓની દેશનામાં-ઉપદેશપદ્ધતિમાં ભેદ પડે છે, તેનું શું કારણ? તેનું યુક્તિસંગત સમાધાન અત્ર મહાનુભાવ શાસ્ત્રકાર મહર્ષિએ આપ્યું છે. અને તે એ છે કે-જેવો જેવો શિષ્યરૂપ પાત્રવિશેષ હોય, તેવો તેવો તેને અનુકૂળ પડે-માફક આવે, તેના આત્માને ગુણ કરે, એવો બોધ કરવો, ઉપદેશ કરવો યોગ્ય જાણી, તે તે સર્વજ્ઞોએ તેમ કર્યું છે. એટલે કે તથાવિધ શિષ્યવિશેષના આનુગુણ્યથી, તેને જેમ ગુણ ઉપજે તેમ, તેના આત્માનું જે રીતે કલ્યાણ થાય તે રીતે, તેઓએ તેને વિવિધ પ્રકારે 'સમજાવ્યાની શૈલી કરી' છે. પાત્રવિશેષને લક્ષમાં લઇ કોઇ પણ પ્રકારે શિષ્યને ઠેકાણે આણવો-સ્વસ્થાને લાવવો-'સમજાવવો,' એ જ તેઓનો એકાંત હિત હેતુ હોઇ, તેઓની દેશના શૈલી જૂદી પડે છે. દાખલા તરીકે-

'સમજાવ્યાની શૈલી કરી'

કોઇ અનિત્યવાદી શિષ્ય એમ કહે કે-આ દેહાદિ અનિત્ય છે, જગત્‌માં વસ્તુમાત્ર ક્ષણિક છે, ક્ષણભંગુર છે, તેમ આ આત્મા પણ અનિત્ય છે, તો પછી આ ધર્મ-મોક્ષ આદિ કોના માટે? ને શા માટે કરવા? એમ અનિત્યપણાથી ભીરુ હોય, ડરતો હોય, તેવા શિષ્યને બોધ કરવાનો હોય-સમજાવવાનો હોય, ત્યારે તેઓએ **પર્યાયને ગૌણ** કરી, **દ્રવ્યપ્રધાન દેશના** દીધી કે-અહો, ભવ્ય! પ્રત્યેક વસ્તુ **દ્રવ્યથી નિત્ય** છે, તેમ આ આત્મા પણ

દ્રવ્યપ્રધાન દેશના

દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી પલટાય છે. 'કંઇ સમુદ્ર પલટાતો નથી, માત્ર મોજાં પલટાય છે, તેની પેઠે.' બાલ, વૃદ્ધ ને યુવાન એ ત્રણે અવસ્થાનું સ્મરણ-જ્ઞાન એક જ આત્માને થાય છે, એ પ્રગટ સૂચવે છે કે આત્મા નિત્ય છે. જેમ જૂના વસ્ત્રો બદલીને મનુષ્ય નવાં પહેરે છે, તેમ જીર્ણ થયેલા દેહને છોડી આત્મા નવા દેહને ગ્રહે છે, ખોળીયું બદલાય છે, આત્મા બદલાતો નથી, માટે આત્મા અજર, અમર ને અવિનાશી છે એમ જાણી તું ભય મ પામ. ×

"આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાલાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય.
અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિં, કર અનુભવ નિરધાર.
ક્યારે કોઇ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે? તપાસ."

—શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ.

પર્યાયપ્રધાન દેશના

વળી ભોગ પ્રત્યે આસ્થાવંત-આસક્તિ ધરાવતો કોઇ શિષ્ય હોય, તેને બોધ કરવાના પ્રસંગે, તેઓએ **દ્રવ્યને ગૌણ** કરી, **પર્યાયપ્રધાન** એવી **અનિત્યદેશના** દીધી કે * -'અહો! આ અનિત્ય ભોગોમાં હારે આસ્થા કરવી યોગ્ય નથી. આ બધુંય જગત્ ક્ષણભંગુર છે. પ્રતિક્ષણે વિનશ્વર છે. ઈર્ષ્યા ને શોકથી ભરેલો એવો પ્રિયસંયોગ અનિત્ય છે. કુત્સિત આચરણનું સ્થાનક એવું યૌવન અનિત્ય છે. તીવ્ર કલેશ-સમૂહથી ઉપજેલી એવી સંપદાઓ અનિત્ય છે. અને સર્વભાવના નિબંધનરૂપ-કારણરૂપ એવું જીવન પણ અનિત્ય છે. પુનઃ પુનઃ જન્મ, પુનઃ પુનઃ મૃત્યુ, અને પુનઃ પુનઃ ઉચ્ચ-નીચ આદિ સ્થાનનો આશ્રય કરવો પડે છે, એટલે અત્રે સુખ છે નહિં. આમ આ સંસારમાં બધુંય પ્રકૃતિથી

× "वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥"—શ્રી ભગવદ્‌ગીતા

"नष्टे वस्त्रे यथात्मानं न नष्टं मन्यते तथा ।
नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः ॥"—શ્રી પૂજ્યપાદસ્વામીજીકૃત શ્રી સમાધિશતક

* "अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसंकुलः । अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ॥
अनित्याः संपदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः । अनित्यं जीवितं चेह सर्वभावनिबन्धनम् ॥
पुनर्जन्म पुनर्मृत्युर्हीनादिस्थानसंश्रयः । पुनः पुनश्च यदतः सुखमत्र न विद्यते ॥
प्रकृत्यसुन्दरं ह्येवं संसारे सर्वमेव यत् । अतोऽत्र वद किं युक्ता क्वचिदास्था विवेकिनाम् ॥
मुक्त्वा धर्मं जगद्वन्द्यमकलङ्कं सनातनम् । परार्थसाधकं धीरैः सेवितं शीलशालिभिः ॥

—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત શ્રી શાસ્ત્રવાર્તાસમુચ્ચય. સ્તબક ૧.

અસુંદર છે. એટલા માટે, કહે, એક જગદ્‌વંદ્ય સનાતન શુદ્ધ ધર્મ શિવાય અત્રે ક્યાંય વિવેકીઓએ આસ્થા કરવી યુક્ત છે?' આમ પાત્રભેદે તે તે શિષ્યના ઉપકાર હેતુએ તે સર્વજ્ઞોની દેશનાનો ભેદ પડયો હોય એમ સંભવે છે.

વળી તે સર્વજ્ઞો કાંઇ અન્વય-વ્યતિરેકવાળી વસ્તુને જાણનારા ન હોય એમ નથી, જાણનારા હોય જ એ નિશ્ચય છે, નહિં તો તેમનું સર્વજ્ઞપણું ઘટે નહિ. કારણ કે

અન્વય-વ્યતિરેકરૂપ વસ્તુ

અન્વયરૂપ દ્રવ્ય અને **વ્યતિરેકરૂપ પર્યાય**, એ બન્નેથી યુક્ત એવું વસ્તુસ્વરૂપ તેઓ ન જાણતા હોય, તો તેઓનું સર્વજ્ઞપણું શી રીતે? અને અન્યોન્ય વ્યાપ્તિથી તે અન્વય-વ્યતિરેક અર્થાત્ દ્રવ્ય-પર્યાય એ બન્ને મળીને ભેદાભેદ વૃત્તિવાળી જ વસ્તુ છે, એ યુક્તિ-સુસંગત વાત તો સામાન્ય બુદ્ધિવાળા બુધજન પણ સમજી શકે છે, તો પછી આ સર્વજ્ઞો ન જાણતા હોય, એમ કેમ બને? કારણ કે 'દ્રવ્ય વિનાનો પર્યાય નથી અને પર્યાય વિનાનું દ્રવ્ય નથી,'-એમ અન્યોન્ય વ્યાપ્તિ પ્રસિદ્ધ છે. આ દ્રવ્ય-પર્યાયની અન્યોન્ય વ્યાપ્તિ પણ તેનો એકાંત ભેદ કે અભેદ માનવામાં આવતાં ઘટતી નથી. કારણ કે દ્રવ્ય-પર્યાયનો એકાંત ભેદ માનવામાં આવે, તો અતિપ્રસંગની પ્રાપ્તિ થશે; એકાંત અભેદ માનવામાં આવે, તો તે બન્નેનું ઐક્ય-એકપણું થશે, તો પછી દ્રવ્ય-પર્યાય જૂદા માનવાની શી જરૂર પડી? અને આમ એકાંત ભેદ કે અભેદ માનવામાં

'સ્યાદવાદ સમજણ પણ ખરી'

આવશે, તો શબ્દાર્થ પણ ઘટશે નહિં; કારણ કે સર્વત્ર અનુવર્ત્તે-ચાલ્યો આવે તે **અન્વય** નામે ઓળખાય છે, અને એકત્ર વર્ત્તી જૂદો તરી આવે તે **વ્યતિરેક** કહેવાય છે. આમ શબ્દાર્થ પણ એકાંત પક્ષમાં ઘટશે નહિં. વળી '**અન્યોન્ય વ્યાપ્તિ**' એમાં 'અન્યોન્ય' એ શબ્દો ભેદ સૂચવે છે, અને 'વ્યાપ્તિ' એ અભેદ બતાવે છે. માટે એ બન્નેનો **ભેદાભેદ** માનવામાં આવે તો જ અન્યોન્ય વ્યાપ્તિનો સંભવ થાય. તાત્પર્ય કે-અન્વય-વ્યતિરેકની* અન્યોન્ય વ્યાપ્તિથી વસ્તુ ભેદાભેદરૂપ જ છે, અર્થાત્ દ્રવ્ય-પર્યાયની અન્યોન્ય વ્યાપ્તિથી ભેદાભેદ વૃત્તિવાળી વસ્તુ છે, વસ્તુ દ્રવ્ય-પર્યાયમય છે, એમ ન્યાયથી અવિરુદ્ધપણે સિદ્ધ છે.

---

* "अन्वयो व्यतिरेकश्च द्रव्यपर्यायसंज्ञितौ । अन्योन्यव्याप्तितो भेदाभेदवृत्त्यैव वस्तु तौ ॥
नान्योऽन्यव्याप्तिरेकांतभेदेऽभेदे च युज्यते । अतिप्रसंगादैक्याच्च शब्दार्थानुपपत्तितः ॥
अन्योऽन्यमिति यद्भेदं व्याप्तिश्चाह विपर्ययम् । भेदाभेदे द्वयोस्तस्मादन्योन्यव्याप्तिसंभवः ॥
एवं न्यायविरुद्धेऽस्मिन् विरोधोद्भावनं नृणाम् । व्यसनं वा जडत्वं वा प्रकाशयति केवलम् ॥"
ઇત્યાદિ (વિશેષ માટે જુઓ) **શ્રી હરિભદ્રસૂરિકૃત શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય**, સ્તબક. ૭

"णत्थि विणा परिणामं अत्थो अत्थं विणेह परिणामो ।
दव्वगुणपज्जयत्थो अत्थो अत्थित्तणिव्वत्तो ॥"
—**શ્રી કુંદકુંદાચાર્યજીપ્રણીત પ્રવચનસાર.**

અર્થાત્—પરિણામ વિનાનો અર્થ નથી, અને અર્થ વિનાનો પરિણામ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયસ્થિત અર્થ અસ્તિત્વથી સિદ્ધ થાય છે.

આવું સદ્બુદ્ધિગમ્ય ન્યાયપ્રસિદ્ધ વસ્તુસ્વરૂપ જ્ઞાની એવા સર્વજ્ઞોની જાણ બ્હાર હોય, એમ કેમ બને? ન જ બને. તેવું યથાર્થ વસ્તુસ્વરૂપ તેઓ અવશ્ય જાણતા જ હોવા જોઇએ, પરંતુ શિષ્યના હિતહેતુએ તેઓએ તેવા તેવા પ્રકારે **ગૌણ-પ્રધાન ભાવથી** જૂદી જૂદી દેશના કરી છે, માટે તે અદુષ્ટ જ છે, નિર્દોષ જ છે; કારણ કે નિત્ય દેશના કરતાં પર્યાયનો ગૌણભાવ, અને અનિત્ય દેશના કરતાં દ્રવ્યનો ગૌણભાવ, તે મહાનુભાવોના હૃદયમાં હોવો જ જોઇએ. કોઇ પણ દેશના અમુક **નય**-અપેક્ષાના પ્રધાનપણાથી ને અન્ય અપેક્ષાના ગૌણપણાથી જ થઇ શકે; કારણ કે વચનમાં એક વખતે એક અપેક્ષા જ આવી શકે, અને જ્ઞાનમાં તો સર્વ અપેક્ષા એકી સાથે ભાસ્યમાન થાય, છતાં વચનથી તો અનુક્રમે એક એક અપેક્ષાજ ગૌણ-મુખ્યભાવે કહી શકાય. એટલે તે મહાનુભાવોનું કથન એકાંતિક નથી, એમ આશય સમજાય છે.

> "કુંથુનાથ પ્રભુ દેશનારે, સાધક સાધન સિદ્ધિ;
> ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધિરે. કુંથુ જિનેસરૂ!
> વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામો;
> ગ્રાહક અવસર બોધથી રે, કહેવે અર્પિત કામો રે. કુંથુ૦"—**શ્રી દેવચંદ્રજી.**

અને તેવા પરમ ઉપકારી મહાત્મા મહાપુરુષો આમ કરે એમાં આશ્ચર્ય નથી, કારણ કે કોઇ પણ પ્રકારે આ જીવનો સંસારરૂપ મહારોગ મટે એ જ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો. એટલે **ભવવ્યાધિના ભિષગ્વરો**-વૈદ્યરાજો જેવા આ સર્વજ્ઞોએ તે તે જીવની પ્રકૃતિ ઓળખી, તેને માફક આવે અનુકૂળ પડે, ગુણ કરે, એવી **દેશના ઔષધિ** તેઓને આપી. વ્યવહારમાં પણ કુશળ વૈદ્યરાજ હોય તે રોગીની પ્રકૃતિ ઓળખી, રોગનું નિદાન પારખી, બરાબર ચિકિત્સા કરી, તેને યોગ્ય અનુપાનયુક્ત ઔષધાદિ આપે છે. તેમાં પિત્ત પ્રકૃતિવાળાને જે ઔષધ માફક આવે, તે કફવાળાને ન આવે; કફવાળાને સદે, તે પિત્ત પ્રકૃતિને ન ફાવે; વાત પ્રકૃતિને ગુણ કરે, તે કફપ્રકૃતિને અવગુણ કરે; ઇત્યાદિ અપેક્ષા લક્ષમાં રાખી તે ઔષધપ્રયોગ કરે છે. તેમ આ ભવરોગના વૈદ્યરાજ મહાત્મા સર્વજ્ઞોએ પણ તેવા તેવા પ્રકારે જીવની પ્રકૃતિ પ્રમાણે વિવેક કરીને તેવી ભિન્ન ભિન્ન દેશના-ઔષધિનો* પ્રયોગ કર્યો છે, એમ સમજાય છે.

ભવવ્યાધિના ભિષગવરો

★

આ ઉપરથી શું? તે કહે છે—

* "विज्ञानमात्रमप्येवं बाह्यसंगनिवृत्तये। विनेयान् कांश्चिदाश्रित्य यद्वा तद्देशनार्हतः॥
न चैतदपि न न्याय्यं यतो बुद्धो महामुनिः। सुवैद्यवद्विना कार्यं द्रव्यासत्यं न भाषते॥"
"अन्ये त्वभिदधत्येवमेतदास्थानिवृत्तये। क्षणिकं सर्वमेवेति बुद्धेनोक्तं महात्मना॥"
—શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય

यस्य येन प्रकारेण बीजाधानादिसंभवः ।
सानुबन्धो भवत्येते तथा तस्य जगुस्ततः ॥ १३५ ॥

સાનુબંધ બીજ આદિનો, સંભવ જેને જેમ;
તેને એઓએ અહીં, બોધ કર્યો છે તેમ. ૧૩૫

અર્થ :—જેને જે પ્રકારે સાનુબંધ બીજાધાન આદિનો સંભવ થાય, તેના પ્રત્યે તેવા પ્રકારે તેઓએ તેટલા માટે કહ્યું છે.

વિવેચન

"ભવરોગના વૈદ્ય જિનેશ્વરૂ, ભાવૌષધ તુજ ભક્તિ;
દેવચંદ્રને શ્રી અરિહંતનો, છે આધાર એ વ્યક્તિ."—**શ્રી દેવચંદ્રજી**

અને આમ ઉપરમાં કહ્યું તેમ આ મહાત્મા સર્વજ્ઞો **ભવવ્યાધિના ભિષગ્વરો** છે-સંસારરોગના વૈદ્યરાજો છે, એટલા માટે જ જે પ્રાણીને જે પ્રકારે **સાનુબંધ બીજાધાન આદિનો** સંભવ થાય, તેવા પ્રકારે તેઓએ, કુશલ માલીની પેઠે, તેના પ્રત્યે ઉપદેશકાર્ય કર્યું. તે આ પ્રકારે :—વનસ્પતિ-શાસ્ત્રના નિયમ પ્રમાણે કોઇ છોડને ઊગવા માટે અમુક જાતનું ખાતર જોઇએ છે. કોઈ **બીજા** છોડને માટે બીજી જાતનું ખાતર ખપે છે. આમ જૂદા જૂદા છોડને માટે જૂદી જૂદી જાતનું ખાતર નાંખવું પડે છે. આ મુદ્દો લક્ષમાં રાખીને કુશલ માલી યોગ્ય ભૂમિમાં **બીજાધાન** થાય, બીજ રોપાય, ઊગી નીકળે, એવું ખાતર નાંખે છે. તેમ આ કુશલ ભિષગ્વરો પણ યોગ્ય પાત્રવિશેષરૂપ શિષ્યની ચિત્તભૂમિમાં સમ્યગ્ બોધ-બીજનું આધાન થાય, રોપણ થાય, તેવું ભવોદ્વેગ ઉપજે એવું ઉપદેશ રૂપ ખાતર નાંખે છે.

બીજાધાનાદિ થાય તેવો બોધ

માળી જેમ બીજાધાન થયા પછી પણ, બીજ રોપાયા પછી પણ, તેમાંથી અંકુર-ફણગો ફૂટે તેમ **જલસિંચન** કરે છે; તેમ આ નિપુણ વૈદ્યરાજો પણ તે તે શિષ્યને તે બોધબીજ ઊગી નીકળી તેમાંથી અંકુર ફૂટે એવું સદુપદેશજલ સિંચે છે. પછી માળી જેમ તે કુમળા છોડને રક્ષવા માટે તેની આસપાસ વૃત્તિ-વાડ કરે છે, કયારો બાંધે છે, અને તેને પાણી પાયા કરે છે; તેમ આ નિષ્ણાત વૈદ્યવરો શિષ્યના ઊગતા બોધરૂપ

વૃત્તિઃ—**यस्य**—જે પ્રાણીને, **येन प्रकारेण**—નિત્યદેશના આદિ લક્ષણવાળા જે પ્રકારે, **बीजाधानादि-संभवः**—બીજાધાન આદિનો સંભવ,—તથાપ્રકારે ભવોદ્વેગ આદિ ભાવે કરીને, **सानुबन्धो भवति**—સાનુબંધ થાય,—તેવા પ્રકારે ઉત્તર ગુણવૃદ્ધિ વડે કરીને, **एते**—આ સર્વજ્ઞોએ **तथा**—તેવા પ્રકારે, **तस्य**—તેને, તેના પ્રત્યે, **जगुः**—કહ્યું છે, ગાયું છે, **ततः**—તેટલા માટે.

છોડને રક્ષવા માટે **વ્રત-વૃત્તિરૂપ** વાડનો પ્રબંધ કરી આપી, તેને તેવા પ્રકારનું સદ્બોધ-જલ પાયા કરી પરિવૃદ્ધિ પમાડે છે.

અને પછી ખૂબ કાળજીથી-માવજતથી છોડને ઉછેરીને જેમ માલી તે છોડ **ફલ-ફૂલથી** શોભતું વૃક્ષ થાય તેવું કરે છે; તેમ આ ભિષગ્વરો પણ શિષ્યનો બોધરૂપ છોડ મોક્ષવૃક્ષરૂપ બને એમ કરે છે. આમ જેમ કુશલ માલી બીજાધાનથી માંડીને ફલભારથી નમ્ર વૃક્ષ થવા પર્યંત છોડની કાળજીભરી સંભાળ લે છે; તેમ આ મહાનિપુણ વૈદ્યરાજો શિષ્યને **સાનુબંધ બીજાધાનાદિ** થાય, અર્થાત્ સમ્યગ્ બોધબીજ ઊગી નીકળી, ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ પામી, યાવત્ મોક્ષફળ પ્રાપ્ત થાય, તેમ ઉપદેશામૃત જલધારા વહાવી નિષ્કારણ કરુણાથી કાળજીભરી સંભાળ લે છે.

વૃક્ષ

કારણ કે આવા પરમ વિવેકી, પરમ કૃપાળુ, પરમ કૃપાનિધાન આ ભાવ-વૈદ્યરાજોનો એકાંત હેતુ ગમે તેમ કરીને **શિષ્યનું કલ્યાણ** કરવાનો છે. જેમ સદ્વૈદ્યનો હેતુ રોગીને જેમ બને તેમ જલદી રોગમુક્ત કરવાનો-સાજો કરવાનો જ હોય છે; પછી ગમે તે ઓસડથી સારો થતો હોય, તો તે ઓસડ તે નિઃસંકોચ-પણ અજમાવે છે. તેમ આ ભવરોગના ભિષગ્વરો પણ જે ઉપદેશ ઔષધિથી આ જીવનો ભવરોગ મટે, તેની આત્મભ્રાંતિ ટળે, તે ઔષધિનો નિઃશંક પ્રયોગ કરતાં અચકાતા નથી, કારણ કે તેઓનો એકાંત હેતુ જેમ બને તેમ જલદી જીવનો ભવરૂપ ભાવરોગ મટાડવાનો છે; જીવની આત્મભ્રાંતિ ને તેથી થતી ભવભ્રાંતિ દૂર કરવાનો છે; એટલે નિત્યપ્રધાન દેશનાથી **શિષ્યને ગુણ** થાય એમ છે એવું લાગ્યું, તો તેઓએ નિત્યદેશના ઉપર ભાર મૂકયો; અને અનિત્યપ્રધાન દેશનાથી લાભ થાય એમ છે એવું દેખ્યું તો અનિત્યદેશના પર ભાર મૂકયો. જ્યાં જેમ ઘટે તેમ વિવેક વાપરી તેઓએ યથાયોગ્ય ઉપદેશ દીધો. આમ પરમાર્થહેતુએ કરીને સર્વજ્ઞોની દેશનામાં ભેદ પડયો હશે, એમ આશય સમજાય છે.

એકાંત શિષ્ય કલ્યાણ હેતુ

"આત્મભ્રાંતિ સમ રોગ નહિં, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિં, ઔષધ વિચાર ધ્યાન."—શ્રી આત્મસિદ્ધિ

★

પરિહારાન્તર-બીજા પ્રકારનો શંકાનો પરિહાર (સમાધાન) કહે છે—

एकापि देशनैतेषां यद्वा श्रोतृविभेदतः ।
अचिन्त्यपुण्यसामर्थ्यात्तथा चित्रावभासते ॥ १३६ ॥

વૃત્તિઃ—**एकापि देशना**—દેશના એક છતાં તેઓના મુખમાંથી વિનિર્ગમને-નીકળવાને આશ્રીને એક છતાં, **एतेषां**—આ સર્વજ્ઞોની, **यद्वा**—અથવા તો, **श्रोतृविभेदतः**—શ્રોતાઓના વિભેદથી, તથાભવ્યતાના ભેદે કરીને, **अचिन्त्यपुण्यसामर्थ्यात्**—અચિન્ત્ય પુણ્યના સામર્થ્યથકી, એટલે કે પર બોધના આશ્રયથકી ઉપાર્જેલા કર્મના વિપાકને લીધે, એમ અર્થ છે, **तथा**—તેવા નિત્ય આદિ પ્રકારે, **चित्रावभासते**—ચિત્ર અવભાસે છે.

એક છતાં તસ દેશના, શ્રોતૃભેદથી તેમ;
અચિન્ત્ય પુણ્ય સામર્થ્યથી, ચિત્ર ભાસતી એમ. ૧૩૬

અર્થ:—અથવા તો એઓની (સર્વજ્ઞોની) દેશના એક છતાં, શ્રોતાઓના વિભેદે કરીને, અચિન્ત્ય પુણ્ય સામર્થ્યને લીધે, તથાપ્રકારે ચિત્ર-જૂદી જૂદી અવભાસે છે.

વિવેચન

અથવા તો સર્વજ્ઞોની વાણીમાં ભેદ કેમ પડે છે? એ વિરોધનો પરિહાર કરવા માટે બીજો યુક્તિસંગત ખુલાસો અહીં કર્યો છેઃ-એઓની દેશના એક છતાં, શ્રોતાઓના વિભેદે કરીને, **અચિન્ત્ય પુણ્ય સામર્થ્ય**ના પ્રભાવને લીધે, તેવા પ્રકારે ચિત્ર ભાસે છે! અર્થાત્ એ સર્વજ્ઞોના મુખવિનિર્ગમને અપેક્ષીને એટલે કે એઓના મુખમાંથી નીકળી તે અપેક્ષાએ તો તેઓની દેશના એક છે, છતાં તથાભવ્યત્વના ભેદથી શ્રોતાઓના ભેદને લીધે તે ચિત્ર ભાસે છે! આમ તે સર્વજ્ઞોના મુખમાંથી ઝરેલી વાણી તો એક જ પ્રકારની છે, પરંતુ શ્રોતાઓમાં **તથાભવ્યત્વનો** ભેદ હોય છે, જૂદી જૂદી ભવ્યતા-યોગ્યતા હોય છે, એટલે શ્રોતાઓનો ભેદ પડે છે, તેથી કરીને તે સર્વજ્ઞવાણી એઓના અચિન્ત્ય પુણ્ય પ્રભાવથી તે તે શ્રોતાને ચિત્ર-જૂદી જૂદી પ્રતિભાસે છે! એટલે પોતપોતાની ભવ્યતા પ્રમાણે પ્રત્યેક શ્રોતા સર્વજ્ઞવાણીને પોતપોતાને ઉપકારી એવી અનુકૂળ અપેક્ષામાં સમજી જાય છે, પોતપોતાને કલ્યાણકારી અનુકૂળ **અર્થ**માં ગ્રહણ કરી લ્યે છે, એટલે પ્રત્યેક સાંભળનાર જાણે એમજ સમજે કે ભગવાન આ જાણે મને જ ઉદ્દેશીને કહી રહ્યા છે! એમ× કહેવાય છે કે **સમવસરણમાં** બિરાજી ભગવાન તીર્થંકર સર્વજ્ઞદેવ દેશના આપે છે. ત્યારે પશુ-પક્ષી, મનુષ્યાદિ સર્વ કોઇ પોતપોતાની ભાષામાં તેનો ભાવ સમજી જાય છે, તેનો અર્થ ગ્રહણ કરી લે છે! આવો અદ્ભુત સર્વજ્ઞનો **વચનાતિશય** હોય છે, તે એ જ પરમાર્થ સૂચવે છે.

> **સર્વજ્ઞ દેશના એક છતાં ચિત્ર ભાસે !**

અને આમ એક વાણી પણ અનેકરૂપે-ચિત્રરૂપે ભાસ્યમાન થાય છે, તે ભગવાન સર્વજ્ઞના અચિન્ત્ય પુણ્ય *સામર્થ્યનો જ પ્રભાવ છે. કારણ કે '**સવિ જીવ કરૂં શાસન-રસી**' એવી પરમ ઉદાત્ત પરોપકાર ભાવનાના બલથી, પરોપદેશના કારણે કરી, તેઓએ મહાપુણ્યસંભાર સંચિત કર્યો હતો. તે પુણ્યના પરિપાકવશે કરીને આવો ચમત્કારકારી અતિશયવંત મહાપ્રભાવ તેઓનો વર્ત્તે છે! જેમ મેઘવૃષ્ટિ તો એક જ હોય છે, પણ ભૂમિ પર પડતાં, તે તે ભૂમિના આકાર પ્રમાણે જૂદા જૂદા વહેળા વહે છે, તેમ આ સર્વજ્ઞોએ વર્ષાવેલ બોધધારામય ઉપદેશવૃષ્ટિ એક જ પ્રકારની છે, છતાં ભિન્ન ભિન્ન શ્રોતા પાત્રની

× "तेषामेव स्वस्वभाषापरिणाममनोहरम् ।
अप्येकरूपं वचनं यते धर्मावबोधकृत् ॥"—શ્રી હેમચંદ્રાચાર્યજીકૃત વીતરાગસ્તવ.

ચિત્તભૂમિમાં પડતાં તે ભિન્ન ભિન્ન અર્થપ્રવાહ ધારણ કરે છે! આ તેમનો અપૂર્વ **વચનાતિશય** સૂચવે છે!

"વાણી ગુણ પાંત્રીશ અનોપમ, અવિસંવાદ સરૂપે રે;
ભવ દુઃખવારણ શિવસુખ કારણ, સૂધો ધર્મ પ્રરૂપે રે."—**શ્રી દેવચંદ્રજી**

★

અને એમ પણ ગુણ નથી એમ નથી, તે કહે છે—

यथाभव्यं च सर्वेषामुपकारोऽपि तत्कृतः ।
जायतेऽवन्ध्यताप्येवमस्याः सर्वत्र सुस्थिता ॥ १३७ ॥

એથી ઉપજે સર્વનો, યથાભવ્ય ઉપકાર;
અવંધ્યતા સ્થિત એહની, સર્વત્ર એહ પ્રકાર. ૧૩૭

અર્થ:—અને યથાભવ્ય (ભવ્ય પ્રમાણે) સર્વેનો તેનાથી કરાયેલો ઉપકાર ઉપજે છે; આમ આ દેશનાની આ અવન્ધ્યતા (સફળતા) પણ સર્વત્ર સુસ્થિત એવી છે.

વિવેચન

"વચનામૃત વીતરાગના, પરમ શાંત રસમૂળ;
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ."—**શ્રીમદ્ રાજચંદ્રજી**

અને આમ સર્વજ્ઞદેશના એક છતાં ભિન્ન ભિન્ન શ્રોતાને ભિન્ન ભિન્ન ભાસે છે, તોપણ વિશેષ આશ્ચર્યકારી તો એ છે કે તેનાથી તે સર્વનો **યથાભવ્યત્વ પ્રમાણે ઉપકાર** પણ થાય છે. આમ સર્વજ્ઞ વાણીની સર્વત્ર સુસ્થિત એવી અવંધ્યતા—અનિષ્ફળતા ઉપજે છે.

શ્રી સર્વજ્ઞવાણી એકરૂપ છતાં ચિત્રરૂપે ભાસે છે, એટલું જ નહિં પણ, તે પાવન અમૃતવાણી જે સાંભળે છે, તે સર્વ સાંભળનાર શ્રોતાનો તેના થકી ઉપકાર પણ થાય છે;

વૃત્તિઃ—**यथाभव्यं च**—અને યથાભવ્ય, ભવ્યને સદૃશ, **सर्वेषां**—સર્વેનો, **उपकारोऽपि**—ઉપકાર પણ, ગુણ પણ, **तत्कृतः**—તેનાથી કરાયેલો, દેશનાથી નિષ્પન્ન—નીપજેલો, **जायते**—ઉપજે છે, પ્રાદુર્ભવે છે, પ્રગટે છે, **अवन्ध्यताऽपि**—અવંધ્યતા પણ, અનિષ્ફલતા પણ, **एवम्**—એમ, ઉક્ત નીતિથી **अस्याः**—આની, આ દેશનાની, **सर्वत्र सुस्थिता**—સર્વત્ર સુસ્થિત એવી.

* "**प्रकृष्टपुण्यसामर्थ्यात्प्रातिहार्यसमन्वितः ।**
अवन्ध्यदेशनः श्रीमान्यथाभव्यं नियोगतः ॥"—**યોગબિન્દુ.**

સર્વજ્ઞની અવંધ્ય દેશના

અને તે ઉપકાર, સાંભળનારનું જેવું જેવું ભવ્યત્વ–યોગ્યપણું હોય તે પ્રમાણે થાય છે. જેવી જેવી જેની જેની યોગ્યતા–પાત્રતા છે, તેવો તેવો તેને તેને ઉપકાર થાય છે, ગુણ ઉપજે છે, આત્મલાભ થાય છે. જેવી જેવી જેની જેની ઝીલવાની શક્તિ, જેવો જેવો જેનો ક્ષયોપશમવિશેષ, તેવો તેવો બોધ તે ઝીલે છે. જેમ કોઇ અમૃતસરોવર ભર્યું હોય, તેમાંથી જેવડું પાત્ર હોય, તેવડું પાત્રપ્રમાણ ગ્રહણ થાય છે; તેમ આ સર્વજ્ઞ વચનામૃત સાગરમાંથી તથાવિધ પાત્રપ્રમાણ ગ્રહણ થાય છે. તે અમૃતસિંધુમાંથી જેનાથી જેટલું બને તેટલું યથાશક્તિ અમૃતપાન યથેચ્છપણે સર્વ કોઇ શ્રોતા કરે છે, અને તેથી તેને તથાપ્રકારનો આત્મગુણ થાય છે, તે ચોક્કસ.

"ભવ ઉપાધિ ગદ ટાળવા, પ્રભુજી છો વૈદ્ય અમોઘ રે;
રત્નત્રયી ઔષધ કરી, તમો તાર્યા ભવિજન ઓઘ રે.
દેવ વિશાલ જિણંદની, તુમે ધ્યાવો તત્ત્વસમાધિ રે."—**શ્રી દેવચંદ્રજી**

ઔષધનો ગુણ: ત્રિદોષનો નાશ

કારણ કે રોગીને સાચો વૈદ્ય મળ્યો છે, અને અમોઘ અમૃત ઔષધિનો જોગ બન્યો છે, તો તેનો રોગ દૂર કેમ ન થાય? તેમ આત્મભ્રાંતિથી ઉપજેલો આ ભવરૂપ મહારોગ જેને લાગુ પડયો છે, એવા આ ભવ્ય શ્રોતાજનોને શ્રી સર્વજ્ઞરૂપ પરમ સદ્વૈદ્યનો જોગ લાધ્યો છે, ને તેઓએ પ્રયોજેલી પરમ ઔષધિરૂપ અમૃતવાણી કાને પડી છે, તો પછી તેઓનો તે રોગ કેમ ન મટે? કેમ ન હઠે? રોગીનો રોગ હઠે છે કે નહિં, તેને ગુણ થાય છે કે નહિં, તે તેના દોષ દૂર થવારૂપ ચિહ્નથી પરખાય છે. જેમ વાત, પિત્ત ને કફની વિષમતાથી ઉપજેલા ત્રિદોષથી કોઇ પીડાતો હોય, તેને ઔષધ આપવામાં આવતાં જો તેનો ત્રિદોષ દૂર થતો દેખાય તો સમજવું કે આ ઔષધથી તેને ગુણ થયો; તેમ આ ભવરોગી રાગ, દ્વેષ ને મોહરૂપ ત્રિદોષ સન્નિપાતથી પીડાઇ રહ્યો છે, તેનો આ રાગ–દ્વેષ–મોહરૂપ ત્રિદોષ જો '**પરમ શાંત રસમૂળ સર્વજ્ઞ વચનામૃત**'થી દૂર થયો, વા ઓછો થયો, તો જાણવું કે આ ઔષધનો આ ગુણ છે. અને આ સર્વજ્ઞ વચનામૃત શ્રવણથી તે તે શ્રોતાના રાગ–દ્વેષ–મોહરૂપ ત્રિદોષ અવશ્ય દૂર થાય છે, દૂર હઠે છે, મોળા પડે છે, એ નિશ્ચિત છે. એમ કહેવાય છે કે, સર્વજ્ઞદેશના સાંભળી મોહપટલ દૂર થતાં કંઇક જીવોને સર્વવિરતિ પરિણામ–ભાવ ઉપજે છે, કંઇક જીવો દેશવિરતિભાવને પામે છે, કંઇક જીવોને સમ્યગ્દર્શન સાંપડે છે, અને કંઇક જીવો શુભભાવમાં સ્થિતિ કરે છે.

"મોહી જીવ લોહકો કાંચન, કરવે પારસ ભારી હો;
સમકિત સુરતરુ વન સેચનમેં, વર પુષ્કર જલધારી હો."—**શ્રી દેવચંદ્રજી**

કારણુ કે અનંત અનંત ભાવભેદથી ભરેલી, તથા અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાન કરેલી, એવી સર્વજ્ઞવાણી સકલ જગત્‌ની હિતકારિણી છે, મોહની હારિણી છે, ભવસાગરની તારિણી છે, અને મોક્ષની ચારિણી છે. એવી સર્વજ્ઞવાણીને ઉપમા આપવાની તમા રાખવી તે ફોગટ છે, અને ઉપમા આપવાની કોઇ ધૃષ્ટતા કરે તો તેના ઉપરથી તેની પોતાની મતિનું માપ નીકળી જાય છે! આવી પરમ ગુણકારિણી સર્વજ્ઞવાણીનો બાલ જીવો ખ્યાલ નથી પામતા, તે ગુણખાણી વાણી તો જેણે જાણી તેણે જ જાણી છે.

'જિનેશ્વરતણી વાણી, જાણી તેણે જાણી છે'

અને તેવા પ્રકારે શ્રી **'જિનેશ્વરની વાણી'**ની અનન્ય ભાવથી પરમ પ્રશંસા કરતા અમર કાવ્યમાં **શ્રીમદ્ રાજચંદ્રજીએ** લલકાર્યું છે:—

"અનંત અનંત ભાવભેદથી ભરેલી ભલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગતહિતકારિણી હારિણી મોહ, તારિણી ભવાબ્ધિ મોક્ષ ચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને, તમા રાખવી તે વ્યર્થ, આપવાથી નિજ મતિ, મપાઇ મેં માની છે;
અહો રાજચંદ્ર! બાલ, ખ્યાલ નથી પામતા એ, જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે."

શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત મોક્ષમાળા.

આમ સર્વજ્ઞવાણી શ્રોતાઓને યથાયોગ્ય ઉપકારરૂપ ગુણ અવશ્ય કરે છે, એટલા માટે એનું સર્વત્ર અવંધ્યપણું છે, અનિષ્ફળપણું છે, અમોઘપણું છે, અર્થાત્ સર્વદા સર્વથા સર્વત્ર સફળપણું છે, એ નિશ્ચિત સ્થિતિ છે. **સર્વજ્ઞવાણી** રામબાણ જેવી **અમોઘ** છે, કદી પણ ખાલી જતી નથી.

★

પ્રકારાન્તર (બીજો સમાધાન પ્રકાર) કહે છે:—

यद्वा तत्तन्नयापेक्षा तत्कालादिनियोगतः ।
ऋषिभ्यो देशना चित्रा तन्मूलैषापि तत्त्वतः ॥१३८॥

તત્કાલાદિ નિયોગથી, તે તે નયસાપેક્ષ;
ચિત્ર દેશના ઋષિથકી તન્મૂલ આ પણ પેખ. ૧૩૮

અર્થ:—અથવા તો તે તે નયની અપેક્ષાવાળી ચિત્ર દેશના તે કાલ આદિ નિયોગથી ઋષિઓ થકી પ્રવર્ત્તી છે; આ પણ તત્ત્વથી તો તન્મૂલ—સર્વજ્ઞમૂલ વાણી છે.

વૃત્તિ:—**यद्वा**—અથવા તો, **तत्तन्नयापेक्षा**—તે તે નયની અપેક્ષાવાળી, દ્રવ્યાસ્તિકાય આદિને અધિકૃત કરી—આશ્રીને, **तत्कालादिनियोगतः**—તે કાલ આદિના નિયોગથી, દુઃષમ આદિના યોગથી, **ऋषिभ्यः**—ઋષિઓ થકી, કપિલ આદિ થકી જ, **देशना चित्रा**—દેશના ચિત્ર છે. અને આ પણ, નિર્મૂલ નથી, એટલા માટે કહ્યું—**तन्मूलैषापि**—તે સર્વજ્ઞદેશનામૂલ આ પણ, **तत्त्वतः**—તત્ત્વથી, પરમાર્થથી,—તેના પ્રવચનના અનુસાર થકી તથા પ્રકારે પ્રવૃત્તિને લીધે.

વિવેચન

"રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;
ઈનમેં સબ મત રહત હૈ, કરતેં નિજ સંભાલ"—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

અહીં વળી પ્રસ્તુત વાતનો બીજા પ્રકારે ખુલાસો કર્યો છે. તે કાળના આદિના નિયોગથી તે તે નયની અપેક્ષાવાળી આ ચિત્ર દેશના કપિલ આદિ ઋષિઓ થકી જ પ્રવર્તી છે; અને આ ઋષિદેશનાનું મૂલ પણ તત્ત્વથી સર્વજ્ઞદેશના જ છે; કારણ કે સર્વજ્ઞપ્રવચનના અનુસારે જ તેની તથાપ્રકારે પ્રવૃત્તિ છે. આમ તે તે દેશના ચિત્ર—જૂદી જૂદી ભાસે છે, તેનું પ્રકારાંતરે આ યુક્તિયુક્ત કારણ પણ સંભવે છે કે—તેવી જૂદી જૂદી દેશના સ્વયં ઋષિઓ થકી જ ચાલી આવી છે, અર્થાત્ કપિલ આદિ ઋષિઓએ જ તેવી ભિન્ન ભિન્ન દેશના પ્રવૃત્તિ કરી છે. અને તેમ કરવામાં તેઓ દેશ—કાલ આદિ જોઇ વિચારીને પ્રવર્ત્યા છે. સર્વત્ર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ આદિ જોઇને પ્રવર્ત્તવું એ વિચક્ષણનું કર્ત્તવ્ય છે એવો નિયમ છે. એટલે એ મહાનુભાવોએ દુઃષમ કાળ—કરાલ કલિકાલ વગેરે પરિસ્થિતિ લક્ષમાં લઇને, અને જીવોના સત્ત્વ—સંવેગ ને વિજ્ઞાનવિશેષ ખ્યાલમાં રાખીને અનુશાસન કર્યું છે, દ્રવ્યાસ્તિક આદિ નયની અપેક્ષાએ જાતજાતની દેશના કરી છે. શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરે કહ્યું છે કે—

કાલાદિ સાપેક્ષ

ચિત્ર ઋષિદેશના

"देशकालान्वयाचारवयःप्रकृतिमात्मनाम् ।
सत्त्वसंवेगविज्ञानविशेषाच्चानुशासनम् ॥" —દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા.

દેશકાલાદિ જોતાં જો નિત્યદેશના ઉપકારી લાગી, તો તેઓએ દ્રવ્યાસ્તિક નયના પ્રધાનપણે ઉપદેશ કર્યો; જો અનિત્ય દેશના ઉપયોગી લાગી, તો પર્યાયાસ્તિક નયની મુખ્યતાથી ઉપદેશ કર્યો; અથવા અન્ય કોઈ અપેક્ષા કાર્યકારી લાગી, તો તેને પ્રધાનપદ આપી ઉપદેશ કર્યો. આમ તે તે નયને—અપેક્ષાવિશેષને આશ્રીને તેઓએ સર્વત્ર તેવી તેવી ઉપદેશ પદ્ધતિ અંગીકાર કરી છે; કારણ કે ગમે તેમ કરી જીવની આત્મભ્રાંતિ દૂર કરી, તેને નિજ આત્મસ્વરૂપનો લક્ષ કરાવી 'ઠેકાણે આણવો' એ જ એક એમનો મુખ્ય ઉદ્દેશ હતો. એટલે એ જ એક વિવેક તેઓએ સર્વત્ર નિજ નિજ દર્શનમાં ગાયો છે, અને તે સમજાવવા માટેની જૂદી જૂદી શૈલી—કથનરીતિ અખત્યાર કરી છે.

"જે ગાયો તે સઘળે એક, સકળ દર્શને એજ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી, સ્યાદ્વાદ સમજણ પણ ખરી."

—પરમ તત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી.

અને '**નય**' શબ્દનો પરમાર્થ પણ એ જ સૂચવે છે, કારણ કે 'ની' ધાતુ ઉપરથી નય એટલે વસ્તુસ્વરૂપ અંશ પ્રત્યે દોરી જાય તે; અથવા 'નાના સ્વભાવોમાંથી વ્યાવૃત્ત કરી એક સ્વભાવમાં વસ્તુને દોરી જાય–પહોંચાડે તે નય;' અથવા 'પ્રકૃત વસ્તુના અંશનું ગ્રહણ કરતો પણ તેના ઈતર–બીજા અંશનો પ્રતિક્ષેપ–વિરોધ નહિં કરતો અધ્યવસાય-વિશેષ તે નય.'÷ જો ઈતર અંશનો અપલાપ કરે–પ્રતિક્ષેપ કરે, તો તે નય નહિં, પણ **દુર્નય**+ અથવા **નયાભાસ** બને છે. અથવા **નય** એટલે ન્યાય. નયરૂપ ન્યાય-પદ્ધતિથી નિષ્પક્ષપાતપણે અનંતધર્માત્મક વસ્તુસ્વરૂપના અંશોનું અનુક્રમે પરીક્ષણ–તોલન થઇ શકે છે. અને 'ઉપદેશ છે તે નય છે,' 'उवएसो सो णओ णाम', અર્થાત્ નયજન્ય ઉપદેશમાં નય પદનો ઉપચાર થાય છે. કારણ કે ઉપદેશ પણ અમુક અપેક્ષાવિશેષના પ્રધાનપણાથી થઇ શકે છે. એટલે ઉપદેશ છે તે પણ નય છે, અપેક્ષા-વિશેષથી જીવને સન્માર્ગે દોરવણીરૂપ છે, 'સમજાવવાની શૈલી' રૂપ છે, માટે તે તે ઋષિ-દેશનાને પણ નયસાપેક્ષ કહી તે યથાર્થ છે.

ઋષિદેશનાનું મૂલ સર્વજ્ઞદેશના

આવી સાપેક્ષ ઋષિદેશનાનું મૂલ પણ તત્ત્વથી–પરમાર્થથી **સર્વજ્ઞદેશના** જ છે, કારણ કે પરમ પ્રમાણભૂત સર્વજ્ઞવાણી જ પ્રત્યેક વસ્તુને–કોઈ નય ન દૂભાય એમ–અનંત નય અપેક્ષાએ પરીક્ષે છે. સર્વજ્ઞવાણીમાં નયવિહીન એવું કોઇ સૂત્ર કે અર્થ નથી,× પણ શ્રોતાને આશ્રીને નયવિશારદ નય કહે–પ્રકાશે. એટલે પરમાર્થથી તે તે નય અપેક્ષાએ શ્રોતાવિશેષને આશ્રીને કરવામાં આવેલી સર્વ ઋષિદેશનાઓનું મૂલ ઉદ્ભવસ્થાન સર્વજ્ઞ-વાણી જ છે, એમ સ્વયંસિદ્ધ થાય છે. જેમ અનેક નદીઓનું મૂલ પ્રભવસ્થાન પર્વત છે, તેમ વિવિધ દેશના–સરિતાઓનું મૂલ જન્મસ્થાન સર્વજ્ઞવચન છે. પરમ ભાવિતાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** આ સર્વજ્ઞવાણીને પરમ ભક્તિભાવાંજલિ અર્પતું ટંકોત્કીર્ણ વચનામૃત છે કે—

"અહો! તે સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ!
અહો! તે સર્વોત્કૃષ્ટ શાંતરસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞ દેવ!

÷ "नानास्वभावेभ्यो व्यावृत्त्यैकस्मिन्स्वभावे वस्तु नयति प्राप्नोतीति नयः।"
"प्रकृतवस्त्वंशग्राही तदितरांशाप्रतिक्षेपी अध्यवसायविशेषो नयः।"
—શ્રી યશોવિજયજીકૃત નયરહસ્ય.

+ "चेदेकान्तकलंकपंककलुषास्ते स्युस्तदा दुर्नयाः।" —શ્રી હરિભદ્રસૂરિકૃત પંચાશત્.

× "नत्थि नएहिं विहुणं सुत्तं अत्थो अ जिणमए किंचि।
आसज्ज उ सोयारं नए नयविसारओ बूया॥" શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત
વિશેષાવશ્યક સૂત્ર.

અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો એવા પરમ કૃપાળુ સદ્ગુરુ દેવ !
તમે આ વિશ્વમાં સર્વકાળ જયવંત વર્ત્તો ! જયવંત વર્ત્તો !"—શ્રીમદ્ રાજચંદ્રજી

આમ સર્વજ્ઞ પ્રવચન× અનુસારે જ પ્રવર્તેલી તે તે ઋષિદેશનાઓ એક જ વત્સલ માતાની સંપીલી પુત્રીઓ જેવી છે, વિવિધ છતાં મૂલ તો એક જ આશ્રયવાળી છે. એટલે પરમાર્થથી તે પણ અભિન્ન છે.

"શિષ્ય ભણી જિન દેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન;
કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન....મન૦"—શ્રી યો. સ. ૪-૨૦.

આકૃતિ ૧૩



। इति चित्रसर्वज्ञदेशनाऽभेदाधिकारः ।

卐

સર્વજ્ઞ પ્રતિક્ષેપ નિષેધ અધિકાર

પ્રકૃત ઋષિઓથકી યોજન કહે છે—

तदभिप्रायमज्ञात्वा न ततोऽर्वाग्दृशां सताम् ।
युज्यते तत्प्रतिक्षेपो महानर्थकरः परः ॥ १३९ ॥

વૃત્તિઃ—तदभिप्रायम्—તેઓનો અભિપ્રાય, સર્વજ્ઞોનો અભિપ્રાય, अज्ञात्वा—જાણ્યા વિના, न—નથી, ततः—તે કારણથી, अर्वाग्दृशां सतां—અર્વાગ્દૃષ્ટિ (છદ્મસ્થ) સંતોને, પ્રમાતૃઓને. શું ? તો કે—युज्यते तत् प्रतिक्षेपः—તેઓનો પ્રતિક્ષેપ યુક્ત, કેવો વિશિષ્ટ ? તે માટે કહ્યું—महानर्थकरः—મહા અનર્થકરણશીલ, મહા અનર્થ કરવાના સ્વભાવવાળો, परः—પર, પ્રધાન.

× " सुनिश्चितं नः परतंत्रयुक्तिषु, स्फुरंति याः काश्चन सूक्तसंपदः ।
तवैव ते पूर्वमहार्णवोत्थिताः, जगत्प्रमाणं जिनवाक्यविप्रुषः ।।" શ્રી સિદ્ધસેન દિવાકરજીકૃત દ્વા. દ્વા.

તસ અભિપ્રાય લહ્યા વિના, છદ્મસ્થને લગાર;
પ્રતિક્ષેપ તસ યુક્ત ના, પર મહાનર્થકાર. ૧૩૯

અર્થ :—તેથી કરીને તેનો–સર્વજ્ઞનો અભિપ્રાય જાણ્યા શિવાય, અર્વાગ્દૃષ્ટિ છદ્મસ્થ સંતોને તેનો પ્રતિક્ષેપ (વિરોધ) યુક્ત નથી,–કે જે પરમ મહાઅનર્થ કરનાર છે.

વિવેચન

"સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથુ ન પર્યો"–**શ્રીમદ્ રાજચંદ્રજી.**

ઉપરમાં કહેવામાં આવ્યા તે તે કારણોને લીધે તે સર્વજ્ઞોનો અભિપ્રાય જાણ્યા વિના અર્વાગ્દૃષ્ટિવાળા છદ્મસ્થ સંતજનોએ તેઓનો પ્રતિક્ષેપ કરવો–વિરોધ કરવો યુક્ત નથી. તે પ્રતિક્ષેપ કેવો છે? તો કે પરમ–મોટામાં મોટો અનર્થ કરનાર એવો છે.

સર્વજ્ઞપ્રતિક્ષેપ મહાઅનર્થકર

સર્વજ્ઞદેશનાના ભેદના સમાધાન અંગે જે જે ઉપરમાં કહેવામાં આવ્યું, તે સર્વ લક્ષમાં લઈને વિચારીએ તો–તે સર્વજ્ઞનો આશય શો છે? તેની સમજણ વિના અર્વાગ્દૃષ્ટિ પ્રમાતૃઓએ અર્થાત્ તત્ત્વગવેષક છદ્મસ્થ સજ્જનોએ તેનો પ્રતિક્ષેપ કરવો–વિરોધ કરવો ઘટતો નથી. કારણ કે **છદ્મસ્થનું જ્ઞાન** આવરણવાળું હોઈ ઘણું જ **મર્યાદિત** છે, અત્યંત પરિમિત છે. કેવલજ્ઞાન વિનાના× છદ્મસ્થો ખરેખર! અચક્ષુ–ચક્ષુ વિનાના છે, એટલે આંધળાની લાકડી જેવા પરોક્ષ શાસ્ત્રજ્ઞાન વડે તેઓનો વ્યવહાર ચાલે છે. આંધળો જેમ હાથ લગાડીને વસ્તુ પારખે, તેમ આ શાસ્ત્રજ્ઞાન ચક્ષુઅંધના હસ્તસ્પર્શ સમું છે. તેના વડે છદ્મસ્થો યથાવત્ કેમ દેખી–જાણી શકે? માટે સર્વજ્ઞના વિષયમાં સંસ્થિત અર્થોને છદ્મસ્થો પ્રકાશી શકતા નથી, એમાં આશ્ચર્ય નથી, પણ તે કંઈ પણ જાણે છે તે જ અતિ અદ્ભુત–આશ્ચર્ય છે!

"सर्वज्ञविषयसंस्थांश्छद्मस्थो प्रकाशयत्यर्थान् ।
नाश्चर्यमेतदत्यद्भुतं तु यत्किंचिदपि वेत्ति ॥" **શ્રી સિદ્ધસેન દિવાકરજી** કૃત દ્વા. દ્વા. ૮–૨૧

વળી ઉપલક્ષણથી તે તે દર્શનભેદવાળી દેશનાઓ પણ **સર્વજ્ઞમૂલક** છે, મૂલ તેમાંથી ઉદ્ભવેલી છે, એટલે તે પણ સર્વજ્ઞવાણીના અંગરૂપ છે. આમ મુખ્ય એવા ષડ્દર્શન પણ સર્વજ્ઞપ્રવચનના અંગભૂત હોઈ, તેનો પ્રતિક્ષેપ કરવો તે પણ સર્વજ્ઞવાણીનો છેદ કરવા બરાબર છે. શ્રી **આનંદઘનજી**ની અમૃત વાણી છે કે—

× "अंतरा केवलज्ञानं छद्मस्था खल्वचक्षुषः । हस्तस्पर्शसमं शास्त्रज्ञानं तद्व्यवहारकृत् ॥"
—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્

"ષટ્ દરિસણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરિસણ આરાધે રે....ષટ્ દરિસણ.
જિન સુરપાદપ પાય વખાણું, **સાંખ્ય જોગ** દોય ભેદે રે;
આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુઃખ અંગ અખેદે રે....ષટ્૦
ભેદ અભેદ **સૌગત મીમાંસક**, જિનવર કર દોય ભારી રે;
લોકાલોક અવલંબન ભજીએ, ગુરુગમથી અવધારી રે....ષટ્૦
લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચાર જો કીજે રે;
તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરુગમ વિણુ કિમ પીજે રે ? ષટ્૦
જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધુરિ આરાધક, આરાધે ધરી સંગે રે....ષટ્૦
જિનવરમાં સઘળાં દરિસણ છે, દર્શન જિનવર ભજનારે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિની સાગર ભજનારે. ષટ્૦"

માટે તે તે દર્શનો વિચારતાં '**સ્યાત્**' પદાંકિત અપેક્ષાવિશેષનો '**ધુરિ**'–પ્રથમ ન્યાસ કરી, સર્વજ્ઞના આરાધક સંતજનોએ તેનો પણ પ્રતિક્ષેપ–વિરોધ કરવા યોગ્ય નથી, એટલું જ

'ષટ્ દરિશન જિન અંગ ભણીજે'

નહિં પણ, સ્યાત્ પદના ન્યાસપૂર્વક–સ્યાત્ પદ આગળ જોડીને કલ્પવૃક્ષ સમા જિનદર્શનના અંગભૂત ષડ્દર્શન પણ આરાધવા યોગ્ય છે. અને આ ષડ્દર્શનનું જ્ઞાન પણ કાંઈ ખંડનમંડનમાં ઉતરવા માટે નથી, પણ તત્ત્વનો વિનિશ્ચય કરવા માટે છે, પર સિદ્ધાંત જાણીને સ્વ સિદ્ધાંતના બલનો× નિશ્ચય જાણવા માટે છે, સ્વપક્ષનું બલ ચકાસવા માટે છે, અને એમ કરીને પણ કેવલ આત્માર્થ સાધવા માટે છે. વળી સર્વશાસ્ત્રના નય હૃદયમાં ધારણ કરી, આ જીવે અનંતવાર મત ખંડનમંડનના ભેદ જાણ્યા, તોપણ તેનું કલ્યાણ થયું નથી ! એ સાધનો અનંતવાર કર્યા છતાં, હજુ કાંઈ તત્ત્વ હાથમાં આવ્યું નથી ! હાથ હજુ ખાલી ને ખાલી છે ! માટે આત્માર્થી સંતજનોએ કોઈપણ પ્રકારે પ્રતિક્ષેપમાં–ખંડનમંડનમાં ઉતરવું યોગ્ય નથી. અને તેમાં પણ સર્વજ્ઞનો કે **સર્વજ્ઞ વાણીનો પ્રતિક્ષેપ** કરવો તે તો અત્યંત દુષ્ટ છે, **મહા અનર્થકર** છે, મોટામાં મોટો અનર્થ કરનાર છે. કારણ કે પરમ પૂજ્ય આરાધ્ય સર્વજ્ઞની આશાતના જીવને સન્માર્ગપ્રાપ્તિમાં મહા અંતરાયરૂપ થઈ પડી, પરમ અકલ્યાણનો હેતુ થાય છે પ્રત્યેક મુમુક્ષુએ આ નિરંતર લક્ષમાં *રાખવા યોગ્ય છે કે એક સંતની

+ "જ્ઞેયઃ પરસિદ્ધાંત: સ્વપક્ષબલનિશ્ચયોપલબ્ધ્યર્થમ્ ।
परपक्षक्षोभणमभ्युपेत्य तु सतामनाचारः—શ્રી સિદ્ધસેન દિવાકરજીકૃત દ્વા. દ્વા ૮–૧૯

× "एकस्याशातनाप्यत्र सर्वेषामेव तत्त्वतः ।
अन्योन्यमनुविद्धा हि तेषु ज्ञानादयो गुणः ॥ — શ્રી યશો. કૃત દ્વા. દ્વા. ૨૧–૯

આશાતનામાં સર્વ સંતની આશાતના છે, ને એક સંતની પૂજનામાં સર્વ સંતની પૂજના છે.

★

અહીં જ નિદર્શન (દૃષ્ટાંત) કહે છે—

निशानाथप्रतिक्षेपो यथान्धानामसंगतः ।
तद्भेदपरिकल्पश्च तथैवार्वाग्दृशामयम् ॥१४०॥

ચંદ્ર તણો પ્રતિક્ષેપ ને, ભેદ કલ્પના જેમ,
હોય અસંગત અંધના, છદ્મસ્થના આ તેમ. ૧૪૦

અર્થ :— જેમ ચંદ્રનો પ્રતિક્ષેપ અને તેના ભેદનો પરિકલ્પ (કલ્પના) આંધળાઓને અસંગત–અયુક્ત છે, તેમજ અર્વાગ્દર્શીઓને–છદ્મસ્થોને આ સર્વજ્ઞપ્રતિક્ષેપ અને તેના ભેદનો પરિકલ્પ અસંગત–અસંયુક્ત છે.

વિવેચન

જેમ ચક્ષુવિકલ એવા આંધળાઓને ચંદ્રનો પ્રતિક્ષેપ કરવો, નિષેધ કરવો, તે નીતિથી અસંગત છે–અયુક્ત છે, અને ચંદ્રના ભેદની પરિકલ્પના કરવી તે પણ અયુક્ત છે; તેમજ છદ્મસ્થોને સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો કે તેના ભેદની પરિકલ્પના કરવી અસંગત છે–અયુક્ત છે. અંધકારને દૂર કરનારો નિશાનાથ–ચંદ્ર દૂર આકાશમાં રહ્યો સતો ચાંદની રેલાવી સમસ્ત જગત્‌માં પ્રકાશ રેલાવે છે; છતાં ચક્ષુવિકલ આંધળા તેને દેખી શકતા નથી. ચંદ્ર પ્રગટ છે, છતાં જો આ અંધજનો 'ચંદ્ર છેજ નહિં' એમ કહી વાંધો ઉઠાવે, તેનો પ્રતિક્ષેપ કરે, તો તે બીલકુલ બેહૂદું છે, અણઘટતું છે, નીતિથી અસંગત છે. કારણ કે તેઓ પોતે જ દેખતા નથી, તે આ નથી એમ કેમ કહી શકે? તેમ મોહાંધકારને હરનારા **સર્વજ્ઞ–ચંદ્ર** જ્ઞાન–જ્યોત્સ્ના વિસ્તારી સમસ્ત વિશ્વ વસ્તુને પ્રકાશિત કરે છે, છતાં દૃષ્ટિવિકલ **છદ્મસ્થો** તેને દેખી શકતા નથી; સર્વજ્ઞ પ્રગટ છે, છતાં જો આ અર્વાગ્-દૃષ્ટિ છદ્મસ્થો, 'સર્વજ્ઞ જ નથી' એમ કહી પ્રતિવાદ કરે–પ્રતિક્ષેપ કરે, તો તે સર્વથા અયુક્ત છે, સન્ન્યાયથી અસંગત છે, કારણ કે પોતે જ જે દેખતા નથી, તે આ નથી એમ કહેવાની ધૃષ્ટતા કેમ કરી શકે વારુ?

સર્વજ્ઞપ્રતિક્ષેપ અયુક્તઃ અંધનું દૃષ્ટાંત

वृत्तिः–निशानाथप्रतिक्षेपः–ચંદ્રનો પ્રતિક્ષેપ, यथान्धानाम्–જેમ અંધોનો, ચક્ષુવિકલોનો, असंगतः–અસંગત છે, નીતિથી અસંગત છે, तद्भेदपरिकल्पश्च–અને તેના ભેદનો પરિકલ્પ, ચંદ્રના ભેદનો પરિકલ્પ,–વક્રપણું, ચોરસપણું વગેરે, तथैव–તેમજ, अर्वाग्दृशाम्–અર્વાગ્ દૃષ્ટિવાળાઓનો, એટલે કે છદ્મસ્થોનો, अयं–આ, સર્વજ્ઞ પ્રતિક્ષેપ, અને તેના ભેદનો પરિકલ્પ અસંગત–અયુક્ત છે.

વળી આ અંધજનોમાં કોઇ ચંદ્ર વાંકો છે, કોઇ ત્રાંસો છે, કોઇ ચોરસ છે, એમ કહી તેના ભેદની પરિકલ્પના કરે, તો તે પણ અયુક્ત છે, નીતિથી વિરુદ્ધ છે. કારણ કે જે ચંદ્રને દીઠો જ નથી, તેના સ્વરૂપ સંબંધી ગમે તે કલ્પના કરવી તે કલ્પના જ છે, સત્ય નથી. તેમ છદ્મસ્થ જનો, સર્વજ્ઞ આવા છે કે તેવા છે વગેરે તેના ભેદ સંબંધી પરિકલ્પના કરે, તો તે પણ અયુક્ત છે, બેહૂદું છે; કારણ કે જે સર્વજ્ઞને પોતે દીઠા જ નથી, તેના સંબંધી ગમે તે કલ્પનાના ઘોડા દોડાવવા તે મિથ્યા કલ્પનારૂપ જ છે, સત્ય નથી. અને જે ચંદ્ર પોતાને દેખાતો નથી, તે ચંદ્રના વિવિધ ભેદ કલ્પી, આંધળાઓ તે સંબંધી ઝઘડો કરે, તો તે તો કેટલું બધું બેહૂદું કહેવાય? તેમ જે સર્વજ્ઞ પોતે દીઠા નથી, તે સર્વજ્ઞના જૂદા જૂદા ભેદ કલ્પી, છદ્મસ્થો તે ભેદ સંબંધી મિથ્યા વાદવિવાદ કરે, સામસામા પ્રતિક્ષેપ કરે, પરસ્પર ખંડન–મંડનમાં ઉતરી પડે, તે તો અત્યંત અયુક્ત છે જ, એ આ ઉપરથી ફલિત થાય છે. અત્રે જન્માંધ મનુષ્યો ને હાથીનું દૃષ્ટાંત ઘણું બંધબેસતું છે. તે આ પ્રકારેઃ—

ભેદ કલ્પના અયુક્ત

જન્માંધ મનુષ્યો ને હાથી

કોઇ એક સ્થળે એક હાથી આવ્યો. એને જોવા માટે છ જન્માંધ પુરુષો ગયા. તે આંધળાઓએ હાથીને હાથ લગાડીને તપાસી જોયો. એકના હાથમાં હાથીની સૂંઢ આવી એટલે તેને હાથી સાંબેલા જેવો લાગ્યો. બીજાના હાથમાં દંતૂશળ આવ્યું એટલે તેને તે ભૂંગળા જેવો લાગ્યો. ત્રીજાના હાથમાં કાન આવ્યો, એટલે તેને તે સૂપડા જેવો લાગ્યો. ચોથાના હાથમાં પગ આવ્યો, એટલે તેને હાથી થાંભલા જેવો જણાયો. પાંચમાના હાથમાં ઉદર આવ્યું, એટલે તેને તે મષક જેવો જણાયો. છઠ્ઠાના હાથમાં પૂંછડું આવ્યું, એટલે તેને તે સાવરણી જેવો જણાયો. આ ઉપરથી તેઓએ પોતપોતાનો અભિપ્રાય બાંધ્યો અને પછી એક બીજાને જણાવ્યો. પછી દરેક પોતપોતાના અભિપ્રાયમાં મક્કમ હોઇ, પોતે જ સાચો છે ને બાકીના બીજા બધા ખોટા છે, એમ આગ્રહ કરી પરસ્પર ઝઘડો કરવા લાગ્યા, મિથ્યા ચર્ચામાં ઉતરી પડચા, ને તકરાર વધી પડી!

ત્યાં કોઇ એક દેખતો દૃષ્ટિવાળો મનુષ્ય આવી ચઢ્યો, અને તે તેઓને નિવારીને બોલ્યો કે–અરે! ભલા માણસો! આ તમે ફોગટ ઝઘડો શા માટે કરો છો? તમે બધાય ખોટા છો ને તમે બધાય સાચા છો! કારણ કે હાથી આવો જ છે એવા તમારા આગ્રહથી તમે ખોટા છો, અને અમુક અંગની અપેક્ષાએ હાથી આવો છે એ રીતે તમે સાચા છો. જુઓ! હાથીની સૂંઢનો આકાર સાંબેલા જેવો છે, દંતૂશળનો આકાર ભૂંગળા જેવો છે, કાન સૂપડા જેવા છે, પગ થાંભલા જેવા છે, પેટ મષક જેવું જણાય છે, અને પૂંછડું

સાવરણી જેવું દેખાય છે. એક એક અંગને સ્પર્શવાથી તમને હાથી તેવો તેવો લાગ્યો, તે તે તે અંગની અપેક્ષાએ બરાબર છે, પણ તે ઉપરથી કાંઇ આખા હાથીનો ખ્યાલ ઓછો આવે છે! સમગ્ર અંગ મળીને જ હાથી બને છે. માટે તેનું સાંગોપાંગ સ્વરૂપ બરાબર સમજવું હોય તો તેનો સમગ્રપણે જ વિચાર કરવો જોઇએ. તમારો આગ્રહરૂપ 'જ'કાર-એકાંતવાદ છોડી દેવો જોઇએ. એમ સમજી હવે તમારો ઝઘડો બંધ કરો! બંધ કરો! એમ તે ડાહ્યા દેખતા દૃષ્ટ પુરુષે સમજાવ્યા, એટલે તે વાદીઓ ટાઢા પડ્યા, ને મિથ્યા ચર્ચા છોડી દઇ સમજીને શાંત થયા.*

આ દૃષ્ટાંત ઉપરથી એટલું ફલિત થાય છે કે આ આમ 'જ' છે એમ વદનારા એકાંતવાદી આગ્રહી હોય, પણ સર્વસમન્વયકારી અનેકાંતવાદી તો સર્વથા સર્વત્ર નિરાગ્રહી જ હોય. થોડા પણ મહાર્થગંભીર શબ્દમાં સમસ્ત એકાંતવાદીનું પરમ સમર્થ નિરસન કરતું **શ્રીમદ્ રાજચંદ્રજીનું** ચમત્કારિક સુભાષિત છે કે—

"એકાંતવાદ એ જ જ્ઞાનની અપૂર્ણતાની નિશાની હે વાદીઓ! મને તમારે માટે દર્શાવે છે. કારણ શિખાઉ કવિઓ કાવ્યમાં જેમ તેમ ખામી દાબવા 'જ' શબ્દનો ઉપયોગ કરે છે, તેમ તમે પણ 'જ' એટલે નિશ્ચયતા શિખાઉ જ્ઞાનવડે કહો છો. મહારો **મહાવીર** એમ કોઇ કાળે કહે નહિ; એ જ એની સત્કવિની પેઠે ચમત્કૃતિ છે."

—શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૬ (૨૦)

★

તેમજ—

न युज्यते प्रतिक्षेपः सामान्यस्यापि तत्सताम् ।
आर्यापवादस्तु पुनर्जिह्वाछेदाधिको मतः ॥ १४१ ॥

પ્રતિક્ષેપ સામાન્યનો, પણ સંતને ન યુક્ત;
અધિકો જિહ્વાછેદથી, આર્ય અપવાદ ઉક્ત. ૧૪૧

અર્થ:—સામાન્ય જનનો પણ પ્રતિક્ષેપ યુક્ત નથી. તેથી કરીને આર્ય સર્વજ્ઞનો અપવાદ તો સંતોને મન જિહ્વાછેદ કરતાં અધિક છે.

વૃત્તિ:—न युज्यते—નથી યુક્ત, प्रतिक्षेपः—નિરાકરણરૂપ પ્રતિક્ષેપ. सामान्यस्यापि—કોઇ સામાન્ય પુરુષ આદિનો પણ, तत्—તેથી કરીને, सताम्—સંતોને, મુનિઓને, आर्यापवादस्तु पुनः—આર્યનો અપવાદ તો વળી, સર્વજ્ઞનો પરિભવ તો એમ અર્થ છે. શું? તો કે—जिह्वाछेदाधिको मतः—જિહ્વાછેદ કરતાં (જીભ કપાઇ જવા કરતાં) અધિક મત છે,—તથાવિધ પ્રત્યપાયના ભાવે કરીને.

---

* "परमागमस्य जीवं, निषिद्धजात्यंधसिन्धुरविधानम् ।
सकलनयविलसितानाम्, विरोधमथनं नमाम्यनेकांतम् ॥"

—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત પુરુષાર્થસિદ્ધિઉપાય.

વિવેચન

કોઈ સામાન્ય પુરુષનો પણ પ્રતિક્ષેપ-વિરોધ કરવો યુક્ત નથી; તેટલા માટે આર્ય એવા સર્વજ્ઞનો વિરોધ કરવો તે તો સંતજનોને મન જીભ કપાઈ જવા કરતાં પણ અધિક છે.

સામાન્યનો પ્રતિક્ષેપ પણ યુક્ત નથી

કોઈ સામાન્ય-સાધારણ મનુષ્ય હોય, તેનો પણ નિરાકરણરૂપ પ્રતિક્ષેપ કરવો, પ્રતિવાદ કરવો, વિરોધ કરવો, તે સજ્જનોને ઘટતો નથી. કારણ કે આપણા મનમાં કાંઈ હોય અને એના મનમાં કાંઈ હોય. 'અપને મન કછુ ઔર હૈ, ઉનકે મન કછુ ઔર.' આપણે એનો આશય-અભિપ્રાય જાણી શકતા નથી, એટલે તે જાણ્યા વિના તેના ખંડનમાં ઉતરી પડવું, તેને તોડી પાડવાનો વિકલ્પ સુદ્ધાં કરવો, તે સાવ બેહૂદું છે. તે પ્રતિક્ષેપ કરતાં પણ, સામો માણસ કાંઈ પોતાનો અભિપ્રાય છોડી દેતો નથી, ઊલટો ઘણીવાર તેને બેવડા જોરથી વળગી રહે છે! વળી તેવા પ્રતિક્ષેપથી વિરોધની વૃદ્ધિ થાય છે, સામા માણસનું મન દૂભાય છે, વૈમનસ્ય બંધાય છે, રાગદ્વેષની ગાંઠ પડે છે, +આર્ત્ત-રૌદ્રધ્યાન થાય છે, પોતાને પણ અશાંતિ રહે છે. આમ અનેક અનર્થ નીપજે છે, માટે સંતો-મુનિઓ તેવો વિરોધ કરે જ નહિં.

આર્ય અપવાદ જીહ્વાછેદથી અધિક

તો પછી અસામાન્ય, અસાધારણ વિભૂતિરૂપ, મહાઅતિશયવંત એવા આર્ય સર્વજ્ઞનો અપવાદ કરવો-અવર્ણવાદ બોલવા તે તો અત્યંત અત્યંત અયુક્ત જ હોય, એમાં પૂછવું શું? એટલા માટે એવા પરમ પૂજ્ય આર્ય સર્વજ્ઞનો અપવાદ કરવો પરિભવરૂપ વિરોધ કરવો, તેને સંત મુનિજનો તો જિહ્વાછેદ કરતાં અધિક માને છે. એટલે કે **પરમ અર્હત્ સર્વજ્ઞ** માટે એક પણ અપવાદ વચન બોલતાં, તેમને જીભ કપાઈ જવા કરતાં વધારે દુઃખ થાય છે. અને જીભ કપાઈ જતાં બોલાય જ કેમ? અને પોતાની જીભ કપાય તેવું બોલવા ઇચ્છે પણ કોણ? તાત્પર્ય કે સંતજનો કદી પણ આર્ય સર્વજ્ઞનું અપવાદ વચન ઉચ્ચારવાનો પ્રારંભ પણ કરે નહિં, તેવું વચન ઉચ્ચારતાં તેમની જીભ ઉપડે જ નહિં; કારણ કે પરમ સત્પુરુષ એવા આર્ય સર્વજ્ઞના અવર્ણવાદથી મહા અનર્થ-પરંપરા નિપજે છે, જીવ અનંત સંસારી થાય છે.

★

તેમજ—

+"आर्त्तध्यानोपगतो वादी प्रतिवादिनस्तथा स्वस्य।
चिन्तयति पक्षनयहेतुशास्त्रवाग्बाणसामर्थ्यम् ॥"—શ્રી સિદ્ધસેનદિવાકરજીકૃત દ્વા. દ્વા. ૮-૧૦

कुदृष्टयादिवन्नो सन्तो भाषन्ते प्रायशः क्वचित् ।
निश्चितं सारवच्चैव किंतु सत्त्वार्थकृत् सदा ॥ १४२ ॥

કુદૃષ્ટિઆદિવાળું વેણ તો, ભાખે કદી ન સંત;
નિશ્ચિત પરહિતકર સદા, સારવંત જ વદંત. ૧૪૨

અર્થ:—કુદૃષ્ટિ આદિવાળું કુત્સ્ય વચન સંતો કવચિત્ બોલતા નથી; પરંતુ સદાય નિશ્ચિત, સારવાળું અને સત્ત્વાર્થ કરનારૂં-પ્રાણીઓનું હિત કરનારૂં એવું વચન બોલે છે.

વિવેચન

સંતજનો કુદૃષ્ટિ આદિની પેઠે કદી કુદૃષ્ટિવાળું-કુત્સિત-નિંદ્ય વચન બોલતા નથી, અને બોલે છે તો નિશ્ચિત, સારવાળું અને પરનું હિત કરનારૂં એવું જ વચન સદા બોલે છે.

સંત કેવું બોલે?

કુદૃષ્ટિવંત અવિવેકી જનો હોય તે કુત્સિત-નિંદ્ય ભાષણ કરે છે, ફાવે તેમ ઠેકાણા વિનાનું બોલે છે, યદ્વાતદ્વા ઢંગધડા વિનાનો અસંબદ્ધ પ્રલાપ કરે છે. સાર વગરનું નમાલું બકે છે, અને બીજા જીવોને દુઃખ થાય, અનર્થ થાય, અહિત થાય એવું સાવદ્ય વચન ઉચ્ચારે છે. પણ જે સાચા સંત-મુનિજનો જોગીજનો છે, તેઓ તેમ કદી કરતા નથી, તેવું સાવદ્ય વચન કદી ઉચ્ચારતા નથી. તેઓ બોલે છે તો વિવેકપૂર્વક **ભાષાસમિતિ** સાચવીને, ભાષાનો વિવેક આચાર બરાબર જાળવીને જ સદા બોલે છે. એટલે જ તેઓનું વચન સદા નિશ્ચિત-અસંદિગ્ધ-સુસંબદ્ધ હોય છે,-સંદેહવાળું, ઠેકાણા વિનાનું, અસંબદ્ધ પ્રલાપ જેવું હોતું નથી; સારપૂર્ણ હોય છે,-નિઃસાર નિષ્પ્રયોજન કે નિર્માલ્ય હોતું નથી; અને સત્ત્વાર્થ કરનારૂં હોય છે, અન્ય જીવોનું હિત કરવાના સ્વભાવવાળું જ હોય છે,-બીજા જીવોને દુઃખ થાય, અનર્થ થાય, અહિત થાય, એવું સાવદ્ય કદી પણ હોતું નથી. આમ સંત જનોને સદા નિશ્ચિત, સારભૂત, ને પરોપકારી એવું નિરવદ્ય-નિર્દોષ વચન ઉચ્ચારવાની ટેવ પડી હોય છે.

"સાધુજી સમિતિ બીજી આદરો, વચન નિર્દોષ પરકાશ રે;
ગુપ્તિ ઉત્સર્ગનો સમિતિ તે, માર્ગ અપવાદ સુવિલાસ રે."

—શ્રી દેવચંદ્રજીકૃત અષ્ટપ્રવચનમાતાની સજ્ઝાય.

। इति सर्वज्ञप्रतिक्षेपनिषेधाधिकारः ।

卐

વૃત્તિઃ—कुदृष्टयादिवत्-કુદૃષ્ટિ આદિવાળું, કુત્સ્ય ઇત્યાદિ, नो सन्तो-ન સંતો, મુનિઓ, भाषन्ते क्वचित्-ભાખે કવચિત્, ત્યારે કેવું ભાખે? તે માટે કહ્યું—निश्चितम्-નિશ્ચિત, અસંદિગ્ધ, सारवच्चैव-અને સારવાળું જ, ન અપાર્થક- અર્થ નહિં એવું, किंतु सत्त्वार्थकृत्-પરંતુ સત્ત્વાર્થકર, પરાર્થકરણશીલ એવું, सदा-સદા ભાખે છે.

સર્વજ્ઞાદિ અતીંદ્રિય અર્થ અનુમાન અગોચરત્વ અધિકાર

ઉપસંહરતાં કહે છે—

निश्चयोऽतीन्द्रियार्थस्य योगिज्ञानादृते न च।
अतोऽप्यत्रान्धकल्पानां विवादेन न किंचन ॥ १४३ ॥

નિશ્ચય અતીન્દ્રિયાર્થનો, ન યોગિજ્ઞાન શિવાય;
એથીંય અંધ સમાનના, વિવાદથી નહિં કાંય. ૧૪૩

અર્થ:—અને અતીન્દ્રિય અર્થનો નિશ્ચય યોગિજ્ઞાન શિવાય થતો નથી; એથી કરીને પણ અત્રે સર્વજ્ઞની બાબતમાં અંધ જેવાઓના વિવાદથી કાંઇ નથી.

વિવેચન

અને સર્વજ્ઞ આદિ અતીન્દ્રિય અર્થનો નિશ્ચય યોગિજ્ઞાન સિવાય થતો નથી, કારણકે તેના થકી જ તેની સિદ્ધિ થાય છે, એટલા માટે અત્રે સર્વજ્ઞ અધિકારમાં અંધ જેવા છદ્મસ્થોના વિવાદથી શું?

સર્વજ્ઞ આદિ વિષય **અતીન્દ્રિય** છે, ઇંદ્રિય અને મનને અગોચર છે, અને માત્ર યોગીઓને જ જ્ઞાનગમ્ય થઇ શકે એવા છે. એ સંબંધી યથાર્થ નિશ્ચયની બાબતમાં છદ્મસ્થોનો અધિકાર નથી, કારણ કે વિશેષથી તત્ત્વને નહિં દેખનારા એવા **અંધ સમા** તે છદ્મસ્થો અંધ જનો જેવા છે. માટે એ એમના અધિકાર બહારના **છદ્મસ્થોના** વિષયમાં–તત્ત્વનિશ્ચય બાબતમાં તેઓનો વિવાદ નકામો છે, તેઓની **વિવાદથી શું?** ચર્ચાની અર્ચા અકિંચિત્કર છે. કારણ કે જે વસ્તુ આપણે દેખતા નથી–જાણતા નથી, તેના સ્વરૂપ બાબતમાં સ્વછંદે કલ્પના કરી, મિથ્યા ઝઘડો કરવો, નિઃસાર વાગ્યુદ્ધ કરવું, વાદ–પ્રતિવાદ કરી થૂંક વલોવવું, ખંડનમંડનમાં પડી વૈમનસ્ય વધારવું, તે મૂર્ખતાની નિશાની છે; ચંદ્રના આકાર વિષે અંધજનોની કલ્પના જેવું હાસ્યાસ્પદ છે; પેલા આંધળાઓ જેમ હાથીના સ્વરૂપ બાબત ખોટો ટંટો કરતા હતા, તેના જેવું ફોગટ છે. તેવા મિથ્યા વિવાદથી લાભ થવાને બદલે ઊલટી હાનિ થાય છે, કારણ કે તેથી પોતાના **સત્ ચિત્તનો નાશ** થવારૂપ અનિષ્ટ ફલ નીપજે છે. અર્થાત્

वृत्तिः—**निश्चयोऽतीन्द्रियार्थस्य**—સર્વજ્ઞ આદિ અતીન્દ્રિય અર્થનો નિશ્ચય, **योगिज्ञानादृते न च**—યોગિજ્ઞાન શિવાય નથી હોતો–કારણ કે તેના થકી જ તેની સિદ્ધિ થાય છે. **अतोऽपि**—આ કારણ થકી પણ, **अत्र**–અત્રે, સર્વજ્ઞ અધિકારમાં, **अन्धकल्पानां**–અંધ જેવાઓના,–વિશેષથી તેના તત્ત્વને નહિં દેખનારાઓના, **विवादेन न किंचन**–વિવાદથી કંઇ નથી,–સચ્ચિત્તનાશરૂપ ફલવાળા વિવાદથી કાંઇ નથી.

સદ્ભાવવાળો ચિત્ત આશય નષ્ટ થઇ દુષ્ટ આશય જન્મે છે, રાગદ્વેષાદિ દોષની વૃદ્ધિ થાય છે, ચિત્તને અશાંતિ ને સંક્ષોભ ઉપજે છે. આવા સત્ચિત્તનો નાશ કરનારા વિવાદનું સંતજનોને શું પ્રયોજન છે ? કંઇ જ નહિં, કંઇ જ નહિં.

★

न चानुमानविषय एषोऽर्थस्तत्त्वतो मतः ।
न चातो निश्चयः सम्यगन्यत्राप्याह धीधनः ॥ १४४ ॥

યુક્તિ વિષય આ તત્ત્વથી, નહિં-એથી અન્યત્ર;
સમ્યક્ નિશ્ચય થાય ના, કથ્યું બુદ્ધિધન અત્ર.-૧૪૪

અર્થ:—અને આ સર્વજ્ઞરૂપ અર્થ તત્ત્વથી અનુમાનનો વિષય નથી માનવામાં આવ્યો. અને આ અનુમાનથકી અન્યત્ર પણ સમ્યક્પણે નિશ્ચય થતો નથી. બુદ્ધિધન **ભર્તૃહરિએ** કહ્યું છેઃ—

વિવેચન

ઉપરમાં એમ કહ્યું કે સર્વજ્ઞાદિ **અતીંદ્રિય** અર્થ યોગિજ્ઞાન વિના જણાતો નથી, એટલે આ વિષયે અંધ સમા છદ્મસ્થોના વિવાદથી કંઇ પ્રયોજન સિદ્ધ નથી થતું. ત્યારે કોઇ એમ કહે કે આપ એવું કેમ કહો છો ? અનુમાનથી-યુક્તિથી પણ તે કેમ ન જાણી શકાય ? તેનો અહીં જવાબ આપ્યો છે કે-આ સર્વજ્ઞરૂપ અતીન્દ્રિય અર્થ તત્ત્વથી અનુમાનનો-યુક્તિનો વિષય નથી. ગમે તેવા મહામતિમાન્ તાર્કિકની યુક્તિની ત્યાં ગતિ નથી; ગમે તેટલા યુક્તિવાદથી સાક્ષાત્ સર્વજ્ઞ તત્ત્વ ગમ્ય થઇ શકતું નથી. કારણ કે તે તત્ત્વ અતીન્દ્રિય એટલે મન ને ઇંદ્રિયથી પર છે-અગમ્ય છે, અને તર્કવાદ બુદ્ધિનો વિષય હોઈ બુદ્ધિગમ્ય છે. એટલે તે અતીન્દ્રિય વિષયમાં મતિની ગતિ કુંઠિત થતાં યુક્તિવાદ ભોંઠો પડે છે. વળી આ અતીન્દ્રિય વિષયની વાત જવા દઈએ, તો પણ અન્ય સામાન્ય અર્થનો પણ અનુમાન થકી સમ્યક્પણે નિશ્ચય થતો નથી; યુક્તિવાદથી સામાન્ય-સાધારણ બાબતનો પણ બરાબર નિર્ણય પ્રાપ્ત થતો નથી, તો પછી અતીન્દ્રિય અર્થનું તો પૂછવું જ શું ? આના સમર્થનમાં અહીં મહામતિ **ભર્તૃહરિનું** વચન ટાંક્યું છે.

અતીંદ્રિય અર્થ યુક્તિનો અવિષય

★

શું કહ્યું છે ? તે કહે છેઃ—

વૃત્તિઃ—**न चानुमानविषयो**-અને અનુમાનનો વિષય નથી, યુક્તિગોચર નથી, **एषोऽर्थः**—આ સર્વજ્ઞવિશેષ લક્ષણવાળો અર્થ, **तत्त्वतो मतः**-તત્ત્વથી માનવામાં આવેલ, પરમાર્થથી દૃષ્ટ, **न चातो**-અને આ અનુમાનથકી નથી હોતો, **निश्चयः सम्यक्**—નિશ્ચય સમ્યક્પણે, **अन्यत्रापि**-અન્યત્ર પણ, સામાન્ય અર્થમાં પણ-**आह धीधनः**-તે બુદ્ધિધન **ભર્તૃહરિએ** કહ્યું છેઃ—

यत्नेनानुमितोऽप्यर्थः कुशलैरनुमातृभिः ।
अभियुक्ततरैरन्यैरन्यथैवोपपाद्यते ॥ १४५ ॥

યત્નથી પટુ અનુમાતૃથી, અર્થ અનુમિત થાય;
તેય યુક્તતર અન્યથી, અન્યથા સમર્થાય. ૧૪૫

અર્થ:—કુશલ અનુમાનકારોથી યત્નથી અનુમાનવામાં આવેલો અર્થ પણ, વધારે યુક્તિયુક્ત એવા બીજાઓથી બીજી જ રીતે સાબીત કરાય છે.

વિવેચન

તે બુદ્ધિધનવાળા **શ્રી ભર્તૃહરિએ** શું કહ્યું છે? તે કહે છે-'કુશળ અનુમાનકારોએ યત્નથી અનુમાનેલો અર્થ પણ વધારે સબળ યુક્તિવાળા બીજાઓથી બીજી જ રીતે ઉપપાદન કરાય છે'–સાબીત કરાય છે.

અન્વય-વ્યતિરેક વગેરે ન્યાયપદ્ધતિમાં પારંગત એવા નિપુણ યુક્તિવાદીઓ અન્વય-વ્યતિરેક આદિ અનુસારે તત્ત્વપરીક્ષા કરે છે. તેમાં **અન્વય** એટલે આ આમ હોય તો આ આમ હોય એવી વિધાનરૂપ હકારાત્મક ઉક્તિ; અને **વ્યતિરેક** એટલે આ આમ ન હોય તો આ આમ ન હોય, એવી નિષેધરૂપ નકારાત્મક ઉક્તિ. (૧) આ અન્વય-વ્યતિરેક પ્રમાણે કોઇ કુશલ યુક્તિવાદીઓ પ્રયત્નપૂર્વક અનુમાનથી-યુક્તિથી અમુક અર્થ સ્થાપિત કરે, અને કહે કે જુઓ! આ અર્થ આ હેતુથી આ રીતે જ ઘટે છે, આમ એની **તથોપપત્તિ** છે; આ અર્થ આથી અન્ય રીતે ઘટતો નથી-આમ એની **અન્યથાનુપપત્તિ** છે. (૨) તો ત્યાં તેનાથી ચઢિયાતા એવા બીજા પ્રખર તાર્કિકો-યુક્તિવાદીઓ, વળી એ જ અન્વય-વ્યતિરેક આદિનો આશ્રય કરી, તે જ અર્થને અન્યથા પ્રકારે ઉપપાદિત કરે છે, સાબીત કરી બતાવે છે, અને કહે છે કે જુઓ! તમે કહો છો તે પ્રકારે આ અર્થ ઘટતો નથી-એની **અતથોપપત્તિ** છે; અને આ અમે કહીએ છીએ તે બીજા પ્રકારે જ એ ઘટમાન થાય છે-એની **અન્યથોપપત્તિ** છે. આમ એક જ અર્થને અમુક વાદી સ્થાપે છે, તો બીજો ઉત્થાપે છે! એક જ અર્થને સમર્થ તાર્કિકો પોતપોતાના મતિબલથી જૂદા જૂદા પ્રકારે પૂરવાર કરી આપે છે!

યુક્તિથી મંડન:

યુક્તિથી ખંડન

वृत्तिः—यत्नेनानुमितोऽप्यर्थो-અન્વય આદિ અનુસારે યત્નથી અનુમાનવામાં આવેલો અર્થ પણ, कुशलैरनुमातृभिः-અન્વય આદિના જાણનારા કુશલ અનુમાનકારોથી-યુક્તિવાદીઓથી, अभियुक्ततरैरन्यैः-અન્વય આદિના જ્ઞાતા જ એવા અભિયુક્તતર-વધારે યુક્તિવાળા બીજાઓથી, अन्यथैवोपपाद्यते-અન્યથા જ ઉપપાદન કરાય છે. અતથાસિદ્ધિ આદિ પ્રકારે બીજી રીતે જ પૂરવાર કરાય છે.

તર્કવાદ બુદ્ધિનો અખાડો

આમ આ તર્કવાદ તો બુદ્ધિનો અખાડો છે! અખાડામાં જેમ શરીરનો વ્યાયામ થાય છે, કસરત કરાય છે, અટાપટા ખેલાય છે, દાવપેચ રમાય છે, તેમ આ યુક્તિવાદરૂપ વ્યાયામશાળામાં બુદ્ધિનો વ્યાયામ થાય છે, યુક્તિની કસરત કરાય છે, તર્કના અટાપટા ખેલાય છે, છલ-જાતિના દાવપેચ રમાય છે! 'साक्षरा विपरीता राक्षसा भवन्ति!' અખાડામાં જેમ વધારે બળવાન્ મલ્લ અલ્પ બળવાળા પ્રતિમલ્લને મહાત કરે છે, શિકસ્ત આપે છે, તેમ આ યુક્તિવાદની કસરતશાળામાં વધારે પ્રખર બુદ્ધિમાન્ વાદી અલ્પ બુદ્ધિવાળા પ્રતિવાદીને પરાજિત કરે છે, હાર આપે છે! વળી 'શેરને માથે સવાશેર' એ ન્યાયે તે વિજેતા મલ્લને પણ જેમ વધારે બળવાન્ મલ્લ જીતે છે, તેમ વિજયથી મલકાતા ને ફૂલાતા તે વાદીને પણ બીજો અધિક તર્કપટુ પ્રતિવાદી હરાવે છે! આમ જેમ કુસ્તીની પરંપરા ચાલ્યા કરે છે, મલ્લયુદ્ધનો છેડો આવતો નથી, તેમ તર્કવાદની પરંપરા ચાલ્યા કરે છે ને બુદ્ધિયુદ્ધનો આરો આવતો નથી! પણ આમ અનંત તર્કવાદ કરતાં પણ કોઇ અભિમત વસ્તુ વસ્તુગતે કહી શકવા સમર્થ થતો નથી! ઉલટું 'પાડે પાડા લડે તેમાં ઝાડનો ખો નીકળી જાય,' એ ન્યાયે આ તાર્કિકોની સાઠમારીમાં તત્ત્વવૃક્ષ બાપડું ક્યાંય છૂંદાઇ જાય છે! તત્ત્વ વસ્તુ ક્યાંય હાથ લાગતી નથી. મહાત્મા **આનંદઘનજીનું** માર્મિક વચનામૃત છે કે:—

"તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પ્હોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.
....પંથડો નિહાળું રે બીજા જિન તણો રે."—**શ્રી આનંદઘનજી**

★

અભ્યુચ્ચય કહે છે—

ज्ञायेरन्हेतुवादेन पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः कृतः स्यात्तेषु निश्चयः ॥ १४६ ॥

પદાર્થો અતીન્દ્રિય જો, હેતુવાદથી જણાત;
આટલા કાળે પ્રાજ્ઞથી, નિશ્ચય તિહાં કરાત. ૧૪૬

અર્થ:—જો હેતુવાદથી અતીન્દ્રિય પદાર્થો જણાતા હોત, તો આટલા કાળે પ્રાજ્ઞોથી તે વિષયમાં નિશ્ચય કરવામાં આવ્યો હોત.

वृत्तिः—**ज्ञायेरन् हेतुवादेन**—હેતુવાદથી—અનુમાનવાદથી જાણવામાં આવતા હોત, **पदार्था यद्यतीन्द्रियाः** જો સર્વજ્ઞ આદિ અતીન્દ્રિય પદાર્થો, **कालेनैतावता**—આટલા કાળે કરીને, **प्राज्ञैः**—પ્રાજ્ઞોથી, તાર્કિકોથી, **कृतः स्यात्**—કરાયો હોત, **तेषु**—તે વિષયોમાં, **निश्चयः**—નિશ્ચય અવગમ.

વિવેચન

"હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિખવાદ.
અભિનંદન જિન દરિશણ તરસિયે."—**શ્રી આનંદઘનજી.**

હેતુવાદથી તત્ત્વનિશ્ચય ન થાય

જો યુક્તિવાદથી અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું હોત, તો આટલા કાળે પ્રાજ્ઞ જનોએ તે સંબંધી નિશ્ચય કરી નાંખ્યો હોત. જો યુક્તિ વડે કરીને ઇંદ્રિયોને અગમ્ય એવા અતીન્દ્રિય પદાર્થો જાણવામાં આવતા હોત, તો ઘણા લાંબા કાળથી આ મહાબુદ્ધિશાળી પ્રાજ્ઞજનો—મહાતાર્કિકો જે તેવી યુક્તિ લડાવતા આવ્યા છે, તેઓને આટલા બધા કાળે તે અતીન્દ્રિય પદાર્થનો નિશ્ચય થઇ જવો જોઇતો હતો. પણ તેવું તો થયું દેખાતું નથી, હજુ તેનો કાંઇ નીવેડો આવ્યો જણાતો નથી. કારણ કે આ વાદી-પ્રતિવાદીઓ હજુ તેવા ને તેવા જોરશોરથી તે જ વાદવિવાદ ચલાવી રહ્યા છે! હજુ પણ તે બાબતમાં નવા નિશાળીઆની જેમ તેવા ને તેવા કોરાધાકોડ રહેલા જણાય છે! તેઓની વાદ-કંડૂ હજુ તેવી ને તેવી છે! આટલા બધા મહાસમર્થ વાદી મહારથીઓએ આટલો બધો કાળ પ્રખર યુક્તિબલ અજમાવ્યું, પણ તે મહાનુભાવોનો આ મહા પ્રયાસ પાણીમાં ગયો હોય એમ જણાય છે! કારણ કે **યોગબિંદુ**માં કહ્યા પ્રમાણે 'નિશ્ચિત એવા વાદો ને પ્રતિવાદો કરતાં છતાં તેઓ ગતિમાં ઘાણીના બેલની પેઠે, હજુ તત્ત્વના અંતને પામ્યા નથી!'

★

न चैतदेवं यत्तस्मात्शुष्कतर्कग्रहो महान् ।
मिथ्याभिमानहेतुत्वात्त्याज्य एव मुमुक्षुभिः ॥ १४७ ॥

ને આ એમ ન તે થકી, શુષ્ક કુગ્રહ મહાન;
ત્યાજ્ય જ હોય મુમુક્ષુને, મિથ્યા માન નિદાન. ૧૪૭

અર્થ :—અને કારણ કે આ એમ નથી, તેટલા માટે મહાન્ એવો શુષ્ક તર્ક ગ્રહ મિથ્યાભિમાનના હેતુપણાને લીધે, મુમુક્ષુઓને ત્યાજ્ય જ છે-છોડી જ દેવો યોગ્ય છે.

वृत्तिः—**न चैतदेवं**-અને આ એમ નથી, **यद्**-જે કારણથી, **तस्मात्**-તે કારણથી, **शुष्कतर्कग्रहो**-શુષ્કતર્કગ્રહ, **महान्**—મહાન્, અતિરૌદ્ર, **मिथ्याभिमानहेतुत्वात्**-મિથ્યાભિમાનહેતુપણારૂપ કારણથી, **त्याज्य एव**-ત્યાજ્ય જ છે, **मुमुक्षुभि**-મુમુક્ષુઓએ, મૂકાવા ઇચ્છનારાઓએ.

વિવેચન

અને આ એમ તો છે નહિં અર્થાત્ ઘણા ઘણા કાળે પણ હેતુવાદથી અતીંદ્રિય તત્ત્વનો નિશ્ચય હજુ પ્રાજ્ઞજનોથી પણ થઈ શક્યો નથી; તેથી કરીને મિથ્યાભિમાનના હેતુરૂપ આ **શુષ્ક તર્કનો** મહા રૌદ્ર-ભયંકર ગ્રહ, ભવબંધનથી ખરેખર છૂટવા ઇચ્છનારા **મુમુક્ષુજનોએ** છોડી જ દેવો જોઈએ, કારણ કે આ શુષ્ક તર્કવાદ ખરેખર! 'શુષ્ક જ' છે. એમાં કાંઇ રસ-આર્દ્રતા નથી. સુક્કી, હૃદય સ્પર્શ વિનાની યુક્તિઓની વાગ્જાલમય લડાઇ જ એમાં છે. વેળુને ગમે તેટલું પીલતાં પણ જેમ તેમાંથી તેલરૂપ સાર નીકળે નહિં, તેમ ગમે તેટલું પીલતાં પણ-પિષ્ટપેષણ કરતાં પણ શુષ્ક તર્કવાદમાંથી તત્ત્વરૂપ સાર નીકળે નહિં. અને મુમુક્ષુ તો તત્ત્વનો જ ખપી છે. તે આવા નિઃસાર નીરસ શુષ્ક તર્કને કેમ ગ્રહે વારુ? વળી આ **શુષ્ક તર્ક** ગ્રહ ખરેખર! ગ્રહ જેવો જ છે. પૂર્વે કહ્યું હતું તેમ ગ્રહ એટલે ભૂતપિશાચ, અથવા અનિષ્ટ ગ્રહ, અથવા મગરમચ્છ. (૧) ભૂતપિશાચરૂપ ગ્રહથી જે ગ્રસ્ત હોય, જેને ઝોડ વળગ્યું હોય, તેના ભુંડા હાલહવાલ થાય છે ને તેને તે ગ્રહમાંથી છૂટવું મુશ્કેલ થઇ પડે છે; તેમ આ શુષ્ક તર્કવાદરૂપ ગ્રહથી-ભૂતથી જે આવિષ્ટ થયો હોય, એ ભૂત જેને ભરાયું હોય, તેની ભારે બૂરી દશા થાય છે, ને તેના ગ્રહમાંથી-પકડમાંથી છૂટવું ભારી થઇ પડે છે. (૨) અથવા અનિષ્ટ પાપ ગ્રહ જેને નડતો હોય, તેને ભારી વસમી પીડા સહવી પડે છે; તેમ આ તર્કવાદરૂપ અનિષ્ટ ગ્રહથી જે પીડાતો હોય, તેને પોતાને હાથે વ્હોરેલી ભારી કનડગત ભોગવવી પડે છે, અને તેની અસરમાંથી તે સ્હેલાઇથી છૂટી શકતો નથી. (૩) અથવા જે મગરથી ગ્રસાયો હોય, તેને તેના જડબામાંથી છટકવું ભારી કઠિન થઇ પડે છે; તેમ શુષ્ક તર્કરૂપ મગરના ગ્રહથી જે ગ્રહાયો હોય, તેને તેની ચુંગાલમાંથી છૂટવું અતિ દુષ્કર થઇ પડે છે. આમ ત્રણે અર્થમાં પોતે ગ્રહેલા શુષ્ક તર્કરૂપ ગ્રહથી શુષ્કતર્કગ્રાહી પોતાની મેળે જ દુઃખી થાય છે. આવા અનિષ્ટ દુષ્ટ શુષ્ક તર્ક ગ્રહને આત્માર્થગ્રાહી મુમુક્ષુ કેમ ગ્રહે?

શુષ્ક તર્ક ગ્રહ મુમુક્ષુએ ત્યાજ્ય

તેમજ આ **શુષ્ક તર્ક** ગ્રહ મહાન્ છે, **અતિ રૌદ્ર** છે, મહા ભયંકર છે. એનું પરિણામ પોતાને માટે ને પરને માટે મહા રૌદ્ર છે-દારુણ છે. કારણ કે આર્ત્ત-રૌદ્ર ધ્યાનથી વાદી-પ્રતિવાદી બન્નેને હાનિ થાય છે. મહા તાર્કિકશિરોમણિ શ્રી **સિદ્ધસેન દિવાકરજીએ** પોતાની લાક્ષણિક શૈલીમાં વર્ણવ્યું છે તેમ-'જો કોઇ પ્રકારે પોતાનો વિજય થાય છે તો તે એટલો બધો પરિતોષ પામે છે કે મર્યાદાનો ભંગ કરી એ પોતાની બડાઇ હાંકી ત્રણે લોકોને ખલ બનાવે છે! અને પોતે જો કોઈ પ્રકારે બીજાથી જીતાઇ જાય તો તે કોપાંધ થઇ જઇ, પ્રતિવાદી પ્રત્યે ઘાંટા પાડી-બરાડા પાડી, આક્રમણ કરતો સતો પોતાનું

વિલખાપણું દૂર કરે છે.* તે વાદ કથા ખમી શકતો નથી, અને માનભંગથી ઉષ્ણ એવા લાંબા નિસાસા નાખે છે! રમ્ય વસ્તુમાં પણ તેને અરતિ-જ્વર લાગુ પડે છે- રમ્ય વસ્તુ પણ તેને ગમતી નથી, અને સુહૃદો પ્રત્યે પણ તેના વચન વજ્ર જેવા કઠોર નીકળે છે! અને **દુઃખ અહંકારમાંથી** ઉપજે **છે,** એવો આ સર્વતંત્ર સિદ્ધાંત સર્વ તંત્રનો સિદ્ધાંત છે, તેના પર જાણે આરૂઢ થઈને તે ખરેખર! તત્ત્વપરીક્ષા કરે છે! અર્થાત્ અહંકારજન્ય દુઃખનો સાક્ષાત્ અનુભવ કરે છે!' ઇત્યાદિ પ્રકારે શુષ્ક તર્કવાદ રૌદ્ર પરિણામનું કારણ થાય છે. વળી શુષ્ક તર્કવાદ **મિથ્યાભિમાનનો હેતુ** થાય છે. શુષ્ક તર્કવાદી પોતાને બડો **હોશિયાર** માને છે! તેને પોતાની ×બુદ્ધિનું-તર્કશક્તિનું ઘણું અભિમાન હોય છે. મેં કેવી ફક્કડ યુક્તિ લડાવી ફલાણાને છક્કડ મારી તોડી પાડયો-હરાવ્યો, એવો ફાંકો રાખી તે અક્કડ રહે છે!

આમ મહારૌદ્ર પરિણામવાળો શુષ્ક તર્કગ્રહ મિથ્યાભિમાનનો હેતુ હોવાથી, આત્મહિતૈષી મુમુક્ષુઓને સર્વથા ત્યાજ્ય જ છે. કારણ કે સાચા મુમુક્ષુઓનો મુખ્ય ને એક જ હેતુ ગમે તેમ કરીને ભવબંધનથી છૂટવાનો છે. **તેઓને કેવળ એક આત્માર્થનું જ કામ છે,** માન-પૂજા-લબ્ધિ-સત્કાર આદિ બીજો **મન-રોગ** તેઓને હોતો નથી, અને ઉપરમાં જોયું તેમ શુષ્ક તર્કથી કોઇપણ પ્રકારનો આત્માર્થ સિદ્ધ થતો નથી, ઊલટો માનાર્થને લીધે અત્યંત હાનિ પામે છે. કયાં સાચા **મુમુક્ષુ જોગીજનનું** એકાંત આત્માર્થીપણું? અને કયાં શુષ્ક તર્કવાદીનું મતાર્થીપણું-માનાર્થીપણું? 'શ્રેય તો એક બાજુએ રહ્યા છે, ને વાદિશ્રેષ્ઠો અથવા વાદીરૂપ બળદીઆ બીજી બાજુએ વિચરી રહ્યા છે! મુનિએ વાદવિવાદને કયાંય પણ મોક્ષ-ઉપાય કહ્યો નથી.' આમ વાદને અને મોક્ષને લાખો ગાઉનું અંતર છે, માટે માત્ર મોક્ષનો અર્થી એવો મુમુક્ષુ જોગીજન વાદવિવાદમાં કેમ પડે? શુષ્ક તર્કગ્રહને કેમ ગ્રહે?

★

---

*"यदि विजयते कथंचित्ततोऽपि परितोषभग्नमर्यादः ।
स्वगुणविकत्थनदूषितकश्चोनपि लोकान् खलीकुरुते ॥
उत जीयते कथंचित् परिषत्परिवादिनं स कोपान्धः ।
गलगर्जेनाक्रामन् वैलक्ष्यविनोदनं कुरुते ॥
वादकथां न क्षमते दीर्घं निःश्वसिति मानभङ्गोष्णम् ।
रम्येऽप्यरतिज्वरितः सुहृत्स्वपि वक्रीकरणवाक्यः ॥
दुःखमहंकारप्रभवमित्ययं सर्वतंत्रसिद्धांतः ।
अथ च तमेवारूढस्तत्त्वपरीक्षां किल करोति ॥"

શ્રી સિદ્ધસેનદિવાકરજીકૃત દ્વા. દ્વા. ૮, ૧૫-૧૮

×"अन्यत एव श्रेयांस्यन्यत एव विचरन्ति वादिवृषाः ।
वाक्संरंभः क्वचिदपि न जगाद मुनिः शिवोपायः "॥

શ્રી સિદ્ધસેન દિવાકરજીકૃત દ્વા.-દ્વા. ૮-૭

તેમજ—

ग्रहः सर्वत्र तत्त्वेन मुमुक्षूणामसंगतः ।
मुक्तौ धर्मा अपि प्रायस्त्यक्तव्याः किमनेन तत् ॥१४८॥
મુમુક્ષુઓને તત્ત્વથી, ગ્રહ અયુક્ત સર્વત્ર;
ધર્મોય પ્રાયે મુક્તિમાં, ત્યાજ્ય-એથી શું અત્ર ? ૧૪૮

અર્થ:—સર્વત્ર ગ્રહ તત્ત્વથી મુમુક્ષુઓને અસંગત-અયુક્ત છે. મુક્તિને વિષે ધર્મો પણ પ્રાયે ત્યજવાના હોય છે, તો પછી આ ગ્રહથી શું ?

વિવેચન

"છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ."—**શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત આત્મસિદ્ધિ.**

મુમુક્ષુએ તત્ત્વથી ક્યાંય પણ ગ્રહ રાખવો યુક્ત નથી. કારણ કે મુક્તિમાં ધર્મો પણ પ્રાયે છોડી દેવા પડે છે. તો પછી આ ગ્રહથી શું ?

મોક્ષાભિલાષી આત્માર્થી જીવે શુષ્ક તર્કગ્રહ છોડી દેવો યોગ્ય છે, એટલું જ નહિં, પણ ક્યાંય પણ કોઈ પણ વસ્તુનો ગ્રહ પણ ત્યજી દેવો જોઈએ. માટે સર્વ મત-

ક્યાંય પણ ગ્રહ યુક્ત નથી

દર્શનનો આગ્રહ તેમ વિકલ્પ છોડી દઈ, તેમ જ અન્ય સર્વ પ્રકારનો ગ્રહ પણ વિસર્જન કરી મુમુક્ષુએ યથોક્ત મોક્ષમાર્ગ જ આરાધવો યોગ્ય છે, કારણ કે મુમુક્ષુનો એકાંત હેતુ કોઈ પણ પ્રકારે મોક્ષની પ્રાપ્તિ કરવી તે જ છે. અને મોક્ષમાં તો શુદ્ધ આત્મસ્વભાવરૂપ ક્ષાયિક ધર્મો સિવાય બધુંય છોડયે જ છૂટકો છે. અરે ! ક્ષમાદિક **ક્ષાયોપશમિક ધર્મો** પણ મોક્ષમાં છોડી દેવા પડે છે, ત્યાં આ તુચ્છ અનિષ્ટ ગ્રહોની તો શી વાત કરવી ? સર્વ ગ્રહથી મુક્ત થયા વિના માર્ગસન્મુખ પણ ન થવાય, તો મુક્ત તો કેમ જ થવાય ? તો પછી આ 'રાખના પડીકા' જેવા દુષ્ટ ગ્રહોને મુમુક્ષુ શા હેતુએ ગાંઠે બાંધે ? ને એ ગ્રહ જેવા ગ્રહોને ગ્રહીને હાથે કરીને શું કામ નિષ્કારણે દુઃખથી ગૃહીત થાય ?

"ધર્મ ક્ષમાદિક પણ મિટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ;
તો ઝઘડા ઝંઝા તણોજી, મુનિને કવણ અભ્યાસ.
....મનમોહન જિનજી ! મીઠી તાહરી વાણ."— **યો. દ. સજ્ઝા.** ૪-૨૨

। इति सर्वज्ञादि अतींद्रियार्थानुमानागोचरत्वाधिकारः ।

卐

वृत्तिः—**ग्रहः**-ગ્રહ, **सर्वत्र**-સર્વત્ર, સર્વ વસ્તુમાં, **तत्त्वेन**-તત્ત્વથી, પરમાર્થથી, **मुमुक्षूणामसंगतः**-મુમુક્ષુઓને અસંગત છે—અયુક્ત છે. ક્યા કારણથી ! તો કે-**मुक्तौ धर्मा अपि प्रायस्त्यक्तव्याः**-મુક્તિને વિષે ધર્મો પણ પ્રાયે ત્યજવા પડે છે, પ્રાયઃનું ગ્રહણ ક્ષાયિક ધર્મોના વ્યવચ્છેદ (અપવાદ) અર્થે છે, **किमनेन तत्**-તો પછી આ ગ્રહથી શું ? કંઈ નહિ, એમ અર્થ છે.

મહત્‌પુરુષ માર્ગ અધિકાર

કારણ કે એમ છે તેથી—

तदत्र महतां वर्त्म समाश्रित्य विचक्षणैः ।
वर्तितव्यं यथान्यायं तदतिक्रमवर्जितैः ॥ १४९ ॥

પ્રાજ્ઞે અત્ર મહંતનો, માર્ગ આશ્રીને સાર;
તસ અતિક્રમ વિણ વર્ત્તવું, ન્યાય તણે અનુસાર. ૧૪૯

અર્થ:—તેથી કરીને અત્રે મહત્‌ પુરુષોના માર્ગનો સમ્યક્‌ આશ્રય કરી, વિચક્ષણોએ તેનો અતિક્રમ વર્જીને, યથાન્યાય વર્ત્તવું યોગ્ય છે.

વિવેચન

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ."
—શ્રીમદ્‌ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ

તેથી અત્રે આ બાબતમાં મહાપુરુષોના માર્ગનો સમ્યક્‌ આશ્રય કરી, નિરીક્ષણ કરી મુમુક્ષુજનોએ તે ધર્મનો અતિક્રમ ન થાય એ રીતે, યથાન્યાયે વર્ત્તવું યોગ્ય છે.

તો પછી **મુમુક્ષુ આત્માર્થી** જીવે શું કરવું યોગ્ય છે તે અહીં સ્પષ્ટ કર્યું છે.

મહાજનના માર્ગને અનુસરવું

વિચક્ષણ મુમુક્ષુએ તો બીજી બધી માથાફોડ છોડી દઈને, બીજી બધી ભંગજાલ ફગાવી દઈને, મત-દર્શન આગ્રહનો સમસ્ત પ્રપંચ વિસર્જન કરી, સર્વ ગ્રહની ચુંગાલમાંથી મુક્ત થઈ, મહત્‌ પુરુષોના માર્ગનું સમ્યક્‌ અવલંબન કરવું યોગ્ય છે. 'महाजनो येन गतः स पन्थाः' મહાજન જે માર્ગે ગયા તે માર્ગ છે. અને મહાજનોનો માર્ગ તો કેવળ **આત્મવિશુદ્ધિરૂપ મોક્ષમાર્ગ** છે. એટલે મહાજનોના નિર્દિષ્ટ માર્ગે તેમના પગલે ચાલવું એ જ મુમુક્ષુનું કર્ત્તવ્ય છે અને તે માર્ગે ચાલતાં, મહત્‌પુરુષોએ પ્રણીત કરેલા નિર્દોષ ધર્મમાર્ગનો જેમ અતિક્રમ ન થાય, અતિચાર ન થાય, ઉલ્લંઘન ન થાય, ભંગ ન થાય, તેમ ઉપયોગપૂર્વક સન્નીતિ પ્રમાણે ચાલવું યોગ્ય છે. આમ મહાજનના માર્ગે નિરતિચારપણે યથાન્યાય પ્રવર્ત્તવું–ગમન કરવું એ જ મુમુક્ષુ જોગીજનનું કર્ત્તવ્ય છે.

★

वृत्तिः—**तदत्र**—તેથી અત્ર વ્યતિકરમાં, આ પ્રસંગમાં, **महतां वर्त्म**—મહત્‌પુરુષોના માર્ગને, **समाश्रित्य**—સમાશ્રય કરી, અંગીકાર કરી, **विचक्षणैः**—વિચક્ષણોએ, પંડિતોએ, **वर्तितव्यं यथान्यायं**—યથાન્યાય—ન્યાય પ્રમાણે વર્તવું યોગ્ય છે. **तदतिक्रमवर्जितैः**—તે મહત્‌ ધર્મના અતિક્રમથી—અતિચારથી રહિત એવાઓએ.

એજ કહે છે—

परपीडेह सूक्ष्मापि वर्जनीया प्रयत्नतः ।
तद्वत्तदुपकारेऽपि यतितव्यं सदैव हि ॥ १५० ॥

પરપીડા અહિં સૂક્ષ્મ પણ, વર્જવી જ સપ્રયત્ન;
તેમજ તસ ઉપકારમાં, કરવો સદૈવ યત્ન. ૧૫૦

અર્થ :—અહીં સૂક્ષ્મ પણ પરપીડા પ્રયત્નથી વર્જવી; તેમજ તેના ઉપકારમાં પણ સદૈવ જ યત્ન કરવો.

વિવેચન

"परोपकारः पुण्याय, पापाय परपीडनम् "—વ્યાસજી.

તે મહત્ પુરુષોએ આચરેલો માર્ગ કયો છે? તે અહીં કહ્યો છેઃ આ લોકમાં સૂક્ષ્મ પણ પરપીડા વર્જવી, તેમજ પર ઉપકારમાં પણ નિરંતર યત્ન કરવો.

આ જગત્‌માં પોતાનાથી બીજા જીવને સૂક્ષ્મ પીડા પણ ન થાય, સૂક્ષ્મ બાધા પણ ન ઉપજે, એમ પ્રયત્નથી-યત્નાથી વર્તવું, એ મુમુક્ષુ આત્માર્થીનું કર્ત્તવ્ય છે. મુમુક્ષુ **બીજા જીવોને સૂક્ષ્મ પીડા પણ વર્જે**, તો પછી મોટી પીડાની વાત તો કયાંય દૂર રહી! મનથી, વચનથી કે કાયથી કોઈપણ પ્રકારે કોઈપણ જીવને પોતાનાથી કંઈપણ પીડા-બાધા ન ઉપજે, એવી સતત જાગ્રતિ આત્માર્થી જીવ રાખે.

"અનુબંધે આત્મા દૂભાય, જિનવરની ત્યાં નહિ આજ્ઞાય;
સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય.
સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે નહિં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ.
એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વિણુ ધર્મ સદા પ્રતિકૂળ.
તત્ત્વરૂપથી એ ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, **રાજચંદ્ર** કરુણાએ સિદ્ધ."

—**શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત મોક્ષમાળા**

વૃત્તિઃ-**परपीडा**—પર પીડા, પર બાધા, **इह**-અહીં, લોકમાં, **सूक्ष्मापि**-સૂક્ષ્મ પણ, મોટી તો દૂર રહો! શું! તો કે **वर्जनीया**-વર્જવા યોગ્ય છે, પરિત્યજવા યોગ્ય છે, **प्रयत्नतः** પ્રયત્નથી, સૂક્ષ્મ આભોગથી, **तद्वत्**-તેની જેમજ, પ્રયત્નથીજ, **तदुपकारेऽपि**-તેના ઉપકારમાં પણ, **यतितव्यं**-યત્ન કરવો યોગ્ય છે, અનુષ્ઠાન દ્વારાએ (આચરણવડે કરીને), **सदैव हि**-સદૈવ જ.

અને બીજા જીવોના ઉપકારમાં પણ મુમુક્ષુ જીવ **સદૈવ** યત્ન કરે. અન્ય જીવોનું આ લોકમાં ને પરલોકમાં જે રીતે હિત થાય એવા પ્રકારે તન-મન ધનથી પોતાથી બનતું બધુંય મુમુક્ષુ જીવ સદાય સક્રિય આચરણ દ્વારા કરી ચૂકે. આમ મુમુક્ષુ જોગીજન **પરમદયાળુ ને પરોપકારનો વ્યસની**-બંધાણી હોય.

તથા—

★

गुरवो देवता विप्रा यतयश्च तपोधनाः ।
पूजनीया महात्मानः सुप्रयत्नेन चेतसा ॥ १५१ ॥

ગુરુ દેવતા વિપ્ર ને, તપોધન યતિરાજ;
પૂજ્ય સુપ્રયત્ન ચિત્તથી, મહાત્માઓ સહુ આ જ. ૧૫૧

અર્થ:— ગુરુઓ, દેવતાઓ, વિપ્રો અને તપોધન યતિઓ-એ સર્વ મહાત્માઓ સુપ્રયત્નવાળા ચિત્તથી પૂજનીય છે-પૂજવા યોગ્ય છે.

વિવેચન

તેમજ-ગુરુઓ, દેવતા, દ્વિજો અને તપોધન યતિઓ,-એ સર્વ મહાત્માઓ સુપ્રયત્નત ચિત્તે યથાયોગ્યપણે પૂજનીય છે, પૂજવા યોગ્ય છે:- **ગુરુઓ** એટલે માતા, પિતા, કલાચાર્ય, એઓના જ્ઞાતિઓ-ભાઇ બ્હેન વગેરે, તથા ધર્મનો ઉપદેશ કરનારા વૃદ્ધો-જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ જનો. આ શિષ્ટ જનોને ઇષ્ટ એવો ગુરુવર્ગ છે. તેનું પૂજન આ આ પ્રકારે થાય :-(૧) ત્રણ સંધ્યા સમયે તેને નમનક્રિયા કરવી, અને તેવો અવસરજોગ ન હોય તો ચિત્તમાં તેને અત્યંતપણે આરોપીને નમનક્રિયા કરવી. (૨) તે આવે ત્યારે અભ્યુત્થાનાદિ કરવું, અર્થાત્ ઊઠીને સામા જવું, આસન દેવું, તે બેસે એટલે પર્યુપાસના કરવી, ઇત્યાદિ વિનય આચરણ કરવું; તેની સમીપમાં અપ્રગલ્ભપણે-અનુદ્ધતપણે બેસવું; અસ્થાને તેનું નામ ન લેવું; કવચિત્ પણ તેનો અવર્ણવાદ ન સાંભળવો. (૩) સારામાં સારા વસ્ત્રાદિનું તેને યથાશક્તિ નિવેદન-સમર્પણ કરવું, અને તેના હાથે સદા પરલોક ક્રિયાઓનું કરાવવું. (૪) તેને અનિષ્ટ એવા વ્યવહારોનો ત્યાગ કરવો, અને ઇષ્ટ એવા વ્યવહારોમાં પ્રવર્ત્તન કરવું, અને આ ધર્માદિને પીડા× ન ઉપજે એમ ઔચિત્યથી-ઉચિતપણે કરવું, અર્થાત્

ગુરુ-દેવાદિ પૂજન

વૃત્તિઃ-**गुरवो**-ગુરુઓ, માતઃ-પિતા પ્રમુખ, **देवता**-દેવતા, સામાન્યથી જ, **विप्रा**-વિપ્રો, દ્વિજો, **यतयश्च**-અને યતિઓ, પ્રવ્રજિતો, **तपोधनाः**-તપોધન, તપરૂપ ધનવાળા, **पूजनीयाः**-પૂજનીય છે, પૂજવા યોગ્ય છે, **महात्मानः**-મહાત્માઓ, એ સર્વેય, યથાર્હપણે-યથાયોગ્યપણે કેવી રીતે તો કે-**सुप्रयत्नेन चेतसा**-સુપ્રયત્નવંત ચિત્તથી, આજ્ઞાપ્રધાન ચિત્તથી, એમ અર્થ છે.

× " त्यागश्च तदनिष्टानां तदिष्टेषु प्रवर्त्तनम् । औचित्येन त्विदं ज्ञेयं प्राहुर्धर्माद्यपीडया ।।"
(આધાર માટે જુઓ) શ્રી યોગબિંદુ. શ્લો ૧૧૦-૧૧૫.

તેને અનિષ્ટથી નિવર્ત્તતાં અને ઇષ્ટમાં પ્રવર્ત્તતાં જો ધર્માદિ પુરુષાર્થને બાધા ઉપજતી હોય, તો તેમ ન કરતાં પુરુષાર્થ–આરાધનપરાયણ રહેવું. (૫) તેનો આસનાદિનો અભોગ કરવો, અર્થાત્ ગુરુના આસનાદિ વાપરવા નહિં. અને તેના દ્રવ્યનું તીર્થમાં નિયોજન કરવું, અર્થાત્ તીર્થક્ષેત્રમાં વાપરી નાંખવું, નહિં તો તે પોતે ગ્રહણ કરે તો તેના મરણાદિમાં અનુમતિનો પ્રસંગ આવે. (૬) તેમજ તેના પ્રતિબિમ્બની* સ્થાપનાનો ધૂપ–પુષ્પાદિ પૂજારૂપ સંસ્કાર કરવો. અને તેની પરમ–ઉત્કૃષ્ટ એવી ઊર્ધ્વદેહક્રિયા કરવી, મૃતકાર્ય કરવું.

પુષ્પોથી, બલિથી, વસ્ત્રોથી, અને શોભન સ્તોત્રોથી શૌચ–શ્રદ્ધા સમન્વિત એવું દેવોનું પૂજન કરવું. ઇત્યાદિ પ્રકારે યથાયોગ્યપણે ગુરુ–દેવની પૂજા કરવી.

વિપ્રો એટલે દ્વિજો–બ્રાહ્મણો. વિદ્યા વડે જે પ્રકૃષ્ટ છે, અર્થાત્ જે વિદ્યાના પ્રકર્ષને પામેલા છે તે **વિપ્ર**. બે વાર જેનો જન્મ થયો છે, અર્થાત્ એક તો સ્થૂલ દેહજન્મની અપેક્ષાએ અને બીજો સંસ્કારની અપેક્ષાએ એમ બે જન્મ જેના થયા છે તે **દ્વિજ**. બ્રહ્મને આત્મસ્વરૂપને જે જાણે છે, તે **બ્રાહ્મણ**. આવા વિદ્યાવંત, સંસ્કારસ્વામી, બ્રહ્મવેત્તા વિદ્વજ્જનોરૂપ દ્વિજો યથાયોગ્યપણે પૂજવા યોગ્ય છે, સન્માનવા યોગ્ય છે,

તેમજ તપોધન એવા યતિઓ પણ પૂજનીય છે. **યતિ** એટલે સંયમી પુરુષ, સાધુજન. જેણે મનનો ને ઇંદ્રિયોનો સંયમ કર્યો છે તે '**યતિ**' અથવા 'જતિ'. જે જીવરક્ષામાં ને ઇંદ્રિયનિગ્રહમાં યત્નવંત છે તે યતિ. તપ જેનું ધન છે તે તપોધન. અનશનાદિ બાહ્ય તપ, અને પ્રાયશ્ચિત્ત સ્વાધ્યાયાદિ આભ્યંતર તપ નિરંતર તપતા રહી તપરૂપ ધનની જેણે વૃદ્ધિ કરી છે, એવા તપોધન યતિઓ નિરંતર પરમાદરથી પૂજવા યોગ્ય છે.

આમ ગુરુઓ, દેવતાઓ, વિપ્રો, અને તપોધન યતિઓ—આ સર્વ મહાત્માઓ જેમ ઉચિત હોય તેમ યથાયોગ્યપણે પૂજવા યોગ્ય છે. અને તે પૂજના પણ **સુપ્રયત્નવંત ચિત્તથી** હોવી જોઇએ. અર્થાત્ તેના આજ્ઞાપાલનમાં તત્પર એવા **આજ્ઞાપ્રધાન ચિત્તથી** કરવી જોઇએ.

★

पापवत्स्वपि चात्यन्तं स्वकर्मनिहतेष्वलम् ।
अनुकम्पैव सत्त्वेषु न्याय्या धर्मोऽयमुत्तमः ॥ १५२ ॥

સ્વકર્મથી જ હણાયલા, પાપી પ્રતિ અત્યંત;
ન્યાય્ય અનુકંપા જ–આ, ઉત્તમ ધર્મ મહંત. ૧૫૨

વૃત્તિઃ—पापवत्स्वपि चात्यन्तं–અને અત્યંત પાપવંતો પ્રત્યે પણ, લુબ્ધક–શિકારી આદિ પ્રત્યે પણ, स्वकर्मनिहतेष्वलम्–અત્યંતપણે સ્વકર્મથી હણાયેલા એવા, अनुकम्पैव सत्त्वेषु–સત્ત્વો પ્રત્યે અનુકંપા જ, न्याय्या ન્યાય્ય છે,–નહિં કે મત્સર, धर्मोऽयमुत्तमः–આ ધર્મ ઉત્તમ છે,–કારણમાં કાર્યના ઉપચારથી.

* "तदासनाद्यभोगश्च तीर्थे तद्वित्तयोजनम् ।
तद्बिम्बन्यासंसंस्कार ऊर्ध्वदेहक्रिया परा ॥" — શ્રી યોગબિંદુ

અર્થ:—અને સ્વકર્મથી અત્યંત હણાયેલા એવા અત્યંત પાપવંત જીવો પ્રત્યે પણ અનુકંપા જ ન્યાય્ય છે,–આ ધર્મ ઉત્તમ છે.

વિવેચન

"**શાંતિનાથ** ભગવાન પ્રસિદ્ધ, **રાજચંદ્ર** કરુણાએ સિદ્ધ."–**શ્રીમદ્ રાજચંદ્રજી**

અને પોતાના જ કર્મોથી અત્યંત હણાયેલા એવા મહાપાપી જીવો પ્રત્યે પણ અનુકંપા જ ન્યાય્ય છે–આ **ધર્મ ઉત્તમ** છે.

મહાપાપી પ્રત્યે પણ દયા

મુમુક્ષુ જીવને સર્વ જીવ પ્રત્યે દયા–અનુકંપા હોય એમાં તો પૂછવું જ શું? પણ શિકારી, મચ્છીમાર વગેરે જેવા **મહાપાપી જીવો પ્રત્યે પણ** તે અનુકંપા જ રાખે અને એ જ ન્યાય્ય છે–ન્યાયયુક્ત છે. તેઓના પ્રત્યે ઘૃણા રાખવી કે તિરસ્કારની દૃષ્ટિથી જોવું એ યોગ્ય નથી, કારણ કે એ બિચારા પામર જીવો અજ્ઞાનના વશે કરીને મહા કુકર્મોમાં પડી ગયા છે, પતિત થયા છે, અને પોતાના દુષ્ટ કર્મોથી જ અત્યંત હણાઇ ગયેલા છે. એવા મરેલાને મારવું શું? 'પડતા ઉપર પાટુ' શી? એ બિચારા પાપી જીવો તો અત્યંત દયાનું, અનુકંપાનું જ સ્થાન છે. આ કુકર્મોથી આ જીવો બાપડા કેવી દુર્ગતિ પામશે? એ વિચારતાં મુમુક્ષુને તેના પ્રત્યે અનુકંપા જ છૂટે. અને તેથી પ્રેરિત થઇ પોતાનાથી બને તો તેમાંથી તેને નિવારવાનો પ્રયત્ન પણ કરે. આ જ ધર્મ ઉત્તમ છે.

> "તુલસી દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાન."—**તુલસીદાસજી**
>
> "પરહિત એ જ નિત હિત સમજવું, અને.
> પરદુઃખ એ પોતાનું દુઃખ સમજવું."
>
> "પ્રભુ ભજો, નીતિ સજો, પરઠો પરોપકાર."—**શ્રીમદ્ રાજચંદ્રજી**

આમ (૧) પરપીડાવર્જન, (૨) પરોપકાર વ્યસન, (૩) ગુરુદેવાદિપૂજન, (૪) પાપીની પણ અનુકંપા–આ **ધર્મ ઉત્તમ** છે. આ **મહત્ પુરુષોનો માર્ગ છે.** આ ઉત્તમ ધર્મ મહાજનોએ આચર્યો છે, ને દર્શાવ્યો છે, તેને જ અનુસરવું એ જ યથાન્યાય વર્ત્તન છે.

। इति महत्पुरुषमार्गाऽधिकारः ।

卐

ઉપસંહાર કરતાં કહે છે :—

> कृतमत्र प्रसंगेन प्रकृतं प्रस्तुमोऽधुना ।
> तत्पुनः पञ्चमी तावद्योगदृष्टिर्महोदया ॥ १५३ ॥

> સર્યું અત્ર પ્રસંગથી, હવે કહીએ પ્રસ્તુત;
> તે તો પંચમી યોગની, દૃષ્ટિ મહોદય યુક્ત. ૧૫૩

અર્થ :— અત્રે પ્રસંગથી બસ થયું. હવે અમે પ્રકૃત વાત પ્રસ્તુત કરીએ છીએ; અને તે પ્રકૃત તો પાંચમી મહોદયવંતી યોગદૃષ્ટિ છે.

વિવેચન

ઉપરમાં આ જે બધું ય કહ્યું તે પ્રસંગવશાત્ કહ્યું છે. તે માટે આટલું બસ છે! વધારે કહેવાની જરૂર નથી. શાણા તો સાનમાં સમજી જાય. એટલે સાચા મુમુક્ષુ વિચક્ષણ જનો આટલામાંથી બધું સમજી જશે, 'થોડું કહ્યું ઝાઝું કરી જાણશો.' એટલે હવે અમે પ્રકૃત—ચાલુ વાતનો પ્રસ્તાવ રજૂ કરીએ છીએ. અને તે પ્રસ્તુત વાત તો પાંચમી '**સ્થિરા**' નામની યોગદૃષ્ટિ છે. અને તે કેવી વિશિષ્ટ છે? તો કે **મહોદયવાળી** છે. માટે અહો મુમુક્ષુ જોગીજનો! સર્વ અભિનિવેશ છોડી દઈને ચાર દૃષ્ટિની મર્યાદા વટાવી જઈને, તમે હવે આ '**સુયશ**' અમૃત ઘનવૃષ્ટિ કરનારી પાંચમી '**સ્થિરા**' દૃષ્ટિ સંબંધી યોગ કથા ભાવથી એકચિત્તે શ્રવણ કરો!

> "અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ;
> તે લેશે હવે પાંચમીજી, **સુયશ** અમૃત ઘન વૃષ્ટિ....
> મનમોહન જિનજી! મીઠી તાહરી વાણ—"શ્રી યો. દ. સજ્ઝા ૪-૨૩

卐

વૃત્તિઃ-**कृतं**-પર્યાપ્ત થયું, બસ થયું, **अत्र**-અત્ર વ્યતિકરમાં, **प्रसंगेन**-પ્રસંગથી, **प्रकृतं प्रस्तुमोऽधुना**-હવે અમે પ્રકૃત (ચાલુ વાત) કહીએ છીએ, **तत्पुनः**-પુનઃ તે પ્રકૃત તો, **पञ्चमी तावद्योगदृष्टिः**-પાંચમી યોગદૃષ્ટિ-**સ્થિરા** નામની છે. તે કેવી વિશિષ્ટ છે? તે માટે કહ્યું-**महोदया**-મહોદયવાળી છે, નિર્વાણરૂપ પરમ ફલવાળી છે, એમ અર્થ છે.

દીપ્રાદૃષ્ટિનું કોષ્ટક : ૧૦

નામ	ચોથી દૃષ્ટિમાં	નોંધ
દર્શન	દીપપ્રભા સમબોધ	અવેદ્યસંવેદ્ય પદને લીધે બોધ સ્થૂલ-સૂક્ષ્મ નહિ.
યોગાંગ	ભાવ પ્રાણાયામ — રેચક, પૂરક, કુંભક	પરભાવને રેચ, આત્મભાવની પૂર્તિ ને સ્થિરતા.
દોષત્યાગ	ઉત્થાન દોષત્યાગ	પ્રશાંતવાહિતાને લીધે યોગમાં ઉત્થાનદોષ ન હોય.
ગુણપ્રાપ્તિ	તત્ત્વશ્રવણ	→ ધર્મશ્રવણ → બીજપ્રરોહ → ગુરુભક્તિ → તીર્થંકરદર્શન → નિર્વાણ.
વિશિષ્ટતા	અવેદ્યસંવેદ્ય પદ જય	← વિષમ કુતર્કગ્રહ નિવૃત્તિ.
ગુણસ્થાન	પહેલું ગુણસ્થાન	પહેલા 'ગુણસ્થાન'નો પ્રકર્ષ—છેલ્લામાં છેલ્લી હદ અહીં પ્રાપ્ત થાય.

★

દીપ્રા દૃષ્ટિનો સાર

ચોથી **દીપ્રા** દૃષ્ટિમાં તેના નામ પ્રમાણે દીપક સમાન બોધ પ્રકાશ હોય છે, અને યોગનું ચોથું અંગ **પ્રાણાયામ** પ્રાપ્ત થાય છે. તેમજ અત્રે **ઉત્થાન** નામના ચોથા ચિત્ત-દોષનો નાશ તથા **તત્ત્વશ્રવણ** નામના ચોથા ગુણની પ્રાપ્તિ હોય છે,—છતાં અત્રે હજુ સૂક્ષ્મ બોધ હોતો નથી.

અત્રે આ **પ્રાણાયામ** જે હોય છે, તે **ભાવથી** હોય છે. એટલે બાહ્ય ભાવને રેચ દેવારૂપ **રેચક** પ્રાણાયામ, અંતર્ભાવને પૂરવારૂપ **પૂરક** પ્રાણાયામ, અને તેને સ્થિરતા ગુણથી સ્થિર કરવારૂપ **કુંભક** પ્રાણાયામ,—એમ સ્વભાવરૂપ **ભાવ પ્રાણાયામ** હોય છે. આ દૃષ્ટિવાળો યોગી પુરુષ પ્રાણ કરતાં પણ ધર્મને નિઃસંશય ગુરુ—મોટો ગણે છે, એટલે તે ધર્મની ખાતર પ્રાણ છોડે, પણ પ્રાણસંકટ આવી પડયે પણ પ્રાણની ખાતર ધર્મ છોડતો નથી, એવો તે દૃઢધર્મા હોય છે.

આમ સદાશયવાળો તે મુમુક્ષુ **તત્ત્વશ્રવણ**માં તત્પર બની પ્રાણો કરતાં પણ પરમ એવા ધર્મને બલાત્કારે જ ભજે છે. જેમ ખારૂં પાણી છોડી મીઠા પાણીના યોગથી બીજ ઊગી નીકળે છે, તેમ તત્ત્વશ્રુતિથી નરને યોગબીજ ઊગી નીકળે છે-પ્રરોહ પામે છે; અહીં સર્વ સંસારયોગ છે તે ખારા પાણી બરાબર છે, અને તત્ત્વશ્રુતિ તે મધુર જલના જોગ સમાન છે. એથી કરીને આ તત્ત્વશ્રુતિથી મનુષ્યને સર્વ કલ્યાણ સાંપડે છે, કે જે ગુરુભક્તિના સુખથી યુક્ત અને બન્ને લોકમાં હિતાવહ એવું હોય છે. આ ગુરુભક્તિના પ્રભાવથી તીર્થંકરદર્શન કહ્યું છે, કે જે **સમાપત્તિ** આદિ ભેદથી નિર્વાણનું એક કારણ છે.

"તત્ત્વશ્રવણ મધુરોદકેજી, ઇહાં હોય બીજ પ્રરોહ;
ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુ ભક્તિ અદ્રોહ....મનમોહન૦"

છતાં અત્રે સૂક્ષ્મ બોધનો નિષેધ કહ્યો તેનું કારણ આ છે કે-સમકિત વિના તેવો બોધ હોતો નથી. તેવો બોધ **વેદ્યસંવેદ્ય પદ** થકી હોય છે, તે **અવેદ્યસંવેદ્ય પદ**માં જોવામાં આવતો નથી. વેદ્ય એટલે બંધ-મોક્ષહેતુરૂપ વેદનીય વસ્તુ, તે **વેદ્યસંવેદ્ય પદ** જ્યાં સંવેદાય છે તે વેદ્યસંવેદ્ય પદ છે; તેથી કરીને સમ્યક્ હેતુ આદિ ભેદથી વિદ્વત્સમાજમાં જે તત્ત્વનિર્ણય થાય છે તે સૂક્ષ્મબોધ કહેવાય છે. તેવો સૂક્ષ્મબોધ હજુ આ દૃષ્ટિમાં હોતો નથી, કારણ કે અહીં પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્ય પદ પ્રબળ હોય છે ને વેદ્યસંવેદ્ય પદ પંખીની છાયામાં જલચરની પ્રવૃત્તિ જેવું પડછાયારૂપ-તદાભાસરૂપ અતાત્ત્વિક હોય છે. અને અવેદ્યસંવેદ્ય પદ જે છે તે તો પરમાર્થથી અપદ જ છે, યોગીઓનું પદ તો **વેદ્યસંવેદ્ય પદ** જ છે. કારણ કે સ્ત્રી આદિ વેદ્યનું જ્યાં સમ્યક્ સંવેદન તથાપ્રકારની આગમથી વિશુદ્ધ એવી નિર્મલ અપ્રવૃત્તિ બુદ્ધિથી થાય છે, એવું તે પદ સમ્યક્ સ્થિતિવાળું હોઇ તે 'પદ' નામને બરાબર યોગ્ય છે. આવું આ વેદ્યસંવેદ્ય પદ ભિન્નગ્રંથિ, દેશવિરતિ આદિ લક્ષણવાળું છે. આ **નૈશ્ચયિક વેદ્યસંવેદ્ય પદ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને જ હોય** છે. અને તેના મહાપ્રભાવને લીધે, કર્મના અપરાધવશે કરીને પણ જો કવચિત્ પાપમાં પ્રવૃત્તિ થઇ જાય તો તે **તપ્તલોહપદન્યાસ** જેવી હોય, અર્થાત્ તપેલા લોઢા પર પગ મૂકતાં જેમ તરત પાછો ખેંચાઇ જાય છે, તેમ આ સમ્યગ્-દૃષ્ટિને પણ પાપ કરતાં તરત આંચકો લાગે છે, તેમાં ઝાઝી સ્થિતિ નથી, અને આ પાપ પ્રવૃત્તિ પણ છેલ્લી જ હોય છે. કારણ કે નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ પુરુષને **શ્રેણિક** મહારાજની જેમ પુનઃ દુર્ગતિનો યોગ હોતો નથી.

"તે પદ ગ્રંથિ વિભેદથીજી, છેલ્લી પાપ પ્રવૃત્તિ;
તપ્ત લોહપદ ધૃતિ સમીજી, તિહાં હોય અંત નિવૃત્તિ....મનમોહન૦"

તેનાથી વિપરીત તે **અવેદ્યસંવેદ્ય** પદ છે. અને વજ્ર જેવું અભેદ્ય તે પદ ભવાભિનંદી જીવને હોય છે. આ ભવાભિનંદી ક્ષુદ્ર, લોભી, દીન, મત્સરવંત, ભયાકુલ, શઠ,

અવેદ્યસંવેદ્ય પદ

અજ્ઞાની અને નિષ્ફલ આરંભથી સંગત એવો હોય છે. એવા અવગુણવંતનો બોધ અસત પરિણામથી અનુવિદ્ધ–પરોવાયેલો હોઇ વિષમિશ્રિત અન્ન જેમ સુંદર નથી હોતો. એટલે આ અવેદ્યસંવેદ્ય પદવાળા મનુષ્યો વિપર્યાસપરાયણ ને વર્તમાનદર્શી હોઇ હિતાહિતના વિવેકમાં અંધ હોય છે; એટલે સંસારનું પ્રગટ દુઃખમય સ્વરૂપ દેખતાં છતાં તેઓ અતિમોહને લીધે તેથી ઉદ્વેગ–કંટાળો પામતા નથી; અને ભોગમાં આસક્ત રહી આ જડ જનો પાપધૂલિથી આત્માને પાશ નાંખે છે–બાંધે છે. કર્મભૂમિને વિષે મનુષ્યપણારૂપ પરમ ધર્મબીજ પામીને પણ આ અલ્પમતિ જનો આ બીજની સત્કર્મરૂપ ખેતીમાં પ્રયત્ન કરતા નથી, પણ ગલ જેવા તુચ્છ ને દારુણ ઉદયવાળા કુસુખમાં સક્ત થઇ સત્ચેષ્ટા–સત્આચરણ છોડી દે છે! અહો! આવા આ દારુણ તમસ્‌ને ધિક્કાર છે! આવું આ અવેદ્યસંવેદ્ય પદ અંધપણારૂપ હોઇ દુર્ગતિમાં પાત કરનારું–પાડનારું છે, અને તે સત્સંગ–આગમ યોગવડે ધુરંધર મહાત્માઓથી જ આ જ ભૂમિકામાં જીતાવા યોગ્ય છે,–અન્ય સમયે જીતાવું અશકય છે.

"એવા અવગુણવંતનું જી, પદ જે અવેદ્ય કઠોર;
સાધુસંગ આગમ તણોજી, તે જીત્યો ધુરંધોર....મનમોહન૦"

અને આ અવેદ્યસંવેદ્ય પદ જીતાયું હોય છે ત્યારે મનુષ્યના **વિષમ કુતર્કગ્રહ** આપોઆપ નિયમથી ટળે છે. આ કુતર્ક બોધને રોગરૂપ છે, શમને અપાયરૂપ, છે શ્રદ્ધાનો ભંગ કરનાર અને અભિમાન ઉપજાવનાર છે. આમ કુતર્ક પ્રગટપણે ચિત્તનો અનેક પ્રકારે **ભાવશત્રુ** છે. એટલા માટે મુમુક્ષુઓને આવા દુષ્ટ કુતર્કમાં અભિનિવેશ–આગ્રહ કરવો યુકત નથી, પણ શ્રુતમાં, શીલમાં, સમાધિમાં અને પરોપકારમાં તે કરવો યુક્ત છે. તેમજ—

વિષમ કુતર્કગ્રહ નિવૃત્તિ

સર્વેય વિકલ્પો અવિદ્યાસંગત છે. અને તેઓની યોજનારૂપ આ કુતર્ક છે, તો એથી શું પ્રયોજન છે? વળી આ સર્વ કુતર્ક જાતિપ્રાય છે–દૂષણાભાસપ્રધાન છે, અને પ્રતીતિથી–ફલથી બાધિત છે. હાથી મારવા દોડતો હોય ત્યારે આ હાથી દૂર રહેલાને હણશે કે નિકટ રહેલાને હણશે? એવા મૂર્ખ વિકલ્પ જેવો આ કુતર્ક છે. ઈત્યાદિ અનેક પ્રકારના દોષ આ કુતર્કથી ઉપજે છે તેથી આવા દુષ્ટ અનિષ્ટ કુતર્કનું શું કામ છે?

અને વિચારવંત જીવોનો પ્રયાસ તો અતીન્દ્રિય અર્થની સિદ્ધિ અર્થે હોય છે, અને તે અતીન્દ્રિય અર્થ કદી શુષ્ક તર્કને ગોચર હોતો નથી, પણ આગમને જ ગોચર હોય છે એટલે આ આગમપ્રધાન, સત્શ્રાદ્ધ, શીલવાન્ એવો યોગતત્પર પુરુષ અતીન્દ્રિય અર્થોને જાણે છે, અને તેવા પ્રકારે મહામતિ **પતંજલિએ** પણ કહ્યું છે–'આગમથી, અનુમાનથી અને યોગાભ્યાસરસથી એમ પ્રજ્ઞાને ત્રણ પ્રકારે પ્રયોજતાં પુરુષ ઉત્તમ તત્ત્વને પામે છે.'

અને તત્ત્વથી ઘણા સર્વજ્ઞો ભિન્ન મતવાળા નથી, તેથી તેનો ભેદ માનવો તે તેના

અતિભક્તોનો મોહ છે. કારણ કે સર્વજ્ઞ નામનો જે કોઇ પારમાર્થિક જ છે, તે વ્યક્તિભેદ છતાં તત્ત્વથી સર્વત્ર એક જ છે. તેથી તેની સામાન્યથી જ જેટલાઓની પ્રતિપત્તિ–માન્યતા છે, તે સર્વેય તેને પામેલા છે એવી પરા ન્યાયગતિ છે. અને તેનો વિશેષ તો સંપૂર્ણપણે સર્વ અસર્વદર્શીઓથી જણાતો નથી, તેથી સામાન્યથી પણ એ સર્વજ્ઞને જે નિર્વ્યાજપણે–નિષ્કપટપણે તેના આજ્ઞાપાલનમાં તત્પર થઇ માનતા હોય, તે તેટલા અંશથી જ ધીમંતોને મન તુલ્ય જ છે,–એક રાજાના ઘણા સેવકોની જેમ. અત્રે બીજી યુક્તિ પણ છે:–દેવોની ભક્તિ બે પ્રકારની છે–**ચિત્ર અને અચિત્ર.** તેમાં જે સંસારી દેવો છે તેની ભક્તિ વિચિત્ર પ્રકારની છે, કારણ કે તેઓનું સ્વરૂપ વિચિત્ર પ્રકારનું છે, અને તે ભક્તિમાં મોહગર્ભપણાને લીધે પોતાના ઇષ્ટ દેવ પ્રત્યે રાગ અને અનિષ્ટ દેવ પ્રત્યે દ્વેષ હોય છે. પણ સંસારાતીત એવા પર મુક્ત તત્ત્વની જે ભક્તિ છે, તે અચિત્ર છે, અને તે સંમોહના અભાવને લીધે **શમસારા** જ–શમપ્રધાન જ હોય છે.

સર્વજ્ઞ તત્ત્વ અભેદ

"નહિં સર્વજ્ઞો જૂજૂઆજી, તેહના વળી દાસ;
ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ....મનમોહન૦"

તેમજ–સમાન અનુષ્ઠાનમાં પણ અભિસંધિ-આશય પ્રમાણે ભિન્ન ફળ હોય છે, અને તે જ આશય અહીં કૃષિકર્મમાં પાણીની પેઠે પરમ છે–પ્રધાન છે. આ આશય પણ રાગાદિની તરતમતા પ્રમાણે તથા બુદ્ધિ આદિ બોધના ભેદ પ્રમાણે અનેક પ્રકારના ભેદવાળો હોય છે, કારણકે બોધ ત્રણ પ્રકારનો હોય છે: (૧) બુદ્ધિ, (૨) જ્ઞાન, (૩) અસંમોહ. તે બોધથકી સર્વ કર્મોમાં ભેદ પડે છે. તેમાં ઇંદ્રિયાર્થનો આશ્રય કરે તે **બુદ્ધિ** છે, આગમપૂર્વક હોય તે **જ્ઞાન** છે, અને સદનુષ્ઠાન યુક્ત જે જ્ઞાન તે **અસંમોહ** છે. ક્રિયામાં આદર, પ્રીતિ, અવિઘ્ન, સંપત્તિપ્રાપ્તિ, જિજ્ઞાસા, તજ્જ્ઞ બુધજનની સેવા, અને તેમનો અનુગ્રહ– એ આ સદનુષ્ઠાનનું લક્ષણ છે. પ્રાણીઓના સર્વ કર્મો સામાન્યથી બુદ્ધિપૂર્વક હોય છે, અને વિપાકવિરસપણાને લીધે તે સંસારફલ આપનારા છે. કુલયોગીઓના જે કર્મ છે તે જ્ઞાનપૂર્વક હોય છે, અને તે અમૃત સમી શ્રુતશક્તિના સમાવેશથી અનુબંધફલપણા-થકી મુક્તિના અંગરૂપ હોય છે, અને અસંમોહથી ઉપજતા કર્મો એકાંત પરિશુદ્ધિથકી શીઘ્ર મોક્ષફળ આપનારા હોય છે; આ અસંમોહ કર્મ **ભવાતીત અર્થગામી** મુમુક્ષુઓને જ હોય છે.

બુદ્ધિ–જ્ઞાન–અસંમોહ

"બુદ્ધિ ક્રિયા ભવફલ દીએજી, જ્ઞાનક્રિયા શિવ અંગ;
અસંમોહ કિરિયા દીએજી, શીઘ્ર મુગતિફલ ચંગ....મનમોહન૦"

અહીં પ્રાકૃત ભાવોમાં–કારમી પુદ્ગલ રચનામાં જેનું ચિત્ત નિરુત્સુક છે, તે ભવ-

ભોગવિરક્ત જનો ભવાતીત અર્થગામી છે. તેઓનો **માર્ગ એક જ શમપરાયણ** એવો છે, અને અવસ્થાભેદનો ભેદ છતાં તે સાગર પરના તીરમાર્ગની જેમ એક જ છે, કારણ કે સંસારાતીત પર તત્ત્વ '**નિર્વાણ**' નામનું છે, તે શબ્દભેદ છતાં તત્ત્વથી નિયમથી એક જ છે. સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા, તથાતા આદિ શબ્દોથી અન્વર્થથી ઓળખાતું તે એક જ છે. કારણકે તેના લક્ષણના અવિસંવાદથી નિરાબાધ, નિરામય અને નિષ્ક્રિય એવું આ પરં તત્ત્વ જન્માદિના અયોગથી હોય છે. એટલે અસંમોહથી તત્ત્વથી આ નિર્વાણતત્ત્વ જાણવામાં આવ્યે, પ્રેક્ષાવંતોને તેની ભક્તિની બાબતમાં વિવાદ ઘટતો જ નથી. અને આ નિર્વાણ તત્ત્વ નિયમથી જ **સર્વજ્ઞપૂર્વક** સ્થિત છે. આ સર્વજ્ઞરૂપ ઋજુ માર્ગ નિર્વાણને નિકટમાં નિકટ માર્ગ છે, તો તે સર્વજ્ઞનો ભેદ કેમ હોય? અને તે ન હોય તો તેના ભક્તોનો ભેદ કેમ હોય?

મુમુક્ષુનો એક જ શમમાર્ગ

નિર્વાણ તત્ત્વ એક જ

" પુદ્ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન;
એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગ દીન....મન૦"

ત્યારે સ્હેજે શંકા થશે કે તો પછી તે સર્વજ્ઞોની દેશનાનો ભેદ કેમ છે? તેનું સમાધાન એમ છે કે શિષ્યના આનુગુણ્યથી–ગુણ થાય એવા અનુકૂળપણાથી તે ચિત્ર–નાના પ્રકારની છે. કારણ કે ભવરોગના આ ભિષગ્વરોએ જેને જે પ્રકારે બીજાધાન આદિનો સંભવ થાય તેને તેવા પ્રકારે ઉપદેશ દીધો છે. અથવા તો બીજું કારણ એમ છે કે એઓની દેશના એક છતાં શ્રોતાઓના વિભેદથી તેઓના અચિન્ત્ય પુણ્યસામર્થ્યને લીધે ચિત્ર ભાસે છે, અને તેનાથી તે સર્વનો યથાભવ્ય–યોગ્યતા પ્રમાણે ઉપકાર પણ થાય છે. અથવા તો તે તે દેશ–કાલાદિના નિયોગથી તે તે નયઅપેક્ષાવાળી ચિત્ર દેશના ઋષિઓ થકી જ પ્રવર્ત્તી છે, અને આ ઋષિદેશનાનું મૂલ પણ તત્ત્વથી સર્વજ્ઞ જ છે. એટલા માટે તે સર્વજ્ઞનો અભિપ્રાય જાણ્યા વિના તેનો પ્રતિક્ષેપ–વિરોધ કરવો યુક્ત નથી, કારણ કે તે પ્રતિક્ષેપ પરમ મહા અનર્થંકર છે. એટલે આ સર્વજ્ઞ વિષયમાં અંધ જેવા છદ્મસ્થોએ વાદવિવાદ કરવો યુક્ત નથી, માટે મિથ્યાભિમાન હેતુપણાને લીધે શુષ્ક તર્ક ગ્રહ મુમુક્ષુએ સર્વથા છોડી દેવા યોગ્ય જ છે. મુમુક્ષુને તો તત્ત્વથી સર્વત્ર ગ્રહ અયુક્ત છે. કારણ કે મુક્તિમાં પ્રાયે ધર્મો પણ છોડી દેવા પડે છે, તો પછી આ તુચ્છ શુષ્ક કુતર્ક ગ્રહથી શું?

દેશના ભિન્નતાનો ખુલાસો

કુતર્કગ્રહ ત્યાજ્ય

" ધર્મ ક્ષમાદિક પણ મટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ;
તો ઝઘડા ઝંઝા તણોજી, મુનિને કવણ અભ્યાસ?....મન૦"

તેથી મહત્ પુરુષોના માર્ગને સમ્યક્‌પણે આશ્રી વિચક્ષણોએ તેના અતિક્રમ રહિતપણે યથાન્યાય વર્ત્તવા યોગ્ય છે. તે **મહત્ પુરુષોનો માર્ગ** સામાન્યથી સંક્ષેપમાં આ છે :– (૧) અહીં સૂક્ષ્મ પણ પરપીડા પ્રયત્નથી વર્જવી, (૨) પરોપકારમાં સદૈવ યત્ન કરવો, (૩) ગુરુઓ, દેવતા, વિપ્રો, અને તપોધન યતિઓ–એ મહાત્માઓને સુપ્રયત્ન ચિત્તથી યથાયોગ્યપણે પૂજવા, (૪) પોતાના કર્મોથી જ અત્યંત હણાયેલા એવા મહાપાપી પ્રાણીઓ પ્રત્યે પણ અત્યંત અનુકંપા રાખવી,–નહીં કે મત્સર. આ ધર્મ ઉત્તમ છે.

ઇત્યાદિ ગુણગણ પ્રાપ્ત કરી, જે સર્વ કુતર્ક–અભિનિવેશ ત્યજી ચાર દૃષ્ટિ પામ્યો છે, તે હવે અમૃત ઘનવૃષ્ટિ સમી પાંચમી **સ્થિરા** દૃષ્ટિ પામશે.

"અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ;
તે લેશે હવે પાંચમીજી, સુયશ અમૃત ઘન વૃષ્ટિ.
....મનમોહન જિનજી! મીઠી તાહરી વાણ." **યો. દ. સજ્ઝાય**

卐

યોગદૃષ્ટિ કળશ કાવ્ય

: શાલિની :

દીપ્રામાંહી દીપ શા બોધ દીપે, દીપંતો તે ચિત્ત ઉત્થાન ઝીપે;
પ્રાણાયામે આત્મને તે ભરે છે, ને પ્રીતેથી તત્ત્વશ્રુતિ કરે છે. ૫૭

બાહિર્‌ભાવો રેચકે બ્હાર કાઢે, અંતર્‌ભાવો પૂરકે ગાઢ વાધે;
તેને યોગી કુંભકે સ્થિર ધારે, ભાવે પ્રાણાયામ તે આમ ત્યારે. ૫૮

પ્રાણાયામે પૂર્ણ તે એહ સ્થાને, પ્રાણોથીયે ધર્મ મોટો જ માને,
પ્રાણોને તે ધર્મ અર્થે ત્યજે છે, ના પ્રાણાર્થે ધર્મને તે ત્યજે છે. ૫૯

સુહૃદ્ સાચો એકલો ધર્મ થાયે, મૂઆની યે પાછળે જેહ જાયે;
બાકી બીજું તો બધુંયે બળે છે, કાયા સાથે ખાખમાંહી ભળે છે. ૬૦

આવી રૂડી ધર્મની ભાવનાથી, તત્ત્વશ્રુતિ તત્પરો થાય આથી;
પ્રાણોથીયે ધર્મ મોટો લહે છે, શર્ણ તેનું ભક્તિભાવે ગ્રહે છે. ૬૧

ખારૂં પાણી છોડી મીઠા જલેથી, આવે બીજે અંકુરા જે રીતેથી;
તેવી રીતે તત્ત્વશ્રુતિ પ્રભાવે, અંકુરા તો યોગના બીજ પાવે. ૬૨

ખારા પાણી તુલ્ય સંસાર પાણી, તત્ત્વશ્રુતિ મિષ્ટ વારિ સમાણી,
કલ્યાણો સૌ એ થકી સાંપડે છે, ગુરુભક્તિ સૌખ્ય લ્હાવો મળે છે. ૬૩

શ્રી સદ્‌ગુરુ ભક્તિ કેરા પ્રભાવે, તીર્થસ્વામી દર્શન પ્રાપ્ત થાવે;
ધ્યાને સ્પર્શી તે સમાપત્તિ ભાવે,–નિર્વાણે જે એક હેતુ ધરાવે. ૬૪

ઉપજાતિ

તોયે ન હોયે અહિં સૂક્ષ્મ બોધ, તે વેદ્યસંવેદ્ય પદે સુબોધ;
તે વેદ્યસંવેદ્ય ન અત્ર હોય, અવેદ્યસંવેદ્ય જ ઉગ્ર જોય. ૬૫
જે વેદ્યસંવેદ્ય પદે ઠરે છે, ભવાંબુધિ શીઘ્ર જ તે તરે છે;
ને વજ્ર તે કર્મરૂપી વિભેદે, સત્તત્ત્વથી જ્ઞેય સમગ્ર વેદે. ૬૬
આ વેદ્યસંવેદ્ય પદ પ્રભાવે, પાપે પ્રવૃત્તિ કદીયે ન થાવે;
ને કર્મદોષે યદિ તે પ્રવૃત્તિ, તો તપ્તલોહપદન્યાસ વૃત્તિ. ૬૭
જે વેદ્યસંવેદ્ય પદે વસે છે, સંવેગરંગે અતિ તે લસે છે;
તેથી જ છેલ્લી તસ પાપવૃત્તિ, ના દુર્ગતિની ફરીને પ્રવૃત્તિ. ૬૮
આ વેદ્યસંવેદ્ય તણા અભાવે, અવેદ્યસંવેદ્ય તણા જ ભાવે;
ન અત્ર તત્ત્વે કદી સૂક્ષ્મ બોધ, પરંતુ હોયે કંઇ સ્થૂલ બોધ. ૬૯
ના તત્ત્વથી તો 'પદ' છે અવેદ્ય, છે યોગીઓનું પદ એક વેદ્ય;
સમ્યક્ સ્થિતિથી 'પદ' તે જ સાચું, ને ગ્રંથિભેદાદિ સ્વરૂપ જાચું. ૭૦
અવેદ્ય તો છે વિપરીત તેથી, ભવાભિનંદી તસ પાત્ર એથી;
અસત્ પરિણામીં ન બોધ ચારુ, જ્યું વિષસંપૃક્ત ન અન્ન સારૂં. ૭૧
એથી વિપર્યાસીં અવેદ્યવંતા, હિતાહિતે હોય વિવેક અંધા;
આ લોક મીઠા પર કોણ દીઠા? એવું વિચારે જન મોહ મૂઠા. ૭૨
સંસાર જન્માદિથી દુઃખી દેખે, ઉદ્વેજતા તોય ન મોહ લેખે!
કુકૃત્ય તો કૃત્ય અકૃત્ય કૃત્ય, ભાસે-સ્વ પાશે કરી તે કુકૃત્ય. ૭૩
લૈ કર્મભોમે નર ધર્મબીજ, સત્ કર્મ ખેતી મૂઢ ના કરે જ;
દારુણ કૂડા કુસુખે જ રાચી, ચેષ્ટા ત્યજે તે જડ સર્વ સાચી. ૭૪
અવેદ્ય આ અંધપણું નઠારું, છે દુર્ગતિમાંહિ જ પાડનારૂં;
તે તો જીતે આ જ સુદૃષ્ટિ યોગે, સત્સંગ સત્ આગમના સુયોગે. ૭૫
ને આ જીતાતાં નિયમે નકી જ, સ્વતઃ નરોનો અતિ તત્ત્વથી જ;
કુતર્ક ગ્રાહો વસમો ટળે છે, જે જીવને તો ગ્રહ શો નડે છે. ૭૬
આ રોગ બોધે, શમહાણુકારી, શ્રદ્ધાપહારી અભિમાનકારી;
કુતર્ક પ્રત્યક્ષ અનેક રીતે, છે ચિત્તનો ભાવરિપુ જ નિત્યે. ૭૭
તેથી કુતર્કે ગ્રહ ના જ યુક્ત, સમાધિ ને શીલ શ્રુતે સુયુક્ત;
પરોપકારે પણ સુવિશુદ્ધ,-જે યોગીને બીજ અવંધ્ય સિદ્ધ. ૭૮
મુમુક્ષુ તો શ્રાદ્ધ શ્રુતપ્રધાન, થૈ યોગમાં તત્પર શીલવાન;
પદાર્થ અતીન્દ્રિય અત્ર જાણે, પ્રજ્ઞાબલે ઉત્તમ તત્ત્વ પામે. ૭૯

ઇંદ્રવંશા (વંશસ્થ)

સર્વજ્ઞ ઝાઝા નથી ભિન્ન તત્ત્વથી, તદ્‌ભેદ માને અતિભક્ત મોહથી;
સર્વજ્ઞ જે કોઇ ખરેખરો જ છે, તે વ્યક્તિ ભેદે પણ એક સર્વ છે. ૮૦
તેને જ સામાન્યથી જેહ માનતા, ધીમંતને તે સહુની સમાનતા;
જ્યું એક રાજાશ્રિત સેવકો બહુ, નિયુક્તિ ભેદે પણ ભૃત્ય તે સહુ. ૮૧
સર્વજ્ઞ સત્ તત્ત્વ તણા અભેદથી, સર્વજ્ઞવાદીમહિં ભેદ તો નથી;
ઉપાસ્ય જો એક ઉપાસકો મહીં, આચાર ભેદે પણ ભિન્નતા નહિં. ૮૨
સર્વેથ સર્વજ્ઞ મહાત્મનો ખરે ! તેથી નથી તત્ત્વથી ભેદ આખરે;
નામાદિનું ભિન્નપણું ભલે હવું, સમ્યક્ મહાત્મા જન એહ ભાવવું. ૮૩

શાલિની

ચિત્રાચિત્રા ભક્તિ જે દેવ કેરી, સત્‌શાસ્ત્રોમાં યોગના વર્ણવેલી;
તેથીયે આ વસ્તુ તો પુષ્ટિ પાવે, સર્વજ્ઞોની એકતા સિદ્ધ થાવે. ૮૪
જે સંસારી દેવકાયે જનારા, તે સંસારી દેવમાં ભક્તિ ધારા;
જે સંસારાતીત અર્થે જનારા, તે તો તેહી તત્ત્વમાં ભક્તિકારા. ૮૫
તે સંસારી દેવની ભકિત ચિત્ર, તેના રાગે અન્ય દ્વેષે સહિત,
ને સંસારાતીત તત્ત્વે અચિત્ર, ભક્તિ સર્વે શંમસારા પવિત્ર. ૮૬
તે સંસારી દેવના સ્થાન ચિત્ર, સ્થિતિ આદિ સૌ પ્રકારે વિચિત્ર;
તેથી તેનો સાધનોપાય ચિત્ર, રસ્તો જૂદા પુરનો ના અચિત્ર. ૮૭
કાર્યે એકે આશયોનો વિભેદ, તેથી તેવો તત્ ફલોનોય ભેદ;
હોયે હેતુ આશયો મુખ્ય આંહી, જેવી રીતે પાણી તો ખેતીમાંહિ. ૮૮
ભોક્તા નાના તત્ ફલો એહ ઠામે, તે લોકોના આશયો ભેદ પામે;
રાગાદિના તારતમ્ય પ્રમાણે, ને બુદ્ધયાદિ બોધભેદ પ્રમાણે. ૮૯
બુદ્ધિ જ્ઞાને ને અસંમોહદ્વારા, ભાખ્યા શાસ્ત્રે બોધના ત્રિપ્રકારા;
તેના ભેદે સર્વ પ્રાણીગણોના, કર્મો સર્વે પામતા ભેદ નાના. ૯૦
ઇંદ્રિયાર્થો બુદ્ધિ તો આશ્રનારી, હોયે અત્રે જ્ઞાન શાસ્ત્રાનુસારી;
ને સત્ ક્રિયા યુક્ત જે જ્ઞાન આમ, તેને આપ્યું છે 'અસંમોહ' નામ.
ક્રિયા પ્રત્યે આદર પ્રીતિ ભારી, નિર્વિઘ્ન શ્રી સંપદાલબ્ધિ સારી;
જિજ્ઞાસા ને તજ્જ્ઞ સેવા સુજાણો ! સત્‌ક્રિયાનાં લક્ષણો એહ જાણો. ૯૨
બુદ્ધિપૂર્વ પ્રાણીના કર્મ સર્વ, તે તો સંસારી ફલો દે જ સર્વ;
શાસ્ત્રાનુસારીપણું નો'ય જ્યાંહિ, વિપાકે તે વિરસા હોય આંહિ. ૯૩

ને કર્મો જે જ્ઞાનપૂર્વા જુઓને! તે મુક્ત્યંગા કુલયોગી જનોને;
સુધા જેવી શ્રુતશક્તિ પ્રભાવે, સાનુબંધી સત્ફલો તે જ પાવે. ૯૪

કર્મો હોયે જે અસંમોહજન્ય, તે તો આપે શીઘ્ર નિર્વાણ ધન્ય;
જે સંસારાતીત તત્ તત્ત્વગામી, તે એકાંતે શુદ્ધિથી સિદ્ધિ સ્વામી. ૯૫

જેનું ચિત્ત પ્રાકૃતાર્થે ન સક્ત, જે સંસારી ભોગ પ્રત્યે વિરક્ત;
એવા જીવન્મુક્ત જે આત્મરામી, તે સંસારાતીત તત્ તત્ત્વગામી. ૯૬

એવા તે સંતો તણો માર્ગ એક, 'संतिमग्गो' શંમનિષ્ઠો જ છેક;
હોયે ઝાઝા તદ્ દશા ભેદ તોયે, અબ્ધિમાં જ્યું તીરનો માર્ગ હોયે. ૯૭

તે સંસારાતીત તત્ત્વં પરં તે, છે નિર્વાણં નામ સંજ્ઞાધરં તે;
તે તો નિશ્ચે તત્ત્વથી એક હોયે, સિદ્ધાત્માદિ શબ્દભેદો છતાંયે. ૯૮

આ નિર્વાણ તત્ત્વને તત્ત્વથી જ, સમ્યક્ જાણ્યે એ અસંમોહથી જ;
તેની ભક્તિમાં વિવેકી જનોને, વિવાદો તો ના ઘટે રે! જુઓને! ૯૯

ને નિર્વાણ હોય સર્વજ્ઞપૂર્વ, મુક્તો પૂર્વે હોય સર્વજ્ઞ સર્વ;
આ સર્વજ્ઞ ઋજુ નિર્વાણમાર્ગ, તેથી તેનો કેમ રે! હોય ભેદ? ૧૦૦

સર્વજ્ઞોની દેશના ચિત્ર જેહ, કલ્યાણાર્થે શિષ્યના ઉક્ત તેહ;
જેને ઊગે બોધબીજાદિ જેમ, તેને બોધ્યું જન્મવૈદ્યે જ તેમ. ૧૦૧

શ્રોતાભેદે દેશના એક તોયે, ચિત્રા ભાસે! પુણ્ય સામર્થ્ય જો એ!
સૌ ભવ્યોનો તેથી ઉપકાર હોયે, ને આ રીતે તદ્ અવંધ્યત્વ સ્હોયે. ૧૦૨

વા ઋષિની દેશના ચિત્ર હોયે, તે તો કાલાદિ અપેક્ષા જ જોયે;
ને તેનુંયે મૂલ સર્વજ્ઞ જાણો, સર્વજ્ઞવાક્ સિંધુ બિન્દુ પ્રમાણો. ૧૦૩

વિના જાણ્યે આશયો તાસ આંહિ, તેનો પ્રત્યાક્ષેપ તો યુક્ત નાંહિ;
આર્યોનો દુર્વાદ ભાખે કદી કો, તે તો જિહ્વાછેદથી છે અધિકો. ૧૦૪

સર્વજ્ઞાદિ આ અતીંદ્રિય હોયે, વિના યોગીજ્ઞાન નિર્ણીત નો'યે;
એથી અત્રે અંધ જેવા જનોના, વિવાદોનું કામ કાંઈ જ છે ના. ૧૦૫

અનુષ્ટુપ્

શુષ્ક તર્ક તણો તેથી, ગ્રહ રૌદ્ર મહા અતિ;
મિથ્યાભિમાનનો હેતુ, ત્યજે મુમુક્ષુ સન્મતિ. ૧૦૬

તત્ત્વથી ગ્રહ સર્વત્ર, મુમુક્ષુને ઘટે નહિં;
ધર્મોય મુક્તિમાં ત્યાજ્ય, તો આ ગ્રહથી શું અહિં? ૧૦૭

વૈતાલીય

અહિં આત્મ જ એક શાશ્વતો, તસ છે ધર્મ જ એક શાશ્વતો;
ભજી ધર્મ જ તે સનાતનો, જન યોગી પદ લે સનાતનો. ૧૦૮

મત દર્શન આગ્રહો ત્યજી, પથ સત્ સંત મહંતનો ભજી;
સત ભક્તિપરાયણા થવું, અનુકંપામય ચિત્ત ધારવું. ૧૦૯

પરપીડન સૂક્ષ્મ વર્જવું, ઉપકારે નિત ચિત્ત અર્પવું;
પૂજવા ગુરુ આદિ સાદરા, થવું પાપી પ્રતિયે દયાપરા. ૧૧૦

વિષ આગ્રહનું જ વામશે, સમકિતામૃત તેહ પામશે;
મનનંદન ધામ જામશે, **ભગવાનૂદાસ** અમૃતત્વ પામશે. ૧૧૧

॥ इति महर्षिश्रीहरिभद्राचार्यविरचिते किरत्चंद्रसूनुमनःसुखनंदनेन भगवानदासेन *सुमनोनंदनी-बृहट्टीकानामकविवेचनेन सप्रपञ्चं विवेचिते श्रीयोगदृष्टिसमुच्चयशास्त्रे चतुर्थी दीप्रादृष्टिः ॥

* આ મત્કૃત વિવેચનનું આ 'સુમનોનંદની' બૃહત્ ટીકા' નામ રાખ્યું છે.—
ભગવાનદાસ ('મનોનંદન')

૫

સ્થિરા દૃષ્ટિ

એમ સપ્રપંચ ચોથી દૃષ્ટિ કહી, પાંચમી કહી દેખાડવા માટે કહે છે—

> स्थिरायां दर्शनं नित्यं प्रत्याहारवदेव च ।
> कृत्यमभ्रान्तमनघं सूक्ष्मबोधसमन्वितम् ॥ १५४ ॥

> **દર્શન નિત્ય સ્થિરામહીં, પ્રત્યાહારથી યુક્ત;**
> **કૃત્ય અભ્રાંત અદોષ ને, સૂક્ષ્મ બોધ સંયુક્ત. ૧૫૪.**

અર્થ:—સ્થિરા દૃષ્ટિમાં દર્શન નિત્ય અને પ્રત્યાહારવાળું જ હોય છે; તથા કૃત્ય અભ્રાંત, અનઘ (નિર્દોષ), ને સૂક્ષ્મબોધ સંયુક્ત એવું હોય છે.

વિવેચન

> "દૃષ્ટિ થિરામાંહિ દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે;
> ભ્રાંતિ નહિં વળી બોધ તે સૂક્ષમ, પ્રત્યાહાર વખાણો રે.
> તે ગુણ **વીર** તણો ન વિસારૂં." **શ્રી યો. દ. સજ્ઝાય. ૬–૧.**

સ્થિરા નામની પાંચમી યોગદૃષ્ટિમાં–નિરતિચાર એવીમાં દર્શન નિત્ય–અપ્રતિપાતી હોય છે, અને સાતિચારમાં અનિત્ય પણ હોય છે; અને તે દર્શન **પ્રત્યાહારથી** યુક્ત એવું

વૃત્તિઃ—स्थिरायां–સ્થિરા દૃષ્ટિમાં, दर्शनं–દર્શન, બોધલક્ષણવાળું, नित्यं–નિત્ય, અપ્રતિપાતી,–નિરતિચાર એવી દૃષ્ટિમાં; અને સાતિચારમાં તો,–જેનો નયનપટલનો (આંખના પડદાનો) ઉપદ્રવ પ્રક્ષીણ છે તેને તેના ઉત્કોપાદિના અનવબોધ જેવું,–અનિત્ય પણ હોય છે,–તેવા પ્રકારના અતિચારના ભાવને લીધે. રત્નપ્રભામાં પણ ધૂલિ આદિનો ઉપદ્રવ હોય છે. प्रत्याहारवदेव च–અને પ્રત્યાહારવાળું જ. स्वविषयासंप्रयोगे स्वचित्तस्वरूपानुकारी चेन्द्रियाणां प्रत्याहारः—સ્વવિષયના અસંપ્રયોગે સ્વચિત્તસ્વરૂપનો અનુકારી એવો ઇંદ્રિયોનો પ્રત્યાહાર, તેનાથી યુક્ત એવું આ દર્શન છે. कृत्यम्–કૃત્ય, વંદનાદિ ક્રિયા, अभ्रान्तं–અભ્રાંત,–ક્રમને અધિકૃત કરીને–આશ્રીને, એટલા માટે જ अनघं–અનઘ, નિષ્પાપ–નિર્દોષ,–અનતિચારપણાને લીધે. એને જ વિશેષણ આપે છે. सूक्ष्मबोधसमन्वितम्–સૂક્ષ્મબોધ સંયુક્ત,–ગ્રંથિભેદ થકી વેદ્યસંવેદ્યપદની ઉપપત્તિને લીધે.

હોય છે. તથા અત્રે વંદનાદિ ક્રિયા ક્રમની અપેક્ષાએ અભ્રાંત, નિર્દોષ-નિરતિચાર હોય છે; અને એટલે જ તે સૂક્ષ્મબોધ સહિત એવી હોય છે. કારણ કે ગ્રંથિભેદથી અહીં **વેદ્ય-સંવેદ્યપદની** પ્રાપ્તિ હોય છે. આમ આગળ કહેલા ક્રમ પ્રમાણે અહીં પાંચમી દૃષ્ટિમાં-(૧) દર્શન રત્નપ્રભા સમાન હોય છે, (૨) યોગનું પાંચમું અંગ પ્રત્યાહાર સાંપડે છે, (૩) **ભ્રાંતિ** નામનો પાંચમો ચિત્તદોષ નષ્ટ થાય છે, (૪) **બોધ** નામનો પાંચમો ગુણ પ્રગટે છે.

નિત્ય દર્શન: રત્નપ્રભા સમ

સ્થિરા દૃષ્ટિ બે પ્રકારે છે-(૧) **નિરતિચાર**, (૨) **સાતિચાર**. નિરતિચાર દૃષ્ટિમાં જે દર્શન થાય છે તે નિત્ય-અપ્રતિપાતી હોય છે, જેમ છે તેમ અવસ્થિત રહે છે; અને સાતિચારમાં જે દર્શન થાય છે, તે અનિત્ય પણ હોય છે,-ન્યૂનાધિક થયા કરે છે, જેમ છે તેમ અવસ્થિત રહેતું નથી.

આ દૃષ્ટિના દર્શન-બોધને **રત્નપ્રભાની ઉપમા** છાજે છે, કારણ કે રત્નની પ્રભા દીપપ્રભા કરતાં અધિક હોય તેમ આ દૃષ્ટિનો બોધ ચોથી **દીપ્રા** દૃષ્ટિ કરતાં ઘણો વધારે હોય છે. દીપકની પ્રભા તેલ વગેરે બાહ્ય કારણોને અવલંબીને હોય છે, જ્યાં લગી તેલ હોય ત્યાં સુધી દીપક પ્રકાશે છે, એટલે તે અસ્થિર હોય છે, પણ રત્નની પ્રભા તેવા બાહ્ય કારણોને અવલંબતી નથી, તે તો સ્વાવલંબી છે, એટલે તે સ્થિર રહે છે-કદી નાશ પામતી નથી. તેમ આ દૃષ્ટિનો બોધ આત્માવલંબી છે, પર કારણને અપેક્ષતો નથી-પરાવલંબી નથી, અપરોક્ષ છે, અને આમ આ બોધ આત્માલંબી પ્રત્યક્ષ **આત્માનુભવરૂપ** હોવાથી **સ્થિર** રહે છે, કદી નાશ પામતો નથી. તેમાં-(૧) **નિરતિચાર સ્થિરા** દૃષ્ટિનો બોધ નિર્મલ રત્નપ્રભા જેવો હોઇ, નિર્મલપણાએ કરીને નિત્ય-સદા સ્થિર એકરૂપ હોય છે, અપ્રતિપાતી હોય છે, જેવો છે તેવો અવસ્થિત રહે છે. અને (૨) **સાતિચાર સ્થિરા** દૃષ્ટિનો બોધ સમલ રત્નપ્રભા જેવો હોઇ, અતિચારરૂપ સમલપણાને લીધે અનિત્ય-અસ્થિર હોય છે, સદા એકરૂપ રહેતો નથી, મલાપગમ પ્રમાણે ન્યૂનાધિક થયા કરે છે. રત્ન ઉપર જેમ ધૂલ વગેરે ઉપદ્રવ સંભવે છે, અને તે ધૂલ વગેરેને લીધે તેની પ્રભા પણ અસ્થિર આંદોલનવાળી હોય છે-ન્યૂનાધિક ઝાંખી વધારે થાય છે, પણ મૂલથી નષ્ટ થતી નથી એટલે સ્થિર રહે છે; તેમ આ દૃષ્ટિનો બોધ અતિચારરૂપ મલને લીધે અસ્થિર આંદોલન-વાળો-અનિત્ય હોય છે, ક્ષયોપશમ પ્રમાણે ન્યૂનાધિક થયા કરે છે, પણ મૂલથી નષ્ટ થતો નથી, એટલે સ્થિર રહે છે.

'રત્નપ્રભા સમ જાણો રે'

જેમ કોઇની આંખ ઊઠી હોય ને તે મટવા આવી હોય, તેને તેના ઉત્કોપ આદિની અસર માલૂમ પડતી નથી, તેની આંખ હવે ખૂબ લાલઘૂમ દેખાતી નથી, તેને પીડા પણ

થતી નથી, છતાં હજુ કંઈક વિકારની અસરથી તે આંખ મટમટાવ્યા કરે છે, ને વચ્ચે વચ્ચે ઝાંખું ઝાંખું દેખે છે; તેમ સાતિચાર દૃષ્ટિવાળાનો દૃષ્ટિરોગ મટવા આવ્યો છે, એટલે તેને તેના ઉત્કોપ આદિની અસર માલૂમ પડતી નથી, દૃષ્ટિરાગ પણ દેખાતો નથી, અને તજ્જન્ય પીડા પણ થતી નથી, છતાં હજુ કંઈ અતિચારરૂપ વિકારને લીધે દર્શનમાં ક્ષયોપશમ થયા કરે છે, વધઘટ થયા કરે છે. આમ સાતિચાર સ્થિરા દૃષ્ટિમાં દર્શનની ન્યૂનાધિકતારૂપ અસ્થિરતા,—અનિત્યતા નીપજે છે.—છતાં આ '**સ્થિરા**' દૃષ્ટિ તો એના નામ પ્રમાણે સ્થિર જ રહે છે, **અપ્રતિપાતી જ** હોય છે, આવ્યા પછી કદી પડતી નથી, એ પૂર્વોક્ત નિયમ તો કાયમ રહે છે. કારણ કે પ્રારંભમાં કહેવામાં આવ્યું હતું કે સ્થિરા આદિ છેલ્લી ચાર દૃષ્ટિ અપ્રતિપાતી છે. આમ આ સ્થિરા દૃષ્ટિ અપ્રતિપાતી છે, છતાં તેમાં—નિરતિચારમાં પ્રાપ્ત થતું દર્શન કઈ રીતે નિત્ય—અપ્રતિપાતી છે અને સાતિચારમાં પ્રાપ્ત થતું દર્શન કઈ રીતે અનિત્ય—પ્રતિપાતી પણ છે, એનો આશય ઉપરમાં વિવરવામાં આવ્યું છે તે ઉપરથી સ્પષ્ટ થઈ જશે.

દૃષ્ટિરોગ નષ્ટ

આ દૃષ્ટિમાં થતું **દર્શન**, નેત્રરોગ દૂર થતાં ઉપજતા દર્શન જેવું છે. જેમ આંખનો રોગ મટી જતાં—આંખનું પડળ ખસી જતાં, તત્કાળ પદાર્થનું યથાર્થ દર્શન થાય છે; તેમ અત્રે આ દૃષ્ટિમાં અનાદિ મોહસંતાનથી ઉપજેલો દેહ—આત્માની ઐક્યબુદ્ધિરૂપ દૃષ્ટિરોગ દૂર થતાં ને **દર્શનમોહનો** પડદો હઠી જતાં, તત્ક્ષણ જ પ્રતિબુદ્ધ થયેલા જીવને પદાર્થનું સમ્યગ્ દર્શન થાય છે. એટલે આ સાક્ષાત્ દ્રષ્ટા એવા સમ્યગ્દૃષ્ટિ પુરુષને સ્વપર પદાર્થના વિવેકરૂપ **ભેદજ્ઞાન** પ્રગટે છે, અને તે સમજે છે કે—'હું એક શુદ્ધ દર્શન—જ્ઞાનમય અને સદા અરૂપી એવો આત્મા છું. અન્ય કંઈ પણ પરમાણું માત્ર પણ મ્હારું નથી.' (જુઓ પૃ. ૬૮)

'રત્નદીપક અતિ દીપતો હો લાલ'

આ દર્શન—બોધને **રત્નદીપકની ઉપમા** બરાબર બંધ બેસે છે. કારણ કે (૧) રત્નપ્રદીપથી જેમ શાંત પ્રકાશ પથરાય છે ને અંધકાર વિખરાય છે, તેમ અત્રે **સમ્યગ્‌દર્શનરૂપ રત્નપ્રદીપ** મનમંદિરમાં પ્રગટતાં પરમ શાંતિમય અનુભવ પ્રકાશ પ્રકાશે છે, મોહ અંધકાર વિલય પામે છે, '**મિટે તો મોહ અંધાર.**' (૨) રત્નપ્રદીપમાં જેમ ધૂમાડાની રેખા હોતી નથી ને ચિત્રામણ ચળતું નથી, તેમ સમ્યગ્દર્શન રત્ન જ્યારે '**અનુભવ—તેજે ઝળહળે**' છે, ત્યારે કષાયરૂપ ધૂમાડાની રેખા પણ દેખાતી નથી, '**ધૂમ કષાય ન રેખ**' અને ચારિત્રરૂપ ચિત્રામણ ચળતું નથી. '**ચરણ ચિત્રામણ નવિ ચળે હો લાલ.**' (૩) રત્નદીપ બીજા દીવાની પેઠે પાત્ર નીચે કરતું નથી, '**પાત્ર કરે નહિં હેઠ,**' તેમ આ સમ્યગ્દર્શન રત્ન તેના પાત્રને અધઃ—નીચે કરતું નથી, અર્થાત્ તેનું પાત્ર અધોગતિને પામતું નથી. (૪) રત્નદીપ તો કદાચ સૂર્યના તેજમાં છૂપાઈ જાય, પણ સમ્યગ્દર્શન રત્નનું તેજ તો સૂર્યતેજથી છૂપાતું નથી. (૫) રત્નદીપનું

તેજ તો સ્થિર–જેમ છે તેમ અવસ્થિત રહે છે, પણ **'સર્વ તેજનું તેજ'** એવું આ સમ્યગ્દર્શનરત્નનું તેજ તો અનુભવપ્રયોગની બળવત્તરતાથી પહેલાં કરતાં પાછળથી વધતું જાય છે. (૬) રત્નદીપક જેમ પવનથી ઓલવાતો નથી અને ચંચલતા–અસ્થિરતા પામતો નથી, તેમ આ સમ્યગ્દર્શનરૂપ રત્નદીપ મોહરૂપ વાયુને ગમ્ય નથી કે તેથી ચંચલતા–અસ્થિરતા પામતો નથી. 'ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહિં તે સ્થિરતાનો અંત જો.' (જુઓ ફૂટનોટ પૃ. ૬૮). (૭) રત્નદીપક સદા રમ્ય–સુંદર દેખાય છે અને ક્ષીણ–કૃશ થતો નથી, તેમ આ સમ્યગ્દર્શનરૂપ રત્નદીપ સદા રમણીય–સુંદર દેખાય છે, તથા **'પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ'**–પુષ્ટ ગુણે કરીને કદી પણ કૃશ–ક્ષીણ થતો નથી, દૂબળો પડતો નથી, પણ આત્મધર્મની ઉત્તરોત્તર પુષ્ટિથી નિરંતર પુષ્ટ જ થયા કરે છે. (૮) રત્નદીપકમાં જેમ તેલ નાંખવું પડતું નથી તથા 'દશા' અર્થાત્ વાટ બળતી નથી, તેમ આ સમ્યગ્દર્શનરૂપ રત્નદીવામાં પુદ્ગલરૂપ તેલ નાંખવું પડતું નથી, અર્થાત્ પરભાવનું આલંબન હોતું નથી, તથા શુદ્ધ આત્મદશા બળતી નથી, **'જેહ ન શુદ્ધ દશા દહે હો લાલ,'** અર્થાત્ શુદ્ધ આત્મભાવમાં સ્થિતિ રહે છે.–રત્નદીપકના રૂપક પરથી ફલિત થતો આ સર્વ ચમત્કારિક ભાવ કવિવર **યશોવિજયજી**એ પોતાના આ અમર કાવ્યમાં અદ્ભુત રીતે સંગીત કર્યો છેઃ—

' સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ ! રત્નદીપક અતિ દીપતો હો લાલ;
સા૦ મુજ મનમંદિરમાંહી, આવે જો અરિબલ ઝીપતો હો લાલ.'' ઇ. (જુઓ પૃ. ૬૯)

તેમજ–રત્નના પ્રકાશની જેમ આ દૃષ્ટિનો બોધ પણ (૧) અપ્રતિપાતી, (૨) પ્રવર્દ્ધમાન, (૩) નિરપાય, (૪) અન્યને અપરિતાપહેતુ, (૫) પરિતોષહેતુ, (૬) પરિજ્ઞાન આદિનું જન્મસ્થાન, (૭) પરમ મંગલરૂપ હોય છે. (સ્પષ્ટીકરણ માટે જુઓ પૃ. ૬૯–૭૦). ઇત્યાદિ અનેક પ્રકારે રત્નપ્રભા સાથે આ **સ્થિરા** દૃષ્ટિના દર્શનનું–બોધનું સમાનધર્મપણું છે, સરખાપણું ઘટાવી શકાય છે. આ ઉપમાને જેમ જેમ વિશેષ વિચારીએ તેમ તેમ તેમાંથી ઓર ને ઓર ચમત્કૃતિ ભાસે છે, ને જ્ઞાનીની વાણીની પરમ અદ્ભુતતાની પ્રતીતિ કરાવી બહુમાન ઉપજાવે છે. અત્રે સંક્ષેપમાં તેનું દિગ્દર્શન કર્યું છે. સ્વમતિથી વિશેષ વિચારવું.

યોગનું પાંચમું અંગ–પ્રત્યાહાર

"વિષય વિકારે ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે.''—યો. સજ્ઝાય, ૬–૪.

યોગનું ચોથું અંગ પ્રાણાયામ ચોથી દૃષ્ટિમાં પ્રાપ્ત થયા પછી, સ્વાભાવિક ક્રમે **પ્રત્યાહાર** નામનું પાંચમું યોગાંગ અત્ર સાંપડે છે. પ્રત્યાહાર (પ્રતિ+આહાર) એટલે ઇંદ્રિયોનું વિષયોમાંથી પ્રત્યાહૃત થવું–પાછું ખેંચાવું તે. 'વિષયોનો અસંપ્રયોગ થતાં

સ્વચિત્તસ્વરૂપનો અનુકારી તે પ્રત્યાહાર છે.' અર્થાત્ ચક્ષુ આદિ ઇંદ્રિયને ગ્રાહ્ય એવા રૂપ આદિ વિષયોનો અસંપ્રયોગ થતાં, એટલે કે વિષયો સાથે જોડાણ નહિં થતાં તેનું ગ્રહણાભિમુખપણું છોડી દીધાથી સ્વરૂપમાત્ર અવસ્થાન થાય. ઇંદ્રિયો પોતાના વિષયોમાંથી પાછી ફરે, એટલે જેમ છે તેમ છાનીમાની બેસી જાય, અને એમ થાય એટલે અંતઃસ્વરૂપનું અનુકરણ થાય, અર્થાત્ ચિત્તનિરોધ કરવા માટેની સામગ્રી સાંપડે. આનું નામ ચક્ષુ આદિ ઇંદ્રિયોનો **પ્રત્યાહાર** છે. આ પ્રત્યાહાર કેવો છે? તો કે **ઇંદ્રિયોના વશીકરણરૂપ** એક ફલવાળો છે. પ્રત્યાહારનો અભ્યાસ થતાં, ઇંદ્રિયો એવી આયત્ત–આધીન–તાબેદાર થઇ જાય છે, કે બાહ્ય વિષયો પ્રત્યે લઇ જવામાં આવતાં પણ તે જતી નથી. *

ચોથી દૃષ્ટિમાં **પ્રાણાયામ** વડે કરીને બાહ્ય ભાવને રેચ દીધો, અંતરૂભાવ પૂરણ કર્યું, અને તેનું કુંભન–સ્થિરીકરણ કર્યું; આમ યોગમાર્ગે આગળ વધતા મુમુક્ષુ જોગીજનની વૃત્તિ બાહ્ય ભાવમાં રમતી નથી, અને અન્તરૂ ભાવમાં પરિણમે છે. એટલે હવે આ પાંચમી દૃષ્ટિ પ્રાપ્ત થતાં, આ યોગાભ્યાસી મુમુક્ષુ જનની ઇંદ્રિયો પોતપોતાના વિષયો પ્રત્યે પ્રવર્ત્તતી નથી, અને તેના તેના વિષયોમાંથી વ્યાવૃત્ત થઇ પાછી ખેંચાઇ આવે છે–પ્રત્યાહૃત થાય છે, અને અંતઃવ્યાપારમાં વ્યાપૃત–પ્રવૃત્ત થઇ ચિત્તનિરોધમાં ખપ લાગે છે, અને ચિત્તસ્વરૂપનું અનુકરણ કરે છે.

'વિષય વિકારે ન ઇંદ્રિય જોડે'

જે ઇંદ્રિયો પૂર્વે હરાયા ઢોરની જેમ છૂટી ફરતી હતી ને રઘવાઇ થઇને સ્વચ્છંદે વિચરતી હતી, તે હવે નિયમમાં આવી જઇ, પાછી ખેંચાઇને, પોતાના ચિત્ત–ઘરના ખીલે બંધાય છે. વિષયગ્રહણ માટે જ્યાં ત્યાં મુખ નાંખવારૂપ બહિર્મુખ વૃત્તિ છોડી દઇ, તે હવે ડાહીડમરી બની અંતર્ અભિમુખ થાય છે. એટલે જેની આંખો બાહ્ય રૂપને દેખતી હતી તે યોગી હવે ભાવથી અંતઃસ્વરૂપને દેખે છે. જેના કાન બાહ્ય શબ્દો સુણતા હતા તે હવે અંતઃનાદ સાંભળે છે. જેનું નાક બાહ્ય સુગંધથી લોભાતું હતું, તે હવે ભાવ–સૌરભથી સંતોષાય છે. જેની રસના બાહ્ય રસથી રીઝતી હતી, તે હવે અંતઃચૈતન્યરસના પાનથી પ્રસન્ન થાય છે. જેનો સ્પર્શ બાહ્ય સ્પર્શથી સુખ માનતો હતો, તે હવે ચૈતન્ય સ્વરૂપની સ્પર્શનાથી આનંદ અનુભવે છે. આમ ઇંદ્રિયોની બાહ્ય વૃત્તિ વિરામ પામી ભાવરૂપ આભ્યંતર વૃત્તિ વર્ત્તે છે, કારણ કે પાંચે **ઇંદ્રિયોરૂપ તોફાની ઘોડાની** લગામ હવે જાગ્રત આત્માના

★

* "विषयासंप्रयोगेऽन्तःस्वरूपानुकृतिः किल। प्रत्याहारः हृषीकाणामेतदायत्तताफलः॥"
—શ્રી યશો૦ કૃત દ્વા. દ્વા. ૨૪-૨.

"स्वविषयासंप्रयोगे चित्तस्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः।
ततः परमा वश्यतेन्द्रियाणाम्॥" —શ્રી પાતંજલ યો. સૂ. ૨–૫૪–૫૫.

એક **ચિત્ત-સારથિ**ના હાથમાં આવી છે, અને આમ ભાવથી અનુપમ ચૈતન્યરસનો અનુભવ આસ્વાદ થાય છે, એટલે પછી ઇંદ્રિયો એવી તો વશ થઈ જાય છે, એવી તો ગરીબડી ગાય જેવી આધીન થઇ જાય છે, કે તેને પછી બાહ્ય વિષયોમાં રસ પડતો નથી, ને તે પ્રત્યે પરાણે લઇ જવામાં આવતાં પણ તે જતી નથી! એવું તો તેને આ ચિત્ત–ઘર ગોઠી જાય છે! એટલે આ ચૈતન્ય અમૃતરસનો આસ્વાદ છોડીને યોગી તે 'બાકસબુકસ'રૂપ પુદ્ગલભોગને ઇચ્છતો નથી!–આમ આ દૃષ્ટિમાં સ્થિતિ કરતા સમ્યગ્દૃષ્ટિ યોગીપુરુષનું દર્શન અવશ્ય પ્રત્યાહારવાળું જ હોય છે, કારણ કે પ્રત્યાહાર–ખરેખરો અંતરંગ વિષયવૈરાગ્ય ન હોય તો સમ્યગ્દૃષ્ટિપણું પણ ઘટે નહિં, માટે સમ્યગ્દૃષ્ટિ પુરુષને વિષયો પ્રત્યે અત્યંત અનાસક્તિ જ હોય, પરમ વૈરાગ્ય જ વર્ત્તે.

ભ્રાંતિ દોષ ત્યાગ

"બીજી સમજણ પછી કહીશ, જ્યારે ચિત્ત સ્થિર થઇશ."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

ચોથો **ઉત્થાન** નામનો ચિત્તદોષ ચોથી દૃષ્ટિમાં નાશ પામ્યા પછી, સ્વાભાવિક ક્રમે **ભ્રાંતિ** નામનો પાંચમો દોષ અત્રે ટળે છે. કારણ કે (૧) અત્રે એવી **પ્રશાંતવાહિતા** હોય છે, ચિત્તનો એવો અખંડ એકધારો શાંત પ્રવાહ પ્રવહે છે, ચિત્તનું એવું ઠરેલપણું હોય છે કે મોક્ષસાધક યોગમાર્ગ–ક્રિયામાંથી ચિત્ત ઊઠતું નથી. અને જો ચિત્ત સ્વસ્થાનમાંથી ઊઠે જ નહિં, તો તેની ભ્રાંતિ પણ કેમ થાય? તે આડું અવળું કેમ ભમે? એટલે અત્રે ચિત્ત અભ્રાંત હોય છે–સ્થિર હોય છે. (૨) અથવા પ્રસ્તુત યોગક્રિયાને છોડી ચિત્તનું ચારેકોર ભ્રમણ–ભ્રામક વૃત્તિ તે ભ્રાંતિ. પણ અત્રે તો શાંતપણાને લીધે ચિત્તસ્થિરતા વર્ત્તે છે, એટલે તેવી ભ્રાંતિ હોતી નથી, અભ્રાંતિ જ હોય છે. (૩) અથવા છીપમાં રૂપાની જેમ ભ્રમણા થવી, તત્ત્વને અતત્ત્વ માનવારૂપ **વિપર્યાસ** થવો તે **ભ્રાંતિ.** પણ અત્રે તો તત્ત્વના યથાર્થ નિશ્ચયને લીધે તેવી વિપર્યાસરૂપ ભ્રાંતિ હોતી નથી, અભ્રાંતિ જ વર્ત્તે છે (૪) અમુક ક્રિયા કરી કે ન કરી, એ ભ્રમથી ન સાંભરે, એટલે એવી શુભ ક્રિયાથકી પણ અર્થવિરોધી એવું અકાજ થાય, ઇષ્ટફલરૂપ પરમાર્થ કાર્ય ન થાય (જુઓ પૃ. ૮૬) આ પણ ભ્રાંતિ છે. પણ અત્રે આ દૃષ્ટિમાં તો સમ્યગ્ ઉપયોગવંતપણાને લીધે જાગ્રતિવાળા સમ્યગ્દૃષ્ટિ પુરુષને તેવી ભ્રાંતિ પણ ઉપજતી નથી. આમ શાંતપણાને લીધે, વિપર્યાસરહિતપણાને લીધે, અને ઉપયોગવંતપણાને લીધે અત્રે ચિત્ત સર્વ પ્રકારે અભ્રાંત હોય છે–સ્થિર હોય છે. એટલે સમ્યગ્દૃષ્ટિ પુરુષ જે વંદનાદિ **ક્રિયા કરે છે તે પણ અભ્રાંત** હોય છે, અર્થાત્ યથોક્ત ક્રમને બરાબર સાચવીને તે તે ક્રિયા ભ્રાંતિરહિતપણે કરે છે; પૂર્ણ ભાવપૂર્વક પરમ શાંતિથી, તાત્ત્વિક લક્ષથી, ને તન્મય સ્થિર ઉપયોગથી કરે છે. જેમ કે—

"શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુમ નામજી;
અવ્યાબાધ અનંતું પામે, પરમ અમૃતરસ ધામજી. શીતલ૦"—**શ્રી દેવચંદ્રજી.**

'શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે'

તે વંદનાદિ કરે છે તો સ્થાન, કાળ ને ક્રમ બરાબર સાચવે છે, સૂત્ર શબ્દના અર્થમાં ઉપયોગ રાખે છે, બીજાને સંમોહ ન ઉપજે-વિક્ષેપ ન થાય તથા શ્રદ્ધા-સંવેગ સૂચવે એવા યુક્ત સ્વરે સૂત્રોચ્ચાર કરે છે; અને તે વંદનાદિ કરતાં તેના ભાવ-રોમાંચ ઉલ્લસે છે, શુભાશય વર્ધમાન થાય છે, ને પ્રણામાદિની સંશુદ્ધિ બરાબર જળવાય છે. આમ તેની વંદનાદિ ક્રિયા નિરતિચારપણાને લીધે અનઘ-નિર્દોષ-નિષ્પાપ હોય છે. (જુઓ પૃ. ૨૧૯-૨૨૦) તેમજ આ વંદન-પ્રતિક્રમણાદિ ક્રિયા **સૂક્ષ્મ બોધથી** સંયુક્ત એવી હોય છે. સમ્યગ્દૃષ્ટિ પુરુષ જે કોઇ ક્રિયા કરે છે, તે તેની તાત્ત્વિક સમજણપૂર્વક સમ્યક્‌પણે કરે છે; કારણ કે તેને તત્ત્વનું સમ્યક્ સંવેદન હોય છે, એટલે તેને અનુસરીને સર્વ ક્રિયા પ્રશાંત વૃત્તિથી, સર્વત્ર અત્યંત ઔત્સુક્ય-રહિતપણે, ત્વરા રહિતપણે કરે છે. આમ સમ્યગ્દૃષ્ટિનું અનુષ્ઠાન **અનુબંધશુદ્ધ** હોય છે. દાખલા તરીકે-સમ્યગ્દૃષ્ટિ પ્રભુભક્તિ કરે છે તો **તાત્ત્વિક ભક્તિનું** સ્વરૂપ સમજીને કરે છે. તે એમ જાણે છે કે આ પ્રભુ શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે, માટે મ્હારા પરમ પૂજ્ય છે. જે આ પરમાત્માનું સ્વરૂપ છે તે મ્હારા આત્માનું સ્વરૂપ છે. એટલે મ્હારી શુદ્ધ આત્મસત્તાની પૂર્ણતા પામવા માટે, શુદ્ધ આત્મસિદ્ધિ કરવા માટે, આ પ્રતિચ્છંદ-સ્થાનીય-શુદ્ધ આદર્શરૂપ પ્રભુ પરમ હેતુ હોઇ, મ્હારે તેનું પરમ પ્રબળ અવલંબન લેવા યોગ્ય છે.

"પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય;
સમજો જિન સ્વભાવ તો, આત્મભાનનો ગુંજ્ય." —**શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ.**

"માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા, તે તણો હેતુ પ્રભુ તુંહી સાચો;
દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો, તત્ત્વભક્તે ભવિક સકલ રાચો."—**શ્રી દેવચંદ્રજી**

સૂક્ષ્મ બોધ ગુણની પ્રાપ્તિ

અત્રે **બોધ** નામનો પાંચમો ગુણ પ્રગટે છે, કારણ કે ચોથી દૃષ્ટિમાં તત્ત્વશ્રવણનો ગુણ પ્રગટ્યો, એટલે તેના ફલ પરિપાકરૂપે આ પાંચમી દૃષ્ટિમાં બોધ ગુણ સ્વાભાવિક ક્રમે પ્રગટવો જોઇએ. અને તે બોધ પણ અત્રે સૂક્ષ્મતાવાળો હોય છે. કારણ કે અત્રે **ગ્રંથિભેદને લીધે વેદ્યસંવેદ્યપદની** પ્રાપ્તિ હોય છે અને આ વેદ્યસંવેદ્યપદમાં જ **સૂક્ષ્મ-બોધ** ઘટે છે, એમ આગળ ચોથી દૃષ્ટિના **વેદ્યસંવેદ્યપદ** અધિકારમાં વિસ્તારથી કહેવાઇ ચૂક્યું છે, તોપણ સંક્ષેપમાં ભાવનાર્થે તેની પુનરાવૃત્તિ કરી જઇએ, તો તેનું લક્ષણ આ પ્રમાણે કહ્યું હતું:—સમ્યક્‌પણે હેતુ સ્વરૂપ ને ફલના ભેદે કરીને વિદ્વત્-

સમાજમાં જે વેદ્યસંવેદ્યપદ થકી તત્ત્વનો નિર્ણય થાય, પરમાર્થ પરિચ્છેદ કરાય, તે **'સૂક્ષ્મ બોધ'** કહેવાય છે. અને ભવસમુદ્રમાંથી પાર ઉતારવામાં આ બોધનું કુશલપણું છે એ જ એનું સૂક્ષ્મપણું છે; અથવા કર્મ વજ્રનો વિભેદ કરવામાં એનું તીક્ષ્ણપણું છે એ જ એનું સૂક્ષ્મપણું છે; અથવા અનંત ધર્માત્મક સમગ્ર વસ્તુતત્ત્વનું વ્યાપકપણે નિપુણ માન્યપણું એ જ એનું સૂક્ષ્મપણું છે. આમ અનેક પ્રકારે આ બોધનું સૂક્ષ્મપણું ઘટે છે. (જુઓ શ્લો. ૬૫-૬૬, વિવેચન પૃ. ૨૬૧-૨૬૬)

અત્રે **વેદ્યસંવેદ્યપદની** પ્રાપ્તિ હોય છે. અર્થાત્ જ્યાં વેદ્ય-સંવેદનીય વસ્તુ વસ્તુ-સ્થિતિ પ્રમાણે સંવેદાય છે તે **વેદ્યસંવેદ્યપદ** છે. એટલે સ્ત્રી આદિ પદાર્થ જે અપાય આદિના કારણરૂપ છે, તે તેના યથાર્થ સ્વરૂપમાં અત્રે આગમથી વિશુદ્ધ એવી તથાપ્રકારે અપ્રવૃત્તિ બુદ્ધિથી સંવેદાય છે. અર્થાત્ સ્ત્રી આદિ પદાર્થ ભવહેતુ છે, માટે હેય જ છે, ત્યાજ્ય જ છે, એવી નિશ્ચયબુદ્ધિ-પ્રતીતિ-સમજણ-છાપ આત્માને વિષે ઉપજે છે. (જુઓ-શ્લો. ૭૦-૭૫, વિવેચન પૃ. ૨૭૨-૨૯૧) તથા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ લક્ષણવાળો એક શુદ્ધ જ્ઞાયકસ્વભાવી આત્મા જ માત્ર આદેય છે-ગ્રહણ કરવા યોગ્ય છે, બાકી બીજું બધું ય હેય છે-ત્યજવા યોગ્ય છે, એવો અખંડ નિશ્ચય આત્મામાં પ્રગટે છે. શુદ્ધ આત્માનો જે અનુભવ છે તે સ્વસમયનો વિલાસ છે, અને જ્યાં પુદ્ગલ કર્મપ્રદેશમાં સ્થિતિરૂપ પરભાવની છાંયડી પડે છે, તે પરસમય નિવાસ છે, એમ વસ્તુગતે વસ્તુ અત્રે પ્રકાશે છે.

'શુદ્ધાતમ અનુભવ સદા'

"શુદ્ધાતમ અનુભવ સદા, તે સ્વસમય વિલાસ રે;
પરવડી છાંહડી જે પડે, તે પરસમય નિવાસ રે—
ધરમ પરમ **અરનાથનો.**"—**શ્રી આનંદઘનજી.**

મ્યાનથી તરવારની જેમ, દેહાદિથી આત્મા ભિન્ન છે, સદા ઉપયોગવંત અને અવિનાશી છે, એમ સદ્ગુરુ ઉપદેશથી જાણીને અત્રે તેની સમ્યક્ પ્રતીતિ ઉપજે છે, આત્મસ્વરૂપનું સંવેદન થાય છે. આવું જે **સહજ આત્મસ્વરૂપપદ** સમજ્યા વિના અર્થાત્ જાણીને પ્રતીત્યા વિના પૂર્વે અનંત દુઃખ પામ્યો હતો, તે આત્મસ્વરૂપ 'પદ' શ્રી સદ્ગુરુ ભગવાને સમજાવ્યાથી હવે આ જીવને અનુભવગોચર થાય છે, સ્વસંવેદનથી પ્રત્યક્ષ જણાય છે, અને તે જ **વેદ્યસંવેદ્યપદ** છે.

"સદ્ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજ **પદ** નિજમાંહિ લહ્યું, દૂર થયું અજ્ઞાન."— **શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ.**

અને આ જે **આત્મસ્વરૂપ અનુભવ પદ** અથવા **વેદ્યસંવેદ્ય પદ** છે તે જ શબ્દના ખરેખરા અર્થ પ્રમાણે **'પદ'** છે, કારણ કે જ્યાં સ્થિરપણે પદ માંડી શકાય

એવું સ્થિર સમ્યક્ સ્થિતિવાળું જે **હોય** તેને જ 'પદ' નામ ઘટી શકે. અને આ આત્મસ્વરૂપ અનુભવ પદ–**વેદ્યસંવેદ્ય પદ** સ્વભાવભૂત હોઇ તેવું સમ્યક્ સ્થિતિવાળું છે, એટલે તેને જ 'પદ' નામ બરાબર ઘટે છે. (જુઓ વિવેચન પૃ. ૨૮૮ થી ૨૯૧).

આવું સ્થિર **આત્મસ્વભાવ અનુભવરૂપ** વેદ્યસંવેદ્ય પદ ગ્રંથિભેદથી આ **સ્થિરા** દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે, તેથી કરીને અત્રે સૂક્ષ્મ બોધની સંપ્રાપ્તિ હોય છે. અને એવા સૂક્ષ્મબોધસંપન્ન સમ્યગ્દૃષ્ટિ પુરુષના આવા સહજ ઉદ્ગાર નીકળી પડે છે કે–આમ **નિર્મલ** સમ્યગ્દર્શનના પ્રતાપે કરીને જેણે મ્હારું પશુરૂપપણું ટાળીને દેવરૂપપણું કર્યું, દિવ્ય સહજ આત્મસ્વરૂપ પ્રગટ કર્યું તે ભગવાન્ **વીરનો** અમાપ ઉપકાર હું કદી વિસરૂં નહિં, રાત દિવસ સંભારું છું.

"એ ગુણ વીર તણો ન વિસારું, સંભારું દિન રાત રે;
પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે."–**શ્રી યો. દ. સજ્ઝાય. ૫–૨.**

"અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું, તે જ્ઞાનને એક સમય માત્રમાં જાત્યંતર કરી, જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું, તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર."—શ્રીમદ્ રાજચંદ્રજી.

卐

बालधूलीगृहक्रीडातुल्यास्यां भाति धीमताम् ।
तमोग्रंथिविभेदेन भवचेष्टाखिलैव हि ॥ १५५ ॥

બાલ ધૂલિગૃહ રમત શી, ભવચેષ્ટા જ સમસ્ત;
તમોગ્રંથિભેદે દીસે, બુદ્ધિમંતને અત્ર. ૧૫૫

અર્થ:—આ દૃષ્ટિમાં તમોગ્રંથિના વિભેદને લીધે બુદ્ધિમંતોને અખિલ જ ભવચેષ્ટા બાલકોની ધૂલિગૃહક્રીડા તુલ્ય ભાસે છે.

વિવેચન

"બાલધૂલિ ગૃહ ક્રીડા સરખી, ભવ ચેષ્ટા ઇહાં ભાસે રે;
ઋદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહાસિદ્ધિ પાસે રે....તે ગુણ વીર."
—શ્રી યો. દ. સજ્ઝાય. ૫–૩

વૃત્તિ:—**बालधूलीगृहक्रीडातुल्या**–બાલકની ધૂલિગૃહક્રીડા સરખી–પ્રકૃતિઅસુંદરપણાથી ને અસ્થિરપણાથી, **अस्यां**–આમાં, આ સ્થિરા દૃષ્ટિમાં, **भाति**–ભાસે છે, **धीमतां**–ધીમંત–બુદ્ધિમંત પુરુષોને, **तमोग्रंथिविभेदेन**–તમોગ્રંથિના વિભેદરૂપ હેતુથી, **भवचेष्टाखिलैव हि**–અખિલ જ ભવચેષ્ટા નિશ્ચયે–ચક્રવર્તી આદિ ચેષ્ટારૂપ પણ,– પ્રકૃતિઅસુંદરપણાથી ને અસ્થિરપણાથી.

આ દૃષ્ટિમાં વર્ત્તતા યોગીને તમોગ્રંથિનો વિભેદ થયો હોય છે, એટલે તેને સમસ્ત સંસારચેષ્ટા **બાલકની ધૂલિગૃહ ક્રીડા** જેવી ભાસે છે, કારણ કે પ્રકૃતિથી અસુંદરપણાથી ને અસ્થિરપણાથી તે બન્નેનું સમાનપણું છે. બાલક ધૂળના કૂબા (ઘર) બનાવવાની રમત રમે છે. તે કૂબા પ્રકૃતિથી–સ્વભાવથી અસુંદર અને હાથ લગાડતાં કે ઠેસ મારતાં પડી જાય એવા અસ્થિર હોય છે. તેમ આ સર્વ સંસારચેષ્ટા પણ પ્રકૃતિથી અસુંદર–અરમણીય અને અસ્થિર છે, ક્ષણમાત્રમાં શીર્ણવિશીર્ણ થઈ જાય એવી ક્ષણભંગુર છે. આમ એ બન્નેનું તુલ્યપણું છે. અરે! ચક્રવર્ત્તી આદિની ઋદ્ધિ કે જે સંસારમાં સર્વોત્કૃષ્ટ ગણાય છે, તે પણ તત્ત્વથી જોતાં **વિષમિશ્રિત અન્ન** જેવી અસુંદર અને અસ્થાયી છે. જે પ્રચંડ પ્રતાપે કરીને છ ખંડના અધિરાજ બન્યા હતા, ને બ્રહ્માંડમાં બળવાન્ થઈને 'ભારી ભૂપ' ઉપજ્યા હતા, **'એ ચતુર ચક્રી ચાલિયા હોતા ન હોતા હોઈને,'** હાથ ખંખેરીને આવ્યા હતા તેવા ખાલી હાથે ચાલી નીકળ્યા છે. આ જગત્‌માં એટલા બધા ચક્રવર્ત્તીઓ થઇ ગયા છે, કે જ્યારે કોઇ નવો ચક્રવર્ત્તી થાય છે, ત્યારે કિંકિણીરત્નથી ઋષભકૂટ પર્વત પર પોતાનું નામ ઉત્કીર્ણ કરતી વેળાએ તેને એક નામ ભૂંસી નાંખવું પડે છે, ત્યારે તો તેના નામ માટે જગ્યા થાય છે! આમ આ પૃથ્વીના અનંત સ્વામી થઇ ગયા છે, ને આ પૃથ્વી કોઇ સાથે ગઇ નથી કે જવાની નથી. આમ આ જગત્‌ની સર્વોચ્ચ પદવીની પણ આ દશા છે, તો પછી એનાથી ઉતરતી એવી અન્ય કક્ષાઓની શી વાત કરવી? (જુઓ પૃ. ૨૪૯–૨૫૦).

બાલધૂલિ ઘર ક્રિયા સમી સર્વ ભવચેષ્ટા

આમ **બાલકના કૂબા** જેમ સાવ તકલાદી ને ક્ષણવારમાં હતા ન હતા થઇ જાય છે, તેમ આ સર્વ સંસારનો ખેલ પણ ક્ષણવારમાં ખતમ થઇ જાય છે, હતો ન હતો થઇ જાય છે. આ સંસારમાં જ્યાં જુઓ ત્યાં સર્વત્ર ક્ષણભંગુરતા ને અરમ્યતા જ ભરી છે. તે તો બાલકના કૂબાની જેમ બાલજીવોને જ રુચે છે,–ગમે છે, પણ તેવી બાલકની રમત રમવી જેમ મોટા માણસને ન રુચે–ન ગમે, અથવા શરમાવા જેવી લાગે, તેમ આ ભવચેષ્ટારૂપ ધૂલિગૃહક્રીડા પણ પંડિત જનને–જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષને રુચતી નથી, અને ભૂલેચૂકે તેમાં રમવું–આનંદ માનવો તે લજ્જાનું કારણ લાગે છે! શરમાવા જેવું લાગે છે. અને આ સકલ ભવચેષ્ટા તેને બાલધૂલિગૃહક્રીડા જેવી લાગે છે, તેનું કારણ તેને **તમોગ્રંથિનો વિભેદ** થયો છે, તે છે. આ તમોગ્રંથિના વિભેદથી તેને **વેદ્યસંવેદ્યપદ**રૂપ-**સમ્યગ્દર્શન** પ્રગટ્યું છે, તેથી તેને સંસારનું યથાર્થ દુઃખદ સ્વરૂપ સંવેદાય છે, માટે આ **ગ્રંથિભેદ** તથા તેના ફલરૂપે પ્રાપ્ત થતા **સમ્યગ્દર્શન**નું સ્વરૂપ સંક્ષેપમાં જાણવું અત્ર પ્રસંગથી પ્રાપ્ત થાય છેઃ—

ગ્રંથિભેદ

આ પાંચમી **સ્થિરા** દૃષ્ટિને પામેલા **સમ્યગ્દૃષ્ટિ** પુરુષને તમોગ્રંથિનો એટલે

અજ્ઞાન અંધકારરૂપ ગ્રંથિનો વિભેદ થયો હોય છે, અજ્ઞાનમય મોહાંધકારનો પડદો ચીરાઈ ગયો છે. આ અજ્ઞાન ખરેખર ! તમસ્રૂપ-અંધકારરૂપ જ હોય છે, કારણ કે અંધકારમાં જેમ પદાર્થનું દર્શન થઈ શકતું નથી, તેમ અજ્ઞાન અંધકારમાં પદાર્થનું દર્શન થઈ શકતું નથી. આ અંધકાર સમું અજ્ઞાન જ્ઞાનરૂપ પ્રકાશ થતાં શીઘ્ર નાશી જાય છે-એકદમ પલાયન કરી જાય છે. લાંબા વખતનું અંધારૂં પણ દીવો પેટાવતાં તરત જ દૂર થાય છે, તેમ અનાદિનો મોહાંધકાર પણ જ્ઞાન-પ્રદીપ પ્રગટતાં તત્ક્ષણ જ નાશ પામે છે. એટલે સમસ્ત વસ્તુસ્વરૂપ જેમ છે તેમ યથાસ્થિત સ્વરૂપે આ યોગીને દેખાય છે. આમ આ યોગી સમ્યગ્દર્શની, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની હોય છે.

"કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજ વાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ.
રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."—**શ્રી આત્મસિદ્ધિ.**

આ **તમોગ્રંથિ** જીવનો કર્મજનિત ઘન-ગાઢ રાગદ્વેષ પરિણામ છે; અને તે વાંસની કર્કશ, ઘન, રૂઢ ને ગૂઢ ગાંઠ જેવો અત્યંત દુર્ભેદ્ય છે. એટલા માટે જ એને 'ગ્રંથિ'-ગાંઠ કહેલ છે. તે કઠણ અટપટી (Complex) પર્વત જેવી મહાબલવાન તમોગ્રંથિ અત્રે **અપૂર્વ આત્મપુરુષાર્થ**ની સ્ફુરણાથી **અપૂર્વકરણ**રૂપ તીક્ષ્ણ ભાવવજ્રવડે ભેદાઈ જાય છે. એટલે પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવ્યા વિના રહે નહિં-નિવર્ત્તે નહિં એવા **અનિવૃત્તિકરણ**વડે કરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, જેથી વસ્તુનું યથાર્થ-સમ્યક્ સ્વરૂપ દેખાય છે. (વિશેષ માટે જુઓ-પૃ. ૩૯ અને ૪૬-૪૭).

સમ્યગ્દર્શન

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;....
મૂળ મારગ સાંભળો જિનનો રે !
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ ...મૂળ૦
જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્ત્તે છે શુદ્ધ પ્રતીત....મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત....મૂળ૦"
—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

આમ ઉક્ત ગ્રંથિભેદના ફલ-પરિણામરૂપે સમ્યગ્દર્શન ઉપજે છે. આ સમ્યક્ત્વ અથવા **સમ્યગ્દર્શન આત્માનો ગુણ** છે, અને તે **નિર્વિકલ્પ** છે. આ સૂક્ષ્મ ગુણ કેવલજ્ઞાનગોચર છે તથા પરમાવધિ અને મનઃપર્યય જ્ઞાનનો વિષય છે, મતિજ્ઞાનનો કે શ્રુતજ્ઞાનનો કે દેશાવધિનો વિષય નથી. એટલે આ ગુણ પ્રગટચો છે કે નહિં તે તેવા

વિશિષ્ટ જ્ઞાની જ જાણે છે. આ ગુણ અનાદિથી **દર્શનમોહના** ઉદયથી મિથ્યા સ્વાદરૂપ થઇ પડયો છે–કડવી તૂંબડીમાં નાંખેલા દૂધની જેમ. દૈવયોગે કાલાદિ લબ્ધિ સંપ્રાપ્ત થયે ભવસમુદ્રનો છેડો નજીકમાં હોય ત્યારે ભવ્યભાવના વિપાકથી–જીવની યથાયોગ્યતાથી જીવ સમ્યક્ત્વ પામે છે. આ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં આ **પાંચ લબ્ધિ** કારણભૂત છેઃ–

પાંચ લબ્ધિઃ દર્શનમોહ ઉપશમ

(૧) **ક્ષાયોપશમિક લબ્ધિ**–કર્મોના ક્ષયોપશમની પ્રાપ્તિ. (૨) **વિશુદ્ધિ લબ્ધિ**–કર્મોના ક્ષયોપશમથી આત્માની જે વિશુદ્ધતા ઉપજે તે. (૩) **દેશના લબ્ધિ**–સદ્ગુરુ આદિના ઉપદેશનો યોગ. (૪) **પ્રાયોગિકી લબ્ધિ**–કે જેથી કરીને કર્મોની સ્થિતિ ઘટીને અંતઃકોટાકોટિમાત્ર રહી જાય. (૫) **કરણ લબ્ધિ**–આત્મસામર્થ્યવિશેષ કે જેથી કરીને કર્મોની સ્થિતિનું ને રસનું ખંડન કરવાની શક્તિ ઉપજે છે. કરણ લબ્ધિ ત્રણ પ્રકારની છે—અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ. આ કરણનું સ્વરૂપ પૂર્વે કહેવાઇ ચૂકયું છે. આ કરણલબ્ધિ પછી અંતર્મુહૂર્ત્તમાં **દર્શનમોહના ઉપશમ**થી અવશ્ય સમ્યગ્‌દર્શન ઉપજે છે, અર્થાત્ દર્શનની મિથ્યા અવસ્થા સમ્યક્ અવસ્થારૂપ થાય છે. પણ જ્યાં સુધી **અનંતાનુબંધી કષાયનો** ઉદય હોય ત્યાં સુધી આ સમ્યગ્‌દર્શનનો લાભ થતો નથી. કારણ કે તીવ્ર ક્રોધ–માન–માયા–લોભરૂપ આ દુષ્ટ અનંતાનુબંધી કષાયચોકડી જ સમ્યક્ત્વનો ઘાત કરનાર છે, અવરોધનાર છે. તે અનંત સંસારના મૂળ કારણરૂપ મિથ્યાત્વને–દર્શનમોહને ઉદયમાં આણે છે, એટલા માટે એને '**અનંતાનુબંધી**' એવી યથાર્થ સંજ્ઞા આપવામાં આવી છે. આમ અનંત સંસારનો અનુબંધ કરનાર આ મહા રૌદ્ર ને દારુણ પરિણામી અનુંતાનુબંધી કષાય ટળ્યે જ દર્શનમોહ ટળે છે, એટલા માટે અનંતાનુબંધીનું આ વ્યવહારૂ સ્વરૂપ સમજી આત્માર્થીએ તેને ટાળવાનો પ્રત્યેક પ્રયત્ન કરવો જોઇએઃ

"જે સંસાર અર્થે અનુબંધ કરે છે, તે કરતાં પરમાર્થને નામે, ભ્રાંતિગત પરિણામે અસદ્‌ગુરુ, દેવ, ધર્મને ભજે છે તે જીવને ઘણું કરી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ થાય છે; કારણ કે બીજી સંસારની ક્રિયાઓ ઘણું કરી અનંત અનુબંધ કરવાવાળી નથી. માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે, તે પરમાર્થ જ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે. તે સદ્‌ગુરુ, દેવ, ધર્મ પ્રત્યે અસત્‌ગુરુવાદિકના આગ્રહથી, માઠા બોધથી, આસાતનાએ, ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે. તેમજ તે માઠા સંગથી તેની સંસારવાસના પરિચ્છેદ નહીં થતી

---

* "खयुवसम विसोही देसणा पाउग्ग करणलद्धिए ।
चत्तारिवि सामण्णा करणं पुण होदि सम्मत्ते ॥"
શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્ત્તીકૃત શ્રી ગોમ્મટસાર.

હોતાં છતાં તે પરિચ્છેદ માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે. એ જ અનંત ક્રોધ, માન, માયા, લોભનો આકાર છે."—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૩૭૫, ૫૨૩. (૪૫૯, ૬૧૩)

વળી આ ઉક્ત પાંચ લબ્ધિના સ્વરૂપ પરથી એ સ્પષ્ટ સમજાય છે કે આમાં મધ્યવર્તિની **દેશના લબ્ધિ** સમ્યક્ત્વપ્રાપ્તિની રહસ્ય ચાવી (Master-key) છે. કારણ કે કર્મના ક્ષયોપશમથી જીવની વિશુદ્ધતા થાય અને તેને સદ્ગુરુના ઉપદેશની પ્રાપ્તિનો જોગ બને, તો પછી તેને અનુક્રમે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. એટલે પ્રથમ તો જીવની વિશુદ્ધતા થવી જોઈએ. અને તે કેમ થાય? સત્ય પુરુષાર્થથી પ્રશમાદિ ગુણની પ્રાપ્તિથી. જ્યારે કષાયનું ઉપશાંતપણું થાય, માત્ર મોક્ષ સિવાય બીજી અભિલાષા હોય નહિ. સંસાર પ્રત્યે ખેદ હોય અને અંતરમાં દયા વર્ત્તે, ત્યારે આ જીવ વિશુદ્ધિને પામે, અને તે જ ખરેખરો મોક્ષમાર્ગનો 'જિજ્ઞાસુ' કહેવાય. આવા વિશુદ્ધિપ્રાપ્ત સુપાત્ર જિજ્ઞાસુ જીવને જો સદ્ગુરુનો બોધ થાય તો તે સમકિત પામે અને અંતરની શોધમાં વર્ત્તે; એટલે પછી સદ્દેવ-ગુરુ-ધર્મની સમ્યક્ પ્રતીતિરૂપ વ્યવહાર સમકિત, અને તેના ફલરૂપે શુદ્ધ આત્માનુભવરૂપ પરમાર્થ સમકિત—એમ સાનુબંધપણે ઉત્તરોત્તર વધતી જતી સમ્યક્ત્વની કક્ષાઓને તે સ્પર્શતો જાય.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર્ દયા, તે કહિયે જિજ્ઞાસ.
તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્ત્તે અંતર્ શોધ.
મત દર્શન આગ્રહ ત્યજી, વર્ત્તે સદ્ગુરુ લક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.
વર્ત્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત.
વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યા ભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ."—**શ્રી આત્મસિદ્ધિ.**

"આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારનાં સમકિત ઉપદેશ્યાં છેઃ—(૧) આપ્ત પુરુષનાં વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદનિરોધપણે આપ્ત પુરુષની ભક્તિરૂપ એ પ્રથમ સમકિત કહ્યું છે. (૨) પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે. (૩) નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે. પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે. બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે. ત્રણે સમકિત વીતરાગ પુરુષે માન્ય કર્યાં છે. ત્રણે સમકિત ઉપાસવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે, ભક્તિ કરવા યોગ્ય છે."—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૯૮૯ (૭૫૧)

આ સર્વ પરથી ફલિત થાય છે કે-સ્વચ્છંદનો ત્યાગ કરી શ્રી સદ્ગુરુના ચરણનું સમુપાસન કરતાં આત્માર્થી મુમુક્ષુ જીવને અનંતાનુબંધી દુષ્ટ કષાય-ચોકડી નષ્ટ થયે **દર્શનમોહનો ઉપશમ** થાય છે; અને ત્યારે-જેમ સૂર્યકિરણોથી× અંધકારનો નાશ થયે દિશાઓ પ્રસન્નતા પામે છે અને ચોતરફ નિર્મલ થઈ જાય છે, તેમ સર્વ આત્મ-પ્રદેશમાં શુદ્ધપણું હોય છે, ચિત્તપ્રસન્નતા-નિર્મલતા ઉપજે છે, કે જેથી ત્રણ પ્રકારનો બંધ દૂર થાય છે. અથવા જેમ કોઈએ મદિરા કે ધતૂરો પીધો હોય તેને મૂર્ચ્છા આવે છે, પણ થોડા વખત પછી તેનો નશો ઉતરી જતાં તે મૂર્ચ્છારહિત નીરોગી થઈ જાય છે; તેમ દર્શનમોહના ઉદયથી જીવને મૂર્ચ્છા ઉપજે છે, વૈચિત્ય હોય છે-ચિત્તનું ઠેકાણું હોતું નથી, બેભાનપણું હોય છે, તથા ભ્રમ હોય છે, પણ તે દર્શનમોહ શાંત થયે મૂર્ચ્છાનો નાશ થતાં જીવ નીરોગી બને છે.

"દર્શન મોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો....(અપૂર્વ અવસર.)"—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

તે સમ્યગ્દર્શનનું લક્ષણ શું ? શ્રદ્ધાનાદિ* ગુણ સમ્યગ્દૃષ્ટિનું બાહ્ય લક્ષણ છે. તે શ્રદ્ધાનાદિ જ સમ્યક્ત્વરૂપ નથી, પણ જ્ઞાનના પર્યાયો છે. વળી **આત્માનુભૂતિ**-આત્માનુભવ પણ જ્ઞાન છે, કારણ કે તે જ્ઞાનનો પર્યાય છે. માટે તે પણ સમ્યક્ત્વનું લક્ષણ નથી. અર્થાત્ જ્ઞાન છે તે સમ્યક્ત્વ નથી અને જો છે એમ કહો તો તે બાહ્ય લક્ષણ કહી શકાય. કારણ કે જેમ નીરોગતા દુર્લક્ષ્ય છે, પણ મન-વચન-કાયાના ઉત્સાહાદિક ગુણરૂપ સ્થૂલ લક્ષણોથી જાણી શકાય છે; તેમ સમ્યગ્દર્શન દુર્લક્ષ્ય છે, પણ તત્ત્વાર્થશ્રદ્ધાન, આત્માનુભૂતિ આદિ બાહ્ય લક્ષણથી લક્ષિત થાય છે, જાણી શકાય છે. નિર્વિકલ્પ વસ્તુ કહી શકાય એમ નહિં હોવાથી તેનો ઉલ્લેખ જ્ઞાનદ્વારા કરાય છે, કારણ કે **જ્ઞાન** જ એક એવો ગુણ છે કે જે **સવિકલ્પ**-સાકાર હોઇ દીપકની જેમ સ્વ-પરનો ગ્રાહક છે, સ્વ-પરનો આવેદક છે, સ્વ-પરનો નિશ્ચાયક-નિશ્ચય કરાવનાર છે. બીજા બધા ગુણ નિર્વિકલ્પ હોઇ સ્વ-પર અવેદક છે. એટલે **સમ્યક્ત્વ** પણ **નિર્વિકલ્પ**-નિરાકાર હોઇ વસ્તુતઃ વચનને અગોચર એવો સૂક્ષ્મ ગુણ છે. તેથી વિધિ-ક્રમે કોઇથી કહી કે સાંભળી શકાય તેમ નથી, માટે આત્માની સાધનાદિ વિધિમાં જ્ઞાન જ એક પ્રસિદ્ધ છે, અને તે સ્વાનુ-

શ્રદ્ધાન જ્ઞાનાદિ બાહ્ય લક્ષણ

× "तत्रोल्लेखस्तमोनाशे तमोऽरेरिव रश्मिभिः। दिशः प्रसत्तिमासेदुः सर्वतो विमलाशयाः॥
दृङ्मोहोपशमे सम्यग्दृष्टेरुल्लेख एव सः। शुद्धत्वं सर्वदेशेषु त्रिधा बन्धापहारि यत्॥"
(આધાર માટે જુઓ) **શ્રી અમૃતચંદ્રાચાર્યજી (?)** કૃત **શ્રી પંચાધ્યાયી.**

* "श्रद्धानादि गुणा बाह्यं लक्ष्म सम्यग्दृगात्मनः।
न सम्यक्त्वं तदेवेति संति ज्ञानस्य पर्ययाः॥"—**શ્રી પંચાધ્યાયી.**

ભૂતિનો એક હેતુ હોઇ તે જ પરમ પદ છે–પરમ આશ્રયસ્થાન છે. જ્ઞાન જ અન્ય ગુણોનો લક્ષ્ય કરાવનાર છે.

"નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુગ્રહણ વ્યાપારો રે....વાસુપૂજ્ય૦"—**શ્રી આનંદઘનજી**

અને જે **આત્માનુભૂતિ**–આત્માનુભવ છે તે આત્માનો જ્ઞાનવિશેષ છે. આ આત્માનુભૂતિનો સમ્યક્ત્વની સાથે અન્વય–વ્યતિરેકથી અવિનાભાવી સંબંધ છે, એક બીજા વિના ન ચાલે એવો સંબંધ છે. અર્થાત્ સમ્યક્ત્વ હોય તો આત્માનુભૂતિ હોય, આત્માનુભૂતિ હોય તો સમ્યક્ત્વ હોય; સમ્યક્ત્વ ન હોય તો આત્માનુભૂતિ ન હોય, આત્માનુભૂતિ ન હોય તો સમ્યક્ત્વ ન હોય. આમ બન્નેની પરસ્પર વ્યાપ્તિના સદ્ભાવથી કહી શકાય છે કે સમ્યક્ત્વ તે સ્વાનુભૂતિ છે,–તે સ્વાનુભૂતિ જો શુદ્ધ નયાત્મક હોય તો. અર્થાત્ **શુદ્ધ આત્માનો અનુભવ** જ્યાં વર્ત્તે છે ત્યાં **સમ્યક્ત્વ** છે એમ સમજવું. આમ **શુદ્ધ આત્માનુભૂતિ** એ સમ્યક્ત્વનું અવિસંવાદી મુખ્ય લક્ષણ છે.

આત્માનુભૂતિ અને સમ્યક્ત્વની વ્યાપ્તિ

વળી સમ્યક્શ્રદ્ધાન આદિ ગુણ પણ સમ્યગ્દર્શનના લક્ષણ કેવી રીતે છે તે તપાસીએ:—'**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं**'–તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે એવું લક્ષણ શ્રી **તત્ત્વાર્થ સૂત્ર**માં કહ્યું છે. આ યથામ્નાય તત્ત્વાર્થગોચર શ્રદ્ધાનના ચાર પ્રકાર છે—(૧) **શ્રદ્ધા**–તત્ત્વાર્થ અભિમુખી બુદ્ધિ તે. (૨) **રુચિ**–સાત્મ્ય, આત્મભાવ, (૩) **પ્રતીતિ**–'તથા' 'તહત્તિ' એમ સ્વીકાર તે, (૪) **ચરણ**–તેને અનુકૂલ આચરણ–ક્રિયા. આમ ઉત્તરોત્તર અનુક્રમ છે આમાં પ્રથમ ત્રણ તો જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનના જ પર્યાય છે; અને આચરણ મન–વચન–કાયાનો શુભ કર્મમાં વ્યાપાર છે. આ ચારે સમસ્ત કે વ્યસ્ત–છૂટા છૂટા સમ્યગ્દર્શનના લક્ષણ હોય કે ન પણ હોય, તે સમ્યક્ત્વ સાથે પણ હોય ને મિથ્યાત્વ સાથે પણ હોય, અથવા આ શ્રદ્ધાદિક સાથે સમ્યગ્દર્શન હોય કે ન પણ હોય, એટલે આ શ્રદ્ધાદિ પોતે કાંઇ સમ્યગ્દર્શનના લક્ષણ નથી, પણ જો તે સ્વાનુભૂતિ સહિત હોય તો જ ગુણ છે–સમ્યગ્દર્શનના લક્ષણ છે, સ્વાનુભૂતિ વિના ગુણાભાસ છે અર્થાત્ ગુણો જ નથી. આમ શ્રદ્ધાદિ સર્વે સ્વાનુભૂતિ સહિત હોય તો સમ્યક્ત્વ છે, પણ શ્રદ્ધાભાસ આદિ મિથ્યા શ્રદ્ધાદિની જેમ સમ્યક્ત્વ નથી. તાત્પર્ય કે શ્રદ્ધા આદિ હોય પણ શુદ્ધ આત્માનુભૂતિ ન હોય, તો સમ્યક્ત્વ નથી; શ્રદ્ધા આદિ હોય અને શુદ્ધ આત્માનુભૂતિ હોય તો સમ્યક્ત્વ છે.

આત્માનુભૂતિ સહિત શ્રદ્ધા સમ્યક્ત્વલક્ષણ

આ શ્રદ્ધાદિના બે પ્રકાર છે–સમ્યક્ અને મિથ્યા. (૧) આત્માનુભૂતિ સહિત હોય તે **સમ્યક્ શ્રદ્ધાદિ** છે, અને તે જ વાસ્તવિક શ્રદ્ધાદિ કહેવા યોગ્ય છે. (૨) આત્માનુ-

ભૂતિ રહિત હોય તે **મિથ્યા શ્રદ્ધાદિ** છે, અર્થાત્ તે શ્રદ્ધાદિ નથી.—

શ્રદ્ધા-આત્માનુભૂતિ વ્યાપ્તિ આમ ભેદ પાડવાનું કારણ એ છે કે શ્રદ્ધા અને સ્વાનુભવની સમવ્યાપ્તિ છે, કારણ કે અનુપલબ્ધ અર્થમાં એટલે કે જેનો અનુભવ નથી થયો એવા અનનુભૂત અર્થમાં શ્રદ્ધા હોવી તે ખરવિષાણ જેવી-ગધેડાના શિંગડા જેવી છે, અર્થાત્ નહિં અનુભવેલા પદાર્થમાં નિશ્ચયથી શ્રદ્ધા સંભવતી નથી. વળી આત્માનુભૂતિ વિના જે શ્રદ્ધા શ્રુતમાત્રથી-શાસ્ત્રમાત્રથી છે, તે પણ તત્ત્વાર્થને અનુસરતી છતાં અર્થથી શ્રદ્ધા નથી, કારણ કે અનુપલબ્ધિ છે-આત્માનુભવ નથી તાત્પર્ય કે જ્યાં ખરેખરી નિશ્ચયાત્મક શ્રદ્ધા છે ત્યાં આત્માનુભવ છે; અને જ્યાં આત્માનુભવ છે ત્યાં જ ખરેખરી નિશ્ચયાત્મક શ્રદ્ધા છે. આમ બન્નેની વ્યાપ્તિ છે-અવિનાભાવી સંબંધ છે. એટલા માટે જ શ્રદ્ધાને સમ્યક્ત્વનું લક્ષણ કહેવાની યૌગિકી રૂઢિ પડી છે. તેમાં પણ **સ્વાત્માનુભૂતિ સહિત હોય તે જ વાસ્તવિક શ્રદ્ધા છે**, એમ આશય સમજવો. અને આ જ '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं**'—'તત્ત્વાર્થનું શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન છે' એ મહાસૂત્રનું રહસ્ય છે. કારણ કે આત્માનુભૂતિ-આત્માનુભવ એ જ શ્રદ્ધાનનું અંતસ્તત્ત્વ છે, આત્માનુભૂતિ વિનાની શ્રદ્ધા એ ખરી શ્રદ્ધા જ નથી.

આમ શુદ્ધ આત્માનુભૂતિ વિના સમ્યગ્દર્શન હોય નહિં, અને આત્માનુભૂતિ વિના સાચી શ્રદ્ધા હોય નહિં, એટલે (૧) **આત્માનુભૂતિ એ જ સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષણ** છે, (૨) અથવા આત્માનુભૂતિજન્ય સમ્યક્ શ્રદ્ધા જ સમ્યગ્દર્શનનું લક્ષણ છે, એમ ફલિત થાય છે. અત્રે આત્માનુભૂતિ એટલે **શુદ્ધનયથી** *-ભૂતાર્થથી ઉપજતી શુદ્ધ આત્માનુભૂતિ સમજવી. એટલા માટે જ શ્રી **સમયસારજી**માં સ્પષ્ટ કહ્યું છે—કે— 'ભૂતાર્થથી+ જાણેલા અનુભવેલા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એ સમ્યક્ત્વ છે.'

"જીવ અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આસ્રવ તથા બંધ;
સંવર નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં, નવ પદાર્થ સંબંધ.
જીવ, અજીવ વિષે તે નવે તત્ત્વનો સમાવેશ થાય;
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન્ મુનિરાય."— **શ્રીમદ્ રાજચંદ્રજી.**

"કારણ જોગે હો બાંધે બંધને, કારણ મુગતિ મૂકાય;
આશ્રવ-સંવર નામ અનુક્રમે, હેયોપાદેય સુણાય....પદ્મપ્રભુ૦"—**શ્રીઆનંદઘનજી.**

આમાં (૧) જીવ તત્ત્વ **ઉપાદેય** છે-ગ્રહણ કરવા યોગ્ય છે, (૨-૩-૪) **અજીવ**

---

* "ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ ।
भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो ॥"—**શ્રી સમયસાર.**

+ "भूयत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च ।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं ॥"—**શ્રી સમયસાર.**

અને તેના અંગભૂત પુણ્ય-પાપ **હેય** છે-ત્યાગ કરવા યોગ્ય છે. (૫-૬) હેય એવા અજીવ તત્ત્વનો ઉપાદાનહેતુ આસ્રવ છે, અને તેના આદાનરૂપ-ગ્રહણરૂપ બંધ છે, એટલે એ બન્ને ય હેય-ત્યજવા યોગ્ય છે. (૭-૮-૯) સંવર અને નિર્જરા એ હેય એવા અજીવ તત્ત્વના હાનના-ક્ષીણપણાના હેતુ છે, અને તે હેયના પ્રહાણરૂપ-આત્યંતિક ક્ષીણતારૂપ જીવનો મોક્ષ છે, એટલે આ ત્રણેય તત્ત્વ ઉપાદેય છે.-આવો **હેયોપાદેય** વિવેક સમ્યગ્દૃષ્ટિ પુરુષ કરે છે (જુઓ-**શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત તત્ત્વાર્થસાર**). આમ ભૂતાર્થથી-પરમાર્થથી દેહાદિ સમસ્ત પર વસ્તુથી ભિન્ન એવી પ્રત્યગ્ જ્યોતિ પ્રકાશે છે કે જે 'અનેક વર્ણમાળામાં સુવર્ણસૂત્રની જેમ નવતત્ત્વગત છતાં એકત્વ છોડતી નથી!' આ ભિન્ન જ્યોતિરૂપ શુદ્ધ આત્માનું ભેદજ્ઞાન ઉપજવું, અનુભૂતિ થવી, આત્મખ્યાતિ પ્રગટવી તે સમ્યગ્દર્શન છે, સમ્યક્ત્વ અથવા સમકિત છે. (જુઓ પૃ. ૪૦)

નવતત્ત્વ વિવેકથી ભેદજ્ઞાન

> "उदयति न नयश्रीरस्तमेति प्रमाणं, क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रं ।
> किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मिन्ननुभवमुपयाते भाति न द्वैतमेव ॥"
>
> —**શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત શ્રી સમયસારકલશ**

"નય નિક્ષેપે રે જેહ ન જાણિયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ;
શુદ્ધ સ્વરૂપે તે બ્રહ્મ દાખવે, કેવળ અનુભવ ભાણ....વીર જિનેશ્વર પરમેશ્વર જયો.
અલખ અગોચર અનુપમ અર્થનો, કોણ કહી જાણે રે ભેદ?
સહજ વિશુદ્ધ રે અનુભવ વયણ જે, શાસ્ત્ર તે સઘળો રે ખેદ....વીર."—**શ્રી આનંદઘનજી**

આવા આત્માનુભવરૂપ સમ્યગ્દર્શનના બીજા બાહ્ય લિંગો-પ્રગટ ચિહ્નો પણ છે; અને તે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિક્ય એ પાંચ છે (જુઓ-પૃ. ૪૧-૪૨). આ પ્રશમાદિ ગુણ પણ બહિર્ દૃષ્ટિથી સમ્યગ્દર્શનના લક્ષણ છે; આત્માનુભૂતિ અથવા સમ્યક્ત્વ સાથે જો તે હોય તો તે **ગુણ** છે, નહિં તો **ગુણાભાસ** છે. અર્થાત્ આત્માનુભૂતિ ન હોય તો પ્રશમાદિ સમ્યગ્દર્શનના લક્ષણ નથી. તેનું સંક્ષેપ સ્વરૂપ આ પ્રકારે : (૧) **પ્રશમ**—વિષય કષાયમાં શિથિલ મન તે, અર્થાત્ વિષયકષાયનું ઉપશાંતપણું તે પ્રશમ છે. અથવા કૃતાપરાધી જીવો પ્રત્યે તેને બાધા ઉપજાવવાની બુદ્ધિ ન થવી, ક્રોધનું ઉપશમન કરી ક્ષમા ધરવી તે પ્રશમ છે.

પ્રશમાદિ બાહ્ય લક્ષણ

(૨) **સંવેગ—(अ)** આત્મધર્મમાં અને ધર્મફલમાં પરમ ઉત્સાહ, **(ब)** સાધર્મિકોમાં અનુરાગ, **(क)** પરમેષ્ઠીઓ પ્રત્યે પ્રીતિ, તે સંવેગ છે. જેમકે—(अ) સમ્યક્ત્વમાત્ર આત્મા એ જ ધર્મ છે, અથવા શુદ્ધ આત્માનો અનુભવ તે જ ધર્મ છે, અને તેનું ફળ

અતીન્દ્રિય અક્ષય ને ક્ષાયિક એવું મોક્ષપદ છે. આવા આ આત્મધર્મ અને આત્મધર્મના ફલરૂપ મોક્ષ પ્રત્યે **સંવેગ** (સં + વેગ)–અત્યંત વેગ ધરવો, અદમ્ય પરમ ઉત્સાહ ધરાવવો, પરમ ઉછરંગ ધરાવવો તે સંવેગ છે. (ख) આવા આત્મધર્મને સાધનારા–આરાધનારા જે સાધર્મિકો છે, તેના પ્રત્યે **કેવળ ગુણોના અનુરાગથી** પરમ પ્રેમ ધરાવવો તે સંવેગ છે. પણ તેવા ગુણ ન હોય એવા નામમાત્ર સાધર્મિકો પ્રત્યે અનુરાગ હોવો તે સંવેગ નથી, પણ મોહ છે. કારણ કે અત્રે અનુરાગ એટલે અભિલાષ એવો અર્થ નથી, પણ **ગુણપ્રેમ** અર્થ છે, અથવા અધર્મથી કે અધર્મફલથી નિવૃત્તિ થવી તે અનુરાગ છે. (क) અથવા આવા આત્મધર્મને ને તેના ફળલાભને જેણે સિદ્ધ કર્યો છે, અથવા તેની સાધનાની ઉચ્ચ દશા જેણે સાધી છે, એવા પંચ પરમેષ્ઠી ભગવંતો પ્રત્યે પરમ પ્રીતિ હોવી, પરમ ભક્તિ હોવી તે સંવેગ છે. અર્થાત્ સંવેગથી–અત્યંત વેગથી, પરમ ઉલ્લાસથી **અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ**ની આરાધના–ઉપાસના કરવી તે સંવેગ છે.–આમ આત્મધર્મ ને આત્મધર્મના ફલરૂપ મોક્ષપદની સાધના સિવાય બીજી કોઇ જ્યાં અભિલાષા નથી, તે સંવેગ છે. **'માત્ર મોક્ષ અભિલાષ'** તે વિધિરૂપ સંવેગ છે, અને સર્વ અભિલાષનો ત્યાગ તે નિષેધરૂપ સંવેગ અથવા નિર્વેદ* છે, એમ પરમ તત્ત્વદ્રષ્ટા **શ્રી પંચાધ્યાયીકાર** વિભાગ પાડે છે. આ સંવેગ તે જ ધર્મ છે, કારણ કે મોક્ષ સિવાય બીજા અભિલાષયુક્ત–ઇચ્છાયુક્ત હોય તે ધર્મવાન્ નથી. અને **ક્રિયા માત્ર છે તે ધર્મ નથી,** મિથ્યાદષ્ટિ પણ ક્રિયા કરે છે, પણ તેની ક્રિયા નિત્ય રાગાદિના સદ્ભાવથી ઉલટી અધર્મરૂપ જ છે, કારણ કે મિથ્યાદષ્ટિ સદા રાગી જ હોય છે, સમ્યગ્દષ્ટિ સદા વૈરાગી જ હોય છે, સદા સંવેગી જ હોય છે. (જુઓ પૃ. ૨૭૭).

"संवेगः परमोत्साहो धर्मे धर्मफले चितः ।
सधर्मेष्वनुरागो वा प्रीतिर्वा परमेष्ठिषु ॥
धर्मः सम्यक्त्वमात्रात्मा शुद्धस्यानुभवोऽथवा ।
तत्फलं सुखमत्यक्षमक्षयं क्षायिकं च यत् ॥" — **શ્રી પંચાધ્યાયી.**

(૩) **નિર્વેદ**—એટલે સંસાર સંબંધી સર્વ અભિલાષનો–ઇચ્છાનો ત્યાગ, વૈરાગ્ય, સંસારથી થાકી જવું–કંટાળવું તે, સંસારથી ખેદ પામવો તે. (૪) **અનુકંપા**—એટલે સર્વ પ્રાણી પ્રત્યે અનુગ્રહ બુદ્ધિ–ઉપકાર બુદ્ધિ, અથવા મૈત્રીભાવ, અથવા માધ્યસ્થ્ય, અથવા વૈરત્યાગથી નિઃશલ્યપણું. સર્વ પ્રાણી પ્રત્યે જે સમતા છે તે પર અનુકંપા છે, અને અર્થથી તે સ્વાનુકંપા છે,–શલ્યવર્જનથી શલ્યની જેમ. આ સ્વાનુકંપા જ પ્રધાન છે.

* "त्यागः सर्वाभिलाषस्य निर्वेदो लक्षणात्तथा ।
स संवेगोऽथवा धर्मः साभिलाषो न धर्मवान् ॥"
(ઇત્યાદિ આધાર માટે જુઓ)—**પંચાધ્યાયી.**

રાગાદિ અશુદ્ધ ભાવોના સદ્‌ભાવે બંધ થાય છે, તેના અસદ્‌ભાવે બંધ નથી થતો, એમ જાણી રાગાદિ ત્યજી આત્મા ન બંધાય એમ કરવું તે સ્વાનુકંપા–પોતાના આત્માની દયા છે. (૫) **આસ્તિક્ય**—સ્વતઃસિદ્ધ એવા તત્ત્વના સદ્‌ભાવમાં–હોવાપણામાં, ધર્મમાં, ધર્મના હેતુમાં અને ધર્મના ફળમાં,–આત્મા આદિનો જેવો ધર્મ છે તેવો યથાવત્ વિનિશ્ચય કરવો તે આસ્તિક્ય છે. આ આસ્તિક્ય જો આત્માનુભૂતિ સહિત હોય તો જ સમ્યક્ત્વ છે, નહિં તો મિથ્યા આસ્તિક્ય છે.

"આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;
છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ."—**શ્રી આત્મસિદ્ધિ.**

"ક્રોધાદિક કષાયોનું શમાઇ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય એવી આત્મદશા થવી, અથવા અનાદિ કાળની વૃત્તિઓ શમાઇ જવી તે શમ. મુક્ત થવા શિવાય બીજી કોઇ પણ પ્રકારની ઇચ્છા નહીં, અભિલાષા નહિ તે સંવેગ. જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું ત્યારથી હવે ઘણી થઇ ! અરે જીવ ! હવે થોભ, એ નિર્વેદ. મહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે શ્રદ્ધા–આસ્થા. એ સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે અનુકંપા. આ લક્ષણો અવશ્ય મનન કરવાં યોગ્ય છે, સ્મરવાં યોગ્ય છે, ઇચ્છવાં યોગ્ય છે, અનુભવવાં યોગ્ય છે."

—**શ્રીમદ્ રાજચંદ્ર** પત્રાંક ૧૨૨. (૧૩૫)

પ્રશમાદિ ગુણ આવશ્યક

આવા આ પ્રશમાદિ ગુણ પણ જો આત્માનુભૂતિ–આત્માનુભવ સહિત હોય તો સમ્યગ્‌દર્શનના બાહ્ય લક્ષણ છે; આત્માનુભૂતિ સહિત ન હોય તો સમ્યગ્‌દર્શનના લક્ષણ નથી. આમ સર્વત્ર શુદ્ધ આત્માનુભૂતિનું જ પ્રાધાન્ય છે, શુદ્ધ આત્માનુભવનું જ મુખ્યપણું છે. તથાપિ આ **પ્રશમાદિ ગુણ સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિમાં કારણરૂપ** છે, કારણ કે જીવમાં જેમ જેમ પ્રશમાદિ ગુણની વૃદ્ધિ થાય છે, તેમ તેમ તેનામાં સમ્યગ્‌દર્શન પામવાની યોગ્યતા–પાત્રતા વધતી જાય છે. જ્યારે વિષયકષાયનું ઉપશાંતપણું થાય, માત્ર મોક્ષ સિવાય બીજો અભિલાષ ન હોય, સંસાર પ્રત્યે તીવ્ર વૈરાગ્ય વર્તે, તથા સર્વ પ્રાણીઓ પ્રત્યે ને પોતાના આત્મા પ્રત્યે અનુકંપા ભાવ હોય, ત્યારે તેવી વિશુદ્ધ દશા પામેલો જીવ સદ્‌ગુરુના ઉપદેશને પાત્ર બને છે; અને તે ઉપદેશ બોધથી સદ્‌વિચારણાની સ્ફુરણા થાય છે, એટલે આત્માના અસ્તિત્વથી માંડીને મોક્ષપદ સુધીના છ અસ્તિપદ સમજાય છે–આસ્તિક્ય ઉપજે છે, અને આત્માનુભૂતિ–આત્મજ્ઞાન પ્રગટી સમ્યગ્‌દર્શન સાંપડે છે, અને તેથી મોહ ક્ષય થઇ નિર્વાણપદ પામે છે. માર્ગપ્રાપ્તિનો આ સકલ અવિકલ ક્રમ મહાસમર્થ તત્ત્વવેત્તા **શ્રીમદ્ રાજચંદ્રજી**એ શ્રી **આત્મસિદ્ધિ**માં આ અત્યંત મનનીય સુભાષિતમાં સ્પષ્ટ પ્રકાશ્યો છે—

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.
દશા ન એવી જ્યાં લગી, જીવ લહે નહિં જોગ;
મોક્ષમાર્ગ પામે નહિં, મટે ન અંતર રોગ.
જ્યાં આવે એવી દશા, સદ્ગુરુ બોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ."—**શ્રી આત્મસિદ્ધિજી.**

આમ પ્રશમ–ત્યાગ–વૈરાગ્યાદિ આત્મજ્ઞાન હોય તો સફળ છે, અને આત્મજ્ઞાનની પ્રાપ્તિના ઉત્તમ હેતુ પણ છે. કારણ કે ત્યાગ–વૈરાગ્ય જેના ચિત્તમાં–અંતરંગમાં નથી, અસ્થિમજ્જાપર્યંત હાડોહાડ વ્યાપ્યા નથી, તેને આત્મજ્ઞાન થાય નહિં; અને ત્યાગ–વૈરાગ્યમાં જ જો જીવ અટકી પડે–આત્મજ્ઞાનના ઈષ્ટ લક્ષ્ય ભણી આગળ વધે નહિં, તો તે પોતાનું ભાન ભૂલી જાય, અર્થાત્ જે આત્મજ્ઞાન પામવાના મૂળ હેતુ અર્થે ત્યાગ–વૈરાગ્યાદિ અત્યંત આવશ્યક છે, તે મૂળ હેતુ જ તે ચૂકી જાય છે.

"વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમ જ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણા નિદાન.
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન."—**શ્રી આત્મસિદ્ધિ.**

આ પરમ ઉપકારી પ્રશમાદિ ગુણ જ્યાં પ્રગટ્યા છે, પરમાર્થથી–તત્ત્વાર્થનું સમ્યક્ શ્રદ્ધાન જ્યાં ઉપજ્યું છે, અને જ્યાં પ્રગટ આત્મજ્ઞાન–શુદ્ધ આત્માનુભવ થયો છે, એવું આ પરમ ધન્ય, પરમ વંદ્ય, **પરમ દુર્લભ એવું કલ્યાણમૂર્ત્તિ સમ્યગ્દર્શન** આ પાંચમી **સ્થિરા** દૃષ્ટિમાં સ્થિતિ કરતા યોગીને તમોગ્રંથિના વિભેદથી સાંપડે છે. અને આમ જેનો દર્શનમોહ નષ્ટ થયો છે, ને સ્પષ્ટ આત્મજ્ઞાન પ્રકાશ સાંપડ્યો છે, એવા આ મહાબુદ્ધિમાન્ વિવેકી સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટા યોગીને આ સંસારનું મહાભયંકર દુઃખદ અસ્થિર સ્વરૂપ સંવેદાય છે, સાક્ષાત્ અનુભવાય છે, એટલે જ આ પરમ ધન્ય સમ્યગ્દૃષ્ટિ પુરુષને સમસ્ત સંસારચેષ્ટા બાલધૂલિગૃહક્રીડા જેવી ભાસે એમાં કાંઇ આશ્ચર્ય નથી. કારણ કે—

"એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે;
થાય કૃષ્ણનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારનો સંગ રે.
હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી અમારી રે."—**શ્રી મુક્તાનંદજી.**

આમ સંતજનોએ આત્મજ્ઞાનનો—સમ્યગ્દર્શનનો ખૂબ મહિમા ગાયો છે. **શ્રીમાન્ યશોવિજયજી** કહે છે કે—'આત્મજ્ઞાનનું ફલ ધ્યાન છે, અને આત્મજ્ઞાન મુક્તિ આપનારૂં છે, માટે મહાત્મા આત્માર્થીએ આત્મજ્ઞાનને અર્થે નિત્ય યત્ન કરવા યોગ્ય છે, કારણ કે આત્માને × જાણ્યે, પછી જાણવાનું બાકી રહેતું નથી; અને આ આત્મા ન જાણ્યો, તો પછી બીજું જ્ઞાન ફોગટ છે.' પરમ આત્મજ્ઞાની **શ્રીમદ્ રાજચંદ્રજી** આનો પડઘો પાડે છે :—

"જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિં જાન્યો નિજ રૂપકો, સબ જાન્યો સો ફોક."—**શ્રીમદ્ રાજચંદ્ર.**

★

मायामरीचिगन्धर्वनगरस्वप्नसंनिभान् ।
बाह्यान् पश्यति तत्त्वेन भावान् श्रुतविवेकतः ॥ १५६ ॥

મૃગજલ ગંધર્વનગર ને, તેમજ સ્વપ્ન સમાન;
બાહ્ય ભાવ તત્ત્વથી જુએ, શ્રુતવિવેકથી સુજાણ. ૧૫૬.

અર્થ :—આ દૃષ્ટિવાળો યોગી શ્રુતવિવેક થકી બાહ્ય ભાવોને તત્ત્વથી માયાજલ, ગંધર્વનગર ને સ્વપ્ન જેવા દેખે છે.

વિવેચન

"જેનો કાળ તે કિંકર થઈ રહ્યો, મૃગતૃષ્ણા જલ ત્રૈલોક....જીવ્યું ધન્ય તેહનું !
દાસી આશા પિશાચી થઈ રહી, કામ ક્રોધ તે કેદી લોક....જીવ્યું ધન્ય તેહનું !"

આ દૃષ્ટિવાળા યોગીને **શ્રુતવિવેક** પરિણત હોય છે, એથી તે દેહ–ગૃહાદિ બાહ્ય ભાવોને પરમાર્થથી મૃગતૃષ્ણા જેવા, ગંધર્વનગર જેવા, સ્વપ્ન જેવા દેખે છે.

આ સમ્યગ્દૃષ્ટિ પુરુષ ભાવે છે કે—આ સર્વ જગજ્જાલ મૃગતૃષ્ણા જેવી છે, **મૃગજલ** જેવી—ઝાંઝવાના પાણી જેવી મિથ્યા છે (જુઓ પૃ. ૨૧૬). ભર ઉન્હાળામાં જંગલને

वृत्तिः—**मायामरीचयो**-મૃગતૃષ્ણિકા, **गन्धर्वनगरं**-ગન્ધર્વનગર, હરિશ્ચંદ્રપુર આદિ, **स्वप्नः**-સ્વપ્ન, પ્રતીત જ છે, **संनिभान्**-તેના આકારવાળા, **बाह्यान्**-બાહ્ય, દેહ–ગૃહ આદિ, **पश्यति**-દેખે છે, **तत्त्वेन**-તત્ત્વથી, પરમાર્થથી, **भावान्**-ભાવોને, પદાર્થોને, શા કારણથી? તો કે—**श्रुतविवेकतः**-શ્રુત વિવેક થકી, સમ્યક્ એવા શ્રુતજ્ઞાને કરીને.

× "ज्ञाते ह्यात्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते । अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ।।"
શ્રી અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર.

'મૃગતૃષ્ણા જલ ત્રૈલોક'

વિષે તરસ્યા થયેલા મૃગને દૂર દૂર પાણીનો આભાસ થાય છે, ને તે પાણી પીવાની આશાએ પૂરપાટ દોડયો જાય છે! પણ તે મૃગજલ તો વસ્તુતઃ નહિં હોવાથી, ખાલી આભાસમાત્ર હોવાથી, હાથતાલી દઈને આઘું ને આઘું ભાગતું જાય છે! ને તે મૃગ બિચારો તેની ખોટી ને ખોટી આશામાં દોડીદોડીને નાહકનો લોથપોથ થાય છે! અથવા મધ્યાહ્ને રણભૂમિમાં પસાર થતા મુસાફરને દૂર દૂર ક્ષિતિજમાં પાણીનો આભાસ (Mirage) થાય છે, એટલે તરસ્યો થયેલો તે તે મેળવવાની આશાએ દોડે છે, પણ તે પાણી તો હતું તેટલું જ દૂર રહે છે! કારણ કે તે જલ ખોટું છે, મિથ્યાકલ્પનારૂપ છે, સૂર્યકિરણોથી ઉપજતો મિથ્યાભાસરૂપ દૃશ્યવિભ્રમ (Illusion of vision) છે, એટલે તે બિચારાને નિરાશ થવું પડે છે! તેમ આ દેહ–ગૃહાદિ ભાવો મૃગજળ જેવા છે. તે પોતાના નથી, છતાં અવિવેકરૂપ દેહાધ્યાસથી–મિથ્યાભાસથી–અસત્ કલ્પનાથી પોતાના ભાસે છે! એટલે મૃગ–પશુ જેવો મૂઢ જીવ તેને પોતાના ગણી, તે મેળવવાની દુરાશાથી, તેની પાછળ 'જેતી મનની રે દોડ' જેટલું દોડાય તેટલું દોડે છે! પણ જે વસ્તુ વસ્તુતઃ પોતાની છે જ નહિં, તે કેમ હાથમાં આવે? જેમ જેમ આ જીવ તેની પાછળ દોડે છે. તેમ તેમ તે હાથતાલી દઈને દૂર ને દૂર ભાગતી જાય છે! ને આ જીવની જાણે ક્રૂર મશ્કરીરૂપ વિડંબના કરે છે, ઠેકડી કરે છે!

કારણ કે આ અનાદિ સંસારમાં આ જીવે અનંત દેહપર્યાય ધારણ કર્યા, તેમાં કયો દેહ આ જીવનો ગણવો? જે દેહપર્યાયને આ જીવ મિથ્યા દેહાધ્યાસથી પોતાનો માનવા જાય છે, તે દેહ તો ખલજનની માફક તેનો ત્યાગ કરીને–દગો દઈને ચાલ્યો જાય છે! ને આ જીવ મેંઢાની જેમ 'મે મે' (મ્હારૂં મ્હારૂં) કરતો હાથ ઘસતો રહે છે! આ વ્હાલામાં વ્હાલો દેહ પણ જ્યાં જીવનો થતો નથી, તો પછી તે દેહને આશ્રયે રહેલી–દેહ હોઈને રહેલી એવી ઘરબાર વગેરે પરિગ્રહરૂપ વળગણા તો તેની કયાંથી થાય? જે દેહમાં દૂધ ને પાણીની જેમ એક ક્ષેત્રાવગાહપણે આ આત્મા રહ્યો છે, તે દેહ પણ જો આ આત્માનો નથી થતો, તો પછી પ્રગટપણે અત્યંત અત્યંત ભિન્ન એવા અન્ય પદાર્થ તો આ આત્માના કયાંથી બને? માટે આ દેહાદિ બાહ્ય ભાવો તત્ત્વથી મિથ્યાભાસરૂપ છે, મૃગતૃષ્ણા જેવા જ છે, એમ આ સમ્યગ્દૃષ્ટિ પુરુષ પ્રત્યક્ષ દેખે છે.

"મહાત્મા પુરુષો–દેહધારીરૂપે વિચરતા મહાત્મા પુરુષોનો લક્ષ સદૈવ દેહને વિષે અધિષ્ઠિત અજર અમર અનંત એવો જે દેહી–આત્મા તે પ્રતિ હોય છે. એ દેહીએ દેહ તો અનેક ધર્યા હોય, ત્યાં કયા દેહને પોતાનો ગણે?"

શ્રી મનઃસુખભાઈ કિરતચંદકૃત શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા.

અથવા તો આ દેહ–ગૃહ આદિ ભાવો ગગનનગર જેવા છે, આકાશમાં રચાયેલા

શહેર જેવા છે! ઇંદ્રજાલીયા આકાશમાં નગરરચનાનો ખોટો ભાસ ઉભો કરાવે છે, પણ તે મિથ્યાભાસરૂપ નગર તો ક્ષણવારમાં ક્યાંય 'છુ' થઇ જાય છે! ક્યાંનું ક્યાંય અલોપ થઇ જાય છે! અથવા તો આકાશમાં અદ્ધર નિરાધારપણે એવું નગર રચવું અશક્ય છે! હવામાં કિલ્લા બાંધવા (Castles in air) અસંભવિત છે, શેખચલ્લીના વિચાર જેવા મિથ્યા કલ્પનાના ઘોડા છે! તેની જેમ આ દેહ–ગૃહ આદિ બાહ્ય પદાર્થો ક્ષણભંગુર ને મિથ્યા-ભાસરૂપ છે, ક્ષણવારમાં હતા ન હતા થઇ જાય છે. આ દેહાદિ ખરેખર! આત્માથી બાહ્ય છે, પરભાવ છે, તેની સાથે પરમાર્થથી આ આત્માને કાંઇ લેવાદેવા નથી. **શ્રી દેવચંદ્રજી**ના શબ્દોમાં '**દ્રવ્યે દ્રવ્ય મિલે નહિં, ભાવ તે અન્ય અવ્યાપ્ત** હો મિત્ત.' જડ તે જડ ને ચેતન તે ચેતન એમ ત્રણે કાળમાં અખંડ સ્થિતિ છે. એટલે દેહાદિ સાથે કંઇ પણ સંબંધની કલ્પના તે આકાશમાં નગરરચના જેવી મિથ્યા કલ્પનામાત્ર છે. **શ્રી પૂજ્યપાદ સ્વામી**જીએ કહ્યું છે તેમ 'દેહોમાં આત્મબુદ્ધિથી પુત્ર, સ્ત્રી આદિ કલ્પનાઓ ઉપજી છે અને તેના વડે આત્માની સંપત્તિ માનતું જગત્ અરે હણાઇ ગયું છે!'

ગગનનગર જેવો સંસાર

"વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચિયે ત્યાં ક્ષણનો પ્રસંગ?—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

અથવા આ દેહ–ગૃહ આદિ આત્મ–બાહ્ય પદાર્થો **સ્વપ્ન** સમાન છે. સ્વપ્નમાં દીઠેલી વસ્તુ જેમ જાગ્રત અવસ્થામાં દેખાતી નથી, મિથ્યા જણાય છે, તેમ અજ્ઞાનરૂપ સ્વપ્ન દશામાં દેખાતી આ દેહાદિ કલ્પના આત્મજાગ્રતિરૂપ જ્ઞાનદશામાં વાસ્તવિક દેખાતી નથી, મિથ્યાભાસરૂપ જણાય છે. અથવા ગમે તેવું સુંદર સ્વપ્ન આવ્યું હોય અને તેમાં ગમે તેવા ઉત્તમ ભોગ ભોગવ્યા હોય, છતાં તેને ક્ષણવારમાં વિલય થતાં વાર લાગતી નથી; અને હાય! તે ભોગ ચાલ્યા ગયા ને અમારા ભોગ મર્યા!–એવો મિથ્યા ખેદ મનમાં બાકી રહે છે! તેમ આ દેહ–ગૃહાદિનો સુંદર યોગ થયો હોય અને ચક્રવર્ત્તી આદિની ઋદ્ધિ પ્રાપ્ત થઇ ઉત્તમ ભોગોની વિપુલતા સાંપડી હોય, તો પણ તે સર્વ ક્ષણવારમાં સ્વપ્નાની જેમ જોતજોતામાં દષ્ટનષ્ટ થઇ જાય છે, ને હાય! આ મ્હારા ભોગ ચાલ્યા ગયા, એવો વસવસો મનમાં રહી જાય છે! '**ભીખારીનો ખેદ**' એ મનનીય દષ્ટાંત **શ્રીમદ્ રાજચંદ્રજી**એ **મોક્ષમાળામાં** તાદૃશ્ય રીતે વર્ણવ્યું છે, તે અત્રે બરાબર લાગુ પડે છે. કોઈ એક ભીખારીને સ્વપ્નમાં ઉત્તમ રાજવૈભવ સાંપડચો છે, ને પછી તે સ્વપ્નમાં ને સ્વપ્નમાં રોમાંચ અનુભવે છે, ત્યાં અફસોસ! વચ્ચમાં વિઘ્ન આવે છે–ગાજવીજનો ગડગડાટ થાય છે, ને તેનું સ્વપ્ન અધૂરૂં રહે છે, તેનો ખેદ માત્ર અવશેષ રહે છે! આમ આ સંસાર ખરેખર! સ્વપ્ના જેવો છે, માટે જ સાદા વેધક શબ્દોમાં ચાબખા મારનારા **ભોજા ભગતે** ભોળા ભાવે સાચું જ ગાયું છે કે—'પ્રાણીઆ! ભજી લેને કિરતાર, આ તો

'આ તો સ્વપનું છે સંસાર'

સ્વપનું છે સંસાર.'—ઇત્યાદિ પ્રકારે નિરંતર ભાવતા આ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષને આ સમસ્ત સંસાર સ્વપ્ન જેવો, મૃગજળ જેવો, ગગનનગર જેવો, ઉપલક્ષણથી એઠ જેવો, ધૂળ–રાખ જેવો, કાજળની કોટડી જેવો ભાસે છે. કારણકે સ્વપ્નરૂપ અજ્ઞાન દશા વ્યતીત થઇ, તેને જ્ઞાનરૂપ જાગ્રત દશા પ્રાપ્ત થઈ છે.

"જાગીને જોઉં તો જગત દીસે નહિં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે." **શ્રી નરસિંહ મહેતા.**

"સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીયે જ્ઞાનિદશા, બાકી વાચા જ્ઞાન."—**શ્રી આત્મસિદ્ધિ.**

"આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષ્ણા છીપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઇ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુળ ખેદ, જ્વરાદિ રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગત્‌ને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઇ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ."—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૧૮૪.

આમ આ સંસાર પ્રત્યે આ સમ્યગ્દૃષ્ટિ યોગી પુરુષને અત્યંત તીવ્ર અંતરંગ વૈરાગ્ય વર્તે છે. આવા ગાઢ સંવેગરંગથી જ્ઞાની પુરુષ રંગાયેલા હોય છે, તેનું કારણ એમને **શ્રુતવિવેક** ઉપજ્યો છે તે છે, સમ્યક્‌પણે **શ્રુતજ્ઞાન પરિણત** થયું છે તે છે (જુઓ પૃ. ૧૯–૨૦) અર્થાત્ આ સમ્યગ્દૃષ્ટિ દ્રષ્ટા પુરુષને સત્પુરુષ સદ્ગુરુ સમીપે શ્રવણ કરેલા '**શ્રુત**' જ્ઞાનથી વિવેક ઉપજ્યો છે, શ્રુતજ્ઞાન સમ્યક્‌પણે પરિણમ્યાથી સદ્–અસદ્‌નું ભાન થયું છે, વસ્તુ સ્વરૂપ જેવું છે તેવું સમજવામાં આવ્યું છે, સ્વ–પરનું ભેદજ્ઞાન પ્રગટયું છે, આત્મા–અનાત્માનો પ્રગટ ભેદ અનુભવવામાં આવ્યો છે, કેવલ શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ **વિવેકખ્યાતિ** ઉપજી છે, શુદ્ધ આત્મજ્ઞાન થયું છે.

શ્રુતવિવેક

જેમ કે–હું આ દેહાદિ પરવસ્તુથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી અજર અમર આત્મા છું. આ નાશવંત દેહાદિ પરભાવ તે હું નથી. એક શુદ્ધ **સહજાત્મ-સ્વરૂપ** જ મ્હારૂં છે, બીજું કંઇ પણ મ્હારું નથી. હું આ દેહાદિ ભાવનો નથી, ને આ દેહાદિ ભાવ મ્હારા નથી,–એવો વિવેકરૂપ નિશ્ચય તેના આત્મામાં દૃઢ થયો છે.

"ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ."—**શ્રી આત્મસિદ્ધિ.**

“શ્રી સદ્‌ગુરુએ કહ્યાં છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઇપણ મ્હારાં નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છઉં. એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.”

—શ્રીમદ્ રાજચંદ્રજી.

માટે મ્હારે આ મ્હારો એક શુદ્ધ આત્મભાવ જ આદેય છે—ગ્રહણ કરવા યોગ્ય છે, બાકી આ બીજા બધા ભાવ હેય છે, ત્યજવા યોગ્ય છે; માટે હું મ્હારા આત્મભાવને જ ભજું ને સમસ્ત પરભાવપ્રપંચને ત્યજું એ જ યોગ્ય છે. આપણો આત્મભાવ જે એક ચેતનાધાર છે, તે નિજ પરિકર—પરિવારરૂપ ભાવ જ આ બીજા બધા સાથ સંયોગ કરતાં સાર છે. **‘એ નિજ પરિકર સાર રે.’** માટે હે ચેતન! તું શાંત થઇ આ સર્વ પરભાવથી વિરામ પામ! વિરામ પામ! હે **આનંદઘન!** એ જ આ પરમ શાંતિમાર્ગ પામવાનો પરમ ઉપાય છે. એનો આશ્રય કર! આશ્રય કર!

“આપણો આતમ ભાવ જે, શુદ્ધ ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એ નિજ પરિકર સાર રે....શાંતિજિન૦”– **શ્રી આનંદઘનજી.**

આમ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષ સ્વભાવનો આશ્રય કરવાનો ને પરભાવનો ત્યાગ કરવાનો વિવેકજન્ય નિશ્ચય કરે છે, તેમાં ધોબીના ઘેરથી આણેલા બદલાઇ ગયેલ વસ્ત્રનું આ દૃષ્ટાંત બરાબર ઘટે છે:—

‘તેહ પરભાવને કેમ ચાખે?’

જેમ કોઇ એક પુરુષ ભ્રાંતિથી ધોબીના ઘેરથી વસ્ત્ર લઇ આવી, પોતાનું માની પ્હેરીને સૂઇ ગયો. તે પોતે અજ્ઞાની હોઇ, બીજાએ તેનો છેડો પકડી તેને બળથી નગ્ન કરવા માંડ્યો અને કહ્યું કે ‘અલ્યા! જલ્દી ઊઠ! આ મ્હારૂં બદલાઇ ગયેલું વસ્ત્ર આપી દે!’ એમ વારંવાર વચન સાંભળીને તેણે બધા ચિહ્નોથી સારી પેઠે પરીક્ષા કરી, ચોક્કસ આ તો પારકું છે એમ જાણ્યું, એટલે જ્ઞાની થઇ તેણે તે વસ્ત્ર એકદમ મૂકી દીધું. તેમ જ્ઞાતા પણ સંભ્રાંતિથી પારકા ભાવો ગ્રહણ કરીને આત્મીય પ્રતિપત્તિથી—પોતાના માની બેસી પરમાં અધ્યાસ કરીને સૂતો હતો. તે સ્વયં અજ્ઞાની હોઇ, ગુરુ પરભાવવિવેક કરી તેને ‘એક’ કરવા માંડે છે ને ઉપદેશે છે કે—‘અરે! પ્રતિબોધ પામ! જાગ! આ આત્મા નિશ્ચયથી એક છે.’ એમ વારંવાર શ્રૌત-શ્રુત સંબંધી વચન સાંભળી તે સર્વ ચિહ્નોથી સારી પેઠે પરીક્ષા કરી, નિશ્ચિત આ પરભાવો છે એમ જાણે છે, એટલે જ્ઞાની થઇ તે સર્વ × ભાવોને શીઘ્ર મૂકી દે છે. કારણ કે—

× “जह णाम कोवि पुरिसो परदव्वमिणंति जाणिदुं चयदि ।
तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी ॥”
(આધાર માટે જુઓ) **શ્રી સમયસાર અને શ્રી અમૃતચંદ્રાચાર્યજીની ટીકા.**

"જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નવિ તાસ રંગી;
પરતણો ઇશ નહિં અપર ઐશ્વર્યતા, વસ્તુધર્મે કદા ન પર સંગી....
અહો ! શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી૦
સંગ્રહે નહિં આપે નહિં પર ભણી, નવિ કરે આદરે પર ન રાખે;
શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગી જિકે, તેહ પરભાવને કેમ ચાખે ?....અહો શ્રી સુમતિ૦
તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઉપજે રુચિ તિણે તત્ત્વ ઇહે;
તત્ત્વરંગી થયો દોષથી ઉભગ્યો, દોષ ત્યાગે ઢળે તત્ત્વ લીહે....અહો ! શ્રી સુમતિ૦"

શ્રી દેવચંદ્રજી.

આમ શ્રુતજ્ઞાન પરિણત થવાથી, તત્ત્વવિવેક ઉપજ્યો હોવાથી, સ્વ–પરનું ભેદજ્ઞાન પ્રગટ્યુ હોવાથી, આત્મસ્વરૂપપદ સમજાયું હોવાથી, ને શુદ્ધ આત્મજ્ઞાન સાંપડ્યું હોવાથી–આ સમ્યગ્દૃષ્ટિ યોગી પુરુષને દેહ–ગૃહાદિ બાહ્ય ભાવો–પરપદાર્થો મૃગતૃષ્ણાદિ જેવા ભાસે એ અત્યંત સ્વાભાવિક છે, કારણ કે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષની આત્મદશા ઉત્કટ વૈરાગ્યમય ને પરમ **સંવેગરંગ**થી રંગાયેલી હોય છે. ખરેખર ! **આત્મારામી સમ્યગ્દૃષ્ટિ** મહાત્માની દશા પરમ અદ્ભુત હોય છે. જેમકે—

'કર્મબંધની શંકા ઉપજાવનારા મિથ્યાત્વાદિ ચાર પાદને છેદે છે, તે **નિઃશંક** * આત્મા સમ્યગ્દૃષ્ટિ જાણવો. જે કર્મફલોમાં તથા સર્વધર્મોમાં કાંક્ષા કરતો નથી, તે **નિષ્કાંક્ષ** આત્મા સમ્યગ્દૃષ્ટિ જાણવો. જે સર્વેય ધર્મોમાં જુગુપ્સા કરતો નથી, તે **નિઃશંક સમ્યગ્ નિર્વિચિકિત્સ** આત્મા સમ્યગ્દૃષ્ટિ જાણવો. જે સર્વ ભાવોમાં અસંમૂઢ **દૃષ્ટિ કેવો હોય ?** હોઇ સદ્દૃષ્ટિવાન્ છે, તે **અમૂઢદૃષ્ટિ** સમ્યગ્દૃષ્ટિ જાણવો. સિદ્ધભક્તિયુક્ત એવો જે સર્વ પરવસ્તુના ધર્મોનું ઉપગૂહન–ગોપન કરે છે, અથવા સર્વ આત્મધર્મોનું–આત્મશક્તિઓનું ઉપબૃંહણ કરે છે–વૃદ્ધિ કરે છે, તે **ઉપગૂહનકારી–ઉપબૃંહણકારી** સમ્યગ્દૃષ્ટિ જાણવો. ઉન્માર્ગે જતા પોતાના આત્માને જે માર્ગે સ્થાપે છે તે **સ્થિતિકરણયુક્ત** આત્મા સમ્યગ્દૃષ્ટિ જાણવો. મોક્ષમાર્ગને વિષે ત્રણ સાધુઓનું અર્થાત્ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું જે પોતાનાથી અભેદબુદ્ધિથી વાત્સલ્ય કરે છે, તે **વત્સલભાવયુક્ત** એવો માર્ગવત્સલ સમ્યગ્દૃષ્ટિ જાણવો. વિદ્યારથમાં આરૂઢ થયેલો જે મનોરથપથોમાં ભમે છે, તે ચેતયિતા–આત્મા જિનજ્ઞાનની **પ્રભાવના** કરનાર સમ્યગ્દૃષ્ટિ જાણવો.' ×

卐

---

* "जो चत्तारिवि पाए छिंददि ते कम्मबंधमोहकरे ।
सो णिस्संको चेदा सम्मादिट्ठी मुणेयव्वो ।।"
—(જુઓ) **શ્રી સમયસાર**, ગા. ૨૨૯–૨૩૬. **અને શ્રી અમૃતચંદ્રાચાર્યજી**ની ટીકા

× "विज्जारहमारूढो मणोरहपएसु भमइ जो चेदा ।
सो जिणणाणपहावी सम्मादिट्ठी मुणेयव्वो ।। "—**શ્રી સમયસાર.**

अबाह्यं केवलं ज्योतिर्निराबाधमनामयम् ।
यदत्र तत्परं तत्त्वं शेषः पुनरुपप्लवः ॥ १५७ ॥

અબાહ્ય કેવલ જ્યોતિ જે, નિરામય નિરાબાધ;
પરમ તત્ત્વ તેહી જ અહીં, શેષ ઉપપ્લવ બાધ. ૧૫૭

અર્થ :—અબાહ્ય એવી કેવલ, નિરાબાધ, નિરામય જ્યોતિ જે અત્રે છે તે પરમ તત્ત્વ છે; બાકી શેષ તો ઉપપ્લવ છે.

વિવેચન

"કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે."—**શ્રી યો. દ. સજ્ઝા. ૬-૪**

અત્રે અબાહ્ય એવી જે નિરાબાધ ને નિરામય **કેવલ જ્ઞાનજ્યોતિ** છે, તે જ **પરમ તત્ત્વ** છે. તે જ અમૂર્ત્તપણાને લીધે નિરાબાધ અને અનામય છે. એટલા માટે જ પરમ તત્ત્વ છે. એ સિવાયનું બાકી બીજું બધુંય ઉપપ્લવરૂપ છે.

અબાહ્ય કેવલ જ્યોતિ પરં તત્ત્વ

આ જગત્માં જો કોઇ પરમ, સર્વોત્કૃષ્ટ, પરમોત્તમ તત્ત્વ હોય તો તે **અંતરમાં** ઝળહળી રહેલી કેવળ એક જ્ઞાન જ્યોતિ જ છે. એ તત્ત્વ **અબાહ્ય** છે, અંતરમાં ઝળહળી રહ્યું છે. તે **નિરાબાધ** છે, કોઇ પણ પ્રકારની બાધાથી–પીડાથી રહિત છે, કારણ કે તે અમૂર્ત્ત–અરૂપી છે, એટલે તેને કોઇ બાધા સ્પર્શી શકતી નથી. વળી તે **નિરામય**–આમય–રોગ રહિત, અરોગી છે, ભાવ-આરોગ્યસંપન્ન છે. કારણ કે તે અરૂપી–અમૂર્ત્ત છે. આમ નિરાબાધ ને નિરામય હોવાથી તે પરમ સુખમય, પરમ આનંદમય છે. કોઇ પણ બાધા—પીડા વિનાનો અને રોગ વિનાનો સ્વસ્થ મનુષ્ય જેમ પોતાના સહજ (Normal & Natural) કુદરતી સંપૂર્ણ આરોગ્યમય સ્વરૂપમાં દીપી નીકળી પૂર્ણ ખુશમીજાજમાં–આનંદોલ્લાસમાં દેખાય છે, તેમ કોઈ પણ પ્રકારની બાધાથી ને રોગથી રહિત, એવી આ કેવલ જ્ઞાનજ્યોતિ પોતાના **સહજ સંપૂર્ણ અવ્યાબાધ આરોગ્યમય–સ્વાસ્થ્યમય** સ્વરૂપમાં પ્રકાશી નીકળી પરમ નિર્ભય સુખમય–પરમ આનંદમય દીસે છે. આ અવ્યાબાધ આરોગ્યમય એવા **સહજાત્મસ્વરૂપે** સ્થિત કેવલ એક જ્ઞાનજ્યોતિ જ પરમ તત્ત્વ છે. 'નેતિ નેતિ' એમ બીજું બધુંય બાધ્ય બાધ કરતાં, તે છેવટ–પરમ અબાધ્ય અનુભવરૂપ રહે છે,

---

વૃત્તિઃ—**अबाह्यं**–અબાહ્ય, આન્તર, **केवलं**–કેવલ, એક, **ज्योतिः**–જ્યોતિ, જ્ઞાન, **अनाबाधं**–અનાબાધ–અમૂર્ત્તતાથી પીડારહિત, **अनामयं**–અનામય, અરોગી,–એટલા માટે જ, **यदत्र**–જે અત્રે–લોકમાં, **तत्परं तत्त्वं**–તે પરં તત્ત્વ વર્ત્તે છે, સદા તથાભાવને લીધે, **शेषः पुनः**–શેષ–બાકીનો પુનઃ, **उपप्लवः**–ઉપપ્લવ છે,–તથાસ્વરૂપે ભાવથી.

તેટલા માટે તે **પરમ** છે; અથવા એનાથી પર-મોટું કોઈ નથી, એ જ સર્વોત્કૃષ્ટ છે, એ જ સર્વોત્તમ છે, તેટલા માટે તે પરમ છે.

અને ત્યાં કેવલ માત્ર, એક, શુદ્ધ, અદ્વૈત એવી તે જ્ઞાનજ્યોતિ જ છે, એક ચૈતન્ય ચમત્કાર સિવાય બીજું કાંઈ નથી. 'અખંડ અનાકુલ ને અનંત એવી તે પરમ જ્યોતિ અંદરમાં ને બ્હારમાં સદા સહજ વિલસી રહી છે; ચૈતન્યના ઉછાળાથી તે નિર્ભર હોઇ, મીઠાના ગાંગડાની પેઠે સદાકાલ એકરસને આલંબે છે.' ×મીઠાનો ગાંગડો ગમે ત્યાંથી ચાખો પણ સદા એક લવણરસરૂપ જ લાગે છે, તેમ આ **ચૈતન્યઘન** જ્ઞાનજ્યોતિ સદા એક ચૈતન્ય-રસરૂપ જ અનુભવાય છે.

"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ."—**શ્રીમદ્ રાજચંદ્રજી** પ્રણીત
શ્રી આત્મસિદ્ધિજી.

'પરમ નિધાન પ્રગટ મુખ આગળે'

અને આવું આ પરમ જ્યોતિર્મય તત્ત્વ **અબાહ્ય** છે, **અંતરમાં** જ વર્તે છે, આત્મામાં જ સ્થિત છે, પોતામાં જ રહેલ છે, આત્માથી બાહ્ય-બ્હાર નથી. એ આત્માનું અંતસ્તત્ત્વ છે, અને તે જ પોતાનું છે. તે કંઇ બ્હાર ખોળવા જવાની જરૂર નથી. તે તો આત્મામાં જ રહેલું હોઇ, આત્મામાંથી જ ઓળખીને ખોળી કાઢવાનું છે. પરંતુ કસ્તૂરી જેમ મૃગની નાભિમાં જ છે, પણ અજ્ઞાન મૃગને તેનું ભાન નહિં હોવાથી તે ઢુંઢવા માટે બીજે દોડે છે! તેમ અજ્ઞાની જીવને આ પરમ તત્ત્વ જે પોતાના આત્માની અંદરમાં જ રહેલું છે, જે આત્મા પોતે જ છે, તેનું ભાન નહિં હોવાથી, તે તેની શોધમાં બહાર ભમ્યા કરે છે! પણ અંતર્મુખ થઇ પોતાની અંદર અવલોકતો નથી! આમ **પરમ નિધાન** જે **પ્રગટ મુખ આગળે** રહ્યો છે, તેને આ અજ્ઞાની જગત્ ઉલ્લંઘી જાય છે! ને તેની શોધમાં બ્હાર નીકળી પડે છે! 'કેડે છોકરૂં ને શોધવા ચાલી' એના જેવો ઘાટ થાય છે! ખુલ્લો ખજાનો આવે છે, ત્યાં આંખો મીંચીને ચાલતા, છતી આંખે આંધળા બનેલા મૂર્ખ જનોના જેવી આ વાત બને છે! તેઓ નિકળ્યા'તા તો ખજાનો શોધવા, પણ જ્યાં ખજાનો આવે છે, ત્યાં 'આંધળા શી રીતે ચાલતા હશે તે જોઇએ તો ખરા!' એમ તુક્કો ઊઠતાં તેઓ આંખો મીંચીને ચાલવાનો અખતરો કરે છે! એમ કરતાં તેઓ ખજાનો ઉલ્લંઘી જાય છે-ટપી જાય છે! અને તે શોધવા માટે આગળ દોડયા જાય છે! પણ પ્રગટ મોઢા આગળ ઉઘાડો પડેલો ખજાનો દેખતા નથી! તેમ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-આનંદ આદિ ગુણરત્નોનો પરમ નિધાન, સૌથી મોટામાં મોટો ને કિંમતીમાં

× अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते, यदेकरससमुल्लसल्लवणखिल्यलीलायितं ॥"
—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત **સમયસારકલશ.**

કિંમતી ખજાનો, એવો આ આત્મા મુખ આગળ પ્રગટ ઉઘાડો પડ્યો છે—સાવ ખુલ્લો પડ્યો છે, છતાં આ અજ્ઞાની જગત્ અંધની જેમ તેને ઉલ્લંઘી જાય છે! તે આમ કરે છે તેનું કારણ તેને આ પરમ જ્ઞાનજ્યોતિનો પ્રકાશ સાંપડ્યો નથી તે છે, એટલે અજ્ઞાન-રૂપ અંધકાર વ્યાપી રહ્યો હોઈ, તે બિચારૂં આ પરમ નિધાન દેખતું નથી, અને 'અંધો અંધ પલાય' આંધળાની પાછળ આંધળા દોડતા હોય એવી ચેષ્ટા કરે છે!

"પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય....જિનેસર!
જ્યોતિ વિના જુઓ! જગદીશની, અંધો અંધ પલાય....જિનેસર! ધર્મ૦"

—શ્રી આનંદઘનજી.

પણ આ યોગદૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ પુરુષને તો અબાહ્ય એવી આંતર્ જ્યોતિનું પ્રગટ દર્શન થયું છે, જગદીશની જ્યોતિનો પ્રકાશ સાંપડ્યો છે, એટલે તેણે તો આ **'પરમ નિધાન પ્રગટ મુખ આગળે'** દીઠો છે. એવા સમ્યગ્દૃષ્ટિ પુરુષને તો પોતાની પૂર્વ અજ્ઞાન અવસ્થાનું સ્મરણ થતાં પોતાના પ્રત્યે હસવું આવે છે! તે વિચારે છે કે **'આપ આપકું ભૂલ ગયા!'** પોતે પોતાને ભૂલી ગયો એનાથી તે બીજું મોટું અંધેર કયું? એ ફરી ફરી યાદ કરતાં કરતાં અમને હસવું આવે છે! પણ હવે તો અમે ફરીથી નહિં ભૂલીએ! પરમ ભાવયોગી **શ્રીમદ્ રાજચંદ્રજી**એ અત્યંત માર્મિક વચનો કહ્યા છે કે:—

"આપ આપકું ભૂલ ગયા, ઇનસે કયા અંધેર?
સુમર સુમર અબ હસત હે, નહિં ભૂલેંગે ફેર."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

આ કેવલ જ્ઞાનજ્યોતિ જ **અબાહ્ય** છે, બાકી બીજું બધુંય બાહ્ય છે; અર્થાત્ કર્મ, નોકર્મ આદિ આત્માથી બાહ્ય છે, તેનો આત્મામાં અંતઃપ્રવેશ નથી. કારણ કે × 'પ્રગટપણે અનંત શક્તિવાળી વસ્તુ પણ ભલે બ્હાર આળોટ્યા કરે, પણ વસ્ત્વં-

×"बहिर्लुठति यद्यपि स्फुटदनंतशक्तिः स्वयम्,
तथाप्यपरवस्तुनो विशति नान्यवस्त्वन्तरम्।
स्वभावनियतं यतः सकलमेव वस्त्विष्यते,
स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यते॥
वस्तु चैकमिह नान्यवस्तुनो, येन तेन खलु वस्तु वस्तु तत्।
निश्चयोऽयमपरोऽपरस्य कः, किं करोति हि बहिर्लुठन्नपि॥
यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुनः, किंचनापि परिणामिनः स्वयं।
व्यावहारिकदृशैव तन्मतं, नान्यदस्ति किमपीह निश्चयात्॥"

—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત સમયસાર કલશ.

કર્મ આદિ આત્માથી બાહ્ય તરની-બીજી વસ્તુની અંદર પ્રવેશી શકતી નથી, કારણ કે સકલ જ વસ્તુ સ્વભાવનિયત કહી છે, પોતાના સ્વભાવથી નિયત-નિશ્ચયથી મર્યાદિત કહી છે, તો પછી મોહ પામી તે સ્વભાવ ફેરવવા માટે આકુલ થઇ શાને ક્લેશ પામવામાં આવે છે? કારણ કે અહીં કોઇ વસ્તુ અન્ય વસ્તુની નથી, તેથી વસ્તુ તે વસ્તુ જ છે, આ નિશ્ચય છે બ્હાર લોટતાં છતાં અન્ય અન્યનું શું કરે છે? અને સ્વયં પરિણામી એવી અન્ય વસ્તુનું અન્ય વસ્તુ કંઈ પણ કરે છે, તે તો વ્યવહાર દૃષ્ટિથી માન્યું છે, નિશ્ચયથી તો અહીં બીજું કંઇ પણ નથી.' આમ કર્મ આદિ આત્માથી બાહ્ય છે, તો પછી આત્માનો અને જ્ઞાનાવરણીયાદિ કર્મનો, શરીરાદિનો તથા રાગ-દ્વેષાદિ ભાવકર્મનો પરસ્પર શો સંબંધ છે? તે પ્રસંગથી અત્ર સમજવા માટે સંક્ષેપ વિચાર કર્તવ્ય છે.

નિમિત્ત નૈમિત્તિક વ્યવહાર

અત્ર શિલ્પીનું*-**કારીગરનું દૃષ્ટાંત** ઘટે છેઃ- જેમ કોઇ સોની વગેરે કારીગર કુંડલાદિ પરદ્રવ્ય પરિણામરૂપ કર્મ કરે છે, હથોડી વગેરે પરદ્રવ્ય પરિણામરૂપ કરણો વડે કરે છે, હથોડી વગેરે પરદ્રવ્ય પરિણામરૂપ કરણો ગ્રહે છે, અને કુંડલાદિ કર્મના ફળરૂપે પરદ્રવ્ય પરિણામરૂપ ગ્રામાદિ ભોગવે છે, પણ અનેક દ્રવ્યપણાને લીધે તેનાથી અન્યપણું-જૂદાપણું હોઇ તન્મય થતો નથી. તેથી નિમિત્ત-નૈમિત્તિક ભાવ માત્રથી જ તેમાં કર્તૃ-કર્મત્વનો ને ભોક્તૃ-ભોગ્યત્વનો વ્યવહાર છે. તેમ આત્મા પણ પુણ્ય-પાપાદિ પુદ્ગલ પરિણામરૂપ કર્મ કરે છે, પુદ્ગલ દ્રવ્ય પરિણામરૂપ મન-વચન-કાય કરણો વડે કરે છે, પુદ્ગલ દ્રવ્ય પરિણામરૂપ મન-વચન-કાય કરણો ગ્રહે છે, અને પુણ્ય પાપાદિ કર્મફલરૂપ પુદ્ગલ દ્રવ્ય પરિણામાત્મક સુખ દુઃખાદિ ભોગવે છે, પણ અનેક દ્રવ્યપણાએ કરીને તેનાથી અન્યપણું-ભિન્નપણું હોઇ તન્મય થતો નથી. તેથી **નિમિત્ત નૈમિત્તિક ભાવ** માત્રથી જ તેમાં કર્તૃ-કર્મત્વનો ને ભોક્તૃ-ભોગ્યત્વનો **વ્યવહાર છે.**

પરિણામ-પરિણામી નિશ્ચય

અને જેમ તે જ કારીગર કામ કરવાને ઇચ્છતો સતો, ચેષ્ટાને અનુરૂપ આત્મ-પરિણામરૂપ કર્મ કરે છે, અને ચેષ્ટાને અનુરૂપ દુઃખલક્ષણવાળું આત્મપરિણામરૂપ કર્મફળ ભોગવે છે, અને એક દ્રવ્યપણાએ કરીને તેનાથી અનન્યપણું-અભિન્નપણું હોઇ તન્મય થાય છે, તેથી **પરિણામ-પરિણામી ભાવથી** તેમાં જ કર્તૃ-કર્મત્વનો ને ભોક્તૃ-ભોગ્યત્વનો **નિશ્ચય** છે. તેમ આત્મા પણ કરવા ઇચ્છતો સતો, ચેષ્ટારૂપ આત્મપરિણામરૂપ કર્મ કરે છે,

*"जह सिप्पिओ उ कम्मं कुव्वइ ण य सो उ तम्मओ होइ ।
तह जीवोवि य कम्मं कुव्वदि ण य तम्मओ होइ ॥"

(આધાર માટે જુઓ)-**શ્રી સમયસાર** ગા. ૩૪૯-૩૫૫ અને **શ્રી અમૃતચંદ્રાચાર્યજીની પરમ અદ્ભુત ટીકા.**

ચેષ્ટારૂપ દુઃખલક્ષણવાળું આત્મપરિણામરૂપ કર્મફળ ભોગવે છે, અને એક દ્રવ્યપણાએ કરીને તેનાથી અનન્યપણું-અભિન્નપણું હોઇ તન્મય થાય છે. તેથી પરિણામ-પરિણામી ભાવથી તેમાં જ કર્તૃ-કર્મત્વનો ને ભોક્તૃ-ભોગ્યત્વનો **નિશ્ચય** છે. આમ દ્રવ્ય કર્મ સાથે જીવનો **વ્યવહારથી** નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, અને **અશુદ્ધ નિશ્ચયથી** ભાવકર્મ સાથે પરિણામ-પરિણામી સંબંધ છે. પણ **શુદ્ધ નિશ્ચય નયથી** તો આત્મા સર્વ કર્મ-કલંક-પંકથી રહિત એવો શુદ્ધ સ્વભાવી 'દેવ સ્વયં શાશ્વત' છે.

ખડી અને ભીંતનું દૃષ્ટાંત

વળી જેમ ભીંત પર બ્હાર લગાડેલી ખડી ભીંતરૂપ નથી, ભીંતથી બાહ્ય છે, ભીંતથી જૂદી છે, એટલે ખડી ભીંતની નથી, ખડી તે ખડી જ છે; તેમ જ્ઞાયક એવા આત્માનું વ્યવહારથી પુદ્ગલાદિ દ્રવ્ય જ્ઞેય છે, પણ તે જ્ઞાયક જ્ઞેયથી બાહ્ય છે, જ્ઞેયથી જુદો છે, એટલે તે જ્ઞાયક જ્ઞેય એવા પરદ્રવ્યનો નથી, જ્ઞાયક તે જ્ઞાયક જ છે, એમ નિશ્ચય છે. જેમ શ્વેત ગુણવાળી ખડીનો સ્વભાવ ભીંતને શ્વેત કરવાનો છે, તેમ જ્ઞાનગુણવાળા આત્માનો સ્વભાવ જ્ઞેયને જાણવાનો છે. ખડી જેમ વ્યવહારથી ભીંતરૂપ પરદ્રવ્યને શ્વેત કરે છે, તેથી તે કાંઈ ભીંતની થઇ જતી નથી, અર્થાત્ ભીંતરૂપ બની જતી નથી, પણ નિશ્ચયથી ખડીની ખડી જ રહે છે; તેમ આત્મા પણ વ્યવહારથી જ્ઞેય એવા પરદ્રવ્યને જાણે છે, તેથી તે કાંઇ પરદ્રવ્યનો થઈ જતો નથી, અર્થાત્ પરદ્રવ્યરૂપ બની જતો નથી, પણ નિશ્ચયથી જ્ઞાયકનો જ્ઞાયક જ રહે છે. કારણકે એ જ એનો સ્વભાવ છે. (આધાર માટે જુઓ **સમયસાર** ગા. ૩૫૬-૩૬૫ અને **શ્રી અમૃતચંદ્રાચાર્યજીની** અલૌકિક **'આત્મખ્યાતિ'** ટીકા)

"जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होइ ।
तह जाणओ दु ण परस्स जाणओ जाणओ सो दु ॥—**શ્રી સમયસાર**

"ભાવ સંયોગજા કર્મ ઉદયાગતા, કરમ નવિ જીવ નવિ મૂલ તે નવિ છતા;
ખડીયથી ભીતિમાં જેમ હોએ શ્વેતતા, ભીતિ નવિ ખડીય નવિ તેહ ભ્રમસંગતા;
દેહ નવિ વચન નવિ જીવ નવિ ચિત્ત છે, કર્મ નવિ રાગ નવિ દ્વેષ ન વિચિત્ત છે;
પુદ્ગલિ ભાવ પુદ્ગલપણે પરિણમે, દ્રવ્ય નવિ જૂઓ જૂઓ એક હોવે કિમે."

—**શ્રી યશોવિજયજી**કૃત **સાડા ત્રણ ગા. સ્ત.**

અને જ્ઞાયકપણું આત્માનો સ્વભાવ હોઇ તે વિશ્વને પ્રકાશે છે, તેથી તે કાંઇ વિશ્વરૂપ થઈ જતો નથી,-વિશ્વપ્રકાશક **'ચંદ્ર ભૂમિરૂપ થતો નથી'** તેમ (જુઓ પૃ. ૭૫). જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે, પણ જ્ઞેય કદી તેનું થતું નથી. આમ જ્ઞેય-જ્ઞાયક સંબંધની વ્યવસ્થા છે. જ્ઞાન સ્વભાવી આત્મા સ્વરૂપસ્થિત રહી વિશ્વરૂપ જ્ઞેયને જાણે છે.-આમ જીવ દેહ નથી, વચન નથી, મન નથી, કર્મ નથી, રાગ નથી, દ્વેષ નથી, પુદ્ગલ નથી, કે અન્ય દ્રવ્યરૂપ નથી. જીવ આ સર્વથી જુદો છે-ભિન્ન છે. આ સર્વ તો બાહ્ય ભાવો છે,

એક કેવલજ્ઞાનજ્યોતિ જ આત્માનો અબાહ્ય ભાવ છે; કારણ કે નિશ્ચયથી-શુદ્ધનયથી આ આત્મા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ને અસંયુક્ત છે. (જુઓ ગાથા ફુટનોટ પૃ. ૭૨)

"દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધસ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્ પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે." —**પરમ આત્મદષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી.**

(૧) અનાદિ બંધપર્યાયની અપેક્ષાએ આત્મા બદ્ધસ્પૃષ્ટ છે, છતાં એકાંતે પુદ્ગલથી અસ્પૃશ્ય એવા આત્મસ્વભાવને અપેક્ષીને આત્મા જલમાં કમલની જેમ **અબદ્ધસ્પૃષ્ટ છે.**

આત્માનું શુદ્ધ સ્વરૂપ

(૨) નરનરકાદિ અન્યાન્ય પર્યાય ધારણ કર્યાથી અન્યરૂપ છતાં સર્વત્ર અખંડ એવા આત્મસ્વભાવની અપેક્ષાએ, ઘટ આદિ સર્વ પર્યાયમાં વર્ત્તતા અખંડિત મૃત્તિકા સ્વભાવની જેમ, આત્મા **અનન્ય** છે. (૩) સમુદ્રની જેમ આત્માના વૃદ્ધિ-હાનિ પર્યાયથી અનિયત છતાં, સમુદ્ર-સ્વભાવ જેવા નિત્ય વ્યવસ્થિત આત્મસ્વભાવની અપેક્ષાએ આત્મા **નિયત** છે. (૪) ભારી, પીળું, ચીકણું એમ સોનું અનેક પર્યાયરૂપ દીસે છે, પણ પર્યાયદૃષ્ટિ ન દઈએ ને દ્રવ્ય-દૃષ્ટિથી જોઈએ તો એક અભંગ સોનું જ દેખાય છે. તેમ પર્યાય દૃષ્ટિથી આત્મા જ્ઞાન-દર્શનાદિ અનેક પર્યાયવિશેષરૂપ દીસે છે, પણ **અવિશેષ** એવા આત્મસ્વભાવને અપેક્ષીને જોઈએ ને નિર્વિકલ્પ રસનું પાન કરીએ તો શુદ્ધ નિરંજન એક આત્મા જ ભાસ્યમાન થાય છે. (૫) જેમ અગ્નિસંયોગે પ્રાપ્ત ઉષ્ણત્વ પર્યાયની અપેક્ષાએ જલમાં ઉષ્ણપણાનું સંયુક્તપણું છે છતાં, એકાંતે જલના શીત સ્વભાવની અપેક્ષાએ તેવું સંયુક્તપણું નથી; તેમ કર્મસંયોગે પ્રાપ્ત મોહપર્યાયની અપેક્ષાએ આત્માનું મોહસંયુક્તપણું છે, છતાં એકાંતે આત્માના સ્વયં બોધબીજ સ્વભાવની અપેક્ષાએ તેવું સંયુક્તપણું નથી, અર્થાત્ આત્મા અસંયુક્ત છે. આમ પર્યાયદૃષ્ટિ છોડી દઈ, શુદ્ધ દ્રવ્ય દૃષ્ટિથી જોતાં આત્મા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ને અસંયુક્ત છે.

(આધાર માટે જુઓ **શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત સમયસારટીકા** ગા. ૧૪-૧૫)

"ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાયદૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે....ધરમ પરમ અરનાથનો૦
દરશન જ્ઞાન ચરણથકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે....ધરમ૦" —**શ્રી આનંદઘનજી**

આવી શુદ્ધ, નિરંજન, એક, અદ્વૈત એવી **કેવલ જ્ઞાનજ્યોતિ જ અબાહ્ય** છે, આત્માનું પરમ એવું અંતસ્તત્ત્વ છે. એ શિવાયના શેષ ભાવો તો બાહ્ય છે, આત્માથી

બાકી બધો ઉપપ્લવ

પર છે, ને તે ઉપપ્લવરૂપ છે. **ઉપપ્લવ** એટલે અંધાધુંધી, આફત, આપત્તિ, દુર્ભાગ્ય, વિઘ્ન, ભય, ક્ષોભ-ખળભળાટ, અરિષ્ટ, ગ્રહ ઇત્યાદિ. કેવલ જ્ઞાનજ્યોતિ સિવાયના જે જે ભાવો છે-પરભાવો છે, તે તે ખરેખર! ઉપપ્લવરૂપ જ છે. જેમ કોઇ **પરચક્રના આક્રમણ**થી નગરમાં ઉપપ્લવ મચી રહે, અંધાધુંધી ફેલાઇ જાય, ખળભળાટ વ્યાપી જાય, નાશભાગ થઇ રહે, સંપત્તિ લૂંટાઇ જાય, ને વિપત્તિનો પાર રહે નહિં; તેમ પરવસ્તુના આક્રમણથી આ ચૈતન્યમય પુરુષના ચૈતન્યપુરમાં ઉપપ્લવ મચે છે, આત્મપ્રદેશપરિસ્પંદરૂપ સંક્ષોભ ઉપજે છે, અજ્ઞાનની અંધાધુંધી વ્યાપે છે, આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણરત્નોનો ખજાનો લૂંટાય છે, અને અનંત ભવપરિભ્રમણરૂપ આપત્તિનો પાર રહેતો નથી. 'પારકો પેઠો વિનાશ કરે' તે કહેવત અત્ર સાચી પડે છે!

> "परः प्रविष्टः कुरुते विनाशम्, लोकोक्तिरेषा न मृषेति मन्ये।
> निर्विश्य कर्माणुभिरस्य किं किं, ज्ञानात्मनो नो समपादि कष्टम् ॥"—**શ્રી શાંતસુધારસ.**

આ કર્માદિ પરભાવો તો **બાહ્ય** ભાવો છે, ખરેખર! પર છે-અર્થાત્ શત્રુનું કામ કરતા હોવાથી **'પર'** છે, આત્માના ભાવશત્રુ છે. પરમાર્થથી આત્માને એની સાથે કાંઇ લેવાદેવા નથી. પણ અનાદિ અધ્યાસની કુવાસનાથી તેમાં અહંત્વ-મમત્વ કરીને તે બંધાય છે. તે એટલે સુધી કે પરપરિણતિના રાગીપણે, તે પરરસના રંગથી રક્ત થાય છે, પરરસરંગે રંગાઇ જાય છે, અને પરનો ગ્રાહક તથા રક્ષક બની પરભોગમાં આસક્ત બને છે! આ પરપરિણતિના રંગથી જ આ જીવ અનંત દુઃખ પામે છે. એટલે આ પરભાવરૂપ પરચક્રનું આક્રમણ ખરેખર! ઉપપ્લવરૂપ છે, આફત છે, આપત્તિ છે, દુર્ભાગ્યરૂપ છે, વિઘ્નરૂપ-બાધારૂપ છે, અરિષ્ટ-અનિષ્ટરૂપ છે, ગ્રહરૂપ છે, અંધાધુંધીરૂપ છે.

> "પર પરિણતિ રાગીપણે, પર રસ રંગે રક્ત રે,
> પર ગ્રાહક રક્ષકપણે, પરભોગે આસક્ત રે....જગતારક પ્રભુ વિનવું." **શ્રી દેવચંદ્રજી.**

> "एगो मे सासओ अप्पा णाणदंसणलक्खणो।
> सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥" —**શ્રી આર્ષ વચન.**

'एगो मे सासओ अप्पा'

પણ જેને કેવલ જ્ઞાનજ્યોતિનો પ્રકાશ સાંપડયો છે, એવો **સમ્યગ્દૃષ્ટિ** જીવ તો એમ ભાવે છે કે-જ્ઞાનદર્શન લક્ષણવાળો એક શાશ્વત આત્મા જ મ્હારો છે, બાકીના સંજોગલક્ષણ ભાવો તો બાહ્ય છે-આત્મબાહ્ય છે, મ્હારા આત્માને તેની સાથે કંઇ લેવાદેવા નથી-કંઇ નિસ્બત નથી. એમ સમજી તે પરપરિણતિ ત્યજે છે, ને આત્મપરિણતિને ભજે છે; પરમાત્મસ્વરૂપ શુદ્ધ સ્વજાતિ તત્ત્વના બહુમાનમાં તલ્લીન બની, વિરસ એવા વિજાતિ પરભાવ રસને છોડી દે છે, ને સરસ એવા સ્વસ્વરૂપ રસના પાનથી પીન-પુષ્ટ થાય છે, ધીંગોધડબો બને છે!

"શુદ્ધ સ્વજાતિ તત્ત્વને, બહુમાને તલ્લીન રે;
તે વિજાતિ રસતા તજી, સ્વસ્વરૂપ રસ પીન રે...જગતારક૦"—શ્રી દેવચંદ્રજી.

અને આવા કેવલજ્ઞાન-જ્યોતિર્મય પરમ આત્મતત્ત્વનું જેને દર્શન સાંપડયું છે, આત્મસાક્ષાત્કાર થયો છે, એવા સમ્યગ્દૃષ્ટિ પુરુષને પછી કોઇ પણ પ્રકારનો સંશયનો અંશ પણ રહેતો નથી. **'જ્ઞાન તિહાં શંકા નહિં થાપ.'** જેમ સૂર્યનો કિરણસમૂહ પ્રસરતાં અંધકાર રહેતો નથી, તેમ પરમાત્મદર્શન થયે લેશ પણ સંશય રહેતો નથી, સર્વથા પરમ નિઃશંકતા-નિર્ભયતા વર્ત્તે છે, અને **'દુઃખ દોહગ દૂરે ટળે'** છે. કારણ કે જ્યાં શંકા છે ત્યાં જ સંતાપ છે, અને જ્યાં જ્ઞાન છે ત્યાં શંકા નથી.

"જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તિહાં શંકા નહિં થાપ."—શ્રીમદ્ રાજચંદ્રજી.

"દરશન દીઠે જિનતણો રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પ્રસરતાં રે, અંધકાર પ્રતિષેધ....વિમલ૦"—શ્રી આનંદઘનજી.

એવું નિઃશંક **સહજાત્મસ્વરૂપનું** દર્શન થતાં પરમ નિર્ભયપણાને પ્રાપ્ત થયેલા મહાત્મા **અનુભવજ્ઞાની સમ્યગ્દૃષ્ટિઓના** આવા **પરમ ધન્ય ઉદ્ગાર** નીકળી પડે છે:-

"મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ."

"ઓગણીસસેં ને સુડતાલીસેં, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.
ધન્ય રે દિવસ આ અહો! જાગી જે રે શાંતિ અપૂર્વ રે."—શ્રીમદ્ રાજચંદ્રજી.

"દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ?
વિમલ જિન દીઠા લોયણ આજ, મ્હારા સિજ્ઝયાં વંચ્છિત કાજ.
અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંતસુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય....વિમલ૦"—શ્રી આનંદઘનજી.

卐

एवं विवेकिनो धीराः प्रत्याहारपरायणाः ।
धर्मबाधापरित्यागयत्नवन्तश्च तत्त्वतः ॥ १५९ ॥ १५८

वृत्तिः-**एवम्**—એમ, ઉક્ત નીતિ પ્રમાણે, **विवेकिनः**-આ વિવેકીઓ, **धीराः**-ધીર, અચપલ, **प्रत्याहारपराः**-ઉક્ત લક્ષણવાળા પ્રત્યાહારપ્રધાન, **तथा**-તે પ્રકારે, **धर्मबाधापरित्यागयत्नवन्तश्च**-અને ધર્મબાધાના પરિત્યાગમાં યત્નવંત, **तत्त्वतः**- તત્ત્વથી, એમ ઉક્ત નીતિથી વિવેકવડે કરીને પરિશુદ્ધિને લીધે તત્ત્વથી-પરમાર્થથી. કારણ કે તેઓ ભિન્નગ્રંથિપણાથકી ઉત્તમ શ્રુતપ્રધાન હોઇ એમ આલોચે છે.

એમ વિવેકી ધીર આ, પ્રત્યાહાર કરંત;
તત્ત્વથી ધર્મબાધના, ત્યાગે પ્રયત્નવંત ૧૫૮

અર્થ :—એમ વિવેકી એવા એ ધીરજનો તેવા પ્રકારે પ્રત્યાહારપરાયણ હોય છે, અને તત્ત્વથી ધર્મબાધાના પરિત્યાગમાં યત્નવંત હોય છે.

વિવેચન

ઉપરમાં કહી તે નીતિ પ્રમાણે વિવેકી એવા આ ધીર-અચપલ જનો ઉક્ત લક્ષણવાળા **પ્રત્યાહાર**માં તત્પર હોય છે; અને તે વિવેકથી ઉપજેલી પરિશુદ્ધિને લીધે તેઓ તત્ત્વથી-પરમાર્થથી ધર્મની બાધાના પરિત્યાગમાં યત્નવંત હોય છે. તે આ પ્રકારે:—

વિવેકખ્યાતિ

ઉપરમાં સ્વ-પર ભાવનો સ્પષ્ટ વિવેક બતાવ્યો કે: દેહ-ગૃહાદિ ભાવ બાહ્ય છે; મૃગજલાદિ જેવા અનિત્ય, અશરણ ને અશુચિ છે; પર છે-પારકા છે, પોતાના નથી. અને નિરાબાધ નિરામય એવી કેવલ એક જ્ઞાનજ્યોતિ જ અબાહ્ય છે; શાશ્વત, શરણરૂપ ને શુચિ ભાવ છે; આત્મીય-પોતાનો છે, પારકો નથી; અને એ જ પરમ તત્ત્વ છે, બાકી બીજું બધુંય ઉપપ્લવરૂપ-આફતરૂપ-અંધાધુંધીરૂપ છે. માટે એક આ કેવલજ્ઞાનજ્યોતિ જ આદેય છે, ગ્રહણ કરવા યોગ્ય છે, બાકી બીજું બધુંય હેય છે-ત્યાગ કરવા યોગ્ય છે. ભૂલથી ધોબીને ઘેરથી પારકું વસ્ત્ર આવી ગયું હોય તો તેના મૂળ ધણીને પાછું આપી દેવું જોઇએ, એ ન્યાયે પ્રમાણિક વિવેકી સમ્યગ્દૃષ્ટિ પુરુષ એમ જાણે છે કે આ સર્વ પરભાવનો-પરવસ્તુનો મ્હારે ત્યાગ કરી દેવો જોઇએ, તેમાં સ્નેહરૂપ 'આસક્તિથી હું બંધાયો છું, માટે મ્હારે તે આસક્તિ છોડી દેવી જોઇએ. કારણ કે દેહમાં સ્વબુદ્ધિ આત્માને એ દેહ સાથે નિશ્ચય જોડે છે, સ્વાત્મામાં આત્મબુદ્ધિ એ દેહથી આત્માને વિયોજે છે-વિખૂટો પાડે છે. દેહમાં આત્મબુદ્ધિ એ જ સંસાર દુ:ખનું મૂળ છે', માટે હું દેહાદિમાં આત્મબુદ્ધિરૂપ દેહાધ્યાસ છોડી દઇ આત્મામાં જ આત્મબુદ્ધિ કરૂં. (જુઓ પૃ. ૩૦૨).

આમ સ્વ-પરભાવનો વિવેક ઉપજ્યો હોવાથી, ભેદજ્ઞાન પ્રગટ્યું હોવાથી, શુદ્ધ આત્મજ્ઞાન થયું હોવાથી, તેને નિર્મલ આત્માનુભવ સાંપડે છે. એટલે-'ભૂત×, વર્તમાન

× "भूतं भान्तमभूतमेव रभसा निर्भिद्य बंधं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं,
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः ॥"

શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત સમયસાર કલશ.

'અનુભવ હંસ શું પેખ રે'

ને ભાવી બંધને એકદમ નિર્ભેદીને આ સુબુદ્ધિવંત મોહને હઠથી હઠાવી અંતરૂમાં નિહાળે છે, તો એક આત્માનુભવથી જ જેનો મહિમા ગમ્ય છે એવો આ પ્રગટ આત્મા ધ્રુવપણે 'સ્થિત' છે, અને તે નિત્ય કર્મકલંક પંકથી રહિત એવો સ્વયં શાશ્વત દેવ છે'. આમ હંસ જેમ ક્ષીર-નીરનો વિવેક કરે છે, દૂધ ને પાણી જૂદા કરે છે, તેમ આ આત્માનુભવી સમ્યગ્દૃષ્ટિ પુરુષ આત્મા-અનાત્માનો વિવેક કરે છે, સ્વ-પરને જુદા પાડે છે. દેહથી જેમ વસ્ત્ર જુદું છે, મ્યાનથી જેમ તલવાર જૂદી છે, તેમ જડથી ચેતનસ્વરૂપ આત્મા પ્રગટ લક્ષણે જુદો છે, એમ તે અનુભવે છે; સર્વ અવસ્થામાં જે સદાય ન્યારો-જુદો ને જુદો જણાય છે અને જે પ્રગટ ચૈતન્યમય સ્વરૂપ છે, એવો આત્મા તે સાક્ષાત્ સંવેદે છે. ચિત્રશાળા ન્યારી-જુદી છે, તેમાં પલંગ ન્યારો-જુદો છે, તેમાં સેજ-પથારી ન્યારી છે તેની ચાદર પણ ન્યારી છે, આવો પરવસ્તુ સાથેનો મ્હારો સંબંધ છે, એમાં મ્હારી સ્થાપના કરવી-આત્મબુદ્ધિ કરવી જૂઠી છે,-એમ સમજી સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાની પુરુષ અચેતનતાભાવ ત્યાગીને, ત્યાગી ચેતન બની, દૃષ્ટિ ખોલીને દેખે છે,—તો પોતાનું-આત્માનું સ્વરૂપ દેખે છે.

"નિજ ગુણ સબ નિજમાં લખે, ન ચખે પરગુણની રેખ રે;
ખીર નીર વિવરો કરે, અનુભવ હંસ શું પેખ રે....પ્રણમું પદપંકજ પાર્શ્વના."

—**શ્રી આનંદઘનજી.**

"ચિત્રસારી ન્યારી, પરજંક ન્યારો, સેજ ન્યારી, ચાદર ભી ન્યારી, ઇહાં જૂઠી મેરી થપના;
અતીત અવસ્થા સૈન, નિદ્રા વહી કોઉ પૈન, વિદ્યમાન પલક ન, યામેં અબ છપના;
શ્વાસ ઔ સુપન દોઉ, નિદ્રાકી અલંગ બુઝે, સૂઝે સબ અંગ લખી, આતમ દરપના;
ત્યાગી ભયો ચેતન, અચેતનતાભાવ ત્યાગી, ભાલે દૃષ્ટિ ખોલિકે, સંભાલે રૂપ અપના."

—કવિવર **બનારસીદાસજી.**

અને તે દેખે છે તે સ્વરૂપ કેવું છે? આત્માથી જ, આત્મામાં, આત્માને હું જે અનુભવું છું તે હું છું, 'સોઽહં'. તે નથી નપુંસક, નથી નર, નથી નારી, નથી એક, નથી બે, નથી બહુ, નેતિ નેતિ. જેના અભાવે હું સુષુપ્ત-સૂતો હતો, અને જેના સદ્ભાવે હું જાગ્રત થયો-ઊઠયો, તે અતીન્દ્રિય અનિર્દેશ્ય એવો સ્વસંવેદ્ય હું છું. (જુઓ પૃ. ૨૮૦-૮૧) આમ સમ્યગ્દૃષ્ટિ પુરુષને નિજ સ્વરૂપનું ભાન પ્રગટતાં અનાદિની પ્રમાદ નિદ્રા ટળી છે, અને **સમ્યગ્ જ્ઞાનસુધારસધામ** એવો **આત્મા** જાગ્યો છે ને બોલી ઊઠે છે કે—

---

* "येनात्मनाऽनुभूयेऽहमात्मनैवात्मनात्मनि । सोऽहं न तन्न सा नासौ नैको न द्वौ न वा बहुः ।।
यदभावे सुषुप्ताऽहं यद्भावे व्युत्थितः पुनः । अतीन्द्रियमनिर्देश्यं तत्स्वसंवेद्यमस्म्यहं ।।"

શ્રી પૂજ્યપાદસ્વામીજી કૃત શ્રી સમાધિશતક.

"જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો, તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો.
જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો, છાંડી દુર્જય મિથ્યા નિંદ પ્રમાદની રે લો.
સહજે પ્રગટયો નિજ પરભાવ વિવેક જો, અંતર આતમ ઠહર્યો સાધન સાધવે રે લો.
સાધ્યાલંબી થઇ જ્ઞાયકતા છેક જો, નિજપરિણતિ થિર નિજ ધર્મરસ ઠવે રે લો."

તત્ત્વરંગી મહામુનિ **શ્રી દેવચંદ્રજી**

ધીરતા–નિર્ભયતા.

"ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ? વિમલ૦"—**શ્રી આનંદઘનજી.**

આ સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ આવા **વિવેકી** હોય છે, એટલા માટે જ **ધીર** હોય છે, **અચપલ–અચંચલ** હોય છે, પરમ **નિર્ભય** હોય છે, કારણ કે ભય–ચંચલતાનું કારણ આત્મસ્વરૂપનું અજ્ઞાન છે, પણ જેને પોતાના સ્વરૂપનું ભાન પ્રગટયું છે, એવા સમ્યગ્દૃષ્ટિ પુરુષો તો દૃઢ નિશ્ચયપણે જાણે છે કે મ્હારું કાંઇ ચાલ્યું જવાનું નથી, મ્હારું છે તે તો મ્હારી પાસે જ છે, બાકી બીજું બધુંય અનેરું છે. 'અવધૂ કયા તેરા? કયા મેરા? તેરા હે સો તેરી પાસે, અવર સબહી અનેરા.' માટે મ્હારે ભય શો? ચિંતા શી? વિકલ્પ શો?

"સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવલ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છઉં. ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય હું માત્ર નિર્વિકલ્પ છું. નિજ સ્વરૂપમય ઉપયોગ કરૂં છું. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિઃ" છું.

સપ્ત ભયરહિત જ્ઞાનીનું પરમ નિઃશંકપણું

આવા સમ્યગ્દૃષ્ટિઓ જ આ પરમ સાહસ કરવાને સમર્થ થાય છે કે–'જ્યારે વજ્ર પડતું હોય ને ભયથી કંપાયમાન થતું ત્રૈલોકય તેનો માર્ગ છોડતું હોય, ત્યારે નિસર્ગ-નિર્ભયતાથી સર્વ જ શંકા છોડી દઇ, તેઓ સ્વયં પોતાને ન હણી શકાય એવા અવધ્ય જ્ઞાનદેહરૂપ જાણતા હોઇ બોધથી ચ્યુત થતા નથી,' (જુઓ પૃ. ૯૮, ફુટનોટ). અને આમ જેને જ્ઞાનદેહમય નિજ સહજાત્મસ્વરૂપનો પરમ અખંડ નિશ્ચય ઉપજ્યો છે એવા ધીર સમ્યગ્દૃષ્ટિને **સાત ભય**માંથી કોઇ પણ પ્રકારનો કંઇ પણ ભય રહેતો નથી. એવો તે પરમ નિઃશંક હોય છે, કારણ કે (૧–૨) સર્વથી* જુદા એવા આ

---

* આ સાત ભયનું વિસ્તરથી પરમ મનોજ્ઞ વર્ણન શ્રી **અમૃતચંદ્રાચાર્યજી**(?)કૃત **પંચાધ્યાયીમાં** આપ્યું છે. ત્યાં જિજ્ઞાસુએ જોવું. તેનું સારભૂત સંક્ષેપ પણ સંપૂર્ણ વર્ણન શ્રી **અમૃતચંદ્રાચાર્યજી**એ પરમ સુંદર રીતે અત્રે આધારરૂપ લીધેલા પરમ અદ્ભુત ચમત્કારિક **સમયસારકલશમાં** લલકાર્યું છે. જેમકે—

"लोकः शाश्वत एष एक सकलव्यक्तो विविक्तात्मन–
श्चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः ।
लोको यन्न तवापरस्तव परस्तस्यास्ति तद्भीः कुतो,
निःशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति ।।" ઇત્યાદિ

વિવિક્ત આત્માનો તો સર્વથી રહિત એવો આ એક શાશ્વત લોક છે. એવા આ કેવલ ચૈતન્ય લોકને એકાકી સ્વયમેવ જે અનુભવે છે, અને આ અપરલોક કે પરલોક ત્હારો નથી એમ જે ચિંતવે છે, તેને તે **ઇહલોકભીતિ** કે **પરલોકભીતિ** ક્યાંથી હોય ? આમ સતત નિઃશંક એવો જ્ઞાની તો સ્વયં સહજ જ્ઞાન સદા અનુભવે છે. (૩) નિર્ભેદપણે ઉદિત–ઉદય પામેલા એવા વેદ્ય–વેદકના બલથી એક અચલ એવું જ્ઞાન સદા અનાકુલ જનોથી જે સ્વયં વેદાય છે, તે આ એક જ વેદના છે, બીજી આવી પડેલી વેદના હોયજ નહિં, તેથી જ્ઞાનીને તે **વેદનાભીતિ** ક્યાંથી હોય ? (૪) જે 'સત્' છે તે નિશ્ચય નાશ પામતું નથી, એવી પ્રગટ વસ્તુ-સ્થિતિ છે અને જ્ઞાન સ્વયમેવ સત્ છે, તો પછી એનું બીજાઓથી શું ત્રાણ કરાચું છે ? એટલા માટે એનું અત્રાણ એવું કંઈ નથી, તો પછી તે **અત્રાણ ભીતિ** જ્ઞાનીને ક્યાંથી હોય ? (૫) **'સ્વ રૂપ'** એ જ ખરેખર ! વસ્તુની પરમ ગુપ્તિ છે, કારણ કે સ્વરૂપમાં કોઇ પણ બીજો પ્રવેશવા શક્ત નથી, અને અકૃત–અકૃત્રિમ એવું સહજ જ્ઞાન જ સ્વરૂપ છે. એટલે પછી એની અગુપ્તિ કોઈ હોય નહિં. તેથી **અગુપ્તિ ભીતિ** જ્ઞાનીને ક્યાંથી હોય ? (૬) પ્રાણના ઉચ્છેદને મરણ કહે છે, અને આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. તે સ્વયમેવ શાશ્વતતાએ કરીને કદી પણ ઉચ્છેદાતું નથી, એથી કરીને તેનું મરણ કંઇ હોય નહિં, તો પછી જ્ઞાનીને **મૃત્યુભીતિ** ક્યાંથી હોય ? (૭) એક એવું જ્ઞાન અનાદિ-અનંત ને અચલ છે, અને એ ખરેખર ! સ્વતઃસિદ્ધ છે. ગમે ત્યાં આ સદૈવ જ છે, અત્રે બીજાનો–દ્વિતીયનો ઉદય નથી. તેથી આકસ્મિક એવું કાંઇ અત્રે હોય નહિં. તો **આકસ્મિક ભીતિ** જ્ઞાનીને ક્યાંથી હોય ? સતત નિઃશક એવો જ્ઞાની તો સ્વયં સહજ જ્ઞાન સદા અનુભવે છે.—આમ ઇહલોકાદિ સાત ભય જેને ટળ્યા છે, એવો સમ્યગ્દષ્ટિ જ્ઞાની તો સદા પરમ નિર્ભય, પરમ નિઃશંક જ હોય છે. ભયને જ ભય લાગી તેમનાથી દૂર ભાગી જાય છે !

પ્રત્યાહાર.

"પરપરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ ભોગ હો મિત્ત !
જડ ચલ જગની એઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત !" —**શ્રી દેવચંદ્રજી.**

સમ્યગ્દષ્ટિ પુરુષ આવા વિવેકી ને ધીર હોય છે, તેટલા માટેજ તેઓ પ્રત્યાહારમાં તત્પર બને છે, અર્થાત્ વિષયવિકારમાં ઇંદ્રિય જોડતા નથી, વિષયવિકારમાંથી ઇંદ્રિયોને પ્રત્યાહૃત કરે છે–પાછી ખેંચી લે છે, પરભાવમાંથી આત્માને પાછો વાળી સ્વચિત્તસ્વરૂપને અનુકારી કરે છે, પરપરિણતિને વમી આત્મ-પરિણતિમાં રમે છે. તેઓ પોતાના આત્માને સંબોધીને કહે છે કે–હે આત્મન્ ! હે મિત્ર ! જે તું પુદ્ગલભોગ કરે છે, તે પરપરિણતિપણું છે,

'સકળ જગત્ તે એઠવત્'

* " सम्मदिट्ठी जीवा णिस्संका होंति निब्भया तेण ।
सत्तभयविप्पमुक्का जम्हा तम्हा दु णिस्संका ॥ "—श्री સમયસાર.

પરપરિણતિભાવ છે. આ જડ ને ચલ **જગત્‌ની એઠનો** હે મિત્ર! તને ભોગ ઘટતો નથી. આ પુદ્‌ગલો સર્વ જીવોએ અનંત વાર ભોગવીને મૂકી દીધેલા છે, તે તેઓના ઉચ્છિષ્ટ ભોજન જેવા છે, એઠ જેવા છે. આવી પ્રગટ અશુચિરૂપ એઠ કોણ ખાય ? ને પોતાના પરમ શુચિ આત્મસ્વરૂપને કોણ ભ્રષ્ટ કરે ? વળી હે ચેતન ! આ પુદ્‌ગલભોગ અનિત્ય છે, ક્ષણવિધ્વંસી છે. જે પૌદ્‌ગલિક વિષયભોગ સરસ ને પ્રિય લાગતા હતા, તે ક્ષણવારમાં વિરસ અને અપ્રિય થઈ પડે છે, કારણ કે રૂપ–રસ–ગંધ–વર્ણના વિપરિણામથી પુદ્‌ગલમાં તેવા તેવા વિકાર–ફેરફાર થયા જ કરે છે. રાજસંપદાથી કે સ્વર્ગસંપદાથી પ્રાપ્ત થતા ભોગ પણ **દુર્ગંધી કદન્ન** જેવા છે, માટે નિત્ય સરસ એવા ચૈતન્યરસમય નિજાત્મસ્વરૂપનો આસ્વાદ છોડીને તેવા અનિત્ય વિરસ પુદ્‌ગલ કદન્નને કોણ ચાખે ?

" કરો સાચા રંગ જિનેશ્વરુ, સંસાર વિરંગ સહુ અન્ય રે;
સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધિ કદન્ન રે....કરો સાચા૦
આસ્તાગ જિન ગુણરસ રમી, વિષય વિકાર વિરૂપ રે;
વિણ સમકિત મત અભિલષે, જિણે ચાખ્યો શુદ્ધ સ્વરૂપ રે....કરો સાચા૦ " **શ્રી દેવચંદ્રજી.**

'વિષયવાસના ત્યાગો ચેતન !'

પાંચે ઇંદ્રિયના વિષયભોગ પરિણામે અત્યંત દુઃખદાયી છે. જે ' આપાતમાત્રે–આરંભ માત્રે સુખદાયક લાગે છે, તે વિષયભોગ વિપાકે કિંપાક ફલ જેવા દારુણ પરિણામી છે. આ ભોગ ખરેખર ! સાપની ફેણ જેવા આત્મઘાતી છે. વિષયમાં ને કાલકૂટ વિષમાં મેરુ ને સરસવ જેટલું અંતર છે.' એકેક ઇંદ્રિયને પરવશપણાથી હાથી આદિને પ્રાપ્ત થતા આ પ્રત્યક્ષ ભયંકર પરિણામ તું જો ! (જુઓ પૃ. ૩૧૮–૩૧૯) તો પછી પાંચે ઇંદ્રિયના પ્રબળપણાથી તે કેટલું બધું દુઃખ થાય ? માટે હે સચ્ચિદાનંદ આત્મન્ ! તું વિષયવાસના છોડીને નિજસ્વભાવમાં સ્થિતિ કર ! વળી હે ચેતન ! આ અનાદિ સંસારમાં તેં અનેક વાર દેવલોકાદિના અનંત સુખ ભોગવ્યા, છતાં તને તૃપ્તિ ઉપજી નથી, અને હજુ ભુખાળવાની જેમ જાણે કોઇ દિવસ દીઠા ન હોય એમ તું આ મનુષ્યલોકના તુચ્છ કામભોગની વાંચ્છા કરે છે ! તો તેથી તને શી રીતે તૃપ્તિ ઉપજશે ? સાગરજલથી જે તૃષા નથી છીપી, તે ગાગરજલથી કેમ છીપશે ? પાણીના પૂરથી સમુદ્ર કોઇ રીતે તૃપ્તિ પામે, ઇંધનોથી અગ્નિ તૃપ્તિ પામે, પણ અતિ ચિરકાળ ભોગવેલ અનંત કામભોગથી પણ પ્રાણી તૃપ્તિ પામતો નથી, માટે આવા **તૃષ્ણા–તાપ** ઉપજાવનારા દારુણ વિષયસુખથી સર્યું.× –આમ આ પુદ્‌ગલભોગ સર્વથા અશુચિ, અનિત્ય, દુઃખમય અને તૃષ્ણાતાપ ઉપજાવનાર છે. અને ત્હારું સ્વરૂપ તો હે ચેતન ! પરમ શુચિ, નિત્ય, પરમ સુખમય, ને આત્મતૃપ્તિજન્ય પરમ શાંતિ ઉપજાવનારું છે, માટે હવે તું પરપરિણતિરસરૂપ પુદ્‌ગલ ભોગની આસક્તિ છોડી દે, ને સ્વસ્વરૂપરસના ભોગનો આસ્વાદ લે !

× વિશેષ આધાર માટે જુઓ જ્ઞાનાર્ણવ, અધ્યાત્મસાર આદિ ગ્રંથરત્નો.

" ત્યાગીને સહુ પરપરિણતિરસ રીઝ જો, જાગી છે નિજ આતમ અનુભવ ઇષ્ટતા રે લો૦
સહેજે છૂટી આશ્રવ ભાવની ચાલ જો, જાલિમ એ પ્રગટી છે સંવર શિષ્ટતા રે લો૦ "
—શ્રી દેવચંદ્રજી

ઇત્યાદિ પ્રકારે વિષયોમાંથી ઇંદ્રિયોને પાછી ખેંચનારા આ સમ્યગ્દૃષ્ટિ જોગીજનને ભોગ પ્રત્યે અત્યંત અનાસક્તિ જ હોય છે, પરમ વૈરાગ્ય જ વર્તે છે; કારણ કે—(૧) જેનું મન મૂંગો અનાહત નાદ સાંભળી રહ્યું છે, એવા આ જોગીજનને **આવા જોગીને** કોકિલનો કલ સ્વર કેમ આનંદ આપે ? અનુભૂતિ નટીએ લલકારેલા **ભોગ કેમ ગમે ?** પ્રિય સંગીતમાં જે રત થયા છે, તે કામિનીના કોમલ કરકંકણના અવાજથી કેમ ઘૂર્ણાયમાન થાય ? (૨) અવિનાશી ને નિસર્ગ-નિર્મલ એવા સ્વરૂપને જે દેખે છે, તે યોગીપુરુષને નાશવંત ને શુક્ર—શોણિતથી ઉપજેલું રૂપ કેમ ગમે ? (૩) શીલ સૌરભથી જે પ્રસન્ન થાય છે, તેને કસ્તૂરી—ચંદનાદિ સુગંધી દ્રવ્યોથી કેમ આનંદ ઉપજે ? કારણ કે બીજી સુગંધી તો ઝાઝીવાર ટકતી નથી, વાયુથી શીઘ્ર ઊડી જાય છે, પણ શીલસૌરભ તો લાંબો વખત ઉપયોગમાં આવે છે અને તેને વિભાવરૂપ વાયરો હરી શકતો નથી. (૪) જેનું મન સતત અવિકારી એવા નવમા શાંત રસમાં મગ્ન થયું છે, તે યોગીજન આરંભે સુખરૂપ પણ પરિણામે વસમા એવા રસોથી કેમ રીઝે ? જે મધુર રસને ચાખતાં રસલોલુપીની રસનામાંથી રસ પડે છે—જીભમાં પાણી છૂટે છે, તે રસનો ભયંકર વિપાક ચિંતવતાં આ વિરક્તજનોની આંખમાંથી પાણી પડે છે—આંસુ આવે છે. (૫) જ્યાં ગુણપુષ્પો× બીછાવેલા છે એવી નિર્મલ સુવિકલ્પરૂપ તળાઈમાં જે ધૃતિ—પત્નીને આલિંગીને સૂતા છે, તે સમ્યગ્દૃષ્ટિજનો બાહ્ય સ્પર્શમાં કેમ રત થાય ? આમ આ લોકના વિષયો આ વિરક્તચિત્ત સમ્યગ્દૃષ્ટિ જનોને આનંદદાયી થતા નથી. અરે ! આ મહાનુભાવો પરમાનંદરસનું પાન કરીને ધીંગાધડબા બની એટલા બધા આળસુ બની ગયા છે, કે તેઓ પરલોક સુખમાં પણ નિઃસ્પૃહ હોય છે !

ધર્મયતના

આવા વિવેકી ધીર ને વિષયવિરક્ત સમ્યગ્દૃષ્ટિ મહાજનો ધર્મબાધાના પરિત્યાગમાં યત્નવંત હોય છે. આત્મધર્મમાં જેમ બાધા ન ઉપજે તેમ પ્રવર્ત્તવા તેઓ સતત યત્નશીલ રહે છે, અર્થાત્ જેમ બને તેમ આત્મપરિણતિમાં વર્ત્તવા પ્રયાસ કરે છે; પરભાવમાંથી

× "इह ये गुणपुष्पपूरिते, धृतिपत्नीमुपगुह्य शेरते ।
विमले सुविकल्पतल्पके, क्व बहिः स्पर्शरता भवंतु ते ॥
तदिमे विषयाः किलैहिका, न मुदे केऽपि विरक्तचेतसाम् ।
परलोकसुखेऽपि निःस्पृहाः परमानंदरसालसा अमी ॥"
(ઇત્યાદિ આધારરૂપ હૃદયંગમ વર્ણન માટે જુઓ) **અધ્યાત્મસાર** વૈરાગ્યઅધિકાર.

આત્માને પ્રત્યાહૃત કરી—પાછો ખેંચી લઈ, તે સ્વભાવરૂપ ધર્મમાં સ્થિતિ કરવાનો પ્રયત્ન કરે છે, ને તેમાં બાધા-હાનિ આવવા દેતા નથી. પરમ ધર્મમૂર્ત્તિ **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પોતાનો તાદૃશ્ય આત્માનુભવ આલેખ્યો છે કે :—

"એક આત્મપરિણતિ શિવાયના બીજા જે વિષયો તેને વિષે ચિત્ત અવ્યવસ્થિતપણે વર્તે છે. × × × અચલિત આત્મરૂપે રહેવાની સ્થિતિમાં જ ચિત્તેચ્છા રહે છે. × × × એક આત્મપરિણામ શિવાય સર્વ બીજાં પરિણામને વિષે ઉદાસીનપણું વર્ત્તે છે."

—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૪૯૨.

'ધર્મ' એટલે ?

ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ-'वत्थुसहावो धम्मो ।' વસ્તુનો સ્વભાવ તે ધર્મ. આત્મવસ્તુનો સ્વભાવ તે આત્મધર્મ. જ્ઞાન-દર્શન-ચારિત્ર અથવા ટંકોત્કીર્ણ એક શુદ્ધ જ્ઞાયક ભાવ એ આત્માનો સ્વભાવ છે, માટે તેમાં વર્ત્તવું તે જ વાસ્તવિક ખરેખરો ધર્મ છે. અથવા **શ્રી પ્રવચનસાર**માં કહ્યું છે તેમ 'ચારિત્ર એ જ ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે, અને જે સામ્ય છે તે મોહ-ક્ષોભ વિનાનો આત્માનો પરિણામ છે.' આમાં 'સ્વરૂપમાં ×ચરણ તે ચારિત્ર છે, અર્થાત્ સ્વસમયપ્રવૃત્તિ તે ચારિત્ર છે. તે જ વસ્તુસ્વભાવપણાથી ધર્મ છે. અર્થાત્ શુદ્ધ ચૈતન્ય પ્રકાશન તે ધર્મ છે. અને તે જ યથાવસ્થિત આત્મગુણપણાથી સામ્ય છે. અને સામ્ય તો દર્શનમોહનીય ને ચારિત્રમોહનીયના ઉદયથી ઉપજતા સમસ્ત મોહ-ક્ષોભના અભાવથી અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે. આમ **ચારિત્ર, ધર્મ ને સામ્ય** એ ત્રણે એકાર્થવાચક છે

આમ આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન ને આત્માનું ચારિત્ર—એ રત્નત્રયીરૂપ **શુદ્ધ આત્મધર્મ**માં જેમ બાધા ન પહોંચે, તેમ વર્ત્તવાનો સમ્યગ્દૃષ્ટિ જીવ સતત ઉપયોગ રાખે છે. તાત્પર્ય કે જેમ બને તેમ આત્મા **શુદ્ધ ઉપયોગ**માં સ્થિતિ કરે તેમ કરવા મથે છે. ધર્મનું વાસ્તવિક સ્વરૂપ એ જ છે. બાકી **વ્યવહારધર્મ**ના પ્રકારો પણ જો ઉપરોક્ત નિશ્ચયરૂપ **ભાવધર્મ**ના સાધક થતા હોય તો જ ભલા છે, રૂડા છે,—ભાવ વિના તો એ બધાય ફોગટ છે. (જુઓ પૃ. ૨૪૪-૨૪૫) સકલ જગત્ 'ધરમ ધરમ' કરતું ફરે છે, પણ તે ધર્મનો મર્મ જાણતું નથી. તે તો કોઇ વિરલા જ જાણે છે. **ધર્મનો મર્મ** તો ઉપર કહ્યો તે-આત્મસ્વભાવમાં વર્ત્તવું તે છે. જો દેહાધ્યાસ છૂટે, દેહમાંથી આત્મબુદ્ધિ

× "स्वरूपे चरणं चारित्रं स्वसमयप्रवृत्तिरित्यर्थः । तदेव वस्तुस्वभावत्वाद्धर्मः । शुद्धचैतन्यप्रकाशनमित्यर्थः । तदेव च यथावस्थितात्मगुणत्वात्साम्यम् । साम्यं तु दर्शनचारित्रमोहनीयोदयापादितसमस्तमोहक्षोभाभावादत्यन्तनिर्विकारो जीवस्य परिणाम. ।"

—**શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત પ્રવચનસાર ટીકા.**

જાય ને આત્મામાં જ આત્મબુદ્ધિ થાય, તો તું કર્મનો કર્ત્તા અને ભોક્તા પણ નથી—એ જ ધર્મનો મર્મ છે.

"છૂટે દેહાધ્યાસ તો, તું કર્ત્તા નહિં કર્મ;
તું ભોક્તા નહિં તેહનો, એ જ ધર્મનો મર્મ."—**શ્રી આત્મસિદ્ધિ.**

આમ આત્માનું સ્વસ્વભાવમાં વર્ત્તવું તે **ધર્મ** છે, અને વિભાવમાં વર્ત્તવું તે **અધર્મ** છે. જે વિભાવ છે તે નૈમિત્તિક છે—નિમિત્તથી ઉત્પન્ન થાય છે, અને તે નિમિત્ત વિષયસંગાદિક છે. આ અશુદ્ધ નિમિત્તથી આત્મા સંસારમાં સંસરે છે—રઝળે છે, અને પરભાવનો કર્ત્તા થાય છે. પણ જ્યારે આ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન આત્મા શુદ્ધ નિમિત્તમાં રમે છે, ત્યારે તે નિજ ભાવનો કર્ત્તા થાય છે.

"પારિણામિક જે ધર્મ તમારો, તેવો અમચો ધર્મ;
શ્રદ્ધા ભાસન રમણ વિયોગે, વળગ્યો વિભાવ અધર્મ.—
.... રે સ્વામી ! વિનવિયે મન રંગે.

જેહ વિભાવ તેહ નૈમિત્તિક, સંતતિ ભાવ અનાદિ;
પરનિમિત્ત વિષયસંગાદિક, હોય સંયોગે સાદિ....રે સ્વામી !૦—
અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, અત્તા કત્તા પરનો;
શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદ્‌ઘન, કર્ત્તા ભોક્તા ઘરનો....રે."—**શ્રી દેવચંદ્રજી**

'પ્રગટો તેહ અમારો રે!'

આવું ધર્મ-અધર્મનું પરમ સારભૂત પરમાર્થસ્વરૂપ જાણી સમ્યગ્‌દૃષ્ટિ પુરુષ વિભાવરૂપ અધર્મના નિમિત્તોનો ત્યાગ કરે છે, અને સ્વભાવરૂપ ધર્મના સાધક કારણોનો—સત્ સાધનોનો આશ્રય કરે છે. અર્થાત્ સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિના ઉપાયોનું અવલંબન લે છે; આત્મસ્વરૂપના બાધક કારણોને ત્યજે છે ને સાધક કારણોને ભજે છે, અને તેમાં પણ જેને એવો શુદ્ધ સ્વભાવરૂપ વસ્તુ ધર્મ પ્રગટ્યો છે, એવા પરમાત્મા પ્રભુની દૃઢ આશ્રયભક્તિ પરમ અવલંબનભૂત-આધારભૂત ગણીને તે પરમપ્રેમે ભજે છે. અને તે પ્રભુને ભજતાં તે, 'હે પ્રભુ ! હે સહજાત્મસ્વરૂપ સ્વામી ! આપને જેવો શુદ્ધ ધર્મ પ્રગટ્યો છે, તેવો શુદ્ધ ધર્મ અમને પ્રગટો !' એમ નિરંતર અજંપા જાપ જપે છે. તે પ્રભુને અવલંબતાં પરભાવ પરિહરે છે, અને આત્મધર્મમાં રમણતા અનુભવતાં તેનો આત્મભાવ પ્રગટે છે.

"શ્રી **સીમંધર** જિનવર સ્વામી, વિનતડી અવધારો;
શુદ્ધ ધર્મ જે પ્રગટ્યો તુમચો, પ્રગટો તેહ અમારો રે....સ્વામી !૦
શુદ્ધ દેવ અવલંબન ભજતાં, પરહરિયે પરભાવ;
આતમધર્મરમણ અનુભવતાં, પ્રગટે આતમભાવ રે....સ્વામી૦"—**શ્રી દેવચંદ્રજી.**

અને સમ્યગ્દૃષ્ટિની આવી પ્રવૃત્તિ તત્ત્વથી–પરમાર્થથી હોય છે, કારણ કે તેને નિશ્ચયપણે ગ્રંથિભેદ થયો છે. એટલે વિવેકની પરિશુદ્ધિને લીધે તે ઉત્તમ શ્રુતપ્રધાન હોઇ એમ વિચારે છે.

卐

न ह्यलक्ष्मीसखी लक्ष्मीर्यथानन्दाय धीमताम् ।
तथा पापसखा लोके देहिनां भोगविस्तरः ॥१५९॥

અલક્ષ્મીસખી લક્ષ્મી ન દે, ધીમંતને આનંદ;
પાપસખા ત્યમ પ્રાણિને, અહીં ભોગનો વૃંદ. ૧૫૯

અર્થ :—ખરેખર અલક્ષ્મીની સખી એવી લક્ષ્મી બુદ્ધિમંતોને આનંદ માટે થાય જ નહિ; તેમ લોકમાં પાપનો સખા એવો ભોગવિસ્તર પ્રાણીઓને આનંદ માટે થતો નથી.

વિવેચન

અલક્ષ્મી જેની સખી છે, એવી લક્ષ્મી બુદ્ધિમંતોને આનંદદાયક થતી નથી; તેમ પાપ જેનો સખા છે એવો ભોગવિસ્તર પ્રાણીઓને આનંદદાયી થતો નથી.

પાપસખા ભોગ

સામાન્ય લોકવ્યવહારમાં પણ મનાય છે કે અલક્ષ્મી જેની બ્હેનપણી છે અર્થાત્ જે લક્ષ્મીની સાથે અલક્ષ્મી સહચરીરૂપે જોડાયેલી છે, જે લક્ષ્મીના પરિણામે અલક્ષ્મી પ્રાપ્ત થાય છે, તેવી લક્ષ્મી ડાહ્યા માણસોને આનંદનું કારણ થતી નથી. કારણ કે જે લક્ષ્મી અનુબંધે અલક્ષ્મી આપે, જે કરેલી કમાણી ધૂળધાણી થઈ નિર્ધનપણું આપે, ને અંતરમાં દાહ દઇને ચાલી જાય, તેવી લક્ષ્મીથી બુધજન કેમ રાચે? તેમ સમસ્ત પ્રકારનો જે ભોગવિસ્તાર છે તેનો સખા–મિત્ર પાપ છે. ભોગની અને પાપની એવી ગાઢ મૈત્રી છે, એવી દિલોજાન દોસ્તી છે કે, જ્યાં જ્યાં ભોગપ્રવૃત્તિ છે, ત્યાં ત્યાં તેનો સહચર દિલોજાન દોસ્ત પાપ અવશ્ય હાજર હોય જ છે. અર્થાત્ ભોગપ્રવૃત્તિ પાપ વિના થઇ શકતી નથી, એવો એ બન્નેનો એક બીજા વિના ન ચાલે એવો–ચેન ન પડે એવો અવિનાભાવી સંબંધ છે. આવો પાપરૂપ મિત્રવાળો અથવા પાપનો મિત્ર–ગોઠીઓ ભોગવિસ્તર પ્રાણીઓને આનંદદાયી થતો નથી, અને ભૂતોપઘાતથી પાપ છે, એમ ભાવના છે. અને પાપથી તો

વૃત્તિઃ—**नहि**–નહિં જ, **अलक्ष्मीसखी लक्ष्मी**.–અલક્ષ્મીની સખી એવી લક્ષ્મી, અથવા અલક્ષ્મી જેની સખી છે એવી લક્ષ્મી,–તથાપ્રકારે ઉભયના પરિભોગથી, **यथानन्दाय धीमताम्**–જેવા પ્રકારે ધીમંતોના આનંદાર્થે,–**तथा**–તેવા પ્રકારે, **पापसखा**–પાપનો સખા, અથવા પાપ જેનો સખા છે એવો, **लोके**–લોકમાં –તેના અવિનાભાવથી, **देहिनां भोगविस्तरः**–પ્રાણીઓનો ભોગવિસ્તર, આનંદાર્થે થતો નથી,–ભૂતોનો ઉપઘાત કર્યા વિના ભોગ સંભવતો નથી, અને ભૂતોપઘાતથી પાપ છે એમ ભાવના છે.

દુઃખ જ છે, તો પછી જેનાથી પાછળ દુઃખ છે એવા પાપસખા ભોગથી સુખ કેમ થાય? **શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ અમૃત વચન છે કે:—

"પરવસ્તુમાં નહિં મુંઝવો, **એની** દયા મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે **સુખ** નહિં.—**શ્રી મોક્ષમાળા**

હિંસાદિ પાપમય ભોગ

સર્વ પ્રકારનો ભોગવિસ્તર **પાપમય** જ છે. કારણ કે તેની **ઉત્પત્તિમાં**, તેની **પ્રાપ્તિમાં**, અને તેના **ઉપભોગમાં** સર્વત્ર પાપ, પાપ ને પાપ જ છે: (૧) સર્વ પ્રકારના વિષયભોગની **ઉત્પત્તિ** જીવોના ઉપઘાત–હિંસા વિના થઇ શકતી નથી. કામભોગની ઉત્પત્તિ માટે **આરંભ–પરિગ્રહ** સેવવા પડે છે, કારણ કે પંચ વિષયની કોઇ પણ સામગ્રી આરંભ–પરિગ્રહ વિના ઉપજતી નથી. સ્પર્શેંદ્રિયનો વિષય લ્યો કે રસનેંદ્રિયનો વિષય લ્યો, ઘ્રાણેંદ્રિયનો વિષય લ્યો કે ચક્ષુરિન્દ્રિયનો વિષય લ્યો, શ્રોત્રેંદ્રિયનો વિષય લ્યો કે અન્ય કોઇ વિષય લ્યો, પણ કોઇ પણ ભોગ્ય વસ્તુ પ્રાણીઓના ઉપમર્દ–ઉપઘાત વિના ઉપજતી નથી. આ માટે ખાનપાનનો એક દાખલો જ બસ છે. આ બે ઇંચની જીભડીને રાજી રાખવા ખાતર જગત્‌માં કેટલી બધી હિંસા થાય છે? રસનેંદ્રિયના રસને સંતોષવા માટે કેટલા બધા મુંગા નિર્દોષ જીવોનો ઘાત કરાય છે? માંસાહારીઓના ક્ષણિક સ્વાદની ખાતર રોજ લાખો–કરોડો પ્રાણીઓની કતલ આ સુધરેલું કહેવાતું જગત્ કરી રહ્યું છે! મદિરા આદિની બનાવટમાં પણ તેવી જ ભયંકર હિંસા થાય છે, છતાં તેનું હોંસે હોંસે પાન કરી ઉન્મત્ત લોક મોહમદિરામાં મસ્ત બની પોતાને સંસ્કારી (Civilised) માનતાં શરમાતા નથી! તે જ પ્રકારે રેશમી વગેરે મુલાયમ વસ્ત્રો માટે, કોશેટાના કીડાની કેટલી કારમી હિંસા કરવામાં આવે છે, તે તો તેની વિધિ જાણનારા સહુ કોઇ જાણે છે. ઊન–ચામડા વગેરેની વસ્તુઓ માટે, પીંછાંવાળી–રૂંછાવાળી ટોપીઓ માટે, ફેલ્ટ હૅટ (મર્કટ–મુકુટ!) સાહેબ ટોપી વગેરે માટે, હજારો–બલ્કે લાખો પ્રાણીઓના ઘાતકીપણે બલિદાન લેવાય છે, ત્યારે અંગપરિધાન કરી આ બેશરમ માનવ–પશુ પોતાની વિકૃત વિરૂપતા–બેડોળપણું ઢાંકે છે, અને તેમ કરી પોતે કેવું રૂડું રૂપાળું દીસે છે એમ અરિસામાં મોઢું જોઇ મલકાય છે! પણ તે બાપડાને ખબર નથી કે—

"મુખડા કયા દેખે દરપનમેં, દયા ધરમ નહિં દિલમેં....મુખડા૦"—**શ્રી કબીરજી.**

વળી પોતે રોગનો ભોગ ન બને તેટલા ખાતર લાખો નિર્દોષ પ્રાણીઓનો ભોગ લઈ બનાવવામાં આવતી કૉડલિવર, ચીકન ઇસેન્સ વગેરે હિંસાદૂષિત દવાઓનો આ લોક હોંસથી ઉપભોગ કરે છે! ને આથી જાણે અમરપણું પામી જવાના હોય, એમ આંખો મીંચીને બાટલાના બાટલા પેટની ગટરમાં ગટગટાવતાં છતાં માનવમર્કટો ગમે તેટલા ઉપાય કર્યે પણ છેવટે મરણશરણ થાય છે!—આ બધા સ્થૂલ દૃષ્ટાંતો છે, પણ કોઇ પણ

ન્હાનામાં ન્હાની ભોગસામગ્રી એવી નથી કે જેની ઉત્પત્તિમાં હિંસા ન હોય. આમ ભોગસામગ્રીમાં સર્વત્ર હિંસા વ્યાપ્ત છે; અને હિંસા એ મોટામાં મોટું પાપ છે. એટલે સમસ્ત ભોગોત્પત્તિ સાથે પાપ સદા સંકળાયેલું હોય છે.

(૨) વળી આ પાપ-સખાવાળી ભોગસામગ્રીની-વિષયસાધનની પ્રાપ્તિ કરવા માટે મનુષ્યોને પ્રાયે પાપોપાર્જનથી ધનપ્રાપ્તિ કરવી પડે છે, આરંભપરિગ્રહ સેવવા પડે છે, અને તેથી પણ મહાપાપ થાય છે. પૈસાની કમાણી માટે ભાગ્યે જ કોઇ એવો ધંધો હશે કે જે સર્વથા પાપમુક્ત ને અનવદ્ય હોય. તેમાં પણ અગ્નિકર્મ-વનકર્મ વગેરે **પંદર કર્માદાની ધંધા** તો વિશેષ વિશેષ પાપના કારણુ હોઇ અત્યંત નિંદ્ય છે, અને આત્માર્થીને સર્વથા વર્જ્ય છે—દૂરથી ત્યજવા યોગ્ય છે. આમ ભોગસાધન એવા ધનના ઉપાર્જનમાં પણ મહાપાપ છે. (૩) તેમજ ભોગના **ઉપભોગ**માં પણ મહાપાપ છે, કારણ કે તે તે ભોગસામગ્રી ભોગવતી વેળાએ રૂપ-રસાદિ વિષયોના અભિલાષથી જીવના રાગ-દ્વેષ-મોહ આદિ વિકારની વૃદ્ધિ થાય છે. તેથી નિજ આત્માના ગુણનો ઘાત થવાથી આત્મઘાતરૂપ ભાવહિંસા થાય છે, આત્માનું ક્ષણે ક્ષણે ભયંકર ભાવમરણ થાય છે. આ પ્રગટ પાપ છે.

"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો;
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?"—**શ્રી મોક્ષમાળા.**

આમ ભોગની ઉત્પત્તિમાં પાપ છે, ભોગની પ્રાપ્તિમાં પાપ છે અને ભોગના ઉપભોગમાં પણ પાપ છે. એટલે ભોગનો સખા પાપ છે એમ કહ્યું તે સર્વથા યથાર્થ છે, અને એટલા માટે જ આત્માર્થી મુમુક્ષુને સમસ્ત ભોગપ્રવૃત્તિ વર્જ્ય છે, તેમજ ભોગ-સાધનરૂપ આરંભ-પરિગ્રહ પણ ત્યાજ્ય છે; એમ જાણી **સંવેગરંગી સમ્યગ્દૃષ્ટિ** પુરુષો સમસ્ત વિષયભોગ પ્રવૃત્તિથી સતત દૂર રહેવા પ્રયત્નશીલ રહે છે, અને જેમ બને તેમ આરંભપરિગ્રહનો સંક્ષેપ કરે છે.

★

ધર્મભોગ સુંદર છે એવી પણ આશંકા દૂર કરવા માટે કહે છે—

धर्मादपि भवन् भोगः प्रायोऽनर्थाय देहिनाम् ।
चन्दनादपि संभूतो दहत्येव हुताशनः ॥१६०॥

वृत्तिः—**धर्मादपि भवन् भोगः**—ધર્મથકી પણ ઉપજતો ભોગ-દેવલોકાદિમાં, **प्रायो**-પ્રાયે, બાહુલ્યથી, **अनर्थाय देहिनाम्**-પ્રાણીઓને અનર્થ અર્થે થાય છે,-તથાપ્રકારે પ્રમાદવિધાનથી. પ્રાયઃનું ગ્રહણ શુદ્ધ ધર્માક્ષેપી (શુદ્ધ ધર્મને આકર્ષનારા-ખેંચી લાવનારા) ભોગના નિરાસ અર્થે છે,-તેના પ્રમાદજીવત્વના અયોગને લીધે, અત્યંત અનવદ્ય તીર્થંકરાદિ ફલશુદ્ધિને લીધે, તથા પુણ્યશુદ્ધિ આદિમાં આગમાભિનિવેશ થકી ધર્મસાર ચિત્તની ઉપપત્તિને લીધે, સામાન્યથી દૃષ્ટાંત કહ્યું—**चन्दनादपि संभूतः**-તથાપ્રકારે શૈત્ય પ્રકૃતિવાળા શીતલ ચંદનથકી પણ ઉપજેલો, શું ? તો કે-**दहत्येव हुताशनः**-હુતાશન—અગ્નિ દહે જ છે, દઝાડે જ છે,-તથા-સ્વભાવપણાને લીધે પ્રાયઃ આ આમ જ છે, (તથાપિ) કોઇ નથી પણ દહતો,-સત્ય મંત્રથી અભિસંસ્કૃત અગ્નિથકી દાહની અસિદ્ધિને લીધે. આ સકલ લોકસિદ્ધ છે.

ધર્મથકી પણ ભોગ તે, અનર્થકર પ્રાયે જ;
ચંદનથી પણ ઉપજતો, અગ્નિ અહીં બાળે જ. ૧૬૦

અર્થ:—ધર્મથકી પણ ઉપજેલો ભોગ પ્રાણીઓને પ્રાયે અનર્થ અર્થે થાય છે. ચંદનથકી પણ ઉપજેલો અગ્નિ દઝાડે જ છે.

વિવેચન

" શીતલ ચંદનથી પણ ઉપનો, અગ્નિ દહે જિમ વનને રે;
ધર્મજનિત પણ ભોગ ઈહાં તિમ, લાગે અનિષ્ટ તે મનને રે....તે ગુણ૦ "
શ્રી યો૦ સજ્ઝા૦ ૫–૫.

ઉપરમાં ભોગમાત્રને પાપસખા કહ્યો ને તેથી ગર્ભિતપણે મુમુક્ષુને તેનો નિષેધ કર્યો, પણ ધર્મથી–પુણ્યથી પ્રાપ્ત થતા ભોગનું શું ? એ પ્રશ્નનું અત્ર સમાધાન કર્યું છે કે–ધર્મથી એટલે શુભકર્મરૂપ ધર્મકૃત્યથી ઉપાર્જન કરેલ પુણ્યના ઉદયથી પણ દેવલોક–મનુષ્યલોક આદિમાં જે ભોગવિસ્તરની પ્રાપ્તિ થાય છે, તે પણ ઘણું કરીને પ્રાણીઓને અનર્થરૂપ થઇ પડે છે, કારણ કે તે તેવા પ્રકારે પ્રમાદ ઉપજાવે છે. અહીં 'ઘણું કરીને' એમ કહ્યું તે શુદ્ધ ધર્મને આક્ષેપનારા–ખેંચી આણનારા ભોગનો અપવાદ સૂચવવા માટે છે, કારણ કે તેવો ભોગ પ્રમાદજીવી નથી, અને તેમાં અત્યંત નિર્દોષ એવા તીર્થંકરાદિ ફલની શુદ્ધિ હોય છે, તેમજ આગમાભિનિવેશ વડે કરીને ધર્મસાર–ધર્મપ્રધાન ચિત્તનું હોવાપણું છે. અત્રે લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત આપ્યું કે, ચંદન શીતલ પ્રકૃતિવાળું છે; છતાં તેથી પ્રગટેલો અગ્નિ જરૂર બાળે જ છે–દઝાડે જ છે. કદાપિ કોઇ સાચા મંત્રથી સંસ્કારેલ ચંદનનો અગ્નિ નથી પણ બાળતો,–આ લોકમાં પ્રતીત છે.

ધર્મજન્ય ભોગ પણ અનર્થહેતુ

તેમાં પ્રથમ દેવલોકમાં કેવી રીતે પ્રમાદાચરણ થાય છે તે તપાસીએ:—'+દેવલોકમાં જીવ શુભ ધર્મકરણીના પુણ્યોદયથી ઉપજે છે. ત્યાં અતિ ભવ્ય વિમાનને વિષે કુંદ જેવા કોમલ ઉપપાદ શિલા–ગર્ભમાં દેવો સ્વયં ઉત્પન્ન થાય છે. તે સ્થાન સર્વ ઇંદ્રિયોને સુખ આપનારૂં એવું રમ્ય છે, નિત્ય ઉત્સવથી વિરાજમાન છે, ગીત–વાજિંત્રની લીલાથી ભરચક છે, 'જય' 'જીવ' શબ્દથી ગાજતું છે. ત્યાં દિવ્ય આકૃતિ-રૂપ સુસંસ્થાનવાળા, સાત ધાતુથી રહિત, અને દેહકાંતિજલના પૂરોથી દિગંતરોને પ્રસાદિત કરતા એવા વજ્રકાય ને મહાબલવાન્ સર્વાંગસુંદર દેવો અચિન્ત્ય પુણ્યયોગથી ઉત્તમ દિવ્ય શરીર ધારણ કરે છે. જાણે સુખા-

દેવલોકનાં સુખ

+ " तत्रातिभव्यताधारे विमाने कुन्दकोमले । उपपादशिलागर्भे संभवन्ति स्वयं सुराः ॥ "
(ઇત્યાદિ પરમ સુન્દર વર્ણનના આધાર માટે જુઓ)—**શ્રી શુભચંદ્રાચાર્યજી કૃત શ્રી જ્ઞાનાર્ણવ, પ્ર૦ ૩૫.**

મૃતના મહાસાગરની મધ્યેથી બ્હાર નિકળ્યા હોય એમ તે દેવો તરત જ ક્ષણમાં નવયૌવનવાળા થાય છે. જેમ કોઇ સુખનિદ્રામાંથી આળસ મરડીને ઊઠે, તેમ આ દેવો ઉપપાદશય્યામાંથી ઊઠી આંખ ઉઘાડીને જુએ છે તો પરમ રમણીય સ્વર્ગભૂમિ ને તેની વિપુલ ભોગસામગ્રી નજરે પડે છે. એટલે તે આશ્ચર્યચકિત થઇ ચિંતવે છે—અહો! મેં પૂર્વે અન્ય જનોને દુશ્ચર એવું તપ આચર્યું હતું, અને જીવિતાર્થી પ્રાણીઓને અભયદાન દીધું હતું; મનઃશુદ્ધિથી દર્શન-જ્ઞાનાદિ ચતુષ્ટય આરાધ્યું હતું, અને જગત્‌ના નાથ સર્વજ્ઞ પરમેશ્વરને આરાધ્યા હતા; વિષય અરણ્યને મેં બાળી નાંખ્યું હતું, કામ વૈરીને હણ્યો હતો, કષાય તરુઓને છેદી નાંખ્યા હતા, ને રાગશત્રુને નિયંત્રિત કર્યો હતો. આ બધો તેનો પ્રભાવ છે કે જેનાથી આજે દુર્ગતિમાંથી ઉદ્ધરીને મને દેવવંદિત સ્વર્ગરાજ્યમાં સ્થાપવામાં આવ્યો છે.'

"નિત નિત નવ નવ રંગ, ગીત જય જય સદા હો લાલ૦ ગીત૦
સાત ધાતુ વિણ દેહ, રૂપ સુખકર મુદા હો લાલ૦ રૂપ૦
અતિ સુકુમાલ શરીર, ચતુર પંડિતવરુ હો લાલ૦ ચતુર૦
દોષ કલેશ ભયહીન, શાંત જિમ નિશકરુ હો લાલ૦ શાંત૦
પુણ્ય ઉદે લહે સુખ, સદા મન ઊમહે હો લાલ૦ સદા૦
દેવલોકની ભૂમિ સદા, સુખ ગુણ ગહે હો લાલ૦ સદા૦
સુરપતિ ચેતન તામ, કામ એ પુણ્યના હો લાલ૦ કામ૦
પૂરવકૃત તપ શીલ, ચરણ વર દાનના હો લાલ૦ ચરણ૦
પિણ શિવસાધક માગ, એણ ગમે નહીં હો લાલ૦ એણ૦
એહ વિનાશી સુખ, દુઃખ ગિણજે સહી હો લાલ૦ દુઃખ૦"

—**શ્રી દેવચંદ્રજીકૃત શ્રી જ્ઞાનાર્ણવ અનુવાદ.**

અને પછી આમ શુભકરણીજન્ય પુણ્યોદયથી સાંપડેલી સ્વર્ગસંપત્તિનો ઉપભોગ દેવો કરે છે. ત્યાં પંચવિષયના સુખોપભોગ સાધનોની એટલી બધી વિપુલતા હોય છે, અને દેવો ભોગસાગરમાં એટલા બધા નિમગ્ન થઇ જાય છે-મશગુલ બની જાય છે, કે તે આડે તેઓને બીજું કાંઇ સૂઝતું નથી. રાતદિવસ ક્યાં જાય છે તેની પણ તેમને ખબર પડતી નથી! અરે! અનેક સાગરોપમ જેટલું તેમનું દીર્ઘ આયુષ્ય પણ એમ ને એમ પાણીના રેલાની માફક ક્યાં ચાલ્યું જાય છે તેનું પણ તેમને ભાન રહેતું નથી! આયુષ્યના માત્ર છેલ્લા છ માસ બાકી રહે છે ત્યારે એમની ફૂલની માળા કરમાવા લાગે છે, નેત્રોનું અનિમેષપણું ટળે છે—ચક્ષુ મટમટે છે, ત્યારે તેમની આંખ ઉઘડે છે કે—અરે! મ્હારો અંતકાળ હવે નજીકમાં છે. અરે રે! મ્હારું આયુષ્ય મેં વિષયતલ્લીન બની પ્રમાદમાં ગુમાવ્યું! 'આ સુરમ્ય સ્વર્ગભૂમિ! આ સર્વાંગસુંદર દેવાંગનાઓ! આ પરમ પ્રણયી મિત્ર

પ્રમાદમાં જીવનવ્યય!

દેવો! આ સ્વામીભક્ત સેવકો! આ નંદનવન! આ કલ્પવૃક્ષો! આ પંચ વિષયની સંપૂર્ણ સામગ્રી! અરે રે! આ બધુંય છોડીને મ્હારે હવે ચાલ્યા જવું પડશે. આના મને પુનઃ ક્યારે દર્શન થશે?' ઇત્યાદિ અંતસ્તાપપૂર્વક ચિંતવતા તે ચિંતાસાગરમાં નિમગ્ન થઈને છેલ્લા છ માસ યુગોની જેમ અફસોસમાં ને અફસોસમાં કેમે કરીને વીતાવે છે. આમ દેવલોકમાં પ્રાયઃ ધર્મથી પ્રાપ્ત થયેલ ભોગ ભોગવતાં પ્રમાદમાં જીવન વ્યતીત થાય છે, અને સ્વરૂપભ્રષ્ટતાથી તે આત્માને અનર્થનો હેતુ થઈ પડે છે.

આ સ્વર્ગલોકની વાત જવા દઈએ, અને પ્રત્યક્ષ દૃશ્યમાન એવા મનુષ્યાદિની સ્થિતિનો વિચાર કરીએ, તો પણ તેમજ પ્રતીત થાય છે. પ્રબળ પુણ્યોદયથી ઉત્તમ રાજ્યલક્ષ્મીને પામેલ એવા રાજાદિનું આંતરૂ જીવન જો તપાસીએ, તો તે ભોગવિલાસાદિમાં કે રાજ્યચિંતાદિમાં એટલા બધા વ્યગ્ર થઈ ગયેલા દેખાય છે, એટલા બધા પ્રમાદમાં પતિત—'પડી ગયેલા' જણાય છે, કે તેઓને 'ધર્મકાર્ય' માટે 'ફુરસદ' મળતી નથી! નવરાશ જડતી નથી! એટલું જ નહિં પણ રાજ્યભારરૂપ પુષ્પશય્યામાં નહિં—પણ કંટકશય્યામાં પોઢી ગયેલા તે મહાનુભાવોને 'ધર્મ' જેવી કોઈ વસ્તુ જગત્‌માં છે કે નહિં તેની પણ ભાગ્યે જ ખબર પડે છે! જે ધર્મના જ પ્રસાદથી આ પુણ્યવૈભવ સાંપડયો છે, તે ઉપકારી મૂળ ધર્મનું જ વિસ્મરણ કરી આ બાપડા દુઃખીઆ જીવો કૃતઘ્નપણું આચરે છે! ને પ્રમાદમાં અવતાર એળે ગુમાવે છે! 'Unhappy lies the head, that wears the crown.'

રાજાદિનું પ્રમાદ જીવન

અથવા તો મહાઐશ્વર્યસંપન્ન એવો કોઈ શ્રીમંત ધનાઢ્ય હોય, તો તેની પણ એ જ બૂરી દશા છે. કારણ કે લાડી, વાડી ને ગાડીનું સુખ જેને ઘેર હોય છે, બાગ, બંગલા ને બગી સદા જેની તહેનાતમાં હોય છે, પાણી માગતાં દૂધ જેની પાસે હાજર થાય છે, એવા શ્રીમંત ધનાઢ્ય જનોની જીવનચર્યા નીરખીએ તો તે પણ એવી જ પ્રમાદાચરણથી ભરેલી હોય છે. કારણ કે **ઋદ્ધિગારવ, રસગારવ** ને **શાતાગારવ**ના ગારામાં ગુંચીને ગરકાવ થઈ ગયેલા હોઈ, તેઓ કાં તો એશઆરામમાં ને વૈભવવિલાસમાં એટલા બધા 'પડી ગયા' હોય છે, ચાર દિવસની ચાંદની જેવા જીવનની 'બે ઘડી મોજ' માણવામાં એટલા બધા અપ્રમાદી બની ગયા હોય છે, હાય! રહી જશે એમ જાણી જીવનનો લ્હાવો લૂંટવાની તાલાવેલીમાં એટલા બધા લટ્ટુ બની ગયા હોય છે, કે ધર્મ જેવી કોઈ ચીજ જગત્‌માં અસ્તિત્વ ધરાવે છે કે કેમ, તેનું પણ તેમને ભાન રહેતું નથી! કાં તો તેઓ ધનના મદમાં એટલા બધા છકી ગયા હોય છે, દોલતની દો–લત એમની છાતીમાં એટલા બધા જોરથી લાગી હોય છે, '**ચિત્તસ્તબ્ધતા**' નામનું વિલેપન છાતી પર લગાવી તેઓ જાણે આકાશના તારા નિહાળતા હોય એમ એટલા બધા અક્કડ ને

શ્રીમંતોના પણ એ જ હાલ!

ફક્કડ બનીને ચાલે છે, કે તેઓ સમસ્ત જગત્‌ને પોતાની પાસે તૃણવત્ તુચ્છ ગણે છે! અરે! પોતે મૂર્ખશિરોમણિ છતાં સાચા પંડિત સમર્થ વિદ્વજ્જનોને પણ હસે છે—અપમાને છે! અને કાં તો આ બિચારા શ્રીમંતજનો પોતે પાથરેલી પરિગ્રહની જાલમાં એટલા બધા ગુંથાઇ ગયા હોય છે, મિલ-કારખાના વગેરે પાપોપાદાનરૂપ કર્માદાની ધંધાઓની ધાંધલમાં ને પરોજણમાં એટલા બધા પરોવાઇ ગયા હોય છે, પારકે પરસેવે સંચય કરેલો ધનરાશિ કઇ ગાંઠે બાંધવો ને કયાં રોકવો તેના પ્રપંચની વિમાસણમાં એટલા બધા ઓતપ્રોત થઇ ગયા હોય છે, શેરસટ્ટાની ઉથલપાથલની ગડમથલમાં અહીંના અહીં જ પાછળ મૂકી જવા માટેના ધનના ઢગલા શીઘ્ર ભેગા કરવાની વેતરણમાં એટલા બધા વ્યગ્ર બની ગયા હોય છે,—કે આ બાપડા ગદ્ધાવૈતરૂં કરનારા શ્રીમંતો શાંતિથી ભોજન પણ લેતા નથી! ચિંતામગ્ન થઇ રાતે નિરાંતે ઊંઘતા પણ નથી! અને આવી આ **ધન-મધની મધમાખીઓ** જે ધન-મધનો પોતે સંચય કરે છે, તેનો આસ્વાદ લેવાથી પોતે જ વંચિત રહે છે! જે ધનના મધપુડા પોતે બાંધે છે, તે જાણે પારકા માટે 'મૂકી જવાને' જ હોયની એમ પરગજુ-પરોપકારી બને છે! વેઠીઆ પોઠીઆ બની પારકી વેઠ કરે છે! પણ પ્રમાદ છોડી, જે ધર્મથી આ ઐશ્વર્યની પ્રાપ્તિ થઇ છે, થાય છે, ને થવાની છે, તેને સંભારતા પણ નથી! ખરેખર! શ્રીમંત ધનવાન જેવું બીજું કોઇ વધારે દયાપાત્ર પ્રાણી દુનિયામાં જડવું મુશ્કેલ છે. સોયના નાકામાંથી ઊંટ નીકળી જાય એ બનવાજોગ છે, પણ શ્રીમંતનો પ્રભુના ધામમાં પ્રવેશ થવો સંભવતો નથી, એવા આશયનું મહાત્મા **ઈસુ ખ્રીસ્ત**નું વચન **બાઈબલ**માં છે, તે અત્રે બરાબર લાગુ પડે છે:—
'It is easier for a camel to pass through the eye of a needle than for a rich man to enter the kingdom of heaven.'

"સાહ્યબી સુખદ હોય, માન તણો મદ હોય, ખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનું?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય, દોલતનો દોર હોય, એ તે સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય, દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું,
વદે **રાયચંદ** એમ, સદ્ધર્મને ધાર્યા વિના, જાણી લેજે સુખ, એ તો બેએ જ બદામનું."

— શ્રીમદ્ રાજચંદ્રજી

આમ સ્વર્ગમાં કે મનુષ્યમાં જ્યાં ધર્મપસાયે પુણ્યોદયથી ભોગસંપત્તિ સાંપડે છે, ત્યાં જીવન પ્રાયે વિશિષ્ટ ધર્મસાધન વિના પ્રમાદમાં વ્યતીત થાય છે, ને આત્મસ્વરૂપ ભૂલાઇ જાય છે. એટલે પરિણામે આ ધર્મજનિત ભોગસંપત્તિ પણ પરમાર્થથી આત્માને અનર્થકારક થઇ પડે છે, અહિતરૂપ બને છે, આત્માર્થથી ચૂકાવી દેનાર-વંચિત કરનાર નીવડે છે; માટે આ ધર્મજનિત ભોગ પણ પ્રાયે અનિષ્ટ છે, પરમાર્થથી દુઃખરૂપ જ છે.

અત્રે પ્રાયે—ઘણું કરીને એમ કહ્યું છે તે શુદ્ધ ધર્મને આક્ષેપનારા-આકર્ષનારા

એવા **પુણ્યાનુબંધી પુણ્ય** ફલના ભોગનો **અપવાદ** **સૂચવવા** માટે છે, કારણ કે તેમાં પ્રમાદનો અયોગ હોય છે, આત્મસ્વરૂપના ભાનથી ભ્રષ્ટપણું હોતું નથી.

અપવાદરૂપ સત્પુરુષો

તીર્થંકર આદિ ઉત્તમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષવિશેષની વાત ન્યારી છે. તેઓને અચિંત્ય પુણ્યસંભારથી તીર્થંકર પદવી આદિ પુણ્યફલ પ્રાપ્ત થાય છે, અને ગૃહસ્થાવાસમાં પણ તેઓ પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત થયેલ ભોગસામગ્રીનો ઉપભોગ લે છે, તો પણ તેઓનો તે ઉપભોગ અત્યંત **અનાસક્ત ભાવે** હોવાથી તેઓ બંધાતા નથી. જેમ સુક્કી ભીંત પર માટીનો ગોળો ચોંટતો નથી, તેમ નિઃસ્નેહ–અનાસક્ત એવા તેઓને કર્મબંધ થતો નથી, પણ નિર્જરા જ થાય છે, ને ભોગકર્મથી તે છૂટે છે. કારણ કે ભોગ–પંકની મધ્યે રહ્યા છતાં તેઓ જલમાં કમલની જેમ સર્વથા અલિપ્ત જ રહે છે, એ એમનું આશ્ચર્યકારક ચિત્ર ચરિત્ર છે! બીજા પ્રાકૃત સામાન્ય જનોને જે ભોગ બંધનું કારણ થાય છે, તે આ અસામાન્ય–અસાધારણ અતિશયવંત તીર્થંકરાદિ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષવિશેષને નિર્જરાનું કારણ થાય છે! એટલે સામાન્ય પ્રાકૃત કોટિના જનોનો નિયમ આવા અસામાન્ય પુરુષોત્તમોને લાગુ પડતો નથી. તેઓ તેમાં અપવાદરૂપ છે. 'Exception proves the rule'–અપવાદ નિયમને સિદ્ધ કરે છે, એ અંગ્રેજી કહેવત અત્ર ઘટે છે. રાજમાર્ગે–ધોરીમાર્ગે તો સહુ કોઇ ચાલી શકે છે, પણ સાંકડી કેડી–એકપદી પર ચાલવું તે કોઇ વિરલાઓનું જ કામ છે. માટે આજન્મ પરમ વૈરાગી એવા તીર્થંકરાદિ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષો ભોગ ભોગવતાં છતાં, તેમનું ચિત્ત તો ધર્મસાર જ હોય છે–ધર્મપ્રધાન જ હોય છે, આત્મધર્મની ભાવનાથી જ ભાવિત ને વાસિત હોય છે. × (જુઓ પૃ. ૨૭૪–૨૭૫).

"રાગ ભરે જન મન રહો, પણ તિહું કાળ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઇ ન પામે હો તાગ....શ્રી શ્રેયાંસ કૃપા કરો!" **શ્રી યશોવિજયજી**

આ ઉપરથી એ ફલિત થાય છે કે વિષયનું સેવન–અસેવન એ વૈરાગ્યનું મુખ્ય લક્ષણ નથી, પણ **અનાસક્ત ભાવ** એ જ મુખ્ય લક્ષણ છે; કારણ કે વિષયનું સેવન ન કરે, પણ અનાસક્ત ભાવ ન હોય ને અંતરમાં ભોગાદિની કામના–વાસના હોય તો વૈરાગ્ય નથી; અને વિષયનું સેવન કરે, પણ અનાસક્તભાવ હોય ને અંતરમાં ભોગાદિની કામના–વાસના ન હોય તો વૈરાગ્ય છે. તેમાં પણ વિષયના અસેવન સાથે અનાસક્ત ભાવ હોય તો તે સર્વોત્તમ છે, તથાપિ કોઇ અપવાદરૂપ વિશિષ્ટ સમ્યગ્દૃષ્ટિ સમર્થ જ્ઞાની પુરુષને અનાસક્તભાવ છતાં પૂર્વ પ્રારબ્ધોદયથી વિષયસેવન હોય, તોપણ તેના

અજ્ઞાનીને બંધઃ જ્ઞાની અબંધ

×"अत एव महापुण्यविपाकोपहितश्रियाम् ।
गर्भादारभ्य वैराग्यं नोत्तमानां विहन्यते ॥" **શ્રી અધ્યાત્મસાર**

વૈરાગ્યને બાધ આવતો નથી; એટલે 'વિષયોના બંધ ઉત્પાદનમાં નિયમ છે નહિં. અજ્ઞાનીઓને તેનાથી બંધ છે, જ્ઞાનીઓને કદી બંધ નથી–નિર્જરા જ છે; કારણ કે જ્ઞાની સેવતાં છતાં સેવતા નથી'–ભોગવતાં છતાં ભોગવતા નથી! અને 'અજ્ઞાની નહિં સેવતાં છતાં સેવે છે'–નહિં ભોગવતાં છતાં ભોગવે છે! આ આશ્ચર્યકારક પણ સત્ય ઘટના છે.* કારણ કે જેમ કોઇ વાણોતર શેઠની વતી વ્યાપાર કરે–લેવડદેવડ કરે, પણ તે કાંઇ લાભહાનિનો સ્વામી થતો નથી, તેના નફા–ટોટામાં તેને કાંઇ લેવાદેવા નથી, તે તો માત્ર ચીઠ્ઠીનો ચાકર છે; અને શેઠ પોતે બેસી રહે છે, ને કાંઇ કરતો નથી, છતાં તે નફા–ટોટાનો માલીક છે, લાભ-હાનિનો સ્વામી છે; તેમ સમ્યગ્દષ્ટિ જ્ઞાની પુરુષ પૂર્વ કર્મોદયથી સાંપડેલા વિષયો સેવતાં છતાં, રાગાદિ ભાવોના અભાવે વિષયસેવનફલના સ્વામિત્વના અભાવથી અસેવક જ–નહિં સેવનારો છે; અને મિથ્યાદષ્ટિ તો વિષયો નહિં સેવતાં છતાં રાગાદિ ભાવોના સદ્ભાવે વિષયસેવનફલના સ્વામિત્વને લીધે સેવક–સેવનારો છે.

આમ સમ્યગ્દષ્ટિ જ્ઞાની પુરુષ ભોગ ભોગવે છે છતાં બંધાતા નથી ને કર્મ નિર્જરે જ છે! ને અજ્ઞાની ભોગવતાં બંધાય છે! કારણ કે 'પરદ્રવ્ય ઉપભોગવતાં સતાં તેના નિમિત્તે સાત–અસાત વેદનાના ઉદયથી જીવનો સુખરૂપ વા દુઃખરૂપ ભાવ નિયમથી ઉદયમાં આવે છે. પણ તે જ્યારે વેદાય છે ત્યારે મિથ્યાદષ્ટિને રાગાદિ ભાવોના સદ્ભાવથી બંધનિમિત્ત થઇને નિર્જરાતો છતાં અજીર્ણ હોઇ બંધ જ થાય છે; પણ સમ્યગ્દષ્ટિને રાગાદિ ભાવના અભાવથી બંધનિમિત્ત થયા વિના કેવળ નિર્જરાતો સતો જીર્ણ થઈને નિર્જરા જ થાય છે.* આમ કોઇ કર્મ ભોગવતાં છતાં કર્મોથી બંધાતો નથી! તે +જ્ઞાનનું જ સામર્થ્ય છે કે વિરાગનું જ સામર્થ્ય છે: (૧) જેમ વિષ ખાતાં વૈદ્ય પુરુષ મરણ નથી પામતો, તેમ પુદ્ગલ કર્મનો ઉદય જ્ઞાની ભોગવે છે પણ બંધાતો નથી. કોઇ વિષવૈદ્ય, બીજાઓને મરણનું કારણ એવું વિષ ખાતાં છતાં, અમોઘ વિદ્યાના સામર્થ્યવડે તેની

જ્ઞાન–વૈરાગ્યનું સામર્થ્ય

* "विषयाणां ततो बंधजनने नियमोऽस्ति न । अज्ञानिनां ततो बंधो ज्ञानिनां तु न कर्हिचित् ॥
सेवतेऽसेवमानोऽपि सेवमानो न सेवते । कोऽपि पारजनो न स्याच्छ्रयन् परजनानपि ॥"
—શ્રી યશોવિજયજી કૃત શ્રી અધ્યાત્મસાર.

"सेवंतोवि ण सेवइ असेवमाणोवि सेवगो कोई ।
पगरणचेट्ठा कस्सवि ण य पायरणोत्ति होई ॥"—શ્રી કુંદાકુંદાચાર્યજી કૃત શ્રી સમયસાર.

* આ વિષય વિસ્તારથી સમજવા માટે અત્રે આધારરૂપ લીધેલ, શ્રી સમયસારની ગા૦ ૧૯૪–૧૯૮ તથ તે પરની શ્રી અમૃતચંદ્રાચાર્યજીની પરમસુંદર આત્મખ્યાતિ ટીકા અવગાહવી,–તેમજ શ્રી અધ્યાત્મસારનો વૈરાગ્ય અધિકાર અવલોકવો.

+ "तद् ज्ञानस्यैव सामर्थ्यं विरागस्य च वा किल ।
यत्कोऽपि कर्मभिः कर्म भुञ्जानोऽपि न बध्यते ॥"
—શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત શ્રી સમયસાર કલશ.

શક્તિની નિરુદ્ધતાથી મરતો નથી; તેમ અજ્ઞાનીઓને રાગાદિ ભાવોના સદ્‌ભાવથી બંધ-કારણ એવો પૂર્વ કર્મનો ઉદય ઉપભોગવતાં છતાં, અમોઘ જ્ઞાનસામર્થ્યવડે કરીને રાગાદિ ભાવોનો અભાવ સતે તેની શક્તિની નિરુદ્ધતાથી જ્ઞાની બંધાતો નથી.–આમ **જ્ઞાનનું સામર્થ્ય** છે.* (૨) જેમ મદ્ય પીતો પુરુષ અરતિભાવે કરીને મદવાળો થતો નથી, તેમ દ્રવ્યના ઉપભોગમાં અરત એવો જ્ઞાની બંધાતો નથી. કોઇ પુરુષ મદ્ય પ્રતિ તીવ્ર અરતિભાવ પ્રવર્ત્તતો હોઇ મદ્ય પીતાં છતાં તીવ્ર અરતિના સામર્થ્યથી મદવાળો થતો નથી, તેમ રાગાદિ ભાવોના અભાવે સર્વ દ્રવ્યોપભોગ પ્રતિ તીવ્ર વિરાગભાવ પ્રવર્ત્તતો હોઇ, વિષયો ઉપભોગવતાં છતાં, જ્ઞાની તીવ્ર વિરાગભાવના સામર્થ્યથકી, બંધાતો નથી.—આ **વૈરાગ્યનું સામર્થ્ય** છે.'

આમ તીર્થંકરાદિ સમ્યગ્‌દૃષ્ટિ સમર્થ જ્ઞાની પુરુષોની વાત ન્યારી છે. તેઓ પૂર્વ કર્મથી પ્રેરાઇને પ્રારબ્ધોદયથી સંસારમાં રહ્યા હોય તોપણ તે સંસારથી પર–અસંસારી છે, ને ભોગ ભોગવતાં છતાં નથી ભોગવતા,–એવો પરમ અદ્‌ભુત વૈરાગ્ય તેમનો હોય છે! કારણ કે તેમનું શરીર–ખોળીયું સંસારમાં છે, પણ ચિત્ત તો મોક્ષમાં જ છે. શ્રીમાન્ **હરિભદ્રસૂરિજીએ** કહ્યું છે તેમ 'मोक्षे चित्तं भवे तनुः' 'લોકમાં વર્ત્તતા જ્ઞાની યોગીની પ્રવૃત્તિઓ કાષ્ઠયંત્રની પૂતળીઓના નૃત્ય જેવી હોઇ તેમને બાધાર્થે થતી નથી, અને લોકાનુગ્રહના હેતુપણાથી આ 'યોગમાયા' છે, એમ અન્ય દર્શનીઓ પણ કહે છે, અને એમાં પણ દૂષણ નથી.'

'मोक्षे चित्तं भवे तनुः'

"दारुयंत्रस्थपांचालीनृत्यतुल्याः प्रवृत्तयः ।
योगिनो नैव बाधायै ज्ञानिनो लोकवर्तिनः ॥" —**શ્રી અધ્યાત્મસાર.**

અને આવા અપવાદરૂપ પરમ સમર્થ જ્ઞાની સમ્યગ્‌દૃષ્ટિ આત્માનું દૃષ્ટાંત શોધવાને આપણે વધારે દૂર જવાની જરૂર નથી. હજુ હમણાં જ વર્ત્તમાન યુગમાં થઇ ગયેલા પરમ તત્ત્વદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીના** પરમ અધ્યાત્મમય જીવનવૃત્તમાંથી આનું જ્વલંત ઉદાહરણ મળી આવે છે. એ **પરમ સમ્યગ્‌દૃષ્ટિ જ્ઞાની પુરુષને** પૂર્વ પ્રારબ્ધોદયથી અનિચ્છતાં છતાં સંસારપ્રસંગમાં રહેવું પડયું હતું, છતાં પ્રતિક્ષણે તેમને તેનો અત્યંત

---

*"जह विसमुवभुज्जंतो वेज्जो पुरिसो ण मरणमुवयादि ।
पोग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झए णाणी ॥
जह मज्जं पिबमाणो अरदिभावेण मज्जदि ण पुरिसो ।
दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव ॥" —**શ્રી સમયસાર.**

"जहा विसं कुट्ठगयं, मंतमूलविसारया ।
विज्जा हणंति मंतेहिं, तो तं हवइ निव्विसं ॥" —**શ્રી વંદિત્તાસૂત્ર.**

અત્યંત ખેદ વર્ત્તતો હતો, અને મહામુનિવરોને પણ દુર્લભ એવી પરમ ઉદાસીન અદ્ભુત વૈરાગ્યમય ભાવનિર્ગ્રંથદશા ને ઉત્કટ આત્મસ્થિતિ તેમને વર્ત્તતી હતી, **અખંડ આત્મસમાધિ** અનુભવાતી હતી,-એ એમના આત્માનુભવમય વચનામૃત પરથી નિષ્પક્ષપાત અવલોકનારને પદે પદે સુપ્રતીત થાય છે. પણ આવા **અપવાદરૂપ** (Exceptional -Extraordinary) જલકમલવત્ નિર્લેપ મહાનુભાવ સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ વિરલ જ હોય છે, અતિ અતિ અલ્પ હોય છે. ત્રિકાળ વૈરાગ્યવંત તેમના ચિત્તસમુદ્રનો તાગ લેવાનું કે અનુકરણ કરવાનું બીજાનું ગજું નથી; તેમ કરવા જતાં બીજા પ્રાકૃત જનો તો ખત્તા જ ખાય! આ અંગે **શ્રીમદ્ રાજચંદ્રજીનું** જ મનનીય વચનામૃત છે કેઃ—

"વિષયાદિ ઇચ્છિત પદાર્થ ભોગવી તેથી નિવૃત્ત થવાની ઇચ્છા રાખવી અને તે ક્રમે પ્રવર્ત્તવાથી આગળ પર તે વિષયમૂર્ચ્છા ઉત્પન્ન થવી ન સંભવે એમ થવું કઠણ છે, કેમકે **જ્ઞાનદશા વિના વિષયનું નિર્મૂળપણું થવું સંભવતું નથી.** માત્ર ઉદય વિષયો ભોગવ્યાથી નાશ થાય; પણ જો જ્ઞાનદશા ન હોય તો વિષય આરાધતાં ઉત્સુક પરિણામ થયા વિના ન રહે; અને તેથી પરાજિત થવાને બદલે વિષય વર્ધમાન થાય. જેને જ્ઞાનદશા છે તેવા પુરુષો વિષયાકાંક્ષાથી અથવા વિષયનો અનુભવ કરી તેથી વિરક્ત થવાની ઇચ્છાથી તેમાં પ્રવર્ત્તતા નથી, અને એમ જો પ્રવર્ત્તવા જાય તો જ્ઞાનને પણ આવરણ આવવા યોગ્ય છે. માત્ર પ્રારબ્ધ સંબંધી ઉદય હોય એટલે છૂટી ન શકાય તેથી જ જ્ઞાની પુરુષની ભોગપ્રવૃત્તિ છે. તે પણ પૂર્વપશ્ચાત્ પશ્ચાત્તાપવાળી અને મંદમાં મંદ પરિણામ સંયુક્ત હોય છે. સામાન્ય મુમુક્ષુ જીવ વૈરાગ્યના ઉદ્ભવને અર્થે વિષય આરાધવા જતાં તો ઘણું કરી બંધાવા સંભવ છે, કેમકે જ્ઞાની પુરુષ તે પ્રસંગને માંડ માંડ જીતી શક્યા છે, તો જેની માત્ર વિચારદશા છે એવા પુરુષનો ભાર નથી કે તે વિષયને એવા પ્રકારે જીતી શકે."—**શ્રીમદ્ રાજચંદ્ર,** પત્રાંક ૪૯૯ (૫૯૧)

આમ સામાન્યપણે ધર્મજનિત ભોગ પણ અનર્થરૂપ થઇ પડે છે એ નિયમ છે, છતાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષવિશેષને તેમ નથી પણ થતો એ અપવાદ છે. અત્રે ચંદનનું દૃષ્ટાંત ઘટે છે. ચંદન જો કે સ્વભાવથી શીતલ જ છે. છતાં ચંદનનો અગ્નિ વનને બાળે જ છે, કારણ કે તેવો તેનો સ્વભાવ છે. તેમ ધર્મ પણ સ્વભાવે શીતલ-શાંતિપ્રદ છતાં, ધર્મજનિત ભોગ પણ અંતર્દાહ ઉપજાવે જ છે. ક્વચિત્ અપવાદે ચંદનનો અગ્નિ મંત્રથી સંસ્કારવામાં આવતાં મંત્રસિદ્ધ વિદ્યાધર પુરુષને નથી પણ દઝાડતો. તેમ કોઇ અપવાદરૂપ **તીર્થંકરાદિ** સમ્યગ્દૃષ્ટિ જેવા ઉત્તમ પુરુષવિશેષને ધર્મજનિત ભોગ અનર્થહેતુ નથી પણ થતો. કારણ કે તેવા ભાવિતાત્મા **તે આત્મ-વિદ્યાધર** પુરુષોએ અનાસક્ત ભાવથી વાસનાનું વિષ કાઢી નાંખ્યું હોય છે. એટલે તેમને ભોગનું ઝેર ચડતું નથી! બીજા અજ્ઞાની જનોને

ચંદનનો અગ્નિ પણ બાળે

જે આશ્રવનું-કર્મઆગમનનું કારણ થાય છે, તે જ તેઓને પરિશ્રવનું-કર્મનિર્ગમનનું કારણ થાય છે!

"जे आसवा से परिसवा, परिसवा से आसवा ॥"—શ્રી આચારાંગ સૂત્ર

"હોત આસવા પરિસવા, નહિં ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિ કી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહ."—શ્રીમદ્ રાજચંદ્રજી

ધર્મજન્ય ભોગ પણ અનિષ્ટ

આ ઉપરથી ફલિતાર્થ એ છે કે સમ્યગ્દૃષ્ટિ પુરુષને ધર્મજનિત ભોગ પણ મનને અનિષ્ટ લાગે છે, પુણ્યોદયથી સાંપડેલ ભોગ પણ અકારો લાગે છે, કારણ કે તે સારી પેઠે સમજે છે કે-આ વિષયભોગ આત્માને પ્રમાદના-સ્વરૂપભ્રષ્ટ કરવાના કારણ છે, માટે એની અંડાસે પણ ઉતરવા યોગ્ય નથી. એમ સમજી તે વિષયભોગ ઇચ્છતો જ નથી અને તેથી ભાગતો જ ફરે છે. પણ પૂર્વ પ્રારબ્ધોદયથી કવચિત્ તેમ ન બની શકે, તો સતત ચેતતો રહી **અનાસક્તભાવે-અનાત્મભાવે** ભોગવી તે કર્મને ખેરવી નાંખે છે, પણ બંધાતો નથી! તે અવિનાશી જાણે પુદ્ગલજાલનો તમાસો જોઈ રહ્યો હોય એમ કેવળ દ્રષ્ટાભાવે-સાક્ષીભાવે વર્ત્તે છે.

તથા—

भोगात्तदिच्छाविरतिः स्कंधभारापनुत्तये ।
स्कंधान्तरसमारोपस्तत्संस्कारविधानतः ॥१६१॥

વૃત્તિઃ—**भोगात्**-ભોગથકી, **तदिच्छाविरतिः**-તેની-ભોગની ઇચ્છાની વિરતિ,-તાત્કાલિકી, શું? તો કે **-स्कंधभारापनुत्तये**-સ્કંધભાર દૂર કરવા માટે, **स्कंधान्तरसमारोपः**-સ્કંધાન્તર સમારોપ વર્ત્તે છે, બીજી ખાંધ પર લાદવા બરાબર છે,-શા કારણથી? તો કે-**तत्संस्कारविधानतः**-તેના સંસ્કારવિધાનથી. તથાપ્રકારે કર્મબંધથી અનિષ્ટ એવા ભોગસંસ્કારના વિધાનથકી, તત્ત્વથી તેની ઇચ્છાની અનિવૃત્તિને લીધે.

એમ પાંચમી દૃષ્ટિ કહી. આ દૃષ્ટિ સતે, બીજા યોગાચાર્યોએ પણ અલૌલ્ય-અલોલુપતા આદિ ગુણો કહ્યા છે. કહ્યું છે કે—

"अलौल्यमारोग्यमनिष्ठुरत्वम्, गन्धः शुभो मूत्रपुरीषमल्पम् ।
कान्तिः प्रसादः स्वरसौम्यता च, योगप्रवृत्तेः प्रथमं हि चिह्नम् ॥
मैत्र्यादियुक्तं विषयेष्वचेतः, प्रभाववद्धैर्यसमन्वितं च ।
द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभः, जनप्रियत्वं च तथा परं स्यात् ॥
दोषव्यपायः परमा च तृप्ति-रौचित्ययोगः समता च गुर्वी ।
वैरादिनाशोऽथ ऋतंभरा धी-र्निष्पन्नयोगस्य तु चिह्नमेतत् ॥" ઇત્યાદિ.

અર્થાત્—(૧) અલૌલ્ય-અલોલુપપણું, (૨) આરોગ્ય. (૩) અનિષ્ઠુરપણું-અકઠોરપણું,

ભોગથકી ઇચ્છા-વિરતિ તે, તસ સંસ્કાર પ્રરોપ;
સ્કંધભાર ઉતારવા, સ્કંધાન્તર આરોપ. ૧૬૧.

અર્થ :—ભોગથકી તેની ઇચ્છાવિરતિ તે ખાંધ પરનો ભાર દૂર કરવા માટે બીજી ખાંધ પર લાદવા બરાબર છે,-તેના સંસ્કાર વિધાનને લીધે.

વિવેચન

ત્યારે કોઇ કહેશે કે-વિષયભોગથી તેની ઇચ્છાની નિવૃત્તિ થશે, ભોગ ભોગવ્યાથી એના પ્રત્યે કંટાળો-વૈરાગ્ય આવશે, તો તે માનવું પણ ખોટું છે. કારણ કે ભોગથી તેની ઇચ્છાવિરતિ થવી, તે તો એક ખાંધેથી ભાર ઉતારી બીજી ખાંધે ભાર આરોપવા બરાબર છે, કારણ કે તેના સંસ્કાર તો ચાલુ જ છે. જેમ કોઈ ભારવાહક એક ખાંધે ભાર ઉપાડતાં થાકી જાય, એટલે બીજી ખાંધે ભાર આરોપે છે, પણ ભાર મૂકી દેતો નથી; તેમ ભોગવાંચ્છક એક વિષયથી થાકે-કંટાળે એટલે તેની ઇચ્છાથી વિરામ પામી બીજો વિષય પકડે છે, પણ મૂળભૂત વિષયવાસનાને મૂકી દેતો નથી, માટે ભોગથી તેની ઇચ્છાવિરતિ થવી શકય નથી. કારણ કે ભોગસંસ્કાર છૂટચો નથી-વાસના ટળી નથી, એટલે વિષયમાંથી વિષયાંતર થયા જ કરે છે. આમ ભોગ થકી જે ઇચ્છાવિરતિ થવી તે તો તત્ત્વથી ઇચ્છા અનિવૃત્તિરૂપ જ છે, કારણ કે વાસનાનો અનુબંધ ચાલુ જ છે !×

ભોગથી ઇચ્છાનિવૃત્તિ ન થાય

આમ જાણી આ સમ્યગ્દૃષ્ટિ પુરુષ ભોગેચ્છાથી દૂર રહે છે; વિષયવાંચ્છા ત્યજે છે, વિષયવાસનાનો ત્યાગ કરે છે; અને કદાચિત્ પૂર્વકર્મયોગે પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે પ્રાપ્ત ભોગસંપત્તિનો ઉપભોગ કરે છે, તો પણ અનાસક્તભાવે-અનાત્મભાવે જલકમલવત્ નિર્લેપ રહીને જ કરે છે; એટલે તે તેમાં બંધાતો નથી અને કર્મ ભોગવીને છૂટી જાય છે. આ સમ્યગ્દૃષ્ટિ પુરુષની

'પુદ્ગલ જાલ તમાસી રે'

(૪) શુભ ગંધ, (૫) અલ્પ મૂત્ર-પુરીષ,-આ યોગપ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે. (૬) મૈત્રી આદિથી યુક્ત ચિત્ત, (૭) વિષયોમાં અચેત એવું ચિત્ત, (૮) પ્રભાવવંત ચિત્ત, (૯) અને ધૈર્યથી યુક્ત એવું ચિત્ત, (૧૦) દ્વંદ્વોથી અધૃષ્યત્વ,-ઇષ્ટ અનિષ્ટ, લાભ-અલાભ આદિ દ્વંદ્વોથી નહિ ગભરાવાપણું, (૧૧) અને જનપ્રિયપણું,-આ બીજું ચિહ્ન છે. (૧૨) દોષનો અપાય-દૂર થવું તે, (૧૩) અને પરમ તૃપ્તિ, (૧૪) ઔચિત્ય યોગ, (૧૫) અને ભારી સમતા, (૧૬) વૈરાદિનો નાશ, (૧૭) અને ઋતંભરા બુદ્ધિ,-આ નિષ્પન્ન યોગનું ચિહ્ન છે.—અહીં પણ આ અકૃત્રિમ ગુણસમૂહ અહીંથી જ (આ દૃષ્ટિથી જ) આરંભીને જોડવો.

× "सिद्धया विषयसौख्यस्य वैराग्यं वर्णयंति ये। मतं न युज्यते तेषां यावदर्थप्रसिद्धितः।
अप्राप्तत्वभ्रमादुच्चैरवाप्तेष्वप्यनंतशः। कामभोगेषु मूढानां समीहा नोपशाम्यति॥
विषयैः क्षीयते कामो नेंधनैरिव पावकः। प्रत्युत प्रोल्लसच्छक्तिर्भूय एवोपवर्धते॥"
—શ્રી અધ્યાત્મસાર.

આશ્ચર્ય ઘટના છે. કારણ કે તે શુદ્ધ આત્મસ્વરૂપનો દૃષ્ટા–જ્ઞાતા હોઈ, પુદ્‌ગલની બાજીમાં સપડાતો નથી, અને આ બધો રૂપ–રસ–ગંધ–સ્પર્શ–શબ્દમય પુદ્‌ગલનો તમાસો છે, 'અવધૂ! નટ નાગરની બાજી' છે એમ જાણી, માત્ર દૃષ્ટારૂપે–સાક્ષીભાવે તે તમાસો જોયા કરે છે, અને મફતમાં આનંદ માણે છે! કારણ કે જે ચિદાનંદઘનના સુયશનો વિલાસી છે, તે પર વસ્તુની આશા કેમ રાખે?

"અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્‌ગલ જાલ તમાસી રે;
ચિદાનંદઘન **સુયશ** વિલાસી, તે કિમ પરનો આશી રે? તે ગુણ૦"–યો. દ. સજ્ઝા.૫–૬

"જગત્‌ને, જગત્‌ની લીલાને બેઠા બેઠા મફતમાં જોઇએ છીએ."–**શ્રીમદ્‌ રાજચંદ્રજી.**

卐

યોગસાધનાથી પ્રાપ્ત ગુણગણ

આ પાંચમી દૃષ્ટિમાં વળી અલૌલ્યાદિ બીજા ગુણો જે અન્ય યોગાચાર્યોએ પણ કહ્યા છે, તે પણ ઘટે છે, તે આ પ્રકારે:—(૧) **અલોલુપતા**–સમ્યગ્‌દૃષ્ટિ પુરુષને વિષય-વાસના નષ્ટ હોય છે, અથવા અતિ મંદ હોય છે, મોળી પડી ગયેલી હોય છે, એટલે તેને વિષયલોલુપતા સંભવતી નથી. સમ્યગ્‌-દૃષ્ટિ જીવ વિષય માટે ઝાંવાં નાખતો નથી કે તે માટે તલપાપડ થતો નથી. પૂર્વ પ્રારબ્ધોદયથી પ્રાપ્ત ભોગ પણ તે અનાસક્તપણે–અમૂર્ચ્છિત-પણે ભોગવે છે. (૨) **આરોગ્ય**–યોગસાધનના પ્રભાવથી સમ્યગ્‌દૃષ્ટિને આરોગ્ય વર્ત્તે છે. મન–વચન–કાયાના યોગની શુદ્ધિથી તથા વિષય અલોલુપતાથી રોગ હોય તો નાબુદ થાય છે ને નવો થતો નથી. આરોગ્ય સાંપડે છે. (૩) **અનિષ્ઠુરપણું**–સમ્યગ્‌દૃષ્ટિના મનઃ-પરિણામ અત્યંત કોમળ થઈ જાય છે, દયા–અનુકંપાથી આર્દ્ર ભીના બને છે. એટલે તેનામાં કોઈ પણ પ્રકારનું નિષ્ઠુરપણું હોતું નથી; પણ કુસુમ સમું કોમળપણું, મૃદુપણું ને દયાર્દ્રપણું જ હોય છે. **દેવચંદ્રજીએ** ગાયું છે તેમ 'ભાવ દયા પરિણામનો એહ જ છે વ્યવહાર.' (૪) **શુભગંધ**–યોગી પુરુષને યોગસિદ્ધિના પ્રભાવથી શરીરનો પરિમલ પણ સુગંધી–સુવાસિત બની જાય છે, કાંતિ પ્રસન્નતા આદિ પણ વધે છે. (૫) **અલ્પ મૂત્ર–પુરીષ**—યોગસાધનાથી શરીરમાં કોઈ એવી પ્રક્રિયા થાય છે કે જેથી શરીરના મલ સુકાઈ જઇ મલમૂત્ર પણ થોડા થાય છે, લઘુનીતિ–વડીનીતિ અલ્પ બને છે. ઇત્યાદિ યોગપ્રવૃત્તિના પ્રથમ ચિહ્ન છે, પ્રથમ વાનકીરૂપ છે. આ બધાં લક્ષણો યોગસાધનાના પ્રારંભમાં જણાય છે.

યોગપ્રવૃત્તિના પ્રથમ ચિહ્‌ન

"અચપલ રોગ રહિત નિષ્ઠુર નહિં, અલ્પ હોય દોય નીતિ;
ગંધ તે સારો રે કાંતિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ....
ધન ધન શાસન શ્રી જિનવરતણું!" શ્રી યો. સ. ૬–૧

(૬) **મૈત્રી આદિ યુક્ત ચિત્ત**—આગલી દૃષ્ટિઓમાં કરેલી યોગસાધનાથી ચિત્ત મૈત્રી આદિ ભાવથી ભાવિત હોય છે. (૭) **વિષયો પ્રત્યે અચેત**—વિષયો પ્રત્યે ચિત્ત અચેત હોય છે. (૮) **પ્રભાવવંતપણું**—યોગ પ્રભાવથી યોગી પુરુષનો કોઈ ઓર પ્રભાવ ઝળકે છે. જેથી સામો માણસ અંજાઈ જાય છે, ને તેના પર ચમત્કારની સ્વાભાવિક છાપ પડે છે. યોગી પુરુષને જોતાં જ આ કોઈ પ્રભાવિક પુરુષ છે એવી સ્વયંભૂ સહજ અસર ઉપજે છે. (૯) **ધૈર્યવંતપણું**–પરમ આત્મનિર્ભયતાથી યોગી સમ્યગ્દૃષ્ટિ પુરુષનું ધૈર્ય અસાધારણ–અલૌકિક હોય છે. (૧૦) **દ્વન્દ્વ અધૃષ્યત્વ**—સુખ–દુઃખ, રાગ–દ્વેષ, લાભ–હાનિ, માન–અપમાન, હર્ષ–શોક, જન્મ–મૃત્યુ આદિ દ્વન્દ્વોથી યોગીનું અધૃષ્યપણું હોય છે. અર્થાત્ તે તે દ્વન્દ્વોથી સમ્યગ્દૃષ્ટિ પુરુષ ક્ષોભ પામતા નથી, ચલાયમાન થતા નથી, ગાંજ્યા જતા નથી, ડરતા નથી, ગભરાતા નથી. તે તે દ્વન્દ્વોનો ભાર નથી કે યોગી પુરુષનો વાળ વાંકો કરી શકે. (૧૧) **જનપ્રિયત્વ**—આવા સમ્યગ્દૃષ્ટિ પુરુષ લોકપ્રિય હોય છે. એમનું દર્શન થતાં લોકોને આનંદ ઉપજે છે, અને કુદરતી પ્રેમ સ્ફુરે છે, એવા તે પ્રિયદર્શન હોય છે.–આ બધા યોગના બીજા ચિહ્ન છે.

બીજું ચિહ્ન

"ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત;
લાભ ઇષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જનપ્રિયતા હોય નિત્ય....ધન ધન૦" —**શ્રી યોગ સ.** ૬–૨.

(૧૨) **દોષ વ્યપાય**—રાગ, દ્વેષ–મોહ આદિ દોષ દૂર થાય છે, અથવા અત્યંત મંદ થાય છે, મોળા પડે છે. જેમ જેમ સમ્યગ્દર્શનની દૃઢતા થાય છે, તેમ તેમ રાગ–દ્વેષ–મોહ એ ત્રિદોષનું જોર ઓછું થતું જાય છે. (૧૩) **પરમ તૃપ્તિ**–આત્માધીન એવા આત્માનુભવથી ઉપજતા સુખથી સમ્યગ્દૃષ્ટિને પરમ તૃપ્તિ ઉપજે છે. શુદ્ધ ચૈતન્યરસના આસ્વાદથી તે એટલા બધા આત્મતૃપ્ત થઈ ગયેલ હોય છે,–એટલા બધા ધરાઈ ગયેલ હોય છે, કે તેને પછી બાકસબુકસ જેવા બીજા રસ ગમતા નથી. (૧૪) **ઔચિત્ય યોગ**—સમ્યગ્દૃષ્ટિ સર્વત્ર ઔચિત્યથી–ઉચિતપણે, ઘટિતપણે પ્રવર્તે છે. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં ત્યાં તે તે આચરે છે. (૧૫) **ભારી સમતા**—સમ્યગ્દૃષ્ટિને સર્વત્ર કોઈ અપૂર્વ સમતા વર્ત્તે છે. (૧૬) **વૈરાદિ નાશ**—સમ્યગ્દૃષ્ટિને વૈર–વિરોધ, કલેશ આદિનો નાશ સહજમાં થઈ જાય છે, કારણ કે વૈર વિરોધાદિ કરીને કઈ ગાંઠે બાંધવા છે? એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે. તેમજ અહિંસક સમ્યગ્દૃષ્ટિના સન્નિધાનમાં વૈરાદિનો નાશ થાય છે, એવો તેમનો ઉગ્ર મહાપ્રભાવ વર્ત્તે છે. યોગી પુરુષોની હાજરીમાં હિંસક પ્રાણીઓ પણ પોતાના જાતિવૈર ભૂલી શાંત થઈ જાય છે. (૧૭) **ઋતંભરા બુદ્ધિ**—'ऋतं बिभर्तीति ऋतंभरा' અર્થાત્ ઋત એટલે સત્યને જ જે ધારણ કરે છે, કદી પણ વિપર્યયથી આચ્છાદિત થતી નથી તે ઋતંભરા

નિષ્પન્ન યોગના ચિહ્ન

બુદ્ધિ સમ્યગ્દૃષ્ટિને પ્રગટે છે. આ ઋતંભરા બુદ્ધિને પ્રાતિભ જ્ઞાન પણ કહે છે. તે શ્રુતજ્ઞાન ને અનુમાન કરતાં અધિક છે, કારણ કે શ્રુત ને અનુમાનનો વિષય સામાન્ય છે, ઋતંભરાનો વિષય વિશેષ છે. આ ઋતંભરા બુદ્ધિ અધ્યાત્મપ્રસાદથી–અધ્યાત્મની પ્રસન્નતાથી ઉપજે છે–અત્યંત આત્મશુદ્ધિથી પ્રગટે છે.–આ બધા નિષ્પન્ન–સિદ્ધ યોગના લક્ષણ છે. અને તે **પાંચમી દૃષ્ટિથી** માંડીને પ્રગટતા પામે છે.

"નાશ દોષનો રે તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ;
નાશ વૈરનો રે બુદ્ધિ ઋતંભરા, એ નિષ્પન્નહ યોગ....ધન ધન૦
ચિહ્ન યોગના રે જે પરગ્રંથમાં, યોગાચારજ દીઠ;
પાંચમી દૃષ્ટિથકી સવિ જોડીએ, એહવા તેહ ગરીઠ....ધન ધન૦"

શ્રી યો૦ સજ્ઝા૦ ૬–૩–૪

卐

પાંચમી સ્થિરા દૃષ્ટિનો સાર

આ સ્થિરા દૃષ્ટિમાં—(૧) દર્શન રત્નપ્રભા સમાન, નિત્ય–અપ્રતિપાતી એવું હોય છે, (૨) પ્રત્યાહાર નામનું પાંચમું યોગાંગ પ્રાપ્ત થાય છે, (૩) ભ્રાંતિ નામનો પાંચમો ચિત્તદોષ ટળે છે, અને (૪) સૂક્ષ્મબોધ નામનો પાંચમો ગુણ સાંપડે છે.

આ દૃષ્ટિવાળા સમ્યગ્દર્શની જ્ઞાની પુરુષને અજ્ઞાનાંધકારરૂપ તમોગ્રંથિનો વિભેદ થયો હોય છે, એટલે તેને સમસ્ત સંસારસ્વરૂપ તેના ખરા સ્વરૂપમાં દેખાય છે. આ સર્વ ભવચેષ્ટા તે બુદ્ધિમંતને મન બાલકની ધૂલિગૃહક્રીડા જેવી અસાર અને અસ્થિર ભાસે છે, સમ્યક્ પરિણત શ્રુતજ્ઞાનથી પ્રાપ્ત થયેલા વિવેકને લીધે તે સર્વ બાહ્ય ભાવોને મૃગજલ જેવા, ગંધર્વનગર જેવા, અને સ્વપ્ન જેવા દેખે છે, અબાહ્ય–આંતર્ એવી કેવલ નિરાબાધ ને નિરામય જે જ્ઞાનજ્યોતિ છે તે જ અત્રે પરમ તત્ત્વ છે, બાકી બીજો બધો ઉપપ્લવ છે,–એમ જેને વિવેક ઉપજ્યો છે એવા આ સમ્યગ્દૃષ્ટિ ધીર સત્પુરુષો તથા–પ્રકારે પ્રત્યાહારપરાયણ હોય છે; અર્થાત્ વિષયોમાંથી ઇંદ્રિયોને પાછી ખેંચી લે છે—વિષયવિકારોમાં ઇંદ્રિયોને જોડતા નથી; અને ધર્મને બાધા ન ઉપજે એમ તત્ત્વથી યત્નવંત રહે છે.

અલક્ષ્મીની સખી એવી લક્ષ્મી જેમ બુદ્ધિમંતોને આનંદદાયી થતી નથી, તેમ પાપનો સખા એવો ભોગવિસ્તર પ્રાણીઓને આનંદદાયી થતો નથી, કારણ કે પાપનો અને ભોગનો સંબંધ એક બીજા વિના ન ચાલે એવો અવિનાભાવી છે, અર્થાત્ ભોગ છે ત્યાં પાપ હોય છે જ. પ્રાણીઓના ઉપઘાત સિવાય ભોગ સંભવતો

× "अध्यात्मं निर्विचारत्ववैशारद्ये प्रसीदति । ऋतंभरा ततः प्रज्ञा श्रुतानुमितितोऽधिका ॥"
—શ્રી યશો૦કૃત દ્વા૦ દ્વા૦

નથી, માટે ભોગથી પાપ જ છે, એમ જાણી ધર્મિષ્ઠ એવા સમ્યગ્દૃષ્ટિ પુરુષ વિષયભોગથી વિરામ પામવા જ ઇચ્છે છે. વળી ધર્મથી પણ ઉપજતો ભોગ પ્રાયે અનર્થકારી થઈ પડે છે, કારણ કે તે તેવા પ્રકારે આત્મસ્વરૂપથી ભ્રષ્ટતારૂપ પ્રમાદ ઉપજાવે છે. જેમ શીતલ ચંદનથી ઉપજેલો અગ્નિ પણ દઝાડે છે, તેમ ધર્મજનિત ભોગ પણ તાપ પમાડતો હોઇ સમ્યગ્દૃષ્ટિ પુરુષને અનિષ્ટ લાગે છે. તેમ જ–ભોગથી ભોગ–ઇચ્છાવિરતિ માનવી, તે તો એક ખાંધેથી ભાર ઉતારી બીજી ખાંધે લાદવા બરાબર છે. તેથી કાંઈ ભાર ઉતરતો નથી, પણ ભારનો સંસ્કાર ચાલુ જ રહે છે. તેમ ભોગથી ભોગની ઇચ્છા વિરામ પામશે એમ માનવું તે ભ્રાંતિ છે, કારણ કે તેથી તો ઊલટો ભોગેચ્છાનો નવો નવો સંસ્કાર ચાલુ રહે છે, અને વિષયતૃષ્ણાને લીધે ભોગેચ્છાની નિવૃત્તિ થતી નથી.–એમ સમજી સમ્યગ્દૃષ્ટિ પુરુષ જેમ બને તેમ ભોગને દૂરથી વર્જવા પ્રયત્નશીલ રહે છે, અર્થાત્ વિષયોમાંથી ઇંદ્રિયોને પાછી ખેંચી લેવારૂપ પ્રત્યાહાર કરે છે.

વળી યોગસાધનાથી પ્રાપ્ત થતા બીજા અલોલુપતાદિ ચિહ્ન પણ જે અન્ય યોગાચાર્યોએ કહ્યા છે, તે પણ આ પાંચમી દૃષ્ટિથી માંડીને પ્રગટે છે. (જુઓ પૃ૦ ૫૦૬)

સ્થિરાદષ્ટિનું કોષ્ટક ૧૧

દર્શન	યોગાંગ	દોષત્યાગ	ગુણપ્રાપ્તિ	ગુણસ્થાન
રત્નપ્રભાસમ-નિત્ય	પ્રત્યાહાર	ભ્રાંતિત્યાગ	સૂક્ષ્મબોધ — અલોલુપતાદિ	૪–૫–૬

卐

—: કળશ કાવ્ય :—

ચોપાઈ

દર્શન રત્નપ્રભા સમ નિત, પ્રત્યાહારે ઇંદ્રિય જીત;
કૃત્ય કરે સહુ ભ્રાંતિ રહિત, યોગી સૂક્ષ્મ સુબોધ સહિત. ૧૧૨
ગ્રંથિભેદ તણે સુપ્રભાવ, વેદ્યસંવેદ્ય પદે સ્થિર ભાવ;
વીતી મોહ અંધારી રાત, ભેદજ્ઞાનનું થયું પ્રભાત. ૧૧૩
ક્ષીર–નીર જ્યમ જાણી ભેદ, સ્વપર વસ્તુનો કરી વિભેદ;
યોગી હંસ શુદ્ધ માનસ રમે, પરપરિણતિ આત્માની વમે. ૧૧૪
બાલ ધૂલિગૃહક્રીડા સમી, ભવચેષ્ટા લાગે વસમી;
મૃગજલ ને સ્વપ્નાદિ સમાન, દેખે ભાવો બાહ્ય સુજાણ. ૧૧૫

અબાહ્ય કેવલ જ્યોતિ એક, નિરાબાધ નિરામય છેક;
તેજ પરમ અહિં તત્ત્વ પ્રમાણ, બાકી બધો ઉપપ્લવ જાણ. ૧૧૬

એમ વિવેકી ધીર મહંત, પ્રત્યાહાર સદાય કરંત,
વિષયોમાંથી ઇંદ્રિય હરે, આસક્તિ ભોગે ના ધરે. ૧૧૭

જેહ હરાયા ઢોરો જેમ, વિષયોમાં ધરતી બહુ પ્રેમ;
હઠથી હઠાવી ઇંદ્રિય તેહ, સ્વરૂપમાં જોડે ગુણગેહ. ૧૧૮

પાપ તણો મિત્ર જ છે ભોગ, યોગ પ્રત્યે રોગ જ છે ભોગ;
ભોગ ભુજંગ તણો છે ભોગ, ઇચ્છે કયમ યોગી તે ભોગ? ૧૧૯

ધર્મથી પણ સાંપડતો ભોગ, તેનો પણ ગમે નહિં યોગ;
ઉપજ્યો શીતલ ચંદન થકી, તે અગ્નિય વન બાળે નકી. ૧૨૦

ભોગથી ઇચ્છા તણો વિરામ, કદી ન થાયે–વધે જ કામ;
એક ખાંધેથી ઉતાર્યો ભાર, બીજે લાદવો તે અવધાર! ૧૨૧

એમ ચિંતે યોગી નિષ્કામ, આત્મારામી તે ગુણધામ;
વિષયવિષને દૂરથી ત્યજે, આત્મસ્વરૂપ અમૃતને ભજે. ૧૨૨

અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ, યોગીને હોયે સંનિધિ;
વિભૂતિ સૌ દાસી થઇ ફરે, આવી સ્વયં યોગીને વરે. ૧૨૩

તે સામી નવ દૃષ્ટિ કરે, યોગી સમ્યગ્દૃષ્ટિ ખરે!
અનંત જ્યાં આત્માની ઋદ્ધિ, ત્યાં કુણ માત્રજ લબ્ધિ સિદ્ધિ? ૧૨૪

બેસી સ્વરૂપના ઘરમાંહિ, યોગી સાક્ષી ભાવે આંહિ;
પુદ્ગલજાલ તમાસો જુવે, લીલા લ્હેર મફત અનુભવે. ૧૨૫

ધર્મતણી બાધા પરિહરે, તત્ત્વથી ધર્મે યત્ન જ કરે;
આત્મધર્મમાં સ્થિરતા ધરે, **ભગવાન્** મનનંદન પદ વરે. ૧૨૬

॥ इति महर्षिश्रीहरिभद्राचार्यविरचिते किरत्चंद्रसूनुमनःसुखनंदनेन भगवानदासेन सुमनोनंदनीबृहट्टीकानामकविवेचनेन सप्रपञ्चं विवेचिते श्रीयोगदृष्टिसमुच्चयशास्त्रे पञ्चमी स्थिरादृष्टिः ॥

૬

કાંતા દૃષ્ટિ

અને તથાપ્રકારે છઠ્ઠી દૃષ્ટિ કહી દેખાડવા માટે કહે છેઃ—

कान्तायामेतदन्येषां प्रीतये धारणा परा ।
अतोऽत्र नान्यमुन्नित्यं मीमांसाऽस्ति हितोदया ॥ १६२ ॥

કાંતા દૃષ્ટિ છઠ્ઠીમાં, જેહ કહ્યું હમણાં જ;
તેહ બધુંયે હોય છે, અન્ય પ્રીતિને કાજ.
હોય પરા અહિં ધારણા, એથી અન્યમુદ નો'ય;
મીમાંસા વળી સર્વદા, હિતોદયયુત હોય. ૧૬૨

અર્થ—**કાંતા** દૃષ્ટિમાં આ નિત્ય દર્શનાદિ અન્યને પ્રીતિ કારણ થાય છે, તથા પરા ધારણા હોય છે; એથી અત્રે અન્યમુદ્ હોતી **નથી** ને નિત્ય હિતોદયી મીમાંસા હોય **છે.**

વિવેચન

"છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ પ્રકાશ;
તત્ત્વમીમાંસા રે દૃઢ હોય ધારણા, નહિં અન્ય શ્રુત વાસ....
ધન ધન શાસન શ્રી જિનવરતણું !"—**શ્રી. યો. દ. સજ્ઝાય** ૬–૫

वृत्तिः—**कान्तायाम्**—કાન્તા દૃષ્ટિમાં, एतद्—આ, અનંતર-હમણાં જ કહેલું નિત્યદર્શનાદિ, **अन्येषां प्रीतये**-બીજાઓની પ્રીતિ અર્થે થાય છે,—નહિં કે દ્વેષ અર્થે. તથા **धारणा परा**—પરા-પ્રધાન ધારણા હોય છે. 'ચિત્તનો દેશબંધ' એ ધારણાનું લક્ષણ છે. કહ્યું છે કે—'**देशबन्धश्चित्तस्य धारणा**' (પા. ૩. ૧). **अतो**—આ ધારણાથકી, **अत्र**—આ દૃષ્ટિમાં, **नान्यमुद्**—અન્યમુદ્ નથી હોતી, અન્યત્ર હર્ષ નથી હોતો,—ત્યારે તે તે પ્રતિભાસના અયોગને લીધે. તથ—**नित्यं**—નિત્ય, સર્વ કાળ, **मीमांसाऽस्ति**—સદ્વિચારાત્મિકા મીમાંસા હોય છે, એટલે જ કહ્યું-**हितोदया**—હિતોદયવાળી,—સમ્યગ્જ્ઞાનના ફળપણાએ કરીને.

આ છઠ્ઠી **કાંતા** દૃષ્ટિમાં (૧) આ જે હમણાં જ કહ્યું તે નિત્ય દર્શનાદિ બધુંય હોય છે, અને તે બીજાઓને પ્રીતિ ઉપજાવે છે—નહિં કે દ્વેષ. (૨) પરમ **ધારણા** હોય છે. ધારણા એટલે ચિત્તનો દેશબંધ. (૩) અને આ ધારણાને લીધે અત્રે **અન્યમુદ્** હોતી નથી, અર્થાત્ અન્યત્ર હર્ષ હોતો નથી, કારણકે ત્યારે તે તે પ્રતિભાસનો અયોગ હોય છે. (૪) તથા નિત્ય—સર્વકાળ સદ્વિચારાત્મક **મીમાંસા**—તત્ત્વવિચારણા હોય છે, કે જે સમ્યગ્જ્ઞાનના ફળપણાએ કરીને હિતોદયવંતી હોય છે.

આ દૃષ્ટિને '**કાંતા**' નામ આપ્યું છે, તે યથાર્થ છે. કારણ કે આ દૃષ્ટિમાં કાંતા એટલે પતિવ્રતા સ્ત્રી જેવો પરમાર્થભાવ હોય છે. જેમ પતિવ્રતા સ્ત્રી ઘરના બીજાં બધાં કામ કરતાં પણ પતિનું જ ચિંતન કરે છે, તેમ આ દૃષ્ટિવાળો સમ્યગ્દૃષ્ટિ પુરુષ ભલે બીજું સંસાર સંબંધી કામ કરતો હોય, તોપણ તેનું ચિત્ત સદાય શ્રુતધર્મમાં જ લીન રહે છે. અથવા કાંતા એટલે પ્રિયા—વ્હાલી લાગે તે. આ દૃષ્ટિમાં સ્થિતિ કરતો પુરુષ કાંત—કમનીય—પરમ રમ્ય ભાસે છે, એટલે અન્ય જીવોને બહુ પ્રિય—વ્હાલો લાગે એવો જનપ્રિય હોય છે, એટલે આ દૃષ્ટિને પણ 'કાંતા' નામ ઘટે છે. અથવા આ દૃષ્ટિ યોગીજનોને બહુ પ્રિય છે, એટલે પણ તે કાંતા છે. આમ ખરેખર 'કાંતા' એવી આ છઠ્ઠી દૃષ્ટિમાં પાંચમી દૃષ્ટિનો જે નિત્ય દર્શનાદિ ગુણગણ કહ્યો, તે તો હોય જ છે, પણ તે વિશેષ નિર્મળપણે. એટલે નિત્યદર્શન, સૂક્ષ્મ બોધ, પ્રત્યાહાર, ભ્રાંતિત્યાગ આદિ અત્રે અવશ્ય અનુવર્તે છે જ, અને તેની ઓર બળવત્તરતા વર્તે છે.

અત્રે જે દર્શન થાય છે તે **સ્થિરા** દૃષ્ટિની પેઠે નિત્ય—અપ્રતિપાતી હોય છે, પણ વધારે નિર્મલ અને બળવાન્ હોય છે. તેને **તારાની ઉપમા** ઘટે છે, કારણ કે તારાનો પ્રકાશ રત્નની જેમ સ્થિર હોય છે, પણ તેના કરતાં વધારે બળવાન્ તેજસ્વી હોય છે. તારાનો પ્રકાશ આકાશમાં નિત્ય ચમકે છે, સદા સ્થિર હોય છે, તેમ આ દૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ પુરુષનો સમ્યગ્દર્શનમય બોધ—પ્રકાશ ચિદાકાશમાં નિત્ય ઝળહળે છે, સદા સ્થિર પ્રકૃતિથી સ્થિત જ વર્તે છે. અત્રે દર્શન અર્થાત્ આત્માનુભવજન્ય સત્શ્રદ્ધાવંત બોધ એટલો બધો સ્પષ્ટ હોય છે કે તે તારાની પેઠે ચિદાકાશને નિરંતર ઉદ્યોતમય કરી મૂકે છે. વળી તારા જેમ આકાશમાં નિરાલંબન છતાં નિત્ય પ્રકાશી રહે છે, તેમ આ દૃષ્ટિનો બોધ પણ નિરાલંબન છતાં સદા ચિદાકાશને પ્રકાશમાન કરે છે. અને જ્ઞાનીનું આ નિરાલંબનપણું પણ પ્રથમ તો પરમ જ્ઞાની એવા પ્રભુનું-પરમાત્માનું અવલંબન લેવાથી પ્રગટે છે, કારણ કે આ દુસ્તર ભવસમુદ્ર પણ તે **શુદ્ધ સહજાત્મસ્વરૂપ પ્રભુના** પ્રબલ અવલંબનથી ગોપદ સમાન બની જાય છે, અને તે પ્રભુના જ અવલંબનબલથી આત્મા નિરાવલંબનપણું પામી નિજ ગુણરૂપ શુદ્ધ નંદનવનમાં રમે છે.

'તિહાં તારાભ પ્રકાશ'

એટલે જ આવા આ સમ્યગ્દર્શની પુરુષનો બોધ અત્યંત સૂક્ષ્મ હોય છે. દ્રવ્યાનુ-

યોગ ને તેના મર્મરૂપ રહસ્યને સમ્યગ્દૃષ્ટિ પુરુષ તત્ત્વથી સમ્યક્પણે જાણે છે. તેની શ્રુત-અનુભવની દશા પ્રતિસમય વધતી જાય છે ને તેને શુદ્ધ સહજાત્મ-સ્વરૂપનો અવભાસ થાય છે. સ્વ-પર ભાવનો પરમ વિવેક કરવારૂપ **સૂક્ષ્મ બોધ** અત્રે અધિક બળવત્તર હોય છે, અત્યંત સ્થિર હોય છે.

સૂક્ષ્મ બોધ

હું દેહાદિથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્યસ્વરૂપી આત્મા છું, એવું પ્રગટ **ભેદ જ્ઞાન** અત્ર અત્યંત દૃઢ ભાવનાવાળું હોય છે. એટલે તે સમ્યગ્દૃષ્ટિ પુરુષ ભાવે છે કે-'ચૈતન્ય* શક્તિમાં જેનો સર્વસ્વ સાર વ્યાપ્ત છે એવો આ આત્મા આટલો જ છે, એનાથી **અતિરિક્ત** (જૂદા) આ સર્વેય ભાવો પૌદ્ગલિક છે. આ અનાદિ અવિવેકરૂપ મહાનાટ્યમાં **વર્ણાદિમાન્** પુદ્ગલ જ નાચે છે-અન્ય નહિં; અને આ **જીવ** તો રાગાદિ પુદ્ગલ-વિકારથી વિરુદ્ધ એવી શુદ્ધ ચૈતન્ય ધાતુમય મૂર્તિરૂપ **છે.**'-એવી દૃઢ આત્મભાવનાને લીધે 'ચૈતન્યથી રિક્ત-ખાલી એવું બધુંય એકદમ છોડી દઇ, અત્યંત સ્ફુટ એવા ચિત્શક્તિમાત્ર આત્માને અવગાહીને તેઓ વિશ્વની ઉપર તરતા રહી, આ અનંત એવા સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ આત્માને આત્મામાં અનુભવે છે.'-આવો સૂક્ષ્મ બોધ હોવાથી સમ્યગ્દૃષ્ટિને કયારનીયે મિથ્યાત્વજન્ય **ભ્રાંતિ ટળી** છે અને પરમ **શાંતિ મળી** છે, કારણ કે અનાત્મ એવી પર વસ્તુમાં આત્મબુદ્ધિ એ જ મુખ્ય ભ્રાંતિ છે, એ જ મિથ્યાત્વ અથવા અવિદ્યા છે, આત્મામાં જ આત્મબુદ્ધિ એ જ સમ્યક્ત્વ અથવા વિદ્યા છે, એ જ વિશ્રાંતિ છે, એ જ આરામ છે, એ જ વિરામ છે, એ જ વિરતિ છે, અને એ જ શાંતિ છે. પર વસ્તુમાં આત્મભ્રાંતિ એ જ જીવનો મોટામાં મોટો રોગ છે, અને તે આત્મભ્રાંતિથી જ ચિત્તભ્રાંતિ અને ભવભ્રાંતિરૂપ અનંત દુઃખ ઉપજે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષને તો આ આત્મભ્રાંતિરૂપ મહારોગ સર્વથા દૂર થયો છે, એટલે તેઓ સ્વસ્વરૂપમાં વિશ્રાંત થઇ, સ્વરૂપૈકનિષ્ઠ બની પરમ આત્મશાંતિ અનુભવે છે.

આમ પરભાવમાં આત્મબુદ્ધિરૂપ મૂલગત ભ્રાંતિ ટળી હોવાથી, અને આત્મામાં જ આત્મબુદ્ધિરૂપ સ્વરૂપવિશ્રાંતિમય પરમ શાંતિ મળી હોવાથી, આ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષ પરભાવમાંથી આત્માને પાછો ખેંચી લે છે-પ્રત્યાહૃત કરે છે. એટલે તે પરપરિણતિમાં રમતા નથી, પરવસ્તુમાં આત્માને મુંઝવવા દેતા નથી-મોહમૂર્ચ્છિત થવા દેતા નથી, પણ નિજ આત્મપરિણતિમાં જ રમે છે.

પ્રત્યાહાર

---

*"चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम् । अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी ॥
अस्मिन्ननादीनि महत्यविवेकनाट्ये, वर्णादिमान्नटति पुद्गल एव नान्यः ।
रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-चैतन्यधातुमयमूर्त्तिरयं तु जीवः ॥
सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तम्, स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम् ।
इममुपरि तरन्तं चारु विश्वस्य साक्षात्, कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम् ॥"
શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત —**શ્રી સમયસાર કલશ.**

તેઓ પૌદ્‌ગલિક વિષયભોગથી નિરંતર દૂર દૂર ભાગે છે, અને કાચબાની જેમ વિષયોમાંથી ઇંદ્રિયોનો પ્રત્યાહાર કરે છે—પાછી ખેંચી લે છે. એટલે એમની આશ્રવભાવની ચાલ સહેજે—અનાયાસે છૂટી જાય છે, અને ઉગ્ર સંવર દશા પ્રગટે છે. જેથી તેઓનો આત્મા પોતે જ સાક્ષાત્ સંવરરૂપ થાય છે, **સ્વરૂપગુપ્ત** બને છે.—આમ નિત્યદર્શન—પ્રત્યાહાર આદિ પાંચમી દૃષ્ટિના ગુણગણનો આત્મલાભ અત્ર છઠ્ઠી દૃષ્ટિમાં વિશેષ પ્રબળપણે—નિર્મળપણે અનુવર્તે છે જ. આવા પરમ ઉદાર ગુણસંપન્ન સમ્યગ્‌દૃષ્ટિ સત્પુરુષને દેખીને અન્ય જીવોને પણ તેમના પ્રત્યે સ્વાભાવિક પ્રેમ સ્ફુરે એવી તેમની **જનપ્રિયતા** હોય છે. આ મહંતોના સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો કોઈ એવો મુંગો મહાપ્રભાવ સ્વયં સ્ફુરે છે, કે તેમને જોતાં જ બીજા જીવોને તેમના પ્રત્યે કુદરતી પ્રેમ—બહુમાન ઉપજે છે.

યોગનું છઠ્ઠું અંગ—ધારણા

"જિનરાજની સેવના કરવી, ધ્યેય ધ્યાન ધારણા ધરવી."—**શ્રી દેવચંદ્રજી.**

આ દૃષ્ટિમાં ધારણા નામનું છઠ્ઠું યોગ અંગ પ્રાપ્ત થાય છે, કારણ કે **પ્રત્યાહાર** નામનું પાંચમું અંગ સાંપડ્યા પછી સ્વાભાવિક ક્રમે ધારણા થાય છે. **ધારણા** એટલે ચિત્તનો દેશબંધ, ચિત્તને અમુક મર્યાદિત દેશમાં—ક્ષેત્રમાં બાંધી રાખવું—ધારી

વિભાવ નિવૃત્તિ રાખવું તે ધારણા, એમ તેની વ્યાખ્યા છે. મનોમર્કટ ચારે કોર ભ્રમણ

સ્વભાવ પ્રવૃત્તિ કરવાનો અતિ ચંચલ સ્વભાવ ધરાવે છે, તેને નાસાગ્ર આદિમાં સ્થિર કરવું, અથવા શ્રુતસ્કંધના નિરંતર આરોહણ—અવરોહણમાં રોકી રાખવું, પ્રભુભક્તિરૂપ ખીલામાં પ્રેમની સાંકળથી બાંધી રાખવું, અથવા શુદ્ધ આત્મચિંતનના વ્યાપારમાં ધારી રાખવું તે ધારણા છે. (જુઓ પૃ. ૨૧૨–૨૧૩) આત્માને પરભાવમાંથી પ્રત્યાહૃત કરવો—પાછો ખેંચવો તે પ્રત્યાહારનું કામ છે, ને તેને આત્મભાવમાં ધારી રાખવો તે ધારણાનું કામ છે. આમ ચિત્તને વિષયોમાંથી વ્યાવૃત્ત કરી આત્મભાવમાં જ પ્રવૃત્ત કરવું, આત્મસ્વરૂપ ધર્મમાં જ ધારી રાખવું એવી શુદ્ધ ધારણા સમ્યગ્દૃષ્ટિ યોગી પુરુષ ધરે છે, કે જે અંતે તત્ત્વાનંદમય પૂર્ણ સમાધિમાં લયને પામે છે. આવી ઉત્તમ આત્મધારણાવાળા સમ્યગ્‌દૃષ્ટિ જ્ઞાની પુરુષ 'પરપરિણુતિ* છોડી દઈ, ભેદવાદોનું ખંડન કરી, ઉદિત અખંડ એવા પ્રચંડ જ્ઞાનમય સ્વભાવમાં સ્થિતિ કરે છે, તો પછી તેને બીજી કર્ત્તા—કર્મ પ્રવૃત્તિનો અવકાશ ક્યાંથી હોય? અથવા પૌદ્‌ગલિક કર્મબંધ ક્યાંથી હોય?' આવી અદ્‌ભુત આત્મસ્વભાવ ધર્મમય

---

*"परपरिणतिमुज्झत् खंडयद्‌भेदवादा-निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्तेरिह भवति कथं वा पौद्‌गलः कर्मबन्धः॥"
(ઇત્યાદિ વિશેષ માટે જુઓ)—**શ્રી સમયસારકલશ.**

ધારણાવાળા ભેદજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષ આત્મપ્રવૃત્તિમાં અતિ જાગરૂક-જાગતા હોય છે, અને પરપ્રવૃત્તિમાં બ્હેરા, આંધળા ને મૂંગા હોય છે !

'आतमप्रवृत्तावतिजागरूकः, परप्रवृत्तौ बधिरान्धमूकः ।' **શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્.**

અન્યમુદ્ દોષનો નાશ.

"ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત....જિનેસર !
બીજો મન મંદિર આણું નહિં, એ અમ કુલવટ રીત....જિ૦" **શ્રી આનંદઘનજી.**

અને અત્રે આવી સ્વસ્વરૂપમાં દૃઢ અવધારણરૂપ ધારણા હોય છે, એટલા માટે જ આ દૃષ્ટિમાં સ્થિતિ કરતા દૃઢ યોગીને અન્યમુદ્ હોતી નથી, અન્ય સ્થળે હર્ષ ઉપજતો નથી, એક આત્મા સિવાય બીજે ક્યાંય આનંદ થતો નથી, કારણ કે પરમ આનંદના નિધાન સચ્ચિદાનંદરૂપી ભગવાન્ **આનંદઘન આત્મા**ના પરમ અમૃત સુખનો રસાસ્વાદ જેણે ચાખ્યો હોય, તેને તેનાથી અન્ય એવા 'બાકસ બુકસ' જેવા તુચ્છ વિષયસુખમાં કેમ રસ પડે ? આત્મા અને આત્મધર્મ શિવાય તેને બીજું કંઈ પણ કેમ ગમે ? આવા આત્મારામી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષને કેવળ આત્મનિમગ્નતામાં જ આનંદ ઉપજે છે. એક ક્ષણ પણ એ સુખનો વિરહ તે ખમી શકતા નથી. અને અનિચ્છતાં છતાં કદાપિ કર્મજન્ય બાહ્ય ઉપાધિ પ્રસંગથી તે અમૃતસુખસિંધુના અખંડ અનુભવનમાં વિઘ્ન આવે, તો તેથી તેનો આત્મા અત્યંત સંવેદનવાળો પ્રશસ્ત ખેદ અનુભવે છે. -એવી ઉત્કૃષ્ટ આત્માકારતા જ્ઞાની પુરુષની વર્ત્તે છે.

'બીજો મન-મંદિર આણું નહિં'

"મનમોહન તુમ સનમુખ નિરખત, આંખ ન તૃપતી અમચી;
મોહતિમિર રવિ હર્ષ ચંદ્ર છવિ, મૂરત એ ઉપશમચી....
હું તો વારિ પ્રભુ ! તુમ મુખની."—**શ્રી દેવચંદ્રજી.**

કારણ કે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષ પરમ આત્મતત્ત્વના એવા પરમ ભક્ત હોય છે, તેના પ્રત્યે એમને એવી **અનન્ય પ્રીતિ** પ્રગટી હોય છે, એવો પરમ પ્રેમપ્રવાહ પ્રવહતો હોય છે, કે એ શિવાય બીજે ક્યાંય એમનું ચિત્ત રંચમાત્ર પણ રતિ પામતું નથી. **શુદ્ધ સહજાત્મસ્વરૂપ** પ્રભુ પ્રત્યે તેમને એવી અપૂર્વ પ્રીતડી બંધાણી છે, કે તેને બીજાનો સંગ ગમતો નથી. માલતી ફુલે જે મોહ્યો હોય તે ભમરો બાવળની ડાળ પર કેમ બેસે ? પવિત્ર પ્રવાહી ને શીતલ સુગંધી ગંગાજલમાં જે હંસ ઝીલ્યો હોય, તે અશુચિ બંધિયાર ને દુઃખદ દુર્ગંધી ખાબોચિયાના પાણીમાં કેમ રમે ? અત્યંત ઉત્કંઠાથી જે 'પીઉ પીઉ' જપી

'મને ન ગમે હો બીજાનો સંગ'

જલધરના જલની પ્રતીક્ષા કરતો હોય, તે ચાતક બીજા જલ સામું પણ કેમ જુએ ? શીતલ છાયાપ્રદ ને ફલભારથી નમ્ર એવા આમ્રની પંજરી મંજરી પામી જે મધુર ટહૂકા કરતી હોય, તે કોકિલને ફલફૂલ રહિત ઉંછા ને ઉંચા તાડ જેવા ઝાડ કેમ ગમે ? કમલિની દિનકરના કર વિના બીજાનો કર કેમ ગ્રહે ? કુમુદિની ચંદ્ર શિવાય બીજાની પ્રીતિ કેમ કરે ? ગૌરી ગિરીશ વિના ને લક્ષ્મી ગિરિધર વિના પોતાના ચિત્તમાં અન્યને કેમ ચાહે ? તેમ જ્ઞાની પુરુષનું ચિત્ત પણ એક પરમાત્મ તત્ત્વ શિવાય અન્યત્ર પ્રીતિ કેમ ધરે ? (જુઓ પૃ. ૩૮૧-૩૮૨) આમ આ પરમ આત્મતત્ત્વના **અનન્ય પ્રેમને** લીધે જ્ઞાની પુરુષને તેમાં એટલું બધું તન્મયપણું-એકાગ્રપણું થઇ જાય છે, કે તેથી તેની દૃષ્ટિમાં અન્ય વિષયનો પ્રતિભાસ પણ થતો નથી ! સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષોનું ચિત્ત સ્વરૂપ-સ્વદેશમાં એટલું બધું રોકાયેલું રહે છે કે તે આડે બીજે કયાંય શું બની રહ્યું છે, તેનું પણ તે પરમ સંત અવધૂતોને ભાન રહેતું નથી ! —આવા પરમ અદ્ભુત **અનન્યમુદ્ ભાવનું** જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ **શ્રીમદ્ રાજચંદ્રજીના** સ્વાનુભવજન્ય સહજ વચનોદ્ગારમાં સ્થળે સ્થળે સુજ્ઞ વિવેકીને પ્રત્યક્ષ થાય છે. જેમકે—

"રાત્રી અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ માંસ અને તેની મિંજાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે, અને તેને લીધે નથી કંઇ જોવું ગમતું, નથી કંઇ ચાખવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું, નથી કંઇ ચાખવું ગમતું, કે નથી કંઇ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઉઠવું ગમતું, નથી સુવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી; એમ છે. ઇત્યાદિ" (જુઓ) **શ્રીમદ્ રાજચંદ્ર.** પત્રાંક ૧૨૦. (૧૩૩)

ખરેખરા જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષનો અનન્યમુદ્ભાવ આવી પરાકાષ્ઠાને પ્રાપ્ત થયેલો વર્ત્તે છે, તેનું આ દિગ્દર્શન માત્ર છે. આમ આ છઠ્ઠી દૃષ્ટિમાં **અન્યમુદ્** નામનો છઠ્ઠો ચિત્તદોષ નષ્ટ થાય છે. આત્મતત્ત્વ કરતાં અન્ય સ્થળે આનંદ-મોદ પામવો તે અન્યમુદ્ અથવા આમ માંડેલી યોગક્રિયા અવગણીને બીજે ઠામે હર્ષ ધરવો, તે પરમાર્થ-રૂપ ઇષ્ટ કાર્યમાં અંગારાના વરસાદ જેવો છે. (જુઓ, પૃ. ૮૬)

મીમાંસા

તથા આ છઠ્ઠી દૃષ્ટિમાં **મીમાંસા** નામનો છઠ્ઠો ગુણ પ્રગટે છે. પાંચમી દૃષ્ટિમાં સૂક્ષ્મબોધ નામનો ગુણ પ્રગટયા પછી સ્વાભાવિક ક્રમે મીમાંસા ગુણ ઉપજવો જોઇએ.

કારણ કે જેને સૂક્ષ્મબોધ ઉપજે છે, તે પછી તે બોધનું મીમાંસન કરે છે, તલસ્પર્શી સદ્‌વિચારણા કરે છે, અહોનિશ ઊહાપોહ કરે છે, નિત્ય મનન–નિદિધ્યાસન કરે છે, નિરંતર તત્ત્વચિંતન કરે છે. જેમ કોઈ ખોરાક ખાય તે બરાબર રસપૂર્વક ચાવે તો હોજરીમાં પાચક રસની બરાબર ઉત્પત્તિ થાય, ને તેની પાચનક્રિયા ઉત્તમ થાય, અને પછી તે રસ લોહીમાં એકરસ થઈ સર્વ અંગને માંસલ કરે, પુષ્ટ–ભરાવદાર બનાવે; તેમ સમ્યગ્ બોધરૂપ આહાર પણ રસપૂર્વક બરાબર ચાવવામાં આવે, અર્થાત્ પુનઃ પુનઃ મનન કરવામાં આવે તો ઉત્તમ ભાવરૂપ રસની નિષ્પત્તિ થાય, ને શુદ્ધ આત્મપરિણતિરૂપ ઉત્તમ પાચનક્રિયા થાય, અને પછી તે પરિણત રસ આત્માના અંગેઅંગમાં–પ્રદેશેપ્રદેશમાં વ્યાપ્ત થઈ તેને શુદ્ધ આત્મધર્મની પુષ્ટિથી માંસલ કરે, પુષ્ટ–ભરાવદાર બનાવે. આ દૃષ્ટાંતથી મીમાંસાનો પરમાર્થ સમજાય છે.

એટલે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષ દ્રવ્ય, ગુણ, પર્યાય, તેના ભંગ, નય, પ્રમાણ, સત્ સ્વરૂપ, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રિપદી, સપ્તભંગી, આત્મા, કર્મ, યોગ આદિ દ્રવ્યાનુયોગાંતર્ગત સૂક્ષ્મ વિષયોની તલસ્પર્શિની અવગાહના કરે છે; સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી આત્માનું અસ્તિપણું છે, પરદ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી આત્માનું નાસ્તિપણું છે, એવું ઊંડું ગંભીર તત્ત્વચિંતન કરે છે. આ દ્રવ્યાનુયોગના પરમ રહસ્યભૂત–કળશરૂપ પરમ આત્મતત્ત્વનું–ભગવાન્ સમયસારનું અર્થાત્ શુદ્ધ આત્માના સહજ સ્વરૂપનું પરિશીલન કરી, તેને આત્મસ્વભાવભૂત કરી મૂકે છે.

"ગુણ પર્યાય અનંતતા રે, વળી ય સ્વભાવ અગાહો રે;
નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયોપાદેય પ્રવાહો રે....કુંથુ જિનેસરુ !
નિજ ભાવે સીય અસ્તિતા રે, પર નાસ્તિત્વ સ્વભાવ;
અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે....કુંથુ૦"—**શ્રી દેવચંદ્રજી.**

અને આવી સૂક્ષ્મ મીમાંસા–તત્ત્વવિચારણા હિતોદયવાળી હોય છે, આથી **હિતોદય**–સર્વ પ્રકારના આત્મકલ્યાણની સંપ્રાપ્તિ થાય છે. ઉદય એટલે ચઢતી કળા. જેમ સૂર્યનો ઉદય થઈ તે ઉત્તરોત્તર વધતી તેજસ્વિતાને પામી મધ્યાહ્નને પૂર્ણપણે પ્રતપે છે, તેમ અત્રે પણ આત્મહિતરૂપ સૂર્યનો ઉદય થઈ, ઉત્તરોત્તર ચઢતી આત્મદશાને પામી, પૂર્ણ આત્મસ્વરૂપ મધ્યાહ્નને પામે છે. અથવા જેમ બીજનો ચંદ્ર ઉત્તરોત્તર ચઢતી કળાને પામી, પૂર્ણિમાએ પૂર્ણસ્વરૂપને પામે છે, તેમ અત્રે પણ આત્મહિતરૂપ ચંદ્ર ઉત્તરોત્તર ચઢતી કળાને પામી, પૂર્ણ શુદ્ધ સહજાત્મસ્વરૂપની પ્રાપ્તિમાં પર્યાપ્તિ પામે છે. સહસ્રદલકમલકલિકા જેમ ઉત્તરોત્તર વિકાસને પામી, પૂર્ણપણે ખીલી ઊઠે છે, તેમ અત્ર હિતોદયરૂપ સહસ્રદલ કમલ સાનુબંધ વિકાસને પામી પૂર્ણ સ્વરૂપે ખીલી નીકળે છે. નવે નિધાન અને અષ્ટ મહાસિદ્ધિ આદિ કિંકર થઈને જ્ઞાનીપુરુષને અનુસરે છે, પણ અવધૂત નિરપેક્ષ જ્ઞાની તો તેની સામું પણ પાછું

વાળીને જોતા નથી, તેની તમા પણ કરતા નથી! એવો પરમ અદ્ભુત ગુણવૈરાગ્ય જ્ઞાની પુરુષને હોય છે!

"તે આત્મસ્વરૂપથી મહત્ એવું કંઈ નથી. એવો આ સૃષ્ટિને વિષે કોઇ પ્રભાવજોગ ઉત્પન્ન થયો નથી, છે નહીં, અને થવાનો નથી કે જે પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરૂપને પણ પ્રાપ્ત ન હોય; તથાપિ તે પ્રભાવ જોગને વિષે વર્ત્તવામાં આત્મસ્વરૂપને કંઈ કર્ત્તવ્ય નથી, એમ તો છે, અને જો તેને તે પ્રભાવજોગને વિષે કંઇ કર્ત્તવ્ય ભાસે છે તો તે પુરુષ આત્મસ્વરૂપનાં અત્યંત અજ્ઞાનને વિષે વર્ત્તે છે, એમ જાણીએ છીયે."

"બાકી જેટલાં સમ્યક્ત્વનાં સ્થાનક છે, અને જ્યાંસુધી સમ્યક્ પરિણામી આત્મા છે ત્યાંસુધી તે એકે જોગને વિષે જીવને પ્રવૃત્તિ ત્રિકાળે સંભવતી નથી." —**શ્રીમદ્ રાજચંદ્ર,** પત્રાંક ૩૩૭, ૩૬૯. (૪૧૧, ૪૫૦)

卐

આ જ અર્થ સ્પષ્ટ કરતાં કહે **છે**—

अस्यां तु धर्ममाहात्म्यात्समाचारविशुद्धितः ।
प्रियो भवति भूतानां धर्मैकाग्रमनास्तथा ॥ १६३ ॥

આમાં ધર્મમાહાત્મ્યથી, હોય વિશુદ્ધાચાર;
તેથી હોય પ્રિય પ્રાણિને, ધર્મ એકમન ધાર. ૧૬૩

અર્થ:—અને આ જ દૃષ્ટિમાં ધર્મના માહાત્મ્યથકી સમ્યક્ આચારની વિશુદ્ધિને લીધે, યોગી પ્રાણીઓને હોય પ્રિય છે, તથા ધર્મમાં એકાગ્ર મનવાળો હોય છે.

વિવેચન

આ **કાંતા** દૃષ્ટિમાં જ નિયમે કરીને ધર્મના માહાત્મ્યરૂપ કારણ થકી સમ્યક્ આચાર-વિશુદ્ધિ હોય છે; અને તેથી કરીને જ અત્રે સ્થિતિ કરતો સમ્યગ્દૃષ્ટિ યોગી પુરુષ પ્રાણીઓને આપોઆપ પ્રિય થઇ પડે છે, તથા તે ધર્મમાં એકાગ્ર ચિત્ત ધરાવે છે.

ધર્મનો મર્મ: ધર્મનો અપૂર્વ મહિમા.

"જિન સોહી હે આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિન બચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ." —**શ્રીમદ્ રાજચંદ્રજી.**

વૃત્તિ:—**अस्यां तु**—આ જ કાંતા દૃષ્ટિમાં—નિયોગથી, નિયમથી, **धर्ममाहात्म्यात्**—ધર્મ માહાત્મ્યરૂપ કારણ થકી, **समाचारविशुद्धितः**—સમ્યક્ આચારવિશુદ્ધિરૂપ હેતુને લીધે, શું? તો કે—**प्रियो भवति भूतानाम्**—ભૂતોને—પ્રાણીઓને પ્રિય હોય છે, **धर्मैकाग्रमनास्तथा**—તથા ધર્મમાં એકાગ્ર મનવાળો હોય છે.

ધર્મનો મહિમા કોઇ અપૂર્વ છે. આ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજવા યોગ્ય છે. અત્રે '**ધર્મ**' એટલે સનાતન-શાશ્વત એવો **આત્મધર્મ** સમજવો. જિનધર્મ એ એનું પર્યાય નામ છે, કારણ કે શુદ્ધ સહજાત્મસ્વરૂપને પ્રાપ્ત થયેલા શુદ્ધ આત્મા તેનું નામ જ '**જિન**' અર્થાત્ વીતરાગ પ્રભુ છે; અને એવા તે જિનનો અર્થાત્ શુદ્ધ આત્માનો ધર્મ તે જ જિનધર્મ છે, અને તેનાથી અન્ય તે કર્મ છે. તે કર્મને જે કાટે-કાપે તે જિનવચન છે. આમ તત્ત્વજ્ઞાનીઓનો મર્મ છે. આ આત્મધર્મ આત્માનો સ્વભાવભૂત હોઈ સનાતન છે, શાશ્વત છે, ત્રિકાલાબાધિત છે. આવા આત્મભાવમાં સ્થિતિ કરવી, આત્માને ધારી રાખવો તેનું નામ '**ધર્મ**' છે; અને તે જ વાસ્તવિક **એવો વસ્તુ-ધર્મ** છે. કારણ કે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ આત્માના સ્વભાવભૂત ગુણ છે, અથવા તે જેમાં અંતર્ભાવ પામે છે એવો શુદ્ધ એક ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવ એ જ આત્માનો સ્વભાવ છે, તેમાં વર્ત્તવું, તેમાં સ્થિતિ કરવી, આત્માને ધારી રાખવો તે આત્મવસ્તુનો ધર્મ છે. 'वत्थुसहावो धम्मो' **વસ્તુનો સ્વભાવ તે ધર્મ.** આત્મવસ્તુનો સ્વભાવ તે આત્મધર્મ. આમ નિર્મલ જ્ઞાન દર્શનમય આત્મભાવમાં વર્ત્તવું તે જ ધર્મ છે. પણ ધર્મના આ વાસ્તવિક સ્વરૂપનું જગત્‌ને ભાન નથી. '**ધરમ ધરમ કરતો સહુ જગ ફિરે**' આખું જગત્ 'ધર્મ' 'ધર્મ' કરતું ફરે છે, પણ તેને ધર્મના મર્મની ખબર નથી. નહિં તો આ ધર્મ જિનેશ્વરનું ચરણ ગ્રહ્યા પછી કોઇ કર્મ બાંધે જ નહિં,—એમ મહાગીતાર્થ મહાત્મા **આનંદઘનજી** ગાઇ ગયા છે.

લોકો પારકે ઘેર ધર્મ શોધતા ફરે છે, પણ પોતાના ઘેર જ ધર્મ છે તે જોતાં નથી! આ તો તેઓ કસ્તૂરીઆ મૃગ જેવું આચરણ કરે છે! કસ્તૂરીઆ મૃગની નાભિમાં જ કસ્તૂરીનો વાસ છે, છતાં તે મૃગને તેનો પરિમલ કયાંથી આવે છે તેનું ભાન નથી. એટલે તે બિચારો તેની શોધમાં બ્હાર ચોતરફ ભમ્યા કરે છે! તેમ આ ધર્મ તો પોતાના આત્માની અંદર જ રહ્યો છે, કાંઇ ગામ ગયો નથી, છતાં અહીંથી મળશે કે તહીંથી મળશે એવી ખોટી આશાએ અજ્ઞાન લોક તેને ઢૂંઢવા માટે ચારેકોર ઝાંવા નાંખી નકામા હેરાન થાય છે, ને નિષ્ફળ ખેદ ધરે છે. પોતાના મુખની આગળ જ જે પરમ નિધાન પ્રગટ ખુલ્લો પડયો છે, તેને ઉલ્લંઘી જઇને, તેઓ તેની શોધમાં બ્હાર નીકળી પડે છે!! (જુઓ પૃ. ૪૮૦).

કસ્તૂરી મૃગનું દષ્ટાંત

"પર ઘરે જોતાં રે ધર્મ તુમે ફરો, નિજ ઘર ન લહો રે ધર્મ;
જેમ નવિ જાણે રે મૃગ કસ્તૂરીઓ, મૃગમદ પરિમલ મર્મ.
....**શ્રી સીમંધર** સાહેબ સાંભળો." —**શ્રી યશોવિજયજી** કૃત સ. ગા. સ્ત.

આમ આ ધર્મ તો પોતાના આત્મામાં જ રહ્યો છે, અથવા આત્મા પોતે જ

ધર્મ છે, એટલી સીધી સાદી વાત લોક સમજતા નથી. જેમ નિર્મલતા એ સ્ફટિક રત્નનો સ્વભાવ હોઇ તેનો ધર્મ છે, તેમ કષાયઅભાવરૂપ નિર્મલતા એ જ આત્માનો શુદ્ધ સ્વભાવ હોઇ આત્માનો ધર્મ છે. અર્થાત્ શુદ્ધ આત્મા એ જ ધર્મ છે, **આત્મશુદ્ધિ એ જ ધર્મ** છે, તેથી વિપરીત તે અધર્મ છે. પણ સ્ફટિક રત્નનો સ્વભાવ નિર્મલ છતાં, પાસે રાતું ફૂલ હોય તો તેમાં રાતી ઝાંઇ–છાયા પડે છે, કાળું ફૂલ હોય તો કાળી ઝાંઈ પડે છે. આમ બાહ્ય ઉપાધિને લીધે સ્ફટિકની નિર્મળતામાં ઉપરાગરૂપ આવરણ આવે છે, તેમ કર્મરૂપ બાહ્ય ઉપાધિને લીધે રાગ–દ્વેષ–મોહાદિ વિભાવ પરિણામોની ઉત્પત્તિથી આત્માની નિર્મળતા અવરાય છે. તે ઉપાધિ દૂર થાય એટલે સ્ફટિક જેમ સ્વયમેવ શુદ્ધ સહજ સ્વરૂપે પ્રકાશે છે, તેમ રાગાદિ વિભાવ ઉપાધિ દૂર થયે આત્મા સ્વયં શુદ્ધ સહજ સ્વરૂપે પ્રકાશે છે. આત્માનો નિર્મલ શુદ્ધ સ્વભાવ તો ત્રિકાલાબાધિત ને સ્વયંસ્થિત છે જ, આવરણ દૂર થયું કે તે બસ પ્રગટ જ છે. આમ જેટલે જેટલે અંશે આવરણ દૂર થાય, વિભાવ ઉપાધિ ટળે, નિરુપાધિકપણું આવે, તેટલે તેટલે અંશે આત્મધર્મની સિદ્ધિ છે, અને તેવું નિરુપાધિકપણું સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી માંડીને મોક્ષપ્રાપ્તિ પર્યંત ઉત્તરોત્તર પ્રગટતું જાય છે.

સ્ફટિક દૃષ્ટાંતઃ નિરુપધિપણું તે ધર્મ

"જિમ નિર્મલતા રે રત્ન સ્ફટિક તણી, તેમજ જીવ સ્વભાવ;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશીઓ, પ્રબળ કષાય અભાવ....શ્રી સીમંધર.
જેમ તે રાતે રે ફૂલે રાતડું, શ્યામ ફૂલથી રે શ્યામ;
પાપ પુણ્યથી રે તેમ જગજીવને, રાગ દ્વેષ પરિણામ....શ્રી સીમંધર.
ધર્મ ન કહીએ રે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડ વ્યાધિ;
પહેલે અંગે રે એણી પેરે ભાખિયું, કરમે હોયે ઉપાધિ....શ્રી સીમંધર.
જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે જાણો રે ધર્મ;
સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણાથકી, જાવ લહે શિવશર્મ....શ્રી સીમંધર."

—યશોવિજયજી.

જેમ જેમ પરપરિણતિ ત્યજાતી જાય છે અને આત્મપરિણતિ ભજાતી જાય છે, તેમ તેમ આ શુદ્ધ આત્મધર્મ ઉન્મીલન પામતો જાય છે–વિકસતો જાય છે, યાવત્ મોક્ષમાં શુદ્ધ ધર્મમૂર્ત્તિસ્વરૂપ આત્મા સિદ્ધ થાય છે, સંપૂર્ણ આત્મસિદ્ધિરૂપ મોક્ષને પામે છે. તાત્પર્ય કે શુદ્ધ આત્માની સિદ્ધિ એ જ ધર્મ છે. જેમ જેમ કર્મ–ઉપાધિ ટળે છે, તેમ તેમ ધર્મ–સમાધિ પ્રગટે છે; કારણ કે વિભાવપરિણતિરૂપ ઉપાધિ તે કર્મ છે અને સ્વભાવપરિણતિરૂપ સમાધિ તે ધર્મ છે. આમ ધર્મની સ્પષ્ટ વ્યાખ્યા છે. ધર્મના દ્રવ્ય–

વિભાવ તે કર્મ: સ્વભાવ તે ધર્મ

ધર્મ આદિ બીજા પ્રકારો પણ આ ઉક્ત **ભાવધર્મની—આત્મધર્મની** ઉત્પત્તિમાં—સિદ્ધિમાં જેટલે અંશે કારણભૂત થાય તેટલે તેટલે અંશે જ તેની સફળતા છે; નહિં તો વસ્તુના સ્વભાવ ધર્મની સિદ્ધિ વિના નિષ્ફળતા છે. મહામુનીશ્વર **શ્રી દેવચંદ્રજીએ** કહ્યું છે તેમ **'ભાવ વિના સહુ આલ'.**

આવો આ આત્મનિર્મલતારૂપ સ્વભાવ-ધર્મ આ દૃષ્ટિમાં સ્થિતિ કરતા યોગીને અત્યંત આવિર્ભૂત થયો હોય છે, અત્યંત પ્રગટ્યો હોય છે; કારણ કે આ દૃષ્ટિવાળા સમ્યગ્‌દૃષ્ટિ યોગીપુરુષ અત્યંત આત્મસ્થિતિમાં સ્થિત હોય છે, પરપરિણતિને ત્યજી આત્મસ્વરૂપને ભજે છે, એવા તે **ધર્મમૂર્ત્તિ** મહાત્મા હોય છે.

"धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं णमंसंति, जस्स धम्मे सया मणो ॥" —**શ્રી દશવૈકાલિક સૂત્ર.**

ધર્મનો અપૂર્વ મહિમા

આ ઉક્ત આત્મસ્વભાવરૂપ ધર્મનો મહિમા કોઈ અપૂર્વ છે. ચિંતામણિ, કામકુંભ, કલ્પવૃક્ષ * આદિનો મહિમા તેની પાસે તુચ્છ છે. આ ધર્મ જ્યારે ખરેખરા સ્વરૂપમાં આત્મામાં પ્રગટે છે, ત્યારે સર્વ લબ્ધિ-સિદ્ધિ, સર્વ વિભૂતિ તેની પાસે દાસી થઈને કર જોડી ઊભી રહે છે, છતાં આ આત્મનિમગ્ન અવધૂત મહાત્મા તેની પરવાહ પણ કરતા નથી! તેની સામે જોવાની પણ તકલીફ લેતા નથી! ખરેખર! ધર્મમાં જેનું મન સદા લીન હોય છે, એવા મહાત્મા યોગીને દેવો પણ નમસ્કાર કરે છે. કારણ કે **અહિંસા, સંયમ અને તપ** એ ધર્મના પ્રકાર છે; અને તેની આ મહાત્માએ અત્યંત સિદ્ધિ કરી હોય છે. પરભાવ-વિભાવ પરિણતિથી તે આત્મસ્વરૂપની ઘાતરૂપ હિંસા થવા દેતા નથી, અને સ્વસ્વરૂપમાં નિરંતર સ્થિતિ કરે છે, તેથી તે અત્યંત **અહિંસક** હોય છે. આત્માને તે સ્વસ્વરૂપમાં જ સંયમી રાખે છે—દાબી રાખે છે, બહાર પરવસ્તુમાં જવા દેતા નથી, તેથી તે પૂરા **સંયમી** હોય છે. આમ પરભાવમાં નહિં જવારૂપ અહિંસનથી, અને સ્વભાવમાં સ્થિતિરૂપ સંયમનથી સમર્થ આત્મવીર્યનો સંચય થાય છે, અને તેથી આ યોગી પુરુષ સ્વસ્વરૂપના પરમ તેજથી પ્રતપે છે, પરમ **તપોધન** હોય છે. આવા **અહિંસક, સંયમી અને તપસ્વી** સાચા સંત સત્પુરુષને દેવો પણ નમસ્કાર કરે એમાં શી નવાઈ?

---

* 'धर्मः श्री वशमंत्र एष परमो धर्मश्चः कल्पद्रुमो,
धर्मः कामगवीप्सितप्रदमणिर्धर्मः परं दैवतम् ।
धर्मः सौख्यपरंपरामृतनदीसंभूतिसत्पर्वतो,
धर्मो भ्रातरुपास्यतां किमपरैः क्षुद्रैरसत्कल्पनैः ॥" —**શ્રી પદ્મનંદિપંચવિંશતિકા.**

સમ્યક્ આચારવિશુદ્ધિ-

અને આવા શુદ્ધ ધર્મની સિદ્ધિના મહિમાથી સમ્યક્ આચારવિશુદ્ધિ હોય છે, અર્થાત્ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની યથોક્ત વિશુદ્ધિ થાય છે. એટલે (૧) '**જ્ઞાનચરણાર્થે**+ આ યોગી પુરુષ સ્વાધ્યાય કાલ અવલોકે છે, અનેક પ્રકારે વિનય પ્રપંચે છે, દુર્દ્ધર ઉપધાન વિધિપૂર્વક આદરે છે, સારી પેઠે બહુમાન વિસ્તારે છે, નિહ્નવ દોષાપત્તિ અત્યંત નિવારે છે, અર્થ–વ્યંજન અને તદુભય શુદ્ધિમાં નિતાંત સાવધાન રહે છે. (૨) **દર્શનચરણાર્થે** પ્રશમરસનિમગ્ન, દૃઢ સંવેગરંગી, પરમ વૈરાગ્યસંપન્ન, અનુકંપાપરાયણ અને આસ્તિકયવંત એવા તેઓ શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદૃષ્ટિતાને ઊઠતાં વેંત જ દાબી દેવા માટે નિત્ય બદ્ધપરિકર–ભેઠ બાંધીને તૈયાર રહે છે; અને ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય, તથા પ્રભાવનાને ભાવતાં વારંવાર ઉત્સાહની અભિવૃદ્ધિ કરે છે. (૩) **ચારિત્રચરણાર્થે** હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહથી સમસ્ત વિરતિરૂપ પંચ મહાવ્રતોમાં તેઓ તન્નિષ્ઠવૃત્તિવાળા હોય છે; સમ્યગ્ યોગનિગ્રહરૂપ લક્ષણવાળી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગી હોય છે; ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગરૂપ સમિતિઓમાં અત્યંત પ્રયત્નશીલ રહે છે. (૪) **તપ આચરણાર્થે** તેઓ અનશન, અવમોદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ અને વિવિક્ત શય્યાસનમાં પ્રતિક્ષણે ઉત્સાહ ધરાવે છે; પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાનપરિકરથી તેઓ પોતાના અંતઃકરણને અંકુશમાં લાવે છે. (૫) **વીર્યાચરણાર્થે** તેઓ કર્મકાંડમાં સર્વશક્તિથી વ્યાપૃત થાય છે.' –આમ કંઈ પણ અતિચાર દોષ ન લાગે એમ તેઓ પંચાચારનું આદર્શ પરિપાલન કરે છે. આવું તેઓનું **નિરતિચાર ભાવ અનુષ્ઠાન,** સત્ક્રિયાચરણ હોય છે.

"માર્ગાભિમુખ થયેલા સમ્યગ્દૃષ્ટિ જીવોને એ આચરણો પરમ કલ્યાણના હેતુરૂપ છે. માટે તેઓએ તે અવશ્ય આચરવાં ઘટે છે, આચરવાનો ખંતથી પ્રયાસ કરવો ઘટે છે. અભ્યાસે કરી વિશુદ્ધ આચરણ થશે. અહો! કેવા અનુપમ આચાર!" (આ પંચાચારનું હૃદયંગમ સ્પષ્ટ સ્વરૂપ વિસ્તારથી સમજવા માટે જુઓ) –**શ્રી મનઃસુખભાઈ કીરતચંદકૃત દાનધર્મ-પંચાચાર.**

જ્ઞાનને અનુસરતી–અનુકૂળ જે સત્ ક્રિયા તેનું નામ '**અનુષ્ઠાન**' છે, એટલે આ સમ્યગ્દૃષ્ટિ પુરુષને જે આત્મજ્ઞાન ઉપજ્યું છે, તે આત્મજ્ઞાનને અનુરૂપ–છાજે એવી આત્માનુ–ચરણરૂપ **ભાવક્રિયા** કરવાનો–સચ્ચારિત્ર પાળવાનો આ યોગી સત્પુરુષ સતત પ્રયત્નપૂર્વક પરમ પુરુષાર્થ કરે છે. આ સાચા સાધુપુરુષના વંદનાદિ અનુષ્ઠાન ઉત્તમ ભાવવાળા હોય છે.

+ "ज्ञानचरणाय स्वाध्यायकालमवलोकयन्तो, बहुधा विनयं प्रपञ्चयन्तो" —(ઇત્યાદિ આધારરૂપ પરમસુંદર વર્ણન માટે જુઓ) શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત પંચાસ્તિકાય ટીકા ગા. ૧૭૨.

એટલે જ આ દૃષ્ટિવાળા પરમ ભાવિતાત્મા યોગીપુરુષનું સમસ્ત આચરણ—ચારિત્ર નિરતિચાર, શુદ્ધ ઉપયોગને અનુસરનારૂં, વિશિષ્ટ અપ્રમાદથી યુક્ત, વિનિયોગપ્રધાન અને ગંભીર ઉદાર આશયવાળું હોય છે. (જુઓ પૃ. ૭૨, તથા પૃ. ૨૫, **શ્રીમદ્ રાજચંદ્રજી**નું 'અપૂર્વ અવસર' વાળું અપૂર્વ કાવ્ય.)

'તે અણગાર× ભગવંતો ઇર્યાસમિત, ભાષાસમિત, એષણાસમિત, આદાનભંડમાત્ર નિક્ષેપણા સમિત, પારિષ્ઠાપનિકા સમિત, મનસમિત, વચનસમિત, કાયસમિત, મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત, ગુપ્ત, ગુપ્તેંદ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, અક્રોધ, અમાન, અમાય, અલોભ, શાંત, પ્રશાંત, ઉપશાંત, પરિનિર્વૃત, અનાશ્રવ, અગ્રંથ, છિન્નશ્રોત, નિરુપલેપ, કાંશ્યપાત્ર જેવા મુક્તજલ, શંખ જેવા નિરંજન, જીવ જેવા અપ્રતિહતગતિ, ગગનતલ જેવા નિરાલંબન, વાયુ જેવા અપ્રતિબંધ, શારદજલ જેવા શુદ્ધહૃદય, પુષ્કરપત્ર જેવા નિરુપલેપ, કૂર્મ જેવા ગુપ્તેદ્રિંય, વિહગ જેવા વિપ્રમુક્ત, ગેંડાના શીંગડા જેવા એકજાત, ભારંડપક્ષી જેવા અપ્રમત્ત, કુંજર જેવા શૌંડીર, વૃષભ જેવા સ્થિર, સિંહ જેવા દુર્ઘર્ષ, મંદર જેવા અપ્રકંપ, સાગર જેવા ગંભીર, ચંદ્ર જેવા સૌમ્યલેશ્યાવંત, સૂર્ય જેવા દીપ્તતેજ, જાત્ય સુવર્ણ જેવા જાતરૂપ, વસુંધરા જેવા સર્વસ્પર્શવિષહ, સુહુત હુતાશન જેવા તેજથી જ્વલંત હોય છે. તે ભગવંતોને ક્યાંય પણ પ્રતિબંધ હોતો નથી.'

અને આવી સમ્યક્ આચારવિશુદ્ધિને લીધે આવો શુદ્ધોપયોગમય નિર્ગ્રંથ શ્રમણ આપોઆપ **જનતાને પ્રિય** થઇ પડે છે. આ સ્વયંભૂ (spontaneous) પ્રીતિ સંપાદન કરવા માટે તેને કાંઇ બોલવું પડતું નથી, કે બીજો કોઇ કૃત્રિમ પ્રયાસ કરવો પડતો નથી. માત્ર આ નિર્ગ્રંથ મહાત્માનું સહજ સ્વભાવે સિદ્ધ એવું શુદ્ધ આત્માનુચરણરૂપ પવિત્ર ચારિત્ર જ જાણે લોકોને પોકારીને બોધ આપી આકર્ષે છે! સેંકડો વાચાલોની વાણી જે બોધી નથી શકતી, તે એક જ્ઞાની મુનિનું મૌન બોધે છે! પુસ્તક–પંડિતોના વાગ્જાલરૂપ હજારો ઉપદેશો કે વાચસ્પતિઓના લાખો વ્યાખ્યાનો જે બોધ નથી આપી શકતા, તેનાથી અનંતગણો સમર્થ બોધ એક સાચા સત્પુરુષનું શુદ્ધ સહજાત્મસ્વરૂપમય નિર્મલ આત્મચારિત્ર મૂક વાણીથી આપે છે! અને તેથી તેના પ્રત્યે લોકોનો નૈસર્ગિક પ્રેમ પ્રવાહ પ્રવહે છે.

ધર્મમાં એકાગ્ર મન–

અને આવા શુદ્ધ આચારસંપન્ન, ધર્મમૂર્ત્તિ, પરમાર્થના અવતાર સમા આ સમ્યગ્-દૃષ્ટિ યોગીપુરુષનું ચિત્ત સદાય ધર્મમાં એકાગ્ર જ હોય, એમાં પૂછવું જ શું? ધર્મ તો

×'से जहा णामए अणगारा भगवंतो इरियासमिया भासासमिया।' ઇ (જુઓ નિર્ગ્રંથચર્યાના આ પરમ સુંદર હૃદયંગમ વર્ણન માટે **શ્રી સૂત્રકૃતાંગ**, દ્વિ. શ્રુ સ્કં. સૂત્ર ૭૦)

એના પ્રાણરૂપ જ હોય છે, જીવનરૂપ જ થઇ પડે છે, એવો અસ્થિ-મજ્જા પર્યંત અવિહડ-પાકો ધર્મરંગ તેમને લાગ્યો હોય છે. આવા ધર્મમૂર્ત્તિ યોગીન્દ્રનું જ્વલંત ઉદાહરણ આ રહ્યું—

"ધર્મ જ જેનાં અસ્થિ અને ધર્મ જ જેની મિંજા છે, ધર્મ જ જેનું લોહી છે, ધર્મ જ જેનું આમિષ છે, ધર્મ જ જેની ત્વચા છે, ધર્મ જ જેની ઇંદ્રિયો છે. ધર્મ જ જેનું ચલન છે, ધર્મ જ જેનું બેસવું છે, ધર્મ જ જેનું ઉભું રહેવું છે, ધર્મ જ જેનું શયન છે, ધર્મ જ જેની જાગૃતિ છે, ધર્મ જ જેનો આહાર છે, ધર્મ જ જેનો વિહાર છે, ધર્મ જ જેનો નિહાર (?) છે, ધર્મ જ જેનો વિકલ્પ છે, ધર્મ જ જેનો સંકલ્પ છે, ધર્મ જ જેનું સર્વસ્વ છે, એવા પુરુષની પ્રાપ્તિ દુર્લભ છે. અને તે મનુષ્ય દેહે પરમાત્મા છે. એ દશાને શું આપણે નથી ઇચ્છતા?" —**શ્રીમદ્ રાજચંદ્ર,** પત્રાંક ૧૧૭. (૧૩૦)

આમ આ યોગી પુરુષ ધર્મ-ધારણામાં આવો પરમ દૃઢ ધીર હોય છે, તે તેની અત્યાર સુધીની દીર્ઘ યોગસાધનાનું ફળ છે. કારણ કે આપણે પૂર્વે આગલી દૃષ્ટિઓમાં પ્રાપ્ત થતા આધ્યાત્મિક વિકાસક્રમમાં જોયું તેમ, તેણે પ્રથમ તો **મૈત્રી આદિ ભાવનાઓ** વડે ચિત્તપરિકર્મથી-ચિત્તસુધારણાથી પોતાના અંતઃ-કરણને વાસિત કર્યું; પછી **યમ-નિયમ**નો સારી પેઠે અભ્યાસ કર્યો; આસનનો જય કર્યો-દેહાધ્યાસ છોડી આત્મભાવમાં **આસન** જમાવ્યું; પ્રાણવિક્ષેપને પરિહર્યો-આત્મભાવની સ્થિરતારૂપ **ભાવ પ્રાણાયામ** સાધ્યો; ઇંદ્રિય-ગ્રામને વિષયોમાંથી પાછી ખેંચી લેવારૂપ **પ્રત્યાહાર** કરી કાયાને ઋજુ કરી-સીધી કરી; રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ દ્વંદ્વોનો જય કર્યો, સંપ્રજ્ઞાત સમાધિના અભ્યાસમાં અત્યંત પ્રવેશ કર્યો; અને નાભિચક્ર-નાસાગ્ર આદિ દેશમાં ચિત્તનો બંધ કર્યો,-વિષયાન્તર પરિ-હારથી અર્થાત્ બીજો બધો વિષય છોડી દઈ ચિત્તના સ્થિરીકરણરૂપ **ધારણા** કરી.-આવો ધારણામાં સુસ્થિત-સમ્યક્પણે વ્યવસ્થિત મહાયોગી શ્રીમદ્ સત્પુરુષ જગજ્જનને પ્રિય કેમ ન હોય? તથા ધર્મમાં એકાગ્રમના કેમ ન હોય? × એ જ કહે છે—

દીર્ઘ યોગ-સાધનાનું ફળ

卐

श्रुतधर्मे मनो नित्यं कायस्त्वस्यान्यचेष्टिते ।
अतस्त्वाक्षेपकज्ञानान्न भोगा भवहेतवः ॥१६४॥

વૃત્તિઃ-श्रुतधर्मे-શ્રુતધર્મમાં, આગમમાં, मनो नित्यं-મન નિત્ય હોય છે,-તેની ભાવનાની ઉપપત્તિને લીધે. कायस्तु-કાય જ, अस्य-આ અધિકૃત દૃષ્ટિવંતની, अन्यचेष्टिते-અન્ય ચેષ્ટિતમાં, સામાન્ય એવા બીજા કાર્યમાં, अतस्तु-આ જ કારણથી, आक्षेपकज्ञानात्-હેતુભૂત એવા સમ્યગ્ આક્ષેપક જ્ઞાનથકી, भोगाः-ભોગો, ઇંદ્રિયાર્થ સંબંધો, भवहेतवः-સંસારહેતુઓ, न-નથી હોતા.

×"देशबन्धो हि चित्तस्य धारणा तत्र सुस्थितः ।
प्रियो भवति भूतानां धर्मैकाग्रमनास्तथा ॥"
—(આધાર માટે જુઓ) **શ્રી દ્વા. દ્વા. ૨૪-૯.**

શ્રુતધર્મે મન તસ સદા, અન્ય કાર્ય તન યોગ;
એથી આક્ષેપક જ્ઞાનથી, ભવહેતુ નહિં ભોગ. ૧૬૪

અર્થ:—એનું મન નિત્યે શ્રુતધર્મમાં હોય છે, કાય જ અન્ય કાર્યમાં હોય છે; આથી કરીને જ આક્ષેપક જ્ઞાનને લીધે એને ભોગો ભવહેતુ થતા નથી.

વિવેચન

આ પ્રસ્તુત દૃષ્ટિવાળા યોગીનું મન **શ્રુતધર્મની** દૃઢ ભાવનાને લીધે શ્રુતધર્મમાં-આગમમાં હોય છે, અને **એની** કાયા જ સામાન્ય **એવા અન્ય** કાર્યમાં હોય છે. આ જ કારણથી **આક્ષેપક જ્ઞાનને** લીધે ભોગો **એને** ભવહેતુ-સંસારકારણ થતા નથી.

આ દૃષ્ટિમાં સ્થિતિ કરતા સમ્યગ્દૃષ્ટિ યોગી પુરુષને **આત્મધર્મની એવી** દૃઢ ભાવના ઉપજી હોય છે, કે તેનું મન શ્રીમદ્ સત્પુરુષ સદ્ગુરુ ભગવાન પાસેથી શ્રવણ કરેલા તે શ્રુતધર્મમાં-આગમમાં નિરંતર લીન રહે છે. ભલે તેનું શરીર સંસાર સંબંધી બીજા સામાન્ય કાર્યમાં પ્રવૃત્ત હોય, પણ તેનું ચિત્ત તો તે આજ્ઞારૂપ-શ્રુતધર્મમાં જ ચોંટેલું હોય છે. આ ધર્મનું તેને કોઈ એવું અજબ આકર્ષણ-આક્ષેપણ હોય છે, કે ગમે તે કાર્ય કરતાં પણ તેના ચિત્તનો પોતાના ભણી આક્ષેપ-આકર્ષણ કરે છે. લોહચુંબક જેમ લોઢાને ખેંચી રાખે છે, તેમ શ્રુતધર્મ પ્રત્યે આવું સહજ સ્વભાવે આક્ષેપનારૂં-આકર્ષનારૂં-ખેંચી રાખનારૂં જ્ઞાન **આક્ષેપક જ્ઞાન** કહેવાય છે. અને તેવું સહજ સ્વભાવસિદ્ધ જ્ઞાન ધરાવનારા આ જ્ઞાની પુરુષ **'જ્ઞાનાક્ષેપકવંત'** કહેવાય છે. અત્રે આ લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત ઘટે છેઃ મહિલાનું અર્થાત્ પતિવ્રતા સ્ત્રીનું મન ઘર સંબંધી બીજાં બધાં કામ કરતાં પણ પોતાના પ્રિયતમમાં જ લગ્ન થયેલું હોય છે. તેમ **જ્ઞાનાક્ષેપકવંત** જ્ઞાની પુરુષનું ચિત્ત પણ સંસાર સંબંધી અન્ય કાર્ય કરતાં છતાં, કે ભોગ ભોગવતાં છતાં પણ નિરંતર શ્રુતધર્મમાં જ લીન હોય છે, આસક્ત હોય છે. આ મહામુમુક્ષુનું **મન મોક્ષમાં** અને **ખોળીઉં સંસારમાં**—એવી સ્થિતિ હોય છે.

આક્ષેપક જ્ઞાન

શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રકાશેલો અદ્ભુત પરમાર્થ.

"મન મહિલાનું વહાલા ઉપરે, બીજા કામ કરંત રે;
તિમ શ્રુત ધર્મે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે....ધન૦"—**શ્રી. યો. દ. સજ્ઝાય ૬-૬**

આ વચન ઉપર **સૂક્ષ્મ મીમાંસન** કરતાં પ્રખર તત્ત્વવેત્તા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પરમ મનનીય વિવેચન કર્યું છે કે-"ઘર સંબંધી બીજા સમસ્ત કાર્ય કરતાં થકાં પણ જેમ પતિવ્રતા (મહિલા શબ્દનો અર્થ) સ્ત્રીનું મન પોતાના પ્રિય એવા ભર્ત્તારને વિષે લીન છે, તેમ સમ્યગ્દૃષ્ટિ એવા જીવનું ચિત્ત સંસારમાં રહી સમસ્ત કાર્ય પ્રસંગે વર્ત્તવું પડતાં છતાં, જ્ઞાની સંબંધી શ્રવણ કર્યો છે એવો જે ઉપદેશ ધર્મ તેને વિષે લીનપણે

વર્ત્તે છે. સમસ્ત સંસારને વિષે સ્ત્રી પુરુષના સ્નેહને પ્રધાન ગણવામાં આવ્યો છે. તેમાં પણ પુરુષ પ્રત્યેનો સ્ત્રીનો પ્રેમ એ કોઇ પ્રકારે પણ તેથી વિશેષ પ્રધાન ગણવામાં આવ્યો છે. અને એમાં પણ પતિવ્રતા એવી સ્ત્રીનો પતિ પ્રત્યેનો સ્નેહ તે પ્રધાનને વિષે પણ પ્રધાન એવો ગણવામાં આવ્યો છે. તે સ્નેહ એવો પ્રધાન-પ્રધાન શા માટે ગણવામાં આવ્યો છે? ત્યારે જેણે સિદ્ધાંત બળવાનપણે દર્શાવવા તે દૃષ્ટાંતને ગ્રહણ કર્યું છે, એવો સિદ્ધાંતકાર કહે છે કે તે સ્નેહને એટલા માટે અમે પ્રધાનને વિષે પણ પ્રધાન ગણીએ છીએ, કે બીજાં બધાં ઘર સંબંધી (અને બીજાં પણ) કામ કરતાં છતાં, તે પતિવ્રતા એવી મહિલાનું ચિત્ત પતિને વિષે જ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઇચ્છાપણે વર્ત્તે છે, એટલા માટે. પણ સિદ્ધાંતકાર કહે છે કે એ સ્નેહનું કારણ તો સંસારપ્રત્યયી છે, અને અત્ર તો તે અસંસારપ્રત્યયી કરવાને અર્થે કહેવું છે; માટે તે સ્નેહ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઇચ્છાપણે, જ્યાં કરવા યોગ્ય છે, જ્યાં તે સ્નેહ અસંસાર પરિણામને પામે છે તે કહીએ છીએ. તે સ્નેહ તો પતિવૃત્તારૂપ એવા મુમુક્ષુએ જ્ઞાની સંબંધી શ્રવણરૂપ જે ઉપદેશાદિ ધર્મ તેની પ્રત્યે તે જ પ્રકારે કરવા યોગ્ય છે; અને તે પ્રત્યે તે પ્રકારે જે જીવ વર્ત્તે છે, ત્યારે '**કાંતા**' એવા નામની સમકિત સંબંધી જે દૃષ્ટિ તેને વિષે તે જીવ સ્થિત છે, એમ જાણીએ છીએ.

એવા અર્થને વિષે પૂરિત એવાં એ બે પદ છે. તે પદ તો ભક્તિપ્રધાન છે. × × × ભક્તિપ્રધાન દશાએ વર્ત્તવાથી જીવના સ્વચ્છંદાદિ દોષ સુગમપણે વિલય થાય છે, એવો પ્રધાન આશય જ્ઞાનીપુરુષોનો છે. તે ભક્તિને વિષે નિષ્કામ એવી અલ્પ પણ ભક્તિ જો જીવને ઉત્પન્ન થઇ હોય છે તો તે પણ દોષથી નિવૃત્ત કરવાને યોગ્ય એવી હોય છે. અલ્પ એવું જ્ઞાન અથવા જ્ઞાનપ્રધાન દશા તે અસુગમ એવા અર્થ પ્રત્યે, સ્વચ્છંદાદિ દોષ પ્રત્યે, અથવા પદાર્થ સંબંધી ભ્રાંતિ પ્રત્યે પ્રાપ્ત કરે છે. ઘણું કરીને એમ હોય છે. તેમાં પણ આ કાળને વિષે તો ઘણા કાળ સુધી જીવનપર્યંત પણ જીવે ભક્તિપ્રધાન દશા આરાધવા યોગ્ય છે, એવો નિશ્ચય જ્ઞાનીઓએ કર્યો જણાય છે. (અમને એમ લાગે છે, અને એમ જ છે)."—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૩૨૦ (૩૯૪)

વળી 'તેમ શ્રુતધર્મે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે' એ પદ પર પુનઃ પરમ પરમાર્થમય તલસ્પર્શી વિવેચન કરતાં તેઓશ્રી—**શ્રીમદ્ રાજચંદ્રજી** પ્રકાશે છે કે— "વિક્ષેપ રહિત એવું જેનું વિચારજ્ઞાન થયું છે, એવો જ્ઞાનાક્ષેપકવંત આત્મકલ્યાણની ઇચ્છાવાળો પુરુષ હોય, તે જ્ઞાની મુખેથી શ્રવણ થયો છે એવો જે આત્મકલ્યાણરૂપ ધર્મ તેને વિષે નિશ્ચળ પરિણામે મનને ધારણ કરે, એ સામાન્ય ભાવ ઉપરનાં પદોનો છે. અત્યંત સમર્થ એવો સિદ્ધાંત પ્રતિપાદન કરતાં જીવના પરિણામમાં તે સિદ્ધાંત સ્થિત થવાને અર્થે સમર્થ એવું દૃષ્ટાંત ઘટે છે, એમ જાણી ગ્રંથકર્ત્તા તે સ્થળે જગત્‌માં, સંસારમાં પ્રાયે મુખ્ય એવો જે પુરુષ પ્રત્યેનો **ક્લેશાદિ ભાવ રહિત** એવો કામ્ય પ્રેમ સ્ત્રીનો, તે જ પ્રેમ

સત્પુરુષથી શ્રવણ થયો હોય જે ધર્મ તેને વિષે પરિણમિત કરવા કહે છે. તે સત્પુરુષદ્વારા શ્રવણ પ્રાપ્ત થયો છે જે ધર્મ તેમાં સર્વ બીજા જે પદાર્થ પ્રત્યે પ્રેમ રહ્યો છે, તેથી ઉદાસીન થઇ એક લક્ષપણે, એક ધ્યાનપણે, એક લયપણે, એક સ્મરણપણે, એક શ્રેણીપણે, એક ઉપયોગપણે, એક પરિણામપણે સર્વ વૃત્તિમાં રહેલો જે કામ્ય પ્રેમ તે મટાડી, શ્રુતધર્મરૂપ કરવાનો ઉપદેશ કર્યો છે; એ કામ્ય પ્રેમથી અનંતગુણવિશિષ્ટ એવો શ્રુત પ્રત્યે પ્રેમ કરવો ઘટે છે, તથાપિ દૃષ્ટાંત પરિસીમા કરી શકયું નથી, જેથી દૃષ્ટાંતની પરિસીમા જ્યાં થઇ ત્યાંસુધીનો પ્રેમ કહ્યો છે, સિદ્ધાંત ત્યાં પરિસીમાપણાને પમાડયો નથી."—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૩૨૧ (૩૯૫)

અત્રે બીજા લોકપ્રસિદ્ધ **દૃષ્ટાંત** પણ ઘટે છે. જેમકે–ગાય વનમાં ચારો ચરવા જાય છે, ચારે દિશામાં ફરે છે, પણ તેનું મન તો પોતાના પરમ પ્રિય વત્સ–વાછરડામાં જ હોય છે. ચાર પાંચ સાહેલીઓ હળીમળીને પાણી ભરવા જાય છે, તે પાણીનું બેડું માથા પર મૂકીને ઝપાટાબંધ રુવાબભેર ચાલે છે, વાતો કરતી જાય છે, તાલી દીએ છે ને ખડખડાટ હસે પણ છે, પણ તેની નજર તો 'ગગુરિઆમાંય'–તેની ગાગરમાં જ હોય છે. તેમ પરભાવના વિક્ષેપથી રહિત એવા **જ્ઞાનાક્ષેપકવંત** જ્ઞાનીનું મન પણ સંસાર સંબંધી અન્ય કાર્ય કરતાં થકાં પણ સદાય શ્રુતધર્મના જ ધ્યાનમાં લીન હોય છે.

"જિન ચરને ચિત્ત લાવ, વૈસે જિન ચરને ચિત્ત લાવ,
ચારો ચરનકે કારણે રે, ગૌઆ બનમેં જાય;
ચારો ચરે ફિરે ચિહું દિશિ, વાંકી નજર બછુરિઆ માંહ્ય....વૈસે જિન૦
ચાર પાંચ સાહેલિઆં મિલી, હિલમિલ પાની જાય;
તાલી દીએ ખડખડ હસે, વાંકી નજર ગગુરિઆ માંહ્ય....વૈસે૦ "—શ્રી **આનંદઘનજી.**

"નિશદિન સુતાં જાગતાં, હઇડાથી ન રહે દૂર રે;
જબ ઉપગાર સંભારીએ, તવ ઉપજે આનંદપૂર રે. "—શ્રી **યશોવિજયજી.**

અને આવા સહજ સ્વભાવભૂત **આક્ષેપક જ્ઞાન**ના પ્રભાવને લીધે જ આ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષને ભોગો પણ ભવહેતુ થતા નથી–સંસારકારણ બનતા નથી! જે

'ભોગ નહિ ભવહેત'

સાંસારિક ભોગો બીજા સામાન્ય પ્રાકૃત જનને સંસારહેતુ હોય છે, તે ભોગો પણ આ દૃષ્ટિવાળા જ્ઞાની પુરુષને સંસારકારણ થતા નથી, એ અત્યંત આશ્ચર્યકારક પણ પરમ સત્ય ઘટના છે. આનો ખુલાસો એમ છે કે–સામાન્ય સંસારી અજ્ઞાની જીવોને વિષયોનું આક્ષેપણ–આકર્ષણ હોય છે, અને આ જ્ઞાની પુરુષને તો નિરંતર શ્રુતધર્મનું જ આક્ષેપણ–આકર્ષણ હોય છે. અજ્ઞાની જીવ સદાય વિષયાર્ત્ત હોઇ, વિષયાકાર વૃત્તિને ભજતો રહી વિષયને જ ઇચ્છે છે ને તે પ્રત્યે દોડે છે. અને જ્ઞાની પુરુષ તો ઉપરમાં જોયું તેમ સદાય શ્રુત

ધર્મને જ—આજ્ઞાપ્રધાન સ્વભાવ ધર્મને જ ઇચ્છે છે, એ વિષયને નહિં ઇચ્છતાં તેથી દૂર ભાગે છે, છતાં પૂર્વ પ્રારબ્ધોદયથી ભોગવવા પડે તો અલોલુપપણે—અનાસક્ત ભાવે ભોગવી નિર્જરી નાંખે છે. જ્યારે અજ્ઞાની જીવ તો અત્યંત લોલુપપણે—આસક્ત ભાવે ભોગવી પુનઃ બંધાય છે. આમ જ્ઞાની—અજ્ઞાનીની વૃત્તિમાં ને દૃષ્ટિબિન્દુમાં આકાશ—પાતાલનું અંતર છે. એટલે જ ભોગને નિરંતર ઇચ્છતો એવો અજ્ઞાની ભોગ નહિં ભોગવતાં છતાં બંધાય છે! અને ભોગને અનિચ્છતો એવો જ્ઞાની આવી પડેલ ભોગ ભોગવતાં છતાં બંધાતો નથી! એ આશ્ચર્યકારક ઘટના સત્ય બને છે. (જુઓ પૃ. ૫૦૨–૫૦૪).

કારણ કે **યંત્રની પૂતળીઓ જેમ** દોરીસંચારથી નાચે છે, તેમ નિરિચ્છ એવા જ્ઞાની પુરુષની બધી પ્રવૃત્તિ પૂર્વ પ્રારબ્ધના **સૂત્રસંચારથી** જ ચાલે છે. એટલે તે કવચિત્ **પૂર્વ પ્રારબ્ધોદય** પ્રમાણે સાંસારિક ભોગાદિ પ્રવૃત્તિ પણ કરે, તોપણ **જલકમલવત્ નિર્લેપ** એવા તે જ્ઞાનીનું ચિત્ત તો મોક્ષમાં જ લીન રહે છે. સંસારમાં રહેલા જ્ઞાની પુરુષ જાણે યોગમાયા પ્રકટ કરતા હોય, એમ જણાય છે! અને લોકાનુગ્રહના હેતુપણાથી આમાં પણ દૂષણ નથી. આમ લોકવર્તી જ્ઞાની યોગી પુરુષ કવચિત્ અપવાદવિશેષે સંસારમાં—ગૃહવાસાદિમાં રહ્યા છતાં, સાંસારિક ભોગાદિ ભોગવતાં છતાં પણ બંધાતા નથી, અને અજ્ઞાની નહિં ભોગવતાં છતાં પણ બંધાય છે! એ વિલક્ષણ વાત **આક્ષેપક જ્ઞાનનો** મહાપ્રભાવ સૂચવે છે. ભોગ ભોગવતાં છતાં પણ જ્ઞાની બંધાતા નથી, તેનું કારણ તેમનામાં આસક્તિનો—સ્નેહનો અભાવ એ છે. જેમ રેણુબહુલ× વ્યાયામશાળામાં કોઇ સ્નેહાભ્યક્ત—તેલ ચોપડેલો મનુષ્ય વ્યાયામ કરે તો તેને રજ ચોંટે છે; પણ સ્નેહાભ્યક્ત ન હોય—તેલ ચોપડેલ ન હોય, તેને સ્નેહરૂપ—તેલરૂપ ચીકાશના અભાવે રેણુ ચોંટતી નથી; તેમ અજ્ઞાનીને સ્નેહરૂપ, આસક્તિરૂપ, રાગરૂપ ચીકાશને લીધે કર્મપરમાણુરૂપ રજ ચોંટે છે, પણ નિઃસ્નેહ—વીતરાગ—**અનાસક્ત** એવા 'કોરા ધાકોડ' જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષને સ્નેહરૂપ—આસક્તિરૂપ ચીકાશના અભાવે કર્મરજ વળગી શકતી નથી. આમ સમર્થ એવા જ્ઞાનીની વાત ન્યારી છે, તે જલમાં કમલની જેમ અલિપ્ત જ રહી શકવાનું અદ્‌ભુત સામર્થ્ય ધરાવે છે, મૂર્ખ અજ્ઞાનીમાં તેનું અનુકરણ કરવાનું ગજું નથી, ને તેમ કરવા જાય તો ખત્તા જ ખાય!

'વિચરે પૂર્વ-પ્રયોગ'

"ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા."—**શ્રી આનંદઘનજી.**

સંસારમાં રહીને પણ સર્વથા નિર્લેપ રહેવાનું આવું મહાપરાક્રમ તો કોઇક વિરલા અપવાદરૂપ અસાધારણ જ્ઞાની જ કરી શકે; આવી બેધારી તલવાર પર ચાલવાનું કામ

× " एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु, अकरंतो उवओगे रागाइ ण लिप्पइ रयेण ॥ "
(જુઓ) **શ્રી સમયસાર**-ગા૦ ૨૪૨–૨૪૬.

તો સમર્થ યોગી પુરુષો જ કરી શકે. બાહ્ય ઉપાધિ મધ્યે રહ્યા છતાં **'ધાર તરવારની'** અખંડ આત્મસમાધિ જાળવવી એ કાંઈ જેવું તેવું વિકટ કાર્ય નથી, પણ 'આંખ પાસે રેતી ઉપડાવવા જેવું મહાવિકટ છે'–એમ પરમ અધ્યાત્મરસનિમગ્ન સમર્થ મહાયોગી **શ્રીમદ્ રાજચંદ્રજી**એ આત્માનુભવથી યથાર્થ જ કહ્યું છે,–જેમના વચનામૃતમાં આ આક્ષેપક જ્ઞાનના ચમત્કાર પદે પદે દગ્ગોચર થાય છે. બાહ્ય ઉપાધિ મધ્યે પણ એ મહાત્મા પરમ જ્ઞાની પુરુષની આત્મસમાધિ કેવી અખંડ હતી, શુદ્ધોપયોગમય આત્મજાગૃતિ કેવી અપૂર્વ હતી, સંસારસંગમાં પણ અસંગતા કેવી અદ્ભુત હતી તે તેમના આત્માનુભવમય વચનામૃતમાં સ્થળે સ્થળે નિષ્પક્ષપાતી વિચક્ષણ વિવેકી જનોને સ્વયં પ્રત્યક્ષ થાય છે. 'अक्षिपात्रकल्पो हि विद्वान्' એ **પાતંજલ** યોગભાષ્યનું વચન પણ આવી જ્ઞાનાક્ષેપકવંત જ્ઞાનીદશાની સાક્ષી પૂરે છે.

卐

આ જ અર્થ દૃષ્ટાંતને આશ્રીને કહે છે—

मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् ।
तन्मध्येन प्रयात्येव यथा व्याघातवर्जितः ॥१६५॥

મૃગજલ તત્ત્વથી દેખતો, તે તો વિણ ઉદ્વેગ;
તે મધ્યે વ્યાઘાત વિણ, જાય જ જેમ સવેગ. ૧૬૫

અર્થ :–માયાજલને તત્ત્વથી દેખતો પુરુષ તેનાથી અનુદ્વિગ્નપણે તેની મધ્યેથી જેમ વ્યાઘાત પામ્યા વિના શીઘ્ર ચાલ્યો જ જાય છે,–

વિવેચન

માયાજલને–મૃગજલને જે તત્ત્વથી–માયાજલપણે દેખે છે, તે તેનાથી ઉદ્વેગ પામતો નથી–ગભરાતો નથી. એટલે તે તો તેની મધ્યેથી ઝપાટાબંધ ચાલ્યો જ જાય છે; અને તેમ કરતાં તેને વ્યાઘાત–બાધ ઉપજતો નથી, કારણ કે માયા–**'માયા પાણી રે જાણી તેહને'** જલ તત્ત્વથી વ્યાઘાત–બાધ ઉપજાવવાને અસમર્થ છે. મૃગજલ–ઝાંઝવાનું પાણી એ વાસ્તવિક રીતે મિથ્યા છે–ખોટું છે. એવા માયાજલનું તત્ત્વથી કોઈ સ્વરૂપઅસ્તિત્વ છે જ નહિ, તે મિથ્યાભાસરૂપ હોઈ ખોટું જ છે, એમ જે જાણે છે, તે તેથી ઉદ્વેગ–ક્ષોભ પામતો નથી, રખેને હું આમાં

વૃત્તિ:—**मायाम्भः**-માયાજલને **तत्त्वतः पश्यन्**-તત્ત્વથી માયાજલપણે દેખતો, **अनुद्विग्नस्ततो**-તે માયાજલથી અનુદ્વિગ્ન હોઈ, **द्रुतम्**-શીઘ્ર, **तन्मध्येन**-તે માયાજલ મધ્યેથી, **प्रयात्येव**-ચાલ્યો જ જાય છે, **यथा**-જેમ, એ ઉદાહરણના ઉપન્યાસ અર્થે છે, **व्याघातवर्जितः**-બાધા પામ્યા વિના,–માયાજલના તત્ત્વથી વ્યાઘાતના અસમર્થપણાને લીધે.

બૂડી જઈશ એમ ડરતો નથી. એટલે તે તો તે માયાજલ મધ્યેથી સોંસરો ઝપાટાબંધ બેધડકપણે ચાલ્યો જતાં આંચકો ખાતો નથી, નિર્ભીકપણે તેને ઉલ્લંઘીને ચાલ્યો જ જાય છે. અને તેમ કરતાં તેને કોઈ પણ વ્યાઘાત-બાધારૂપ અંતરાય ઉપજતો નથી, કંઈ પણ આલઅવલ આવતી નથી.

"માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ;
સાચું જાણી રે તે બીતો રહે, ન ચલે ડામાડોલ. ધન૦ ધન૦"

શ્રી યો. દ. સજ્ઝાય ૬-૮.

★

भोगान् स्वरूपतः पश्यंस्तथा मायोदकोपमान् ।
भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम् ॥१६६॥

ત્યમ ભોગો મૃગજલ સમા, તત્ત્વથી જે દેખે જ;
ભોગવતાંય અસંગ તે, પર પદને પામે જ. ૧૬૬

અર્થ :—તેમ ભોગોને સ્વરૂપથી માયાજલ સરખા દેખતો પુરુષ, ભોગવતાં છતાં, અસંગ હોઇ, પરમ પદ પ્રત્યે જાય જ છે.

વિવેચન

તે જ પ્રકારે ભોગોને સમારોપ સિવાય તેના સ્વરૂપે કરીને જે મૃગજલ જેવા અસાર દેખે છે, તે કર્મથી આકર્ષાઇને પરાણે આવી પડેલા ભોગોને ભોગવતાં પણ અસંગ હોઇ, પરમપદ પ્રત્યે જાય જ છે—કારણ કે અનભિષ્વગંથી—અનાસક્તિથી પરવશ ભાવ છે માટે.

ભોગો અર્થાત્ ઇંદ્રિયાર્થ સંબંધોને કોઇપણ પ્રકારના સમારોપ શિવાય તેના વસ્તુસ્વરૂપે જોઇએ તો માયાજલ સરખા—**મૃગજલ** જેવા મિથ્યા છે. મૃગજલ માત્ર મિથ્યાભાસરૂપ છે, વસ્તુતઃ સ્વરૂપથી તેનું કંઇ અસ્તિત્વ નથી, એટલે

વિષય મૃગજલ તેમાં જલબુદ્ધિનો સમારોપ કરવો મિથ્યા છે, ખોટો છે; તેના પ્રત્યે પ્રાપ્તિની આશાએ દોડવું તે પણ મિથ્યા છે, તેનાથી કોઇકાળે તૃષા છીપાવાની નથી; અને તે મિથ્યા હોવાથી જ તેને ઉલ્લંઘીને ચાલ્યા જતાં—તેની મધ્યેથી સોંસરા પસાર થતાં ડૂબાતું પણ નથી. તેમ વિષયભોગ મૃગજલ જેવા છે, નિઃસાર છે. આત્મસ્વરૂપની અપેક્ષાએ તે કોઇ ચીજ છે નહિં,—પરમાર્થથી આત્મસ્વરૂપને તેની સાથે

वृत्तिः—भोगान्—ભોગોને, ઇંદ્રિયાર્થ સંબંધોને, स्वरूपत. पश्यन्—સમારોપ શિવાય સ્વરૂપથી જોતો, तथा—તેમ, मायोदकोपमान्—માયાજલ જેવા અસાર, भुञ्जानोऽपि—કર્માક્ષિપ્ત-કર્મથી આકર્ષાઇને આવી પડેલા ભોગો ભોગવતાં પણ, असङ्गः सन्—અસંગ હોઇ, प्रयात्येव परं पदम् પરમ પદ પ્રત્યે જાય જ છે,—અનભિષ્વંગતાથી (અનાસક્તિથી) પરવશ ભાવને લીધે.

કાંઇ લેવાદેવા નથી. એટલે એવા નિઃસાર મિથ્યા વિષયભોગમાં આત્મબુદ્ધિનો સમારોપ કરવો મિથ્યા છે-ખોટો છે; તેના પ્રત્યે તેની પ્રાપ્તિની તૃષ્ણાએ-દુરાશાએ દોડવું તે પણ મિથ્યા છે, કારણ કે જે વસ્તુ પોતાની નથી તે કદી હાથમાં આવવાની નથી અને તેનાથી કોઇ કાળે તૃષ્ણા છીપાવાની નથી. અને આમ તે સર્વથા નિઃસાર-મિથ્યા હોવાથી જ તેમાં આત્મબુદ્ધિ કર્યા વિના, અસંગ રહીને, તેની મધ્યેથી તેને ઉલ્લંઘીને સોંસરા ચાલ્યા જતાં પણ ડૂબાતું નથી, એટલે વિષયોનું આવું મૃગજલ જેવું મિથ્યાભાસ સ્વરૂપ જે તત્ત્વથી જાણે છે, તે **અસંગ-અનાસક્ત** જ્ઞાની પુરુષ તેમાં ડૂબતો નથી પણ અવશ્ય ભોગ્ય કર્મ ક્વચિત્ આવી પડે તોપણ તેની મધ્યેથી સોંસરો બેધડકપણે અવિષમ ભાવે પસાર થઇ જાય છે.

જ્ઞાનીનો અનાસક્ત યોગ

અત્રે ભોગોને '**મિથ્યા**' કહ્યા છે, તેનો અર્થ કોઈ સ્વરૂપાસ્તિત્વ ન હોવું એવો કરે છે તેમ નથી. પણ અત્રે 'મિથ્યા' શબ્દનો અર્થ સ્વરૂપાસ્તિત્વ હોવા છતાં **પરમાર્થથી નિઃસાર** એવો સ્પષ્ટ કર્યો છે. જેમ મૃગજલમાં કંઇ જલરૂપ સાર નથી, અને તેની પાછળ દોડવાથી કાંઇ વળતું નથી; તેમ અનાત્મસ્વરૂપ ભોગોમાં કંઇ આત્મતત્ત્વરૂપ સાર નથી, અને તે પ્રત્યે અનુધાવનથી-દોડવાથી આત્માનું કાંઈ વળતું નથી. અથવા 'મિથ્યા' એટલે નહિં હોવાપણારૂપ અસત્પણું નહિં, પણ ખોટાપણારૂપ અસત્પણું. કારણ કે આત્મતત્ત્વની અપેક્ષાએ પરવસ્તુરૂપ ભોગ **અસત્** અર્થાત્ ખોટા છે, વિપર્યાસરૂપ છે. આત્મતત્ત્વને વસ્તુતઃ તે પરવસ્તુની સાથે લેવાદેવા છે નહિં, છતાં તેવી અસત્-ખોટી પરવસ્તુમાં આત્મબુદ્ધિ કરીને રાગદ્વેષજન્ય ઇષ્ટાનિષ્ટ ભાવથી મોહમૂઢ આત્મા નિષ્કારણ મુંઝાય છે ને બંધાય છે. પણ **અમોહસ્વરૂપ** એવા વીતરાગ **જ્ઞાની** પુરુષ તો તેમાં આત્મબુદ્ધિ નહિં કરતાં, ઇષ્ટાનિષ્ટ ભાવનાનો ત્યાગ કરી મુંઝાતા નથી ને બંધાતા નથી. આ ઉપરથી તાત્પર્ય એ છે કે-જે ભોગોને સ્વરૂપથી માયાજલ જેવા નિઃસાર ને ખોટા જાણે છે, તે જ્ઞાની પુરુષ ક્વચિત્ પૂર્વ કર્મના-પ્રારબ્ધના યોગથી આક્ષિપ્ત-ખેંચાઇને આવી પડેલા ભોગો ભોગવતાં છતાં પણ **અસંગ** હોઈ, પરમપદને પામે જ છે. સાચા જ્ઞાની પુરુષ ભોગપંકની મધ્યે પણ કદી ખરડાતા નથી-લેપાતા નથી, જલમાં કમલની જેમ અલિપ્ત જ રહે છે, મોહમલથી અસ્પર્શ્ય એવા પરમ ઉદાસીન જ રહે છે. આનું નામ જ **ગીતામાં** કહેલો **અનાસક્ત યોગ** છે.

"ભોગ પંક ત્યજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા;
સિંહ પરે નિજ વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા.
ધન્ય તે મુનિવરા રે જે ચાલે સમભાવે."—**સા. ત્ર. ગા. સ્ત.**

આત્મજ્ઞાની પુરુષ આવી રીતે **અનાસક્તિ**-અસંગ ભાવ રાખી શકે છે, તેનું કારણ એમ છે કે-તે સાચા અંતરાત્માથી નિશ્ચય જાણે છે અને નિરંતર ભાવે છે કે-આ

પરવસ્તુમાં પરમાણુ માત્ર પણ મ્હારું નથી. હું તો એક શુદ્ધ દર્શન-જ્ઞાનમય ચૈતન્યસ્વરૂપી અરૂપી આત્મા છું. આ સમસ્ત પરવસ્તુની સાથે મ્હારે કંઇ પણ લેવાદેવા નથી. પૂર્વે મોહથી આ પરવસ્તુમાં આત્મબુદ્ધિ બાંધીને હું જે પુદ્ગલ કર્મબંધથી બંધાયો છું, તે આ કર્મપુદ્ગલો પોતાનું જૂનું લેણું વસુલ કરવા આવ્યા છે, તે ભલે પોતાનું લેણું લઇ લઇ મને ઝટ ઋણમુક્ત કરો! બાકી 'હું× તે પરવસ્તુ નથી ને પરવસ્તુ તે હું નથી. તે મ્હારી નથી ને હું ત્હેનો નથી.' હું તે હું છું, તે તે તે છે. મ્હારૂં તે મ્હારૂં છે, તેનું તે તેનું છે. હે ચેતન! ત્હારૂં છે તે ત્હારી પાસે છે, બાકી બીજું બધું ય અનેરૂં છે, માટે આ પરવસ્તુમાં તું હુંકાર હુંકાર શું કરે છે? મારૂં મારૂં શું કરે છે? આત્માનો હુંકાર કરી એ હુંકાર તું તોડી નાંખ. 'મારૂં'ને મારૂં એમ નિશ્ચય કર.

આવી પરમ ઉદાસીન વૃત્તિવાળી અખંડ આત્મભાવનાના મહાપ્રભાવને લીધે જ જ્ઞાની પુરુષ પરવસ્તુના ભોગ મધ્યે રહ્યા છતાં પણ ભોગથી લિપ્ત થતા નથી, પરંતુ કાજળની કોટડીમાં પણ અસંગ રહી, ડાઘ લાગવા દીધા વિના ભોગકર્મને ભોગવી નિર્જરી નાંખે છે, પણ બંધાતા નથી! એ પરમ આશ્ચર્ય છે. પરમ જ્ઞાની તીર્થંકર ભગવાન્‌ના ભોગાવલી કર્મના ભોગવટાનું આ જ પરમ રહસ્ય છે. આજન્મ પરમ વૈરાગી એવા **તીર્થંકર** દેવને પૂર્વ પ્રારબ્ધોદયથી અનિચ્છતાં છતાં કંઇક વખત ગૃહવાસમાં સ્થિતિ કરવાનો પ્રસંગ પણ પડે છે, પણ શ્રુતધર્મમાં દૃઢ જ્ઞાનાક્ષેપકવંત પરમ આત્મજ્ઞાની એવા તે પરમ પુરુષ ભોગકર્મને ભોગવતાં છતાં પણ બંધાતા નથી,–ઉલટા તે ભોગાવલી કર્મ ભોગવીને નિર્જરી નાંખે છે, ખેરવી નાંખે છે. આ વાત શાસ્ત્રપ્રસિદ્ધ છે. (જુઓ, પૃ. ૨૭૩–૨૭૪)

જ્ઞાનીનો ત્રિકાલ વૈરાગ્ય

એ જ પ્રકારે કોઇ **અપવાદરૂપ** સમર્થ જ્ઞાનીવિશેષને પૂર્વ પ્રારબ્ધના યોગથી. ખરેખરા અંતઃકરણથી અનિચ્છતાં છતાં, સંસારવાસમાં રહેવાનો પ્રસંગ પરાણે આવી પડે, તો તે પરમ સમર્થ યોગી અત્યંત આત્મજાગૃતિપૂર્વક તે સંસારપ્રસંગમાં પણ અસંગ રહી, તેમાંથી નિર્લેપપણે ઉત્તીર્ણ થવાનો પરમ પુરુષાર્થ કરે છે; અને '**ધાર તરવારની સોહલી-દોહલી ચૌદમા જિન-તણી ચરણસેવા**'ની જેમ, સંસારઉપાધિ મધ્યે સ્થિત છતાં પરમ આત્મસમાધિ જાળવી, શુદ્ધ આત્માનુચરણમય ચારિત્રની **બેધારી તલવાર** પર ચાલવાનું અદ્ભુત બાજીગરપણું દાખવી, પોતે સાધેલા પરમ અદ્ભુત આત્મસામર્થ્યયોગનો પરચો બતાવે છે અને સાનંદાશ્ચર્ય ઉપજાવે છે. પણ આવા અપવાદરૂપ યોગીઓ તો કોઇક **વિરલા જ** હોય છે, કારણ કે ત્યાગ અવસ્થામાં આત્મસમાધિ જાળવવી દુષ્કર છતાં સુકર–

આવા જ્ઞાની અપવાદરૂપ

× "अहमेदं एदमहं अहमेदस्सेव होमि मम एदम् । अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा ॥
एयत्तु असंभूदं आदवियप्पं करेदि संमूढो । भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो ॥
શ્રી સમયસાર ગા. ૨૦–૨૨.

(આના અદ્ભુત પરમાર્થ માટે જુઓ **શ્રીઅમૃતચંદ્રાચાર્ય**જીની ટીકા)

સોહલી છે, પણ ગૃહસ્થાવસ્થામાં તથારૂપ આત્મસમાધિ જાળવવી તે તો દુષ્કર દુષ્કર ને દોહલી છે. ચોખ્ખા ઓરડામાં ડાઘ ન લાગે એ દેખીતું છે, પણ કાજળની કોટડીમાં રહીને પણ જરા પણ ડાઘ ન લાગવા દેવો, એ કાંઇ જેવા તેવા પુરુષાર્થકૌશલ્યનું કામ નથી. પણ પુનઃ કહેવાનું કે આવા અપવાદરૂપ પરમ યોગીઓ તો કોઇક વિરલા જ હોય છે. આનું જ્વલંત ઉદાહરણ વર્ત્તમાનમાં પરમ યોગસિદ્ધિસંપન્ન **શ્રીમદ્ રાજચંદ્રજી**ના જીવન-ચરિત્રમાંથી મળી આવે છે. અનિચ્છતાં છતાં પૂર્વ પ્રારબ્ધોદયથી પરાણે સંસારઉપાધિ મધ્યે રહીને પણ, તેમણે કેવી અખંડ આત્મસમાધિદશા જાળવી છે, તે તેમના વચનામૃતમાં ડોકિયું કરતાં કોઇ પણ નિષ્પક્ષપાત વિવેકી વિચારકને સહેજે સુપ્રતીત થાય છે. અન્ય દર્શનીઓમાં પણ **જનક** વિદેહી—શ્રી **કૃષ્ણ** આદિના દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે.

બીજાનું ગજું નથી

પણ આવું બેધારી તલવાર પર ચાલવા જેવું પરમ દુર્ઘટ કાર્ય તો કોઇ વિશિષ્ટ સામર્થ્યના સ્વામી એવા સિદ્ધહસ્ત યોગારૂઢ પુરુષો જ કરી શકે. બાકી બીજા સામાન્ય પ્રાકૃત જનો, કે સામાન્ય કોટિના યોગીજનો કે યોગપ્રારંભક આરોહક સાધકો, તેનું જો આંધળું અનુકરણ કરવા જવાની ધૃષ્ટતા કરે, તો તેનું તો અધઃપતન થવાનું જ નિર્માણ થયેલું છે, કારણ કે તેમ કરવાનું તેનું ગજું નથી, સામર્થ્ય નથી. એટલે સંસારપ્રસંગમાં રહી કેવળ અસંગ રહેવાનો અખતરો સામાન્ય પ્રાકૃત જનો અજમાવવા જાય તો તે પ્રાયે નિષ્ફળ થવાને જ સર્જાયેલો છે, એટલું જ નહિં પણ તેને ઉલટો મહાઅનર્થકારક થઇ પડવાનો પ્રત્યેક સંભવ છે. હાલમાં સ્વચ્છંદ મતિકલ્પનાએ અધ્યાત્મશાસ્ત્રો વાંચી તથારૂપ દશા વિના અનાસક્ત યોગની દાંભિક વાતો કરનારા અને ખોટો ફાંકો રાખનારા ઘણા જનો દૃષ્ટિગોચર થાય છે, પણ તે મહાનુભાવો ક્ષણવાર જો પોતાનો દંભ અને ફાંકો છોડી દઈ સ્વસ્થ અંતરાત્માથી વિચારે તો તેઓને આ ઉપરથી ઘણો ધડો લેવાનું પ્રાપ્ત થાય એમ છે. કારણ કે **છઠ્ઠી દૃષ્ટિ** જેટલી ઉંચી પરિપકવ યોગદશાને પામેલા **જ્ઞાનાક્ષેપકવંત યોગીવિશેષ** જ જે કાર્ય કરવાને સમર્થ છે, તે કાચી દશાવાળા યોગ્યતાવિહીન જનો કેમ કરી શકે? જેને હજુ એકડો પણ આવડતો નથી એવો બાલ, સ્નાતક પદવીને પામેલા વિદ્યાપારંગત પંડિતને કેમ પહોંચી શકે? મોટા માણસના જોડામાં જેમ ન્હાનાનો પગ ન મૂકાય, તેમ મહાજ્ઞાની મહાપુરુષના આચરણનું અનુકરણ સામાન્ય મનુષ્યો ન જ કરી શકે, અને યોગ્યતા વિના કરવા જાય તો ઉલટું અહિતકારક જ થઇ પડે. **શ્રી નરસિંહ મહેતાને** કહેવું પડયું છે કેઃ—

"અમારૂં ગાયું ગાશે, તે ઝાઝાં ખાસડાં ખાશે;
જે સમજીને ગાશે, તે વ્હેલાં વૈકુંઠ જાશે."

માટે સાંકડી કેડી—**એકપદી**માંથી તો કોઇ વિરલ મનુષ્ય જ જઇ શકે છે ને રાજમાર્ગે

તો સહુ કોઇ જઇ શકે છે, એમ જાણી, ભોગ મધ્યે પણ નિર્લેપ રહેવારૂપ એકપદી પર ચાલવાનું દુર્ઘટ કાર્ય કોઇ વિશિષ્ટ જ્ઞાનીવિશેષને માટે રહેવા દઇ, ઇતર જનોએ તો વિષયત્યાગરૂપ **રાજમાર્ગે** જ ચાલવામાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવા યોગ્ય છે, એ જ અત્ર તાત્પર્ય છે. (જુઓ, અધ્યાત્મસાર).

એટલે જ્ઞાની પુરુષોના અધ્યાત્મ વચનો વાંચી પોતાની **તથારૂપ આત્મદશા** થયા વિના, પોતાની તેવી દશા કલ્પી લઇ, જે શુષ્ક જ્ઞાનીઓ સંસારમાં રહીને ભોગ ભોગવતાં છતાં નિષ્કામપણું ભજવાનો ખોટો ડોળ-દંભ કરે છે, તે અજ્ઞાનીઓ **દંભી અજ્ઞાનીનો** ખરેખર! આત્મવંચના જ કરે છે, અને યોગ-અધ્યાત્મની હાંસી-વિડંબના જ માત્ર કરે છે! કારણ કે સકામપણાના બાહ્ય નિમિત્તો તેને **કરુણ કેજ!** નિષ્કામ રહેવા દેતા નથી, એટલું જ નહિં પણ તેનું ઘોર અધઃપતન કરે છે. માટે ખરેખર જો નિષ્કામપણું ભજવું જ હોય તો તેવા બાહ્ય નિમિત્ત પ્રસંગનો પણ ત્યાગ કરવો અત્યંત આવશ્યક છે. સંસારપ્રસંગમાં પણ અસંગ રહી નિષ્કામવૃત્તિ અખંડપણે જાળવનારા પરમ પુરુષો તો અત્યંત અત્યંત વિરલા જ છે, **અપવાદરૂપ** જ છે, એમ જાણી મુમુક્ષુએ સાંસારિક ભોગ પ્રસંગનો જેમ બને તેમ પરિત્યાગ કરતાં જ રહેવું એ **ઉત્સર્ગમાર્ગ** છે. આ અનાસક્ત યોગ તો કોઇક **વિરલા** પરમ **યોગસિદ્ધ** પુરુષો જ સાધી શકે છે. બાકી તથારૂપ યોગ્યતા વિનાના જે તે સાધવાની ધૃષ્ટતા વા સાહસ કરવા જાય છે, તે તો બિચારા ખત્તા જ ખાય છે, વ્યામોહ ઉપજાવનારા બાહ્ય નિમિત્તો તેને સત્સ્વરૂપથી ભ્રષ્ટ કરે છે-પાડી નાંખે છે, અને માયાની ભૂલભૂલામણીમાં ભૂલા પડી તે યોગીને બદલે 'ભોગી' બને છે! એટલા માટે જ જ્ઞાની પુરુષોએ વિષયભોગ સાધનને પતનસ્થાન જાણી બાહ્ય સંગનો પણ સર્વથા નિષેધ કર્યો છે, તે સહેતુક છે. પરમાણુ માત્ર પણ પરવસ્તુનો લેશ પણ સંગ કરવા યોગ્ય નથી, એ એમનો નિરંતર ઉપદેશ છે. અને એટલા માટે જ અનાસક્ત નિષ્કામ યોગ સાધવા પ્રવર્ત્તવાની ચેષ્ટા કરનારને ચેતવણીરૂપ **'લાલબત્તી'** તેઓએ આગળ ધરી છે. જેમકે—

હે જ્ઞાની! કદી પણ કંઇ કર્મ × કરવું ઉચિત નથી. તથાપિ જો તું એમ કહે કે 'હું તો ભોગવું છું, પણ પરદ્રવ્ય કદી મ્હારૂં નથી,' તો અરે! તું દુર્ભુક્ત જ છો, અર્થાત્ જે ત્હારૂં નથી તે તું ભોગવે છે, એટલે તું દુષ્ટ ભોગવનાર છો અને જો તું કહે કે 'ઉપભોગથી બંધ નથી, કારણ કે પરદ્રવ્યના ઉપભોગથી બંધ નથી એમ

× "ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किंचित्तथाप्युच्यते,
भुंक्ष्वे हंत न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बंधः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते,
ज्ञानं सन्वस बंधमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम् ॥"

—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત શ્રી સમયસારકલશ.

શાસ્ત્રમાં કહ્યું છે,' તો શું આ ત્હારી ભોગપ્રવૃત્તિ કામચાર છે-ઇચ્છાપ્રવૃત્તિ છે? અને એમ છે તો શું બંધ નથી? માટે હે જ્ઞાની! તું જ્ઞાનરૂપ થઇને વસ, નહિં તો ચોક્કસ ત્હારા પોતાના અપરાધથી તું બંધને પામીશ. તેમજ–'કર્મનયના અવલંબનમાં પરાયણ-ક્રિયામાં રચ્યાપચ્યા રહેનારા એવા ક્રિયાજડ જે જ્ઞાનને નથી જાણતા તે મગ્ન છે, સંસારસમુદ્રમાં ડૂબી ગયેલા છે. જ્ઞાનનયને ઇચ્છનારાઓ પણ જે સ્વચ્છંદથી મંદ ઉધ્યમવાળા છે તે પણ મગ્ન છે, સંસારસાગરમાં ડૂબેલા જ છે. વિશ્વ ઉપર તો તે તરે છે, કે જે સતત સ્વયં જ્ઞાન થઇ–જ્ઞાનરૂપે પરિણમી કર્મ કદી પણ કરતા નથી, અને કદી પણ પ્રમાદને વશ થતા નથી.'+

વળી અત્રે **જ્ઞાનાક્ષેપકવંત** કવચિત્ ભોગ ભોગવતાં છતાં **પણ અસંગ હોઈ** નિર્લેપ રહી શકે છે એમ કહ્યું, તે તેની અદ્ભુત યોગસિદ્ધિનું સામર્થ્ય સૂચવવા માટે કહ્યું છે, તે ભોગ ભોગવે જ એમ કહેવા માટે કહ્યું નથી, પણ કવચિત્ કોઇ યોગીવિશેષને પૂર્વ પ્રારબ્ધોદયથી તેવી સંભાવનાની અપેક્ષા લક્ષમાં રાખી, તેનું અસાધારણ અતિશયવંત દૃઢયોગીપણું દર્શાવવા માટે કહ્યું છે.

જ્ઞાની ભોગી છતાં અભોગી!

કારણ કે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષ વિષયોને પર પદાર્થ જાણે છે, તેમાં આત્મભાવ કરતા નથી, તે પોતાના નથી જ એમ દૃઢ આત્મપ્રતીતિથી માને છે, અને તેમાં સ્વપ્નાંતરે પણ પરમાણુ માત્ર પણ આસક્તિ રાખતા નથી. એટલે સુક્કો ગોળો જેમ ભીંતને લાગતો નથી, તેમ ખરેખરા અનાસક્ત જ્ઞાની પુરુષ વિષયોથી બંધાતા નથી, કેવળ અલિપ્ત જ રહે છે. પૂર્વ પ્રારબ્ધોદયથી કદાચને ભોગ ભોગવવો પડે, તો પણ તેમાં સર્વથા અસંગપણાને લીધે જ્ઞાની લેપાતા નથી, એવી અપૂર્વ ઉપયોગજાગૃતિ રાખે છે. આ ખરેખર! તેઓના જ્ઞાનનું જ સામર્થ્ય અથવા વૈરાગ્યનું જ સામર્થ્ય છે. તેમજ—

'મન ગુણ અવગુણ ખેત'

વિષયો જે છે તે પોતે તેના સ્વરૂપથી ગુણરૂપ પણ નથી કે દોષરૂપ પણ નથી. એટલે 'વિષયોનો બંધ ઉત્પાદનમાં નિયમ નથી; અજ્ઞાનીને તેથી બંધ થાય છે, જ્ઞાનીને કદી થતો નથી. જે સેવતાં કદી જેની અશુદ્ધિ થાય છે, તેનાથી જ તેની કદાચિત્ શુદ્ધિ થાય છે, એમ શાસ્ત્ર-વચન છે.' (જુઓ અધ્યાત્મસાર) પણ તે વિષયોના નિમિત્તે જે ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ ઉપજે છે, તે જ બંધનું કારણ છે. તેથી મન જ ગુણ–અવગુણનું ક્ષેત્ર છે, ઉત્પત્તિસ્થાન છે. '**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो।**' અને વીતરાગ જ્ઞાની પુરુષને તો એવો પરમ વૈરાગ્ય વર્ત્તે છે કે તેને વિષયોમાં લેશમાત્ર પણ ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ હોતી જ નથી, નિર્મૂળ જ

+ "मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानंति ये,
मग्नाः ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छंदमंदोद्यमाः ।
विश्वस्योपरि ते तरंति सततं ज्ञानं भवंतः स्वयं,
ये कुर्वन्ति न कर्म जातु न वशं यांति प्रमादस्य च" —શ્રી સમયસાર કલશ

થયેલી હોય છે, એટલે પૂર્વ કર્મવશાત્ ક્વચિત્ વિષયો ભોગવતાં છતાં પણ તે પરમ ઉદાસીન રહી, તે વિષયભોગના ગુણ–દોષથી લેપાતા નથી, એવા તે પરમ સમર્થ હોય છે.

"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર,"—**શ્રી યશોવિજયજી.**

"એવા જ્ઞાને રે વિઘ્ન નિવારણે, ભોગ નહિં ભવહેત;
નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત....ધન૦"—**શ્રી યો.સજ્ઝાય ૬–૭**

આમ જે ભોગસાગરમાં ભોગી ડૂબી મરે છે, તેને સમર્થ યોગી શીઘ્ર તરી જાય છે! જે ભોગથી બીજાના ભોગ મરે છે, તે ભોગ પણ આવા ઉત્તમ યોગીને યોગબાધક થતા નથી, ભવહેતુ થતા નથી! કારણ કે 'આ **કાંતા** દૃષ્ટિમાં કર્માક્ષિપ્તપણાથી ભોગશક્તિ નિર્બલ હોય છે; તે નિરંતર સ્વરસથી પ્રવર્ત્તતી એવી બલીયસી ધર્મશક્તિને હણતી નથી,–દીપને જે વાયરો બૂઝાવી નાંખે છે, તે પ્રજ્વલિત એવા દાવાનલને બૂઝાવી શકતો નથી,' પણ ઉલટો તેને સહાયતા કરે છે; તેમ અત્રે ભોગવ્યા વિના છૂટકો જ નથી એવા કર્મનો ક્ષય થતો હોવાથી બળવાન ધર્મશક્તિને ભોગશક્તિ સહાયતા જ કરે છે, પણ નિર્બળપણાને લીધે તેનો વિરોધ કરતી નથી. હાથીને મગતરૂં શું કરી શકે? મહામલ્લને નિર્બલ બાલક શું કરી શકે? જો કે **સ્થિરા** દૃષ્ટિમાં પણ જ્ઞાનીની તાકાત એટલી બધી હોય છે કે તેને ભોગો કાંઈ કરી શકે એમ નથી, તોપણ ત્યારે હજુ કંઈક અંશે પણ પ્રમાદની સંભાવના છે. પરંતુ આ **કાંતા** દૃષ્ટિમાં તો **ધારણા** વડે કરીને જ્ઞાનનું એવું પરમ બળવાનપણું થયું હોય છે, કે તે ભોગો પણ લેશ પણ પ્રમાદ ઉપજાવી શકતા નથી! અર્થાત્ ભોગ મધ્યે પણ તેવો વિશિષ્ટ જ્ઞાની સ્વસ્વરૂપથી પ્રમત્ત–ભ્રષ્ટ થતો નથી, સ્વરૂપસ્થિત અપ્રમત્ત જ રહે છે, એવો તે બળવાન સામર્થ્યસંપન્ન હોય છે. આવો અપ્રમત્ત **ગૃહસ્થ યોગી** પણ **ભાવસાધુ** જ છે. અને આમ હોવાથી અત્રસ્થિત **અસંગ** જ્ઞાની યોગીપુરુષ નિર્વિઘ્ને નિર્બાધપણે પરમ પદ પ્રત્યે અખંડ પ્રયાણ કરતો આગળ વધે જ છે.

જ્ઞાની ગૃહસ્થ પણ ભાવસાધુ

"તે એ દૃષ્ટિ રે ભવસાગર તરે, લહે મુનિ સુયશ સંયોગ."—**યો. સજ્ઝાય.**

★

भोगतत्त्वस्य तु पुनर्न भवोदधिलङ्घनम् ।
मायोदकदृढावेशस्तेन यातीह कः पथा ॥१६७॥

वृत्तिः–**भोगतत्त्वस्य तु**—ભોગતત્ત્વને તો, ભોગપરમાર્થને તો, અર્થાત્ ભોગ જેને મન પરમાર્થ છે એવાને, **पुनः**–પુનઃ, **न भवोदधिलङ्घनम्**-ભવોદધિનું લંઘન નથી, ભવસાગર ઉલ્લંઘાતો નથી,–તેવા પ્રકારની બુદ્ધિથકી તેના ઉપાયમાં અપ્રવૃત્તિને લીધે, અને એ જ કહે છે–**मायोदकदृढावेशः**–માયાજલમાં જેને દૃઢ આવેશ છે એવો –તેવા પ્રકારના વિપર્યાસને લીધે, જેને મૃગજલમાં દૃઢ અભિનિવેશ છે એવો, **तेन यातीह कः पथा**– કોણ અહીં તે પંથે–માર્ગે જાય, કે જ્યાં માયામાં જલબુદ્ધિ છે.

× "धर्मशक्तिं न हन्त्यस्यां भोगशक्तिर्बलीयसीम् ।
हन्ति दीपापहो वायुर्ज्वलन्तं न दवानलम् ॥"—યશો૦કૃત દ્વા. દ્વા. ૨૪–૧૫

ભોગતત્ત્વને ભવાબ્ધિનું, લંઘન તો ન જ થાય;
મૃગજલે દૃઢાવેશ તે, તે માર્ગે કુણ જાય? ૧૬૭

અર્થ:—પણ જેને મન ભોગ એ તત્ત્વ છે, એવાને તો ભવસમુદ્રનું ઉલ્લંઘન થતું નથી. જેને મૃગજલમાં દૃઢ આવેશ છે, એવો કોણ અહીં તે માર્ગે—કે જ્યાં માયામાં જલબુદ્ધિ છે ત્યાં—જાય?

વિવેચન

"સાચું જાણી રે તે બીતો રહે, ન ચલે ડામાડોલ....ધન ધન૦
ભોગતત્ત્વને રે એ ભય નવિ ટળે" —**શ્રી યો. દ. સજ્ઝાય.**

પણ ભોગને જે તત્ત્વરૂપ—પરમાર્થરૂપ માને છે, એવા **ભોગતત્ત્વ** પુરુષને તો ભવસાગરનું ઉલ્લંઘન થતું નથી. કારણ કે તેવા પ્રકારના વિપર્યાસને લીધે, માયાજલમાં જેને દૃઢ અભિનિવેશ છે એવો કોણ અહીં—જ્યાં માયામાં જલબુદ્ધિ છે એવા તે માર્ગે જાય?

ભોગતત્ત્વ ભવાબ્ધિ ન તરે

ભોગ જેને મન તત્ત્વરૂપ છે, પરમાર્થરૂપ લાગે છે, સાચા ભાસે છે, એવો **ભોગતત્ત્વ** પુરુષ કદી ભવસમુદ્ર ઓળંગી શકતો નથી. કારણ કે તેવી મિથ્યાભાસરૂપ બુદ્ધિને લીધે તે તેના ઉલ્લંઘનના ઉપાયમાં પ્રવર્ત્તતો નથી. અને તેનું કારણ પણ એમ છે કે જેને માયાજલમાં દૃઢ આવેશ—ગાઢ અભિનિવેશ હોય, તે તે માર્ગે કેવી રીતે જાય? વિપર્યાસને લીધે તેને સાચું જાણતો હોય તે તેને ઉલ્લંઘી જવાની હામ કેમ ભીડે? એટલે રખેને હું ડૂબી જઇશ એમ ડરતો રહી, ડામાડોળ બની, તે માયાજલને ઓળંગી જવાનો પુરુષાર્થ કરતો નથી, અને ત્યાં જ પડયો રહે છે! તેમ વિપર્યાસથી—વિપરીત મતિથી જે માયાજલ સમા વિષયભોગને સાચા માને છે, તે તેમાંથી નિર્બાધપણે પાર ઉતરવાનો પુરુષાર્થ કરતો નથી, અને ત્યાં જ પડયો રહે છે! તેમ વિપર્યાસથી—વિપરીત મતિથી જે માયાજલ સમા વિષયભોગને સાચા માને છે, તે તેમાંથી નિર્બાધપણે પાર ઉતરવાનો પુરુષાર્થ કરતો નથી, તેને નિઃસાર અસત્ય જાણી તેની સોંસરો નિર્ભયપણે પસાર થઇ જતો નથી, પણ તેમાં જ નિમગ્ન બની ડૂબી જાય છે, ગુંચી જાય છે, રચ્યોપચ્યો રહે છે.

વિષય મૃગજલ: વિપર્યાસ

અત્રે વિષયોને જે **મૃગજલની**—ઝાંઝવાના પાણીની ઉપમા આપવામાં આવી છે, તે અત્યંત યુક્ત છે. કારણ કે ગ્રીષ્મમાં દૂર દૂર ક્ષિતિજમાં—જ્યાં પૃથ્વી ને આકાશ મળતા દેખાય છે ત્યાં દૃષ્ટિમર્યાદાના છેડે જલનો આભાસ થાય છે, તેને મૃગજલ કહે છે. તે જલ કાંઇ વસ્તુતઃ છે જ નહિં, પણ દૃષ્ટિવિભ્રમથી (Illusion of vision) તેનો આભાસ માત્ર થાય છે. એવા તે મૃગજલને સાચું જલ માનીને તૃષાતુર મૃગ તે પીવાની આશાએ તે

પ્રત્યે દોડે છે, પણ તે મિથ્યા જલ તો જાણે હાથતાલી દઇને આઘું ને આઘું ભાગતું જ જાય છે! કાંઇ હાથમાં આવતું નથી, અને દોડવાના નિષ્ફળ શ્રમથી બિચારા મૃગની તૃષ્ણા છીપવાને બદલે ઉલટી વધતી જાય છે! તેમ જડ એવા વિષયપદાર્થ અને ચેતન એવા આત્માનો સંબંધ થવો અસંભવિત છે, તથાપિ **વિપર્યાસરૂપ** દૃષ્ટિવિભ્રમથી (Illusion and Delusion) તે જડપદાર્થમાં આત્મબુદ્ધિના **સમારોપથી** તેવો **સંબંધ** ભાસે છે. તે જ વિષય મૃગજલ છે. એવા તે ઝાંઝવાના પાણીને સાચું માનીને, વિષયતૃષ્ણાથી આકુલ બનેલો મોહમૂઢ જીવરૂપ મૃગ તેનું પાન કરવાની દુરાશાથી પૂર વેગે તે પ્રત્યે દોડે છે, તે ઝાંઝવાના પાણીને માટે ખૂબ ઝાંવાં નાંખે છે, પણ મહામાયાવી એવું તે **માયાજલ** તો લાંબેથી લટક સલામ કરી જાણે જીવની વિડંબના કરતું હોય, એમ દૂર ને દૂર ભાગતુંજ જાય છે! અને આ નિષ્ફળ વિષયાનુધાવનથી ભવભ્રમણજન્ય ખેદને લીધે, પશુ સમા વિષયપિપાસુ જીવની તૃષ્ણા શમવાને બદલે ઉલટી અભિવૃદ્ધિ પામે છે, અને તેથી મહા ભવભ્રમણ દુઃખ સહવું પડે છે.

'આપ આપકું ભૂલ ગયા!'

આ **વિપર્યાસ જ સર્વ દુઃખનું મૂળ છે.** તે જ જીવને ઉંધા પાટા બંધાવે છે, અનાત્મામાં આત્મબુદ્ધિ ઉપજાવે છે, પર વસ્તુમાં સ્વબુદ્ધિનો વિભ્રમ કરાવે છે. આ અનાદિ અવિદ્યારૂપ વિપર્યાસથી ભોગસાધનરૂપ દેહાદિમાં આત્મબુદ્ધિ ઉપજે છે, દેહાદિથી આત્માને અભિન્ન માની હું દેહાદિરૂપ છું એવી મિથ્યામતિ ઉદ્ભવે છે. એટલે પછી સ્વસ્વરૂપથી ભ્રષ્ટ થયેલો આત્મા ઇંદ્રિયદ્વારોથી પ્રવર્તતો રહી વિષયોમાં પડી જાય છે, અને તે વિષયોને પામીને પોતે પોતાને તત્ત્વથી જાણતો નથી, પોતે પોતાને ભૂલી જાય છે! **શ્રીમદ્ રાજચંદ્રજીએ** લાક્ષણિક શૈલીમાં ભાખ્યા પ્રમાણે **'આપ આપકું ભૂલ ગયા, ઇનસે ક્યા અંધેર!'** એના જેવી મહાહાસ્યાસ્પદ વાર્તા બને છે!

> "હું છોડી નિજ રૂપ, રમ્યો પર પુદ્ગલે;
> ઝીલ્યો ઉલટ આણી, વિષય તૃષ્ણાજલે.—**શ્રી દેવચંદ્રજી**

"વિચારની ઉત્પત્તિ થયા પછી **વર્દ્ધમાન સ્વામી** જેવા મહાત્મા પુરુષે ફરી ફરી વિચાર્યું કે આ જીવનું અનાદિકાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંતવાર જન્મવું મરવું થયાં છતાં, હજુ તે જન્મ–મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી; તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવાં? અને એવી કઇ ભૂલ આ જીવની રહ્યા કરી છે કે, જે ભૂલનું આટલાં સુધી પરિણમવું થયું છે? આ પ્રકારે ફરી ફરી અત્યંત એકાગ્રપણે સદ્બોધનાં વર્દ્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં જે ભૂલ ભગવાને દીઠી છે તે જિનાગમમાં ઠામ ઠામ કહી છે; કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય જીવની ભૂલ જોતાં તો અનંત વિશેષ લાગે છે, પણ **સર્વ ભૂલની બીજભૂત ભૂલ** જે જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે,

કે જે ભૂલનો વિચાર કર્યાથી સર્વ ભૂલનો વિચાર થાય છે; અને જે ભૂલના મટવાથી સર્વ ભૂલ મટે છે. કોઇ જીવ કદાપિ નાના પ્રકારની ભૂલનો વિચાર કરી તે ભૂલથી છૂટવા ઇચ્છે, તોપણ તે કર્ત્તવ્ય છે, અને તેવી અનેક ભૂલથી છૂટવાની ઇચ્છા મૂળ ભૂલથી છૂટવાનું સહેજે કારણ થાય છે." —**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૪૧૩. (૫૦૦)

આ **સર્વ ભૂલની બીજભૂત ભૂલ** તે આત્મસ્વરૂપનું અજ્ઞાન અથવા પરવસ્તુમાં આત્મબુદ્ધિરૂપ વિપર્યાસ છે, **'આપ આપકું ભૂલ ગયા!'** એ જ મોટામાં મોટી કેન્દ્રસ્થ ભૂલ છે. તે મૂલગત ભૂલથી બીજી ભૂલોની પરંપરા નીપજે છે, તે એટલી હદ સુધી આત્માનું પતન થાય છે કે તેની વૃત્તિ વિષયાકાર બની જાય છે. પંચ ઇંદ્રિયના વિષયોમાં તે એટલો બધો તન્મય થઇ જાય છે કે તે પોતાનું મૂળ સ્વરૂપ સાવ ભૂલી જઇ, વિષયોમાં જ સર્વસ્વ માની તેની ગવેષણામાં અહોનિશ મંડ્યો રહે છે! અને વિષયતૃષ્ણાથી આર્ત્ત ને તપ્ત બની નિરંતર દુઃખ અનુભવે છે, છતાં તે વિષયોનો કીડો વિષયોનો કેડો મૂકતો નથી! ને વિષ્ટાના ભ્રમરની પેઠે તેની પાછળ પાછળ ભમ્યા કરે છે! આવો તે વિષયબુભુક્ષુ જીવ શ્રી **ઉપમિતિ ભવપ્રપંચ** કથામાં મહાત્મા **સિદ્ધર્ષિએ** અનુપમ શૈલીથી તાદૃશ્ય વર્ણવેલા તે **નિષ્પુણ્યક રંક**ના જેવું સમસ્ત ચેષ્ટિત કરે છે, ને કરમાં ઘટપાત્ર લઇ રાતદિવસ વિષયકદન્નની ભિક્ષાર્થે ભમે છે! જેમકે—

વિષયનો ભિખારીઃ નિષ્પુણ્યક રંક

"આ જીવ આ **સંસારનગર**માં અપરાપર જન્મ લક્ષણરૂપ ઊંચા-નીચા ગૃહોમાં **વિષય-કદન્નના** આશાપાશને વશ થઇ અવિરામપણે ભમ્યા કરે છે.

"ક્ષુધાથી જસ દુર્બલ દેહ, ગૃહે ગૃહે ભિક્ષાર્થે તેહ;
કરમાંહિ ગ્રહીને ઘટપાત્ર, નિન્દાતો ભમતો દિનરાત્ર.
સર્વાંગી મહાઘાત ઉતાપ, તિહાં અનુગત ચેતન આપ;
'વોય માડી! રે કરજો ત્રાણ!' પોકારે એવી દીન વાણ.
જ્વર કુષ્ઠ ઉન્માદ સંયુક્ત, શૂલપીડિત ને પામા યુક્ત;
સર્વ રોગનો તેહ નિવાસ, વેદનાવેગે વિહ્વલ ખાસ.
'પામીશ ભિક્ષા તે તે ગેહ,' ઇત્યાદિક ચિંતવતો એહ;
વિકલ્પાકુલ મનમાં થાય, રૌદ્રધ્યાન ભરંતો જાય.
સંતોને કરુણાનું સ્થાન, માનીઓને હાસ્ય નિદાન;
બાલોને ક્રીડન આવાસ, ઉદાહરણ પાપીને ખાસ."

—**શ્રી ઉ. ભ. પ્ર. કથા**, પ્ર. ૧ (ડૉ. **ભગવાનદાસ**કૃત સપદ્યગદ્ય અનુવાદ)

'સંસારને વિષે અહોનિશ પર્યટન કરતા આ જીવના જે આ શબ્દાદિ વિષયો અને જે આ બંધુવર્ગ-ધન-સુવર્ણાદિ, અને જે ક્રીડા-વિકથા આદિ અન્ય પણ સંસાર-

વિષય કદન્નના મનોરથ

કારણુ હોય, તે ગૃદ્ધિહેતુપણાથી રાગાદિ ભાવરોગોના કારણપણાને લઇને અને કર્મસંચયરૂપ મહા અજીર્ણના નિમિત્તપણાને લઈ ને કદન્ન જાણવા યોગ્ય છે.' (ઉ. ભ. પ્ર. કથા) એવી તે કદન્નરૂપ ભિક્ષા ભક્ષણ કરવા ઇચ્છતો આ જીવ નાના પ્રકારના વિષય સંબંધી મનોરથો કરે છે,– યાવત્ તે ચક્રવર્ત્તીપણાના મનોરથ પણ કરે છે. અને આ ચક્રવર્તી પણ ભગવાન્ સત્–સાધુઓને ક્ષુદ્ર રંક જેવો પ્રતિભાસે છે, તો પછી શેષ અવસ્થાઓનું તો પૂછવું જ શું ?'

"અને આવા કદન્ન જેવા આ ધન–વિષય–કલત્રાદિથી પૂરાઇ રહ્યા છતાં આ જીવને અભિલાષાનો વિચ્છેદ થતો નથી, એટલું જ નહિં પણ તેની તૃષા વિશેષ ગાઢપણે અભિવૃદ્ધિ પામે છે. કારણુ કે જેમ ગાઢ ગ્રીષ્મમાં દવદાહથી તાપ પામેલ શરીરવાળા, પિપાસાથી–તરસથી અભિભૂત ચેતનાવાળા, મૂર્ચ્છાથી ઢળી પડેલા એવા કોઈ પથિકને ત્યાં જ સ્વપ્નદર્શનમાં, પ્રબલ કલ્લોલમાલાથી આકુલ એવા ઘણા ઘણા મહા જલાશય-સમૂહો પીતાં પણ જરાય તૃષાની ન્યૂનતા ઉપજાવતા નથી; તેમ આ જીવને પણ આ વિષયાદિ વર્ત્તે છે. તે આ પ્રકારે:–અનાદિ સંસારમાં પરાવર્ત્તન કરી રહેલા આ જીવે પૂર્વે દેવભવોને વિષે અનંતીવાર નિરુપચરિત એવા શબ્દાદિ ભોગો પ્રાપ્ત કરેલા છે, અનંત અમૂલ્ય રત્નરાશિઓ મેળવેલા છે, રતિના વિભ્રમોને ખંડિત કરે એવા વિલાસિની-વૃંદો સાથે વિલાસ કરેલા છે, ત્રિભુવનાતિશાયિની નાના પ્રકારની ક્રીડાઓથી ક્રીડન કરેલું છે. તથાપિ જાણે મહાબુભુક્ષાથી–ભૂખથી કૃશ ઉદરવાળો હોય એમ આ જીવ શેષ દિનના ભુક્ત વૃત્તાંતને કાંઇ પણ જાણતો નથી ! ! કેવલ તેના અભિલાષથી શોષાય છે ! ! ! –તેથી તૃપ્તિ ન તેને થાય, પણ બુભુક્ષા વધતી જાય !"

—**શ્રી ઉ. ભ. પ્ર. કથા (ડૉ. ભગવાનદાસ મ. મહેતાકૃત અનુવાદ)**

આવી કદન્નરૂપ આ વિષય મૃગતૃષ્ણાની પાછળ દોડવાથી આ જીવને આ બધી અનર્થપરંપરા સાંપડે છે, અને તેને ભવસાગરનું ઉલ્લંઘન થતું નથી, કારણ કે માયા-જાલરૂપ તે માયાજલમાં તેને ગાઢ અભિનિવેશ–મિથ્યા આગ્રહ છે, એટલે તે તેને ઉલ્લંઘી જવાની હામ ભીડતો નથી, અને જ્યાં છે ત્યાંનો ત્યાં એટલે કે વિષય–કાદવમાં ડુક્કરની જેમ પડ્યો રહે છે ! !

स तत्रैव भवोद्विग्नो यथा तिष्ठत्यसंशयम् ।
मोक्षमार्गेऽपि हि तथा भोगजम्बालमोहितः ॥१६८॥

વૃત્તિ:–**સ:**–તે, માયામાં જેને જલનો દઢ આવેશ છે તે, **तत्रैव**–ત્યાં જ, પથમાં, માર્ગમાં **भवोद्विग्नः**–ભવોદ્વિગ્ન હોઇ, **यथा**–જેમ, એ ઉદાહરણના ઉપન્યાસ અર્થે છે, **तिष्ठत्यसंशयम्**–નિઃસંશય સ્થિતિ જ કરે છે,-જલબુદ્ધિના સમાવેશથી, **मोक्षमार्गेऽपि हि**–જ્ઞાનાદિ લક્ષણવાળા મોક્ષમાર્ગમાં પણ, **तथा**–તેમ અસંશય સ્થિતિ કરે છે, **भोगजम्बालमोहितः**–ભોગજંબાલથી–ભોગનિબંધન દેહાદિ પ્રપંચથી મોહિત એવો તે એમ અર્થ છે.

ત્યાં જ નિઃશંક સ્થિતિ કરે, ભવોદ્વિગ્ન તે જેમ;
ભોગજંબાલે મોહિયો, મોક્ષપથે પણ તેમ. ૧૬૮

અર્થ :—તે જેમ ત્યાં જ–માર્ગમાં, ભવોદ્વિગ્ન હોઇ, નિઃસંશય સ્થિતિ કરે છે, તેમ મોક્ષમાર્ગમાં પણ ભોગજંબાલથી મોહિત એવો તે સ્થિતિ કરે છે.

વિવેચન

માયાજલમાં જેને જલનો દૃઢ અભિનિવેશ છે, એવો તે **ભોગતત્ત્વ પુરુષ** જેમ જલબુદ્ધિના આવેશથી, ભવોદ્વિગ્ન રહી, ત્યાં જ માર્ગમાં અસંશય સ્થિતિ કરે છે, તેમ જ્ઞાનાદિ લક્ષણવાળા મોક્ષમાર્ગમાં પણ ભોગના કારણરૂપ દેહાદિ પ્રપંચથી મોહિત એવો તે નિઃસંશય 'સ્થિતિ' કરે છે.

આનો આશય એમ સમજાય છે કે–માયાજલમાં જેને જલબુદ્ધિનો અભિનિવેશ છે, એવો **ભોગતત્ત્વ** પુરુષ, આ જલ સાચું છે–ખરેખરૂં છે, એવા બાંધી લીધેલા પૂર્વગ્રહરૂપ

ભવમાં સ્થિતિઃ મોક્ષમાર્ગે પણ 'સ્થિતિ'

મિથ્યાભાવને લીધે, સંસારથી ઉદ્વેગ–દુઃખ પામતો રહી, ત્યાં જ માર્ગમાં સ્થિતિ કરે છે; પણ આમાં કાંઇ સાર નથી એમ જાણી તે સંસાર-સાગરને ઓળંગી જવા આગળ વધતો નથી, પુરુષાર્થ કરતો નથી, પણ 'સ્થિતિ' એટલે તે ભોગમાં જ સ્થિતિ કરે છે, ભોગમાં રચ્યો–પચ્યો રહે છે. તેમજ ભોગકારણરૂપ દેહાદિ પ્રપંચથી મોહમૂઢ બનીને, તે જ્ઞાનાદિ લક્ષણવાળા મોક્ષમાર્ગમાં પણ 'સ્થિતિ' કરે છે, એટલે કે જ્યાં છે ત્યાંનો ત્યાં અટકી રહે છે–થોભી રહે છે, પડ્યો રહે છે, પણ આગળ વધતો નથી. તાત્પર્ય કે જેમ તે ભવમાર્ગમાં નિવાસરૂપ સ્થિતિ કરે છે, તેમ મોક્ષમાર્ગમાં પણ આગળ પ્રગતિ ન કરવારૂપ 'સ્થિતિ' કરે છે. અર્થાત્ તે ભવસમુદ્રમાં નિમગ્ન રહે છે, અને મોક્ષમાર્ગે આગળ વધતો નથી. તે આ પ્રકારેઃ—

આ આત્મા અનાદિથી પોતાના મૂળ સહજ શુદ્ધ સ્વરૂપને ભૂલી ગયો છે. આ સ્વરૂપઅજ્ઞાનરૂપ અવિદ્યા અથવા મિથ્યાત્વથી તે પરપદાર્થમાં આત્મબુદ્ધિ કરી રહ્યો છે.

બહિરાત્મા: દેહમાં આત્મબુદ્ધિ

અનાદિ કાળના અધ્યાસથી દેહાદિ પરવસ્તુમાં તેની આત્મબુદ્ધિ એટલી બધી સજ્જડ થઇ ગઇ છે, એટલા બધા ઊંડા મૂળ ઘાલી ગઇ છે કે 'દેહાદિ તે જ હું' એવી વિપર્યાસ બુદ્ધિ–વિપરીત મતિ તેને ઉપજી છે. જડના દીર્ઘકાલના સહવાસથી તે જાણે જડ જેવો થઇ ગયો છે! આમ કાયાદિકમાં આત્મબુદ્ધિથી ગ્રહાયેલો જીવ **બહિરાત્મા** કહેવાય છે. 'આત્મજ્ઞાનથી પરાઙ્મુખ એવો આ **બહિરાત્મા** પોતાના સ્વરૂપનું ભાન ભૂલી, ઈંદ્રિયદ્વારોથી સ્ફુરાયમાન થઇ, પોતાના દેહને આત્માપણે માની બેસે છે. મનુષ્ય દેહમાં

રહેલા આત્માને તે મનુષ્ય માને છે, તિર્યંચ દેહમાં રહેલા આત્માને તિર્યંચ માને છે, દેવ દેહમાં રહેલા આત્માને દેવ માને છે, અને નારક દેહમાં રહેલા આત્માને તે નારક માને છે, પણ તત્ત્વથી હું પોતે તેવો **નથી**, તે તે દેહપર્યાયરૂપ નથી, હું તો **અનંતાનંત જ્ઞાનશક્તિનો સ્વામી સ્વસંવેદ્ય એવો અચલ સ્થિતિવાળો શાશ્વત આત્મા છું**, એમ તે મૂઢ જાણતો નથી.' આમ પોતાના દેહમાં આત્માનો અધ્યાસ કરતો એવો આ **બહિરાત્મા** 'પરના આત્માનો જ્યાં વાસ છે એવા સ્વદેહ સદૃશ અચેતન પરદેહને આ પારકો દેહ માની બેસે છે. અને આમ દેહોમાં સ્વપરના **મિથ્યા અધ્યવસાયને**–માન્યતાને લીધે, જેને આત્માનું ભાન નથી એવા અનાત્મજ્ઞ જનને સ્ત્રી–પુત્રાદિ સંબંધી **વિભ્રમ** વર્ત્તે છે, અને તેમાંથી **અવિદ્યા** નામનો દૃઢ સંસ્કાર જન્મે છે,–કે જેથી લોક પુનઃ દેહ એ જ આત્મા એવું અભિમાન ધરે છે. આ **દેહમાં આત્મબુદ્ધિ એ જ સંસાર દુઃખનું મૂળ છે.'**

"જડ ચલ જડ ચલ કર્મ જે દેહને હોજી, જાણ્યું આતમ તત્ત્વ;
બહિરાતમ બહિરાતમતા મેં ગ્રહી હોજી, ચતુરંગે એકત્વ. નમિપ્રભ૦"–શ્રી **દેવચંદ્રજી.**

દેહમાં આ આત્મબુદ્ધિને લીધે જ જીવ તેના લાલન–પાલનાર્થે વિષયોમાં પ્રવૃત્તિ કરે છે, અને તે વિષયપ્રાપ્તિના સાધનરૂપ ધનાદિના ઉપાર્જનમાં પ્રવૃત્ત થાય છે; તેની પ્રાપ્તિમાં અનુકૂળ થાય તે પ્રત્યે રાગ કરે છે, પ્રતિકૂળ પ્રત્યે દ્વેષ ધરે છે. તેમાં કોઈ વચ્ચે આડું આવે તેના પ્રત્યે ક્રોધ કરે છે. તુચ્છ કદન્ન જેવા કંઈક વિષયની પ્રાપ્તિ થતાં તે અનંતગણું અભિમાન ધરી કાકીડાની જેમ નાચે છે. અને વિશેષ વિશેષનો લોભ ધરતો રહી તેના લાભ માટે અનેક પ્રકારના છળપ્રપંચ–માયાકપટ કરી પોતાને અને પરને છેતરે છે. ઇત્યાદિ પ્રકારે જીવ **વિષયને અર્થે** કષાય કરે છે, અને તેથી હાથે કરીને આખો ભવપ્રપંચ ઉભો કરીને, સંસાર પરિભ્રમણદુઃખ પામી, તે ભવોદ્વિગ્ન બને છે. આમ દેહમાં આત્મબુદ્ધિરૂપ મૂળથી ઉપજતા વિષય–કષાયથી આ જીવનું **સંસારચક્ર** ચાલ્યા કરે છે.

×" बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः । स्फुरितश्चात्मनो देहमात्मत्वेनाध्यवस्यति ।।
नरदेहस्थमात्मानमविद्वान्मन्यते नरम् । तिर्यञ्चं तिर्यगङ्गस्थं सुराङ्गस्थं सुरं तथा ।।
नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा । अनंतानंतधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितिः ।।
स्वदेहसदृशं दृष्ट्वा परदेहमचेतनम् । परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति ।।
स्वपराध्यवसायेन देहेष्वविदितात्मनाम् । वर्त्तते विभ्रमः पुसां पुत्रभार्यादिगोचरः ।।
अविद्यासंज्ञितस्तस्मात्संस्कारो जायते दृढः । येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते ।।
मूलं संसारदुःखस्य देह एव आत्मधीस्ततः । त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ।। "
—શ્રી પૂજ્યપાદસ્વામીજીકૃત શ્રી સમાધિશતક

"રાગ દ્વેષે ભર્યો મોહ વૈરી નડ્યો, લોકની રીતમાં ઘણુંય રાતો;
ક્રોધ વશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવ રમ્યો, ભમ્યો ભવમાંહિ હું વિષય માતો....
તાર હો તાર પ્રભુ ! મુજ સેવક ભણી."-**શ્રી દેવચંદ્રજી**

"વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઇતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે." ઈ. —શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૧૧૫ (૧૨૮)

અને પછી તો તે તુચ્છ કદન્ન જેવા વિષયસુખમાં આ મોહમૂઢ જીવને એટલો બધો રંગ લાગી જાય છે, એટલો બધો તન્મય રસ જામે છે, કે તેની પ્રાપ્તિમાં નિરંતર નિમગ્ન રહે છે, અને તેને જ સુંદર માને છે, બીજું કાંઇ તે બાપડો જાણતો નથી. કારણ કે સુસ્વાદુ ભોજનનો સ્વાદ તેને સ્વપ્ને પણ લાધ્યો નથી. એટલે ડુક્કરને જેમ કાદવમાં પડ્યા રહેવું ગમે છે, તેમ તેને **વિષય -કદન્નમાં** રચ્યા-પચ્યા રહેવું ગમે છે. તે વિષ્ટાના ભ્રમરને જેમ વિષ્ટાની સુગંધી જ સારી લાગતી હતી, તેમ આ વિષયના ભ્રમરને વિષયની ગંધ જ સારી લાગે છે !

"તેને સુંદર માને રાંક, બીજું ન જાણે તેહ વરાક;
સુસ્વાદુ ભોજનનો સ્વાદ, સ્વપ્ને પણ એને ન પ્રાપ્ત."
ઉ. ભ. પ્ર. ૧ (**ડો. ભગવાનદાસ મ. મહેતા**કૃત અનુવાદ)

આમ પરપરિણતિના રાગીપણે, પર રસરંગે રક્ત થયેલો આ જીવ, પર વસ્તુનો ગ્રાહક અને રક્ષક બની, પરવસ્તુના ભોગમાં આસક્ત થઇને અનંત કાળ પર્યંત સંસારમાં રખડે છે. અને આમ પોતાનું આત્મહિત ચૂકી, આ મહામોહમૂઢ જીવ વેઠીઆ પોઠીઆની પેઠે પારકી વેઠ ઉઠાવી, હાથે કરીને નાહકનો હેરાન હેરાન થાય છે ! ભાવિતાત્મા મહાત્માઓના વચનામૃત છે કે-

"પરપરિણતિ રસ રંગતા, પરગ્રાહકતા ભાવ....નાથ રે !
પર કરતા પર ભોગતા, શ્યો થયો એહ સ્વભાવ ?....નાથ રે !"-**શ્રી દેવચંદ્રજી.**

"જે ક્રિયાને વિષે જીવને રંગ લાગે છે. તેને ત્યાં જ સ્થિતિ હોય છે, એવો જે જિનનો અભિપ્રાય તે સત્ય છે. ત્રીશ મહામોહનીયનાં સ્થાનક શ્રી તીર્થંકરે કહ્યાં છે તે સાચા છે."—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૧૪૮ (હાથનોંધ, ૨-૧૯)

અને આમ ભોગરૂપ નિઃસાર માયાજલમાં જ જેને દૃઢ રંગ લાગ્યો છે, દૃઢ અભિનિવેશ ઉપજ્યો છે, એવા ભોગતત્ત્વ પુરુષને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનું દર્શન હોતું નથી, એટલે મોક્ષમાર્ગમાં તેનો પ્રવેશ પણ ક્યાંથી હોય? દેહાદિની ભૂલભૂલામણીભરી જંઆલમાં જે ફસાઇ ગયો છે, દેહાદિ માયાપ્રપંચમાં આત્મબુદ્ધિના વ્યામોહથી જે મુંઝાઇ ગયો છે, માયાજલરૂપ વિષયની અટપટી માયાવી જાલમાં જે અટવાઇ પડયો છે, તેના નિમિત્તે રાગદ્વેષ કરતો જે કષાયરંગથી રંગાઈ રહ્યો છે, અને તેથી જે ભવપ્રપંચના અનંત ચક્રાવામાં પડી ગયો છે,–એવા આ મહામોહમૂઢ જીવને મોક્ષમાર્ગ પામવો પણ મુશ્કેલ થઇ પડે છે. તેની મિથ્યાત્વમાં જ સ્થિતિ હોય છે, તેથી તે આગળ વધતો નથી, પ્રગતિ કરતો નથી; કારણ કે જ્યાંલગી કષાયની ઉપશાંતતા ન થઇ હોય, વિષયાદિ પ્રત્યે અંતરંગ વૈરાગ્ય ન વર્ત્તતો હોય, મોક્ષ શિવાય બીજી કોઇ અભિલાષા ન હોય, ત્યાંલગી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવા યોગ્ય યોગ્યતા પણ પ્રાપ્ત થતી નથી, સાચું **મિથ્યાત્વ 'ગુણસ્થાનક'** પણ પ્રાપ્ત થતું નથી, ને પ્રથમ **મિત્રાદૃષ્ટિ** પણ ખૂલતી નથી, તો પછી ઉક્ત ભોગતત્ત્વ પુરુષનો મોક્ષમાર્ગમાં પ્રવેશ ક્યાંથી હોય? ને તેમાં તે આગળ ક્યાંથી વધે? ઉત્તરોત્તર ગુણસ્થાનની પ્રાપ્તિથી પ્રગતિ કેમ કરે?

મોક્ષમાર્ગે અપ્રગતિ–સ્થિતિ

આમ જેને ભોગમાં તત્ત્વબુદ્ધિ છે એવો **ભોગતત્ત્વ** પુરુષ સંસારમાં **'સ્થિતિ'** કરે છે, અર્થાત્ અનંત કાળસ્થિતિ પર્યંત અનંત પરિભ્રમણ દુઃખને પામે છે. અને મોક્ષમાર્ગમાં પણ તે **'સ્થિતિ'** જ કરે છે. અર્થાત્ ગુણવિકાસ પામી આગળ પ્રગતિ કરતો નથી, ગળીયા બળદની જેમ જ્યાંનો ત્યાં પડયો રહે છે! અને આમ તેનું પરિભ્રમણ દુઃખ ચાલુ રહે છે, ને તેના નિવારણનો ઉપાય તેને મળતો નથી. એટલે બન્ને રીતે તે દુઃખી થાય છે.

卐

मीमांसाभावतो नित्यं न मोहोऽस्यां यतो भवेत् ।
अतस्तत्त्वसमावेशात्सदैव हि हितोदयः ॥ १६९ ॥

નિત્ય મીમાંસા ભાવથી, મોહ એહમાં ન્હોય;
એથી તત્ત્વસમાવેશથી, સદા હિતોદય હોય. ૧૬૯

અર્થઃ—નિત્ય મીમાંસા ભાવને લીધે આ દૃષ્ટિમાં મોહ હોતો નથી, એથી કરીને તત્ત્વસમાવેશને લીધે સદૈવ હિતોદય જ હોય છે.

वृत्तिः-मीमांसाभावतो–મીમાંસા ભાવથી, સદ્‌વિચાર ભાવથી, **नित्यं**–નિત્ય. સર્વકાળ, **न मोहोऽस्यां यतो भवेत्**–કારણ કે આ દૃષ્ટિમાં મોહ હોતો નથી, **अतः**–એથી કરીને **तत्त्वसमावेशात्**–તત્ત્વસમાવેશરૂપ કારણ થકી, **सदैव हि हितोदयः**–આ દૃષ્ટિમાં ચોક્કસ સદૈવ હિતોદય જ હોય છે.

વિવેચન

વળી નિત્ય મીમાંસાના સદ્ભાવથી આ દૃષ્ટિમાં મોહ હોતો નથી. એથી કરીને તત્ત્વના સમાવેશરૂપ કારણુ થકી નિશ્ચય એને સદાય હિતોદય જ હોય છે.

તત્ત્વ મીમાંસા

આ દૃષ્ટિમાં સ્થિતિ કરતો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષ સમર્થ તત્ત્વચિંતક-તત્ત્વમીમાંસક હોય છે. એટલે નિરંતર સદ્વિચારરૂપ મીમાંસાના-સૂક્ષ્મ તત્ત્વપર્યેષણાના હોવાપણાને લીધે અત્રે કોઈપણુ મોહનો સંભવ હોતો નથી. કારણુકે જે તત્ત્વ સમજે છે, તે મોહ પામતો નથી. અને સમ્યગ્દૃષ્ટિને **દર્શનમોહ** તો ક્યારનો ક્ષય થઇ ચૂક્યો છે, તથા યોગમાર્ગમાં આગળ વધતાં એને **ચારિત્રમોહ**ની પણુ ઉત્તરોત્તર ક્ષીણુતા થતી જાય છે, એટલે સર્વથા મોહનો અભાવ હોય છે. સમ્યગ્દૃષ્ટિ પુરુષ અનેક પ્રકારે તત્ત્વનો સૂક્ષ્મ વિચાર કરે છે.જેમ કે-

ષટ્પદ મીમાંસા

"શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે છ **પદને સમ્યગ્દર્શનનાં નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક** કહ્યાં છેઃ—(૧) **પહેલું પદ-આત્મા છે.** જેમ ઘટપટ આદિ પદાર્થો છે તેમ આત્મા પણુ છે. અમુક ગુણુ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણુ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્ય-સત્તાનો પ્રત્યક્ષ ગુણુ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણુ છે. (૨) **બીજું પદ-આત્મા નિત્ય છે.** ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્ત્તિ છે. આત્મા ત્રિકાળવર્ત્તિ છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે, કેમકે તેની ઉત્પત્તિ માટે કોઇપણુ સંયોગો અનુભવ યોગ્ય થતા નથી. કોઈ પણુ સંયોગી દ્રવ્યથી ચેતન-સત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઇને વિષે લય પણુ હોય નહિં. (૩) **ત્રીજું પદ—આત્મા કર્ત્તા છે.** સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઇ ને કંઇ પરિણુામ ક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણુ ક્રિયાસંપન્ન છે, માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે, પરમાર્થથી સ્વભાવપરિણુતિએ નિજ સ્વરૂપનો કર્ત્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે. (૪) **ચોથું પદ—આત્મા ભોક્તા છે.** જે જે કંઇ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઇ પણુ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી અગ્નિસ્પર્શનું ફળ; હીમને સ્પર્શ કરવાથી હીમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઇ પરિણુામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણુ

થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે. (૫) **પાંચમું પદ—મોક્ષપદ છે.**–જે અનુપચરિત વ્યવહારથી કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે, કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય, પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે; ક્ષીણ થઇ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઇ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે. (૬) **છઠ્ઠું પદ–તે મોક્ષનો ઉપાય છે.**—જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃતિ કોઇ કાળે સંભવે નહી; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવા જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન સંયમાદિ મોક્ષ પદના ઉપાય છે."

— (વિશેષ માટે જુઓ) **શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૪૦૬ (૪૯૩)

"આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;
છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ.

ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્ દર્શન પણ એહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનિએ એહ."—**શ્રી આત્મસિદ્ધિ.**

"મુનિસુવ્રત જિનરાજ ! મુજ એક વિનતિ નિસુણો;
આતમ તત્ત્વ કર્યું જાણ્યું જગતગુરુ ! એહ વિચાર મુજ કહિયો;
આતમ તત્ત્વ જાણ્યા વિણ નિર્મલ, ચિત્તસમાધિ નવિ લહિયો મુ૦"—**શ્રી આનંદઘનજી.**

વળી આ આત્મતત્ત્વ સંબંધી ષડ્દર્શનની તે તત્ત્વજ્ઞ પુરુષ આ પ્રમાણે વિશેષ પર્યાલોચના કરે છેઃ (૧) કોઇ આત્મતત્ત્વને અબંધ માને છે, પણ આ આત્મા ક્રિયા કરતો દેખાય છે, તો તે ક્રિયાનું ફળ કોણ ભોગવશે ? (૨) જડ–ચેતન

ષડ્દર્શન મીમાંસા

આ બન્ને એક જ આત્મારૂપ છે, સ્થાવર–જંગમ બન્ને સરખા છે એમ કોઇ કહે છે. પણ તેમાં સુખ–દુઃખ વ્યવસ્થા નથી ઘટતી, અને **સંકર** નામનું દૂષણ આવે છે, એમ ચિત્તમાં વિચારી પરીક્ષા કરતાં જણાય છે. (૩) આત્મદર્શનમાં લીન એવો કોઇ કહે છે કે 'આત્મતત્ત્વ નિત્ય જ છે,' પણ તેમાં તો કરેલા કર્મના વિનાશરૂપ કૃતવિનાશ દોષ, અને નહિં કરેલા કર્મના આગમન-રૂપ અકૃતાગમ દોષ આવે છે, તે મતિહીનને દેખાતા નથી.

"કોઇ અબંધ આતમ તત્ત માને, કિરિયા કરતો દીસે;
ક્રિયાતણું ફલ કહો કુણ ભોગવે ? ઇમ પૂછ્યું ચિત્ત રીસે. મુનિસુવ્રત૦

જડ ચેતન આ આતમ એક જ, સ્થાવર જંગમ સરિખો;
દુઃખ સુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો. મુનિ૦
એક કહે નિત્ય જ આતમ તત્ત્વ, આતમ દરિશણ લીનો;
કૃતવિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુનિ૦"—**શ્રી આનંદઘનજી**

(૪) કોઇ કહે છે કે 'આ આત્મા ક્ષણિક છે એમ જાણો.' પણ તેમ માનતાં બંધ-મોક્ષ કે સુખ-દુઃખની વ્યવસ્થા નહિં ઘટે, એ વિચાર મનમાં લાવવા યોગ્ય છે. (૫) કોઇ વળી એમ કહે છે કે 'ચાર ભૂત શિવાયની અળગી-જૂદી એવી આત્મસત્તા ઘટતી નથી.' પણ આંધળો ગાડું નજરે ન ભાળે તેમાં ગાડાંનો શો દોષ?–એમ અનેક વાદીઓના મતવિભ્રમરૂપ સંકટમાં પડી ગયેલું ચિત્ત સમાધિ પામતું નથી, અને યથાર્થપણે આત્મતત્ત્વ સમજ્યા વિના તે સમાધિ ઉપજે એમ નથી, તો મુમુક્ષુએ કેમ કરવું?

"સૌગત મતિરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ નવિ ઘટે, એહ વિચાર મન આણો. મુનિ૦
ભૂત ચતુષ્ક વર્જિત આતમતત્ત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે? મુનિ૦
એમ અનેક વાદિ મતવિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્તસમાધિ-તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે. મુનિ૦"—**શ્રી આનંદઘનજી.**

ત્યારે તેનો અંતરાત્મા (અથવા પરમાત્મા) જાણે જવાબ આપે છે કે–અહો આત્મન્! તું સર્વ પક્ષપાત છોડી દઇ, રાગ-દ્વેષ-મોહ પક્ષથી વર્જિત એવા એક આત્મતત્ત્વમાં રઢ લગાડીને મંડી પડ! જે કોઈ આ આત્માનું ધ્યાન કરે છે તે ફરી આમાં આવતો નથી, અને બીજું બધુંય વાગ્જાલ છે એમ જાણે છે, આ તત્ત્વ ચિત્તમાં લાવે છે, માટે જેના વડે કરીને દેહ-આત્માનો વિવેક ઉપજે તે જ પક્ષ ગ્રહણ કરવો યોગ્ય છે, અને તે જ તત્ત્વજ્ઞાની કહેવાય. એટલે એનો અંતરાત્મા પુનઃ બોલી ઊઠે છે કે હે આત્મસ્વરૂપ આનંદઘન પ્રભુ! 'મુનિસુવ્રત! જો કૃપા કરો તો, '**આનંદઘન પદ** લહીએ.'

"વળતું જગગુરુ ઇણિ પેરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગ-દ્વેષ-મોહ પખ વર્જિત, આતમ શું રઢ મંડી....મુનિસુવ્રત૦
આતમધ્યાન ધરે જો કોઉ, સો ફિર ઇણમેં ના'વે;
વાગ્જાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે. મુનિ૦
જિણે વિવેક ધરિયે પખ ગૃહિયે, તત્તજ્ઞાની તે કહિયે:
મુનિસુવ્રત જો કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે. મુનિ"૦–**શ્રી આનંદઘનજી.**

ઈત્યાદિ પ્રકારે ષટ્પદની અને તે પરથી ફલિત થતા ષડ્દર્શનની મીમાંસા કરનારો

આ મહાતત્ત્વજ્ઞાની પુરુષ બીજી બધી પંચાત છોડી દઇ, શુદ્ધ આત્મધ્યાનમાં લીન થાય છે, અને ધ્યાવે છે કે:–હું દેહાદિથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છું. 'આ મ્હારા સ્વરૂપથી* ચ્યુત થઇ હું ઇંદ્રિયદ્વારોથી વિષયોમાં પતિત–પડી ગયો હતો. તે વિષયોને પામીને 'હું' એમ મને મેં પૂર્વે તત્ત્વથી ઓળખ્યો નહિં! જે અગ્રાહ્યને ગ્રહતું નથી ને ગ્રહેલને મૂકતું નથી, જે સર્વથા સર્વ જાણે છે, એવું સ્વસંવેદ્ય તે 'તત્' હું છું. તત્ત્વથી બોધાત્મા–બોધસ્વરૂપ એવા મને સમ્યક્પણે પેખતાં, રાગાદિ અત્રે જ ક્ષીણ થાય છે; તેથી કોઇ મ્હારો શત્રુ નથી, કે કોઇ મ્હારો પ્રિય મિત્ર નથી. મને નહિં દેખતો એવો આ લોક નથી મ્હારો શત્રુ કે નથી મારો મિત્ર.' આમ બહિરાત્માને ત્યજી અંતરાત્મામાં વ્યવસ્થિત થયેલો જ્ઞાની પુરુષ ભાવે છે કે–'જે પરમાત્મા છે તે હું છું, ને જે હું છું તે પરમ છું. તેથી હું જ મ્હારાથી ઉપાસ્ય છું, અન્ય કોઇ નહિં એમ સ્થિતિ છે. વિષયોમાંથી મને પ્રચ્યુત કરાવી, મ્હારાથી જ મ્હારામાં સ્થિત એવા પરમાનંદમય બોધાત્માને હું પ્રપન્ન થયેલો છું, પ્રાપ્ત થયેલો છું.' ઇત્યાદિ પ્રકારે **આત્મભાવના**ના પરિભાવનથી તે **દર્શનમોહ**નો ક્ષય કરે છે. અને તેથી કરીને દેહથી ભિન્ન એવા કેવલ શુદ્ધ ચૈતન્યનું આત્માનુભવમય જ્ઞાન જ્યાં વર્ત્તે છે, એવો **પરમ સૂક્ષ્મબોધ** તેને ઉપજે છે. એટલે પછી તેને તે શુદ્ધ સ્વરૂપનું એવું ધ્યાન પ્રવર્ત્તે છે કે તે ચારિત્રમોહને પ્રક્ષીણ–અત્યંત ક્ષીણ કરવા ભણી પ્રવર્ત્તે છે. જેમકે—

આત્મતત્ત્વ મીમાંસા

ચારિત્ર મોહ પરાજય

સર્વ ભાવથી તે ઔદાસીન્ય વૃત્તિ–ઉદાસીન ભાવ કરે છે, અને તેનો દેહ માત્ર સંયમના હેતુએ જ હોય છે; બીજા કોઇ કારણે તેને બીજું કાંઇ કલ્પતું નથી, અને દેહમાં પણ તેને કિંચિત્ મૂર્ચ્છા હોતી નથી. મન, વચન, કાયાના યોગને તે જેમ બને તેમ સંક્ષિપ્ત કરે છે, અને તે ત્રણે સંક્ષિપ્ત યોગની આત્મામાં સ્થિરતા કરે છે; તે પણ મુખ્યપણે તો દેહની સ્થિતિ પર્યંત–યાવજ્જીવ વર્ત્તે છે. તે આત્મસ્થિરતા એટલી બધી દૃઢ હોય છે કે ઘોર પરીષહ કે ઉપસર્ગના ભયથી પણ તેનો અંત આવી શકતો નથી.

સર્વત્ર ઔદાસીન્યઃ ગુપ્તિ સમિતિ

---

*"मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् । तान्प्रपद्याहमिति मां पुरा वेद न तत्त्वतः ॥
यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुञ्चति । जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम् ॥
क्षीयन्तेऽत्रैव रागाद्यास्तत्त्वतो मां प्रपश्यतः । बोधात्मानं ततः कश्चिन्न मे शत्रुर्न च प्रियः ॥
मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः । मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः ॥
यः परात्मा स एवाहं योऽहं स परमस्ततः । अहमेव मयोपास्यो नान्यः कश्चिदिति स्थितिः ॥
प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम् । बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम् ॥"

—શ્રી પૂજ્યપાદસ્વામીજી કૃત શ્રી સમાધિશતક.

અને તે સંક્ષિપ્ત મન-વચન-કાયાના યોગની પ્રવૃત્તિ કરવી પડે તો તે માત્ર સંયમના હેતુથી જ કરે છે, અને તે પણ નિજ આત્મસ્વરૂપનો નિરંતર લક્ષ રાખીને અને ભગવાન્ વીતરાગ દેવની આજ્ઞાને આધીનપણે રહીને. તે સંક્ષિપ્ત પ્રવૃત્તિ પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં હોય છે, અને છેવટે નિજ સ્વરૂપમાં લીન થાય છે. (જુઓ પૃ. ૨૫, પરમ આત્મદષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** આત્માનુભવસિદ્ધપણે સંગીત કરેલું 'અપૂર્વ અવસર'વાળું અપૂર્વ અનન્ય કાવ્ય.—જેનો ભાવ અત્ર અવતાર્યો છે).

"સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિં, દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?" ઇ૦—**શ્રીમદ્ રાજચંદ્રજી**

વિષયકષાયજય: અપ્રમાદ—અપ્રતિબંધ

પંચ ઇંદ્રિયના વિષયમાં તેને રાગદ્વેષ વિરહિતપણું હોય છે, ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ હોતી નથી; પાંચ પ્રકારના પ્રમાદથી એના મનને ક્ષોભ ઉપજતો નથી; દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી ને ભાવથી ક્યાંય પ્રતિબંધ કર્યા વિના તે નિર્લોભપણે પૂર્વ પ્રારબ્ધ કર્મના ઉદયને આધીન થઇને વિચરે છે. ક્રોધ પ્રત્યે તો તેને ક્રોધસ્વભાવપણું વર્ત્તે છે! માન પ્રત્યે દીનપણાનું માન હોય છે! માયા પ્રત્યે તે સાક્ષીભાવની-દૃષ્ટાભાવની માયા કરે છે! અને લોભ પ્રત્યે તે લોભ સમાન થતો નથી! કોઇ બહુ ઉપસર્ગ કરનારો હોય તો તેના પ્રત્યે તે કોપતો નથી. ચક્રવર્તી આવીને વંદન કરે તો પણ તેનામાં માન ગોત્યું જડતું નથી, દેહ છૂટી જાય તો પણ તેના રોમમાં પણ માયા ઉપજતી નથી. પ્રબળ લબ્ધિ-સિદ્ધિ પ્રગટે તો પણ તેને લોભનો અંશ પણ સ્પર્શતો નથી.

સર્વત્ર સમભાવ: જિનકલ્પીવત્ ચર્યા

શત્રુ-મિત્ર પ્રત્યે તેને સમદર્શિપણું વર્ત્તે છે, માન-અપમાનમાં પણ તેનો તે જ સ્વભાવ વર્ત્તે છે, જીવિતમાં કે મરણમાં તે ન્યૂનાધિકપણું-ઓછાવત્તાપણું માનતો નથી, અને સંસાર હો કે મોક્ષ હો તે પ્રત્યે તેને શુદ્ધ સમભાવ વર્ત્તે છે. તે એકાકીપણે સ્મશાનને વિષે વિચરે છે, વળી પર્વતમાં કે જ્યાં વાઘ-સિંહનો સંયોગ હોય છે ત્યાં પણ વિચરે છે; છતાં તેનું આસન અડોલ રહે છે ને મનમાં કોઇપણ પ્રકારનો ક્ષોભ ઉપજતો નથી, પણ જાણે પરમ મિત્રનો યોગ પામ્યા હોય એમ તે જાણે છે. ઘોર તપશ્ચર્યા કરતાં પણ તેના મનને તાપ થતો નથી, અને સરસ અન્નથી તેના મનને પ્રસન્નભાવ ઉપજતો નથી. રજકણ હો કે વૈમાનિક દેવની ઋદ્ધિ હો,—તે સર્વેય એક પુદ્ગલસ્વભાવરૂપ છે એમ તે માને છે.

આમ તે **ચારિત્રમોહનો** પણ **પરાજય** કરે છે, એટલે સર્વથા મોહના અભાવથી તત્ત્વસમાવેશરૂપ કારણને લીધે-અત્યંત તત્ત્વપરિણતિને લીધે તેને સદાય હિતોદય જ

હોય છે. મોહાંધકાર હરનારી **મીમાંસા**દીપિકાના× તત્ત્વપ્રકાશવડે **સદાય હિતોદય** કરીને તેને સદાય આત્મકલ્યાણની-ધર્મની વૃદ્ધિ થયા જ કરે છે. તેનો **વસ્તુસ્વભાવરૂપ** આત્મધર્મ અધિકાધિક અંશે ઉન્મીલન પામતો જાય છે, પ્રગટતો જાય છે. આમ તેની આત્મદશા ઉત્તરોત્તર ચઢતી કળાને પામતી જાય છે, તે ઉત્તરોત્તર ઉત્તમ આત્મગુણની શ્રેણી પર આરૂઢ થતો જાય છે. જેમ બીજનો ચંદ્રમા ઉત્તરોત્તર ચઢતી કળાને પામી પ્રાંતે પૂર્ણતાને પામે છે, તેમ આ સમ્યગ્દૃષ્ટિ મહાત્મા યોગીનો હિતરૂપ ચંદ્ર ઉત્તરોત્તર ચઢતી કળાને પામી પૂર્ણસ્વરૂપપણાને પામે છે.

"ભોગતત્ત્વને રે એ ભય નવિ ટળે, જૂઠા જાણે રે ભોગ;
તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે, લહે મુનિ **સુયશ** સંયોગ.
ધન ધન શાસન શ્રી જિનવરતણું !" —**શ્રી યો. દ. સજ્ઝાય.** ૬-૯

卐

કાંતા દૃષ્ટિ : કોષ્ટક ૧૨

દર્શન-તારા સમાન	અન્યમુદ્ ચિત્તદોષ ત્યાગ
યોગાંગ-ધારણા	મીમાંસા-ગુણપ્રાપ્તિ

★

—: કાંતા દૃષ્ટિનો સાર :—

છઠ્ઠી કાંતા દૃષ્ટિમાં, આગલી દૃષ્ટિમાં જે નિત્યદર્શન, પ્રત્યાહાર, અભ્રાંતિ, સૂક્ષ્મબોધ વગેરે કહ્યું, તે તો હોય જ છે, અને તે બીજાઓને પ્રીતિ ઉપજાવે એવું હોય છે. તે ઉપરાંત અત્રે **ધારણા** નામનું છઠ્ઠું યોગાંગ પ્રાપ્ત થાય છે. એ પરમ ધારણાને લીધે અત્રે **અન્યમુદ્** નામનો ચિત્તદોષ હોતો નથી, અર્થાત્ ચિત્ત ધર્મ શિવાય કોઈ અન્ય સ્થળે આનંદ પામતું નથી. અને હિતોદય કરનારી એવી નિત્ય **મીમાંસા**-સદ્વિચારણા અત્ર હોય છે.

આ દૃષ્ટિમાં ધર્મના માહાત્મ્યને લીધે **સમ્યક્ આચારવિશુદ્ધિ હોય છે.** અને તેથી કરી આ દૃષ્ટિવાળો યોગી સત્પુરુષ પ્રાણીઓને પ્રિય થઈ પડે છે, અને તે **ધર્મમાં એકાગ્ર મનવાળો હોય છે.** એનું મન સદાય શ્રુતધર્મમાં લીન રહે છે, અને કાયા જ બીજા કામમાં હોય છે,—જેમ પતિવ્રતા સ્ત્રીનું ચિત્ત ઘરનાં બીજા બધાં કામ કરતાં પણ

+ "मीमांसादीपिका चास्यां मोहध्वान्तविनाशिनी ।
तत्त्वालोकेन तेन स्यान्न कदाप्यसमञ्जसम् ॥" —**श्री द्वा. द्वा. २४-१५**

પોતાના પતિમાં જ લીન રહે છે, તેમ. એથી કરીને **આક્ષેપક જ્ઞાનને** લીધે એને ભોગો ભવહેતુ–સંસારકારણ થતા નથી.

માયાજલને તત્ત્વથી–તેના સ્વરૂપથી દેખનારો પુરુષ જેમ બેધડકપણે શીઘ્ર તેની મધ્યેથી, વ્યાઘાત પામ્યા વિના, ચાલ્યો જાય જ છે; તેમ માયાજલની ઉપમા જેને ઘટે છે, એવા ભોગોને તેના સ્વરૂપથી દેખનારો સમ્યગ્દૃષ્ટિ દ્રષ્ટા પુરુષ, તે ભોગવતાં છતાં અસંગ–અનાસક્ત હોઈ, પરમપદ પ્રત્યે જાય જ છે. પણ ભોગ જેને મન તત્ત્વરૂપ–સાચેસાચા ભાસે છે, એવા **ભોગતત્ત્વ** પુરુષને તો ભવસમુદ્રનું ઉલ્લંઘન થતું નથી. કારણ કે તેની તથાપ્રકારની બુદ્ધિથી તેના ઉપાયમાં તેની અપ્રવૃત્તિ હોય છે. માયાજલમાં જેને તેવા વિપર્યાસને લીધે દૃઢ અભિનિવેશ–આગ્રહ છે, એવો કોણ અહીં માયામાં–જ્યાં જલબુદ્ધિ છે તે માર્ગે જાય? એટલે તે તો ભવોદ્વિગ્ન–ભવથી દુઃખ પામતો રહી, જેમ ત્યાં જ–માર્ગમાં જ નિઃસંશય સ્થિતિ કરે છે, તેમ ભોગજંબાલથી મોહિત એવો તે મોક્ષમાર્ગમાં પણ 'સ્થિતિ' કરે છે, જ્યાં છે ત્યાંનો ત્યાં જ પડ્યો રહે છે, પણ આગળ પ્રગતિ કરતો નથી.

સદા સદ્‌વિચારરૂપ મીમાંસા ભાવથી આ દૃષ્ટિમાં કદી મોહ હોતો નથી, એથી કરીને '**અમોહસ્વરૂપ**' એવા '**બોધમૂર્ત્તિ**' જ્ઞાની પુરુષને સદૈવ **હિતોદય** જ હોય છે, અર્થાત્ ઉત્તરોત્તર આત્મદશાની પ્રગતિરૂપ હિતનો–આત્મકલ્યાણનો સમુદય થયા જ કરે છે.

યોગદૃષ્ટિ કળશ કાવ્ય

હરિગીત

કાંતા સમી નિત કાંત કાંતા દૃષ્ટિ યોગિજન તણી,
તારા સમી દર્શનપ્રભાથી ચમકતી નિત્યે ઘણી;
સૂક્ષ્મબોધ પ્રકાશ કાંતિ ચિદાકાશ ઝગાવતી,
પુષ્ટ તત્ત્વવિચારણામય મીમાંસા બલથી અતિ. ૧૨૭
મ્યાનથી અસિ જેમ આત્મા ભિન્ન દેહાદિ થકી,
અવિનાશી ને ઉપયોગવંતો દેખતો નિત્યે નકી;
યોગી પરા ધીર ધારણા આત્મસ્વરૂપે ધારતો,
પરભાવ તેમ વિભાવમાં કદી મોદ તે ન ધરાવતો. ૧૨૮
આત્મ સ્વભાવે વર્ત્તનારૂપ ધર્મમાં વર્ત્તન થકી,
આચારની શુદ્ધિ પરા આ પામતો યોગી નકી;
ધર્મમાં એકાગ્રમન આ ધર્મમૂર્ત્તિ મહાત્મને,
આ ધર્મના મહિમા થકી હોયે અતિ પ્રિયતા જને. ૧૨૯

શ્રુત ધર્મમાં નિત ચિત્ત ધારે, કાય કાર્ય બીજા મહીં,
મન જેમ મહિલાનું સદાયે લીન વ્હાલામાં અહીં;
જ્યમ ગાય વનમાં જાય, ચારો ચરે, ચાર દિશા ફરે,
પણ દૃષ્ટિ તો તેની સદા નિજ વત્સ વ્હાલા પર ધરે. ૧૩૦
શ્રુત ધર્મ જેનું ચિત્ત આમ જ નિત્ય આક્ષેપે અહીં,
તે જ્ઞાનાક્ષેપકવંતને ભોગો ય ભવ હેતુ નહિં !
મોહમયી માયામહીં પણ અમોહસ્વરૂપી સદા,
દુષ્કરકરા તે કમલવત્ જલમાં ન લેપાયે કદા. ૧૩૧
મૃગજલ અહીં મૃગજલપણે જે તત્ત્વથી જન પેખતો,
તે સોંસરો બેધડક તે બાધા વિના ચાલ્યો જતો;
ત્યમ ભોગ માયાજલ સમા જે સ્વરૂપથી અહીં દેખતો,
ભોગ'તાંય અસંગ રહી તે પદ પરમ પ્રત્યે જતો. ૧૩૨
ભોગ તત્ત્વ જ માનતો તે ભવસમુદ્ર તરે નહિં,
માયાજલે આવેશ દૃઢ તે તે પથે વિચરે નહિં;
તે ત્યાં જ ભવઉદ્વિગ્ન જ્યમ માયાજલે સ્થિતિ ધારતો,
ત્યમ મોક્ષમાર્ગે પણ કરે 'સ્થિતિ' ભોગમલ મોહિત થતો. ૧૩૩
હું એક શુદ્ધ જ જ્ઞાનમય, બાકી બધુંય અનિષ્ટ છે,
એ પુષ્ટ તત્ત્વ સુધાતણા રસપાનથી નિત પુષ્ટ છે;
તે યોગી **મનનંદન** ધરે કયમ મોહ કૈં પરભાવમાં ?
હિત ઉદય તે પામે સદા **ભગવાનદાસ** સ્વભાવમાં. ૧૩૪

॥ इति महर्षि श्रीहरिभद्राचार्यविरचिते किरत्चंद्रसूनुमनःसुखनंदनेन भगवानदासेन सुमनोनंदनीबृहत्टीकानामकविवेचनेन सप्रपञ्चं विवेचिते श्रीयोगदृष्टिसमुच्चयशास्त्रे षष्ठी कान्तादृष्टिः ॥

૭

પ્રભા દૃષ્ટિ

છઠ્ઠી દૃષ્ટિ પ્રતિપાદન કરવામાં આવી. હવે સાતમી કહેવામાં આવે છેઃ—

ध्यानप्रिया प्रभा प्रायो नास्यां रुगत एव हि ।
तत्त्वप्रतिपत्तियुता सत्प्रवृत्तिपदावहा + ॥ १७० ॥

ધ્યાન પ્રિયા પ્રાયે પ્રભા, એથી અત્ર ન રોગ;
તત્ત્વ પ્રતિપત્તિ અહીં, સત્પ્રવૃત્તિ પદ યોગ. ૧૭૦

અર્થ:—પ્રભા દૃષ્ટિ પ્રાયે ધ્યાનપ્રિયા હોય છે, એથી કરીને જ આમાં 'રોગ' નામનો દોષ હોતો નથી. આ દૃષ્ટિ તત્ત્વપ્રતિપત્તિ યુક્ત અર્થાત્ યથાર્થ આત્માનુભવયુક્ત હોય છે, અને સત્પ્રવૃત્તિ પદને આણનારી હોય છે.

વિવેચન

"અર્કપ્રભા સમ બોધ પ્રભામાં, ધ્યાન પ્રિયા એ દિઠ્ઠી,
તત્ત્વતણી પ્રતિપત્તિ વળી ઇહાં, રોગ નહિં સુખ પુઠ્ઠી....
રે ભવિકા! વીર વચન ચિત્ત ધરીએ"—**શ્રી યો. દ. સજ્ઝા. ૭-૧**

આ સાતમી **પ્રભા દૃષ્ટિ**માં પૂર્વોક્ત નિયમાનુસાર સૂર્યપ્રભા સમાન બોધ, સાતમું યોગાંગ **ધ્યાન**, સાતમા 'રુગ્' દોષનો અભાવ ને સાતમા **તત્ત્વપ્રતિપત્તિ** ગુણનો સદ્ભાવ હોય છે. આવી આ દૃષ્ટિ પ્રાયે ધ્યાનપ્રિયા હોય છે, તથા વિશેષે કરીને શમસંયુક્ત અને તેથી **સત્પ્રવૃત્તિપદાવહા**—સત્પ્રવૃત્તિપદ આણનારી હોય છે.

વૃત્તિ:—એમ આ દૃષ્ટિ 'સત્પ્રવૃત્તિપદાવહા' છે એમ પિંડાર્થ છે, અર્થાત્ સત્પ્રવૃત્તિપદને લાવનારી છે.

+ પાઠાંતર:—विशेषेण शमान्विता। **અર્થાત્** વિશેષે કરીને શમ સંયુક્ત એવી હોય છે. અત્ર વૃત્તિ પણ અપૂર્ણ અથવા ખંડિત જણાય છે.

આ દૃષ્ટિને **સૂર્યપ્રભાની ઉપમા** આપી, તે યથોચિત છે. કારણ કે તારા કરતાં **સૂર્યનો પ્રકાશ અનેકગણો બળવાન્ હોય છે, તેમ** છઠ્ઠી **કાંતા** દૃષ્ટિ કરતાં સાતમી **પ્રભા** દૃષ્ટિનું દર્શન–બોધપ્રકાશ અનેકગુણવિશિષ્ટ બળવાન્, પરમ અવગાઢ હોય છે. આને '**પ્રભા**' નામ આપ્યું તે પણ યથાર્થ છે: પ્ર+ભા અર્થાત્ પ્રકૃષ્ટ બોધપ્રકાશ જેનો છે તે પ્રભા. જેમ સૂર્યની પ્રભા અતિ ઉગ્ર તેજસ્વી છે, તેમ આ દૃષ્ટિની બોધ–પ્રભા અતિ ઉગ્ર તેજસ્વી, બળવાન્ ક્ષયોપશમસંપન્ન હોય છે. સૂર્યપ્રકાશથી જેમ સર્વ પદાર્થનું બરાબર દર્શન થાય છે, સમસ્ત વિશ્વ પ્રકાશિત થાય છે, તેમ આ દૃષ્ટિના બોધપ્રકાશથી સર્વ પદાર્થસાર્થનું યથાર્થ દર્શન થાય છે.

યોગનું સાતમું અંગ: ધ્યાન

અને આ દૃષ્ટિનો આવો પ્રકૃષ્ટ બોધ–પ્રકાશ હોય છે, તેથી જ આ બોધ નિરંતર ધ્યાનનો હેતુ થઇ પડે છે, કારણ કે જ્ઞાનપ્રમાણ ધ્યાન થાય છે; જેવું જ્ઞાન બળવાન્ તેવું ધ્યાન પણ બળવાન્ હોય છે. આમ આ દૃષ્ટિ ધ્યાનપ્રિયા હોય છે, ધ્યાનની વ્હાલી પ્રિયતમા જેવી હોય છે, જ્યાં ધ્યાન યોગીને અત્યંત પ્રિય હોય છે એવી હોય છે. એટલે અહીં સ્થિતિ કરતો યોગી જ્ઞાની પુરુષ પોતાને પરમ પ્રિય એવું **અખંડ આત્મધ્યાન** ધ્યાવે છે. અને આ આત્મધ્યાન તીક્ષ્ણ આત્મોપયોગવાળું–આત્મજાગ્રતિવાળું હોવાથી, તેમાં પ્રાયે–ઘણું કરીને કોઇ પણ વિકલ્પ ઊઠવાનો અવકાશ હોતો નથી, એવું તે **નિર્વિકલ્પ** હોય છે.

ધારણા નામનું છઠ્ઠું યોગાંગ સાંપડ્યા પછી સ્વાભાવિક ક્રમે સાતમું **ધ્યાન** નામનું યોગાંગ પ્રાપ્ત થાય છે. કારણ કે ધારણા એટલે અમુક વિષયમાં–પ્રદેશમાં ચિત્તબંધ થાય, એટલે તેના પુનઃ પુનઃ સંસ્કારથી તેના અંતસ્તત્ત્વ પ્રત્યે ચિત્ત દોરાય છે, અને તેમાં જ એકાગ્ર થાય છે. આત્માને આત્મસ્વભાવ અભિમુખ ધારી રાખવારૂપ ધારણાથી આત્મામાં એકાગ્રતારૂપ ધ્યાન પ્રગટે છે. 'योगश्चित्तवृत्तिनिरोधः' (પા૦ ૧–૧). **ધારણામાં** સ્વરૂપાભિમુખ પ્રવૃત્તિમાં ચિત્તનું અવધારણ હોય છે, અને ધ્યાનમાં શુદ્ધ આત્મતત્ત્વનું સાક્ષાત્ અનુસંધાન હોય છે. 'तत्र प्रत्ययैकतानता ध्यानम्।' (પા૦ ૩–૨). ચિત્તના ધારણા–દેશમાં પ્રત્યયની એકતાનતા થવી અર્થાત્ ધારણા પ્રદેશમાં એક સરખા અખંડ પરિણામની ધારા રહેવી તે ધ્યાન છે. (જુઓ દ્વા. દ્વા.) 'જે સ્થિર અધ્યવસાય તે ધ્યાન છે, અને અસ્થિર ચિત્ત તે ભાવના, અનુપ્રેક્ષા, વા ચિંતા એમ ત્રણ પ્રકારે છે. એક અર્થમાં મનની અંતર્મુહૂર્ત્ત સ્થિતિ તે ધ્યાન છે. અનેક અર્થસંક્રમમાં લાંબી પણ સ્થિતિ હોય, તે અચ્છિન્ન–અખંડ એવી ધ્યાનસંતતિ છે.' (જુઓ અધ્યાત્મસાર).

ધ્યાનના મુખ્ય **ચાર ભેદ** છે—(૧) આર્ત્ત, (૨) રૌદ્ર, (૩) ધર્મ, (૪) શુક્લ. તેમાં આર્ત્ત–રૌદ્ર એ બે દુર્ધ્યાન સંસારના કારણ હોઇ અપ્રશસ્ત અને અનિષ્ટ છે,

અને આત્માર્થી મુમુક્ષુને સર્વથા હેય છે-ત્યજવા યોગ્ય છે. બાકીના બે **ધર્મ** અને **શુક્લ** મોક્ષના કારણ હોઈ પ્રશસ્ત અને ઇષ્ટ છે, અને આત્માર્થી મુમુક્ષુને સર્વથા આદેય છે, પરમ આદરથી આદરવા યોગ્ય છે. અથવા **પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ** અને **રૂપાતીત** એમ ધ્યાનના ચાર પ્રકાર પણ સમજવા યોગ્ય છે. આ સર્વ ધ્યાનપ્રકાર વિસ્તારથી સમજવા માટે જિજ્ઞાસુએ શ્રી **જ્ઞાનાર્ણવ, અધ્યાત્મસાર, યોગશાસ્ત્ર, મોક્ષમાળા** આદિ ગ્રંથરત્નો અવલોકવા. આ સર્વ પ્રકારના ધ્યાનનો અંતિમ ઉદ્દેશ શુદ્ધ આત્માના ધ્યાન પર આરૂઢ થવાનો છે. એટલે **આત્મધ્યાન** એ જ મુખ્ય ધ્યાન છે. અત્રે ધ્યાનનું સ્વરૂપ બરાબર સમજવા માટે ધ્યાતા-ધ્યેય આદિનું સ્વરૂપ સમજવા યોગ્ય છેઃ—

ધ્યાતા સ્વરૂપ

ચાર ભાવનાથી સ્થિર ચિત્ત

આ ધ્યાન ધરનાર **ધ્યાતા** યોગી પુરુષ પણ તે માટેની યથાયોગ્ય યોગ્યતાવાળો હોવો જોઈએ, અને તે માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય એ **ચાર ઉત્તમ ભાવનાઓથી+ ભાવિતાત્મા** હોવો જોઈએ-દૃઢ ભાવરંગી હોવો જોઈએ. કારણ કે **જ્ઞાનભાવનાથી** નિશ્ચલપણું થાય છે, **દર્શનભાવનાથી** અસંમોહ હોય છે, **ચારિત્રભાવનાથી** પૂર્વ કર્મોની નિર્જરા થાય છે અને **વૈરાગ્ય ભાવનાથી** સંગનો આશંસાનો ને ભયનો ઉચ્છેદ થાય છે; અર્થાત્ વૈરાગ્યને લીધે ચિત્ત કયાંય પણ સંગ-આસક્તિ કરતું નથી, અને આ લોક-પરલોકાદિ સંબંધી કોઈ પણ આશંસા-ઇચ્છા કરતું નથી, અને કોઈ પણ પ્રકારના ભયકારણથી ક્ષોભ પામતું નથી. આમ જે ચાર ભાવનાથી ભાવિત હોય છે, તેનું ચિત્ત સ્થિર થાય છે. અને આવો જે **સ્થિરચિત્ત** હોય છે, તે જ ધ્યાનની યોગ્યતા પામે છે, બીજાને-અસ્થિર-ચિત્તને તેની યોગ્યતા હોતી નથી. ધ્યાનની સિદ્ધિ માટે ચિત્તસ્થિરતા એ સૌથી પ્રથમ આવશ્યક છે. **પરમ આત્મદષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી**નું પરમ ગંભીર તત્ત્વવચન છે કે '**બીજી સમજણ પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ.**' તેમજ **ગીતામાં** પણ કહ્યું છે કે '*અસંયતાત્માને યોગ પામવો દુર્લભ છે એમ મ્હારી મતિ છે, પણ જેને આત્મા-મન વશ છે તે યત્નવંતને યોગ ઉપાયવડે કરીને પામવો શક્ય છે.'-આ બધુંય ઉપરોક્ત ભાવનાથી ભાવિતાત્મામાં બરાબર ઘટે છે. શ્રી **નેમિચંદ્રાચાર્યજીએ બૃહદ્ દ્રવ્યસંગ્રહ**માં ભાખ્યું છે કે-'જો તમે વિચિત્ર પ્રકારના ધ્યાનની પ્રસિદ્ધિને અર્થે

+ " निश्चलत्वमसंमोहो निर्जरा पूर्वकर्मणाम् । सङ्गाशंसाभयोच्छेदः फलान्यासां यथाक्रमम् ॥
स्थिरचित्तः किलैताभिर्याति ध्यानस्य योग्यताम् । योग्यतैव हि नान्यस्य तथा चोक्तं परैरपि ।।"
—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મસાર.

* " असंयतात्मना योगो दुःप्राप्य इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ "—ગીતા અ. ૬.

ચિત્તને સ્થિર ઇચ્છતા હો, તો ઇષ્ટ અનિષ્ટ અર્થોમાં મોહ મ પામો, રાગ મ કરો, દ્વેષ મ કરો.'

"मा मुज्जह मा रज्जह मा दुस्सह इट्ठणिट्ठअत्थेसु ।
थिरमिच्छह जइ चित्तं विचित्तज्झाणप्पसिद्धिए ॥"

—શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તીકૃત બૃહદ્ દ્રવ્યસંગ્રહ.

આમ મનના અને ઇંદ્રિયના જયથી જે નિર્વિકાર બુદ્ધિવાળો છે, તે ધ્યાતા **શાંત** અને **દાંત** એવો હોય છે, અર્થાત્ કષાયની ઉપશાંતતાથી તે શાંત હોય છે, અને ઇંદ્રિયાદિના દમનથી તે દાંત હોય છે. ગીતામાં કહેલા **સ્થિતપ્રજ્ઞ**ના

શાંત, દાંતઃ સ્થિતપ્રજ્ઞ

લક્ષણ આ શાંત–દાંત યોગીમાં સંપૂર્ણપણે ઘટે છેઃ– 'હે અર્જુન ! જ્યારે સર્વ મનોગત કામોને–ઇચ્છાઓને છોડી દે છે, ત્યારે આત્માથી આત્મામાં જ તુષ્ટ એવો તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. દુઃખોમાં તેના મનને ઉદ્વેગ ઉપજતો નથી અને સુખોમાં તે સ્પૃહા કરતો નથી. **વીતરાગ, વીતભય, વીતક્રોધ** હોય એવો તે મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.' આત્મારામપણાએ સ્થિત એવો શાંત–દાંત પુરુષ ખરેખર ! આવા લક્ષણવાળો હોય છે.

અને આ સાતમી દૃષ્ટિવાળા યોગી પુરુષ તો આવા ઉત્તમ કોટિના ધ્યાતા હોય જ છે, કારણ કે અત્યાર સુધીની ઉત્તમ યોગસાધનાથી તે અત્યંત **સ્થિરચિત્ત** અને **સ્થિતપ્રજ્ઞ** થઇ ચૂકયા છે. (૧) સૂક્ષ્મ તત્ત્વબોધ અને તેની મીમાંસાથી–સૂક્ષ્મ

આ દૃષ્ટિવાળો ઉત્તમ ધ્યાતા

સદ્વિચારણાથી તેને જ્ઞાન–દર્શનની ઉત્તમ ભાવના થઇ હોય છે. (૨) અહિંસાદિ પાંચ યમના પાલનથી, શૌચ સંતોષાદિ નિયમના સેવનથી, ચિત્ત સમાધાનકારી **સુખાસન**ની દૃઢતાથી, બાહ્ય ભાવના વિરેચન અને અંતર્ આત્મભાવના પૂરણ–કુંભનરૂપ **પ્રાણાયામ**થી, ઇંદ્રિયોને વિષયોમાંથી પાછી ખેંચી લેવારૂપ **પ્રત્યાહાર**થી અને ચિત્તને ધર્મધ્યાનમાં ધારી રાખવારૂપ દૃઢ **ધારણા**થી,– આમ યોગાંગોના નિરંતર **અભ્યાસ**થી—પુનઃ પુનઃ ભાવનથી તેની **ચારિત્રભાવના** ઉત્તમ પ્રકારની થઇ હોય છે. (૩) અને જ્ઞાન–દર્શન–ચારિત્રની આવી ઉત્તમ ભાવનાવાળા આ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષ પરમ **વૈરાગ્યભાવના**થી રંગાયેલા હોય છે, તેથી પરમ ઉદાસીન એવા તે વીતરાગ પુરુષ કયાંય પણ સંગ–આસક્તિ કરતા નથી, આ લોક–પરલોક સંબંધી કોઇપણ ઇચ્છા ધરતા નથી, જીવવાની તેમને તૃષ્ણા નથી ને મરણયોગથી તે ક્ષોભ પામતા

×"प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् । आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥
दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः । वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥"—ગીતા.

"सुविदिदपदत्थसुत्तो संजमतवसंजुदो विगतरागो ।
समणो समसुहदुक्खो भणिदो सुद्धोवओगोत्ति ॥"

—શ્રી કુંદકુંદાચાર્યજીકૃત શ્રી પ્રવચનસાર

નથી, એવા તે સર્વ ભયથી મુક્ત–પરમ નિર્ભય અવધૂત હોય છે. યોગીશ્વર **રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે :—

"નહિં તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહિં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

અને આમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વૈરાગ્યની ઉત્કૃષ્ટ ભાવનાઓથી અસ્થિમજ્જા પર્યંત હાડોહાડ રંગાયેલા, ને આત્મભાવનાથી, અત્યંતપણે ભાવિતાત્મા એવા યોગીને, ચિત્ત–વિક્ષેપ ઉપજાવનારા દોષો નિવૃત્ત થઈ ગયા હોવાથી, ચિત્તની અત્યંત સ્થિરતા વર્તે છે. એટલે આ આવા સ્થિરચિત્ત, સ્થિતપ્રજ્ઞ, આત્મારામી શાંત–દાંત, વીતરાગ યોગીશ્વર સમગ્ર ધ્યાનસામગ્રીથી સંપન્ન હોઈ, કયાંય પણ ઇષ્ટ–અનિષ્ટ અર્થમાં મોહ પામતા નથી, રાગ ધરતા નથી, દ્વેષ કરતા નથી અને એટલે જ આ પરમ નિર્ગ્રંથ વીતરાગ મુનીશ્વર પરમ નિશ્ચય ધ્યાનને માટે–શુદ્ધ આત્મધ્યાનને માટે પરમ યોગ્ય હોય છે.

ધ્યેય સ્વરૂપ

ધ્યેય એટલે ધ્યાન કરવાનો વિષય–આલંબન. કોઇ પણ ધ્યેય ચિંતવવાનો અંતિમ (Ultimate) હેતુ **આત્મધ્યાન** પર આરૂઢ થવાનો છે. જે કંઇ ચિંતવતાં આત્મા નિરીહ વૃત્તિને પામી એકાગ્રપણાને પામે તે ધ્યેય છે. તેમાં મુખ્ય ધ્યેય આ છેઃ—(૧) ચેતન કે અચેતન એવી મૂર્ત્ત–અમૂર્ત્ત વસ્તુ, (૨) પંચ પરમેષ્ઠિ, (૩) આત્મા.

૧. વસ્તુ ચેતન–અચેતન એમ બે ભાગમાં વિભક્ત છે. તે ઉત્પત્તિ–સ્થિતિ–લયરૂપ સત્ સ્વરૂપસંપન્ન છે. નિજ નિજ ગુણપર્યાયથી યુક્ત એવું પ્રત્યેક દ્રવ્ય પોતપોતાની સ્વરૂપસત્તામાં અવસ્થિત છે. સ્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી અસ્તિરૂપ એવી પ્રત્યેક વસ્તુ, પર દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી નાસ્તિરૂપ છે. અર્થાત્ કોઇ વસ્તુ સ્વરૂપ છોડી પરરૂપને ભજતી નથી, સ્વસમયની મર્યાદા ઉલ્લંઘી પરસમયમાં જતી નથી. **જડ છે તે જડ ભાવે જ પરિણમે છે,** અને **ચેતન** છે તે ચેતન ભાવે જ પરિણમે છે. એમાં કોઇ પોતાનો સ્વભાવ છોડી પલટતું નથી. જડ તે ત્રણે કાળમાં જડ છે, અને ચેતન તે ત્રણે કાળમાં ચેતન છે. આ પ્રગટ અનુભવરૂપ છે, એમાં સંશય કેમ હોય? ઈત્યાદિ પ્રકારે કોઇ પણ ધ્યેય વસ્તુના સ્વરૂપચિંતન પરથી આત્મા શુદ્ધ સ્વવસ્તુના સ્વરૂપચિંતન પ્રત્યે ઢળે છે, અને શુદ્ધ આત્માના ધ્યાન પર ચઢે છે.

"જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહિં, છોડી આપ સ્વભાવ.
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય એમાં કેમ?"—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

૨. અથવા **પંચ પરમેષ્ઠિનો** પરમેષ્ઠિવાચક નામમંત્રોથી જપ કરવો (**પદસ્થ ધ્યાન**) તે પણ ધ્યાનનો ઉત્તમ વિષય છે, ઉત્તમ ધ્યેય છે.

"नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं।"

અરિહંતનું ધ્યાન

(૧) 'જેના ચાર ઘાતિકર્મ નષ્ટ થયા છે, અને તેથી કરીને જ અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય, અનંત આનંદમય છે, એવો જે શુભદેહસ્થ× શુદ્ધ આત્મા તે '**અર્હત્**' ધ્યાન કરવા યોગ્ય છે.' ધ્યાનના ફલરૂપ પરમ આત્મ-સમાધિને પામી જે દેહ છતાં **દેહાતીત** કાયોત્સર્ગ દશાએ વિચરે છે, એવા **સહજાત્મસ્વરૂપે** સ્થિત **શુદ્ધ** આત્મા તે જ અર્હત્-જિન ભગવાન્-સર્વજ્ઞ પરમાત્મા છે. આ જીવનમુક્ત દેહધારી પરમાત્માનું તાત્ત્વિક શુદ્ધ સ્વરૂપ આત્માર્થી મુમુક્ષુને પરમ ધ્યેય છે, ધ્યાન કરવા યોગ્ય છે; કારણ કે આ સહજાત્મસ્વરૂપી શુદ્ધ આત્માના ધ્યાનથી આત્મા શુદ્ધ આત્મસ્વરૂપના ધ્યાન પર આરૂઢ થાય છે. એટલે આ 'પરમેષ્ઠિ'નું ધ્યાન મુમુક્ષુને હસ્તાવલંબનરૂપ હોવાથી પરમ ઇષ્ટ છે. જિનવરના આલંબનથી આત્મા આત્માવલંબની થઇ નિજ સ્વરૂપનો ધ્યાતા થાય છે.

"**નેમિ** પ્રભુ ધ્યાને રે એકત્વતા, નિજ તત્ત્વે એકતાનોજી;
શુકલ ધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહિયે મુકિત નિદાનોજી."—શ્રી **દેવચંદ્રજી.**

"દેહ તોય જેહની દશા અદેહ વર્ત્તતી, વૃત્તિ આત્મભાવમાં સદા સ્વયં પ્રવર્ત્તતી;
યોગિનાથ જે ધરી રહ્યા જીવન્‌વિમુક્તિને, વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વંદું એ વિભૂતિને."
શ્રી અરિહંતસ્તોત્ર (ડૉ. ભગવાનદાસ મ. મહેતા વિરચિત)

સિદ્ધનું ધ્યાન

(૨) 'જેના અષ્ટ+ કર્મ અને દેહ નષ્ટ થયા છે, લોકાલોકના જે જ્ઞાયક ને દ્રષ્ટા છે, એવા પુરુષાકાર **સિદ્ધ** આત્મા લોકશિખર સ્થિત છે તે ધ્યાવવા.' સર્વ કર્મકલંકનો ક્ષય કર્યાથી જેણે શુદ્ધ આત્મા સિદ્ધ કર્યો છે, દેહ રહિત એવા શુદ્ધ આત્મા પ્રગટ કર્યો છે, સહજાત્મસ્વરૂપને પ્રાપ્ત એવા જે શુદ્ધ આત્મા થયા છે, કેવલ ચૈતન્યમય આત્મતત્ત્વ અવસ્થાના પ્રગટપણાથી જે સ્વરૂપ-પ્રતિષ્ઠત્વરૂપ કૈવલ્યને પામ્યા છે,-એવા શુદ્ધ આત્મારૂપ સિદ્ધ ભગવાન્ તે પરમ ધ્યેય છે—

×"णट्ठचदुघाइकम्मो दंसणसुहणाणवीरियमईओ ।
सुहदेहत्थो अप्पा सुद्धो अरिहो विचिंतिज्जो ॥"
—**શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી**કૃત **શ્રી બૃહદ્ દ્રવ્યસંગ્રહ.**

+"णट्ठट्ठकम्मदेहो लोयालोयस्स जाणओ दट्ठा। पुरिसायारो अप्पा सिद्धो झाएह लोयसिहरत्थो ॥"
—**શ્રી બૃહદ્ દ્રવ્યસંગ્રહ.**

પરમ ધ્યાન ધરવા યોગ્ય છે. કારણ કે તે ભગવાનને શુદ્ધ આત્મવસ્તુ–ધર્મ પ્રગટ્યો છે, સર્વ આત્મગુણની સંપૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત થઇ છે, નિજ સ્વરૂપના કર્ત્તા–ભોક્તા થઇ તે તેમાં રમણતા–પરિણામતા અનુભવી રહ્યા છે, સર્વ આત્મપ્રદેશની શુદ્ધતા તેમને ઉપજી છે, ચૈતન્યમય તત્ત્વપણું તેમને પ્રગટ પ્રાપ્ત થયું છે, તેમને ગ્રાહ્ય પણ ચેતન છે ને ગ્રાહક પણ ચેતન છે, વ્યાપ્ય પણ ચેતન છે ને વ્યાપક પણ ચેતન છે,–એવી ચૈતન્યમય તત્ત્વ અવસ્થા–સિદ્ધ દશા પ્રગટી છે.

"ધર્મ પ્રાગ્‌ભાવતા, સકલ ગુણ શુદ્ધતા, કર્તૃતા ભોગ્યતા, રમણ પરિણામતા;
શુદ્ધ સ્વપ્રદેશતા, તત્ત્વ ચૈતન્યતા, વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહકગતા....
ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઇએ, આપણો આતમા તેહવો ભાવીએ !"—**શ્રી દેવચંદ્રજી.**

"પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે;
વાચક **યશ** કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે."—**શ્રી યશોવિજયજી.**

"ખાતાં કરી ખતમ કર્મતણા સમસ્ત, પામ્યા ગતિ જ અપુનર્ભવ જે પ્રશસ્ત;
જેણે ચૂર્યા ચઉગતિ રથ ચક્ર ચારે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે !"
—**શ્રી સિદ્ધસ્તોત્ર (ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા** વિરચિત)

આવા પ્રગટ **સહજાત્મસ્વરૂપ સિદ્ધ** પ્રભુના ધ્યાનથી આત્મા નિજ સ્વરૂપનો ધ્યાતા થાય છે, કારણ કે તે પરમાત્માની ને આત્માની આત્મત્વ જાતિ એક છે. જેવો તે ધર્મમૂર્ત્તિ **ધર્મનાથ** પરમાત્માનો શુદ્ધ ધર્મ છે, તેવો જ આ આત્માનો મૂળ સ્વભાવ ધર્મ છે. આમ જે વસ્તુની જાતિએકતા છે, તે કદી પલટતી નથી–ફરતી નથી. મુક્ત પરમાત્મામાં સર્વ સંગના પરિહારથી તે પરમ આનંદમય પરમાત્મ તત્ત્વ વ્યક્તપણે રહ્યું છે, અને સંસારી આત્મામાં ઉપાધિરૂપ પરભાવના પ્રસંગને લીધે તે આવૃત્ત હોવાથી અવ્યક્તપણે–શક્તિરૂપે× રહ્યું છે, અર્થાત્ સંસારી જીવમાં શક્તિથી પરમાત્મપણું છે, અને સિદ્ધમાં વ્યક્તિથી પરમાત્મપણું છે. એટલે તે શક્તિરૂપ પરમાત્મપણાની વ્યક્તિ માટે, જેને તેની વ્યક્તિ–પ્રગટતા પ્રાપ્ત થઇ છે એવા સાક્ષાત્ પરમાત્મ તત્ત્વની ભક્તિમાં રંગ લગાડી, તેનું તન્મય ધ્યાન કરવું જોઇએ. તેવા તન્મય ધ્યાનથી **સમાપત્તિ** થાય છે, એટલે કે સમરસીભાવ ઉપજે છે, એકીકરણ થાય છે, કે જ્યાં આત્મા અપૃથક્‌પણે–અભિન્નપણે પરમાત્મામાં લય પામે છે. આમ શુદ્ધ પરમાત્માના ધ્યાનથી શુદ્ધ આત્મા પ્રગટે છે, તેથી આ સિદ્ધ પરમેષ્ઠિનું ધ્યાન મનોમંદિરમાં મુમુક્ષુને સદા ધ્યાવવા યોગ્ય છે–પરમ ઇષ્ટ છે.

'તિણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઇએ'

×"मम शक्त्या गुणग्रामो व्यक्त्या च परमेष्ठिनः। एतावानावयोर्भेदः शक्तिव्यक्तिस्वभावतः ॥
सोऽयं समरसीभावस्तदेकीकरणं स्मृतम्। अपृथक्त्वेन यत्रात्मा लीयते परमात्मनि ॥"
—શ્રી શુભચંદ્રાચાર્યજીકૃત શ્રી જ્ઞાનાર્ણવ.

"તિણે મુજ આતમા તુજ થકી નીપજે, મ્હારી સંપદા સકળ મુજ સંપજે;
તિણે મનમંદિરે **ધર્મ** પ્રભુ ધ્યાઇએ, પરમ **દેવચંદ્ર** નિજ સિદ્ધિ સુખ પાઇએ."

"પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે;
તત્ત્વરમણ એકાગ્રતા, તેહ પૂરણ તત્ત્વ સમાય રે."

"ઇણી પરે **વિમલ** જિનરાજની વિમલતા, ધ્યાન મનમંદિરે જેહ ધ્યાવે;
ધ્યાન પૃથક્ત્વ સવિકલ્પતા રંગથી, ધ્યાન એકત્વ અવિકલ્પ આવે.
ધન્ય તું! ધન્ય તું! ધન્ય જિનરાજ તું!"—શ્રી **દેવચંદ્રજી.**

આચાર્યાદિ ધ્યેય

(૩-૪-૫) તેમજ—'**દર્શન-જ્ઞાનપ્રધાન*** એવા ઉત્તમ વીર્યાચાર, ચારિત્રાચાર અને તપાચારમાં જે આત્માને અને પરને યોજે છે, એવા તે **આચાર્ય** મુનિ ધ્યેય છે—ધ્યાન કરવા યોગ્ય છે. જે રત્નત્રયયુક્ત છે ને નિત્ય ધર્મોપદેશમાં નિરત છે, યતિવરવૃષભ એવા ઉપાધ્યાય આત્મા છે, તેને નમસ્કાર હો! (તે પણ ધ્યેય છે) દર્શન-જ્ઞાનસમગ્ર એવું મોક્ષના માર્ગરૂપ નિત્ય શુદ્ધ ચારિત્ર જે સાધે છે તે **સાધુ** એવા મુનિ છે, તેને નમસ્કાર હો!' આ પણ ધ્યાન કરવા યોગ્ય છે.—આ આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ એ શુદ્ધ આત્માના **સહજાત્મસ્વરૂપની** સાધનામાં—સહજ શુદ્ધ સ્વભાવભૂત આત્મસ્વરૂપની આરાધનામાં નિરંતર પ્રવૃત્ત થયેલા અને ઉચ્ચ ગુણસ્થાને સ્થિતિ કરતા, એવા આત્મારામી મહાત્માઓ છે. એટલે એવા એ શુદ્ધ આત્મારૂપ પરમેષ્ઠિઓનું સ્વરૂપધ્યાન આત્માર્થીને આત્મધ્યાનારૂઢ થવામાં અપૂર્વ પ્રેરણાદાયી હોવાથી પરમ ઇષ્ટ છે.—આમ પંચપરમેષ્ઠિ આદિ આ સર્વ ધ્યેય-આલંબનનો હેતુ આત્મસ્વરૂપના ધ્યાનપર આરૂઢ થવાનો—ચઢવાનો છે, કારણ કે 'જે કંઇ ચિંતવતાં સાધુ જ્યારે એકત્વ પામી નિરીહ વૃત્તિવાળો થઇ જાય છે, ત્યારે તેને **નિશ્ચય ધ્યાન** હોય છે,' અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન હોય છે. પ્રાસાદ પર ચઢવા માટે જેમ નીસરણી વગેરે આલંબનની જરૂર પડે છે, તેમ આત્મધ્યાનરૂપ નિશ્ચય ધ્યાન પર ચઢવા માટે પરમેષ્ઠિ આદિ ધ્યેયનું આલંબન પરમ ઉપકારી થાય છે.

૩. અથવા **આત્મા એ જ મુખ્ય ધ્યેય** છે-ધ્યાનનો વિષય છે. ઉપરોક્ત અન્ય સર્વ ધ્યેયનું અંતિમ લક્ષ્ય અને ફળ પણ આ આત્મધ્યાન જ છે. કારણ કે એ અરિહંત સિદ્ધ આદિ શુદ્ધ આત્મારૂપ ધ્યેયના ચિંતનથી ચિત્તની શુદ્ધિ અને સ્થિરતા-એકાગ્રતા

---

*"दंसणणाणपहाणे वीरेयचारित्ततवायारे । अप्पं परं च जुंजइ सो आयरिओ मुणी झेओ ।।
जो रयणत्तयजुत्तो णिच्चं धम्मोवएसणे णिरदो । सो उवज्झाओ अप्पा जदिवरवसहो णमो तस्स ।।
दंसणणाणसमग्गं मग्गं मोक्खस्स जो हु चरित्तं । साधयदि णिच्चसुद्धं साहू स मुणी णमो तस्स ।।
जं किंचिवि चिंततो णिरीहवित्ती हवे जदा साहू । लध्धूणय एयत्तं तदाहु तं तस्स णिच्छयं झाणं ।।"
—શ્રી બૃહદ્ દ્રવ્યસંગ્રહ

થાય છે,–જેથી સર્વત્ર નિરીહ એવા યોગી પુરુષ **શુકલ આત્મધ્યાનરૂપ** નિશ્ચય ધ્યાનને માટે પરમ યોગ્ય થાય છે. એટલે તે પરમ ગુણવંત પરમાત્માનું તન્મય ધ્યાન જે નિશ્ચય ધ્યાનમાં ધ્યાવે છે, તે શુદ્ધાત્માનો અનુભવ આસ્વાદી તે પરમાત્મપદને પામે છે.

"પરમગુણી તન્મયતા સેવન, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજી. **શ્રી ચંદ્રપ્રભ"—શ્રી દેવચંદ્રજી.**

અને આ દૃષ્ટિવાળો મહાયોગી તો **શુકલ** એવા આ શુદ્ધ આત્મધ્યાનના પ્રારંભ માટે પરમ યોગ્ય થઈ ગયો હોય છે, કારણ કે અત્યાર સુધીની ધર્મધ્યાનની ઉત્કૃષ્ટ આરાધનાથી આ આત્મજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ યોગી પુરુષ એવો શાંત, દાંત ને અપ્રમત્ત થઈ ગયો હોય છે, આત્મભાવથી એવો ભાવિતાત્મા અને સ્થિતપ્રજ્ઞ આત્મારામી થઈ ગયો હોય છે, કે તેણે શુદ્ધ આત્માના ધ્યાનરૂપ **શુકલધ્યાનની** શ્રેણીએ ચઢવા માટે આવશ્યક ઉપયોગી એવો અપૂર્વ આત્મવીર્યનો–આત્મસામર્થ્યનો અદ્ભુત સંચય કરી લીધો હોય છે, એટલે આ આત્મધ્યાની પુરુષ અપૂર્વ આત્મવીર્યની સ્ફુરણાથી ભાવે છે કે–'અનંત ગુણ–કમલનો વિકાસ કરનાર એવો હું સૂર્ય સમાન છતાં અહો ! આ મહા-ભવારણ્યમાં પૂર્વે કર્મ-વૈરિઓથી વંચિત કરાયો ! આત્મભ્રાંતિથી ઉપજેલા રાગાદિ અતુલ બંધનોથી બંધાયેલો હું અનંતકાળ આ દુર્ગમ ભવ-વનમાં વિડંબિત થયો ! હવે આજ મ્હારો રાગ–જ્વર નષ્ટ થયો છે, આજ મ્હારી મોહનિદ્રા ચાલી ગઇ છે, તેથી ધ્યાનરૂપ ખડ્ગધારાથી હું કર્મશત્રુને હણી નાંખું.'*

આ દૃષ્ટિમાં શુકલધ્યાનની યોગ્યતા

વળી તે ભાવે છે કે–'જેના અભાવે હું સૂતો હતો, અને જેના સદ્ભાવે હું ઊઠયો છું, તે અતીન્દ્રિય અનિર્દેશ્ય સ્વસંવેદ્ય હું છું. જે પરમાત્મા છે તે જ હું છું, જે હું છું તે પરમ છે, તેથી હું જ મ્હારાથી ઉપાસ્ય છું, અન્ય કોઈ નહિં, એમ સ્થિતિ છે.' આમ જે **આત્મભાવના** ભાવે છે, તે કયાંય રાગ–દ્વેષ કરતો નથી. કારણકે તે ચિંતવે છે કે–'આ અચેતન + છે તે દૃશ્ય છે, ને ચેતન છે. તે અદૃશ્ય છે. તો હું કયાં રોષ કરું ? કયાં તોષ કરું ? એથી હું

'નમો મુજ નમો મુજ રે'

*"अनन्तगुणराजीवबन्धुरप्यत्र वञ्चितः । अहो भवमहाकक्षे प्रागहं कर्मवैरिभिः ॥
स्वविभ्रमसमुद्भूतै रागाद्यतुलबन्धनैः । बद्धो विडम्बितः कालमनन्तं जन्मदुर्गमे ॥
अद्य रागज्वरो जीर्णो मोहनिद्राद्य निर्गता । ततः कर्मरिपुं हन्मि ध्याननिस्त्रिंशधारया ॥"
—શ્રી શુભચંદ્રાચાર્યજીકૃત શ્રી જ્ઞાનાર્ણવ.

+"अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः ।
क्व रुष्यामि क्व तुष्यामि मध्यस्थोऽहं भवाम्यतः ॥"—શ્રી સમાધિશતક.

મધ્યસ્થ થઉં છું.' અને સર્વત્ર **વીતરાગ** એવો તે આત્મામાં જ રત થઈ શુકલ એવા આત્મધ્યાનને પામે છે, ને તેના પરમ ધન્ય ઉદ્ગાર નીકળી પડે છે કે—

"અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે.
....શાંતિજિન ! એક મુજ વિનતિ."—**શ્રી આનંદઘનજી.**

ધ્યેય ભેદે ચાર ધ્યાન ભેદ

આ આત્મા જેમાં ધ્યેય છે, તેને શાસ્ત્રપરિભાષામાં **પિંડસ્થ** ધ્યાન કહે છે. દેહ-પિંડમાં સ્થિતિ કરતા આત્માનું, દેહ-દેવળમાં બિરાજમાન આત્મ-દેવનું જ્યાં ધ્યાન ધરાય છે તે પિંડસ્થ ધ્યાન છે. પરમેષ્ઠિવાચક નમસ્કારાદિ મંત્ર વાકયનો જપ જ્યાં ધ્યેય છે, તે **પદસ્થ** ધ્યાન છે. જ્યાં સદેહે વર્ત્તતા, સાકાર-રૂપી એવા સર્વજ્ઞ પરમાત્મા ધ્યાનનો વિષય છે, તે **રૂપસ્થ** ધ્યાન છે. અને જ્યાં દેહાતીત-રૂપાતીત એવા નિરંજન નિરાકાર સિદ્ધ પરમાત્મા ધ્યાનનો વિષય છે, તે રૂપાતીત ધ્યાન કહેવાય છે.*

"देहादेवलि जो वसइ, देउ अणाइ अणंतु। केवलणाणफुरंततणु, सो परमप्पु णिभंतु ॥"
—શ્રી યોગીન્દ્રદેવવિરચિત **પરમાત્મપ્રકાશ** ગા. ૩૩

પ્રભુનું પિંડસ્થ ધ્યાન

એમાં પણ ખાસ કરીને જીવંતમૂર્ત્તિ એવા રૂપી-દેહપિંડસ્થ સર્વજ્ઞ ભગવાનનું ધ્યાન જીવને પરમ ઉપકારી થાય છે. કારણ કે આ દેહ છતાં દેહાતીત દશાવાળા પરમ આત્મસમાધિમય પ્રભુનું અનુપમ રૂપ દેખીને ભક્ત જનનું મન ચપળ સ્વભાવ છોડીને ઠરી જાય છે-સ્થિર થાય છે. એટલે એ ભક્ત જન ભાવાવેશમાં ગાય છે કે-હે ભગવાન્ ! જો આ ત્હારૂં રૂપી સ્વરૂપ જગત્માં ન દેખાયું હોત, તો અમારું મન કોના ઉપર હીંસત-હર્ષ પામત ? હીંસ્યા વિના શુદ્ધ સ્વભાવને કેમ ઇચ્છત ? ઈચ્છ્યા વિના ત્હારા પ્રગટ ભાવને કેમ પ્રીચ્છત – ઓળખત ? પ્રીચ્છયા વિના ધ્યાન દશામાં તે કેમ લાવત ? લાવ્યા વિના રસસ્વાદ તે કેમ પામત ? માટે અમે તો માનીએ છીએ કે હે પ્રભુ ! ત્હારી ભક્તિ વિના કોઇ ભક્તને મુક્તિ હોતી નથી. હે સર્વજ્ઞ પરમાત્મા ! અમારા સત્ પુણ્યના યોગથી તમે રૂપી દેહધારી થયા ને અમૃત સમાણી ધર્મની વાણી કહી ગયા. આમ હે ભગવાન્ ! આ ત્હારો દેહ-પિંડ ઘણા ગુણનું કારણ છે, અને તે સેવવામાં આવતાં મહાભયનું વારણ થઇ પડે છે, માટે હે પ્રભુ ! અમે તો ત્હારું પિંડસ્થ ધ્યાન એકમના થઇને કરવાનો નિશ્ચય કરીએ છીએ.

"રૂપ અનૂપ નિહાળી **સુમતિ** જિન તાહરું, છાંડી ચપલ સ્વભાવ ઠર્યું મન માહરું;
રૂપી સરૂપ ન હોત જો જગ તુજ દીસતું, તો કુણ ઉપર મન કહો અમ હીંસતું.

---

*"पदस्थं मन्त्रवाक्यस्थं पिण्डस्थं स्वात्मचिंतनम् ।
रूपस्थं सर्वचिद्रूपं रूपातीतं निरञ्जनम् ॥"

હિંસ્યા વિણુ કિમ શુદ્ધ સ્વભાવને ઇચ્છતા ? ઇચ્છા વિણુ તુજ ભાવ, પ્રગટ કિમ પ્રીછતા ?
પ્રીછયા વિણુ કિમ ધ્યાન, દશામાંહિ લાવતા ? લાવ્યા વિણુ રસસ્વાદ, કહો કિમ પાવતા ?
ભક્તિ વિના નવિ મુક્તિ, હુવે કોઇ ભક્તને, રૂપી વિના તો તે ન, હુવે કોઇ વ્યક્તને
અમ સત્પુણ્યને યોગે, તુમે રૂપી થયા, અમિય સમાણી વાણી, ધરમની કહી ગયા.
તે માટે તુજ પિંડ, ઘણા ગુણુ કારણો, સેવ્યો ધ્યાયો હુવે, મહાભયવારણો.
શાંતિવિજય બુધ શિષ્ય, કહે ભવિકા જના ! પ્રભુનું પિંડસ્થ ધ્યાન કરો થઇ એકમના."
—શ્રી રૂપવિજયજી.

"ત્હારું ધ્યાન તે સમકિત રૂપ, તેહ જ જ્ઞાન ને ચારિત્ર તેહ છેજી;
તેહથી જાયે સઘળા હો પાપ, ધ્યાતા ધ્યેય સ્વરૂપ હુવે પછેજી."—શ્રી યશોવિજયજી.

આ સર્વજ્ઞ પરમાત્માનો પરમ શાંત, પ્રશમરસનિમગ્ન વીતરાગ ભાવ જેમાં મૂર્ત્તિમંત થાય છે, એવી તેની તદાકાર સ્થાપનારૂપ **જિનપ્રતિમા** પણ ધ્યાન માટે તેટલી જ ઉપકારી થાય છે. જિન અને જિનપ્રતિમા બન્ને નિમિત્ત સમાન છે, એવી આગમ વાણી છે. એટલે આ સ્થાપનારૂપ જિનપ્રતિમા સાથે પણ જો અભેદતા વધી, તો આ આત્માના સ્વસ્વભાવ ગુણુની વ્યક્ત-પ્રગટ યોગ્યતા સાધી એમ જાણવું. અને આવા આ **રૂપી** ભગવંતનું અદ્ભુત રૂપ દેખીને આશ્ચર્ય છે કે ભવ્યજન-યોગ્ય એવા યોગીજન **અરૂપીપદ** વરે છે !

'જિનપડિમા જિન સારિખી'

"નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે."
"જિનપડિમા જિન સારિખી, કહી સૂત્ર મઝાર."

"ઠવણા સમવસરણુ જિન સેંતી, જો અભેદતા વાધી રે;
એ આતમના સ્વસ્વભાવ ગુણુ, વ્યક્ત યોગ્યતા સાધી રે."—શ્રી દેવચંદ્રજી.

"દેખી રે અદ્ભુત તાહરું રૂપ, અચરિજ ભવિકા અરૂપી પદ વરેજી;
ત્હારી ગત તું જાણે હો દેવ ! સમરણ ભજન તો વાચક યશ કરેજી."—શ્રી યશોવિજયજી.

તેમજ **રૂપાતીત** આદિ ધ્યાન પ્રકારો પણ આત્માને સ્વરૂપાવલંબનમાં પરમ ઉપકારી થઇ આત્મધ્યાને ચઢાવે છે. આ **આત્મધ્યાન જ મુખ્ય એવું યોગસાધન છે,** કારણ કે તેનાથી જ **યોગનો** મુખ્ય ઉદ્દેશ સિદ્ધ થાય છે, શુદ્ધ સ્વભાવરૂપ મોક્ષ સાથે યુંજન થાય છે, શુદ્ધ આત્મતત્ત્વના અનુસંધાનરૂપ યોગ નીપજે છે. આ ધ્યાન કરનારો ધ્યાતા પોતે ધ્યેયરૂપ-પરમાત્મારૂપ બની જાય છે. 'કર્મયોગનો સમ્યક્ અભ્યાસ કરી, જ્ઞાનયોગથી સમાહિત એવો યોગી, ધ્યાનયોગ પર ચઢી, મુક્તિયોગને પામે છે.'×

×"कर्मयोगं समभ्यस्य ज्ञानयोगसमाहितः । ध्यानयोगं समारुह्य मुक्तियोगं प्रपद्यते ।।"
શ્રી અધ્યાત્મસાર.

"ધ્યાનના ઘણા ઘણા પ્રકાર છે, એ સર્વમાં શ્રેષ્ઠ એવું તો આત્મા જેમાં મુખ્યપણે વર્ત્તે છે **તે ધ્યાન** કહેવાય છે; અને એ જ આત્મધ્યાનની પ્રાપ્તિ ઘણું કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના થતી નથી, એવું જે આત્મજ્ઞાન તે યથાર્થ બોધની પ્રાપ્તિ સિવાય ઉત્પન્ન થતું નથી. એ યથાર્થ બોધની પ્રાપ્તિ ઘણું કરીને ક્રમે કરીને ઘણા જીવોને થાય છે, અને તેનો મુખ્ય માર્ગ તે બોધસ્વરૂપ એવા જ્ઞાની પુરુષનો આશ્રય કે સંગ અને તેને વિષે બહુમાન, પ્રેમ એ છે." (જુઓ) **શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૩૪૨.

રોગ દોષનો નાશ

" ધ્યાતા ધ્યેય સમાધિ અભેદે, પરપરિણતિ ઉચ્છેદે. "—**શ્રી દેવચંદ્રજી.**

'**રોગ**' નામનો સાતમો ચિત્તદોષ અત્રે નષ્ટ થાય છે. રોગ એટલે રાગ–દ્વેષ–મોહ એ ત્રિદોષરૂપ મહારોગ–ભાવરોગ તેનો અત્ર અભાવ થાય છે. અથવા સાચી યથાર્થ સમજણ વિનાની ક્રિયા કરવામાં આવે તો શુદ્ધ ક્રિયાનો ઉચ્છેદ થાય, એટલે શુદ્ધ ક્રિયાને જે પીડારૂપ અથવા ભંગરૂપ થાય, તે રોગ છે. (જુઓ પૃ. ૮૬) અને આવી માંદલી અશુદ્ધ ક્રિયાનું ફળ વાંઝિયું છે. (૧)

ત્રિદોષ સન્નિપાત

આત્મસ્વરૂપના અજ્ઞાનથી જીવ પરભાવમાં મુંઝાય છે, મૂર્ચ્છિત થાય છે,–આ જ મોહ છે. અને તેને લીધે પરવસ્તુમાં આત્મબુદ્ધિના કારણે આ જીવ રાગ–દ્વેષ કરે છે. એટલે એ પરભાવ પ્રત્યે ગમન કરે છે, પરપરિણતિને ભજે છે. આમ મોહ–રાગ–દ્વેષ એ જ જીવનો મોટામાં મોટો રોગ છે. જેમ ત્રિદોષ સન્નિપાતનો રોગી પોતાનું ભાન ભૂલી જાય છે, બેભાનપણે ફાવે તેમ બકે છે, પોતાનું તે પારકું ને પારકું તે પોતાનું એવું યદ્વાતદ્વા અસમંજસ બોલે છે, ટૂંકામાં જાણે બદલાઈ ગયો હોય એમ પોતાના મૂળ અસલ સ્વભાવથી વિપરીતપણે–વિભાવપણે વર્તે છે, અને પોતાના સત્ સ્વરૂપથી નિપાતને પામી પોતાના 'સન્નિપાતી' નામને યથાર્થ કરે છે; તેમ રાગ–દ્વેષ–મોહરૂપ **ત્રિદોષ સન્નિપાત** જે જીવને લાગુ પડયો હોય છે, તે જીવ પોતાના આત્મસ્વરૂપનું ભાન ભૂલી જાય છે, પારકું તે પોતાનું ને પોતાનું તે પારકું એવું બેભાનપણે ફાવે તેમ પ્રલપે છે–લવે છે, પોતાના મૂળ અસલ સહજ સ્વભાવથી વિપરીતપણે–વિભાવપણે વર્ત્તે છે. આમ ત્રિદોષ સન્નિપાતથી જીવનો નિજ સ્વરૂપથી નિપાત–અધઃપાત થાય છે, એટલે તેના આત્મ-પરિણમનમાં ભંગ પડી, તે પરભાવ પ્રત્યે–વિભાવ પ્રત્યે ગમન, પરિણમન ને રમણ કરે છે. આ જ જીવનો મુખ્ય મહારોગ છે. (૨) અથવા યથાર્થ સાચી સમજણ વિનાની જે ક્રિયા કરવામાં આવે તે પણ રોગ છે, કારણ કે તેથી શુદ્ધ ક્રિયાનો ઉચ્છેદ થાય છે, એટલે કે શુદ્ધ ક્રિયાને પીડા ઉપજે છે અથવા તેનો ભંગ થાય છે. માંદા માણસની ગમનાદિ ક્રિયા જેમ માંદલી હોય છે, તેમ આ રોગ દોષવંતની કોઇ પણ ક્રિયા માંદલી–રોગિષ્ટ હોય છે. તાત્પર્ય કે શુદ્ધ ક્રિયા એટલે શુદ્ધ આત્મપરિણતિને જે પીડા ઉપજે,

શુદ્ધ સ્વરૂપરમણતારૂપ ચારિત્રનો જે ભંગ થાય તે જ રોગ છે. આ બન્ને વ્યાખ્યાનો તાત્પર્યાર્થ એક જ છે. આમ શુદ્ધ આત્મપરિણતિના ભંગરૂપ અથવા પરપરિણતિમાં ગમનરૂપ રોગનો અત્ર નાશ થાય છે.–એટલે પરપરિણતિમાં ગમન થતું નથી અને આત્મ-પરિણતિમાં જ રમણ થાય છે.–આ '**પ્રભા**' દૃષ્ટિમાં સ્થિતિ કરતો મહાયોગી પરભાવને પરિહરી નિરંતર શુદ્ધ આત્મપરિણતિને જ ભજ્યા કરે છે, શુદ્ધ **સહજાત્મસ્વરૂપી** શુદ્ધ આત્મદેવને અવલંબતાં પરભાવને પરિહરે છે, અને આત્મધર્મમાં રમણ અનુભવતાં આત્મભાવને પ્રગટાવે છે. આવી ઉચ્ચ આત્મદશાના સ્વાનુભવનું તાદૃશ્ય આલેખન આ રહ્યું:—

"એક આત્મપરિણતિ સિવાયના બીજા જે વિષયો તેને વિષે ચિત્ત અવ્યવસ્થિતપણે વર્ત્તે છે.' "અત્રે આત્માકારતા વર્તે છે." ઇત્યાદિ. (જુઓ) **શ્રીમદ્ રાજચંદ્ર.**

તત્ત્વપ્રતિપત્તિ

"એ આશ્ચર્ય જાણે તે જાણ, જાણે જ્યારે પ્રગટે ભાણ."— **શ્રીમદ્ રાજચંદ્રજી.**

છઠ્ઠી દૃષ્ટિમાં '**મીમાંસા**'–સૂક્ષ્મ તત્ત્વવિચારણા નામનો ગુણ પ્રગટ્યા પછી તેના સ્વાભાવિક પરિણામરૂપે સાતમી દૃષ્ટિમાં **તત્ત્વપ્રતિપત્તિ** નામના ગુણનો અવિર્ભાવ થાય છે. તત્ત્વપ્રતિપત્તિ એટલે યથાસ્થિત–જેમ છે તેમ આત્મતત્ત્વનો અનુભવ. '**શુદ્ધાતમ અનુભવ સદા**'. આમ અત્રે આત્માનો પ્રત્યક્ષ અનુભવ–સાક્ષાત્કાર થાય છે. એટલે જેમાં તેનું પરોક્ષ વર્ણન છે, એવા અન્ય શાસ્ત્રો અકિંચિત્કર થઇ પડે છે, નકામા–અણખપના થઇ પડે છે, કારણ કે શાસ્ત્ર તો માત્ર માર્ગનું દિશાદર્શન કરાવે છે, અને જે આત્મ-વસ્તુતત્ત્વનો લક્ષ કરાવવા માટે શાસ્ત્રનું મુખ્ય પ્રયોજન છે, તે વસ્તુતત્ત્વ તો અત્રે સાક્ષાત્ અનુભૂતિમાં–અનુભવમાં આવ્યું છે, એટલે હવે તેનું શું કામ છે? તેનું હવે કંઇ પ્રયોજન રહ્યું નથી.

"અગમ અગોચર અનુપમ અર્થનો, કોણ કહી જાણે રે ભેદ?
સહજ વિશુદ્ધ રે અનુભવ વયણ જે, શાસ્ત્ર તે સઘળો રે ખેદ....વીર જિનેશ્વર પરમેશ્વર જયો.

જેહ અગોચર માનસ વચનને, તેહ અતીંદ્રિય રૂપ;
અનુભવ મિત્તે રે વ્યક્તિ શક્તિ શું, ભાખ્યું તાસ સ્વરૂપ ...વીર૦"— **શ્રી આનંદઘનજી.**

જે મન–વચનને અગોચર છે, જ્યાં વાણી અને મનને મૌન ભજવું પડે છે, જ્યાં વિકલ્પ–જલ્પનો અવકાશ નથી, એવું અતીન્દ્રિય આત્મસ્વરૂપ **અનુભવ મિત્ર**ના પ્રસાદથી અત્રે સાક્ષાત્ જણાય છે. જે નય–નિક્ષેપથી જણાતું નથી, અને જ્યાં પ્રમાણનો પ્રસર નથી, ગતિ નથી, તે શુદ્ધ સ્વરૂપી બ્રહ્મને કેવળ અનુભવ–ભાનુ જ દેખાડે છે. (જુઓ પૃ. ૩૦)

ध्यानजं सुखमस्यां तु जितमन्मथसाधनम् ।
विवेकबलनिर्जातं शमसारं सदैव हि ॥ १७१ ॥

ધ્યાનજન્ય સુખ એહમાં, મન્મથને જીતનાર,
વિવેકબલથી ઉપજતું, સદૈવ જે શમસાર; ૧૭૧

અર્થઃ—અને આ દૃષ્ટિમાં કામના સાધનને જીતનારૂં એવું ધ્યાનજન્ય સુખ હોય છે, કે જે વિવેકબલથી ઉપજેલું હોઇ સદૈવ શમસાર જ હોય છે.

વિવેચન

"કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

આ પ્રસ્તુત સાતમી દૃષ્ટિમાં જ ધ્યાનજન્ય સુખ હોય છે. અને તે કેવું વિશિષ્ટ હોય છે? તો કે મન્મથના-કામના સાધનોને જીતનારૂં, અર્થાત્ શબ્દાદિ વિષયોનો જય કરનારૂં એવું હોય છે. વળી તે વિવેકબલથી-જ્ઞાનસામર્થ્યથી ઉત્પન્ન હોઇ, સદાય **શમસાર**-શમપ્રધાન જ હોય છે; કારણ કે **વિવેકનું ફળ શમ** છે.

ધ્યાન સુખ અનુભવ

આ દૃષ્ટિમાં જ ધ્યાનનું ખરેખર સુખ અનુભવાય છે; શુદ્ધ આત્માના ધ્યાનથી કેવો નિર્વ્યાજ સાચેસાચો આનંદ ઉપજે છે, તે અત્ર સંવેદાય છે. નિર્વિકલ્પ ધ્યાનરૂપ પરમ અમૃતરસસાગરમાં નિમગ્ન થયેલ યોગિરાજ જે **સહજાત્મસ્વરૂપના** આનંદની શીતલ લહરીઓ અનુભવે છે, તેનું અવાચ્ય સુખ તો તે પોતે જ જાણે છે. આ ધ્યાનજન્ય સુખ વિષયજન્ય સુખથી ઉલટા પ્રકારનું છે. કારણ કે અત્રે તો કામના સાધનરૂપ શબ્દાદિ વિષયોનો×

વૃત્તિઃ—ध्यानजं सुखमस्यां तु—આમાં-અધિકૃત દૃષ્ટિમાં જ ધ્યાનજન્ય સુખ હોય છે કેવું વિશિષ્ટ? તો કે जितमन्मथसाधनं—મન્મથના—કામના સાધનને જીતનારૂં, શબ્દાદિ વિષયને વ્યુદસ્ત કરનારું—ફગાવી દેનારું. આને જ વિશેષણ આપે છે—विवेकबलनिर्जातम्—વિવેકના બલથી ઉપજેલું, જ્ઞાનસામર્થ્યથી ઉત્પન્ન, એટલા માટે જ, शमसारं सदैव हि—સદૈવ જ શમસાર—શમપ્રધાન,—વિવેકના શમફલપણાને લીધે.

× "इन्द्रियसुखभाजनेषु हि प्रधानाः दिवौकसः । तेषामपि न खलु स्वाभाविकं सुखमस्ति, प्रत्युत तेषां स्वाभाविकं दुःखमेवावलोक्यते । यतस्ते पञ्चेन्द्रियात्मकशरीरपिशाचपीडया परवशा भृगुप्रपातस्थानीयान्मनोज्ञविषयानभिपतन्ति । ××× तद्दुःखवेगमसहमाना अनुभवन्ति च विषयान् जलयूका इव तावद्यावत् क्षयं यान्ति ।" ४० (વિશેષ માટે જુઓ)
—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત પ્રવચનસારટીકા ગા. ૭૧-૭૭.

જય હોય છે, જિતેન્દ્રિયપણારૂપ **'જિનત્વ'** હોય છે. શબ્દાદિ વિષયો જે લોકમાં સુખ-સાધન મનાય છે તે તો પરમાર્થદૃષ્ટિથી જોતાં દુઃખસાધન જ છે, અથવા કલ્પિત સુખાભાસ જ છે. કારણ કે પુણ્યપરિપાકને લીધે દેવતાઓને ઉત્કૃષ્ટ ઇંદ્રિયસુખની પ્રાપ્તિ હોય છે, 'તેઓને પણ સ્વાભાવિક સુખ નથી, ઉલટું સ્વાભાવિક દુઃખ જ દેખાય છે. કારણ કે તેઓ પંચેન્દ્રિયાત્મક શરીર-પિશાચની પીડાથી પરવશ થઈ ભૃગુપ્રપાત સમા મનગમતા વિષયો પ્રત્યે ઝાંવાં નાંખી ઝંપલાવે છે.' પુણ્ય બલથી ઇચ્છા મુજબ હાજર થતા ભોગોથી તેઓ સુખીઆ જેવા પ્રતિભાસે છે, પરંતુ 'દુષ્ટ રુધિરમાં જળોની પેઠે' તેઓ વિષયોમાં અત્યંત આસક્ત હોઇ વિષયતૃષ્ણાદુઃખ અનુભવે છે. ખરાબ લોહી પીવા ઇચ્છતી લોહીતરસી જળો જેમ રુધિર પાન કરતાં પોતે જ પ્રલય પામી ક્લેશ ભોગવે છે; તેમ વિષયતૃષ્ણાવંત આ પુણ્યશાળીઓ પણ વિષયોને ઇચ્છતા અને ભોગવતા રહી પ્રલય-આત્મનાશ પામી ક્લેશ અનુભવે છે. આમ શુભોપયોગજન્ય પુણ્યો પણ સુખાભાસરૂપ દુઃખનાં જ સાધનો છે. જ્યાં મહા પુણ્યશાળી દેવાદિના સુખ પણ પરમાર્થથી દુઃખરૂપ જ છે, ત્યાં બીજા સુખનું તો પૂછવું જ શું ?

વળી પુણ્યજન્ય ઇંદ્રિયસુખ સુખાભાસરૂપ છે એટલું જ નહિં, પણ બહુ પ્રકારે દુઃખસ્વરૂપ પણ છે. કારણ કે 'તે પરાધીન છે, બાધા સહિત છે, વિચ્છિન્ન-ખંડિત છે. બંધ-કારણ છે, વિષમ છે. એટલા માટે ઇંદ્રિયોથી જે સુખ પ્રાપ્ત થાય છે, તે દુઃખ જ છે. આત્માથી અતિરિક્ત-જૂદા એવા પર નિમિત્તથી ઉપજતું હોવાથી, તે ઇંદ્રિયસુખ **પરાધીન**× છે. ક્ષુધા-તૃષાદિ તૃષ્ણાપ્રકારોથી અત્યંત આકુલતાને લીધે તે ×**બાધાસહિત** છે. એક સરખો અખંડ શાતાવેદનીયનો ઉદય રહેતો ન હોઇ, શાતા-અશાતા વેદનીયના ઉદયથી તે ખંડખંડ થાય છે, એટલે તે **વિચ્છિન્ન**-ખંડિત છે, ઉપભોગમાર્ગમાં રાગાદિ દોષસેના તો પાછળ પાછળ લાગેલી જ છે, અને તેના અનુસારે ઘન કર્મરજપટલ પણ સાથે સાથે હોય જ છે, તેના વડે કરીને તે **બંધકારણ** છે. અને સદા વૃદ્ધિ-હાનિ પામવાથી વિષમપણાએ કરીને તે **વિષમ** છે. આમ પુણ્ય પણ પાપની જેમ દુઃખસાધન સિદ્ધ થયું.

"सपरं बाधासहिदं विच्छिण्णं बंधकारणं विसमं ।
जं इंदिएहिं लद्धं तं सोक्खं दुःक्खमेव तधा ॥"

—શ્રી કુંદકુંદાચાર્યજીકૃત **શ્રી પ્રવચનસાર.**

અને 'આમ પુણ્ય-પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો તે મોહાચ્છાદિત જીવ અપાર ઘોર સંસારમાં ભમે છે.' × કારણ કે સોનાની બેડી હોય કે લોઢાની બેડી હોય, પણ બંને બંધનરૂપ બેડી જ છે; તેમ પુણ્યબંધ હોય કે પાપબંધ હોય, પણ બન્ને

× જુઓ-શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત પ્રવચનસાર ટીકા, ગા. ૭૬.

ભવબંધનરૂપ બેડી જ છે, એટલે પુણ્ય-પાપમાં કોઈ ફલભેદ નથી, અર્થાત્ પુણ્યફલરૂપ સુખ પણ કર્મોદયરૂપ હોઈ દુઃખ જ છે; 'પરિણામથી* તાપથી, સંસ્કારથી, અને ગુણવૃત્તિના વિરોધથી પુણ્યજન્ય સુખ તે દુઃખ જ છે.' જેનો વધ કરાવાનો છે એવા ઘેટાની દેહ-પુષ્ટિનું પરિણામ જેમ અતિ દારુણ હોય છે, લોહીતરસી જળો જેમ અંતે દારુણ દશાને પામે છે, તેમ પુણ્યજન્ય વિષયભોગનો વિપાક પણ અતિ દારુણ હોય છે. ઔત્સુક્યને લીધે જ્યાં વિષયતૃષ્ણાતાપથી ઇંદ્રિયોનું સંતપ્તપણું રહે છે, ત્યાં સુખ શેનું હોય? એક ખાંધેથી બીજી ખાંધે ભાર આરોપવાની પેઠે ઇંદ્રિયનો આહ્લાદ છતાં તત્ત્વથી દુઃખનો સંસ્કાર દૂર થતો નથી. સુખ, દુઃખ અને મોહ એ ત્રણેય ગુણવૃત્તિઓ વિરુદ્ધ છે, છતાં એ ત્રણેય દુઃખરૂપ જ છે.

ઇત્યાદિ પ્રકારે પુણ્યજન્ય વિષયસુખનું જે પ્રગટ દુઃખરૂપપણું જાણે છે, એવા પરમ વૈરાગ્યવાન્ જ્ઞાની યોગી પુરુષ આ તુચ્છ વિષયસુખમાં કેમ રાચે? મન્મથના સાધનરૂપ શબ્દાદિ વિષયનો જય કેમ ન કરે? **'જડ ચલ જગની એઠ'** જેવા પુદ્ગલ ભોગને દૂરથી કેમ ફગાવી ન દે? પરમ અમૃત જેવા ધ્યાનસુખનો રસાસ્વાદ જેણે ચાખ્યો હોય, તે તુચ્છ બાકસબુકસ જેવા દુર્ગંધિ વિષય-કદન્નને કેમ ચાખે? કારણ કે વિષયસુખ પરાધીન છે, ત્યારે ધ્યાનસુખ સ્વાધીન છે. વિષયસુખ બાધા સહિત છે, ત્યારે ધ્યાનસુખ બાધા રહિત છે. વિષયસુખ વિચ્છિન્ન-ખંડિત છે, ત્યારે ધ્યાનસુખ અવિચ્છિન્ન-અખંડિત છે. વિષયસુખ બંધકારણ છે, ત્યારે ધ્યાનસુખ મોક્ષકારણ છે. વિષયસુખ વિષમ છે, ત્યારે ધ્યાનસુખ સમ છે. આવું પરમોત્તમ ધ્યાનસુખ જેને પ્રાપ્ત થયું હોય, તે પછી તુચ્છ વિષય ભણી નજર પણ કેમ નાંખે?

'જિન'નો વિષયજય

આવું ધ્યાનસુખ વળી વિવેકના બળથી-જ્ઞાનના સામર્થ્યથી ઉત્પન્ન થયેલું હોય છે. સ્વપર વસ્તુના **ભેદવિજ્ઞાનથી** જે **વિવેક** ઉપજે છે, આત્મજ્ઞાન સાંપડે છે, તેના સામર્થ્યથી આ ધ્યાન પ્રાપ્ત થાય છે. આ વિવેકજન્ય જ્ઞાનની ક્ષયોપશમની જેવી તીવ્રતા હોય છે, તેવી જ ધ્યાનની તીવ્રતા નીપજે છે; અને જેવી ધ્યાનની તીવ્રતા નીપજે છે, તેવી આત્મસુખની તીવ્રતા ઉપજે છે.

વિવેક બલજન્ય ધ્યાન સુખ

× " ण हि मण्णदि जो एवं णत्थि विसेसोत्ति पुण्णपावाणं ।
हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो ॥ " **શ્રી પ્રવચનસાર.**

" न ह्यायसस्य बंधस्य तपनीयमयस्य च ।
पारतंत्र्याविशेषेण फलभेदोऽस्ति कश्चन ॥ "
—(ઇત્યાદિ જુઓ) **શ્રી અધ્યાત્મસાર,** આત્મનિશ્ચયાધિકાર, શ્લો. ૬૦-૭૪

* " परिणामाच्च तापाच्च संस्काराच्च बुधैर्मतम् ।
गुणवृत्तिविरोधाच्च दुःखं पुण्यभवं सुखम् ॥ " —**શ્રી અધ્યાત્મસાર.**

કારણકે હંસ જેમ ક્ષીર–નીરનો વિવેક કરે છે, દૂધ ને પાણી જૂદા પાડે છે, અને પછી પાણીને છોડી દૂધ ગ્રહે છે; તેમ **મુનિરૂપ પરમહંસ** યોગિરાજ આત્મા–અનાત્માનો વિવેક કરે છે, અને અનાત્મારૂપ સમસ્ત પરભાવને હેય–ત્યજવા યોગ્ય જાણી તેનો ત્યાગ કરે છે, તથા જ્ઞાનદર્શનમય શુદ્ધ આત્મસ્વરૂપને પરમ આદેય ગ્રહણ કરવા યોગ્ય જાણી આત્મસ્વભાવમાં ચિત્તવૃત્તિને જોડે છે. આ આત્મસ્વરૂપના એકાગ્ર ચિંતનમાં અનુસંધાનરૂપ ચિત્તવૃત્તિનો નિરોધ થવો, તે જ મુખ્યપણે '**યોગ**' છે, અને તેને જ જૈન પરિભાષામાં '**ધ્યાન**' નામથી ઓળખવામાં આવે છે. અને એ શુકલ ધ્યાનરૂપ હોળીની જ્વાળા કઠોર **કર્મ પણ** બાળી નાંખે છે.

"શુકલ ધ્યાન **હોરીકી** જ્વાલા, **જાલે** કર્મ કઠોર રે....નિજ સુખકે સધૈયા;
શેષ પ્રકૃતિ દલ ક્ષીરણ નિર્જરા, ભસ્મ ખેલ અતિ જોર રે....નિજ૦"—**શ્રી દેવચંદ્રજી.**

આમ આ ધ્યાનસુખ વિવેકબલથી–જ્ઞાન સામર્થ્યથી ઉત્પન્ન હોય છે, એટલા માટે જ તે સદાય **શમસાર**–શમપ્રધાન હોય છે. કારણ કે '**સમજ્યા તે શમાયા.**' જ્ઞાનનું અર્થાત્ વિવેકનું ફલ વિરતિ–શમ છે. '**ज्ञानस्य फलं विरति:**'– એ જિનપ્રવચનનું મહાસૂત્ર છે.

"જેમ છે તેમ આત્મસ્વરૂપ જાણ્યું તેનું નામ સમજવું છે. તેથી ઉપયોગ અન્ય વિકલ્પ રહિત થયો તેનું નામ શમાવું છે. વસ્તુતાએ બન્ને એક જ છે. જેમ છે તેમ સમજાવાથી ઉપયોગ સ્વરૂપમાં શમાયો, અને આત્મા સ્વભાવમય થઇ રહ્યો એ પ્રથમ વાકય 'સમજીને શમાઇ રહ્યા' તેનો અર્થ છે. અન્ય પદાર્થના સંયોગમાં જે અધ્યાસ હતો, અને તે અધ્યાસમાં આત્માપણું માન્યું હતું, તે અધ્યાસરૂપ આત્માપણું શમાઇ ગયું. એ બીજું વાકય 'સમજીને શમાઇ ગયા' તેનો અર્થ છે. જે જે સમજ્યા તેણે તેણે મારૂં તારૂં એ આદિ અહંત્વ મમત્વ શમાવી દીધું; કેમકે કોઈ પણ નિજ સ્વભાવ તેવો દીઠો નહિં; અને નિજ સ્વભાવ તો અચિંત્ય અવ્યાબાધસ્વરૂપ, કેવળ ન્યારો જોયો. એટલે તેમાં જ સમાવેશ પામી ગયા." (જુઓ)—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંત ૫૬૧. (૬૫૧)

આમ સ્વરૂપમાં જે શમાયા છે, એવા જ્ઞાની પુરુષના ચિત્તની **પ્રશાંતવાહિતા** હોય છે. જેમ તરંગ રહિત શાંત સરિતાનો પ્રવાહ અખંડ એકધારો વહ્યા કરે, તેમ અત્રે યોગીની શાંત ચિત્ત–સરિતાનો પ્રવાહ એવો અખંડ એકધારો

પ્રશાંતવાહિતા

શાંતપણે પ્રવહ્યા કરે છે, કે તેમાં કોઈ પણ વિકલ્પતરંગ ઊઠતો નથી, વિક્ષેપ દૂર કર્યો હોવાથી સદૃશ એક સરખા પ્રવાહવાળી પરિણામિતા હોય છે. આ પ્રશાંતવાહિતા નિરોધજન્ય સંસ્કારથી ઉપજે છે × (આની વિશેષ સમજૂતી માટે જુઓ પાતં. યો. ૩ ૯–૧૦, તથા **દ્વા. દ્વા.** ૨૪.)

"तस्य प्रशांतवाहिता संस्कारात् ।"—**પાતંજલ યોગ ૩–૧૦**

શમ એટલે (૧) કષાયનું શમન, (૨) વિરતિ, (૩) વીતરાગભાવ, (૪) સમભાવ, (૫) સામ્યભાવ, (૬) ધર્મ, (૭) ચારિત્ર, (૮) આત્મશાંતિ-વિશ્રાંતિ.

શમના વિવિધ અર્થની એકતા આમ શમ શબ્દનો લક્ષ્યાર્થ એક છે. તે આ પ્રકારેઃ—(૧) વિવેકને લીધે વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણ આવે, સ્વ-પરનો ભેદ પરખાય, તો પછી આત્મા શિવાયની સમસ્ત વસ્તુ પારકી છે એમ જાણે, એટલે તે વિષયરૂપ પરવસ્તુને નિમિત્તે નિષ્કારણ કષાયની ઉત્પત્તિ ન થાય, '**રાગ દ્વેષ અણહેતુ**' ન ઉપજે, અને ક્રોધ-માન-માયા-લોભનું શમન થાય, શાંતપણું થાય, મંદપણું થાય. આમ વિવેકથી **કષાયશમન** થાય છે. (૨) વિવેકથી સ્વ-પરનો ભેદ જાણે, એટલે પછી પરભાવથી વિરામ પામે-**વિરતિ** પામે. જે વિષયને માટે ઝાંવાં નાંખવારૂપ મનની દોડાદોડ થતી હતી, તે બધી અટકી જાય, વિરમી જાય. આમ 'જ્ઞાનનું ફલ વિરતિ' એ સૂત્ર ચરિતાર્થ બને છે, (૩) સ્વ-પર ભેદ જાણે, એટલે પર વસ્તુમાં મુંઝાય નહિં, મોહ પામે નહિં, ગોથું ખાય નહિં. એટલે પરભાવ પ્રત્યેનો રાગ છૂટી જાય, આસક્તિ છૂટે, સ્નેહાનુબંધ ત્રુટે, આમ **વીતરાગ ભાવરૂપ** શમ પામે. (૪) આમ વીતરાગ ભાવ પામે, સર્વત્ર રાગ-દ્વેષ વિરહિત બને, એટલે સર્વત્ર સમભાવી થાય, ક્યાંય પણ ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ચિંતવે નહિ, સમદર્શી બને, 'વંદક નિંદક સમ ગણે' ઇત્યાદિ પ્રકારે **સમભાવ**ને પામે (૫) આમ સમભાવને પામે એટલે સામ્યભાવને પામે. જેવું આત્મસ્વરૂપ છે, તેનું સમાનપણું-સદૃશપણું પામવું તેનું નામ સામ્ય છે, એટલે **સ્વરૂપસ્થિતિરૂપ સામ્યને** પામે. (૬) અને આ સામ્ય પામે એટલે ધર્મ પામે. કારણ કે ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. वत्थुसहावो धम्मो ।' આત્મસ્વભાવને પામવો તેનું નામ **ધર્મ**. માટે સ્વરૂપસામ્ય થયું એટલે **આત્મધર્મ** પામ્યો. (૭) આત્મધર્મ પામ્યો એટલે **ચારિત્ર** યુક્ત થયો. કારણ કે 'स्वरूपे चरणं चारित्रं'-આત્મસ્વરૂપનું અનુચરણ તે ચારિત્ર. જેવું આત્માનું સ્વરૂપ ખ્યાત છે, પ્રસિદ્ધ છે, તેવું **યથાખ્યાત ચારિત્ર** અર્થાત્ **સ્વ સ્વરૂપમાં રમણપણું** આમ પ્રાપ્ત થાય. (૮) અને આપણો આત્મભાવ જે એક જ ચૈતન્ય આધારરૂપ છે, તે જ નિજ પરિકર-નિજ પરિવાર બીજા સર્વ સાથ સંયોગ કરતાં સાર છે. તે જ નિજ પરિકરરૂપ આત્મભાવની સાક્ષાત્ અત્ર પ્રાપ્તિ થઇ, એટલે પરમ **આત્મશાંતિ** ઉપજી, અને આત્મા સ્વરૂપમાં વિશ્રાંત થયો, **સ્વરૂપવિશ્રાંતિ** પામ્યો, સ્વરૂપમાં શમાઈ ગયો. આમ **સમજ્યો એટલે શમાયો.**

"શત્રુ મિત્ર પ્રત્યે વર્ત્તે સમદર્શિતા, માન અમાને વર્ત્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહિં ન્યૂનાધિકતા, ભવ મોક્ષે પણ વર્ત્તે શુદ્ધ સમભાવ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?"—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

આમ સ્વ-પરનો ભેદ જાણ્યો-વિવેક થયો, એટલે કષાય ઉપશાંતિ થઇ, વિરતિ થઇ, આસક્તિ ગઇ, વીતરાગતા આવી, સમતા ઉપજી, સ્વરૂપ સામ્ય થયું, આત્મધર્મની સિદ્ધિ

થઇ, યથાખ્યાત ચારિત્ર પ્રગટ્યું, આત્મા પરમ શાંતિમાર્ગને પામ્યો, સ્વરૂપમાં વિશ્રાંત થયો, સ્વરૂપ સમજીને તેમાં જ શમાઇ ગયો. આ બધા 'શમ'ના પ્રકાર છે. અથવા તો સરવાળે પરિણામે એક જ છે.

'સ્વરૂપે શમાયા એવા'

આવા અપૂર્વ શમની અત્ર પ્રાપ્તિ હોય છે. એટલે જ આ ધ્યાનસુખને શમસાર–શમપ્રધાન કહ્યું છે. તેમજ—

卐

सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥१७२॥

પરવશ સઘળું દુઃખ છે, નિજવશ સઘળું સુખ;
લક્ષણ એ સુખ દુઃખનું, કહ્યું સંક્ષેપે મુખ્ય. ૧૭૨

અર્થ :—પરવશ હોય તે બધુંય દુઃખ છે, અને આત્મવશ હોય તે બધુંય સુખ છે, આ સંક્ષેપમાં સુખદુઃખનું લક્ષણ કહ્યું છે.

વિવેચન

"સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ;
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, તે વિણ સુખ કુણ કહીએ ?"—**શ્રી યો. સજ્ઝાય. ૭–૨**

જે કાંઇ પરવશ છે–પરાધીન છે, તે બધુંય દુઃખ છે; અને જે સ્વવશ છે–આત્મવશ છે. તે બધુંય સુખ છે; કારણકે તેમાં સુખ–દુઃખના લક્ષણનો યોગ છે. આ સંક્ષેપમાં સુખ–દુઃખનું લક્ષણ–સ્વરૂપ મુનિએ કહ્યું છે.

સામાન્ય લોકવ્યવહારમાં પણ કહેવાય છે કે 'પારકી આશ તે સદા નિરાશ' પરાધીનતા–પરતંત્રતા જેવું કોઇ દુઃખ નથી ને સ્વાધીનતા–સ્વતંત્રતા જેવું કોઇ સુખ નથી. કોઇ પારકી આશે ઓશીયાળો થઇને પડયો હોય, તેનું દુઃખ તે પોતે જ જાણે છે. પરાધીન–પરતંત્ર રાષ્ટ્ર કે પ્રજાને કેવું દુઃખ ભોગવવું પડે છે, તે હાલના જમાનામાં સર્વ કોઈ જાણે છે. આમ જેમ વ્યવહારમાં, તેમ પરમાર્થમાં પણ પરાધીનતા–પરતંત્રતા એ દુઃખ તે સ્વાધીનતા–સ્વતંત્રતા એ સુખ છે. પરમાર્થથી પરાધીનતા એટલે આત્માથી અતિરિક્ત–જૂદી એવી વસ્તુને આધીનપણું–પરતંત્રપણું, સ્વાધીનતા એટલે નિજ આત્મસ્વરૂપને આધીન-પણું–સ્વતંત્રપણું. જેમાં પર વસ્તુરૂપ વિષયની અપેક્ષા રહે છે, તે વિષયજન્ય સુખ તે

'સઘળું પરવશ તે દુઃખલક્ષણ'

વૃત્તિઃ–**सर्वं परवशं दुःखम्**–પરવશ તે સર્વ દુઃખ છે,–તેના લક્ષણના યોગ થકી, **सर्वमात्मवशं सुखम्**–આત્મવશ તે સર્વ સુખ છે–એ જ હેતુથકી. **एतदुक्तं**–આ કહ્યું છે મુનિએ, **समासेन**–સમાસથી, સંક્ષેપથી **लक्षणम्**–લક્ષણ, સ્વરૂપ, **सुखदुःखयोः**–સુખ–દુઃખનું.

સુખ નથી, પણ દુઃખ જ છે, અથવા કેવલ સુખાભાસ જ છે, એમ આપણે પૂર્વે વિસ્તારથી વિચારી ગયા. જેમાં એક શુદ્ધ આત્મવસ્તુનું જ અવલંબન છે, એવું નિરપેક્ષ આત્મસુખ એ જ વાસ્તવિક સુખ છે કારણકે 'सापेक्षं असमर्थं, निरपेक्षं समर्थं' સાપેક્ષ તે અસમર્થ છે, નિરપેક્ષ તે સમર્થ છે, આમ પરમાર્થ પરિભાષા છે.

"આશા ઓરનકી કયા કીજે ? ગ્યાન સુધારસ પીજે....આશા૦
ભટકે દ્વાર દ્વાર લોકનકે, કુકર આશા ધારી...આશા૦
આશા દાસીકે જે જાયે, તે જન જગકે દાસા....આશા૦"—**શ્રી આનંદઘનજી,**

અથવા **આકુલતા** એ દુઃખનું લક્ષણ છે, અને નિરાકુલતા એ સુખનું લક્ષણ છે, એ વ્યાખ્યા પણ ઉપરોક્ત વ્યાખ્યા સાથે બંધબેસતી છે, ને તેને પુષ્ટ કરે છે; કારણ કે

આકુલતા તે દુઃખ

જ્યાં એક કરતાં વધારે મળે—ભળે, જ્યાં દ્વૈત છે ત્યાં આકુલતા છે; અને જ્યાં એક શુદ્ધ નિર્ભેળ વસ્તુ હોય છે, જ્યાં અદ્વૈત છે ત્યાં નિરાકુલતા છે. એટલે પરવસ્તુના સંયોગ સંબંધથી જ્યાં પરાધીનતા છે ત્યાં આકુલતા છે; અને જ્યાં આકુલતા છે, ત્યાં દુઃખ છે,—એ સર્વ કોઈનો પ્રત્યક્ષ અનુભવ છે, તથા પરવસ્તુના સંયોગ સંબંધથી રહિત એવી જ્યાં સ્વાધીનતા છે ત્યાં નિરાકુલતા છે; અને જ્યાં નિરાકુલતા છે ત્યાં સુખ છે. આ પણ સર્વનો સાક્ષાત્ અનુભવ છે. આમ આ બંને વ્યાખ્યાનો સુમેળ છે.

આત્માથી અતિરિક્ત—જૂદી એવી જે અન્ય વસ્તુ—કર્મ, તેના વડે કરીને જ આ આત્માને અનંત સંસાર પરિભ્રમણ દુઃખ પ્રાપ્ત થયું છે બેડીથી જકડાયેલા પરાધીન

'પારકો પેઠો વિનાશ કરે'

કેદીને જ્યાં લઈ જવો હોય ત્યાં પરાણે લઈ જવાય છે, તેમ કર્મબંધરૂપ બેડીથી બંધાયેલા પરાધીન જીવને કર્મ ગમે ત્યાં ઘસડી જાય છે, અને જન્મ—જરા—મરણાદિ અનંત દુઃખોથી દુઃખી કરે છે. આમ 'પારકો પેઠો વિનાશ કરે'—'परः प्रविष्टः कुरुते विनाशं'—એ લોકોક્તિ સાચી ઠરે છે. આત્માએ સ્વસમયને અર્થાત આત્મવસ્તુની સ્વરૂપમર્યાદાને ઉલ્લંઘી, પરસમયમાં—પારકા પુદ્ગલ ક્ષેત્રમાં—પારકી હદમાં પ્રવેશ કર્યો, અતિક્રમણ (Transgression, Trespass) કર્યો. અનાદિથી આત્માએ પરપુદ્ગલ પ્રદેશમાં માથું માર્યું—હસ્તક્ષેપ કર્યો, પરવસ્તુમાં આસક્તિ કરી, તેની સાથે સ્નેહસંબંધ (!) બાંધ્યો. એટલે તે પુદ્ગલ બલાએ બદલામાં કર્મરૂપ ભૂત તે આત્માને વળગાડયું, અને આત્માને પોતાના ક્ષેત્રમાં આક્રમણના ગુન્હાના બદલામાં પોતાના વિષય—ક્ષેત્રમાં પૂરી રાખવારૂપ દંડ દીધો ! અથવા તો સ્નેહ-સંબંધના બદલામાં તેને ગાઢ બંધને બાંધી સંસારરૂપ હેડમાં પૂરી રાખ્યો ! આમ પરાધીનતાથી જ બધી મ્હોકાણ થઈ છે !

પણ જ્યારે આત્મા પરક્ષેત્રમાં આક્રમણરૂપ અતિક્રમનું પ્રાયશ્ચિત કરે છે, ને પોતાના

ક્ષેત્રમાં પાછા જવારૂપ **પ્રતિક્રમણ** કરે છે, પુનઃ પરક્ષેત્રમાં નહિં જવાનું **પ્રત્યાખ્યાન** કરે છે, સ્વરૂપમાં સમવસ્થિત રહી શુદ્ધ **સામાયિકરૂપ** આત્મસ્વભાવને '**પ્રતિક્રમણ**' ભજે છે; સ્વસ્વરૂપના સ્પર્શનરૂપ સાચું **આત્મવંદન** કરે છે; '**નમો કુર્યે છૂટકો** મુજ! નમો મુજ!' એમ **આત્મસ્તુતિની** પરમ ધન્ય યોગ્યતાને પ્રાપ્ત થાય છે; અને '**કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા**' નિર્ગ્રંથના પંથને પામે છે, અર્થાત્ દેહ છતાં દેહાતીત દશાને પામી નિરંતર **કાયોત્સર્ગ** ભાવને સાધે છે;—ત્યારે આ આત્મા સ્વાધીન—આત્માધીન એવા પરમ સુખને અનુભવે છે. અને આવી આ કાયોત્સર્ગ દશાને પામેલો આ દૃષ્ટિમાં સ્થિત યોગી તો પરવશપણાથી દુઃખસ્વરૂપ એવા સર્વ વિષયનો ત્યાગ કરે છે, અને સ્વવશપણાથી સુખ-સ્વરૂપ એવા શુકલ આત્મધ્યાનનો આશ્રય કરે છે, તેથી તે પરમાનંદ લહરીઓમાં નિરંતર નિમજ્જન કરે છે.

卐

पुण्यापेक्षमपि ह्येवं सुखं परवशं स्थितम् ।
ततश्च दुःखमेवैतत्तल्लक्षणनियोगतः ॥ १७३ ॥

પુણ્ય અપેક્ષક સુખ પણ, પરવશ સ્થિત છે આમ;
તસ લક્ષણ નિયોગથી, દુઃખ જ એહ તમામ. ૧૭૩.

અર્થ:—એમ પુણ્યની અપેક્ષાવાળું સુખ પણ પરવશ સ્થિત છે, અને તેથી કરીને આ તેના લક્ષણના નિયોગથી દુઃખ જ છે. (અને ધ્યાનજન્ય સુખ જ તાત્ત્વિક સુખ છે.)

વિવેચન

એમ ઉપર કહી તે નીતિ પ્રમાણે પુણ્યની અપેક્ષાવાળું સુખ પણ પરવશ રહ્યું છે, કારણકે પુણ્યનું પરપણું છે, એટલે તે પણ તેના લક્ષણના નિયોગથી દુઃખ જ છે. તેથી આમ ધ્યાનજન્ય સુખ એ જ તાત્ત્વિક સુખ છે, કારણ કે તેનું અપરાધીનપણું છે અને કર્મ-વિયોગ માત્રથી ઉપજવાપણું છે.

ઉપરમાં જે સામાન્ય નિયમથી કહ્યું કે જેટલું પરવશ છે તેટલું બધુંય દુઃખ છે, અને સ્વવશ છે તેટલું બધુંય સુખ છે, તે નિયમની નીતિ પ્રમાણે જે સુખમાં પુણ્યની અપેક્ષા

वृत्तिः–**पुण्यापेक्षमपि**—પુણ્યાપેક્ષી પણ, પુણ્યની અપેક્ષાવાળું પણ, **ह्येवम्**–એમ, ઉક્ત નીતિથી, **सुखं परवशं स्थितम्**–સુખ પરવશ સ્થિત છે, પુણ્યના પરપણાને લીધે **ततश्च दुःखमेवैतत् तल्लक्षणनियोगतः**–અને તેથી કરીને આ તેના લક્ષણના નિયોગને લીધે દુઃખ જ છે. તેથી આમ–**ध्यानजं तात्त्विकं सुखं**–ધ્યાનજન્ય એ જ તાત્ત્વિક સુખ છે–અપરાધીનપણાને લીધે, કર્મવિયોગ માત્ર જન્યપણાને લીધે [**ध्यानजं तात्त्विकं सुखम्**–એ પાઠાંતર છે.]

—શ્રી અધ્યાત્મસાર.

રહે છે, અર્થાત્ પુણ્યોદયથકી જે જે સુખપ્રાપ્તિ થાય છે, તે પણ દુઃખ જ છે. કારણ કે તે પુણ્ય પણ પરવસ્તુ છે, એટલે તેને પરાધીન એવું સુખ તે તો દુઃખ જ છે, એ દુઃખનું લક્ષણ અત્ર પ્રાપ્ત થાય છે.

પુણ્યાપેક્ષી સુખ તે દુઃખ

પુણ્યને પરવસ્તુ કહેવાનું કારણ એ કે-પુણ્ય એ શુભ કર્મ છે અને શુભ કર્મ એ આત્માથી અતિરિક્ત-જૂદી એવી પરવસ્તુ છે. આમ પરવસ્તુરૂપ પુણ્યના ઉદયથી દેવેંદ્ર-મનુજેંદ્ર આદિના જે જે સુખ સાંપડે છે, તે પરમાર્થથી દુઃખ જ છે, અથવા સુખાભાસ જ છે. ઇંદ્ર-ચક્રવર્ત્તી આદિની અઢળક ઋદ્ધિ અને તેથી પ્રાપ્ત થતા પંચ વિષય સંબંધી કહેવાતા સુખ તે દુઃખ જ છે. અત્રે શ્રી **ઉપમિતિભવપ્રપંચ** કથામાં કહેલ **નિષ્પુણ્યક રંક**નું તાદૃશ્ય ચિતાર ખડો કરતું પ્રસ્તુત દૃષ્ટાંત યાદ આવે છે. તેમાં પુણ્યોદયથી ચક્રવર્ત્તીની ઋદ્ધિ પામેલાને પણ પરમાર્થથી 'નિષ્પુણ્યક' અર્થાત્ ધર્મ-ધનથી રહિત એવો નિર્ધનીઓ મહાદરિદ્રી ને દુઃખી કહ્યો છે. તે સમસ્ત અદ્ભુત રૂપક વર્ણન (Allegory) મહાત્મા **સિદ્ધર્ષિ**ની જેમ પોતાના આત્મા ઉપર ઘટાવી આત્માર્થી મુમુક્ષુ જીવે પુનઃ પુનઃ મનન કરવા યોગ્ય છે. જો કદી બંધનને સુખ માની શકાય તો પુણ્યને સુખ માની શકાય, પણ તેમ તો મૂર્ખ ગમાર પણ માને નહિ. કારણ કે પુણ્ય એ સોનાની બેડી ને પાપ એ લોઢાની બેડી, પણ બન્ને બંધન તો છે જ છે. પોપટને સોનાના પાંજરામાં પૂર્યો હોય કે લોઢાના, પણ તે બંને બંધનરૂપ પાંજરા છે જ. એટલે જે પુણ્યબંધથી સંસારબંધન ચાલુ રહે છે, વિષય તૃષ્ણા ઉદીર્ણ રહે છે, તેને સુખ કેમ કહી શકાય? આ વગેરે ઉપરમાં વિસ્તારથી વિવેચાઈ ચૂક્યું છે.

આ ઉપરથી સારરૂપ તાત્પર્ય એક જ છે કે-તાત્ત્વિક-પારમાર્થિક સુખ કેવળ ધ્યાનથી જ ઉપજે છે; કારણ કે આત્મધ્યાનમાં પરાવલંબનની અપેક્ષા નથી, અથવા પ્રગટ શુદ્ધ આત્મારૂપ પરમાત્માના જ અવલંબનની અપેક્ષા છે, એટલે-તે કેવલ આત્માધીન છે; અને તે કર્મવિયોગમાત્રથી ઉપજે છે, એટલે તેમાં કર્મનું પરવશપણું નથી. આમ સ્વાધીન એવા આત્મધ્યાનમાં આત્મા ધ્યાતા છે, ધ્યેય આત્મા છે, ને ધ્યાન આત્મા છે. ધ્યાતા-ધ્યાન-ધ્યેયની ત્રિપુટીની અત્ર એકતા થાય છે, પરમ શુદ્ધ અદ્વૈત થાય છે. **સહજાત્મ-સ્વરૂપ** એ જ સાધ્ય, સહજાત્મસ્વરૂપ એ જ સાધન, ને સહજાત્મસ્વરૂપ એ જ સિદ્ધિ-એમ અભેદ એકતા અત્ર થાય છે. એટલે કોઇ પણ પ્રકારની કોઇ પણ વિકલ્પરૂપ આકુલતા થતી નથી, પરમ નિર્વિકલ્પ શાંતિ થાય છે, પરમ સ્વસ્થતા ઉપજે છે, તે જ પરમ સુખ છે, તે જ પરમ આનંદ છે. એવા પરમોત્તમ ધ્યાન સુખની તુચ્છ વિષયસુખમાં રાચનારા પામર જનોને શી ખબર પડે? નગરમાં રહેનારા નાગર જનના સુખની ગમાર ગામડીઆને શી ગમ પડે? તેમ અનુભવ વિના તે ધ્યાનસુખ કેમ કહી શકાય?

ધ્યાનસુખ આત્માધીન

"નાગર સુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ કુમારી રે;
અનુભવ વિણ ત્યમ ધ્યાનતણું સુખ, કુણ લહે નર નારી રે."—**શ્રી યો. સજ્ઝા. ૭-૩**

'આ ધ્યાન× જ્યારે પરમ પરિપાકને પામે છે ત્યારે તેની પાસે ઇંદ્રપદ તૃણ સરખું છે. સ્વપ્રકાશમય–સુખમય–બોધમય એવું આ ધ્યાન જ ભવનો નાશ કરનારું છે. આત્માનો પરમાત્મામાં જે ભેદબુદ્ધિકૃત વિવાદ હતો, એને આ ધ્યાનરૂપ સંધિકાર ઝટ દૂર કરી, એ એનો અભેદ કરી આપે છે.' અર્થાત્ આત્મા–પરમાત્માની અભેદતા થતાં આત્માનો પરમાત્મામાં લય થાય છે.

"ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સ્વગુણ ઉપભોગ રે....નિજ સુખકે સધૈયા;
રીઝ એકત્વતા તાનમેં વાજે, વાજિંત્ર સન્મુખ યોગ રે....નિજ૦"—**શ્રીદેવચંદ્રજી.**

卐

ध्यानं च निर्मले बोवे सदैव हि महात्मनाम् ॥
क्षीणप्रायमलं हेम सदा कल्याणमेव हि ॥ १७४ ॥

નિર્મલ બોધ સતે સદા, મહાત્માઓને ધ્યાન;
ક્ષીણપ્રાય મલ હોય તે, હેમ સદા જ કલ્યાણ. ૧૭૪.

અર્થ:—અને નિર્મલ બોધ સતે, મહાત્માઓને સદૈવ જ ધ્યાન હોય છે. ક્ષીણપ્રાય મલવાળું સોનું સદાય કલ્યાણ જ હોય છે.

વિવેચન

"એહ દૃષ્ટિમાં નિર્મલ બોધે, ધ્યાન તે હોયે સાચું;
દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રત્ન તે દીપે જાચું."—**શ્રી યો. સજ્ઝા. ૭–૪**

સ્પષ્ટ ક્ષયોપક્ષમથી ઉપજેલો નિર્મલ બોધ હોતાં, મહાત્માઓને–મુનિઓને સદૈવ જ ધ્યાન હોય છે. અત્રે **પ્રતિવસ્તુઉપમા** આપી છે કે–ક્ષીણપ્રાય મલવાળું સોનું સદાય કલ્યાણ જ હોય છે. કારણ કે તેની તથાપ્રકારની અવસ્થાની ઉપપત્તિ છે.

"જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે."—**શ્રીમદ્ રાજચંદ્ર.**

વૃત્તિ:—ध्यानं च निर्मले बोवे–અને સ્પષ્ટ ક્ષયોપશમથી ઉપજેલો નિર્મલ બોધ સતે ધ્યાન, શું ? તો કે–सदैव हि महात्मनाम्–સદૈવ જ મહાત્માઓને, મુનિઓને હોય છે. આ જ **પ્રતિવસ્તૂપમાથી** કહે છે–क्षीणप्रायमलं हेम–ક્ષીણપ્રાય મલવાળું હેમ–સોનું, सदा कल्याणमेव हि–સદા કલ્યાણ જ હોય છે,–તથાપ્રકારની અવસ્થાની ઉપપત્તિને લીધે.

× " यत्र गच्छति परं परिपाकं, पाकशासनपदं तृणकल्पम् ।
स्वप्रकाशसुखबोधमयं तद्ध्यानमेव भवनाशि भजध्वम् ॥
आत्मनो हि परमात्मनि योऽभूद्भेदबुद्धिकृत एव विवादः ।
ध्यानसंधिकृदमुं व्यपनीय द्रागभेदमनयोर्वितनोति ॥ "–શ્રી અધ્યાત્મસાર, અ૦ ૧૭.

આ સાતમી **પ્રભા દૃષ્ટિ**માં બોધ એટલો બધો નિર્મલ થઇ ગયો હોય છે, સ્પષ્ટ ક્ષયોપશમનું બલ એટલું બધું વધી ગયું હોય છે, કે આ દૃષ્ટિવાળા મહાત્મા યોગી મુનીશ્વરોને સદાય-નિરંતર ધ્યાન વર્ત્તે છે. આ આત્મારામી જ્ઞાની પુરુષો નિરંતર આત્મધ્યાનમાં નિમગ્ન રહે છે, એવી અદ્ભુત **સહજ ધ્યાનદશા** તેમની વર્ત્તે છે; કારણ કે જ્ઞાનપ્રમાણ ધ્યાન થાય છે.

આત્મધ્યાનથી આત્મપ્રાપ્તિ

અને અત્રે યોગીનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ એટલો બધો વધી ગયો હોય છે, સત્‌શ્રદ્ધાસંગત બોધ એટલો બધો સ્પષ્ટ ને ઉત્કૃષ્ટ થઇ ગયો હોય છે, **જ્ઞાનદશા** એટલી બધી આકરી-તીવ્ર થઇ ગઇ હોય છે, કે એવા યોગીશ્વરોને સહજ સ્વભાવે નિરંતર અખંડ આત્મધ્યાન વર્ત્તે છે. આ આત્મધ્યાની× પુરુષ 'પુણ્ય-પાપ યોગ વિષયમાં આત્માને આત્માથી રુંધી, તથા પરવસ્તુ પ્રત્યેની ઇચ્છાથી વિરત થઈ, દર્શન-જ્ઞાનમાં સ્થિત થાય છે. અને સર્વ સંગથી મુક્ત એવા તે આત્માને આત્માથી ધ્યાવે છે, કર્મને કે નોકર્મને ધ્યાવતા નથી, અને ચેતયિતા-આત્માનુભવી એવા તે એકત્વને ચિંતવે છે. આમ દર્શન-જ્ઞાનમય ને અનન્યમય એવા જ્ઞાની પુરુષ આત્માને ધ્યાવતાં કર્મવિપ્રમુક્ત એવા આત્માને જ શીઘ્ર પ્રાપ્ત કરે છે.' આ આત્મધ્યાનની સિદ્ધિમાં જેણે શુદ્ધ આત્માની સાક્ષાત્ સિદ્ધિપ્રાપ્તિ કરી છે, એવા **પરમાત્માનું અવલંબન** પરમ ઉપકારી થાય છે. શુદ્ધ આત્મસ્વરૂપ પરમાત્માની ભજનાથી પોતાનો શુદ્ધ આત્મા પ્રગટે છે, એટલા માટે યોગી પુરુષો પોતાના મનોમંદિરમાં પરમાત્માનું નિરંતર ધ્યાન ધરે છે, કારણ કે એવા પુષ્ટ નિમિત્ત આલંબનરૂપ પરમાત્માના ધ્યાનથી લય સ્થાને સ્વાલંબન-આત્માલંબન થાય છે, અને આમ 'દેવચંદ્ર' પરમાત્માના ગુણની સાથે એકતાનતા થતાં, આત્મા પૂર્ણસ્થાને પહોંચે છે, પરમાત્મપદને પામે છે.

"પુષ્ટ નિમિત્તાલંબન ધ્યાને, સ્વાલંબન લય ઠાને;
દેવચંદ્ર ગુણને એક તાને, પહોંચે પૂરણ થાને."
"મોરા સ્વામી હો તોરો ધ્યાન ધરિજે, ધ્યાન ધરિજે હો,
સિદ્ધિ વરીજે, અનુભવ અમૃત પીજે."—**શ્રી દેવચંદ્રજી.**

અત્રે લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત આપ્યું છે કે-જેમાંથી મેલ લગભગ ગાળી નંખાયો હોય, શુદ્ધ કરાયો હોય, એવું હેમ-સોનું 'કલ્યાણ' તરીકે ઓળખાય છે, અને તે સદાય

× "अप्पाणमप्पणा रुंधिऊण दो पुण्णपावजोएसु ।
दंसणणाणह्मि ठिदो इच्छाविरओ य अण्णह्मि ॥
जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणो अप्पा ।
णवि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं ॥
अप्पाणं झायंतो दंसणणाणमओ अणण्णमओ ।
लहइ अचिरेण अप्पाणमेव सो कम्मपविमुक्कं ॥ "-**શ્રી સમયસાર** ગા. ૧૮૭-૧૮૯.

'કલ્યાણ' સ્વરૂપ જ રહે છે. તેમ અત્રે પણ કર્મમલ લગભગ ક્ષીણ કલ્યાણ સુવર્ણ થયો હોવાથી–ક્ષીણપ્રાય હોવાથી, નિર્મલ એવા ઉત્કૃષ્ટ ક્ષયોપશમથી જે બોધ થાય છે, તે પરમ કલ્યાણરૂપ જ હોય છે, કારણકે તે પરમ કલ્યાણસ્વરૂપ ઉત્કૃષ્ટ સાચા જ્ઞાનનો હેતુ થઇ પડે છે. જેમ દૂષણ વિનાનું, નિરંતર જ્યોતિવાળું રત્ન ખરેખરૂં દીપે છે–ઝગારા મારે છે, તેમ આ નિર્મલ બોધરૂપ સાચું રત્ન અંતરૂમાં ઝગારા મારે છે, અત્યંત ઝળકી ઊઠે છે. આવો પરમ પ્રકાશમય–પ્રકાશ. ધામરૂપ બોધ સદાય પરમ કલ્યાણસ્વરૂપ જ છે, કારણકે પરમ કલ્યાણમય સ્વસ્વભાવરૂપ મોક્ષપદની પ્રાપ્તિ અત્રે નિકટમાં નિકટ વર્ત્તે છે. વળી જેમ શુદ્ધ 'કલ્યાણ' સુવર્ણ કદી બગડે નહિં, વિપરિણામ પામે નહિં, પણ જેમ છે તેમ કલ્યાણસ્વરૂપ જ રહે; તેમ શુદ્ધ કલ્યાણમય નિર્મલ બોધ કદી વિણસે નહિં, વિપરિણામ પામે નહિં, પણ જેમ છે તેમ શુદ્ધ કલ્યાણસ્વરૂપે જ રહે. એટલે આવો નિર્મલ બોધ સતે અત્રે નિરંતર ધ્યાન વર્ત્તે છે, એ યથાર્થ કહ્યું છે.

सत्प्रवृत्तिपदं चेहासङ्गानुष्ठानसंज्ञितम् ।
महापथप्रयाणं यदनागामिपदावहम् ॥ १७५ ॥

ને સત્પ્રવૃત્તિપદ અહીં, છે અસંગ અનુષ્ઠાન;
મહાપથતણું પ્રયાણ જે, આપે પદ નિર્વાણ. ૧૭૫

અર્થ :—અને અહીં–તત્ત્વમાર્ગમાં, 'અસંગાનુષ્ઠાન' એ સંજ્ઞાએ ઓળખાતું એવું સત્પ્રવૃત્તિપદ વર્તે છે, કે જે મહાપથ–પ્રયાણરૂપ હોઇ, અપુનરાવર્ત્ત પદ–નિત્ય પદ પમાડનારૂં છે.

વિવેચન

અને અહીં તત્ત્વમાર્ગને વિષે, '**અસંગઅનુષ્ઠાન**' એ સંજ્ઞાએ ઓળખાતું એવું **સત્પ્રવૃત્તિ પદ** પ્રાપ્ત વર્ત્તે છે. કારણ કે તથાપ્રકારે સ્વરસપ્રવૃત્તિ હોય છે. તે અસંગાનુષ્ઠાન નામનું સત્પ્રવૃત્તિપદ મહાપથના પ્રયાણરૂપ છે, અને અનાગામિપદાવહ છે, અર્થાત્ અપુનરાવર્ત્ત પદ પમાડનારું–નિત્ય પદ પમાડનારું છે.

અસંગ–અનુષ્ઠાન

ઉપરમાં જે **સત્પ્રવૃત્તિપદ** કહ્યું તે શું ? તેનું અત્ર સ્વરૂપ કહ્યું છે. અહીં તત્ત્વ–

वृत्तिः-सत्प्रवृत्तिपदं चेह—અને અહી એટલે કે તત્ત્વમાર્ગમાં સત્પ્રવૃત્તિ પદ, શું ? તો કે असङ्गानुष्ठानसंज्ञितम्-અસંગાનુષ્ઠાન સંજ્ઞિત સંજ્ઞાવાળું વર્ત્તે છે; તથાપ્રકારે સ્વરસપ્રવૃત્તિને લીધે. महापथप्रयाणं यद्-જે અસંગાનુષ્ઠાન મહાપથ પ્રયાણ છે. अनागामिपदावहम्-અનાગામિ પદાવહ છે, (અપુનરાવર્ત્ત પદ પમાડનાર છે), નિત્યપદ પ્રાપક–પમાડનાર છે.

માર્ગમાં અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વની સિદ્ધિ સાધનારા યોગમાર્ગમાં, સત્પ્રવૃત્તિપદને '**અસંગાનુષ્ઠાન**' સંજ્ઞા આપવામાં આવી છે. આ 'અસંગાનુષ્ઠાન' સંજ્ઞા–નામ ઉપરથી એનું સ્વરૂપ સંજ્ઞાત થાય છે, સમ્યક્પ્રકારે જણાય છે, એટલે એને 'અસંગાનુષ્ઠાન' સંજ્ઞા બરાબર ઘટે છે. '**संज्ञायते अनेन इति संज्ञा.**' આ અસંગ અનુષ્ઠાન એટલે શું? તે બરાબર સમજવા માટે આ ચાર પ્રકારના અનુષ્ઠાનનું સ્વરૂપ જાણવું જોઈએ: (૧) પ્રીતિ અનુષ્ઠાન, (૨) ભક્તિ અનુષ્ઠાન, (૩) વચન અનુષ્ઠાન, (૪) અસંગ અનુષ્ઠાન.

પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન

જે અનુષ્ઠાનમાં પરમ આદર–પ્રયત્નાતિશય હોય છે, પરમ પ્રીતિ ઉપજે છે, અને શેષત્યાગથી એટલે કે બીજાં બધાં કામ એક કોર મૂકી દઈ જે કરાય છે, તે **પ્રીતિ અનુષ્ઠાન** છે. × એ પ્રીતિ અનુષ્ઠાનની તુલ્ય છતાં, પૂજ્યપણાની બુદ્ધિથી જે વિશુદ્ધતર વ્યાપારવાળું હોય છે, તે **ભક્તિ અનુષ્ઠાન છે.** એટલે બીજી બધી રીતે પ્રીતિ અનુષ્ઠાન બરાબર છતાં, આ ભક્તિ અનુષ્ઠાનમાં પૂજ્યભાવનો અંશ વિશેષ હોય છે, તેથી તે વધારે વિશુદ્ધયોગ–વ્યાપારવાળું હોય છે. આ પ્રીતિ–ભક્તિ એ બન્ને અનુષ્ઠાનનું સ્વરૂપ સમજવા માટે પત્નીનું અને માતાનું ઉદાહરણ છે. પત્ની છે તે અત્યંત વલ્લભ–પ્રિય છે, તેમજ જનની હિતરૂપ છે, પત્નીને જે ભોજન–વસ્ત્રાદિ આપવામાં આવે છે તે પ્રીતિથી અપાય છે, અને માતાને જે આપવામાં આવે છે તે ભક્તિથી અપાય છે. આટલો એ બંને વચ્ચે ફેર છે.

વચન–અસંગ અનુષ્ઠાન

શાસ્ત્ર અર્થના અનુસંધાનપૂર્વક સાધુપુરુષની જે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ, તે **વચનાનુષ્ઠાન છે.** અર્થાત્ ચારિત્રવંત સત્પુરુષની શાસ્ત્રવચનને અનુસરતી, '**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે**' એવી સર્વત્ર ઉચિત યોગવાળી પ્રવૃત્તિ, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યથાસૂત્ર આદર્શ (Ideal) આચરણ, તે **વચનાનુષ્ઠાન** છે. દા. ત. અઢાર હજાર શીલઅંગને ધરનારા તે સાચા સાધુ અથવા મુનિ છે, તેવું શાસ્ત્રવચન અનુસારનું યથોક્ત આદર્શ આચરણ હોય તે વચનાનુષ્ઠાન. વ્યવહારકાલે શાસ્ત્રવચનથી જે નિરપેક્ષ હોય છે–શાસ્ત્રવચનની જ્યાં અપેક્ષા રહી નથી, અને અતિદૃઢ સંસ્કારને લીધે **ચંદનગંધ ન્યાયે** જે આત્મારૂપ થઈ ગયું હોય છે, એવું જે જિનકલ્પી આદિનું ક્રિયાસેવન–સર્વ પર ભાવના સંગસ્પર્શરહિત શુદ્ધ

× "यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्त्तुः ।
शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ॥
गौरवविशेषयोगाद् बुद्धिमतो यद्विशुद्धतरयोगम् ।
क्रिययेतरतुल्यमपि ज्ञेयं तद्भक्त्यनुष्ठानम् ॥
अत्यन्तवल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति ।
तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात्प्रीतिभक्तिगतम् ॥"—ષોડશક, ૧૦, ૩–૫

આત્માનુચરણ તે **અસંગાનુષ્ઠાન** છે. કહ્યું છે કે-'અભ્યાસાતિશયને * લીધે સંતોથી જે સાત્મીભૂત જેવું આચરાય છે, એવું અસંગાનુષ્ઠાન તે વચનના સંસ્કાર થકી હોય છે. પહેલું ચક્રભ્રમણ દંડવ્યાપારથી હોય છે અને તેના અભાવે પછીનું હોય છે,-આ વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનનો વિશેષ જણાવનારૂં દૃષ્ટાંત છે.' અર્થાત્ હાથો હલાવતાં ચક્ર ભમે છે, તેમાં પહેલો આંટો હાથો હલાવવાથી ફરે છે, અને પછી હાથો મૂકી દઇએ તો પણ પૂર્વ સંસ્કારથી ચક્ર ફર્યા કરે છે. આમાં પહેલા આંટા બરાબર વચનાનુષ્ઠાન છે અને પછીના આંટા બરાબર અસંગાનુષ્ઠાન છે. એટલે ભિક્ષાટનાદિ વિષયી વચનાનુષ્ઠાન વચન-વ્યાપારથકી હોય છે, અને અસંગાનુષ્ઠાન વચન અભાવે પણ કેવલ તજ્જનિત સંસ્કાર-થકી હોય છે, વચનવ્યાપાર નહિં છતાં તેનાથી ઉપજેલા દૃઢ અભ્યાસ સંસ્કારથી આપોઆપ (Automatic) થયા કરે છે. આમ અસંગાનુષ્ઠાન એટલે વ્યવહાર કાલે વચનનું આલંબન લીધા વિના, અતિશય અભ્યાસને લીધે ઉપજેલા ગાઢ સંસ્કાર થકી, **ચંદનગંધન્યાયે** સાત્મીભૂત થયેલું-આત્માના સ્વભાવભૂત થઇ ગયેલું અનુષ્ઠાન-જેમ ચંદનગંધ આખા વનને સુવાસિત કરી મૂકે છે, તેમ આ અનુષ્ઠાન આ ચારિત્રવંત મહાયોગીને એટલું બધું આત્મારૂપ થઇ ગયું હોય છે, કે તે તેના સકલ આત્મપ્રદેશમાં વ્યાપ્ત થઇ જઇ તેને શીલસૌરભથી સુવાસિત કરી મૂકે છે. તે અનુષ્ઠાનનો તેના આત્માને એટલો બધો દૃઢ અભ્યાસ થઇ ગયો હોય છે, ને શાસ્ત્રવચનનો તેને એટલો બધો ગાઢ સંસ્કાર લાગી ગયો હોય છે, કે વચનાલંબન વિના પણ એની મેળે સ્વરસથી તેની તથાપ્રવૃત્તિ થયા જ કરે છે. આવું તે મહાત્માનું **સહજ સ્વભાવરૂપ અસંગ આચરણ** તે અસંગ અનુષ્ઠાન છે.

અનાલંબન યોગ

આ જે **અસંગાનુષ્ઠાન** છે, તે જ **અનાલંબન યોગ** કહેવાય છે, કારણ કે અનાલંબન એ સંગત્યાગનું જ લક્ષણ છે. આ અનાલંબન યોગનું સ્વરૂપ સમજવા માટે આલંબન યોગનું સ્વરૂપ જાણવું જોઈએ. તે આ પ્રકારેઃ—'અહીં આલંબન પણ આ છે-રૂપી અને અરૂપી એવા પરમ; અને તે અરૂપી પરમાત્માના ગુણની પરિણતિરૂપ એવો જે સૂક્ષ્મ છે, તે અનાલંબન યોગ છે.'

"आलंबणं पि एयं रूवमरूवी य इत्थ परमुत्ति ।
तग्गुणपरिणइरूवो, सुहुमोऽणालंबणो नाम ॥"

—શ્રી હરિભદ્રસૂરિકૃત યોગવિંશિકા, ગા. ૧૯

* " यत्त्वभ्यासातिशयात्सात्मीभूतमिव चेष्ट्यते सद्भिः ।
तदसङ्गानुष्ठानं भवति त्वेतत्तदावेधात् ॥
चक्रभ्रमणं दण्डात्तदभावे चैव यत्परं भवति ।
वचनासङ्गानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम् ॥ "

મહર્ષિ હરિભદ્રાચાર્યજીપ્રણીત ષોડશક ૧૦-૭, ૮.

અહીં (૧) **રૂપી** એટલે સમવસરણસ્થિત જિનરૂપ; અને તેની પ્રતિમાદિ લક્ષણવાળું આલંબન. (૨) **અરૂપી** પરમ એટલે સિદ્ધ પરમાત્મા. તેમાં—તે અરૂપી પરમાત્મરૂપ આલંબનના જે કેવલજ્ઞાનાદિ ગુણો, તેની **સમાપત્તિરૂપી** પરિણતિથી જે જણાય છે, તે તદ્‌ગુણપરિણતિરૂપ અનાલંબન નામનો યોગ છે. અતીન્દ્રિય વિષયપણાને લીધે તે સૂક્ષ્મ છે; અથવા તો સૂક્ષ્મ આલંબનવાળો આ યોગ છે, તેથી આ ઈષદ્—કિંચિત્ આલંબનરૂપ હોઈ અનાલંબન યોગ કહેવાય છે. ×

અને આ જે અનાલંબન યોગ છે, તે **સામર્થ્ય યોગમાં** પ્રાપ્ત થતી **પરતત્ત્વ-દર્શનેચ્છારૂપ છે.** 'શાસ્ત્રમાં જેનો ઉપાય બતાવવામાં આવ્યો છે, પણ જેનો વિષય શાસ્ત્રથી પર છે, એવો વિશેષથી શક્તિઉદ્રેકથી પ્રાપ્ત થતો આ સામર્થ્ય નામનો ઉત્તમ યોગ છે.'—એમ આ ગ્રંથપ્રારંભમાં (શ્લો. ૫) વ્યાખ્યા કરવામાં આવી હતી. આ સામર્થ્ય યોગ **ક્ષપકશ્રેણીગત દ્વિતીય અપૂર્વકરણમાં** પ્રાપ્ત હોય છે, અને તેમાં ક્ષમા આદિ ક્ષાયોપશમિક ધર્મોનો સંન્યાસ—ત્યાગ હોય છે. આવા સ્વરૂપવાળા આ ધર્મસંન્યાસરૂપ સામર્થ્યયોગ થકી જે નિઃસંગ એવી **પરતત્ત્વદર્શનેચ્છા*** અખંડપણે પ્રવર્તે છે, તદ્‌રૂપ આ અનાલંબન યોગ જાણવો. અર્થાત્ એક પરમાત્મા સિવાય બીજે કયાંય સંગ ન કરે—ચોંટે નહિં એવી અસંગ શક્તિથી, અખંડ પ્રવૃત્તિથી પૂર્ણ એવી જે પરમાત્મદર્શનની ઇચ્છા તે અનાલંબન યોગ છે. અને તે પરતત્ત્વનું દર્શન જ્યાંલગી નથી થયું, ત્યાંલગી જ આ હોય છે; પણ પરમાત્મ સ્વરૂપનું દર્શન થયે કેવલજ્ઞાન ઉપજતાં, અનાલંબન યોગ હોતો નથી, પણ સાલંબન હોય છે આ સમજવા માટે **બાણનું દૃષ્ટાંત** છે :—

પરતત્ત્વ દર્શનેચ્છા

ક્ષપકરૂપ ધનુર્ધર—બાણાવળી છે. ક્ષપકશ્રેણીરૂપ ધનુષ્ય છે. પરમાત્મા એ લક્ષ્ય—તાકવાનું નિશાન છે. તેના વેધમાં ખાલી ન જાય, અચૂક જે બાણ તાકે છે, તેના સ્થાને આ અનાલંબન યોગ છે. જ્યાંલગી તે બાણ છોડવામાં આવ્યું નથી, ત્યાંલગી જ અનાલંબન યોગ વ્યાપાર છે. પણ તે છોડવામાં આવ્યે, અચૂક એવા તેના પતનમાત્રથી જ લક્ષ્યવેધ હોય છે, શીઘ્ર પરમાત્મ-દર્શન થાય છે. એટલે બાણપાત બાણના પડવા જેવો સાલંબન કેવલજ્ઞાન પ્રકાશ જ હોય છે,

× " सालम्बनो निरालम्बनश्च योगः परो द्विधा ज्ञेयः ।
जिनरूपध्यानं खल्वाद्यस्तत्तत्त्वगस्त्वपर ः ।। "—ષોડશક ૧૪-૧.

* " सामर्थ्ययोगतो या तत्र दिदृक्षेत्यसङ्गशक्त्याढया ।
साऽनालम्बनयोगः प्रोक्तस्तददर्शनं यावत् ।।
तत्राप्रतिष्ठितोऽयं यतः प्रवृत्तश्च तत्त्वतस्तत्र ।
सर्वोत्तमानुजः खलु तेनानालम्बनो गीतः ।।
द्रागस्मात्तद्दर्शनमिषुपातज्ञातमात्रतो ज्ञेयम् ।
एतच्च केवलं तत् ज्ञानं यत्तत्परं ज्योतिः ।। "—ષોડશક ૧૫-૮, ૯, ૧૦.

નહિં કે અનાલંબન યોગ વ્યાપાર. કારણ કે ફલનું સિદ્ધપણું છે. (વિશેષ જિજ્ઞાસુએ **યોગવિંશિકા** પર શ્રી યશોવિજયજીની ટીકા તથા **ષોડશક** શાસ્ત્ર અવલોકવાં.)

અસંગનું તાત્પર્ય

આ સર્વ ઉપરથી તાત્પર્ય આ છે કે-(૧) અસંગ અનુષ્ઠાન **એટલે શાસ્ત્રવચનના સંગ-અવલંબન** વિના, તજ્જન્ય દૃઢ સંસ્કારથી આપોઆપ **સ્વરસથી** પ્રવર્ત્તતું એવું, નિર્ગ્રંથ વીતરાગ મુનિનું આત્મસ્વભાવરૂપ થઇ ગયેલું અસંગ આચરણ આ નિર્ગ્રંથ મહામુનિનું આત્મચારિત્ર એટલું બધું આદર્શપણે **અસંગ** હોય છે, કે તેમાં કોઇ પણ પ્રકારના પરભાવનો કંઈ પણ સંગ નથી હોતો. સંગ બે પ્રકારના છે-બાહ્ય અને અભ્યંતર. ધન ધાન્યાદિ પરિગ્રહ તે બાહ્ય સંગ છે, રાગ-દ્વેષ-મોહાદિ અંતરંગ ભાવો તે **અભ્યંતર** સંગ છે. આ બંને પ્રકારના સંગનો જ્યાં સર્વથા અભાવ વર્ત્તે છે, તે અસંગ અનુષ્ઠાન કહેવાય છે. દ્રવ્ય-ભાવ નિર્ગ્રંથપણાની અને તેમાંય મુખ્ય કરીને આદર્શ ભાવ નિર્ગ્રંથપણાની જ્યાં સંપૂર્ણ સંસિદ્ધિ વર્ત્તે છે, તે **અસંગ અનુષ્ઠાન છે.** (૨) આ અસંગ અનુષ્ઠાન એ જ **અનાલંબન યોગ** છે. અરૂપી પરમાત્માના ગુણ સાથે સમાપત્તિ થવી, સમરસભાવ પરિણતિ થવી તે અનાલંબન યોગ છે. **બીજે** ક્યાંય પણ સંગ-આસક્તિ કર્યા વિના કેવળ એક પરમાત્મામાં જ ચિત્ત જોડી, પરમાત્માના અને આત્માના ગુણની એકત્વતાના ચિંતનથી તન્મયતા થવી, તે અસંગ અનુષ્ઠાનરૂપ અનાલંબન યોગ છે. (૩) અને આ અનાલંબન યોગ તે **સામર્થ્યયોગ**માં પ્રગટતી ઉત્કટ **પરતત્ત્વદર્શનેચ્છા** છે. આ પરતત્ત્વદર્શનની ઇચ્છા એટલી બધી ઉત્કટ-તીવ્ર હોય છે, કે ત્યાં પછી બીજે ક્યાંય પરભાવમાં સંગ-આસક્તિ હોતી નથી, બીજે ક્યાંય ચિત્ત ચોંટતું નથી, કેવળ પરતત્ત્વના દર્શનની જ ઝંખના વર્તે છે. આમ અન્યત્ર ક્યાંય સંગ વિના-આસક્તિ વિના, આલંબન વિના, પ્રતિબંધ વિના, જે અસંગ નિર્ગ્રંથ આચરણ થાય, એક પરમાત્માના ધ્યાવનરૂપ જે અનાલંબનયોગ પ્રગટે, પરમાત્મદર્શનની જે ઉત્કટ ઇચ્છા પ્રવર્ત્તે, તે સર્વ અસંગ અનુષ્ઠાન છે.

'અનુષ્ઠાન'નું રહસ્ય

આ '**અનુષ્ઠાન**' શબ્દનું અર્થરહસ્ય સમજવા યોગ્ય છે. જ્ઞાનને અનુસરતી, અનુકૂળ, અવિરુદ્ધ ક્રિયા કરવી, તેનું નામ અનુષ્ઠાન છે. એટલે જે પ્રકારે દૃઢ નિશ્ચયપૂર્વક જ્ઞાન થયું કે દેહાદિ પરવસ્તુથી આત્મા ભિન્ન છે, તે નિશ્ચય જ્ઞાનને વર્તનમાં-આચરણમાં મૂકવું અર્થાત્ દેહાદિ પરવસ્તુ પ્રત્યેના રાગાદિ ભાવનો ત્યાગ કરી, શુદ્ધ આત્માની સિદ્ધિ કરવા પ્રવર્ત્તવું, તે અનુષ્ઠાન છે. દેહાદિથી પ્રગટ ભિન્ન એવું જે આત્માનુભવરૂપ આત્મજ્ઞાન થયું, તેને અનુરૂપ-છાજે એમ દેહાદિ પરભાવના સંસર્ગથી રહિતપણે શુદ્ધ આત્મસ્વભાવનું આચરણ કરવું, તે અનુષ્ઠાન છે. એટલી તેની સાધક એવી ક્રિયા તે પણ અનુષ્ઠાન નામથી ઓળખાય છે. આવા આત્માને અમૃતરૂપે પરિણમતા **અમૃત** અનુષ્ઠાનની સાધના કરતાં કરતાં

સમ્યગ્દૃષ્ટિ યોગી પુરુષ, સમસ્ત પરભાવ–વિભાવના સંગ–સ્પર્શ વિનાના પરમ અસંગ અનુષ્ઠાનને પામી, પરમ અમૃતમય આત્મધ્યાનદશાને પામે છે.

"પ્રીતિ ભક્તિ અનુષ્ઠાનથી રે....મન૦ વચન અસંગી સેવ રે....ભાવિ૦
કર્તા તન્મયતા લહેરે....મન૦ પ્રભુ ભક્તિ સ્વયમેવ રે....ભવિ૦"—**શ્રી દેવચંદ્રજી.**

આવું પરમ અમૃતમય અસંગ અનુષ્ઠાન મહાપથના પ્રયાણરૂપ છે, મહામોક્ષમાર્ગ પ્રત્યેના સાક્ષાત્ ગમનરૂપ–છેલ્લી મજલરૂપ છે. આ અસંગ અનુષ્ઠાનથી જ સાક્ષાત મોક્ષ-માર્ગની પ્રાપ્તિ હોય છે અને એટલા માટેજ આ અસંગ અનુષ્ઠાનને અહીં '**અનાગામિ-પદાવહ**' કહ્યું છે, અર્થાત્ **અપુનરાવર્ત્ત પદ** કે જ્યાંથી પુનઃ પાછું ફરવાનું નથી, એવું નિત્યપદ, શાશ્વત મોક્ષપદ તે પ્રાપ્ત કરાવનાર છે. આ અસંગ અનુષ્ઠાન થકી જ નિત્ય–સદા સ્થિર એવા મોક્ષપદની પ્રાપ્તિ હોય છે. કારણકે આ અસંગાનુષ્ઠાન તે ઉપરમાં કહ્યું તેમ પરમાત્માના તન્મય ધ્યાનરૂપ અનાલંબન યોગ છે, અને પરમાત્માના સ્વરૂપ-ધ્યાન આલંબને આત્મા અવશ્ય પરમાત્મા થાય છે,–ઇયળ જેમ ભમરીના ધ્યાનથી ભમરી બને છે તેમ.

"જિન ભક્તિરત ચિત્તને રે, મન૦ વેધક રસ ગુણપ્રેમ રે. ભવિ૦
સેવક જિનપદ પામશે રે, મન૦ રસવેધિત અય જેમ રે. ભવિ૦"— **શ્રી દેવચંદ્રજી.**

"જિન થઇ જિન જે આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે."—**શ્રી આનંદઘનજી.**

卐

આના નામો કહે છે—

प्रशान्तवाहितासंज्ञं विसभागपरिक्षयः ।
शिववर्त्म ध्रुवाध्वेति योगिभिर्गीयते ह्यदः ॥ १७६ ॥
વિસભાગપરિક્ષય અને, શાંતવાહિતા નામ;
ધ્રુવમાર્ગ શિવપંથ આ, ગીત યોગીથી આમ. ૧૭૬.

અર્થ:—પ્રશાંતવાહિતા સંજ્ઞાવાળું આ અસંગ અનુષ્ઠાન વિસભાગપરિક્ષય, શિવવર્ત્મ, ધ્રુવમાર્ગ એમ યોગીઓથી ગવાય છે.

વિવેચન

"વિસભાગક્ષય શાંતવાહિતા, ધ્રુવમારગ શિવ નામ;
કરે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ **સુયશ** પરિણામ રે."—યો. સજ્ઝા. ૭–૫.

વૃત્તિઃ—प्रशांतवाहितासंज्ञम्–પ્રશાંતવાહિતા સંજ્ઞાવાળું,–સાંખ્યોનું. विसभागपरिक्षयः—વિસભાગ-પરિક્ષય, બૌદ્ધોનું. शिववर्त्म–શિવવર્ત્મ, શિવમાર્ગ,–શૈવોનું–ध्रुवाध्वा–ધ્રુવમાર્ગ,–મહાવ્રતિકોનું, इति–એમ, योगिभिर्गीयते ह्यदः–આ અસંગ અનુષ્ઠાન યોગીઓથી ગવાય છે.

આ જે **અસંગ અનુષ્ઠાન** કહ્યું, તેને યોગીઓએ ભિન્ન ભિન્ન નામે ગાયું છે: કોઇ તેને **પ્રશાંતવાહિતા** કહે છે, કોઇ **વિસભાગપરિક્ષય** કહે છે, કોઇ શિવવર્ત્મ કહે છે, કોઇ ધ્રુવમાર્ગ કહે છે.

અસંગાનુષ્ઠાનના વિવિધ નામ

(૧) સાંખ્યદર્શની–યોગદર્શનીઓ આ અસંગઅનુષ્ઠાનને **પ્રશાંતવાહિતા** નામે ઓળખે છે. જ્યાં પ્રશાંત–અત્યંત શાંતવાહિતા–વહન ભાવ છે, અર્થાત્ જ્યાં અખંડ શાંત સુધારસનો પ્રશાંત એકધારો પ્રવાહ વહ્યા કરે છે, તે પ્રશાંતવાહિતા છે. જ્યાં અખંડ આત્મસ્થિતિરૂપ પરમ પ્રશાંત ચૈતન્ય રસામૃતસાગરમાં નિમજ્જનમય અખંડ એકધારો આત્મભાવ પ્રવાહ વહ્યા કરે છે, તે પ્રશાંતવાહિતા × છે. (૨) બૌદ્ધ દર્શની તેને '**વિસભાગપરિક્ષય**' કહે છે. જ્યાં વિસભાગનો પરિક્ષય છે તે વિસભાગપરિક્ષય. આનો પરમાર્થ એમ સમજાય છે કે–અનાદિ કુવાસનામય વિષનો જ્યાં પરિક્ષય–સર્વથા ક્ષય હોય છે તે વિસભાગ–પરિક્ષય છે. આ કુવાસનામય વિષનો સર્વનાશ થતાં, પરમ અમૃતસ્વરૂપ આત્મા જ્યાં સ્વસ્વભાવે પ્રગટ થાય છે, તે વિસભાગપરિક્ષય છે. (૩) શૈવો તેને **શિવવર્ત્મ–શિવમાર્ગ** કહે છે. શિવ એટલે પરમ તત્ત્વરૂપ મોક્ષ અથવા કલ્યાણ–નિઃશ્રેયસ્; તેને પામવાનો માર્ગ, તેના પ્રત્યે જતો માર્ગ તે શિવવર્ત્મ, શિવમાર્ગ, મોક્ષમાર્ગ. અથવા શિવ એટલે શાંતિ; પરમ આત્મશાંતિ પામવાનો માર્ગ તે શિવવર્ત્મ. (૪) મહાવ્રતિકો તેને **ધ્રુવાધ્વ–ધ્રુવ માર્ગ** નામ આપે છે. ધ્રુવ એટલે ત્રણે કાળમાં જે કદી ચલે નહિં, ફરે નહિં એવું અચલ પદ. જેમ ધ્રુવનો તારો કદી ફરે નહિં, ચલે નહિં, ધ્રુવ જ રહે, તેમ જે કદી ફરે નહિં, ચલે નહિં, ધ્રુવ જ રહે તે ધ્રુવ પદ. તે ધ્રુવપદ પ્રત્યે જવાનો માર્ગ તે ધ્રુવ માર્ગ.

આમ જે પરમ વીતરાગ ભાવરૂપ અસંગ આત્મચારિત્રને જૈનો **અસંગાનુષ્ઠાન** નામે ઓળખે છે, તેને જ અન્ય દર્શનીઓએ પણ જૂદા જૂદા નામે ગાઇ તેનો મહા-મહિમા વિસ્તાર્યો છે. અને આમ પરમાણુમાત્ર પણ પરભાવ–વિભાવની વાસનાના સ્પર્શ લેશથી રહિત એવું આ પરમ અસંગ વીતરાગપદ–જિનપદ, શિવપદ, બુદ્ધપદ, વિષ્ણુપદ છે; અને તે પામવાનો માર્ગ પણ તેવો જ અસંગ અનુષ્ઠાનરૂપ છે. સકલ યોગમાર્ગના પરમ રહસ્યરૂપ '**ઇચ્છે છે જે જોગીજન**' વાળું પરમ અદ્‌ભુત અમર કાવ્ય કે જે યોગીશ્વર

× " प्रशांतवाहिता वृत्तेः संस्कारात्स्यान्निरोधजात् ।
प्रादुर्भावतिरोभावौ तद्‌व्युत्थानजयोरयम् ॥ "—દ્વા. દ્વા. ૨૪. ૨૩.

અર્થાત્—પ્રશાંતવાહિતા એટલે વિક્ષેપના પરિહૃતપણાથી સદૃશપ્રવાહ પરિણામિતા, એક સરખી પ્રવાહરૂપ પરિણામિતા. તે વૃત્તિ એટલે વૃત્તિમય ચિત્તના નિરોધજન્ય સંસ્કારથી હોય છે. " तस्य प्रशांतवाहिता संस्कारात् "–(पा. ३०–१०). આ નિરોધ તે શું ? તો કે નિરોધજન્ય અને વ્યુત્થાનજન્ય સંસ્કારના અનુક્રમે પ્રાદુર્ભાવ—તિરોભાવ તે નિરોધ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીની અંતિમ કૃતિ છે, તેની આ અંતિમ ગાથામાં ઉપરોક્ત સર્વ નામોનો પરમાર્થભાવ સુંદર સરલ ને સ્પષ્ટ શૈલીમાં ઉત્તમ રીતે ગુંથેલો દૃશ્ય થાય છે :—

"સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત રહે તદ ધ્યાન મહીં;
પર શાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે, વર તે, જય તે." —શ્રીમદ્ રાજચંદ્રજી.

સુખના ધામરૂપ અનંત–શાશ્વત–ધ્રુવ એવા આ પરમ પદને સંતજનો–જોગીજનો ચાહે છે, નિરંતર ઇચ્છે છે, એટલે જ રાતદિવસ તેના જ ધ્યાનમાં રહે છે. સુધામય–અમૃતમય એવી પરમ શાંતિ જ્યાં પ્રવહે છે એવા આ પદને નમસ્કાર હો! એ પદ 'વર' છે અર્થાત્ યોગીઓએ વરેલું–પસંદ કરેલું (Choicest) પરમ પદ છે. એવું તે પદ જયવંત વર્તો! અત્રે 'સુખધામ' શબ્દથી તેનું શિવપણું અને 'અનંત' શબ્દથી ધ્રુવપણું બતાવ્યું છે. 'સુધામય' શબ્દથી વિસભાગપરિક્ષયનું સૂચન છે, અને 'પર શાંતિ અનંત' પદથી પ્રશાંતવાહિતા પ્રદર્શિત કરી છે. આમ એક જ કંડિકામાં સર્વ દર્શનોના યોગશાસ્ત્રોને પરમ સંમત એવી યોગપરિભાષાનો પરમ રહસ્યરૂપ અનુપમ પરમાર્થ કેવી અપૂર્વ સરલતાથી પ્રકાશ્યો છે! ખરેખર! શ્રીમદ્નો આ છેલ્લામાં છેલ્લો શબ્દ એ સર્વ યોગશાસ્ત્રનો પણ છેલ્લામાં છેલ્લો (last word) શબ્દ જ છે.

'પરશાંતિ અનંત સુધામય જે'

卐

एतत्प्रसाधयत्याशु यद्योग्यस्यां व्यवस्थितः ।
एतत्पदावहैषैव तत्तत्रैतद्विदां मता ॥ १७७ ॥

એહ પ્રસાધે શીઘ્ર અહિં, સ્થિત યોગિજન શિષ્ટ;
તેથી એહ–પદાવહા, આ જ તજ્જ્ઞને ઇષ્ટ. ૧૭૭

અર્થ :—કારણ કે આ દૃષ્ટિમાં વ્યવસ્થિત સંતો યોગી આ અસંગ અનુષ્ઠાનને શીઘ્ર પ્રસાધે છે. તેથી કરીને એ પદ પમાડનારી આ જ દૃષ્ટિ ત્યાં આ પદ જાણનારાઓને ઇષ્ટ છે.

વિવેચન

આ અસંગ અનુષ્ઠાનને આ દૃષ્ટિમાં વ્યવસ્થિત યોગી શીઘ્ર પ્રસાધે છે. એટલે આ

वृत्तिः–एतद्—આ, અસંગ અનુષ્ઠાન, प्रसाधयत्याशु–શીઘ્ર પ્રસાધે છે, यद् योगी–કારણકે યોગી, अस्यां–આમાં, આ દૃષ્ટિમાં, व्यवस्थितः–વ્યવસ્થિત સતો, एतत्पदावहैषैव–એ પદાવહા આ જ છે, એ પદ પમાડનારી આ જ દૃષ્ટિ છે, तत्–તેથી કરીને, तत्र–તેમાં, एतद्विदां–એ પદને જાણનારાઓને, मता–મત છે, ઇષ્ટ છે.

અસંગપદાવહા–અસંગ પદને પમાડનારી આ જ દૃષ્ટિ, તે યોગમાર્ગને વિષે એ પદના જ્ઞાતા યોગી પુરુષોને મત છે, ઇષ્ટ છે, અભિમત છે.

અસંગાનુષ્ઠાન-સિદ્ધિ

આ જે **અસંગ અનુષ્ઠાન** કહેવામાં આવ્યું, તે અસંગ અનુષ્ઠાનને આ સાતમી **પ્રભા દૃષ્ટિ**માં સ્થિતિ કરતો યોગી શીઘ્ર પ્રસાધે છે. અત્રે યોગી પરમ વીતરાગ ભાવરૂપ આ અસંગ પદને પામે છે, કે જ્યાં અનાદિ કુવાસનામય વિષનો પરિક્ષય–વિસભાગપરિક્ષય થતાં, પરમ અમૃતસ્વરૂપ આત્મા શુદ્ધ **સહજાત્મસ્વરૂપે** પ્રગટ થાય છે; અને જ્યાં પરમ શાંત સુધારસનો પ્રશાંત અખંડ પ્રવાહ વહ્યા કરે છે–પ્રશાંતવાહિતા વર્ત્તે છે, એટલે અખંડ આત્મસ્થિતિરૂપ પરમ પ્રશાંત ચૈતન્ય રસામૃતસાગરમાં આત્મા નિરંતર નિમજ્જન કરે છે. અત્રે જ તે પરમ યોગી જ્ઞાન–દર્શન–ચારિત્રની અભેદ એકતારૂપ પરમાર્થ મોક્ષ-માર્ગને–શિવમાર્ગને સાક્ષાત્ પામે છે, મોક્ષરૂપ ધ્રુવપદ પ્રત્યે લઇ જનારા પ્રત્યક્ષ ધ્રુવ-માર્ગને પ્રાપ્ત કરે છે.

"એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો." —**શ્રીમદ્ રાજચંદ્રજી**

જ્વલંત ઉદાહરણ

આવા અસંગ–વીતરાગ યોગીની આત્મદશા પરમ અદ્‌ભુત હોય છે. તેમનો આત્મા એટલો બધો ઉદાસીન–વીતરાગ વર્તે છે, કે તે સર્વત્ર અસંગ ભાવને જ ભજે છે, એક આત્મા સિવાય અન્યત્ર ક્યાંય સંગ કરતો નથી. આવી પરમ અદ્‌ભુત અસંગ–ઉદાસીન વીતરાગ દશાનું **શ્રીમદ્ રાજચંદ્રજી**નું શ્રેષ્ઠ ઉદાહરણ આ રહ્યું:—

"ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે."

"એક પુરાણ પુરુષ અને પુરાણ પુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઇ ગમતું નથી, અમને કોઇ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઇ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત્ શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી. કોઇ શત્રુ–મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે એની ખબર રખાતી નથી; અમે દેહધારી છઇએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છઇએ."

ઇત્યાદિ. જુઓ. —**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૨૧૭ (૨૫૫)

'પ્રણમું પદ તે. વર તે, જય તે'

આ **અસંગ અનુષ્ઠાન** અત્રે સાતમી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે, એટલા માટે આ સાતમી દૃષ્ટિ જ પરમપદને–મોક્ષપદને આણનારી, પમાડનારી હોઇ, યોગીઓને પરમ ઇષ્ટ છે, અભિમત છે. કારણ કે એ પદને–શાશ્વત પદને અથવા અસંગાનુષ્ઠાનરૂપ સત્પ્રવૃત્તિપદને જેઓ સ્વરૂપથી જાણે છે, તે શાશ્વત આત્મસ્વરૂપ પદનો–મોક્ષપદનો મહિમા જેના હૃદયે વસ્યો છે, એવા

તજ્જ્ઞ યોગીઓને, તે પદની સાક્ષાત્ પ્રાપ્તિ કરાવનારી આ દૃષ્ટિ જ પરમ પ્રિય, અત્યંત વ્હાલી હોય, એમાં આશ્ચર્ય શું ? એટલે યોગીઓ નિરંતર આ દૃષ્ટિની જ ઝંખના કર્યા કરે છે, નિરંતર ભાવનામય ઇચ્છા રાખે છે, અને તેવી અસંગ જ્ઞાનદશાસંપન્ન જ્ઞાનીને સ્તવે છે કે:—

"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનિના ચરણમાં, હો વંદન અગણિત."—**શ્રી આત્મસિદ્ધિ**

卐

: પ્રભા દૃષ્ટિનો સાર :

સાતમી **પ્રભા** દૃષ્ટિ ધ્યાનપ્રિયા છે. એથી કરીને જ આમાં 'રોગ' નામનો સાતમો ચિત્તદોષ હોતો નથી, અને આ દૃષ્ટિ **તત્ત્વપ્રતિપત્તિ** નામના સાતમા ગુણથી યુક્ત, તથા વિશેષે કરીને શમસંયુક્ત એવી હોઇ, સત્પ્રવૃત્તિપદાવહા—સત્પ્રવૃત્તિ પદ પમાડનારી છે.

આ દૃષ્ટિમાં ધ્યાનજન્ય સુખ હોય છે, કે જે શબ્દાદિ વિષયરૂપ કામસાધનને જીતનારું હોય છે, તથા વિવેકબલથી—જ્ઞાનસામર્થ્યથી ઉપજેલું એવું હોઇ સદૈવ શમસાર જ હોય છે, કારણ કે વિવેકનું ફલ શમ છે. તેમજ સર્વ પરવશ તે દુઃખ છે, ને સર્વ આત્મવશ તે સુખ છે.—આ સંક્ષેપમાં સુખ દુઃખનું લક્ષણ મુનિએ કહ્યું છે. એમ પુણ્યની અપેક્ષા રાખવાવાળું સુખ પણ પરવશ સ્થિત છે, કારણ કે પુણ્યનું પરપણું છે, અને તેથી કરીને આ પુણ્યની અપેક્ષાવાળું સુખ તેના લક્ષણની પ્રાપ્તિથી દુઃખ જ છે. માત્ર ધ્યાનજન્ય સુખ તે જ તાત્ત્વિક સુખ છે, કારણ કે તેનું અપરાધીનપણું છે, અને કર્મવિયોગમાત્રથી ઉપજવાપણું છે. અત્રે નિર્મલ બોધ હોઇ, મહાત્મા મુનિઓને ધ્યાન સદૈવ હોય છે, કારણ કે જેનો મલ લગભગ ક્ષીણ છે એવું સુવર્ણ સદા કલ્યાણ જ હોય છે.

અસંગાનુષ્ઠાન સંજ્ઞાથી ઓળખાતું સત્પ્રવૃત્તિપદ અત્ર પ્રાપ્ત હોય છે. તે મહા-પથના પ્રયાણરૂપ હોઇ નિત્ય પદ પમાડનારું છે. આ અસંગાનુષ્ઠાન પ્રશાંતવાહિતા, વિસભાગ-પરિક્ષય, શિવવર્ત્મ, ધ્રુવમાર્ગ,—એમ અનેક નામે યોગીઓથી ગવાય છે; આને અત્ર સ્થિત યોગી શીઘ્ર સાધે છે. તેથી આ પદ પમાડનારી આ દૃષ્ટિ જ યોગવિદોને ઇષ્ટ છે.

પ્રભાદૃષ્ટિનું કોષ્ટક : ૧૩

દર્શન	યોગાંગ	દોષત્યાગ	ગુણપ્રાપ્તિ	અન્ય વિશિષ્ટતા	ગુણસ્થાન
સૂર્યપ્રભાસમ —નિર્મલ બોધ	ધ્યાન સદાય અનુપમ સુખ —શમસાર	રોગ દોષ ત્યાગ	તત્ત્વપ્રતિપત્તિ	સત્પ્રવૃત્તિ પદાવહપણું. સત્પ્રવૃત્તિપદ = અસંગાનુષ્ઠાન	૭–૮

卐

કળશ કાવ્ય

માલિની

દિનકર શું પ્રકાશી આ પ્રભા નામ દૃષ્ટિ, શમ અમૃત ઘનોની અત્ર ઉદ્દામ વૃષ્ટિ;
નિરમલ પ્રતિપત્તિ તત્ત્વકેરી પ્રવર્ત્તે, રુગરહિત ક્રિયા સૌ સર્વદા શુદ્ધ વર્ત્તે. ૧૩૫
વિષય સુખતણા સૌ સાધનો જીતનારું, બલથી સ્વપર ભેદજ્ઞાનના જન્મનારું;
પ્રશમરસથી સાર ધ્યાનનું સૌખ્ય એવું, અહિં અનુભવી ચાખે યોગી–ઔપમ્ય કેવું ! ૧૩૬
પરવશ સઘળુંયે લોકમાં દુઃખ જાણો, નિજવશ સઘળુંયે સુખ તે તો પ્રમાણો;
લખણ સુખદુઃખોનું એહ સંક્ષેપમાંહિ, પરવશ સુખ પુણ્યાપેક્ષી તે દુઃખ આંહિ. ૧૩૭
નિરમલ અતિ બોધે આત્મનું શુક્લ ધ્યાન, નિશદિન જ મહાત્મા જ્ઞાનીને એહ સ્થાન;
મલ ગલિત થયો તે હેમ કલ્યાણ જાચું, ત્યમ અમલ લહે 'હ્યાં ધ્યાન કલ્યાણ સાચું. ૧૩૮
વિષમ વિષય આદિ વિષ–જ્યાં ક્ષીણ વર્ત્તે, અપુનરગતિદાયી સત્પ્રવૃત્તિ પ્રવર્ત્તે,
પરમ પ્રવહતી જ્યાં શાંતિ સુધા સરિતા, ધ્રુવ શિવ પથદાત્રી યોગીને નિત્ય પ્રીતા. ૧૩૯
પરપરિણતિ કેરો સંગ જ્યાં નો'ય કાંઇ, પર સમયનો જેમાં હોય સ્વપ્ને ન છાંઇ;
સમય પણ ન જેમાં હોય વિભાવ વૃત્તિ, સ્થિતિ જ સ્વસમયે તે સત્ અસંગી પ્રવૃત્તિ. ૧૪૦
સત પ્રવૃત્તિપદ તે ' હ્યાં અસંગાનુષ્ઠાન, મહત પથ પ્રતિ તે યોગિનું છે પ્રયાણ;
પરિખય વિસભાગ શાંતસંવાહિતાય, શિવપદ ધ્રુવમાર્ગ યોગિથી તે ગવાય. ૧૪૧
સકલ સ્થલ અસંગી આ અસંગાનુષ્ઠાન, સ્થિત અહિં ઝટ યોગી સાધતો એહ સ્થાન;
નિશદિન મનનંદી આત્મ આનંદ જામે, પર પદ ભગવાનનો દાસ તે શીઘ્ર પામે ૧૪૨

॥ इति महर्षिश्रीहरिभद्राचार्यविरचिते किरतूचंद्रसूनुमनःसुखनंदनेन भगवानदासेन सुमनोनंदनीबृहट्टीकानामकविवेचनेन सप्रपञ्चं विवेचिते श्रीयोगदृष्टिसमुच्चयशास्त्रे सप्तमी प्रभादृष्टिः ॥

૮

પરા દૃષ્ટિ

સાતમી દૃષ્ટિ કહી, હવે તે પછીની કહેવામાં આવે છે. તે કહે છેઃ—

समाधिनिष्ठा तु परा तदासङ्गविवर्जिता ।
सात्मीकृतप्रवृत्तिश्च तदुत्तीर्णाशयेति च ॥१७८॥

સમાધિનિષ્ઠા દૃષ્ટિ પરા, તસ આસંગ વિહીન;
આત્મારૂપ પ્રવૃત્તિ જ્યાં, આશય તેથી ઉત્તીર્ણ. ૧૭૮.

અર્થઃ—આઠમી પરા દૃષ્ટિ સમાધિનિષ્ઠ અને તેના આસંગદોષથી વિવર્જિત એવી હોય છે; તથા સાત્મીભૂત પ્રવૃત્તિવાળી અને તેનાથી ઉત્તીર્ણ આશયવાળી હોય છે.

વિવેચન

"આઠમી દૃષ્ટિ સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી;
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણુંજી" —યો. સજ્ઝા. ૮-૧

આ પરાદૃષ્ટિ સમાધિનિષ્ઠ અને તે સમાધિના આસંગ દોષથી સર્વથા રહિત એવી હોય છે. વળી તે ચંદનગંધ ન્યાયે સાત્મીભૂત પ્રવૃત્તિવાળી અને તે પ્રવૃત્તિથી ઉત્તીર્ણ આશયવાળી હોય છે, કારણકે વાસક ચિત્તનો અભાવ હોય છે.

આ આઠમી દૃષ્ટિ '**પરા**' નામની છે, અને તેનું આ 'પરા' નામ સર્વથા યથાર્થ છે; કારણ કે એનાથી પર કોઈ નથી, અને એ સર્વથી પર છે, પરમ છે, સર્વોત્કૃષ્ટ છે,

---

वृत्तिः-**समाधिनिष्ठा तु परा**—આઠમી પરાદૃષ્ટિ તો સમાધિનિષ્ઠ હોય છે. સમાધિ તે ધ્યાન-વિશેષ છે, અથવા ધ્યાનનું ફલ છે એમ બીજાઓ કહે છે. કહ્યું છે કે- 'देशबन्धश्चित्तस्य धारणा' (पा. ३-१), 'तत्र प्रत्ययैकतानता ध्यानं' (पा ३-२), 'तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः' (पा. ३-३).

तदासङ्गविवर्जिता—તેના-સમાધિના આસંગથી વિવર્જિત, **सात्मीकृतप्रवृत्तिश्च**—સાત્મીકૃત પ્રવૃત્તિવાળી, સાત્મીભૂત પ્રવૃત્તિવાળી આ,—ચંદનગંધન્યાયે. **तदुत्तीर्णाशया**—તેનાથી—પ્રવૃત્તિથી ઉત્તીર્ણ આશયવાળી—વાસક ચિત્તના અભાવે.

ઊંચામાં ઊંચી ને છેવટમાં છેવટની એ છે એટલા માટે એને 'પરા' કહી છે. અત્રે જ આધ્યાત્મિક વિકાસરૂપ યોગની પરાકાષ્ઠા—છેલ્લામાં છેલ્લી હદ પ્રાપ્ત થાય છે, પરમ તત્ત્વની સાક્ષાત્ પ્રવૃત્તિ અત્ર હોય છે, અર્થાત્ અત્રે આત્મા સાક્ષાત્ પરમાત્મા બને છે. વળી આ 'પરા' દૃષ્ટિને પામેલો યોગીશ્વર સંસારથી પર થાય છે, એટલે પણ એને 'પરા' નામ ઘટે છે. આવી આ યથાર્થાભિધાના આઠમી પરા દૃષ્ટિમાં પૂર્વોક્ત ક્રમ પ્રમાણે **ચંદ્રપ્રભા સમાન બોધ**, યોગનું આઠમું અંગ સમાધિ, આઠમા **આસંગ** દોષનો ત્યાગ અને આઠમા **પ્રવૃત્તિ** ગુણની સંપ્રાપ્તિ હોય છે.

'શશિ સમ બોધ વખાણું'જી'

આ દૃષ્ટિમાં પ્રાપ્ત થતો બોધ ચંદ્રની પ્રભા સરખો હોય છે, કારણ કે સાતમી દૃષ્ટિ કે જેનો બોધ–પ્રકાશ સૂર્યપ્રભા સમાન હોય છે, તેના કરતાં આ આઠમી દૃષ્ટિનો બોધ અધિકતર હોય છે. સૂર્યનો પ્રકાશ તેજસ્વી છે, પરંતુ તાપ પમાડે છે, ઉગ્ર લાગે છે; અને ચંદ્રનો પ્રકાશ તો કેવલ સૌમ્ય ને શાંત હોઇ શીતલતા ઉપજાવે છે, પરમ આહ્લાદ આપે છે; અને બન્નેનું વિશ્વપ્રકાશકપણું તો સમાન છે, એટલે ચંદ્રના પ્રકાશનું સ્થાન સૂર્ય કરતાં અધિક માન્યું છે. આમ પૂર્ણ ચંદ્રની જેમ જ્યાં પૂર્ણ જ્ઞાનચંદ્રનો પ્રકાશ સોળે કળાએ ખીલી ઊઠે છે, એવી આ દૃષ્ટિનો બોધ પરમોત્કૃષ્ટ હોય છે, અને તે બોધ–ચંદ્રની જ્ઞાન જ્યોત્સ્ના સમસ્ત વિશ્વને પ્રકાશિત કરે છે, પણ તે વિશ્વરૂપ થતો નથી. (જુઓ પૃ. ૭૫૭–૪૮૩)

આમ આ પરાદૃષ્ટિને ચંદ્રની ઉપમા સાંગોપાંગ સંપૂર્ણપણે ઘટે છે, કારણ કે ચંદ્રની જેમ સ્વરૂપમાં સમવસ્થિત રહી અત્રે બોધની વિશ્વપ્રકાશકતા હોય છે, પણ વિશ્વવ્યાપકતા નથી હોતી; આપ સ્વભાવમાં જ પરિપૂર્ણ પ્રવૃત્તિ હોય છે, પરભાવનો લેશ પણ પ્રવેશ હોતો નથી, કેવળ નિર્ભેળ **શુદ્ધ અદ્વૈત અવસ્થા** જ હોય છે,

સમાધિનિષ્ઠતા

અને આમ બોધની પરાકાષ્ઠા પ્રાપ્ત હોવાથી અત્રે યોગનું આઠમું અંગ **સમાધિ** પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિ સમાધિનિષ્ઠ હોય છે—સદા સદ્ધ્યાનરૂપ જ હોય છે. આ સમાધિ એ ધ્યાનવિશેષ છે, અથવા ધ્યાનનું ફળ છે એમ બીજાઓ કહે છે. ચિત્તનો દેશબંધ તે **ધારણા**, તેમાં પ્રત્યયની એકતાનતા તે **ધ્યાન**, અને તે જ ધ્યાન અર્થમાત્ર નિર્ભાસરૂપ હોઈ જાણે સ્વરૂપશૂન્ય હોય છે તે **સમાધિ** છે. અર્થાત્ જ્યાં ધ્યેય વસ્તુમાત્ર જ દેખાય છે ને ધ્યાનનું સ્વરૂપ રહેતું નથી, અને આમ જ્યાં ધ્યાતા, ધ્યાન ને ધ્યેયની ત્રિપુટીની એકતા થાય છે,—કેવળ એક સહજ એવું આત્મસ્વરૂપ જ સહજ સ્વરૂપે ભાસે છે, તેનું નામ **સમાધિ** છે. અત્રે નિરંતરપણે આવી પરમ આત્મસમાધિ જ વર્ત્તે છે, એટલે આ દૃષ્ટિમાં સ્થિતિ કરતા યોગીશ્વરની **સહજાત્મ-સ્વરૂપે** અખંડ સ્થિતિ હોય છે; કારણ કે પરભાવનું જે દ્વૈત હતું તે સર્વથા ટળી ગયું,

એટલે એને પરમ **શુદ્ધ અદ્વૈત** ભાવે કેવળ એક આત્મસ્વરૂપમાં જ સ્થિતિરૂપ સહજ નિઃપ્રયાસ રમણતા વર્ત્તે છે. આમ આ દૃષ્ટિ સમાધિમાં નિષ્ઠાને–અંતિમ આત્યંતિક સ્થિતિને પામે છે, એટલે જ એને અત્રે '**સમાધિનિષ્ઠ**' કહી છે.

"શુદ્ધ નિઃપ્રયાસ નિજ ભાવ ભોગી યદા, આત્મ ક્ષેત્રે નહિં અન્ય રક્ષણ તદા;
એક અસહાય નિઃસંગ નિર્દ્વદ્વતા, શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા."—**શ્રી દેવચંદ્રજી.**

આ પરમ સદ્ધ્યાનરૂપ આત્મસમાધિ **નિર્વિકલ્પ** જ હોય છે; કારણ કે અત્રે ઉપર કહ્યા પ્રમાણે બોધ પણ ચંદ્ર જેવો નિર્મલ તથા નિર્વિકલ્પ હોય છે. એટલે એમાં ક્યારેય પણ કોઈ પણ પ્રકારનો કોઈ પણ વિકલ્પ ઊઠવાનો સર્વથા અસંભવ જ

નિર્વિકલ્પ દશા છે. આમ અત્રે **નિર્વિકલ્પ** અખંડ **આત્મસમાધિ** હોય છે, એટલે ધ્યાતા ધ્યાન ને ધ્યેય એ ત્રણનો ભેદ પણ મટી જાય છે, જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાનની ત્રિપુટી પણ લય પામે છે, જ્ઞાન–દર્શન–ચારિત્ર એ ત્રિગુણ પણ એક અભેદ આત્મસ્વરૂપે પરિણમે છે. અત્ર સમસ્ત દ્વૈતભાવ અસ્ત પામી જાય છે, ને એક શુદ્ધ આત્મા સ્વભાવસમવસ્થિત રહે છે, શુદ્ધ જ્ઞાન–દર્શનમય આત્મસ્વભાવમાં નિયત ચરિતવંત–ચરણવંત વર્તે છે, સ્વસ્વભાવમાં વિલસે છે.

"નિર્વિકલ્પ સુસમાધિમેં હો, ત્રિગુણ ભયે હે અભેદ."
"ધ્યાતા ધ્યેય સમાધિ અભેદે, પર પરિણતિ વિચ્છેદે રે;
ધ્યાતા સાધક ભાવ ઉચ્છેદે, ધ્યેય સિદ્ધતા વેદે રે....પ્રભુ અંતરજામી !"–**શ્રી દેવચંદ્રજી.**

"તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ....મૂળ મારગ.
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ....મૂળ."–**શ્રીમદ્ રાજચંદ્રજી.**

આ પરમ યોગીંદ્ર આવી **નિર્વિકલ્પ દશા** આવા અખંડ આત્મધ્યાનથી પામે છેઃ—

"સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છઉં, એક કેવલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ, માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છઉં. ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય હું માત્ર નિર્વિકલ્પ છઉં. નિજ સ્વરૂપમય ઉપયોગ કરૂં છઉં. તન્મય થાઉં છઉં. શાંતિઃ શાંતિઃ શાંતિઃ"

શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૭૬૦. (૮૩૩)

આમ વિકલ્પજાલથી ચ્યુત થઈ શાંત ચિત્તવાળા જે યોગીશ્વરો નયપક્ષપાત છોડી, નિત્ય **સ્વરૂપગુપ્ત** થઈને નિવસે છે, તેઓ જ સાક્ષાત્ અમૃત પીએ છે. અર્થાત્ જેઓ નિર્વિકલ્પ એવું શુદ્ધ–**શુક્લ આત્મધ્યાન** ધ્યાવે છે, તેઓ જ **પરમ**

સ્વરૂપગુપ્તનું અમૃતપાન જીવન્મુક્તદશારૂપ પરમ અમૃત સમા સહજ સમાધિ સુખનો સાક્ષાત્ અનુભવ કરે છે. એ પ્રમાણે તાત્ત્વિકશિરોમણિ **શ્રી અમૃતચંદ્રાચાર્યજીએ શ્રી સમયસાર કલશ**માં પરમ આત્મભાવના ઉલ્લાસમાં લલકાર્યું છે:—

"य एव मुक्त्वा नयपक्षपातं, स्वरूपगुप्ता निवसन्ति नित्यम् ।
विकल्पजालच्युतशान्तचित्तास्त एव साक्षादमृतं पिबन्ति ॥"

આવી પરમ **આત્મસમાધિ** જ્યાં પ્રગટે છે, એવી આ આઠમી દૃષ્ટિમાં **આસંગ** નામના આઠમા ચિત્તદોષનો સર્વથા ત્યાગ હોય છે. અમુક એક જ યોગક્રિયાના સ્થાનમાં

આસંગ દોષત્યાગ રંગ લાગવાથી, તે સ્થાનમાં જ—તે જ ક્રિયામાં આસક્તિ થઇ જવી તે આસંગદોષ છે. જે ક્રિયા કરતો હોય, તેમાં 'ઇદમેવ સુંદરં' આ જ સુંદર છે–રૂડું છે–ભલું છે, એવો જે રંગ લાગવો, આસક્ત ભાવ થવો, તેમાં જ ગુંદરીયા થઈને ચોંટયા રહેવું, તે આસંગ અર્થાત્ આસક્તિ છે. કારણ કે એમ એક જ સ્થાને જીવ જો આસક્ત થઇને ચોંટી રહે–મંડયો રહે, તો પછી ત્યાં જ ગુણસ્થાને સ્થિતિ રહે, આગળ ન વધે, પ્રગતિ (Progress, Advancement) ન થાય, આગળનું ગુણસ્થાન ન સ્પર્શાય, અને તેથી પરમાર્થરૂપ સત્ફળ–મોક્ષફલ ન મળે. (જુઓ પૃ. ૮૬).

"ચંદન ગંધ સમાન ક્ષમા ઈહાં, વાસકને ન ગવેષેજી;
આસંગે વરજિત વળી એહમાં, કિરિયા નિજ ગુણ લેખેજી." —**યો. સજ્ઝા૦ ૮-૨**

અથવા પર દ્રવ્ય તથા પરભાવના પ્રસંગમાં આસક્તિ ઉપજવી તે આસંગ છે. આ દૃષ્ટિવંત વીતરાગ મહાયોગીની પરદ્રવ્ય–પરભાવના પરમાણુ પ્રત્યે પણ લેશમાત્ર આસક્તિ હોતી નથી, સ્વપ્નાંતરે પણ સમય માત્ર પણ તે પ્રત્યે આત્મભાવ ઉપજતો નથી; કારણ કે એક શુદ્ધ આત્મા સિવાય પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી, એવી અખંડ **આત્મભાવના** તે ભાવે છે. આવા પરમ ભાવિતાત્માને પરભાવ પ્રત્યે આસક્તિ કેમ હોય ? અરે ! અન્યત્ર આસંગ તો દૂર રહ્યો, પણ ઉપરમાં કહ્યું તેમ યોગ–સમાધિ ક્રિયામાં પણ તેને આસંગ હોતો નથી ! અને તેથી કરીને જ ઉત્તરોત્તર સમાધિપ્રકર્ષને પામતો આ યોગીશ્વર ઉચ્ચ ઉચ્ચ ગુણસ્થાનની પ્રાપ્તિ કરતો આગળ વધે છે; એક જ સ્થાને પડયો રહેતો નથી, પણ સમયે સમયે અનંતા સંયમ વર્ધમાન કરતો રહી તે ઝપાટાબંધ ગુણસ્થાન શ્રેણીએ ચઢતો ચઢતો ઉત્કૃષ્ટ આત્મસમાધિ દશાને પામે છે.

"અનુક્રમે સંયમ સ્પર્શતોજી, પામ્યો ક્ષાયિક ભાવ;
સંયમ શ્રેણી ફુલડેજી, પૂજું પદ નિષ્પાવ." —**શ્રી યશોવિજયજી**

'આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ'

અને સાતમો **પ્રતિપત્તિ**–તત્ત્વાનુભવરૂપ ગુણ પ્રગટ્યા પછી, સ્વાભાવિક ક્રમે આ આઠમી દૃષ્ટિમાં આઠમો **પ્રવૃત્તિ** ગુણ પ્રગટે છે, જેથી યથાતત્ત્વ પ્રવૃત્તિ હોય છે. એટલે કે જેવા પ્રકારે શુદ્ધ આત્મતત્ત્વનું સ્વરૂપ અનુભવમાં આવ્યું, તેવા પ્રકારે પ્રવર્ત્તનરૂપ, આચરણરૂપ ચારિત્રરૂપ સ્થિતિ પ્રવર્તે છે, આત્માનુચરણ હોય છે. અર્થાત્ આત્માનો સ્વભાવ જ્ઞાન–દર્શનરૂપ છે, તે સ્વભાવમાં નિયત ચરિત હોવું, આત્મસ્વભાવમાં પૂર્ણપણે પ્રવર્ત્તવું, 'આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ' થવી, એવો ઉત્કૃષ્ટ **પ્રવૃત્તિ ગુણ** અત્ર પ્રગટે છે. આમ આ સ્વભાવ પ્રવૃત્તિ સાત્મીરૂપ–આત્મભૂત થઈ જાય છે, આત્માનુચરણરૂપ પ્રવૃત્તિ આત્મામય બની જાય છે.

'નામ ચારિત્ર તે અનુલિંગ'

આત્માકાર થઈ જાય છે. આત્મા સ્વયં ચારિત્રમૂર્તિ બને છે, આત્માના પ્રદેશે પ્રદેશે શુદ્ધ ચારિત્ર ગુણ વ્યાપ્ત થાય છે. જેને વાસકની–સુવાસિત કરનારની અપેક્ષા નથી, એવો **ચંદનનો ગંધ** વનમાં સર્વત્ર પ્રસરી જઈ તેને સુવાસિત કરે છે, તેમ આ સ્વરૂપાચરણમય આત્મપ્રવૃત્તિ ગુણ સહજ સ્વભાવે સર્વ આત્મપ્રદેશમાં વ્યાપી જઇ સંપૂર્ણ શીલસુગંધથી તેને સુવાસિત કરી મૂકે છે. જેમ જેમ આ પ્રવૃત્તિ ગુણ વિકસતો જાય છે, તેમ તેમ મોહનીય કર્મનો ક્ષય થતો જાય છે, ને વીતરાગતાની માત્રા વધતી જાય છે, છેવટે **યથાખ્યાત** પરમ વીતરાગ ચારિત્ર પ્રગટે છે. એટલે કે જેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ ખ્યાત છે–પ્રસિદ્ધ છે, અથવા તો જેવું ચારિત્રનું શુદ્ધ નિષ્કષાય સ્વરૂપ આખ્યાત છે–જ્ઞાનીઓએ ભાખ્યું છે, તેવું અત્ર પ્રગટ થાય છે.

"જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂળ મારગ૦
તેવો સ્થિર સ્વભાવ જે ઉપજે રે, નામચારિત્ર તે અણુલિંગ મૂળ૦"—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

'પ્રવૃત્તિ અનંત અપહારી હો'

વળી આ દૃષ્ટિ પ્રવૃત્તિથી ઉત્તીર્ણ આશયવાળી હોય છે–વાસક ચિત્તના અભાવને લીધે. એટલે કે હવે ચિત્ત–આશય પ્રવૃત્તિથી ઉત્તીર્ણ–પાર ઉતરી ગયેલો હોય છે. ચિત્તને કંઈ પ્રવૃત્તિ કરવાપણું રહ્યું નથી, એટલે તેની સમસ્ત પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે, બધી દોડાદોડ બંધ થાય છે ને તે આત્મામાં લય પામે છે. અત્યાર પહેલાં વાસનાવંત આત્માની બધી પ્રવૃત્તિ ચિત્તદ્વારા થતી હતી, જ્યાંસુધી ક્લેશરૂપ વાસના હતી ત્યાંસુધી વાસનાવાસિત ચિત્ત જીવનો બધો કારભાર ચલાવતું હતું. પરંતુ હવે તો ક્લેશરૂપ વાસના નિર્મૂળ થતાં, વાસનાનું બીજ સર્વથા બળી જતાં, આત્મા પોતે જ આત્મસ્વરૂપમાં પ્રવૃત્તિ કરે છે, વચ્ચે મફતીઆ મારફતીઆ (agent) ચિત્તની ડખલ રહેતી નથી. આમ પદભ્રષ્ટ મંત્રીની જેમ વાસનાવાસિત ચિત્ત અત્ર નિર્વાસિત થાય છે! એટલે '**योगश्चित्तवृत्तिनिरोधः**' ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગની સંપૂર્ણ સિદ્ધિ અત્ર સંપ્રાપ્ત થાય છે.

"સર્વ પ્રદેશ પ્રગટ શમગુણથી, પ્રવૃત્તિ અનંત અપહારી હો;
પરમ ગુણી સેવનથેં સેવક, અપ્રશસ્તતા વારી હો."—**શ્રી દેવચંદ્રજી.**

"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર."—**શ્રી યશોવિજયજી.**

"જિહાં રાગ અને વળી દ્વેષ, તિહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકલ દુઃખનો છે ત્યાં નાશ.

"આવ્યે બહુ સમ દેશમાં, છાયા જાય સમાઇ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

निराचारपदो ह्यस्यामतिचारचारविवर्जितः ।
आरूढारोहणाभावगतिवत्त्वस्य चेष्टितम् ॥१७९॥

નિરાચાર યોગી અહીં, નિરતિચાર જ હોય;
તસ ચેષ્ટિત-આરૂઢનું, આરોહણ જ્યમ નો'ય. ૧૭૯

અર્થ :—આ દૃષ્ટિમાં યોગી નિરાચાર પદવાળો, અતિચારથી વિવર્જિત-રહિત એવો હોય છે. આરૂઢના આરોહણ અભાવની ગતિ જેમ એનું ચેષ્ટિત હોય છે.

વિવેચન

આ દૃષ્ટિમાં યોગી **નિરાચાર** પદવાળો હોય છે. કોઇ પણ આચાર કરવાનું પ્રયોજન તેને હોતું નથી. તેથી તેને પ્રતિક્રમણ આદિ આચારનો અભાવ હોય છે. વળી તે અતિચારથી વિવર્જિત-સર્વથા રહિત હોય છે, કારણ કે કોઇ પણ અતિચાર લાગવાનું કારણ તેને હોતું નથી. આરૂઢને આરોહણના અભાવની જેમ આ યોગીનું ચેષ્ટિત હોય છે, કારણ કે આચાર વડે જીતવા યોગ્ય એવા કર્મનો તેને અભાવ થયો છે. એટલે કોઈ આચારનું પાળવાપણું તેને બાકી રહ્યું નથી. આમ તે સર્વ આચારથી પર એવા નિરાચાર પદને પ્રાપ્ત થયો હોય છે.

"નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહિં અતિચારીજી;
આરોહે આરૂઢે ગિરિને, ત્યમ એહની ગતિ ન્યારીજી." યો. દ. સજ્ઝા. ૮-૧.

જ્યારે યોગી આ આઠમી **પરા દૃષ્ટિ**ને પ્રાપ્ત થાય છે, ત્યારે તેને કોઈ આચાર પાળવાપણું રહેતું નથી, તે આચારથી પર એવો 'કલ્પાતીત' થાય છે. અત્યાર સુધી

વૃત્તિઃ—**निराचारपदो हि**—નિરાચાર પદવાળો જ, **अस्यां**—આમાં, આ દૃષ્ટિમાં યોગી હોય છે.—પ્રતિક્રમણાદિના અભાવથી, **अतिचारविवर्जितः**—અતિચાર વિવર્જિત-રહિત.—તેના નિબંધનના અભાવને લીધે **अरूढारोहणाभावगतिवत् त्वस्य चेष्टितम्**—આરૂઢના આરોહણ અભાવની ગતિ જેમ આનું-યોગીનું ચેષ્ટિત હોય છે. આચારથી જેય-જય કરવા યોગ્ય એવા કર્મના અભાવથી નિરાચાર પદવાળો હોય છે, એમ અર્થ છે.

નિરાચાર પદ એહમાં યોગી'

યોગસાધના માટે જે જે આચાર આવશ્યક હતા, અવશ્ય કરવા યોગ્ય હતા, તે **હવે** અત્રે સંપૂર્ણ યોગસિદ્ધિ સાંપડતાં નિરુપયોગી **બની જાય** છે, નિષ્પ્રયોજન થાય છે. પૂર્વે પ્રારંભક સાધકને જે પ્રતિક્રમણાદિ સાધન યોગભૂમિકા પર ચઢવા માટે ઉપકારી હતા, તે હવે **યોગારૂઢ** એવી સમાધિદશા પામ્યા પછી યોગસિદ્ધ પુરુષને અકિંચિત્કર–નકામા થઈ પડે છે. યોગારંભ દશામાં જે પ્રતિક્રમણાદિ આવશ્યક આચાર **અમૃતકુંભરૂપ હોય છે,** તે જ સાધનને જો નિષ્પન્ન–સિદ્ધ યોગદશામાં પણ વળગી રહેવામાં આવે તો તે **વિષકુંભરૂપ** થઇ પડે છે; કારણ કે અખંડ આત્મસમાધિરૂપ આત્મસ્થિતિમાં તે તે ક્રિયા ઉલટો વિક્ષેપ પાડે છે. પ્રતિક્રમણાદિ ક્રિયા કરવાનો હેતુ અનુક્રમે આત્મસમાધિદશા પામવાનો છે, તે હેતુ સિદ્ધ થઈ ગયા પછી તે તે સાધનનું કોઇ પ્રયોજન રહેતું નથી.

પ્રતિક્રમણાદિ વિષકુંભ કેમ?

અત્રે શંકા થવી સંભવે છે કે–'આ શુદ્ધ આત્મ ઉપાસનથી શું ? કારણ કે પ્રતિક્રમણાદિથી જ આત્મા નિરપરાધ થાય છે. અપ્રતિક્રમણાદિ સાપરાધને–અપરાધીને અપરાધ દૂર નહિં કરનાર હોવાથી વિષકુંભરૂપ છે, અને પ્રતિક્રમણાદિ અપરાધ દૂર કરવાપણાથી અમૃતકુંભ છે.' તેનું સમાધાન–પ્રતિક્રમણાદિ અપ્રતિક્રમણાદિના ત્રણ પ્રકાર છેઃ—(૧) અજ્ઞાની જનનું જે અપ્રતિક્રમણાદિ છે તે તો સાક્ષાત્ **વિષકુંભ** જ છે. કારણ કે તેમાં તો શુદ્ધ આત્મસિદ્ધિનો અભાવ જ છે, એટલે એ સ્વયં અપરાધરૂપ જ છે, (૧) (અ.) બીજું જે દ્રવ્ય પ્રતિક્રમણાદિ શુદ્ધ આત્મસિદ્ધિરૂપ **ત્રીજી ભૂમિકાના** લક્ષ્ય વિનાનું હોય, તે પણ **વિષકુંભ જ થઈ** પડે છે, કારણ કે તે આત્માર્થરૂપ સ્વકાર્ય સાધતું **નથી,** અને માનાર્થ આદિરૂપ વિપરીત કાર્ય સાધે છે, એટલે આત્માને વિષરૂપે જ ઝેરરૂપે જ પરિણમે છે. (**બ**) પણ તે દ્રવ્ય પ્રતિક્રમણાદિ **જો શુદ્ધ** આત્મસિદ્ધિરૂપ **તૃતીય ભૂમિકાના લક્ષ્યવાળું હોય,** આત્મસિદ્ધિનો લક્ષ્ય રાખીને કરવામાં આવતું હોય, તો **વ્યવહારથી** તે **અમૃતકુંભ**રૂપ **હોય છે,** અર્થાત્ આત્માને અમૃતરૂપે પરિણમવાનું કારણ થાય છે. (૩) ત્રીજું **જ્ઞાનીજનનું** જે તૃતીય ભૂમિકારૂપ—શુદ્ધ આત્મસિદ્ધિરૂપ અપ્રતિક્રમણાદિ છે, તે તો સાક્ષાત્ સ્વયં **અમૃતકુંભ** છે, અર્થાત્ આત્માને સાક્ષાત્ અમૃતરૂપે પરિણમે છે. એટલે શુદ્ધ આત્મસિદ્ધિસંપન્ન આવા યોગારૂઢ જ્ઞાનીની અપેક્ષાએ તેઓને દ્રવ્ય પ્રતિક્રમણાદિ વિષકુંભ છે, અને અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ છે * (સરખાવો–વિષ, અમૃત આદિ અનુષ્ઠાન સ્વરૂપ).

---

*" पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो ॥
अपडिकमणं अप्पडिसरणं अप्परिहारो अधारणा चेव ।
अणियत्ती य अणिंदा गरहा सोही अमयकुंभो ॥"

(જુઓ) **સમયસાર** ગા. ૩૦૬–૩૦૭ અને **અમૃતચંદ્રાચાર્યજી**ની પરમ અદ્ભુત ટીકા.

અને એટલા માટે જ આ દૃષ્ટિમાં સ્થિતિ કરતા સિદ્ધ યોગી જ્ઞાની પુરુષ આ **અમૃતકુંભ** સમી **અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિકાને** પ્રાપ્ત હોવાથી, તેમને સાધકોપયોગી એવી દ્રવ્ય પ્રતિક્રમણાદિ આચારક્રિયા હોતી નથી; કારણ કે સમસ્ત ક્રિયાકલાપનો એક ઇષ્ટ ઉદ્દેશ શુદ્ધ આત્મસિદ્ધિ એ જ છે, અને તે શુદ્ધ આત્માની સિદ્ધિ તો અત્રે પ્રાપ્ત થઈ ચૂકી છે. એટલે હવે તેનું કંઈ પ્રયોજન રહ્યું નથી. કારણ કે + 'કર્મ જે પૂર્વકૃત શુભાશુભ અનેક વિસ્તાર વિશેષવાળું છે, તેનાથી જે આત્માને નિવર્ત્તાવે–પાછો વાળે તે **પ્રતિક્રમણ છે.**' અથવા તો 'સ્વસ્થાનમાંથી જે પ્રમાદને વશ થઈ પરસ્થાને ગયો હોય, તેનું પુનઃ પાછું ત્યાં જ મૂળ સ્થાને ક્રમણ–ગમન તે પ્રતિક્રમણ કહેવાય છે.' અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપ પદમાંથી જે ભ્રષ્ટતા થઈ હતી, ત્યાં 'મૂળ શુદ્ધ તે આત્મપદ'માં પાછું આવી જવું તેનું નામ પ્રતિક્રમણ છે; આવું શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં પુનરાગમનરૂપ **ભાવપ્રતિક્રમણ**—પરમાર્થ પ્રતિક્રમણ અત્રે નિષ્પન્ન યોગીને પ્રાપ્ત થઈ ચૂક્યું છે. એટલે એમને એવી પરમ નિરપરાધ–નિર્દોષ આત્મદશા પ્રગટી છે, કે ત્યાં લેશ પણ અપરાધનો પુનઃ સંભવ નથી. તો પછી અપરાધના પ્રાયશ્ચિત્તરૂપ પ્રતિક્રમણનો અવકાશ ક્યાંથી હોય? આમ તેમને શુદ્ધ આત્મસ્વભાવમાં સ્થિતિમય પરમ અમૃતસ્વરૂપ **અપ્રતિક્રમણ દશા** ઘટે છે. તે જ પ્રકારે અપ્રત્યાખ્યાનાદિ બાબત સમજી લેવું.

અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ

અત્રે આ દૃષ્ટાંત ઘટે છેઃ—પર્વત પર ચઢવા માટે આરોહણક્રિયા–ચઢવાની ક્રિયા કરવી પડે છે, પણ પર્વતની ટોચે ચઢી ગયા પછી કાંઈ ચઢવાની ક્રિયા કરવી પડતી નથી. તેમ યોગગિરિ પર ચઢવા માટે ઉત્તરોત્તર યોગભૂમિકા વટાવવારૂપ આરોહણક્રિયા કરવી પડે છે, પણ યોગગિરિના શ્રૃંગ પર આરૂઢ થયા પછી કંઈ પણ યોગસાધનરૂપ આરોહણક્રિયા કરવી પડતી નથી. સાધક દશામાં વર્ત્તતા યોગારોહકને જે અવલંબન–સાધન અનિવાર્ય-પણે આવશ્યક છે, અવશ્ય જરૂરના છે, તે નિષ્પન્ન યોગદશાને પામેલા યોગારૂઢ જ્ઞાની પુરુષને કંઈ પણ કામના નથી. કારણ કે ચઢેલાને ચઢવાનું શું? પામેલાને પામવાનું શું? ધરાયેલાને જમવાનું શું? આમ પરમ અદ્ભુત આત્મસમાધિમય **પરમ જ્ઞાનદશા** પામેલા જ્ઞાનયોગીની વાત ઓર છે, ન્યારી છે. ત્યાં પ્રાકૃત જનનો કાયદો કેમ લાગુ પડે? સામાન્ય જનના અનુમાનના કાટલે જોખવાનું કેમ પાલવે? અને સામાન્ય પ્રાકૃત જન તેવા જ્ઞાનીજનનું અનુકરણ કરવાની ધૃષ્ટતા કરે તે પણ કેમ કામ આવે? ભૂખ્યાને ભોજન

યોગારૂઢની વાત ન્યારી

+ "कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं ।
तत्तो णियत्तए अप्पयं तु जो सो पडिकमणं ।"—સમયસાર ગા. ૩૮૩.
"स्वस्थानात्यत्परस्थानं प्रमादस्य वशाद् गतः । तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ।।"

'આનંદઘન પ્રભુ જાગે રે'

કરવાની જરૂર પડે છે, પણ ધરાયેલાને-તૃપ્ત થયેલાને કાંઇ જરૂર રહેતી નથી. તેમ પરમ જ્ઞાનામૃતના પાનથી જે આકંઠ પરિતૃપ્ત થયા છે, તેને હવે કોઇ આલંબન-સાધનની અપેક્ષા રહેતી નથી, કારણ કે આલંબન-સાધનને ત્યાગી જેણે પરપરિણતિને ભગાડી છે, એવા **સહજાત્મ-સ્વરૂપી આનંદઘન પ્રભુ** અક્ષય એવા દર્શન-જ્ઞાન-વૈરાગ્યમાં જાગ્યા છે, અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપમાં અખંડ સ્થિતિરૂપ સદોદિત જાગ્રત એવી ઉજાગર દશામાં બિરાજમાન થયા છે. આમ સાધ્ય સિદ્ધ થયું હોવાથી સાધનની કંઇ અપેક્ષા રહેતી નથી, કૃતકૃત્ય થયા હોવાથી એને હવે કંઇ કરવાનું રહ્યું નથી.

"આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગ્યે, આનંદઘન પ્રભુ જાગે રે."—**શ્રી આનંદઘનજી.**

કૃતકૃત્ય જ્ઞાન-દશા

આ પરમ જ્ઞાની પુરુષ પરમ કૃતકૃત્ય, પૂર્ણકામ થઇ ચૂકયા છે; કારણ કે જ્યારથી ચેતન પોતે વિભાવથી ઉલટો થઇ-વિમુખ થઇ, સમય પામી પોતાનો સ્વભાવ ગ્રહણ કરી લીધો છે, ત્યારથી જ જે જે લેવા યોગ્ય હતું તે તે સર્વ તેણે લઇ લીધું છે, અને જે જે ત્યાગ યોગ્ય હતું, તે તે સર્વ છોડી દીધું છે. એટલે તેને હવે કંઇ લેવાનું રહ્યું નથી કે મૂકવાનું બીજું કાંઇ રહ્યું નથી, તો હવે તેને બાકી નવીન કાર્ય શું રહ્યું છે? કારણ કે સંગના ત્યાગી, અંગના ત્યાગી, વચન-તરંગના ત્યાગી, મનના ત્યાગી, બુદ્ધિના ત્યાગી એવા આ પરમ વીતરાગ યોગીશ્વરે આત્માને શુદ્ધ કરી દીધો છે.

"જબહિં તે ચેતન વિભાવસો ઉલટિ આપુ, સમૈ પાઇ અપનો સુભાવ ગહી લીનો હૈ,
તબહિં તે જો જો લેન જોગ સો સો સબ લીનો, જો જો ત્યાગ જોગ સો સો સબ છાંડી દીનો હૈ.
લેવેકી ન રહી ઠોર ત્યાગિવેકો નાંહિ ઔર, બાકી કહા ઉબર્યો જુ, કારજ નવીનો હૈ;
સંગ ત્યાગી, અંગ ત્યાગી, વચનતરંગ ત્યાગી, મન ત્યાગી, બુદ્ધિ ત્યાગી, આપા શુદ્ધ કીનો હૈ."
—**શ્રી બનારસીદાસજીકૃત હિંદી સમયસાર.**

આવી પરમ અદ્ભુત વીતરાગ જ્ઞાનદશાનો જેણે પોતાના જીવનમાં સાક્ષાત્ અનુભવ કર્યો છે, એવા પરમ યોગી **શ્રીમદ્ રાજચંદ્રજી** આ સુભાષિતમાં વર્ણવેલ જ્ઞાનદશાની મુક્ત કંઠે પ્રશંસા કરતાં પરમોલ્લાસથી કહે છે કેઃ—

"લેવેકી ન રહી ઠોર, ત્યાગીવેકી નાહિ ઔર;
બાકી કહા ઉબર્યો જુ. કારજ નવીનો હૈ."

"સ્વરૂપનું ભાન થવાથી પૂર્ણકામપણું પ્રાપ્ત થયું. એટલે હવે બીજું કોઇ ક્ષેત્ર કંઇ પણ લેવાને માટે રહ્યું નથી. સ્વરૂપનો તો કોઇ કાળે ત્યાગ કરવાને મૂર્ખ પણ ઇચ્છે નહિ; અને જ્યાં કેવલ સ્વરૂપસ્થિત છે, ત્યાં તો પછી બીજું કંઇ રહ્યું

'લેવેકી ન રહી ઠૌર' નથી, એટલે ત્યાગવાપણું પણ રહ્યું નહીં. હવે જ્યારે લેવું દેવું એ બન્ને નિવૃત્ત થઇ ગયું ત્યારે બીજું કોઇ નવીન કાર્ય કરવાને માટે શું ઉગર્યું ? અર્થાત્ જેમ થવું જોઇએ તેમ થયું, ત્યાં પછી બીજી લેવા-દેવાની જંજાળ કયાંથી હોય ? એટલે કહે છે કે અહીં પૂર્ણકામતા થઇ."

શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૭૫. (૩૨૮)

કેવી અદ્ભુત ધન્ય દશા ! આવા કૃતકૃત્ય, પૂર્ણકામ જ્ઞાની પુરુષને ગ્રહણ-ત્યાગરૂપ કયો આચાર આચરવાનો બાકી રહ્યો હોય ? કારણ કે 'મૂઢ જીવ બ્હારમાં ગ્રહણ-ત્યાગ× કરે છે, આત્મવેત્તા અધ્યાત્મમાં-અંતરૂમાં ગ્રહણ-ત્યાગ કરે છે, પણ

'કહીયે નહિં અતિચારીજી' નિષ્ઠિતાત્માને બ્હાર કે અંદર ગ્રહણ-ત્યાગ હોતા નથી.' આમ **નિરાચાર** પદને પામ્યા હોવાથી અત્રે તેના કારણના અભાવે કોઇ પણ અતિચારનો સંભવ રહેતો નથી. કારણ કે આચારમાં અતિચાર લાગે, પણ અત્રે તો આચાર જ નથી, તો અતિચાર કયાંથી લાગે ? આવી નિરાચારપદવાળી ઊંચી આત્મદશાને પામેલા મહાત્માઓનું વર્ત્તમાન ઉદાહરણ **શ્રી ચિદાનંદજી** મહારાજના અધ્યાત્મ જીવનમાંથી મળી આવે છે. આ અંગે **શ્રીમદ્ રાજચંદ્રજીએ** કહ્યું છે કેઃ—

"જૈન મુનિ થયા પછી પોતાની પરમ નિર્વિકલ્પ દશા થઇ જવાથી ક્રમપૂર્વક દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી યમ-નિયમ તેઓ હવે પાળી શકશે નહીં, તેમ તેમને (ચિદાનંદજીને) લાગ્યું. જે પદાર્થની પ્રાપ્તિ માટે યમનિયમનું ક્રમપૂર્વક પાલન કરવું છે, તે વસ્તુની પ્રાપ્તિ થઇ તો પછી તે શ્રેણીએ પ્રવર્ત્તવું અને ન પ્રવર્ત્તવું બન્ને સમ છે. આમ તત્ત્વજ્ઞાનીઓની માન્યતા છે." ઇત્યાદિ.— **શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૯ (૨) (૨૨)

卐

આને ભિક્ષાટનાદિ આચાર કેમ હોય ? એવી આશંકા દૂર કરવા કહે છે—

रत्नादिशिक्षादृग्भ्योऽन्या यथा दृक् तन्नियोजने ।
तथाचारक्रियाप्यस्य सैवान्या फलभेदतः ॥ १८०॥

વૃત્તિઃ—रत्नादिशिक्षादृग्भ्यो—રત્નાદિની શિક્ષાદષ્ટિઓ કરતાં, अन्या—અન્ય, ભિન્ન જ, यथा—જેમ, दृक्—દૃષ્ટિ, तन्नियोजनेને—તે રત્નાદિના નિયોજનમાં,—શિક્ષિત હોતાં, तथा—તેમ, आचारक्रियाप्यस्य—આ યોગીની આચારક્રિયા પણ, सैव— તે જ, ભિક્ષાટનાદિ લક્ષણવાળી, अन्या—અન્ય, ભિન્ન, જૂદી જ હોય છે. કયા કારણથી ? તો કે फलभेदतः—ફલભેદ થકી—પૂર્વે સાંપરાયિક કર્મક્ષય ફળ હતું, અને હમણાં તો ભવોપગ્રાહી કર્મક્ષય ફળ છે.

× "त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मवित् ।
नान्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः ॥" સમાધિશતક.

રત્નાદિશિક્ષા દૃષ્ટિથી, નિયોજન દૃષ્ટિ ભિન્ન;
ત્યમ આચાર ક્રિયા ય તસ, તે ફલ ભેદે ભિન્ન. ૧૮૦

અર્થ:—રત્નાદિની શિક્ષાદૃષ્ટિઓ કરતાં જેમ તેના નિયોજન સંબંધી દૃષ્ટિ ભિન્ન હોય છે, તેમ આની તે જ આચારક્રિયા પણ ફલભેદને લીધે ભિન્ન હોય છે.

વિવેચન

"શિક્ષાથી જ્યમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન ત્યમ એહોજી."—**શ્રી યો. સજ્ઝા. ૯-૨**

રત્નાદિકની શિક્ષાદૃષ્ટિઓ કરતાં, જેમ શિક્ષિત થતાં તેના નિયોજન વિષયમાં દૃષ્ટિ અન્ય જ હોય છે, ભિન્ન જ હોય છે; તેમ આ યોગીની તે જ ભિક્ષાટનાદિ આચારક્રિયા પણ અન્ય જ-ભિન્ન જ હોય છે. શા કારણથી? તો કે ફલભેદથી, પૂર્વે **સાંપરાયિક** કર્મક્ષય ફળ હતું, હવે **ભવોપગ્રાહી** કર્મક્ષય ફળ છે.

'શિક્ષાથી જ્યમ રતન નિયોજન'

પ્રથમ શિક્ષા લેતી વેળાએ રત્નપરીક્ષા વિષયે શિખાઉની જે દૃષ્ટિ હોય છે, તે કરતાં શીખીને પાર ઉતરી ગયા પછી તે રત્નનું નિયોજન કરે છે એવા તે શિક્ષિતની દૃષ્ટિ જૂદી જ હોય છે; કારણ કે પ્રથમ તો શિખાઉને તે વિષય સંબંધી કંઇ જ્ઞાન હોતું નથી. રત્ન કેવું છે? તેનું સ્વરૂપ શું? તેના પ્રકાર શું? તેના ગુણ-દોષ શું? તેનું મૂલ્ય શું? ઇત્યાદિ બાબત તેને સાવ અજ્ઞાત હોય છે. એટલે તેને તે સંબંધી કુતૂહલ બુદ્ધિ હોય છે. એથી તે જિજ્ઞાસાપૂર્વક તે તે રત્નની પરીક્ષા સંબંધી જ્ઞાન મેળવવા પ્રવર્તે છે. આમ અભ્યાસ કરતાં કરતાં તે તદ્‌વિષયક જ્ઞાનમાં નિષ્ણાત થાય છે. અને પછી રત્નપરીક્ષામાં સુશિક્ષિત એવો તે ઉપલબ્ધ જ્ઞાનનો વ્યવહારમાં વિનિયોગ કરે છે, ક્રય-વિક્રયાદિ પ્રયોગ કરે છે. પ્રથમ અવસ્થામાં માત્ર શિખાઉ જ્ઞાન (Theoretical knowledge) હતું, ત્યારે હવે તો તેનો અનુભવસિદ્ધ પ્રયોગ (Practical application) હોય છે. એટલે પ્હેલાંની શિખાઉ દૃષ્ટિ કરતાં આ વિનિયોગ દશાની દૃષ્ટિ ભિન્ન જ-જૂદા જ પ્રકારની હોય છે. તેમ અત્રે પણ યોગીની તે જ ભિક્ષાટન આદિ આચારક્રિયા પણ ભિન્ન જ-ઓર પ્રકારની જ હોય છે. પહેલાં પણ એ જ ભિક્ષાટનાદિ ક્રિયા હતી, અને હમણાં પણ એ જ ભિક્ષાટનાદિ ક્રિયા છે, છતાં બન્ને દૃષ્ટિમાં મહદ્ અંતર છે.

અથવા તો એકડીઆને પ્રથમ તો માતૃકાક્ષરનું-બારાખડીનું જ્ઞાન પણ નથી હોતું, એકડો પણ નથી આવડતો. પણ તે ખંતીલો વિદ્યાર્થી બનીને એકડો ઘુંટતાં ઘુટતાં, ક્રમે કરીને શિખાઉ જ્ઞાન પ્રાપ્ત કરતો કરતો, વિદ્યાપારંગત સ્નાતક થાય છે, જ્ઞાન-ગંગામાં નાહીને બ્હાર પડે છે! અને પછી જીવનવ્યવહારમાં શિખેલા જ્ઞાનનો વ્યવહાર ઉપયોગ કરે છે-યથાયોગ્ય વિનિયોગ કરે છે. તેની નિશાળીઆ તરીકેની શિખાઉ અવસ્થાની

દૃષ્ટિમાં અને જીવન-વ્યવહાર શાળાની **શિક્ષિત** અનુભવસિદ્ધ દૃષ્ટિમાં ઘણો જ ફરક હોય છે. તેમ અત્રે પણ આચારની બાબતમાં પ્રારંભક સાધક યોગીની દૃષ્ટિ કરતાં, યોગારૂઢ સિદ્ધ યોગીની દૃષ્ટિ ભિન્ન-જૂદા પ્રકારની હોય છે.

'દૃષ્ટિ ભિન્ન ત્યમ એહોજી'

અથવા તો સંગીત શાસ્ત્રથી અનભિજ્ઞ-અજાણ જેમ પહેલાં તો આલાપ લેતાં શીખે છે, સ્વરના પ્રકાર વગેરે સંબંધી જ્ઞાન મેળવે છે. આમ શીખતાં શીખતાં અનુક્રમે તે સંગીત કલામાં પ્રવીણ બને છે, અને તેમાં એનો હાથ એવો બેસી જાય છે કે ગ્રામ-મૂર્છનાદિ પ્રકાર તેને સહજ સિદ્ધ થાય છે, ગમે ત્યારે ગમે તે રાગ છેડી તન્મયતા સાધી તે ઉસ્તાદ જન-મનરંજન કરી શકે છે. આમ પ્રથમની અશિક્ષિત આલાપકલા કરતાં તેની હવેની સુશિક્ષિત આલાપકલા સાવ જૂદી જ તરી આવે છે. તેમ અત્રે પણ આચાર પરત્વે પ્રથમની અભ્યાસદશામાં સાધક યોગીની જે દૃષ્ટિ હોય છે, તેના કરતાં ગીતાર્થ નિષ્પન્ન જ્ઞાનદશામાં દૃષ્ટિ ભિન્ન હોય છે. આમ રત્ન, કે માતૃકાક્ષર, કે સંગીત આદિ છે તો તેના તે, પણ તેના પ્રત્યેની શિખાઉની દૃષ્ટિમાં ને શિક્ષિતની દૃષ્ટિમાં પ્રગટ ભેદ હોય છે; તેમ ભિક્ષાટનાદિ આચારક્રિયા છે તો તેની તે, પણ તેના પ્રત્યેની સાધક યોગીની દૃષ્ટિ કરતાં અત્રે સિદ્ધ નિષ્પન્ન યોગીની દૃષ્ટિ ભિન્ન જ-જૂદા જ પ્રકારની-ઓર જ હોય છે.

ફલભેદ

કારણ કે પૂર્વે **સાંપરાયિક**-કષાય સંબંધી કર્મક્ષય એ આચાર ક્રિયાનું ફલ હતું, હવે **ભવોપગ્રાહી** કર્મક્ષય એ ફલ છે. પૂર્વે નિર્ગ્રંથ મુનિની સમસ્ત પ્રવૃત્તિ કષાય સંબંધી કર્મક્ષય કરવા માટે હતી, જેમ બને તેમ સૂક્ષ્મમાં સૂક્ષ્મ કષાયનો પણ ક્ષય કરવા અર્થે હતી, તે સંયમીનો દેહ પણ માત્ર સંયમને માટે હતો, અને તે દેહ દ્વારા સંયમયાત્રાના નિર્વાહ અર્થે જ ભિક્ષાટનાદિ ક્રિયા આવશ્યક હતી, તથા એ બધુંય કષાય-ભાવ દૂર કરવા માટે જ-પૂર્ણ વીતરાગતા આણવા માટે જ હતું. કારણ કે સાચા **'સાધુ'**ને કવચિત્ હોય તો અતિ અતિ સૂક્ષ્મ એવો **સંજ્વલન કષાય** જ હોય, એથી અધિક કષાય × હોય જ નહિ, છતાં

× શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી શ્રી પંચાશક** સત્શાસ્ત્રમાં સ્પષ્ટપણે કહે છે કે-'સાધુ' ને કાલ-દોષથી હોય તો કવચિત્ સંજ્વલન કષાયનો ઉદય હોય, બાકી તો કષાય હોય જ નહિં, અને જો હોય **તો તે સાધુ જ નથી.** કારણ કે સર્વેય અતિચારો સંજ્વલનના ઉદયથી હોય છે, પણ અનંતાનુબંધી આદિ બાર કષયના ઉદયથી તો સચોડો વ્રતભંગ થતો હોવાથી **મૂલછેદ્ય પ્રાયશ્ચિત્ત** લાગે છે

" चरिमाण वि तह णेयं संजलणकसायसंगमं चेव ।
माईठाणं पायं असइं पि हु कालदोसेण ॥
सव्वेविय अइयारा संजलणाणं तु उदयओ होंति ।
मूलछेज्जं पुण होइ बारसण्हं कसायाणं ॥ "—શ્રી પંચાશક.

તે મહામુનિ આંખના કણાની જેમ તે કષાયકણિકાને પણ સાંખી શકતા નથી, એટલે સર્વ આત્મપ્રદેશમાંથી પરમાણુ માત્ર કષાયકણને પણ કાઢી નાંખવા માટે તે સર્વાત્માથી પ્રવર્તે છે, અને નિષ્કષાયતારૂપ વીતરાગ ભાવને સાધે છે. પણ હવે અત્રે તો તે અતિ અતિ અલ્પ કષાયભાવ પણ સર્વથા દૂર થઇ ગયો છે, વીતરાગતા પ્રાપ્ત થઇ ચૂકી છે, ઘાતિકર્મોનો ક્ષય થઈ ચૂકયો છે, એટલે **અઘાતી** એવા **ભવોપગ્રાહી** કર્મનો ક્ષય એક જ અત્ર હેતુ છે. અત્રે આ પરમ યોગી જે દેહ ધારણ કરી રહ્યા છે, તે નામ-ગોત્ર-આયુ-વેદનીય એ ચાર, આ ચરમ દેહમાં ભોગવવા યોગ્ય પ્રારબ્ધ કર્મના ક્ષય અર્થે જ ધારણ કરી રહ્યા છે. એટલે તે દેહના નિર્વાહાર્થે જે ભિક્ષાટનાદિ ક્રિયા કરે છે, તે પણ તે ભવોપગ્રાહી કર્મના ક્ષય અર્થે જ કરે છે. આમ પૂર્વે સાંપરાયિક કર્મક્ષય એ ભિક્ષાટનાદિ ક્રિયાનું ફલ હતું, અને અત્રે ભવોપગ્રાહી કર્મક્ષય એ ફલ છે. આમ ફલભેદથી દૃષ્ટિભેદ પ્રગટ થાય છે.

‘દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત’

આ ઉપરથી તાત્પર્ય એ છે કે-જેને સર્વ કષાયનો ક્ષય થયો છે એવા વીતરાગ પરમ યોગી જ્યાંલગી આ છેલ્લા દેહની આયુસ્થિતિ છે ત્યાંલગી પૂર્વ પ્રારબ્ધોદયથી વિચરે છે, અને એમ કરીને પોતાના શેષ કર્મનો ઋણાનુબંધ ચૂકવી આપી નિર્જરી નાંખે છે. આમ પૂર્વ પ્રયોગથી વિચરતા જ્ઞાની પુરુષ, દેહ છતાં દેહાતીત એવી પરમ અદ્ભુત **કાયોત્સર્ગ દશા-જીવન્મુક્ત** દશાનો અનુભવ કરતા સતા, સદેહે મુક્ત વર્ત્તે છે. આવા વિદેહદશા-સંપન્ન કેવલિ ભગવાન્ **પરમાર્થ** મેઘની વૃષ્ટિ કરી ભવ્યજનોને બોધ કરતા ભૂતલ પર વિચરે છે, ને પરમ જનકલ્યાણ-લોકોપકાર કરે છે અને આવા જંગમ કલ્પવૃક્ષ સમા શુદ્ધ આત્મસ્વરૂપ જિનરાજને ધન્ય આત્માઓ સેવે છે. જેમ કે—

“અજિતવીર્ય જિન વિચરતા રે....મન૦ પુષ્કર અર્ધ વિદેહ રે....ભવિ૦
જંગમ સુરતરુ સારિખો રે....મન૦ સેવે ધન્ય ધન્ય તેહ રે....ભવિ૦—**શ્રી દેવચંદ્રજી.**

“દેહ છતાં જેની દશા, વર્ત્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.”—**શ્રીમદ્ રાજચંદ્રજી**પ્રણીત
શ્રી આત્મસિદ્ધિ.

★

તન્નિયોગાન્મહાત્મેહ કૃતકૃત્યો યથા ભવેત્ ।
તથાયં ધર્મસંન્યાસવિનિયોગાન્મહામુનિઃ ॥૧૮૧॥

વૃત્તિઃ—**તન્નિયોગાત્**-તેના નિયોગથી, રત્નના નિયોગથી, **મહાત્મેહ**-મહાત્મા અહીં લોકમાં, **કૃતકૃત્યો યથા ભવેત્**-જેમ કૃતકૃત્ય હોય છે, કોઈ રત્નવણિક્ કૃતકૃત્ય હોય છે; **તથાયં**-તેમ આ, અધિકૃત યોગી, **ધર્મસંન્યાસવિનિયોગાત્**-ધર્મસંન્યાસના વિનિયોગથકી, **મહામુનિઃ**-મહામુનિ, કૃતકૃત્ય હોય છે.

તસ વિનિયોગે તે અહીં, કૃતકૃત્ય જયમ થાય;
ધર્મ સંન્યાસ વિયોગથી, તેમ મહામુનિરાય. ૧૮૧.

અર્થ :–તે રત્નના વિનિયોગથી અહીં જેમ તે મહાત્મા કૃતકૃત્ય થાય છે, તેમ આ મહામુનિ ધર્મસંન્યાસના વિનિયોગથી કૃતકૃત્ય થાય છે.

વિવેચન

"તાસ નિયોગે કરણ અપૂર્વ, લહે મુનિ કેવલ ગેહોજી."–**યો. સજઝા. ૮, ૨.**

તે રત્નના વિનિયોગથી જેમ અહીં લોકમાં કોઇ મહાત્મા–રત્નવણિક્ કૃતકૃત્ય થાય છે, તેમ આ દૃષ્ટિવાળો યોગી મહામુનિ **ધર્મસંન્યાસ**ના વિનિયોગથકી કૃતકૃત્ય થાય છે.

રત્નવણિક્નું દૃષ્ટાંત

રત્નપરીક્ષા કરી જાણનારો રત્નવણિક્ ચોકસી, ઝવેરી શુદ્ધ દૃષ્ટિથી જ્યારે રત્નનો યથેચ્છ વ્યાપાર કરે, ત્યારે જ તે કૃતકૃત્ય થયો કહેવાય છે. કારણ કે રત્ન પરીક્ષા સંબંધી ગમે તેટલું જાણપણું હોય, પણ જ્યાંસુધી વ્યવહારમાં–વ્યાપારવિનિમયમાં તેનો પ્રયોગ ન કરવામાં આવ્યો હોય, ત્યાંસુધી તેનું સાર્થકપણું–કૃતાર્થપણું થયું કેમ કહેવાય? પણ રત્નના ક્રયવિક્રયમાં, લેવડદેવડમાં ઉપયોગી થાય તેની ખાતર જ જે રત્નપરીક્ષાનું જ્ઞાન અનિવાર્યપણે આવશ્યક હતું, તે જ્ઞાનનો વ્યાપારમાં જ્યારે વિનિયોગ (Practical application) કરવામાં આવે, ને તેનો યથેચ્છ લાભ ઉઠાવવામાં આવે, ત્યારે જ તેનું કૃતકૃત્યપણું ગણાય, ત્યારે જ તેનું કામ થયું કહેવાય.

ધર્મસંન્યાસ વિનિયોગ

તે જ પ્રકારે આ દૃષ્ટિવાળો યોગી મહામુનિ અહીં **ધર્મસંન્યાસ**ના **વિનિયોગથી**, અર્થાત્ શુદ્ધ દૃષ્ટિથી તાત્ત્વિક આચરણરૂપ વિશિષ્ટ પ્રયોગથી–ધર્મવ્યાપારરૂપ પ્રયોજનથી કૃતકૃત્ય થાય છે; કારણ કે ધર્મસંન્યાસ સંબંધી ગમે તેટલું જાણપણું હોય, ગમે તેટલી તાલીમ લીધી હોય, પણ જ્યાંસુધી હજુ તેનો **નિશ્ચયશુદ્ધ વ્યવહાર**માં તાત્ત્વિકપણે ઉપયોગ ન કરવામાં આવ્યો હોય, ત્યાંસુધી પરમાર્થથી તેનું સાર્થકપણું થયું કેમ કહેવાય? પણ પ્રસ્તુત ધર્મ-સંન્યાસની યોગ્યતા પ્રાપ્ત થાય તે ખાતર જ જે અત્યારસુધીની જ્ઞાન–દર્શન–ચારિત્રની અખંડ આરાધનારૂપ તાલીમ અત્યંત આવશ્યક હતી, તેનો હવે અહીં તાત્ત્વિક ધર્મસંન્યાસ-પણે વ્યવહારૂ પ્રયોગ કરવામાં આવે છે, અને તજ્જન્ય પરમ આત્મલાભ ઊઠાવવામાં આવે છે. એટલે અહીં આ દૃષ્ટિમાં જ **ધર્મસંન્યાસ**ના વિનિયોગથી (Practice) કૃતકૃત્યપણું હોય છે. અર્થાત્ અત્રે જ શુદ્ધ **રત્નત્રયીનો વ્યાપાર** કરનારો **મહામુનિરૂપ રત્નવણિક્**, **ધર્મસંન્યાસ યોગરૂપ રત્નવાણિજ્ય** વડે, યથેચ્છ આત્મલાભરૂપ નફો મેળવી કૃતકૃત્ય થઇ જાય છે; અહીં જ તેનો બેડો પાર થઇ જાય છે, અહીં જ તેનું આત્મસિદ્ધિનું કામ થઇ

જાય છે, અહીં જ તે સાચો 'ધર્મસંન્યાસ' યોગી–'સંન્યાસી' બની પરમ આત્મ-કલ્યાણને પામે છે. કારણ કે આ દૃષ્ટિ પૂર્વેનો અત્યાર સુધીનો જે **ધર્મસંન્યાસયોગ** હતો, તે તાત્ત્વિક ન્હોતો, અતાત્ત્વિક હતો. તેમાં પ્રવૃત્તિ–લક્ષણ ધર્મોનો સંન્યાસ–ત્યાગ જરૂર હતો. એટલે જ અતાત્ત્વિક છતાં 'ધર્મસંન્યાસ' નામને યોગ્ય હતો; તેમજ તે તાત્ત્વિક ધર્મસંન્યાસની યોગ્યતા પામવા માટે પણ આવશ્યક ને ઉપકારી હતો, એટલે પણ તેને ઉપચરિતપણે તે ધર્મસંન્યાસ નામ ઘટતું હતું. પણ અહીં તો **તાત્ત્વિક ધર્મસંન્યાસ-યોગ** હોય છે. ધર્મ એટલે ક્ષાયોપશમિક ભાવ, તેનો અહીં સંન્યાસ–ત્યાગ હોય છે, માટે તે ધર્મસંન્યાસયોગ અત્રે યથાર્થપણે પરમાર્થથી હોય છે.

તથા—

द्वितीयापूर्वकरणे मुख्योऽयमुपजायते ।
केवलश्रीस्ततश्चास्य निःसपत्ना सदोदया ॥ १८२ ॥

બીજા કરણ અપૂર્વમાં, મુખ્ય એહ ઉપજંત;
(તેથી તેને) નિરાવરણ નિત્યોદયા, કેવલલક્ષ્મી વરંત. ૧૮૨.

અર્થ :—બીજા અપૂર્વકરણમાં મુખ્ય એવો આ ધર્મસંન્યાસ ઉપજે છે, અને તેથી કરીને આ યોગીને નિઃસપત્ના–નિરાવરણ એવી સદોદયા કેવલલક્ષ્મી હોય છે.

વિવેચન

શ્રેણીવર્તી એવા **બીજા અપૂર્વકરણમાં મુખ્ય** એવો આ **ધર્મસંન્યાસયોગ** ઉપજે છે,–ઉપચરિત તો પ્રમત્ત સંયતથી આરંભીને હોય છે. અને તે ધર્મસંન્યાસના વિનિયોગ થકી આ યોગીને નિરાવરણ એવી કેવલશ્રી ઉપજે છે,–કે જે પ્રતિપાતના અભાવે કરીને સદોદયા હોય છે.

આ **ધર્મસંન્યાસ યોગ** જે કહ્યો, તે **મુખ્ય** અર્થાત્ તાત્ત્વિક કોટિનો ધર્મ-સંન્યાસ ક્યારે હોય છે ? તેનું અહીં સ્પષ્ટીકરણ છે. મુખ્ય–તાત્ત્વિક ધર્મસંન્યાસ શ્રેણીમાં આવતા **બીજા અપૂર્વકરણ** સમયે પ્રાપ્ત હોય છે,–જો કે ઉપચરિત–અતાત્ત્વિક એવો ધર્મસંન્યાસ **પ્રમત્તસંયત** ગુણસ્થાનથી માંડીને હોય છે, અને તે અનુક્રમે તાત્ત્વિક ધર્મસંન્યાસ પામવાની યોગ્યતા માટે અધિકારી થવા માટે પરમ ઉપકારી થાય છે. આ અતાત્ત્વિક ધર્મ-

તાત્ત્વિક ધર્મસંન્યાસ

वृत्तिः — **द्वितीयापूर्वकरणे**–દ્વિતીય અપૂર્વકરણમાં, શ્રેણીવર્તી એવા અપૂર્વકરણમાં, **मुख्योऽयम्**–મુખ્ય એવો આ ધર્મસંન્યાસ; **उपजायते**–ઉપજે છે, –ઉપચરિત તો પ્રમત્ત સંયતથી આરંભીને ઉપજે છે. **केवलश्रीस्ततश्च**–અને કેવલશ્રી તેથી કરીને–ધર્મસંન્યાસ વિનિયોગ થકી, **अस्य**–આ યોગીને, **निःसपत्ना**–નિઃસપત્ના, પ્રતિપક્ષ રહિત (નિરાવરણ), **सदोदया**–સદોદય, –પ્રતિપાતના અભાવે કરીને.

સંન્યાસમાં પ્રવૃત્તિલક્ષણ ધર્મોનો સંન્યાસ-ત્યાગ હોય છે, અને તાત્ત્વિક ધર્મ-સંન્યાસમાં ક્ષયોપશમભાવરૂપ ધર્મોનો સંન્યાસ-ત્યાગ હોય છે, એટલે **ધર્મસંન્યાસ** સંજ્ઞા યથાર્થ છે,

અહીં '**બીજા**' **અપૂર્વકરણ**માં આ તાત્ત્વિક ધર્મસંન્યાસ પ્રગટે છે એમ કહ્યું તે સહેતુક છે, કારણ કે પહેલું અપૂર્વકરણ જે ગ્રંથિભેદનું કારણ છે, તેમાં આ પ્રસ્તુત ધર્મ-સંન્યાસ હોઈ શકે નહિં. એટલા માટે '**બીજા**'માં એમ કહી તેનો અપવાદ સૂચવ્યો. આમ આ અપૂર્વકરણ બે છેઃ—(૧) ગ્રંથિભેદના કારણરૂપ તે પહેલું; (૨) ક્ષપકશ્રેણી વેળાનું તે બીજું. આ '**અપૂર્વકરણ**' એટલે શું? 'અપૂર્વ' એટલે અનાદિકાળના ભવભ્રમણમાં જે કદી પણ પૂર્વે પ્રાપ્ત થયો નથી, એવો શુભ-પ્રશસ્ત આત્મપરિણામ. તેમાં પહેલા અપૂર્વકરણનું ફળ ગ્રંથિભેદ છે અને તે ગ્રંથિભેદનું ફળ સમ્યગ્દર્શન છે. અને પછી કર્મસ્થિતિમાંથી સંખ્યાત સાગરોપમ વ્યતીત થયે આ બીજું અપૂર્વ-કરણ-અપૂર્વ આત્મપરિણામ પ્રાપ્ત થાય છે, ત્યારે આ તાત્ત્વિક ધર્મસંન્યાસ યોગ **ક્ષપક શ્રેણી**માં ચઢતા સામર્થ્યયોગીને હોય છે. (આને 'અપૂર્વકરણ' કહેવાના કારણ માટે જુઓ પૃ. ૪૩-૪૪)

ક્ષપકશ્રેણી કેવલશ્રી

આ અપૂર્વકરણરૂપ અપૂર્વ આત્મસામર્થ્ય પામીને, પરમ આત્મવીર્યોલ્લાસ સ્ફુરાવીને જે યોગીપુરુષ **ક્ષપકશ્રેણી** પર આરૂઢ થાય છે, તેને આ **તાત્ત્વિક ધર્મસંન્યાસ** નામનો **સામર્થ્યયોગ** હોય છે, કારણ કે તે ક્ષયોપશમરૂપ ધર્મોનું ક્ષપણ કરતો કરતો આગળ વધે છે, કર્મપ્રકૃતિઓને સર્વથા ખપાવતો ખપાવતો, ખતમ કરતો કરતો, ઉડાવતો ઉડાવતો, ગુણસ્થાનકની શ્રેણી પર વેગે ચઢતો જાય છે. અને આમ કર્મશત્રુનો ક્ષય કરતો કરતો, ક્ષાયોપશમિક ધર્મોનો સંન્યાસ કરતો કરતો, આ પરમ સમર્થ વીર 'સંન્યાસી' ૮-૯-૧૦-૧૨ ગુણસ્થાનને વટાવી જઈ, તેરમા **સયોગી કેવલિ ગુણસ્થાને** પહોંચી '**નિજ કેવલજ્ઞાન નિધાન**' પ્રગટાવે છે. (જુઓ આકૃતિ ૩-પૃ. ૫૦)

'શ્રીમદ્' ભગવાન્

અને આમ ધર્મસંન્યાસના વિનિયોગથી આ સામર્થ્યયોગીને કેવલલક્ષ્મીની-કેવલશ્રીની પ્રાપ્તિ હોય છે, અર્થાત્ કેવલજ્ઞાન-દર્શનની ઉત્પત્તિ હોય છે, કે જેમાં કોઈપણ પ્રતિબંધક-વિરોધક પ્રતિપક્ષરૂપ આવરણ હોતું નથી. આવી આ નિરાવરણ કેવલશ્રી **સદોદયા** હોય છે, અર્થાત્ કોઈપણ કાળે તેના પ્રતિપાતનો અભાવ હોવાથી સદા ઉદયવંતી જ હોય છે. એટલે આવી અનુપમ કેવલશ્રી-સંપન્ન આ **'શ્રીમદ્' ભગવાન્ જિનરાજરાજેશ્વર** આત્મસામ્રાજ્ય લક્ષ્મીથી સદા વિરાજે છે. તેનું અપૂર્વ વર્ણન લાક્ષણિક શૈલીમાં કવિરાજ **દેવચંદ્રજી**એ ગાયું છેઃ—

"મહાભદ્ર જિનરાજ ! રાજરાજ વિરાજે હો આજ તુમારડોજી;
ક્ષાયિક વીર્ય અનંત, ધર્મ અભંગે હો તું સાહિબ વડોજી....
હું બલિહારી રે શ્રી જિનવર તણી રે.

કર્ત્તા ભોક્તા ભાવ, કારક કારણ હો તું સ્વામી છતોજી;
જ્ઞાનાનંદ પ્રધાન, સર્વ વસ્તુનો હો ધર્મ પ્રકાશતોજી....હું બલિહારી૦

સમ્યગ્દર્શન મિત્ત, સ્થિર નિર્દ્ધારે રે અવિસંવાદતાજી;
અવ્યાબાધ સમાધિ, કોશ અનશ્વર રે નિજ આનંદતાજી."—શ્રી દેવચંદ્રજી.

કારણ કે આ આત્મસામ્રાજ્યના સ્વામી **શ્રીમદ્ ભગવાન્**માં રાજરાજેશ્વરના-સમ્રાટ્‌ના સંપૂર્ણ લક્ષણ જોવામાં આવે છે. જેમકે-તેમનામાં અનંત એવું ક્ષાયિક વીર્ય પ્રગટ્યું છે, અને તેથી આત્મસ્વભાવરૂપ ધર્મના અભંગપણાએ કરીને એ 'વડા સાહેબ' મોટામાં મોટા સાહેબ થયા છે. તે આત્મભાવના કર્ત્તા-ભોક્તા, કારક કારણ છે, એટલે તે છતા-પ્રગટ એવા સ્વસ્વરૂપના સ્વામી થયા છે. તેમને **જ્ઞાનાનંદ** નામનો પ્રધાન છે કે જે સર્વ વસ્તુનો ધર્મ પ્રકાશે છે; અને સમ્યગ્દર્શન નામનો મિત્ર છે કે જે સ્થિર એવી અવિસંવાદિતાનો નિર્ધાર કરે છે, બધુંય બરાબર છે એની તકેદારી રાખે છે. તેમને અવ્યાબાધ સમાધિરૂપ નિજાનંદમય અવિનશ્વર કોશ છે, અખૂટ ખજાનો છે. અસંખ્ય આત્મપ્રદેશરૂપ તેના દેશ છે કે જે પોતપોતાની રીતે ગુણસંપત્તિથી ભર્યા છે એમને ચારિત્રરૂપ અભંગ દુર્ગ છે, અજેય કિલ્લા છે, કે જે આત્મશક્તિથી પરનો-પરભાવરૂપ શત્રુનો જય કરવા સંચર્યા છે. ક્ષમાદિ ધર્મરૂપ તેમનું સૈન્ય છે. પરિણતિ પ્રભુત્વરૂપ-આત્મપરિણતિના સ્વામિત્વરૂપ તેમનું આકરૂં બલ છે આવા આ પ્રભુએ સકલ તત્ત્વનો પ્રગટભાવ સાદિ-અનંતી રીતે ધારણ કર્યો છે. દ્રવ્ય-ભાવ સર્વ શત્રુનો નાશ કરીને આવા આ 'સાહિબ' અવતર્યા છે, અને તે સહજ સ્વભાવ વિલાસના ભોગી, ઉપયોગી એવા જ્ઞાનગુણે ભર્યા છે.

શ્રી જિનરાજ રાજરાજેશ્વર

"દેશ અસંખ્ય પ્રદેશ, નિજ નિજ રીતે રે ગુણસંપત્તિ ભર્યાજી;
ચારિત્ર દુર્ગ અભંગ, આતમશકતે હો પર જય સંચર્યાજી....હું બલિહારી૦

ધર્મ ક્ષમાદિક સૈન્ય, પરિણતિ પ્રભુતા હો તુજ બલ આકરોજી;
તત્ત્વ સકલ પ્રાગ્ભાવ, સાદિ અનંતી રે રીતે પ્રભુ ધર્યોજી....હું બલિહારી૦

દ્રવ્યભાવ અરિ લેશ, સકલ નિવારી રે સાહિબ અવતર્યોજી;
સહજ સ્વભાવ વિલાસ, ભોગી ઉપયોગી રે જ્ઞાનગુણે ભર્યોજી."—શ્રી દેવચંદ્રજી.

卐

સિંહાવલોકન નીતિથી અધિકૃત વસ્તુના નિર્ધારણાર્થે કહે છે:—

स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया ।
चंद्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवत् ॥ १८३ ॥

ભાવશુદ્ધ પ્રકૃતિ થકી, સ્થિત ચંદ્ર શું જીવ એહ;
જ્ઞાન ચંદ્રિકા સમ અને, તદાવરણ છે મેહ. ૧૮૩

અર્થ :—જીવ, ચંદ્રની જેમ, ભાવશુદ્ધ એવી પ્રકૃતિથી સ્થિત છે; અને વિજ્ઞાન ચંદ્રિકા જેવું છે, તેનું આવરણ અભ્ર-વાદળા જેવું છે.

વિવેચન

આત્મા ચંદ્રની પેઠે પોતાની-આત્મીય ભાવશુદ્ધ એવી પ્રકૃતિથી સ્થિત છે,-કાંઇ સ્થાપિત કરવાનો નથી; અને જે વિજ્ઞાન છે તે જ્યોત્સ્ના જેવું-ચાંદની જેવું છે. આ કેવલાદિનું ઉપમામાત્ર છે. અને તદાવરણ અર્થાત્ જ્ઞાનાવરણ તે અભ્ર જેવું-વાદળા જેવું છે.

પ્રત્યેક વસ્તુ **ભાવશુદ્ધ પ્રકૃતિથી**-શુદ્ધ સ્વભાવથી નિજ નિજ સ્વરૂપમાં **સ્થિત** છે જ, કાંઇ નવી સ્થાપવાની નથી. તેમ આત્મ-વસ્તુ પણ ભાવશુદ્ધ એવી પ્રકૃતિથી-સ્વભાવ સ્થિત જ છે, કાંઈ નવી સ્થાપિત કરવાની નથી. અત્રે **ચંદ્રની ઉપમા** સાંગોપાંગ સુઘટપણે ઘટે છે:-ચંદ્ર જેમ આકાશમાં પ્રકૃતિથી-કુદરતી-સ્વભાવથી સ્થિત છે, તેમ આત્મા પણ નિજ પ્રકૃતિથી-કુદરતી **સહજ સ્વભાવથી** ચિદાકાશમાં સ્થિતિ કરી રહ્યો છે. આકાશમાં સ્વસ્થાને સ્થિત રહ્યો છતો ચંદ્ર જેમ ચંદ્રિકા પ્રસારે છે, તેમ સ્થિર એવા સ્વસ્વરૂપ પદમાં સ્થિત આત્મા જ્ઞાનરૂપ જ્યોત્સના-ચંદ્રિકા વિસ્તારે છે. પણ ચાંદનીથી ભૂમિ આદિને પ્રકાશિત કરતાં છતાં ચંદ્ર કાંઇ ભૂમિરૂપ બની જતો નથી; તેમ આત્મા પણ જ્ઞાન-જ્યોત્સનાથી વિશ્વને પ્રકાશતાં છતાં, કાંઇ વિશ્વરૂપ બની જતો નથી. આમ સ્વ-પર પ્રકાશક ચંદ્રિકા રેલાવતો ચંદ્ર સ્વસ્થાને સ્થિત રહ્યો છે, તેમ સ્વ-પર અવભાસક જ્ઞાન-ચંદ્રિકા વિસ્તારતો આત્મા પણ નિજ સ્વભાવપદમાં સમવસ્થિત જ રહ્યો છે. આ પ્રમાણે નિશ્ચયવાર્ત્તા છે, તત્ત્વશુદ્ધ પ્રકૃતિથી-સ્વભાવથી સ્થિતિ છે. અને જે સ્વભાવ છે તે કદી અન્યથા થતો નથી, કારણ કે અન્ય દ્રવ્યરૂપ થવું તે તો સ્વભાવ નહિં, પણ પરભાવ જ છે (જુઓ પૃ. ૪૮૩, તથા શ્લો. પૃ. ૭૫) આત્માનો સ્વ-પરપ્રકાશક એવો જ્ઞાયક સ્વભાવ છે, એટલે તે વિશ્વને

આત્મ-ચંદ્ર જ્ઞાન-ચંદ્રિકા

वृत्ति—**स्थितः**—સ્થિત છે, નહિં કે સ્થાપનીય, સ્થાપવાનો નથી, **शीतांशुवत्**-શીતાંશુ-ચંદ્રની જેમ, **जीवः**-જીવ, આત્મા, **प्रकृत्या**-આત્મીય,-પોતાની પ્રકૃતિથી. **भावशुद्धया**-ભાવશુદ્ધ એવી, તત્ત્વ-શુદ્ધ એવી એમ અર્થ છે. તેમજ-**चंद्रिकावच्च**-અને ચંદ્રિકા જેવું, જ્યોત્સ્ના-ચાંદની જેવું, **विज्ञानम्**-વિજ્ઞાન કેવલાદિનું આ ઉપમામાત્ર છે. **तदावरणम्**-તદાવરણ, જ્ઞાનાવરણ. **अभ्रवत्**-અભ્ર જેવું, મેઘપટલ જેવું છે એમ અર્થ છે.

જાણે છે, પણ તેથી તે કાંઇ વિશ્વરૂપ બની જતો નથી. આ અંગે પરમ તત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** આ પરમ રહસ્યમય વચનામૃત પુનઃ પુનઃ મનન કરવા યોગ્ય છે:—

"ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઇ જાય છે, પણ ચંદ્ર કંઇ ભૂમિરૂપ કોઇ કાળે તેમ થતો નથી. એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે કયારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે."—**શ્રીમદ્ રાજચંદ્ર**. ૭૬૦ (૮૩૩)

"જ્ઞેય જ્ઞાન શું નવિ મિલે રે લાલ, જ્ઞાન ન જાયે તથ્થ રે;
પ્રાપ્ત અપ્રાપ્ત પ્રમેયને રે લાલ, જાણે જે જિમ જથ્થ રે."—**શ્રી દેવચંદ્રજી.**

અને આમ શુદ્ધ સ્વભાવથી સ્વસ્થાને સ્થિત છતાં ચંદ્રને જેમ મેઘપટલ-વાદળાં આવરે છે, ઢાંકી દે છે, ને તેથી તેનું યથાર્થ દર્શન નથી થતું; તેમ શુદ્ધ સ્વભાવસ્થિત આત્માને જ્ઞાનાવરણાદિ કર્મરૂપ મેઘપટલ આવૃત કરે છે-ઢાંકી દે છે, અને તેથી તેનું યથાસ્થિત દર્શન થતું નથી. તથાપિ મેઘપટલ ગમે તેટલું ગાઢ હોય છતાં, જેમ ચંદ્રની કંઈ ને કંઈ છાયા દેખાયા વિના રહેતી નથી, તેની કંઇ ને કંઇ ચંદ્રિકા વાદળને વીંધીને બ્હાર નિકળ્યા વિના રહેતી નથી, 'ચંદ્ર છુપે નહિં બાદલ છાયો'; તેમ કેવલજ્ઞાનસ્વરૂપ આત્મ-ચંદ્ર ગમે તેટલા ગાઢ કર્મપટલના આવરણથી આવૃત હોય, તો પણ તેની કાંઇ ને કાંઇ ઝાંખી થયા વિના રહેતી નથી, તેની કંઇ ને કંઇ જ્ઞાન-જ્યોત્સના ડોકીઉં કરી ચૈતન્ય સ્વરૂપનો ખ્યાલ આપ્યા વિના રહેતી નથી. એટલા માટે જ અક્ષરના અનંતમાં ભાગ જેટલો કેવલજ્ઞાનનો ભાગ **નિત્ય ઉઘાડો જ** રહે છે એમ શાસ્ત્રમાં[+] કહ્યું છે. નહિં તો તે પણ જો અવરાઇ જાય તો જીવ અજીવપણાને પામી જાય. એટલે કેવલજ્ઞાનાવરણને લીધે જો કે જ્ઞાનનો **પૂર્ણ પ્રકાશ** પ્રાપ્ત થતો નથી, તોપણ અંશપ્રકાશરૂપ **મંદ પ્રકાશ** તો સદાય અવશ્ય દૃશ્યમાન હોય જ છે. અને તે મંદ પ્રકાશનું કારણ પણ પ્રસ્તુત કેવલજ્ઞાનાવરણ જ છે. આમ કેવલજ્ઞાનાવરણરૂપ એક જ કારણને લીધે પૂર્ણ પ્રકાશરૂપ કેવલજ્ઞાન ઉપજતું નથી, અને મંદ પ્રકાશરૂપ છાદ્મસ્થિક જ્ઞાન ઉપજે છે * सुट्ठुवि मेघसमुदए होंति पभा चंदसूराणां" :—**શ્રી નંદીસૂત્ર, ૪૨**

જ્ઞાનવરણ-મેઘ

આ મંદ પ્રકાશમાં પણ જે તરતમતા દેખાય છે, ન્યૂનાધિકતા દેખાય છે, ચિત્ર-

× "सव्वजीवाणंपि य णं अक्खरस्स अनन्ततमो भागो णिच्चुग्घाडिओ चिट्ठइ,
सो विअ जइ आवरिज्जा तेणं जीवो अजीवत्तणं पाविज्जा ।"—**શ્રી નંદીસૂત્ર, ૪૨**

* "अयं च स्वभावः केवलज्ञानावरणावृतस्य जीवस्य घनपटलच्छन्नस्य,
रवेरिव मंदप्रकाश इत्युच्यते । तत्र हेतुः केवलज्ञानावरणमेव ।" —**શ્રી જ્ઞાનબિંદુ.**

વિચિત્ર ભેદ દેખાય છે, તેનું કારણ મતિજ્ઞાનાવરણાદિ ઇતર કર્મ છે. વસ્ત્રના વિવરમાંથી કે ભીંતના વિવરમાંથી (છિદ્રમાંથી) દેખાતા અભ્રાચ્છાદિત સૂર્યના મંદ પ્રકાશમાં પણ તરતમતા હોય છે, તેમ અંતરાલમાં રહેલા મતિ આદિ ઇતર જ્ઞાનાવરણ કર્મને લીધે કેવલજ્ઞાનાવરણાચ્છાદિત આત્માના જ્ઞાનરૂપ મંદ પ્રકાશમાં પણ તરતમતા હોય છે—ન્યૂનાધિકતા, ઓછા-વત્તાપણું હોય છે. અને તેથી કરીને મતિ આદિ તે તે જ્ઞાનાવરણ કર્મોના **ક્ષયોપશમ**ના અનંત ભેદથી મતિ આદિ જ્ઞાનના અનંત ભેદ જન્મે છે.+ ગમે તેમ હો, પણ આત્મ-ચંદ્રની ચંદ્રિકાનો કંઇ ને કંઇ પ્રકાશ અવશ્ય અનાવૃત હોય છે—અણઢાંકયો જ રહે છે. એટલા માટે જ કહ્યું છે કે-જ્ઞાન એ આત્માનો સ્વપરાવભાસક **અસાધારણ ગુણ** છે.

ક્ષયોપશમઃ અનંત ભેદ

"तत्र ज्ञानं तावदात्मनः स्वपरावभासकः असाधारणोः गुणः ।"

—શ્રી યશોવિજયજીકૃત જ્ઞાનબિંદુ

પ્રકૃતનું યોજન કહે છે—

घातिकर्माभ्रकल्पं तदुक्तयोगानिलाहतेः ।
यदापैति तदा श्रीमान् जायते ज्ञानकेवली ॥ १८४ ॥

ઘાતિકર્મ વાદળ સમું, વાતાં યોગ સુવાય;
દૂર થાય ત્યારે શ્રીમાન્, જ્ઞાનકેવલી થાય. ૧૮૪

અર્થ :—ઘાતિકર્મ વાદળા જેવું છે, તે ઉક્ત યોગરૂપ વાયુના આઘાતથી (સપાટાથી) જ્યારે દૂર થાય છે, ત્યારે તે શ્રીમાન્ જ્ઞાનકેવલી અર્થાત્ સર્વજ્ઞ થાય છે.

વિવેચન

જ્ઞાનાવરણીયાદિ જે ઘાતિકર્મ તે **અભ્ર** જેવું-વાદળા જેવું વર્ત્તે છે. તે ઘાતિકર્મ,-ઉપરમાં હમણાં જ કહેવામાં આવેલા **ધર્મસંન્યાસ યોગરૂપ** પવનના સપાટાથી,-જ્યારે

वृत्तिः—**घातिकर्म**-ઘાતિકર્મ, જ્ઞાનાવરણીય આદિ, તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. આ-**अभ्रकल्पम्**-અભ્ર, વાદળા જેવું વર્ત્તે છે. **तद्**-તે ઘાતિકર્મ, **उक्तयोगानिलाहतेः**-ઉક્ત-હમણાં જ કહ્યા તે યોગ-વાયુના આઘાતથી-સપાટાથી (એમ અર્થ છે). **यदापैति**-જ્યારે દૂર થાય છે-શ્રેણીની પરિસમાપ્તિ વેળાયે, **तदा**-ત્યારે, **श्रीमान्**-શ્રીમાન્, શ્રીમદ્ તે,-મુખ્ય એવા વિક્રમયોગથી, પરાક્રમયોગથી, **जायते ज्ञानकेवली**-જ્ઞાનકેવલી થાય છે, સર્વજ્ઞ થાય છે, એમ અર્થ છે.

+"स च अपान्तरालावस्थितमतिज्ञानाद्यावरणक्षयोपशमभेदसंपादितं नानात्वं भजते । घनपटलाच्छन्नरवेः मंदप्रकाश इव अन्तरालस्थकुटकुटयाद्यावरणविवरप्रवेशात् ॥"

—ઇત્યાદિ (જુઓ)—શ્રી જ્ઞાનબિન્દુ.

શ્રેણીની પરિસમાપ્તિ વેળાયે વીખેરાઇ જાય છે, ત્યારે મુખ્ય એવા પરાક્રમયોગે કરીને તે શ્રીમાન્ જ્ઞાનકેવલી-સર્વજ્ઞ થાય છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર '**ઘાતિકર્મ**' કહેવાય છે. તે આત્માના મૂળ સ્વભાવભૂત ગુણની ઘાત કરે છે, માટે 'ઘાતિ'-ઘાત કરનારા છે.

ઘાતિકર્મ-અભ્ર

જ્ઞાનાવરણીય કર્મ આત્માના જ્ઞાનસ્વભાવગુણને આવૃત કરી તેની ઘાત કરે છે. દર્શનાવરણીય કર્મ આત્માના દર્શન ગુણને આવરી તેની ઘાત કરે છે. **મોહનીય** કર્મ આત્માના પરમ નિશ્ચય-સ્વરૂપ સમ્યક્ત્વ ગુણને તથા જ્ઞાનદર્શન સ્વભાવમાં સ્થિતિરૂપ ચારિત્ર ગુણને હણે છે, ઘાત કરે છે. **અંતરાય કર્મ** આત્માના અનંત વીર્ય ગુણને હણે છે, ઘાત કરે છે. આમ આત્માના સ્વભાવભૂત મૂળ ગુણની ઘાત કરતા હોવાથી આ ચારેય કર્મોને '**ઘાતિકર્મ**' એવી યથાર્થ સંજ્ઞા આપવામાં આવી છે.

આકૃતિ : ૧૪



ઘાતિકર્મ-મેઘપટલ

" तत्र धातीनि चत्वारि कर्माण्यन्वर्थसंज्ञया ।
घातकत्वाद् गुणानां हि जीवस्यैवेति वाक्स्मृतिः ॥ —શ્રી પંચાધ્યાયી.

મોહનીયઃ કર્મોનો રાજા

આ ચાર ઘાતિકર્મમાં પણ **મોહનીય** કર્મ સર્વથી વધારે બળવાન્ છે. તે કર્મનો રાજા કહેવાય છે, કારણ કે જ્ઞાનાવરણીયાદિ બીજાં કર્મો જ્યારે આત્માના તે તે ગુણોને આવરણ માત્ર કરે છે, ત્યારે આ મોહનીય કર્મ તો આત્માના તે તે ગુણને વિપરીત સ્વાદવાળો બનાવી દે છે. **દર્શનમોહનીય** આત્માના સમ્યગ્ નિશ્ચય-શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ ગુણને વિપરીત-મિથ્યા શ્રદ્ધાનરૂપ

મિથ્યાત્વમાં ફેરવી નાંખે છે. અને **ચારિત્ર મોહનીય** આત્માના સ્વભાવસ્થિતિરૂપ ગુણને વિભાવ સ્થિતિપણામાં પલટાવી નાંખે છે. આમ આત્માના પરમ અમૃતમય ગુણને વિષમય વિકૃત સ્થિતિપણામાં પલટાવી નાંખવાનું મહાદુષ્ટ અધમ કૃત્ય (Villain's action) મોહનીય કર્મ કરે છે. બીજાં કર્મ તો માત્ર આવરણ કે અંતરાય કરીને અટકે છે, ત્યારે આ મહાનુભાવ (!) મોહનીયકર્મ તો પોતાનું દોઢડહાપણ વાપરી ઉલટો બગાડો કરી મૂકે છે! એટલે જ એ આત્માનો ભયંકરમાં ભયંકર ને મોટામાં મોટો દુશ્મન (Ring-leader) છે. તે નાયકના જોર પર જ બીજાં કર્મોનું બળ નભે છે, તેનું જોર ક્ષીણ થતાં અન્ય કર્મોનું બળ પણ ક્ષીણ થાય છે. આમ અન્ય કર્મોનો આશ્રયદાતા-'અન્નદાતા' હોવાથી નેકનામદાર મોહનીયને કર્મોનો 'રાજા' કહ્યો છે તે યથાર્થ છે.

"કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.
કર્મ મોહિનીય ભેદ બે, ૧ દર્શન ૨ ચારિત્ર નામ;
હણે ૧ બોધ ૨ વીતરાગતા, અચૂક ઉપાય આમ. "—**શ્રી આત્મસિદ્ધિ.**

"કર્મની મૂળ પ્રકૃતિ આઠ, તેમાં ચાર ઘાતિની અને ચાર અઘાતિની કહેવાય છે. ચાર ઘાતિનીનો ધર્મ આત્માના ગુણની ઘાત કરવાનો અર્થાત્ (૧) તે ગુણને આવરણ કરવાનો, અથવા (૨) તે ગુણનું બળ-વીર્ય રોધવાનો, અથવા (૩) તેને વિકળ કરવાનો છે. અને તે માટે ઘાતિની એવી સંજ્ઞા તે પ્રકૃતિને આપી છે. આત્માના ગુણ જ્ઞાન, દર્શન તેને આવરણ કરે તેને અનુક્રમે (૧) જ્ઞાનાવરણીય અને (૨) દર્શનાવરણીય એવું નામ આપ્યું. અંતરાય પ્રકૃતિ એ ગુણને આવરતી નથી, પણ તેના ભોગ ઉપભોગ આદિને, તેનાં વીર્ય-બળને રોકે છે. આ ઠેકાણે આત્મા ભોગાદિને સમજે છે, જાણે દેખે છે એટલે આવરણ નથી; પણ સમજતાં છતાં ભોગાદિમાં વિઘ્ન-અંતરાય કરે છે, માટે તેને આવરણ નહિં પણ અંતરાય પ્રકૃતિ કહી. આમ ત્રણ આત્મઘાતિની પ્રકૃતિ થઇ, ચોથી ઘાતિની પ્રકૃતિ મોહનીય છે. આ પ્રકૃતિ આવરતી નથી, પણ આત્માને મૂર્ચ્છિંત કરી, મોહિત કરી વિકળ કરે છે; જ્ઞાન, દર્શન છતાં, અંતરાય નહિં છતાં પણ આત્માને વખતે વિકળ કરે છે, ઊંધા પાટા બંધાવે છે, મુંઝવે છે, માટે એને મોહનીય કહી. આમ આ ચારે સર્વઘાતિની પ્રકૃતિ કહી. બીજી ચાર પ્રકૃતિ જો કે આત્માના પ્રદેશ સાથે જોડાયેલી છે તથા તેનું કામ કર્યા કરે છે અને ઉદય અનુસાર વેદાય છે, તથાપિ તે આત્માના ગુણની આવરણ કરવારૂપે કે અંતરાય કરવારૂપે કે તેને વિકળ કરવારૂપે ઘાતક નથી માટે તેને અઘાતિની કહી છે. "—**શ્રીમદ્ રાજચંદ્ર.** પત્રાંક ૭૯૩. (ઉપદેશ નોંધ, ૩૯)

આ ચાર ઘાતિ કર્મ શિવાયના શેષ-બાકીના જે ચાર કર્મ છે, તે **'અઘાતિ'**

કર્મ કહેવાય છે. આયુ, નામ, ગોત્ર ને વેદનીય એ 'અઘાતિ' કર્મ છે, કારણ કે તે આત્માના મૂળ સ્વભાવભૂત જ્ઞાન-દર્શન ગુણની ઘાત કરતા નથી. હા,

અઘાતિ કર્મ

તે ઘાતિ કર્મોને સહાયક અવશ્ય થાય છે, પણ સ્વયં આત્માના તે મૂળ જ્ઞાન-દર્શન સ્વભાવગુણને હણતા નથી. તથાપિ તે તે કર્મ પોતપોતાની વિશિષ્ટ શક્તિ જરૂર દાખવે છે. જેમકે-આયુ કર્મથી જીવ અમુક મર્યાદિત સમય સુધી તે તે ગતિને વિષે તે તે દેહમાં સ્થિતિ કરે છે, અર્થાત્ **આયુકર્મ** જીવને ચતુર્ગતિમય સંસારમય બંદિખાનામાં જકડી રાખે છે, અને તેથી આત્માના અવગાહન ગુણને હાનિ પહોંચે છે. **નામકર્મ** આત્માના અમૂર્ત્તત્વ-સૂક્ષ્મત્વ ગુણને ધોખો પહોંચાડે છે, જેથી કરીને આત્માના ગતિ-જાતિ-શરીર આદિ સ્થૂલ-મૂર્ત્ત પર્યાયો પ્રગટે છે; એટલે નામકર્મ ચિતારાએ ચિત્રેલા ચિત્રામણ જેવા ચિત્રવિચિત્ર નામ પામી આત્મા બહુરૂપી-વિશ્વરૂપી બને છે! **ગોત્રકર્મ** આત્માના 'અગુરુલઘુ' ગુણને હાનિ કરે છે, જેથી કરીને એક શુદ્ધ સમસ્વરૂપ આત્મા ઉચ્ચ-નીચ ગોત્રરૂપ વિષમતાને પામે છે. **વેદનીય કર્મ** આત્માના અવ્યાબાધ સુખગુણને હણે છે, જેથી કરીને મધુથી ખરડાયેલ ખડ્ગધારા જેવા શાતા-અશાતા વેદનીયના ઉદયથી સુખદુઃખ ભોગવવા પડે છે. આમ આ ચાર અઘાતિ× કર્મ પણ મૂળ આત્મગુણઘાતી નહિં છતાં પોતપોતાની વિશિષ્ટ અસર જરૂર નીપજાવે છે, પોતપોતાનો ભાવ જરૂર ભજવે છે.

આમ આ આઠ પ્રકારના કર્મમાંથી જે જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મ છે, તે વાદળા જેવું છે. તે જ્યારે **ધર્મસંન્યાસ યોગ**રૂપ પવનના સપાટાથી શીર્ણવિશીર્ણ થાય છે, વિખરાઈ જાય છે, ત્યારે મુખ્ય એવા પરાક્રમ યોગે કરીને તે શ્રીમાન્

ધર્મસંન્યાસ વાયુ : ક્ષપકશ્રેણી

જ્ઞાનકેવલી અર્થાત્ સર્વજ્ઞ પરમાત્મા થાય છે. વાદળાં જેમ વાયુના હીલોળાથી વિખરાઈ જાય છે, તેમ ધર્મસંન્યાસરૂપ પવનના આઘાતથી-સપાટાથી ઘાતિકર્મરૂપ મેઘપટલ વિખરાઈ જાય છે. આ હમણાં જ કહ્યો તે **તાત્ત્વિક ધર્મસંન્યાસ** નામનો સામર્થ્ય યોગ આઠમા '**અપૂર્વકરણ**' ગુણસ્થાનથી શરૂ થાય છે, કે જ્યાં **ક્ષપકશ્રેણી**નો પ્રારંભ થાય છે. અત્રે આ સમર્થ યોગી અપૂર્વ આત્મપરાક્રમ-અપૂર્વ આત્મવીર્યોલ્લાસ દાખવતો ક્ષપકશ્રેણી પર આરૂઢ થાય છે, અને કર્મોને ક્ષય કરતો કરતો, ખપાવતો ખપાવતો, ખતમ કરતો કરતો, '**મહા વીર**'ની પેઠે આત્મસ્થાને વીરપણું પ્રકટ કરતો સતો, આગળ વધે છે. સમયે સમયે આત્મસ્થિતિમાં સંયમનરૂપ અનંતા સંયમ વર્ધમાન કરતો કરતો, ને કર્મદલોને ઉડાવતો ઉડાવતો, તે મહાયોગી ઉત્તરોત્તર ગુણસ્થાન ભૂમિકાઓ કૂદાવતો જાય છે, અને ક્ષાયિક ભાવની વૃદ્ધિ કરતો જાય છે. યાવત્ બારમા ગુણસ્થાનના અંતે મોહનીય કર્મનો સર્વસંક્ષય કરી, તે પરમ યોગી પરમ અમોહસ્વરૂપ એવા પરમ વીતરાગ ભાવને પામે છે.

× "ततः शेषचतुष्कं स्यात् कर्माघाति विवक्षया ।
गुणानां घातकाभावशक्तेरप्यात्मशक्तिमत् ॥" —શ્રી પંચાધ્યાયી.

"વીર પણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાને નાણે શક્તિ પ્રમાણે, ધ્રુવ નિજ પદ પહિચાણે રે."—**શ્રી આનંદઘનજી.**

અને જેવું મોહનીય કર્મ ક્ષય પામે છે કે તત્ક્ષણ જ તેના અવષ્ટંભે-ઓથે રહેલા જ્ઞાનાવરણાદિ બાકીના ત્રણ ઘાતિ કર્મ ક્ષય પામે છે, અર્થાત્ કેવલજ્ઞાનાવરણ, કેવલ-દર્શનાવરણ, ને અંતરાય કર્મની ત્રિપુટીનો સર્વનાશ થાય છે. આમ મોહરિપુનો જય થતાં આત્માનો જયપટહ વાગી રહે છે, જીત-નગારૂં વાગે છે, અને આત્મા કર્મરિપુનો જય કરનારા 'જિન' તરીકે, 'અરિહંત' તરીકે, 'વીર' તરીકે જગત્માં પ્રસિદ્ધ થાય છે.

કેવલજ્ઞાન

"સહજ ગુણ આગરો, સ્વામી સુખ સાગરો, જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયે;
શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી, મોહ રિપુ જીતી જયપડહ વાયો."—**શ્રી દેવચંદ્રજી.**

"વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગું, જીત નગારૂં વાગું રે."—**શ્રી આનંદઘનજી.**

અને આમ આત્મ-ચંદ્રને આવરણ કરી રહેલ વાદળા જેવા ચાર ઘાતિકર્મ દૂર થાય છે, કે તત્ક્ષણ શુદ્ધ પ્રકૃતિસ્થિત ઝળહળ જ્યોતિસ્વરૂપ આત્મા સ્વસ્વરૂપે પ્રગટ થાય છે. જેમ વાદળાનું આવરણ દૂર થતાં ચંદ્ર સ્વયં પૂર્ણસ્વરૂપે પ્રકાશે છે, તેમ ઘાતિકર્મરૂપ મેઘપટલ ટળતાં પરંજ્યોતિસ્વરૂપ આત્મ-ચંદ્ર, જિનરાજ-ચંદ્ર સ્વયં પૂર્ણ કેવલજ્ઞાન સ્વરૂપે પ્રકાશે છે, શુદ્ધ સહજાત્મસ્વરૂપે ઝળહળે છે.

"ચાર કર્મ ઘનઘાતિ તે વ્યવચ્છેદ જ્યાં, ભવના બીજ તણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા, કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.
અપૂર્વ અવસર."— **શ્રીમદ્ રાજચંદ્રજી.**

એટલા માટે જ કહે છે—

ક્ષીણદોષોऽથ સર્વજ્ઞઃ સર્વલબ્ધિફલાન્વિતઃ ।
પરં પરાર્થં સંપાદ્ય તતો યોગાન્તમશ્નુતે ॥ ૧૮૫ ॥

વૃત્તિઃ—**ક્ષીણદોષઃ**—ક્ષીણ દોષ જેના થયા છે તે, —સકલ રાગાદિના પરિક્ષયથી. **અથ**—ત્યારે જ, **સર્વજ્ઞો**—સર્વજ્ઞ, નિરાવરણ જ્ઞાનના ભાવે કરીને, **સર્વલબ્ધિફલાન્વિતઃ**—સર્વ લબ્ધિ ફલથી યુક્ત, —સર્વ ઔત્સુક્યની નિવૃત્તિથી. **પરં પરાર્થ સંપાદ્ય**—પરમ પરાર્થ સંપાદન કરી,—યથાભવ્ય સમ્યક્ત્વાદિ લક્ષણવાળો પરાર્થ—પરોપકાર કરી, **તતો યોગાન્તમશ્નુતે**—પછી યોગના અંતને પામે છે, યોગના પર્યંતને પામે છે.

ક્ષીણ દોષ સર્વજ્ઞ તબ, સર્વ લબ્ધિ ફલવંત,
પરમ પરાર્થ કરી પછી, લહે યોગનો અંત ૧૮૫.

અર્થઃ—પછી ક્ષીણ દોષવાળા, સર્વજ્ઞ, સર્વ લબ્ધિ ફલથી યુક્ત એવા તે પરમ પરાર્થનું સંપાદન કરી યોગના અંતને પામે છે.

વિવેચન

આમ જે **ક્ષીણદોષ** થયા છે એવા તે ત્યારે જ નિરાવરણ જ્ઞાનના ભાવે કરીને **સર્વજ્ઞ** હોય છે; અને સર્વ ઔત્સુક્યની નિવૃત્તિ થકી સર્વ લબ્ધિફલથી યુક્ત એવા હોય છે. આવા **સર્વલબ્ધિસંપન્ન** સર્વજ્ઞ, ભવ્યજનોની યોગ્યતા પ્રમાણે તેમને સમ્યક્ત્વાદિ પરમાર્થલાભ આપી, પરમ પરોપકાર કરે છે; અને પછી યોગના અંતને પામે છે.

'ત્રિદોષ' વિજેતા મહાદેવ

જેના રાગાદિ સર્વ દોષ ક્ષીણ થાય છે તે વીતરાગ–જિન થાય છે, અને જે વીતરાગ થાય છે તે તત્ક્ષણ જ સર્વજ્ઞ હોય છે. આ નિયમ છે. સર્વ દોષો ત્રણ મુખ્ય દોષમાં સમાય છે—રાગ દ્વેષ અને મોહ. આ '**ત્રિદોષ**' જેનામાંથી ગયા છે, તે સર્વ દોષથી મુક્ત એવા પરમ વીતરાગ હોય છે; કારણ કે આ 'ત્રિદોષ'થી જ જીવને '**સન્નિપાત**' લાગુ પડે છે, અર્થાત્ આત્માના શુદ્ધ સત્ સ્વરૂપથી નિપાત—અધઃપતન હોય છે. પણ જ્યારે આ દોષ નષ્ટ થાય છે ત્યારે સત્ સ્વરૂપથી નિપાતરૂપ સન્નિપાત હોતો નથી, પણ આત્માના સહજ સત્ સ્વરૂપમાં સંસ્થિતિ જ હોય છે, આત્મા સહજાત્મસ્વરૂપે 'સુસ્થિત' થાય છે. આ જ પરમ વીતરાગ દશા છે, અને આ જ પરમ દિવ્ય એવું ખરેખરૂં '**મહાદેવપણું**' છે. એટલા જ માટે કહ્યું છે કે—'જેને સંક્લેશ ઉપજાવનારો રાગ સદાયને માટે છે જ નહિં, અને શમરૂપી ઇંધન પ્રત્યે દાવાનલ જેવો પ્રાણી પ્રત્યેનો દ્વેષ પણ છે જ નહિં, અને સદ્જ્ઞાનને આચ્છાદન કરનારો તથા અશુદ્ધ ચારિત્ર કરનારો મોહ પણ છે જ નહિં,–તે ત્રિલોકપ્રસિદ્ધ મહિમાવાળો '**મહાદેવ**' કહેવાય છે.'

"यस्य संक्लेशजननो रागो नास्त्येव सर्वदा । न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धनदवानलः ॥
न च मोहोऽपि सज्ज्ञानच्छादनोऽशुद्धवृत्तकृत् । त्रिलोकख्यातमहिमा महादेवः स उच्यते ॥"
—**શ્રી હરિભદ્રાચાર્યજી**કૃત અષ્ટક.

અષ્ટાદશ દોષ રહિત શ્રીમદ્ વીતરાગ જિનદેવ

અથવા પ્રકારાંતરે, જેનામાંથી અઢાર દોષ ગયા છે, તે પરમ નિર્દોષમૂર્ત્તિ વીતરાગ હોય છે. બીજાઓ જે દોષને અતિ આદર આપે છે, જે રાગાદિ દોષથી યુક્તમાં પણ

પૂજ્યપણું આરોપે છે, તે દોષોને આ ભગવાન્ જિને-વીતરાગે તો મૂલથી નિવાર્યા હોય છે, જડમૂળથી ઉખેડી નાંખ્યા હોય છે, જેમકે—

"સેવક કિમ અવગણીએ હો મલ્લિજિન ! એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહ તેં મૂલ નિવારી."—શ્રી આનંદઘનજી.

અનાદિ એવું આત્માનું જ્ઞાનસ્વરૂપ કે જેના પર અનંત કાળના અજ્ઞાન આવરણના અનંત થર બાઝી ગયા હતા, તેને આ ભગવાન વીતરાગે બ્હાર ખેંચી કાઢી પ્રકટ કર્યું.

'તુરીય અવસ્થા આવી'

અનાદિની સાથે સંલગ્ન થયેલી અજ્ઞાનદશાને રીસાવી તે જુઓ તો ખરા ! અને તે રીસાઈને ચાલી જતાં તેની કાણુ પણ ન માંડી ! તેને માટે અફસોસ વટીક પણ ન કર્યો ! આમ આ ભગવાને **અજ્ઞાન** દોષને નિવૃત્ત કર્યો. નિદ્રા, સ્વપ્ન, જાગ્રત અને ઉજ્જાગ્રત એ ચાર દશામાંથી ચોથી ઉજાગર અવસ્થા ભગવાને પ્રાપ્ત કરી. અર્થાત્ સહજ આત્મસ્વરૂપમાં અખંડ જાગ્રત આત્મોપયોગમય સતત અત્યંત જાગ્રતિને પામ્યા; અને નિદ્રા-સ્વપ્ન એ બે દશા રીસાણી જાણી તે ચાલવા માંડી, તો પણ આ સ્વસ્વરૂપના સ્વામીએ તેને મનાવી નહિં ! તે ચિરકાલની પ્રિયાનું મનામણું કર્યું નહિં ! આમ અત્યંત જાગ્રત-ઉજાગર એવી પરમ જ્ઞાનદશાને પામેલા ભગવાને **નિદ્રા** દોષની આત્યંતિક નિવૃત્તિ કરી.

"જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણુ ન આણી....હો મલ્લિજિન !

નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી;
નિદ્રા સુપન દોય દશા રીસાણી, જાણી ન નાથ માનવી....હો મલ્લિજિન !"

મિથ્યામતિ નામની જે કુલટા સ્ત્રી આ જીવ સાથે અનાદિથી જોડાયેલી હતી, સંલગ્ન હતી, તેને અપરાધણુ-દુષ્ટ દોષવાળી દુઃશીલ વ્યભિચારિણી જાણીને આ મહાત્માએ

'સમકિત સાથે સગાઈ કીધી'

આત્મગૃહમાંથી બ્હાર કાઢી મૂકી, અને સપરિવાર સમકિત સાથે સગાઈ કીધી, ગાઢ સગપણ સંબંધ બાંધ્યો. આમ સમ્યગ્દર્શનને પામેલા ભગવંતે મહા**મિથ્યાત્વ** દોષને-**દર્શનમોહને** ક્ષીણ કર્યો.

"સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી....મલ્લિજિન !"

હાસ્ય, અરતિ, રતિ, શોક, દુગંચ્છા, ભય,-એ તુચ્છ કૃષિપંક્તિ જેવા, ઢીલા માટીના ઢેફાં જેવા દોષ તો બિચારા ક્યાંય કચરાઈ ગયા ! એ પામર મગતરાં જેવા નોકષાય દોષે તો,-ભગવાન્ જ્યારે ક્ષપકશ્રેણીરૂપ ગજરાજ પર ચઢ્યા

'ભય પામર કરસાલી' ત્યારે,–શ્વાનની ગતિ ધારણ કરી ! પણ 'હાથીની પાછળ કૂતરાં ભસે' તેની જેમ તે બાપડા ભસતા જ રહ્યા ! અને ભગવાન્‌ની સ્વારી તો તેની ઉપેક્ષા કરી આગળ ચાલી ! અર્થાત્ આ તુચ્છ પામર દોષો આ પરમ સમર્થ યોગિવર પાસે અકિંચિત્કર થઈ પડયા, તેમના પર પોતાની કાંઇ પણ અસર નીપજાવવા સર્વથા અસમર્થ નીવડયા !

"હાસ્ય અરતિ રતિ શોક દુગંચ્છા, ભય પામર કરસાલી;
નોકષાય ગજ શ્રેણી ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી....હો મલ્લિજિન !"

રાગ, દ્વેષ અને અવિરતિ પરિણામ કે જે ચારિત્રમોહના જબરજસ્ત યોદ્ધા હતા, તે તો જેવી આ ભગવાન્‌ની વીતરાગ પરિણતિ પરિણમી કે તત્ક્ષણ બાધા બની ઉઠીને નાઠા ! વળી **વેદોદયરૂપ** જે કામવિકાર પરિણામ–કામ્ય કર્મ તે સર્વનો **'ચરણ મોહના યોદ્ધા'** પણ આ ભગવાને ત્યાગ કર્યો. આમ ચારિત્રમોહનો સર્વનાશ કરી, નિષ્કારણ કરુણારસના સાગર એવા આ પરમ કૃપાળુ દેવે અનંત ચતુષ્ક પદ પ્રગટ કર્યું, અર્થાત્ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને અનંત વીર્યની પ્રાપ્તિ કરી.

"રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, ચરણ મોહના યોદ્ધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા....હો મલ્લિજિન !

વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિષ્કારણ કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી....હો મલ્લિજિન !"

આવા આ પરમ વીતરાગ પ્રભુ દાન સંબંધી વિઘ્નને–**અંતરાયને** નિવારી સર્વજનને અભયદાનપદના દાતા થયા. લાભ સંબંધી વિઘ્નને નિવારી પરમ લાભરસથી મસ્ત એવા આ પ્રભુ જગત્‌ને વિઘ્ન કરનારા લાભવિઘ્નના નિવારક થયા. **'પરમ લાભ રસ માતા'** પંડિત વીર્યે કરીને વીર્યવિઘ્નને–વીર્યાંતરાયને હણીને આ પ્રભુ પૂર્ણ પદવીના યોગી બન્યા; અને ભોગ–ઉપભોગ એ બંને વિઘ્ન નિવારીને પૂર્ણ ભોગના સુભોગી થયા.

"દાન વિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારી, પરમ લાભ રસ માતા હો....મલ્લિજિન !
વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી હો....મલ્લિજિન !"

આમ (૧) અજ્ઞાન, (૨) નિદ્રા, (૩) મિથ્યાત્વ, (૪) હાસ્ય, (૫) અરતિ, (૬) રતિ, (૭) શોક, (૮) દુગંચ્છા, (૯) ભય, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨)

'મુનિજન વૃંદે ગાયા'

અવિરિતિ, (૧૩) વેદોદય (કામ), (૧૪) દાનાંતરાય (૧૫) લાભાંતરાય, (૧૬) વીર્યાંતરાય, (૧૭) ભોગાંતરાય, (૧૮) ઉપભોગાંતરાય,—એ અઢાર દૂષણથી રહિત આ જિન-વીતરાગ પરમાત્મા હોય છે,—કે જેના અનન્ય ગુણોનું સંકીર્ત્તન મુનિજનવૃંદ ગાય છે, અને જે નિર્દૂષણ એવા પ્રભુ મનને રુચે એવા-ગમે એવા છે. અને આ આવા પરમ નિર્દોષ ગુણમૂર્ત્તિ **શ્રીમદ્ વીતરાગ દેવની** આ પ્રકારે સ્વરૂપપરીક્ષા કરી, આ મનવિશ્રામી જિનવરના ગુણ જે ગાય છે, તે પણ આ દીનબંધુની મહેર નજરથી-કૃપા દૃષ્ટિથી **આનંદઘનપદને** પામે છે, અર્થાત્ તે પણ જિનેશ્વર તુલ્ય પરમાનંદમય સહજ આત્મસ્વરૂપ પદને પામે છે.

"એહ અઢાર દૂષણ વરજિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિરૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા હો....મલ્લિજિન !

ઇણવિધ પરખી મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે રે;
દિનબંધુની મહેર નજરથી, **આનંદઘનપદ** પાવે રે હો."—**શ્રી આનંદઘનજી.**

આમ આ ભગવાનના દોષ-આવરણની નિઃશેષ હાનિ-આત્યંતિક ક્ષીણતા હોય છે,—**સ્વહેતુઓથી** જેમ બાહ્ય-અભ્યંતર મલ ક્ષય થાય છે તેમ. ધાતુપાષાણનો બાહ્યાભ્યંતર મલ જેમ પોતાના હેતુએ કરીને ક્ષય પામે છે, તેમ સમ્યગ્દર્શનાદિ સ્વહેતુઓ વડે કરીને ભગવાનના બાહ્યાભ્યંતર મલનો ક્ષય થયો હોય છે; એટલે મોહનીય ને અંતરાયરૂપ દોષ, તથા જ્ઞાનાવરણ-દર્શનાવરણરૂપ આવરણનો આત્યંતિક ક્ષય હોય છે. અને આમ પ્રતિબંધક એવા દોષ-આવરણનો ક્ષય થતાં, ક્ષીણદોષ એવા તે અવશ્ય સર્વજ્ઞ થાય છે, અર્થાત્ નિરાવરણ એવા કેવલજ્ઞાનને પામે છે, જેથી લોકાલોકના સર્વ ભાવને તે સાક્ષાત્ દેખે છે, સર્વ દ્રવ્યના સર્વ પર્યાય જાણે છે. (જુઓ પૃ. ૩૫૬, તથા પૃ. ૩૪૯ ફુટનોટ.)

દોષ-આવરણ ક્ષયઃ સર્વજ્ઞ

આ સર્વજ્ઞસિદ્ધિ વિષયમાં આ પ્રમાણ છેઃ—*સૂક્ષ્મ, અંતરિત ને દૂર પદાર્થો કોઇને પ્રત્યક્ષ હોય છે,-અનુમેયપણું છે માટે, અગ્નિ આદિની જેમ. અર્થાત્ સૂક્ષ્મ એટલે સ્વભાવથી વિપ્રકૃષ્ટ (વિખૂટા પડેલા), અંતરિત એટલે કાળથી વિપ્રકૃષ્ટ ને દૂર એટલે દેશથી વિપ્રકૃષ્ટ એવા પદાર્થો કોઈને પણ પ્રત્યક્ષ હોય છે, કારણ કે તે અનુમેય-અનુમાનગમ્ય છે, અથવા પ્રમેય છે. અને જે પ્રમેય છે તે કોઇ પુરુષવિશેષને પ્રત્યક્ષ હોય છે, અથવા જે અનુમાનગમ્ય છે તે કોઇને પ્રત્યક્ષ હોય છે. જેમકે-અગ્નિ આદિ. વળી સર્વજ્ઞ-

*" सूक्ष्मान्तरितदूरार्थाः प्रत्यक्षाः कस्यचिद्यथा ।
अनुमेयत्वतोऽग्न्यादिरिति सर्वज्ञसंस्थितिः ॥"—શ્રી આપ્તમીમાંસા.

સિદ્ધિ બાબત બીજી પ્રમાણભૂત યુક્તિ આ છે કે-જે વસ્તુ તરતમભાવયુક્ત હોય છે, તેનો પ્રકર્ષ-છેવટની હદ હોય છે. જેમકે-મહત્ત્વ, એ તરતમભાવવાળો ગુણ છે. તેનો પ્રકર્ષ-અંતિમ મર્યાદા આકાશમાં પ્રાપ્ત થાય છે, અર્થાત્ આકાશ સૌથી મહાન્ છે, તેમ જ્ઞાન ગુણ તરતમભાવથી યુક્ત હોય છે. એટલે તેની ક્વચિત્-કોઇ પુરુષવિશેષમાં પ્રકર્ષપ્રાપ્તિ અવશ્ય સંભવે છે. અને જેનામાં તે જ્ઞાનનો પ્રકર્ષ પ્રાપ્ત હોય છે, તે જ સર્વજ્ઞ છે. ઇત્યલં પ્રસંગેન ! (જુઓ—**શ્રી હરિભદ્રસૂરિ**કૃત **સર્વજ્ઞસિદ્ધિ પ્રકરણ, જ્ઞાનબિન્દુ, આપ્તમીમાંસા** આદિ).

આવા ક્ષીણદોષ-પરમ નિર્દોષ, ગુણાવતાર **શ્રીમદ્ સર્વજ્ઞ ભગવાન્** સર્વ લબ્ધિરૂપ ફલથી સંયુક્ત હોય છે. કેવલજ્ઞાન લબ્ધિ, કેવલદર્શન લબ્ધિ, અનંત દાનલબ્ધિ, અનંત લાભ લબ્ધિ, અનંત ભોગ લબ્ધિ, અનંત ઉપભોગ લબ્ધિ, અનંત વીર્ય લબ્ધિ આદિ સર્વ લબ્ધિ આ કેવલી ભગવંતના ઘટમાં વસે છે. અણિમા-મહિમા આદિ અષ્ટ મહાસિદ્ધિ એમની કિંકરી થઇને ફરે છે. **પાતંજલ** આદિ યોગશાસ્ત્રોમાં તથા જિનાગમોમાં વર્ણવેલ સર્વ વિભૂતિઓનું આ ભગવાન્ એક ધામ હોય છે. સર્વ પદાર્થના સર્વ પર્યાયમાં વ્યાપક એવા સર્વજ્ઞપણાને લીધે આ જ્ઞાનવડે કરીને સર્વવ્યાપક શ્રીપતિ '**વિષ્ણુ**' ભગવાન્‌ને ઔત્સુકચની સર્વથા નિવૃત્તિ હોય છે, કયાંય પણ કંઇ પણ ઉત્સુકપણું હોતું નથી, એટલે તે સર્વ લબ્ધિઓના ફલના ભોગી હોય છે.

'સર્વ લબ્ધિ ફલ ભોગીજી'

"તે આત્મસ્વરૂપથી મહત્ એવું કંઇ નથી. એવો આ સૃષ્ટિને વિષે કોઇ પ્રભાવજોગ ઉત્પન્ન થયો નથી, છે નહીં અને થવાનો નથી કે જે પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરૂપને પણ પ્રાપ્ત ન હોય."—શ્રીમદ્ રાજચંદ્ર, અંક ૩૩૭. (૪૧૧)

કારણ કે નિજ જ્ઞાને કરી જ્ઞાયક પદના ઈશ એવા આ વીતરાગ પ્રભુ જ્ઞેયના જ્ઞાતા હોય છે, નિજ સ્વરૂપનું દર્શન કરી આ પ્રભુ નિજ સામાન્ય એવું દૃશ્ય દેખે છે, આત્મસ્વભાવરૂપ ચારિત્રમાં રમતારામ એવા આ પ્રભુ નિજ રમ્યમાં રમણ કરે છે, ભોગ્ય એવા નિજ સ્વરૂપના અનંત ભોગને આ ભોક્તા સ્વામી ભોગવે છે. મહાન્ દાતા એવા આ પ્રભુ નિત્ય દાન દીએ છે, અને નિજ શક્તિના ગ્રાહક-વ્યાપકમય એવા આ દેવ પોતે જ તે દાનના પાત્ર છે.

'અનંત ચતુષ્ક પદ પાગી'

"નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાતા જ્ઞાયક પદ ઇશ રે;
દેખે નિજ દર્શન કરી, નિજ દૃશ્ય સામાન્ય જગીશ રે,

નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામ રે;
ભોગ્ય અનંતને ભોગવો, ભોગે તિણે ભોક્તા સ્વામ રે.
દેય દાન નિત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયમેવ રે;
પાત્ર તુમે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે. શ્રી શ્રેયાંસ " **શ્રીદેવચંદ્રજી.**

દાનાંતરાયનો ક્ષય થયો હોવાથી આ ભગવાન્ શુદ્ધ સહજ આત્મસ્વરૂપનું દાન આત્માને કરે છે, લાભાંતરાયનો ક્ષય થયો હોવાથી અણચિંતવ્યો એવો સહજ આત્મસ્વરૂપ લાભ નિરંતર પામે છે, ભોગાંતરાયના ક્ષયને લીધે શુદ્ધ આત્મસ્વરૂપ સંપત્તિનો અયત્ને ભોગ કરે છે, વીર્યાંતરાયના ક્ષયને લીધે શુદ્ધ સ્વગુણનો નિરંતર ઉપભોગ લે છે, ઉપભોગાંતરાયના ક્ષયને લીધે સ્વરૂપરમણને વિષે અપ્રયાસવંત હોય છે-પ્રયાસ વિના સહજપણે અનંત આત્મશક્તિ સ્ફુરાયમાન કરે છે.

'શુદ્ધ સ્વગુણ ઉપભોગ'

"અક્ષય દાન અચિંતનો, લાભ અયત્ને ભોગ....હો જિનજી !
વીર્ય શક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ....હો."—**શ્રી દેવચંદ્રજી.**

અને આમ અનંત દાનાદિ લબ્ધિથી સ્વરૂપને વિષે પર્યાપ્ત હોવાથી, આ પરમ પ્રભુ ધ્રુવ એવા સહજાત્મસ્વરૂપ પદમાં જ રમણ કરનારા હોય છે. એટલે જ આ '**ધ્રુવપદ-રામી**' પ્રભુને કોઇ કામના નથી હોતી, તે નિઃકામી જ હોય છે. જેને ઘેર વિપુલ પરિપૂર્ણ સંપત્તિ ભરી હોય, તે અન્ય વસ્તુની ઇચ્છા કેમ કરે ? તેમ જેનું આત્મ-ગૃહ વિપુલ પરિપૂર્ણ ગુણસંપત્તિથી સંભૃત છે, તે ધ્રુવપદરામી નિષ્કામી ગુણરાય બીજી કંઇ કામના કેમ ધરે ? કેવલ એક '**ધ્રુવ**' એવા **શુદ્ધ આત્મપદ** શિવાય અન્યત્ર આ '**કેવલી**' ભગવાન્ ઉપયોગ કેમ દીએ ?

'ધ્રુવપદરામી હો સ્વામી માહરા'

"ધ્રુવપદરામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય....સુગ્યાની !
નિઃકામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી થાય."—**શ્રી આનંદઘનજી.**

આ લબ્ધિ વિષય અંગે તલસ્પર્શી મીમાંસા કરતાં પરમ તત્ત્વદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પરમ અદ્ભુત પરમાર્થ પ્રકાશ્યો છે કેઃ—

"ચાર ઘનઘાતી કર્મનો ક્ષય થતાં અંતરાય કર્મની પ્રકૃતિનો પણ ક્ષય થાય છે. અને તેથી દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, ભોગાંતરાય અને ઉપભોગાંતરાય એ પાંચ પ્રકારનો અંતરાય ક્ષય થઇ અનંત દાનલબ્ધિ, અનંત લાભલબ્ધિ,

દાનાદિ લબ્ધિનો અદ્ભુત પરમાર્થ

અનંત વીર્ય લબ્ધિ, અને અનંત ભોગ ઉપભોગ લબ્ધિ સંપ્રાપ્ત થાય છે. જેથી તે અંતરાય કર્મ ક્ષય થયું છે એવા પરમ પુરુષ અનંત દાનાદિ આપવાને સંપૂર્ણ સમર્થ છે. તથાપિ **પુદ્ગલ દ્રવ્યરૂપે એ દાનાદિ લબ્ધિની પરમ પુરુષ પ્રવૃત્તિ કરતા નથી.** મુખ્યપણે તો તે લબ્ધિની સંપ્રાપ્તિ પણ આત્માની સ્વરૂપભૂત છે, કેમકે ક્ષાયકભાવે તે સંપ્રાપ્તિ છે, ઉદયિકભાવે નથી, તેથી આત્મસ્વભાવ સ્વરૂપભૂત છે; અને જે અનંત સામર્થ્ય આત્મામાં અનાદિથી શક્તિરૂપે હતું તે વ્યક્ત થઇ આત્મા નિજ સ્વરૂપમાં તે આપી શકે છે, તદ્રૂપ શુદ્ધ સ્વચ્છ ભાવે એક સ્વભાવે પરિણમાવી શકે છે, તે અનંત દાનલબ્ધિ કહેવા યોગ્ય છે. તેમજ અનંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિમાં કિંચિત્ માત્ર વિયોગનું કારણ રહ્યું નથી તેથી અનંત લાભ લબ્ધિ કહેવા યોગ્ય છે. વળી અનંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિ સપૂંર્ણપણે પરમાનંદ સ્વરૂપે અનુભવાય છે, તેમાં પણ કિંચિત્ માત્ર પણ તેમાં વિયોગનું કારણ રહ્યું નથી, તેથી અનંત ભોગ ઉપભોગ લબ્ધિ કહેવા યોગ્ય છે.

"તેમજ અનંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિ સંપૂર્ણપણે થયાં છતાં તે સામર્થ્યના અનુભવથી આત્મશક્તિ થાકે કે તેનું સામર્થ્ય ઝીલી ન શકે, વહન ન કરી શકે, અથવા તે સામર્થ્યને કોઈપણ પ્રકારના દેશકાળની અસર થઇ કિંચિત્માત્ર પણ ન્યૂનાધિકપણે કરાવે એવું કશું રહ્યું જ નહીં, તે સ્વભાવમાં રહેવાનું સંપૂર્ણ સામર્થ્ય ત્રિકાળ સંપૂર્ણ બળ સહિત રહેવાનું છે તે અનંત વીર્ય લબ્ધિ કહેવા યોગ્ય છે. ક્ષાયક ભાવની દૃષ્ટિથી જોતાં ઉપર કહ્યા પ્રમાણે તે લબ્ધિનો પરમ પુરુષને ઉપયોગ છે. વળી એ પાંચ લબ્ધિ હેતુવિશેષથી સમજાવા અર્થે જુદી પાડી છે, નહીં તો અનંતવીર્ય લબ્ધિમાં પણ તે પાંચેનો સમાવેશ થઇ શકે છે. આત્મા સંપૂર્ણ વીર્યને સંપ્રાપ્ત થવાથી એ પાંચે લબ્ધિનો ઉપયોગ પુદ્ગલ દ્રવ્યરૂપે કરે તો તેવું સામર્થ્ય તેમાં વર્તે છે, તથાપિ કૃતકૃત્ય એવા પરમ પુરુષમાં સંપૂર્ણ વીતરાગ સ્વભાવ હોવાથી તે ઉપયોગનો તેથી સંભવ નથી. અને ઉપદેશાદિના દાનરૂપે જે તે કૃતકૃત્ય પરમ પુરુષની પ્રવૃત્તિ છે તે યોગાશ્રિત પૂર્વબંધના ઉદયમાનપણાથી છે, આત્માના સ્વભાવના કિંચિત્ પણ વિકૃત ભાવથી નથી."

—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૮૪૦ (૩) (૯૧૫)

'નિષ્કારણ કરુણા રસસાગર'

અને પછી આવા સર્વ લબ્ધિસંપન્ન આ સર્વજ્ઞ વીતરાગ દેવ પ્રારબ્ધોદય પ્રમાણે પરમ પરોપકાર કરતા સતા વિચરે છે. પોતાના શેષ જે ચાર અઘાતિ કર્મ–ભવોપગ્રાહી કર્મ છે, તેનાથી પ્રાપ્ત ઉદય પ્રમાણે ભૂતલ પર વિહાર કરતા આ કૃતકૃત્ય પ્રભુ, સદ્દેશના દાનવડે અન્ય આત્માઓ પ્રત્યે પરમ પરોપકાર કરી, તેઓને કૃતકૃત્ય થવાનો મહા મોક્ષમાર્ગ બોધે છે. **'નિષ્કારણ કરુણા રસ સાગર'** એવા આ **પરમકૃપાળુ દેવ** પરમાર્થ મેઘની વૃષ્ટિ કરી સંસારતાપથી સંતપ્ત જગજ્જંતુઓને પરમ આત્મશાંતિરૂપ શીતલતા આપે છે.

જે સ્વરૂપ સમજ્યા વિના આ જીવ અનંત પરિભ્રમણ દુઃખ પામ્યો છે, તે **'સ્વરૂપ પદ'** સમજાવી, આ પરમ જગદ્‌ગુરુ પરમ **લોકકલ્યાણ**–લોકસંગ્રહ–લોકાનુગ્રહ કરે છે. 'ભવ-દુઃખવારણ શિવસુખકારણ' એવો શુદ્ધ ધર્મ પ્રરૂપી આ ભગવાન્ વિશ્વબંધુ પરમ શાંતિ સન્માર્ગ પ્રવહતો કરે છે, કે જેમાં નિમજ્જન કરી ભવ્ય આત્માઓ પરમ આત્મશાંતિને અનુભવે છે. આમ આ ધર્મમૂર્ત્તિ–ધર્માવતાર વીતરાગ પરમાત્મા સદ્ધર્મની સંસ્થાપના કરી, સમુદ્ધાર કરી, ભવ્યજનોની યથાભવ્યતા પ્રમાણે–પોતપોતાની યોગ્યતા અનુસારે તેમને સમ્યક્ત્વાદિ ગુણની પ્રાપ્તિ કરાવી, યથાયોગ્યપણે **'ધર્મલાભ'** આપે છે. આ કેવલી ભાસ્કર ભવ્યજન–કમલોને પ્રબોધી વિકસિત કરતા સતા જગત્‌માં વિહરે છે.

"કેવલ જ્ઞાન અનંત પ્રકાશી, ભવિજન કમલ વિકાસી રે....પ્રભુ અંતરજામી.
ચિદાનંદ ઘન તત્ત્વ વિલાસી, શુદ્ધ સ્વરૂપ નિવાસી રે....પ્રભુ૦
આતમ ધર્મ તણો આરામી, પરપરિણતિ નિષ્કામી રે....પ્રભુ૦ "— **શ્રી દેવચંદ્રજી.**

અને આમ આયુષ્ય સ્થિતિ પર્યંત દુષ્ટ અસાધુજનોને દુષ્ટ માર્ગ છોડાવી, અને શિષ્ટ સાધુજનોને ઇષ્ટ પરમાર્થ માર્ગે ચઢાવી, સર્વ જગત્‌જંતુનું હિત કરવારૂપ પરમ લોકાનુગ્રહ આચરી, પછી આ વિશ્વવત્સલ પરમાત્મા **યોગના અંતને** પામે છે, યોગ-પર્યંતને અર્થાત્ શૈલેશી અવસ્થાને પામે છે.

"ક્ષીણદોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી;
પર ઉપકાર કરીને શિવ તે, પામે યોગ અયોગીજી."—**શ્રી યો. દ. સજ્ઝા, ૮–૩**

卐

तत्र द्रागेव भगवानयोगाद्योगसत्तमात् ।
भवव्याधिक्षयं कृत्वा निर्वाणं लभते परम् ॥ १८६ ॥

અયોગ યોગોત્તમ થકી, શીઘ્ર જ ત્યાં ભગવાન;
ક્ષય કરી ભવવ્યાધિનો, પામે પર નિર્વાણ. ૧૮૬.

અર્થ:—ત્યાં શીઘ્ર જ તે ભગવાન, યોગસત્તમ એવા અયોગથી ભવવ્યાધિનો ક્ષય કરીને પરમ નિર્વાણને પામે છે.

વૃત્તિઃ–**तत्र**–ત્યાં, એટલે કે યોગાન્તમાં, શૈલેશી અવસ્થામાં, **द्रागेव**–શીઘ્ર જ, ઝપાટા બંધ જ, હ્રસ્વ પંચ અક્ષર ઉચ્ચારણમાત્ર કાળમાં, **भगवान्**–ભગવાન્ તે, **अयोगाद्**–અયોગ થકી, અવ્યાપાર થકી. **योगसत्तमात्**–યોગસત્તમ થકી, યોગપ્રધાન થકી, શૈલેશી યોગ થકી એમ અર્થ છે. શું ? તો કે **भवव्याधिक्षयं कृत्वा**–ભવવ્યાધિનો ક્ષય કરી,–સર્વ પ્રકારે, **निर्वाणं लभते परं**–પરમ નિર્વાણને પામે છે, ભાવ નિર્વાણને પામે છે, એમ અર્થ છે.

વિવેચન

પછી ત્યાં-યોગપર્યંતરૂપ **શૈલેશી** અવસ્થામાં શીઘ્ર જ તે ભગવાન્ સર્વ યોગમાં પ્રધાન એવા **'અયોગ' યોગથી** અર્થાત્ શૈલેશી યોગથી, સર્વ પ્રકારે ભવવ્યાધિનો ક્ષય કરી, પરમ એવા ભાવ નિર્વાણુને પામે છે.

શૈલેશી અવસ્થામાં આ કેવલી ભગવાન્ સર્વ યોગમાં ઉત્તમ એવા **'અયોગ'** નામના પરમ યોગને પામે છે; અર્થાત્ સર્વ મનોયોગ, સર્વ વચનયોગ, ને સર્વ કાયયોગની ક્રિયા વિરામ પામે છે, એવી સમસ્ત યોગવ્યાપાર રહિત પરમ **'અયોગી'** દશાને-ગુણુસ્થાનને પામે છે.

"મન વચન કાયા ને કર્મની વર્ગણા, છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્ત્તતું, મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો....
અપૂર્વ અવસર૦ "—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

અત્રે ઉત્કૃષ્ટ એવા ક્ષાયિક વીર્યના બળથી મન-વચન-કાયાના યોગની ચપળતા રોધીને, આ યોગીશ્વર ભગવાન્ ચેતનને શુચિ-શુદ્ધ અને અલેશી-લેશ્યા રહિત કરે છે.

શૈલેશીકરણઃ અયોગ યોગસત્તમ

અને **શૈલેશી** અર્થાત મેરુપર્વત જેવી નિષ્પ્રકંપ-નિશ્ચલ આત્મસ્થિરતારૂપ શૈલેશી અવસ્થામાં સ્થિતિ કરી, **પરમ સંવરને** પામેલા આ પરમ **'શીલેશ'** પ્રભુ પરમ અક્રિય થઈ, સૂક્ષ્મ એવા ચાર શેષ કર્મોનો ક્ષય કરે છે. આમ જ્યારે ઉત્કૃષ્ટ આત્મવીર્યની સ્ફુરણા હોય છે, ત્યારે યોગ-ક્રિયાનો પ્રવેશ હોતો નથી, એટલે આ **શૈલેશીકરણ**માં યોગની એવી ધ્રુવતા-નિશ્ચલતા હોય છે કે તે શૈલેશ-મેરુ જેવી અચલ અડોલ આત્મશક્તિને ખેસવી શકતી નથી-ચલાયમાન કરી શકતી નથી. (જુઓ પૃ. ૪૫-૪૬). અને આ અયોગી દશા-ગુણસ્થાનક પંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણમાત્ર કાળ રહે છે; અર્થાત્ અ, ઇ, ઉ, ઋ લૃ-એ પાંચ લઘુ અક્ષર ઉચ્ચારતાં જેટલો સમય લાગે તેટલો વખત જ રહે છે. એટલે આ **'અયોગ' યોગસત્તમ** પામીને શીઘ્ર જ-તરત જ આ પ્રભુ ભવવ્યાધિનો ક્ષય કરી પરમ નિર્વાણુને પામે છે.

જેને લઈને ભવની સ્થિતિ હતી-પુનઃ પુનઃ દેહધારણરૂપ સ્થિતિ હતી, તે ભવના મૂલ કારણભૂત સર્વ કર્મનો અત્ર સર્વથા સંક્ષય થાય છે. એટલે કારણના અભાવે કાર્ય

'ભવના બીજ તણો આત્યંતિક નાશ જો'

ન હોય એ ન્યાયે, ભવનો-સંસારનો આત્યંતિક ઉચ્છેદ થાય છે. જેમ રોગનું મૂળ કારણ નિર્મૂળ થતાં રોગ નિર્મૂળ થાય છે, તેમ ભવરોગનું કર્મરૂપ કારણ નિર્મૂળ થતાં ભવરોગ નિર્મૂળ થાય છે. એટલે પછી પુનઃ જન્મ ધારણ કરવાપણું રહેતું નથી. જેમ બીજ બળી ગયા પછી

અંકુરો ફૂટતો નથી, તેમ કર્મરૂપ ભવ-બીજ બળી ગયા પછી, ભવરૂપ અંકુરો ફૂટતો નથી.

"दग्धे बीजे यथाऽत्यन्तं प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे न रोहति भवाङ्कुरः ॥"

—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત શ્રી તત્ત્વાર્થસાર.

અને રોગનો નાશ થયા પછી જ્યાં રોગનું રજકણ પણ નથી, એવી તંદુરસ્તી-સંપૂર્ણ આરોગ્ય અવસ્થા પ્રાપ્ત થાય છે; તેમ ભવવ્યાધિનો નાશ થયા પછી જ્યાં કર્મ-રોગનું એક પરમાણુ પણ નથી, એવી આત્માની સંપૂર્ણ **ભાવ આરોગ્ય સર્વ વ્યાધિ લય** અવસ્થા પ્રગટે છે. જેમ રોગનો નાશ થયા પછી મનુષ્ય પોતાની અસલ મૂળ સહજ સ્વસ્થતાને પામે છે, તેમ ભવરૂપ ભાવરોગનો નાશ થતાં આત્મા પોતાની અસલ મૂળ સહજ **'સ્વસ્થતા'ને-સહજાત્મસ્વરૂપ સ્થિતિને** ભજે છે, અર્થાત્ સહજ-યથાજાત આત્મસ્વરૂપમાં **'સુસ્થિત'** એવો ભગવાન્ શુદ્ધ આત્મા પ્રગટે છે. અને જેમ રોગનો નાશ થયા પછી નીરોગી મનુષ્ય આરોગ્યનો સહજ તાત્ત્વિક આનંદ અનુભવે છે, તેમ ભવરોગનો ક્ષય થયા પછી ભાવ આરોગ્યસંપન્ન આત્મા ભાવ-આરોગ્યનો સહજ શુદ્ધ તાત્ત્વિક પરમાનંદ અનુભવે છે.

"પરમાનંદ વિલાસી અનુભવે રે, દેવચંદ્રપદ વ્યક્તિ....
પૂજના તો કીજે રે બારમા જિનતણી રે." —શ્રી દેવચંદ્રજી.

અને આમ ભવવ્યાધિનો ક્ષય થાય છે, એટલે ભગવાન્ પરમ એવા **ભાવ નિર્વાણને** પામે છે. દીપકનું તેલ ખૂટી જતાં જેમ દીપક નિર્વાણને પામે છે-બૂઝાઇ જાય છે, તેમ કર્મરૂપ તેલ ખૂટી જતાં ભગવાન્ પણ નિર્વાણ પામે છે. કારણ કે **ભાવ નિર્વાણ** કર્મ-તેલના અભાવે તેમનો સંસાર-દીવો નિર્વાણ પામ્યો હોવાથી-હોલવાઇ ગયો હોવાથી, ભગવાન્ પણ 'નિર્વાણ' પામ્યા કહેવાય છે. અથવા જેનું ઇંધન-બળતણ બળીને ખાખ થઇ ગયું છે, એવો ઉપાદાનસંતતિ વિનાનો અગ્નિ જેમ નિર્વાણને પામે છે-બૂઝાઇ જાય છે, તેમ સર્વ કર્મ ઇંધન બળીને ખાખ થઇ જતાં ઉપાદાન-સંતતિ વિનાનો સંસાર અગ્નિ નિર્વાણને પામે છે, હોલવાઇ જાય છે. એટલે ભગવાન્ 'નિર્વાણ પામ્યા એમ યથાર્થ કહેવાય છે.

"कृत्स्नकर्मक्षयादूर्ध्वं निर्वाणमधिगच्छति । यथा दग्धेन्धनो वह्निर्निरुपादानसंततिः ॥"

—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત શ્રી તત્ત્વાર્થસાર

"હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ." —શ્રીમદ્ રાજચંદ્રજી.

"સર્વ શત્રુ ક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી;
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી." —શ્રી યો. દ. સજ્ઝા. ૮-૩

卐

પરા દૃષ્ટિનો સાર

પરાદૃષ્ટિ સમાધિનિષ્ઠ છે. તે સમાધિના આસંગ દોષથી રહિત એવી હોય છે, અને ચંદનગંધ ન્યાયે તે સાત્મીભૂત પ્રવૃત્તિવાળી હોય છે, અર્થાત્ આત્મસ્વભાવે પૂર્ણ પ્રવૃત્તિવાળી હોય છે. આમાં યોગી સર્વ આચારથી પર એવા નિરાચાર પદવાળો હોય છે. અને કારણ અભાવે તેને અતિચાર હોતો નથી; અર્થાત્ તેને કોઇ આચાર પાળવાપણું રહ્યું નથી અને તેથી તેને કોઇ અતિચાર દોષની સંભાવના પણ નથી. આરૂઢને આરોહણનો જેમ અભાવ હોય છે, ચઢેલાને જેમ ચઢવાનું હોતું નથી, તેમ આ યોગારૂઢ પુરુષને આચાર વડે જીતવા યોગ્ય કર્મના અભાવે નિરાચાર પદ હોય છે.

તો પછી તેને ભિક્ષાટન આદિ આચાર કેમ હોય છે? તે શંકાનું નિવારણ એ છે કે–રત્ન આદિની શિક્ષાદૃષ્ટિઓ કરતાં જેમ તેના નિયોજન વિષયમાં શિક્ષિતની દૃષ્ટિ જૂદી હોય છે, તેમ આ યોગીની તે જ આચારક્રિયા પણ ફલભેદે કરીને જૂદી હોય છે; કારણ કે પૂર્વે તેનું સાંપરાયિક (કષાય સંબંધી) કર્મક્ષય ફલ હતું, ને હવે તો ભવોપગ્રાહી કર્મક્ષય ફલ છે. તે રત્નના નિયોગથી-વ્યાપારથી અહીં લોકમાં તે મહાત્મા રત્નવણિક્ જેમ કૃતકૃત્ય થાય છે, તેમ ધર્મસંન્યાસ વિનિયોગથી–વ્યાપારથી આ મહામુનિ કૃતકૃત્ય થાય છે. આ મુખ્ય ધર્મસંન્યાસ **બીજા અપૂર્વકરણમાં** ઉપજે છે, અને તેના થકી નિરાવરણ એવી કેવલશ્રી હોય છે, કે જેનો કદી પ્રતિપાત ન થતો હોવાથી સદોદયા-સદા ઉદયવંત હોય છે.

ચંદ્રની જેમ જીવ પોતાની ભાવશુદ્ધ પ્રકૃતિથી–સ્વભાવથી '**સ્થિત જ**' છે, કાંઇ સ્થાપવાનો નથી. અને જે વિજ્ઞાન છે તે ચંદ્રિકા જેવું છે. તે જ્ઞાનનું આવરણ તે મેઘપટલ જેવું–વાદળા જેવું છે. આ વાદળા જેવું ઘાતિકર્મ છે, તે આ **ધર્મસંન્યાસ** યોગરૂપ વાયુના સપાટાથી જ્યારે **ક્ષપકશ્રેણીની** પરિસમાપ્તિ વેળાયે દૂર થાય છે, ત્યારે તે શ્રીમાન્ મુખ્ય એવા પરાક્રમયોગથી **જ્ઞાનકેવલી** થાય છે. એટલે કે સકલ રાગાદિ દોષના પરિક્ષય થકી ક્ષીણદોષ એવા તે તત્ક્ષણ જ નિરાવરણ જ્ઞાને કરીને સર્વજ્ઞ હોય છે, અને સર્વ લબ્ધિફલના ભોગી હોય છે. આવા તે **શ્રીમદ્ સર્વજ્ઞ ભગવાન્** મહામુનિ પરાર્થ—પરોપકાર કરીને પછી યોગના અંતને પામે છે. ત્યાં યોગાન્તમાં–શૈલેશી અવસ્થામાં શીઘ્ર જ પાંચ હ્રસ્વ અક્ષર ઉચ્ચારણ માત્ર કાળમાં તે ભગવાન્ યોગોત્તમ એવા અયોગ થકી ભવવ્યાધિનો ક્ષય કરી પરમ ભાવ નિર્વાણને પામે છે.

"ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી,
પર ઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગીજી;
સર્વ શત્રુ ક્ષય સર્વ વ્યાધિ લય, પૂરણ સર્વ સમીહાજી,
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી."—**શ્રી યો. સજ્ઝાય.**

પરા દૃષ્ટિ કોષ્ટક : ૧૪

દર્શન	યોગાંગ	દોષત્યાગ	ગુણપ્રાપ્તિ	ગુણસ્થાન
ચંદ્રપ્રભા સમ સંપૂર્ણ કેવલ-દર્શન જ્ઞાન	સમાધિ	આસંગત્યાગ	પ્રવૃત્તિ 'આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ'	૮-૯-૧૦-૧૨-૧૩-૧૪ ધર્મસંન્યાસયોગ ↓ ક્ષપકશ્રેણી ↓ કેવલજ્ઞાન-નિર્વાણ

卐

અષ્ટાંગ યોગની પૂર્ણાહુતિ : રૂપકઘટના

આમ અષ્ટ ચિત્તદોષની નિવૃત્તિ થતાં, તથા આપ સ્વભાવે પૂર્ણ પ્રવૃત્તિરૂપ આઠમા પ્રવૃત્તિગુણની પ્રવૃત્તિ થતાં, તથા આઠમા સમાધિ યોગાંગની સિદ્ધિ સાંપડતાં, અત્રે આઠમી યોગદૃષ્ટિ પૂર્ણ કળાએ ખીલી નીકળે છે, અને તેથી કરીને યોગચક્રની પૂર્ણતા થતાં ભવચક્રની પણ પૂર્ણતા થાય છે, અર્થાત્ ભવચક્રનો અંત આવે છે. આ યોગચક્ર ખરેખર ! ભવચક્રનો ઉચ્છેદ કરનારૂં અમોઘ **શસ્ત્ર** છે તેના વડે કરીને આ પરમ યોગિનાથ ભવ-અરિને હણી '**અરિહંત**' એવા યથાર્થ નામને પામે છે, અને સ્વરૂપની સિદ્ધિ કરી '**સિદ્ધ**' નામને સાર્થક કરે છે. અષ્ટ યોગાંગ એ આ યોગચક્રના આરા છે, તે આત્મ-સ્વભાવયુંજનરૂપ યોગની ધરી સાથે ગાઢ સંબદ્ધ હોઇ તેની આસપાસ ફરે છે.

યોગ-પુરુષ અષ્ટાંગ યોગ

અથવા યોગરૂપ પુરુષ છે. તેના અષ્ટ યોગાંગરૂપ આઠ અંગ છે. તેમાં યમ-નિયમરૂપ બે ચરણ છે, આસન-પ્રાણાયામ બે હાથ છે, પ્રત્યાહાર ઉદર છે, ધારણા વક્ષસ્થલ (છાતી) છે, ધ્યાન ગ્રીવા-ડોક છે, સમાધિ ઉત્તમાંગ-મસ્તક છે. આ આઠે અંગનું સંપૂર્ણપણું-અવિકલપણું થાય તો જ યોગ પુરુષની અવિકલ સંપૂર્ણતા છે,-જેમ અવિકલ સંપૂર્ણ અંગોપાંગવાળા પુરુષની હોય છે તેમ. એક પણ અંગની વિકલતાથી-અપૂર્ણતાથી-યોગ પુરુષની વિકલતા-અપૂર્ણતા છે,-જેમ હીન અંગવાળા ખોડખાંપણવાળા પુરુષની હોય છે તેમ. જેમ પુરુષ શરીરના પ્રત્યેક અંગનું યથાયોગ્ય સમુચિત સ્થાન ને ઉપયોગીપણું હોય છે, તેમ આ યોગ-શરીરમાં પણ પ્રત્યેક યોગાંગનું યથાયોગ્ય સમુચિત સ્થાન ને ઉપયોગીપણું છે. જેમ શરીરના સર્વ અંગ-પ્રત્યંગ એક બીજા સાથે સહકારથી-સહયોગથી એકપણે વર્ત્તી (Co-ordination) એક શરીર સંબંધી સર્વ ક્રિયા સાધે છે, તેમ યોગ પુરુષના આ સર્વ અંગ એકબીજા સાથે સહકારથી-સહયોગથી એકપણે વર્ત્તી (organic unit) એક

યોગપુરુષની સાધક એવી સર્વ પ્રક્રિયા કરે છે. ઇત્યાદિ અનેક પ્રકારે આ ઉપમાનું ઘટમાનપણું અત્ર યથામતિ આ વિવેચનકારે વિવેચ્યું છે. તે વિશેષ સ્વમતિથી ચિંતવવું.

અથવા યોગરૂપ અષ્ટ કમલદલવાળું કમલ છે. આઠ યોગદૃષ્ટિરૂપ તેની આઠ પાંખડી-કમલદલ છે. અને તે પાંખડીનું મિલનસ્થાન આત્મસ્વભાવયુંજનરૂપ યોગ-કર્ણિકા છે.

યોગરૂપ અષ્ટદલ કમલ

તે આત્મસ્વભાવરૂપ કર્ણિકામાં ભગવાન્ આત્મા-પરંબ્રહ્મ બિરાજે છે. યોગદૃષ્ટિરૂપ દલ જેમ જેમ વિકાસને પામે છે, તેમ તેમ યોગ-કમલ વિકાસને પામતું જાય છે. એકેક યોગદૃષ્ટિરૂપ પાંખડી ખુલતાં અનુક્રમે એકેક ચિત્તદોષ નિવૃત્ત થતો જાય છે, એકેક ગુણ વિકાસ પામતો જાય છે, અને એકેક યોગાંગ પ્રગટતું જાય છે. આમ સંપૂર્ણ યોગદૃષ્ટિ વિકસતાં યોગરૂપ અષ્ટદલ કમલ સંપૂર્ણ વિકાસને પામે છે. આ સર્વનો સંપૂર્ણ ખ્યાલ સંક્ષેપમાં આ વિવેચનકારે સ્વયં ખાસ યોજેલી આ ગ્રંથના પ્રારંભમાં મુખપૃષ્ઠ પર મૂકેલી સર્વગ્રાહી મુખ્ય આકૃતિ પરથી આવશે.

卐

યોગદૃષ્ટિ કળશ કાવ્ય

વસંતતિલકા

હોયે સમાધિમહિં નિષ્ઠ પરા સુદૃષ્ટિ, સદ્બોધ ચંદ્રતણી શાંતિ સુધા સુવૃષ્ટિ;
સોળે કળાથી અહિં આતમ ચંદ્ર ખીલે, જ્યોત્સ્ના સુજ્ઞાનમયમાં ત્રય લોક ઝીલે. ૧૪૩
સર્વે વિભાવ પરભાવ શમાઈ જાય, આત્મા સ્વભાવમહિં શુદ્ધ સદા સમાય;
થાયે વિલીન મન આત્મમહિં સદાય, એવી સમાધિ પ્રગટે પર સૌખ્યદાય. ૧૪૪
સત્ સંયમો જ સમયે સમયે અનંતા, વૃદ્ધિ લહે અમલ આતમ ભાવવંતા;
એવું અપૂર્વ અહિં શુકલ સદા સુધ્યાન, આસંગ વર્જિત અખંડ પ્રવર્દ્ધમાન. ૧૪૫
જ્યાં વાસનામય મનઃ વરતે વિલીન, આત્મા થયો નિજ સ્વરૂપ વિષે જ લીન;
સર્વ પ્રદેશમહિં ચંદન ગંધ ન્યાયે, આત્મપ્રવૃત્તિ સહજાત્મસ્વરૂપ થાયે. ૧૪૬
આવી અસિવ્રત સમી ચરણૈકધારા, વર્ત્તે સદા સહજ નિરતિચારચારા;
આચારથી પર સુદુષ્કરકાર તે છે, આરોહવાનું શું જ આરૂઢને રહે છે? ૧૪૭
જે યોગના પરમ શ્રૃંગ પરે ચઢયા છે, ને જે અપૂર્વ ગુણશ્રેણી પરે વધ્યા છે;
તે સર્વ કલ્પથી અતીત જ નિર્વિકલ્પ, સામર્થ્યયોગી જિનકલ્પ તુલે અનલ્પ. ૧૪૮
રત્નાદિ શિક્ષણની દૃષ્ટિ શિખાઉ જેવી, તેથી જૂદી તસ નિયોજન દૃષ્ટિ એવી;
આચારની ત્યમ ક્રિયા પણ તે જ આંહિ, યોગીની અન્ય ફલભેદથી લોકમાંહિ. ૧૪૯
રત્નો નિયોજી જયમ રત્નવણિક્ કૃતાર્થ, નિયોજી રત્નત્રયી તેમ મુનિ યથાર્થ;
સંન્યાસ ધર્મ વિનિયોગથી અત્ર યોગી, થાયે કૃતાર્થ પરમાર્થ સુતત્ત્વ ભોગી. ૧૫૦
સંન્યાસ ધર્મ સઘળાય તણો કરીને, ક્ષાયિક ભાવ સહુ અંતરમાં ભરીને;
સંન્યાસ ધર્મ પર યોગ મુનિ લહે છે, શ્રેણી અપૂર્વકરણે ગુણની વહે છે. ૧૫૧

સાક્ષાત મોક્ષપદ નીસરણી સમાણી, એવી અપૂર્વ ગુણશ્રેણીઁ ચઢંત નાણી;
યોગીશ્વરો પરમ કેવલશ્રી વરે છે, જે નિત્ય ઉદયી નિરાવરણા ઠરે છે. ૧૫૨
આકાશમાં પ્રકૃતિથી સ્થિત જેમ ચંદ્ર, શુદ્ધ સ્વભાવ સ્થિત છે ત્યમ આત્મચંદ્ર;
સત્ચંદ્રિકા સમ જ કેવલ જ્ઞાન લેવું, તે જ્ઞાન આવરણ મેઘસમૂહ જેવું. ૧૫૩
તે ઘાતિ કર્મ ઘન શું વિખરે ઝપાટે, સંન્યાસ ધર્મરૂપ વાયુ તણા સપાટે;
ત્યારે શ્રીમાન્ પરમ કેવલજ્ઞાન પામે, ને જ્ઞાનકેવલી કહાય યથાર્થ નામે. ૧૫૪
સર્વેય દોષ ક્ષીણ સાવ જ વર્ત્તનારા, સર્વજ્ઞ લબ્ધિફલ સર્વ જ ભોગ'નારા;
સાધી પરાર્થ પર તેહ પરં કૃપાળુ, યોગાંત શ્રીમદ મુનીંદ્ર લહે દયાળુ. ૧૫૫
શૈલેશીમાંહિ સહજાત્મસ્વરૂપ સ્વામી, પામી જ શીઘ્ર પર યોગ અયોગ નામી;
વ્યાધિ ભવ ક્ષય કરી નિરવાણ પામે, સુસ્થિત તેહ **ભગવાન્** નિત સૌખ્ય ધામે. ૧૫૬

।। इति महर्षिश्रीहरिभद्राचार्यविरचिते किरत्चंद्रसूनुमनःसुखनंदनेन भगवानदासेन सुमनोनंदनी-बृहत्टीकाख्यविवेचनेन सप्रपञ्चं विवेचिते श्रीयोगदृष्टिसमुच्चयशास्त्रे अष्टमो परा दृष्टिः ।।

મુક્ત તત્ત્વ મીમાંસા*

ત્યાં (નિર્વાણમાં) આ કેવો હોય છે? તે કહે છે—

> व्याधिमुक्तः पुमान् लोके याद्दशस्ताद्दशो ह्ययम् ।
> नाभावो न च नो मुक्तो व्याधिना व्याधितो न च ॥१८७॥

> **વ્યાધિમુક્ત પુરુષ અહીં, જેવો–તેવો આ જ;**
> **ન અભાવ ન વ્યાધિથી ના, મુક્ત–અવ્યાધિત ના જ. ૧૮૭**

અર્થ :—લોકમાં વ્યાધિમુક્ત પુરુષ જેવો હોય છે, તેવો જ આ હોય છે. તે અભાવરૂપ નથી અને વ્યાધિથી મુક્ત નથી એમ નથી, અને તે અવ્યાધિત પણ નથી.

વિવેચન

આ લોકમાં **વ્યાધિમુક્ત પુરુષ જેવો** હોય છે, તેવો આ નિર્વાણ પામેલો મુક્ત પુરુષ હોય છે. (૧) તે અભાવરૂપ નથી, પણ બૂઝાઈ ગયેલ દીપકલિકાની ઉપમા જેને ઘટે છે એવો તે સદ્ભાવરૂપ હોય છે. (૨) વળી તે વ્યાધિથી મુક્ત નથી થયો એમ નથી, પણ ભવ્યત્વના પરિક્ષયથી મુક્ત જ હોય છે. (૩) તેમજ તે અવ્યાધિત પણ નથી, વ્યાધિવાળો ન્હોતો એમ પણ નથી, કારણ કે પૂર્વે તથાપ્રકારે વ્યાધિનો સદ્ભાવ તેને હતો.

કોઈ ચિરકાળનો મહારોગી છે. ઘણા ઘણા લાંબા વખતથી અતિ દુઃસાધ્ય વ્યાધિથી પીડાય છે. વિવિધ રોગવિકારોથી દુઃખાકુલ થઈ તે 'ત્રાહિ મામ્' પોકારી રહ્યો છે. તેના શરીરમાં ઉગ્ર જ્વર–તાવ ભરાયેલો છે. વાત–પિત્ત–કફ એ દોષની વિષમતાથી તેને ત્રિદોષ સન્નિપાત ઉપજ્યો છે. તેથી તે

રોગીનું દૃષ્ટાંત

વૃત્તિ:—व्याधिमुक्तः—વ્યાધિથી મુક્ત, વ્યાધિ જેનો પરિક્ષીણ છે તે, पुमान्—પુરુષ. याद्दशो—યાદૃશ, જેવો હોય છે, ताद्दशो ह्ययम्—તેવો આ નિર્વૃત–નિર્વાણપ્રાપ્ત હોય છે. नाभावो—અભાવ નથી, બૂઝાઈ ગયેલ દીપકલિકાની ઉપમા જેને ઘટે છે એવો. न च नो मुक्तो व्याधिना—અને વ્યાધિથી મુક્ત નથી થયો, એમ નથી અર્થાત્ મુક્ત જ છે–ભવ્યત્વના પરિક્ષયને લીધે. अव्याधितो न च—અને અવ્યાધિત પણ નથી, વ્યાધિવાળો ન્હોતો એમ પણ નથી,– પૂર્વે તથાપ્રકારે તદ્ભાવને લીધે.

* આ સિદ્ધસ્વરૂપવિચાર વાસ્તવિક રીતે પરા દૃષ્ટિની ચૂલિકારૂપ જ છે. તે વિષયની વિશદતાર્થે અત્ર અલગ અધિકારરૂપે મૂક્યો છે.

પોતાનું ભાન ભૂલી જઇ જેમ તેમ બકી રહ્યો છે, ઉન્મત્ત ચેષ્ટા કરી રહ્યો છે. આખા શરીરે તીવ્ર અસહ્ય દાહવેદના તેને થઇ રહી છે. હૃદયમાં તીક્ષ્ણ શૂલ ભોંકાઇ રહ્યું છે. એમ અનેક પ્રકારની રોગપીડાથી આકુલવ્યાકુલ એવો તે હેરાન હેરાન થઈ રહ્યો છે. આવા મહા રોગાર્ત્ત દુઃખી જીવને ઉત્તમ સદ્‌વૈદ્યના ઉપદેશથી ઉત્તમ ઔષધનો જોગ મળી આવે ને તેનો યથાનિર્દિષ્ટ પથ્યપૂર્વક પ્રયોગ કરવામાં આવે, તો તે રોગીનો રોગ નિર્મૂળ થાય; તેનો જ્વર-તાવ ઉતરી જાય, ત્રિદોષ-સન્નિપાત ચાલ્યો જાય, તે બરાબર પોતાના ભાનમાં આવે, તેની દાહવેદના દૂર થાય, હૃદયશૂલ્ય નીકળી જાય, ને પછી સંપૂર્ણ રોગમુક્ત થઈ, તદ્દન સાજોતાજો-હૃષ્ટપુષ્ટ બની તે સંપૂર્ણ આરોગ્યને-સ્વાસ્થ્યને અનુભવે. અને આવો આ આરોગ્યસંપન્ન 'સ્વસ્થ' પુરુષ રોગમુક્ત થયાનો કોઇ અદ્‌ભુત આનંદરસ આસ્વાદે. આ પ્રકારે લોકમાં પ્રગટ દેખાય છે.

જીવનો ભવરૂપ ભાવરોગ

તે જ પ્રકારે આ જીવને અનાદિ કાળથી આ ભવરૂપ મહારોગ લાગુ પડયો છે. આ મહા કષ્ટસાધ્ય વ્યાધિથી તે ઘણા ઘણા દીર્ઘ સમયથી હેરાન હેરાન થઇ રહ્યો છે. તે રોગના વિકારોથી દુઃખી દુઃખી થઇ તે 'વોય માડી રે! કરજો ત્રાણ' એમ પોકારી રહ્યો છે. તેના જ્ઞાનમય દેહમાં રાગરૂપ ઉગ્ર જ્વર ચઢી આવ્યો છે, મોહરૂપ ત્રિદોષ સન્નિપાત તેને થયો છે, એટલે તે 'નિજ ભાન' ભૂલી જઈ ઉન્મત્ત પ્રલાપ-ચેષ્ટા કરી રહ્યો છે. આખા શરીરે તેને વિષયતૃષ્ણાજન્ય અસહ્ય તીવ્ર દાહવેદના વ્યાપી રહી છે-બળતરા થઇ રહી છે; હૃદયમાં દ્વેષરૂપ શલ્ય ભોંકાઇ રહ્યું છે. આવા ઉગ્ર ભવરોગથી આકુલ જીવને શ્રીમદ્ સદ્‌ગુરુરૂપ ઉત્તમ સદ્‌વૈદ્યનો 'જોગ' બાઝતાં, તેમના સદુપદેશથી સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ઔષધત્રયીની પ્રાપ્તિ થાય છે. અને ગુરુઆજ્ઞારૂપ પથ્ય અનુપાન સાથે તે રત્નત્રયીરૂપ ઔષધત્રિપુટીનું સમ્યક્ સેવન કરતાં અનુક્રમે તેના ભવરોગનો નિર્મૂળ નાશ થાય છે. તેનો રાગ-જ્વર ઉતરી જાય છે, દ્વેષશલ્ય નીકળી જાય છે, મોહ સન્નિપાતનું પતન થાય છે, આત્મભાન પાછું આવે છે, વિષયતૃષ્ણાથી ઉપજતી દાહવેદના-બળતરા શમી જાય છે. અને તે નિજ સહજ આત્મસ્વરૂપનું દર્શન કરી, જ્ઞાન પામી, આત્મ-સ્વરૂપનું અનુચરણ કરે છે; કેવલ શુદ્ધ આત્માને જાણી, શ્રદ્ધી, કેવલ જ્ઞાનમય આત્મામાં સ્થિતિ કરી, 'સ્વસ્થ' થઇ, કૈવલ્ય દશાને અનુભવે છે. અને પછી તે ચરમ દેહના આયુષ્યની સ્થિતિ પર્યંત બળેલી સીંદરી જેવા આકૃતિમાત્ર રહેલા શેષ ચાર કર્મોને પ્રારબ્ધોદય પ્રમાણે ભોગવી નિર્જરી નાંખે છે, અને પ્રાંતે તે કર્મોને પણ સર્વથા પરિક્ષીણ કરે છે. આમ સર્વથા કર્મમુક્ત થયેલ તે ભવરોગથી મુક્ત બને છે. અને આવા આ ભવવ્યાધિથી મુક્ત થયેલા, પરમ ભાવારોગ્યસંપન્ન, સહજાત્મસ્વરૂપ સુસ્થિત, એવા આ પરમ '**સ્વસ્થ**' પરમ પુરુષ પરમ આનંદમય એવી ભાવ-આરોગ્ય દશાનો કોઇ અવર્ણનીય આનંદરસ ભોગવે છે.

આમ જેમ લોકમાં વ્યાધિમુક્ત પુરુષ જેવો નીરોગી, જેવો સ્વસ્થ, જેવો આનંદમય હોય છે, તેવો આ ભવવ્યાધિથી મુક્ત આ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પુરુષ (આત્મા) પરમ નીરોગી, પરમ 'સ્વસ્થ', પરમ આનંદમય હોય છે. (૧) આ નિર્વાણપ્રાપ્ત મુક્ત પુરુષ કાંઇ અભાવરૂપ નથી, અર્થાત્ કેટલાક (બૌદ્ધ આદિ) માને છે તેમ નૈરાત્મ્ય અવસ્થારૂપ નથી, આત્મ વસ્તુના અભાવરૂપ નથી, પરંતુ વસ્તુ-સદ્ભાવરૂપ છે. એટલે કે કેવલ, શુદ્ધ, વિવિક્ત, નિર્મલ આત્મતત્ત્વનું જ ત્યાં હોવાપણું છે, કે જે શુદ્ધ આત્મતત્ત્વ '**સિદ્ધ**' નામથી ઓળખાય છે. રોગથી મુક્ત થયેલો પુરુષ રોગથી મુક્ત થતાં કાંઇ પુરુષ મટી જતો નથી, તેમ ભવરોગથી મુક્ત થયેલો ચૈતન્ય-મય પુરુષ–આત્મા ભવરોગમુક્ત થતાં કાંઇ પુરુષ–આત્મા મટી જતો નથી. રોગના અભાવે કાંઇ પુરુષનો અભાવ થતો નથી, પણ કેવલ તેની શુદ્ધ નીરોગી અવસ્થા જ પ્રગટે છે. તેમ ભવરોગના અભાવે કાંઇ આત્માનો અભાવ થતો નથી, પણ તેની કેવલ શુદ્ધ નીરોગી નિરામય તત્ત્વકાય અવસ્થા પ્રગટે છે; આત્માની સંસારી અવસ્થા દૂર થઇ સિદ્ધ–મુક્ત અવસ્થા આવિર્ભાવ પામે છે; દેહાદિક સંયોગનો જ્યાં આત્યંતિક વિયોગ છે, એવી **શુદ્ધ નિજ સ્વભાવરૂપ** મોક્ષદશા પ્રકટ થાય છે. (જુઓ આત્મસિદ્ધિની ગાથા, પૃ. ૪૦૪).

મુક્ત અભાવ-રૂપ નથી

વળી (૨) આ પુરુષ–આત્મા વ્યાધિથી મુક્ત નથી થયો એમ પણ નથી, પણ ભવ્ય-ત્વના પરિક્ષયથી મુક્ત હોય જ છે. કોઇ (સાંખ્યાદિ) એમ માને છે કે આ આત્મા તો સદાય મુક્ત જ છે, અબંધ જ છે–બંધાયેલો જ નથી. પણ આ માન્યતા બહુ ભૂલભરેલી છે; કારણ કે તેમ જો માનીએ તો બંધ–મોક્ષ, સુખ–દુઃખ આદિ વ્યવસ્થા ઘટશે નહિં, કૃતનાશ–અકૃતાગમ આદિ અનેક દોષ આવશે, અને જે મોક્ષને માટે જ તે તે દર્શનનું પ્રયોજન છે તે પ્રયો-જન પણ નિષ્ફળ થશે! કારણ કે બંધાયેલો હોય તેને મુકત થવાપણું હોય, પણ જો બંધાયેલો જ ન હોય તો મુક્ત થવાનું કયાં રહ્યું? જો બંધન જ ન હોય તો મુક્તિ કયાંથી હોય? કારણકે બંધન–મોચન, બંધનથી છૂટવું તેનું નામ જ મોક્ષ છે. આ બંધન-મોચનરૂપ મોક્ષ અત્રે ભવ્યત્વના પરિક્ષયથી હોય છે. એટલા માટે જે મોક્ષ પામે છે, મુક્ત થાય છે, તે ભવવ્યાધિથી મુક્ત નથી થયો એમ નથી, પરંતુ મુક્ત થયો જ છે, જેમ 'નીરોગી' મનુષ્ય રોગથી મુક્ત નથી થયો એમ નથી, પણ છતાં એવા રોગથી મુક્ત થયો જ છે, અને એટલે જ તે નીરોગી–રોગમુક્ત કહેવાય છે, તેમ મુક્ત આત્મા ભવરોગથી મુક્ત નથી થયો એમ નથી, પણ છતાં–પ્રગટ અસ્તિત્વરૂપ ભવરોગથી મુક્ત થયો જ છે, એટલે જ તે 'મુક્ત'–ભવરોગમુક્ત કહેવાય છે.

મુક્ત નથી થયો એમ પણ નથી

(૩) અને તે 'અવ્યાધિત'–વ્યાધિ વગરનો હતો એમ પણ નથી, કારણ કે પૂર્વે તેને તથાપ્રકારે પ્રગટ વ્યાધિનો સદ્ભાવ હતો જ. વ્યાધિમુક્ત પુરુષને માટે કોઇ એમ કહે કે પૂર્વે તેને વ્યાધિ જ ન્હોતો, તો તેમાં દષ્ટ–ઇષ્ટ બાધા. પ્રત્યક્ષ વિરોધ આવે છે. કારણ કે તે તો 'મ્હારા મોઢામાં જીભ નથી' એમ

અવ્યાધિત પણ નથી

બોલનારની જેમ વદતોવ્યાઘાત છે. કારણ કે જો વ્યાધિ જ ન્હોતો, તો વ્યાધિમુક્ત થયો શી રીતે? માટે એમ કહેવું તે સાવ બેહૂદું છે. કારણ કે તે ભવરોગથી દુઃખી થઇ રહ્યો હતો તે પ્રત્યક્ષ પ્રગટ હકીકત (Real fact) છે. અને તેમાંથી છૂટયો-મુક્ત થયો, ત્યારે જ તે ભવવ્યાધિ રહિત-મુક્ત કહેવાય છે.

રોગમુક્ત જેવો ભવમુક્ત

આમ સર્વથા, વ્યાધિમુક્ત પુરુષ જેવો લોકમાં હોય છે, તેવો જ-તાદૃશ જ આ નિર્વાણપ્રાપ્ત મુક્ત પુરુષ (આત્મા) હોય છેઃ (૧) વ્યાધિમુક્ત પુરુષ જેવો સ્વસ્થ-આનંદી હોય છે, તેવો આ મુક્ત આત્મા પરમ સ્વસ્થ-પરમ આનંદ નિમગ્ન હોય છે. (૨) જેમ રોગ દૂર થતાં કાંઈ રોગી પુરુષનો અભાવ થઇ જતો નથી, તેમ ભવવ્યાધિ દૂર થતાં કાંઈ શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ આત્માનો અભાવ હોતો નથી. (૩) તે વ્યાધિમુક્ત પુરુષ જેમ વ્યાધિથી મુક્ત નથી હોતો એમ નહિં, પણ મુક્ત જ હોય છે; તેમ આ નિર્વાણપ્રાપ્ત મુક્ત આત્મા ભવવ્યાધિથી મુક્ત નથી એમ નહિં, પણ મુક્ત જ હોય છે. (૪) અને તે વ્યાધિમુક્ત પુરુષ જેમ પૂર્વે અવ્યાધિત ન્હોતો, વ્યાધિ વગરનો ન્હોતો, પણ વ્યાધિવાળો હતો જ; તેમ આ નિર્વાણપ્રાપ્ત મુક્ત આત્મા પણ પૂર્વે અવ્યાધિત ન્હોતો, ભવ વ્યાધિ વગરનો ન્હોતો, પણ ભવ વ્યાધિવાળો હતો જ. નહિં તો, વ્યાધિ જ ન હોત, તો તેનો નાશ પણ કેમ હોત? તેથી મુક્તપણું કેમ હોત? **मूलं नास्ति कुतो शाखा?** આમ આ દૃષ્ટાંત ઉપરથી સુપ્રતીતપણે ફલિત થતી ચોકખી દીવા જેવી સ્પષ્ટ હકીકત બાલક પણ સમજી શકે એમ છે, તો સાદી સમજવાળો કોઈ પણ મનુષ્ય કેમ ન સમજે? તથાપિ મહામતિ ગણાતા કેટલાક દર્શનવાદીઓએ આ મોક્ષ સંબંધી અનેક પ્રકારે **અસત્ કલ્પનાઓ** ઉભી કરી છે તે આશ્ચર્ય છે! જેમકે-'મોક્ષ આત્મ અભાવરૂપ છે,' 'આ આત્મા નિત્ય મુક્ત જ છે,' 'આ આત્માને ભવવ્યાધિ લાગેલો જ નથી,' ઇત્યાદિ. આવા બધા કુવિકલ્પો દષ્ટ-ઇષ્ટ બાધિત હોઇ, વિવેક વિચારથી ક્ષણભર પણ ટકી શકતા નથી. આ સંબંધી વિશેષ પ્રકાશના જિજ્ઞાસુએ **શ્રી ષડ્દર્શનસમુચ્ચય, શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય, બત્રીશ બત્રીશી, તત્ત્વાર્થસાર** આદિ મહાગ્રંથરત્નો અવગાહવા ભલામણ છે. અત્ર વિસ્તાર ભયથી દિગ્દર્શનરૂપ નિર્દેશમાત્ર કર્યો છે.

卐

આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે—

भव एव महाव्याधिर्जन्ममृत्युविकारवान् ।
विचित्रमोहजननस्तीव्ररागादिवेदनः ॥१८८॥

વૃત્તિ-**भव एव**-ભવ જ, સંસાર જ, **महाव्याधिः**-મહાવ્યાધિ છે, કેવો વિશિષ્ટ? તોકે-**जन्ममृत्युविकारवान्**-જન્મ, મૃત્યુરૂપ વિકારવાળો. આનું જરા આદિ ઉપલક્ષણ છે. **विचित्रमोहजननो**-વિચિત્ર મોહ ઉપજાવનારો,-મિથ્યાત્વના ઉદય ભાવથી, **तीव्ररागादिवेदनः**-તીવ્ર રાગાદિ વેદનાવાળો,-સ્ત્રી આદિના અભિષ્વંગભાવથી (આસક્તિ ભાવથી).

સંસાર જ મહા વ્યાધિ છે, જન્મ મૃત્યુ વિકાર;
તીવ્ર રાગાદિ વેદના, ચિત્ર મોહ કરનાર. ૧૮૮

અર્થ:—ભવ જ મહાવ્યાધિ છે. તે જન્મ-મરણરૂપ વિકારવાળો છે, વિચિત્ર મોહ ઉપજાવનારો અને તીવ્ર રાગાદિ વેદનાવાળો છે.

વિવેચન

આ **ભવ**-સંસાર એ જ **મહાવ્યાધિ** છે. તે કેવો છે? જન્મ-મરણરૂપ વિકારવાળો છે, ઉપલક્ષણથી જરા આદિ વિકારવાળો છે; મિથ્યાત્વના ઉદયભાવથી વિચિત્ર પ્રકારનો મોહ ઉપજાવનારો છે; તથા સ્ત્રી આદિના આસક્તિ ભાવથી તીવ્ર રાગાદિ વેદનાવાળો છે. ઉપરમાં જે વ્યાધિની વાત કહી તે વ્યાધિ કયો? તેની અહીં ગ્રંથકાર મહર્ષિએ જ સ્પષ્ટતા કરી છે. પરમાર્થથી જોઈએ તો આ જગત્માં મોટામાં મોટો જો કોઈ વ્યાધિ હોય, તો તે આ ભવ એટલે સંસાર જ છે. આ સંસારને **મહારોગની ઉપમા** બરાબર ઘટે છે; કારણ કે ચિહ્નથી, સ્વરૂપથી, કારણથી, વિકૃતિથી, ચિકિત્સાથી, પરિણામ આદિથી બન્નેનું અનેક પ્રકારે સામ્ય છે. તે આ પ્રકારેઃ—

ભવરોગનું આક્રમણ

રોગ જેમ મનુષ્યના શરીર પર આક્રમણ કરી તેને ચોતરફથી ઘેરી લે છે, તેમ ભવરોગ આત્માના જ્ઞાનમય શરીર પર આક્રમણ કરી એને ચોપાસથી ઘેરી લે છે. રોગ જેમ શરીરના પરમાણુએ પરમાણુમાં વ્યાપ્ત થઇ પોતાની અસર નીપજાવે છે, તેમ ભવરોગ આત્માના પ્રદેશે પ્રદેશમાં વ્યાપી જઇ પોતાની અસર નીપજાવે છે. રોગ જેમ શરીરની શક્તિને ક્ષીણ કરી નાંખે છે, નૂર-તેજ ઉડાડી દે છે, રક્ત-માંસ આદિ ધાતુઓને શોષી લે છે; તેમ ભવરોગ પણ આત્માની અનંત શક્તિને ક્ષીણ કરી નાંખે છે, આત્માનું નૂર-તેજ ઉડાડી દે છે, જ્ઞાન-દર્શનાદિ આત્મસ્વભાવરૂપ ધાતુઓને શોષી લે છે. રોગ જેમ દોષપ્રકોપ કરે છે, તેમ ભવરોગ રાગદ્વેષાદિ દોષનો પ્રકોપ કરે છે. રોગ જેમ મનુષ્યને પથારીવશ કરી પરાધીન ને પાંગળો કરી મૂકે છે, તેમ ભવરોગ આત્માને શરીર-શય્યામાં સુવડાવી પર પુદ્ગલ વસ્તુને આધીન પાંગળો કરી મૂકે છે. રોગ જેમ માણસની આખી સીકલ એવી ફેરવી નાંખે છે કે તેનું ઓળખાણ પડવું મુશ્કેલ થઇ પડે છે, તેમ ભવરોગ આત્માની અસલ સીકલ એવી પલટાવી નાંખે છે કે તેનું ઓળખાણ થવું કઠિન હોય છે.

ભવરોગ અપ્રાકૃતિક અવસ્થા

રોગ એ જેમ મનુષ્યની અનારોગ્યરૂપ અપ્રાકૃતિક-અકુદરતી-વિકૃત અવસ્થા છે, તેમ ભવરોગ એ આત્માની અનારોગ્યરૂપ અકુદરતી **અપ્રાકૃતિક-વિકૃત અવસ્થા** છે. રોગ જેમ મનુષ્યના શરીરની **અસ્વસ્થ** સ્થિતિ છે, તેમ ભવરોગ એ આત્માની અસ્વસ્થ સ્થિતિ છે. રોગ જેમ મનુષ્યના પ્રકૃતિવિરુદ્ધ વર્ત્તનની-અધર્મની સજા છે-દંડ છે, તેમ ભવરોગ એ આત્માના સહજ પ્રકૃતિ વિરુદ્ધ વર્ત્તનની-અધર્મની સજા છે, દંડ છે. રોગ જેમ શરીરની

ધાતુઓની વિષમતાનો આવિર્ભાવ છે, તેમ ભવરોગ એ આત્માની સ્વભાવ-ધાતુની વિષમતાનો આવિષ્કાર-પ્રકટ પ્રકાર છે. રોગનો જેમ નિયત ચોક્કસ **કારણકલાપ** હોય છે, તેમ ભવરોગનો નિયત ચોક્કસ કારણકલાપ હોય છે. મલસંચય, દોષપ્રકોપ, ધાતુવૈષમ્ય, પ્રકૃતિવિરુદ્ધ આચરણ, ભય, ઉદ્વેગ આદિ સ્વ-યોગ્ય કારણોથી જેમ રોગની ઉત્પત્તિ હોય છે; તેમ ભાવમલસંચયથી, રાગાદિ દોષપ્રકોપથી, સ્વભાવ-ધાતુવૈષમ્યથી, આત્માની સહજ સ્વભાવસિદ્ધ પ્રકૃતિ વિરુદ્ધ આચરણથી-અધર્મથી, આત્મપરિણામની ચંચલતારૂપ ભયથી, સન્માર્ગ પ્રત્યે કંટાળારૂપ ઉદ્વેગથી,-ઇત્યાદિ સ્વયોગ્ય વિવિધ કારણોથી મહાભવરોગ ઉપજે છે.

રોગચિહ્નો અગ્નિમાંદ્ય આદિ

(૧) રોગથી જેમ અગ્નિમાંદ્ય થાય છે, અન્ન પ્રત્યે અરુચિ ઉપજે છે, ખાવાનું ભાવતું નથી, તેમ ભવરોગથી આત્મતેજની મંદતારૂપ અગ્નિમાંદ્ય ઉપજે છે, સન્માર્ગરૂપ પરમાન્ન પ્રતિ અરુચિ-અભાવો આવે છે. રોગથી જેમ મોળ આવે છે, વમન થાય છે, તેમ ભવરોગથી સત્વચન પ્રત્યે અણગમારૂપ મોળ આવે છે, ને સ્વરૂપવિસ્મરણરૂપ વમન થાય છે. રોગથી જેમ મલાવષ્ટંભ થાય છે, અથવા અજીર્ણ-વિસૂચિકા ઉપજે છે, તેમ ભવરોગથી કર્મસંચયરૂપ ભાવમલનો અવષ્ટંભ થાય છે, અથવા વિષયવિકારરૂપ અજીર્ણ-વિસૂચિકા ઉપજે છે. (૨) રોગથી જેમ હૃદયમાં શૂલ ભોંકાય છે, તથા હાંફ ચઢે છે, તેમ ભવરોગથી દ્વેષરૂપ શૂળ આત્માને ભોંકાય છે, તથા સન્માર્ગ પ્રત્યે ખેદરૂપ હાંફ ચઢે છે. (૩) રોગથી જેમ પ્રાણાવરોધ થાય છે, શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલે છે, ખાંસી આવે છે, કફ પડે છે, તેમ ભવરોગથી જ્ઞાનદર્શનરૂપ ભાવપ્રાણનો અવરોધ થાય છે, જન્મ-મરણરૂપ શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલે છે, કષાયરૂપ ખાંસી આવે છે, ને વિષયરૂપ કફ પડે છે. (૪) રોગથી જેમ શરીરને ક્ષય-ક્ષીણતા-ઘસારો લાગુ પડે છે, તેમ ભવ-રોગથી જ્ઞાનમય આત્મદેહને ક્ષય-ક્ષીણતા-ઘસારો લાગુ પડે છે. (૫) રોગથી જેમ શુદ્ધ રક્તાભિસરણ (circulation) બરાબર થતું નથી, શરીર પાંડુ-ફીકકું-નિસ્તેજ (anaemic) થઇ જાય છે, તેમ ભવરોગથી શુદ્ધ ચૈતન્યપ્રવાહરૂપ રક્તનું અભિસરણ (circulation) બરાબર થતું નથી, આત્માનો જ્ઞાનદેહ પાંડુ-ફીક્કો-નિસ્તેજ બની જાય છે. (૬) રોગથી જેમ શરીરના રુધિર-માંસાદિ ધાતુ સુકાઇ જાય છે ને શરીર અસ્થિ-માત્રાવશેષ રહે છે, તેમ ભવરોગથી આત્માના જ્ઞાનદર્શનાદિ સ્વભાવરૂપ ધાતુ શોષાય છે ને અત્યંત મંદ ચૈતન્યચિહ્નરૂપ આત્મદેહ અવશેષ રહે છે.

(૭) રોગથી જેમ મગજનું ઠેકાણું રહેતું નથી, મગજનું કેંદ્ર (centre) ખસી જાય છે, માણસ પોતે પોતાનું ભાન ભૂલી જાય છે, 'ચક્રમ' થઇને યદ્વાતદ્વા ફાવે તેમ બકે છે, ને ત્રિદોષ સન્નિપાતને પામે છે; તેમ ભવરોગથી આત્માનું

ત્રિદોષ ઉન્માદાદિ સ્વરૂપ પદમાં સ્થિતિરૂપ કોઇ ઠેકાણું રહેતું નથી, સ્વરૂપભ્રષ્ટતાથી સ્વરૂપ કેંદ્ર ખસી જાય છે, આત્મા પોતે પોતાના સહજ નિજ સ્વરૂપનું ભાન ભૂલી જાય છે, ઉન્મત્ત 'ચક્રમ' બનીને પરવસ્તુને પોતાની કહેવારૂપ યદ્વાતદ્વા પ્રલાપ–બકબકાટ કરે છે, અને મોહ–રાગ–દ્વેષરૂપી ત્રિદોષની વૃદ્ધિથી સત્‌સ્વરૂપથી નિપાતરૂપ સન્નિપાતને પામે છે. (૮) રોગથી જેમ ખસ થાય છે ને ખૂજલી–મીઠી ચળ ઉપડે છે, અને તેથી પરિણામે લાહ્ય બળે છે, તેમ ભવરોગથી વિષયવિકારરૂપ ખસ થાય છે ને ભોગેચ્છારૂપ ખજવાળ–મીઠી ચળ–'કંડૂ' આવે છે, ને તેથી પરિણામે ભવભોગરૂપ લાહ્ય બળ્યા કરે છે. (૯) રોગથી જેમ શરીરમાં ઉગ્ર–આકરો તાવ ભરાય છે અને ભારી તરસ લાગે છે, તેમ ભવરોગથી રાગરૂપ ઉગ્ર જ્વર ભરાય છે અને વિષય-તૃષ્ણારૂપ ભારી તૃષા ઉપજે છે. (૧૦) વળી રોગથી જેમ વિવિધ વિકારો ઉબરી આવે છે, તેમ ભવરોગથી **જન્મ–મરણાદિ વિકારો** ઉપજે છે. ફરી ફરીને જન્મવું, ફરી ફરીને મરવું, ફરી ફરીને માતાના ઉદરમાં શયન કરવું, ફરી ફરી ઘડપણ, રોગ, શોક, ચિંતા, દૌર્ભાગ્ય, દારિદ્ર આદિ દુઃખ અનુભવવું,–એ બધા ભવરોગના વિકાર છે.

(૧૧) રોગથી જેમ વિચિત્ર પ્રકારનો મોહ ઉપજે છે, તેમ ભવરોગથી વિચિત્ર પ્રકારનો મોહ ઉપજે છે. રોગથી જેમ કમળારૂપ પિત્તવિકારને લીધે ધોળી વસ્તુ પણ પીળી દેખાવારૂપ દૃષ્ટિદોષ થાય છે; તેમ ભવરોગથી મિથ્યાત્વ ઉદયને

વિચિત્ર મોહ આદિ લીધે અસત્‌માં સત્‌બુદ્ધિ ને સત્‌માં અસત્‌બુદ્ધિરૂપ દૃષ્ટિદોષ-**દર્શનમોહ** ઉપજે છે. રોગથી જેમ રોગાકુલ દરદી પોતે પોતાનું ભાન ભૂલી જાય છે, તેમ ભવરોગાર્ત્ત જંતુને આત્માના સ્વસ્વરૂપનું ભાન રહેતું નથી. બેભાનપણામાં જેમ દરદી પોતાની વસ્તુને પારકી ને પારકી વસ્તુને પોતાની કહેવારૂપ ભ્રાંતિને સેવે છે, તેમ આત્મસ્વરૂપના અભાનપણામાં ભવરોગી પરવસ્તુને પોતાની ને સ્વવસ્તુને પારકી ગણવારૂપ મિથ્યા ભ્રાંતિને સેવે છે. (૧૨) રોગી જેમ પોતાની મૂળ આરોગ્યમય અસલ સ્વભાવસ્થિતિમાં હોતો નથી, પણ રોગકૃત વિકૃત અવસ્થામાં હોય છે, તેમ ભવરોગી પોતાની મૂળ અસલ સહજ સ્વભાવસ્થિતિમાં વર્ત્તતો નથી, પણ ભવરોગકૃત વિભાવરૂપ વિકૃત દશામાં વર્ત્તતો હોય છે. (૧૩) રોગથી મુંઝાઇ ગયેલા–મોહમૂઢ રોગીનું આચરણ જેમ વિષમ હોય છે, તેમ ભવરોગથી મોહિત થયેલા–મુંઝાઇ ગયેલા મોહમૂઢ જીવનું આચરણ પણ મહામોહમય વિષમ હોય છે, સ્વભાવથી વિપરીત હોય છે. (૧૪) રોગથી જેમ સ્વભાવ ચીઢીયો થઇ જવાથી દરદી વાતવાતમાં ચીઢાઇ જાય છે, તેમ ભવરોગથી ચીઢીયો થઇ ગયેલો આ ભવરોગી પણ વાતવાતમાં ક્રોધાદિ કષાયાકુલ થઈ આવેશમાં આવી જાય છે! 'કમ જોર ને ગુસ્સા બ્હોત' કરે છે! (૧૫) રોગથી જેમ શરીરે તીવ્ર વેદના–પીડા ઉપજે છે, તેમ ભવરોગથી આત્માને સ્ત્રી આદિ પ્રત્યેના આસક્તિભાવને લીધે **રાગદ્વેષાદિ તીવ્ર વેદના** ઉપડે છે.–આમ અમુક અમુક ચોક્કસ ચિહ્નો પરથી

જેમ રોગનું નિદાન-પરીક્ષા (Diagnosis) થઇ શકે છે, તેમ નાના પ્રકારના પ્રતિનિયત-ચોક્કસ ચિહ્નો પરથી **ભવરોગનું નિદાન** થઇ શકે છે.

સાધ્યાસાધ્ય નિર્ણય

અને રોગીની તથાપ્રકારની અવસ્થા ઉપરથી જેમ રોગની સુસાધ્યતાનો કે દુઃસાધ્યતાનો કે અસાધ્યતાનો નિર્ણય કરી શકાય છે, તેમ જીવની તથાપ્રકારની ભવ્યતા-અભવ્યતારૂપ, યોગ્યતા-અયોગ્યતારૂપ દશાવિશેષ ઉપરથી આ જીવનો ભવરોગ સુસાધ્ય છે? કે દુઃસાધ્ય છે? કે અસાધ્ય છે? તેનો પ્રાક્નિર્ણય (Prognosis) થઇ શકે છે. જેમકે-(૧) રોગી ઉપર અજમાવવામાં આવેલ ઔષધિની તાત્કાલિક ઘણી સુંદર અસર થાય તો જેમ રોગીનો રોગ સુસાધ્ય છે એમ જણાય છે, તેમ સમ્યગ્દર્શનાદિ યથાયોગ્ય ઔષધિના પ્રયોગથી જે જીવના પર તાત્કાલિક પ્રશસ્ત આત્મપરિણામરૂપ-ભાવરૂપ ઘણી સુંદર અસર થાય છે, તે જીવ **નિકટભવ્ય** છે અને તેનો ભવરોગ **સુસાધ્ય** છે, એમ નિશ્ચિત થાય છે. (૨) રોગી પર પ્રયોજેલ ઔષધિની લાંબા વખતે કંઇક અસર થાય તો જેમ આ રોગ દુઃસાધ્ય છે એમ ખાત્રી થાય છે, તેમ રત્નત્રયીરૂપ સદ્ઔષધના પ્રયોગથી જે જીવના પર ચિરકાળે શુભ ભાવરૂપ કંઇક સુંદર અસર થાય, તો તે જીવ **દૂરભવ્ય** છે, ને તેનો ભવરોગ **દુઃસાધ્ય** (Difficult to cure) છે એમ સમજાય છે. (૩) રોગી પર ગમે તેટલા ઉત્તમ ઔષધોનો પ્રયોગ કરવામાં આવે છતાં અતિ અતિ ચિરકાળે પણ જેના પર કંઇ પણ અસર ઉપજતી નથી, દવાની કંઇ પણ 'ટીકી' લાગતી નથી, 'પત્થર પર પાણી ઢોળ્યા' જેવું થાય છે, ને રોગ ઉલટો વધતો જાય છે, તે રોગીનો રોગ જેમ અસાધ્ય કોટિમાં (Incurable) આવે છે; તેમ જે જીવ પર ગમે તેટલા ઉત્તમ દર્શનાદિ સદ્-ઔષધોની માત્રા અજમાવવામાં આવે, પણ ઘણા લાંબા વખતે પણ કંઇ પણ સદ્ભાવની ઉત્પત્તિરૂપ સુંદર અસર નીપજતી નથી, કંઇ પણ ગુણ ઉપજતો નથી, 'ઘડો કોરો ને કોરો ધાકોડ' રહે છે, ને ઉલટી અભિમાનાદિ વિપરિણામરૂપ અસર થઇ રોગ ઉલટો વૃદ્ધિ પામે છે, તે જીવ **અભવ્ય**-અસાધ્ય કોટિનો (Incurable) છે, અને તેનો ભવ-રોગ અસાધ્ય છે એમ પ્રતીત થાય છે. આમ રોગીના ચિહ્ન ઉપરથી-દશાવિશેષ ઉપરથી જેમ રોગના ભાવિ પરિણામનું અનુમાન (Prognosis) અગાઉથી બંધાય છે, તેમ ભવરોગીના ચિહ્ન ઉપરથી-દશાવિશેષ ઉપરથી તેના ભવરોગના પરિણામનું અનુમાન અગાઉથી કરી શકાય છે.

રોગીની વિવિધતા

વળી રોગી-રોગીમાં પણ ફરક હોય છે; કોઇ સમજુ, કોઇ અણસમજુ હોય છે, કોઇ બાલ, કોઇ વૃદ્ધ, ઇત્યાદિ પ્રકાર હોય છે. તેમ ભવરોગીમાં પણ તફાવત હોય છે; કોઇ સમજુ, કોઇ અણસમજુ, કોઇ બાલ, કોઇ વૃદ્ધ, ઇત્યાદિ પ્રકાર હોય છે. કારણ કે ઉપર કહ્યા પ્રમાણે રોગના દુઃખમય સ્વરૂપને જે જાણે છે, તે વિવેકી સુજ્ઞ રોગી જેમ બને તેમ જલદી રોગ નિર્મૂળ થાય એમ

ખરા અંતઃકરણથી ઇચ્છે છે. એટલે તે ડાહ્યો સમજુ રોગી જેમ કુશળ સદ્‌વૈદ્યનું શરણ લે છે, અને પોતાનું ડહાપણ ડહોળ્યા વિના વૈદ્યની સૂચના મુજબ ઔષધ-પ્રયોગ કરે છે, અને તેથી કરીને રોગમુક્ત થાય છે. તેમ સમ્યક્ સમજણવાળો ડાહ્યો સમજુ **'પંડિત'** જીવ સદ્‌ગુરુરૂપ સુજાણ સદ્‌વૈદ્યનું શરણ લે છે, અને પોતાની મતિ-કલ્પનારૂપ સ્વચ્છંદનું ડોઢડહાપણ છોડી દઇ શ્રીમદ્ સદ્‌ગુરુની આજ્ઞાનુસાર રત્નત્રયી ઔષધનું પ્રતિસેવન કરે છે, અને તેથી તે ભવરોગથી મુક્ત થાય છે. પણ કુપથ્યસેવનમાં આસક્ત એવો અણસમજુ રોગી જેમ મીઠું મીઠું અનુકૂળ વદનારા ઊંટવૈદ્યને (Quack) પકડે છે, અને તેણે બતાવેલ ઊંટવૈદું સેવીને ઉલટો હાથે કરીને હેરાન થાય છે ને રોગ-મુક્ત થતો નથી; તેમ વિષય-કદન્નમાં આસક્ત એવો **બાલ** અણસમજુ જીવ વિષયાનુકૂળ-પ્રથમ દૃષ્ટિએ મીઠા લાગતા પણ પરિણામે હાલાહલ ઝેર જેવા વચન વદનારા મિથ્યાદૃષ્ટિ અસદ્‌ગુરુરૂપ ઊંટવૈદ્યનો આશ્રય કરે છે, અને તે અનાડી વૈદ્યના અનાડી ઉપાયથી હાથે કરીને ભવકૂપમાં ઊંડો ઉતરે છે ને ભવરોગથી મુક્ત થતો નથી. ઇત્યાદિ પ્રકારે રોગી રોગીના પ્રકાર હોય છે, અને તે ઉપરથી પણ રોગની સાધ્યતા-અસાધ્યતાના પ્રાક્કથનમાં (Prognosis) પણ ફરક પડે છે.

તેમજ-રોગ જેમ યથાયોગ્ય ચિકિત્સાથી (Right treatment) કાબૂમાં આવે છે ને મટે છે, તેમ ભવરોગ પણ યથાયોગ્ય ચિકિત્સાથી કાબૂમાં આવે છે ને મટી જાય છે.

રોગચિકિત્સા

રોગચિકિત્સામાં પ્રથમ જેમ રોગના મૂળ નિદાનને, કારણને, સ્વરૂપને, ચિહ્નને, પરિણામને અને ચિકિત્સાને બરાબર જાણનારા કુશળ નિષ્ણાત (Expert, Specialist) સદ્‌વૈદ્યની જરૂર છે; તેમ ભવરોગની ચિકિત્સામાં પણ ભવરોગના મૂળ નિદાનને, કારણને, સ્વરૂપને, ચિહ્નને, પરિણામને અને નિવારણરૂપ ચિકિત્સાને યથાર્થપણે બરાબર જાણનારા કુશળ જ્ઞાની **સદ્‌ગુરુરૂપ 'સુજાણ' સદ્‌-વૈદ્યની** અનિવાર્ય જરૂર પડે છે. વળી રોગના નિવારણમાં જેમ ઉત્તમ ઔષધની જરૂર પડે છે, તેમ ભવરોગના નિવારણમાં સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સદ્ ઔષધત્રયીની જરૂર પડે છે. પથ્ય અનુપાન સાથે ઓસડનું બરાબર સેવન કરવામાં આવે તો જ તે ફાયદો કરે છે, ગુણકારી થાય છે, નહિં તો ઉલ્ટું અનર્થકારક થઇ પડે છે; તેમ **ગુરુઆજ્ઞારૂપ પથ્ય** અનુપાન સાથે જો પરમ અમૃતસ્વરૂપ રત્નત્રયી ઔષધિનું સમ્યક્ સેવન કરવામાં આવે, તો જ તે ગુણકારી-આત્મોપકારી થાય છે, નહિં તો આત્માર્થ-હાનિરૂપ અનર્થ વિપરિણામ નીપજાવે છે. પરમ આત્મદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** સુભાષિત છે કે:—

"આત્મભ્રાંતિ સમ રોગ નહિં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિં, ઔષધ વિચાર ધ્યાન."—**શ્રી આત્મસિદ્ધિ.**

અને આમ યથાયોગ્યપણે ઔષધપ્રયોગથી રોગ નિર્મૂળ થતાં રોગી જેમ નીરોગી બને

છે, સાજોતાજો–હૃષ્ટપુષ્ટ થાય છે, અને આનંદનિમગ્ન સ્વસ્થ અવસ્થા માણે છે; તેમ યથાયોગ્યપણે સમ્યક્ રત્નત્રયીરૂપ ઔષધપ્રયોગથી ભવરોગ નિર્મૂળ થતાં જીવ નીરોગી–ભાવઆરોગ્ય સંપન્ન બને છે, સાજોતાજો–નિરામય તથા શુદ્ધ ચૈતન્યરસના પાનથી હૃષ્ટપુષ્ટ થાય છે, અને પરમાનંદ-નિમગ્ન સહજાત્મસ્વરૂપ સ્થિતિમાં પરમ સ્વસ્થ અવસ્થા અનુભવે છે– ઇત્યાદિ અનેક પ્રકારે ભવનું રોગ સાથે સામ્ય–સરખામણું ઘટાવી શકાય છે, તેથી તેને રોગની ઉપમા બરાબર છાજે છે. એ અત્ર સંક્ષેપમાં યથામતિ દિગ્દર્શનમાત્ર દર્શાવ્યું છે. વિશેષ સ્વમતિથી સમજી લેવું.

આરોગ્ય સ્વાસ્થ્ય

વળી આ ભવરોગને **'મહા'** કહ્યો તે પણ સહેતુક છે, કારણ કે પોતપોતાના વર્ગમાં–જાતિમાં જે શ્રેષ્ઠ–મોટો હોય તે 'મહા' કહેવાય છે. દા૦ ત૦ મહાકવિ, મહારાજા, મહાવીર, મહામુનિ; અને ભવરોગનું મહત્પણું–મોટાપણું અનેક પ્રકારે છે. જેમકે–(૧) માણસના શરીરમાં ઉપજતો રોગ અમુક મર્યાદિત સમય સુધીનો અથવા વધારેમાં વધારે યાવજ્જીવ–આ જીંદગી પર્યંત ટકે એવો હોય છે; પણ આ ભવરોગ તો અનાદિ કાળથી આ જીવને લાગુ પડેલો અને ભવોભવ ચાલી આવેલો હોઇ, હજુ પણ આ જીવનો કેડો મૂકતો નથી! આમ અતિ અતિ દીર્ઘ સ્થિતિને (Duration) લઇ આ ભવરોગ 'મહાન્' છે. (૨) મનુષ્યના શરીરમાં દૃશ્ય થતો રોગ જો કે તીવ્ર વેદના ઉપજાવે છે, તો પણ ભવરોગથી નરકાદિમાં (જુઓ ગાથા પૃ. ૨૦૨ ફૂટનોટ) ઉપજતી વેદના એટલી બધી તીવ્ર હોય છે કે તેની પાસે ગમે તેવો આકરો રોગ કંઇ વિસાતમાં નથી. રોગથી જે શારીરિક–માનસિક દુઃખ ભોગવવું પડે છે તેના કરતાં અનંતગણું શારીરિક–માનસિક દુઃખ આધિ, વ્યાધિ, ઉપાધિરૂપે ભવરોગથી વેઠવું પડે છે. ચાર ગતિમાં જન્મમરણાદિથી અનંત અનંત દુઃખ વેદના–યાતના ખમવી પડે છે આમ તીવ્રતાને લઇ (Acuteness & Intensity) પણ ભવરોગની મહત્તા છે. (૩) બાહ્ય રોગને સાધવો–મટાડવો એ કાંઇ એટલી બધી મુશ્કેલ વાત નથી, પણ આ ભવરૂપ ભવરોગ સાધવો–મટાડવો એ મહા મહાદુષ્કર વાર્તા છે. એટલે કૃચ્છ્રસાધ્યતાથી અથવા અસાધ્યતાથી પણ આ ભવરોગ 'મહાન્' છે–મોટો છે. (૪) બાહ્ય રોગ અતિ તીવ્ર હોય તો કવચિત્ એક જ વારના મરણમાં પરિણમે છે, પરંતુ આ અતિ તીવ્ર ભવરોગ તો સદાય અનંતવારના જન્મમરણમાં પરિણમે છે. આમ પરિણામદૃષ્ટિથી પણ આ ભવરોગ અતિ મોટો છે.

'મહા' રોગ કેમ કહ્યો ?

ઇત્યાદિ પ્રકારે આ **ભવ–સંસાર** ખરેખર મહારોગ જ છે. એને મીટાવવાને વિવેકી બદ્ધપરિકર થઇ જરૂર કમ્મર કસે જ, સર્વાત્માથી સર્વ પ્રયાસ કરી છૂટે જ. ક્ષણિક જીંદગીના એક સામાન્ય રોગને મટાડવાને લોકો કેટલી બધી જહેમત ઊઠાવે છે? કેવા આકાશપાતાલ એક કરે છે? કેટલા વૈદ્ય–ડાક્તર

મુમુક્ષુનું કર્ત્તવ્ય

ભેગા કરે છે? ઔષધાદિ અંગે કેટલો બધો ખર્ચ કરે છે? તો પછી આવા આ અનાદિના મહારોગને મીટાવવાને માટે આત્માર્થી મુમુક્ષુ કેમ બને તેટલી જહેમત ન ઊઠાવે? કેમ અપૂર્વ આત્મ-પુરુષાર્થ ન કરે? પોતાના તન-મન-ધન-વચનની સમસ્ત શક્તિ કેમ ન ખરચી નાંખે? રત્નત્રયી ઔષધિનું પરમ અમૃતપાન પરમ પ્રેમથી કેમ ન કરે? સદ્‌ગુરુ આજ્ઞારૂપ પથ્યનું પરમ ઉત્સાહથી કેમ પાલન ન કરે?

卐

मुख्योऽयमात्मनोऽनादिचित्रकर्मनिदानजः ।
तथानुभवसिद्धत्वात्सर्वप्राणभृतामिति ॥१८९॥

મુખ્ય આ જીવને ઉપજ્યો, અનાદિ ચિત્ર કર્મજ;
તેમ અનુભવસિદ્ધ છે, સર્વ પ્રાણીઓને જ. ૧૮૯

અર્થ :—આ ભવવ્યાધિ આત્માનો મુખ્ય-નિરુપચરિત એવો વ્યાધિ છે; અને તે અનાદિ એવા વિચિત્ર કર્મના નિદાનથી-કારણથી ઉપજેલો છે; કારણકે સર્વ પ્રાણીઓને તેનું તેવા પ્રકારે અનુભવસિદ્ધપણું છે.

વિવેચન

જીવનો આ જે **ભવવ્યાધિ** છે તે **મુખ્ય** છે, નિરુપચરિત એવો ખરેખરો છે. અને તે અનાદિ એવા દ્રવ્ય-ભાવ ભેદથી ભિન્ન વિચિત્ર કર્મના બલથી ઉત્પન્ન થયેલો છે; કારણકે જન્મ-મરણાદિ વિકારોના પ્રત્યક્ષ અનુભવ વડે કરીને, તે તિર્યંચ વગેરે સર્વ પ્રાણીઓને પણ અનુભવસિદ્ધ છે.

ઉપરમાં જે ભવવ્યાધિનો ઉલ્લેખ કરવામાં આવ્યો તે ભવવ્યાધિ કાંઇ કલ્પનારૂપ નથી, કાલ્પનિક નથી, કથનમાત્ર ઉપચારરૂપ નથી, પરંતુ ખરેખરો છે, મુખ્ય છે, નિરુપચરિત એવો પારમાર્થિક છે. તે કાંઇ ઉત્પ્રેક્ષારૂપ કવિકલ્પનાનો તરંગ નથી, કલ્પિત નથી, પણ ખરેખરી વસ્તુસ્થિતિરૂપ સત્ય હકીકત (Actual Fact, Reality) છે. કારણકે જે પારમાર્થિકસત્ વસ્તુસ્વરૂપે નિરુપચરિત હોય તે 'મુખ્ય' કહેવાય છે. અને ઉપચાર પણ જો મુખ્ય-પારમાર્થિકસત્ વસ્તુ હોય તો જ થઇ શકે છે, નહિં તો નહિં. જો ભવરૂપ વસ્તુ જ ન હોત, તો તેનો વ્યાધિરૂપે ઉપચાર પણ ન થઇ શકત. પણ ભવ

ભવવ્યાધિ મુખ્ય પરમાર્થ સત્

વૃત્તિઃ—मुख्यः—મુખ્ય, નિરુપચરિત, अयम्—આ, ભવ્યાધિ आत्मनो—આત્માનો જીવનો, કેવા પ્રકારનો? તોકે—**अनादिचित्रकर्मनिदानजः**—અનાદિ એવા ચિત્ર કર્મરૂપ કારણથી જન્મેલો,—દ્રવ્ય-ભાવ ભેદથી ભિન્ન એવા કર્મના બલથી ઉત્પન્ન એમ અર્થ છે. કયા કારણથી? તો કે—**तथानुभवसिद्धत्वात्**—તથાપ્રકારે અનુભવ-સિદ્ધપણાને લીધે, જન્માદિના અનુભવથી. **सर्वप्राणिभृतामिति**—સર્વપ્રાણીઓને પણ,—તિર્યંચ પ્રમુખને પણ.

તો ખરેખરી વસ્તુસ્થિતિરૂપ–સદ્ભાવરૂપ છે જ, એટલે જ તેનો વ્યાધિરૂપે ઉપચાર પણ કરી શકાયો છે. વ્યાધિ એ રૂપક–કલ્પના–ઉપચાર ભલે હો, પણ **'ભવ'** એ કાંઇ રૂપક—કલ્પના–ઉપચાર નથી. ભવ એ તો સત્ય હકીકત (Absolute reality) **નિરુપચરિત** ઘટના છે, મુખ્ય એવી પારમાર્થિક વસ્તુસ્થિતિ છે. એ મુખ્ય 'છતી' પ્રગટ વસ્તુ છે, તેને યથાર્થપણે સમજવા માટે આ વ્યાધિરૂપ રૂપક ઘટના–ઉપચારકથન છે. અને આ ઉપચારરૂપ વ્યવહાર પણ પરમાર્થરૂપ મુખ્ય વસ્તુના સદ્ભાવે જ ઘટે છે, શોભે છે. જેમકે–વાસ્તવિક વ્યાધિનું અસ્તિત્વ છે, તો તેનો ઉપમારૂપે ઉપચારરૂપ× વ્યવહાર કરી શકાય છે; વાસ્તવિક સિંહનું અસ્તિત્વ છે, તો 'સિંહ–માણવકનો'–બીલાડીને સિંહની ઉપમાનો ઉપચાર કરાય છે, પુરુષ–સિંહનો વ્યવહાર કરાય છે, પણ તેનું અસ્તિત્વ જ ન હોત તો તેવો કોઇ ઉપચાર વ્યવહાર બની શકત નહિં. દાખલા તરિકે–વંધ્યાસુતનું, કે આકાશપુષ્પનું, કે શશશૃંગનું અસ્તિત્વ જ નથી, એટલે તેનો ઉપચાર પણ સંભવતો નથી.

આ ભવરોગ **અનાદિ** એવા વિચિત્ર **કર્મરૂપ કારણથી** ઉત્પન્ન થયેલો છે. કોઇ પણ કાર્યનું કંઇ ને કંઇ કારણ હોવું જ જોઇએ, એ સનાતન નિયમ પ્રમાણે ભવરૂપ કાર્યનું કંઇ ને કંઈ કારણ હોવું જ જોઇએ. એટલે રોગ જેમ ચોક્કસ કારણકલાપથી ઉપજે છે, તેમ આ ભવરોગ પણ દ્રવ્ય–ભાવ ભેદથી ભિન્ન એવા વિચિત્ર કર્મરૂપ કારણથી ઉત્પન્ન થયેલો છે. અને આ કર્મરૂપ નિદાન–કારણ અનાદિ છે. એટલે આ કર્મ આ આત્મા સાથે અનાદિનું જોડાયેલું–સંલગ્ન છે, સંયોગ સંબંધથી બંધાયેલું છે. પ્રકૃતિની અને પુરુષની આ જોડી અનાદિ છે,–કનકપાષાણમાં સોનાનો ને માટીનો સંયોગ જેમ અનાદિ છે તેમ.

"કનકોપલવત્ પયડિ પુરુષ તણી, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગી જિહાં લગી આતમા, સંસારી કહેવાય."—**શ્રી આનંદઘનજી**

"જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઇ ન કર્ત્તા તેહનો, ભાખે જિન ભગવંત."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

કર્મ–આત્માનો આ સંયોગ સંબંધ જો અનાદિ ન માનીએ તો આમ વિરોધ આવે છેઃ–જો કર્મને પહેલું માનીએ તો આત્મા વિના કર્મ કર્યા કોણે? અને તે લાગ્યા કોને ? જો કેવલ શુદ્ધ આત્માને પહેલો માનીએ તો શુદ્ધ આત્માને કર્મ લાગવાનું પ્રયોજન શું ? અને લાગે છે એમ માનીએ, તો શુદ્ધ એવા સિદ્ધ આત્માને પણ કેમ નહિં લાગે ? વળી મરઘી પહેલી કે ઇંડું પહેલું ? વૃક્ષ પહેલું કે બીજ પહેલું ? તેનો

×"उपचारोऽपि च प्रायो लोके यन्मुख्यपूर्वकः ।
दृष्टस्ततोऽप्यदः सर्वमित्थमेव व्यवस्थितम् ॥" **શ્રી યોગબિંદુ, શ્લો. ૧૫**

નિર્ણય જેમ કહી શકાતો નથી ને બન્ને અનાદિ જ માનવાનું પ્રાપ્ત થાય છે, તેમ અત્રે પણ કર્મ–આત્માનો સંબંધ ×અનાદિ જ સંસિદ્ધ થાય છે.

"જીવ પહેલો કે કર્મ ?–બન્ને અનાદિ છે. જીવ પહેલો હોય તો એ વિમળ વસ્તુને મળ વળગવાનું કંઇ નિમિત્ત જોઇએ. કર્મ પહેલા કહો તો જીવ વિના કર્મ કર્યા કોણે ? એ ન્યાયથી બન્ને અનાદિ છે." —**શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત શ્રી મોક્ષમાળા.**

આ અનાદિ કર્મ વિચિત્ર છે–અનેક પ્રકારનું છે, અને તે **દ્રવ્ય–ભાવ** ભેદમાં વિભક્ત થયેલું છે. **દ્રવ્ય કર્મ** તે પુદ્ગલ પરમાણુરૂપ, અને **ભાવકર્મ** તે આત્મપરિણામ-રૂપ છે. રાગ–દ્વેષ–મોહ એ અશુદ્ધ આત્મપરિણામ તે ભાવકર્મ છે, અને જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ તે દ્રવ્ય કર્મ છે. તે આઠ કર્મની સામાન્ય સમજ આ પ્રકારે:—

"**જ્ઞાનાવરણીય** એટલે આત્માની જ્ઞાન સંબંધીની જે અનંત શક્તિ છે તેને આચ્છાદન થઇ જવું તે. **દર્શનાવરણીય** એટલે આત્માની જે અનંત દર્શનશક્તિ છે તેને આચ્છાદન થઇ જવું તે. **વેદનીય** એટલે દેહ નિમિત્તે સાતા અસાતા બે પ્રકારનાં વેદનીય કર્મ, એથી અવ્યાબાધ સુખરૂપ આત્માની શક્તિ રોકાઇ રહેવી તે. **મોહનીયકર્મ** એટલે આત્મચારિત્રરૂપ શક્તિ રોકાઇ રહેવી તે. **આયુકર્મ** એટલે અક્ષય સ્થિતિ ગુણ રોકાઇ રહેવો તે. **નામકર્મ** એટલે અમૂર્તિરૂપ દિવ્ય શક્તિ રોકાઇ રહેવી તે. **ગોત્રકર્મ** એટલે અટલ અવગાહનારૂપ આત્મિક શક્તિ રોકાઇ રહેવી તે. **અંતરાય** કર્મ એટલે અનંત દાન, લાભ, વીર્ય, ભોગ અને ઉપભોગ શક્તિ રોકાઇ રહેવી તે."

—**શ્રી મોક્ષમાળા, પા. ૧૦૨.**

આ આઠ **મૂળ** પ્રકૃતિના વળી **ઉત્તર** અનેક ભેદ છે. અને તેના બંધના ચાર પ્રકાર છે: પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ. તેમાં સ્થિતિબંધ–રસબંધ કષાયથી થાય છે, અને પ્રકૃતિબંધ–પ્રદેશબંધ મન–વચન–કાયાના યોગથી થાય છે. તે તે કર્મોના બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, કર્મવિચ્છેદ, ઘાતિ, અઘાતિ વગેરે અનેક સૂક્ષ્મ પ્રકારો **કર્મગ્રંથ, પંચાધ્યાયી, ગોમટ્ટસાર** આદિ મહાગ્રંથરત્નોથી તત્ત્વરસિકે સમજવા યોગ્ય છે.

'પદ્મપ્રભ જિન ! તુઝ મુઝ આંતરું, કિમ ભાંજે ભગવંત ?
કર્મ વિપાકે હો કારણ જોઇને, કોઇ કહે મતિમંત....પદ્મ૦
પયડિ ઠિઇ અણુભાગ પ્રદેશથી, મૂળ ઉત્તર બહુ ભેદ;
ઘાતિ અઘાતિ બંધ ઉદય ઉદીરણા, સત્તા કર્મવિચ્છેદ....પદ્મ૦"—**શ્રી આનંદઘનજી.**

×" योग्यतामन्तरेणास्य संयोगोऽपि न युज्यते ।
सा च तत्तत्त्वमित्येवं तत्संयोगोऽप्यनादिमान् ॥ "—શ્રી યોગબિન્દુ શ્લો. ૧૦

આ **ભાવકર્મ-દ્રવ્યકર્મનો** પરસ્પર કાર્ય-કારણ સંબંધ છે રાગાદિ ભાવકર્મના નિમિત્તથી જ્ઞાનાવરણીયાદિ દ્રવ્ય કર્મની ઉત્પત્તિ થાય છે, અને દ્રવ્ય કર્મના નિમિત્તથી પુનઃ રાગાદિ ભાવકર્મની ઉત્પત્તિ થાય છે. આમ એક બીજાની સાંકળ ચક્રભ્રમણ ન્યાયે ચાલ્યા કરે છે, અને દુષ્ટ અનંતચક્ર (Vicious circle) સ્થાપિત થાય છે. પણ રાગાદિ ભાવકર્મ જો અટકાવી દેવામાં આવે—જે અટકાવવું મોટરની બ્રેઇકની જેમ આત્માના પોતાના હાથની વાત છે—તો તે દુષ્ટ ચક્ર આપોઆપ ત્રુટી પડે છે, ને કર્મચક્રગતિ અટકી પડતાં ભવચક્રગતિ અટકી પડે છે. આ સંબંધી ઘણો સૂક્ષ્મ વિવેકવિચાર શ્રી **સમયસાર**×, **પ્રવચનસાર** આદિ ગ્રંથરાજોમાં પ્રદર્શિત કરવામાં આવ્યો છે,—જે મુમુક્ષુએ અત્યંત મનન કરવા યોગ્ય છે.

દ્રવ્ય-ભાવ કર્મની સંકલના

આકૃતિ : ૧૫



આમ અનાદિ એવા વિચિત્ર કર્મથી ઉત્પન્ન થયેલો આ ભવરોગ મુખ્ય-નિરુપચરિત કહ્યો, તેનું પ્રમાણ શું ? એમ કોઇ પૂછે તો તેનો સીધો, સરળ ને સચોટ જવાબ એ છે કે—તે સર્વ પ્રાણીઓને **અનુભવસિદ્ધ** છે. એટલે કે અનુભવરૂપ પ્રબળ પ્રત્યક્ષ પ્રમાણ અત્ર છે. કારણકે તિર્યંચાદિ સર્વ પ્રાણીઓને આ ભવવ્યાધિ તથાપ્રકારે પોતાના અનુભવમાં આવી રહ્યો છે; તેઓ જન્મ-જરા-મરણ-રોગ-શોક-ભય આદિરૂપે આ ભવવ્યાધિનું મહાદુઃખ-વસમી પીડા પ્રત્યક્ષ વેઠી રહ્યા છે. આ જન્મમરણાદિ આપનારો ભવવ્યાધિ એ કલ્પના નથી, પણ સર્વને સાક્ષાત્ **અનુભવસિદ્ધ 'હકીકત'** છે, વસ્તુસ્થિતિરૂપ સિદ્ધ વાર્ત્તા છે; તોપછી આથી વધારે બીજું પ્રમાણ ગોતવા દૂર જવાની જરૂર નથી.

× " जीवपरिणामहेदुं कम्मत्तं पुग्गला परिणमंति ।
पुग्गलकम्मणिमित्तं तहेव जीवो विपरिणमइ ॥"—શ્રી કુંદકુંદાચાર્યજીકૃત **શ્રી સમયસાર.**

ભવ અને વ્યાધિની તુલના-કોષ્ટક ૧૫

જીવ = રોગી	અભવ્ય = અસાધ્ય રોગી
ભવ = વ્યાધિ-મુખ્ય	દૂરભવ્ય = દુઃસાધ્ય રોગી
જન્મ મરણ = વિકાર	આસન્નભવ્ય = સુસાધ્ય રોગી
મોહ = પરિણામ	સદ્‌ગુરુ = સુવૈદ્ય
રાગાદિ = વેદના	રત્નત્રયી = ઔષધ
કર્મ-દ્રવ્ય-ભાવ=ભવરોગ હેતુ	ભવમુક્ત-મુક્ત = વ્યાધિ મુક્ત

卐

एतन्मुक्तश्च मुक्तोऽपि मुख्य एवोपपद्यते ।
जन्मादिदोषविगमात्तददोषत्वसंगतेः ॥ १९० ॥

એથી મુક્ત પણ મુક્તનું, ઘટતું મુખ્યપણું જ;
(કારણ) જન્માદિ દોષ ટળ્યે ઘટે, અદોષત્વ તેનું જ. ૧૯૦

અર્થ:—અને આ ભવવ્યાધિથી મુક્ત થયેલો મુક્ત પણ મુખ્ય જ એવો ઘટે છે; કારણકે જન્માદિ દોષના દૂર થવાથકી, તેના અદોષપણાની સંગતિ હોય છે.

વિવેચન

ઉપરમાં 'મુખ્ય' એવો જે ભવવ્યાધિ કહ્યો, તેનાથી મુક્ત થયેલો **મુક્ત**-સિદ્ધ પણ મુખ્ય જ ઘટે છે, કારણ કે પ્રવૃત્તિ નિમિત્તનો ભાવ છે. એટલે કે જન્માદિ દોષના દૂર થવારૂપ કારણ થકી તેના અદોષપણાની સંગતિ છે-ઘટમાનપણું છે.

ભવવ્યાધિ જે મુખ્ય-નિરુપચરિત સાબીત કરવામાં આવ્યો, તે ભવવ્યાધિમાંથી મુક્ત થયેલો મુક્ત-સિદ્ધ પણ મુખ્ય જ, નિરુપચરિત જ, પારમાર્થિકસત્ જ હોવો ઘટે છે.

મુક્ત પણ મુખ્ય જ

કારણ કે પ્રવૃત્તિનિમિત્ત-તેવા પ્રકારે પ્રવૃત્તિનું નિમિત્ત-કારણ જો મુખ્ય હોય તો કાર્ય પણ મુખ્ય હોય, આ નિયમ છે. અને અહીં જન્માદિ દોષ દૂર થવારૂપ કારણ મુખ્ય છે, એટલે મુક્ત થવારૂપ કાર્ય પણ મુખ્ય છે. અને આમ જન્માદિ દોષના દૂર થવાથી એના અદોષપણાનું સંગતપણું હોય છે. કારણ કે રોગયુક્ત સરોગ પુરુષ રોગમુક્ત થતાં અરોગ કહેવાય છે,

---

વૃત્તિઃ-**एतन्मुक्तश्च**—અને આ ભવવ્યાધિથી મુક્ત એવો, **मुक्तोऽपि**-મુક્ત પણ, સિદ્ધ, **मुख्य एवोपपद्यते**-મુખ્ય જ ઉપપન્ન છે, ઘટે છે,—પ્રવૃતિ નિમિત્તના ભાવને લીધે. અને તેવા પ્રકારે કહે છે— **जन्मादिदोषविगमात्** જન્માદિ દોષના વિગમરૂપ-ટળવારૂપ કારણથકી, **तददोषत्वसंगतेः**-તે દોષવંતના અદોષપણાની પ્રાપ્તિને લીધે.

તેમ જન્મ મરણાદિ દોષથી યુક્ત સદોષ પુરુષ તે જન્માદિ દોષથી મુક્ત થતાં 'અદોષ' કહેવાય છે. આમ દોષના અપગમરૂપ—ચાલ્યા જવારૂપ કારણથી દોષવંતનું અદોષપણું ઘટે છે, માટે **'મુક્ત'** એ મુખ્ય જ એવો ઘટે છે. **તાત્પર્ય** કે—રોગ નષ્ટ થતાં કાંઇ પુરુષ નષ્ટ થઇ જતો નથી, પણ રોગમુક્ત પુરુષનો સદ્ભાવ જ હોય છે; તેમ ભવરોગ નષ્ટ થતાં કાંઇ પુરુષ—આત્મા નષ્ટ થઇ જતો નથી, પણ ભવરોગમુક્ત પુરુષનો-મુક્ત આત્માનો સદ્ભાવ જ હોય છે. જે દોષવંત હોય તે તેના **દોષનો અભાવ થતાં અદોષ** હોય છે, તેમ જન્માદિ દોષવંત આ આત્મા તે દોષનો અભાવ થતાં અદોષ એવો સિદ્ધ-મુક્ત આત્મા હોય છે. પણ દોષ અભાવે કાંઇ અદોષ પુરુષનો અભાવ હોતો નથી, તેમ જન્માદિ દોષ અભાવે કાંઇ અદોષ આત્માનો અભાવ હોતો નથી. જેમ અદોષપણું એ પુરુષની દોષ—અભાવાત્મક અવસ્થા છે, પણ પુરુષ અભાવરૂપ નથી; તેમ અદોષ એવું મુક્તપણું એ આત્માની જન્માદિ દોષ અભાવાત્મક અવસ્થા છે, પણ આત્મ—અભાવાત્મક નથી. ટુંકામાં રોગ અભાવે નિરોગી પુરુષ જ બાકી રહે છે, તેમ ભવરોગ અભાવે× નિરોગી શુદ્ધ આત્મા જ બાકી રહે છે.

આકૃતિ ૧૬



卐

આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે :—

तत्स्वभावोपमर्देऽपि तत्तत्स्वाभाव्ययोगतः ।
तस्यैव हि तथाभावात्तददोषत्वसंगतिः ॥१९१॥

તે આત્મના સ્વ-ભાવનો છે ઉપમર્દ છતાંય, તેના તે જ સ્વભાવના યોગ તણે સુપસાય;
તે જ આત્મનો ઉપજે, નિશ્ચે જ તથાભાવ, તેથીં ઘટે છે તેહનું અદોષત્વ અહિં સાવ. ૧૯૧

વૃત્તિઃ—तत्स्वभावोपमर्देऽपि—તે આત્માના સ્વભાવનો ઉપમર્દ છતાં. જન્માદિ ભાવના વિગમે કરીને—દૂર થવાપણાએ કરીને, तत्तत्स्वाभाव्ययोगतः—તેના તત્સ્વાભાવ્યના યોગથી; એટલે તેનું તત્સ્વાભાવ્ય, તેની સાથે યોગથી. તે આ પ્રકારે—તેનો એવા પ્રકારનો જ સ્વભાવ છે જેથી તે જ 'તથા' હોય છે. અને તેથી કરીને—तस्यैव हि—તેના જ, तथाभावात्—તથાભાવથી, જન્માદિના ત્યાગથી, જન્માદિ અતીતપણે ભાવથી, શું ? તો કે—तददोषत्वसंगतिः—તેના અદોષત્વની સંગતિ હોય છે. દોષવંતની જ અદોષત્વપ્રાપ્તિ હોય છે, એમ અર્થ છે

× " नष्ट वस्त्रे यथात्मानं न नष्टं मन्यते तथा ।
नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः ॥ " —શ્રી સમાધિશતક.

અર્થ :— તે આત્માના સ્વભાવનો ઉપમર્દ છતાં, તેના તત્સ્વાભાવ્યના–તેવા સ્વભાવપણાના યોગથી, તેના જ તથાભાવને લીધે, તેના અદોષપણાની સંગતિ હોય છે.

વિવેચન

તે આત્માનો સ્વભાવ ઉપમર્દ છતાં, જન્માદિ ભાવના દૂર થવાથી તેનો તત્સ્વાભાવ્ય સાથે યોગ હોય છે; અને તેથી કરીને તેનો જન્માદિ અતીતપણે '**તથાભાવ**' હોય છે, એટલે તેના **અદોષપણાની સંગતિ** હોય છે. અર્થાત્ દોષવંતને અદોષપણાની પ્રાપ્તિ ઘટે છે.

સ્વભાવ ઉપમર્દ

અનાદિ કાળથી આ આત્માના **સ્વભાવનો ઉપમર્દ** થયો છે–કચ્ચરઘાણ નીકળી ગયો છે. વિભાવના **આક્રમણથી** તે સ્વભાવ કચરાઇ ગયો છે, દબાઇ ગયો છે, ઘેરાઇ ગયો છે, આવૃત થયો છે, પણ મૂળ નાશ નથી પામ્યો. નિજ સ્વરૂપના જ્ઞાન–દર્શન–ચરણરૂપ **સ્વભાવ ધર્મ**ના વિયોગે જો કે તેને **વિભાવરૂપ અધર્મ** વળગ્યો છે, તો પણ વસ્તુનો જે સ્વજાતિ સ્વભાવ છે, તેનો કદી સમૂળગો અભાવ થતો નથી. માત્ર થાય છે એટલું જ કે–પર વિભાવને અનુગત–અનુસરતા એવા ચેતનથી તે કર્મે કરીને અવરાય છે–ઢંકાઈ જાય છે. અર્થાત્ આત્મા પરવસ્તુરૂપ વિભાવને અનુસર્યો, તેથી તે કર્મથી અવરાયો છે. સ્વભાવરૂપ '**સ્વધર્મ**' છોડી, તે વિભાવરૂપ 'પર ધર્મ'ને અનુસર્યો. તેથી કર્મરૂપ ભૂતના વળગાડથી તે પરધર્મ તેને સંસાર પરિભ્રમણ દુઃખવડે કરીને ખરેખર ! 'ભયાવહ' થઈ પડયો છે ! '**परधर्मो भयावहः ।**' આ પર એવો જે વિભાવ છે, તે પણ નૈમિત્તિક અર્થાત્ નિમિત્તથી ઉત્પન્ન થનારો હોઇ સંતતિથી અનાદિ છે, અને તેના નિમિત્તરૂપ જે પરભાવ છે–તે વિષયસંગાદિક છે, તે સંયોગે કરીને સાદિ છે. આમ વિષયાદિરૂપ પરભાવના નિમિત્તથી રાગાદિ વિભાવરૂપ અધર્મ ઉપજે છે, અને તેથી શુદ્ધ સ્વભાવરૂપ ધર્મથી ભ્રષ્ટ થઈ આત્મા સંસારમાં રખડે છે ને પરભાવનો કર્તા થાય છે. આમ પરભાવ–વિભાવથી આત્માના સ્વભાવનો ઉપમર્દ થાય છે–કચરાવાપણું થાય છે, અભિભૂતપણું–દબાઈ જવાપણું થાય છે. (જુઓ પૃ. ૪૯૪)

"વસ્તુ સ્વભાવ સ્વજાતિ તેહનો, મૂલ અભાવ ન થાય;
પર વિભાવ અનુગત ચેતનથી, કર્મે તે અવરાય."—**શ્રી દેવચંદ્રજી.**

"ચેતન જો નિજ ભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;
વર્ત્તે નહિં નિજ ભાનમાં, કર્ત્તા કર્મ પ્રભાવ."—**શ્રી આત્મસિદ્ધિ.**

જેમ પરચક્રના આક્રમણથી પુરમાં ઉપમર્દ–ઉપપ્લવ મચી રહે છે, અંધાધુંધી (chaos) ફેલાઇ જાય છે, સ્વ–પરનો ભેદ પરખાતો નથી, ને અરાજકતાથી સર્વત્ર ભયનું સામ્રાજ્ય વ્યાપી જાય છે, તેમ વિભાવરૂપ પરચક્રના આક્રમણથી

વિભાવ પરચ-ક્રથી ઉપપ્લવ

ચૈતન્ય-પુરમાં ઉપમર્દ થાય છે, ઉપપ્લવ મચે છે, અંધાધુંધી વ્યાપે છે, સ્વ-પરનો ભેદ પરખાતો નથી, સ્વ-પરની સેળભેળ-ગોટાળો થઈ જાય છે, અને ચેતન રાજના 'પદ'ભ્રષ્ટપણાથી અરાજકતાને લીધે સર્વત્ર ભયનું સામ્રાજ્ય જામી જાય છે! આમ વિભાવરૂપ અધર્મના સેવનથી, સ્વસ્થાનથી ચ્યુત થયેલો 'ઠેકાણાં વિનાનો,' સ્વરૂપપદથી ભ્રષ્ટ એવો આ આત્મા ચતુર્ગતિમય સંસારમાં રખડે છે, ને જન્મમરણાદિ અનંત દુઃખ ભોગવે છે.

તત્સ્વાભાવ્ય સાથે યોગ

આવા આ સ્વરૂપ-પદભ્રષ્ટ ચિદ્ઘન આત્માનો પુનઃ જ્યારે જન્માદિ ભાવના વિગમે કરીને **તત્સ્વાભાવ્ય** સાથે અર્થાત્ તેના પોતાના સ્વસ્વભાવપણા સાથે **'યોગ'** થાય છે, ત્યારે તેનો **'તથાભાવ'** હોય છે. એટલે કે તેનો જેવો **મૂળ** સ્વભાવ છે, તથાપ્રકારનો ભાવ તેને ઉપજે છે. આમ આત્મા જ્યારે **'પ્રતિક્રમણ'** કરી-પીછેહઠ કરી મૂળ અસલ સહજ તથાભાવરૂપ સ્વરૂપસ્થિતિને ભજે છે, વિભાવરૂપ 'પર ઘર' છોડી દઈ નિજ સ્વભાવરૂપ ઘરમાં આવે છે, ત્યારે તેનો જન્મમરણાદિરૂપ સંસાર વિરામ પામે છે, અને સ્વભાવસ્થિતિરૂપ મોક્ષ પ્રગટે છે, ને 'નિજ ઘર મંગલમાળ' થાય છે. 'આતમઘર આતમ રમે રે, નિજ ઘર મંગલમાલ રે.' (દેવચંદ્રજી).

'તથાભાવ'થી અદોષપણું

અને આમ **'તથાભાવ'** અર્થાત્ જેવો મૂળ સ્વભાવ છે તેવો ભાવ થવાથી જ તેનું અદોષપણું ઘટે છે, તે જન્માદિ દોષવંત મટી અદોષ બને છે. કારણ કે સ્વભાવ ઉપમર્દ કરનારા વિભાવરૂપ દોષથી તે દોષવંત હતો; તે વિભાવ દોષ ટળવાથી તેનો સ્વભાવ ઉપમર્દ થતો અટક્યો, એટલે તે અદોષ થયો, જેવો હતો તેવો રહ્યો. સ્વભાવ પદથી-પોતાના ઠેકાણાથી ભ્રષ્ટ થયો-ખસ્યો એ તેનો દોષ હતો, સ્વભાવમાં આવ્યો એટલે તે દોષ ટળ્યો, અને સ્વભાવપદમાં સ્થિતિ થવાથી-'ઠેકાણે આવ્યાથી' તે અદોષ થયો,-રોગીનો રોગ ટળતાં જેમ તે અરોગી હોય છે તેમ. તાત્પર્ય કે-અદોષ હોતાં, તે તથાભાવયુક્ત હોય છે, અર્થાત્ સ્વ-સ્વભાવપણાના યોગથી જેવો અસલ સહજ સ્વભાવે-**સહજાત્મસ્વરૂપે** હતો તેવો હોય છે. આમ ખરેખરા-મુખ્ય એવા જન્મમરણાદિ આપનારો સ્વભાવોપમર્દરૂપ વિભાવદોષ મુખ્ય હતો, એ જેમ ખરી વાત છે; તેમ વિભાવદોષ ટળી સ્વભાવમાં આવ્યાથી તે **'અદોષ'** થયો, એ પણ તેવી જ ખરેખરી મુખ્ય વાત છે. માટે 'અદોષ' એવો આ સ્વભાવસ્થિત **મુક્ત** આત્મા **મુખ્ય** છે, ખરેખરો છે, **નિરુપચરિત** છે, **પરમાર્થસત્** છે. એમ આ ઉપરથી સાબિત થયું.

આકૃતિ ૧૭



અને આ આમ અંગીકાર યોગ્ય છે તે કહે છે—

卐

स्वभावोऽस्य स्वभावो यन्निजा सत्तैव तत्त्वतः ।
भावावधिरयं युक्तो नान्यथातिप्रसङ्गतः ॥१९२॥

સ્વભાવ તસ સ્વભાવ છે, તત્ત્વથી નિજ સત્તા જ;
ભાવાવધિ આ-અન્યથા, અતિપ્રસંગથી ના જ. ૧૯૨

અર્થ :—આ આત્માનો સ્વ ભાવ તે સ્વભાવ છે, કારણ કે તત્ત્વથી નિજ સત્તા જ સ્વભાવ છે. આ સ્વભાવ ભાવાવધિ (ભાવની અવધિ પર્યંત) યુક્ત છે; અન્યથા નહિં,-અતિપ્રસંગને લીધે.

વિવેચન

આ આત્માનો સ્વભાવ તે સ્વ ભાવ છે, અને પરમાર્થથી—તત્ત્વથી જે **નિજ સત્તા જ તે સ્વભાવ** છે. આ જે સ્વભાવ છે તે ભાવાવધિ જ યુક્ત છે, એટલે કે ભાવની અવધિ-મર્યાદા પર્યંત જ યુક્ત છે,—નહિં તો યુક્ત નથી, કારણ કે અતિપ્રસંગ દોષ આવે છે.

ઉપરમાં આત્માનું સ્વભાવમાં આવ્યાથી અદોષપણું હોય એમ કહ્યું, તે **સ્વભાવ** એટલે શું ? તેની સ્પષ્ટ મર્યાદા અત્ર બતાવી છે. આ આત્માનો **'સ્વ ભાવ'** તે **સ્વભાવ** છે. અર્થાત્ પરમાર્થથી—તત્ત્વથી જે પ્રકારે નિજ સત્તા છે, તે સ્વભાવ છે. જે પ્રકારે

વૃત્તિઃ—**स्वभावोऽस्य**—આ આત્માનો સ્વભાવ, **स्वभावः**—સ્વભાવ છે, **यत्**—કારણ કે, શું કહ્યું ? તો કે—**निजसत्तैव तत्त्वतः**—નિજ સત્તા જ તત્ત્વથી, પરમાર્થથી, **भावावधिरयं युक्तो**—આ હમણાં જ કહ્યો તે સ્વભાવ ભાવઅવધિવાળો યુક્ત છે; **नान्यथा**—અન્યથા યુક્ત નથી. શા કારણથી ? તો કે **अतिप्रसङ्गतः**—અતિપ્રસંગને લીધે.

આત્માની સ્વરૂપસત્તા છે, જે પ્રકારે આત્માનું શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તે પ્રકારે સ્વનું ભવન-હોવું તે સ્વભાવ છે. નિજ સ્વરૂપે હોવું તે '**સ્વભાવ**' છે. (જુઓ શ્લોક પૃ. ૭૫ ફૂટનોટ).

અને આ **સ્વભાવ** પણ **ભાવાવધિ જ** યુક્ત છે, એટલે કે જેટલી સ્વ ભાવની અવધિ-મર્યાદા છે, તેટલી અવધિ-મર્યાદા પર્યંત જ સ્વભાવ ઘટે છે,-નહિં કે અન્ય પ્રકારે.

સ્વભાવ-'મર્યાદા ધર્મ'

શુદ્ધ ચેતનભાવમાં હોવું-વર્ત્તવું એ આત્માની **સ્વભાવ-મર્યાદા** છે, એ જ એનો '**મર્યાદા ધર્મ**'-'**મરજાદ**' છે. એટલે શુદ્ધ ચેતન ભાવમાં વર્ત્તે તો જ 'સ્વભાવમાં' આવ્યો કહેવાય, નહિં તો નહિં. કારણ કે સ્વભાવ મર્યાદામાં અર્થાત્ શુદ્ધ ચેતનભાવમાં ન વર્ત્તતાં, પરભાવ-વિભાવમાં વર્ત્તે, તો તે સ્વભાવમાં વર્ત્યો ન કહેવાય, ને વર્ત્યો જો કહીએ તો **અતિપ્રસંગ** દોષ આવે; કારણ કે શુદ્ધ દ્રવ્યનું જે સ્વરસભવન તે જ સ્વભાવ છે, અને જો તે અન્ય દ્રવ્યરૂપ થાય તો તે એનો સ્વભાવ નથી, પણ વિભાવ જ છે. તાત્પર્ય કે-જેમ છે તેમ, જેટલી છે તેટલી સ્વભાવની અવધિમાં-મર્યાદામાં હોવું-

'નિજ સત્તા નિજ ભાવથી રે'

વર્ત્તવું, તત્ત્વથી નિજ સત્તાએ સ્થિતિ કરવી, તે જ સ્વભાવ છે. તે સ્વભાવ મર્યાદામાં ન હોવું-ન વર્ત્તવું તે સ્વભાવ નથી, પણ વિભાવ છે, પરભાવ છે. અને આ જે સ્વભાવમાં હોવું-વર્ત્તવું તે જ **અદોષ** એવું મુક્તપણું છે; 'નિજ ભાવથી નિજ સત્તા' એ જ અનંત ગુણનું સ્થાન એવું શુદ્ધ સિદ્ધપણું છે. અને તેને જે પામ્યા છે તે જ પરમ નિર્દોષ મુક્ત, સિદ્ધ એવા '**દેવચંદ્ર**' **જિનરાજજી** છે.

"નિજ સત્તા નિજ ભાવથી રે, ગુણ અનંતનું ઠાણ....જિનવર પૂજો૦
દેવચંદ્ર જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ....જિન૦ "-**શ્રી દેવચંદ્રજી**

卐

આ જ કહે છે—

अनन्तरक्षणाभूतिरात्मभूतेह यस्य तु ।
तयाविरोधान्नित्योऽसौ स्यादसन्वा सदैव हि ॥१९३॥

આગલી પાછલી ક્ષણે, આત્મા તણો અભાવ; જે માને છે તેહને, અહિં લોકમાં સાવ;
તે જ માન્યતા સાથમાં, વિરોધભાવ વિનાજ; હોય નિત્ય તે આતમા, અથવા અસત્ સદાજ. ૧૯૩

वृत्तिः—**अनन्तरक्षणाभूतिः**—અનંતરક્ષણે અભૂતિ-અભાવ, પૂર્વ-પશ્ચાત્ ક્ષણે અભૂતિ-અભાવ, એમ અર્થ છે, **आत्मभूतेह यस्य तु**—જેને અહીં આત્મભૂત છે, જે વર્તમાનની અથવા વાદીની આત્મભૂત છે, તેનો દોષ કહે છે. **तया**—તે સાથે, તે અનંતર ક્ષણ અભૂતિ સાથે, **अविरोधात्**—અવિરોધરૂપ કારણ થકી, વર્ત્તમાનભાવે કરીને-શું? તો કે—**नित्योऽसौ**—નિત્ય એવો તે વર્ત્તમાન હોય '**तद्वत् सदा तद्भावात्**', 'સદા તદ્ભાવ થકી તદ્વત્ હોય' એટલા માટે. પક્ષાન્તર કહે છે-**असन्वा सदैव हि**—અથવા સદૈવ અસત્ હોય—તે અનંતર ક્ષણે-અભૂતિ સાથે અવિરોધથી તેના ગ્રસ્તપણાને લીધે.

અર્થ :—અનંતર ક્ષણે અભૂતિ અહીં જેને (વર્ત્તમાનને વા વાદીને) આત્મભૂત છે, તેને તેની સાથે અવિરોધથી તે વર્ત્તમાન નિત્ય હોય, વા સદૈવ અસત્ જ હોય.

વિવેચન

અનંતર અર્થાત્ આગલી–પાછલી ક્ષણે અભાવ–નહિં હોવાપણું, એ જે વર્ત્તમાન-વાદીના અભિપ્રાયે આત્મભૂત છે, અર્થાત્ આત્માને જે આગલી–પાછલી ક્ષણે અભાવરૂપ–નહિં હોવારૂપ માને છે, માત્ર વર્ત્તમાન ક્ષણે જ ભાવરૂપ–હોવારૂપ માને છે, તેને અનેક દોષ આવે છે. તે આગલી–પાછલી ક્ષણે અભાવ સાથે તેના વર્ત્તમાનભાવનો અવિરોધ છે, તેથી તે વર્ત્તમાન (૧) કાં તો **નિત્ય** હોવો જોઈએ, અને (૨) કાં તો **સદાય અસત્ જ** અવિદ્યમાન જ હોવો જોઈએ,–આમ આ બે પક્ષ અત્રે સંભવે છે. આ બન્ને પક્ષ દૂષિત છે, અને તેથી ક્ષણિકવાદનો મત ખંડિત થાય છે. તે આ પ્રકારે :—

'વદનારો તે ક્ષણિક નહિં'

(૧) ક્ષણિકવાદી એમ માને છે કે–આત્માદિ વસ્તુ ક્ષણસ્વરૂપ છે, આગલી–પાછલી ક્ષણે અવિદ્યમાન–અભાવરૂપ છે, માત્ર વર્ત્તમાન ક્ષણે જ વિદ્યમાન–ભાવરૂપ છે. આ મત જેના આત્મભૂત છે, તેના પોતાના આત્મા ઉપર જ આ ઘટાવીએ તો આમ વિરોધ આવે છે :–આગલી–પાછલી ક્ષણે અભાવ છે એવી તેની માન્યતાની સાથે અવિરોધને લીધે, વર્ત્તમાન ભાવે તો તે પોતે છે. કારણકે આગલી–પાછલી ક્ષણે જ નહિં હોવાપણું તે કહે છે, એટલે તે એની વચ્ચેની વર્ત્તમાન ક્ષણે તો તેનું વિદ્યમાનપણું-વર્ત્તમાનપણું તે સ્વીકારે છે. આમ જે વર્ત્તમાનભાવે વર્ત્તમાન છે, તે નિત્ય હોવો જોઈએ, કારણકે 'સદા તદ્ભાવ થકી તદ્વત' તે ભાવવંત હોય એમ નિયમ છે. અર્થાત્ જે જે ભાવવાળો હોય તે તદ્ભાવથી સદા તે ભાવવાળો હોવો જોઈએ. એટલે વર્ત્તમાન ભાવવાળો તે સદા વર્ત્તમાન ભાવવંત હોવો જોઈએ. અર્થાત્ તે નિત્ય હોવો જોઈએ. અને આમ નિત્ય પક્ષની સિદ્ધિ થતાં, ક્ષણિકવાદ ઊડી જાય છે. (૨) વળી આગલી–પાછલી ક્ષણે અભાવ છે એમ જે જાણે છે ને કહે છે, તે પોતે જો આગલી–પાછલી ક્ષણે વિદ્યમાન ન હોય, તો તેમ કેમ જાણી–કહી શકે વારુ? એટલે તે પોતે જે વર્ત્તમાન ક્ષણે વિદ્યમાન છે, તે આગલી–પાછલી ક્ષણે પણ વિદ્યમાન હોવો જ જોઈએ. આમ જે વસ્તુ ક્ષણિક છે એમ જાણી વદે છે, તે વદનારો પોતે ક્ષણિક નથી, એમ અનુભવથી નિશ્ચય જણાય છે. (જુઓ પૃ. ૮૧, આત્મસિદ્ધિની ગાથા). તાત્પર્ય કે આત્મા ક્ષણિક નહિ, પણ નિત્ય છે.–એટલે વાદીએ કાં તો નિત્ય પક્ષનો સ્વીકાર કરવો જોઈએ, અને કાં તો પોતાના વર્ત્તમાન ક્ષણે પણ વિદ્યમાનપણાનો પક્ષ છોડી દેવો જોઈએ. અને એમ જો કરે તો તે સદાય અસત્ જ–અવિદ્યમાન જ થઈ પડે! કારણકે તેઓના મતે આગલી પાછલી ક્ષણે તે અભાવરૂપ છે, અને આમ વર્ત્તમાન ક્ષણે પણ જો ન હોય, તો તે સદાય અભાવરૂપ જ હોવાથી સદાય અસત જ હોય, અવિદ્યમાન જ હોય.

વર્ત્તમાન ક્ષણે પણ તે સત્ નહિં રહે. અને તે વદનારા ક્ષણિકવાદીનું પોતાનું અસ્તિત્વ નહિં રહે! એટલે તેનો વાદ જ ક્યાંથી ઉભો રહેશે? એમ આગલી-પાછલી ક્ષણે આત્માનો અભાવ માનનારો ક્ષણિકવાદ ક્ષણભર પણ ટકી શકતો નથી.

卐

પરોક્તિ માત્રના પરિહારાર્થે કહે છે—

स एव न भवत्येतदन्यथाभवतीतिवत् ।
विरुद्धं तन्नयादेव तदुत्पत्त्यादितस्तथा ॥१९४॥

'તે જ છે ન' એ 'અન્યથા, તે છે' એની જેમ;
વિરુદ્ધ તસ ન્યાયે જ-તસ, ઉત્પત્ત્યાદિથી તેમ. ૧૯૪

અર્થ :—'તે જ નથી હોતો'—આ 'અન્યથા હોય છે'—એની જેમ વિરુદ્ધ છે;—તેના ન્યાયથી જ તદ્ઉત્પત્તિ આદિને લીધે તથાપ્રકારે વિરુદ્ધ છે.

વિવેચન

'स एव' 'તે જ' એ ભાવ સૂચવે છે, 'न भवति'—નથી હોતો એ **અભાવ** સૂચવે છે. એટલે 'તે જ નથી હોતો' એ '**अन्यथा भवति**' તે અન્યથા હોય છે એની પેઠે, વિરુદ્ધ છે, વિરોધ પામે છે. તેના પોતાના નયથી જ—ન્યાયથી જ આમ છે. કારણ કે તે ક્ષણિકવાદી 'તે જ અન્યથા ભવતિ—અન્યથા થાય છે,' એમ કહ્યે આમ કહે છેઃ—"તે અન્યથા કેમ હોય? જો અન્યથા હોય, તો તે કેમ હોય?" અને આ ન્યાય તે જ ભાવ 'न भवति'—નથી હોતો, એમાં પણ સમાન જ છે. તે આ પ્રકારેઃ—જો તે જ છે, તો તે 'न भवति' કેમ? નથી હોતો કેમ? અને જો 'अभवत्' છે—છે નહિં, તો તે '**ભાવ**' કેમ? એમ આ વિરુદ્ધ છે. અભાવોત્પત્તિ આદિને લીધે આ તથા પ્રકારે—તેવા પ્રકારે વિરુદ્ધ છે.

તે જ ભાવ અભાવ—આ વિરુદ્ધ

વૃત્તિઃ—**स एव**—તે જ એમ ભાવ પરામર્શ છે, અને **न भवति**—નથી હોતો,—એમ અભાવ અભિધાન છે, **एतत्**—આ શું? તો કે—**अन्यथा भवतीतिवत्**—'અન્યથા ભવતિ'—અન્યથા હોય છે એની જેમ, એમ નિદર્શન છે, **विरुद्धं**—વિરુદ્ધ, વ્યાહત છે,—**तन्नयादेव**—તેના નય થકી જ, તેના ન્યાયથી જ. કારણ કે તે 'તે જ અન્યથા થાય છે' એમ કહ્યે આમ કહે છે—"કેમ અન્યથા થાય? જો અન્યથા થાય, તો તે કેમ?" અને આ 'તે જ નથી હોતો'—એમાં અત્રે પણ સમાન જ છે. તે આ પ્રકારઃ—જો તે જ છે, તો તે કેમ '**न भवति**'—ન હોય? અભવત્પણાથી—ન હોવાપણાથી તે કેમ? એવા પ્રકારે વિરુદ્ધ છે. અભ્યુચ્ચય કહે છે—**तदुत्पत्त्यादितः**—તેની ઉત્પત્તિ આદિ થકી, અભાવોત્પત્તિ આદિ થકી, **तथा**—તેવા પ્રકારે વિરુદ્ધ છે.

આકૃતિ : ૧૮

ક્ષણિકવાદી			ખંડન		
	■ ભાવ	× અભાવ		■ ભાવ	× અભાવ ?
				× અભાવ	■ ભાવ ?

અહીં ક્ષણિકવાદી જે યુક્તિથી પોતાના મતનું સમર્થન કરે છે, તે જ યુક્તિથી તે ક્ષણિક મતનું ખંડન શાસ્ત્રકાર મહર્ષિએ કુશળ ન્યાયશાસ્ત્રીની જેમ અજબ કુશળતાથી કરી બતાવી, વાદીની દલીલ વાદીના મુખમાં પાછી આપી છે, ત્યારે તેને નિરુત્તર-મૌન રહેવા શિવાય છૂટકો નથી. તે આ પ્રકારે:-પૂર્વ ક્ષણે જે ભાવ છે, તે જ ઉત્તર ક્ષણે પર્યાયાંતર પામી અન્યથા હોય છે-'અન્યથા ભવતિ,' એમ કોઈ કહે છે. ત્યારે ક્ષણિકવાદી આ પ્રમાણે દલીલ કરી તેનું ખંડન કરે છે-'તે **અન્યથા** કેમ હોય? જો અન્યથા હોય, તો તે કેમ હોય? અર્થાત્ તે ભાવ બીજા પ્રકારે કેમ હોય? અને બીજા પ્રકારે હોય તો તે ભાવ કેમ હોય? માટે અન્યથા ભવતિ-તે ભાવ અન્યથા હોય છે તે ઘટતું નથી.' હવે એ જ ન્યાયે, આગલી-પાછલી ક્ષણે છે તે જ વર્ત્તમાન ક્ષણે નથી એમ માની, 'स एव न भवति' -તે જ છે નહિં', એમ જે ક્ષણિકવાદી કહે છે, તે પણ ઘટતું નથી. કારણ કે **'તે જ'** એ **ભાવ**-હોવાપણું બતાવે છે, અને 'છે નહિં' એ **અભાવ**-નહિં હોવાપણું બતાવે છે. આમ એક સ્થળે ભાવ-અભાવ પરસ્પર વિરુદ્ધ છે. કારણ કે તે જ ભાવ છે, તો તે કેમ 'ન ભવતિ'-કેમ નથી હોતો? અને જો તે અભવત્ છે-છે નહિં, તો તે ભાવ કેમ? અર્થાત્ જો 'ભાવ' છે તો 'ન ભવતિ' કેમ? ને જો 'ન ભવતિ' છે તો 'ભાવ કેમ'? આમ આ વિરુદ્ધ છે. માટે 'તે જ નથી હોતો' એ ક્ષણિક પક્ષ ઘટતો નથી.

એના જ ન્યાયે એનું ખંડન

વળી વર્ત્તમાન ક્ષણે જ 'ભાવ'નો ક્ષણિકવાદી સ્વીકાર કરે છે, પણ આગલી-પાછલી ક્ષણે તે 'ન ભવતિ'-તે નથી હોતો-અભાવ છે એમ તે કહે છે. તેમાં પણ અનેક વિરોધ આવે છે; કારણ કે પૂર્વ ક્ષણે ન હોય, તે વર્ત્તમાન ક્ષણે હોય, તો **અસત્ ઉત્પાદ** થયો, અર્થાત્ અભાવમાંથી ભાવની ઉત્પત્તિ થઈ, આ દોષ છે. તેમ જ વર્ત્તમાન ક્ષણે હોય તે ઉત્તર ક્ષણે ન હોય, તો **સત્ વિનાશ** થયો, અર્થાત્ ભાવમાંથી અભાવ થયો, આ પણ પ્રગટ દોષ છે. ઇત્યાદિ અનેક વિરોધ અત્ર આવે છે. (જુઓ શ્લો. ફૂટનોટ પૃ. ૮૧.)

卐

આના ભાવન અર્થે જ કહે છે—

सतोऽसत्त्वे तदुत्पादस्ततो नाशोऽपि तस्य यत् ।
तन्नष्टस्य पुनर्भावः सदा नाशे न तत्स्थितिः ॥१९५॥

वृत्तिः-**सतो**-સત્‌નું, ભાવનું, **असत्त्वे**-અસત્ત્વ માનવામાં આવ્યે ('स एव न भवति' 'તે જ નથી હોતો' એ વચનથી.) શું? તો કે-**तदुत्पादः**-તેનો ઉત્પાદ, એટલે અસત્ત્વનો ઉત્પાદ થશે,-કાદાચિત્કપણાથી (કદાચિત્ હોવાપણાને લીધે). **ततो**-તેથી કરીને, તે ઉત્પાદને લીધે, **नाशोऽपि तस्य**-તે અસત્ત્વનો નાશ પણ થશે.

સત્નું અસત્પણું સતે,–ઉત્પત્તિ તસ હોય; તેથી તેહ અસત્ત્વનો, અહિં નાશ પણ જોય;
ને તેથી કરી નષ્ટનો, ઉપજે પુનર્ભાવ; અથવા નાશ સદા કહ્યે, સ્થિતિ ન તેની સાવ. ૧૯૫

અર્થ :—સત્નું અસત્ત્વ–અસત્પણું માનવામાં આવ્યે તે અસત્ત્વનો–અસત્પણાનો ઉત્પાદ થશે, તેથી કરીને તે અસત્ત્વનો નાશ પણ થશે; તેટલા માટે નષ્ટ અસત્ત્વનો પુનર્ભાવ થશે, અને સદા નાશ માન્યે તેની સ્થિતિ જ નહિં હોય.

વિવેચન

'**स एव न भवतिः**'—'તે જ નથી હોતો' એ વચન ઉપરથી સત્નું–ભાવનું અસત્ત્વ–અભાવ માનવામાં આવ્યે, કવચિત્ હોવાપણાને લીધે અસત્ત્વનો ઉત્પાદ થશે, અને તે ઉત્પાદને લીધે તે અસત્ત્વનો નાશ પણ થશે કારણ કે 'જે ઉત્પત્તિવાળું હોય તે અનિત્ય હોય' એવો નિયમ છે. અને તેથી કરીને નષ્ટ એવા અસત્ત્વનો તે જ રૂપે પુનર્ભાવ થશે, કારણ કે અસત્ત્વના વિનાશની અન્યથા અનુપપત્તિ છે, અર્થાત્ બીજી કોઇ રીતે ઘટમાનપણું નથી. હવે નાશ તો નાશાત્મક ભાવને લીધે પૂર્વપશ્ચાત્–આગળપાછળ અવસ્થિત જ છે, એમ કોઇ કહે તો એ આશંકીને કહે છે–સદા નાશ જો માનવામાં આવે તો તેની સ્થિતિ જ નહિં હોય, વિવક્ષિત ક્ષણે પણ તે નાશ પામે.

અસત્ ઉત્પાદ આદિ દોષ

'તે જ નથી હોતો' એ વચનના આધારે જો સત્નું અસત્પણું માનવામાં આવે, ભાવનું અભાવપણું માનવામાં આવે, તો **અસત્ની ઉત્પત્તિ** થશે, અભાવનો ઉદ્ભવ થશે. એટલે જે વસ્તુનું મૂળ અસ્તિત્વ જ છે નહિ, તે નવી આવીને ઉત્પન્ન થશે, અભાવમાંથી ભાવ ઉપજશે, શૂન્યમાંથી જગત્ પેદા થશે! આમ આકાશપુષ્પ, શશશૃંગ, અથવા વંધ્યાસુત કે જેનું અસ્તિત્વ જ છે નહિં, તે આપમેળે આકાશમાંથી ઉભા થશે! આમ આ અસત્ ઉત્પાદ પ્રત્યક્ષબાધિત છે, અનેક પ્રકારે દોષયુક્ત છે. (૧) તથાપિ ધારો કે અસત્ ઉત્પાદ થશે, તો તે અસત્નો નાશ પણ સાથે આવીને ઉભો રહેશે. કારણ કે જેની ઉત્પત્તિ હોય તેનો નાશ પણ હોય જ એવો નિયમ છે. તેથી અસત્ત્વનો વિનાશ થશે, તે અસત્ત્વ પણ ઊડી જશે. એટલે નષ્ટ એવા અસત્ત્વનો તે જ રૂપે પુનર્ભાવ થશે, કારણ કે અસત્ત્વનો વિનાશ

કાંતો સદા સત્ : કાંતો સદા અસત્

'**यदुत्पत्तिमत्तदनित्यं**' જે ઉત્પત્તિવાળું હોય તે અનિત્ય હોય, એટલા માટે. **यद्**–જે કારણથી, જેથી કરીને. એમ **तत्**–તેથી કરીને, **नष्टस्य**–નષ્ટનો, અસત્ત્વનો, **पुनर्भावः**–તે જ રૂપે પુનર્ભાવ થશે,–તે અસત્ત્વના વિનાશની અન્યથા અનુપપત્તિને લીધે (તે અસત્ત્વનો વિનાશ બીજી કોઈ રીતે નહિં ઘટે માટે). હવે 'નાશ તો નાશાત્મક ભાવને લીધે પૂર્વ–પશ્ચાત્ અવસ્થિત જ છે' એ આશંકીને કહે **છે–सदा नाशे**–સદા નાશ માનવામાં આવ્યે, શું? તો કે–**न तत्स्थितिः**–તેની સ્થિતિ નહિં હોય, વિવક્ષિત ક્ષણે પણ તે નાશ પામે છે.

બીજી કોઇ રીતે ઘટશે નહિં. આમ સત્ત્વ જ રહેશે, સત્‌પણું જ રહેશે, વસ્તુ સદા સત્‌સ્વરૂપ જ સાબિત થશે, માટે તમે માનેલું સત્‌નું અસત્ત્વ અયુક્ત છે-મિથ્યા છે. (૨) એટલે સકંજામાં આવેલો વાદી મુંઝાઇને સત્‌વિનાશ પક્ષને પકડીને કહે છે કે-નાશાત્મક ભાવને લીધે આગલી-પાછલી ક્ષણે નાશ તો છે જ એમ અમે પણ માનીએ છીએ. ત્યારે તેનો જવાબ આપે છે કે-સદા નાશ માનવામાં આવ્યે તેની સ્થિતિ જ નહિં હોય. તમે કહો છો તે વિવક્ષિત ક્ષણે પણ તેનું અસ્તિત્વ જ નહિં રહે. એટલે તમે માનેલું સત્‌ સદા અસત્‌ જ થઇ પડશે. આમ સત્‌નું અસત્ત્વ માનવાથી (૧) અસત્‌ ઉત્પાદ-અભાવ ભાવ થશે, (૨) એટલે અસત્ત્વ વિનાશ થશે અર્થાત્‌ અભાવ ભાવનો અભાવ થશે, (૩) એટલે કે ભાવનો તે જ રૂપે પુનર્ભાવ થશે. અર્થાત્‌ ભાવ ભાવ થશે, વસ્તુ સદા ભાવરૂપ જ સિદ્ધ થશે. અથવા-સત્‌વિનાશ માનવાથી વસ્તુ સદાય અભાવરૂપ સિદ્ધ થતાં, કયારેય પણ તેની સ્થિતિ નહિં હોય.

આકૃતિ : ૧૯

ક્ષણિકવાદી { 0 ભાવ　× અભાવ | ખંડન { 0 ભાવ　0 ભાવ　0 ભાવ [અભાવ ઉત્પાદ→અભાવ નાશ]
　　　　　　　　　　　　　　　　× અભાવ　× અભાવ　× અભાવ [સદા નાશ]

卐

स क्षणस्थितिधर्मा चेद् द्वितीयादिक्षणे स्थितौ ।
युज्यते ह्येतदप्यस्य तथा चोक्तानतिक्रमः ॥१९६॥

ક્ષણસ્થિતિ ધર્મ યુત વળી, જો માનો તે નાશ; તો દ્વિતીય આદિ ક્ષણે, હોતાં સ્થિતિ જ તાસ:
ક્ષણસ્થિતિ ધર્મકપણું, એ જ યુક્ત એનુંય; અને તેમ તો જે કહ્યું, તેહ યથાર્થ બધુંય. ૧૯૬.

અર્થ :—તે નાશ ક્ષણસ્થિતિ ધર્મવાળો છે એમ જો કહો, તો દ્વિતીય આદિ ક્ષણે સ્થિતિ સતે, આ અધિકૃત ભાવનું આ ક્ષણસ્થિતિધર્મકપણું યુક્ત છે, અને એમ સતે ઉક્તનો અનતિક્રમ હોય છે, અર્થાત જે કહ્યું તેનું ઉલ્લંઘન થતું નથી.

વિવેચન

તે નાશ જો ક્ષણસ્થિતિ ધર્મવાળો ભાવ જ છે, એમ જો કહો, તો દ્વિતીય આદિ ક્ષણે સ્થિતિ સતે આ પ્રસ્તુત ભાવનું **ક્ષણસ્થિતિધર્મકપણું** પણ યુક્ત છે, અને એમ સતે ઉપરમાં કહેલી વાતનું ઉલ્લંઘન થતું નથી.

वृत्तिः-सः તે નાશ, **क्षणस्थितिधर्मा चेत्**-જો ક્ષણસ્થિતિધર્મવાળો ભાવ જ છે, આ આશંકીને કહે છે-**द्वितीयादिक्षणे स्थितौ**-દ્વિતીય આદિ ક્ષણે સ્થિતિ સતે, શું ? તો કે-**युज्यते ह्येतदपि**-આ પણ યુક્ત છે, ક્ષણસ્થિતિધર્મકપણું પણ યુક્ત છે, **अस्य**-આનું, અધિકૃત ભાવનું, **तथा च**-અને તેવા પ્રકારે, એમ સતે, **उक्तानतिक्रमः**-ઉક્તનો અનતિક્રમ છે.

ઉપરના શ્લોકમાં કહ્યું કે-સદા નાશ માનવામાં આવ્યે વસ્તુની ક્ષણભર પણ સ્થિતિ જ નહિં રહે, એટલે ક્ષણિકવાદી કહે છે કે-તે નાશ ક્ષણસ્થિતિ ધર્મવાળો છે. તેનો જવાબ આપતાં શાસ્ત્રકાર કહે છે-(૧) બીજી વગેરે ક્ષણે પણ આ તમે જે ક્ષણસ્થિતિધર્મપણું કહો છો તે ઘટે છે, એટલે બીજી વગેરે ક્ષણે પણ આ ક્ષણસ્થિતિવાળો ધર્મ આવીને ઉભો રહેશે. એમ અનંત ક્ષણ પર્યંત ચાલ્યા જ કરશે, તો પછી ક્ષણસ્થિતિ ધર્મ વિનાની ખાલી કઈ ક્ષણ હશે ? એ બતાવો. અર્થાત્ અનવકાશ એવી ત્રિકાળ સ્થિતિ જ પ્રાપ્ત થશે. આમ વસ્તુની અખંડ સ્થિતિ સિદ્ધ થતાં ક્ષણિકપણું ક્યાં રહેશે ? (૨) અથવા એમ જો કહો કે-નાશ ક્ષણસ્થિતિધર્મવાળો-ક્ષણભર રહેનારો છે, તો પછી બીજી વગેરે ક્ષણે પણ તે ક્ષણસ્થિતિવાળો નાશ પ્રાપ્ત થશે. એટલે તમે માનેલા ક્ષણસ્થિતિ ધર્મવાળા નાશ વિનાની ખાલી-અવકાશરૂપ એવી કઇ ક્ષણ હશે ? તે કહો. એવી એક પણ ક્ષણ નહિં હોય કે જ્યારે નાશ નહિં વર્ત્તતો હોય, અર્થાત્ સદાય નાશ જ પ્રાપ્ત થશે, અને વસ્તુની ક્ષણભર પણ સ્થિતિ જ નહિં રહે. આમ કાં તો સદા સ્થિતિ-સત્પણું જ પ્રાપ્ત થશે, અને કાં તો સદા અસ્થિતિ-અસત્પણું જ પ્રાપ્ત થશે, એટલે કોઇ પણ રીતે તમારો ક્ષણિકવાદ ક્ષણ પણ ટકશે નહિં. અને આમ ઉપરમાં જે કહ્યું હતું તે બધુંય બરાબર જ છે, એમ અત્રે પુષ્ટિ મળે છે.

કાં તો સદા સ્થિતિઃ કાં તો સદા અસ્થિતિ

卐

કેવા પ્રકારે ? તે કહે છે—

क्षणस्थितौ तदैवास्य नास्थितिर्युक्त्यसंगतेः ।
न पश्चादपि सेत्येवं सतोऽसत्त्वं व्यवस्थितम् ॥ १९७ ॥

ક્ષણસ્થિતિ ત્યારેજ એહની, અસ્થિતિ નહિં યુક્ત;
ન પછી પણ અસ્થિતિ તે, એમ વ્યવસ્થિત ઉક્ત.

અર્થઃ—ક્ષણસ્થિતિ સતે, ત્યારે જ આ વિવક્ષિત ભાવની અસ્થિતિ નથી,-યુક્તિની અસંગતિને લીધે; અને પછી પણ તે અસ્થિતિ નથી,-એવા પ્રકારે સત્નું અસત્ત્વ વ્યવસ્થિત છે.

વિવેચન

ક્ષણસ્થિતિ સતે ત્યારે જ-વિવક્ષિત ક્ષણે આ વિવક્ષિત ભાવની જ અસ્થિતિ નહિં

વૃત્તિ:-क्षणस्थितौ—ક્ષણસ્થિતિ સતે, तदैव-ત્યારે જ, વિવક્ષિત ક્ષણે, अस्य-આની, વિવક્ષિત ભાવની જ, नास्थितिः-અસ્થિતિ નથી. શા કારણથી ? તો કે-युक्त्यसंगतेः-યુક્તિની અસંગતિને લીધે,—ત્યારે જ અસ્થિતિના વિરોધ થકી, એવા પ્રકારે યુક્તિ છે न पश्चादपि-પછી પણ-દ્વિતીય ક્ષણે પણ નહિં, सा-તે અસ્થિતિ નથી,-યુક્તિ અસંગતિ થકી જ. ' ત્યારે અવસ્થિતિમાં તેની અસ્થિતિના વિરોધ થકી,' -એવા પ્રકારે યુક્તિ છે. इत्येवं એવા પ્રકારે, सतोऽसत्त्वं-સત્નું અસત્ત્વ વ્યવસ્થિત છે. અને તેથી કરીને સત્ના અસત્ત્વમાં તેના ઉત્પાદ ઇત્યાદિ અનુવર્ત્તે જ છે.

હોય; કારણકે નહિં તો ત્યારે જ અસ્થિતિનો વિરોધ આવે,–એમ યુક્તિની અસંગતિ હોય.

વિવક્ષિત આદિ ક્ષણે ન અસ્થિતિ પછી પણ દ્વિતીય ક્ષણે પણ તે અસ્થિતિ નહિં હોય,–યુક્તિની અસંગતિને લીધે જ. 'ત્યારે અવસ્થિતિમાં તેની અસ્થિતિનો વિરોધ છે'— એ પ્રકારે યુક્તિની અસંગતિ હોય છે માટે. એવા પ્રકારે સત્‌નું અસત્ત્વ વ્યવસ્થિત છે. અને તેથી કરીને 'सतोऽसत्त्वे तदुत्पादः' સત્‌નું અસત્ત્વ સતે તેનો ઉત્પાદ ઇત્યાદિ અનુવર્ત્તે જ છે.

આગલા શ્લોકમાં નાશ ક્ષણસ્થિતિધર્મવાળો છે, ઇત્યાદિ કહ્યું, તેનું અત્ર સ્પષ્ટીકરણ કર્યું છે. (૧) **ભાવની ક્ષણસ્થિતિ વેળાયે** ત્યારે જ–અમુક ચોક્કસ વિવક્ષિત ક્ષણે તે વિવક્ષિત ભાવની **અસ્થિતિ નહિં હોય, અર્થાત્** સ્થિતિ જ હોય. કારણ કે **નહિં** તો યુક્તિની અસંગતિ થાય. જ્યારે સ્થિતિ છે ત્યારે અસ્થિતિનો વિરોધ છે, અર્થાત્ જ્યારે સ્થિતિ હોય ત્યારે અસ્થિતિ હોય નહિં એ પ્રમાણે યુક્તિ છે, તે ઘટે નહિં. એટલે વસ્તુ જો ક્ષણસ્થિતિ ધર્મવાળી હોય તો વિવક્ષિત ક્ષણે વિવક્ષિત ભાવની સ્થિતિ હોવી જ જોઇએ. (૨) અને પછી પણ બીજી ક્ષણે પણ તેની અસ્થિતિ નથી, કારણ કે નહિં તો યુક્તિની અસંગતિ થાય; 'ત્યારે અવસ્થિતિમાં અસ્થિતિનો વિરોધ આવે છે' એ પ્રકારે યુકિત છે, તેની અસંગતિ થાય; અર્થાત્ જ્યારે **અવસ્થિતિ હોય ત્યારે અસ્થિતિ હોય નહિં**, એ પ્રકારે યુક્તિ છે, તે અહીં ઘટે નહિં. એટલે બીજી ક્ષણે પણ પ્રસ્તુત ભાવની અસ્થિતિ નથી, પણ સ્થિતિ જ છે. એમ અપરાપર ક્ષણ માટે સમજવું. સ્થિતિ એટલે પ્રસ્તુત ભાવની ત્રિકાળ સ્થિતિ સિદ્ધ થઇ –આમ સત્‌નું અસત્ત્વ સતે અસત્ત્વ ઉત્પાદ વગેરે જે કહ્યું હતું, તે બધુંય બરાબર જ છે, એમ સાબિત થયું. એટલે ક્ષણિકવાદીએ માનેલા ક્ષણિક એવા સત્ સ્વરૂપનું અસત્ત્વ સ્થાપિત થયું; અર્થાત્ અસત્‌પણું–અસત્યપણું–મિથ્યાપણું પૂરવાર થયું. આમ સર્વથા **ક્ષણિકવાદ અસત્** છે.

। इति एकान्त अनित्यपक्षनिराकरणम् ।

卐

નિત્ય પક્ષને અધિકૃત કરી કહે છે—

भवभावानिवृत्तावप्ययुक्ता मुक्तकल्पना ।
एकान्तैकस्वभावस्य न ह्यवस्थाद्वयं क्वचित् ॥ १९८ ॥

ભવભાવનોય જો વળી હોય નહિં અભાવ; મુક્ત ભાવની કલ્પના, તો ઘટે નહિંજ સાવ;
કારણ કે એકાન્તથી જેનો એક સ્વભાવ; તેનો કદીય હોય ના, દ્વય અવસ્થા ભાવ. ૧૯૮

વૃત્તિઃ–भवभावानिवृत्तावपि–ભવભાવની અનિવૃત્તિમાં પણ, એકાન્ત નિત્યતામાં પણ, શું? તો કે—अयुक्ता मुक्तकल्पना–આત્માની મુક્તિકલ્પના અયુક્ત છે. કેમ અયુક્ત છે? તો કે-एकान्तैकस्वभावस्य–એકાન્ત એક સ્વભાવનું,–અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એક સ્વભાવતાનું નહિ–કારણ કે નથી, अवस्थाद्वयं–અવસ્થાદ્વય,–સંસારી અને મુક્તરૂપ, क्वचित्–ક્વચિત્,–એકાંત એકસ્વભાવપણાના વિરોધને લીધે.

અર્થ:—ભવભાવની અનિવૃત્તિમાં પણ મુક્તકલ્પના અયુક્ત છે, કારણ કે એકાંત એક સ્વભાવની કવચિત્ બે અવસ્થા હોય નહિં.

વિવેચન

એકાંત નિત્યમાં મોક્ષ નહિં ઘટે

ભવભાવની – સંસારભાવની અનિવૃત્તિમાં પણ, અર્થાત્ એકાન્ત નિત્યતા માનવામાં આવતાં પણ, આત્માની મુક્તકલ્પના અયુક્ત છે. કેમ અયુક્ત છે ? તો કે **એકાંત એક સ્વભાવનું અવસ્થાદ્વય કદી હોય નહિં**; અર્થાત્ અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર એવો જેનો એકરૂપ સ્વભાવ હોય, તેને સંસારી ને મુક્ત એવી બે અવસ્થા કદી હોય નહિં, કારણ કે તેમ તો તેના એકાંત એક સ્વભાવપણાને વિરોધ આવે. ઉપરમાં કહ્યા પ્રમાણે એકાંત અભાવરૂપ–અનિત્ય પક્ષમાં જેમ મોક્ષ ઘટતો નથી, તેમ એકાંત ભાવરૂપ નિત્ય પક્ષમાં પણ મોક્ષ ઘટતો નથી. કારણ કે ભવભાવ–સંસારભાવ હોય, તો નિત્ય પક્ષના અભિપ્રાયે તેની કદી નિવૃત્તિ થશે નહિં, એટલે સદાય ભવભાવ જ–સંસારભાવ જ રહ્યા કરશે, અને આત્માની કદી પણ મુક્તિ થશે નહિં. આમ એકાંત નિત્ય પક્ષમાં મુક્તકલ્પના ઘટતી નથી, કારણ કે એકાંતે એક સ્વભાવરૂપ જે હોય, તેને કદી પણ બે અવસ્થા હોય નહિં.

વિરોધાત્મક નિત્ય વ્યાખ્યા

એકાંત નિત્ય પક્ષના અભિપ્રાય પ્રમાણે અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એક સ્વભાવરૂપ હોય તે નિત્ય છે. એટલે કે જે સ્વરૂપથી પ્રચ્યુત–ભ્રષ્ટ નહિં હોવાથી અપ્રચ્યુત છે, ઉત્પન્ન નહિં થતું હોવાથી જે અનુત્પન્ન છે, સદા સ્થિરતાવાળું હોવાથી જે સ્થિર છે, અને અદ્વિતીય એવા એકસ્વભાવવાળું હોવાથી જે એકરૂપ છે,–તે નિત્ય એવું સત્ છે, એમ તેઓની 'નિત્ય' શબ્દની વ્યાખ્યા છે. 'अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपं सत्' —આ તેઓની માન્યતા પ્રમાણે ભાવ–વસ્તુ નિત્ય હોઇ, સદા સ્થિર એકસ્વભાવરૂપ હોય છે, તે જ પ્રમાણે જેમ છે તેમ સદા અવસ્થિત રહે છે, એટલે તેમાં કોઇ બીજો ફેરફાર કે પરિણામ કે અવસ્થાંતર ઘટતું નથી; અને આમ તેની સદા જેમ છે તેમ એક જ અવસ્થા રહે છે, બીજી અવસ્થા સંભવતી નથી. નહિં તો તેના એકાંત એકસ્વભાવપણાને વિરોધ આવે. એટલે જો સંસાર-ભાવ હશે તો સદાય સંસાર ભાવ જ રહેશે. તેમાંથી કદી પણ મુક્તપણારૂપ બીજા ભાવનો–અવસ્થાનો સંભવ નહિં જ થાય. આમ એકાંત નિત્ય પક્ષમાં કદી પણ મુક્તપણું ઘટશે નહિં, અને 'મુક્તપણું' એ કલ્પના માત્ર થઇ પડશે ! અને આ મુક્તિ માટેનો યોગમાર્ગ પણ 'કલ્પના માત્ર ભદ્રક' થઇ પડશે ! અર્થાત્ એકાંત નિત્ય પક્ષમાં કદી પણ યોગમાર્ગનો સંભવ જ નહિં રહે. (જુઓ શ્લો. પૃ. ૮૦)

卐

तदभावे च संसारी मुक्तश्चेति निरर्थकम् ।
तत्स्वभावोपमर्दोऽस्य नीत्या तात्त्विक इष्यताम् ॥ १९९॥

અને બે અવસ્થા તણો, હોતાં એમ અભાવ; સંસારી ને મુકત એ, કથન નિરર્થક સાવ;
તેથી એક સ્વભાવથી, બીજા તણો અભાવ; ન્યાયથી તાત્ત્વિક માનવો, એ જ ઇષ્ટ છે ભાવ. ૧૯૯

અર્થ:—અને તે અવસ્થાદ્વયના અભાવે સંસારી અને મુક્ત એમ કહેવું નિરર્થક થઇ પડશે. તેથી આ આત્માનો સ્વભાવોપમર્દ ન્યાયથી તાત્ત્વિક માન્ય કરો.

વિવેચન

અને ઉપરમાં કહ્યું તેમ તે **અવસ્થાદ્વયના અભાવે સંસારી અને મુક્ત**, એમ આ નિરર્થક જ **શબ્દમાત્ર** જ થઇ પડશે, કારણ કે અર્થનો અયોગ છે. તેથી કરીને તથા-પ્રકારે આ આત્માનો સ્વભાવોપમર્દ નીતિથી–ન્યાયથી તાત્ત્વિક-પારમાર્થિક માનો એ જ ઇષ્ટ છે. આ **સ્વભાવોપમર્દ** તદન્તરથી તદન્તરના દૂર કરવારૂપ લક્ષણવાળો છે, અર્થાત્ તેનાથી અન્યવડે કરીને તદ્‌અન્યને દૂર કરવારૂપ લક્ષણવાળો છે.

ઉપરમાં સાબિત કરી બતાવવામાં આવ્યું કે અપરિણામી એવા એકાંત નિત્ય પક્ષમાં સ્થિર એકસ્વભાવરૂપ વસ્તુની કદી પણ બે અવસ્થા હોઇ શકે નહિં. આમ **અપરિણામીમાં અવસ્થાદ્વયના અભાવે** આત્માની સંસારી ને મુક્ત એવી બે અવસ્થા ઘટશે નહિં. એટલે તિર્યંચાદિ ભાવવાળો **સંસારી**, અને ભવપ્રપંચના ઉપરમને લીધે **મુક્ત**, –એમ આ બે ભિન્ન અવસ્થાની કલ્પના કરવી તે નિરર્થક જ–અર્થવિહીન જ થઇ પડશે, શબ્દમાત્ર જ થઇ પડશે, કથનમાત્ર જ–કહેવા પૂરતી જ રહેશે, તે કલ્પના તે કલ્પના જ રહેશે, અર્થરૂપ–તત્ત્વરૂપ નહિં રહે. આ અયુક્ત છે, દૃષ્ટ-ઇષ્ટથી બાધિત છે; કારણ કે સંસારી અને મુક્ત એ બે જૂદી જૂદી અવસ્થા તત્ત્વથી અવશ્ય છે, દૃષ્ટ અને ઇષ્ટ છે, એટલે અપરિણામી એવો નિત્ય એકાંતપક્ષ કોઇ રીતે ઘટતો નથી.

આ ઉપરથી ફલિતાર્થ એ છે કે–સંસારી ને મુકત એ બે અવસ્થાનું ઘટમાનપણું તો જ હોય કે જો આત્માનો **સ્વભાવોપમર્દ** તાત્ત્વિક–પારમાર્થિક માનવામાં આવે. એક સ્વભાવે કરીને બીજો સ્વભાવ દૂર કરાય–હઠાવાય, તે જ સ્વભાવો-

વૃત્તિ:-तदभावे च—અને તેના અભાવે, અવસ્થાદ્વયના અભાવે, संसारी–સંસારી, તિર્યંચ આદિ ભાવવાળો, मुक्तश्च–અને મુક્ત,–ભવપ્રપંચ ઉપરમ થકી, इति–આ, निरर्थकं–નિરર્થક, શબ્દ-માત્ર જ છે, અર્થના અયોગને લીધે. तत्–તેથી, તથાપ્રકારે, स्वभावोपमर्दः–સ્વભાવ ઉપમર્દ, તદન્તરથી તદન્તરના અપનયનરૂપ લક્ષણવાળો–તેનાથી અન્યથી તદ્‌અન્યના દૂર કરવારૂપ લક્ષણવાળો એવો, अस्य–આનો, આત્માનો, नीत्या–નીતિથી, ન્યાયથી શું ! તો કે– तात्त्विकइष्यतां–તાત્ત્વિક ઇચ્છો પારમાર્થિક માનો.

તાત્ત્વિક સ્વભાવોપમર્દ: પરિણામ પમર્દનું લક્ષણ છે. અર્થાત્ એક અવસ્થામાંથી અવસ્થાંતર થાય, ભાવમાંથી ભાવાંતર થાય, પરિણામમાંથી પરિણામાંતર થાય તે જ સ્વભાવોપમર્દ છે. એટલે સંસારી ભાવનો સ્વભાવોપમર્દ થઇ પરિણામાંતર થાય, ભાવાંતર થાય, તો જ મુક્ત ભાવ ઘટે-નહિં તો નહિં. કારણ કે સ્વભાવોપમર્દ ન થાય-એક સ્વભાવ બીજા સ્વભાવને હઠાવી તેની જગ્યા ન લે ને સંસારી ભાવ એમ ને એમ રહે, ભાવાંતર-પરિણામાંતર ન થાય, તો મુક્ત ભાવ થાય જ કેમ? માટે આમ ન્યાયથી આ આત્માનો સ્વભાવોપમર્દ-પરિણામ ભાવ તાત્ત્વિક જ-પારમાર્થિક જ માનવો ઇષ્ટ છે. કારણ કે **પરિણામી આત્મામાં જ** અવસ્થાભેદની સંગતિથી યોગમાર્ગનો સંભવ હોય છે. (જુઓ. શ્લો. ફૂટનોટ પૃ. ૮૧.)

दिदृक्षाद्यात्मभूतं तत्मुख्यमस्य निवर्त्तते ।
प्रधानादिनतेर्हेतुस्तदभावान्न तन्नतिः ॥२००॥

દિદૃક્ષા મલ આદિ આ, તેથી મુખ્ય જ સાવ; નિવર્ત્તે અહિં આત્મના, આત્મભૂત આ ભાવ; પ્રધાનાદિ પરિણામનું, દિદૃક્ષાદિ નિદાન; તસ અભાવે તેહનું, હોય નહિં પરિણામ. ૨૦૦

અર્થ :—દિદૃક્ષાદિ આત્મભૂત છે, તેથી આ આત્માનું મુખ્ય એવું તે દિદૃક્ષાદિ નિવર્ત્ત છે. તે દિદૃક્ષાદિ પ્રધાનાદિ પરિણતિનો હેતુ છે; અને તેના અભાવથી મુક્તાત્માને તે પ્રધાનાદિની પરિણતિ નથી હોતી.

વિવેચન

દિદૃક્ષા, અવિદ્યા, મલ, ભવાધિકાર આદિ આત્મભૂત છે, સહજ વસ્તુસત્ છે. તેથી કરીને **મુખ્ય**-અનુપચરિત જ એવું આ **દિદૃક્ષાદિ** આત્માને નિવર્ત્ત છે. તે કેવું છે? તો કે પ્રધાન આદિની પરિણતિનો હેતુ-કારણ છે. અને તે દિદૃક્ષાદિના અભાવથી તે પ્રધાનાદિની પરિણતિ મુક્ત આત્માને હોતી નથી. તે આ પ્રકારે :—

દિદૃક્ષા એટલે દેખવાની ઇચ્છા, જગત્ રચના દેખવાની ઇચ્છા. **અવિદ્યા** એટલે આત્મસ્વરૂપનું અજ્ઞાન. **મલ** એટલે રાગ-દ્વેષ-મોહાદિ અંતરંગ મલ, ભાવમલ. **ભવાધિકાર** એટલે સંસારનો અધિકાર, સંસાર ભાવનું પ્રાબલ્ય, સંસાર ભાવની સત્તા. આ દિદૃક્ષાદિ

વૃત્તિ:—दिदृक्षादि-દિદૃક્ષા, અવિદ્યા, મલ, ભવાધિકાર આદિ, आत्मभूतं-આત્મભૂત, સહજ વસ્તુસત્, तत्-તેથી, मुख्यम्-મુખ્ય, અનુપચરિત જ, अस्य-આ આત્માનું, निवर्त्तते-નિવર્ત્ત છે. તે કેવું? તો કે-प्रधानादिनतेर्हेतु:-પ્રધાન આદિની પરિણતિનો હેતુ-કારણ એવું, तदभावात्-તે દિદૃક્ષાદિના અભાવથી, न तन्नति:-તેની નતિ-પરિણતિ નથી, પ્રધાન આદિની પરિણતિ નથી,-મુક્ત આત્માને.

આત્મભૂત છે, આત્માના અંગભૂત-આત્મભાવરૂપ છે, સહજ વસ્તુસત્ છે (Realistic), કાલ્પનિક (Imaginary) નથી. આમ આત્મા સાથે જોડાયેલ હોવાથી આ દિદક્ષાદિ **મુખ્ય છે-નિરુપચરિત** છે. તે દિદક્ષાદિ આ આત્માને નિવર્ત્તે છે, તે પ્રધાનાદિની પરિણતિનો હેતુ હોય છે; અને તે તે દિદક્ષાદિની નિવૃત્તિ થતાં, મુક્તાત્માને પ્રધાનાદિ પરિણતિ હોતી નથી. ×

"અભેદ દશા આવ્યા વિના જે પ્રાણી આ જગત્‌ની રચના જોવા ઇચ્છે છે તે બંધાય છે. એવી દશા આવવા માટે તે પ્રાણીએ તે રચનાનાં કારણ પ્રત્યે પ્રીતિ કરવી, અને પોતાની અહંરૂપ ભ્રાંતિનો પરિત્યાગ કરવો. સર્વ પ્રકારે કરીને એ રચનાના ઉપભોગની ઇચ્છા ત્યાગવી યોગ્ય છે. અને એમ થવા માટે સત્પુરુષના શરણ જેવું એક્કે ઔષધ નથી. આ નિશ્ચય વાર્ત્તા બિચારાં મોહાંધ પ્રાણીઓ નહીં જાણીને ત્રણે તાપથી બળતા જોઇ પરમ કરુણા આવે છે. હે નાથ ! તું અનુગ્રહ કરી એને તારી ગતિમાં ભક્તિ આપ, એ ઉદ્‌ગાર નિકળે છે."

—શ્રીમદ્‌ રાજચંદ્રજી.

દિદક્ષાદિથી પ્રધાનાદિનું પરિણમન

ઉપરમાં સ્વભાવોપમર્દ તાત્ત્વિક છે, અને તેથી અવસ્થાંતર-ભાવાંતર થાય છે, એમ સ્થાપિત કર્યું. તે અવસ્થાંતર-ભાવાંતરરૂપ પરિણામીપણું કેવા પ્રકારે હોય છે ? તેનું અહીં સ્પષ્ટીકરણ કરી બતાવ્યું છે. સંસારી અવસ્થા અને મુક્ત અવસ્થા-એ એ અવસ્થાનું પરિણમન કેવી રીતે થાય છે ? તે અહીં વિવરી બતાવ્યું છે. દિદક્ષા વગેરે જે આત્માનો અંગભૂત ભાવ છે, તે જ્યાં સુધી નિવર્ત્તતો નથી-ટળતો નથી, ત્યાં સુધી તે જડ પ્રકૃતિ-પ્રધાનાદિની પરિણતિનું નિમિત્ત-કારણ થાય છે. અને તે દિદક્ષાદિ જ્યારે નિવર્ત્તે છે-ટળે છે, ત્યારે તે મુક્ત આત્માને પ્રકૃતિની-પ્રધાનાદિની પરિણતિ હોતી નથી. તાત્પર્ય કે જ્યાં લગી દિદક્ષાદિભાવ છે, ત્યાં લગી પ્રકૃતિ પરિણામ છે, અને ત્યાં લગી સંસાર છે. અને જ્યારે દિદક્ષાદિ ભાવનો અભાવ થાય છે, ત્યારે પ્રકૃતિ પરિણમના અભાવે સંસારનો અભાવ હોય છે, અને મુક્તભાવની પ્રાપ્તિ હોય છે. આમ દિદક્ષાદિની નિવૃત્તિ આદિ આત્માનું પરિણામીપણું સતે ઘટે છે,-આત્માનું અપરિણામીપણું સતે આ બધું નિરર્થક નિષ્ફલ થઇ પડે છે. *

× "जगद्देहात्मदृष्टीनां विश्वासः रम्यमेव वा ।
आत्मन्येवात्मदृष्टीनां क्व विश्वासः क्व वा रतिः ।।"—શ્રી સમાધિશતક.

* "दिदृक्षादिनिवृत्त्यादि पूर्वसूर्युदितं यथा ।
आत्मनोऽपरिणामित्वे सर्वमेतपादर्थकम् ।।"—શ્રીયોગબિન્દુ, શ્લો. ૪૮૯

દિદક્ષાદિ—→	પ્રકૃતિ પરિણામ—→	સંસાર.
દિદક્ષાદિ અભાવ—→	પ્રકૃતિપરિણામ અભાવ—→	સંસાર અભાવ (મોક્ષ)

अन्यथा स्यादियं नित्यमेषा च भव उच्यते ।
एवं च भवनित्यत्वे कथं मुक्तस्य संभवः ॥२०१॥

નહિં તો હોય આ નિત્ય ને, કહાય આ 'ભવ'–એમ;
ભવનું નિત્યપણું સતે, મુક્ત સંભવ જ કેમ? ૨૦૧

અર્થ :—નહિં તો આ પ્રધાનાદિની પરિણતિ નિત્ય હોય, અને આ પ્રધાનાદિ પરિણતિ 'ભવ' કહેવાય છે; અને એમ ભવનિત્યત્વ સતે મુક્તનો સંભવ કેમ હોય?

વિવેચન

અને એમ જો દિદક્ષાદિના નિમિત્તે આ પ્રધાનાદિની પરિણતિ ન માનવામાં આવે, તો આ પ્રધાનાદિની પરિણતિ નિત્ય–સદૈવ જ હોય. અને આ પ્રધાનાદિ પરિણતિ **'ભવ'** કહેવાય છે, **'સંસાર'** નામે ઓળખાય છે; કારણ કે એ પ્રધાનની–પ્રકૃતિની પરિણતિ સતે, તદાત્મક મહત્ આદિનો ભાવ હોય છે. એટલે પ્રધાનાદિની પરિણતિ નિત્ય હોતાં, એમ **ભવનું નિત્યપણું** થશે, એટલે મુક્તનો સંભવ કેવી રીતે હોય? ન જ હોય, એમ અર્થ છે.

ઉપરના શ્લોકમાં દિદક્ષા–ભાવમલ આદિના નિમિત્તે આ પ્રધાનાદિની પરિણતિ હોય છે, અને તેના અભાવે તેની પરિણતિ હોતી નથી એમ કહેવામાં આવ્યું. તેમ જો ન માનવામાં આવે, તો આ પ્રધાનાદિની પરિણતિ નિત્ય–સદૈવ જ થયા કરે; કારણ કે જે સકારણ હોય તે તો કાદાચિત્ક હોય–કવચિત્ કારણ મળ્યે જ હોય, પણ નિષ્કારણ હોય તે કાં તો સદાય જ હોય અને કાં તો સદાય ન હોય,—આ નિયમ છે. એટલે દિદક્ષાદિ નિમિત્ત કારણ જો ન હોય, પ્રધાનાદિ પરિણતિ એની મેળે સ્વભાવથી જ થયા કરતી હોય, તો તો પછી તે એની મેળે સદાય થયા જ કરશે, કદી પણ અટકશે નહિં, કદી પણ વિરામ પામશે નહિં, ને મોક્ષ કદી થશે નહિં.

વૃત્તિઃ—અને આમ આ અંગીકાર કરવા યોગ્ય છે,–**अन्यथा**–અન્યથા, નહિં તો, એમ અભ્યુપગમ–સ્વીકાર ન કરવામાં આવતાં, **स्यादियं**–આ પ્રધાનાદિ નતિ–પરિણતિ હોય, **नित्यं**–નિત્ય, સદૈવ. તેથી શું? તો કે–**एषा च**–અને આ પ્રધાનાદિ નતિ–પરિણતિ, **भव उच्यते**–ભવ કહેવાય છે, સંસાર નામે ઓળખાય છે,–એની પરિણતિ સતે તદાત્મક મહત્ આદિના ભાવને લીધે, **एवं च**–અને એમ, ઉક્ત નીતિથી, **भवनित्यत्वे**–ભવનિત્યત્વ સતે, **कथं मुक्तस्य संभवः**–મુક્તનો સંભવ કેવી રીતે હોય? ન જ હોય એમ અર્થ છે.

કારણ કે આ **પ્રધાનાદિની જે પરિણતિ** છે, તે જ **ભવ** અથવા **સંસાર** કહેવાય છે. **પ્રધાનની**–પ્રકૃતિની પરિણતિ હોતાં, તે પ્રકૃતિઆત્મક× **મહત્** આદિનો ભાવ હોય છે.

પ્રકૃતિપરિણતિ એ જ સંસાર

પ્રધાનમાંથી **મહત્** અર્થાત્ બુદ્ધિ ઉપજે છે, **મહત્**માંથી **અહંકાર** ઉપજે છે, અને અહંકારમાંથી **ષોડશક ગણ** ઉપજે છે, અર્થાત્ પાંચ બુદ્ધિ ઇન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ તન્માત્રા અને મન, એમ સોળ ઉપજે છે. આમ પ્રધાન–પ્રકૃતિની પરિણતિ પ્રમાણે ભવની–સંસારની પરિણતિ હોય છે. એટલે પ્રધાનની પરિણતિ જો નિત્ય હોય, તો ભવની–સંસારની પરિણતિ પણ નિત્ય થશે. અને આમ ભવનું–સંસારનું નિત્યપણું હોતાં, **મુક્તનો અસંભવ** જ થશે. આ અયુકત છે. એટલે નિષ્કારણ–નિર્નિમિત્ત એવી પ્રધાનાદિની પરિણતિ ઘટતી નથી, પણ **દિદૃક્ષા–ભાવમલ** આદિના **નિમિત્ત**–કારણે જ તેની પરિણતિ ઘટે છે. તાત્પર્ય કે–**દિદૃક્ષાદિના કારણે સંસાર ને તે કારણ ટળ્યે મોક્ષ હોય** છે. એમ સિદ્ધાંત સ્થાપિત થયો. દિદૃક્ષાદિ —→ પ્રધાનાદિ પરિણતિ —→ સંસાર. તેમજ–પ્રધાન (પ્રકૃતિ) —→ મહત્ (બુદ્ધિ) —→ અહંકાર —→ ષોડશક ગણ, (પાંચ બુદ્ધિ ઇંદ્રિય; પાંચ કર્મેંદ્રિય, પાંચ તન્માત્રા, મન.)

卐

अवस्था तत्त्वतो नो चेन्ननु तत्प्रत्ययः कथम् ।
भ्रान्तोऽयं किमनेनेति मानमत्र न विद्यते ॥ २०२ ॥

અવસ્થા જો તત્ત્વથી નથી, પ્રત્યય તેનો કેમ ?
ભ્રાંત એહ, એથી જ શું ? પ્રમાણ અહિં ન એમ. ૨૦૨

અર્થ:—તત્ત્વથી અવસ્થા નથી એમ જો કહો, તો તેનો પ્રત્યય કેમ હોય ? આ અવસ્થા પ્રત્યય ભ્રાંત છે, તો આથી શું ? અત્ર ભ્રાંત અવસ્થામાં માન–પ્રમાણ વિદ્યમાન છે નહિં.

वृत्तिः—अवस्था तत्त्वतो—અવસ્થા તત્ત્વથી–પરમાર્થથી. नो चेत्–જો ન હોય, પૂર્વાપર ભાવથી. તે આશંકીને કહે છે–ननु तत्प्रत्ययः–વારુ, તેનો પ્રત્યય–અવસ્થાનો પ્રત્યય, कथं–કેવી રીતે હોય ?–નિબંધનના અભાવે. આ ભલે હો ! તેથી શું ? भ्रान्तोऽयम्–આ ભ્રાંત છે, આ અવસ્થા પ્રત્યય ભ્રાંત છે. તો किमनेन–આથી શું ? इति–એમ આ આશંકીને કહે છે–मानमत्र–માન–પ્રમાણ અત્ર ભ્રાંત અવસ્થામાં, ન विद्यते–વિદ્યમાન નથી.

× "एतेषां या समावस्था सा प्रकृतिः किलोच्यते । प्रधानाव्यक्तशब्दाभ्यां वाच्या नित्यस्वरूपिका ॥ ततः संजायते बुद्धिर्महानिति यकोच्यते । अहंकारस्ततोऽपि स्यात्तस्मात् षोडशको गणः ॥"

—શ્રી હરિભદ્રસૂરિકૃત ષડ્દર્શનસમુચ્ચય ૩૬–૩૭

વિવેચન

જો પૂર્વાપર ભાવથી **અવસ્થા** તત્ત્વથી-પરમાર્થથી નથી એમ કહો, તો વારુ, નિબંધનના અભાવે તે અવસ્થાનો પ્રત્યય (પ્રતીતિ) કેવી રીતે ઉપજશે? એટલે વાદી કહે છે-આ ભલે હો, આ અવસ્થા પ્રત્યય ભ્રાંત છે. એથી શું? તેને જવાબ આપે છે કે અત્રે ભ્રાંત અવસ્થા બાબતમાં કોઇ પ્રમાણ વિદ્યમાન નથી.

ઉપરમાં **પરિણામી આત્મામાં** સંસારી ને મુક્ત એ બે અવસ્થા કેવી રીતે ઘટી શકે છે, તે નિર્મલ યુક્તિથી સિદ્ધ કરી બતાવ્યું, અને એકાંત નિત્ય પક્ષનું ખંડન કર્યું.

અવસ્થા બા. દલીલો

એટલે નિત્ય પક્ષવાદી કહે છે કે-તમે ભલે તે બે અવસ્થા સિદ્ધ કરી બતાવી, પણ તે અવસ્થા તત્ત્વથી-પરમાર્થથી નથી. તેનો ન્યાયમૂર્તિ શાસ્ત્રકાર ઉત્તર આપે છે કે-વારુ, તે અવસ્થા જો પરમાર્થથી નથી, તો કારણ અભાવે તે અવસ્થાનો પ્રત્યય (પ્રતીતિ) કેમ ઉપજશે? આ સંસારી અવસ્થા ને આ સિદ્ધ અવસ્થા, એવી પ્રતીતિ શી રીતે થશે? એટલે સંકડામણમાં આવીને વાદી કહે છે-આ ભલે હો, પણ આ અવસ્થાપ્રત્યય તો ભ્રાંત છે. આથી શું? તેનો પુનઃ જવાબ આપે છે કે-આ અવસ્થા પ્રત્યય ભ્રાંત છે એમ તમે કહો છો તો તેનું પ્રમાણ શું? અત્રે પ્રમાણ કોઇ છે નહિં.

卐

योगिज्ञानं तु मानं चेत्तदवस्थान्तरं तु तत् ।
ततः किं भ्रान्तमेतत्स्यादन्यथा सिद्धसाध्यता ॥२०३॥

યોગિજ્ઞાન જો માન તો, અવસ્થાન્તર તે તાસ;
તો શું? ભ્રાંત આ-અન્યથા, સિદ્ધસાધ્યતા ખાસ. ૨૦૩

અર્થ:—અને યોગિજ્ઞાન માન છે—પ્રમાણ છે એમ જો કહો, તો તે યોગિજ્ઞાન તે યોગીનું અવસ્થાંતર થયું. તેથી શું? તો કે—આ યોગિજ્ઞાન ભ્રાંત હોય, નહિં તો એનું અભ્રાંતપણું સતે સિદ્ધસાધ્યતા થાય, અર્થાત્ અવસ્થાભેદની ઉપપત્તિ થાય.

યોગીજ્ઞાન જ અત્ર પ્રમાણ છે, એમ જો કહો, તો તે **યોગીજ્ઞાન** યોગીનું અવ-

---

વૃત્તિ:—योगिज्ञानं तु-યોગિજ્ઞાન જ, मानं चेत्-અત્ર જો પ્રમાણ છે, આ આશંકીને કહે છે, तदवस्थान्तरं तु-તેનું અવસ્થાન્તર જ, યોગી અવસ્થાન્તર જ, तत्-તે, યોગિજ્ઞાન છે. ततः किं-તેથી શું? એમ આ આશંકીને કહે છે-भ्रान्तमेतत्स्यात्-આ યોગિજ્ઞાન ભ્રાંત હોય. अन्यथा-અન્યથા, નહિં તો એનું અભ્રાંતપણું સતે, શું? તો કે-सिद्धसाध्यता-સિદ્ધસાધ્યતા થાય,-અવસ્થાભેદની ઉપપત્તિને લીધે.

સ્થાંતર જ છે. તેથી શું? તો કે-આ યોગીજ્ઞાન ભ્રાંત હોય; નહિં તો એનું અભ્રાંતપણું સતે, અવસ્થાભેદની ઉપપત્તિને લીધે, સિદ્ધસાધ્યતા થાય.

ઉપરમાં પ્રમાણ શું એમ પૂછ્યું, એટલે વાદી કહે છે કે-યોગીજ્ઞાન છે તે પ્રમાણ છે. તેનો શાસ્ત્રકાર ઉત્તર આપે છે કે-જો તમે યોગીજ્ઞાનને પ્રમાણ કહેતા હો તો તે યોગીજ્ઞાન પોતે જ યોગીનું અવસ્થાંતર જ છે. એટલે વાદી કહે છે-તેથી શું? તે યોગીનું અવસ્થાંતર છે, તો તેથી શું થઇ ગયું? તે ઉપરથી તમે શું કહેવા માગો છો? તેનો સિદ્ધાંતકાર જવાબ આપે છે કે-આ યોગીજ્ઞાન કાં તો ભ્રાંત હોય ને કાં તો અભ્રાંત હોય. જો ભ્રાંત કહો તો તેને તમે પ્રમાણભૂત લેખ્યું શી રીતે? અને જો અભ્રાંત કહો તો **સિદ્ધસાધ્યતા** થઇ. અર્થાત્ અભ્રાંત એવા અવસ્થાભેદની ઉપપત્તિ થઇ, એટલે અમે જે સાધવા માગતા હતા, તે જ તમે સ્વીકારીને સાધી આપ્યું! જ્યાંથી તમે છટકવા માગતા હતા, ત્યાં જ આવીને તમે સપડાઇ ગયા! એટલે હવે તમે અમારા મતનો સ્વીકાર કર્યો હોવાથી, અમારે કાંઈ કહેવાપણું રહેતું નથી; કારણ કે **યોગીજ્ઞાન** એ જ પોતે તે યોગીનું **અવસ્થાંતર** છે. પૂર્વે તે યોગીજ્ઞાન ન્હોતું, પછી થયું, એટલે એ આગલી અવસ્થામાંથી થયેલી જૂદી અવસ્થા છે. અને આ તો અભ્રાંત છે-પ્રમાણભૂત છે એમ તમે કહો છો, એટલે તે અવસ્થાંતર પણ અભ્રાંત છે, પ્રમાણભૂત છે, એમ તમે પણ સ્વીકાર કરો છો. ઇતિ સિદ્ધં નઃ સમીહિતમ્! કિં બહુ જલ્પિતેન?-આમ એકાંત નિત્યપક્ષનું પણ અત્ર સુયુક્તિયુક્ત સન્ન્યાયથી ખંડન કરવામાં આવ્યું.

એટલે વસ્તુ કેવલ અભાવરૂપ પણ નથી, તેમજ કેવલ ભાવરૂપ પણ નથી, પણ ભાવાભાવરૂપ છે, એમ **અનેકાંત સિદ્ધાંત** અત્ર સુપ્રતિષ્ઠિત થયો. તાત્પર્ય કે-આત્મા દ્રવ્યથી નિત્ય છે, અને પર્યાયથી અનિત્ય છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આત્મા નિત્ય છે, પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય છે-પર્યાયથી પલટાય છે. બાલ, યુવાન ને વૃદ્ધ એ ત્રણે અવસ્થાનું જ્ઞાન એક જ પુરુષને થાય છે.

"આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાલાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય."—**શ્રી આત્મસિદ્ધિ.**

। इति एकान्तनित्यपक्षनिराकरणम् ।

વસ્તુસ્વભાવ-સાર

★

ક્ષણિકવાદી કહે છે કે-'આગલી પાછલી ક્ષણે વસ્તુનો અભાવ છે, વર્ત્તમાન ક્ષણે જ તેનો ભાવ-હોવાપણું છે.' (૧) આ તેનું કથન યુક્તિથી અસંગત છે, કારણ કે તેના અભિપ્રાયે તે વર્ત્તમાન ભાવવાળી તો છે, એટલે તે સદા તદ્ભાવવાળી-વર્ત્તમાન ભાવવાળી હોવી જોઇએ. કારણ કે 'સદા તદ્ભાવથી તદ્વત્' હોય એવો નિયમ છે. આમ તેની માન્યતા સાથે અવિરોધથી તે વસ્તુ સદા વર્ત્તમાન ભાવવાળી અર્થાત્ નિત્ય સિદ્ધ થશે. અને તે વર્ત્તમાન ભાવનો

એકાંત અનિત્ય પક્ષ અયુક્ત

સ્વીકાર નહિં કરે, તો તે સદાય અસત્ જ સિદ્ધ થશે. આમ કાં તો વસ્તુ એકાંત નિત્ય-સદા ભાવરૂપ સાબિત થશે અને કાં તો એકાંત અનિત્ય-સદા અભાવરૂપ સાબિત થશે. એટલે ક્ષણિકવાદ ક્ષણભર ટકી શકશે નહિં. (૨) હવે જો ક્ષણિકવાદી એમ કહે કે-'જે આગલી ક્ષણે છે તે જ છે નહિં.' તો 'તે અન્યથા હોય છે' એની જેમ વિરુદ્ધ છે. કારણકે તે વસ્તુ અન્યથા-બીજી જ થઇ જતી હોય તો 'તે' કેમ? અને તે હોય તો 'અન્યથા'-બીજી જ કેમ થાય? એવી દલીલ તેઓ કરે છે. તે જ ન્યાય તેમના કથન પર લાગુ પાડીએ તો તે જ છે તો તે કેમ 'છે નહિં?' અને તે છે નહિં તો 'તે' કેમ? એમ વદતો વ્યાઘાત થાય છે. (૩) તેમજ અભાવ ઉત્પત્તિ આદિ દોષ આવે છે, કારણ કે સત્નું અસત્ત્વ માનો, તો અસત્ત્વનો ઉત્પાદ થશે, અર્થાત્ અભાવની ઉત્પત્તિ થશે. અને જેની ઉત્પત્તિ હોય તેનો નાશ પણ હોય જ, એ નિયમથી આ અભાવનો નાશ પણ થશે, એટલે નષ્ટ વસ્તુનો તે ને તે રૂપે પુનર્ભાવ થશે. અર્થાત્ વસ્તુ સદા ભાવરૂપ સાબિત થશે. અને જો વસ્તુ સદા નાશવંત માનો તો વિવક્ષિત ક્ષણે પણ તેની સ્થિતિ નહિ હોય, અર્થાત્ તે સદા અભાવરૂપ સાબિત થશે. (૪) હવે જો એમ કહો કે તે નાશ ક્ષણસ્થિતિ-ધર્મવાળો છે, તો બીજી વગેરે ક્ષણે પણ સ્થિતિ હોતાં આ ક્ષણસ્થિતિધર્મપણું આવીને ઊભું રહેશે. એટલે જે કહ્યું હતું તેમજ થશે. કારણ કે જ્યારે તેની ક્ષણસ્થિતિ છે ત્યારે જ તેની અસ્થિતિ ઘટતી નથી, અને પછી પણ તે અસ્થિતિ ઘટતી નથી. અર્થાત્ સદા તેની સ્થિતિ જ ઘટે છે. આમ સત્નું અસત્ત્વ વગેરે જે કહ્યું હતું તે બધું ય બરાબર છે. અર્થાત્ કોઇ પણ પ્રકારે એકાંત અનિત્ય પક્ષ-ક્ષણિકવાદ ઘટતો નથી. તાત્પર્ય કે-વસ્તુ એકાંત અભાવરૂપ નથી.

એકાંત નિત્ય પક્ષ અયુક્ત

તેમજ એકાંત નિત્ય પક્ષ પણ કોઇ રીતે ઘટતો નથી. કારણ કે (૧) અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એકરૂપ તે સત્ છે એમ નિત્યવાદી કહે છે, અર્થાત્ વસ્તુ સદા એક-ભાવરૂપ છે. એટલે સંસાર ભાવ છે, તો તેની કદી પણ નિવૃત્તિ નહિં થાય, અર્થાત્ સદાય સંસારભાવ જ રહેશે, કદી પણ મુક્ત ભાવની ઉપપત્તિ થશે નહિં; કારણ કે એક સ્વભાવની બે અવસ્થા કદી હોય છે. એટલે સંસારી અને મુક્ત એમ બે અવસ્થા કહેવી તે શબ્દમાત્ર થઇ પડશે, માટે એક સ્વભાવથી બીજા સ્વભાવનો ઉપમર્દ તાત્ત્વિક માનવો ઈષ્ટ છે. અર્થાત એક સ્વભાવ બીજા સ્વભાવને ખસેડી તેનું સ્થાન લે તો જ સંસારી ને મુક્ત એમ બે અવસ્થા ઘટી શકે, નહિં તો નહિં. (૨) દિદક્ષા-ભાવમલ વગેરે આત્માની આત્મભૂત મુખ્ય વસ્તુસત્ છે, તે આત્માને નિવર્ત્ત્ય છે. અને તે દિદક્ષાદિ પ્રધાનાદિની પરિણતિનું કારણ છે, તેના અભાવે પ્રધાનાદિની પરિણતિ હોતી નથી. અર્થાત્ દિદક્ષાદિ કારણ જ્યાં-લગી ટળતું નથી ત્યાંલગી પ્રધાનાદિની-પ્રકૃતિ આદિની પરિણતિ થયા કરે છે, અને તે કારણ ટળ્યે પ્રધાનાદિની પરિણતિ થતી નથી. નહિં તો દિદક્ષાદિ કારણ ન માનો તો નિષ્કારણ એવી આ પ્રધાનાદિ પરિણતિ સદા થયા કરશે. આ પ્રધાનાદિની પરિણતિ

છે, તે ભવ-સંસાર કહેવાય છે. અને આમ ભવનું નિત્યપણું હોતાં, મુક્તનો સંભવ કેમ થશે ? માટે દિદૃક્ષાદિ કારણ માનવું પડશે. દિદૃક્ષાદિ હોતાં સંસાર હોય છે, અને તેના અભાવે મોક્ષ હોય છે. આમ બે અવસ્થા ઘડશે. (૩) અને એમ જો કહો કે-આ અવસ્થા તત્ત્વથી નથી, તો તેની પ્રતીતિ કેમ ઉપજશે ? આ પ્રતીતિ ભ્રાંત છે એમ કહો તો તેનું પ્રમાણ શું ? યોગીજ્ઞાન પ્રમાણ છે, તો તે આ યોગીજ્ઞાન જ અવસ્થાંતર થયું. આ યોગીજ્ઞાનને ભ્રાંત કહો તો તેને પહેલાં પ્રમાણ કેમ કહ્યું ? અને અભ્રાંત કહો, તો અવસ્થાંતર પક્ષનો તમે સ્વીકાર કર્યો. આમ કોઈ રીતે એકાંત નિત્ય પક્ષ (ભાવરૂપ વસ્તુ) ઘટતો નથી.

તાત્પર્ય કે વસ્તુ ભાવ-અભાવરૂપ છે, અર્થાત્ **પરિણામી નિત્ય** છે. એમ માનીએ તો જ સંસાર-મોક્ષ એ સર્વ વ્યવસ્થા બરાબર ઘટે છે; કારણ કે ભાવમલ આદિથી સ્વભાવનો ઉપમર્દ થાય છે, છતાં તેના મૂળ સ્વભાવના યોગથી તેનો જેવો ભાવ હતો તેવો ભાવ-તથાભાવ થાય છે. એજ અદોષપણું છે. અને આ જે સ્વભાવ છે તે જ વસ્તુનો સ્વ ભાવ છે, અર્થાત્ તત્ત્વથી નિજ સત્તા જ છે. **સ્વભાવસ્થિતિ એ જ મોક્ષ છે, એ જ અદોષપણું છે; અને વિભાવસ્થિતિ એ જ સંસાર છે, એ જ સદોષપણું છે.**

★

આનુષંગિક કહ્યું, હવે પ્રકૃત પ્રસ્તવીએ છીએ, અને તે પ્રકૃત સિદ્ધસ્વરૂપ છે, 'व्याधिमुक्त पुमान लोके' ઈત્યાદિના ઉપન્યાસથી. તેમાં—

व्याधितस्तदभावो वा तदन्यो वा यथैव हि ।
व्याधिमुक्तो न सन्नीत्या कदाचिदुपपद्यते ॥ २०४

રોગી રોગી અભાવ વા, તેથી અન્ય જ જેમ;
રોગ મુક્ત સન્નયાયથી, ઘટે ન કદીય એમ. ૨૦૪

અર્થ :—જેને વ્યાધિ ઉપજ્યો છે તે વ્યાધિત, અથવા તેનો અભાવ જે છે તે, અથવા તેનાથી અન્ય જે છે તે, જેમ સન્નીતિથી 'વ્યાધિમુક્ત' કદી પણ ઘટતો નથી.

વિવેચન

વ્યાધિત એટલે જેને વ્યાધિ ઉપજ્યો છે તે, અથવા તેના અભાવરૂપ જે છે તે, અથવા તેનાથી અન્ય-તેનો પુત્રાદિ જે છે તે, એ ત્રણેમાંથી એક પણ સન્ન્યાયથી કદી પણ 'વ્યાધિમુક્ત' ઘટતો નથી. એમ દૃષ્ટાંત છે.

वृत्ति:-**व्याधित:**-વ્યાધિત, જેને વ્યાધિ ઉપજ્યો છે તે જ, **तदभावो वा**-અથવા તેનો અભાવ જે છે તે, **तदन्यो वा**-અથવા તેનાથી અન્ય, વ્યાધિતથી અન્ય,-તેનો પુત્રાદિ, **यथैव हि व्याधिमुक्तो न**-જેમ વ્યાધિમુક્ત નથી, એ ત્રણેમાંથી એક પણ જેમ 'વ્યાધિમુક્ત' નથી, **सन्नीत्या**-સન્નીતિથી, સન્ન્યાયથી, **कदाचिदुपपद्यते**-કદી પણ ઘટતો, એમ દૃષ્ટાંત છે.

(૧) જેને વ્યાધિ ઉપજ્યો છે એવો વ્યાધિત અર્થાત્ વ્યાધિવાળો મનુષ્ય સન્ન્યાયથી જોઈએ તો કદીપણ 'વ્યાધિમુક્ત' કહી શકાય નહિં; કારણ કે વ્યાધિયુક્ત હોય તે વ્યાધિમુક્ત કેમ કહેવાય? તે તો વદતોવ્યાઘાત છે. (૨) અથવા જ્યાં વ્યાધિતનો-વ્યાધિવંતનો જ સચોડો અભાવ હોય, ત્યાં પણ વ્યાધિમુક્તપણું કેમ ઘટે? કારણ કે જ્યાં વ્યાધિવંત જ પોતે નથી, ત્યાં વ્યાધિથી મુક્ત થાય કોણ? (૩) અથવા વ્યાધિતથી અન્ય એવો તેનો પુત્ર-ભાઈ આદિ પણ વ્યાધિમુક્ત કહી શકતો નથી. કારણ કે વ્યાધિયુક્ત જૂદો ને વ્યાધિમુક્ત થનારો જૂદો-એમ કેમ બને? આમ રોગી હોય તે રોગમુક્ત કેમ કહેવાય? અથવા રોગીનો જ જ્યાં અભાવ છે, ત્યાં રોગમુક્ત થશે કોણ? અથવા રોગી બીજો ને રોગમુક્ત-સાજો થાય બીજો, એ પણ કેમ ઘટે? માટે સન્નીતિની રીતિએ જોતાં રોગી કે રોગીનો અભાવ કે રોગીથી અન્ય કદી પણ 'રોગમુક્ત' કહેવો ઘટે નહિં. કારણ કે આ ત્રણેય પક્ષ પ્રત્યક્ષબાધિત છે, દૃષ્ટ-ઇષ્ટ વિરુદ્ધ છે. એટલે આ ઉપરથી એ ફલિત થાય છે કે-રોગીને જે રોગમુક્ત કહે, અથવા રોગીના અભાવને જે રોગમુક્ત કહે, અથવા રોગીને બદલે બીજાને જે રોગમુક્ત કહે તે તેનું પ્રગટ **ભ્રાંતપણું** જ છે, મિથ્યાત્વ જ છે, મતિવિપર્યાસ જ છે.

વ્યાધિત આદિ વ્યાધિમુક્ત નથી

卐

દાર્ષ્ટાંતિક યોજન કહે છે—

संसारी तदभावो वा तदन्यो वा तथव हि।
मुक्तोऽपि हन्त नो मुक्ते मुख्यवृत्त्येति तद्विदः ॥२०५॥

સંસારી તસ અભાવ વા, તેથી અન્ય જ તેમ;
મુક્ત પણ મુક્ત મુખ્ય ના, વદે યોગવિદ્ એમ. ૨૦૫

અર્થ:—તેમજ સંસારી, અથવા તેનો અભાવ, અથવા તેનાથી અન્ય, તે મુક્ત કહો છતાં મુખ્ય વૃત્તિથી મુક્ત નથી, એમ તે મુક્તના જાણકારો કહે છે.

વિવેચન

તેમ જ સંસારી પુરુષ, અથવા તે પુરુષનો અભાવ માત્ર જ, અથવા તેનાથી એકાંતે અન્ય,-તે મુક્ત છતાં મુખ્ય વૃત્તિથી-પરમાર્થથી મુક્ત નથી, એમ તે મુક્તના જ્ઞાતા પુરુષો કથે છે.

वृत्तिः—**संसारी**-પુરુષ, **तदभावो वा**-અથવા તેનો અભાવ, પુરુષ અભાવ માત્ર જ, **तदन्यो वा**-અથવા તેનાથી અન્ય, એકાંતલક્ષણ એવો તેનાથી અન્ય, **तथैव हि**-તેમ જ, જેમ દૃષ્ટાંતમાં છે તેમ શું? તો કે-**मुक्तोऽपि हन्त नो मुक्तो मुख्यवृत्त्या**-મુક્ત કહો છતાં અહો! મુખ્યવૃત્તિથી મુક્ત નથી, ત્રણેયના-તેના પ્રવૃત્તિ-નિમિત્તના અભાવને લીધે. **इति तद्विदः**-એમ તદ્વિદો તેના-જાણકારો, મુક્તના જ્ઞાતાઓ એમ કહે છે.

ઉપરમાં જે દૃષ્ટાંત કહ્યું તેની **દાર્ષ્ટાંતિક ઘટના** અહીં કહી છે :-જેમ રોગી, કે રોગીનો અભાવ, કે રોગીથી અન્ય,–એ ત્રણમાંથી કોઇ પણ રોગમુક્ત કહેવો ઘટતો નથી;

સંસારી આદિ મુક્ત નથી

તેમ સંસારી પુરુષ, કે સંસારી પુરુષનો અભાવ માત્ર જ, કે તેનાથી એકાંતે અન્ય–એ ત્રણેમાંથી કોઇ પણ મુખ્યવૃત્તિથી–પરમાર્થથી મુક્ત ઘટતો નથી, કારણ કે તથાપ્રકારે તેના પ્રવૃત્તિનિમિત્તનો તેને અભાવ છે. (૧) સંસારી અર્થાત્ ભવરોગ જેને લાગુ પડેલો છે, એવો સંસાર પરિભ્રમણ કરી રહેલો પુરુષ–આત્મા જે છે, તે પરમાર્થથી મુક્ત કહેવો ઘટતો નથી; કારણ કે તે પરમાર્થથી ખરેખરો મુક્ત હોય તો તે સંસારી કેમ છે? અને જો તે સંસારી છે, તો સંસારથી મુક્ત એવો તે મુક્ત કેમ હોય ? જો કે શુદ્ધ નિશ્ચય નયની અપેક્ષાએ **'સર્વ જીવ છે સિદ્ધ સમ'**–એમ ઉપચાર કથન કરી શકાય, તો પણ તથારૂપ તાત્ત્વિક મુક્ત દશા વિના પારમાર્થિક–મુખ્ય એવું મુક્તપણું કહી શકાય નહિં. અને જો કોઈ કહે તો તે કેવલ ભ્રાંતિ જ છે, મિથ્યાત્વ જ છે, મતિવિપર્યાસ જ છે. તાત્પર્ય કે–સંસારી તે મુખ્યવૃત્તિથી મુક્ત કહેવાય નહિં. (૨) અથવા જ્યાં સંસારી પુરુષનો જ અભાવ હોય, ત્યાં પણ મુક્તપણું ઘટતું નથી. કારણ કે જ્યાં પુરુષનો–આત્માનો જ સચોડો અભાવ છે, ત્યાં મુક્ત થશે કોણ ? (૩) અથવા તે સંસારી પુરુષથી અન્ય–એકાંતે જૂદો જ હોય, તે પણ મુક્ત થવો ઘટતો નથી; કારણ કે રોગી બીજો ને સાજો થાય બીજો એ જેમ બનવાજોગ નથી, તેમ ભવરોગી બીજો ને ભવરોગથી મુક્ત થનારો બીજો એ પણ બનવાજોગ નથી.

આમ મોક્ષના પ્રવૃત્તિનિમિત્તના–કારણના અભાવે ત્રણેમાંથી કોઇ પણ પક્ષમાં મુખ્ય વૃત્તિથી મુક્તપણું ઘટતું નથી, એટલે કે રોગી જેમ રોગમુક્ત કહી શકાતો નથી, તેમ ભવરોગી એવો સંસારી પણ મુક્ત કહી શકાતો નથી. રોગીનો પોતાનો જ જ્યાં સચોડો અભાવ હોય ત્યાં પછી રોગમુક્ત થવાનો પ્રશ્ન જ રહેતો નથી, તેમ ભવરોગી એવા પુરુષનો–આત્માનો જ જ્યાં અભાવ છે, ત્યાં તેના મુક્ત હોવાનો સંભવ રહેતો નથી. અથવા રોગી બીજો ને રોગમુક્ત સાજો થાય બીજો એ જેમ ઘટતું નથી, તેમ ભવરોગી આત્મા બીજો ને ભવરોગથી મુક્ત થાય બીજો તે પણ ઘટતું નથી, કારણ કે તે તો કરે કોઇ ને ભોગવે કોઇ, 'લે લાલો ને ભરે હરદાસ' એના જેવું થયું ! આમ બે ને બે ચાર જેવી, કોઇ કાળે ન ફરે એવી આ **પરમ નિશ્ચયરૂપ સિદ્ધાંતિક વાર્ત્તા** છે. આબાલવૃદ્ધ સાદી સમજવાળો કોઇ પણ મનુષ્ય સમજે એવી આ પ્રગટ સત્ય હકીકત છે. છતાં રોગીને અથવા રોગીના અભાવને, અથવા રોગીથી અન્યને જો કોઇ રોગમુક્ત હોવાનો ખોટો આગ્રહ ધરે, તો તે સાવ બેહૂદું હોઇ જેમ પ્રગટ ભ્રાંતિ જ છે, પ્રત્યક્ષ મિથ્યાત્વ જ છે; તેમ ભવરોગી એવા સંસારી પુરુષને, કે તે પુરુષના અભાવને, કે તે પુરુષથી અન્યને જો કોઇ મુક્ત કહે, તો તે પણ સાવ બેહૂદું હોઇ પ્રગટ ભ્રાંતિ જ છે, સાક્ષાત્ મિથ્યાત્વ જ છે.

આ ઉપરથી એ ધ્વનિત થાય છે કે (૧) કોઇ મતવાદી (સાંખ્ય–યોગાદિ)

ભ્રાંત માન્યતાઓ

સંસારી પુરુષને-આત્માને સદા મુક્ત જ માને છે, તે મિથ્યા છે; કારણકે સંસારી પુરુષ-આત્મા જો મુક્ત જ છે, તો તેનો પ્રગટ ભવભ્રમણરૂપ સંસાર કેમ છે? અને જો સંસાર છે તો તે મુક્ત કેમ છે? વળી જો તે મુક્ત જ છે તો તેને સંસારથી મુક્ત કરવા માટેના આ બધા યોગમાર્ગનું પ્રયોજન શું છે? માટે આ માન્યતા ભૂલભરેલી છે, મિથ્યા છે. (૨) કોઇ મતવાદી પુરુષના-આત્માના અભાવને મુક્ત કહે છે, તે પણ મિથ્યા છે, અતિપ્રસંગરૂપ હોઇ અયુક્ત છે. કારણ કે જેનો અભાવ છે, તેનો 'ભાવ'-હોવાપણું કહેવું બેહૂદું છે. જે છે જ નહિં, તે મુક્ત કેમ થશે? (૩) કોઇ પુરુષથી-આત્માથી એકાંતે અન્યને-જૂદાને મુક્ત કહે છે, તે પણ અયુક્ત છે; કારણકે ક્ષણવાદીના અભિપ્રાયે જે પૂર્વ ક્ષણે હતો તે ઉત્તરક્ષણે છે જ નહિ. એટલે પૂર્વાપર અન્વય સંબંધ વિના ભવરોગી એવો સંસારી આત્મા તે બીજો, અને મુક્ત થયો તે આત્મા પણ બીજો. આ તો પ્રગટ વિસંવાદરૂપ છે.

અનેકાંતની પ્રમાણુતા

આમ એકાંતવાદી અન્ય દર્શનીઓની માન્યતા પ્રમાણે વસ્તુસ્વભાવ ઘટતો નથી, બંધ-મોક્ષ વ્યવસ્થા ઘટતી નથી, સંસારી-મુક્ત આદિ વ્યવસ્થા ઘટતી નથી. કેવળ **અનેકાંત સિદ્ધાંતથી** જ વસ્તુસ્વભાવ ઘટે છે, અવિકલ એવી સકલ બંધ-મોક્ષ વ્યવસ્થા ઘટે છે, સંસારી-મુક્ત આદિ વ્યવસ્થા સાંગોપાંગ સંપૂર્ણપણે ઘટે છે. ઇત્યાદિ અત્યંત ગંભીર દાર્શનિક વિચારણા અત્ર સમાય છે,-જે સમજવા માટે શ્રી **ષડ્દર્શનસમુચ્ચય, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ધર્મસંગ્રહણી, શ્રીમદ્ રાજચંદ્ર, સન્મતિતર્ક** આદિ દર્શનપ્રભાવક આકર ગ્રંથો જિજ્ઞાસુએ અવગાહવા.

"સર્વ દર્શનની શિક્ષા કરતાં જિનની કહેલી બંધ મોક્ષના સ્વરૂપની શિક્ષા જેટલી અવિકળ પ્રતિભાસે છે, તેટલી બીજાં દર્શનની પ્રતિભાસતી નથી-અને જે અવિકળ શિક્ષા તે જ પ્રમાણસિદ્ધ છે."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

卐

ત્યારે મુક્ત વ્યવસ્થા કેવા પ્રકારે છે? તે કહે છે—

क्षीणव्याधिर्यथा लोके व्याधिमुक्त इति स्थितः ।
भवरोग्येव तु तथा मुक्तस्तन्त्रेषु तत्क्षयात् ॥२०६॥

વૃત્તિઃ—**क्षीणव्याधिः**-ક્ષીણ વ્યાધિવાળો પુરુષ, **यथा लोके**-જેમ લોકમાં અવિગાનથી (એકી અવાજે), **व्याधिमुक्त इति**-વ્યાધિમુક્ત છે એમ. તેના તેના અભાવથી વ્યાધિમુક્ત છે એમ, **स्थितः**-છે, સ્થાપનીય નથી-સ્થાપવાનો નથી. **भवरोग्येव**-ભવરોગી જ, મુખ્ય એવા તદ્ભાવથી,-તે રોગના ભાવથી, **तथा**-તેવા પ્રકારે, **मुक्तः**-મુક્ત, વ્યાધિમુક્ત, **तंत्रेषु**-તંત્રોમાં-શાસ્ત્રોમાં સ્થિત છે, **तत्क्षयात्**-તેના ક્ષય થકી, તે ભવરોગના ક્ષયને લીધે, એમ અર્થ છે.

ક્ષીણવ્યાધિ જ્યમ લોકમાં, વ્યાધિમુક્ત છે સ્થિત;
ભવરોગી જ ત્યમ તસ ક્ષયે, શાસ્ત્રે મુક્ત સુસ્થિત ૨૦૬

અર્થ:—જેમ લોકમાં ક્ષીણ વ્યાધિવાળો તે 'વ્યાધિમુક્ત' એમ સ્થિત છે, તેમ ભવરોગી જ તે ભવરોગના ક્ષય થકી 'મુક્ત' એમ તંત્રોમાં—શાસ્ત્રોમાં સ્થિત છે.

વિવેચન

જેનો વ્યાધિ ક્ષીણ થયો છે એવો **ક્ષીણવ્યાધિ** પુરુષ જેમ લોકમાં અવિગાનથી એકી અવાજે '**વ્યાધિમુક્ત**' છે એમ સ્થિત છે, સ્થાપનીય નથી—સ્થાપવાનો નથી; તેમ મુખ્ય એવા તદ્‌ભાવથી ભવરોગી જ તે ભવરોગના ક્ષય થકી 'મુક્ત' એમ તંત્રોમાં—શાસ્ત્રોમાં સ્થિત છે.

અત્રે ઉપરોક્ત સમસ્ત રસપ્રદ ચર્ચાનો છેવટનો ચૂકાદો—નિર્ણય (Judjement) ન્યાયમૂર્તિ શાસ્ત્રકારે આપ્યો છે, કે જે સર્વ લોકને અને સર્વ શાસ્ત્રને એકમતે સંમત છે. જેને 'હતો' તે વ્યાધિ—રોગ ક્ષીણ થયો છે એવો ક્ષીણ-

ભવરોગક્ષયથી મુક્ત

વ્યાધિ પુરુષ, તે તે વ્યાધિના અભાવથી લોકમાં 'વ્યાધિમુક્ત' કહેવાય છે; આમ અવિગાનથી—સર્વાનુમતે લોકમાં સ્થિત છે, સાદી સમજથી સ્થાપિત સિદ્ધાંત છે, કાંઈ નવો સ્થાપવાનો નથી. તેમ મુખ્ય ભાવથી જેને ભવરોગ લાગુ પડેલો છે, એવો **ભવરોગી જ** તે **ભવરોગના ક્ષય થકી** 'વ્યાધિમુક્ત' **મુક્ત** હોય છે, એમ તંત્રોમાં—શાસ્ત્રોમાં સ્થિત છે, અખંડ નિશ્ચય સિદ્ધાંત સ્થાપિત છે, તે કાંઈ નવો સ્થાપવાનો રહેતો નથી. એટલે આમ જે સર્વ લોકને અને સર્વ શાસ્ત્રને સંમત છે, એવી આબાલવૃદ્ધ સર્વ સમજી શકે એવી સાદી સમજવાળી વસ્તુસ્થિતિને સ્થાપિત કરવા માટે અન્ય કોઈ પ્રમાણની જરૂર નથી. એ સંબંધી વધારે શું કહેવું ?

卐

મુક્તતત્ત્વમીમાંસાનો સાર

આ નિર્વાણપ્રાપ્ત મુક્ત આત્મા કેવો છે, તેનું સ્વરૂપ સમજવા માટે અત્રે વ્યાધિ-મુક્ત—રોગમુક્ત પુરુષનું દૃષ્ટાંત સાંગોપાંગપણે ઘટાવ્યું છે:—વ્યાધિમુક્ત પુરુષ જેવો અહીં લોકમાં હોય છે, તેવો આ ભવવ્યાધિમુક્ત આત્મા હોય છે તે અભાવરૂપ નથી, વ્યાધિથી મુક્ત નથી એમ પણ નથી, અને પૂર્વે વ્યાધિવાળો ન્હોતો એમ પણ નથી. અર્થાત્ વ્યાધિમુક્ત થતાં પુરુષનો કાંઈ અભાવ થઈ જતો નથી, તેમ ભવવ્યાધિમુક્ત થતાં આત્માનો કાંઈ અભાવ થઈ જતો નથી. વ્યાધિમુક્ત પુરુષ જેમ વ્યાધિથી મુક્ત નથી એમ પણ નથી, તેમ આ ભવવ્યાધિમુક્ત આત્મા ભવવ્યાધિથી મુક્ત નથી એમ નથી, પણ મુક્ત જ છે. વ્યાધિમુક્ત પુરુષ જેમ પૂર્વે વ્યાધિયુક્ત ન્હોતો એમ નથી, પણ વ્યાધિયુક્ત હતો જ,

તેમ આ ભવવ્યાધિમુક્ત આત્મા પૂર્વે ભવવ્યાધિયુક્ત ન્હોતો એમ નહિં, પણ ભવવ્યાધિયુક્ત હતો જ, તે હવે તેનાથી મુક્ત થયો છે.

અત્રે સંસાર એ જ મહાવ્યાધિ છે. જન્મ-મૃત્યુ આદિ તેના વિકાર છે. તે વિચિત્ર પ્રકારનો મોહ ઉપજાવે છે, અને રાગાદિ તીવ્ર વેદના પમાડે છે. આ **ભવવ્યાધિ મુખ્ય** છે, અને આત્માનો આ વ્યાધિ અનાદિ એવા વિચિત્ર કર્મથી (દ્રવ્ય-ભાવ) ઉપજેલો છે. અને તે તેવા પ્રકારે તિર્યંચાદિ સર્વ પ્રાણીઓને અનુભવસિદ્ધ છે. આમ આ ભવવ્યાધિ મુખ્ય છે, માટે એથી મુક્ત થયેલો **મુક્ત** પણ **મુખ્ય** જ ઘટે છે, કારણ કે જન્મ મરણાદિ દોષ ટળવાથી તેના અદોષપણાની સંગતિ-ઘટમાનપણું થાય છે. તે આ પ્રકારે:-તેના સ્વભાવનો ઉપમર્દ છતાં તે આત્માના તે સ્વભાવપણાના યોગ થકી તેનો જ તથાભાવ હોય છે, અર્થાત્ જેવો મૂળ સ્વભાવ છે, તેવો જ ભાવ થાય છે, તેથી તેનું અદોષપણું ઘટે છે. વિભાવથી તેના સ્વભાવનો ઉપમર્દ-કચ્ચરઘાણ થયો તે દોષ હતો, તેને પુનઃ મૂળ સ્વભાવનો યોગ થતાં અદોષપણું પ્રાપ્ત થયું. આમ જે દોષયુક્ત હતો તે દોષમુક્ત થાય, તેની જેમ આ ભવદોષયુક્ત આત્મા ભવદોષથી મુક્ત થયો. આમ મુક્ત મુખ્ય છે-ખરેખરો પારમાર્થિક પરમાર્થસત્ એવો **સ્વભાવ ભાવ** છે.

અને આ જે સ્વભાવ છે તે આત્માનો સ્વ ભાવ-પોતાનો ભાવ છે, અર્થાત્ તત્ત્વથી નિજ સત્તા જ છે. અર્થાત્ આત્માની સ્વરૂપ સત્તા જ-સ્વભાવ સ્થિતિ-**સહજાત્મસ્વરૂપ** એ જ મોક્ષભાવ-મુક્ત ભાવ છે, અને આ સ્વભાવ છે તે ભાવ અવધિ જ યુક્ત તે-વસ્તુસ્વરૂપ મર્યાદા પર્યંત જ યુક્ત છે, બીજી રીતે નહિં, કારણ કે અતિપ્રસંગ દોષ આવે. જો તે ભાવ એકાંત અનિત્ય માનીએ કે એકાંત નિત્ય માનીએ તો મોક્ષભાવનો સંભવ થતો નથી, એ ઉપરમાં સુયુક્તિપૂર્વક કહેવાઇ ચૂક્યું છે.

જેને વ્યાધિ ઉપજ્યો છે એવો વ્યાધિત, અથવા તે વ્યાધિવંતનો અભાવ, અથવા તે વ્યાધિવંતથી અન્ય-એ ત્રણેમાંથી કોઇ પણ સન્ન્યાયથી વ્યાધિમુક્ત કહેવો ઘટતો નથી. તેમ સંસારી, અથવા તેનો અભાવ, અથવા તેનાથી અન્ય એવો આત્મા મુક્ત કહો તો પણ મુખ્યવૃત્તિથી-તત્ત્વથી-પરમાર્થથી મુક્ત નથી, એમ મુક્તનું સ્વરૂપ જાણનારા પુરુષો કહે છે; માટે મુક્ત વ્યવસ્થા આ પ્રકારે જ ઘટે છે:-જેમ જેનો વ્યાધિ ક્ષીણ થયો છે એવો **ક્ષીણવ્યાધિ** પુરુષ જ '**વ્યાધિમુક્ત**' છે એમ લોકમાં **સ્થિત** છે, તેમ જે ખરેખરો ભવરોગી હતો, તે જ તે ભવરોગના ક્ષય થકી મુક્ત છે, એમ શાસ્ત્રોમાં **સ્થિત** છે.

卐

યોગદષ્ટિ કળશ કાવ્ય

ચામર છંદ (નારાચવત્)

વ્યાધિમુક્ત જેહવો પુરુષ લોકમાંહ્ય છે, જન્મમુક્ત તેહવો જ મુક્તિ પ્રાપ્ત એહ છે;
ના અભાવ તેહનો, ન મુક્ત એમ ના અહિં, વ્યાધિથી ન વ્યાધિતો વળીય એમ છે નહિં. ૧૫૭

વ્યાધિ આ ભવાખ્ય, જન્મ મૃત્યુ તો વિકાર છે, ચિત્ર મોહ રાગ આદિ વેદના અપાર છે;
મુખ્ય આ અનાદિ કર્મજન્ય આત્મનો ભવે, સિદ્ધ એહ સર્વ પ્રાણીને તથા અનુભવે. ૧૫૮
એહ વ્યાધિમુક્ત તેય મુક્ત મુખ્ય આ ઘટે, જન્મ આદિ દોષવિગમે અદોષતા ઘટે;
પૂર્વ જન્મ આદિ દોષવંત આત્મ જે હતો, તેહ દોષ તે ટળ્યે અદોષભાવ પામતો. ૧૫૯
તતસ્વભાવ તો ભલે દબાયલો વિભાવથી, તોય તેહના જ તતસ્વભાવ યોગ ભાવથી;
ભાવ જે હતો યથા થયો જ તેહનો તથા,-આમ પૂર્વ દોષવંતની ઘટે અદોષતા. ૧૬૦
એહ આત્મનો સ્વભાવ તે સ્વભાવ જાણવો, તેહ તત્ત્વથી જ નિજ સત્ત્વભાવ માનવો;
ભાવની મર્યાદ તેટલો જ આ સ્વભાવ છે, અન્યથા અતિ પ્રસંગનો જ અત્ર ભાવ છે. ૧૬૧
રોગી, તેહનો અભાવ, તેહથી બીજો નકી, રોગમુક્ત તે કદી ઘટે ન સન્નીતિ થકી;
તેમ જન્મરોગી, તદ્અભાવ, અન્ય તો અહિં, મુક્ત તોય મુક્ત મુખ્યતો કદી ઘટે નહિં. ૧૬૨
વ્યાધિ ક્ષીણ જે પુરુષનો અહિં થઇ ગયો, વ્યાધિમુક્ત જેમ લોકમાંહિ સ્થિત તે રહ્યો;
તેમ જન્મવ્યાધિ ક્ષીણ જેહ આત્મનો થયો, તેહ જન્મરોગી તેથી મુક્ત શાસ્ત્રમાં કહ્યો. ૧૬૩
રોગના અભાવથી ન રોગીનો અભાવ છે, રોગ મુક્ત તે નીરોગીનો જ સ્વસ્થ ભાવ છે;
જન્મના અભાવથી ન આત્મનો અભાવ છે, આત્મ તે નીરોગી સ્વસ્થ આત્મનો સ્વભાવ છે. ૧૬૪
વિયોગથી વિભાવના સ્વભાવના સુયોગથી, થયો જ મુક્ત આત્મ એહ મુક્ત જન્મરોગથી;
સ્વાભાવધર્મ યુંજીને અધર્મ કર્મ ટાળિયું, પ્રતાપથી સ્વરૂપના જ જન્મબીજ બાળિયું. ૧૬૫
આત્મ સ્વસ્વભાવ સ્થિત મુક્ત જે પ્રસિદ્ધ છે, શુદ્ધ તત્ સહજસ્વરૂપ સિદ્ધ તેથી સિદ્ધ છે;
બ્રહ્મ જે પરં શ્રીમદ્ સ્વ શુદ્ધ ચેતનાપતિ, શિવ તે સદા સુભાગ્યવાનની પરા ગતિ. ૧૬૬

॥ इति महर्षिश्रीहरिभद्राचार्यविरचिते किरत्चंद्रसूनुमनःसुखनंदनेन भगवानदासेन सुमनोनंदनी-बृहत्टीकानामकविवेचनेन सप्रपञ्चं विवेचिते श्रीयोगदृष्टिसमुच्चयशास्त्रे मुक्ततत्त्वमीमांसाधिकारः ॥

ઉપસંહાર : કુલયોગી આદિસ્વરૂપ–યોગ્યાયોગ્ય વિચાર

એમ પ્રકૃત કહી, સર્વ ઉપસંહાર કહે છે—

अनेकयोगशास्त्रेभ्यः संक्षेपेण समुद्धृतः ।
दृष्टिभेदेन योगोऽयमात्मानुस्मृतये परः ॥२०७॥

યોગશાસ્ત્રોથી ઉદ્ધર્યો, એહ સંક્ષેપમાં જ;
દૃષ્ટિભેદથી યોગ પર, આત્માનુસ્મૃતિ કાજ. ૨૦૭

અર્થ:-દૃષ્ટિભેદે કરીને આ યોગ અનેક યોગશાસ્ત્રોમાંથી સંક્ષેપથી સમુદ્ધૃત કરવામાં આવ્યો છે; અને તે આત્માનુસ્મૃતિ અર્થે પરમ-પ્રધાન એવો છે.

વિવેચન

પાતંજલ આદિ અનેક યોગશાસ્ત્રોમાંથી દૃષ્ટિભેદે કરીને આ યોગ સંક્ષેપથી-સમાસથી સમુદ્ધૃત કરવામાં આવ્યો છે, ક્ષીરમાંથી નવનીતની જેમ પૃથક્ કરવામાં આવ્યો છે. શું અર્થે? તો કે-આત્માનુસ્મૃતિ અર્થે, પરમ પ્રધાન એવો.

અત્રે સરલતાની-ઋજુતાની મૂર્ત્તિ સમા આ શાસ્ત્રકાર મહર્ષિ પોતાના આ ગ્રંથનું મૂલ શું છે? તેનો ઋજુતાથી પ્રમાણિકપણે ઋણસ્વીકાર કરે છે. તેઓશ્રી કહે છે કે–

દૂધમાંથી માખણ જેમ

'આ ગ્રંથ **પાતંજલ** આદિ અનેક યોગશાસ્ત્રોમાંથી સંક્ષેપથી સમુદ્ધૃત કરવામાં આવ્યો છે, **દૂધમાંથી માખણની જેમ** પૃથક્-જૂદો કરવામાં આવ્યો છે.' અનેક યોગશાસ્ત્રોનું દોહન કરીને નવનીત જેવો પરમ સારભૂત આ યોગગ્રંથ આ મહાન્ યોગાચાર્યે પૃથક્ કર્યો છે. સાગરનું મંથન કરી જેમ વિબુધોએ અમૃત વલોવ્યું હતું, તેમ યોગશાસ્ત્ર-સમુદ્રનું મંથન કરીને

વૃત્તિ:-अनेकयोगशास्त्रेभ्यः-અનેક યોગશાસ્ત્રોમાંથી, **પાતંજલ** આદિમાંથી संक्षेपेण-સંક્ષેપથી, સમાસથી, समुद्धृतः—સમુદ્ધૃત કરાયો છે, તેઓમાંથી પૃથક્ કરાયો છે, ક્ષીરમાંથી, નવનીતની જેમ, કોના વડે કરીને? કે કોણ તો? दृष्टिभेदेन—ઉક્ત લક્ષણવાળા દૃષ્ટિભેદથી, योगोऽयं—આ યોગ અધિકૃત જ યોગ. શું અર્થે?-તો કે आत्मानुस्मृतये-આત્માનુસ્મૃતિ અર્થે, परः—પર, પ્રધાન એવો યોગ.

આ મહાવિબુધ શાસ્ત્રકાર ભગવાને આ **યોગદૃષ્ટિસમુચ્ચય**રૂપ પરમ યોગામૃત વલોવ્યું છે. અને સાગરનું મંથન કરવામાં કેટલી મહેનત પડી હશે તે જેમ દેવો જ જાણે, તેમ આ યોગશાસ્ત્રમંથનમાં કેટલો પરિશ્રમ પડયો હશે, તે આ પરમ આચાર્યદેવ જ જાણે. અને તે મહાવિકટ પ્રયાસે પ્રાપ્ત અમૃતનો રસાસ્વાદ કેવો હશે તે જેમ તે અમારો જ જાણે, તેમ અતિ વિકટ પ્રયાસે ઉપલબ્ધ આ યોગામૃતનો રસાસ્વાદ આ અમર કૃતિ સર્જનારા આ પરમ અમૃતસ્વરૂપ યોગાચાર્ય જ જાણે. તે તે યોગશાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણન છે, અત્રે તેના **સારભૂત સંક્ષેપ**માં કથન છે. અત્યંત વિસ્તૃત મહાન્ ગ્રંથરાશિમાંથી સારભૂત કથનરૂપ રત્ન ખોળી કાઢવું એ કાંઇ જેવું તેવું વિકટ કાર્ય નથી. એક અપેક્ષાએ જોઇએ તો સંક્ષેપનો વિસ્તાર કરવો સ્હેલો છે, પણ વિસ્તારનો સંક્ષેપ કરવો સ્હેલો નથી. કારણ કે વિસ્તારનો સંક્ષેપ કરવામાં ઘણી ભારે કુશળતાની જરૂર પડે છે, અને તે આ આચાર્યવર્યે પૂરેપૂરી દાખવી છે, એમ પ્રગટ દેખાય છે. વળી **સંક્ષેપ** એટલે કાંઇ અપૂર્ણ-અધૂરું નહિ, પણ **ટૂંકામાં છતાં સંપૂર્ણ.** જેમ કોઇ પુરુષની પ્રતિકૃતિ-છબી (Portrait) તે પુરુષપ્રમાણ (Life-size) મોટી પણ હોય, ને અંગુલિની મુદ્રિકામાં સમાય એવડી નાની (Locket-size) પણ હોય, છતાં તે નાની મુદ્રા-પ્રતિકૃતિ પણ પુરુષની તે સંપૂર્ણ આકૃતિ રજૂ કરે છે; તેમ વિસ્તૃત શાસ્ત્ર-કથનનું 'સંક્ષેપ' કથન પણ ટૂંકામાં તદ્‌વિષયક સંપૂર્ણ શાસ્ત્રવક્તવ્ય રજૂ કરે છે.

સંક્ષેપનો પર્યાય શબ્દ '**સમાસ**' પણ એ જ અર્થની પુષ્ટિ કરે છે. થોડા શબ્દોમાં ઘણા અર્થનો સમાસ કરવો-સમાવવો તે સમાસ અથવા સંક્ષેપ છે. જેમ આકાશમાં અનંત પદાર્થને અવગાહન કરવાની-સમાવવાની શક્તિ છે, તેમ સત્પુરુષ કથિત શાસ્ત્રસમાસમાં અનંત અર્થ અવગાહવાની-સમાવવાની અદ્‌ભુત શક્તિ છે. આમ આ શાસ્ત્ર અલ્પશબ્દરૂપ છતાં મહાઅર્થ-સંભારથી સંભૃત છે, અત્યંત આશયગંભીર છે. અને તે **આશયની ગંભીરતાની** પીછાન પણ જેમ જેમ તેમાં ઊંડા ઉતરીએ-**અવગાહન** કરીએ તેમ તેમ થતી જાય છે. જેમ સપાટી જોતાં સમુદ્ર ઉપર ઉપરથી તો સાવ સાદો-ઊંડો નહિં હોય એમ જણાય છે, પણ તેના ઊંડાણની ખબર તો તેમાં અવગાહન કરીએ-નિમજ્જન કરી ઊંડા ઉતરીએ ત્યારે જ પડે છે; તેમ ઉપર ઉપરથી જોતાં આ ગ્રંથ સાવ સાદો જણાય, પણ તેની આશયગંભીરતાની ખબર તો તેમાં અવગાહન કરીએ-ઊંડા ઉતરીએ ત્યારે જ પડે. આવી અદ્‌ભુત આશયવાળી **અવગાહન શક્તિ-સમાસશક્તિ** આ શાસ્ત્રની છે; કારણ કે સમર્થ સત્પુરુષની હથોટી લાગતાં એક સામાન્ય વચન પણ સમર્થ અર્થભર્યું મહાવચન બની જાય છે. આત્માનુભવી સંતરૂપ પારસમણિનો સ્પર્શ થતાં વર્ણમય શબ્દ 'સુવર્ણ' બની અનંત અર્થલબ્ધિથી ભરપૂર હોય છે. જ્ઞાનીનું એકેક 'પદ' પરમ 'પદ' પમાડવાને પરિપૂર્ણ સમર્થ હોય છે. એટલા માટે જ 'સત્પુરુષના એક એક વચનમાં અનંત આગમ રહ્યા છે,'- એ **શ્રીમદ્ રાજચંદ્રજી**નું સુભાષિત વચનામૃત અત્ર યથાર્થ

'સમાસ'નો પરમાર્થ

ભાસે છે. અને બાળક જેમ 'સમુદ્ર કેવડો ?' એમ પૂછવામાં આવતાં બે હાથ પહોળા કરીને કહે કે 'આવડો મોટો,' તેમ આપણે પણ આવા '**સાગરવરગંભીરા**' ગ્રંથને માટે આશ્ચર્યચકિત થઇ 'આવડો મોટો !' એટલું જ કહી બાલચેષ્ટા માત્ર કરી શકીએ એમ છે ! આ 'સાગરવરગંભીરા' આચાર્યચૂડામણિની આ પરમાર્થગંભીર કૃતિ માટે આપણે જો શ્રીમાન્ **આનંદઘનજી** યોગિરાજની કૃતિ માટે કોઇએ કાઢેલા ઉદ્‌ગારનું કિંચિત્ ફેરફાર સાથે અનુકરણ કરીએ તો—

" આશય શ્રી હરિભદ્રનો, અતિ ગંભીર ઉદાર ;
બાળક બાંહ્ય પ્રસારીને, કહે ઉદધિ વિસ્તાર."

"बालोऽपि किं न निजबाहुयुगं वितत्य,
विस्तीर्णतां कथयति स्वधियांबुराशेः । **શ્રી ભક્તામરસ્તોત્ર.**

અથવા '**સૂત્ર**' જેમ સંક્ષેપ કથનરૂપ. થોડા શબ્દમાં ઘણા અર્થસંગ્રહરૂપ હોય છે, તેમ આ શાસ્ત્ર પણ તેવું જ હોઇ સૂત્ર સમાન છે. સૂત્રનો-દોરાનો દડો ગજવામાં મૂકી શકાય એવો નાનો હોય છે, પણ તેને ઉકેલી જો વિસ્તાર કરીએ, તો ગાઉના ગાઉ સુધી પહોંચે છે, તેમ આ સૂત્રાત્મક શાસ્ત્ર પણ સંક્ષેપ હોઈ સ્વલ્પ શબ્દ પ્રમાણ છે, પણ તેનો પરમાર્થ ઉકેલી તેનો વિસ્તાર કરીએ તો મહાર્થવાળા ગ્રંથોના ગ્રંથો ભરાય એટલો ઉદાર આશય એમાં ભરેલો છે. વળી સૂત્ર-દોરો જેમ મધ્યબિન્દુરૂપ ફેરકણાની (Nucleus) આસપાસ વિંટળાયેલ હોય છે, તેમ આ સૂત્રરૂપ શાસ્ત્ર પણ આત્મસ્વભાવ-યુંજનમય યોગરૂપ મધ્યબિન્દુની આસપાસ વિંટળાયેલ છે. સૂત્રનો દોર હાથમાં હોય તો પતંગ ગમે તેટલે ઊંચે ચગાવી શકાય છે, નહિં તો દોર છોડી દેતાં પતંગ તરત પડી જાય છે. તેમ આ સૂત્રાત્મક યોગશાસ્ત્રનો **સ્વરૂપાનુસંધાનરૂપ યોગનો** દોર હાથમાં-લક્ષ્યમાં હોય, તો યોગસિદ્ધિરૂપ પતંગ ગમે તેટલી ઊંચે ઊર્ધ્વ-ઊર્ધ્વ યોગભૂમિકાઓ પર્યંત ચઢાવી શકાય છે, નહિં તો તે સ્વરૂપાનુસંધાનનો દોર છોડી દેતાં તરત યોગભ્રષ્ટતારૂપ અધઃપતન થાય છે. મુક્તામાળામાં જેમ વિવિધ મુક્તાફળ એક સૂત્રમાં પરોવેલ હોય છે, તેમ મુક્તામાળારૂપ આ યોગશાસ્ત્રમાં વિવિધ સૂક્તરૂપ મુક્તાફળ એક આત્મસિદ્ધિરૂપ સૂત્રમાં પરોવેલ છે. જેમ પુષ્પહારમાં વિવિધ પુષ્પો એક સૂત્રથી ગુંથેલા હોય છે; તેમ આ યોગશાસ્ત્રરૂપ પુષ્પહારમાં વિવિધ સુભાષિત પુષ્પો યોગદષ્ટિરૂપ એક સૂત્રથી ગુંથેલા છે. જેમ પુષ્પરાશિ કંઠે ધારણ કરી શકાતો નથી, પણ વિવિધ ચુંટેલા પુષ્પો એક સૂત્રમાં ગુંથી હાર બનાવ્યો હોય તો સુખેથી કંઠે ધારણ થઇ શકે છે; તેમ મહાગ્રંથરાશિ કંઠે ધારણ કરવો સહેલો નથી, પણ વિવિધ સૂક્ત-પુષ્પો ચૂંટી એક યોગ-સૂત્રમાં કળામય રીતે

'સૂત્ર' સમું આ શાસ્ત્ર

ગુંથેલો આ યોગશાસ્ત્રરૂપ હાર સુખેથી 'કંઠે' ધારણ થઈ શકે એમ છે. આમ સંક્ષેપ કથનને લીધે આ યોગશાસ્ત્રને અનેક પ્રકારે સૂત્રની ઉપમા ઘટે છે.

વળી અત્રે સંક્ષેપ કથનમાં સિંધુ–બિંદુનું અને વૃક્ષ–બીજનું દૃષ્ટાંત પણ ઘટે છે. સિંધુમાં બિંદુ છે ને બિંદુમાં સિંધુ છે, વૃક્ષમાં બીજ છે ને બીજમાં વૃક્ષ છે, તેમ અત્રે પણ ઘટે છે. તે આ પ્રકારે:–સિંધુની જે રચના (Composition) છે તે બિંદુની રચના છે. સિંધુમાં જે જે ભૌતિક તત્ત્વો (Elements) છે, તે તે તે જ પ્રમાણમાં તેના પ્રત્યેક બિંદુમાં છે. આખા સમુદ્રનું પૃથક્કરણ કરતાં જે તત્ત્વો નીકળે છે, તે જ તત્ત્વો તે જ પ્રમાણમાં એક બિન્દુનું પૃથક્કરણ કરતાં નીકળે છે. આખા સમુદ્રનો જે સ્વાદ છે, તે તેના પ્રત્યેક બિન્દુનો સ્વાદ છે. એક બિન્દુ ચાખ્યું એટલે આખો સમુદ્ર ચાખ્યો, એટલા જ માટે કહ્યું કે–સિંધુમાં બિન્દુ છે ને બિંદુમાં સિંધુ છે. તેમ સમસ્ત યોગશાસ્રરૂપ સિંધુની જે રચના છે, તે આ તેમાંથી સંક્ષેપે સમુદ્ધૃત બિન્દુરૂપ યોગશાસ્ત્રની રચના છે. તે તે પ્રવચન–સિંધુમાં જે જે આધ્યાત્મિક તત્ત્વો છે, તે તે તે જ પ્રમાણમાં તેના બિન્દુરૂપ આ યોગશાસ્ત્રમાં છે. આખા યોગશાસ્ત્ર–સમુદ્રનું પૃથક્કરણ કરતાં જે તત્ત્વો નીકળે છે, તે જ તત્ત્વો તે જ પ્રમાણમાં આ બિન્દુરૂપ યોગશાસ્રનું પૃથક્કરણ કરતાં નીકળે છે. **એક અખંડ અભેદ પરમ અમૃતરસ સાગરસ્વરૂપ** સમસ્ત યોગશાસ્ત્ર–સિન્ધુનો જે પરમામૃતમય રસાસ્વાદ છે, તે જ આ તેની વાનકીરૂપ યોગશાસ્ત્ર–બિન્દુનો રસાસ્વાદ છે. આ યોગ–બિન્દુ જેણે ચાખ્યું, તેણે સમસ્ત યોગ–સિન્ધુ ચાખ્યો. આમ આખો '**પ્રવચનસમુદ્ર**' આ પરમ અમૃતમય યોગશાસ્ત્રરૂપ એક '**બિન્દુમાં**' ઉલટી આવ્યો છે–ઉલ્લસી આવ્યો છે,–કે જેનો રસાસ્વાદ સર્વસુલભ થઇ પડયો છે. યોગિરાજ **રાજચંદ્રજી**નું ટંકોત્કીર્ણ સુભાષિત છે કે:—

સિંધુ–બિંદુનું દૃષ્ટાંત

> "પ્રવચન સમુદ્ર બિન્દુમાં, ઉલટી આવે એમ;
> ચૌદ પૂર્વની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ." —**શ્રીમદ્ રાજચંદ્રજી.**

વૃક્ષની જે રચના છે, તે સંક્ષેપરૂપમાં (miniature form) બીજની રચના છે. વૃક્ષના અંગ–પ્રત્યંગ, શાખા–પ્રશાખા જે પ્રમાણે વ્યક્ત રૂપમાં છે તે જ પ્રમાણે અવ્યક્ત-રૂપે તેના અંગ–પ્રત્યંગનું પ્રતિનિધિત્વ બીજમાં છે. વૃક્ષમાંથી બીજની ઉત્પત્તિ અને બીજમાંથી વૃક્ષની ઉત્પત્તિ હોય છે, આ સનાતન ક્રમ છે. આખા વૃક્ષનું સત્ત્વ (Essence) એક બીજમાં આવીને રહ્યું છે. એટલા માટે જ કહ્યું કે–વૃક્ષમાં બીજ છે ને બીજમાં વૃક્ષ છે. તેમ સમસ્ત યોગશાસ્ત્ર એક વિશાળ વૃક્ષસ્વરૂપ છે, અને તેના સંક્ષેપ સારસંદોહરૂપ આ યોગશાસ્ત્ર બીજસ્વરૂપ છે. તે યોગશાસ્ત્ર વૃક્ષની જે સંકલનારૂપ રચના છે, તે સંક્ષેપ-રૂપમાં આ યોગશાસ્ત્રની રચના છે; તે યોગશાસ્ત્રવૃક્ષના જે અંગ પ્રત્યંગ, શાખા–પ્રશાખા

વૃક્ષ–બીજનું દૃષ્ટાંત

જે પ્રમાણે વિસ્તૃત રૂપમાં છે, તે અત્ર બીજરૂપ યોગશાસ્ત્રમાં સંક્ષિપ્ત સ્વરૂપે (In Concentrated & condensed form) છે. અખિલ યોગશાસ્ત્ર વૃક્ષમાંથી સંક્ષેપ કરતાં જેમ આ યોગશાસ્ત્ર-બીજની ઉત્પત્તિ છે, તેમ આ યોગશાસ્ત્ર-બીજનો વિચાર-વિસ્તાર કરતાં તેમાંથી સમસ્ત યોગશાસ્ત્ર વૃક્ષની ઉત્પત્તિ સંભવે છે. આમ આખા યોગશાસ્ત્ર વૃક્ષનું સંપૂર્ણ તત્ત્વમય સત્ત્વ આ એક યોગશાસ્ત્ર-બીજમાં એકત્ર આવી વસ્યું છે. એવું આનું આશયશક્તિરૂપ અદ્‌ભુત સામર્થ્ય છે! માત્ર તેની વ્યક્તિ કરનાર-ખોજનાર કુશળ સાચો જિજ્ઞાસુ તત્ત્વગવેષક સંશોધક જોઈએ! અસ્તુ!

વિસ્તારનો સંક્ષેપ દુષ્કર

વળી એક અપેક્ષાએ સૂક્ષ્મને સ્થૂળ રૂપ આપવું સહેલું છે, પણ સ્થૂળને સૂક્ષ્મ રૂપ આપવું જેમ સ્હેલું નથી; અથવા નાના ચિત્રને મોટું બનાવવું સ્હેલું છે, પણ મોટાને નાનું બનાવવું જેમ સ્હેલું નથી, તેમ સંક્ષેપનો વિસ્તાર કરવો તે સહેલો છે, પણ વિસ્તારનો સંક્ષેપ કરવો સહેલો નથી. એટલે અનેક યોગશાસ્ત્રોરૂપ કામધેનુને દોહીને, તેમાંથી આ સંક્ષેપરૂપ નવનીત ખેંચી કાઢી સર્વસુલભ કરી આપવું,—એ કંઈ જેવું તેવું-નાનું સૂનું કાર્ય નથી, મહાદુર્ઘટ કાર્ય છે,—ઉત્તમ કળાનું કામ છે. અને તેવી સંક્ષેપ સંકલનારૂપ ઉત્તમ કળાકૃતિ કરવામાં આ આચાર્યશ્રી એક્કા છે, પરમ કુશળ છે. થોડા શબ્દોમાં ઘણું કહી નાંખવાની એમની સિદ્ધહસ્ત અદ્‌ભુત કળામય ચમત્કૃતિ એમની પ્રત્યેક કૃતિમાં દૃષ્ટિગોચર થાય છે. 'થોડું લખ્યું ઝાઝું કરી જાણજો'—એ લોકોક્તિ એમની આ અનોખી વિશિષ્ટ શૈલીમાં ચરિતાર્થ થતી જણાય છે.

ગ્રંથકારની મહત્તા પરમ ઉદારતા

'**પાતંજલ** આદિ અનેક યોગશાસ્ત્રોમાંથી આ સંક્ષેપથી સમુદ્ધૃત છે'—એ ઉપરથી મહાત્મા ગ્રંથકારે પોતાની લઘુતાનો, નિરભિમાનિતાનો, કૃતજ્ઞતાનો, પ્રમાણિકતાનો, નિર્દંભતાનો, સરળતાનો, મહાનુભાવતાનો, ઉદારતાનો, નિરાગ્રહતાનો, મધ્યસ્થતાનો ને સર્વ દર્શન પ્રત્યે સમભાવરૂપ સહિષ્ણુતાનો પરિચય આપણને આપ્યો છે, અને એમ કરી પોતાની અતિ ઉચ્ચ કોટિની નૈતિક ને આધ્યાત્મિક મહત્તાની ઝાંખી કરાવી છે. એ સુજ્ઞ વાંચક સ્વયં સમજી શકે એમ છે. તેમાં પણ ખાસ ધ્યાન ખેંચનારી બીના એ છે કે-બીજાઓ જ્યારે અન્ય દર્શનીઓના નામથી પણ સૂગાય છે વા અચકાય છે, વા ભડકે છે, ત્યારે આ **પરમ ઉદાર મહાનુભાવ** આચાર્યવરે બેધડક અન્ય દર્શનીય શાસ્ત્રોનો પણ નામોલ્લેખ કૃતજ્ઞતાપૂર્વક કર્યો છે. અને આવા પરમ યોગમાર્ગના યથાર્થ જ્ઞાતા આમ કરે એમાં કાંઈ આશ્ચર્ય નથી; કારણ કે યોગમાર્ગમાં સર્વ દર્શનોની એકતા છે, યોગ માર્ગ સર્વ દર્શનોને સંમત ને પરમ ઇષ્ટ છે. ભલે સંસારના માર્ગ અનેક હોય પણ મોક્ષનો માર્ગ-**યોગમાર્ગ** તો **એક જ** છે, કારણ કે શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષ સાથે યોજન-યોગ કરવો તે જ એક તેનો ઉદ્દિષ્ટ લક્ષ્ય છે. એટલે આવા મોક્ષસાધક

યોગમાર્ગમાં-મોક્ષમાર્ગમાં મતદર્શનભેદના તુચ્છ આગ્રહને અવકાશ ક્યાંથી હોય ? પોતાનો સિદ્ધાંત કે પારકો સિદ્ધાંત એવો ક્ષુદ્ર ભેદ મુમુક્ષુ યોગીઓને ક્યાંથી હોય ? ત્યાં તો દૃષ્ટ-ઇષ્ટથી અબાધિત એવો જે સત્ય તત્ત્વપ્રતિપાદક સિદ્ધાંત હોય, તેનું જ મુક્ત કંઠે ને ખુલ્લા હૃદયે ગ્રહણ હોય; જે કોઇ પણ રીતે **'આત્મા આત્મત્વ પામે'** એ જ રીતિ ત્યાં પ્રમાણ હોય. (જુઓ પૃ. ૩૯૭-૩૯૮, તથા આત્મસિદ્ધિની ગાથા પૃ. ૪૩૬)

> "आत्मीयः परकीयो वा कः सिद्धांतः विपश्चिताम् ।
> दृष्टेष्टाबाधितो यस्तु युक्तस्तस्य परिग्रहः ॥" —યોગબિંદુ. શ્લો. ૫૨૪.

એટલા માટે મતદર્શનનો જેને લેશ માત્ર આગ્રહ-અભિનિવેશ છે જ નહિં એવા આ પરમ યોગાચાર્યે એ જ નીતિરીતિનું અનુસરણ કર્યું હોય, તે અત્યંત યુક્તિયુક્ત છે; કારણ કે સર્વ દર્શનોનો સમન્વય (Unity) સાધવામાં તેઓશ્રી પરમ કુશળ (Expert) હોઇ, અન્ય દર્શનોક્ત યોગનો સ્વદર્શનોક્ત યોગમાં સાંગોપાંગ અવતાર કરવાનું ને પરસ્પર સુમેળ સાધવાનું **ભગીરથ કાર્ય** તેમણે અજબ કુશળતાથી કરી બતાવ્યું છે ! કે જે મત-દર્શનના આગ્રહ વિના સર્વ દર્શનીઓના પરમ ધન્યવાદને પાત્ર છે ! તથાસ્તુ !

દૃષ્ટિભેદથી યોગકથન

આમ સંક્ષેપકથન જેમ આ ગ્રંથની વિશિષ્ટતા છે, તેમ આ ગ્રંથનો ખાસ વિષય પણ એની બીજી વિશિષ્ટતા છે. અને તે વિષય **દૃષ્ટિભેદથી યોગનું કથન**-એ છે, અર્થાત્ યોગદૃષ્ટિના વિકાસ પ્રમાણે અત્રે યોગનો વિભાગ કરવામાં આવ્યો છે. ઉપરમાં પ્રત્યેક દૃષ્ટિમાં સ્પષ્ટપણે વર્ણવવામાં આવ્યું તેમ આ **યોગદૃષ્ટિ** આત્માનો આધ્યાત્મિક વિકાસ સૂચવનારી 'આધ્યાત્મિક' યંત્રપદ્ધતિ (Spiritual Instrument) છે. જેમ જેમ આ યોગદૃષ્ટિ ઉન્મીલન પામતી જાય છે-ઉઘડતી જાય છે, તેમ તેમ આત્મા ઉચ્ચ ઉચ્ચ યોગભૂમિકા પર આરૂઢ થતો જાય છે, અને છેવટે પૂર્ણ ઉન્મીલન-વિકાસ થતાં પરમ યોગારૂઢ સ્થિતિને પામે છે. મહાસમર્થ ભાવયોગી **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પ્રકાશ્યું છે તેમ-થર્મોમીટર (Thermometer), ઉષ્ણતામાપક યંત્ર (પારાશીશી) ઉપરથી જેમ શરીરની ઉષ્ણતાનું માપ થઇ શકે છે, તેમ આ **'યોગદૃષ્ટિ' રૂપ આત્મદશામાપક આધ્યાત્મિક યંત્ર** ઉપરથી આત્માની યોગવિકાસરૂપ આત્મદશાનું માપ નીકળી શકે છે. આત્માનો આધ્યાત્મિક ગુણવિકાસ સમજવા માટે જેમ ચૌદ ગુણસ્થાનક પદ્ધતિ છે, તેમ આ અષ્ટ યોગદૃષ્ટિરૂપ વિશિષ્ટ યોગપદ્ધતિ પણ છે.

આવો આ **યોગદૃષ્ટિ ગ્રંથ** સંક્ષેપથી શું અર્થે ગુંથવામાં આવ્યો છે ? તેનું શું

પ્રયોજન છે? તે અત્ર સ્પષ્ટ કર્યું છે કે '**આત્માનુસ્મૃતિ અર્થે**'; અર્થાત્ આત્માની પોતાની અનુસ્મૃતિને અર્થે, પોતાની યાદીને માટે, **આત્માર્થે**. જેમ કોઇ પોતાને વિસ્મૃતિ ન થાય ને સ્મૃતિ રહે તે માટે, કોઇ વિષયની ટુંકામાં યાદી ટપકાવી લે, તેમ આ આચાર્યજી કહે છે કે-પોતાને વિસ્મૃતિ ન થાય ને અનુસ્મૃતિ રહે તે ખાતર મેં આ યોગવિષયની યાદી (Memorandum) મ્હારા પોતાના આત્માના ઉપકારાર્થે-આત્માર્થે સંક્ષેપમાં નોંધી છે. સંક્ષેપમાં નોંધેલી યાદી પર જેમ ઝડપથી નજર ફેરવી જવાય છે, અને તેમાંથી કઈ વસ્તુ થઇ ગઇ ને કઈ રહી ગઇ તેનો તુરત જ ખ્યાલ આવે છે; તેમ આ યોગદૃષ્ટિની **સંક્ષિપ્ત યાદી** પ્રત્યે ઝડપથી દૃષ્ટિ ફેરવી જવાય છે, ને તેમાંથી પોતાના આત્મા પરત્વે કઇ ગુણસ્થિતિ પ્રાપ્ત થઈ ગઇ ને કઇ રહી ગઇ, તેનો ઝટ ખ્યાલ આવી જાય છે. અને પછી યાદીમાંથી રહી ગયેલી વસ્તુ પ્રત્યે જેમ લક્ષ્ય કેંદ્રિત થાય છે, તેમ અત્રે પણ પ્રાપ્ત થવી રહી ગયેલી સાધ્ય ગુણસ્થિતિ પ્રત્યે લક્ષ્ય કેંદ્રિત થાય છે, ને અનુક્રમે આત્મપરાક્રમથી તેની સિદ્ધિ થાય છે. આમ આત્માર્થે-આત્મોપયોગાર્થે આ યાદી અત્યંત ઉપકારી છે.

'આત્માનુ-સ્મૃતિ અર્થે'

તેથી જ આ **પરમ આત્માર્થી** આચાર્યવર્યનો કહેવાનો આશય એ છે કે-હું યોગમાર્ગનો પ્રવાસી **આત્માર્થી છું, મુમુક્ષુ છું**. મોક્ષસાધક યોગમાર્ગે આગળ વધવા ઇચ્છતો હું **ઇચ્છાયોગી** સાધક-'**સાધુ**' છું. અને આ યોગદૃષ્ટિ આત્માની આધ્યાત્મિક પ્રગતિના સીમાચિહ્નરૂપ (Milestone) છે, એ ઉપરથી આત્મદશાનું માપ નીકળી શકે છે. એટલે તે તે યોગદૃષ્ટિના યથોક્ત લક્ષણ મ્હારા પોતાના આત્મામાં છે કે નહિ? તેનું '**અંતર્મુખ અવલોકન**' (Introspection) કરતાં સતત ભાન રહે, અનુસ્મરણ રહે, તેની ખાતર કેવળ આત્માર્થે જ મેં આ **યોગદૃષ્ટિ** ગ્રંથની ગુંથણી કરી છે. જો આ યોગદૃષ્ટિ નિરંતર દૃષ્ટિ સન્મુખ હોય, તો મ્હારા પોતાના આત્માની યોગદૃષ્ટિ કેટલી વિકાસ પામી છે, તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે,-જેથી કરીને પ્રાપ્ત યોગસ્થિતિનું જેમ 'ક્ષેમ' થાય, સુદૃઢપણું-સુરક્ષિતપણું થાય, અને અપ્રાપ્તનો જેમ 'યોગ' થાય, તેમ પ્રવર્ત્તવા માટે મને આત્માનુસ્મૃતિ રહે. આમ કેવળ આત્મકલ્યાણ જ આ ગ્રંથ રચવામાં હેતુ છે. બાકી ખ્યાતિ માટે, કે પૂજાસત્કાર માટે, કે યશ માટે, કે આ લોક-પરલોક સંબંધી અન્ય કોઈ લાભ માટે, આ ગ્રંથ રચવાનું અમારે કોઇ પ્રયોજન છે જ નહિં. એ બધા તુચ્છ હેતુઓ તો હાલાહલ 'વિષ' જાણી અમે છોડયા છે. અમારે તો **કેવળ આત્મ-સિદ્ધિરૂપ પરમ અમૃતમય આત્માર્થનું જ કામ છે, બાકી બીજો ખ્યાતિ આદિ કામનારૂપ 'મનરોગ' અમને છે નહિં.** 'કામ એક આત્માર્થનું, બીજો નહિં મનરોગ'. અથવા '**આત્માનુસ્મૃતિ અર્થે**' એટલે આત્માના અનુસ્મરણ અર્થે, આ યોગદૃષ્ટિનું ગ્રથન છે. આ યોગદૃષ્ટિ નિરંતર આત્માનું અનુસ્મરણ કરાવે છે; કારણ કે

'કામ એક આત્માર્થનું'

આત્મસ્વભાવ સાથે યુંજન તેનું નામ '**યોગ**' છે, અને આ યોગદૃષ્ટિ તેવા સ્વભાવયુંજન યોગના અભ્યાસરૂપ છે. એટલે આ **યોગદૃષ્ટિથી નિરંતર આત્મસ્વરૂપનો લક્ષ** રહે છે, દેહાધ્યાસ દૃષ્ટિ છૂટી સતત આત્મા ભણી દૃષ્ટિ રહે છે, જેથી કેવળ આત્મસિદ્ધિરૂપ એક આત્માર્થનું જ પ્રયોજન સિદ્ધ થાય છે.

"નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ....મૂળ મારગ.
માત્ર કહેવું પરમારથ હેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ એ વાત....મૂળ."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

આમ સર્વથા આત્માર્થ જ આ ગ્રંથનું પ્રયોજન હોઈ, આત્માનુસ્મૃતિ અર્થે આ દૃષ્ટિભેદરૂપ **યોગ પરમ** છે, પ્રધાન છે, શ્રેષ્ઠ છે; કારણ કે ઉપરમાં વિવેચીને કહ્યું તેમ, પ્રાપ્ત યોગના ક્ષેમમાં અને અપ્રાપ્તના યોગમાં પરમ ઉપકારી હોવાથી, તેમ જ નિરંતર આત્મસ્વભાવની અનુસ્મૃતિરૂપ સતત જાગૃત ઉપયોગ રખાવતો હોવાથી, આ યોગદૃષ્ટિથી પર એવો બીજો કયો યોગ હોઈ શકે વારુ?

卐

પ્રયોજનાન્તર (બીજું પ્રયોજન) કહે છેઃ—

कुलादियोगभेदेन चतुर्धा योगिनो यतः ।
अतः परोपकारोऽपि लेशतो न विरुध्यते ॥२०८॥

કુલ આદિ યોગભેદથી, યોગી ચાર પ્રકાર;
એથી વિરોધ ન પામતો, કાંઈય પર ઉપકાર. ૨૦૮

અર્થ:—કારણ કે કુલયોગ આદિ ભેદે કરીને યોગીઓ ચાર પ્રકારના છે, એથી કરીને આ યોગગ્રંથ થકી કંઈક એમનો પરોપકાર પણ વિરોધ નથી પામતો.

વિવેચન

કુલ આદિ યોગભેદને લીધે યોગીઓ પણ સામાન્યથી ચાર પ્રકારના છે. એથી કરીને તથાવિધ કુલયોગી આદિની અપેક્ષાએ એઓને પણ આ યોગદૃષ્ટિ ગ્રંથ થકી લેશથી-કંઈક ઉપકાર થવો વિરોધ પામતો નથી, કારણ કે તેઓને યોગ પ્રત્યે પક્ષપાત હોય છે.-ઉપરમાં 'આત્માનુસ્મૃતિ અર્થે'-આત્માર્થરૂપ સ્વઉપકાર અર્થેનું આ યોગદૃષ્ટિ-શાસ્ત્રનું મુખ્ય પ્રયોજન કહ્યું; અત્રે પર ઉપકાર અર્થેનું **ગૌણ પ્રયોજન** કહ્યું છે.

વૃત્તિઃ—**कुलादियोगभेदेन**—કુલાદિ યોગભેદથી,—ગોત્ર, કુલ, પ્રવૃત્તચક્ર, નિષ્પન્ન યોગરૂપ લક્ષણવાળા યોગભેદથી, **चतुर्धा**—ચાર પ્રકારના, **योगिनो यतः**—કારણ કે યોગીઓ સામાન્યથી છે. એથી શું? તો કે-**परोपकारोऽपि**—પરોપકાર પણ,—તથાવિધ કુલયોગી આદિની અપેક્ષાએ, **लेशतो न विरुध्यते**—લેશથી વિરુદ્ધ નથી હોતો,—જરાક આના થકી પણ વિરોધ નથી પામતો, કારણ કે તેઓને યોગ પ્રત્યે પક્ષપાત છે માટે, એમ ભાવ છે.

કુલયોગી આદિને કંઇક ઉપકાર

જેમ આ ગ્રંથ આત્માનુસ્મૃતિ અર્થે—પોતાના આત્માની અનુસ્મૃતિ અર્થે ઉપકારી છે, તેમ બીજા પણ તથારૂપ યોગ્યતાવાળા આત્માઓને આ ગ્રંથ કંઇક ઉપકારી થઇ શકવાનો સંભવ પણ છે; કારણ કે તેઓનું આત્મત્વ સમાન છે, એટલે તેઓને પણ આના થકી આત્માનુસ્મરણ થવાનો—આત્મભાન આવવાનો સંભવ છે. સર્વ આત્માઓનો સ્વભાવરૂપ ધર્મ સમાન હોવાથી **સમાનધર્મી—સાધર્મિક** એવા અન્ય આત્માઓને પણ, જો તેઓ આ સંસ્કાર ઝીલે તો, આના થકી આત્મજાગ્રતિરૂપ આત્મલાભ થવો સંભવે છે, કારણ કે ઘેટાના ટોળામાં ચિરકાળ સુધી રહેલા સિંહશિશુને જેમ સિંહને દેખીને સ્વરૂપપદનું ભાન થાય છે, (જુઓ પૃ. ૧૧૩) તેમ પરવસ્તુના અનાદિ સંસર્ગમાં—પરિચયમાં રહેલા આત્માને પણ આના થકી આત્મસ્વરૂપના દર્શનથી નિજ સ્વરૂપનું અનુસ્મરણ થાય એવી સંભાવના છે.

'જોગ' વિના જોગ નહિં

અને તે સંસ્કાર ઝીલવા (Reception) માટે પણ કંઇક **તથારૂપ યોગ્યતા** જોઇએ છે. જેમ રેડિયો પ્રવચનના (Radio Broadcasting) વાયુતરંગ—આંદોલન (Waves) ઝીલવા માટે રેડિઓ યંત્ર અમુક ચોક્કસ કક્ષા પર—રેખાંશ (Wave-length) પર હોવું જોઇએ, તો જ તે ઝીલી શકાય છે, નહિં તો નહિ; તેમ આ યોગ—પ્રવચનના સંસ્કાર—તરંગ—આંદોલન (Vibrations) ઝીલવા માટે આત્મા પણ અમુક ચોક્કસ યોગ્યતારૂપ કક્ષા પર—યોગરેખાંશ પર સ્થિતિ કરતો હોવો જોઇએ, તો જ તે ઝીલી શકાય છે, નહિં તો નહિં. અથવા પાત્ર વિના વસ્તુ રહી શકતી નથી, તેમ તથારૂપ પાત્ર વિના આ આત્મિક જ્ઞાનરૂપ વસ્તુ રહી શકતી નથી. **શ્રીમદ્ રાજચંદ્રજીએ** મોક્ષમાળામાં કહ્યું છે તેમ—'પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન.' '**જોગ**' (યોગ્ય) **જીવ** વિના આ 'જોગ'રૂપ મહત્ વસ્તુ જીરવી શકાય એમ નથી. જેમ સિંહણનું દૂધ સિંહસુતને જ જરે છે—'સિંહણ કેરૂં દૂધ તે તો સિંહસુતને જરે,'—બીજાની તો હોજરી જ ફાટી જાય; તેમ આ 'જોગ'રૂપ પરમાન્ન પણ તથારૂપ યોગ્યતાવાળા જોગીજનોને જ જરી શકે એમ છે, બીજાને—અજોગીઓને તો તે જરે એમ નથી, એટલું જ નહિં, પણ મિથ્યાભિમાનરૂપ અજીર્ણ—અપચો ને ઉદરપીડા ઉપજાવે એમ છે.

ચાર પ્રકારના યોગી

અને તે જોગીજનોના ચાર પ્રકાર છે, કારણ કે **ગોત્રયોગ, કુલયોગ, પ્રવૃત્તચક્રયોગ,** ને **નિષ્પન્નયોગ**—એમ યોગના ચાર પ્રકાર છે. એટલે **ગોત્રયોગી, કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી,** ને **નિષ્પન્નયોગી** એમ યોગીઓના પણ સામાન્યથી ચાર પ્રકાર છે (જેનું લક્ષણ હવે પછી કહેશે). એઓને પણ યથાસંભવ આ યોગગ્રંથથી ઉપકાર થવો સંભવે છે. અને તે ઉપકાર થવાનું કારણ પણ તેઓને યોગ પ્રત્યેનો અંતરંગ **ભાવથી** પક્ષપાત **હોય** છે, એ છે; તેઓને કુદરતી રીતે જ યોગ વિષય પ્રત્યે પ્રશસ્ત રાગ—નૈસર્ગિક પ્રેમ હોય છે,

એ છે. કારણ કે તેઓનું માનસિક વલણ (Inclination) સ્વભાવથી જ યોગ પ્રત્યે પક્ષપાતથી (Bias) ઢળે છે, તેઓનું આત્મપરિણમન યોગ પ્રત્યે પરિ-ણમન કરતું-સર્વથા નમી પડતું હોય છે. આમ આ યોગદષ્ટિ ગ્રંથ જેમ મુખ્યપણે આત્માર્થે-આત્મોપકારાર્થે છે, તેમ ગૌણપણે પરાર્થે-**પરોપકારાર્થે** પણ છે તાત્પર્ય કે-**સ્વ-પર ઉપકાર** એ આ ગ્રંથનું ઇષ્ટ પ્રયોજન છે. મહાપુરુષો **સ્વ** ઉપકાર અર્થે જે કૃતિ **રચે** છે, તે આનુષંગિકપણે સર્વ ઉપકારાર્થે-સાર્વજનિક ઉપયોગની પણ થઇ પડે છે, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે સરખાવો—

"न कवित्वाभिमानेन न कीर्तिप्रसरेच्छया।
कृतिः किन्तु मदीयेयं स्वबोधायैव केवलम् ॥"

—શ્રી શુભચંદ્રાચાર્યજીકૃત શ્રી જ્ઞાનાર્ણવ

અને આ ઉપરથી એ પણ ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે કે-આવા સાચા પરોપકારપરાયણ સંત મહાત્માઓ જે **સ્વ ઉપકાર** કરે છે તે જ ખરેખરો **પર ઉપકાર** કરવાને સમર્થ હોય છે; જે આત્માર્થરૂપ સ્વાર્થ સાધે છે તે જ પરમાર્થરૂપ પરાર્થ સાધી શકે છે. કારણ કે જે સ્વ ઉપકાર નથી કરતો, તે પર ઉપકાર પણ નથી કરી શકતો; જે આત્માર્થ નથી સાધતો, તે પરાર્થ પણ નથી સાધી શકતો. કારણ કે 'કુવામાં હોય તો હવાડામાં આવે.' 'પોતાનું નહિં સાધ્યું કાંઇ, ઉકાળશે પરનું શું ભાઇ?' પણ આત્માર્થ સાધ્યા વિના જે પરાર્થ કરવાની ધૃષ્ટતા કરે છે, વા શેખી કરે છે, તે તો બન્ને ગુમાવે છે, અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થાય છે. જે પોતાના આત્માને ઉપદેશ દીધા વિના પરને ઉપદેશ દેવા જાય છે, તે પોતાનું કે પરનું હિત કરી શકતો નથી; કારણ કે સ્વાચરણરૂપ ચારિત્રના બળ વિના તેની ધારેલી અસર નીપજતી નથી, અન્યના હૃદયને સ્પર્શ થતો નથી, ને 'પત્થર પર પાણી' ઢોળ્યા જેવું થાય છે! એટલા માટે જ સન્માર્ગના જ્ઞાતા સદુપદેષ્ટા સત્પુરુષોનું સૌથી પ્રથમ ને મુખ્ય પ્રયોજન સ્વાત્માને ઉપદેશ દેવાનું હોય છે, કારણ કે તે ભાવિતાત્માઓ સારી પેઠે ભાવે છે કે-'હે જીવ! તું ઉપદેશ મ દે, પ્રથમ તું જ ઉપદેશ લે, કારણ કે તે જ્ઞાનીનો દેશ સર્વથી ન્યારો ને અગમ છે.' **શ્રીમદ્ રાજચંદ્રજીનું** આ માર્મિક વચનામૃત સર્વ મુમુક્ષુઓએ અંતરૂમાં કોતરી રાખવા યોગ્ય છે કેઃ—

સ્વ-પર ઉપકાર

"મત દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હે, વો જ્ઞાનીકા દેશ."—શ્રીમદ્ રાજચંદ્રજી.

આમ આવા સદુપદેષ્ટા સાધુચરિત સત્પુરુષોની વ્યાખ્યાનપ્રવૃત્તિ પણ જેમ મુખ્યપણે મોટેથી-**ઉચ્ચસ્વરે સ્વાધ્યાયરૂપ** હોય છે, તેમ આવી ગ્રંથલેખનપ્રવૃત્તિ પણ **મૂક-મૂંગા**

આ તો 'સાધુ'નો મૂંગો સ્વાધ્યાય છે

સ્વાધ્યાયરૂપ-સજ્ઝાયરૂપ જ હોય છે; નહિં કે વાગ્જાલ વિસ્તારનારા વાચસ્પતિઓની જેમ જન-મનરંજનકારિણી; કારણ કે તેઓ સારી પેઠે જાણે છે કે-જ્યાં આત્મસાક્ષીએ ધર્મ છે, ત્યાં જનનું શું કામ છે? જનમનરંજન ધર્મનું મૂલ્ય એક ફૂટી બદામ પણ નથી.

"આતમ સાખે ધર્મ જ્યાં, ત્યાં જનનું શું કામ ?
જનમનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ."—**શ્રી ચિદાનંદજી.**

એટલા માટે જ આવા સ્વાધ્યાયનિમગ્ન, સાચા આત્માર્થી, '**ભવવિરહ**'ને ઝંખનારા ખરેખરા મુમુક્ષુ, મોક્ષસાધક સાચા સાધક-સાધુ, અધ્યાત્મરસપરિણત, ભાવિતાત્મા આ શાસ્ત્રકર્ત્તા મહાયોગીની આ સ્વાધ્યાય ઉદ્‌ઘોષણા અદ્યાપિ અન્ય અધ્યાત્મરસપિપાસુ મુમુક્ષુ જોગીજનોના હૃદયને સ્પર્શી તેમના પર અપાર ઉપકાર કરે છે. જીવતી જાગતી જ્યોત જેવા આ જોગીરાજની ચેતનવંતી જોગવાણી જોગીજનોને જાગ્રત કરી, તેમના અંતરૂમાં નિર્મલ આત્મજ્યોતિરૂપ યોગ-પ્રદીપ પ્રગટાવે છે! અને યાવચ્ચંદ્રદિવાકરૌ પ્રગટાવતી રહેશે એવું એમાં પરમ દૈવત છે! અસ્તુ!

જીવતી જાગતી જ્યોત જેવા આ જોગી

卐

તેમાં અત્રે—

कुलप्रवृत्तचक्रा ये त एवास्याधिकारिणः ।
योगिनो न तु सर्वेऽपि तथाऽसिद्धयादिभावतः ॥२०९॥

કુલયોગી પ્રવૃત્તચક્ર જે, અધિકારીઓ તે જ;
તથા અસિદ્ધયાદિ ભાવથી, ન યોગીઓ સર્વે જ. ૨૦૯

અર્થ:—જે કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગી છે, તેઓ જ આના અધિકારીઓ છે,-નહિં કે સર્વેય યોગીઓ, કારણ કે તેઓને તેવા પ્રકારે અસિદ્ધિ આદિનો ભાવ છે.

વિવેચન

તેમાં જે **કુલયોગી** અને **પ્રવૃત્તચક્રયોગી** છે, તેઓ જ આ યોગશાસ્ત્રના પાત્ર

वृत्तिः-**कुलप्रवृत्तचक्रा ये**-જેઓ કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગી છે, **त एवास्याधिकारिणः**-એઓ જ આ યોગશાસ્ત્રના અધિકારીઓ છે, અર્હ છે, **योगिनो**-યોગીઓ, **न तु सर्वेऽपि**-નહિં કે સર્વેય સામાન્યથી. શા કારણથી? તો કે-**तथा**-તથાપ્રકારે, **असिद्धयादिभावतः**-અસિદ્ધિ આદિ ભાવને લીધે,-ગોત્ર યોગીઓને અસિદ્ધિભાવને લીધે, અને આદિ શબ્દથી નિષ્પન્ન (સિદ્ધ) યોગીઓને સિદ્ધિભાવને લીધે.

અધિકારી યોગીઓ છે,—બીજા નહિં; કારણ કે ગોત્રયોગીને તથાપ્રકારની યોગ્યતાની અસિદ્ધિ હોય છે, તેથી તેઓ આના અનધિકારી છે; અને નિષ્પન્ન–સિદ્ધ યોગીને તો તથાપ્રકારની યોગસિદ્ધિ થઇ ચૂકી છે, એટલે તેઓને હવે આવા યોગગ્રંથનું પ્રયોજન રહ્યું નહિં હોઇ તેઓ પણ અત્ર અનધિકારી છે.

'પાત્ર વિના વસ્તુ ન રહે'

પ્રત્યેક વસ્તુ પોતપોતાની યોગ્યતાનુસાર–અધિકારાનુસાર શોભે છે. સામાન્ય લોક-વ્યવહારમાં પણ અધિકારી પ્રમાણે ઉચ્ચ–નીચ પદવીરૂપ અધિકાર અપાય છે. તેમ પરમાર્થરૂપ શાસ્ત્રવ્યવહારમાં પણ અધિકારી પ્રમાણે ધર્મસાધનનો અધિકાર ઘટે છે. 'अधिकारिवशात्शास्त्रे धर्मसाधनसंस्थितिः' —એ શ્રી અષ્ટકમાં શ્રી હરિભદ્રસૂરિજીનું સુપ્રસિદ્ધ સુભાષિત છે. રાજ્યાધિકાર માટે જેમ યથાયોગ્ય ગુણની જરૂર પડે છે, તેમ આ યોગ–રાજ્યાધિકાર માટે પણ **તથારૂપ યથાયોગ્યતાની** જરૂર અનિવાર્ય છે. સામાન્ય વિદ્યાભ્યાસ માટે જેમ ઉત્તરોત્તર ક્રમે વધતી યોગ્યતારૂપ અધિકારની આવશ્યકતા છે, તેમ અસામાન્ય એવા આ યોગવિદ્યાભ્યાસ માટે પણ ઉત્તરોત્તર ક્રમે ચઢતી યોગભૂમિકારૂપ યોગ્ય અધિકારની આવશ્યકતા છે. સાધારણ લૌકિક શાસ્ત્ર શીખવા માટે પણ જેમ યથાયોગ્ય વિનય, વિવેક, સમજણ, બુદ્ધિ વિકાસ આદિ ગુણગણરૂપ યોગ્યતાની જરૂર હોય છે, તેમ અસાધારણ અલૌકિક એવું આ અધ્યાત્મશાસ્ત્ર શીખવા માટે પણ યથાયોગ્ય ગુણસ્થિતિરૂપ યોગ્યતાની વિશેષે જરૂર છે. અને તેવા પ્રકારની યોગ્યતા **કુલયોગી પ્રવૃત્તચક્ર** યોગીઓમાં અવશ્ય હોય છે, એટલા માટે તેઓ જ આ યોગશાસ્ત્રના અધિકારી છે, તેઓ જ આ પરમાર્થશાસ્ત્રના સત્સંસ્કાર ઝીલવાને સુયોગ્ય સુપાત્ર છે. (જુઓ. પૃ. ૨૫૨, આત્મસિદ્ધિની ગાથા).

અનધિકારી ગોત્રયોગી

બાકી જે **ગોત્રયોગી** છે, તેઓને આ યોગશાસ્ત્રનો અધિકાર ઘટતો નથી, કારણ કે તેઓમાં તથારૂપ યથાયોગ્ય ગુણભાવ હોતો નથી, 'જોગ' યોગ્ય યોગની સિદ્ધિનો અભાવ હોય છે, એટલે તેઓને યોગનો અયોગ છે. જેમ અયોગ્યને રાજ્યપદવી ઘટતી નથી, તેમ આ અયોગ્ય ગોત્રયોગીને યોગ–રાજ્ય પદવી ઘટતી નથી. અબુધ એવા મૂર્ખનો જેમ વિદ્વન્મંડળીમાં પ્રવેશ શોભતો નથી, તેમ આ અબુધ યોગીનો યોગમંડળીમાં પ્રવેશ શોભતો નથી. એકડો હજુ નથી આવડતો તે એકડીઆને જેમ સાતમી ચોપડીમાં બેસવાનો અધિકાર ઘટતો નથી, તેમ યોગમાર્ગનો પ્રાથમિક યોગ્યતારૂપ એકડો પણ હજુ જેણે ઘુંટ્યો નથી તે અયોગીને આ ઉચ્ચ યોગશાસ્ત્રવર્ગમાં સ્થાન લેવાનો અધિકાર ઘટતો નથી. આમ પ્રાથમિક યોગ્યતાથી પણ રહિત એવા ગોત્રયોગીઓ અપાત્ર હોઇ અત્ર અનધિકારી છે.

અને જે નિષ્પન્ન યોગીઓ–સિદ્ધ યોગીઓ છે, તે પણ આ યોગશાસ્ત્રના અધિકારી

યોગની સિદ્ધિને લીધે સિદ્ધયોગી પણ અનધિકારી

નથી. પણ તેનું કારણ બીજું જ છે. ગોત્રયોગીઓ જ્યારે યોગની અસિદ્ધિને લીધે અત્ર અનધિકારી છે, ત્યારે નિષ્પન્ન યોગીઓ યોગની સિદ્ધિને લીધે અનધિકારી છે. આ યોગશાસ્ત્રનું પ્રયોજન તો યોગસિદ્ધિ માટે છે, અને તે યોગસિદ્ધિ તો આ નિષ્પન્ન-સિદ્ધ યોગીઓને હાંસલ થઇ ચૂકી છે. તો પછી તેઓને હવે આનું પ્રયોજન શું હોય? જેણે યોગસિદ્ધિ સાક્ષાત્ પ્રગટ પ્રયોગસિદ્ધ (Practice) કરી બતાવી છે, જેણે સ્વભાવ-યુંજન યોગ સિદ્ધ કરી શુદ્ધ **આત્મા** પ્રગટ કર્યો છે, જેણે 'સમયસાર' પ્રયોગસિદ્ધ કરી બતાવ્યો છે, એવા સિદ્ધયોગીને પછી આવા શબ્દરૂપ શાસ્ત્રનું (Theory) શું પ્રયોજન હોય? યોગમાર્ગના પ્રવાસીને આ યોગશાસ્ત્રરૂપ માર્ગદર્શક ભોમીઓ ઉપયોગી થાય, પણ જેણે યોગમાર્ગનો પ્રવાસ પૂરો કર્યો છે, તેને હવે આ યોગશાસ્ત્રરૂપ ભોમીઆની (Guide) શી જરૂર? પ્રાસાદ પર ચઢવા માટે આલંબનની જરૂર પડે, પણ પ્રાસાદ-શિખરે ચઢ્યા પછી જેમ તેની જરૂર ન પડે, તેમ યોગપ્રાસાદ પર ચઢવા માટે હસ્તાવલંબનરૂપ આ યોગશાસ્ત્રની સહાય લેવી પડે, પણ યોગ-પ્રાસાદના શિખરે ચઢી ગયા પછી તેની જરૂર ક્યાં રહી? પર્વત પર ચઢવા માટે જેમ લાકડીના ટેકાની જરૂર પડે, પણ પર્વતની ટોચે ચઢી ગયા પછી જેમ તેની કંઇ જરૂર ન રહે; તેમ યોગ-ગિરિ પર ચઢવા માટે આ યોગદૃષ્ટિરૂપ દૃષ્ટિના ટેકાની જરૂર પડે, પણ બધી યોગભૂમિકાઓ વટાવી જઇ યોગગિરિના શૃંગે પહોંચ્યા પછી તેની જરૂર શેની હોય? કારણ કે ચઢેલાને ચઢવાનું શું? પામેલાને પામવાનું શું? સિદ્ધને સાધવાનું શું? માટે નિષ્પન્ન-સિદ્ધ યોગી પણ આ અપેક્ષાએ આ યોગશાસ્ત્ર-સાધનના અનધિકારી છે.

'કુલયોગી ને પ્રવૃત્તચક્ર જે'

આમ ગોત્રયોગી અયોગી હોવાથી આ સત્શાસ્ત્રના અનધિકારી છે, અને નિષ્પન્ન યોગી પરમ યોગી હોવાથી આના અનધિકારી છે. માત્ર મધ્યમ બે પ્રકારના યોગી-**કુલયોગી ને પ્રવૃત્તચક્ર** યોગી-આ યોગશાસ્ત્રના અધિકારી છે. તાત્પર્ય કે-યોગ્ય યોગભૂમિકાથી દૂર એવા **બાધક** ભાવમાં વર્ત્તતા હોવાથી ગોત્ર યોગી અત્ર અયોગ્ય છે; પરમ યોગ્ય એવી યોગભૂમિકાની પરાકાષ્ઠારૂપ **સિદ્ધ** ભાવમાં વર્ત્તતા હોવાથી નિષ્પન્ન યોગી પણ અત્ર અયોગ્ય છે; અને યથાયોગ્ય એવી યોગભૂમિકારૂપ **સાધક** ભાવમાં વર્ત્તતા કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગી અત્ર સુયોગ્ય છે-યથાયોગ્ય છે. અને એટલા માટે જ—

"અડદિઠ્ઠી એ કહી સંક્ષેપે, યોગશાસ્ત્ર સંકેતેજી;
કુલયોગી ને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતેજી." —**શ્રી યો. દ. સજ્ઝા. ૮-૪**

卐

એઓનું વિશેષ લક્ષણ કહે છે:—

ये योगिनां कुले जातास्तद्धर्मानुगताश्च ये ।
कुलयोगिन उच्यन्ते गोत्रवन्तोऽपि नापरे ॥२१०॥

જન્મ્યા જે યોગિકુલે, તસ ધર્મ અનુગતા ય;
કુલયોગિઓ કહાય તે, ન ગોત્રવંત બીજાય. ૨૧૦.

અર્થ :—જેઓ યોગીઓના કુલમાં જન્મ્યા છે, અને જેઓ તે યોગીઓના ધર્મને અનુગત છે, તેઓ 'કુલયોગીઓ' કહેવાય છે,—નહિં કે બીજાઓ ગોત્રવંતો પણ.

વિવેચન

"યોગિકુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગીજી."–યો. સજ્ઝા. ૮–૪

જેઓ યોગીઓના કુલમાં જન્મ્યા છે અને જન્મથી જ તેઓના ધર્મને ઉપગત છે–પામેલા છે, તથા પ્રકૃતિથી યોગિધર્મને અનુગત–અનુસરનારા એવા જે બીજાઓ પણ છે, તેઓ '**કુલયોગીઓ**' કહેવાય છે, એમ દ્રવ્યથી અને ભાવથી જણાય છે,–નહિં કે ગોત્રવંતો પણ, નહિં કે સામાન્યથી ભૂમિભવ્ય એવા બીજાઓ પણ.

કુલયોગી: આજન્મ યોગી

જે યોગીઓના કુલમાં જન્મ્યા છે અને યોગીઓના ધર્મને જે ઉપગત છે–પામેલા છે, તે કુલયોગી છે. અર્થાત્–જે જન્મથી જ યોગી છે, **આજન્મ યોગી** (Born Yogis) છે તે **કુલયોગી** છે, મનુષ્ય કુલમાં જન્મેલો જેમ જન્મથી જ મનુષ્ય-બાલ હોય છે, સિંહ કુલમાં જન્મેલો જેમ જન્મથી જ સિંહશિશુ હોય છે, તેમ યોગિકુલમાં જન્મેલો જન્મથી જ 'જોગી' હોય છે. પૂર્વ જન્મમાં યોગસાધના કરતાં કરતાં, આયુ પૂર્ણ થતાં જેનું ચ્યવન થયું છે, તેવા પૂર્વારાધક '**યોગભ્રષ્ટ**' **પુરુષો** આવા કુલયોગી (Born Yogis) હોઇ શકે છે. જેમ નૈસર્ગિક કવિત્વશક્તિવાળા મનુષ્યો આજન્મ કવિ (Born Poets) હોય છે, તેમ આવા નૈસર્ગિક યોગશક્તિવાળા મહાત્મા કુલયોગીઓ આજન્મ યોગી હોય છે. આવા યોગીઓને પૂર્વારાધિત યોગસંસ્કારની જાગ્રતિ સ્વયં સહેજે સ્ફુરિત થાય છે, જાતિસ્મૃતિ આદિ જ્ઞાનની પ્રાપ્તિ પણ હોય છે, અને પૂર્વે અધૂરા છોડેલ યોગની કડીનું અનુસંધાન શીઘ્ર વિના પ્રયાસે હોય છે. જેમ લાંબી મુસાફરીએ નીકળેલો મુસાફર વચ્ચમાં વિશ્રામસ્થાને વિસામો ખાય છે, રાતવાસો કરે

વૃત્તિ:—**ये योगिनां कुले जाताः**—જેઓ યોગીઓના કુલમાં જન્મ્યા છે,–જન્મથી જ–**तद्धर्मानुगताश्च**–અને તેઓના ધર્મને અનુગત–યોગિધર્મને અનુગત, **ये**–જેઓ પ્રકૃતિથી અન્ય પણ, **कुलयोगिन उच्यन्ते**–કુલયોગીઓ કહેવાય છે એમ સમજાય છે,–દ્રવ્યથી અને ભાવથી. **गोत्रवन्तोऽपि**–ગોત્રવંતો પણ, સામાન્યથી ભૂમિભવ્યો પણ, **नापरे**–નહિં કે બીજાઓ. નહિં કે બીજાઓ કુલયોગીઓ કહેવાય છે.

છે, પણ થાક ઉતરી ગયા પછી તાજોમાજો થઈ તરત જ આગળ અખંડ પ્રયાણ ચાલુ રાખે છે; તેમ મોક્ષપુરીના પ્રવાસે નીકળેલો **યોગમાર્ગનો અખંડ પ્રવાસી** મુમુક્ષુ આયુપૂર્ણતારૂપ વિશ્રામસ્થાને વિશ્રાંતિ લે છે, ભવાંતરગમનરૂપ રાત્રીવાસ કરે છે, અને શ્રમ ઉતરી ગયા પછી પાછો પુનર્જન્મરૂપ નવો અવતાર પામી, તાજોમાજો થઈને, અપૂર્વ ઉત્સાહથી યોગમાર્ગની મુસાફરી આગળ ચલાવે છે; અને આમ આ યોગમાર્ગના મુસાફરનું મુક્તિપુરી પ્રત્યેનું પ્રયાણ અખંડિત રહે છે. જેમ વખત પૂરો થઈ જતાં કારકુન આગલે દિવસે અધૂરૂં મૂકેલું કચેરીનું કામ, બીજે દિવસે જ્યાંથી અધૂરૂં હતું ત્યાંથી આગળ ચલાવે છે; તેમ આયુનો સમય પૂરો થઈ જતાં યોગી આગલા જન્મમાં અધૂરૂં છોડેલું આત્માર્થનું કામ, બીજા જન્મમાં અધૂરૂં હતું ત્યાંથી આગળ ધપાવે છે. આમ યોગી પુરુષનું યોગસાધનરૂપ આત્માર્થ કાર્ય અત્રૂટપણે પૂર્ણતા પર્યંત વિના પ્રયાસે-સહજ સ્વભાવે ચાલ્યા કરે છે.

"દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાંજે રે;
રયણીશયન જિમ શ્રમ હરે, સુરનર સુખ તિમ છાજે રે." -યો. સજ્ઝા. ૬

બીજાઓને-અન્ય પ્રાકૃત જનોને જે સંસ્કાર ઘણા ઘણા અભ્યાસે કંઈક જ-અલ્પ માત્ર જ થાય છે, તે આવા ×આજન્મ યોગીઓને વિના પરિશ્રમે સહજ સ્વભાવે ઉપજે છે ! અને તે પૂર્વજન્મનું **અસાધારણ યોગારાધકપણું** જ દર્શાવે છે,-જેનું વર્ત્તમાનમાં પ્રગટ જ્વલંત ઉદાહરણ પરમ યોગી **શ્રીમદ્ રાજચંદ્રજી**ના આ સ્વસંવેદનરૂપ આત્માનુભવગમ્ય સહજ ઉદ્‌ગાર ઉપરથી સ્વયં સૂચિત થાય છે:—

"લઘુવયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ ?
જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય ?
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય ?"-**શ્રીમદ્ રાજચંદ્રજી.**

બીજા ઉદાહરણો

ભૂતકાળમાં પણ જન્મથી જ અત્યંત અસાધારણ યોગસામર્થ્ય દાખવનારા અનેક મહાપુરુષોનાં ચરિત્રો પણ આ જ વાતની પુષ્ટિ કરે છે. જેમકે-વીશ વર્ષની નાની ઉંમરમાં જ્ઞાનેશ્વરી જેવો અસામાન્ય ગ્રંથ લખનાર સંત **જ્ઞાનેશ્વર**, ઘોડીઆમાં રમતાં પણ જેને પૂર્વારાધિત મુનિભાવ સાંભરી આવ્યો હતો, તે મહાયોગી **વજ્રસ્વામી.** પાંચ વર્ષની લઘુવયમાં અસાધારણ બુદ્ધિચાપલ્ય દર્શાવનાર કલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચંદ્રાચાર્યજી**, અને ધર્મધુરંધર શ્રી **યશોવિજયજી**, સંત **કબીરજી**, રમણ મહર્ષિ આદિનાં ચરિત્રો પણ એની સાક્ષી પૂરે છે. ખુદ **તીર્થંકર** ભગવંતો પણ જન્મથી જ મતિ-શ્રુત-અવધિ એ ત્રણ જ્ઞાનના ધારક હતા એ હકીકત પણ

×"अथवा योगिनामेव कुले भवति धीमताम् । एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् । यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ॥" -ગીતા

આજન્મયોગીપણું જ સૂચવે છે. આમ કુલયોગીઓના સેંકડો દાખલા આપી શકાય એમ છે, જે પૂર્વજન્મના યોગાભ્યાસનું જ પરિણામ છે. આવા કુલયોગીઓને **યોગ સહજ સ્વભાવે સિદ્ધ** હોય છે. ઉંઘમાંથી આળસ મરડીને ઊઠતાં જ ગત રાત્રીના બનાવની પેઠે તેમને યોગ યાદ આવી જાય છે; અને પછી પ્રવૃત્તચક્રાદિ યોગભૂમિકાઓ ઝપાટાબંધ અત્યંત વેગે વટાવી જઈ તેઓ નિષ્પન્ન યોગદશાને-સિદ્ધદશાને પામે છે.

આ યોગીકુલમાં જન્મરૂપ જે કુલયોગીપણું કહ્યું તે અધ્યાત્મ સંસ્કારની અપેક્ષાએ છે, અર્થાત્ તે **સંસ્કાર જન્મરૂપ** છે. જેમ પુરુષનો બાહ્ય જન્મ સ્થૂલ સ્વરૂપે છે, તેમ યોગીપુરુષનો આ **આધ્યાત્મિક જન્મ** સૂક્ષ્મ સ્વરૂપે છે. વ્યવહારથી જેમ બાહ્ય વર્ણાદિસંપન્ન દેહનો જન્મ છે, તેમ પરમાર્થથી યોગ-સંસ્કારસંપન્ન આત્માનો જન્મ છે. બીજાધાનથી જેમ સ્થૂલ પુરુષ દેહનું સર્જન થાય છે; તેમ યોગ-બીજાધાનથી પુરુષના-આત્માના સૂક્ષ્મ સંસ્કાર-શરીરનું સર્જન થાય છે. બાહ્ય સ્થૂલ દેહનું બીજાધાન કરનારા જેમ બાહ્ય માતા-પિતા હોય છે, તેમ આ આધ્યાત્મિક સૂક્ષ્મ દેહનું સમ્યગ્દર્શનાદિ બીજાધાન કરનારા યોગીઓરૂપ માતા-પિતા છે. જેમ સ્થૂલ દેહમાં માતા-પિતાનો ગુણ લક્ષણ વારસો ઉતરે છે, તેમ આધ્યાત્મિક સંસ્કારસ્વામી યોગીઓનો ગુણસંસ્કાર-વારસો તે સૂક્ષ્મદેહમાં ઉતરે છે જેમ 'બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા' હોય છે, તેમ યોગી-પિતા જેવા આ યોગી-બાલ હોય છે. પરંતુ બાહ્ય જન્મ પુનર્જન્મનો હેતુ હોય છે, પણ આ આધ્યાત્મિક સંસ્કારજન્મ તો અપુનર્જન્મનો હેતુ હોય છે. વ્યાવહારિક જન્મ મૃતત્વનો-મરણનો હેતુ હોય છે, પણ આ પારમાર્થિક જન્મ અમૃતત્વનો-અમરપણાનો હેતુ હોય છે. અથવા તો બાહ્ય સ્થૂલ દેહ જન્મ એ પરમાર્થથી જન્મ જ નથી, પણ ભાવથી તો આત્માનું મૃત્યુ જ છે, ભાવમરણ જ છે; આત્માનો ખરેખરો **પારમાર્થિક જન્મ** તો યોગસંસ્કાર-સંપન્નપણે જન્મવું તે જ છે. આવો આ પરમ ધન્ય પારમાર્થિક સંસ્કારજન્મ આ કુલ-યોગીઓને સાંપડ્યો હોય છે, અને જન્મથી જ તેઓ યોગીઓના ધર્મને પામેલા હોય છે.

આધ્યાત્મિક સંસ્કાર જન્મ

અને બીજાઓ પણ જે પ્રકૃતિથી યોગીધર્મને અનુગત હોય, તે પણ કુલયોગી છે. અર્થાત્ જેઓ યોગીઓના ધર્મને અનુસરનારા-'અનુયાયી' છે તે પણ '**કુલયોગી**' કહેવાય છે.

આ '**યોગી ધર્મ**' એટલે શું? યોગનો જેને યોગ (સંબંધ) થયો તે છે યોગી, અને આત્મસ્વભાવરૂપ મોક્ષ સાથે યોજન-જોડાણ તેનું નામ યોગ. એટલે આત્મસ્વભાવ સાથે જેનું યોજન છે, અર્થાત્ જેને આત્મસ્વરૂપનું અનુસંધાન થયું છે તે યોગી છે, અને એવા તે યોગીનો જે ધર્મ છે તે યોગીધર્મ છે. આમ આત્મસ્વરૂપનું અનુસંધાન કરવું, આત્મસ્વભાવની સાધના-આરાધના કરવી, આત્મસિદ્ધિ કરવી, એ જ યોગીઓનો ધર્મ છે. વળી 'ધર્મ' શબ્દ પણ એ જ ભાવનો સૂચક છે; કારણ કે વસ્તુનો સ્વભાવ તે ધર્મ,

'યોગીધર્મ' એટલે શું?

'**वत्थुसहावो धम्मो**' અર્થાત્ આત્મવસ્તુનો ધર્મ તે આત્મધર્મ-વસ્તુધર્મ. આત્માનું સ્વભાવમાં વર્ત્તવું તે ધર્મ, સ્વરૂપમાં સ્થિતિ હોવી તે ધર્મ, આત્માને સ્વરૂપમાં ધારી રાખવો તે ધર્મ. આવો આત્માનો સ્વભાવયુંજનરૂપ યોગ તે જ ધર્મ. એટલે જે આત્મ-સ્વભાવમાં વર્ત્તે છે, સ્વરૂપમાં સ્થિતિ કરે છે, આત્માને સ્વરૂપમાં ધારી રાખે છે, આત્માના સ્વભાવયુંજનરૂપ યોગને સાધે છે, તે સાક્ષાત્ ધર્મમૂર્ત્તિ '**યોગી**' છે અને તેનો ધર્મ પણ તે જ છે આમ યોગી ધર્મ એટલે આત્મસ્વરૂપના અનુસંધાનરૂપ વસ્તુધર્મ-આત્મ-ધર્મ. પરપરિણતિનો પરિત્યાગ કરી, આત્મપરિણતિને અનુસરવું તે જ યોગિધર્મ. તાત્પર્ય કે-આત્મસ્વભાવ સાથે યુંજનરૂપ યોગ જેણે સાધ્યો છે, જે **સ્વરૂપસ્થિત છે** તે '**યોગી**' છે. અને આત્મસ્વભાવ સાથે યુંજનરૂપ યોગ તે જ તેઓનો વાસ્તવિક ધર્મ છે. આવા આત્મ-સ્વભાવરૂપ યોગિધર્મને અનુસરવા જે નિત્ય પ્રયત્નશીલ રહે છે, તે **કુલયોગી** છે. **આત્માને અનુગત** એટલે કે સર્વત્ર આત્માને આગળ કરી તેને અનુસરતી જેની સમસ્ત **ભાવધર્મ પ્રવૃત્તિ** છે, તે **કુલયોગી** છે. આવો આત્મ-અનુગત ભાવ **સમકિત** ગુણથી માંડીને **શૈલેશી** અવસ્થા પર્યંત હોય છે,-કે જેથી સંવર-નિર્જરા થઈ ઉપાદાન કારણ પ્રગટે છે, કારણ કે અત્રે સાધ્ય આલંબનનો દાવ હાથ લાગેલો છે. (જુઓ પૃ. ૪૯૩, ૫૨૧-૫૨૨).

"સમકિત ગુણથી હો શૈલેશી લગે, આતમ અનુગત ભાવ;"—
સંવર નિર્જરા હો ઉપાદાન હેતુતા, સાધ્યાલંબન દાવ."—**શ્રી દેવચંદ્રજી.**

અને આમ સદા **આત્મ-અનુગત** ભાવ હોવાથી જ આ સમ્યગ્દૃષ્ટિ યોગીપુરુષ જેમ બને તેમ આત્મ-પદાર્થને વિરોધ ન આવે, વિરાધના ન થાય, એમ સર્વ વિધિ-નિષેધ આચરે છે; એટલે જેથી આત્મવસ્તુને વિરોધ ન આવે તે સર્વ 'ધર્મ' કર્ત્તવ્ય કરે છે, અને જેથી આત્મવસ્તુને વિરોધ આવે તે સર્વ અધર્મ કર્ત્તવ્ય નથી કરતો. ટુંકામાં તે '**આરાધક**' જીવ જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવરૂપ ધર્મને આદરે છે, તે રાગદ્વેષાદિ વિભાવરૂપ અધર્મને પરિહરે છે; આત્મપરિણતિને ભજે છે ને પરપરિણતિને ત્યજે છે. અને આમ **આત્મપદાર્થથી અવિરોધ** એવો **વિધિ-નિષેધ** આચરી, તે 'મહાજને' પરિગ્રહેલો આત્મપદાર્થનો ગ્રહણ '**વિધિ**' કરે છે. (જુઓ કાવ્ય પૃ. ૩૯૭) એટલે જ આવો યોગિધર્મનો-મોક્ષમાર્ગનો અનુયાયી મુમુક્ષુ કુલયોગી, અજ્ઞાનરૂપ કર્મભાવને છોડી દઈ, નિજ વાસરૂપ-સ્વભાવસ્થિતિરૂપ મોક્ષભાવને ભજવા નિત્ય પ્રયત્નશીલ બને છે; અંધકાર સમા અજ્ઞાનનો જ્ઞાનપ્રકાશ વડે નાશ કરે છે; જે જે બંધના કારણો છે તે બંધનો પંથ જાણી, તે કારણોની છેદક એવી દશારૂપ મોક્ષમાર્ગને સેવે છે; રાગ દ્વેષ ને અજ્ઞાન એ કર્મની મુખ્ય ગ્રંથિ-ગાંઠ છે તેની જેના વડે નિવૃત્તિ થાય, એવા મોક્ષપંથને આરાધે છે; અને સત્ ચૈતન્યમય ને સર્વાભાસથી રહિત એવો '**કેવળ**' **આત્મા** જેથી પામીએ, એ મોક્ષપંથની રીતિને અનુસરે છે. (જુઓ આત્મસિદ્ધિની ગાથા પૃ. ૨૭૧, ૪૬૩)

આ જે કહ્યો તે મોક્ષમાર્ગરૂપ યોગીધર્મમાં-**સનાતન વસ્તુધર્મમાં**-શાશ્વત

આત્મધર્મમાં કોઈ પણ પ્રકારના મતભેદનો-દર્શનાગ્રહભેદનો અવકાશ ક્યાંથી હોય?

'જાતિ વેષનો ભેદ નહિ' જાતિ-વેષનો ભેદ ક્યાંથી હોય? એટલે આ શુદ્ધ આત્મસ્વભાવની સિદ્ધિરૂપ એક જ પ્રયોજન જ્યાં છે તે યોગિધર્મમાં જૈન, વૈષ્ણવ, બ્રાહ્મણ, વેદાંતી, બૌદ્ધ આદિ કુલધર્મના ભેદો મટી જાય છે. સાધુ, શ્રમણ, સંન્યાસી, જોગી, ફકીર આદિ બાહ્ય દ્રવ્યલિંગભેદોને× સ્થાન જ નથી. ઉપરમાં જે કહ્યો તે **ભાવલિંગરૂપ યોગિધર્મ-મોક્ષમાર્ગ** જે સાધે છે, આરાધે છે, ઉપાસે છે, તે જ મુક્તિને પામે છે.

"જાતિ વેષનો ભેદ નહિં, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય." —**શ્રી આત્મસિદ્ધિ.**

જે કોઇ આ યથોક્ત યોગીધર્મને આરાધે છે, તે આ યોગીધર્મમાં છે. જે કોઇ મત-દર્શનનો આગ્રહ તેમજ વિકલ્પ છોડી દઈ, નિજ સ્વભાવની સિદ્ધિરૂપ આ સનાતન

યોગિધર્મના સાચા અનુયાયી આત્મધર્મને **ભાવથી** સાધે છે, પરપરિણતિને ત્યજતા રહી આત્મપરિણતિને ભજતા રહે છે,-તે સર્વ સાચા સાધકો, સર્વ આરાધકો, સર્વ ઉપાસકો, સર્વ મુમુક્ષુઓ, સર્વ આત્માર્થીઓ, સર્વ યોગીઓ, સર્વ સમ્યગ્‌દૃષ્ટિ સાધુજનો, મત-સંપ્રદાયના ભેદ વિના આ વિશ્વધર્મરૂપ (Universal Religion) યોગિધર્મના ખરેખરા 'અનુયાયી' એવા કુલયોગીઓ છે. અને ઉપલક્ષણથી-આવા યોગમાર્ગની પ્રાપ્તિ તો દૂર રહી, પરંતુ તેના પ્રત્યે જે કોઈને સર્વથા અદ્વેષ હોય, ખરેખરો અંતરંગ પ્રેમ હોય, પ્રશસ્ત રાગ હોય, સાચી અંતરંગ જિજ્ઞાસા હોય, તેને અનુસરવાની હાર્દિક ઇચ્છા હોય,-તે સર્વ સન્માર્ગ-પ્રેમીઓ, સર્વ માર્ગાનુસારીઓ, સર્વ જિજ્ઞાસુઓ પણ **દ્રવ્યથી** આ યોગીધર્મના અધિકારી કુલયોગીઓ છે. આમ આ વસ્તુસ્વભાવરૂપ સનાતન **યોગિધર્મ** સાર્વજનિક એવો **'વિશ્વધર્મ'** બનવાને પરમ યોગ્ય છે; કારણ કે સ્વરૂપથી સર્વ યોગારાધક યોગીઓની જાતિ એક છે, અને તેઓનો ધર્મ પણ એક જ છે; કારણ કે સ્વભાવની સિદ્ધિ કરે તે જ યોગરૂપ ધર્મ આ મહાનુભાવ યોગીઓને અનુકૂળ હોય છે. (જુઓ કાવ્ય પૃ. ૫૮-૫૯)

"તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, તે જ ધર્મ અનુકૂળ."-**શ્રીમદ્ રાજચંદ્રજી.**

× "लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः । न मुच्यन्ते भवात्तस्मादेते लिङ्गकृताग्रहाः ।।
जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः । न मुच्यन्ते भवात्तस्मादेते जातिकृताग्रहाः ।। "
—**શ્રી પૂજ્યપાદસ્વામીજી**કૃત **સમાધિશતક.**

"ण उ होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा ।
लिंगं मुइत्तु दंसणणाचरित्ताणि सेयंति ।। "—**શ્રી સમયસાર.**

એટલે આવા પરમ ઉદાર સર્વગ્રાહી આ યોગિધર્મને જે સાચા ભાવથી અનુસરતા હોય, તે સર્વ ગમે તે સંપ્રદાયના હોય, તો પણ એક જ ધર્મના અનુયાયી-સાધર્મિકો છે. તાત્પર્ય કે-આ યોગમાર્ગને ખરેખરો અનુસરનારો જૈન હોય કે વૈષ્ણવ હોય, બૌદ્ધ હોય કે બ્રાહ્મણ હોય, સાંખ્ય હોય કે વેદાંતી હોય, ગમે તે હોય, તે સર્વ સાધર્મિક બંધુઓ છે, આત્મબંધુઓ છે. આવા આ યોગિધર્મને જે કોઈ દ્રવ્યથી કે ભાવથી અનુસરતા હોય તે સર્વ કુલયોગી છે. અત્રે ભાવનું કારણ થાય તે જ પ્રધાન એવું **દ્રવ્ય** વિવક્ષિત છે,-નહિં કે ભાવનું કારણ ન થાય એવું અપ્રધાન દ્રવ્ય. એટલે કે જેથી પરિણામે યોગભાવનો ઉદ્ભવ થાય તેમ દ્રવ્યથી જે દ્રવ્ય યોગસાધનરૂપ યોગિધર્મને અનુસરે છે, તે પણ ઉપલક્ષણથી કુલયોગી છે; અને ભાવથી જે અનુસરે છે તે તો પ્રગટ તેમ છે જ. માત્ર એટલું જ લક્ષમાં રાખવા યોગ્ય છે કે-દ્રવ્ય યોગસાધનધર્મ પણ ભાવ યોગસાધન ધર્મનાં કારણભૂત થાય તો જ તે ભલા છે, સફળ છે, નહિં તો આલ છે—મિથ્યા છે. **દ્રવ્યસ્તવ** એવું વિશિષ્ટ હોવું જોઈએ કે તે ચોક્કસ **ભાવસ્તવનું** કારણ થાય, અને એમ થાય તો જ તે સફળ છે, નહિં તો અફળ છે. આ સંબંધી વિશેષ જાણવાને ઈચ્છતા તત્ત્વરસિક જને શ્રી **હરિભદ્રસૂરિજી**કૃત શ્રી **પંચાશકશાસ્ત્ર** અવલોકવું.

સાધર્મિક આત્મબંધુઓ

"દ્રવ્યધર્મ તે યોગ સમારવા, વિષયાદિક પરિહાર;
આતમશક્તિ હો સ્વભાવ સુધર્મનો, સાધન હેતુ ઉદાર." —**શ્રી દેવચંદ્રજી.**

આવા આ મહાનુભાવ '**કુલ યોગીઓ**' ખરેખર! કુલયોગીઓ જ હોય છે. કુલવધૂ જેમ પોતાના કુલને છાજે એવું વર્ત્તન કરે છે—કુલીનપણું આચરે છે, કુલપુત્ર જેમ પોતાના કુલને લાંચ્છન ન લાગે એવું કુલીનતા યોગ્ય આચરણ કરે છે; તેમ કુલયોગી પણ પોતાના યોગિકુલને છાજે એવું, ને દોષ-કલંકરૂપ ઝાંખપ ન લાગે એવું, યથાયોગ્ય કુલીન આચરણ કરે છે. જેમકે—પર ઘરે ન જવું, સ્વ ઘરમાં જ રહેવું, ઉચિત મર્યાદાધર્મમાં રહેવું, શીલ સાચવવું, ઈત્યાદિ કુલધર્મને જેમ કુલવધૂ પાળે છે; તેમ પરભાવ-વિભાવરૂપ પર ઘર પ્રત્યે ગમન ન કરવું, આત્માના નિજ ઘરમાં જ રહેવું, વસ્તુ-સ્વભાવની મર્યાદા ન ઉલ્લંઘાય એમ ઉચિત 'મર્યાદાધર્મમાં'—'મરજાદમાં' રહેવું, સ્વરૂપાચરણરૂપ શીલ સાચવવું,-ઇત્યાદિ યોગીકુલના ધર્મને કુલયોગી બરાબર પાળે છે. તેમજ કુલપુત્ર જેમ હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, પરદ્રવ્યગ્રહણ આદિ સર્વ અનાર્ય કાર્યને દૂરથી વર્જે છે, અને સન્યાયનીતિને-પ્રમાણિકતાને અનુસરે છે, તેમ આ આર્ય કુલયોગી પણ આત્મસ્વરૂપની ઘાતરૂપ હિંસાને, પરવસ્તુને પોતાની કહેવારૂપ અસત્યને, પરદ્રવ્યની ચોરી કરવારૂપ અદત્તાદાનને, પરવસ્તુ પ્રત્યે ગમન કરવારૂપ

'કુલયોગી' શબ્દનું રહસ્ય

વ્યભિચારને, અને મમત્વથી પરદ્રવ્યના ગ્રહણરૂપ પરિગ્રહને–ઇત્યાદિ અનાર્ય કાર્યને દૂરથી ત્યજે છે; અને પરવસ્તુરૂપ પરભાવ-વિભાવને છોડી દઇ, તે ઉપરથી પોતાની માલીકી ઉઠાવી લઇ, સ્વ વસ્તુમાં જ સ્થિતિ કરી સન્ન્યાયનીતિને–ખરેખરી પ્રમાણિકતાને અનુસરવા નિરંતર પ્રયત્નશીલ રહે છે. અને કુલપુત્ર જેમ બાપદાદાની આબરૂ વધારી–કુલને ઉજાળી સમાજમાં સુપ્રતિષ્ઠિત હોય છે; તેમ કુલયોગી પણ પોતાના યોગિકુલની પ્રતિષ્ઠા વધારી, કુલને અજવાળી, 'એકોતેર પેઢીને તારી' યોગી સમાજમાં સ્થાન પામી સ્વરૂપમાં સુપ્રતિષ્ઠિત હોય છે. એટલા માટે કુલવધુ અને કુલપુત્રની જેમ કુલયોગીને આ 'કુલયોગી' નામ બરાબર ઘટે છે.

નામમાત્ર અનુયાયીઓ

બાકી જિનાદિ પરમ યોગીઓના કુલમાં બાહ્ય દેહજન્મની અપેક્ષાએ જન્મ્યા છતાં, જે તેના ધર્મને ભાવથી અનુસરતા ન હોય, અથવા તો નામમાત્ર અનુસરતા હોય, છતાં પોતાને તેના અનુગામી–અનુયાયી 'જૈન' આદિ કહેવડાવતા હોય, તે તો નામમાત્ર જૈન આદિ છે, ગોત્રયોગી છે, પણ કુલયોગી નથી. તે જ પ્રકારે બુદ્ધના કુલ–સંપ્રદાયમાં જન્મ્યા હોય અને તેના ધર્મને ભાવથી અનુસરતા ન હોય, છતાં પોતાને તેના અનુયાયી 'બૌદ્ધ' તરીકે ઓળખાવતા હોય, તો તે પણ નામમાત્ર બૌદ્ધ છે, કુલયોગી નથી. તેમજ સાચા બ્રાહ્મણ–વૈષ્ણવજન× આદિમાં હોવા યોગ્ય લક્ષણ જેનામાં નથી, છતાં પોતાને બ્રાહ્મણ–વૈષ્ણવ વગેરે કહેવડાવનારા અન્યને માટે પણ સમજવું. રાગ–દ્વેષાદિ શત્રુનો જય કરવારૂપ જૈનપણું જેનામાં નથી, અથવા યથાર્થ વસ્તુબોધરૂપ બુધપણું જેનામાં નથી, અથવા આત્મપવિત્રતારૂપ શૌચમય વૈષ્ણવપણું જેનામાં નથી, અથવા સાચા બ્રહ્મજ્ઞાનરૂપ બ્રાહ્મણપણું જેનામાં નથી,–તે ભલે જન્મથી જૈન હો કે બૌદ્ધ હો, વૈષ્ણવ હો કે બ્રાહ્મણ હો, કે અન્ય કોઇ પણ હો; પણ તે ભાવથી–પરમાર્થથી જૈન પણ નથી ને બૌદ્ધ પણ નથી, વૈષ્ણવ પણ નથી ને બ્રાહ્મણ પણ નથી; તેમજ તે કુલયોગી પણ કહી શકાય એમ નથી. તાત્પર્ય કે–સાચા પારમાર્થિક યોગમાર્ગને–મોક્ષમાર્ગને નહિં અનુસરનારા એવા સર્વ સંપ્રદાયવાદીઓ, સર્વ મતદર્શનાગ્રહી કાંઇ કુલયોગી નથી.

"ઘણું કરીને મનુષ્યાત્મા કોઇ ને કોઇ ધર્મ મતમાં હોય છે, અને તેથી તે ધર્મ મત પ્રમાણે પ્રવર્ત્તવાનું તે કરે છે, એમ માને છે. પણ એનું નામ મુમુક્ષુતા નથી. મુમુક્ષુતા તે છે કે સર્વ પ્રકારની મોહાશક્તિથી મુંઝાઇ એક મોક્ષને વિષે જ યત્ન કરવો; અને તીવ્ર મુમુક્ષુતા એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્ત્તવું."

—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૨૧૬ (૨૫૪)

અથવા તો માત્ર શારીરિક વિકાસને માટેના વ્યાયામાદિ પ્રયોગને જે યોગને નામે

× વૈષ્ણવ જન તો તેને કહિયે," ઇત્યાદિ– **શ્રી નરસિંહ મહેતા**

ઠઠાડતા હોય, અથવા હઠયોગાદિ પ્રક્રિયાને બ્હાને જે લોકોને યોગ સંબંધી વ્યામોહ ઉપજાવતા હોય, અથવા યોગને નામે અનેક ધતીંગ ઉભા કરી જે

મહાન્ 'યોગ'ની વિડંબના

મહાન્ 'યોગ' શબ્દની વિડંબના કરતા હોય, અથવા ખોટી સમાધિ ચઢાવી જવાનો ડોળ કરી મુગ્ધ લોકોને વંચતા રહી જે યોગને નામે ચરી ખાતા હોય, અથવા જટાજૂટ વધારી જોગી આદિ વેષ ધારણ કરી જે જોગીમાં ખપતા હોય,—એ આદિ પણ કંઇ કુલયોગી નથી. તે તો યોગની ઠેકડી ઉડાવનારા યોગવિડંબકો છે, યોગીકુલને હાંસીપાત્ર બનાવનારા છે, અને 'યોગ' જેવી પરમ પવિત્ર વસ્તુને અભડાવનારા છે!

ઉપરમાં જે કુલયોગી કહ્યા, તે શિવાયના બીજાઓ જે ભૂમિભવ્યો—**ગોત્રયોગીઓ** છે, તે કાંઇ કુલયોગી **નથી**. ભૂમિભવ્યો એટલે ભૂમિના ગુણને લીધે જે ભવ્ય કહેવાય છે તે. જેમકે—આર્યક્ષેત્રના—આ ભરતભૂમિના સંતાનો ભૂમિભવ્યો છે. તે

ગોત્રયોગી તે કુલયોગી નથી

ગોત્રયોગી છે, પણ કુલયોગી નથી; કારણ કે ભૂમિની ભવ્યતામાત્રથી કાંઇ જીવનું કલ્યાણ થઇ જતું નથી. પણ તથારૂપ અનુકૂળ નિમિત્ત પામી, જીવમાં જ્યારે ખરેખરી ભવ્યતા આવે—તથારૂપ ગુણયોગ્યતા પ્રગટે, ત્યારે જ કલ્યાણ થાય છે. ભૂમિની ભવ્યતા આત્માનું કલ્યાણ થવામાં અનુકૂળ સામગ્રીની ઉપનતિમાં—જોગવાઈમાં **અપેક્ષાકારણ** જરૂર છે, પણ **નિમિત્ત કારણને** આધીન એવું **ઉપાદાનકારણ** પ્રગટાવવામાં જો તેનો ઉપયોગ કરાય, તો જ તે લેખે થાય છે, નહિં તો અલેખે છે. દાખલા તરીકે—આર્ય એવી આ ભવ્ય ભરતભૂમિમાં યોગિધર્મ પામવાની પૂરેપૂરી અનુકૂળતા છે. કારણ કે આ દિવ્ય ભૂમિમાં અનેક મહાન્ યોગિવરોએ જન્મ લઇ આ અવનિને પાવન કરી છે. એટલે અત્રે યોગસાધન સામગ્રી પામવી સુલભ છે. પણ તે સાધનસામગ્રીનો જો યથેષ્ટ લાભ ઊઠાવવામાં આવે, ને આત્માનું તથારૂપ યોગ્યપણું—ભવ્યપણું—સુપાત્રપણું પ્રગટ કરવામાં આવે, તો જ તે લેખે છે. બાકી ખાલી ભૂમિભવ્યતાથી કાંઇ વળે નહિ, મહાયોગીઓની ભૂમિ એવી ભવ્ય ભરત ભૂમિમાં જન્મ્યા માત્રથી કાંઈ યોગી થઇ જવાય નહિં. એટલે ભૂમિભવ્યોરૂપ ગોત્રયોગીઓ છે, તે કાંઇ કુલયોગી કહેવાય નહિં. કુલયોગી થવા માટે તો તેવા મુમુક્ષુતા યોગ્ય ગુણ પ્રગટાવવા જોઈએ. (જુઓ પૃ. ૩૧૬–૩૧૭) આ ગોત્રયોગી ને કુલયોગીનો તફાવત સ્થૂલરૂપે સમજવા માટે ગોત્ર અને કુલ શબ્દનો તફાવત સમજવાની જરૂર છે 'કુલ' શબ્દ નિકટનો વંશસંબંધ સૂચવે છે, ને 'ગોત્ર' દૂરનો વંશસંબંધ સૂચવે છે. તેમ કુલયોગી યોગીકુલ સાથે નિકટનો વંશસંબંધ ધરાવે છે, અને ગોત્રયોગી દૂર દૂરનો સગપણસંબંધ ધરાવે છે. આ ઉપરથી આપણે એમ અનુમાન કરી શકીએ કે—જેનો મોક્ષ નિકટમાં છે, સમીપમાં છે, તે આસન્નભવ્ય મુમુક્ષુ આત્માઓ '**કુલયોગી**' છે; અને જેનો મોક્ષ હજુ ઘણો ઘણો દૂર છે, તે દૂરભવ્ય ભવાભિનંદી જીવો '**ગોત્રયોગી**' છે.

卐

એના વિશેષ લક્ષણને અધિકૃત કરી કહે છે—

सर्वत्राद्वेषिणश्चैते गुरुदेवद्विजप्रियाः
दयालवो विनीताश्च बोधवन्तो यतेन्द्रियाः ॥२११॥

સર્વત્ર અદ્વેષી ગુરુ,-દેવ-દ્વિજ પ્રીતિવંત;
દયાળુ તેમ વિનીત આ, યતેંદ્રિય બોધવંત. ૨૧૧.

અર્થ :—અને એઓ (કુલયોગીઓ) સર્વત્ર અદ્વેષી, ગુરુ દેવ ને દ્વિજ જેને પ્રિય છે એવા, તથા દયાળુ. વિનીત, બોધવંત અને યતેંદ્રિય હોય છે.

વિવેચન

"અદ્વેષી ગુરુ દેવ દ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગીજી."—**યો. સજ્ઝા. ૮**

અને આ કુલયોગીઓ તથાપ્રકારના ગ્રહના અભાવને લીધે **સર્વત્ર અદ્વેષી** હોય છે; ધર્મપ્રભાવને લીધે, ગુરુ દેવ ને દ્વિજ જેને **પ્રિય** છે એવા હોય છે; કિલષ્ટ પાપના અભાવને લીધે પ્રકૃતિથી **દયાળુ હોય છે**; કુશલાનુબંધી ભવ્યતાથી **વિનીત** હોય છે; ગ્રંથિભેદથી **બોધવંત** હોય છે; અને ચારિત્રભાવથી યતેંન્દ્રિય-જિતેંદ્રિય હોય છે.

સર્વત્ર અદ્વેષી

આ કુલયોગીઓ—કે જે યોગીકુલમાં જન્મ્યા છે અને યોગિધર્મને જે અનુસરનારા છે, તેઓ સર્વત્ર-સર્વસ્થળે અદ્વેષી હોય છે, તેઓને જગત્‌માં કયાંય પણ દ્વેષ હોતો નથી; કારણ કે તેઓને દ્વેષના કારણરૂપ કોઇ પણ પ્રકારના ગ્રહનો-મિથ્યા આગ્રહનો સર્વથા અભાવ હોય છે, એટલે દ્વેષનો પણ અભાવ હોય છે. દ્વેષનું કારણ ગ્રહ હોય છે, પોતે ગ્રહેલા-પકડેલા મતથી જો કોઇ વિરુદ્ધ પડે તો ગ્રહગ્રસ્ત મતાગ્રહીને તરત જ દ્વેષ ઉપજે છે; કારણ કે મતાર્થીને પોતાના મતનો 'મમત' હોય છે, આ મ્હારો મત છે એવા મમત્વને લીધે તેથી વિરુદ્ધ જનારા પ્રત્યે તે ગુસ્સે થાય છે! મતાગ્રહી **'મારું તે સાચું'** એમ માને છે, અને સત્‌ગ્રાહી **'સાચું તે મારું'** એમ માને છે. તેથી **મતાગ્રહી** પોતાની માન્યતા પ્રમાણે ઘસડાતો હોઇ યુક્તિને પણ જ્યાં પોતાની મતિ અભિનિવિષ્ટ છે, ત્યાં ખેંચી જાય છે, અને **સદાગ્રહીને** તો જ્યાં યુક્તિ છે ત્યાં મતિ સ્વયં પ્રવેશ કરે છે. આગ્રહીનું મનરૂપી વાંદરૂં યુક્તિરૂપી ગાયને પૂંછડેથી 'ખેંચે' છે! અને નિરાગ્રહી

वृत्तिः—**सर्वत्राद्वेषिणश्चैते**—અને એઓ સર્વત્ર અદ્વેષી હોય છે,-તથાપ્રકારના ગ્રહના અભાવને લીધે. તથા—**गुरुदेवद्विजप्रियाः**-ગુરુ, દેવ અને દ્વિજ જેને પ્રિય છે એવા,-ધર્મ પ્રભાવને લીધે. તથા—**दयालवः**—દયાળુ-પ્રકૃતિથી,-કિલષ્ટ પાપના અભાવથી, **विनीताश्च**—અને વિનીત,-કુશલાનુબંધી ભવ્યતાથી, તથા **बोधवन्तो**—બોધવંત,-ગ્રંથિભેદથી, **यतेन्द्रियाः**-યતેંદ્રિય,-ચારિત્રભાવથી હોય છે.

મધ્યસ્થનું મનરૂપી વાછડું યુક્તિરૂપી ગાયને 'અનુસરે' છે-પાછળ પાછળ જાય છે! (જુઓ ફૂટનોટ શ્લોક પૃ. ૩૨૮-૩૨૯).

આવો મતાગ્રહ એકાંતવાદીને જ હોય છે, કારણ કે તે કોઇ એક અમુક નયને જ પકડી બેસે છે, અને 'વ્હોરાવાળા નાડા'ની જેમ તેનો જ હઠ પકડી રાખે છે! એટલે કે તે મતાર્થી હોય છે. દાખલા તરીકે-કોઇ વ્યવહાર નયનો જ આગ્રહી હોય છે, તો કોઇ નિશ્ચય નયનો જ આગ્રહી હોય છે. કોઇ જ્ઞાનનો જ આગ્રહી હોય છે, તો કોઇ ક્રિયાનો જ આગ્રહી હોય છે. કોઇ એકાંત નિત્ય પક્ષનો જ આગ્રહી હોય છે, તો કોઇ એકાંત અનિત્ય પક્ષનો જ આગ્રહી હોય છે. આમ મતાર્થી એકાંતવાદીને પોતપોતાના મતનો અભિનિવેશ-આગ્રહ હોય છે. પણ આત્માર્થી અનેકાંતવાદીને તેવો કોઇ પણ આગ્રહ હોતો નથી, કારણ કે તે નયના સ્વરૂપને સારી પેઠે જાણે છે કે પ્રત્યેક નય પોતપોતાની અપેક્ષાએ પોતાની નય-મર્યાદામાં સાચો છે, પણ પર અપેક્ષાએ ખોટો છે, માટે કોઇ પણ નયનો એકાંત આગ્રહ કરવો તે ખોટો છે, મિથ્યા છે, એમ જાણતો હોઇ તે કદી પણ કોઇ એક નયનો આગ્રહ કરતો જ નથી, અને વ્યવહારનય-નિશ્ચય નયની યથાયોગ્ય મર્યાદા સ્વીકારી બન્નેનો સમન્વય (Reconciliation) સાધે છે. એટલે નિશ્ચયવાણી સાંભળી તે કાંઇ સાધન છોડી દેતો નથી, પણ નિશ્ચયને લક્ષમાં રાખી તે તે જ સાધનો કરે છે.

મતાર્થી ને આત્માર્થી

"નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય." —**શ્રી આત્મસિદ્ધિ.**

વળી ષડ્દર્શન વિષયમાં પણ તેને કોઇ પણ મત-દર્શનનો આગ્રહ હોતો નથી; કારણ કે સ્યાદ્વાદદર્શી હોઇ તે, તે તે દર્શન પોતપોતાના નયની અપેક્ષાએ, કથંચિત્-કોઇ અપેક્ષાએ સાચા છે, એમ 'સ્યાત્' પદનો ન્યાસ કરીને તે સમાધાન કરે છે. તે તે દર્શનોને તે જિનદર્શનના અંગભૂત જાણે છે. એટલે તત્સંબંધી પણ તેને કોઇ આગ્રહ સંભવતો નથી. (જુઓ પૃ. ૫૮-૫૯, પૃ. ૪૨૩) આમ સાંકડી એકાંત દૃષ્ટિનો અભાવ હોવાથી અને વિશાલ અનેકાંતદૃષ્ટિનો સદ્ભાવ હોવાથી આ આત્માર્થી કુલયોગીને મતાગ્રહનો સર્વથા અભાવ હોય છે. તે તો જ્યાં ત્યાંથી 'સત્'નો જ ગ્રાહક હોઇ, સર્વત્ર સદ્દર્શનને જ ખોળે છે; એને મતનું કામ નથી, 'સત્'નું જ કામ છે. અને આમ તેને સર્વથા ગ્રહનો અભાવ હોય છે, એટલે કોઇ પણ દર્શનવાદી પ્રત્યે તેને કદી પણ દ્વેષ ઉપજતો નથી. તેને મન તો તે સર્વ પોતાના સાધર્મિક આત્મબંધુઓ છે. તે તો એટલે સુધી ભાવે છે કે—સર્વ આત્માઓનો સ્વભાવ ધર્મ એક જ છે, એટલે સમાનધર્મી હોવાથી આ સર્વ આત્માઓ મ્હારા **સાધર્મિક** ભાઇઓ છે. એવી પરમ ઉદાર ભાવનાથી **તેને સર્વ ભૂતમાત્ર પ્રત્યે મૈત્રી**

દર્શનાગ્રહ અભાવ

હોય છે, તેમના પ્રત્યે વાત્સલ્યભાવ હોય છે, સર્વ ભૂત પ્રત્યે તે આત્મવત્ વર્ત્તે છે. આવા સર્વત્ર મૈત્રી ભાવવાળાને ક્યાંય દ્વેષ ક્યાંથી હોય ?

"मित्ति मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ"—**શ્રી જિનપ્રવચન**
"आत्मवत् सर्वभूतेषु।" **શ્રી ભગવદ્ગીતા**

"સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો."—**શ્રીમદ્ રાજચંદ્રજી**

૨. ગુરુ-દેવ-દ્વિજનું પ્રિયપણું

આ કુલયોગીનો બીજો ગુણ ગુરુ-દેવ-દ્વિજનું પ્રિયપણું એ છે. આ આત્માર્થી મુમુક્ષુને ગુરુ, દેવ અને દ્વિજ અતિ પ્રિય હોય છે-ખૂબ વ્હાલા લાગે છે, અને તે તેને પ્રાપ્ત થયેલા ધર્મનો પ્રભાવ છે. શાંત સ્વસ્થ ચિત્તે જો વિચાર કરીએ તો દરેક પ્રાણીને પોતાનું હિત પ્રિય હોય છે, પોતાનું ભલું થાય એમ સહુ કોઇ ઇચ્છે છે, એટલે તે હિતના કારણરૂપ ભલું કરનાર સહાયક જે કોઇ હોય છે, તે પણ તેને પ્રિય થઇ પડે છે. અને ગુરુ-દેવ-દ્વિજ તેને આત્મહિતમાં સહાયભૂત થઇ પડતા હોઇ તેને પ્રિય થાય છે. દાખલા તરીકે—

કોઈ માણસ દીર્ઘ રોગથી પીડાતો હોઇ મૃત્યુશય્યામાં પડયો હોય, તેને કોઇ સુવૈદ્ય સાજો કરે, તો તે જીવિતદાન આપનારો ઉપકારી વૈદ્ય તેને કેટલો બધો વ્હાલો લાગે ?

અહો ! અહો ! ઉપકાર ! રોગી આદિ દૃષ્ટાંત

તેમ આ કુલયોગીને પણ પરમ ઉપકારી શ્રીમદ્ સદ્ગુરુ ભગવાનની બાબતમાં પણ છે. કારણ કે-(૧) પોતાનો જીવ જે અનાદિકાળથી આત્મભ્રાંતિરૂપ મહારોગથી પીડાતો હતો, અને 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ'રૂપ મૃત્યુશય્યામાં પડયો હતો, તેને આ સદ્ગુરુ સુવૈદ્યે સ્વરૂપ-સમજણરૂપ ઔષધિ વડે સાજો કર્યો, આત્મઆરોગ્યસંપન્ન કર્યો, અને સમ્યગ્દર્શનરૂપ-બોધિબીજરૂપ અપૂર્વ સંસ્કારબીજ રોપી નવો જન્મ આપ્યો, તો પછી આવા આ પરમ ઉપકારી શ્રીમદ્ ભગવાન્ તે આત્માર્થી મુમુક્ષુને તેનાથી અનંત અનંતગણા વ્હાલા કેમ ન લાગે ?

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત"—**શ્રી આત્મસિદ્ધિ.**

અથવા (૨) કોઇ રંક **ભિખારી** ભારી દારિદ્રયદુઃખથી દુઃખીઓ હોય, તેનું દારિદ્રયદુઃખ ટાળી કોઇ તેને મહાસુખ સંપત્તિમાન્ બનાવી દે, તો તે દારિદ્રયહર પુરુષ તેને કેટલો બધો ઇષ્ટ થઇ પડે ? તો પછી,-અનંત આત્મસંપત્તિ ભર્યા નિજ સ્વરૂપનું આ જીવને ભાન નહિં હોવાથી તે પોતાનું ઘર છોડીને પરઘેર ભીખ માગતો ફરતો

હતો, પર પુદ્‌ગલની એઠીજૂઠી એઠ ખાતો હતો, અને વેઠીઆ પોઠીઆની પેઠે પારકી વેઠ કરતો રહી પાપી પેટ ભરતો હતો, તેને આ સત્પુરુષ સદ્‌ગુરુએ નિજ સ્વરૂપનું અપૂર્વ ભાન કરાવી અનંત આત્મસંપત્તિભર્યા સ્વગૃહનો લક્ષ કરાવ્યો, નિજ ઘરમાં જ રહેવાનો ઉપદેશ કરી પરગૃહે ભીખ માંગતો બંધ કર્યો, 'ચલ જડ જગની એઠ' નહિં ચાટવાનો અને પારકી વેઠ નહિં કરવાનો બોધ કરી પાપી પેટ ભરતો અટકાવ્યો અને આમ નિજ ઘરમાં જ રહેલી અઢળક આત્મલક્ષ્મીનો ભોક્તા સ્વામી બનાવી દઇ પરમ સુખસંપત્તિમય કરી મૂકયો. તે અનંત ઉપકારી શ્રીમદ્‌ સદ્‌ગુરુ ભગવાન્ આવા સાચા મુમુક્ષુ યોગીને પરમ પ્રિય કેમ ન લાગે? અથવા (૩) કોઇ ભયંકર અટવીમાં માર્ગ નહિં મળવાથી ચારે કોર ગોથાં ખાતાં ભૂલા પડેલ મનુષ્યને કોઇ સરલ, સીધો ને નિષ્કંટક માર્ગ બતાવી આપે, તો તે માર્ગદર્શક પુરુષ તેને કેટલો બધો પ્રિય થઇ પડે? તો પછી આ ભયંકર **ભવાટવી**માં સન્માર્ગની દિશાનું ભાન નહિં હોવાથી આ જીવ ચારે ગતિમાં ચારેકોર ગોથાં ખાતો આથડતો હતો, અનંત પરિભ્રમણ દુઃખ પામતો હતો, તેને નિજ સ્વરૂપ-યોગરૂપ સીધો સરલ નિર્દોષ સન્માર્ગ બતાવી જેણે પુનઃ અનંત પરિભ્રમણ દુઃખ ટાળી ભવાટવીમાંથી ઉગાર્યો, તે સન્માર્ગદેશક શ્રીમદ્‌ સદ્‌ગુરુ દેવનો અમાપ ઉપકાર ચિંતવતા આ સમ્યગ્‌દૃષ્ટિ યોગીને તેઓશ્રી પ્રત્યે પરમ પ્રેમપ્રવાહ કેમ ન પ્રવહે? અથવા (૪) ભયંકર મોજાં જ્યાં ઊછળી રહ્યાં છે, એવા મહાસમુદ્રમાં ડૂબી રહેલા મનુષ્યને જો કોઈ તારુ બચાવી લઇ, બાવડું ઝાલી કાંઠે આણે, તો તે તારનાર પ્રત્યે તેને કેટલો બધો પ્રેમ સ્ફુરે? તો પછી-આ ભીષણ **ભવસાગરમાં** જન્મ મરણ તરંગોથી તણાતો આ જીવ મોહરૂપ ગળકાં ખાઈ અનંત દુઃખથી દુઃખી થઇ રહ્યો હતો, તેને મહાતારુ જેવા જે સદ્‌ગુરુદેવે હસ્તાવલંબન આપીને ડૂબતો બચાવી શિવપુરને આરે આણ્યો, તે અનન્ય ઉપકારી અપાર કરુણાસિંધુ પરમકૃપાળુ શ્રીમદ્‌ સદ્‌ગુરુ પ્રત્યે આ કૃતજ્ઞ જોગીજનને અપૂર્વ પ્રેમનો ઉમળકો કેમ ન આવે વારુ?

"અહો! અહો! શ્રીસદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર."—**શ્રી આત્મસિદ્ધિ**

"શ્રી અરજિન ભવજલનો તારુ, લાગે મુજ મન વારુ રે;
બાંહ્ય ગ્રહી જે ભવજલ તારે, આણે શિવપુર આરે રે."— **શ્રી યશોવિજયજી.**

અથવા—(૫) કોઇ જીવ ઉગ્ર દાવાનલમાં સપડાઇ ગયો હોય, તેને શીતલ જલ-વૃષ્ટિથી જો કોઇ બચાવી લ્યે, તો તે બચાવનાર પ્રત્યે તેને કેટલો બધો પ્રેમભાવ ઉપજે? તો પછી-આ ભયંકર **ભવદાવાનલમાં** આ જીવ સપડાઇ ગયો હતો તેને પરમાર્થ અમૃતની શીતલ મેઘધારા વર્ષાવી જેણે બચાવી લીધો, તે શ્રી સદ્‌ગુરુ પ્રત્યે આ મુમુક્ષુ આત્માર્થીને અપૂર્વ પ્રેમભાવ કેમ ન ઉપજે?

" ભવ દવ હો પ્રભુ! ભવ દવ તાપિત જીવ;
તેહને હો પ્રભુ! તેહને અમૃત ઘન સમીજી. "—**શ્રી દેવચંદ્રજી.**

" संसारदावानलदाहनीरं, संमोहधूलीहरणे समीरम् ।
मायारसादारणसारसीरं, नमामि वीरं गिरिसारधीरम् ॥ "—**શ્રી હરિભદ્રાચાર્યજી.**

અથવા (૬) મહાફણિધરના ડંસથી ઝેર ચઢવાથી કોઇ મનુષ્ય મૂર્છિત-બેભાન થઇને પડ્યો હોય, તેને કોઇ ગારુડિક જાંગુલિમંત્રથી ઝેર ઉતારી પુનર્જીવન અર્પે, તો તેને તે વિષહર પ્રત્યે કેટલી બધી પ્રીતિ ઉપજે? તો પછી **મહામોહ વિષધર**ના ડંસથી આ જીવને મિથ્યાત્વ-ઝેર ચઢયું હતું, તેથી આ જીવ નિજ સ્વરૂપનું ભાન ભૂલી મોહ-મૂર્છિત-બેભાન બન્યો હતો. તેને **સહજાત્મસ્વરૂપ** પ્રકાશનારા અપૂર્વ સમ્યગ્દર્શન મંત્રપ્રયોગથી પરમ માંત્રિક સમા જે શ્રીમદ્ સદ્ગુરુદેવે મિથ્યાત્વ-વિષ ઉતારી નાંખી, નિજ સહજ આત્મસ્વરૂપના ભાનમાં આણ્યો, અને સમ્યક્ત્વ અમૃત છાંટી યોગિકુલે જન્મરૂપ પુનર્જન્મ આપ્યો, તે **વિષહર** પરમ અમૃતમય શ્રીમદ્ સદ્ગુરુ ભગવાન્ પ્રત્યે આ મુમુક્ષુ જોગીજનને, તેલમાં જલબિન્દુની જેમ અપૂર્વ પ્રીતિ કેમ ન વિસ્તરે?

" મિથ્યા હો પ્રભુ! મિથ્યા વિષની ખીવ,
હરવા હો પ્રભુ! હરવા જાંગુલિ મન રમીજી. "—**શ્રી દેવચંદ્રજી.**

આમ અનન્ય ઉપકારી હોવાથી શ્રીમદ્ સદ્ગુરુ ભગવાન્ પ્રત્યે મુમુક્ષુ યોગીને પરમ પ્રેમ ઉલ્લસે છે, એટલું જ નહિં પણ શ્રીમદ્ સદ્ગુરુ જ સ્વરૂપથી એવા છે કે તેમના પરમોત્તમ ગુણગણ પ્રત્યે કોઇ પણ ગુણાનુરાગી સાચા સજ્જનને કુદરતી પ્રેમ સ્ફુર્યા વિના ન જ રહે. કારણ કે શ્રીમદ્ સદ્ગુરુનું સ્વરૂપ વિચારીએ તો '**સ્વરૂપ**' એ જ એમનું સ્વરૂપ છે અથવા '**સદ્ગુરુ**' એ જ એમનું સ્વરૂપ છે, અર્થાત્ સર્વ 'સત્' વસ્તુમાં ગુરુ એ જ એમનું સ્વરૂપ છે; કારણ કે આખા જગત્ કરતાં ગુરુ, ભારી, ગૌરવવંત એવા શ્રી સદ્ગુરુ જ છે. એક બાજુ આખું જગત્ મૂકીએ ને બીજી બાજુ સદ્ગુરુ મૂકીએ, તો સદ્ગુરુનું જ પલ્લું નમી પડશે. એટલે જગદ્ગુરુ શ્રી સદ્ગુરુ જ છે. અથવા **સત્-સંત** એ જ એમનું સ્વરૂપ છે, અર્થાત્ જે પ્રકારે જેવું આત્મવસ્તુનું સત્સ્વરૂપ છે, તે પ્રકારે તેવું સત્, સાચું, છતું, વર્ત્તમાનમાં પ્રગટ દશારૂપે વિદ્યમાન, એવું તેમનું સત્સ્વરૂપ છે, સંતસ્વરૂપ છે, સાધુસ્વરૂપ છે; અથવા '**સંત**' એટલે શાંત,-પરભાવ વિભાવ પ્રત્યેની જેની બધી દોડાદોડ મટી જઇ, જે સ્વભાવમાં વિશ્રાંત થઇ પરમ આત્મશાંતિને પામ્યા છે, એવા શાંત તે '**સંત**'.

ઉપકારી સદ્-ગુરુનું સ્વરૂપ

" પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તું જ, એ દૃઢતા કરી દે જ. "—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

આવા સંતસ્વરૂપ સદ્ગુરુ, આત્મજ્ઞાની, સમદર્શી, પ્રારબ્ધોદયથી વિચરનારા, અપૂર્વ વાણી પ્રકાશનારા, અને પરમશ્રુતજ્ઞાનસંપન્ન હોય છે. મોહભાવ જ્યાં ક્ષય થઇ ગયો છે અથવા પ્રશાંત વર્ત્તે છે, અને આખું જગત્ જ્યાં એઠ જેવું અથવા સ્વપ્ન જેવું ભાસે છે, એવી પરમ અદ્ભુત '**જ્ઞાની દશા**' તેમની હોય છે. અને આવા જ્ઞાની પુરુષ દેહ છતાં જાણે દેહમાં ન વર્ત્તતા હોય, એવી પરમ આશ્ચર્યકારક દેહાતીત-**વિદેહ દશામાં** (**वोसट्टकाय**) વર્ત્તતા હોય છે!! (જુઓ આત્મસિદ્ધિની ગાથા, પૃ. ૧૨૯, ૩૯૪). આવા પરમ ગુણનિધાન, નિષ્કારણ કરુણારસસાગર, પરમ ઉપકારી, પરમ કૃપાળુ શ્રીમદ્ સદ્ગુરુદેવ પ્રત્યે મુમુક્ષુ આત્માને અનન્ય પ્રેમ કેમ ન વછૂટે?

"દીન દયાળ કૃપાળુઓ, નાથ ભવિક આધાર; લાલ રે;
દેવચંદ્ર જિન સેવના, પરમામૃત સુખકાર. લાલ રે."—**શ્રી દેવચંદ્રજી.**

આમ જેમ સદેહે વર્ત્તમાન પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રત્યે મુમુક્ષુને પ્રીતિ હોય છે, તેમ વિદેહ એવા પરોક્ષ દેવ પ્રત્યે પણ તેને તેવી જ અનન્ય પ્રીતિ હોય છે; કારણ કે તે પરમાત્મ દેવનું સ્વરૂપ આત્માને નિજ સ્વરૂપાવલંબન માટે પરમ ઉપકારી થઇ પડે છે. દિવ્ય એવું જેનું 'સ્વરૂપ' પ્રગટ્યું છે તે દેવ છે, દિવ્ય એવા શુદ્ધ આત્મસ્વરૂપમાં જે '**સુસ્થિત**' **છે તે શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ** ભગવાન્ દેવ છે, જેણે આત્માને આત્મા જ જાણ્યો ને બીજું પરપણે જ જાણ્યું, એવા અક્ષય અનંત બોધસ્વરૂપ તે દેવ **સિદ્ધ આત્મા** છે. મુક્તિ સન્માર્ગનો વિધિ બતાવ્યો હોવાથી તે **વિધિ** વિધાતા છે. પરમ આત્મશાંતિનો શિવમાર્ગ-મોક્ષમાર્ગ દર્શાવી ત્રિભુવનનું શંકરપણું કર્યું હોવાથી તે **શિવ**-શંકર છે. સ્વરૂપસ્થિત છતાં જ્ઞાનથી સમસ્ત વિશ્વને જાણતા હોવાથી તે **વિષ્ણુ** છે. મોક્ષરૂપ પરમ સુગતિને પામ્યા હોવાથી તે **સુગત** છે. અને રાગદ્વેષાદિનો જય કરી કેવળ શુદ્ધ સહજસ્વરૂપી આત્મા પ્રગટ કર્યો હોવાથી તે પરમ વીતરાગ એવા યથાર્થનામા **જિનદેવ** છે. (જુઓ પૃ. ૩૬૩-૩૬૪ તથા ૪૦૦-૪૦૧) આવા શુદ્ધ સહજાત્મસ્વરૂપ જિનપ્રભુ તે વ્યવહારથી દેવ છે, નિશ્ચયથી તો **આત્મા એ જ દેવ** છે. જે જિનદેવની પૂજના છે, તે નિશ્ચયથી નિજ આત્માની જ પૂજના છે, કારણ કે જિનપદ ને નિજપદની એકતા છે, એમાં કાંઇ ભેદભાવ નથી, સ્વરૂપભેદ નથી. (જુઓ કાવ્યો, પૃ. ૧૧૨-૧૧૩).

દેવનું સ્વરૂપ

આ જિનવર દેવ પ્રત્યે સાચા ભક્તિભાવ વિના કદી પણ દુઃખદાવ છૂટતો નથી; તેટલા માટે આ ભવ દુઃખદાવાનલથી છૂટવા માટે આ પરમ પ્રભુની ભક્તિ પરમ અમૃતઘન સમી હોઇ, શીતલ આનંદદાયિની થઇ પડે છે; એટલે આ પરમ ઉપકારી પ્રભુ પ્રત્યે મુમુક્ષુને પરમ પ્રેમ-અનન્ય પ્રેમ કેમ ન ઉલ્લસે? વળી આ પરમ દેવ સાધ્ય એવા આત્મસ્વરૂપના પ્રતિચ્છંદ સ્થાને છે,

'પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસે'

(model) આદર્શસ્વરૂપ છે. જેમ શુદ્ધ સુંદર આદર્શને દૃષ્ટિસન્મુખ રાખી કલાકાર શિલ્પી કલાકૃતિની ઘટના કરે છે; તેમ આ સિદ્ધ દેવરૂપ શુદ્ધ આદર્શને સતત દૃષ્ટિસન્મુખ રાખી સાધક એવો ભક્ત મુમુક્ષુ આત્મસ્વરૂપની ઘટના કરે છે. (જુઓ પૃ. ૧૧૩) 'અજકુલગત કેસરી' જેમ સિંહને દેખીને નિજરૂપ લહે છે, તેમ આ પ્રભુ-ભક્તિથી આ ભવ્ય આત્મા આત્મશક્તિને સંભાળી લે છે. આમ સ્વરૂપસિદ્ધિમાં પરમ ઉપકારી હોવાથી, તેમજ અનુપમ ગુણગણના રત્નાકર હોવાથી, પોતાના પરમ ઇષ્ટ એવા આ પરમેષ્ઠિ દેવ પ્રત્યે મુમુક્ષુને પરમ પ્રીતિ હોય જ છે.

'ગુરુ' પદ પ્રથમ કેમ?

અત્રે 'ગુરુ' પદ પ્રથમ મૂકવાનું કારણ પ્રત્યક્ષ સદ્‌ગુરુનો પરમ પ્રભાવ સૂચવવા માટે છે. કારણ કે સર્વકાળને વિષે પરમાર્થમાર્ગની પ્રાપ્તિ **શ્રીમદ્ સદ્‌ગુરુ** થકી જ હોય છે. એટલે ભૂતકાળમાં થઇ ગયેલા પરોક્ષ એવા જિનદેવ કરતાં પણ પ્રત્યક્ષ સદ્‌ગુરુનો ઉપકાર અધિક છે, માટે તેમનું સ્થાન પ્રથમ મૂકયું છે. તેમજ તે જિનનું સ્વરૂપ પણ શ્રી સદ્‌ગુરુના ઉપદેશ વિના સમજાતું નથી, અને તે સમજ્યા વિના જિનના ઉપકારનો પણ ખ્યાલ કેમ આવે? એ રીતે પણ પરમ ઉપકારી જિનના ઉપકારનું ભાન કરાવનાર પણ શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવાન્ છે, એટલે પણ તે પરમ પરમ ઉપકારી હોવાથી તેમનું પદ પ્રથમ મૂકયું છે. આ પ્રત્યક્ષ દેહધારી સજીવન મૂર્તિ પરમાત્મા પરમ સદ્‌ગુરુનો મહિમા દર્શાવવા માટે જ પરમ પવિત્ર **શ્રી નવકાર મંત્રમાં** પણ **'અરિહંત'** પદ **સિદ્ધ** કરતાં પ્રથમ મૂકયું છે, તેનું પણ એ જ રહસ્ય છે. (જુઓ પૃ. ૧૩૦, આત્મસિદ્ધિની ગાથા).

'દ્વિજ'નો પરમાર્થ

વળી આ કુલયોગીને 'દ્વિજ' પણ અત્યંત પ્રિય હોય છે. આ 'દ્વિજ' એટલે શું? તેનો પરમાર્થ વિચારવા યોગ્ય છે. દ્વિ+જ બે વાર જેનો જન્મ થયો છે તે દ્વિજ, અથવા બીજો જન્મ જેનો થયો છે તે દ્વિજ. તે બીજો જન્મ એટલે પરમાર્થ સંસ્કારઆરોપણરૂપ જન્મ. પહેલો જન્મ તો જે દેહજન્મ થયો તે. પણ મનુષ્યનો ખરેખરો જન્મ તો–તેને જ્યારે સન્માર્ગની દીક્ષા મળે છે, આંતરૂ મુંડન થાય છે,–ત્યારે થાય છે. અર્થાત્ સમ્યગ્-દર્શનરૂપ સંસ્કાર–બીજ આત્મામાં રોપાયાથી જેનો સમ્યગ્‌દૃષ્ટિરૂપે બીજો જન્મ–નવો અવ-તાર થયો છે, તે 'દ્વિજ' છે. જન્મથી પ્રાપ્ત થતા નામમાત્ર દ્વિજપણાને આ પારમાર્થિક દ્વિજપણા સાથે લેવાદેવા નથી. કારણ કે જન્મથી બાહ્ય દ્વિજ નામ હોવા છતાં આ પારમાર્થિક દ્વિજપણું ન પણ હોય; અને જન્મથી બાહ્ય દ્વિજ નામ ન હોવા છતાં, *આ પારમાર્થિક દ્વિજપણું હોય પણ ખરૂં. જન્મે દ્વિજ ચંડાલ જેવા લક્ષણવાળો પણ હોય!* એટલે દ્રવ્ય દ્વિજજન્મપણા સાથે આ ભાવ દ્વિજપણાનો સંબંધ નથી, માટે ઉક્ત અપેક્ષાએ **ગમે તે જાતિમાં જન્મેલો આવો 'દ્વિજ' હોઇ શકે છે.** અર્થાત્ સમ્યગ્‌દર્શનરૂપ સંસ્કારજન્મ પામવાનો અધિકાર કોઈ પણ જાતિને છે,

એમાં જાતિ-વેષનો ભેદ નડતો નથી. ગમે તે જાતિનો યથાયોગ્ય ગુણયોગ્યતાવાળો જે યોગ્ય અધિકારી પુરુષ તે સંસ્કાર ઝીલવાને પાત્ર હોય, તે આ સંસ્કારજન્મ પામી શકે છે. અને આવો સંસ્કારજન્મ પામેલ 'દ્વિજ' 'બ્રાહ્મણ' પણ કહી શકાય છે. કારણ કે 'ब्रह्म जानातीति ब्राह्मणः'—બ્રહ્મને, શુદ્ધ આત્મસ્વરૂપને જાણે તે બ્રાહ્મણ. આમ દ્વિજ અથવા બ્રાહ્મણ એટલે સમ્યગ્દષ્ટિ, જ્ઞાનસંસ્કારસંપન્ન પુરુષ, કુલયોગી, જોગીજન. આવા સમ્યગ્દૃષ્ટિ કુલયોગી પુરુષો સમાનધર્મી હોવાથી, સાધર્મિક હોવાથી, આ મુમુક્ષુ કુલયોગીને તેના પ્રત્યે કુદરતી પ્રેમ-વાત્સલ્ય સ્ફુરે જ છે. તેથી તેમના પ્રત્યે અનેક પ્રકારે તે સાધર્મિક વાત્સલ્ય કરે છે, તેમને પરમાર્થ માર્ગની સાધનામાં જેમ બને તેમ સહાયતા થાય-અનુકૂળતા થાય, તેવા તેવા પ્રકારે પોતાના તન-મન-ધનથી યથાશક્તિ પ્રબંધ કરે છે, અને એમ કરી પોતાનું વાત્સલ્ય-પ્રેમભાવ દાખવે છે.

આમ સાક્ષાત્ પરમ ઉપકારી હોવાથી શ્રીમદ્ સદ્ગુરુ ભગવાન્ પ્રત્યે, તથા પરોક્ષપણે પરમ ઉપકારી આદર્શસ્થાનીય હોવાથી પરમાત્મ દેવ પ્રત્યે, તથા સમાનધર્મી હોવાથી સમ્યગ્દૃષ્ટિ દ્વિજો અથવા સંસ્કારસ્વામી બ્રાહ્મણો પ્રત્યે, આ મુમુક્ષુ કુલયોગીને અવશ્ય પ્રીતિ હોય છે.

૩. દયાળુપણું

દયાળુ—આ કુલયોગી પુરુષો વળી દયાળુ હોય છે. દયા એ એમનો આત્મ-સ્વભાવભૂત ગુણ થઇ પડયો હોય છે. કોઈ દીન-દુઃખી-દરિદ્રી દેખી તેમને દયા વછૂટે છે, અનુકંપા ઉપજે છે. તે દુઃખથી દુઃખીને જેવો કંપ-ત્રાસ થાય છે, તેવો તેને અનુસરતો કંપ-ત્રાસ તેમના આત્મામાં વેદાય છે, તેમનું હૃદય દ્રવીભૂત થાય છે, તેમનું અંતર્ કકળી ઊઠે છે. આમ તે પરદુઃખે દુઃખીઆ થાય છે. એટલે પરદુઃખનું છેદન કરવાની ઇચ્છારૂપ કરુણા તેમને ઉપજે છે. અને તન-મન-ધનની સમસ્ત શક્તિથી તે પરદુઃખ દૂર કરવા સક્રિયપણે તત્પર બને છે. આવા પરદુઃખે દાઝતા પરમ દયાળુ પુરુષો સર્વ જીવનું સુખ જ ઈચ્છે અને 'સર્વ જંતુ હિતકરણી કરુણા' જ કરે, એમાં આશ્ચર્ય શું? એટલે તેઓ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ અન્ય જીવોને જાણી બૂઝીને દુઃખ તો કયાંથી જ આપે? દ્રવ્યથી પણ કોઇ પણ જીવની હિંસા કરે જ કેમ? તેમજ ભાવથી કોઈ પણ જીવના આત્મ-પરિણામને દૂભવે જ કેમ? (જુઓ પૃ૦ ૧૪૯, ૪૩૮, ૪૪૧) આ મુમુક્ષુ યોગીઓ આવા દયાળુ, કૃપાળુ, કરુણાવાળું હોય છે, તેનું કારણ ક્લિષ્ટ કર્મનો અભાવ એ છે. ક્લિષ્ટ એટલે કઠિન, આકરા, ભારી, ક્લેશરૂપ કર્મોનો અભાવ છે, એ છે. તેથી તેમની ચિત્તભૂમિ કઠોર-ક્લિષ્ટ પરિણામથી રહિત એવી કોમળ-પોચી હોય છે, દયાથી આર્દ્ર-ભીની હોય છે; અને તેમના આત્મપરિણામ અતિ કોમળ હોય છે, પરદુઃખના તાપથી શીઘ્ર ઓગળી જાય (melting)-દ્રવી જાય એવા હોય છે.

૪. વિનીતપણું

વિનીત—વળી આ જોગીજન વિનીત હોય છે. આ જોગી પુરુષો વિનયથી નમ્ર હોય છે, કદી પણ અભિમાનથી ઉન્નત-અક્કડ વા ઉન્મત્ત હોતા નથી. યોગિધર્મની પ્રાપ્તિ થવી તે વિનયનો જ પ્રભાવ છે, કારણ કે વિનય વિના '**વિનય**' અર્થાત્ આત્મવિદ્યા પ્રત્યે આત્માનું વિનયન-દોરવણી હોતી નથી; વિનયથી જ વિનયની-આત્મવિદ્યાની (Spiritual education) પ્રાપ્તિ હોય છે. એટલે યોગી પુરુષો વિનયનો આવો મહાપ્રભાવ જાણતા હોવાથી સ્વભાવથી જ 'વિનીત' હોય છે. તેથી પોતાનાથી અધિક ગુણવંતોનો તેઓ યથાયોગ્ય વિનય સાચવે છે; અભ્યુત્થાન-ઊઠીને સામા જવું, આસનદાન, પૂજન, બહુમાન, સત્કાર આદિ ઉચિત ઉપચાર આચરે છે. સત્પુરુષના, સત્પુરુષના વચનામૃતના, અને સત્સાધનના યથાયોગ્ય વિનય-બહુમાન-ગૌરવાદિ તે કરે છે; અને તેમાંથી કોઈની પણ સ્વપ્નાંતરે પણ લેશમાત્ર આશાતના, અવજ્ઞા કરતા જ નથી. કારણ કે તે જાણે છે કે-એક સત્પુરુષની કે એક સત્વચનની કે એક સત્સાધનની આશાતના તે સર્વ સત્પુરુષની, સર્વ સત્વચનની, અને સર્વ સત્સાધનની આશાતના છે (જુઓ શ્લોક ફૂટનોટ પૃ. ૪૨૩) અને એકની પૂજામાં તે સર્વની પૂજા છે, કારણ તે સર્વ સત્ એક અખંડ અભેદ પરમ અમૃત રસસાગર-સ્વરૂપ છે. એટલે એકની વંદના તે સર્વની વંદના છે, અને એકની નિંદના તે સર્વની નિંદના છે. આમ જાણતા હોઈ તે ભવભીરુ યોગી પુરુષો કોઈ પણ સત્‌ની આશાતના દૂરથી જ વર્જે છે. અને જ્યાં ક્યાંય પોતાનાથી અધિક ગુણ દેખે છે, ત્યાં આ સાચા ગુણાનુરાગી મુમુક્ષુઓનો આત્મા પ્રફુલ્લ બને છે, અને તે ગુણ પ્રત્યે સહજ સ્વભાવે વિનયથી નમી પડે છે. આવો તેને 'ગુણપ્રમોદ અતિશય રહે' છે. (જુઓ પદ્ય, પૃ. ૧૯૭-૧૯૮)

'ગુણ પ્રમોદ અતિશય રહે'

પણ ગુણ દેખીને તે કદી મત્સર ધરતા નથી, અથવા અભિમાનથી અક્કડ રહેતા નથી. કારણ કે તે સારી પેઠે સમજે છે કે-આ મ્હારો આત્મા જે નિજ ભાન વિના અનંત કાળથી આથડ્યો, તેનું કારણ સાચા સંત ગુરુને મેં સેવ્યા ન્હોતા અને અભિમાનને મૂક્યું ન્હોતું-એ છે. આ દુષ્ટ અનિષ્ટ મહાશત્રુરૂપ અભિમાનથી તો હું આટલો કાળ આટલો બધો દુઃખી થયો; તો હવે પણ મિથ્યાભિમાન રાખી જો હું વિનયપૂર્વક સંતચરણ નહિં સેવું. તો હજુ પણ મ્હારે તે ને તે જ ભવદુઃખ સહેવાનો વારો આવશે. અભિમાનથી કદી કોઈનું કલ્યાણ થયું સાંભળ્યું નથી, પણ વિનયમાર્ગના સેવનથી જ સર્વ કોઈનું કલ્યાણ થયું છે, થાય છે, ને થશે. અરે ! શાસ્ત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે જે સદ્‌ગુરુના ઉપદેશથી પોતાને કેવળ જ્ઞાન થયું છે, તે ગુરુ પોતે હજુ છદ્મસ્થ (જ્ઞાનાવરણ યુક્ત) રહ્યા હોય, તો પણ તે કેવળી ભગવાન્ પણ તે પરમ ઉપકારી ગુરુનો વિનય કરે છે. એવો આ વિનયનો માર્ગ શ્રી વીતરાગદેવે ભાખ્યો છે, એ માર્ગનો મૂળ હેતુ કોઈ 'સુભાગ'-સૌભા-

'એવો માર્ગ વિનય તણો'

ગ્યવાન્ પુરુષ જ સમજે છે. માટે હું પણ અભિમાન છોડી તે જ પરમ વિનય માર્ગનું અનુસરણ કરું. એમ સમજી આ મુમુક્ષુ યોગી પુરુષ યથાયોગ્ય વિનયાચરણ કરે છે.

"જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.
એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઇ સુભાગ."—**શ્રી આત્મસિદ્ધિ.**

આ વિનીતપણું એ કુશલાનુબંધી પુણ્યનો જ પ્રભાવ છે, **પુણ્યાનુબંધી પુણ્યનું જ ફળ છે.** જે પુણ્યથી પાછો વિશિષ્ટ વિશિષ્ટ પુણ્યનો અનુબંધ થયા કરે છે, તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. એટલે જેથી પુણ્યની શૃંખલા—સાંકળ ચાલુ રહે છે, એવા મહાપુણ્યના જ ફળપરિપાકરૂપે આ વિનીતપણું પ્રાપ્ત થાય છે.

૫. બોધવંતપણું

બોધવંત—વળી આ જોગીજનો બોધવંત હોય છે, **યથાર્થ બોધ**વાળા—સમજણવાળા હોય છે. આ યથાર્થ બોધ ગ્રંથિભેદને લીધે હોય છે. તેથી કરીને આ યોગીઓ **સમ્યગ્દષ્ટિ** હોઇ તેમનો બોધ સત્શ્રદ્ધાસંગત હોય છે તેમને વસ્તુતત્ત્વનો યથાર્થ-તત્ત્વવિનિશ્ચય થઇ ચૂકયો હોય છે, તેથી તેઓ સ્વ—પરવસ્તુનો ભેદ હસ્તામલકવત્ દેખે છે. હું દેહાદિથી ભિન્ન એવો સ્વપરપ્રકાશક આત્મા છું, એવો અખંડ તત્ત્વબોધ તેમના આત્મામાં સદોદિત રહે છે. 'હું એક, શુદ્ધ, દર્શન-જ્ઞાનમય, સદા અરૂપી એવો આત્મા છું, બીજું કંઇ પણ પરમાણુમાત્ર પણ મ્હારું નથી.' (જુઓ ગાથા પૃ. ૬૮) એવી અખંડ આત્મભાવનાને લીધે તે પરવસ્તુમાં કદી મુંઝાતા નથી, મોહાતા નથી, લેપાતા નથી, ખરડાતા નથી, અને તે મધ્યે રહ્યા છતાં પણ તેઓ તેથી જલકમલવત્ અલિપ્ત અને ઉદાસીન જ રહે છે. આ સમ્યગ્ બોધનો અમૃતરસ જેણે ચાખ્યો છે, તેને પછી બીજા રસ ગમતા નથી, બાકસબુકસ—છાસબાકળા લાગે છે.

૬. યતેન્દ્રિયપણું

યતેંદ્રિય—અને તે યતેંદ્રિય-જિતેંદ્રિય હોય છે. તેણે ઇંદ્રિયોનો સંયમ કર્યો હોય છે,—આ ચારિત્ર ભાવથી બને છે. જે તત્ત્વસ્વરૂપને યથાર્થપણે જાણે છે, તે પછી ઇંદ્રિયોને આધીન થતો નથી, પણ ઇંદ્રિયોને પોતાને આધીન કરવા મથે છે; તે ઇંદ્રિયોનો ગુલામ બનતો નથી, પણ ઇંદ્રિયોને પોતાની ગુલામ બનાવે છે. તે ઇંદ્રિયોને પોતાના પર સ્વાર થવા દેતો નથી, પણ પોતે તેના પર સ્વાર થાય છે. ઇંદ્રિયોરૂપ તોફાની ઘોડાને સંયમરૂપ લગામથી બાંધી, તે સ્વરૂપ—રથમાં બેસી, મનરૂપ સારથિને આજ્ઞા કરી તે ચલાવરાવે છે. તે પાંચે ઇંદ્રિયોને વિષયોમાંથી વ્યાવૃત્ત કરી—પાછી વાળી સ્વરૂપાભિમુખ કરે છે, અને તેમને સ્વરૂપસાધનની પ્રાપ્તિમાં તેમના 'જોગા' કામે લગાડી દે છે, નિઃસાર દેહ-

માંથી પણ સારભૂત પરમાર્થ સાધન સાધી લેવામાં તેનો સદુપયોગ કરી પોતાનું કામ કાઢી લે છે, અને પાકા વાણીઆની પેઠે તેનો 'કસ' કાઢે છે! દાખલા તરીકે-રસનેંદ્રિયને તે સત્પુરુષના ગુણસંકીર્ત્તનના રસાસ્વાદથી સફળ કરે છે, શ્રવણેન્દ્રિયને સત્પુરુષચરિત શ્રવણથી પાવન કરે છે. ઇત્યાદિ પ્રકારે બહિર્મુખ ઉપયોગથી પાંચે ઇંદ્રિયોને વ્યાવૃત્ત કરી, તે આત્માને ઉપકારી થાય એમ અંતર્મુખ ઉપયોગ ભણી વાળી દે છે. 'રહે અંતર્મુખ યોગ.'

"જે પ્રસન્ન પ્રભુ મુખ ગ્રહે, તેહી જ નયન પ્રમાણ....જિનવર!
જે જિન ચરણે નામિયે, મસ્તક તે જ પ્રધાન....જિનવર!
અરિહા પદકજ અરચિયે, તે સુલહિજે હથ્થ....જિનવર!
જિન ગુણ ચિંતનમેં રમે, તેહિ જ મન સુકયથ્થ....શ્રી ઋષભાનન."

"ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા, રસનાનો ફળ લીધો રે;
દેવચંદ્ર કહે મ્હારા મનનો, સકળ મનોરથ સીધો રે."—**શ્રી દેવચંદ્રજી.**

આમ અહીં આ કુલયોગીના છ લક્ષણ કહ્યા:—(૧) **સર્વત્ર અદ્વેષ**—ગ્રહના અભાવને લીધે. આ ઉપરથી તેનું મધ્યસ્થપણું અને સમસ્ત જગત્ પ્રત્યે મૈત્રીભાવ સૂચવ્યો. (૨) **દેવ-ગુરુ-દ્વિજનું પ્રિયપણું**—ધર્મ પ્રભાવને લીધે. આ ઉપરથી ગુણ પ્રમોદ બતાવ્યો. (૩) **દયાળુતા**—કિલષ્ટ કર્મના અભાવથી. આ ઉપરથી તેની દુઃખી પ્રત્યે અનુકંપા કહી. (૪) **વિનીતપણું**—પુણ્યાનુબંધી પુણ્યને લીધે. આ ઉપરથી તેનું વિનયનમ્રપણું અને નિરભિમાનપણું કહ્યું. (૫) **બોધવંતપણું**—ગ્રંથિભેદને લીધે. આ ઉપરથી એનું સમ્યગ્દૃષ્ટિપણું, સત્ય સમજણપણું, સમ્યગ્દર્શન-જ્ઞાનસંપન્નપણું બતાવ્યું. (૬) **યતેંદ્રિયપણું**—ચારિત્રભાવને લીધે. આ ઉપરથી એનું સંયમીપણું દર્શાવ્યું. આ છએ લક્ષણ ઉપરથી ગર્ભિતપણે આ મુમુક્ષુ કુલયોગીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સદ્ભાવ બતાવી સ્વભાવ-યોગ સાધક સંપૂર્ણ મોક્ષમાર્ગની પ્રાપ્તિ બતાવી. આ ઉક્ત **ષડ્ લક્ષણ** એટલા બધા સ્પષ્ટ, **અવિસંવાદી** અને વ્યવહારૂ છે કે તે ઉપરથી કુલયોગી કોણ હોય? ને કેવો હોય? **તેની સ્પષ્ટ પરીક્ષા થઈ શકે છે.** આ **ષડ્ લક્ષણ** એવા વિશાળ ને **સર્વગ્રાહી** છે કે તે મુખ્ય **ષડ્ દર્શનને સંમત** થાય એવા છે. (જુઓ પૃ. ૫૫૮ ગીતાના શ્લો). આ લક્ષણ જેનામાં **હોય** તે જ કુલયોગી છે, તે જ સાચો વૈષ્ણવજન છે, તે જ સાચો બ્રાહ્મણ છે, તે જ સાચો બૌદ્ધ છે, તે જ સાચો સાંખ્ય છે, તે જ સાચો જૈન છે, તે જ સાચો વેદાંતી છે, તે જ સાચો મુમુક્ષુ છે, તે જ સાચો આત્માર્થી છે, અને તે જ પરમ સિદ્ધ યોગીશ્વર **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પોતાની છેલ્લી કૃતિમાં અમર કરેલો સાચો '**જોગીજન**' છે. (જુઓ 'ઇચ્છે છે જે જોગીજન' પૃ. ૧૩) અને આવા લક્ષણવાળો જે જોગીજન હોય, તે જ અત્ર આ યોગશાસ્ત્રનો અધિકારી છે. આમ કુલયોગીનું સ્વરૂપ અત્ર કંઇક વિસ્તારથી યથામતિ વિવેચ્યું, તે સ્વમતિથી વિશેષ ચિંતવવું.

ષડ્દર્શન-સંમત ષડ્ લક્ષણ

તે જ સાચો 'જોગીજન'

卐

प्रवृत्तचक्रास्तु पुनर्यमद्वयसमाश्रयाः ।
शेषद्वयार्थिनोऽत्यन्तं शुश्रूषादिगुणान्विताः ॥२१२॥

પ્રવૃત્તચક્ર તો પ્રથમ, યમદ્વય આશ્રયવંત;
બાકી બે અતિ ઈચ્છતા, શુશ્રૂષાદિ ગુણવંત. ૨૧૨

卐

અર્થ :—અને પ્રવૃત્તચક્ર યોગી તો બે પ્રકારના યમનો સમાશ્રય કરનારા, તથા બાકીના બે પ્રકારના યમના અર્થી, તેમજ શુશ્રૂષા આદિ ગુણથી યુક્ત, એવા હોય છે.

વિવેચન

"શુશ્રૂષાદિક અડ ગુણ સંપૂરણ, પ્રવૃત્તચક્ર તે કહિયેજી;
યમદ્વયલાભી પર દુગ અર્થી, આદ્ય અવંચક લહિયેજી."—યોગ દ. સજ્ઝા. ૮-૫

પ્રવૃત્તચક્ર તો પુનઃ કેવા વિશિષ્ટ હોય છે તે કહે છેઃ—(૧) તેઓ યમદ્વયનો સમાશ્રય કરનારા, એટલે કે **ઈચ્છાયમ** અને **પ્રવૃત્તિયમ** એ બે યમનો સમ્યક્ આશ્રય કરનાર હોય છે. તથા–(૨) બાકીના બે યમના અર્થી–**સ્થિરયમ** અને **સિદ્ધિયમ**ના અર્થી અત્યંતપણે હોય છે. આમ સદુપાયપ્રવૃત્તિને લીધે હોય છે. એટલા માટે જ–(૩) તેઓ શુશ્રૂષાદિ આઠ ગુણથી યુક્ત હોય છે; શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઈહા, અપોહ અને તત્ત્વાભિનિવેશ–એ આઠ ગુણથી યુક્ત હોય છે.

પ્રવૃત્તચક્ર એટલે શું ?

'**પ્રવૃત્તચક્ર**' એટલે શું ? જેનું ચક્ર પ્રવૃત્ત થયું છે તે પ્રવૃત્તચક્ર. અને અત્રે યોગ–ચક્ર જ પ્રસ્તુત છે. એટલે જેનું આખું યોગચક્ર પ્રવૃત્ત થયું છે–ચાલવા માંડયું છે, તે પ્રવૃત્તચક્ર યોગી છે. જેમ ચક્રના કોઇ એક દેશને દંડથી પ્રેરવામાં આવતાં–ચલાવવામાં આવતાં, આખું ચક્ર એની મેળે (Automatically) ચાલવા માંડે છે; તેમ આ યોગચક્રના કોઇ એક દેશને સ્પર્શવામાં આવતાં–પ્રેરવામાં આવતાં, આખું **યોગચક્ર** આપોઆપ પ્રવૃત્ત થાય છે–ચાલવા માંડે છે. આ સાવ સાદી પણ પરમ આશ્ચર્યકારક સત્ય ઘટના છે. ચક્રને ચલાવવા માટે કાંઇ આખા ચક્રને હાથ લગાડવો પડતો નથી, પણ કોઈ એક દેશે હાથો (Handle) હલાવવાથી આખું ચક્ર ગતિમાન્ થાય છે; તેમ આ યોગચક્રને ચલાવવા માટે કાંઇ આખા ચક્રને હાથ લગાડવો પડતો નથી, પણ તેના કોઇ એક

વૃત્તિ :—**प्रवृत्तचक्रास्तु पुनः**–પ્રવૃત્તચક્ર તો પુનઃ કેવા વિશિષ્ટ હોય છે ? તો કે **यमद्वयसमाश्रयाः**–ઇચ્છાયમ, અને પ્રવૃત્તિયમના આશ્રયવાળા એમ અર્થ છે, **शेषद्वयार्थिनः**–શેષદ્વયના અર્થી, એટલે કે સ્થિરયમ અને સિદ્ધિયમ એ બેના અર્થી, એમ કહ્યું. **अत्यन्तं**–અત્યંતપણે, સદુપાય પ્રવૃત્તિવડે કરીને,–એટલા માટે. એટલા માટે જ કહ્યું–**शुश्रूषादिगुणान्विताः**–શુશ્રૂષા આદિ ગુણયુક્ત; શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઈહા, અપોહ અને તત્ત્વાભિનિવેશ–એ આઠ ગુણથી યુક્ત એવા.

પ્રદેશે આત્મપુરુષાર્થરૂપ હાથો ફેરવવાથી આખું ચક્ર ગતિમાન્ થાય છે. અથવા જેમ ઘડિયાળનું એક ચક્ર ચાલે, એટલે એની સાથે ગાઢ સંકળાયેલા બીજાં બધાં ચક્ર પણ ચાલવા માંડે છે, અને આખું ઘટિકાયંત્ર ચાલુ થાય છે; તેમ યોગચક્રનું એક ચક્ર ચાલવા માંડતાં, એની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા બીજાં બધાં ચક્ર આપોઆપ ચાલવા માંડે છે, અને આમ આખું યોગચક્ર યંત્ર ચાલુ થાય છે. અને ચાલુ થયેલું ઘટિકાયંત્ર જેમ અમુક દિશા ભણી જ ગતિ કરે છે, તેમ આ ચાલુ થયેલું પ્રવૃત્તચક્ર યંત્ર પણ સાધ્ય એવી સિદ્ધદશાની દિશા ભણી જ પ્રગતિ કરે છે. દાખલા તરીકે—:

અહિંસાદિની સંકલના

'**અહિંસા**' યોગ આત્માથી સ્પર્શવામાં આવતાં, અહિંસામાં પ્રવૃત્તિ કરતાં, તેની સાથે સત્યાદિ બીજા યોગ પણ સ્પર્શાઈ જાય છે, ચાલુ થઈ જાય છે; કારણ કે તે સત્યાદિ પણ અહિંસાના અંગભૂત સંરક્ષક હોઈ, તેનું પાલન થતાં અહિંસાનું પણ પાલન થાય છે, અને ભંગ થતાં અહિંસાનો પણ ભંગ થાય છે. (૧) કારણ કે અહિંસા એટલે રાગ–દ્વેષ–મોહાદિ વિભાવથી આત્મસ્વરૂપનું હિંસન ન થવા દેવું, ઘાત ન થવા દેવી, તે છે. અને પર વસ્તુને પોતાની કહેવી તે અસત્ય છે, તે પણ આત્મ સ્વરૂપની ઘાત હોવાથી સાચો અહિંસક કદી વદે જ નહિં. પર વસ્તુનું અપહરણ કરવું તે ચોરી છે, તે પણ સ્વરૂપની હિંસા હોવાથી અહિંસક કદી કરે જ નહિં. પરવસ્તુ પ્રત્યે વ્યભિચરણ કરી તેનો આશ્લેષ કરવો, ભેટવું તે પણ સ્વરૂપનું હિંસન હોઈ અહિંસક કદી કરે જ નહિં. પર વસ્તુનું પરિગ્રહણ પણ મૂર્ચ્છા–મમત્વરૂપ હોઈ આત્મસ્વરૂપની ઘાત છે, માટે ખરેખરો અહિંસક તે પરિગ્રહ ગ્રહે જ નહિં. આમ જે અહિંસક હોય તે સત્યાદિ અવશ્ય પાળે જ, અને સત્યાદિ પાળે તે જ સાચો અહિંસક હોય. જે અહિંસક હોય તે અસત્યાદિ સેવે જ નહિં, અને જે અસત્યાદિ સેવે તે અહિંસક હોય જ નહિં. આમ અહિંસા–સત્યાદિની પરસ્પર અવિનાભાવ સંબંધરૂપ વ્યાપ્તિ છે, એટલે અસત્યાદિ સ્વરૂપનો ભંગ કરનાર હોવાથી અહિંસાનો ભંગ કરનારા હોય છે, માટે અહિંસક યોગી તેને વર્જે જ છે. (૨) તેમ '**સત્ય**' યોગને જે ગ્રહે છે, તે કદી પર વસ્તુને પોતાની છે એમ કહે જ નહિં, સત્‌ને અસત્ અને અસતને સત્ કદી કહે જ નહિં, પણ સદાય સત્‌ને સત્ ને અસત્‌ને અસત્ જ કહે. એટલે રાગાદિથી સ્વરૂપની ઘાત કરવારૂપ હિંસા કરવી તે અસત્ હોવાથી, સત્‌વાદી તે કદી આચરે જ નહિં. ને આચરે તો તે સત્‌વાદી નથી. પર વસ્તુના અપહરણરૂપ અદત્તાદાન તે કરે નહિં, કારણ કે તેમ કરવું તે સત્‌ના ભંગરૂપ છે. સ્વરૂપ છોડીને પરવસ્તુ પ્રત્યે વ્યભિચાર–સંશ્લેષ તે કરે નહિં, કારણ કે તે સત્ વસ્તુનો ત્યાગ કરવા બરાબર છે. પારકી વસ્તુ પ્રત્યે આત્મબુદ્ધિરૂપ મૂર્ચ્છા કરીને તે પરિગ્રહ ગ્રહે જ નહિં, કારણ કે તેમ પારકી વસ્તુ પચાવી પાડવાનું કરવું તે હડહડતું અસત્ય છે. તે જ પ્રમાણે અસ્તેય આદિ માટે સમજી લેવું. (જુઓ કાવ્ય, પૃ. ૧૦૬, ૧૦૭)

આ પ્રકારે આત્મોપયોગથી સાચા ભાવથી **એક** પણ યોગ શુદ્ધપણે સ્પર્શાતાં, અન્ય યોગ તેની સાથે સંકલિત હોવાથી **આખું યોગચક્ર** આપોઆપ ચાલુ થઈ જાય છે. આવી આ પ્રવૃત્તયોગચક્રની ભારી ખૂબી છે. આ **યોગરૂપ પારસમણિનો** કોઈ એક દેશે સ્પર્શ થતાં, આખો આત્મા યોગમય બની જાય છે ! આ યોગરૂપ 'જાદૂઈ લકડી' (magic wand) આત્મા પર ફરતાં, આત્મામાં કોઈ અજબ ફેરફાર થઈ જાય છે ! આ યોગ–પરમામૃતની અંજલિ છાંટવામાં આવતાં તેની જાદૂઈ સંજીવની અસર આત્માની નસેનસમાં–પ્રદેશે પ્રદેશમાં પ્રસરી જાય છે !

ષટ્કારક ચક્રનો પલટો

આમ આ પ્રવૃત્તચક્રસાધક યોગીનું **યોગ–સાધક ચક્ર** એકદમ ચાલુ થઈ જાય છે. જે ચક્ર પૂર્વે આત્મસ્વરૂપના ભાન વિના **બાધક** થઈને પ્રવર્ત્તતું હતું, વિપરીતપણે–ઉલટું ઉંધું (anti–clockwise) ચાલતું હતું, 'વામમાર્ગી'–આડે માર્ગે ચાલનારું થતું હતું, તે હવે આત્મસ્વરૂપનું ભાન આવ્યે **સાધક** થઈને પ્રવર્ત્તે છે, અવિપરીતપણે સુલટું સીધું (clockwise) ચાલવા માંડે છે. 'દક્ષિણમાર્ગી'–અનુકૂળ થઈને પ્રવર્ત્તે છે. કર્ત્તા, કર્મ, કરણ, અપાદાન, સંપ્રદાન અને અધિકરણ એ ષટ્ કારક ચક્ર જે પૂર્વે **આત્મ–બાધકપણે** ચાલતું હતું, તે હવે **આત્મ–સાધકપણે** ચાલવા માંડે છે. પૂર્વે જે કર્ત્તા પરભાવનો થતો હતો, કર્મ પરભાવ–વિભાવરૂપ કરતો હતો, કરણ પરવસ્તુનું પ્રયોજતો હતો, ગ્રહણરૂપ સંપ્રદાન પરનું કરતો હતો, ત્યાગરૂપ અપાદાન સ્વનું કરતો હતો, અને અધિકરણ પણ પરવસ્તુમાં કરતો હતો; તેને બદલે હવે તે કર્ત્તા સ્વભાવનો થાય છે, કર્મ સ્વભાવરૂપ કરે છે, કરણ આત્મસ્વભાવનું પ્રયોજે છે, ગ્રહણરૂપ સંપ્રદાન આત્મભાવનું કરે છે, ત્યાગરૂપ અપાદાન પરભાવનું કરે છે, અને અધિકરણ આત્મવસ્તુમાં કરે છે. અત્રે આત્મ દ્રવ્ય એ જ કર્ત્તા છે, નિજ આત્માની સિદ્ધિ–સિદ્ધતા એ કાર્ય–કર્મ છે, ઉપાદાન–પરિણામમાં પ્રયુક્ત તે કરણપણું છે, આત્મસંપત્તિનું દાન તે સંપ્રદાનપણું છે,–કે જેમાં દાતા પાત્ર ને દેય એ ત્રણે ભાવની અભેદતા થાય છે; સ્વ–પરનું વિવેચન–વિવેક કરવો તે અપાદાન છે, અને સકલ પર્યાયનો આધાર તે અધિકરણ છે. આમ અનાદિ એવા બાધક કારક ભાવ નિવારવા માટે તે સાધકતાને અવલંબી તે સમારી લે છે–સુધારી લે છે. એટલે પૂર્વે જે પરનો કર્ત્તા, પર કર્મ, પર કરણ વડે, પર અર્થે, પર થકી, પરમાં રહીને કરતો હતો, તે હવે **સ્વ આત્માનો કર્ત્તા, સ્વભાવ કર્મને, સ્વભાવ કરણ વડે, સ્વભાવ અર્થે, સ્વ થકી, સ્વમાં રહીને કરે છે.** અર્થાત્ **આત્મા, આત્માને, આત્માથી, આત્મા અર્થે, આત્મા થકી, આત્મામાં સાધે છે.** **आत्मा आत्मानं आत्मना आत्मने आत्मनः आत्मनि साधयति।** આ પ્રમાણે તે **સાધક એવા કારક ષટ્ક વડે** આત્મગુણની સાધના કરે છે.

"મલ્લિનાથ" જગનાથ ચરણયુગ ધ્યાઈએ રે, શુદ્ધાતમ પ્રાગ્ભાવ પરમપદ પાઈએ રે;
સાધક કારક ષટ્ક કરે ગુણ સાધના રે, તેહી જ શુદ્ધ સ્વરૂપ થાય નિરાબાધના રે.

કર્ત્તા આતમ દ્રવ્ય, કારજ નિજ સિદ્ધતા રે, ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતા રે;
આતમ સંપદ્દાન, તેહ સંપ્રદાનતા રે, દાતા પાત્ર ને દેય, ત્રિભાવ અભેદતા રે.
સ્વ–પર વિવેચન કરણ, તેહ અપાદાનથી રે, સકલ પર્યાય આધાર સંબંધ આસ્થાનથી રે;
બાધક કારક ભાવ, અનાદિ નિવારવા રે, સાધકતા અવલંબી, તેહ સમારવા રે....તેહ

મહામુનિ શ્રી દેવચંદ્રજી

આકૃતિ ૨૦



બાધક ચક્ર **સાધક ચક્ર**

ચાર પ્રકારના યોગી : કોષ્ટક ૧૬

નામ	ગોત્ર યોગી	કુલ યોગી	પ્રવૃત્તચક્ર યોગી	(નિષ્પન્ન) સિદ્ધ યોગી
વ્યાખ્યા	ભૂમિભવ્ય આદિ નામધારી	યોગી કુલમાં જન્મેલા, અથવા યોગીધર્મને અનુસરનારા	જેનું અહિંસાદિ યોગચક્ર પ્રવૃત્ત છે, ચાલવા માંડ્યું છે.	જેને યોગ નિષ્પન્ન–સિદ્ધ છે.
લક્ષણ	યથાયોગ્ય ગુણવિહીન, નામધારી	સર્વત્ર અદ્વેષી ગુરુ-દેવ-દ્વિજ પ્રિય, દયાળુ, વિનીત, બોધવંત, યતેંદ્રિય	ઇચ્છાયમ–પ્રવૃત્તિયમ પામેલા, સ્થિરયમ–સિદ્ધિયમ અર્થી, શુશ્રૂષાદિ ગુણયુક્ત, અવંચક ત્રયયુક્ત	યોગસિદ્ધિને પામેલા સમર્થ યોગી
આ ગ્રંથના યોગ્યાયોગ્ય	અયોગ્ય	યોગ્ય	યોગ્ય	અયોગ્ય
કારણ	યોગ્યતારહિતપણું યોગ્યતાની અસિદ્ધિ	યથાયોગ્યપણું	યથાયોગ્યપણું	સિદ્ધિભાવ પ્રાપ્તપણું

આમ બાધક દિશામાંથી ફરીને ષટ્ કારક ચક્ર સાધક દિશામાં ચાલવા લાગે છે, એટલે પછી ચાલુ થયેલ ઘટિકાયંત્ર જેમ અમુક દિશા ભણી જ ગતિ કરે છે, તેમ આ ચાલુ થયેલું-પ્રવૃત્ત થયેલું યોગચક્ર-યંત્ર પણ સાધ્ય એવી સિદ્ધ દશાની દિશા ભણી જ પ્રગતિ કર્યા કરે છે. વળી એક વખતે ચલાવવામાં આવેલું યંત્ર-ચક્ર ઉત્તરોત્તર વધારે ગતિવેગને (Velocity) પકડતું જાય છે, તેમ આ યોગ-ચક્ર એક વખત ભાવથી પ્રવૃત્ત કરવામાં આવતાં પછી ઉત્તરોત્તર વધારે પ્રગતિરૂપ ગતિને પામતું જાય છે, ઉત્તરોત્તર વધુ ને વધુ સંવેગ પામી ચઢતી ચઢતી યોગ-ભૂમિકાઓને સ્પર્શતું જાય છે, એટલે ઉત્તરોત્તર ચઢતા પરિણામ થતા જાય છે, ઉત્તરોત્તર આત્મોપયોગ જાગૃતિ વધતી જાય છે.

સાધ્ય દિશા ભણી પ્રગતિ

અને આ અહિંસાદિ પાંચ યમની શુદ્ધિની તરતમતાના કારણે તેની ચાર કક્ષા-ચાર ભૂમિકાઓ કહેવામાં આવી છે—**ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ અને સિદ્ધિયમ.** અહિંસાદિની ઉત્તરોત્તર અધિકાધિક શુદ્ધિની માત્રા (Degree) પ્રમાણે આ વિભાગ પાડવામાં આવ્યા છે. એક ને એક અહિંસાની શુદ્ધિ અંશ પ્રમાણે આમ ચાર કોટિ હોય છે. જેમ ઉષ્ણતા અંશ (Degree) પ્રમાણે શરીરની ઉષ્ણ દશામાં ફેર પડે છે, તેમ આત્મ-શુદ્ધતાના અંશ પ્રમાણે આત્માની અહિંસાદિ યોગદશામાં ફેર પડે છે. અહિંસાદિ યમની આ ચાર કોટિમાંથી આ પ્રવૃત્તચક્ર યોગીને પ્રથમની બે **ઇચ્છાયમ** ને **પ્રવૃત્તિયમ** તો પ્રાપ્ત થઇ ચૂકી હોય છે, અને બાકીની બે કોટિ પ્રાપ્ત કરવાના-સ્પર્શવાના તે અત્યંત અર્થી હોય છે, તીવ્ર અભિલાષી હોય છે. અને તે માટેનો તેમનો **સત્ પુરુષાર્થ** સદાય ચાલુ જ હોય છે, એમનું 'પ્રવૃત્ત ચક્ર' નિરંતર પ્રવૃત્ત જ હોય છે. આમ થવાનું કારણ તેઓની **સદુપાય પ્રવૃત્તિ** છે, સત્સાધન પ્રત્યેની સત્પુરુષાર્થશીલતા છે. એટલે તેઓ સત્ ઉપાયમાં તીવ્ર સંવેગથી, અત્યંત અદમ્ય ઉત્સાહથી, પૂર્ણ ઉછરંગથી પ્રવૃત્ત જ હોય છે, રઢ લગાડીને મંડી પડયા જ હોય છે, (જુઓ પૃ. ૧૫૪).

અને આમ તેઓ સદુપાયમાં સતત પ્રવૃત્ત હોય છે, તેથી જ તેઓ **શુશ્રૂષા** આદિ આઠ બુદ્ધિગુણથી સંપન્ન હોય છે. તે આ પ્રકારેઃ (૧) **શુશ્રૂષા**-તત્ત્વશ્રવણની અંતરંગ તીવ્ર ઇચ્છા. જેમ કોઇ તરુણ, સુખી અને રમણીથી પરિવરેલો પુરુષ કિન્નર ગીત સાંભળવાને ઇચ્છે, તેના કરતાં અનેકગણી ઉત્કટ ઇચ્છા-તલસાટ તત્ત્વ સાંભળવા માટે આ મુમુક્ષુને હોય. આવી શુશ્રૂષા જ બોધપ્રવાહની સરવાણી છે, આવી શુશ્રૂષા ન હોય તો સાંભળ્યું તે સ્થલ કૂપ સમાન થઇ પડે છે, અથવા ઉંઘતો રાજા કથા સાંભળતો હોય તેના જેવું થઈ પડે છે. (૨) **શ્રવણ**-આવી સાચી શુશ્રૂષા-સાંભળવાની તીવ્ર ઇચ્છા હોય, તો જ પછી સાચું શ્રવણ થાય છે. આ શ્રવણ એટલે કર્ણમાં માત્ર શબ્દ અથડાવા તે નથી, પણ આત્માદ્વારા અર્થ અનુસંધાનપૂર્વક સાવધાનતા-વાળું શ્રવણ તે સાચું શ્રવણ છે. બાકી તો એક કાનેથી બીજે કાને કાઢી નાંખ્યા જેવું થાય

શુશ્રૂષાદિ આઠ ગુણ

છે! 'કથા સુણી સુણી ફૂટચા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.' (૩) **ગ્રહણ**—શ્રવણ થયા પછી ગ્રહણ થાય છે. જે સાવધાનપણે ઉત્કટ તલસાટથી શ્રવણ કર્યું, તેનું અર્થ ગ્રહણ થાય છે. (૪) **ધારણ**—ગ્રહણ પછી તેનું ધારણ-અવધારણ થાય છે. તેના સંસ્કારનું ચિત્તમાં ટકી રહેવું-અવિચ્યુત રહેવું તે ધારણ છે. (૫) **વિજ્ઞાન**—ધારણ પછી વિજ્ઞાન-વિશેષ જ્ઞાન થાય છે, વિશેષ બોધ થાય છે. ઉત્તરોત્તર દૃઢ સંસ્કારથી પ્રાપ્ત બોધ બળવાન્ બનતો જાય છે. (૬) **ઈહા**—વિજ્ઞાન-બોધ પછી ઈહા-ચિંતન, શંકા સમાધાન, તર્ક વગેરે થાય છે. (૭) **અપોહ**—ઇહા પછી અપોહ થાય છે. શંકા-સંદેહનું નિરાકરણ થાય છે, બાધક અંશનું નિરાકરણ-દૂર કરવાપણું થાય છે. (૮) **તત્ત્વાભિનિવેશ**-અપોહ થયા પછી, સર્વ શંકા-સમાધાન થઈ ગયા પછી, સર્વ તર્કનું નિરાકરણ થયા પછી તત્ત્વવિનિર્ણય થાય છે, એટલે તત્ત્વમાં અભિનિવેશ-દૃઢ નિશ્ચયરૂપ પ્રવેશ થાય છે, તત્ત્વ નિરધાર થાય છે. આવા આ આઠ ગુણથી યુક્ત આ પ્રવૃત્તચક્ર યોગી પુરુષો હોય છે. તથા—

卐

आद्यावञ्चकयोगाप्त्या तदन्यद्वयलाभिनः ।
एतेऽधिकारिणो योगप्रयोगस्येति तद्विदः ॥२१३॥

આદ્ય અવંચક યોગથી, અન્ય અવંચક પ્રાપ્ત;
યોગ્ય આ યોગ પ્રયોગના, કહે યોગીઓ આપ્ત. ૨૧૩.

અર્થ:—પહેલા અવંચક યોગની પ્રાપ્તિથી તેનાથી અન્ય બે અવંચકનો લાભ પામેલા એવા તેઓ હોય છે. એઓ આ યોગપ્રયોગના અધિકારીઓ છે, એમ યોગવિદો વદે છે.

વિવેચન

તથા હેતુભૂત એવી **આદ્ય અવચંક** યોગની પ્રાપ્તિથી તેઓ તેનાથી અન્ય એવા બે અવંચકનો-ક્રિયા અવંચક ને ફલ અવંચકના યોગનો લાભ પામેલા હોય છે. તેની અવંધ્ય-અમોઘ-અચૂક ભવ્યતાથી તેઓ એવા સ્વરૂપવાળા હોય છે. એઓ આ યોગ-પ્રયોગના અધિકારીઓ છે, એમ તે યોગના જાણનારાઓ કહે છે.

ઉપરમાં **પ્રવૃત્તચક્ર** યોગીના બે લક્ષણ કહ્યા-(૧) પ્રથમ યમદ્વયનો લાભ પામેલા, (૨) બાકીના યમદ્વયના અર્થી. અહીં તેનું ત્રીજું લક્ષણ કહ્યું છે:-આદ્ય અવંચક યોગની

વૃત્તિ—**आद्यावञ्चकयोगाप्त्या**—હેતુભૂત એવી આદ્ય અવંચક યોગની પ્રાપ્તિ થકી, **तदन्यद्वयलाभिनः**—તેનાથી અન્ય દ્વયના લાભી ક્રિયાઅવંચક-ફલાવંચક એ બેનો લાભ ધરાવનારા—તેની અવંધ્ય ભવ્યતાથી એવંભૂત, એવા સ્વરૂપવાળા તેઓ, શું? તો કે—**अधिकारिणः**— અધિકારીઓ, કોના? તો કે **योगप्रयोगस्य**—અધિકૃત એવા યોગપ્રયોગના—**इति**-એમ, **तद्विदः**—તેના જાણકારો, યોગવિદો કહે છે,—એમ શેષ છે.

અર્થાત્ **યોગાવંચકની પ્રાપ્તિને** લીધે તેઓને બીજા બે અવંચક યોગની-ક્રિયા અવંચક ને ફલ અવંચકની પ્રાપ્તિ થયેલી હોય છે; કારણ કે તે **યોગાવંચકની** એવી અવંધ્ય-અમોઘ-અચૂક ભવ્યતા હોય છે, તથાપ્રકારની યોગ્યતા હોય છે કે આ બીજા બે અવંચકની પ્રાપ્તિ હોય જ. (આ **યોગાવંચક, ક્રિયાવંચક** અને **ફલાવંચકનું** સ્વરૂપ નીચે કહેવામાં આવશે. તેમજ જુઓ પૃ. ૧૫૮ થી ૧૬૪). અને આ **પ્રવૃત્તચક્ર યોગીને** તો **આદ્ય અવંચક યોગની** પ્રાપ્તિને લીધે, બાકીના બે **ક્રિયા-ફલ અવંચક** યોગનો લાભ પ્રાપ્ત થઇ ચૂકયો હોય છે. એટલે તે યોગ-ક્રિયા-ફલ એ ત્રણ અવંચક યોગથી સંપન્ન હોય છે. અને આમ જેને આ **અવંચકત્રયનો** લાભ થયેલો છે, જેને **ઇચ્છાયમ** ને **પ્રવૃત્તિયમની** પ્રાપ્તિ થઇ ચૂકી છે, અને જે **સ્થિરયમ** ને **સિદ્ધિયમની** પ્રાપ્તિ ઇચ્છી તેના સદુપાયની પ્રવૃત્તિમાં રઢ લગાડીને મંડી પડયા છે,-એવા આ **પ્રવૃત્તચક્ર યોગીઓ** આ **યોગ પ્રયોગના અધિકારીઓ** છે. એમ યોગના જ્ઞાતા પુરુષો-યોગવિદો વદે છે.

યોગ-મહા-પ્રયોગ

આ યોગ ખરેખર! **મહાપ્રયોગ** છે, એક લોકોત્તર કોટિનો મોટો અખતરો (Great & grand experiment) છે. કારણ કે તે જો સવળો ઉતરે તો બેડો પાર થઇ જાય,-જીવનું કલ્યાણ કલ્યાણ થઇ જાય, અને અવળો પડે તો જીવનું નાવડું ડૂબી જાય! મહદ્ વસ્તુની હીન ઉપયોગરૂપ આશાતનાથી અકલ્યાણ થઇ મહાહાનિ થાય,-વિજ્ઞાનના પ્રયોગની પેઠે. વિજ્ઞાનનો પ્રયોગ જો તેની વિધિના જાણ યોગ્ય વિજ્ઞાનીના હાથે થાય તો તેમાંથી ચમત્કારિક પરિણામ આવે; પણ વિધિથી અજાણ અયોગ્ય અજ્ઞાનીના હાથે થાય તો તેમાંથી ઊલટું હાનિકારક પરિણામ આવે અને કદાચ પોતે પણ ધડાકાબંધ ઊડી જાય! તેમ આ યોગવિજ્ઞાનનો પ્રયોગ જો **વિધિજ્ઞાતા** યોગ્ય જ્ઞાની યોગીના હાથે થાય, તો તેમાંથી પરમ ચમત્કારિક પરિણામ આવે; પણ વિધિથી અનભિજ્ઞ-અજાણ અયોગ્ય અજ્ઞાનીના હાથે થાય, તો તેમાંથી ઉલટું અનિષ્ટ પરિણામ આવે, અને આત્મનાશ પણ થાય! વર્ત્તમાનમાં મહાશક્તિસંપન્ન અણુ બૉમ્બનું (Atom-Bomb) રહસ્ય (વિ+જ્ઞાની) વિપરીત જ્ઞાનવાળા અર્થાત્ પરમાર્થથી અજ્ઞાન વિજ્ઞાનીઓના અયોગ્ય હાથમાં આવી પડ્યું હોવાથી જગત્‌ને કેટલી હાનિ થયેલી છે તે પ્રત્યક્ષ દેખાય છે. તેમ આ પરમશક્તિ-સંપન્ન યોગ-રહસ્ય પણ જો અયોગ્ય જનના-અયોગીના હાથમાં આવી પડે, તો કેટલી બધી હાનિ થાય તે સહેજે સમજી શકાય છે. જેમ જડવાદનું વિજ્ઞાન 'વાંદરાને નીસરણી બતાવવા જેવું' વિપરીતપણે પરિણમતાં જગત્‌ને મહાઅનર્થકારક થઇ પડે છે, તેમ અધ્યાત્મવાદનું વિજ્ઞાન અનધિકારી જીવને 'મર્કટને મદિરાપાનની પેઠે' વિષમપણે પરિણમતાં મહાઅનર્થકારક થઇ પડે છે! એક ને એક વસ્તુમાંથી તેના ઉપયોગ પ્રમાણે ઝેર કે અમૃત નીકળે છે! તેમ યોગ-પ્રયોગના સદુપયોગથી અમૃત નીકળે ને દુરુપયોગથી ઝેર નીકળે! માટે આ યોગ પ્રયોગરૂપ જબરજસ્ત અખતરો (Grand experiment)

અજમાવવા માટે **યોગ્ય અધિકારી જ** હોવો જોઇએ; અને તે અધિકારી અત્રે કહ્યા તે મહાન્ લક્ષણ-યોગ્યતાવાળા **કુલયોગી ને પ્રવૃત્તચક્ર** યોગીઓ છે.

યોગ-રસાયન

વળી કાચો પારો પચાવવો જેમ સહેલો નથી, અને જીરવવાની શક્તિ વિના ઊલટો ફૂટી નીકળે છે, તેમ આ યોગ-પ્રયોગરૂપ પારો પચાવવો સહેલો નથી, અને તે પચાવવાની તાકાત ન હોય તો ઊલટો અનર્થરૂપે ફૂટી નીકળે છે! અથવા પૌષ્ટિક રસાયન પચાવવું જેમ સહેલું નથી, અને તેનો પ્રયોગ મંદાગ્નિવાળા અનધિકારી દુર્બળ મનુષ્ય પર કરવામાં આવે, તો તે તેને ભારે પડી જાય છે, અને વિપરીત પરિણામ આપે છે, તે એટલે સુધી કે તેનો પ્રાણ પણ હરે છે; પણ જો યોગ્ય જઠરાગ્નિવાળા અધિકારી પર તેનો પ્રયોગ કરવામાં આવે તો તેને આરોગ્ય આપી દીર્ઘાયુ બક્ષે છે; તેમ આ યોગ-રસાયનનો પ્રયોગ મંદ શક્તિવાળા અનધિકારી જીવ પર કરવામાં આવે તો તે તેને પચતું નથી, અને ઊલટું તેનું મિથ્યા અભિમાનરૂપ અજીર્ણ ઉપજાવી અનર્થકારી થઇ પડે છે, યાવત્ ભાવ-પ્રાણ હરણરૂપ ભાવમૃત્યુ કરે છે; પણ જો યોગ્ય ઉદ્દીપ્ત શક્તિસંપન્ન યોગી પુરુષરૂપ અધિકારીને આપવામાં આવે તો તે તેને બરાબર પચે છે, અને ભવરોગનો નિર્મૂળ નાશ કરી અજરામરપણું આપે છે.

દુર્ગૃહીત શસ્ત્રાદિનું દૃષ્ટાંત

(૧) શસ્ત્ર પકડતાં પણ ન આવડતું હોય એવા બાલના હાથમાં જો શસ્ત્ર આપવામાં આવે, તો તે ઊલટું તેનું જ ગળું કાપનારૂં થઇ પડી ભક્ષણ કરનાર જ થઇ પડે છે; પણ યોગ્ય શસ્ત્રજ્ઞ સુભટના હાથમાં તે રક્ષણ કરનાર ×થાય છે. તેમ આ યોગ પ્રયોગ પણ જો અનધિકારી અનભિજ્ઞ અજાણ એવા બાલજીવના હાથમાં આપવામાં આવે, તો દુર્ગૃહીત હોવાથી, તેનું જ અકલ્યાણરૂપ ભક્ષણ કરનાર થઇ પડે; અને જો યોગ્ય સુજ્ઞ યોગાધિકારીના હાથમાં આવે, તો સુગૃહીત થવાથી, તેનું ભવભયમાંથી રક્ષણ કરનાર થઇ પડે. (૨) અથવા અગ્નિને જો બરાબર ન પકડયો હોય તો દઝાડી દે, તેમ યોગાગ્નિનો પ્રયોગ જો બરાબર-વિધિથી ન પકડયો હોય, દુર્ગૃહીત હોય તો ભવભ્રમણ-તાપથી દઝાડી દે! (૩) અથવા વ્યાલ-સાપ જો દુર્ગૃહીત હોય, ઉંધો પૂંછડેથી પકડયો હોય, તો તે પકડનારને જ ડંસ મારી મૃત્યુ નીપજાવે છે, તેમ યોગ-પ્રયોગ પણ જો દુર્ગૃહીત હોય તો ભવહેતુ થઇ પડી ભાવ-મૃત્યુ નીપજાવે છે. શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી**એ શ્રી **યોગબિન્દુ**માં કહ્યા પ્રમાણે શ્રામણ્ય-શ્રમણપણું જો દુર્ગૃહીત હોય તો અનંત સંસારનું કારણ થઇ પડે છે, તેમ યોગ-પ્રયોગ જો દુર્ગૃહીત હોય તો અનંત ભવભ્રમણનું કારણ થઇ પડે છે!

આમ સર્વથા આ યોગ-પ્રયોગ યોગ્ય એવા યોગી પુરુષના હાથમાં જ મૂકવા

× " अत एव च शस्त्राग्निव्यालदुर्ग्रहसन्निभः ।
श्रामण्यदुर्ग्रहोऽस्वन्तः शास्त्र उक्तो महात्मभिः ॥ " યોગબિંદુ, ૧૪૪.

યોગ્ય છે, અને એના પર જ અજમાવવા યોગ્ય છે, અને સુગૃહીત જ કરવા યોગ્ય છે, નહિં તો ઊલટો આશાતના-સિદ્ધિવ્યામોહ-ચમત્કાર દર્શન આદિ કારણે મહાઅનર્થકારક થઇ પડવાનો પૂરેપૂરો ભય છે, યોગભ્રષ્ટતારૂપ અધઃપતન કરનારો થઇ પડવાનો પ્રત્યેક સંભવ છે. એટલા માટે અહીં આવા ઉક્ત લક્ષણવાળા યોગીઓને જ આ યોગપ્રયોગના અધિકારી કહ્યા છે. રાજ્યાસન પર જેમ યોગ્ય રાજગુણસંપન્ન પુરુષ જ બિરાજવા યોગ્ય છે, તેમ આ યોગરાજ્યાસન પર પણ યોગ્ય યોગી ગુણસંપન્ન યોગી પુરુષ જ બિરાજવા યોગ્ય છે. છતાં જો કોઇ અયોગ્ય-અયોગી તેના પર ચઢી બેસવાની ધૃષ્ટતા-ધીઠાઇ કરે, તો તે-'ફિરસ્તાઓ જ્યાં પગ મૂકતાં ડરે છે, ત્યાં મૂર્ખાઓ ધસી જાય છે,' 'Fools rush in where angels fear to tread,'-તેના જેવું જ ચેષ્ટિત કરે છે! માટે ઉક્ત **કુલયોગી ને પ્રવૃત્તચક્ર યોગીઓ** જ અહીં અધિકારી છે, એમ યોગના અનુભવી જ્ઞાની યોગી પુરુષોનું કથન છે. આ યોગીઓમાં પણ **કનિષ્ઠ, મધ્યમ ને ઉત્તમ પાત્ર** પણ હોય છે,-જેના લક્ષણ લાક્ષણિક રીતે પરમ યોગી **શ્રીમદ્ રાજચંદ્રજીએ** તેમના છેલ્લા અમર કાવ્યમાં આ પ્રકારે ભાખ્યા છેઃ—

સુગૃહીત યોગપ્રયોગ

" મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહિં આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ.
નહિં તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહિં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના પરમ યોગ જિતલોભ "—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

卐

ઉપન્યસ્ત **યમાદિનું** સ્વરૂપ કહે છે—

इहाहिंसादयः पञ्च सुप्रसिद्धा यमाः सताम् ।
अपरिग्रहपर्यन्तास्तथेच्छादिचतुर्विधाः ॥ २१४ ॥

અહીં અહિંસાદિ યમો, પ્રસિદ્ધ પંચ પ્રકાર;
અપરિગ્રહ પર્યંત તે, ત્યમ ઇચ્છાદિક ચાર. ૨૧૪.

વૃત્તિઃ—इह- અહીં, લોકમાં, **अहिंसादयः**-અહિંસાદિ ધર્મો, **पंच**-પંચ-સંખ્યાથી, **सुप्रसिद्धाः**-સુપ્રસિદ્ધ, સર્વતંત્રસાધારણપણાએ કરીને, **यमाः**-યમો, ઉપરમો; ઇચ્છાયમો, પ્રવૃત્તિયમો, સ્થિરયમો, સિદ્ધિયમો, એમ **सतां**-સંતોને મુનિઓને, શું પર્યંત? તો કે **अपरिग्रहपर्यन्ताः**- અપરિગ્રહ પર્યંત. " **अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहाः यमाः**—" (પાતં૦ ૨-૩૦) અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ યમો છે,—એ વચનથી. **तथेच्छादिचतुर्विधाः**- તથા ઇચ્છા આદિ ચાર પ્રકારના,—પ્રત્યેકપણે ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ અને સિદ્ધિયમ.

અર્થ:—અહિંસાદિ અપરિગ્રહ પર્યંત એમ પાંચ યમો સંતોને સુપ્રસિદ્ધ છે. તથા તે પ્રત્યેક યમ ઇચ્છા આદિ ચાર પ્રકારનો છે.

વિવેચન

અહીં લોકમાં અહિંસા આદિ ને અપરિગ્રહ પર્યંત પાંચ યમો સંતોને-મુનિઓને સુપ્રસિદ્ધ છે, સર્વતંત્ર સાધારણપણાએ કરીને સારી પેઠે જાણીતા છે; કારણ કે 'અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ યમ છે,' એવું વચન છે. તથા આ પાંચ-માંથી પ્રત્યેક યમ ઇચ્છા આદિ ચાર પ્રકારનો છે: **ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ અને સિદ્ધિયમ**.

આ અહિંસાદિ પાંચને જેમ યોગ-સાંખ્યાદિ **યમ** કહે છે, તેમ જૈનો તેને '**વ્રત**' નામથી ઓળખે છે, બૌદ્ધો '**શીલ**' નામ આપે છે. આમ શબ્દભેદ છતાં અર્થભેદ નથી, એટલે સુપ્રસિદ્ધ એવા આ પાંચ યમ સર્વતંત્રસાધારણ (Common to all religions) હોઇ સર્વમાન્ય છે, સર્વસંમત છે, સર્વદર્શનવાદીઓને સુપરિચિત છે. આવા સુપ્રસિદ્ધને સુપ્રસિદ્ધ કરવા અન્ય પ્રમાણની આવશ્યકતા નથી. આ અહિંસાદિનું સ્વરૂપ **દ્રવ્યથી** અને **ભાવથી** બન્ને પ્રકારે સમજવા યોગ્ય છે અને સમજી આચરવા યોગ્ય છે. દ્રવ્યથી એટલે બાહ્યથી, વ્યવહારથી, સ્થૂલપણે; અને ભાવથી એટલે અંતરથી, પરમાર્થથી, સૂક્ષ્મપણે.

હિંસા-અહિંસા

અહિંસા એટલે કોઇ પણ જીવની હિંસા ન કરવી તે. '**मा हिंस्यात् सर्वाणि भूतानि**' એમ વેદશ્રુતિ છે. અને **प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा** '- પ્રમત્તયોગથી પ્રાણનું હરવું તે હિંસા છે એમ શ્રી **તત્ત્વાર્થ સૂત્રનું** વચન છે. અર્થાત્ ઇંદ્રિયાદિ દશ પ્રકારના દ્રવ્ય પ્રાણમાંથી અથવા જ્ઞાન-દર્શનાદિરૂપ આત્માના ભાવ પ્રાણમાંથી કોઇ પણ પ્રાણનું મન-વચન-કાયાના પ્રમાદ યોગથી હરવું તેનું નામ **હિંસા** છે; તેથી વિપરીત તે અહિંસા છે. આમાં '**પ્રમાદયોગ**' શબ્દ ખાસ અગત્યનો છે. જો પ્રાણ હરણમાં પ્રમાદ યોગ હોય, તો જ હિંસા છે, નહિં તો નહિં. એટલે કદાચ પ્રાણ હરાયા હોય, પણ મન-વચન-કાયાનો પ્રમત્ત યોગ ન હોય તો હિંસા નથી. અને પ્રાણ ન પણ હરાયા હોય, પણ મન-વચન-કાયાનો પ્રમત્ત યોગ હોય તો હિંસા છે. આમ મન-વચન-કાયાનો અપ્રમાદ હોય, યતના હોય, જયણા હોય, જેમ બને તેમ સાચા અંતરંગ ભાવથી જીવરક્ષા કરવાની જાળવણીરૂપ યત્ન (Careful effort) હોય, કાળજી-તકેદારી હોય, તો દ્રવ્ય-પ્રાણ-હરણથી પણ હિંસા લાગતી નથી. અને મન-વચન-કાયાનો પ્રમાદ યોગ હોય, જેમ બને તેમ જીવરક્ષા કરવામાં બેદરકારીરૂપ (Carelessness) અયત્ન હોય, બેકાળજી હોય, તો દ્રવ્ય પ્રાણહરણ ન હોય છતાં પણ હિંસા જરૂર લાગે છે.

આ હિંસાથી જે વિપરીત તે અહિંસા છે, એટલે મન-વચન-કાયાનો અપ્રમાદ રાખી, યતના કરવી, જયણા કરવી, સાચા ભાવથી જેમ બને તેમ જીવરક્ષા કરવાની જાળવણીરૂપ યત્ન કરવો, ઉપયોગ-જાગૃતિ રાખવી તે અહિંસા છે. આમ દ્રવ્યથી હિંસા-અહિંસાનો મુખ્ય આધાર પણ ભાવથી હિંસા-અહિંસા ઉપર છેઃ—(૧) દ્રવ્યથી હિંસા ન હોય, અને ભાવથી પણ ન હોય, તો તે ઉત્કૃષ્ટ અહિંસા છે. (૨) દ્રવ્યથી હિંસા હોય, પણ ભાવથી ન હોય, તો તે તેથી કંઇક ઉતરતી ઉચ્ચ અહિંસા છે. (૩) દ્રવ્યથી હિંસા ન હોય પણ ભાવથી હિંસા હોય, તો તે અહિંસા નથી, પણ હિંસા જ છે. (૪) દ્રવ્યથી હિંસા હોય અને ભાવથી પણ હિંસા હોય, તો તે અહિંસા નથી, પણ નિકૃષ્ટ હિંસા જ છે.–આમ હિંસા-અહિંસાનો મુખ્ય આધાર આત્મપરિણામની ઘાત-અઘાત પર છે. રાગદ્વેષાદિ પરિણામથી જ્યાં આત્માના સ્વભાવભૂત જ્ઞાન-દર્શનરૂપ **ભાવ-પ્રાણની હિંસા** થતી હોય ત્યાં અવશ્ય હિંસા છે; અને તેવા રાગદ્વેષાદિ પરિણામના અભાવે જ્યાં આત્માના જ્ઞાન-દર્શન ભાવ પ્રાણની હિંસા ન થતી હોય, ત્યાં હિંસા નથી. આ નિયમ સર્વત્ર લાગુ પડે છે. (જુઓ પૃ. ૧૦૫ થી ૧૦૭)

સત્ય-અસ્તેય આદિ

જે જેમ છે તેમ બોલવું, સાચું બોલવું તે **સત્ય** છે; અથવા જેમ છે તેમ વસ્તુ-સ્વરૂપ કહેવું તે સત્ય છે. સત્‌ને સત્‌ કહેવું, અસત્‌ને અસત્‌ કહેવું તે સત્ય છે; અને અસત્‌ને સત્‌ કહેવું, સત્‌ને અસત્‌ કહેવું તે અસત્ય છે. અથવા જેવું મનમાં હોય, જેવું આચરણમાં હોય, તેવું નિર્દંભ નિષ્કપટ વચન ઉચ્ચારવું, મન-વચન-કાયાની એકતા દાખવવી તે સત્ય છે. પારકી વસ્તુ અણદીધી-તેની રજા વગર ન લેવી તે અસ્તેય-અચૌર્ય છે. અર્થાત્ પરધનહરણ ન કરવું-ચોરી ન કરવી તે **અસ્તેય** છે. મન-વચન-કાયાથી બ્રહ્મચર્યનું પાલન તે બ્રહ્મચર્ય છે. મનુષ્યિણી, તિર્યંચિણી કે દેવાંગના સાથે મન-વચન-કાયાથી મૈથુનનું-અબ્રહ્મચર્યનું વર્જન તે **બ્રહ્મચર્ય** છે. ધન-ધાન્ય-ગૃહ-પુત્ર આદિ કોઇ પણ પરિગ્રહ ન ગ્રહવો તે અપરિગ્રહ છે; કોઇ પણ પોતાની માલીકીની વસ્તુ ન હોવી તે, પોતાનું કંઇ પણ નથી એવું અકિંચનપણું તે **અપરિગ્રહ** છે. આમ સામાન્યપણે **દ્રવ્યથી** અહિંસા આદિનું સ્વરૂપ છે.

ભાવ અહિંસા

અને **ભાવથી** તો (૧) અહિંસા એટલે આત્માના શુદ્ધ સ્વરૂપની હિંસા ન થવી તે. રાગ-દ્વેષ-મોહ વિભાવથી આત્માના સ્વભાવભૂત જ્ઞાન-દર્શનરૂપ ભાવ પ્રાણની હિંસા થાય છે; આ રાગાદિ વિભાવ પરિણામે કરીને શુદ્ધ આત્મપરિણામની ઘાત ન થવા દેવી તે અહિંસા છે. તાત્પર્ય કે-શુદ્ધ આત્મસ્વરૂપે સ્થિતિ એ જ પારમાર્થિક-તાત્ત્વિક પરમ **અહિંસા** છે, અને તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આ પ્રકારે ઘટાવી શકાય છે :-(૧) આત્માના ગુણ બાધકભાવથી રહિતપણે

ગુણપરિણતિએ પરિણમે અને આત્મ દ્રવ્ય અન્ય દ્રવ્યનું અસંગી હોય, આત્મ દ્રવ્યને પરદ્રવ્યનો સંગ ન હોય,–તે **દ્રવ્યથી શુદ્ધ** એવી પુષ્ટ અહિંસા છે. (૨) **ક્ષેત્રથી** સર્વ પ્રદેશમાં પરભાવનો પ્રસંગ ન હોય, અને અશરીરી અયોગી એવા ભાવથી આત્માની અવગાહના અભંગ હોય, તે ક્ષેત્રથી શુદ્ધ એવી અહિંસા છે. (૩) જ્યાં ઉત્પત્તિ–વ્યય ને ધ્રૌવ્યપણે સહેજે પરિણતિ થાય છે, અને જ્યાં છેદન–યોજનપણું નહિં હોઈ વસ્તુ સ્વભાવને વિષે સમાય છે,–તે **કાળથી શુદ્ધ** એવી અહિંસા છે. (૪) અનંત ગુણ પર્યાય, તેમજ કારક પરિણતિ જ્યાં નિજ નિજ પરિણતિએ પરિણમે છે, તે **ભાવથી** શુદ્ધ એવી અહિંસા છે. આમ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી શુદ્ધ એવી અહિંસાનું જો કોઈ એક ધામ હોય, તો પરમ અહિંસકતામય, પરમ દયામય, **પરમ કૃપાળુ શ્રી જિનરાજ** છે, કારણ કે તે જ સ્વ–પર જીવના રક્ષક એવા તારણ–તરણ જહાજ છે. આમ અહિંસાનો ઊંચામાં ઊંચો આદર્શ શ્રી જિન વીતરાગમાં દૃષ્ટ થાય છે.—જેનું પરમ સુંદર હૃદયંગમ સ્વરૂપ મહાત્મા **દેવચંદ્રજીએ** આમ સંગીત કર્યું છેઃ—

“ ગુણ ગુણ પરિણતિ પરિણમે, બાધક ભાવવિહીન....પ્રભુજી !
દ્રવ્ય અસંગી અન્યનો, શુદ્ધ અહિંસક પીન....બાહુ જિણંદ દયામયી.
ક્ષેત્રે સર્વ પ્રદેશમેં, નહિં પરભાવ પ્રસંગ....પ્રભુજી !
અતનુ અયોગી ભાવથી, અવગાહના અભંગ....પ્રભુજી ! બાહુ૦
ઉત્પાદ વ્યય ધ્રુવપણે, સહેજે પરિણતિ થાય....પ્રભુજી !
છેદન યોજનતા નહિં, વસ્તુ સ્વભાવ સમાય....પ્રભુજી !
ગુણ પર્યાય અનંતતા, કારક પરિણતિ તેમ....પ્રભુજી ! બાહુ૦
નિજ નિજ પરિણતિ પરિણમે, ભાવ અહિંસક એમ....પ્રભુજી ! બાહુ૦
એમ અહિંસકતામયી, દીઠો તું જિનરાજ....પ્રભુજી !
રક્ષક નિજ પર જીવનો, તારણતરણ જિહાજ....પ્રભુજી !”—**શ્રી દેવચંદ્રજી.**

દ્રવ્ય અહિંસા પણ આ ભાવ અહિંસાની સાધનામાં ઉપકારી થાય છે,–દ્રવ્ય એ ભાવનું કારણ છે માટે; તેમજ દ્રવ્ય અહિંસા એ ભાવ અહિંસાનું સ્વાભાવિક પરિણામ પણ છે. આમ બન્નેનો પરસ્પર કાર્ય–કારણ સંબંધ છે.

“ દ્રવ્ય થકી છ કાયને, ન હણે જેહ લગાર....પ્રભુજી !
ભાવ દયા પરિણામનો, એહી જ છે વ્યવહાર....પ્રભુજી ! બાહુ૦
આતમ ગુણ અવિરાધના, ભાવ દયા ભંડાર....પ્રભુજી !
ક્ષાયિક ગુણ પર્યાયમેં, નવિ પર ધર્મ પ્રચાર....પ્રભુજી !” —**શ્રી દેવચંદ્રજી.**

(૨) **ભાવથી સત્ય** એટલે પરમાર્થથી–તત્ત્વથી સત્ય વચન વદવું તે. જે વસ્તુ તત્ત્વથી જેમ છે તેમજ કહેવી તે સત્ય છે. સ્વને સ્વ કહેવું, પરને પર કહેવું; સ્વને પર ન કહેવું,

ભાવથી સત્યાદિ

પરને સ્વ ન કહેવું તે સત્ય છે. સત્‌ને સત્ ને અસત્‌ને અસત્ કહેવું, તથા સત્‌ને અસત્ ને અસત્‌ને સત્ ન કહેવું તે સત્ય છે. એક શુદ્ધ આત્મા સિવાયની કોઇ પણ વસ્તુ પોતાની નથી, પર વસ્તુ છે, તે પર વસ્તુને પર કહેવી, સ્વ ન કહેવી તે સત્ય છે; પર વસ્તુને સ્વ કહેવી, પર ન કહેવી તે અસત્ય છે. આમ અનાત્મ વસ્તુને આત્મરૂપ કહેવી તે અસત્ય છે; અનાત્મ વસ્તુને આત્મરૂપ ન કહેવી ને આત્મ વસ્તુને જ આત્મરૂપ કહેવી, તે જ **પરમાર્થસત્ય છે.** આની પરમ મનન કરવા યોગ્ય તાત્ત્વિક મીમાંસા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** આ પ્રકારે પ્રકાશી છેઃ—

"**પરમાર્થસત્ય** એટલે આત્મા સિવાય બીજો કોઇ પદાર્થ આત્માનો થઇ શકતો નથી એમ નિશ્ચય જાણી બોલવામાં વ્યવહારથી દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ આદિ વસ્તુઓના પ્રસંગમાં બોલતાં એક આત્મા સિવાય બીજું કાંઈ મારું નથી; એ ઉપયોગ રહેવો જોઇએ. અન્ય આત્માના સંબંધી બોલતાં આત્મામાં જાતિ, લિંગ, અને તેવા ઉપચારિક ભેદવાળો તે આત્મા ન છતાં માત્ર વ્યવહાર નયથી કાર્યને માટે બોલાવવામાં આવે છે; એવા ઉપયોગપૂર્વક બોલાય તો તે પારમાર્થિક ભાષા છે, એમ સમજવાનું છે." ઈત્યાદિ. (જુઓ)—**શ્રીમદ્ રાજચંદ્ર,** પત્રાંક ૫૪૫.

(૩) પર વસ્તુનું અપહરણ–ચોરી ન કરવી તે **પરમાર્થથી અસ્તેય** છે એક શુદ્ધ આત્મા સિવાય બીજું કાંઇ પણ પરમાણુમાત્ર પણ પોતાનું નથી, પારકું છે. તે પર વસ્તુનું ગ્રહણ કરવું તે ચોરી છે–અદત્તાદાન છે, તે ન કરવું તે અસ્તેય છે. પરભાવ–વિભાવ પરિણામ તે ચોરી છે, તે ન કરવા તે અસ્તેય છે. આ પરભાવ–વિભાવરૂપ **ભાવ–ચોરી** જે કરતો નથી, તે પર દ્રવ્યહરણરૂપ ક્ષુદ્ર દ્રવ્ય–ચોરી તો કરે જ કેમ? (૪) બ્રહ્મમાં અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપમાં વિચરવું–રમણ કરવું તે **ભાવથી બ્રહ્મચર્ય** છે. અબ્રહ્મમાં–અનાત્મમાં, પર વસ્તુમાં વિચરવું–રમણ કરવું તે અબ્રહ્મચર્ય, અથવા વ્યભિચાર, અથવા પર વસ્તુના સંશ્લેષરૂપ મૈથુન છે, દ્વૈત છે. પર વસ્તુમાં વિચરવું છોડી, વ્યભિચાર ત્યજી, પરભાવનો સ્પર્શ પરિહરી, શુદ્ધ અદ્વૈત એવા આત્મામાં રમવું તે બ્રહ્મચર્ય છે. આવા ભાવ બ્રહ્મચર્યની સિદ્ધિમાં દ્રવ્ય બ્રહ્મચર્ય ઉપકારી થાય છે, અને દ્રવ્ય બ્રહ્મચર્યની દૃઢતામાં આવું ભાવ બ્રહ્મચર્ય ઉપકારી થાય છે. આમ દ્રવ્ય–ભાવનો પરસ્પર પૂરકરૂપ સહાયક ભાવ છે. (૫) આત્મા સિવાયની બીજી–પર વસ્તુ પ્રત્યે મમત્વ ભાવ કરી, મૂર્ચ્છા કરી, તેનું પરિગ્રહણ કરવું તે પરિગ્રહ છે. તેવો મૂર્ચ્છારૂપ–મમત્વ ભાવરૂપ પરિગ્રહ ન હોવો તે પરમાર્થથી અપરિગ્રહ છે. પર વસ્તુને પોતાની માની, મારી છે એમ માની, મૂર્ચ્છા–મમત્વ ન કરતાં, પર વસ્તુનું પરમાણુ પણ આત્મ-ભાવે ન ગ્રહવું તે **અપરિગ્રહ** છે. આવી જેની અપરિગ્રહ ભાવના હોય, તે પછી દ્રવ્ય પરિગ્રહ શાને એકઠો કરે? અને જે મૂર્ચ્છાના આયતનરૂપ દ્રવ્ય પરિગ્રહ ન ગ્રહે, તેને ઉક્ત અપરિગ્રહ ભાવના કેમ દૃઢ ન થાય? આમ બન્નેનો કાર્ય કારણ સંબંધ છે.

આમ સંક્ષેપે દ્રવ્યથી-ભાવથી અહિંસાદિ પાંચ યમનું સ્વરૂપ છે. તેની સંકલના અદ્ભુત છે. તે આ પ્રકારેઃ-સ્વાર્થી મનુષ્ય સાંસારિક લોભરૂપ સ્વાર્થની ખાતર પરની હિંસા કરે છે, પરને પોતાનું કહે છે-માને છે, એટલે પછી તે લેવા-અપહરવા-ચોરવા પ્રવર્ત્તે છે, અપહરણ પછી તેનો ગાઢ સંશ્લેષ-સંસર્ગ કરે છે, અને તેવા ગાઢ પરિચયથી તેના પ્રત્યે તેને મૂર્ચ્છા ભાવ-મમત્વ-પરિગ્રહબુદ્ધિ ઉપજે છે, જેથી તે પર પરિગ્રહથી પરિગૃહીત થાય છે, ચોપાસથી જકડાય છે. પણ આત્માર્થી મુમુક્ષુ જીવ **આત્માર્થરૂપ સ્વાર્થ**ની ખાતર પરની હિંસા કરતો નથી, પરને પોતાનું કહેતો નથી-માનતો નથી, એટલે પછી તે લેવા-અપહરવા-ચોરવા પ્રવર્ત્તતો નથી, એથી તેનો સંશ્લેષ સંબંધ થતો નથી, અને તેવા પરિચયના અભાવથી તેને તે પ્રત્યે મૂર્ચ્છાભાવ-મમત્વ-પરિગ્રહબુદ્ધિ ઉપજતી નથી; જેથી તે પરિગ્રહથી પરિગૃહીત થતો નથી, ચોતરફથી જકડાતો નથી એટલે આવો આ મુમુક્ષુ પુરુષ સ્વરૂપમાં સ્થિતિરૂપ અહિંસાને ભજે છે, અને પછી પરને સ્વ કહેવારૂપ અસત્યથી, કે પરના અપહરણરૂપ ચોરીથી, કે પર પ્રત્યે વ્યભિચરણરૂપ મૈથુનથી, કે પર પ્રત્યે મમત્વરૂપ પરિગ્રહભાવથી, તે સ્વરૂપસ્થિતિને હાનિ પહોંચવા દેતો નથી. આમ મુમુક્ષુ યોગીપુરુષ પરમાર્થથી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ એ પાંચ યમનું-ઉપરમનું સેવન કરે છે. આ યમ અથવા ઉપરમ શબ્દ પણ ઘણો સૂચક છે; કારણ કે સ્વરૂપમાં સંયમન-આત્માને રોકી રાખવો-દાબી રાખવો તે **યમ** છે; અને પરરૂપથી વિરમણ તે ઉપરમ છે. એટલે જેના વડે કરીને આત્મા સ્વરૂપમાં સંયમિત થાય તે યમ છે, અને પરભાવથી વિરમિત થાય તે ઉપરમ છે. બન્ને શબ્દનો ફલિતાર્થ એક છે.-આ અહિંસાદિ પાંચ યમના પ્રત્યેકના પાછા ચાર ચાર પ્રકાર છે; શુદ્ધિની તરતમતાના-ઓછાવત્તાપણાના કારણે તે પ્રત્યેકની ચાર ચાર કોટિ-કક્ષા છેઃ **ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ** અને **સિદ્ધિયમ.** એટલે આ યમના (૫×૪=૨૦) વીશ પ્રકાર થયા. જેમકે-ઇચ્છાઅહિંસા, પ્રવૃત્તિઅહિંસા, સ્થિરઅહિંસા, સિદ્ધિઅહિંસા, ઇચ્છાસત્ય, પ્રવૃત્તિસત્ય, સ્થિરસત્ય, સિદ્ધિસત્ય, ઇત્યાદિ. આ ઇચ્છાદિ પ્રત્યેક પ્રકારનું સ્વરૂપ હવે પછી કહે છે.

અહિંસાદિની સંકલના

મુમુક્ષુનું આચરણ

卐

એઓનું વિશેષ લક્ષણ કહે છેઃ—

तद्वत्कथाप्रीतियुता तथाविपरिणामिनी ।
यमेष्विच्छावसेयेह प्रथमो यम एव तु ॥ २१५ ॥

વૃત્તિઃ-**तद्वत्कथाप्रीतियुता**- તદ્વંત અર્થાત્ યમવંતની કથા પ્રત્યેની પ્રીતિયુક્ત, **तथा-विपरिणामिनी**-તથા અવિપરિણામિની, તદ્ભાવના સ્થિરત્વથકી, **यमेषु**-ઉક્ત લક્ષણવાળા યમોમાં **इच्छा**-ઇચ્છા, **अवसेया**-સમજવા યોગ્ય છે, **इह**-અહીં, યમચક્રમાં, અને આ **प्रथमो यम एव तु**-પ્રથમ યમ જ છે, અનંતર-હમણાં જ કહેલા લક્ષણવાળી ઇચ્છા જ ઇચ્છાયમ છે, એટલા માટે.

યમવંત કથા પ્રીતિ યુતા, અવિપરિણામિની તેમ;
ઇચ્છા યમમાં જાણવી, પ્રથમ યમ જ તે એમ. ૨૧૫.

અર્થ:—યમવંતોની કથા પ્રત્યે પ્રીતિયુક્ત, તથા અવિપરિણામિની એવી જે યમોમાં ઇચ્છા, તે અહીં યમચક્રમાં પ્રથમ યમ જ (ઇચ્છાયમ જ) જાણવી.

વિવેચન

યમવંતોની કથા પ્રત્યેની પ્રીતિવાળી અને તદ્ભાવ સ્થિરપણાએ કરીને અવિપરિણામિની એવી જે યમો પ્રત્યેની ઇચ્છા, તે અહીં યમચક્રમાં પ્રથમ યમ છે, અર્થાત્ **ઇચ્છાયમ** છે એમ જાણવું.

અહિંસાદિ યમોને વિષે જે **ઇચ્છા** ઉત્પન્ન થવી તે જ પ્રથમ એવો ઇચ્છાયમ છે. અહા! આ અહિંસાદિ કેવા સુંદર છે! કેવા ઉપકારી છે! કેવા કલ્યાણકારી છે! આ અહિંસાદિ મને પણ પ્રાપ્ત હોય તો કેવું સારું! આ અહિંસાદિ પામવાને હું ક્યારે ભાગ્યશાળી થઇશ? એવા ભાવની જે સાચી અંતરંગ ઇચ્છા, સ્પૃહા, રુચિ, ભાવના થવી તે જ ઇચ્છાયમ છે. અંતરાત્માથી તેવી ઇચ્છા **થવી એ પણ મોટી વાત છે.** સાચી અંતરેચ્છા એ સદ્-યોગપ્રાપ્તિનું પ્રથમ અને મહાન્ પગથિયું છે, સન્માર્ગપ્રવેશનું પ્રથમ દ્વાર છે, મોક્ષમાર્ગનો ભવ્ય દરવાજો છે. એ અંતરંગ ભાવરૂપ ઇચ્છા વિના કોઇનો પણ આ યોગ સન્માર્ગમાં પ્રવેશ પણ ઘટતો નથી, તો પ્રવૃત્તિ આદિ તો ક્યાંથી હોય? અને બાહ્યથી—દ્રવ્યથી તેમાં પરાણે ઘૂસી ગયેલા દેખાતા કોઇ દંભી ડોળઘાલુ તેમાં પ્રવેશનો દાવો કરતા હોય, તો પણ પરમાર્થથી તેઓનો તે સન્માર્ગમાં અંતઃપ્રવેશ ઘટતો નથી,— તે તો બ્હારના બ્હાર જ, **યોગમાર્ગ બાહ્ય જ** રહે છે; માટે ખરો માર્ગપ્રવેશ તો **ઇચ્છાયોગ** વિના થઇ શકતો જ નથી.

રુચિ વિનાના ભોજનનું દૃષ્ટાંત

રુચિ-ભાવ વિનાના ભોજનમાં જેમ મીઠાશ આવતી નથી, કોળીઓ ગળે ઉતરતો નથી, અથવા પરાણે ઉતારવો પડે છે, મોળ આવે છે અને વમન કે અજીર્ણ થાય છે; તેમ અંતરંગ ઇચ્છારૂપ રુચિ-ભાવ વિનાના પરમાર્થરૂપ પરમાન્ન ભોજનમાં સાચી મીઠાશ આવતી નથી, સંવેગ-માધુર્ય નીપજતું નથી, સત્ય તત્ત્વ ગળે ઉતરતું નથી—અંતરમાં ઠસતું નથી અથવા પરાણે ગળે ઉતારવું પડે છે-મતાગ્રહથી તાણી તોષીને અંતરમાં ઠસાવવું પડે છે, અરુચિરૂપ-અણગમારૂપ મોળ આવે છે, અને તે સત્ય તત્ત્વ પેટમાં ટકતું નથી—જગત્‌ને દેખાડારૂપ તેનું વમન થાય છે, અથવા મિથ્યા અભિમાનરૂપ અજીર્ણ—અપચો ઉપજે છે. પણ રુચિ-ભાવથી કરેલા ભોજનમાં મીઠાશ આવે છે, કોળીઓ હોંસે હોંસે એની મેળે ગળે ઉતરે છે—પરાણે ઉતારવો પડતો નથી, પેટમાં ટકે છે, મોળ આવતી

નથી, અને વમન થતું નથી કે અજીર્ણ ઉપજતું નથી, પણ બરાબર પાચન થઇ એક-રસ બની શરીરની સર્વ ધાતુઓને પુષ્ટ કરે છે. તેમ સાચી **ઇચ્છારૂપ રુચિભાવથી** કરેલા પરમાર્થરૂપ પરમાન્ન ભોજનમાં સાચી મીઠાશ આવે છે–સંવેગ માધુર્ય **નીપજે** છે, સત્ય તત્ત્વનો કોળીઓ હોંસે હોંસે એની મેળે ગળે ઉતરે છે–સહેજે અંતર્‌માં ઠસે છે, પરાણે ઉતારવો પડતો નથી, મતાગ્રહથી તાણખેંચ કરીને ઠસાવવો પડતો નથી, અંતર્‌માં ઠરે છે, અરુચિરૂપ મોળ આવતી નથી, દાંભિક ડોળઘાલુ દેખાવરૂપ તેનું વમન થતું નથી, કે અભિમાનરૂપ અજીર્ણ–અપચો ઉપજતો નથી; પણ અંતરાત્મપરિણામરૂપે, બરાબર પરિણત થઇ–પાચન થઇ એક પરમ અમૃતરસરૂપ બની આત્માની સર્વ ધાતુને–શુદ્ધ સ્વભાવ ભાવને પુષ્ટ કરે છે. આ દૃષ્ટાંત ઉપરથી, રુચિનું–ઇચ્છાનું સન્માર્ગ–**પ્રવેશમાં** કેટલું બધું મહત્વ છે, '**ઇચ્છે છે જે જોગીજન**' પદમાં 'ઇચ્છે છે' પદનું કેટલું બધું અર્થગૌરવ છે તે સારી પેઠે સમજી શકાય છે. વળી મન વિનાના મિલનમાં જેમ મઝા આવતી નથી, તેમ મન વિનાના–ઇચ્છા વિનાના સન્માર્ગ મિલનમાં ખરી મઝા આવતી નથી. 'મન વિનાનું મળવું ને ભીંત સાથે ભટકાવું'–એના જેવો આ ઘાટ થાય છે. સન્માર્ગયોગરૂપ **પરમાર્થ–લગ્નમાં** અંતરંગ પ્રીતિરૂપ '**લગની**' લાગ્યા વિના ખરો આનંદ અનુભવાતો નથી. એટલા માટે જ અંતરંગ પ્રીતિરૂપ આ **ઇચ્છાયોગને** આ યોગમાર્ગમાં પ્રથમ સ્થાન આપ્યું છે, કારણ કે તેના વિના આગળ એક ડગલું પણ મંડાતું નથી.

વળી **કાર્યસિદ્ધિનું રહસ્ય** વિચારીએ તો કોઇ પણ કાર્યની સિદ્ધિમાં સૌથી પ્રથમ તો તે કાર્ય માટેની અંતરંગ ઇચ્છા–રુચિ–ધગશ જાગવી જોઇએ. એવી અંતરંગ ઇચ્છા હોય, તો જ તેનો રસ્તો મળી આવે છે. 'Where there is a will there is a way'–એ પ્રસિદ્ધ અંગ્રેજી ઉક્તિ અનુસાર તેનો માર્ગ મળી આવતાં પ્રવૃત્તિ અર્થાત્ કાર્ય માટેનો પ્રયત્ન (Effort) થાય છે. અને એમ ઉત્સાહથી પ્રવર્ત્તતાં માર્ગમાં વિઘ્ન (Obstacle) આવે તો તેનો જય કરાય છે, અને એમ કરતાં કરતાં અનુક્રમે કાર્યની પૂર્ણતા–સિદ્ધિ થાય છે. પણ રુચિ વિના જે કાર્ય કરવામાં આવે છે, તે તો વેઠરૂપ હોઇ, કદી સિદ્ધ થતું નથી, અને તે માટેની ક્રિયા પ્રવૃત્તિ 'છાર પર લિંપણા' જેવી થઇ પડે છે! આમ સામાન્ય ક્રમ છે. આત્મા **કાર્યરુચિવાળો થયે** બધા **કારક** ફરી જાય છે, પલટાઇ જાય છે. કર્ત્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ છ કારક જે પૂર્વે બાધકપણે પરિણમતા હતા, તે આત્મસિદ્ધિ કાર્ય પ્રત્યે અંતરંગ રુચિ–ઇચ્છા ઉપજતાં સાધકપણે પ્રવર્ત્તે છે. આમ અંતરંગ ભાવરૂપ રુચિ–ઇચ્છા ગુણથી જીવની વૃત્તિમાં અજબ પલટો આવી જાય છે, ચમત્કારિક ફેરફાર થઇ જાય છે, કારણ કે જેવી રુચિ ઉપજે છે, તેવું તેને અનુયાયી-અનુસરતું આત્મવીર્ય સ્ફુરાયમાન થાય છે. (જુઓ કાવ્ય પૃ. ૨૯૧) જ્યારે જીગરનો પ્રેમ લાગે છે, ત્યારે જ આત્મા જાગે છે, અને ત્યારે જ ખરેખરો રંગ લાગે છે. આવી અપૂર્વ ગુણવાળી જે ઇચ્છા છે, તે વળી **યમવંતોની કથા પ્રત્યેની પ્રીતિવાળી** તથા

અવિપરિણામિની એવી હોય છે. આ જગત્‌માં જે કોઇ દ્રવ્યથી કે ભાવથી કે બન્નેથી અહિંસા સેવતો હોય, સત્ય બોલતો હોય, અસ્તેય આચરતો હોય, બ્રહ્મચર્ય પાળતો હોય, અપરિગ્રહ ધારતો હોય, તેની કયાંયથી પણ કથા-વાર્ત્તા સાંભળવામાં કે વાંચવામાં આવતાં, તેના પ્રત્યે **અંતરંગ પ્રીતિ** ઉપજવી-પ્રેમ સ્ફુરવો તે આ ઇચ્છાનું લક્ષણ છે. સંપૂર્ણપણે કે અપૂર્ણપણે, સર્વથી કે દેશથી, સકલપણે કે વિકલપણે જે કોઇ સાચા સાધુ પુરુષો-સાધક મુમુક્ષુઓ આ અહિંસાદિ યમની સાધના કરતા હોય કે સિદ્ધિ પામેલા હોય, તેના પ્રત્યે આ ઇચ્છાયમવંતને અત્યંત ગુણપ્રમોદ-ગુણાનુરાગ ઉપજે છે. જેમ કે—

'ધન્ય તે મુનિવરા રે'

ધન્ય છે આ અહિંસક મહા મુનિઓ! કે જેઓ યતનાથી છ કાયની રક્ષા કરે છે, સર્વ જગજ્જંતુને સમ ગણી સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવને પણ હણતા નથી, લેશમાત્ર દુઃખ ઉપજાવતા નથી, રાગ-દ્વેષાદિ ભાવહિંસા કરતા નથી ભાવદયારસના સાગર-નિષ્કારણ કરૂણાસિંધુ એવા આ સાધુ ભગવાનો નિરંતર આત્મસ્વરૂપમાં સ્થિતિ કરી પરભાવના લેશને પણ સ્પર્શતા નથી! અહો! એમની કરુણા! અહો! એમની વીતરાગતા! અહો! એમની સ્વરૂપસ્થિતિ! અહો! આ સંતોની સત્યવાદિતા પણ કેવી આશ્ચર્યકારી છે! સ્વપ્નમાં પણ આ સાધુચરિત સત્પુરુષો અસત્ય વચન વદતા નથી! પરવસ્તુને પોતાની કદી કહેતા નથી. વ્યવહારથી ને પરમાર્થથી તે કેવળ સત્ય સત્ય ને સત્ય જ વદે છે. ધન્ય છે એમના સત્ય વ્રતને! અહો! સ્વદેહમાં પણ નિરીહ એવા આ પરમ પ્રમાણિક મહાત્માઓ સળી માત્ર પણ અદત્ત લેતા નથી, પરભાવનું પરમાણુ પણ આત્મભાવથી ઇચ્છતા નથી! અહો એમની નિઃસ્પૃહિતા! આ સાચા ત્યાગી-સંન્યાસી જોગીજનોનું બ્રહ્મવ્રત પણ કેવું અદ્‌ભુત છે! દ્રવ્યથી ને ભાવથી તેઓ કેવું કઠોર બ્રહ્મચર્યવ્રત પાળે છે! સ્વપ્નાંતરે પણ એમના રોમમાત્રમાં પણ વિષયવિકારની છાયા દેખાતી નથી! નિરંતર તેઓ બ્રહ્મમાં-શુદ્ધ આત્મસ્વરૂપમાં વિચરી રહ્યા છે! અહો તેમનું આ મહાઅસિધારાવ્રત! ધન્ય છે આ નિર્ગ્રંથોની પરમ નિર્ગ્રંથ વૃત્તિને! દ્રવ્ય-ભાવ સમસ્ત ગ્રંથનો-પરિગ્રહ બંધનોનો તેમણે ઉચ્છેદ કર્યો છે! પરવસ્તુના પરમાણુ માત્ર પ્રત્યે પણ તેઓ મમત્વભાવ-મૂર્ચ્છા ધરાવતા નથી! આ આખા જગત્‌માં એક આત્મા સિવાય એમની પોતાની માલીકીનું બીજું કાંઇ નથી, એવા તે પરમ અકિંચન-નિષ્પરિગ્રહી છે! અહો! એમની નિર્ગ્રંથતા! (જુઓ પૃ. ૧૯૦ તથા ૧૯૭-૧૯૮). આવા ગુણાનુરાગને લીધે તે મુમુક્ષુના સહજ સ્વયંભૂ ઉદ્‌ગાર નીકળી પડે છે કે—"नमो लोए सव्वसाहूणं"—આ લોકમાં સર્વ સાધુઓને-સાચા સાધુગુણસંપન્ન સર્વ સાધુચરિત સત્પુરુષોને નમસ્કાર હો! અને આવા યમવંતો પ્રત્યે જેને આવી **ગુણાનુરાગજન્ય પ્રીતિ** ઉપજે છે, તેને તે યમો અત્યંત ગમી જાય છે, એટલે તેના પ્રત્યે તેને સહજ સ્વાભાવિક સ્પૃહા-રુચિ-ઇચ્છા ઉપજે છે. એટલે તે સ્પૃહા કરે છે કે આવા અહિંસાદિનો મને યોગ થાય તો કેવું સારું! આવા અહિંસાદિ સાધવા હું કયારે

ભાગ્યશાળી થઇશ? આવા દ્રવ્ય-ભાવ નિર્ગ્રંથ થવાનો મને '**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?**' (**શ્રીમદ્ રાજચંદ્રજી**)

" મોહિનીભાવ વિચાર અધીન થઇ, ના નિરખું નયને પરનારી;
પત્થર તુલ્ય ગણું પર વૈભવ, નિર્મળ તાત્ત્વિક લોભ સમારી.
દ્વાદશ વ્રત અને દીનતા ધરી, સાત્ત્વિક થાઉં સ્વરૂપ વિચારી;
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક, નિત્ય અખંડ રહો ભવહારી. "—**શ્રી મોક્ષમાળા.**

જેમ કોઇ અમુક સ્થળે વ્યાપારની ભારી અનુકૂલતાને લીધે દ્રવ્યલાભ ખૂબ થાય છે, એમ સાંભળીને સ્વાર્થપટુ વ્યાપારી વણિકને ત્યાં શીઘ્ર દોડી જઇ વિપુલ ધનસંપત્તિ પ્રાપ્ત કરવાનું મન થઇ આવે; તેમ અત્રે પણ અહિંસાદિ યોગવ્યાપારની અનુકૂળતાએ અપૂર્વ આત્મલાભ થાય છે એમ સાંભળીને, આત્માર્થપટુ મુમુક્ષુને પણ તેવા અહિંસાદિ યોગવ્યાપારથી અપૂર્વ આત્મગુણસંપત્તિ મેળવવાનું મન થઇ આવે છે, રુચિ-ઇચ્છા ઉપજે છે, કોડ-મનોરથ જાગે છે.

" જ્ઞાનાદિક ગુણ સંપદા રે, તુજ અનંત અપાર;
તે સાંભળતાં ઉપની રે, રુચિ તિણે પાર ઉતાર....અજિત જિન."—**શ્રી દેવચંદ્રજી.**

તથા આ જે ઇચ્છા ઉપજે છે તે **અવિપરિણામિની** હોય છે, કદી વિપરિણામને-વિપરીત પરિણામને પામતી નથી; કારણ કે તદ્‌ભાવની સ્થિરતા હોય છે, એટલે તે ઇચ્છા કદી અનિચ્છારૂપ થતી નથી, પ્રીતિ અપ્રીતિરૂપ થતી નથી, રુચિ અરુચિરૂપ થતી નથી. જે ઇચ્છારૂપ ભાવ ઉપજ્યો તે ઉપજ્યો, તે કદી વિપરિણામ પામી અભાવરૂપ થતો નથી. એવો ઉત્કટ અંતરંગ ઇચ્છાભાવ અત્ર પ્રગટે છે. તે ઇચ્છા-રુચિનો અંતરંગ રંગ લાગ્યો તે લાગ્યો, કદી ભૂંસાતો જ નથી. જેમ **ચોળ મજીઠનો રંગ** કદી જતો નથી, તેમ આત્માને લાગેલો આ દૃઢ ઇચ્છા-રંગ કદી જતો નથી વસ્ત્ર જીર્ણ થઇને ફાટી જાય પણ પાકો મજીઠનો રંગ જાય નહિ; તેમ દેહ જીર્ણ થઇને પડી જાય પણ જાગેલા આત્માને લાગેલો આ **ભાવરંગ** કદી જાય નહિ; તે ભવાંતરમાં પણ આજ્ઞાંકિત અનુચરની જેમ અનુગામી થઇને પાછળ પાછળ ચાલ્યો આવે. ઘાટ ઘડામણ ભલે જાય, પણ સોનું કદી વિણસે નહિં; તેમ દેહના ઘાટ ભલે જાય, પણ સોના જેવા આ જાગ્રત આત્માને લાગેલો અંતરંગ રંગ ટળે નહિં. (જુઓ, કાવ્ય પૃ. ૨૩૯) તથા—

卐

सर्वत्र शमसारं तु यमपालनमेव यत् ।
प्रवृत्तिरिह विज्ञेया द्वितीयो यम एव तत् ॥ २२६ ॥

वृत्ति:—**सर्वत्र**-સર્વત્ર સામાન્યથી, **शमसारं तु**-શમસાર જ, ઉપશમસાર જ, **यमपालनमेव यत्**-ક્રિયાવિશિષ્ટ એવું જે યમપાલન, **प्रवृत्तिरिह विज्ञेया**-તે અહીં પ્રવૃત્તિ જાણવી. યમોમાં-**द्वितीयो यम एव तत्**-તે દ્વિતીય યમ જ છે, પ્રવૃત્તિયમ છે એમ અર્થ છે.

ને જે પાલન યમતણું, સર્વત્ર જ શમસાર;
પ્રવૃત્તિ અહિં તે જાણવી, બીજો યમ જ તે ધાર. ૨૧૬

અર્થ :—સર્વત્ર શમસાર-શમપ્રધાન એવું જે યમપાલન તે અહીં પ્રવૃત્તિ જાણવી; અને તે જ દ્વિતીય યમ છે.

વિવેચન

સામાન્યથી **સર્વત્ર શમસાર** જ એવું જે યમપાલન છે, તે જ અહીં પ્રવૃત્તિ જાણવી; અને તે યમોને વિષે બીજો એવો **પ્રવૃત્તિયમ છે.**

જે અહિંસાદિ યમ **ઇચ્છાયમથી** ઇચ્છવામાં આવ્યા, અંતરાત્માથી ઇષ્ટ-સ્પૃહણીય ગણવામાં આવ્યા, તેનું ક્રિયાવિશિષ્ટ (In action) **પાલન** કરવું તે પ્રવૃત્તિયમ છે. તે

ઇચ્છા પછી પ્રવૃત્તિ

અહિંસાદિને ક્રિયામાં ઉતારવા, આચરણમાં-ચારિત્રમાં આણવા, દૈનિક જીવનવ્યવહારમાં વણી દેવા તે પ્રવૃત્તિયમ છે. જીવનને અહિંસામય, સત્યમય, અસ્તેયમય, બ્રહ્મચર્યમય, અપરિગ્રહમય કરવા પ્રવર્ત્તવું તે પ્રવૃત્તિયમ છે. મન-વચન-કાયાના યોગવ્યાપારમાં કૃત-કારિત-અનુમોદિત ભાવથી અહિંસાદિ પાળવામાં પ્રયત્નશીલ થઈ અંતરેચ્છાને સક્રિય કરી દેખાડવી તે યમોમાં બીજો એવો પ્રવૃત્તિયમ છે. કારણ કે કોઇ પણ વસ્તુ સાચા દિલથી રુચિ ગયા પછી-ગમી ગયા પછી તે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે મનુષ્ય જરૂર પ્રવર્ત્તન કરે છે-પ્રયત્ન કરે છે. તેમ આ અહિંસાદિ યમ પ્રત્યે જેને સાચી અંતરેચ્છા ઉપજી છે, તે પછી તે ઇષ્ટ અહિંસાદિની સાધના માટે અવશ્ય પ્રવર્ત્તે છે, અવશ્ય પ્રયત્ન કરે છે, અને તે ગમી ગયેલી-ગોઠી ગયેલી ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં ગમે તેટલા વિઘ્નો નડે, ગમે તેટલી વિપત્તિઓ આવી પડે, તો પણ તે મનુષ્ય તેનો પીછો છોડતો નથી, પણ ઉલટો બમણા ઉત્સાહથી તે વિઘ્નો પણ સામનો કરી-**વિઘ્નજય** કરી આગળ ધપે છે. તેમ અંતરાત્માથી પરમ ઇષ્ટ માનેલા અહિંસાદિની પ્રાપ્તિના માર્ગમાં ગમે તેટલા વિઘ્નના ડુંગરા આડા આવી પડે, ગમે તેટલી વિપત્તિ-સરિતાઓ વચ્ચે નડે, તો પણ આત્માર્થી મુમુક્ષુ પોતાના ઇષ્ટ ધ્યેયનો કેડો કદી મૂકતો નથી, પણ ઉલટો દ્વિગુણિત ઉત્સાહબળથી તે વિઘ્નોનો-અંતરાયોનો પણ પરાજય કરી આગળ વધવા મથે છે, 'ધીઠાઇ કરી માર્ગે સંચરે છે.' પરમ આત્મ-પરાક્રમવંત **જ્ઞાની** સત્પુરુષોના પરમ સંવેગપૂર્ણ અમૃતવચનો છે કે—

"ગમે તેમ હો, ગમે તેટલા દુઃખ વેઠો, ગમે તેટલા પરિસહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમયમાત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

" ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ !
ધીઠાઈ કરી મારગ સંચરૂં, સેંગૂ કોઈ ન સાથ.........

અભિનંદન જિન દરિશન તરસિયે. "—શ્રી આનંદઘનજી.

પ્રથમ તો કોઈ વટેમાર્ગુ અમુક સ્થળે જવા ઇચ્છે છે, એટલે તે તેના માર્ગે ચાલવા માંડે છે—ગમનક્રિયા કરે છે. અને પછી વચ્ચે આવી પડતા વિઘ્નોનો જય કરતો રહી તે પોતાના ઇષ્ટ સ્થળ પર્યંત ગમનક્રિયા ચાલુ રાખે, તો અનુક્રમે તે સ્થળે પહોંચે છે. એને વચ્ચમાં ત્રણ પ્રકારના મુખ્ય વિઘ્ન સંભવે છે—**કંટકવિઘ્ન, જ્વરવિઘ્ન,** અને **દિગ્મોહવિઘ્ન.** (૧) **કંટકવિઘ્ન** એટલે કાંટો લાગવાથી જરા ક્ષણભર વિઘ્ન નડે તે; પણ તે નિકળી જતાં તરત મુસાફરી ચાલુ થાય છે. આ જઘન્ય—નાનામાં નાનું વિઘ્ન છે. (૨) બીજું **જ્વરવિઘ્ન,** રસ્તામાં તાવ આવતાં મુસાફરી મોકુફ રાખવી પડે તે, અને તે ઉતરી જતાં મુસાફરી ચાલુ થાય છે. આ બીજું વિઘ્ન પહેલા કરતાં આકરું હોઈ મધ્યમ છે, વચલા વાંધાનું છે. (૩) ત્રીજું **દિગ્મોહવિઘ્ન** સૌથી આકરૂં હોઈ મોટામાં મોટું—ઉત્કૃષ્ટ પ્રકારનું વિઘ્ન છે. કારણકે દિશામોહથી તે મુસાફર પોતાની જવાની દિશા જ ભૂલી જાય છે, આડફેટે ચઢી જવાથી ગોથાં ખાય છે, અને પુનઃ માર્ગે ચઢે—ઠેકાણે આવે ત્યાંસુધી આ વિઘ્ન નડે છે. તેમ અહિંસાદિ યોગમાર્ગે પ્રવર્ત્તતાં પણ સાધક યોગીને આવા જઘન્ય મધ્યમ—ઉત્કૃષ્ટ પ્રકારનાં વિઘ્નો નડે છે. તેનો જય કરી તે મુમુક્ષુ પુરુષ આગળ વધવા મથે છે. જેમકે, શીત—તાપ વગેરે કંટક વિઘ્ન સમાન છે, જ્વર વગેરે બાહ્ય વ્યાધિ તે જ્વર વિઘ્ન સમાન છે, અને મિથ્યા દર્શનરૂપ અંતર્ વ્યાધિ તે દિગ્મોહ વિઘ્ન સમાન છે. આ વિઘ્નોમાંથી આ અહિંસાદિનું પાલન—ભંગસંરક્ષણ તે કરે છે, અને એમ વિઘ્ન જય કરતો કરતો તે આગળ ધપે છે.

ત્રણ પ્રકારના વિઘ્ન

" વિના વિઘનજય સાધુને રે, નવિ અવિચ્છિન્ન પ્રયાણ રે;
કિરિયાથી શિવપુરી હોય રે, કેમ જાણે અન્નાણ રે ? પ્રભુ૦
શીત તાપ મુખ વિઘન છે રે, બાહેર અંતર વ્યાધિ રે;
મિથ્યાદર્શન એહની રે, માત્રા મૃદુ મધ્યાધિ રે. પ્રભુ૦
આસન અશન જયાદિકે રે, ગુરુયોગે જય તાસ રે;
વિઘન જોર એ નવિ ટળે રે, વગર જ્ઞાન અભ્યાસ રે. પ્રભુ૦ "

સા. ત્ર. ગા સ્ત. ઢાલ ૧૦

અને જેમ કુશલ માળી આલવાલથી—કયારાથી કુમળા છોડનું કાળજીથી '**પાલન**'—સંરક્ષણ કરે છે, તેમ સાધક મુમુક્ષુ સમ્યક્ આચરણરૂપ—સમિતિગુપ્તિરૂપ આલવાલથી—કયારાથી આ અહિંસાદિરૂપ કોમળ છોડનું યતનાથી 'પાલન'—સંરક્ષણ

અહિંસાદિ છોડનું 'પાલન' કરે છે. જેમ વત્સલ માતા બાલકનું યત્નથી લાલન-પાલન કરે છે, તેમ મુક્તિ અનુરાગી મુમુક્ષુ અહિંસાદિ યમનું યત્નથી પાલન કરે છે. જેમ પ્રજાવત્સલ રાજા નિજ રાજ્યનું પ્રેમથી પાલન-રક્ષણ કરે છે, તેમ મુક્તિ-વત્સલ યોગીરાજ નિજ અહિંસાદિ યોગ-સામ્રાજ્યનું પ્રીતિથી પાલન-રક્ષણ કરે છે. અથવા કોઈની પાસે મહામૂલ્ય રત્ન હોય, તો તે તેનું પાલન કેવા યત્નથી કરે? તે રખેને પડી ન જાય, ગુમાવી ન બેસાય, કોઇ તેને ચોરી ન જાય, ભૂલેચૂકે તેને ડાઘ ન લાગી જાય, એટલા માટે તેને સાચવી સંભાળીને રેશમી કપડામાં વિંટાળી નાની પેટીમાં મૂકી, તેને કબાટમાં કે તેજૂરીમાં તે રાખી મૂકે છે, અને તે બરાબર સલામત છે કે નહિં તેની વારંવાર ચોકસી કરે છે. અને આમ તેનું નિરંતર પાલન, ગોપન, ભંગ-સંરક્ષણ, સાચવણી-જાળવણી કરે છે, તો પછી આ તો **અમૂલ્ય ચિન્તામણિ રત્નથી પણ અધિક,** મહા મેરુથી પણ મહામહિમાવાન્, એવા અહિંસાદિ **યોગચિંતામણિના જતન** માટે, નિરંતર પાલન માટે, ગોપન માટે, અભંગ માટે, રક્ષણ માટે, સાચવણી માટે, જાળવણી માટે કેટલો બધો પ્રયત્ન હોવો જોઇએ? કેટલી બધી સતત જાગૃતિ હોવી જોઇએ? કેટલી બધી અખંડ પુરુષાર્થ પ્રવૃત્તિ હોવી જોઇએ? ત્યાં 'પાંચમો આરો કઠણ છે, શું કરીએ?' ઇત્યાદિ ખોટા બ્હાના-ઓઠા દઇ પ્રમાદ કરવો કેમ પાલવે? હજુ ભવસ્થિતિ પાકી નથી, પાકશે ત્યારે વાત, એમ કહી લમણે હાથ દઇ, પાદપ્રસારિકા કરવી કેમ પોસાય? (જુઓ. પૃ. ૧૫૩-૧૫૪)

સર્વત્ર શમસાર

અને આવું આ યમપાલન કેવું વિશિષ્ટ છે? તો **કે સર્વત્ર શમસાર જ છે,** અર્થાત્ શમ જ જેનો સાર છે, અથવા શમથી જ જે સાર છે,-પ્રધાન છે, અથવા શમનો જ જે સાર છે, એવું છે. આ યમપાલનનો સાર શમ છે, અથવા શમનો સાર આ યમપાલન છે, અથવા શમથી જ આ યમપાલન સાર છે-પ્રધાન છે. તાત્પર્ય કે-યમના પરિણામે સારભૂત એવો શમ જ ઉપજે છે, શમ જ એનું સારભૂત ફળ છે; અને શમના પરિણામે સારભૂત એવો યમ જ ઉપજે છે, યમ જ એનું સારભૂત ફળ છે. આમ યમનો ને શમનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે.

યમના સારભૂત ફલપરિણામરૂપ સર્વત્ર શમ જ ઉપજે છે, સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય છવાઇ રહે છે; સર્વત્ર-સર્વ સ્થળે એટલે પોતાને અને પરને, દ્રવ્યથી અને ભાવથી, સર્વ

યમનો સાર શમ પ્રકારે શમ જ-શાંતિ જ ઉપજે છે. કારણ કે (૧) જે અહિંસાદિ સેવે છે તે પોતે અદ્ભુત આત્મશાંતિ અનુભવે છે, અને પરને પણ શાંતિ ઉપજાવે છે. જે અહિંસાદિ સેવે છે, તે પોતે તાપ પામતો નથી ને અન્ય જીવોને પણ તાપ પમાડતો નથી. પણ શીતલ ચંદનની જેમ સર્વત્ર તાપનું શમન કરી શીતલતા આપે છે, શીતલ ચંદ્રની જેમ સર્વને આનંદ આનંદ ઉપજાવે છે.

(૨) અથવા યમનું ફલ ઉપશમ અર્થાત્ સર્વત્ર કષાયાદિની ઉપશાંતિ છે, જે અહિંસાદિ યમ પાળે છે, તેના ક્રોધાદિ કષાય ઉપશાંત થઈ જાય છે, અને તે બીજાઓના કષાયને પણ ઉપશાંત કરે છે. કારણકે અહિંસા-સત્યાદિથી ક્રોધાદિ કષાયના ઘણા ઘણા કારણો સ્વયમેવ દૂર થઇ જાય છે, અને અહિંસક સત્ય વક્તાનો ચારિત્ર પ્રભાવ અન્ય જીવો પર પણ સહજ સ્વભાવે પડે છે, તેથી સ્વ-પરના કષાયનો ઉપશમ થાય છે. (૩) અથવા અહિંસાદિ યમ જે સેવે છે, તે સમભાવરૂપ શમને-શાંતિને પામે છે. કારણ કે સમભાવી આત્મા **'સર્વ જગજંતુને સમ ગણે'** છે, માન-અપમાન, વંદક-નિંદક આદિને સમ ગણે છે, એટલે તેને વિષમતારૂપ અશાંતિ હોતી નથી. (૪) અથવા અહિંસાદિ જે પાળે છે, તેને શમ અર્થાત્ સ્વરૂપશાંતિ ઉપજે છે, તે સ્વરૂપમાં શમાય છે. ઉત્કૃષ્ટ અહિંસાદિનું સહજ સ્વભાવિક ફળ સ્વરૂપમાં શમાવું એ છે; કારણ કે સ્વરૂપની ઘાત ન થવા દેવી અને પરભાવ પ્રત્યે ગમન ન કરવું, એ જ પારમાર્થિક ભાવ અહિંસાદિનું પરમ સ્વરૂપ છે. એટલે આવા અહિંસાદિથી જીવ સમસ્ત પરભાવથી વિરામ પામી સ્વરૂપ-વિશ્રાંતિરૂપ પરમ આત્મશાંતિને ભજે છે, અર્થાત્ સ્વરૂપમાં શમાય છે. (જુઓ પૃ. ૩૯૫ તથા પૃ. ૫૭૨)

શમનો સાર યમ

અથવા ઉલટી રીતે લઈએ તો સર્વત્ર શમના સારરૂપ યમપાલન જ છે. કારણ કે (૧) જીવ જ્યારે શમને પામે છે, અર્થાત્ કષાયની ઉપશાંતિને-ઉપશમને પામે છે, ત્યારે તેના ક્રોધ-માન-માયા-લોભાદિ દુષ્ટ ભાવ મોળા પડે છે, એટલે ક્રોધાદિને વશ થઇ તે હિંસાદિ કરતો નથી, અને સ્વાભાવિક રીતે અહિંસાદિ પ્રત્યે જ ઢળે છે. (૨) અથવા જીવ જ્યારે શમને-શાંતિને પામે છે ત્યારે તે અન્યને પણ શાંતિ આપે છે, હિંસાદિથી પરને ઉપતાપ ઉપજાવતો નથી. (૩) અથવા જીવ જ્યારે શમને-સમભાવને પામે છે ત્યારે તે સર્વ જગત્ જીવોને સમ ગણતો હોઇ હિંસાદિ કરતો નથી અને અહિંસાદિ પાળે જ છે. (૪) અથવા જીવ જ્યારે સ્વરૂપવિશ્રાંતિરૂપ પરમ આત્મશાંતિને પામે છે, સ્વરૂપમાં શમાય છે, ત્યારે તે સ્વરૂપ અહિંસાદિરૂપ ઉત્કૃષ્ટ અહિંસાદિ યમપાલન કરે જ છે.

યમ ત્યાં શમઃ શમ ત્યાં યમ

આમ યમપાલનનો સાર શમ અને શમનો સાર યમપાલન, એમ પરસ્પર સંકલિત છે. જે મુમુક્ષુ યમ એટલે ઉપરમ (વિરતિ) પામે છે, તે શમ એટલે ઉપશમ પામે છે; અને જે શમ-ઉપશમ પામે છે, તે યમ-ઉપરમ પામે છે. કારણ કે જે કષાયાદિનો **ઉપશમ** પામે છે તેને વિષયાદિ નિમિત્તે થતા હિંસાદિનો ઉપરમ-વિરમણ અવશ્ય હોય છે; અને જેને વિષયાર્થે થતી હિંસાદિનો **ઉપરમ** હોય છે, તેને કષાયાદિનો ઉપશમ હોય છે; કારણ કે વિષયથી કષાય ને કષાયથી વિષય હોય છે, એટલે વિરતિ પામે છે તે શાંતિ પામે છે, અને શાંતિ પામે છે તે વિરતિ પામે છે. **'ज्ञानस्य फलं विरतिः।'** તાત્પર્ય કે-(૧) જે પરભાવથી

વિરતિરૂપ **ઉપરમ** પામે છે, તે સ્વરૂપમાં શમનરૂપ **ઉપશમ** પામે છે; અને જે સ્વરૂપમાં શમનરૂપ ઉપશમ પામે છે, તે પરભાવથી વિરતિરૂપ ઉપરમ પામે છે. (૨) અથવા પરભાવ પ્રત્યે જતા આત્માના સંયમનરૂપ સંયમ-યમ જે સેવે છે, તે સ્વરૂપમાં શમાવારૂપ શમ પામે છે, અને જે સ્વરૂપમાં શમાવારૂપ શમ પામે છે, તે પરભાવ પ્રત્યે જતા આત્માના સંયમનરૂપ સંયમ-યમ પામે છે.

અત્રે **ઉપરમ-ઉપશમનો** આ **ઉપક્રમ** જણાય છે:- પ્રથમ તો જીવને ઉપશમ પરિણામ ઉપજે છે, જીવ શાંત થાય છે. એટલે તેને વિરતિભાવ ઉપજે છે, એટલે તે હિંસાદિથી વિરામ પામે છે, તેથી તેને શાંતિસુખનો અનુભવ થાય છે, એટલે તે વિશેષ વિરતિ કરે છે, તેથી તેને ઓર વિશેષ શમસુખનો અનુભવ થાય છે, એટલે તે વિશેષ વિશેષ વિરતિ કરે છે, એથી શમસુખ ઓર અધિક થાય છે. આમ જેમ જેમ વિરતિની માત્રા વધતી જાય છે, તેમ તેમ શમસુખની અધિકાધિક લહરીઓ છૂટતી જાય છે. યાવત્ પૂર્ણ વિરતિ થતાં પૂર્ણ શમસુખનો અનુભવ થાય છે ને આત્મા નિજ સ્વરૂપમાં શમાય છે.

વળી આ **યમપાલન શમથી જ સાર** છે-પ્રધાન છે. શમ ઉત્પન્ન થવો એ જ આ યમપાલનનો સાર છે. જેટલે અંશે શમ ઉપજે તેટલે અંશે આ યમપાલનની સારભૂતતા. શમની ઉત્પત્તિ એ જ આ યમપાલનની સફળતાની ચાવી છે. આત્માને કષાયની ઉપશાંતિ થઇ, સર્વત્ર સમભાવ આવ્યો, સ્વરૂપ-વિશ્રાંતિરૂપ આત્મશાંતિ ઉપજી, તો સમજવું કે આ યમપાલનનું સારભૂત ફળ મળી ચૂકયું છે. અને જેમ કોઇ પણ પ્રવૃત્તિનું-ક્રિયાનું કંઇ ને કંઇ વિશિષ્ટ ફળ હોય છે જ, તેમ આ યમપાલનરૂપ પ્રવૃત્તિનું-ક્રિયાનું સારભૂત ફળ આ '**શમ**' જ છે, કે જે શમસુખની આગળ ઇંદ્ર ચક્રવર્ત્તી આદિનું સુખ તૃણમાત્ર પણ નથી. વાચકવર્ય શ્રી **ઉમાસ્વાતિજી**નું વચનામૃત છે કે—

" नैवास्ति राजराजस्य तत्सुखं नैव देवराजस्य ।
यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ॥ "—**શ્રી પ્રશમરતિ.**

卐

विपक्षचिन्तारहितं यमपालनमेव यत् ।
तत्स्थैर्यमिह विज्ञेयं तृतीयो यम एव हि ॥ २१७ ॥

વિપક્ષ ચિન્તાથી રહિત, તે યમપાલન જેહ;
તે સ્થૈર્ય અહીં જાણવું, ત્રીજો યમ જ છે તેહ. ૨૧૭

વૃત્તિઃ-विपक्षचिन्तारहितम्—વિપક્ષ ચિંતા રહિત, અતિચારાદિ ચિંતાથી રહિત એમ અર્થ છે, यमपालनमेव यत्-જે યમપાલન જ વિશિષ્ટ ક્ષયોપશમવૃત્તિવડે કરીને, तत् स्थैर्यमिह विज्ञेयम्-તે અહીં-યમોમાં સ્થૈર્ય જાણવું, અને આ तृतीयो यम एव हि-તૃતીય યમ જ છે, સ્થિર યમ છે, એમ અર્થ છે.

અર્થ :—વિપક્ષ ચિન્તાથી રહિત એવું જે યમપાલન જ, તે અહીં યમોમાં સ્થૈર્ય જાણવું; અને તે ત્રીજો યમ જ—સ્થિર યમ જ છે.

વિવેચન

અતિચારાદિ વિપક્ષ ચિન્તાથી રહિત એવું જે વિશિષ્ટ ક્ષયોપશમવૃત્તિથી યમપાલન જ છે, તે અહીં યમોમાં સ્થૈર્ય છે; અને તે જ ત્રીજો **સ્થિરયમ** છે.

એટલે આ અહિંસાદિ યમનું પાલન એવું તો સુદૃઢ થઇ જાય કે રખેને ભૂલેચૂકે અતિચાર આદિ લાગી જશે એવી ચિંતા રાખવી ન પડે, તેનું નામ **સ્થિરપણું** છે.

અતિચારાદિ ચિંતારહિતપણું

પ્રવૃત્તિયમમાં પણ યમપાલન હતું જ, પણ ત્યાં હજુ અતિચાર—દેશભંગ આદિ દોષનો સંભવ હતો; અને અહીં સ્થિરયમમાં તો એટલું બધું સ્થિરપણું થઇ જાય છે કે અતિચારાદિ દોષનો સંભવ રહેતો નથી. પ્રવૃત્તિયમમાં હજુ અહિંસાદિના પ્રતિપક્ષી હિંસાદિ દોષની સંભાવનાને લીધે અહિંસાદિને દેશભંગ થવાનો, અતિચાર લાગવાનો, વ્યાઘાત થવાનો ભય હતો, પણ હવે અહીં તો તેવા ભયને અવકાશ નથી. પૂર્વે અતિચારરૂપ કંટક વિઘ્નનો, હિંસાદિરૂપ જ્વર વિઘ્નનો, અને મતિમોહ—મિથ્યાત્વરૂપ દિગ્મોહ વિઘ્નનો ભય રહ્યા કરતો હતો. પણ હવે તેવા કોઇ વિઘ્નનો ભય રહેતો નથી. **યોગમાર્ગે નિર્વિઘ્ન નિશ્ચિંત પ્રવૃત્તિ** હોય છે, કારણ કે પ્રથમ માર્ગે પ્રવૃત્તિ કરતો હોય, તે માર્ગનો અજાણ હોઇ તેને ઠોકર પણ લાગે છે, વિઘ્નો પણ આડા આવે છે; એટલે ઠોકર ન લાગે, વિઘ્નો આડા ન આવે, અથવા દૂર થાય, એમ ચિંતા કરતાં કરતાં, કાળજી રાખતાં રાખતાં તેને ચાલવું પડે છે; પણ પછી રસ્તાનો રીઢો માહિતગાર ભોમિયો થઇ જતાં તેને ઠોકર લાગવાની કે વિઘ્નો નડવાની બીક રાખવી પડતી નથી, એટલે પછી તે નિશ્ચિંતપણે બેધડક ચાલ્યો જાય છે. તેમ આ અહિંસાદિ યોગમાર્ગે જે પ્રથમ પ્રવૃત્તિ કરતો હોય તે માર્ગનો અજાણ—અનભ્યાસી હોઇ, તેને અતિચારાદિરૂપ સ્ખલના પણ થાય છે, ઠોકર લાગે છે, હિંસાદિ વિઘ્નો પણ નડે છે, એટલે પુનઃ સ્ખલના ન થાય, વિઘ્નો આડા ન આવે અથવા કેમ દૂર થાય, એમ ચિંતા કરતાં કરતાં—ઉપયોગરૂપ કાળજી રાખતાં રાખતાં તેને ગમન કરવું પડે છે. પણ પછી માર્ગનો સુજાણ—અભ્યાસી થઇ ગયા પછી તેને અતિચારાદિ સ્ખલના થવાની કે હિંસાદિ વિઘ્નો નડવાની ભીતિ રહેતી નથી, એટલે પછી તે નિશ્ચિંતપણે બેધડક અહિંસાદિ **યોગમાર્ગે** ગમન કર્યા કરે છે.

પ્રારંભક યોગી 'કાચો' હોઇ તેને હજુ સ્ખલનાનો—અતિચારનો સંભવ છે, પણ પ્રૌઢ અભ્યાસી યોગી 'પાકો' થઇ ગયો હોવાથી તેને ભૂલેચૂકે પણ સ્ખલનાનો સંભવ નથી. (૧) 'નવો નિશાળીઓ' પાઠ લે તેમાં ભૂલચૂક થવાનો સંભવ

અભ્યાસી આદિના દૃષ્ટાંત

છે, પણ પ્રૌઢ વિદ્યાર્થી કડકડાટ પાઠ બોલી જાય તેમાં લેશ પણ સ્ખલનાનો સંભવ નથી હોતો. તેમ આ અહિંસાદિમાં પ્રાથમિક પ્રવૃત્તિ કરનારો–કાચો **અભ્યાસી** અહિંસાદિ આચરે તેમાં અતિચાર લાગવાનો ભય છે, પણ તેના દૃઢ પાલનથી રીઢો થઇ ગયેલો પાકો અભ્યાસી તે આચરે તેમાં અતિચાર દોષનો ભય નથી. (૨) કસરત શરૂ કરનારા શિખાઉને પ્રથમ મગદળ ફેરવવું ભારે થઈ પડે છે, ને તે હાથમાંથી 'પડું પડું' થઈ જાય છે, પણ સારી પેઠે વ્યાયામ કરી ચૂકેલા કસાયેલા શરીરવાળા કસરતબાજ મલ્લને તે ભારી મગદળ ફેરવવું રમત થઈ પડે છે, ને તે તેના હાથમાંથી સ્ખલના પામતું નથી. તેમ અહિંસાદિ યમનો **વ્યાયામ** શરૂ કરનારને પ્રથમ તો તેનું આચરણ કઠિન લાગે છે ને તેમાં સ્ખલના થઇ કે થશે એવી ચિંતા રહે છે. પણ સારી પેઠે યમપાલનનો વ્યાયામ કરી ચૂકેલા પુષ્ટ કસાયેલા ચારિત્ર–દેહવાળા યોગીને તો મેરુ જેવું ભારી વ્રત પાલન–યમપાલન કરવું રમત થઈ પડે છે, ને તે કદી સ્ખલના પામવાનો ભય રહેતો નથી. (૩) **તલવારની ધાર** પર ઊભા રહેતાં પણ શીખવાનું પ્રથમ અભ્યાસીને આકરું પડે છે, અને તેની સ્ખલના પણ થાય છે; પણ પછી અભ્યાસ કરતાં કરતાં તે તલવારની ધાર પર ઊભો રહી શકે છે, એટલું જ નહિં પણ તેના પર સ્હેલાઇથી તાલબદ્ધ નૃત્ય કરી શકે છે, છતાં સ્ખલના પામતો નથી! એવો અજબ બાજીગર તે બની જાય છે! તેમ અહિંસાદિ પાલનરૂપ **અસિધારા વ્રત** પર ઉભા રહેતાં પણ શીખવાનું પ્રારંભકને કઠિન પડે છે, અને તેમ કરતાં તેની અતિચારરૂપ સ્ખલના પણ થાય છે; પછી પુનઃ પુનઃ આસેવનારૂપ અભ્યાસ કરતાં કરતાં–તેની પાછળ 'રઢ લગાડીને મંડયા રહેતાં,' તે અસિધારાવ્રત પર સ્થિર ઊભો રહી શકે છે, એટલું જ નહિં પણ તેના પર સ્હેલાઇથી સંયમરૂપ તાલબદ્ધ નૃત્ય પણ કરી શકે છે! એવું અજબ બાજીગરપણું આ સ્થિર યોગિરાજ દાખવે છે! (જુઓ પૃ. ૫૩૦, 'ધાર તરવારની' ઇ૦) (૪) શસ્ત્ર વ્યાપાર શીખનારને પ્રથમ તો હાથમાં બરાબર શસ્ત્ર પકડતાં પણ આવડતું નથી, ને તે પડી જવાનો પણ ભય રહે છે; પણ શસ્ત્રવિદ્યા સારી પેઠે શીખી લીધા પછી તે **શસ્ત્રજ્ઞ** શસ્ત્રને ગમે તેમ વિંઝી શકે છે, ને હાથો દૃઢપણે હાથમાં પકડયો હોવાથી તેની સ્ખલના થવી સંભવતી નથી. તેમ આ અહિંસાદિ યોગવ્યાપારના અભ્યાસીને પ્રથમ તો આ યોગવ્યાપાર બરાબર આવડતો નથી ને તેનું પતન થવાનો ભય પણ રહે છે; પણ આ યોગશાસ્ત્ર વિદ્યા સારી પેઠે અભ્યાસી લીધા પછી શાસ્ત્રજ્ઞ અભ્યાસી યોગીને તે અહિંસાદિ યોગવ્યાપાર લીલારૂપ થઇ પડે છે, અને અત્યંત દૃઢતાને લીધે તેની સ્ખલના થવાનો સંભવ નથી હોતો. (૫) શિખાઉ **કવિને** પ્રથમ કાવ્ય કરતાં કઠિન પડે છે ને યતિભંગ આદિ દોષનો સંભવ છે, પણ પ્રૌઢ સિદ્ધહસ્ત કવિને કાવ્ય કરવું સહેલું છે, સહજ છે, ને યતિભંગ આદિ દોષનો સંભવ નથી હોતો. તેમ પ્રારંભક યોગીને પ્રથમ અહિંસાદિ યમપાલન કઠિન પડે છે, ને અતિચારરૂપ 'યતિભંગ'

આદિ દોષનો સંભવ છે, પણ પ્રૌઢ સિદ્ધહસ્ત સંયમી યોગીને અહિંસાદિ યમપાલન સહેલું છે, ને તેવો 'યતિભંગ' આદિ દોષ નડતો નથી.–આમ પ્રવૃત્તિયમમાં અને સ્થિર યમમાં યમપાલન તો સામાન્ય જ છે, પણ પ્રવૃત્તિયમમાં અતિચારાદિ દોષ સંભવ છે, અને સ્થિરયમમાં તે દોષનો અસંભવ છે,–આ મુખ્ય તફાવત એ બે વચ્ચે છે.

તેમ જ બીજો તફાવત એ છે કે–પ્રવૃત્તિ યમના પાલન કરતાં સ્થિરયમનું પાલન **વિશિષ્ટ ક્ષયોપશમ** વૃત્તિથી યુક્ત એવું હોય છે. સામાન્ય વિદ્યાભ્યાસમાં પણ એકડીઆ કરતાં જેમ જેમ આગળ અભ્યાસ વધતો જાય છે, તેમ તેમ વિદ્યાર્થીનો ક્ષયોપશમ વધતો જાય છે–બુદ્ધિવિકાસ થતો જાય છે, બુદ્ધિબળ વધતું જાય છે, એટલે તે વિકસિત બુદ્ધિબળથી અભ્યાસ આગળ વધારતો જાય છે તેમ આ યોગવિદ્યાભ્યાસમાં પણ પ્રાથમિક અભ્યાસ કરતાં જેમ જેમ આગળ અભ્યાસ વધતો જાય છે, તેમ તેમ આ યોગવિદ્યાભ્યાસી આત્માર્થી યોગીનો ક્ષયોપશમ વધતો જાય છે, જ્ઞાનવિકાસ થતો જાય છે, ચારિત્રબળ વધતું જાય છે, એટલે તે વિકસિત વિશિષ્ટ ક્ષયોપશમ બળથી ઓર ને ઓર યોગાભ્યાસ આગળ વધારતો જાય છે. વ્યાયામ શરૂ કરતાં પ્રથમ તો થોડો થોડો વ્યાયામ થઈ શકે છે, પણ પછી વ્યાયામથી જેમ જેમ શરીર કસાતું જાય છે, તેમ તેમ અધિક બળથી વિશેષ વ્યાયામ થઈ શકે છે. તેમ **યોગ–વ્યાયામ** શરુ કરતાં પ્રથમ તો થોડો વ્યાયામ થઈ શકે છે, પણ પછી યોગ-વ્યાપારથી જેમ જેમ ચારિત્ર–શરીર કસાતું જાય છે, ચારિત્ર દેહનો વિકાસ થતો જાય છે, ચારિત્ર–કાયા પુષ્ટ થતી જાય છે, તેમ તેમ અધિક બળથી વિશેષ યોગવ્યાયામ થઈ શકે છે. આમ પ્રથમના યમપાલન કરતાં **સ્થિરયમ** યોગીનું આ યમપાલન અધિક બળવાન્, અધિક સંવેગવાન્, અધિક ક્ષયોપશમવાન્, ને અત્યંત સ્થિરતાવાન્ હોવાથી વિશિષ્ટ જાણવું. તે એટલે સુધી કે અચલ ચળે પણ આ સાધક યોગીનું યમપાલન ન ચળે. આ સ્થિરતાનું ઉત્તમ ઉદાહરણ શ્રી જિન ભગવાન્‌માં પ્રાપ્ત થાય છે—

વિશિષ્ટ ક્ષયોપશમ

"અતિ રૂડી રે અતિ રૂડી, જિનજીની થિરતા અતિ રૂડી;
સકળ પ્રદેશે અનંતી, ગુણપર્યાય શક્તિ મહંતી લાલ. અતિ૦
તસુ રમણે અનુભવવંતી, પરરમણે જે ન રમંતી લાલ. અતિ૦
પર દ્રવ્યે જે નવિ ગમણી, ક્ષેત્રાંતરમાંહિ ન રમણી લાલ. અતિ૦
અતિશય યોગે જે નવિ દીપે, પરભાવ ભણી નવિ છીપે લાલ. અતિ૦
નિજ તત્ત્વ રસે જે લીની, બીજે કીણુ હી નવિ કીની લાલ. અતિ૦ "—**શ્રી દેવચંદ્રજી.**

અને યમપાલનનું જ જે શમસારપણું છે તે તો આગળની જેમ અત્રે પણ અધિક અધિકપણે અનુવર્ત્તે છે જ એમ જાણવું. જેમ જેમ યમપાલનનું સ્થિરપણું–દૃઢપણું થતું જાય છે, તેમ તેમ પ્રશમ સુખની માત્રા વધતી જાય છે.

卐

परार्थसाधकं त्वेतत्सिद्धिः शुद्धान्तरात्मनः ।
अचिन्त्य शक्तियोगेन चतुर्थो यम एव तु ॥ २१८ ॥

પરાર્થસાધક સિદ્ધિ આ, શુદ્ધ આત્મની સાર;
અચિન્ત્ય શક્તિ યોગથી, ચતુર્થ યમ આ ધાર. ૨૧૮

અર્થ:—અને પરાર્થસાધક એવું આ યમપાલન તે અચિન્ત્ય શક્તિયોગે કરીને શુદ્ધ અન્તરાત્માની સિદ્ધિ છે; અને આ ચતુર્થ યમ જ–સિદ્ધિયમ જ છે.

વિવેચન

પરાર્થનું–**પરોપકારનું સાધક** એવું જે આ **યમપાલન** છે તે **સિદ્ધિ** છે; અને આ શુદ્ધ અન્તરાત્માની સિદ્ધિ છે–બીજાની નહિં, કારણ કે તેની સંનિધિમાં વૈરત્યાગ હોય છે, એવું તે સિદ્ધિનું અચિન્ત્ય સામર્થ્ય હોય છે. અને આ જે સિદ્ધિ છે તે જ ચોથો સિદ્ધિયમ છે.

ઉપરમાં જે અહિંસાદિ યમપાલન કહ્યું, તે જ ઉત્તરોત્તર શુદ્ધિને પામતું પામતું, એવું ઉત્કૃષ્ટ કોટિનું થઈ જાય કે તે સહજ સ્વભાવે પરમાર્થનું સાધક થઈ પડે; એનો એવો અચિન્ત્ય શક્તિયોગ હોય છે, કે જેથી પરના ઉપર સહેજે ઉપકાર થાય. જેમકે–તેની સંનિધિમાં–નિકટતામાં વૈરત્યાગ હોય છે, 'अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः' (**પાતં. યો.**) ઇત્યાદિ. (જુઓ પૃ. ૫૨૦, 'તે આત્મસ્વરૂપથી મહત્ ઇ૦')

અચિન્ત્ય શક્તિયોગ

આમ અચિન્ત્ય શક્તિયોગથી પરાર્થસાધક એવું જે યમપાલન તે શુદ્ધ અન્તરાત્માની જ સિદ્ધિ છે,–બીજાની નહિં. અર્થાત્ અંતરાત્મા એટલો બધો શુદ્ધ થઈ જાય છે કે તેનો અચિન્ત્ય ચારિત્રપ્રભાવ સહજ સ્વભાવે અન્ય જીવો પર પડે છે, જેથી હિંસક ક્રૂર પ્રાણીઓ પણ પોતાના જાતિવૈર આદિ ભૂલી જાય છે. દા. ત.–ભગવાન્ તીર્થંકરના સમવસરણમાં જાતિવૈરવાળા પ્રાણીઓ પણ જાતિવૈર ભૂલી જઈ પ્રેમથી બાજુ–બાજુમાં બેસીને દેશના સુણે છે. જેમકે–હરિણી સિંહશિશુને પુત્રબુદ્ધિથી સ્પર્શે છે, ગાય વાઘના બચ્ચાને પોતાનો પુત્ર માની પંપાળે છે, બિલાડી હંસબાલને પ્રેમ પરવશ થઈ સ્પર્શે છે, મયૂરી

वृत्तिः–**परार्थसाधकं त्वेतद्**—પરાર્થસાધક એવું આ યમપાલન, **सिद्धिः**–સિદ્ધિ કહેવાય છે. અને આ–**शुद्धान्तरात्मनः**–શુદ્ધ અંતરાત્માની–અન્યની નહિં. **अचिन्त्यशक्तियोगेन**–અચિન્ત્ય શક્તિયોગથી, તેની સંનિધિમાં વૈરત્યાગ થકી. આથી આ–**चतुर्थो यम एव तु**–ચતુર્થ યમ જ છે, સિદ્ધિયમ છે એવો ભાવ છે.

સાપને સ્પર્શે છે,—આમ એક સમભાવરૂઢ, કષાય કલુષતા રહિત એવા ક્ષીણમોહ યોગીના આશ્રયે બીજા પ્રાણીઓ પણ મદ રહિત થઇ પોતાના આજન્મ વૈર છોડી દીએ છે.'

"सारङ्गी सिंहशावं स्पृशति सुतधिया नन्दिनी व्याघ्रपोतम्,
मार्जारी हंसबालं प्रणयपरवशा केकिकान्ता भुजङ्गम् ।
वैराण्याजन्मजातान्यपि गलितमदा जन्तवोऽन्ये त्यजन्ति,
श्रित्वा साम्यैकरूढं प्रशमितकलुषं योगिनं क्षीणमोहम् ॥"—શ્રી શુભચંદ્રાચાર્યજીકૃત
શ્રી જ્ઞાનાર્ણવ.

આત્મામાં અહિંસાની પ્રતિષ્ઠા થતાં—અત્યંત સ્થિરતા થતાં, તે પરમ અહિંસક મહાત્મા યોગીશ્વરની સંનિધિમાં આમ જાતિવૈરનો પણ ત્યાગ હોય છે. તેમજ સત્યાદિની પ્રતિષ્ઠામાં તથાપ્રકારનો તેવો તેવો મહાપ્રભાવ વર્ત્તે છે, ઇત્યાદિ **પાતંજલ** આદિ યોગશાસ્ત્રમાં જે વર્ણવવામાં આવ્યું છે, તે સર્વ અત્ર તીર્થંકર જેવા પરમયોગીના ચરિતમાં પ્રગટ ચરિતાર્થ થયું પ્રતીત થાય છે, તે પરમ યોગેશ્વરના અચિન્ત્ય મહાપ્રભાવના એક દેશમાં શમાઇ જાય છે. આવી જે **શુદ્ધ અંતરાત્માની સિદ્ધિ તેનું નામ સિદ્ધિ** છે,—નહિં કે અન્ય વ્યામોહ ઉપજાવનારા ચમત્કારાદિની સિદ્ધિ તે સિદ્ધિ. તેવી ચમત્કારાદિ બતાવી નમસ્કાર કરાવવારૂપ સિદ્ધિ તો સ્વને ને પરને પાડનારી છે, યોગીને અધઃપતિત—ભ્રષ્ટ કરનારી છે. આ અંગે પરમ યોગસિદ્ધિસંપન્ન **શ્રીમદ્ રાજચંદ્રજી**ના પરમ મનનીય વચનામૃત છે કે:—

"સમ્યગ્દૃષ્ટિ પુરુષો કે જેનો ચોથે ગુણઠાણે સંભવ છે, તેવા જ્ઞાની પુરુષોને વિષે ક્વચિત્ સિદ્ધિ હોય છે, અને ક્વચિત્ સિદ્ધિ હોતી નથી. જેને વિષે હોય છે તેને તે સ્ફુરણા વિષે પ્રાયે ઇચ્છા થતી નથી, અને ઘણું કરી જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે જીવ પ્રમાદવશપણે હોય તો થાય છે; અને જો તેવી ઇચ્છા થઇ તો સમ્યક્ત્વથી પડવાપણું તેને ઘટે છે. પ્રાયે પાંચમે છઠ્ઠે ગુણઠાણે પણ ઉત્તરોત્તર સિદ્ધિજોગનો વિશેષ સંભવ થતો જાય છે, અને ત્યાં પણ જો પ્રમાદાદિ જોગે સિદ્ધિમાં જીવ પ્રવર્ત્તે તો પ્રથમ ગુણઠાણાને વિષે સ્થિતિ થવી સંભવે છે. સાતમે ગુણઠાણે, આઠમે ગુણઠાણે, નવમે, દશમે ઘણું કરી પ્રમાદનો અવકાશ ઓછો છે અગિયારમે ગુણઠાણે સિદ્ધિજોગનો લોભ સંભવતો જાણી પ્રથમ ગુણઠાણે સ્થિતિ હોવી સંભવે છે. બાકી જેટલા સમ્યક્ત્વના સ્થાનક છે, અને જ્યાંસુધી સમ્યગ્ પરિણામી આત્મા છે ત્યાંસુધી તે એકે જોગને વિષે જીવને પ્રવૃત્તિ ત્રિકાળે સંભવતી નથી."—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૩૬૯ (૪૫૦)

આમ યમના ચાર પ્રકાર કહ્યાઃ ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ ને સિદ્ધિયમ. તેમાં **ઇચ્છાયમ** તે અહિંસાદિ યોગમાર્ગ પ્રત્યેની રુચિરૂપ છે, **પ્રવૃત્તિયમ** તે માર્ગે સંચરવા રૂપ—ગમનરૂપ છે, **સ્થિરયમ** તે માર્ગે નિરતિચાર નિર્વિઘ્ન ગમનરૂપ—અત્યંત સ્થિરતા-

રૂપ છે, અને **સિદ્ધિયમ** તે માર્ગના અંતિમ ધ્યેયને પામી પરોપકાર કરવારૂપ છે. ઇચ્છાયમથી માંડીને જેમ જેમ યોગી આગળ વધતો જાય છે, તેમ તેમ તેની આત્મ-વિશુદ્ધિ વધતી જાય છે, સંવેગરૂપ વેગ અતિ વેગ પકડતો જાય છે, ક્ષયોપશમ બળ વૃદ્ધિ પામતું જાય છે, અને છેવટે શુદ્ધ અંતરાત્માની સિદ્ધિ થાય છે.

શુદ્ધ અંતરાત્માની સિદ્ધિ

આ જે **શુદ્ધ અંતરાત્માની સિદ્ધિ**, તેમાં ઉત્કૃષ્ટ કોટિનું યમપાલન શમાઈ જાય છે; કારણ કે ત્યારે આત્મા દ્રવ્ય-ભાવથી પૂર્ણ અહિંસામય બની જાય છે, રાગાદિ વિભાવથી સ્વરૂપની હિંસા કરતો નથી; પૂર્ણ સત્યમય બની જાય છે-પરભાવને પોતાનો કહેવારૂપ અસત્ય વદતો નથી; પૂર્ણ અસ્તેયમય બની જાય છે-પરભાવને લેશ પણ અપહરતો નથી; પૂર્ણ બ્રહ્મચર્યમય બની જાય છે,-શુદ્ધ આત્મસ્વરૂપમાં, બ્રહ્મમાં ચરે છે ને પરભાવ પ્રત્યે વ્યભિચરતો નથી; પૂર્ણ અપરિગ્રહમય બને છે, પરભાવના પરમાણુ પ્રત્યે પણ આત્મભાવરૂપ મમત્વબુદ્ધિ ધરતો નથી. આમ સમસ્ત પરભાવથી વિરામ પામી, સમસ્ત પર-પરિણતિનો પરિત્યાગ કરી, તે **આત્મારામી યોગી** સ્વભાવમાં આરામ કરે છે, ને શુદ્ધ આત્મપરિણતિને નિરંતર ભજ્યા કરે છે. અને આમ શુદ્ધ સ્વરૂપ પદમાં **સ્થિતિ** તેનું નામ જ **પરમ અહિંસા**, તેનું નામ જ પરમ સત્ય, તેનું નામ જ પરમ અસ્તેય, તેનું નામ જ પરમ બ્રહ્મચર્ય, તેનું નામ જ પરમ અપરિગ્રહ. અને આમ આ પાંચે જેને પરમ પરિપૂર્ણ વર્તે છે, તે જ સાક્ષાત્ જીવંત પરમાત્મા, તે જ જંગમ કલ્પવૃક્ષ કે જેને ધન્ય જનો સેવે છે. (જુઓ કાવ્ય, પૃ. ૬૦૨)

★

યમ પ્રકારોનો સાર

અહીં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ યમ-શીલ-વ્રત સર્વ-તંત્ર સાધારણપણાથી સંત જનોને સુપ્રસિદ્ધ છે. તે પ્રત્યેક યમના ચાર ચાર પ્રકાર છે: **ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ, સિદ્ધિયમ.** (૧) યમવંતની કથા પ્રત્યે પ્રીતિ-વાળી એવી જે યમોને વિષે અવિપરિણામિની ઇચ્છા, તે પહેલો **ઇચ્છાયમ** છે. (૨) સર્વત્ર શમસાર એવું જે યમપાલન તે જ અહીં પ્રવૃત્તિ છે, અને તે જ બીજો **પ્રવૃત્તિયમ** છે. (૩) અતિચારાદિ ચિન્તાથી રહિત એવું જે યમપાલન તે જ અહીં સ્થૈર્ય છે, અને તે જ ત્રીજો **સ્થિરયમ** છે. (૪) અચિંત્ય શક્તિયોગથી પરાર્થનું સાધક એવું જે આ યમપાલન તે શુદ્ધ અંતરાત્માની સિદ્ધિ છે, નહિં કે અન્યની, અને આ જ ચોથો **સિદ્ધિયમ** છે. અચિન્ત્ય શક્તિયોગથી તેની સંનિધિમાં વૈરત્યાગ હોય છે.-આમાં પહેલા બે પ્રકાર **પ્રવૃત્તચક્ર** યોગીને પ્રાપ્ત થઇ ચૂકયા હોય છે, અને છેલ્લા બે પ્રકારને અર્થે તે સતત પુરુષાર્થશીલ રહે છે.

卐

અવંચક સ્વરૂપ કહે છે:—

सद्भिः कल्याणसंपन्नैर्दर्शनादपि पावनैः ।
तथादर्शनतो योग आद्यावञ्चक उच्यते ॥ २१९ ॥

દર્શનથી પણ પાવના, કલ્યાણ સંત શું જેહ;
તથાદર્શનથી યોગ તે, આદ્ય અવંચક એહ. ૨૧૯

અર્થઃ—દર્શનથી પણ પાવન એવા કલ્યાણસંપન્ન સત્પુરુષો સાથે તથાપ્રકારે દર્શનથકી જે યોગ થવો, તે આદ્ય અવંચક—**યોગાવંચક** કહેવાય છે.

વિવેચન

કલ્યાણસંપન્ન—વિશિષ્ટ પુણ્યવંત, તથા દર્શનથી પણ પાવન, એવા સંતો સાથે વિપર્યય અભાવે તે પ્રકારે ગુણવત્તાથી તથાદર્શનથકી, જે યોગ—સંબંધ થવો તે આદ્ય-અવંચક—**યોગાવંચક** છે.

તથાદર્શનઃ સ્વરૂપ ઓળખાણ

સંતો સાથે **તથાદર્શનથકી** જે યોગ—સંબંધ થવો અર્થાત્ સત્પુરુષનો તથારૂપે ઓળખાણપૂર્વક યોગ થવો તે યોગાવંચક છે. સત્પુરુષનું જે પ્રકારે '**સ્વરૂપ**' છે, તે પ્રકારે તેના સ્વરૂપદર્શનથકી, સ્વરૂપની ઓળખાણથકી, સત્પુરુષ સાથે જે યોગ થવો, આત્મસંબંધ થવો, બ્રહ્મસંબંધ થવો, તેનું નામ યોગાવંચક છે. સત્પુરુષ સાથે બાહ્ય સમાગમમાં આવવા માત્રથી, ઉપલક ઓળખાણ માત્રથી આ યોગ થતો નથી, પણ તેનું સત્પુરુષ સ્વરૂપે **દર્શન**—ઓળખાણ થવાથકી જ આ યોગ સાંપડે છે. એટલે સત્પુરુષના જોગમાં તથાસ્વરૂપે દર્શન—ઓળખાણ—પીછાન એ જ મોટામાં મોટી અગત્યની વસ્તુ છે. આ આભ્યંતર સ્વરૂપદર્શન થાય, તો જ સત્પુરુષનો ખરેખરો યોગ થાય છે. અને આવો યોગ થાય તે જ અવંચક યોગ છે.

આ **સત્પુરુષ** કેવા હોય છે? તો કે—**કલ્યાણસંપન્ન** અર્થાત્ વિશિષ્ટ પુણ્યવંત હોય છે. **પરમ યોગચિંતામણિરત્નની** સાક્ષાત્ પ્રાપ્તિને લીધે તે પરમ પુણ્યશાળી છે, કલ્યાણને પામેલા છે. આવા સત્પુરુષ **દર્શનથી પણ પાવન** હોય છે. એમના દર્શન કરતાં પણ આત્મા પાવન થઈ જાય છે, એવા તે પરમ પવિત્રાત્મા હોય છે. એઓશ્રીના પવિત્ર આત્મચારિત્રનો જ કોઈ એવો અદ્ભુત મૂક પ્રભાવ પડે છે કે—બીજા જીવોને

વૃત્તિઃ—सद्भिः **कल्याणसंपन्नैः**—કલ્યાણસંપન્ન એવા સંતો—સત્પુરુષો સાથે, વિશિષ્ટ પુણ્યવંત એવા સંતો સાથે, **दर्शनादपि पावनैः**—દર્શનથી પણ પાવન, અવલોકનથી પણ પાવન એવા સાથે, **तथा**—તથાપ્રકારે, તે પ્રકારે ગુણવત્તાથી—ગુણયુક્તપણાથી,—વિપર્યય અભાવે કરીને, **दर्शनम्**—**દર્શન**—તે તથાદર્શન, તેથી કરીને—તેના વડે કરીને જે—**योगः**—યોગ, સંબંધ, તેઓની સાથે થાય તે, **आद्यावञ्चक उच्यते**—આદ્ય અવંચક કહેવાય છે, આદ્ય અવંચક એમ અર્થ છે.

દેખતાં વેંત જ તેની અજબ જાદૂઈ અસર થાય છે. આવા કલ્યાણસંપન્ન, દર્શનથી પણ પાવન, નિર્દોષ નિર્વિકાર વીતરાગ એવા જ્ઞાની સત્પુરુષ, એમની સહજ દર્શનમાત્રથી પણ પાવનકારિણી જાદૂઈ અસરથી સાચા મુમુક્ષુ યોગીઓને શીઘ્ર ઓળખાઈ જાય છે; કારણ કે મૌન મુનિનું દર્શન પણ હજારો વાગાડંબરી વક્તાઓના લાખો વ્યાખ્યાનો કરતાં અનંતગણો સચોટ બોધ આપે છે. (જુઓ પૃ. ૨૫૩, 'અહો સત્પુરુષના વચનામૃત' ઇત્યાદિ.) સ્વદેહમાં પણ નિર્મમ એવા આ અવધૂત વીતરાગ મુનિનું સહજ ગુણસ્વરૂપ જ એવું અદ્‌ભુત હોય છે. જેમકે—

"કીચસો કનક જાકે, નીચસો નરેશપદ, મીચસી મિત્તાઇ, ગરવાઇ જાકે ગારસી;
જહરસી જોગ જાતિ, કહરસી કરામતિ, હહરસી હૌંસ પુદ્‌ગલ છબી છારસી.
જાલસો જગવિલાસ, ભાલસો ભુવનવાસ, કાલસો કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસો સુજસ જાનૈ, વીઠસો વખત માનૈ, ઐસી જાકી રીતિ તાહી, બંદત **બનારસી.**"

—કવિવર **બનારસીદાસજી.**

આવા પરમ નિર્દોષ, પરમ નિર્વિકાર, પરમ વીતરાગ જ્ઞાની સત્પુરુષને–સાધુજનને તેના યથાર્થ ગુણસ્વરૂપે ઓળખવા, તેમનું જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપ છે તે સ્વરૂપે તેમનું દર્શન કરવું તે '**તથાદર્શન**' છે. આ તથાદર્શનથી સત્પુરુષનો યોગ થાય છે, અને તે યોગનું નામ **યોગાવંચક** છે.–આમ આ યોગાવંચકની પ્રાપ્તિમાં ત્રણ મુખ્ય વસ્તુ આવશ્યક છેઃ (૧) જેનો યોગ થવાનો છે, તે સત્પુરુષ, સાચા સંત, સદ્‌ગુરુ હોવા જોઈએ. (૨) તેના દર્શન–સમાગમ થવા જોઈએ. (૩) તેનું તથાસ્વરૂપે દર્શન–ઓળખાણ થવું જોઈએ. આમાંથી એકની પણ ન્યૂનતા–ખામી હોય તો યોગાવંચક થતો નથી.

કારણ કે (૧) પ્રથમ તો જેની સાથે યોગ થવાનો છે તે પોતે સત્, સાચા સત્પુરુષ, પ્રત્યક્ષ સત્ સ્વરૂપને પ્રાપ્ત થયેલા સદ્‌ગુરુ હોવા જોઈએ; શાસ્ત્રોક્ત સકલ સાધુગુણથી શોભતા એવા સાધુચરિત સાચા **ભાવસાધુ** હોવા જોઈએ; **સત્પુરુષ સ્વરૂપ** શુદ્ધ સોના જેવા શુદ્ધ, પરમ અમૃત જેવા મીઠા, શુદ્ધ સ્ફટિક જેવા નિર્મલ પવિત્ર પુરુષ હોવા જોઈએ; સર્વ પરભાવના ત્યાગી આત્મારામી એવા સાચા '**સંન્યાસી**' હોવા જોઈએ; બાહ્યાભ્યંતર ગ્રંથથી–પરિગ્રહથી રહિત એવા સાચા **નિર્ગ્રંથ–ભાવશ્રમણ** હોવા જોઈએ; પરભાવ પ્રત્યે મૌન એવા આત્મજ્ઞાની વીતરાગ જ્ઞાની '**મુનિ**' હોવા જોઈએ; સહજ આત્મસ્વરૂપપદનો જેને સાક્ષાત્ યોગ થયો છે એવા યથાર્થ **ભાવયોગી** હોવા જોઈએ; સ્વરૂપવિશ્રાંત એવા શાંતમૂર્તિ '**સંત**' હોવા જોઈએ; ટૂંકામાં તેમના '**સત્**' નામ પ્રમાણે '**સત્**'–સાચા હોવા જોઈએ, આત્માના પ્રત્યક્ષ પ્રગટ સત્ સ્વરૂપથી યુક્ત એવા 'સત્' હોવા જોઈએ. પણ આવા 'સત્' સ્વરૂપયુક્ત સાચા સંત–સત્પુરુષ ન મળ્યા હોય, અને અસત્ અસંત અસાધુ કે કુસાધુને સત્ માની લીધા હોય, તો આ યોગ બનતો નથી, યોગ અયોગરૂપ

થાય છે; માટે જેની સાથે યોગ થવાનો છે, તે સત્-સત્પુરુષ સાચા **ભાવસાધુ-ભાવયોગી** હોવા જોઈએ. બાકી જગત્માં કહેવાતા સાધુઓનો, બાહ્ય વેષધારી સાધુ-સંન્યાસી-બાવાઓનો, જટાજૂટ વધારનારા નામધારી જોગીઓનો, અનેક પ્રકારના વેષવિડંબક દ્રવ્યલિંગીઓનો કાંઈ તોટો નથી. પણ તેવા સાધુ ગુણવિહીન, **ખોટા રૂપીઆ જેવા, દ્રવ્યલિંગીઓથી** 'કાંઈ શુકરવાર વળતો નથી,' આત્માનું કાંઈ કલ્યાણ થતું નથી. (જુઓ પૃ. ૧૨૮-૧૨૯). (૨) બીજું,-આવા સત્પુરુષ સદ્ગુરુ વિદ્યમાન હોય, પણ તેનો દર્શન જોગ જો ન થાય, સમાગમ-પરિચય ન થાય તો શું કામ આવે? આંગણામાં કલ્પવૃક્ષ ઊગ્યું હોય, પણ તેનો લાભ ન લેવાય તો શું કામનું? અચિંત્ય ચિંતામણિરત્ન હાથ લાગ્યું હોય, પણ તેને સેવી ચિંતિત લાભ ન ઉઠાવાય તો શું કામનું? કામદુધા કામધેનુ મળી હોય પણ તેની આરાધના ન થાય તો શું કામનું? સાક્ષાત્ પરમામૃતનો મેઘ વરસતો હોય, પણ તેને ઝીલવામાં ન આવે, તો શું કામનું? માટે સંતના **દર્શન-સમાગમની** તેટલી જ આવશ્યકતા છે (જુઓ પૃ. ૧૬૨, 'પરિચય પાતક ઘાતક સાધુશું' ઇ.) (૩) ત્રીજું—બાહ્યથી સંતના દર્શન-સમાગમ થાય, પણ અંતરથી

સ્વરૂપનું 'તથાદર્શન'

સંતનું તથાપ્રકારે સંતસ્વરૂપે દર્શન ન થાય, સત્સ્વરૂપે ઓળખાણ ન થાય, તો તેનો બાહ્ય સમાગમયોગ પણ અયોગરૂપ થાય છે, નિષ્ફળ થાય છે. અથવા સત્પુરુષ મળ્યા હોય, પણ તેનું **આંતર્ દર્શન-ઓળખાણ** થઈ શકે એવી પોતાનામાં યોગ્યતા ન હોય, તો યોગ ન મળ્યા બરાબર થાય છે. આ ત્રણમાં પણ ત્રીજો મુદ્દો સૌથી વધારે મહત્ત્વનો છે, કારણ કે સત્પુરુષ હોય, તેના બાહ્ય દર્શન-સમાગમ પણ થયા હોય, પણ તેનું તથાસ્વરૂપે **'આત્મદર્શન'** ન થયું હોય તો શું કામનું? કારણ કે તથાસ્વરૂપે દર્શન વિના સત્પુરુષનો યોગ અયોગ થાય છે-અફળ જાય છે. એમ તો આ જીવે અનેક વાર ભગવાન્ **તીર્થંકર** જેવા પરમ સત્પુરુષના દર્શન કર્યા હશે, પણ આ જીવની યોગ્યતાની ખામીને લીધે તે સત્પુરુષનું **તથાદર્શન** ન થયું, તેથી તે યોગ અફળ ગયો, માટે સત્પુરુષના યોગની ખરેખરી રહસ્ય ચાવી (Master-key) તેનું તથાસ્વરૂપે દર્શન કરવું-ઓળખાણ થવી તે છે. અને એમ થાય ત્યારે જ **અવંચક યોગ** થાય છે.

આ **'અવંચક'** એટલે શું? વંચક નહિં તે અવંચક; વંચે નહિં, છેતરે નહિં, ઠગે નહિં તે અવંચક. જે કદી ખાલી ન જાય, ચૂકે નહિં, એવો અમોઘ, અચૂક, અવિ-

યોગ, અવંચક એટલે?

સંવાદી, રામબાણ તે અવંચક. યોગ એવો કે કદી વંચે નહિં, ખાલી જાય નહિં, તે યોગાવંચક. આ **યોગાવંચક** બાણના લક્ષ્ય તાકવા બરાબર છે. (જુઓ પૃ. ૧૫૯-૧૬૦, આકૃતિ ૬) બાણની લક્ષ્યક્રિયામાં પ્રથમ પગથિયું લક્ષ્ય-નિશાનને બરાબર તાકવું (Aiming) તે છે. તે લક્ષ્ય બરાબર તાકયા પછી જ બીજી નિશાન વિંધવાની ક્રિયા બને છે. તેમ આ

સમસ્ત યોગક્રિયારૂપ રાધાવેધમાં પણ પ્રથમ પગથિયું સાધ્યરૂપ લક્ષ્યને-નિશાનને સુનિશ્ચિત કરી બરાબર તાકવું તે છે. આ સાધ્ય લક્ષ્યની સાથે યોગ થવો-જોડાણ થવું, તેનું નામ જ યોગાવંચક છે. અને તે પરમ નિશ્ચયરૂપ સાધ્ય લક્ષ્ય તો **'સ્વરૂપ જ'** છે, એટલે સ્વરૂપ લક્ષ્યને અનુલક્ષીને કરવામાં આવેલો યોગ તે યોગાવંચક છે. (જુઓ પૃ ૬૯૩)

તો પછી અત્રે સત્પુરુષના તથાદર્શનરૂપ યોગ પર આટલો બધો ભાર મૂકવાનું શું કારણ? કારણ એટલું જ કે-સત્પુરુષ મૂર્તિમંત પ્રગટ સત્સ્વરૂપ છે, સાક્ષાત્-પ્રત્યક્ષ મૂર્તિમંત પ્રગટ સત્સ્વરૂપનો યોગ પામેલ પ્રગટ **'યોગી'** છે, સાક્ષાત્ **સહજાત્મસ્વરૂપ** પ્રભુ છે. એટલે આવા સાક્ષાત્ યોગી સત્પુરુષના જ્વલંત આદર્શદર્શનથી ન ભૂંસાય એવી ચમત્કારિક છાપ મુમુક્ષુ આત્મામાં પડે છે. જેથી એકાંત સ્વરૂપલક્ષી સત્પુરુષનું પરમ અદ્ભુત આત્મચારિત્ર દેખી, તેનો આત્મા સહેજે સ્વરૂપ લક્ષ્ય ભણી ઢળે છે. વાચાલ વક્તાઓના લાખો ઉપદેશો જે બોધ નથી કરી શકતા, તે આવા એક સત્પુરુષનો જીવતો જાગતો દાખલો કરી શકે છે. આમ યોગી પુરુષના તથાદર્શનથી જીવનું લક્ષ્ય એક સાધ્ય સ્વરૂપ નિશાન પ્રતિ કેંદ્રિત થાય છે, અને પછી તેની બધી પ્રવૃત્તિ તે **સ્વરૂપલક્ષી** જ હોય છે. તેટલા માટે સ્વરૂપનો સાક્ષાત્ લક્ષ્ય કરાવનાર સત્પુરુષના યોગને **યોગાવંચક** કહ્યો છે.

સાક્ષાત્ સત્-સ્વરૂપ

આ સત્પુરુષના યોગથી પ્રાપ્ત થતો **યોગાવંચક યોગ** જીવનું આખું જીવનચક્ર બદલાવી નાંખે છે. પ્રથમ જે જીવનું સમસ્ત આચરણ સંસારાર્થ થતું હતું, તે હવે સ્વ-રૂપલક્ષી થયા પછી કેવળ **આત્માર્થ** જ થાય છે. પ્રથમ જે જીવની સમસ્ત ક્રિયા-પ્રવૃત્તિ આત્મબાધક થઈને પ્રવર્ત્તતી હતી, તે હવે આત્મ સાધક થઈને પ્રવર્ત્તે છે. પ્રથમ જે સહુ સાધન બંધનરૂપ નીવડતા હતા, તે હવે સત્ય સાધનરૂપ થઇ પડે છે. પ્રથમ જે સ્વરૂપલક્ષ વિના ષટ્કારક ચક્ર આત્મવિમુખપણે ઉલટું ચાલતું હતું, તે હવે આત્મસન્મુખપણે સુલટું ચાલે છે. (જુઓ આકૃતિ ૨૦). પ્રથમ જે આત્માની બધી ચાલ આશ્રવ-બંધપણે અવળી ચાલતી હતી, તે હવે **સંવર-નિર્જરારૂપ** થઇ સવળી ચાલે છે. પ્રથમ જે જીવના સમસ્ત યોગ-ક્રિયાદિ સ્વરૂપ લક્ષને ચૂકી વાંકાચૂંકા ચાલતા હોઈ, વંકગામી હોઇ, વંચક થઈને પ્રવર્ત્તતા હતા, તે હવે સ્વરૂપ લક્ષ્યને સાંધી સરલ ચાલી, 'અવંકગામી' થઇ, **અવંચક** થઇને પ્રવર્ત્તે છે. આવો ચમત્કારિક પલટો-ફેરફાર આ જીવમાં થઈ જાય છે. **સકલ જોગ-જીવનરૂપ** આ **યોગાવંચક** જ્યારે જીવને પ્રાપ્ત થાય છે, ત્યારે જ તેનું ખરેખરૂં **'જોગીજીવન'** શરૂ થાય છે. અને એટલા માટે જ એને 'આદ્ય'-સૌથી પ્રથમ એવો અવંચક કહ્યો છે; પ્રથમ એ અવંચક હોય તો જ પછી બીજું બધુંય અવંચક હોય છે, નહિં તો વંચક જ હોય છે; કારણ કે તે પહેલાંના તેના સર્વ યોગ-સાધન **વંચક** જ

યોગાવંચકથી જીવનપલટો

હતા, સત્ સાધ્યથી વંચિત કરી–ચૂકાવી છેતરનાર, ઠગ જેમ ઠગનાર હતા. (જુઓ પૃ. ૧૬૨, ૧૬૩, 'યમ નિયમ સંયમ આપ કિયો' ઇત્યાદિ **જોગીંદ્રગર્જના.**)

આમ અનાદિ કાળથી શ્રીમદ્ સદ્ગુરુના યોગ વિના જીવના સર્વ યોગ–સાધન **વંચક** નીવડયા છે, પણ શ્રી સદ્ગુરુનો યોગ થતાં તે સર્વ યોગ **અવંચક** થઇ પડે છે.

સદ્ગુરુ યોગે અવંચક

આવો પરમ અદ્ભુત મહિમા આ **યોગાવંચક યોગનો** છે. આ સત્પુરુષના સ્વરૂપદર્શનરૂપ આ યોગાવંચક નામની **યોગસંજીવની** પ્રાપ્ત થતાં જીવનું આખું યોગચક્ર ચાલુ થઈ જાય છે. જેમ હાથો ફેરવતાં આખું ચક્ર ચાલવા માંડે છે, તેમ આ યોગાવંચકરૂપ હાથો ફેરવતાં આખું યોગચક્ર ચાલવા માંડે છે, માટે સત્પુરુષ સદ્ગુરુના સ્વરૂપની ઓળખાણ થવી એ મોટામાં મોટી વાત છે. તે થયે જીવની યોગ–ગાડી સરેડે ચડી–પાટા પર ચઢી સાચી દિશામાં સડેડાટ પ્રયાણ કરે છે. સ્વરૂપસ્થિત સત્પુરુષ સદ્ગુરુનો તથાદર્શનરૂપ યોગ થયે જ આત્માનું નિજ કાર્ય સિદ્ધ થાય છે, અને પ્રેમઘન એવો અમૃતરસ પ્રાપ્ત થાય છે.

"સત્ તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવલ વ્યતિરિક્ત (જૂદું) છે, કલ્પનાથી પર (આઘે) છે; માટે જેની પ્રાપ્તિ કરવાની દૃઢ મતિ થઇ છે, તેણે પોતે કંઇ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. (જુઓ પૃ. ૩૨૧)

"જ્ઞાની પુરુષનો તેવો તેવો સંગ જીવને અનંતકાળમાં ઘણીવાર થઇ ગયો છે, તથાપિ આ પુરુષ જ્ઞાની છે, માટે હવે તેનો આશ્રય ગ્રહણ કરવો એ જ કર્ત્તવ્ય છે, એમ જીવને આવ્યું નથી, અને તે જ કારણ જીવને પરિભ્રમણનું થયું છે, એમ અમને તો દૃઢ કરીને લાગે છે. ××× જ્ઞાની પુરુષની ઓળખાણ નહિં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ જાણીએ છીયે:—(૧) એક તો હું જાણું છું, હું સમજું છું એવા પ્રકારનું જે માન જીવને રહ્યા કરે છે તે માન. (૨) બીજું, પરિગ્રહાદિને વિષે જ્ઞાની પુરુષ પર રાગ કરતાં પણ વિશેષ રાગ. (૩) ત્રીજું, લોકભયને લીધે, અપકીર્તિ ભયને લીધે, અને અપમાનભયને લીધે જ્ઞાનીથી વિમુખ રહેવું, તેના પ્રત્યે વિનયાન્વિત થવું જોઇએ તેવું ન થવું." —**શ્રીમદ્ રાજચંદ્ર.** પત્રાંક ૧૮૧, ૩૪૨ (૨૧૧, ૪૧૬)

卐

तेषामेव प्रणामादिक्रियानियम इत्यलम् ।
क्रियावञ्चकयोगः स्यान्महापापक्षयोदयः ॥ २२० ॥
તેને જ પ્રણામાદિનો, ક્રિયાનિયમ જે સાર;
ક્રિયા અવંચક યોગ તે, પાપક્ષયોદય કાર. ૨૨૦

વૃત્તિઃ—**तेषामेव**–તેઓને જ, સંતોને જ, **प्रणामादिक्रियानियम इत्यलम्**—પ્રણામાદિ ક્રિયાનિયમ એ જ બસ, **क्रियावञ्चकयोगः स्यात्**—ક્રિયાવંચક યોગ હોય, **અને આ—महापापक्षयोदयः**–મહા પાપક્ષયના ઉદયરૂપ છે, નીચ ગોત્ર કર્મનો ક્ષય કરનારો છે, એમ ભાવ છે.

અર્થ:—તે જ સંતોના પ્રણામાદિ ક્રિયાનો નિયમ એ જ ક્રિયાવંચક યોગ છે,—કે જે મહાપાપક્ષયના ઉદયરૂપ છે.

વિવેચન

તે સંતો પ્રત્યે જ પ્રણામાદિ ક્રિયાનો નિયમ એ જ બસ **ક્રિયાવંચક યોગ** છે; અને આ મહાપાપક્ષયના ઉદયરૂપ છે,-નીચ ગોત્ર કર્મનો ક્ષય કરનારો છે.

સત્પુરુષની ભક્તિ

આવા જે ઉપરમાં હમણાં જ કહ્યા તે શાંત, દાંત ને ક્ષાંત સાચા સત્પુરુષો-ભાવ-સાધુઓ પ્રત્યે જ પ્રણામાદિ ક્રિયાનો નિયમ તે ક્રિયાવંચક છે. આત્માના સત્ સ્વરૂપનો યોગ થયો છે એવા જે સાચા ભાવયોગી સત્પુરુષોનું સત્પુરુષસ્વરૂપે દર્શન થયું, તે સત્પુરુષો પ્રત્યે જ પ્રણામાદિ ક્રિયા કરવી તે **ક્રિયાવંચક** છે. અત્રે આદિ શબ્દથી સ્તવન, કીર્ત્તન, વૈયાવચ્ચ, સેવા વગેરે ગ્રહણ કરવા. જેને સત્પુરુષના સ્વરૂપનું-ગુણવંતપણાનું અદ્ભુત દર્શન થાય છે, તેના સ્વરૂપનો લક્ષ્ય થાય છે, તેનો આત્મા પછી સહજ સ્વભાવે ભક્તિભાવથી તે સંતના ચરણકમળમાં ઢળી પડે છે, તેનો મનોયોગ તે સત્પુરુષના ગુણચિંતનમાં રમે છે, તેના વચન યોગને તે સત્પુરુષનું ગુણસ્તવન ગમે છે, તેનો કાયયોગ તે સત્પુરુષના ચરણે નમે છે, તેના સમસ્ત આત્મપ્રદેશ તે સત્પુરુષ પ્રત્યે પરિણમન-'પરિ-નમન' કરે છે. આમ તે સત્પુરુષ પ્રત્યેની ભક્તિ ક્રિયામાં મન-વચન-કાયાની સમસ્ત શક્તિથી તલ્લીન બને છે. (જુઓ પૃ. ૩, 'પ્રભુપણે પ્રભુ ઓળખી' ઇ૦) એટલે આવો ભક્તિવંત જીવ નિરંતર સત્પુરુષના વિનય, બહુમાન, આદર આદિ કરે છે; તનથી, મનથી, ધનથી, સર્વથી તેમની આજ્ઞા માથે ચઢાવે છે, અને સર્વાત્માથી તેમની વૈયાવચ્ચ-સેવા વગેરે કરે છે; કર જોડી તેમની સેવામાં ખડે પગે ઉભો રહે છે, તેમની સેવામાં તન-મન-ધન સર્વ અર્પણ કરે છે. જોકે સત્પુરુષ તો પરિપૂર્ણ નિઃસ્પૃહ છે અને દેહાદિમાં પણ સર્વથા મૂર્ચ્છારહિત હોઇ પરમાણુમાત્રની પણ અપેક્ષા રાખતા નથી, તો પણ સત્પુરુષને પોતાના પરમ ઉપકારી જાણી આત્માર્થી મુમુક્ષુ જીવ તેમના ચરણકમળમાં આત્માર્પણ કરે છે-આત્મનિવેદન કરે છે, નિજ આત્માનું 'નૈવેદ્ય' ધરે છે, અને ભાવે છે કે '**શું પ્રભુ ચરણ કને ધરું**'?' (જુઓ પૃ. ૧૩૨, 'અહો અહો શ્રી સદ્ગુરુ' ઇ૦)

ઇત્યાદિ પ્રકારે જે પરમ નિઃસ્પૃહી આત્મારામી સત્પુરુષ પ્રત્યે પ્રણામાદિ ભક્તિ ક્રિયા કરવામાં આવે છે, તે જ ક્રિયાવંચક યોગ છે, તે જ **ક્રિયા અવંચક** છે. ક્રિયા એવી કે જે કદી વંચે નહિં, ચૂકે નહિં, ફોગટ જાય નહિં, તે ક્રિયાવંચક. લક્ષ્યને-નિશાનને બરાબર તાકીને ફેંકવામાં આવેલા **બાણની ગમન ક્રિયા** લક્ષ્ય ભણી જ હોય, અચૂક-અવંચક જ હોય, આડીઅવળી ન હોય, વંચક-ચૂકનારી ન હોય. તેમ સત્પુરુષના **સ્વરૂપ-લક્ષ્યને** બરાબર લક્ષમાં રાખીને કરવામાં આવેલી આ વંદનાદિ ક્રિયા પણ સાધ્ય

સ્વરૂપ લક્ષ્ય ભણી જ હોય, અવંચક–અચૂક જ હોય, આડીઅવળી ન હોય, વંચક–ચૂકનારી ન હોય. આમ આ ક્રિયાવંચક પ્રસ્તુત બાણુના દૃષ્ટાંતમાં **બાણુની અવંચક ગમનક્રિયા બરાબર** છે; કારણ કે જો નિશાન પ્રત્યે બાણુનો યોગ–અનુસંધાન બરાબર તાકેલ–અવંચક હોય, તો નિશાન પ્રત્યેની ગમનક્રિયા પણ બરાબર અચૂક–અવંચક જ હોય. અને જો નિશાન પ્રત્યે બાણુનો યોગ–અનુસંધાન બરાબર તાકેલ ન હોય, વંચક–ચૂકી જનાર હોય, તો નિશાન પ્રત્યેની ગમનક્રિયા પણ આડીઅવળી–વંચક હોય. તેમ યોગ જો અવંચક હોય, તો ક્રિયા પણ અવંચક હોય; અને યોગ જો વંચક હોય તો ક્રિયા પણ વંચક હોય, આ નિયમ છે.

સત્પુરુષના યોગ વિનાની વંચક ક્રિયા

એટલે સત્પુરુષના સ્વરૂપદર્શનરૂપ–ઓળખાણરૂપ યોગ પછીની જે કાંઇ વંદનાદિ ક્રિયા છે, તે જ અવંચક હોય છે. તે ઓળખાણુ પહેલાંની જે ક્રિયા છે, તે વંચક હોય છે–સત્ફળથી ચૂકાવનારી હોય છે. કારણ કે અનંતકાળથી આ જીવે અનંત ક્રિયા કરવામાં કંઇ મણા રાખી નથી, અનંત પરિશ્રમ ઊઠાવવામાં કાંઇ બાકી રાખી નથી. (જુઓ પૃ. ૧૬૨) અરે! દ્રવ્ય શ્રમણુપણાની અનંત ક્રિયા ઉત્તમ રીતે પાળીને આ જીવ ગ્રૈવેયકમાં પણ અનંત વાર ઉપજ્યો હતો. પણ તથારૂપ ભાવ વિના પરમાર્થથી તે બાપડાની આ બધી મહેનત પાણીમાં ગઇ છે! કારણુ કે જીવનો આ બધો પ્રયાસ ઉલટી દિશામાં–ઉંધી દિશામાં હતો. ઉંધી દિશામાં લાખો ગાઉ કાપી નાંખ્યે શું વળે? સાચી દિશામાં એક ડગલું પણ વધે તો લક્ષ્યસ્થાન નિકટ આવતું જાય, પણ તેમ તો આ જીવે કર્યું ન્હોતું ને તેથી તે રખડ્યો. આ બધું નિષ્ફળ થયું, તેનું કારણ તેને સત્પુરુષનો યોગ થયો નહિં તે છે. સત્પુરુષનો ભેટો તો તેને અનેક વાર થયો હશે, પણ તેણે સત્પુરુષને તત્સ્વરૂપે ઓળખ્યા નહિ, એટલે કલ્યાણુ થયું નહિં. સત્પુરુષનું **સ્વરૂપ ઓળખી તેને** જો એક વાર પણ ભાવવંદન–નમસ્કાર કર્યો હોત, તો તેનો બેડો ક્યારનો પાર થઇ ગયો હોત! કારણુ કે 'જિનવરવૃષભ **વર્ધમાનને** એક પણ નમસ્કાર સંસાર-સાગરથી નર કે નારીને તારે છે'–એ શાસ્ત્રવચનથી એ પ્રતીત થાય છે. એમ એક વાર પણ જો તેણે આગમરીતે વંદના કરી હોત તો સત્ય કારણે કાર્યની સિદ્ધિ તેને પ્રતીત થઈ જાત. (જુઓ પૃ. ૩, 'इक्कोवि नमुक्कारो' ઇ.)

આમ તેણે સત્પુરુષને ઓઘે અનંતવાર વંદનાદિ કર્યું હશે-પણ ઓળખ્યા વિના, એટલે જ તેને આ વંદનાદિ ક્રિયા **વંચક** થઇ પડી, સત્ફળથી ચૂકવનારી–વંચનારી થઇ પડી! હા, તેથી શુભબંધ થયો–પુણ્યોપાર્જન થયું, પણ સંસાર પરિભ્રમણ અટક્યું નહિ; ચતુર્ગતિરૂપ અનેકાંત ફળ મળ્યું, પણ મોક્ષરૂપ એકાંત ફળ મળ્યું નહિં! વળી આ સ્વરૂપ લક્ષ્ય વિનાની અનંત ક્રિયા કરતાં પણ આ જીવ એવી જ ભ્રમણામાં હતો કે હું ધર્મ કરું છું, યોગ સાધું છું, મોક્ષસાધક ક્રિયા કરું છું. અને એવી ભ્રાંત માન્યતાથી તે

સ્વરૂપલક્ષ્ય વિનાની ક્રિયા વંચક

આત્મવંચના કરતો હતો, પોતે પોતાને વંચતો હતો, ઠગતો હતો; તેથી પણ આ બધી ક્રિયા વંચક, છેતરનારી, ઠગ હતી. કારણ કે આ ક્રિયાના ઓઠા હેઠળ તે પોતે પોતાને 'ધર્મિષ્ઠ' માની, વંચક ક્રિયાનું અભિમાન રાખી, પોતાના આત્માને છેતરતો હતો, અને સત્ફળથી વંચિત રહેતો હતો. તાત્પર્ય કે-સત્પુરુષની સ્વરૂપપીછાન પછીની વંદનાદિ સમસ્ત ક્રિયા **અવંચક** જ હોય છે, અને તે જ **ક્રિયાઅવંચક યોગ** છે. આ ક્રિયાવંચક યોગ મહાપાપક્ષયના ઉદયરૂપ છે, અર્થાત્ એથી કરીને **મહાપાપક્ષયનો ઉદય** થાય છે, મહાપાપનો અત્યંત ક્ષય થાય છે. સત્પુરુષની ભક્તિથી નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે; કારણ કે ઉચ્ચને-ઉત્તમને સેવે તે ઉચ્ચ-ઉત્તમ થાય છે, એટલે પરમ ઉત્તમ એવા સત્પુરુષના સેવનથી નીચ ગોત્રનું નામનિશાન પણ હોતું નથી. ઉત્તમના સંગથી ઉત્તમતા વધે છે. (જુઓ પૃ. ૧૧૨, 'ઉત્તમ ગુણ અનુરાગથી' ઇ૦)

卐

फलावञ्चकयोगस्तु सद्भ्य एव नियोगतः ।
सानुबन्धफलावाप्तिर्धर्मसिद्धौ सतां मता ॥ २२१ ॥

સંત થકી જ નિયોગથી, ફલ અવંચક યોગ;
ધર્મસિદ્ધિમાં સંત મત, સાનુબંધ ફલ યોગ. ૨૨૧

અર્થ:—અને ફલાવંચક યોગ તો સંતો થકી જ નિયોગથી સાનુબંધ ફલપ્રાપ્તિ ધર્મસિદ્ધિ વિષયમાં સંતોને સંમત છે.

વિવેચન

અને **ફલાવંચક** નામનો જે છેલ્લો યોગોત્તમ છે, તે કેવો છે? તો કે-હમણાં જ કહ્યા તે સંતો થકી જ નિયોગથી, જે તથાપ્રકારે સદુપદેશાદિવડે કરીને, ધર્મસિદ્ધિ વિષયમાં સાનુબંધ ફલપ્રાપ્તિ તે જ ફલાવંચક યોગ સંતોને સંમત છે.

જે સત્પુરુષના તથાદર્શનથી-સ્વરૂપઓળખાણથી **યોગાવંચકની** પ્રાપ્તિ થઇ, તથા યોગાવંચકની પ્રાપ્તિ થયે જે સત્પુરુષ પ્રત્યે જ વંદનાદિ ક્રિયાથી **ક્રિયાવંચકની** પ્રાપ્તિ થઇ, તે જ મહાનુભાવ સત્પુરુષના મહાપ્રભાવથકી જ **ફલાવંચક** યોગની પણ પ્રાપ્તિ હોય છે. કારણ કે જો યોગ અવંચક છે, તો ક્રિયા પણ અવંચક હોય છે, અને તેથી પ્રાપ્ત થતું ફલ પણ અવંચક હોય છે,-બાણની પેઠે. (જુઓ પૃ. ૧૫૯). આ દૃષ્ટાંતમાં નિશાનને વિંધવારૂપ જે એક સ્વરૂપલક્ષ્યની સિદ્ધિ થવી તે ફલાવંચક છે. (જુઓ પૃ. ૧૬૧)

वृत्तिः—**फलावञ्चकयोगस्तु**—ફલાવંચક યોગ તો, ચરમ-છેલ્લો યોગોત્તમ-ઉત્તમ યોગ, કેવો છે? તો કે **सद्भ्यो एव**—અનંતર કહેલા સંતો થકી જ, **नियोगतः**—નિયોગથી, અવશ્યપણે **सानुबन्धफलावाप्तिः**—સાનુબંધ ફલપ્રાપ્તિ,-તથાપ્રકારે સદુપદેશાદિવડે કરીને, **धर्मसिद्धौ**—ધર્મસિદ્ધિરૂપ વિષયમાં, **सतां मता**—સંતોને મત છે, સંમત છે.

આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે-સત્પુરુષની ઓળખાણ પહેલાંના જીવને જે જે ફળ થતા હતા, તે બધા **વંચક** હતા-છેતરનારા હતા; કારણ કે સ્વરૂપ લક્ષ્ય વિના આ જીવે જે જે અનંત ક્રિયા કરી, તેનાં તેના ફળ તો તેને અનેક મળ્યા, પણ તે **સંસારપ્રત્યયી** હોઈ સંસાર પરિભ્રમણરૂપ હતા. (જુઓ પૃ. ૧૬૧, 'એક કહે સાધિયે' ઈ.) દેવાદિ ગતિરૂપ ઈધર-ઉધર અનેકાનેક ફળ તેને મળ્યા, પણ તે છૂટાછવાયા-**વિશૃંખલ** હતા, એક સાધ્ય લક્ષ્ય પ્રત્યે જ દોરી જનારા કડીબંધ-શૃંખલાબદ્ધ ન્હોતા. અથવા તેથી જે ફળપ્રાપ્તિ થતી હતી, તે સ્વરૂપ-સિદ્ધિરૂપ એક મોક્ષફળથી વિમુખ દિશામાં હતી, એટલે તે જીવ સ્વરૂપસિદ્ધિથી દૂર ને દૂર રહેતો હતો, અને આમ તે સત્ફળથી વંચિત રહેતો હોવાથી તેને પ્રાપ્ત બધા ફળ વંચક જ થતા હતા.

વંચક ફળ અનેક

પણ હવે સત્પુરુષનો અવંચક યોગ થયા પછી ક્રિયા પણ અવંચક થયે, તે પરમ કૃપાળુ સત્પુરુષના કૃપા-પ્રસાદથકી જ અવશ્ય અવંચક ફલનો યોગ હોય છે. અર્થાત્ **સાનુબંધ ફલની પ્રાપ્તિ** હોય છે. એક સત્ફળ બીજા સત્ફળની સાથે જેમાં સંકળાયેલું હોય છે, જેમાં ફળનો અનુબંધ ચાલુ રહે છે-ત્રુટી જતો નથી, તે સાનુબંધ ફલપ્રાપ્તિ છે. જેમાં ફલ છૂટું છવાયું-વિશૃંખલ નથી હોતું, પણ અંકોડાબંધ-**એકશૃંખલાબદ્ધ** હોય છે, તે એક સ્વરૂપલક્ષ્યની દિશામાં દોરી જતું એક **મોક્ષપ્રત્યયી** ફળ તે સાનુબંધ ફળ છે. આમ એક એકથી ઉત્તરોત્તર ચઢીયાતા પુણ્યાનુબંધી પુણ્યના અનુબંધથી જીવ સ્વરૂપલક્ષ્યની દિશામાં આગળ ને આગળ પ્રગતિ કરતો જાય છે, ને સ્વરૂપની નિકટ આવતો જાય છે. આ સ્વરૂપપ્રત્યયી એક શ્રેણીરૂપ જે અખંડ ફળપરંપરા તેનું નામ જ સાનુબંધ ફળ અથવા ફલાવંચક છે. (જુઓ પૃ. ૩૯૮, 'શ્રી જિને સહસાગમે ક્રિયાઓ' ઈ.)

અવંચક ફળ એક સાનુબંધ

આકૃતિ ૨૧

સાનુબંધ મોક્ષપ્રત્યયી ફલ O—O—O—O—O—O—→ મોક્ષ.

આ સાનુબંધ ફલપ્રાપ્તિ તથાપ્રકારના સદુપદેશાદિથી હોય છે, કારણ કે સત્પુરુષના ચરણસેવનથી-તેમના '**પદકજ નિકટ નિવાસ**'થી, ઉપાસનથી, 'ઉપનિષદ્'થી તેમના શ્રીમુખે સત્વચનામૃત શ્રવણનો પરમ લાભ પ્રાપ્ત થાય છે, અને તે તથારૂપ યોગ્યતાવાળા તે પાત્ર જીવને પરિણમે છે. એટલે તે સત્પુ-રુષના સદુપદેશાનુસાર કરવામાં આવતી **એકાંત સ્વરૂપલક્ષી** સમસ્ત **ક્રિયાનું ફળ પણ અવંચક** હોય છે. કારણ કે સ્વરૂપસ્થિત આત્મ-જ્ઞાની વીતરાગ સત્પુરુષનો ઉપદેશ સદા મુખ્ય એવા સ્વરૂપ સાધ્યને અનુલક્ષીને જ હોય છે. શુદ્ધ આત્મસ્વભાવરૂપ યોગની સિદ્ધિ જે જે પ્રકારે થાય તે તે પ્રકાર આચરવાનો તેમનો પ્રગટ સત્ઉપદેશ હોય છે. સત્સ્વરૂપપ્રાપ્ત સત્પુરુષનો ઉપદેશ સત્ જ હોય, સત્ સ્વરૂપ જ બોધે, એટલે સત્સ્વરૂપને અનુલક્ષીને થતી પ્રત્યેક ક્રિયા પણ સ્વરૂપાનુસંધાન-વાળી હોવાથી અવંચક ફલવતી જ હોય છે. (જુઓ પૃ. ૧૬૧, 'જીવને જ્ઞાની પુરુષનું

સદુપદેશનો પ્રભાવ

ઓળખાણુ ' ઇ.) અને આ જે સાનુબંધ ફલ પ્રાપ્તિ કહી, તે પણ **ધર્મસિદ્ધિ વિષયમાં જ** સંતોને સંમત છે,-નહિં કે અન્ય વિષયમાં. કારણકે સત્પુરુષો કેવળ '**ધર્મસિદ્ધિ**' સિવાય બીજા કોઈ ફળને ઇચ્છતા જ નથી. જેમ બને તેમ આત્માનો **શુદ્ધ સ્વભાવધર્મ** પ્રગટે, આત્મા સ્વભાવ ધર્મમાં આવે, નિજ સ્વભાવ સાથે યોગરૂપ ધર્મની સિદ્ધિ થાય, એમ જ તેઓ નિરંતર ઇચ્છે છે-ઝંખે છે, અને પ્રભુ પાસે પ્રાર્થે છે. (જુઓ પૃ. ૪૯૪, 'શ્રી સીમંધર જિનવર' ઇ.) બાકી ઇંદ્ર-ચક્રવર્તી આદિ પદવીરૂપ ફળને તે નિષ્કામ સંતજનો કદી ઇચ્છતા જ નથી, છતાં અચિંત્ય ચિંતામણિ સમા ધર્મરત્નના પ્રભાવથી તે પ્રાપ્ત થવા કાંઇ દુર્લભ નથી. યોગરૂપ ધર્મરત્નની સિદ્ધિથી તેની આનુષંગિક પ્રાપ્તિ પણ હોય છે, પણ તે તો જારની પાછળ સાંઠા હોય જ તેના જેવી છે. સત્પુરુષો કાંઇ તેવા **આનુષંગિક ફળમાં** રાચતા નથી, અને તેથી ભોળવાઇ જઇ મૂળ સ્વરૂપલક્ષ્યને ચૂકતા નથી, કારણ કે પશુ હોય તે સાંઠા-કડબ ઇચ્છે ને મનુષ્ય તો જાર જ ગ્રહણ કરે. તેમ સાંઠા જેવા આનુષંગિક-સાથે સાથે થતા ફળને પશુ જેવા બાલજીવ જ ઇચ્છે, પણ પંડિત સંતજન તેથી ફોસલાય નહિં; તે તો 'પાકા વાણીઆ' જેવા સ્વાર્થપટુ હોઈ આત્માર્થરૂપ મુખ્ય મૂળ મુદ્દાને કદી ભૂલે નહિં !

આમ આ અવંચકત્રિપુટીને **બાણની લક્ષ્યક્રિયાની ઉપમા** બરાબર ઘટે છે; તે અત્ર યથાસંભવ ઘટાવી છે. (જુઓ પૃ. ૧૫૮ થી ૧૬૪). આ સર્વ પરથી એ **પરમાર્થ** ફલિત થાય છે કે સત્પુરુષના સ્વરૂપદર્શન યોગથી યોગ અવંચક હોય, તો **સ્વરૂપ લક્ષ્યવાળી** સત્પુરુષ પ્રત્યેની વંદનાદિ ક્રિયા અને તેનું ફલ પણ અવંચક હોય; અને સ્વરૂપદર્શનયોગ વિના જો યોગ વંચક હોય, તો સ્વરૂપ લક્ષ્ય વગરની વંદનાદિ ક્રિયા અને તેનું ફળ પણ વંચક હોય. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે એક યોગ જ બરાબર ન હોય તો બધી બાજી બગડી જાય છે. અને આ યોગ પણ સદ્ગુરુ સત્પુરુષને આશ્રયીને છે, એટલે સાધુ સાચા પુરુષનો-સદ્ગુરુનો સ્વરૂપદર્શનથી થતો '**યોગ**' બરાબર ન બને, તો ક્રિયાનો ને ફળનો ઘાણ પણ બગડી જાય છે. આમ **સંતચરણના આશ્રયયોગ વિના સમસ્ત યોગસાધન ક્રિયાદિ નિષ્ફળ** ગયા છે, આત્મવંચક બન્યા છે, જીવને ઠગનારા-છેતરનારા પૂરવાર થયા છે. સાચા સત્પુરુષનો-ભાવયોગી ભાવસાધુનો આશ્રય કરવામાં આવે, તો જ અવંચક યોગ, અવંચક ક્રિયા ને અવંચક ફળ થાય. એટલા માટે જ અત્રે મહાત્મા શાસ્ત્રકાર મહર્ષિએ 'सद्भिः' 'साधूनाश्रित्य' એ શબ્દો પર ખાસ ભાર મૂકયો છે. અને આમ સદ્ગુરુના અવલંબને એક જ **સ્વરૂપલક્ષ્યના** અનુસંધાન-જોડાણરૂપ યોગ બને, તેના જ અનુસંધાનરૂપ ક્રિયા કરવામાં આવે, અને તેના જ સાનુબંધ સંધાનરૂપ એક મોક્ષપ્રત્યયી ફળ મળે, તો એ ત્રણે અવંચક છે,-**યોગાવંચક ક્રિયાવંચક ને ફલાવંચક છે.** (જુઓ પૃ. ૧૬૪, 'અનંત કાળથી આથડયો' ઇ.)

સદ્ગુરુ યોગે અવંચક ત્રયી

" નિર્મલ સાધુ ભગતિ લહી....સખી૦ યોગ અવંચક હોય....સખી૦
કિરિયાવંચક તિમ સહી....સખી૦ ફલ અવંચક જોય....સખી૦" શ્રી આનંદઘનજી

વળી આ અવંચકત્રયની પ્રાપ્તિ બે પ્રકારે ઘટે છે-**દ્રવ્યથી** અને ભાવથી. **દ્રવ્યથી** એટલે સાચા સત્પુરુષ-ભાવસાધુનું બાહ્યથી-દ્રવ્યથી સ્થૂલ ગુણવંતપણે તથાદર્શન થવું તે દ્રવ્યથી યોગાવંચક છે; તેવા સત્પુરુષો પ્રત્યે દ્રવ્યથી વંદનાદિ ક્રિયા તે દ્રવ્યથી ક્રિયાવંચક છે; અને તેવા સત્પુરુષો પ્રત્યેની તે દ્રવ્ય ક્રિયાથી પ્રાપ્ત થતું ફળ તે દ્રવ્યથી ફલાવંચક છે. સાચા સત્પુરુષને આશ્રીને-ભાવયોગીને અવલંબીને થતા આ દ્રવ્ય અવંચકત્રય પણ જીવને ઉપકારી થાય છે, કારણ કે તે ભાવ અવંચકત્રયીના કારણરૂપ થઇ પડે છે. **ભાવથી**-સાચા સત્પુરુષનું, ભાવસાધુનું સત્પુરુષ સ્વરૂપે અંતરથી-ભાવથી સૂક્ષ્મ ગુણવંતપણે તથાદર્શન થવું તે ભાવથી યોગાવંચક છે. અને તેવા સત્પુરુષો પ્રત્યે જે ભાવ વંદનાદિ ક્રિયા તે ભાવથી ક્રિયાવંચક છે. અને તેવા સત્પુરુષો થકી જે ભાવ ધર્મ ફલસિદ્ધિ થવી તે ભાવથી ફલાવંચક છે અથવા સદ્ગુરુના સદ્ઉપદેશજન્ય સદ્બોધ થકી જીવને સ્વરૂપ લક્ષ્યનો યોગ થવો તે ભાવથી યોગાવંચક, પછી તે સ્વરૂપલક્ષ્યને અનુલક્ષી સ્વરૂપસાધક ક્રિયા તે ભાવથી ક્રિયાવંચક અને સ્વરૂપલક્ષ્યની સિદ્ધિ થવી-આત્મસિદ્ધિ પામવી તે ભાવથી ફલાવંચક. આમ દ્રવ્યથી કે ભાવથી અવંચકત્રયની પ્રાપ્તિ જેને હોય, તે કોઇ પણ મુમુક્ષુ યોગી આ યોગ પ્રયોગનો અધિકારી છે એમ તાત્પર્ય છે. પણ તેમાંયે મુખ્યતા તો **ભાવની** જ છે. આ બન્ને પ્રકારમાં પણ મુખ્ય મહત્વનો મુદ્દો એટલો જ છે કે-આ અવંચકત્રય **સત્પુરુષ આશ્રી** હોવા જોઇએ, સાચા સંત-ખરેખરા **ભાવસાધુ ભાવયોગીને** આશ્રીને જ હોવા જોઇએ. વધારે શું ?

દ્રવ્ય-ભાવ અવંચકત્રયી

તાત્પર્યરૂપ સારાંશ કે-સત્પુરુષનું તથાદર્શન અર્થાત્ તેના સ્વરૂપની ઓળખાણ તે **યોગાવંચક** છે. સત્પુરુષને સત્પુરુષ સ્વરૂપે ઓળખી તેના પ્રત્યે જે પ્રણામાદિ ક્રિયા કરાય તે **ક્રિયાવંચક** છે. અને તે સત્પુરુષ થકી ધર્મસિદ્ધિ બાબતમાં પ્રાપ્ત થતું જે સાનુબંધ ફલ તે **ફલાવંચક** છે. અથવા સ્વરૂપને ઓળખવું તે **યોગાવંચક**, સ્વરૂપને સાધવું તે **ક્રિયાવંચક**, ને સ્વરૂપને પામવું તે **ફલાવંચક**.

卐

એમ એઓનું સ્વરૂપ કહી દેખાડી પ્રકૃતયોજન કહે છે :—

कुलादियोगिनामस्मान्मत्तोऽपि जडधीमताम् ।
श्रवणात्पक्षपातादेरुपकारोऽस्ति लेशतः ॥ २२२ ॥

वृत्ति—कुलयोगिनाम्-ઉક્ત લક્ષણવંતા કુલયોગી આદિને, अस्मात्-આ થકી, આ યોગદૃષ્ટિસમુચ્ચય થકી, मत्तोऽपि-મ્હારા કરતાં પણ, जडधीमताम्-જડબુદ્ધિ એવા બીજાઓને. શું ? તો કે श्रवणात् શ્રવણથકી, पक्षपातादेः-પક્ષપાત, શુભેચ્છા આદિને લીધે, उपकारोऽस्ति लेशतः-લેશથી ઉપકાર છે,-તથાપ્રકારે બીજપુષ્ટિ વડે કરીને.

કુલયોગી આદિકને, મુજથીય જડમતિધાર;
શ્રવણથી પક્ષપાતાદિથી, આથી લેશ ઉપકાર. ૨૨૨.

અર્થ:—આ **યોગદૃષ્ટિસમુચ્ચય** થકી, મ્હારા કરતાં પણ જડબુદ્ધિ એવા કુલયોગી આદિને, શ્રવણ વડે કરીને પક્ષપાત આદિને લીધે, **લેશથી** ઉપકાર છે.

વિવેચન

ઉક્ત લક્ષણવાળા **કુલયોગી** આદિ કે જે મ્હારા કરતાં પણ જડબુદ્ધિ હોય તેવા બીજાઓને, આ **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથથકી, આના **શ્રવણથી** ઉપજતા પક્ષપાત-શુભેચ્છા આદિને લીધે બીજપુષ્ટિ આદિવડે કરીને **લેશથી** ઉપકાર છે.

"દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."—**શ્રી આત્મસિદ્ધિ.**

ઉપરમાં કહ્યું તેમ,—જે યોગિકુલમાં જન્મ્યા છે અને જન્મથી જ યોગિધર્મને પામેલા છે, તથા બીજાઓ પણ જે પ્રકૃતિએ કરીને **દ્રવ્યથી અને ભાવથી** યોગિધર્મને અનુગત છે—અનુસરનારા 'અનુયાયી' છે, તે **કુલયોગીઓ** છે. આ મહાનુભાવ કુલયોગીઓ તથાપ્રકારે ગ્રહના અભાવને લીધે જગત્‌માં સર્વત્ર **અદ્વેષી** હોય છે, ધર્મપ્રભાવને લીધે ગુરુ-દેવ-દ્વિજ તેઓને પ્રિય હોય છે, તથા ક્લિષ્ટ પાપના અભાવને લીધે તેઓ પ્રકૃતિથી—સ્વભાવથી દયાળુ હોય છે, પુણ્યાનુબંધી પુણ્યને લીધે વિનીત—વિનયવાન્ હોય છે, ગ્રંથિભેદ વડે કરીને બોધવંત—તત્ત્વસમજણવાળા હોય છે, અને ચારિત્રભાવે કરીને યતેંદ્રિય—જિતેંદ્રિય હોય છે.

કુલયોગી ને પ્રવૃત્તચક્ર યોગી

અને **પ્રવૃત્તચક્ર** યોગીઓ પ્રથમના બે પ્રકારના યમ—**ઇચ્છાયમ** અને **પ્રવૃત્તિયમ**નો સમ્યક્ પ્રકારે આશ્રય કરનારા હોય છે, અને બાકીના બે યમ—**સ્થિરયમ** અને **સિદ્ધિયમ**ના અત્યંત અર્થી—અભિલાષી હોઇ સદા તેમાં સદુપાય પ્રવૃત્તિ કરનારા હોય છે, અને તેથી કરીને **શુશ્રૂષા** આદિ આઠ ગુણથી યુક્ત એવા હોય છે. તથા **આદ્ય અવંચક યોગ**ની પ્રાપ્તિથી તેનાથી અન્ય એવા બે અવંચકનો લાભ પામેલા હોય છે, અર્થાત્ યોગાવંચકની પ્રાપ્તિને લીધે ક્રિયાવંચક ને ફલાવંચક પણ પામેલા હોય છે.—આવા આ મહાત્મા કુલયોગીઓ અને પ્રવૃત્તચક્ર યોગીઓ આ **મહાન્ યોગ પ્રયોગના અધિકારીઓ** છે એમ યોગવિદો વદે છે. અર્થાત્ આ યોગપ્રયોગ યોગ્ય જે '**જોગિજનો**' હોય તે આવા લક્ષણવંતા—આવા ઉત્તમ ગુણસંપન્ન અવશ્ય હોય, સાચા—મુમુક્ષુઓ, સાચા આત્માર્થીઓ હોય, એમ અત્ર તાત્પર્ય છે.

અને આવા વિશિષ્ટ અધિકારી યોગીઓને ઉદ્દેશીને આ પરમ પરોપકાર-પરાયણ મહાયોગી **શાસ્ત્રકાર મહર્ષિ** કહે છે કે—'આ કુલયોગી-પ્રવૃત્તચક્ર યોગીઓમાં

લઘુતા દર્શન

જે મ્હારા કરતાં પણ જડબુદ્ધિવાળા હોય તેઓને આ '**યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથ** થકી લેશથી–કંઈક ઉપકાર થવો સંભવે છે.' આ શબ્દો ઉપરથી મહાનુભાવ શાસ્ત્રકાર મહાત્માએ પોતાની અત્યંત લઘુતા સરળભાવે દર્શાવવા સાથે, કોને કોને આ ગ્રંથ ખાસ ઉપકારી થઈ પડશે, તેનું સૂચન કર્યું છે. કારણકે 'મ્હારાથી પણ જડબુદ્ધિવાળા' એ પદમાં 'પણ' શબ્દથી પોતાના પણ જડબુદ્ધિપણાનો લઘુત્વભાવે સ્વીકાર કર્યો છે. એટલે હું તો જડબુદ્ધિ–મંદમતિ છું જ, પણ મ્હારા કરતાં પણ જે વધારે જડબુદ્ધિવાળા–મંદમતિ આત્માઓ હોય, તેને આથી કંઈક ઉપકાર થશે એમ આશય છે. કારણકે મતિનો વિકાસ આત્માના ક્ષયોપશમ પ્રમાણે હોય છે, અર્થાત્ કર્માવરણના ક્ષયોપશમ પ્રમાણે બુદ્ધિની તરતમતા–ન્યૂનાધિકતા હોય છે. એટલે હું જો કે મંદ ક્ષયોપશમવાળો છું, છતાં મ્હારા કરતાં પણ મંદ ક્ષયોપક્ષમવાળા જે જીવો હોય, જે આત્મબંધુઓ હોય, તેઓને આ મ્હારી કૃતિ થકી કંઈક આત્મલાભ થવો સંભવે છે. અત્રે 'લેશથી'–કંઈક (a little) એ શબ્દ પણ લઘુત્વભાવનો સૂચક છે. કારણકે આ ગ્રંથ મુમુક્ષુને કાંઈ જેવો તેવો ઉપકારી નથી, પરમ ઉપકારી છે, છતાં એમ કહ્યું છે. વળી અત્રે પોતાને પણ '**જડબુદ્ધિ**' કહ્યા તેનું પારમાર્થિક કારણ પણ છે. કારણકે જે જે **ક્ષયોપશમભાવ** છે તે તે **ક્ષાયિક ભાવ**ની અપેક્ષાએ અલ્પ વીર્ય છે–મંદશક્તિવાળા છે, જડબુદ્ધિરૂપ છે. એટલે કોઈ ગમે તેવા ઉત્કૃષ્ટ ક્ષયોપશમવંત હોય તે પણ ક્ષાયિકભાવની અપેક્ષાએ તો મંદમતિ–અલ્પમતિ જ ગણાય. એટલે ગમે તેવા ક્ષયો-પશમનો પણ મદ કરવા યોગ્ય નથી, એ ન્યાયે ગ્રંથકાર મહર્ષિ કહે છે કે–મ્હારો ક્ષયો-પશમ ભલે ગમે તેવો હોય, પણ હું તો જડમતિ છું, તથાપિ મ્હારા કરતાં અલ્પ ક્ષયો-પશમી જીવો જે હશે, તે આથી કંઈક લાભ ઉઠાવી શકશે. કારણ કે અધિક ક્ષયોપશમ-વંત પાસેથી અલ્પતર ક્ષયોપશમવંતને શીખવાનું–જાણવાનું મળે એ રીતિ છે;–જેમ વધારે ભણેલા પાસેથી ઓછું ભણેલો શીખી–જાણી શકે તેમ. (જુઓ પૃ. ૯૪ 'અલ્પવીર્ય ક્ષયોપશમ અછે' ઇ.) આમ સાચા દૃઢ અધ્યાત્મરંગથી હાડોહાડ રંગાયેલા આ મહાનુભાવ **મહર્ષિ હરિભદ્રાચાર્યજીએ** અત્યંત અત્યંત સરલભાવે આત્મલઘુતા નિવેદન કરી, પોતાની ખરેખરી મહત્તા પ્રગટ કરી છે. કારણ કે–'લઘુતા મેં પ્રભુતા વસે, પ્રભુતા સે પ્રભુ દૂર.'

અહીં જે કંઈક ઉપકાર છે એમ કહ્યું, તે ઉપકાર કયો? અને કેવી રીતે થશે? તેનો પણ અત્ર ખુલાસો બતાવ્યો છે. તે આ પ્રકારેઃ–આ સત્શાસ્ત્રના શ્રવણ થકી તે

ઉપકાર કેવી રીતે?

મહાનુભાવ સુપાત્ર અધિકારી યોગીઓને અત્રે પક્ષપાત–શુભેચ્છા આદિ ઉપજશે, અને તેથી કરીને તેઓને યથાસંભવ બીજપુષ્ટિ વડે કરીને કંઈક ઉપકાર થશે. તે મહાત્મા જોગીજનો આ સત્શાસ્ત્ર સાંભળશે, એટલે તે ગુણગ્રાહી મહાજનોને એના પ્રત્યે કુદરતી પ્રમોદભાવ ઉપ-જવાથી પક્ષપાત થશે, શુભેચ્છા ઉપજશે, ભક્તિભાવ સ્ફુરશે, યથાર્થ યોગમાર્ગનું જ્ઞાન થશે, અને તે યોગમાર્ગે પ્રવર્ત્તવાની અભિલાષા વૃદ્ધિ પામશે. એટલે તેઓને પ્રાપ્ત

થયેલા યોગબીજની પુષ્ટિ થશે, તેમાં સદ્‌યોગ સાધનરૂપ અંકુરા ફૂટશે અને યોગસિદ્ધિરૂપ વૃક્ષ ફાલીફૂલીને મોક્ષરૂપ પરમ અમૃત ફળ આપશે. આમ આ જોગીજનોને પણ આ શાસ્ત્ર થકી આત્મલાભરૂપ કંઈક ઉપકાર લેશથી થવો સંભવે છે. વળી 'લેશથી'-કંઈક એમ કહ્યું છે, તે અન્ય પ્રત્યેના ઉપકારનું ગૌણપણું સૂચવવા માટે છે. કારણકે ગ્રંથકર્ત્તાનો અભિપ્રાય એ છે કે-બીજાઓને તો આથી લેશથી-કંઈક જ ઉપકાર થવો સંભવે છે, પણ આ ગ્રંથગ્રથનથી **મુખ્ય ઉપકાર**-મુખ્ય આત્મલાભ તો **મને જ છે.** આ ગ્રંથ તો મેં ઉપરમાં કહ્યું હતું તેમ '**આત્માનુસ્મૃતિને અર્થે**' રચ્યો છે એટલે આ ગ્રંથનું **મુખ્ય પ્રયોજન** તો મ્હારા પોતાના આત્માનો ઉપકાર છે-મ્હારા પોતાના **આત્માર્થ**ની સિદ્ધિ છે. બાકી ગૌણપણે બીજા જોગી જીવોને આ ગ્રંથરચનાથી કંઈ આનુષંગિક લાભ થતો હોય તો ભલે થાઓ! તે લેવાને તેઓ પરમ યોગ્ય છે! તેઓ પણ આનાથી યથેચ્છ આત્મલાભ ભલે ઊઠાવો! પરમ પ્રેમથી આમ કરવાનું તેમને સર્વને આમંત્રણ છે! પરમ યોગામૃતનું આકંઠપાન કરવા માટે મેં જે આ રચના કરી છે, તેમાં અવગાહન કરી-ઊંડા ઉતરી તેઓ પણ ભલે આ પરમ યોગામૃતનું પાન કરી તૃપ્ત થાઓ! અને પરમ આત્માનંદરસનો અનુભવ કરો!

પક્ષપાત માત્ર થકી શો ઉપકાર? એવી આશંકા દૂર કરવા માટે કહે છે—

तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥ २२३ ॥

પક્ષપાત તાત્ત્વિક અને, ક્રિયા ભાવહીન તેમ;
એનું અંતર જાણવું, સૂરજ ખજુઆ જેમ. ૨૨૩

અર્થ :—તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય જે ક્રિયા,-એ બેનું અંતર સૂર્ય-ખદ્યોતની પેઠે જાણવું.

વિવેચન

"શુદ્ધ ભાવ ને સૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી;
ઝળહળતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં તેતોજી."—શ્રી યો. સ. ૮-૯.

ઉપરમાં અત્રે પક્ષપાત માત્રથી પણ બીજાઓને ઉપકાર થવાની સંભાવના કહી, તે કેમ બની શકે? એવી આશંકા અહીં દૂર કરી છે. **તાત્ત્વિક** એટલે કે જે **પારમાર્થિક**

વૃત્તિઃ—तात्त्विकः पक्षपातः-તાત્ત્વિક પક્ષપાત, પારમાર્થિક પક્ષપાત, **भावशून्या च या क्रिया**-અને ભાવશૂન્ય એવી જે ક્રિયા, **अनयोरन्तरं ज्ञेयं**-આ બેનું અંતર જાણવું. કોની જેમ? તો કે-**भानुखद्योतयोरिव**-સૂર્ય અને ખદ્યોતની જેવું મહદ્ અંતર એમ અર્થ છે.

પક્ષપાત છે, અને જે **ભાવશૂન્ય ક્રિયા** છે,–આ બેની વચ્ચેનું અંતર એટલું બધું મોટું છે કે તેને **સૂર્ય–ખદ્યોતના** અંતરની ઉપમા આપી શકાય. ઝળહળતો સૂરજ અને તગતગતો ખજૂઓ–આગીઓ એ બેના પ્રકાશ વચ્ચે જેટલું મોટું અંતર છે, તેટલું અંતર તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયા એ બેની વચ્ચે છે. **તાત્ત્વિક પક્ષપાત સૂર્યપ્રકાશ સમો છે,** અને **ભાવશૂન્ય ક્રિયા ખદ્યોતપ્રકાશ સમી** છે. એટલે તાત્ત્વિક પક્ષપાતની વાત મોટી છે.

કોઈ એમ શંકા કરે કે–આ યોગ વિષય પ્રત્યે પક્ષપાત માત્ર ઉપજવાથી શો ઉપકાર થાય? ઉપકાર તો ક્રિયા પ્રવૃત્તિથી થાય, માત્ર રુચિરૂપ પક્ષપાતથી શી રીતે થાય? તેનું નિવારણ અત્ર ઉક્ત દૃષ્ટાંતથી કર્યું છે. આ યોગશાસ્ત્ર વિષય પ્રત્યે

તાત્ત્વિક પક્ષપાતથી ઉપકાર

તાત્ત્વિક પક્ષપાત, પારમાર્થિક પક્ષપાત, ખરેખરો **ભાવ પક્ષપાત** ઉપજવો તે પણ કાંઈ નાનીસૂની વાત નથી; કારણ કે તથારૂપ પક્ષપાત અંતરંગ રુચિ–પ્રેમ વિના ઉપજતો નથી, અંતરંગ **ભાવ** વિના ઉપજતો નથી. એટલે અંતરંગ રુચિ–ભાવથી ઉપજતા આ ભાવપક્ષપાતનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે. એની સાથે આપણે જો ભાવ વગરની કરવામાં આવતી અનંત દ્રવ્ય ક્રિયાની સરખામણી કરીએ, તો તે ભાવશૂન્ય ક્રિયાની અતિ અતિ અલ્પ કિંમત છે. કોઈ એક મનુષ્ય સાચા ભાવથી આ યોગ વિષય પ્રત્યે માત્ર પક્ષપાત જ ધરાવતો હોય, અને કાંઈ યોગસાધક ક્રિયા ન પણ કરતો હોય; અને બીજો **ક્રિયાજડ** મનુષ્ય અંતર્ભેદ વિનાની–ભાવ વિનાની અનંત દ્રવ્ય ક્રિયા કરતો હોય,–તો આ બંનેની વચ્ચેનું અંતર સૂરજ ને આગીઆના અંતર જેટલું છે. ભાવથી પક્ષપાત માત્ર ધરાવનાર પણ, ભાવશૂન્ય અનંત ક્રિયા કરનાર ક્રિયાજડ કરતાં અનંતગણો મહાન્ છે. ભાવ પક્ષપાતી સૂર્ય સમો છે, અને ભાવશૂન્ય ક્રિયાજડ ખદ્યોત સમો છે. એટલે આ બેની તુલના કેમ થઈ શકે? ક્યાં મેરુ, ક્યાં સરસવ? ક્યાં સિંધુ, ક્યાં બિંદુ? ક્યાં સૂર્ય, ક્યાં ખદ્યોત?

"બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ."—**શ્રી આત્મસિદ્ધિ.**

"यस्मात्क्रियाः प्रतिफलंति न भावशून्याः॥"—**શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર.**

અને અત્રે જે પક્ષપાતની વાત છે, તે **તાત્ત્વિક પક્ષપાતની** વાત છે. **તાત્ત્વિક** એટલે પારમાર્થિક–પરમાર્થસત્. સત્ય તત્ત્વ સમજીને–પરમાર્થ સમજીને તેના પ્રત્યે સહજ સ્વભાવે ઉપજતો પક્ષપાત તે તાત્ત્વિક પક્ષપાત છે. આ તાત્ત્વિક પક્ષપાતમાં અને અતાત્ત્વિક પક્ષપાતમાં ઘણો ફેર છે, આકાશ–પાતાલનું અંતર છે; કારણ કે મતાગ્રહથી ઉપજતો પક્ષપાત–મતના મમત્વથી ઉપજતો પક્ષપાત તે અતાત્ત્વિક છે. તેમાં '**મારું તે સાચું**"

એવી ભાવનાની મુખ્યતા હોય છે. અને સત્સ્વરૂપના યથાર્થ ગ્રહણથી–યથાર્થ સમજણથી ઉપજતો પક્ષપાત તે તાત્ત્વિક છે, તેમાં '**સાચું તે મારું**' એવી ભાવનાની મુખ્યતા હોય છે. અતાત્ત્વિક પક્ષપાતમાં મતનું પ્રાધાન્ય છે, ત્યારે તાત્ત્વિક પક્ષપાતમાં '**સત્**'નું પ્રાધાન્ય છે. અતાત્ત્વિક પક્ષપાત મતાભિનિવેશરૂપ છે, તાત્ત્વિક પક્ષપાત તત્ત્વપ્રવેશરૂપ છે. આવો મહત્વનો ફેર એ બે વચ્ચે છે. એટલે અતાત્ત્વિક પક્ષપાત જેમ અપ્રશસ્ત છે, અનિષ્ટ છે, તેમ તાત્ત્વિક પક્ષપાત પ્રશસ્ત છે, ઇષ્ટ છે. આ તાત્ત્વિક પક્ષપાત જ અત્ર પ્રસ્તુત છે, અને તે ગુણાનુરાગજન્ય પ્રેમને લીધે સત્ વસ્તુ પ્રત્યેની અંતરંગ રુચિથી–પ્રતીતિથી–ભાવથી ઉપજતો હોઇ પરમ પ્રશસ્ત છે. આ શુદ્ધ ભાવરૂપ પક્ષપાતની વાત કંઇ ઓર છે! તેની પાસે ભાવવિહીન જડ દ્રવ્ય ક્રિયા કંઇ ગણનામાં નથી, સૂર્ય પાસે આગીઆ જેવી તુચ્છ છે. આ ઉપરથી **સાર બોધ** એ લેવા યોગ્ય છે કે બાહ્ય દ્રવ્ય ક્રિયા ઉપર જે ભાર મૂકવામાં આવે છે તેના કરતાં અનંતગણો ભાર '**ભાવ**' ઉપર મૂકવો જોઇએ. પણ લોકોની ઘણું કરી એથી ઉલટી જ સ્થિતિ દેખી ખેદ પામેલા કરુણાળુ સંતજનો પોકાર કરી ગયા છે કે:—

"દ્રવ્ય ક્રિયારુચિ જીવડા રે, ભાવ ધર્મ રુચિહીન,
ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન?....ચંદ્રાનન૦"—**શ્રી દેવચંદ્રજી**

卐

અને તેવા પ્રકારે કહે છે—

खद्योतकस्य यत्तेजस्तदल्पं च विनाशि च ।
विपरीतमिदं भानोरिति भाव्यमिदं बुधैः ॥ २२४ ॥

ખજુઆનું જે તેજ છે, અલ્પ વિનાશી તેહ;
વિપરીત આ છે સૂર્યનું, ભાવ્ય બુધોએ એહ. ૨૨૪

અર્થ:—ખદ્યોતકનું (આગીઆનું) જે તેજ છે, તે અલ્પ અને વિનાશી છે; અને સૂર્યનું આ તેજ એથી વિપરીત છે, એમ આ બુધોએ ભાવ્ય છે, ભાવવા યોગ્ય છે.

વિવેચન

ખદ્યોત નામના જંતુવિશેષનું જે પ્રકાશાત્મક તેજ છે, તે સ્વરૂપથી અલ્પ અને વિનાશી છે. અને સૂર્યનું આ પ્રકાશાત્મક તેજ તેથી વિપરીત છે, અર્થાત્ બહુ અને

વૃત્તિઃ-**खद्योतकस्य**—ખદ્યોતનું સત્ત્વવિશેષનું, **यत्तेजः**—જે તેજ–પ્રકાશાત્મક છે, **तत्**—તે, શું? તો કે-**अल्पं च विनाशि च**-અલ્પ અને વિનાશી છે,-સ્વરૂપથી **विपरीतमिदं भानोः**—ભાનુનું આ વિપરીત છે, એટલે કે સૂર્યનું તેજ બહુ અને અવિનાશી છે. **इति**—એમ, એવા ભાવનું, **भाव्यमिदं**—આ ભાવ્ય છે, ભાવવા યોગ્ય છે, અધિકૃત પક્ષપાત થકી, આ ક્રિયાદિક, **बुधैः**—બુધોથી, તત્ત્વનીતિએ કરીને.

અવિનાશી છે. એવા ભાવનું આ પ્રસ્તુત પક્ષપાત થકી આ ક્રિયાદિક બુધોએ તત્ત્વનીતિથી ભાવવા યોગ્ય છે.

ઉપરમાં જે સૂર્ય–ખદ્યોતનું દૃષ્ટાંત આપ્યું તેને અહીં સ્પષ્ટ કર્યું છે:–ખદ્યોત નામનું એક નાનકડું જીવડું, કે જેને આગીઓ પણ કહે છે, તે રાત્રીના ભાગમાં ચમકે છે. તેનું જે પ્રકાશરૂપ તેજ છે, તે સ્વરૂપથી અલ્પ–થોડું અને વિનાશી હોય છે. આગીઓ ઘડી ઘડી ચમકે છે, તગતગે છે, જેમાં તે પોતે પણ બરાબર દેખાતો નથી એવો ક્ષણભર મંદમંદ ચમકારો કરે છે, અને પાછો કયાંય વિલીન થઇ જાય છે. પણ સૂર્યનું પ્રકાશમય તેજ એથી વિપરીત–ઉલટું છે. સૂર્યનું તેજ ઘણું અને અવિનાશી હોય છે. તે એકસરખો ઝળહળાટ કરે છે, ઝગઝગે છે,–જેમાં સમસ્ત વિશ્વ પદાર્થ બરાબર પ્રકાશિત થાય છે, એવો અસાધારણ તેજસ્વી ને અવિનાશી પ્રકાશ પાથરે છે, અને આમ અખંડપણે દીર્ઘકાળ સુધી તે તેજોનિધિ પ્રકાશ્યા કરે છે. આમ આ લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત છે.

કયાં સૂર્ય ? કયાં ખદ્યોત !

આ દૃષ્ટાંત ઉપરથી બુધજનોએ, પ્રાજ્ઞજનોએ, વિવેકી સજ્જનોએ તત્ત્વનીતિથી પરમાર્થ વિચારવા યોગ્ય છે–ભાવવા યોગ્ય છે. ભાવવિહોણી યંત્રવત્ જડપણે કરાતી દ્રવ્ય ક્રિયા ખદ્યોત સમી હોઇ, તેનું તેજ અલ્પ અને વિનાશી છે; અને ભાવરૂપ તાત્ત્વિક પક્ષપાત સૂર્ય સમો હોઇ, તેનું તેજ બહુ અને અવિનાશી છે. દ્રવ્ય ક્રિયા આગીઆની જેમ ઘડી ઘડી ચમકે છે, તગતગે છે, ઝાંખો પ્રકાશ કરે છે, જેમાં પોતાને પોતાનું સ્વરૂપ પણ દેખાતું નથી એવો ક્ષણિક મંદ મંદ ચમકારો કરે છે, અને કયાંય વિલીન થઈ જાય છે, એનો પત્તો મળતો નથી. પણ પ્રસ્તુત ભાવ તો સૂર્યની પેઠે એકસરખો અસાધારણ ઝળહળાટ કરે છે–ઝગઝગે છે, જેમાં પોતાનું આત્મસ્વરૂપ તો શું પણ સમસ્ત વિશ્વસ્વરૂપ પ્રકાશિત થાય એવો અસાધારણ તેજસ્વી ને અવિનાશી જ્ઞાનપ્રકાશ પાથરે છે; અને આમ અખંડપણે તે અવિનાશી તેજોનિધિરૂપ ભાવ પ્રકાશ્યા કરે છે. આમ અનંત ને અવિનાશી તેજોમય સૂર્યની સમક્ષ અલ્પ ને વિનાશી તેજનો ચમકારો કરતું આગીઆ જેવું જંતુનું જેટલું ઝાંખું લાગે છે; તેટલું જ અનંત ને અવિનાશી તેજોમય જ્ઞાનપ્રકાશ પાથરતા ભાવની સમક્ષ, અલ્પ ને વિનાશી ચમકારા કરતું આખું દ્રવ્ય ક્રિયાચક્ર ઝાંખું લાગે છે; માટે તાત્ત્વિક પક્ષપાતરૂપ શુદ્ધ ભાવની અપેક્ષાએ દ્રવ્ય ક્રિયા કંઇ ગણત્રીમાં નથી. ઇત્યાદિ અર્થ ભાવવા યોગ્ય છે.

ભાવ સૂર્ય : દ્રવ્ય ક્રિયા ખદ્યોત

જડપણે દ્રવ્ય ક્રિયા કરનારા મુગ્ધ લોકો એમ માને છે કે આ ક્રિયા કરતાં કરતાં આપણું કલ્યાણ થશે, પણ તે તેમની ભ્રાંતિ છે; કારણ કે શ્રી હરિભદ્રાચાર્યજીએ

પંચાશક*શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે-'સંપૂર્ણ ક્રિયા પણ **ભાવ** વિના ક્રિયા જ નથી; કારણ કે તેને નિજ ફલનું વિકલપણું છે. અત્રે **ગ્રૈવેયક** ઉપપાતનું દૃષ્ટાંત છે.' એ અંગે આગમમાં કહ્યું છે કે-ઓઘથી-પ્રવાહથી આ જીવે **ગ્રૈવેયકોમાં** અનંતા શરીરો મૂકયા છે, અર્થાત્ આ જીવ **ગ્રૈવેયક** દેવલોકમાં અનંત વાર ઉપજ્યો છે. અને આ ગ્રૈવેયકપ્રાપ્તિ પણ સાધુની સંપૂર્ણ ક્રિયાના પાલન વિના હોતી નથી, ઉત્તમપણે સાધુની સંપૂર્ણ ક્રિયાના પાલનથી જ હોય છે. આમ સાધુની સંપૂર્ણ ક્રિયા અનંતવાર પ્રાપ્ત થયા છતાં આ જીવનું કલ્યાણ થયું નહિં! અરે! દર્શન પણ સિદ્ધ ન થયું! આમ થયું તેનું કારણ યથાયોગ્ય **ભાવની** જ ખામી હતી. આ ઉપરથી પણ ભાવનું જ પ્રાધાન્ય પ્રતીત થાય છે.

卐

વિશેષ કહે છે—

श्रवणे प्रार्थनीयाः स्युर्न हि योग्याः कदाचन ।
यत्नः कल्याणसत्त्वानां महारत्ने स्थितो यतः ॥२२५॥

શ્રવણે પ્રાર્થન યોગ્ય ના, કદી યોગ્ય જન રત્ન:
સ્થિત છે કલ્યાણસત્ત્વનો, મહારત્નમાં યત્ન. ૨૨૫.

અર્થ:—યોગ્ય જનોને કદી શ્રવણ વિષયમાં પ્રાર્થના કરવા યોગ્ય નથી, કારણ કે કલ્યાણસત્ત્વોનો મહારત્ન વિષયમાં યત્ન સ્થિત જ છે.

વિવેચન

શ્રવણ વિષયમાં યોગ્યજનો કદી પ્રાર્થના કરવા યોગ્ય નથી, કારણ કે **શુશ્રૂષાભાવને** લીધે તેઓની તેમાં સ્વતઃ પ્રવૃત્તિ હોય છે. કલ્યાણસત્ત્વોનો-પુણ્યવંતોનો યત્ન ચિંતામણિ આદિ મહારત્ન વિષયમાં સ્થિત જ છે, રહેલો જ છે,-તથાપ્રકારે ઔચિત્યયોગથી પક્ષપાત આદિને લીધે પણ જન્માન્તરમાં તેની પ્રાપ્તિ હોય છે, એમ શાસ્ત્રમાં શ્રવણ થાય છે.

આવા ઉપર કહ્યા તે જે યોગ્ય યોગીજનો છે, તેને શ્રવણ કરવા બાબતમાં કદી પ્રાર્થના કરવા યોગ્ય નથી. અહો કુલયોગીઓ! અહો પ્રવૃત્તચક્ર યોગીઓ! અહો

વૃત્તિ:—**श्रवणे**-શ્રવણ વિષયમાં, **प्रार्थनीयाः स्युः**-પ્રાર્થનીય હોય, પ્રાર્થવા યોગ્ય હોય, **नहि**—નહિં, **योग्याः कदाचन**—યોગ્ય કદી પણ-શુશ્રૂષાભાવથી સ્વતઃ પ્રવૃત્તિને લીધે. અને તેવા પ્રકારે કહે છે—**यत्नः कल्याणसत्त्वानां**—કલ્યાણ સત્ત્વોનો-પુણ્યવંતોનો યત્ન, **महारत्ने**—મહારત્નમાં, ચિન્તામણિ આદિ વિષયનો, **स्थितो यतः**-કારણ કે સ્થિત જ છે,-તથાપ્રકારે ઔચિત્યયોગથી, પક્ષપાત આદિ થકી પણ જન્માન્તરમાં પ્રાપ્તિ શ્રુતિને લીધે.

* "संपुण्णावि हि किरिया भावेण विणा ण होंति किरियत्ति ।
णियफलविगलत्तणओ गेवज्जउववायणाएणं "—**શ્રી પંચાશક.**

મોક્ષમાર્ગના પ્રવાસી મુમુક્ષુ આત્માર્થીઓ! અહો યોગમાર્ગના જિજ્ઞાસુ મ્હારા સાધર્મિક આત્મબંધુઓ! તમે આ શાસ્ત્રનું શ્રવણ કરો! આ સાક્ષાત્ પરમ યોગામૃતનું પાન કરી પરમાનંદની પ્રાપ્તિ કરો!–ઇત્યાદિ પ્રકારે આ મુમુક્ષુ યોગ્ય જનોને પ્રાર્થના કરવાની રહેતી નથી; કારણ કે **શુશ્રૂષાભાવને** લીધે–સાચી અંતરંગ શ્રવણેચ્છાને લીધે તે સજ્જનોની સત્‌શાસ્ત્રશ્રવણમાં **સ્વતઃ પ્રવૃત્તિ** છે જ. એટલે તેમને શ્રવણ માટે પ્રેરણા કરવાનો કે વિજ્ઞપ્તિરૂપ પ્રાર્થના કરવાનો અવકાશ છે જ કયાં? તેઓને તો સાચી **શુશ્રૂષા**–સત્‌શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા એટલી બધી ઉત્કટ હોય છે, કે તેઓ વગર કહ્યે જ પોતાની મેળે તેમાં પ્રવૃત્ત છે જ; કારણ કે જે **કલ્યાણસત્ત્વો** છે, જે જીવો કલ્યાણ અવશ્ય પામવાના જ છે, એવા મહાપુણ્યવંત જનોનો ચિંતામણિ આદિ મહારત્નના વિષયમાં યત્ન સ્થિત જ છે–રહેલો જ છે, સ્થાપવાનો નથી. કારણ કે તથાપ્રકારે તેમને ઔચિત્ય યોગ હોય છે, તેઓને તેમ કરવું ઉચિત છે, એટલે તેઓ તે પ્રકારે આપમેળે અવશ્ય કરે જ છે. પક્ષપાત આદિ થકી પણ જન્માન્તરમાં તેવા શુશ્રૂષાદિ ભાવની પ્રાપ્તિ હોય છે, એમ શાસ્ત્રમાં શ્રુત થાય છે. તે મહાનુભાવોને સત્‌શ્રવણના તાત્ત્વિક પક્ષપાતથકી જન્માન્તરમાં પણ તથા પ્રકારે શુશ્રૂષાદિ ભાવની અવશ્ય પ્રાપ્તિ હોય જ છે. એટલે આવા તાત્ત્વિક પક્ષપાતવાળા યોગ્ય **યોગિજનો** જે સદા **શુશ્રૂષાભાવવાળા,** સાચી શ્રવણેચ્છાવાળા તત્ત્વરસિક હોઇ સ્વરસથી જ શ્રવણમાં પ્રવૃત્ત છે, તેને, 'આ શ્રવણ કરો! આ સાંભળો!' એવી પ્રાર્થના કર્યાથી શું?

કલ્યાણ સત્ત્વોનો રત્નમાં યત્ન

卐

અયોગ્યને દાનદોષના પરિહારાર્થે કહે છે—

नैतद्विदस्त्वयोग्येभ्यो ददत्येनं तथापि तु ।
हरिभद्र इदं प्राह नैतेभ्यो देय आदरात् ॥ २२६ ॥

અયોગ્યને તો યોગવિદ્, દીએ ન એહ છતાંય;
હરિભદ્ર સાદર કહે, એને દેય ન આ ય. ૨૨૬

અર્થઃ—પરંતુ આના જાણકારો (આચાર્યો) અયોગ્યોને આ ગ્રંથ દેતા નથી, તથાપિ **હરિભદ્રે** આ આદરથી કહ્યું છે કે–આ એઓને દેવા યોગ્ય નથી.

વૃત્તિઃ–**नैतद्विदः**—નથી આના જાણનારા આચાર્યો, **अयोग्येभ्यो**—અયોગ્યોને, અયોગ્ય એવા બીજાઓને, **ददति**—દેતા, આપતા, **एनं**—આ **યોગદૃષ્ટિસમુચ્ચય** નામનો ગ્રંથ, **तथापि तु**—તથાપિ, એમ પણ વ્યવસ્થિત સતે, **हरिभद्रो**—હરિભદ્રે, ગ્રંથકર્ત્તાએ, **इदं प्राह**—આ કહ્યું છે. શું? તોકે–**नैतेभ्यः**—ન એઓને–અયોગ્યોને, **देयः**—દેવા યોગ્ય આ **યોગદૃષ્ટિસમુચ્ચય, आदरात्**—આદર થકી, આદરથી આ કહ્યું છે.

વિવેચન

"સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદિસૂત્રે દીસેજી;
તે જાણી આ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી."—યો. સજ્ઝા. ૮-૮

પરંતુ આના જ્ઞાતા એવા આચાર્યો તો આ **યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ** અયોગ્યોને દેતા જ નથી, તથાપિ આમ વ્યવસ્થિત છતાં ગ્રંથકર્ત્તા **હરિભદ્રે** આ આદરથી કહ્યું છે કે—આ ગ્રંથ એઓને—**અયોગ્યોને 'દેવા યોગ્ય નથી.'**

ઉપરમાં યોગ્ય એવા યોગીજનોને આ ગ્રંથ કંઇક ઉપકારી થશે એમ કહ્યું, અને તે યોગ્યજનોને શ્રવણ કરવા માટે પ્રાર્થના કરવાની પણ જરૂર રહેતી નથી, કારણકે તેઓ સ્વરસથી તેમાં પ્રવૃત્તિ કરી જ રહ્યા છે એમ કહ્યું. તો પછી સહેજે પ્રશ્ન ઊઠે છે કે અયોગ્યનું શું? તેનો ટાળો કેમ પાડયો? તેને શ્રવણ કરવાની પ્રેરણા કાં કરતા નથી? તેણે શી ગુન્હેગારી કરી? તેનો અહીં સ્પષ્ટ જવાબ આપ્યો છે કે—આ યોગમાર્ગના જ્ઞાતા એવા જ્ઞાની પુરુષો—ગીતાર્થ આચાર્યો તો આ **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથ અયોગ્યોને દેતા જ નથી. તથાપિ **'હરિભદ્ર'** તો આદરથી આ કહે છે કે—આ ગ્રંથ **એઓને** 'દેવા યોગ્ય નથી.' યોગાચાર્યો તો આ ગ્રંથ તેવા અપાત્ર જનોના હાથમાં આપવાની ઘસીને ચોકખી 'ના જ' પાડે છે, પણ માર્દવની અને માધુર્યની મૂર્ત્તિ સમા આ ગ્રંથકર્ત્તા તો એઓને આ ગ્રંથ 'દેવા યોગ્ય નથી' એવું નરમ વચન સમજાવટ ભરી રીતે **આદરથી** કહે છે, વિવેકભરી મીઠાશથી—નમ્રતાથી કહે છે, એઓને પણ ખોટું ન લાગે—એમના આત્માને પણ દુઃખ ન થાય, એ રીતે પરમ કરુણાભાવથી માનપૂર્વક સહેતુક સમજાવીને કહે છે.

આ ગ્રંથ અયોગ્યને દેવા 'યોગ્ય' નથી

જેનામાં ઉક્ત લક્ષણવાળું યોગ્ય 'યોગીપણું' ન હોય, જેનામાં આ પરમ યોગરહસ્ય યથાર્થપણે ગ્રહણ કરવાની કે સમજવાની કે ઝીલવાની પાત્રતા ન હોય, એવા અયોગ્ય જનોને આ પરમ યોગ્યતાવાળો યોગપ્રરૂપક ગ્રંથ આપવા યોગ્ય નથી. કારણ કે આ પરમ યોગતત્ત્વને જેઓ સમ્યક્ભાવથી આત્મપરિણામી કરી પચાવી શકે એમ ન હોય, જીરવી શકે એમ ન હોય, તેવા અપાત્ર જનોને તો આ વિપરીત—પરિણામી થઈ મિથ્યાભિમાનાદિ અજીર્ણવિકાર અથવા **'જ્ઞાનનો અપચો'** પણ ઉપજાવે! જેમ મંદ પાચન શક્તિવાળાને પૌષ્ટિક અન્ન પાચન ન થાય, પણ તેથી તો ઉલટું અજીર્ણ ઉપજે; તેમ અનધિકારી જીવને આ પરમાન્ન પચે નહિં, એટલું જ નહિં પણ 'હું આ યોગશાસ્ત્ર ભણ્યો છું' એમ મિથ્યાભિમાન ધરી, તથારૂપ યોગભાવની સિદ્ધિ વિના, જ્ઞાનદશાની પ્રાપ્તિ વિના, તે જ્યાં ત્યાં યોગ—જ્ઞાનની મોટી મોટી વાતો કરવા મંડી પડે ને પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરે! ઇત્યાદિ પ્રકારે તેને શાસ્ત્રનો અપચો થાય!

અયોગ્યને નિષેધનું કારણ

અને આમ અંતરૂનો મોહ છૂટ્યા વિના પોપટીઓ પંડિત બની મોઢેથી જ્ઞાનની વાતો કરી, જ્ઞાનીમાં ખપવાની ખાતર, તે પામર પ્રાણી માત્ર **જ્ઞાનીનો દ્રોહ** કરે! ને પોકળ જ્ઞાની-શુષ્કજ્ઞાની એવા તે પોતે ગ્રંથ 'વાંચ્યો છે' એમ જાણે છે, પણ આત્માને 'વંચ્યો છે' એમ જાણતા નથી! અને ગ્રંથ ભણી તે જનને પણ વંચે છે! એટલે આવા અયોગ્ય જીવો આવા પરમ યોગ્ય ઉત્તમ યોગ ગ્રંથના અધિકારી કેમ હોય?

"મુખથી જ્ઞાન કથે અને, અંતરૂ છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ."—**શ્રી આત્મસિદ્ધિ.**

"નિજ ગણુ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તે ન રહે વ્રત પંચે."—**સા. ત્ર. ગા. સ્ત.**

વળી શાસ્ત્રમાં **ત્રણ પ્રકારની સભા-શ્રોતાપરિષદ્** કહી છે. તે પ્રમાણે **શ્રોતા**ના ગુણ-અવગુણ તપાસીને ઉપદેશ દેવાની શાસ્ત્રકારોની શૈલી છે-પદ્ધતિ છે. અપાત્ર શ્રોતાને તેને અયોગ્ય એવી ઉપદેશવાર્ત્તા કરવામાં આવે તો ઉલટી અનર્થકારક થઇ પડે છે, કારણ કે તે તેને ઝીલી શકવાને સમર્થ નથી અને ઉંધા અનર્થકારક અર્થમાં લઇ જાય છે. આ શ્રોતાના પ્રકારનું સ્વરૂપ **શ્રી નંદીસૂત્ર**થી જાણવા યોગ્ય છે

"ગુહ્ય ભાવ એ તેહને કહીએ, જેહ શું અંતર ભાંજેજી,
જેહશું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી;
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી,
ખમશે તે પંડિત પરષદમાં, મુષ્ટિ પ્રહાર ને લાતોજી."— યો. દ. સજ્ઝા. ૮-૭

સિંહનાદ જેવી વીરવાણી

તેમાં જે **મૃગ પરિષદ્** જેવા શ્રોતાજનો છે, તે સિંહનાદ જેવી ચોકખી ચટ વીરવાણી સાંભળી ત્રાસે છે! મૃગલાનું ટોળું દૂરથી સિંહનાદ સાંભળીને ભય પામે છે, ગભરાઇ જાય છે, અને ભડકીને ભાગે છે, તો સન્મુખ આવે જ કેમ? તેમ જે મૃગલાંના ટોળા જેવા શ્રોતાઓ છે, તે સિંહનાદ જેવી સ્પષ્ટ નગ્ન સત્યરૂપ વીરવાણી શ્રવણ કરીને ત્રાસે છે, ગભરાઇ જાય છે, અને ભડકીને ભાગે છે! તો સન્મુખ દૃષ્ટિ કરીને શ્રવણ કરવાને ઉભા જ શેના રહે? એવા ગતાનુગતિક, ગાડરીઆ ટોળા જેવા રૂઢ ને મૂઢ શ્રોતાજનો આ સત્ય તત્ત્વવાર્ત્તા કેમ ઝીલી શકે? અને આ જે યોગગ્રંથની વાણી છે, તે તો સાચા **વીરપુત્રની સિંહનાદ જેવી** પરમ **વીરવાણી** છે, એટલે તે સાંભળવાને મૃગલાં જેવા હીનસત્ત્વ જીવો કેમ યોગ્ય હોય? કારણકે નગ્ન સત્યરૂપ પરમ તત્ત્વવાર્તા અત્ર પ્રગટ કહી છે. શુદ્ધ આત્મસ્વભાવ સાથે યુંજન કરવારૂપ શુદ્ધ યોગભાવની પદ્ધતિ એમાં બતાવી છે. આવી સિંહગર્જના સમી વીરવાણી ઝીલવાને અલ્પસત્ત્વ કાયર જનો કેમ યોગ્ય હોય! 'કરેંગે

યા મરેંગે' 'Do or Die,' 'વિજય અથવા મૃત્યુ' એવી વીર પુરુષની વીરવાણી સાંભળીને કાયર જનો જેમ ભય પામીને ભાગી જાય, તેમ આ ધર્મધુરંધર યોગવીરની વાણી સાંભળીને હીનસત્ત્વ જીવો ભય પામીને ભાગવા માંડે એમાં શી નવાઇ ? કારણ કે

'હરિનો મારગ છે શૂરાનો'

અહીં તો 'નગદ નારાયણ'ની વાત છે, તથાભાવરૂપ **'રોકડા કલદાર'** રૂપીઆની વાત છે, તથારૂપ અધ્યાત્મપરિણતિમય **ભાવક્રિયા** કરતાં યોગવિજય વરવાની અથવા **સુભટની જેમ** તે યોગસાધના કરતાં કરતાં ખપી જવાની વાત છે. 'પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને!'—પહેલું માથું મૂકી પછી આ યોગનું નામ લેવાની વાત છે. ભાવથી કપટ રહિતપણે આત્માર્પણ કરી યોગમાર્ગે આગળ વધવાની વાત છે. **આત્મસ્થાને વીરપણું** દાખવવાની પરમ શૂરવીર વાત છે. આવો આ હરિનો–કર્મને હરનારા **'વીર'** પ્રભુનો માર્ગ શૂરાનો માર્ગ છે, એમાં કાયરનું કામ નથી. (જુઓ પૃ. ૮, 'વીરપણું તે આતમઠાણે' ઇ.).

"હરિનો મારગ છે શૂરાનો, નહિં કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને."—**શ્રી પ્રીતમ ભક્ત**

ઇત્યાદિ કારણોને લીધે જ્ઞાની આચાર્યો આવો આ ઉત્કૃષ્ટ યોગવિષયક ગ્રંથ અયોગ્યોના હાથમાં દેતા જ નથી. એટલે જ આ ગ્રંથના કર્ત્તા **શ્રી હરિભદ્રાચાર્યજી**

હરિભદ્રજીનું સાદર કથન

કહે છે કે–આ ગ્રંથ અયોગ્યોને દેવો યોગ્ય નથી. અને આ અમે કહીએ છીએ તે કાંઇ અયોગ્ય જીવો પ્રત્યે અનાદરથી કે તિરસ્કારથી કહેતા નથી, પણ આદરથી (Respectfully) કહીએ છીએ; કારણ કે અમને તે જીવો પ્રત્યે કાંઈ દ્વેષ નથી કે અમે તેનો અનાદર કે તિરસ્કાર કરીએ, પણ અમને તો સર્વ જીવ પ્રત્યે સમભાવ છે, અને તેવા અયોગ્ય જીવો પ્રત્યે તો વિશેષે કરીને **ભાવ કરુણાબુદ્ધિ** છે કે આ જીવો પણ આ યોગમાર્ગ પામવા યોગ્ય થાય તો કેવું સારું ! પણ તે માટે પણ **યથાયોગ્યતા** મેળવવી જોઇએ. યોગ્યતા મેળવ્યે તેઓ પણ આ માટે યોગ્ય થાય. એટલે યોગ્યે જેમ યોગ્યતા વૃદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઇએ, તેમ અયોગ્યે પણ યોગ્યતા પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન–પુરુષાર્થ કરવો જોઇએ. એટલે તેઓએ બિલકુલ નિરાશ થવાની જરૂર નથી. કારણ કે જેમ બને તેમ વૈરાગ્ય–ઉપશમાદિ ગુણની વૃદ્ધિ થાય તેમ તેમ તેવી યોગ્યતા આવતી જાય, માટે તે વૈરાગ્યાદિની વૃદ્ધિ માટેનો પ્રયાસ તેઓએ કરવો જોઇએ. પણ જ્યાંસુધી તેવી યોગ્યતા આવી નથી, ત્યાંસુધી તો તેઓ આ માટે યોગ્ય નથી જ. એટલે જ આ અમે આદરથી કહ્યું છે, અને તે પણ માત્ર તે જીવોના હિતાર્થે જ. કારણ કે સદ્વૈદ્યે દરદીની બરાબર નાડ જોઇ, પ્રકૃતિ પારખી, વય–પાચનશક્તિ આદિ લક્ષમાં રાખી દવા કરવી જોઇએ, એવો સામાન્ય નિયમ છે. એમ ન કરે

ને મોટા માણસને આપવાની માત્રા બાલકને આપી દ્યે, તો તેનું કેટલું બધું અહિત થાય? કેવું વિપરીત પરિણામ આવે ? કેવું ઓડનું ચોડ વેતરાઇ જાય ? તેમ **સદ્ગુરુ સદ્વૈદ્યે** પણ ભવરોગી એવા સંસારી જીવની બરાબર નાડ જોઇ, પ્રકૃતિ પારખી, ભાવથી બાલાદિ વય-પાચનશક્તિ આદિ લક્ષમાં રાખી, તેની ભાવચિકિત્સા (Spiritual treatment) કરવી જોઇએ. એમ ન કરે ને મોટા માણસને-પંડિત જનને આપવા યોગ્ય ઉપદેશમાત્રા બાલ જીવને આપે, તો તેનું કેટલું બધું અહિત થાય ? કેવું વિષમ પરિણામ આવે ? આ દૃષ્ટાંતનું દૃષ્ટિબિન્દુ લક્ષમાં રાખીને અમે આ **યોગદૃષ્ટિસમુચ્ચય** અયોગ્યને દેવા યોગ્ય નથી, એવો અત્ર સ્પષ્ટ નિષેધ કરીએ છીએ,-આમ શ્રી **હરિભદ્રસૂરિનું** કહેવું છે.×

□

આ એમ કેમ ? તો કે—

अवज्ञेह कृताल्पापि यदनर्थाय जायते ।
अतस्तत्परिहारार्थं न पुनर्भावदोषतः ॥ २२७ ॥

અનર્થકારી અલ્પ પણ, થાય અવજ્ઞા આંહિ;
પરિહારાર્થે તસ કહ્યું, ભાવદોષથી નાંહિ. ૨૨૭

અર્થ:—અહીં-આ **યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ** પ્રત્યે કરવામાં આવેલી અલ્પ પણ અવજ્ઞા અનર્થને અર્થે થાય છે, એટલા જ માટે તેના પરિહાર અર્થ **હરિભદ્રે** આ કહ્યું છે,— નહિં કે ભાવદોષથી કહ્યું છે.

વિવેચન

અહીં-આ **યોગદૃષ્ટિસમુચ્ચય** નામના ગ્રંથ પ્રત્યે કરવામાં આવેલી અલ્પ પણ અવજ્ઞા, મહાવિષયપણાએ કરીને અનર્થને અર્થે થાય છે, એટલા માટે તેના પરિહાર અર્થે **હરિભદ્રે** આ કહ્યું છે,-નહિં કે ક્ષુદ્રતારૂપ ભાવદોષથી. ઉપરના શ્લોકમાં જે કહ્યું કે- 'અયોગ્યોને આ દેવા યોગ્ય નથી એમ **હરિભદ્ર** કહે છે,' તે કહેવાનું કારણ શું ? તેનો અહીં સ્પષ્ટ ખુલાસો કર્યો છે. આ **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથ પ્રત્યે **અલ્પ પણ અવજ્ઞા** કરવામાં આવે, તો તે અવજ્ઞા કરનારને પોતાને **મહાઅનર્થરૂપ** થઇ પડે,

---

वृत्तिः- **अवज्ञेह**—અવજ્ઞા અહીં-યોગદૃષ્ટિસમુચ્ચય નામના ગ્રંથમાં, **कृताल्पापि**-કરવામાં આવેલી, સ્વરૂપથી અલ્પ પણ, **यद्**-કારણ કે, **अनर्थाय जायते**-અનર્થાર્થે થાય છે,-મહાવિષયપણાએ કરીને, **अतस्तत्परिहारार्थं**-એટલા માટે તેના પરિહારાર્થે, **न पुनर्भावदोषतः**:-પણ નહિં કે ભાવદોષથી- -ક્ષુદ્રતાથી **હરિભદ્રે** આ કહ્યું છે.

× " हितमपि वायोरौषधमहितं तत् श्लेष्मणो यथाऽत्यन्तम् ।
सद्धर्मदेशनौषधमेवं बालाद्यपेक्षमिति ॥ "—શ્રી **હરિભદ્રસૂરિકૃત ષોડશક.**

કારણ કે આ **ગ્રંથનો વિષય** મહાન્ છે. એટલે આ પ્રત્યે અવજ્ઞા કરવાથી અનર્થ પણ મહાન થાય. એથી કરીને અયોગ્યને દીધાથી તેઓને તેવો મહાઅનર્થ ન ઉપજે, તેની ખાતર **હરિભદ્રે** આ કહ્યું છે,-નહિં કે ક્ષુદ્રતારૂપ ભાવ દોષથકી.

મહત્‌ના અનાદરથી મહાઅનર્થ

આ '**યોગદૃષ્ટિસમુચ્ચય**' મહાન્ એવા યોગ વિષય સંબંધીનો ગ્રંથ છે, એટલે એવા મહાન્‌વિષયપણાથી આ યોગશાસ્ત્ર પણ મહાન છે. આવા મહાન યોગશાસ્ત્રની જાણતાં-અજાણતાં, ભૂલે ચૂકે પણ થોડી પણ અવજ્ઞા કરવામાં આવે, તો તે અવજ્ઞા કરનારને મહાઅનર્થરૂપ થઇ પડે, મોટી હાનિરૂપ થઇ પડે; કારણ કે મહત્ એવા સત્ પ્રત્યે જો લેશ પણ અવજ્ઞા કરવામાં આવે, લેશ પણ અનાદર કરવામાં આવે, લેશ પણ અવિનય બતાવવામાં આવે, લેશ પણ આશાતના કરવામાં આવે, લેશ પણ અભક્તિ કરવામાં આવે, તો તેનું અનંત સંસાર પરિભ્રમણરૂપ ભયંકર ફળ ભોગવવું પડે. જેમ મહત્ એવા સત્ પ્રત્યેની અનાશાતનાથી, આદરથી, વિનયથી, ભક્તિથી, બહુમાનથી મહા સત્ ફળ મળે; તેમ આશાતનાથી, અનાદરથી, અવિનયથી, અભક્તિથી, અબહુમાનથી અસત્ ફળ મળે. જેમ સત્‌ના આરાધનથી મોક્ષરૂપ મહત્ ફળ મળે, તેમ વિરાધનથી મહા-સંસારરૂપ ફળ મળે. જેમ રાજા રીઝે તો ન્યાલ કરી દે ને ખીજે તો ઘરબાર પણ જાય; તેમ આરાધનાથી સત્ પ્રસન્ન થાય તો જીવનું કલ્યાણ કલ્યાણ થઇ જાય, અને વિરાધનાથી અપ્રસન્ન થાય તો મહાઅકલ્યાણ થાય. સત્પુરુષ ને સત્પુરુષનું વચનામૃત સંસારથી તારનાર તીર્થસ્વરૂપ છે. તેની ભક્તિથી જીવનો બેડો પાર થાય, અને આશાતનાથી જીવનું નાવડું ડૂબી જાય! એટલા માટે જ પૂજાની ઢાળમાં શ્રી **વીરવિજયજી**એ સાચું જ ગાયું છે કે-'તીરથની આશાતના નવિ કરિયે, હાંરે નવિ કરિયે રે નવિ કરિયે.' (જુઓ પૃ. ૧૧૦, 'ચક્રી ધરમ તીરથતણો' ઇ.)

નિષ્કારણ કરુણાથી નિષેધ

આવા સત્‌શાસ્ત્ર પ્રત્યે જો થોડી પણ અવજ્ઞા મહાઅનર્થકારી થઇ પડે, તો પછી વિશેષ અવજ્ઞાનું તો પૂછવું જ શું? અને અયોગ્યોને જો આવું સત્‌શાસ્ત્ર દેવામાં આવે તો તેઓ થકી આવી અવજ્ઞા-આશાતનાદિ થઇ જાય એવો સંભવ છે. અને એમ થાય, તો તેઓને મહા અનર્થ થઇ પડે, અનંત સંસાર પરિભ્રમણ દુઃખ ભોગવવું પડે. એટલે આમ અવજ્ઞાથકી તેઓને મહા-અનર્થ ન સાંપડે તેની ખાતર, મહાઅનર્થ દૂર રહે તેની ખાતર, અયોગ્યોને આ દેવા યોગ્ય નથી, એમ **હરિભદ્રે** કહ્યું છે, નહિં કે ભાવદોષથી, અર્થાત્ ક્ષુદ્રતાથી-તુચ્છતાથી એમ કહ્યું નથી. પરમ ભાવિતાત્મા **હરિભદ્રાચાર્યજી** કહે છે કે-અમને આ અયોગ્ય અપાત્ર જીવો પ્રત્યે કાંઇ દ્વેષ નથી, કે મત્સર નથી, કે કંઇ અભાવ નથી, કે જેથી કરીને ક્ષુદ્રતાને લીધે-તુચ્છ વિચારને લીધે અમે તેઓને આ શાસ્ત્રદાનનો નિષેધ કર્યો હોય. અમે તો તેવા અજ્ઞાન જીવો બિચારા અવજ્ઞા કરી આ શાસ્ત્રની

આશાતનાથી નિબિડ કર્મ બાંધી અનર્થ ન પામે એમ ઇચ્છતા હોઇ, અત્રે ભાવદયાથી પ્રેરાઇને નિષેધ કર્યો છે; અને તે પણ કેવળ તેમની હિતબુદ્ધિથી, એકાંત **નિષ્કારણ કરુણાથી** કહ્યું છે. માટે તે જીવોએ આથી દુઃખ લગાડવું નહિં કે અમારા પ્રત્યે ખોટું લગાડવું નહિં, પણ યોગ્યતા યોગ્ય ગુણ પોતાના આત્મામાં પ્રગટ કરી પ્રથમ તો પોતાની અયોગ્યતા દૂર કરવા પ્રયત્ન કરવો, અને જેમ બને તેમ આ સત્‌શાસ્ત્રની અલ્પ પણ અવજ્ઞા દૂરથી વર્જવી. એટલો જ આ અમારો કહેવાનો આશય છે. દાખલા તરીકે-જેને આ ગ્રંથ પ્રત્યે શુશ્રૂષા ન હોય, સાંભળવાની સાચી અંતરેચ્છા ન હોય, એના ઉદ્દિષ્ટ વિષય પ્રત્યે રસ ન હોય, તેઓને આ ગ્રંથ દેવો, શ્રવણ કરાવવો તે આ મહાગ્રંથની અવજ્ઞા-અપમાન-**આશાતના** કરવા બરાબર છે, અનાદર કરવા બરાબર છે. એવા શુશ્રૂષા રહિતને શ્રવણ કરાવવું તે 'ભેંસ આગળ ભાગવત' જેવું છે, અને મોતીનો ચારો ડુક્કર પાસે નાંખવા બરાબર છે. 'Casting pearls before swine.' માટે શુશ્રૂષાદિ ગુણ જેનામાં ન હોય, એવા અયોગ્ય શ્રોતાઓને આ ગ્રંથ દેવા યોગ્ય નથી જ, એ યુક્ત કહ્યું છે.

卐

અને આ આમ અંગીકાર કર્ત્તવ્ય છે, જેથી કરીને જ કહે છે—

योग्येभ्यस्तु प्रयत्नेन देयोऽयं विधिनान्वितैः ।
मात्सर्यविरहेणोच्चैः श्रेयोविघ्नप्रशान्तये ॥ २२८ ॥

યોગ્યને દેવો યત્નથી, વિધિવંતે જ સમર્થ;
માત્સર્ય 'વિરહ'થી અતિ, શ્રેય વિઘ્ન શાંત્યર્થ. ૨૨૮

અર્થઃ—અને યોગ્ય શ્રોતાઓને તો આ ગ્રંથ વિધિથી યુક્ત એવા જનોએ, સર્વથા માત્સર્ય વિના, શ્રેયોવિઘ્નની પ્રશાંતિને અર્થે, પ્રયત્નથી દેવો યોગ્ય છે.

વિવેચન

આ ગ્રંથ અયોગ્ય શ્રોતાઓને દેવા યોગ્ય નથી, એમ ઉપરમાં હેતુપૂર્વક કહી બતાવ્યું; પણ **યોગ્ય શ્રોતાઓને** તો માત્સર્ય રહિતપણે આ અવશ્ય પ્રયત્નથી દેવા યોગ્ય છે; અને તે પણ શ્રવણાદિ વિષય સંબંધી વિધિથી યુક્ત એવાઓ દ્વારા,-નહિં તો

વૃત્તિઃ—**योग्येभ्यस्तु**-પણ યોગ્ય શ્રોતાઓને તો, **प्रयत्नेन** પ્રયત્નથી, ઉપયોગસાર એવા પ્રયત્નથી; **देयोऽयं**-આ દેવા યોગ્ય છે, **विधिना**-વિધિથી, શ્રવણાદિ ગોચર વિધિથી, **अन्वितैः**-અન્વિત, યુક્ત એવા-ઓથી-નહિ તો પ્રત્યવાયના સંભવ થકી દોષ છે, એમ આચાર્યો કહે છે. **मात्सर्यविरहेण**-માત્સર્ય વિરહથી, માત્સર્ય અભાવથી **उच्चैः**-અત્યંતપણે **श्रेयोविघ्नप्रशांतये**-શ્રેય વિઘ્નની પ્રશાંતિને અર્થે, પુણ્ય-અંતરાયની પ્રશાંતિને અર્થે.

। समाप्तोऽयं योगदृष्टिसमुच्चयः ।

પ્રત્યવાયના-હાનિના સંભવથી દોષ લાગે છે એમ આચાર્યો કહે છે. આ દેવા યોગ્ય છે, તે અત્યંતપણે શ્રેયોવિઘ્નની પ્રશાંતિ અર્થે છે, પુણ્યઅંતરાયની પ્રશાંતિ અર્થે છે.

ઉપરમાં વર્ણવ્યા એવા **શુશ્રૂષાદિ** ગુણસંપન્ન યોગ્ય અધિકારી શ્રોતાઓને તો આ ગ્રંથ અવશ્ય દેવા યોગ્ય છે. જેને આ શુશ્રૂષા છે, આ ગ્રંથ શ્રવણ કરવાની સાચી અંતરેચ્છા-જિજ્ઞાસા છે, આ યોગવિષય પ્રત્યે જેને અંતરંગ રુચિ-રસ છે, એવા વિનયાદિ યથોક્ત ગુણવાળા શ્રોતાઓને તો આ ગ્રંથ ઉપયોગસાર-ઉપયોગપ્રધાન પ્રયત્નથી જરૂર જરૂર દેવા યોગ્ય છે-શ્રવણ કરાવવા યોગ્ય છે. અને તે પણ સર્વથા **માત્સર્ય વિરહથી-માત્સર્ય રહિતપણે.** કોઇપણ પ્રકારનો ગુણદ્વેષ, ઇર્ષ્યા, અદેખાઇ રાખ્યા વિના, પોતાની સમસ્ત શક્તિથી-સર્વાત્માથી આ પરમ જ્ઞાનદાન દેવા યોગ્ય છે. તન-મન-ધન-વચનની સમસ્ત શક્તિ ખર્ચી નાંખીને, ઓવારી નાંખીને આ **જ્ઞાનની પ્રભાવના** પરમ ઉદારતાથી કરવા યોગ્ય છે. પણ આ દેવાથી આ મ્હારા કરતાં યોગગુણમાં આગળ વધી જશે ને હું ઝાંખો પડી જઇશ તો ! એવા તેજોવધરૂપ ગુણદ્વેષથી-મત્સરથી પ્રેરાઇને મુક્તહૃદયે-ખુલ્લા દીલે આ જ્ઞાનદાન દેતાં અચકાવું યોગ્ય નથી. પણ આ શ્રોતાજનો આ જ્ઞાનદાનથી કેમ આત્મોત્કર્ષ પામે, કેમ યોગગુણની વૃદ્ધિ કરે, ને તે દેખીને હું રાજી થાઉં-પ્રસન્ન થાઉં, એવી પ્રમોદભાવના સહિત પરમ ઉદાર ભાવથી **છૂટે હૃદયે ને છૂટા હાથે** આ જ્ઞાનધનનું દાન દેવા યોગ્ય છે. આ જ્ઞાનધન તો **અક્ષયનિધિ** છે. એ દાન દેતાં કદી ખૂટતું નથી, અને દાતાનું કંઇ જ્ઞાનધન ઓછું થઈ જતું નથી, ઉલટું જળવાઇ રહે છે ને વૃદ્ધિ પામે છે. માટે માત્સર્યનો **'વિરહ'** કરી, મત્સરભાવ સર્વથા છોડી દઇ, જેમ બને તેમ બહોળા હાથે આ જ્ઞાનદાન આપી **પરમ શ્રુતની પ્રભાવના** કરવી, એ જ યોગ્ય છે. અત્ર 'વિરહ' શબ્દથી **શ્રીમદ્ હરિભદ્રાચાર્યજી**એ પોતાની કૃતિના પ્રાંતે વિરહાંક મૂકવાની પદ્ધતિનું અનુસરણ કર્યું છે.

માત્સર્ય 'વિરહ'થી

પરમ શ્રુતની પ્રભાવના

અને તેનું દાન કરનારા જ્ઞાનદાતા પણ કેવા હોવા જોઇએ ? તે માટે અહીં કહ્યું કે—જે શ્રવણાદિ વિષયની વિધિથી યુક્ત હોય, એવાઓ દ્વારા આનું દાન થવું જોઇએ.

શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઈહા, અપોહ, તત્ત્વાભિનિવેશ આદિ **'વિધિ' યુક્ત** યથોક્ત ગુણથી જે યુક્ત છે, તેઓ દ્વારા આનું દાન થવા યોગ્ય છે. જેણે આ ગ્રંથનું શ્રવણ કર્યું છે, ગ્રહણ કર્યું છે, હૃદયને વિષે ધારણ કર્યું છે, વિજ્ઞાન કર્યું છે, તે સંબંધી જેણે ઈહા-અપોહ અર્થાત્ તત્ત્વચિંતનરૂપ ઊંડો વિચાર કર્યો છે, અને આમ કરી જેણે તત્ત્વાભિનિવેશ કર્યો છે, એવા સુયોગ્ય વિધિસંપન્ન વક્તા દ્વારા, શુશ્રૂષાવંતને-શ્રવણ કરવાની સાચી ઉત્કટ ઇચ્છાવાળા યોગ્ય પાત્ર મુમુક્ષુને આ દેવામાં આવે, શ્રવણ કરાવવામાં આવે, તેનું નામ **વિધિદાન** છે બાકી આવા વિધિયુક્ત ન હોય અર્થાત્ જેણે ઉક્ત શ્રવણાદિ ન કર્યા હોય એવા વક્તા

જ્ઞાનદાતા

દ્વારા જો આ અપાય તો તે અવિધિદાન છે. કારણ કે જેણે પોતે શ્રવણાદિ કર્યું નથી, તે બીજાને દેવા બેસે–શ્રવણ કરાવવા બેસે તે કેટલું બધું અજૂગતું છે? કેવું બેહૂદું છે? અને આમ જો અવિધિવંતથી દેવામાં આવે તો પ્રત્યવાયના–અપાયના સંભવથી દોષ આવે છે, એમ શ્રી આચાર્ય ભગવંતો ભાખે છે.

માટે જેટલી **સુયોગ્ય શ્રોતાની** જરૂર છે, તેટલી જ બલ્કે તેથી વધારે **સુયોગ્ય વક્તાની–ભાવિતાત્મા વ્યાખ્યાતાની** જરૂર છે. જે યોગમાર્ગનો જાણુ, સુજાણુ, જ્ઞાની, અનુભવી, ગીતાર્થ વક્તા હોય, તે જ ઉપદેશ દેવાનો અધિકારી હોઈ શકે. પણ યોગમાર્ગથી અજાણ, અજ્ઞાની, બીનઅનુભવી, અગીતાર્થ વક્તા હોય, તે કદી પણ ઉપદેશદાનનો અધિકારી હોઈ શકે જ નહિં, અને તેવો અનધિકારી જો વ્યાખ્યાનપીઠ પર ચઢી વક્તાબાજી કરે, મનાવા–પૂજાવા માટે પોતાનું જનમનરંજન વાચાલપણું દાખવે, તો તે કેવળ અવિધિએ વર્ત્તતો હોઈ, જ્ઞાનીના માર્ગનો દ્રોહ જ કરે છે. માટે શ્રવણાદિ વિધિસંપન્ન, યોગમાર્ગના અનુભવી, ભાવયોગી, એવા **ગીતાર્થ જ્ઞાની સત્પુરુષ જ** આ યોગમાર્ગના ઉપદેશદાતા હોવા યોગ્ય છે. એવા **સદુપદેષ્ટા** થકી જ આનું સદુપદેશ દાન શોભે છે, અને તેવા મહાત્મા સદુપદેષ્ટાથી જ માર્ગ પ્રવર્ત્તે છે.

સદુપદેષ્ટા ગીતાર્થ જ્ઞાની

"श्राद्धः श्रोता सुधीर्वक्ता युज्येयातां यदीश तत् ।
त्वच्छासनस्य साम्राज्यमेकछत्रं कलावपि ॥

—**શ્રી હેમચંદ્રાચાર્યજીકૃત વીતરાગસ્તવ.**

"સદુપદેષ્ટાની બહુ જરૂર છે. સદુપદેષ્ટાની બહુ જરૂર છે." –શ્રીમદ્ રાજચંદ્રજી

અને તેવા **સદુપદેષ્ટા યથાર્થ** વક્તા સત્પુરુષો થકી દેવાતા આ જ્ઞાનદાનનું પ્રયોજન પણ અત્યંતપણે **શ્રેયોવિઘ્નની પ્રશાંતિ અર્થે** હોય છે, પુણ્યાન્તરાયના વિઘ્નની પ્રશાંતિ અર્થે હોય છે; કારણ કે આવા જ્ઞાનદાનરૂપ પરમ સત્કાર્યથી પોતાના શ્રેયસૂમાં–આત્મકલ્યાણમાં જે વિઘ્ન છે, તેની પ્રશાંતિ હોય છે, અત્યંત શાંતિ હોય છે. અર્થાત્ **પુણ્યાનુબંધી પુણ્યમાં** જે અંતરાય છે તેની પ્રશાંતિ–અત્યંત શાંતિ હોય છે. એટલે આવા સત્શાસ્ત્રના દાનથી પોતાના શ્રેયપ્રાપ્તિના અંતરાયો તૂટે છે, ને તેથી પોતાને શ્રેયસૂની–મોક્ષરૂપ સત્ફળની પ્રાપ્તિ હોય છે. આમ આ **પરમ સત્શાસ્ત્ર** પોતે શ્રેયોવિઘ્નની **પ્રશાંતિ કરનાર** હોવાથી, તેનું દાન પણ સ્વ–પરને શ્રેયોવિઘ્નની પ્રશાંતિ કરનાર છે. એટલા માટે આત્મકલ્યાણની નિષ્કામ ભાવનાથી

શ્રેયોવિઘ્ન પ્રશાંતિ અર્થે

પરમ શ્રુતની પ્રભાવના

શ્રેયોવિઘ્નની પ્રશાંતિને અર્થે સદુપદેષ્ટા સત્પુરુષોએ આ સત્શાસ્ત્રનું જ્ઞાનદાન કરી **પરમ સત્શ્રુતની પ્રભાવના** કરવા યોગ્ય છે. તથાસ્તુ !

> "લોક પૂરજો નિજ નિજ ઇચ્છા, યોગભાવ ગુણરયણેજી;
> શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચક **યશને** વયણેજી."—**શ્રી. યો. સજ્ઝા. ૮૮**

—: ઉપસંહાર: કળશ કાવ્ય :—

વસંતતિલકા

સદ્યોગરૂપ બહુ શાસ્ત્ર સમુદ્ર મંથ્યો, આ યોગદૃષ્ટિમય યોગ સુગ્રંથ ગુંથ્યો;
દુગ્ધાબ્ધિમાંથી વિબુધે અમૃતં વલોવ્યું, યોગામૃતં **શ્રી હરિભદ્ર** બુધે વલોવ્યું. ૧૬૭
છે સાર તો ક્ષીરતણો નવનીત માત્ર, આ તેમ યોગશ્રુતસાર જ યોગશાસ્ત્ર;
સંક્ષેપમાં કર્યું સમુદ્ધૃત આ સૂરીંદ્રે, આત્માર્થ અર્થ પરમાર્થપરા મુનીંદ્રે. ૧૬૮
સંક્ષેપ તોય પરિપૂર્ણ જ માર્ગ વ્યક્તિ, એવી અપૂર્વ અહિં શ્રેષ્ઠ સમાસશક્તિ;
છે સિન્ધુ બિન્દુમહિં બિન્દુય સિન્ધુમાંહિ, છે વૃક્ષ બીજમહિં ને બીજ વૃક્ષમાંહિ. ૧૬૯
પ્રત્યેક સૂત્ર ગભીરાશય એહ સ્થાને, બિન્દુમહીં ઉલસિયો શ્રુતસિન્ધુ જાણે !
દિગ્દર્શનાર્થ કંઇ તેહ તણા ઉલાસે, લાંબું વિવેચન કર્યું **ભગવાનદાસે.** ૧૭૦
જોગીંદ્ર જેહ જગ જાગતી જ્યોત જેવા, વાગ્અમૃતે અમૃત **શ્રી હરિભદ્ર** દેવા;
વાણી તણો તસ અહો ! કુણ તાગ પામે ? આંબે શું કલ્પદ્રુમ વામન સ્વર્ગ ધામે ? ૧૭૧
જે કુલયોગી વળી પ્રવૃત્તચક્ર યોગી, તેનેય એહ ઉપકારક ઉપયોગી;
આત્માર્થી જોગીજન એહ મુમુક્ષુ માત્ર, આ યોગશાસ્ત્ર અધિકારી કહ્યા સુપાત્ર. ૧૭૨
તે કુલયોગી જન યોગિકુલે જ જન્મ્યા, ને યોગિધર્મ અનુયાયિ યથાર્થ અન્યા;
અદ્વેષી દેવ ગુરુ દ્વિજ શું પ્રેમવંતા, વિનીત દયાળુય જિતેંદ્રિય બોધવંતા. ૧૭૩
સંસ્કારજન્મ લહી યોગી પિતાદિદ્વારા, જે કુલદીપ કુલને અજવાળનારા;
તે કુલપુત્ર કુલયોગી સુશીલ ઓપે, મર્યાદ કુલવધૂ શું કુલની ન લોપે. ૧૭૪
સત્શુશ્રૂષાદિ ગુણ અષ્ટ સુસ્પષ્ટ વર્ત્તે, ઇચ્છા પ્રવૃત્તિ યમ આદિ દ્વય પ્રવર્ત્તે;
ને સ્થિર સિદ્ધિ યમના અતિશે જ કામી, તે જાણ જોગીજન પ્રવૃત્તચક્ર નામી. ૧૭૫
કર્ત્રાદિ કારક કુચક્ર પરાર્થ વર્ત્યું, તે આત્મસાધક સુચક્ર હવે પ્રવર્ત્યું;
આત્માર્થ આત્મ થકી આત્મક્રિયા જ આત્મા, આત્માર્થી આત્મમહિં આ કરતો મહાત્મા. ૧૭૬
આત્મસ્વભાવ ન વિભાવથી તે હણે છે, આત્મા શિવાય પરભાવ સ્વ ના ભણે છે;
આત્માતિરિક્ત પર દ્રવ્ય ન તે હરે છે, ના ભોગવે ન જ મમત્વ મતિ કરે છે. ૧૭૭

એવું સ્વરૂપનું અહિંસક યોગચક્ર, સાધે સુસાધુ નિત યોગી પ્રવૃત્તચક્ર;
જે ચાલતું હતું જ કારક ચક્ર વક્ર, તેને ચલાવ્યું ઋજુ મોક્ષપથે અવક્ર. ૧૭૮
ને આદ્ય યોગ જ અવંચક યોગ યોગે, તેથી બીજા દ્વય અવંચક યોગ યોગે;
આ યોગીઓ જ શુભ યોગ તણા પ્રયોગે, છે પાત્ર અત્ર અધિકારી સુયોગ યોગે. ૧૭૯
જે સંતનું સ્વરૂપ ઓળખી સંત સેવે, તે સંત સંતફલ સંત કૃપાથી લેવે;
આવા અવંચક ત્રિયોગ તણા સુયોગે, આ યોગિઓનું અહિં યોગ્યપણું જ યોગે. ૧૮૦
આ કુલયોગી ત્યમ પ્રવૃત્તચક્રનોય, આ ગ્રંથથી કંઇ વળી ઉપકાર હોય;
સત્ પક્ષપાત પ્રમુખ શ્રવણે ધરીને, સદ્યોગ બીજ તણી પુષ્ટિવડે કરીને. ૧૮૧
સત્ પક્ષપાત ત્યમ ભાવશૂની ક્રિયાનું, ખદ્યોત ભાનુ સમ અંતર સ્પષ્ટ માનું;
ખદ્યોત તેજ અતિ અલ્પ અને વિનાશી, આ વિપરીત રવિનું–બુધ લ્યો વિમાસી! ૧૮૨
એવાં રહસ્ય સુપ્રકાશક ગ્રંથ એવો, આ તો અયોગ્ય જનને ન જ યોગ્ય દેવો;
ભારી અનર્થંકર લેશ અહિં અવજ્ઞા, તેથી વદ્યા **શ્રી હરિભદ્ર** ધરી કરુણા. ૧૮૩
દેવો જ યોગ્ય જનને પર પ્રેમ ભાવે, જેથી જગે પરમ શ્રુત પ્રભાવ થાવે;
ને શ્રેય વિઘ્ન વિરહે,–**હરિભદ્ર** ભાખે, તેને અનુવદી કહ્યું **ભગવાનદાસે**. ૧૮૪

॥ इति महर्षिश्रीहरिभद्राचार्यविरचिते किरत्चंद्रसूनुमनःसुखनंदनेन भगवानदासेन सुमनोनन्दनी-बृहत्टीकानामकविवेचनेन सप्रपञ्चं विवेचिते श्रीयोगदृष्टिसमुच्चयशास्त्रे उपसंहारः ॥

॥ ઇતિ મહર્ષિ શ્રી હરિભદ્રાચાર્યે વિરચેલા અને શ્રીમનઃસુખભાઈ કિરતચંદ્રના પુત્ર ડૉ. ભગવાનદાસે સ્વરચિત સુમનોનંદની બૃહત્ટીકા નામક વિવેચનથી સવિસ્તર વિવેચેલા શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય શાસ્ત્રમાં ઉપસંહાર ॥

પરિશિષ્ટ

ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનો સાર

મોક્ષમાર્ગે ગમન કરતો ખરેખરો મુમુક્ષુ નિર્દંભ આત્માર્થી પુરુષ અનુક્રમે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એ ત્રણ ભૂમિકાઓને સ્પર્શીને મોક્ષ પામે છે. એનો સારસમુચ્ચય સમજવા માટે સ્થૂલ રૂપક–ઘટના કરીએ.

આ સંસારરૂપ ભયંકર અટવીમાં ભૂલો પડેલો જીવરૂપ મુસાફર પ્રથમ તો તેમાંથી છૂટવાની તીવ્ર ઇચ્છા રાખે છે, મોક્ષ મેળવવા ઇચ્છે છે; એટલે ઢૂંઢતો ઢૂંઢતો તે તેનો માર્ગ જાણકાર સદ્ગુરુને પૂછે છે; તેની પાસેથી તે જાણીને સદ્દહે છે. આમ તે શ્રુતાર્થ ને જ્ઞાની બને છે ને શ્રદ્ધાપૂર્વક તે ઉદ્દિષ્ટ માર્ગે ચાલવા પ્રયાસ કરે છે, છતાં તેને ક્વચિત્ પ્રમાદ થઇ આવે છે. આમ આ ઇચ્છાયોગી મોક્ષમાર્ગે આગળ વધતો જાય છે.

આ મુસાફરી દરમ્યાન શાસ્ત્રરૂપ ભોમીઓ (guide) સદા તેની સાથે છે, એટલે તેની આજ્ઞા પ્રમાણે ચાલતાં તેને શાસ્ત્રનું સંપૂર્ણ અવિકલ જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને તેની સહાયથી માર્ગ દેખતો દેખતો તે શ્રદ્ધાપૂર્વક, પોતાની શક્તિ પ્રમાણે, અપ્રમાદીપણે આગળ પ્રગતિ કરતો જાય છે.

આમ તે ભયાનક અટવી વટાવી જઇને સુંદર રાજમાર્ગ પર–ધોરી રસ્તા પર આવી જાય છે. એટલે આગળનો મોક્ષસ્થાન ભણીનો રસ્તો ચોકખે ચોકખો દીવા જેવો દેખાય છે. એટલે શાસ્ત્રરૂપ ભોમિઆની હવે ઠેઠ વળાવવા આવવાની જરૂર નહિં હોવાથી તેને છોડીને, પણ તેની માત્ર દિગ્દર્શનરૂપ સામાન્ય સૂચનાને અનુસરીને તે સમર્થ યોગી આત્મસામર્થ્યથી યોગમાર્ગે તીવ્ર સંવેગથી–અત્યંત વેગથી ઝપાટાબંધ દોડ્યો જાય છે **પ્રાતિભ જ્ઞાનથી**–પ્રતિભાસંપન્ન અનુભવજ્ઞાન દૃષ્ટિથી આગળ આગળનો માર્ગ ચોકખો દીવા જેવો દેખતો તે ક્ષાયોપશમિક ધર્મોને–ક્ષયોપશમ ભાવોને ફગાવી દઇ, **ધર્મસંન્યાસ** કરતો કરતો, અપૂર્વ આત્મસામર્થ્યથી ક્ષપક શ્રેણી પર ચઢી, ૮–૯–૧૦–૧૨ ગુણઠાણા ઝપાટાબંધ વટાવી ૧૩મા ગુણઠાણે પહોંચે છે, **કેવલજ્ઞાન** પામી સર્વદ્રવ્ય–પર્યાય પ્રત્યક્ષ દેખે છે. ત્યાં તો મોક્ષનગર સાક્ષાત્ દેખાય છે. તે જાણે તેના પરામાં આવી પહોંચ્યો છે! ત્યાં પછી તે થોડો વખત (આયુષ્ય પ્રમાણે) વિસામો ખાય છે ને પોતાને થયેલા જ્ઞાનનો લાભ બીજાને–જગતને આપી પરમ પરોપકાર કરે છે. પછી આયુષ્યની મુદત પૂરી થવા આવ્યે, તે મન–વચન–કાયાના યોગોનો નિરોધ કરી–ત્યાગ કરી, યોગસંન્યાસ કરી મેરુ જેવી નિષ્કંપ શૈલેશી અવસ્થારૂપ ભવ્ય દરવાજામાંથી સાક્ષાત્ મોક્ષનગરમાં પ્રવેશ કરે છે, અને સિદ્ધ પુરુષ બની સાદિ અનંતો કાળ અનંત સમાધિસુખમાં શાશ્વત સ્થિતિ કરે છે.

આઠ યોગદૃષ્ટિના સામાન્ય કથનનો સાર

મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા—એ ઉત્તરોત્તર વધતી આત્મદશાવાળી આઠ યોગદૃષ્ટિ છે. તેમાં ઉત્તરોત્તર વધતો જતો બોધપ્રકાશ, તૃણઅગ્નિકણ,

ગોમયઅગ્નિકણ, કાષ્ઠઅગ્નિકણ, દીપક, રત્ન, તારા, સૂર્ય અને ચંદ્રના પ્રકાશ સાથે,—અનુક્રમે સરખાવી શકાય છે. આ આઠ દૃષ્ટિમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગના આઠ અંગની અનુક્રમે એકેક એમ પ્રાપ્તિ હોય છે ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાંતિ, અન્યમુદ્, રુગ્ અને આસંગ એ આઠ પ્રકારના ચિત્ત–આશય દોષનો ત્યાગ થતાં અનુક્રમે આ આઠ દૃષ્ટિ સાંપડે છે; અને અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, બોધ, મીમાંસા, પ્રતિપત્તિ અને પ્રવૃત્તિ એ આઠ ગુણમાંથી એકેક અનુક્રમે આ આઠ દૃષ્ટિમાં આવિર્ભાવ પામે છે–પ્રગટે છે. (સ્પષ્ટ સમજવા માટે જુઓ આ સાથે જોડેલું કોષ્ટક.)

અત્રે 'દૃષ્ટિ' શબ્દનો અર્થ સત્‌શાસ્ત્રશ્રદ્ધાથી યુક્ત, સદાગમની આજ્ઞાને અનુકૂલ એવો બોધ છે; અને તેના ફળરૂપે અસત્‌પ્રવૃત્તિપદ અટકે છે, ને સત્પ્રવૃત્તિપદ પ્રગટે છે.

આ આઠ યોગદૃષ્ટિમાં **મિત્રા** આદિ પહેલી ચાર સુધી મિથ્યાત્વ હોય છે, પાંચમી **સ્થિરા** દૃષ્ટિથી સમ્યક્‌ત્વનો પ્રારંભ થાય છે. મિત્રા આદિ ચારમાં મિથ્યાત્વ હોવા છતાં તેને સદ્દૃષ્ટિમાં ગણી, તેનું કારણ એ છે કે તે સમ્યક્‌ત્વના કારણરૂપ થાય છે. જેમ શુદ્ધ સાકરની બનાવટમાં શેરડી–રસ–કાવો વગેરે અવસ્થાઓ આવશ્યક છે, તેમ શુદ્ધ આત્માની નિષ્પત્તિમાં–સિદ્ધિમાં મિત્રા વગેરે અવસ્થાઓ—આત્મદશાઓ અવશ્ય ઉપયોગી હોય છે. મિત્રા આદિ દૃષ્ટિ શેરડી જેવી છે, કારણ કે તેમાંથી સંવેગરૂપ માધુર્યની–મીઠાશની નિષ્પત્તિ થાય છે.

આ આઠ દૃષ્ટિમાં **મિત્રા** આદિ પહેલી ચાર દૃષ્ટિ પ્રતિપાતી-પાછી પડનારી કે અપ્રતિપાતી–પાછી ન પડનારી હોય, એમ વિકલ્પરૂપ ભજના છે; પણ છેલ્લી ચાર **સ્થિરા** આદિ દૃષ્ટિ તો અપ્રતિપાતી જ હોય—આવ્યા પછી પાછી પડે જ નહિં, અને તેથી તેમાં નરકાદિ અપાય (હાનિ–બાધા) પણ હોય નહિં. અને આવી અપ્રતિપાતી–પાછી નહિં પડતી દૃષ્ટિ સાંપડ્યા પછી, મુક્તિનગર પ્રત્યેનું પ્રયાણ–ગમન અખંડ અભંગપણે ચાલ્યા કરે. વચ્ચમાં કદાચ કર્મનો ભોગ બાકી હોય તો ઉત્તમ દેવ–મનુષ્યના અલ્પ ભવ કરવારૂપ રાતવાસો કરવો પડે તો ભલે, પણ છેવટે તો મુક્તિપુરે પ્હોંચે જ, **'સ્વરૂપ સ્વદેશે'** જાય જ.

કોષ્ટક

યોગદૃષ્ટિ	યોગાંગ	દોષત્યાગ	ગુણપ્રાપ્તિ	બોધઉપમા	વિશેષતા
૧. મિત્રા	યમ	ખેદ	અદ્વેષ	તૃણઅગ્નિકણ	મિથ્યાત્વ
૨. તારા	નિયમ	ઉદ્વેગ	જિજ્ઞાસા	ગોમયઅગ્નિકણ	,,
૩. બલા	આસન	ક્ષેપ	શુશ્રૂષા	કાષ્ઠઅગ્નિકણ	,,
૪. દીપ્રા	પ્રાણાયામ	ઉત્થાન	શ્રવણ	દીપપ્રભા	,,
૫. સ્થિરા	પ્રત્યાહાર	ભ્રાંતિ	બોધ	રત્નપ્રભા	સમ્યક્‌ત્વ
૬. કાંતા	ધારણા	અન્યમુદ્	મીમંસા	તારાપ્રભા	,,
૭. પ્રભા	ધ્યાન	રુગ્ (રોગ)	પ્રતિપત્તિ	સૂર્યપ્રભા	,,
૮. પરા	સમાધિ	આસંગ	પ્રવૃત્તિ	ચંદ્રપ્રભા	,,

૧. મિત્રાદષ્ટિનો સાર

આ પહેલી 'મિત્રા' યોગદષ્ટિમાં દર્શન-બોધપ્રકાશ તૃણઅગ્નિકણુના પ્રકાશ જેવો મંદ હોય છે, યોગનું પ્રથમ અંગ-**યમ** પ્રાપ્ત થાય છે, **ખેદ** નામના પ્રથમ આશયદોષનો ત્યાગ હોય છે, અને **અદ્વેષ** નામનો પ્રથમ ગુણ પ્રગટે છે.

અહીં સ્થિતિ કરતો યોગી પુરુષ ઉત્તમ **યોગબીજો**નું ગ્રહણ કરે છે,-જે યોગબીજ મોક્ષ-ફળનું અવંધ્ય-અમોઘ કારણ થઇ પડે છે. મુખ્ય **યોગબીજ** આ છે—(૧) વીતરાગ પરમાત્માની શુદ્ધ ભક્તિ, (૨) ભાવયોગી એવા ભાવાચાર્યરૂપ આત્મારામી સદ્ગુરુની સેવા-ભક્તિ, (૩) સહજ ભવવૈરાગ્ય, (૪) દ્રવ્ય અભિગ્રહનું પાલન, (૫) લેખનાદિ વડે સત્શાસ્ત્રની ભક્તિ, (૬) યોગબીજ કથાના શ્રવણ પ્રત્યે સ્થિર આશયવાળી માન્યતા, (૭) અને તેનો શુદ્ધ ઉપાદેય ભાવ. આ ઉત્તમ યોગબીજોનું ગ્રહણ ઘણા ભાવમલનો ક્ષય થયે છેલ્લા પુદ્ગલાવર્ત્તમાં તથાભવ્યતાના પરિપાકથી પ્રાયે મનુષ્યોને હોય છે. આ છેલ્લા પુદ્ગલાવર્ત્તમાં વર્ત્તતા જીવના મુખ્ય લક્ષણ આ છે-(૧) દુઃખીઆ પ્રત્યે અત્યંત દયા, (૨) ગુણવાન્ પ્રત્યે અદ્વેષ, (૩) સર્વ કોઇની અભેદભાવે યથોચિત સેવા. આવા લક્ષણવાળા ભદ્રમૂર્ત્તિ મહાત્મા જીવને સદ્ગુરુ સત્પુરુષના યોગથકી યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચક પ્રાપ્ત થાય છે. આ અવંચકત્રયને બાણની લક્ષ્યક્રિયાની ઉપમા સાંગોપાંગ બરાબર ઘટે છે. આ બધુંય જ્યાં પ્રાપ્ત થાય છે, એવી આ મિત્રાદષ્ટિમાં 'ગુણસ્થાન' શબ્દના ખરેખરા અર્થ પ્રમાણે, મુખ્ય એવું પહેલું ગુણસ્થાનક વર્ત્તે છે.

૨. તારાદષ્ટિનો સાર

બીજી **તારા**દષ્ટિમાં દર્શન-બોધપ્રકાશ છાણાના અગ્નિકણુ સમાન હોય છે; યોગનું બીજું અંગ **નિયમ** ઉદ્વેગ નામના બીજો ચિત્તદોષનો ત્યાગ અને જિજ્ઞાસા નામનો બીજો ગુણ હોય છે. અત્રે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન એ પંચ પ્રકારનો નિયમ હોય છે, તેનું સવિસ્તર વર્ણન અહીં કર્યું છે.

તે ઉપરાંત અત્રે આ ગુણસમૂહ પણ હોય છે—(૧) યોગકથાઓ પ્રત્યે પરમ પ્રેમ. (૨) શુદ્ધ સદ્યોગ સાધનારા યોગીઓ પ્રત્યે બહુમાન, તેઓનો યથાશક્તિ ઉપચાર. તેથી હિતોદય, ક્ષુદ્રઉપદ્રવહાનિ અને શિષ્ટસમ્મતતા. (૩) ભવભય પલાયન. (૪) ઉચિત આચરણ, અનુચિત અનાચરણ. (૫) અધિક ગુણવંત પ્રત્યે જિજ્ઞાસા. (૬) નિજ ગુણહીનતાથી પોતા પ્રત્યે ખેદ-ત્રાસ. (૭) ભવવૈરાગ્ય-સંસારથી છૂટવાની કામના. (૮) સત્પુરુષોની ચિત્ર પ્રવૃત્તિથી આશ્ચર્ય. (૯) 'શિષ્ટ કહે તે પ્રમાણ' એવી ભાવના, સ્વચ્છંદ ત્યાગ.

૩. બલાદષ્ટિનો સાર

આ ત્રીજી બલાદષ્ટિમાં દર્શન દઢ-કાષ્ઠઅગ્નિકણ સમાન હોય છે, અને યોગનું ત્રીજું અંગ **આસન** પ્રાપ્ત થાય છે; અસત્ તૃષ્ણાના અભાવથી સર્વત્ર સુખાસન જ હોય છે, અત્વરા-પૂર્વક સર્વત્ર ગમન હોય છે, અને અપાયપરિહારથી સર્વ કૃત્ય પ્રણિધાનયુક્ત હોય છે.

શુશ્રૂષા નામનો ત્રીજો ગુણ અહીં પ્રાપ્ત થાય છે. આ શુશ્રૂષા યુવાન સુખી પુરુષની દિવ્ય ગાન શ્રવણેચ્છા જેવી તીવ્ર હોય છે. આ શુશ્રૂષા બોધજલપ્રવાહની સરવાણી જેવી છે; એ વિનાનું શ્રવણ સરવાણી વિનાની ભૂમિમાં કૂવો ખોદવા જેવું-ફોગટ છે કદાચ શ્રવણ ન થાય તોપણ આ શુશ્રૂષાના પ્રભાવે શુભભાવથી કર્મક્ષયરૂપ ફલ થાય છે,—જે ઉત્તમ બોધનું કારણ થાય છે. તેમજ **ક્ષેપ** નામના ત્રીજા ચિત્તદોષનો અહીં ત્યાગ હોય છે એટલે યોગસંબંધી અક્ષેપ હોય છે, અને તે યોગઉપાયનું કૌશલ હોય છે. અત્રે યોગી ધર્મના ઉપકરણરૂપ સાધનમાં મૂર્ચ્છના ધરાવી સાધનોને બંધનો બનાવતો નથી, પણ સદા પાપથી ભાગતો રહી મહોદયવંત અવિઘ્નને પામે છે.

૪. દીપ્રાદૃષ્ટિનો સાર

ચોથી **દીપ્રા** દૃષ્ટિમાં તેના નામ પ્રમાણે દીપક સમાન બોધપ્રકાશ હોય છે, યોગનું ચોથું અંગ **પ્રાણાયામ** (ભાવપ્રાણાયામ) પ્રાપ્ત થાય છે, **ઉત્થાન** નામના ચોથા ચિત્તદોષનો નાશ તથા **તત્ત્વ શ્રવણ** નામના ચોથા ગુણની પ્રાપ્તિ હોય છે. છતાં અત્રે હજુ સૂક્ષ્મ બોધ હોતો નથી. તેનું કારણ અત્રે શુદ્ધ આત્મસંવેદનરૂપ **વેદ્યસંવેદ્યપદનો** અભાવ અને એથી વિપરીત **અવેદ્યસંવેદ્યપદ**નું હોવાપણું એ છે.

ભવાભિનંદી જેનું પાત્ર છે એવું આ અવેદ્યસંવેદ્યપદ અંધપણારૂપ હોઇ દુર્ગતિમાં પાડનારૂં છે, અને તે સત્સંગ-આગમ યોગ વડે ધુરંધર મહાત્માઓથી જ આ જ ભૂમિકામાં જીતાવા યોગ્ય છે, અન્ય સમયે જીતાવું અશકય છે અને આ અવેદ્યસંવેદ્ય પદ જીતાતાં મનુષ્યના **વિષમ કુતર્કગ્રહ** આપોઆપ નિયમથી ટળે છે. જે ચિત્તનો અનેક પ્રકારે ભાવશત્રુ છે એવા આ દુષ્ટ કુતર્કમાં મુમુક્ષુએ આગ્રહ કરવો યુક્ત નથી; પણ શ્રુતમાં, શીલમાં, સમાધિમાં અને સુવિશુદ્ધ પરોપકારમાં તે કરવો યુક્ત છે; કારણ કે વિચારવંત જીવોનો પ્રયાસ તો અતીન્દ્રિય અર્થની સિદ્ધિ અર્થે હોય છે, અને તે અતીન્દ્રિય અર્થ કદી શુષ્ક તર્કને ગોચર હોતો નથી. સર્વજ્ઞતત્ત્વ અતીન્દ્રિય છે, તે અંગે સામાન્યપણે વિચારતાં જણાય છે કે—

તત્ત્વથી ઘણા સર્વજ્ઞો ભિન્ન મતવાળા નથી, તેથી તેનો ભેદ માનવો તે તેના અતિભક્તોનો મોહ છે. કારણ કે સર્વજ્ઞ નામનો જે કોઇ પારમાર્થિક જ છે, તે વ્યક્તિભેદ છતાં તત્ત્વથી સર્વત્ર એક જ છે. તેથી તે સર્વજ્ઞને જે સામાન્યથી માન્ય કરે છે, તે સર્વ બુદ્ધિમાન્‌ને મન સમાન છે,—*એક રાજાના આશ્રિત બહુ સેવકોની જેમ એટલે આમ ઉપાસ્ય એવા* સર્વજ્ઞતત્ત્વનો જો અભેદ છે, તો તેના ઉપાસક સર્વ સર્વજ્ઞવાદીમાં પણ ભેદ નથી. ચિત્ર અને અચિત્ર એમ બે પ્રકારની ભક્તિ યોગશાસ્ત્રોમાં વર્ણવવામાં આવી છે, તે પરથી પણ આ સર્વજ્ઞની એકતાને પુષ્ટિ મળે છે.

તેમજ-સમાન અનુષ્ઠાનમાં પણ અભિસંધિ-આશય પ્રમાણે ભિન્ન ભિન્ન ફળ હોય છે; અને આ આશય પણ રાગાદિની તરતમતા પ્રમાણે તથા બુદ્ધિ આદિ બોધના ભેદ પ્રમાણે

અનેક પ્રકારના ભેદવાળો હોય છે, કારણ કે બોધ ત્રણ પ્રકારનો હોય છે: (૧) બુદ્ધિ, (૨) જ્ઞાન (૩) અસંમોહ. તે બોધ થકી સર્વ કર્મોમાં ભેદ પડે છે. તેમાં ઇંદ્રિયાર્થનો આશ્રય કરે તે બુદ્ધિ, આગમપૂર્વક હોય તે જ્ઞાન, અને સદનુષ્ઠાનયુક્ત જે જ્ઞાન તે અસંમોહ. બુદ્ધિક્રિયાનું ફળ સંસાર, જ્ઞાનક્રિયાનું ફળ પરંપરાએ મોક્ષ અને અસંમોહ ક્રિયાનું ફળ શીઘ્ર મોક્ષ છે. આ અસંમોહ કર્મ **ભવાતીત અર્થગામી** મુમુક્ષુઓને જ હોય છે, અને ભવભોગવિરક્ત આ ખરેખરા મુમુક્ષુઓનો **માર્ગ એક જ શમપરાયણ** એવો છે, અને અવસ્થાભેદનો ભેદ છતાં તે સાગર પરના તીરમાર્ગની જેમ એક જ છે. કારણ કે તે સંસારાતીત પર તત્ત્વ 'નિર્વાણ' નામનું છે, તે સદાશિવ પરંબ્રહ્મ સિદ્ધાત્મા આદિ શબ્દભેદે ઓળખાતું છતાં તત્ત્વથી નિયમથી એક જ છે. એટલે આ નિર્વાણતત્ત્વ અસંમોહથી તત્ત્વથી જાણ્યે પ્રેક્ષાવંતોને તેની ભક્તિની બાબતમાં વિવાદ ઘટતો જ નથી. અને આ નિર્વાણતત્ત્વ નિયમથી જ સર્વજ્ઞપૂર્વક સ્થિત છે, એટલે તે સર્વજ્ઞનો ભેદ કેમ હોય અને તે ન હોય તો તેના ભક્તોનો ભેદ પણ કેમ હોય?

તો પછી સર્વજ્ઞોની દેશનાનો ભેદ કેમ છે? તેનું સમાધાન—(૧) શિષ્યના અનુગ્રહાર્થે તે ચિત્ર-નાના પ્રકારની છે. (૨) અથવા એઓની દેશના એક છતાં શ્રોતાભેદે તેઓના અચિન્ત્ય પુણ્યસામર્થ્યને લીધે ચિત્ર ભાસે છે. (૩) અથવા તે તે દેશ-કાલાદિ અપેક્ષાએ ચિત્ર દેશના ઋષિઓ થકી જ પ્રવર્તી છે, અને આ ઋષિદેશનાનું મૂલ પણ તત્ત્વથી સર્વજ્ઞ જ છે. એટલા માટે તે સર્વજ્ઞનો અભિપ્રાય જાણ્યા વિના તેનો પ્રતિક્ષેપ-વિરોધ કરવો યુક્ત નથી. એટલે આવા સર્વજ્ઞ જેવા અતીન્દ્રિય વિષયમાં અંધ જેવા છદ્મસ્થોએ શુષ્ક તર્ક-ગ્રહથી વાદવિવાદ કરવો યુક્ત નથી. મુમુક્ષુને તો તત્ત્વથી સર્વત્ર ગ્રહ અયુક્ત છે, તો પછી આ તુચ્છ શુષ્ક કુતર્ક ગ્રહથી શું? માટે મુમુક્ષુએ તો આ મહત્ પુરુષોના માર્ગને સમ્યક્પણે અનુસરવું યોગ્ય છે: (૧) સૂક્ષ્મ પરપીડન પણ વર્જવું, (૨) પરોપકારમાં સદૈવ યત્ન કરવો. (૩) ગુરુદેવ દ્વિજ-યતિ આદિને યથાયોગ્યપણે પૂજવા, (૪) પાપી જીવો પ્રત્યે પણ દયાપરાયણ થવું. તાત્પર્ય કે જે આગ્રહનું વિષ વમશે, તે જ સમ્યક્ત્વ અમૃતને પામશે.

૫. સ્થિરાદૃષ્ટિનો સાર

આ પાંચમી સ્થિરા દૃષ્ટિમાં (૧) દર્શન રત્નપ્રભા સમાન, નિત્ય-અપ્રતિપાતી એવું હોય છે, (૨) પ્રત્યાહાર નામનું પાંચમું યોગાંગ પ્રાપ્ત થાય છે, (૩) ભ્રાંતિ નામનો પાંચમો ચિત્તદોષ ટળે છે, અને (૪) સૂક્ષ્મ બોધ નામનો પાંચમો ગુણ સાંપડે છે. એટલે ગ્રંથિભેદ થકી શુદ્ધાત્માનુભૂતિરૂપ વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિથી મોહ-તમસ્ દૂર થઇ ભેદજ્ઞાનનું પ્રભાત ખુલ્લે છે, સ્વ-પર વસ્તુનો વિવેક ઉપજે છે, સમસ્ત ભવચેષ્ટા બાલકની ધૂલિગૃહક્રીડા જેવી, મૃગજલ ને સ્વપ્નાદિ જેવી અસાર ને અસ્થિર લાગે છે, સર્વ બાહ્ય ભાવો મૃગજલ ને સ્વપ્નાદિ સમાન ભાસે છે, અબાહ્ય એવી કેવલ એક આત્મજ્યોતિ જ પ્રમાણ ગણી બાકી બીજો બધો ઉપપ્લવ જાણે છે.

એમ વિવેકસંપન્ન યોગી સદાય પ્રત્યાહાર કરી વિષયોમાંથી ઇન્દ્રિયોને પાછી ખેંચે છે, પાપસખારૂપ ભોગમાં આસક્તિ ધરતા નથી, ધર્મથી સાંપડતા ભોગને પણ અનિષ્ટ માને છે, અને વિષયવિષને દૂરથી ત્યજી આત્મસ્વરૂપ અમૃતને ભજે છે. અષ્ટ મહાસિદ્ધિ, નવનિધિ અને સર્વ વિભૂતિઓ આ યોગીની દાસી થઇ ફરે છે, સ્વયં આવીને યોગીને વરે છે, પણ આ સમ્યગ્દૃષ્ટિ યોગી તે સામે દૃષ્ટિ પણ કરતા નથી. જ્યાં આત્માની અનંત ઋદ્ધિ પ્રગટી છે. ત્યાં લબ્ધિ સિદ્ધિ શી વિસાતમાં છે? એમ જાણતા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની યોગી તત્ત્વથી ધર્મમાં જ યત્ન કરી આત્મધર્મમાં સ્થિરતા ધરે છે.

૬. કાંતાદષ્ટિનો સાર

છઠ્ઠી કાંતા દૃષ્ટિમાં દર્શન તારા પ્રભા સમાન હોય છે; **ધારણા** નામના છઠ્ઠા યોગાંગની પ્રાપ્તિ, **અન્યમુદ્** નામના છઠ્ઠા ચિત્તદોષનો ત્યાગ, અને **મીમાંસા** નામના છઠ્ઠા ગુણની પ્રાપ્તિ હોય છે.

મ્યાનથી તલવારની જેમ દેહાદિથી આત્માને જેણે ભિન્ન જાણ્યો છે, એવો આ આત્મ-જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ યોગી આત્મસ્વરૂપમાં ધીર ધારણા ધારી પરભાવ-વિભાવમાં કદી મોહ ધરાવતો નથી, આત્મસ્વભાવમાં વર્ત્તનારૂપ ધર્મમાં વર્ત્તનથકી સમ્યક્ આચારશુદ્ધિ પામે છે. ધર્મમાં એકાગ્રમન આ ધર્મમૂર્ત્તિ મહાત્માનું મન, પતિવ્રતા સ્ત્રીની જેમ, સદાય શ્રુતધર્મમાં લીન રહે છે, અને કાયા જ બીજા કામમાં હોય છે આમ શ્રુતધર્મ જેના ચિત્તને નિત્ય આક્ષેપે છે—આકર્ષી રાખે છે એવા આ જ્ઞાનાક્ષેપકવંતને ભોગો પણ ભવહેતુ થતા નથી! મોહમયી માયા મધ્યે પણ અમોહસ્વરૂપી તે દુષ્કરકારી, જલમાં કમલની જેમ, કદી પણ લેપાતા નથી! માયાજલ સમા ભોગને જે અહીં તેના સ્વરૂપથી દેખે છે, તે ભોગવતાં પણ અસંગ રહી પરમ પદ પ્રત્યે જાય જ છે; પણ ભોગને જે તત્ત્વરૂપ-સાચેસાચા માને છે, તે ભોગતત્ત્વ પુરુષ તો ભવસમુદ્ર તરતો નથી. 'હું એક શુદ્ધ જ જ્ઞાનમય, બાકી બધુંય અનિષ્ટ છે' એવી મીમાંસારૂપ પુષ્ટ તત્ત્વસુધાના રસપાનથી જે નિત્ય પુષ્ટ છે, એવો આ દૃષ્ટિમાં સ્થિત યોગી ઉત્તરોત્તર આત્મદશાની પ્રગતિરૂપ હિતઉદય સદાય પામે છે.

૭. પ્રભાદષ્ટિનો સાર

સાતમી પ્રભાદષ્ટિનો બોધપ્રકાશ સૂર્યસમાન હોય છે; અત્રે સાતમું યોગાંગ-ધ્યાન પ્રાપ્ત થાય છે, 'રોગ' નામનો સાતમો ચિત્તદોષ ટળે છે ને તત્ત્વ પ્રતિપત્તિ નામનો સાતમો ગુણ પ્રગટે છે.

સ્વપર વસ્તુના ભેદજ્ઞાનથી જન્મેલું એવું પ્રશમરસથી સાર સાચું ધ્યાનસુખ અત્રે અનુભવી યોગી ચાખે છે; કારણ કે નિર્મલ બોધે કરીને આત્માનું શુક્લ ધ્યાન આ મહાત્મા જ્ઞાનીને અહોનિશ વર્ત્તે છે; એટલે પરવશ તે સઘળું દુઃખ ને નિજવશ તે સઘળું સુખ હોઈ, આ યોગી આત્મવશ એવું સાચું આત્મધ્યાન સુખ અનુભવે છે.

જ્યાં પરપરિણતિનો કાંઇ સંગ હોતો નથી, પરસમયની જેમાં સ્વપ્ને પણ છાંયા પડતી નથી, સમય માત્ર પણ જેમાં વિભાવવૃત્તિ હોતી નથી, અને શુદ્ધ આત્મારૂપ સ્વસમયમાં જ સ્થિતિ હોય છે, એવી સત્ અસંગ પ્રવૃત્તિ જ્યાં વર્ત્તે છે, એવું 'અસંગાનુષ્ઠાન' સંજ્ઞાથી ઓળખાતું સત્પ્રવૃત્તિપદ અત્ર પ્રાપ્ત હોય છે. મહાપથના પ્રયાણરૂપ હોઇ નિત્યપદ પમાડનારૂં આ અસંગાનુષ્ઠાન પ્રશાંતવાહિતા, વિસભાગપરિક્ષય, શિવવર્ત્મ, ધ્રુવમાર્ગ—એમ અનેક નામે યોગીઓથી ગવાય છે. આને અત્ર સ્થિત યોગી શીઘ્ર સાધે છે, તેથી આ પદ પમાડનારી આ દૃષ્ટિ જ યોગવિદોને ઇષ્ટ છે.

૮. પરાદૃષ્ટિનો સાર

જ્યાં બોધપ્રકાશ ચંદ્ર સમાન હોય છે, એવી આઠમી પરા દૃષ્ટિમાં આઠમું યોગાંગ સમાધિ પ્રાપ્ત થાય છે, આઠમો આસંગ નામનો ચિત્તદોષ નષ્ટ થાય છે, અને આઠમો પ્રવૃત્તિ ગુણ પ્રગટે છે. એટલે સમાધિનિષ્ઠ એવી આ પરા દૃષ્ટિમાં જ્યાં સર્વ પરભાવ-વિભાવ શમાઈ જાય છે, આત્મા સદા શુદ્ધ સ્વભાવમાં સમાય છે, મન આત્મામાં સદાય વિલીન થાય છે, એવી પરમ સુખદાયી આત્મસમાધિ પ્રગટે છે; સર્વ પ્રદેશમાં ચંદનગંધન્યાયે આત્મસ્વભાવે પૂર્ણ પ્રવૃત્તિવાળી સહજાત્મસ્વરૂપ આત્મપ્રવૃત્તિ થાય છે. આવો પરમ યોગારૂઢ પુરુષ સર્વ આચારથી પર એવો નિરાચાર પદવાળો હોય છે, એટલે આરૂઢને આરોહણના અભાવની જેમ એને કોઈ આચાર પાળવાપણું રહેતું નથી.

રત્નના નિયોગથી-વ્યાપારથી અહીં લોકમાં રત્નવણિક્ જેમ કૃતકૃત્ય થાય છે, તેમ ધર્મ-સંન્યાસના વિનિયોગથી-વ્યાપારથી આ મહામુનિ કૃતકૃત્ય થાય છે. અર્થાત્ સર્વ ક્ષાયોપશમિક ધર્મોનો સંન્યાસ-ત્યાગ કરવારૂપ ધર્મસંન્યાસ યોગને પામેલો આ યોગીશ્વર અપૂર્વકરણે ક્ષપકશ્રેણી પર આરોહી નિત્યોદયી ને નિરાવરણ એવી કેવલશ્રી વરે છે. એટલે આકાશમાં ચંદ્ર જેમ ભાવશુદ્ધ પ્રકૃતિથી સ્થિત જ છે, કાંઈ સ્થાપિત કરવાનો નથી, તેમ આત્મચંદ્ર જે શુદ્ધ સ્વભાવ સ્થિત છે, તેનું મેઘપટલ જેવું જ્ઞાનઆવરણ આમ ધર્મસંન્યાસરૂપ વાયુના સપાટાથી વિખેરાઈ જતાં, તે શ્રીમાન્ યોગીશ્વર પરમ કેવલજ્ઞાન પામી 'જ્ઞાનકેવલી' કહાય છે. આમ જેના સર્વ દોષ સર્વથા ક્ષીણ વર્ત્તે છે, અને જે સર્વ લબ્ધિફલના ભોગવનારા છે, એવા આ ખરેખરા 'શ્રીમદ્' સર્વજ્ઞ મહામુનિ પરમ પરાર્થ-પરોપકાર કરીને પછી યોગના અંતને પામે છે; અર્થાત્ શૈલેશી અવસ્થામાં પરમ એવા 'અયોગ' યોગને પામીને આ ભગવાન સહજાત્મસ્વરૂપ સ્વામી ભવવ્યાધિનો ક્ષય કરી પરમ ભાવ નિર્વાણને પામે છે.

મુક્ત તત્ત્વ મીમાંસાનો સાર

વ્યાધિમુક્ત પુરુષ જેવો અહીં લોકમાં હોય છે, તેવો આ ભવ-વ્યાધિમુક્ત મુક્ત આત્મા હોય છે. તે અભાવરૂપ નથી, વ્યાધિથી મુક્ત નથી એમ પણ નથી અને પૂર્વે વ્યાધિ-વાળો ન્હોતો એમ પણ નથી. અત્રે સંસાર એ જ મહાવ્યાધિ છે, જન્મ-મૃત્યુ આદિ તેના

વિકાર છે, તે વિચિત્ર પ્રકારનો મોહ ઉપજાવે છે અને રાગાદિ તીવ્ર વેદના પમાડે છે. કર્મજન્ય આ ભવવ્યાધિ મુખ્ય છે, માટે એથી મુક્ત થયેલો મુક્ત પણ મુખ્ય જ ઘટે છે, કારણ કે જન્મમરણાદિ દોષ ટળવાથી તેના અદોષપણાની સંગતિ—ઘટમાનપણું થાય છે. એટલે આત્માની સ્વરૂપસત્તા જ—સ્વભાવ સ્થિતિ—**સહજાત્મસ્વરૂપ** એ જ મોક્ષભાવ—મુક્તભાવ છે.

રોગી, કે તેનો અભાવ, કે તેનાથી બીજો તે રોગમુક્ત કદી સન્નીતિથી ઘટતો નથી; તેમ જન્મરોગી, તેનો અભાવ, કે તેનાથી બીજો તે મુક્ત તોપણ મુખ્યપણે મુખ્ય ઘટતો નથી. પણ જે પુરુષનો વ્યાધિ ક્ષીણ થઈ ગયો છે, તે જેમ લોકમાં વ્યાધિમુક્ત સ્થિત છે; તેમ જે આત્માનો જન્મવ્યાધિ ક્ષીણ થયો છે, તે જન્મરોગી તે જન્મરોગથી મુક્ત શાસ્ત્રમાં કહ્યો છે. રોગના અભાવથી કાંઇ રોગીનો અભાવ થઈ જતો નથી, પણ તે તો રોગમુક્ત નીરોગીનો જ સ્વસ્થ ભાવ છે; તેમ જન્મરોગના અભાવથી કાંઇ આત્માનો અભાવ થઈ જતો નથી, પણ તે તો નીરોગી આત્મસ્વરૂપસ્થ સ્વસ્થ આત્માનો સ્વભાવભાવ આવિર્ભાવ છે, અને તે જ મુક્ત ભાવ છે.

ઉપસંહારનો સાર

મહા યોગશાસ્ત્ર-સમુદ્રનું મંથન કરી આર્ષ દ્રષ્ટા મહર્ષિ **શ્રી હરિભદ્રસૂરિએ** યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથરૂપ યોગામૃત વલોવ્યું છે; બિન્દુમાં જાણે શ્રુતસિન્ધુ ઉલ્લસ્યો હોય એમ તેનું પ્રત્યેક સૂત્ર ગંભીર આશયભર્યું છે, તેના દિગ્દર્શનાર્થે આ **ભગવાનદાસે** ઉલ્લાસથી તે ગ્રંથ પર લાંબું વિવેચન કર્યું છે, અને તેમાં પણ વિશિષ્ટ ભાવ ઉલ્લાસથી તે ગ્રંથનું અને વિવેચનનું સારભૂત તાત્પર્ય દર્શાવતા આ કળશકાવ્યોની નવરચના સ્વયં કરી છે.

જે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી—આત્માર્થી મુમુક્ષુ જોગીજનમાત્ર છે, તેઓને આ યોગશાસ્ત્ર ઉપકારી થઇ પડશે. આ કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગીનું લક્ષણ અત્ર સ્પષ્ટ વર્ણવ્યું છે. જે સંતનું સ્વરૂપ ઓળખી સંતને સેવે છે, તે સંત સંતકૃપાથી સંત ફલ પામે છે,—આવા યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચક એ ત્રણ અવંચક યોગના યોગે આ યોગીઓનું જ અહીં યોગમાં યોગ્યપણું—યોગ્યપાત્રપણું છે, અને એઓ જ આ ગ્રંથના યોગ્ય અધિકારી છે. શુદ્ધ ભાવ અને ભાવશૂન્ય ક્રિયાનું અંતર ભાનુ—ખદ્યોત જેવું છે, ઇત્યાદિ રહસ્ય જે પ્રકાશે છે, એવો આ ગ્રંથ અયોગ્ય જનને દેવો યોગ્ય નથી, પણ યોગ્ય જનને તો પરમ પ્રેમભાવે દેવો જ યોગ્ય છે,—કે જેથી જગતમાં પરમશ્રુત પ્રભાવ થાય અને શ્રેયવિઘ્નનો વિરહ થાય.

卐